सिद्धहेमचन्द्रशब्दानुशासनम्

गुर्जरविवरणम्

अध्याय १/१

अर्हं

सिध्दि : स्याद्वादात्

औदन्ता : स्वराः

अनवर्णा नामी

एक - द्वि - त्रिमात्रा ह्रस्व - दीर्घ - प्लुताः

समानाः

मुनि संयमप्रभविजय
मुनि प्रशमप्रभविजय

022664
17-03

।। श्रीमद्विजयरामचन्द्र-भद्रंकर-जिनप्रभसूरीश्वरेभ्यो नमो नमः।।

कलिकालसर्वज्ञ-आचार्यदेवश्रीमद्विजयहेमचन्द्राचार्यविरचितम्

बृहद्वृत्ति-बृहन्न्यास-लघुन्यास संवलितम्

श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनम्

અધ્યાય-૧, પાદ-પ્રથમ

બૃહદ્વૃત્તિ-બૃહન્ન્યાસ-લઘુન્યાસ

ગુર્જર વિવરણ

:: विवरणकर्ता ::

માર્મિક પ્રવચનકાર પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી **युगप्रभविजयजी** મ.સા.ના શિષ્ય-પ્રશિષ્ય

મુનિ **संयमप्रभविजय**

મુનિ **प्रशमप्रभविजय**

:: प्रकाशक ::

સ્યાદ્વાદ પ્રકાશન

:: आर्थिक सहयोग ::

શ્રીમતી ચંદ્રાવતી બાલુભાઈ ખીમચંદ રીલીજીયસ ટ્રસ્ટ

મલાડ (રત્નપુરી) ના જ્ઞાનખાતાની ઉપજમાંથી

ગ્રંથ નામ	:	સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્ (૧/૧ બૃહદ્વૃત્તિ-બૃહન્ન્યાસ-લઘુન્યાસ વિવરણ)
ગ્રંથકાર	:	કલિકાલસર્વજ્ઞ પ.પૂ. આ.ભ.શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા
બૃહદ્વૃત્તિ-બૃહન્ન્યાસકાર	:	કલિકાલસર્વજ્ઞ પ.પૂ. આ.ભ.શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા
લઘુન્યાસકાર	:	મનીષિ પ.પૂ. આચાર્યપ્રવર શ્રી કનકપ્રભસૂરીશ્વરજી મહારાજા
ન્યાસાનુસંધાનકાર	:	પ.પૂ.આ.શ્રી લાવણ્યસૂરીશ્વરજી મહારાજા
વિવરણકર્તા	:	મુનિ સંયમપ્રભવિજય, મુનિ પ્રશમપ્રભવિજય
પૃષ્ઠ સંખ્યા	:	૧૫ + ૪૬૦
વિષય	:	વ્યાકરણ
પ્રકાશક	:	સ્યાદ્વાદ પ્રકાશન
પ્રથમ સંસ્કરણ	:	વી.સં. ૨૫૩૮, વિ.સં. ૨૦૬૮, ઈ.સ. ૨૦૧૨
પ્રતિ	:	૧૦૦૦
મૂલ્ય	:	૧૭૫ રૂા.
સેટનું મૂલ્ય	:	૫૦૦ રૂા.
©	:	Syādvāda Prakashan

નિમ્નોકત પ્રાપ્તિસ્થાનથી પુસ્તક સ્વયં મેળવવા

:: પ્રાપ્તિસ્થાન ::

મુંબઈ :

દીપકભાઈ એ. દોશી,
બીજા માળે, ફ્લેટ નં.૨,
383/A , ભાવેશ્વર વિહાર,
S.V.P. રોડ, મુંબઈ-4
મો. 98201 56851

જયંતિલાલ એન. વોરા (ટીનાભાઈ),
A-73, આશિયાના એપાર્ટમેન્ટ,
સોડાવાલા લેનના નાકે, બોરીવલી (વેસ્ટ)
મુંબઈ-92
Ph. 22227174, 28910522,
મો. 93222 27174

સુરત : નરેશભાઈ શાંતિલાલ શાહ,
5-D/C-બિલ્ડીંગ, સિદ્ધચક્ર કોમ્પ્લેક્સ, સરગમ શોપિંગ સેન્ટર પાસે,
ઉમરા, સુરત. ફોન : 3058211, 3063764, મો. 93747 15811

અમદાવાદ : રશ્મિભાઈ બી. શાહ,
વસંતકુંજ સોસાયટી, 404, જય એપાર્ટમેન્ટ, સુખીપુરા બસ સ્ટેન્ડ સામે,
નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ, ફોન : 26642994, મો. 93762 75999

અક્ષરાંકન/મુદ્રક : આશુતોષ કમ્પ્યૂટર્સ, સૂરત (099092 83158) / તાલાળા (ગીર) (094283 77237)
જેતપુર (રાજકોટ) (099251 46223)

સૂચન :- પુસ્તક જ્ઞાનખાતાની રકમમાંથી પ્રકાશિત થયેલ છે, તેથી ગૃહસ્થે પુસ્તકની માલિકી અથવા વપરાશ કરવો હોય તો જ્ઞાનખાતામાં યોગ્ય રકમ ભરપાઈ કરવી.

'સૂરિરામ' દીક્ષાશતાબ્દી વર્ષ



૧૦૦ વર્ષ પૂર્વે દીક્ષા અત્યંત દુર્લભ હતી, તેવા કાળમાં આપે આકરા સંઘર્ષો વેઠીને દીક્ષા લીધી. કોઈ પણ ભોગે દીક્ષામાર્ગને લોકહૈયામાં સ્થાપિત કરવાનો આપે નિર્ધાર કર્યો. પ્રવચનના માધ્યમે દીક્ષા ધર્મને એવો રૂચિકર બનાવ્યો કે જ્યાં વૃદ્ધોને ય સંસાર છોડવાનું મન નહોતું થતું, ત્યાં નાના બાળકો, કુમારો અને નવપરિણીત યુવાનો પણ સંસારનો ત્યાગ કરવા લાગ્યા. આંગળીના વેઢે ગણી શકાય એટલા ય સાધુ નહોતા, ત્યાં આજે આપશ્રીના પુરૂષાર્થ બળે હજારો સાધુઓના 'ધર્મલાભ' થી જૈનજગત ગુંજી રહ્યું છે.

એવા દીક્ષાની દુંદુભિનો નાદ વગાડનાર પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**ના કરકમલમાં તેઓશ્રીની દીક્ષાશતાબ્દી વર્ષ નિમિત્તે

આ ગ્રંથનું સાદર - સબહુમાન સમર્પણ .....

:: ઉપકાર સ્મૃતિ ::

* દીક્ષામાર્ગ જ્યારે સુના વગડા જેવો વેરાંન બની ગયેલો ત્યારે પોતાનો પ્રચંડ પુરૂષાર્થ ફોરવી તેને નંદનવન સમો બનાવનારા તથા દીક્ષા એ જ સાચા સુખનો માર્ગ છે આવું લોકમાનસમાં બરાબર ઠસાવનારા ગીતાર્થશિરોમણી - સંઘસન્માર્ગદર્શક - સુવિશાલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રીમદ્‌વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા.**

* નમસ્કાર મહામંત્ર જેમનો પ્રાણ હતો, જેઓનું અંતઃકરણ મૈત્ર્યાદિભાવોથી પાવન હતું, જેઓને ધ્યાન અને સમાધિ સહજ હતી એવા અધ્યાત્મયોગી પ.પૂ. **પંન્યાસપ્રવર શ્રીભદ્રંકરવિજયજી મહારાજા.**

* જેઓમાં પરોપકારવૃત્તિ પરાકાષ્ઠાએ હતી, ત્યાગ-વૈરાગ્ય અને ક્ષમા વિગેરે ગુણોથી જેઓ સમૃદ્ધ હતા, અમારા કુટુંબમાં પહેલવહેલી દીક્ષા લેવા દ્વારા જેઓએ અમારા માટે દીક્ષામાર્ગ ખૂલ્લો કર્યો એવા (સંસારીપક્ષે કાકા) પ.પૂ.આ.ભ. **શ્રીમદ્‌વિજય જિનપ્રભસૂરીશ્વરજી મહારાજા.**

* જેમનું જીવન જીવતું જાગતું ચારિત્ર હતું, સંસ્કારનો વારસો આપવા દ્વારા જેઓ અમને ચારિત્રમાર્ગ સુધી ખેંચી લાવ્યા એવા (સંસારીપક્ષે દાદા) પ.પૂ. **મુનિરાજશ્રી વારિષેણ વિજયજી મહારાજા.**

* જેમની છત્રછાયામાં અમે સુંદર આરાધના કરવા ભાગ્યશાળી બન્યા છીએ, જેમની સરળતા, આત્મલક્ષિતા અને હિતબુદ્ધિ હૃદયને સ્પર્શે એવી છે એવા (સંસારીપક્ષે મોટાભાઇ) ગુરુદેવ પ.પૂ. **પંન્યાસશ્રી યુગપ્રભવિજયજી મ.સા.**

:: અનુક્રમણિકા ::

વિષય	પૃષ્ઠ ક્રમાંક
સંકેત સૂચિ	ii
પ્રસ્તાવના	iv
સૂચન	xiv
ગ્રન્થ પ્રારંભ	xv

સૂત્ર ક્રમાંક	પૃષ્ઠ	સૂત્ર ક્રમાંક	પૃષ્ઠ	સૂત્ર ક્રમાંક	પૃષ્ઠ
૧.૧.૧	૧	૧.૧.૧૫	૧૦૩	૧.૧.૨૯	૨૦૭
૧.૧.૨	૧૪	૧.૧.૧૬	૧૦૪	૧.૧.૩૦	૨૨૧
૧.૧.૩	૩૬	૧.૧.૧૭	૧૦૭	૧.૧.૩૧	૨૩૭
૧.૧.૪	૫૧	૧.૧.૧૮	૧૩૦	૧.૧.૩૨	૨૫૨
૧.૧.૫	૬૯	૧.૧.૧૯	૧૩૪	૧.૧.૩૩	૨૫૮
૧.૧.૬	૮૧	૧.૧.૨૦	૧૩૫	૧.૧.૩૪	૨૬૦
૧.૧.૭	૮૫	૧.૧.૨૧	૧૪૧	૧.૧.૩૫	૨૬૩
૧.૧.૮	૮૬	૧.૧.૨૨	૧૪૬	૧.૧.૩૬	૨૬૬
૧.૧.૯	૮૮	૧.૧.૨૩	૧૪૯	૧.૧.૩૭	૨૬૭
૧.૧.૧૦	૯૦	૧.૧.૨૪	૧૫૫	૧.૧.૩૮	૨૮૯
૧.૧.૧૧	૯૪	૧.૧.૨૫	૧૫૬	૧.૧.૩૯	૩૦૭
૧.૧.૧૨	૯૫	૧.૧.૨૬	૧૬૪	૧.૧.૪૦	૩૨૯
૧.૧.૧૩	૯૬	૧.૧.૨૭	૧૭૨	૧.૧.૪૧	૩૩૬
૧.૧.૧૪	૧૦૨	૧.૧.૨૮	૨૦૪	૧.૧.૪૨	૩૪૦

વિષય	પૃષ્ઠ ક્રમાંક
પરિશિષ્ટ-૧ : અકારાદિક્રમે '૧-૧' પાદની સૂત્રસૂચિ.	૩૫૩
પરિશિષ્ટ-૨ : પ્રથમ અધ્યાય પ્રથમ પાદનો બૃહન્ન્યાસ તેમજ લઘુન્યાસ.	૩૫૪
પરિશિષ્ટ-૩: વિવરણમાં વપરાયેલા ન્યાયોનો અકારાદિક્રમે સૂચિ + સૂત્રસ્થળનિર્દેશ.	૪૪૦
પરિશિષ્ટ-૪ : વિવરણગત લૌકિક ન્યાયો તથા નિયમોની સૂચિ + સૂત્રસ્થળનિર્દેશ.	૪૪૩
પરિશિષ્ટ-૫ : ૧.૧ પાદના સૂત્રોની સામે પાણિનિ વ્યાકરણમાં વર્તતા સૂત્રોનો અનુક્રમ.	૪૪૮
પરિશિષ્ટ-૬ : વિવરણમાં ઉલ્લેખિત અન્ય વ્યાકરણના સૂત્રોનો તેમજ ગ્રન્થોના શ્લોકોનો અકારાદિ અનુક્રમ.	૪૫૧
પરિશિષ્ટ-૭ : વિવરણમાં ઉલ્લેખિત અન્ય વૈયાકરણો તથા ગ્રન્થકારોના નામોનો અકારાદિ અનુક્રમ.	૪૫૬
પરિશિષ્ટ-૮ : સંદર્ભ ગ્રંથ સૂચિ.	૪૫૭

સંકેત સૂચિ

1) અભિ. ચિંતા. કા. - અભિધાન ચિંતામણી કાણ્ડ
2) અમ.કો. - અમરકોષ
3) આ.બો. - આનંદબોધિની (સિદ્ધહેમ વ્યા.ટીકા)
4) ઈ. દ્વ. - ઈતરેતર દ્વન્દ્વ
5) ઉ. - ઉદ્દ્યોત (મહાભાષ્યપ્રદીપ-ટીકા)
6) ઉણા. - ઉણાદિ સૂત્ર
7) કર્મ. - કર્મધારય
8) કા.વિ.પ. - કાશિકા વિવરણ પંજિકા (જિનેન્દ્ર બુદ્ધિ ન્યાસ)
9) કા. - કાણ્ડ
10) કા. - કારિકા
11) કાવ્ય પ્ર. - કાવ્યપ્રકાશ
12) જિ. બુ. ન્યા. - જિનેન્દ્ર બુદ્ધિન્યાસ (કાશિકા-ટીકા)
13) ત.સં. - તર્કસંગ્રહ
14) તત્ત્વા. - તત્ત્વાલોક (મહાભાષ્ય-પ્રદીપ-ઉદ્દ્યોત-ટીકા)
15) તર. - તરંગ
16) દ્વિ. એ. વ. - દ્વિતીયા એકવચન
17) ધા.પા. - ધાતુપાઠ
18) નઞ્ તત્. - નઞ્ તત્પુરુષ
19) નપું. પ્ર. - નપુંસકલિંગ પ્રકરણ
20) ન્યા. કો. - ન્યાયકોષ
21) ન્યા. બો.- ન્યાયબોધિની (તર્કસંગ્રહ-ટીકા)
22) ન્યા. સં. - ન્યાયસંગ્રહ
23) ન્યા.સ. - ન્યાસસારસમુદ્ધાર (લઘુન્યાસ)
24) ન્યા. સમુ. - ન્યાય સમુચ્ચય
25) ન્યાસાનુ. - ન્યાસાનુસંધાન
26) ન્યા. સિ.મુ. - ન્યાયસિદ્ધાન્તમુક્તાવલી
27) પ. મં. - પદમંજરી (કાશિકા-ટીકા)
28) પં. - પંક્તિ
29) પરિ. શે. - પરિભાષેન્દુશેખર
30) પા. સૂ. - પાણિનીય વ્યાકરણ સૂત્ર
31) પાણિ.પ્રત્યા.સૂ. - પાણિનીય પ્રત્યાહાર સૂત્ર
32) પૃ. - પૃષ્ઠ
33) પ્ર. એ. વ. - પ્રથમા એકવચન
34) પ્ર. ચરિ. - પ્રભાવક ચરિત્ર
35) પ્રત્યા. - પ્રત્યાહારસૂત્ર
36) પ્ર. - પ્રદીપ (મહાભાષ્ય-ટીકા)
37) પ્રક. - પ્રકરણ
38) બહુ. - બહુવ્રીહિ
39) બૃ. ન્યાસ - બૃહન્ન્યાસ
40) બૃ. વૃતિ - બૃહદ્વૃતિ
41) મ.વૃ. અવ. - મધ્યમવૃત્તિ અવચૂરી

42) મ.વૃ. - મધ્યમવૃત્તિ (સિદ્ધહેમ વ્યા.ટીકા)
43) મ.ભા. - મહાભારત
44) મ. ભાષ્ય - (વ્યાકરણ) મહાભાષ્ય
45) લ. ન્યાસ - લઘુન્યાસ
46) લ. શ. શે. - લઘુશબ્દેન્દુશેખર
47) લા. સૂ. - લાવણ્ય સૂરિ
48) લિ. - લિંગાનુશાસન
49) લિજ્ઞા. - લિઙ્ગાનુશાસન
50) વા.પ. - વાકયપદીય
51) વા. - વાર્તિક
52) વિશ્વ. - વિશ્વકોષ
53) વૈ. સિ. કૌ. - વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદી
54) વૈ.સિ.કૌ. સર. - વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદી સરલા ટીકા
55) વ્યા. પરિ. પા. - વ્યાડીપરિભાષા પાઠ
56) વ્યા.શા.લૌ. ન્યા. ઉ. - વ્યાકરણશાસ્ત્રે લૌકિક ન્યાયાનામ્ ઉપયોગ
57) વ્યા.મ.ભાષ્ય - વ્યાકરણ મહાભાષ્ય
58) શ. ન્યા. - શબ્દમહાવર્ણન્યાસ (બૃહન્ન્યાસ)
59) શ્લો. - શ્લોક
60) ષ. તત્ - ષષ્ઠી તત્પુરુષ
61) ષ. દ્વિ. વ. - ષષ્ઠી દ્વિવચન
62) સ. તત્. - સપ્તમી તત્પુરુષ
63) સ. દ્વ. - સમાહાર દ્વન્દ્વ
64) સ. દ્વિ. વ. - સપ્તમી દ્વિવચન
65) સમા. દ્વ. - સમાહાર દ્વન્દ્વ
66) સમ્બો. - સંબોધન
67) સીરદેવ બૃ. પરિ. વૃ. - સીરદેવકૃત બૃહત્ પરિભાષા વૃત્તિ
68) સૂ. ક. - સૂત્રકમાંક
69) સૂ. - સૂત્ર
70) સૂ. મ. સા. - સૂરિ મહારાજ સાહેબ
71) સ્ત્રી. પ્ર. - સ્ત્રીલિંગ પ્રકરણ

પ્રસ્તાવના

વ્યક્તિ વિચારોની આપ-લે શ્રુતના માધ્યમે કરે છે. કેમકે મતિજ્ઞાન આદિ બાકીના ચારે જ્ઞાન મૌનવ્રતધારી છે, તેઓ વ્યક્તિને પોતાના બોધ પૂરતા જ સિમિત છે. આથી જ 'ચઉ મૂંગા એક બોલતું' એમ કહેવાયું છે. વ્યક્તિ ગમે તેટલો બુદ્ધિશાળી હોય, અવધિ-મનઃપર્યવ કે કેવળજ્ઞાની ભલે ને અતીન્દ્રિય વસ્તુને જોઈ શકતા હોય, છતાં શ્રુત વિના તેઓ પણ સામા વ્યક્તિને બોધ પમાડવા અસમર્થ છે. આથી જ પાંચે જ્ઞાનમાં અપેક્ષાએ શ્રુતજ્ઞાન સર્વાધિક છે.

શ્રુતજ્ઞાન આત્માને શબ્દોથી થતાં અર્થના બોધસ્વરૂપ છે. આને શાસ્ત્રકારો ભાવશ્રુત કહે છે અને તે ભાવશ્રુત જેનાથી ઉત્પન્ન થાય તે શબ્દોને દ્રવ્યશ્રુત કહે છે. ચોક્કસ પ્રકારના શબ્દાત્મક દ્રવ્યશ્રુતને લઈને ભાષાનું નિર્માણ થાય છે. જેમકે સંસ્કૃત, પ્રાકૃત, અર્ધમાગધી, હિન્દી, ગુજરાતી વિગેરે દરેક ભાષાના શબ્દોમાં ભિન્નતા હોવાથી તેઓ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. આ અનેક ભાષાઓ પૈકી કલ્યાણકર શ્રુત, જેને આપણે 'શાસ્ત્ર' કહીએ છીએ તે મોટાભાગે સંસ્કૃત -પ્રાકૃત ભાષામાં રચાયા છે. પરંતુ હાલના જનવર્ગને આ ભાષાઓ આવડતી નથી. કેમકે તે ચલણ(બોલી)માં નથી. આથી આ ભાષાઓ શીખવા વ્યાકરણ ભણવું આવશ્યક બને છે.

ભાષા જો લોકબોલી રૂપે હોય તો બાળપણથી જ તે સાંભળતા સાંભળતા આલાપ-ઉદ્લાપ દ્વારા શીખાઈ જાય છે. જેમકે આપણને સાંભળતા સાંભળતા ગુજરાતી, હિન્દી વિગેરે ભાષા આવડી ગઈ. પરંતુ સંસ્કૃત-પ્રાકૃત ભાષા ચલણમાં ન હોવાથી તેને શીખવા વ્યાકરણ તરફ નજર કરવી જ પડે. લોકબોલીથી પણ ભાષાના વ્યવહારમાં ઉપયોગી એવા મર્યાદિત પ્રયોગ જ આવડે. બાકી ભાષાના વિશેષપ્રયોગો, વ્યુત્પત્તિને લઈને શબ્દમાંથી કઈ રીતે વિવક્ષિત અર્થ નીકળ્યો વિગેરે વ્યાકરણ ભણવાથી જ સમજી શકાય છે. સંસ્કૃત ભાષાનું ક્ષેત્ર વિશાળ છે. જો તેના એકેક શબ્દપ્રયોગ અને અર્થ શીખવા બેસીએ તો લાંબા કાળે પણ પાર ન આવે. લોકમાં કહેવાય છે કે દેવોના વિદ્યાગુરુ બૃહસ્પતિએ ઈન્દ્રને દેવતાઈ હજાર વર્ષ સુધી શબ્દપારાયણ શીખવ્યું છતાં પૂરુ ન થયું. આપણું એક વર્ષ એટલે દેવોનો એક દિવસ અને આપણા ત્રણસો સાંઈઠ વર્ષ એટલે દેવોનું એક વર્ષ. આવા દેવતાઈ હજાર વર્ષ સુધી શીખવ્યું, છતાં પૂર્ણ ન થયું.[A] આથી જો સંસ્કૃતભાષાને શબ્દપ્રયોગ ઉપરથી શીખવા જઈએ તો આખું આયખું ગ્રહણકાળમાં જ પૂરુ થઈ જાય, અભ્યાસ અને અધ્યાપન બાજુમાં જ રહી જાય. આનાથી સમજી શકાશે કે સંસ્કૃતભાષા કેટલી વિશાળ છે. છતાં વ્યાકરણ વિશાળકાય આ ભાષાને ટૂંકમાં આવરી લે છે. તે પ્રકૃતિ-પ્રત્યયના વિભાગ પાડી અનેકને આવરતી વિવિધ સંજ્ઞાઓ દ્વારા કેવી પ્રકૃતિને કયા પ્રત્યયો કેવા અર્થમાં થાય છે તે સૂત્રથી સમજાવી દે છે, જેથી અભ્યાસુ પ્રયોગ જોઈ તેમાં કઈ પ્રકૃતિ અને ક્યો પ્રત્યય હશે તેનો અંદાજ કરી અર્થનો નિશ્ચય કરી શકે. જો કે સંસ્કૃતભાષા પોતે અતિવિશાળ હોવાથી તેને ટૂંકમાં સમજાવતું વ્યાકરણ પણ મોટું તો રહેવાનું. તેથી કેટલાક અભ્યાસુઓને અભ્યાસ દરમિયાન વ્યાકરણ વ્યાધિકરણ રૂપે અનુભવાવાનું, છતાં

(A) બૃહસ્પતિરિન્દ્રાય દિવ્યં વર્ષસહસ્રં પ્રતિપદવિહિતાનાં શબ્દાનાં શબ્દપારાયણં પ્રોવાચ, ન ચાન્તં જગામ। (મહાભાષ્યે)

વ્યાકરણકારો શક્ય પ્રયત્ને ઓછા શબ્દોમાં સમગ્ર સંસ્કૃતભાષાને આવરી શકાય તેવું વ્યાકરણ રચવા પ્રયત્ન કરે છે. જેનું વ્યાકરણ સૌથી ઓછા શબ્દોમાં આખી સંસ્કૃત ભાષાને સરળતાથી આવરી લે તેનું વ્યાકરણ ટોચનું ગણાય. વ્યાકરણો તો ***પાણિનિ, ચાન્દ્ર, શાકટાયન, ભોજ*** વિગેરે ઘણાં છે, પણ તે નિર્દોષ નથી. પાણિનિ આદિ વ્યાકરણોમાં અતિવિસ્તાર છે, તો કાતન્ત્ર આદિ વ્યાકરણોમાં બધું આવરી ન શકે તેવું અતિ ટૂંકાણ છે. પૂર્વકાળમાં નિશાળ ગમન વખતે પ્રભુ વીરે ઇન્દ્ર સમક્ષ રચેલું ***ઐન્દ્ર***વ્યાકરણ હતું, જે શ્રેષ્ઠ ગણાતું[A]. પ્રાતિશાખ્ય ગ્રન્થ તથા પાણિનિ, કાતન્ત્ર વિગેરે વ્યાકરણોમાં તેના નામ તથા ઉદ્ધરણો ટાંકેલા જોવા મળે છે. આપણાં કમનસીબ છે કે આજે તે વ્યાકરણ ઉપલબ્ધ નથી, છતાં એટલા આપણા સદ્નસીબ છે કે આજે ***શ્રીસિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન*** વ્યાકરણ વિદ્યમાન છે. આ વ્યાકરણ અતિવિસ્તાર આદિ દોષરહિત સંપૂર્ણ સંસ્કૃત ભાષાને આવરતું એક આદર્શ પંચાંગપરિપૂર્ણ વ્યાકરણ છે. તે પ્રકરણશઃ છે તથા તેમાં ક્યાંય પાણિનિ આદિ વ્યાકરણોની જેમ ગૌરવ થતું જોવા નહીં મળે. આ વ્યાકરણ ગુર્જરેશ્વર ***સિદ્ધરાજ જયસિંહ***ની વિનંતિથી કલિકાલસર્વજ્ઞ આચાર્યદેવ શ્રી ***હેમચંદ્રસૂરીશ્વરજી*** મહારાજાએ રચ્યું હોવાથી તેનું નામ ***'શ્રીસિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસનમ્'*** રાખવામાં આવ્યું. આ નામ રાખવા પાછળ બીજું આ કારણ પણ આપી શકાય. સઘળાં ય વ્યાકરણોમાં સિદ્ધહેમ વ્યાકરણ પ્રતિષ્ઠિત હોવાથી તે 'સિદ્ધ' છે. સરળતા, નિર્દોષતા, પરિપૂર્ણતાદિ ગુણોને લઈને તે અભ્યાસુ અને અધ્યાપકોને સુવર્ણની જેમ ઉપાદેય છે તેથી 'હેમ' છે. વ્યાકરણતત્ત્વના પિપાસુ રૂપી ચકોરોને માટે તે ચંદ્ર જેવું આહ્લાદક છે તેથી તે 'ચંદ્ર' છે અને સાધુ શબ્દોનું પ્રકૃતિ-પ્રત્યય આદિના વિભાગે કરીને તે અનુશાસન (વ્યુત્પાદન) કરનાર હોવાથી 'શબ્દાનુશાસન' છે. આમ સઘળાં ય વ્યાકરણોમાં શિરમોર, નિર્દોષતાદિ ગુણોને લઈને સુવર્ણની જેમ ઉપાદેય અને જિજ્ઞાસુઓને ચંદ્ર જેવું આહ્લાદક આ વ્યાકરણ સાધુ શબ્દોનું વ્યુત્પાદન કરતું હોવાથી તેનું નામ ***શ્રીસિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસનમ્'*** રાખવામાં આવ્યું છે.

અહીં મૂકેલો અનુશાસન શબ્દ વિચાર માંગે છે. અનુ એટલે પશ્ચાત્ અને શાસન એટલે વ્યુત્પાદન. પાછળથી થયેલા સાધુ શબ્દોના વ્યુત્પાદનને અનુશાસન કહેવાય. આ વ્યાકરણ ***પાણિનિ*** આદિ પૂર્વાચાર્યોના અનુશાસન(વ્યાકરણ) પછી રચાયું છે, માટે તેમાં 'અનુશાસન' શબ્દ મૂક્યો છે. આનાથી કલિકાલસર્વજ્ઞશ્રીએ પૂર્વાચાર્યોનું અનુસરણ કર્યું છે તેમ દ્યોતિત થાય છે.[B] પાણિનિ વ્યાકરણ ઉપરના વ્યાકરણમહાભાષ્ય, કાશિકા-જિનેન્દ્રબુદ્ધિન્યાસ આદિ ગ્રન્થોને જોતા સિદ્ધહેમ વ્યાકરણમાં અનેક સ્થળે તેમનું સામ્ય જોવા મળે. તે દેખી કેટલાક વિદ્વાનો સિદ્ધહેમ વ્યાકરણને મૌલિકતા વિનાનું સંકલનાત્મક વ્યાકરણ ગણાવી અવગણે છે, પરંતુ આ તેમની ગેરસમજ છે. પાણિનિએ પણ તેમના વ્યાકરણમાં પૂર્વના ગાર્ગ્ય, શાકટાયન, આપિશલિ વિગેરે અનેક વૈયાકરણોના નામ ગણાવ્યા છે, જેનાથી એ ફલિત થાય છે કે તેમણે પણ આ વૈયાકરણોના ગ્રન્થોનું અવલોકન કરી સાર રૂપે પાણિનિ વ્યાકરણની રચના કરી છે. સમજી શકાય તેવી વાત છે

(A) **तेन प्रणष्टमैन्द्रं तदस्मद्व्याकरणं भुवि। जिताः पाणिनिना सर्वे मूर्खीभूताः वयं पुनः।। (कथासरित्सागरः ४/२५)**

(B) **पूर्वाचार्यशासनस्याऽनु–पश्चाद् शासनम् इति अनुशासनम्। (स्वोपज्ञछन्दोनुशासनवृत्तौ)**

કે સંસ્કૃત ભાષા તો પરાપૂર્વથી ચાલી આવે છે. તેથી ભાષા અને તેના પ્રયોગોને લગતી ચર્ચાઓ તો મહદંશે એની એ જ રહેવાની અને તેને સમજાવતાં વ્યાકરણો પણ મળવાનાં, પરંતુ કાળક્રમે ભાષામાં જે થોડા નવા પ્રયોગો તથા ચર્ચાઓ ઉમેરાય તેને આવરવા અને પૂર્વના વ્યાકરણોમાં કર્તાને જે માત્રા કે પ્રક્રિયાને લગતું ગૌરવ, અપપ્રયોગની સિદ્ધિ કે સમ્યક્ પ્રયોગની પણ અયોગ્ય રીતે સિદ્ધિ વિગેરે દોષ લાગતા હોય, તેમને સુધારવા તેઓ લાઘવયુક્ત નવા વ્યાકરણની રચના કરે છે. પાણિનિ ઋષિ માટે એમ કહેવાય છે કે તેમણે પૂર્વના વ્યાકરણોની ખામી દૂર કરી એક સુગ્રથિત વ્યાકરણની રચના કરી. પૂર્વના વ્યાકરણની વાત પછીના વ્યાકરણમાં આવે, એટલા માત્રથી તે અનાદરણીય ન બની જાય, પરંતુ પૂર્વના વ્યાકરણો કરતા તેમાં લાઘવ, સુકરબોધકતા આદિ વિશેષતાઓ કેવી છે તે જોવું જોઈએ. કલિકાલસર્વજ્ઞશ્રી સ્વયં સિદ્ધહેમ વ્યાકરણની રચનાનું પ્રયોજન બતાવતા કહે છે કે –

तेनाऽतिविस्तृतदुरागमविप्रकीर्णशब्दानुशासनसमूहकदर्थितेन।
अभ्यर्थितो निरवमं विधिवद् व्यधत्त, शब्दानुशासनमिदं मुनिहेमचन्द्रः।। *(सिद्धहेम–पुष्पिकायाम्)*

પાણિનિ આદિ વ્યાકરણો અતિવિસ્તાર, કઠિનતા, વિપ્રકીર્ણ સૂત્રોની રચના વિગેરે દોષવાળા છે, જ્યારે કાતન્ત્રાદિ વ્યાકરણો અતિ ટૂંકા છે. આ દોષોને નજરમાં લઈ કલિકાલસર્વજ્ઞશ્રીએ અતિવિસ્તૃત નહીં અને અતિ ટૂંકા નહીં એવા સુગમ અને પ્રકરણશઃ સિદ્ધહેમ વ્યાકરણની રચના કરી છે. અર્થાત્ તેમણે બીજા વ્યાકરણોનું અવલોકન કર્યું છે એ સ્પષ્ટ છે, છતાં સિદ્ધહેમ વ્યાકરણમાં કેટલાય એવા સ્થળો છે જ્યાં જોનારને પાણિનિ આદિ વ્યાકરણોની અપેક્ષાએ લાઘવ, મૌલિકતાદિ વિશેષતાઓ જોવા મળશે. જેમકે –

(i) નામસંજ્ઞા માટે સિદ્ધહેમ વ્યાકરણમાં 'अधातु-विभक्ति-वाक्यम् अर्थवन्नाम १.१.२७' સૂત્ર છે અને પાણિનિ વ્યાકરણમાં 'अर्थवद् अधातुः अप्रत्ययः प्रातिपदिकम्' (पा.सू. १.२.४५) સૂત્ર છે. સિદ્ધહેમના સૂત્રમાં अविभक्तिः એમ વિભક્તિનું વર્જન કર્યું હોવાથી સ્યાદિ અને ત્યાદિ વિભક્ત્યન્તને નામસંજ્ઞાનો નિષેધ થાય છે, જ્યારે પાણિનિના સૂત્રમાં अप्रत्ययः એમ પ્રત્યયમાત્રનું વર્જન કર્યું હોવાથી ङी, आप्, ऊङ्, डायन्, क्विप्, णक, तृच्, इकण्, स्यादि વિગેરે દરેક પ્રત્યયાન્તને નામસંજ્ઞાનો નિષેધ પ્રાપ્ત થાય છે. જો ङी, आप् વિગેરે પ્રત્યયાન્તને નામસંજ્ઞા ન થાય તો તેમને સ્યાદિ પ્રત્યયોની ઉત્પત્તિ ન થઈ શકે. તેથી સ્યાદિની ઉત્પત્તિ માટે તેમણે નવા કોઈ સૂત્રની રચનાનું પ્રક્રિયાગૌરવ સ્વીકારવું પડે એ સ્પષ્ટ છે.

એ સિવાય પાણિનિના સૂત્રમાં अधातुः અને अप्रत्ययः એમ બે વાર नञ् નો પ્રયોગ કર્યો છે, તેના બદલે ધાતુ અને પ્રત્યય શબ્દોનો દ્વન્દ્વસમાસ કરી अधातुप्रत्ययम् આમ એક જ વાર नञ् નો પ્રયોગ કરાત તો અ અને એક વિસર્ગ એમ દોઢ માત્રાનું લાઘવ પણ થાત. સિદ્ધહેમ વ્યાકરણમાં તેમજ કર્યું છે. પાણિનિ તેમના સૂત્રમાં વાક્યનો નિષેધ કરવાનું ચૂકી ગયા છે, જ્યારે કલિકાલસર્વજ્ઞશ્રીએ વાક્યનો નિષેધ કર્યો છે. વાક્ય એ ધાતુ અને પ્રત્યયાન્ત પદથી અતિરિક્ત અર્થવાન્ વસ્તુ છે.

તેથી જો તેનો સૂત્રમાં નિષેધ ન કરવામાં આવે તો તેમાં નામસંજ્ઞા અતિવ્યાપ્ત થાય. અહીં એવી શંકા ન કરવી કે ''પદનો સમૂહ એ જ વાક્ય છે, તેથી વાક્ય પદાત્મક જ ગણાતા સૂત્રના अप्रत्ययः અંશથી પદની જેમ વાક્યને પણ નામસંજ્ઞાનો પ્રતિષેધ થઈ જશે.'' કેમકે વાક્ય જો પદાત્મક જ હોય તો તે પદોના અર્થથી અતિરિક્ત નવા કોઈ અર્થનું પ્રતિપાદન ન કરવું જોઈએ, પરંતુ તે પદોના અર્થથી અતિરિક્ત પદાર્થના સંસર્ગ રૂપ વિશિષ્ટ અર્થનું પ્રતિપાદન કરે છે. માટે પદના સમૂહાત્મક વાક્યને પદસ્વરૂપ ન માની શકાય. આમ પાણિનિનું પ્રાતિપદિક(નામ)સંજ્ઞાને લગતું સૂત્ર વાક્યમાં અતિવ્યાપ્તિ દોષથી દૂષિત છે.

(ii) ઈત્ સંજ્ઞા માટે સિદ્ધહેમ વ્યાકરણમાં ફક્ત એક સૂત્ર છે જ્યારે પાણિનિ વ્યાકરણમાં સાત સૂત્ર છે. તે આ પ્રમાણે –

સિદ્ધહેમ	પાણિનિ
અપ્રયોગીત્ ૧.૧.૩૭	उपदेशेऽजनु० ૧.૩.૨ हल्यन्त्यम् ૧.૩.૩ आदिर्ञिटुडवः ૧.૩.૫ षः प्रत्ययस्य ૧.૩.૬ चुट् ૧.૩.૭ लशक्वतद्धिते ૧.૩.૮ तस्य लोपः ૧.૩.૯

અહીં જોવાનું એ છે કે પાણિનિ વ્યાકરણમાં ઉપર બતાવેલા સાત સૂત્રો પૈકી પ્રથમ છ સૂત્રોથી ઈત્ સંજ્ઞા કરવામાં આવે છે અને છેલ્લા સૂત્રથી ઈત્ સંજ્ઞકનો અલગથી લોપ કરવામાં આવે છે, જ્યારે સિદ્ધહેમ વ્યાકરણમાં એક જ સૂત્રથી સર્વત્ર ઈત્ સંજ્ઞા સાધી છે અને તે 'एति = अपगच्छति इति इत्' આમ સાન્વર્થ સંજ્ઞા હોવાથી ઈત્ સંજ્ઞક વર્ણ આપમેળે જ ચાલ્યો જાય છે, તેથી તેનો લોપ કરવા અલગ પ્રયાસ નથી આદર્યો. આમ ઘણું મોટું માત્રાલાઘવ અને સાથે પ્રક્રિયાલાઘવ પણ સાધ્યું છે.

(iii) સમાસ પ્રકરણમાં કયા પદને સમાસના પૂર્વપદ રૂપે સ્થાપવું તેની વ્યવસ્થા માટે સિદ્ધહેમ વ્યાકરણમાં 'प्रथमोक्तं प्राक् ૩.૧.૧૪૮' એક જ સૂત્ર છે, જ્યારે પાણિનિ વ્યાકરણમાં 'प्रथमानिर्दिष्टं समासे उपसर्जनम्' (पा.सू. ૧.૨.૪૩) અને 'उपसर्जनं पूर्वम्' (पा.सू. ૨.૨.૩૦) આમ બે સૂત્ર છે. સિદ્ધહેમ વ્યાકરણનું સૂત્ર એમ કહે છે કે 'સમાસવિધાયક સૂત્રોમાં જે પદ પ્રથમાન્ત બતાવ્યું હોય તેનાથી જણાતો શબ્દ સમાસમાં પૂર્વપદ તરીકે મૂકાય છે.' આમ એક જ સૂત્ર બનાવવાથી બધી વ્યવસ્થા જળવાઈ જાય છે, છતાં પાણિનિ વ્યાકરણમાં બે સૂત્ર બનાવી પ્રથમ સૂત્રથી સમાસવિધાયક

સૂત્રોમાં જે પદ પ્રથમાન્ત બતાવ્યું હોય તેને 'ઉપસર્જન' સંજ્ઞા કરે છે, ત્યારબાદ બીજા સૂત્રથી ઉપસર્જન સંજ્ઞાને પામેલા પદથી જણાતા શબ્દને સમાસમાં પૂર્વપદ તરીકે મૂકવામાં આવે છે. આમ નકામી પ્રક્રિયાને લંબાવી તેઓ ગૌરવ કરે છે.

(iv) વૈયાકરણો વાક્યને મુખ્ય શબ્દ અને વાક્યાર્થને મુખ્ય શબ્દાર્થ રૂપે ગણાવે છે(A). પાણિનિ તેમના વ્યાકરણમાં મુખ્ય એવા પણ વાક્યની સંજ્ઞા બતાવવાનું સદંતર ભૂલી ગયા છે. તેમના પછી ***કાત્યાયને*** વાક્યને ઓળખાવતા 'आख्यातं साऽव्यय-कारक-विशेषणं वाक्यम्', 'सक्रियाविशेषणं च' (पा.सू. २.१.१, वार्तिक ९-१०) આવા બે વાર્તિક બનાવ્યા છે, પરંતુ તે પણ બિનજરૂરી લાંબાલચક બનાવ્યા છે. સિદ્ધહેમ વ્યાકરણમાં વાક્યસંજ્ઞા માટે 'सविशेषणमाख्यातं वाक्यम् १.१.२६' આવું ટૂંકુ અને સચોટ સૂત્ર બનાવ્યું છે. સમજી શકાય છે કે વૈયાકરણો આખ્યાતાર્થ મુખ્ય વિશેષ્યક શાબ્દબોધ સ્વીકારે છે. તેથી કોઈ પણ વાક્યમાં આખ્યાતપદ(ક્રિયાપદ) વિશેષ્ય ગણાય અને તે સિવાયના અવ્યય, કારક, કારક વિશેષણ અને ક્રિયાવિશેષણ પદો આખ્યાતપદના સાક્ષાત્ કે પરંપરાએ વિશેષણ બને છે. આમ આ બધાનો સામાન્યથી આખ્યાતના વિશેષણરૂપે સંગ્રહ થઈ જતો હોવાથી 'सविशेषणमाख्यातं वाक्यम् १.१.२६' સૂત્ર યુક્ત છે. આમ કોઈપણ વ્યાકરણકાર વાક્યનું આવું લઘુ અને સચોટ સંજ્ઞાસૂત્ર નથી બનાવી શક્યા, જે કલિકાલસર્વજ્ઞશ્રીએ બનાવ્યું છે. આ તેમની મૌલિકતા છે.

પાણિનિ ઋષિએ અ-ઇ-ઉ-ણ્, ઋલૃક્ આદિ ચૌદ પ્રત્યાહાર સૂત્રો રચી સ્વર, વ્યંજન, અંતસ્થા વિગેરે માટે અચ્, હલ્, યણ્ આદિ લઘુસંજ્ઞાઓ સાધી છે, આને તેમની મૌલિકતા ગણાવવામાં આવે છે. પરંતુ તે પણ શી રીતે મૂળમાં જ ખામીવાળી છે તે અંગે જાણવા અમારા પ્રથમ અધ્યાય ચતુર્થ પાદના વિવરણની પુસ્તકમાં લખેલી વિસ્તૃત પ્રસ્તાવના જોવી.

(v) આ સિવાય સિદ્ધહેમ વ્યાકરણની વિશેષતા જોવી હોય તો બૃ. ન્યાસમાં 'औदन्ताः स्वराः १.१.४' સૂત્રની અવતરણિકામાં 'શબ્દના ઉપદેશની બાબતમાં સાધુ શબ્દનો, અપશબ્દનો અને બન્નેનો એમ ત્રણ પ્રકારે ઉપદેશ સંભવે છે. તેમાં સાધુ શબ્દ કે અપશબ્દ બેમાંથી કોઈપણ એકના ઉપદેશથી કામ સરી જાય છે.' આ વાતને સમજાવવા 'शमादयो विधेया इत्युक्ते क्रोधादिप्रतिषेधो गम्यते, क्रोधादिप्रतिषेधे च शमादिविधिः (गम्यते)' આ દૃષ્ટાંત આપ્યું છે. આ જ વાતને સમજાવવા મહાભાષ્યમાં ***પતંજલિ*** ઋષિએ 'पञ्च पञ्चनखा भक्ष्या इत्युक्ते गम्यत एतद्-अतोऽन्येऽभक्ष्या इति। अभक्ष्य-प्रतिषेधेन वा भक्ष्यनियमः। तद्यथा—अभक्ष्यो ग्रामकुक्कुटः, अभक्ष्यो ग्रामशूकर इत्युक्ते गम्यत एतद्-अरण्यो भक्ष्य इति।' આ દૃષ્ટાંત આપ્યું છે. અહીં જોવાનું એ છે કે કોઈપણ વાત સમજાવવા દૃષ્ટાંત કેવું આપવું જોઈએ તે વિચારવું જોઈએ. ગણિત શીખવવા છાત્રને 'કોઈ વ્યક્તિ પ્રતિ કલાકે '૨૪' ગાળો બોલતો હોય તો તે છ કલાકમાં કેટલી ગાળો બોલે ?' આવો દાખલો ન પૂછાય. કેમકે આ દાખલાથી ગણિત તો શીખે, પણ સાથે ગાળો બોલવાનું પણ શીખે. એવી

(A) वाक्यमेव मुख्यः शब्दो वैयाकरणानाम्, वाक्यार्थ एव च मुख्यः शब्दार्थः, सादृश्यात् त्वन्वय-व्यतिरेकौ कल्पितौ लाघवार्थमाश्रित्य पदपदार्थाऽवस्थापनं क्रियते। (१.१.२७, बृ. न्यास)

રીતે પ્રસ્તુતમાં *પતંજલિ*ના આ દૃષ્ટાંતથી સાધુશબ્દ કે અપશબ્દ બેમાંથી કોઈપણ એકના ઉપદેશની વાત સમજાય, પણ ભેગા માંસભક્ષણ-હિંસકતાના સંસ્કાર પણ પડે, જે અનિચ્છનીય છે. કલિકાલસર્વજ્ઞશ્રીએ સુંદર દૃષ્ટાંત આપ્યું છે, જેનાથી તેમનું કથયિતવ્ય પણ સમજાઈ જાય અને સમતા ગુણની ખિલવટ અને ક્રોધ ઉપર કાબુ મેળવવાની પ્રેરણા પણ મળી જાય.

(vi) 'तुल्यस्थानाऽऽस्यप्रयत्नः स्वः १.१.१७' સૂત્રની બૃહદ્વૃત્તિમાં અને બૃહન્ન્યાસમાં કલિકાલસર્વજ્ઞશ્રીએ શબ્દને પુદ્ગલદ્રવ્યસ્વરૂપ અને જાતિને સદૃશપરિણામસ્વરૂપ ગણાવી છે. નૈયાયિક વિગેરે અન્ય દર્શનકારો શબ્દને ગુણ સ્વરૂપ અને જાતિને એક સ્વતંત્ર પદાર્થરૂપે ગણાવે છે. શબ્દ પુદ્ગલસ્વરૂપ છે તે સિદ્ધ કરવા બૃ. ન્યાસમાં સુંદર યુક્તિઓ આપી છે. જેમકે શબ્દ પુદ્ગલ છે, કેમકે અમુક દિશા તરફ મુખ રાખીને શબ્દ બોલાયો હોય તો પણ તે 'રૂ' ની જેમ પવનથી અન્ય દિશામાં તણાય છે. એવી રીતે પર્વતની ગુફા વિગેરેમાં શબ્દ બોલાય તો તે પડઘારૂપે પાછો ફેંકાઈ સંભળાય છે, એ બતાવે છે કે શબ્દ દ્રવ્ય છે. ગુણ ક્યારે પણ ક્રિયાનો આશ્રય ન બને, દ્રવ્ય જ ક્રિયાનો આશ્રય બને. તણાવવું, પાછા ફેંકાવું વિગેરે ક્રિયા શબ્દમાં જણાતી હોવાથી તે ક્રિયાના આશ્રય તરીકે શબ્દ દ્રવ્યરૂપે સિદ્ધ થાય છે. એવી રીતે કાંસાના વાસણ સાથે શબ્દ અથડાય તો તે નવા ધ્વનિને પેદા કરે છે. ઘણીવાર મોટા ધડાકાના અવાજથી મકાનના કાચ હલી જાય છે કે કાનનો પડદો ફાટી જાય છે. ગુણ ક્યારેય પણ દ્રવ્ય સાથે અથડાય (અભિઘાત સંયોગ પામે) એ શક્ય નથી. તેથી તેનાથી કોઈ ધ્વનિ પેદા થાય, કોઈ વસ્તુ હલે કે ફાટે તે પણ શક્ય નથી. શબ્દથી તેમ થાય છે તેથી તે દ્રવ્ય રૂપે સિદ્ધ થાય છે. આથી બૃ. વૃત્તિમાં आस्य શબ્દની अस्यत्यनेन वर्णान् इति आस्यम् (જેના દ્વારા શબ્દો બહાર ફેંકાય તેને આસ્ય કહેવાય) આવી વ્યુત્પત્તિ બતાવી છે. શબ્દ પુદ્ગલદ્રવ્ય સ્વરૂપ હોય તો જ તેનો મુખ દ્વારા ક્ષેપ સંભવે, અન્યથા નહીં. 'तुल्यास्यप्रयत्नं सवर्णम्' (પા.સૂ. ૧.૧.૯) સૂત્રના મહાભાષ્યમાં 'अस्यत्यनेन वर्णान् इति आस्यम्' આવી જ વ્યુત્પત્તિ બતાવી છે, પરંતુ તેની પ્રદીપ ટીકામાં અસ્યતિ નો અર્થ 'असनमत्र व्यक्तिस्फोटपक्षेऽभिव्यक्तिः, जातिस्फोटपक्षे तूत्पत्तिः' આવો કર્યો છે. તેથી પ્રદીપ ટીકા મુજબ વ્યક્તિસ્ફોટપક્ષે 'જેના દ્વારા શબ્દ અભિવ્યક્ત થાય તે આસ્ય' અને જાતિસ્ફોટપક્ષે 'જેના દ્વારા શબ્દની ઉત્પત્તિ થાય તે આસ્ય' આવો અર્થ થશે. અહીં अस् ધાતુનો આવો અર્થ એટલા માટે કર્યો છે, કેમકે પ્રદીપકાર શબ્દને પુદ્ગલદ્રવ્યરૂપે સ્વીકારતા નથી. अस् ધાતુનો સીધો અર્થ 'ક્ષેપ' (असूच् क्षेपणे १२२१) થાય છે. જો તેનો પ્રદીપકાર મુજબ 'અભિવ્યક્તિ' અને 'ઉત્પત્તિ' અર્થ લેવો હોય તો લક્ષણા કરવી પડે, જે ગૌરવાસ્પદ છે. હરદત્તે કાશિકાની પદમંજરી ટીકામાં 'अस्यन्ते=क्षिप्यन्तेऽनेन वर्णाः = आस्यम्' આમ ક્ષેપાર્થ જ ગ્રહણ કર્યો છે. ટૂંકમાં લાક્ષણિક અર્થ લો કે ન લો, પરંતુ ઉપરોક્ત હેતુઓથી શબ્દ પુદ્ગલદ્રવ્ય છે એ ચોક્કસ છે.

એવી રીતે જાતિ સદૃશપરિણામરૂપ છે. નૈયાયિકો, વૈયાકરણો વિગેરે તેને નિત્ય, વ્યાપક, એક, નિષ્ક્રિય અને નિરંશ એવા સ્વતંત્રપદાર્થરૂપ માને છે. જેમકે આખા જગતમાં ગોત્વ જાતિ એક જ છે, તે નિત્ય (કાયમી) છે, દરેક ગાયમાં વ્યાપીને રહેલી છે, તે ક્યાંય ખસીને જતી નથી અને તેનો અમુક અંશ અમુક ગાયમાં રહે અને અમુક અંશ બીજી

ગાયમાં રહે તેવું નથી અર્થાત્ તે નિરંશ છે. પરંતુ આ રીતે જાતિને સ્વીકારવામાં ઘણી આપત્તિઓ આવે છે. જેમકે એક ગાય ઉત્પન્ન થતા તેમાં ગોત્વ જાતિ ક્યાંથી આવે છે ? જો બીજા સ્થાનથી કે બીજી ગાયમાંથી આવે છે તેમ માનીએ તો જાતિને નિષ્ક્રિય ન માની શકાય. જો એમ માનવામાં આવે કે ગોત્વ જાતિ પહેલેથી જ ત્યાં હતી તો પ્રશ્ન થાય કે 'આધાર વિના આ જાતિ એમને એમ શી રીતે રહી શકી ?' ગાય ઉત્પન્ન થયા પછી ત્યાં ગોત્વ જાતિ ઉત્પન્ન થઈ એમ પણ ન માની શકાય, કેમકે જાતિ નિત્ય છે. એવું પણ ન માની શકાય કે બીજી ગાયની ગોત્વ જાતિનો એક અંશ આ ગાયમાં આવી ગયો, કેમકે જાતિને નિરંશ માની છે. આ પણ શક્ય નથી કે પહેલી ગાયને સંપૂર્ણપણે છોડીને ગોત્વ જાતિ નવી ગાયમાં આવી જાય. કેમકે આવું માનવાથી પહેલી ગાય ગોત્વરહિત બની જવાથી તે ગાય તરીકે નહીં ટકી શકે. આથી જાતિને સદશપરિણામરૂપ માનવી જ વ્યાજબી છે અને તે વિશેષની જેમ પ્રતિવ્યક્તિએ અલગ-અલગ છે, અનિત્ય છે અને અવ્યાપક છે આમ માનવું જ વ્યાજબી છે.[A] દરેક ગાયનો ખુર, કાંધ, પૂંછડી, શીંગડા, ગલગોદડી વિગેરે રૂપ જે સદશપર્યાય હોય છે તે જ જાતિ. ગાયના અનુભવકાળે ત્યાં આવી આકૃતિ સિવાય બીજી કાંઈ એક અને અનુગતવસ્તુનું પ્રત્યક્ષ થતું નથી જેને જાતિ કહી શકાય.[B]

(vii) 'स्व' સંજ્ઞા માટે સિદ્ધહેમ વ્યાકરણમાં 'तुल्यस्थानाऽऽस्यप्रयत्नः स्वः १.१.१७' સૂત્ર છે અને પાણિનિ વ્યાકરણમાં 'तुल्यास्यप्रयत्नं सवर्णम्' (पा.सू. १.१.९) સૂત્ર છે. પાણિનિએ તેમના સૂત્રમાં સ્થાન શબ્દ નથી મૂક્યો. તે आस्य શબ્દની 'आस्ये भवमास्यम् = तालवादिस्थानम्' વ્યુત્પત્તિ બતાવી तद्धितान्त[C] आस्य શબ્દથી તાલુ વિગેરે સ્થાનોને આવરે છે. જ્યારે સિદ્ધહેમના સૂત્રમાં સ્થાન શબ્દ મૂકી તાલુ આદિને લેવામાં આવે છે. દેખીતી રીતે સિદ્ધહેમના સૂત્રમાં માત્રાગૌરવ થયું લાગે, પરંતુ તેવું નથી. પાણિનિ વ્યાકરણ મુજબ आस्य શબ્દ યૌગિક અર્થ (વ્યુત્પત્યર્થ)ને લઈને તાલુ આદિ સ્થાનનો વાચક બને છે, બાકી તે 'મુખ' અર્થમાં રૂઢ છે. ક્યારે પણ યૌગિક અર્થ કરતા રૂઢ્યર્થ શીઘ્રોપસ્થિતિક હોવાથી ***'योगाद् रूढेर्बलीयस्त्वम्'*** ન્યાયથી તે જ બળવાન બને. આથી ઉપરોક્ત સૂત્રનાં आस्य શબ્દથી મુખનું જ ગ્રહણ પ્રાપ્ત થાય, તાલુ આદિ સ્થાનનું નહીં. તેથી સિદ્ધહેમ વ્યાકરણમાં તાલુ આદિને ગ્રહણ કરાવવા સ્થાન શબ્દ મૂક્યો છે તે ઉચિત છે અને પાણિનિમાં સ્થાન શબ્દ નથી એટલી તેની અધુરાશ કહેવાય.

(A) વિશેષ જાણવા જુઓ **'न याति न च तत्रासीदस्ति पश्चात्र चांशवत्। जहाति पूर्वमाधारमहो व्यसनसन्ततिः।।' (प्रमाणवार्तिकम्, १/१५३)**

(B) वस्तूनामेव गवादिनां खुर-ककुद-लाङ्गुल-विषाण-सास्नादिमत्त्वलक्षणो यः सदृशपर्यायः स एव सामान्यम्... यस्तु तेषामेव गवादीनां शाबलेय-धावलेयत्वादिको विसदृशोऽन्योऽन्यं विलक्षणः पर्यायः स विशेषः। (विशेषावश्यकभाष्यम् -२२०२) न हि गवादिव्यक्त्यनुभवकाले वर्णसंस्थानात्मकं व्यक्तिरूपमपहायऽन्यत् किञ्चिदेकमनुयायि प्रत्यक्षे भासते।

(C) तद्धितान्तोऽपि आस्यशब्दोऽस्ति – आस्ये भवमिति ... एतच्च मुखान्तर्वर्तिनां तालवादीनां वाचकम्। तत्र यदि पूर्वस्याऽऽस्यशब्दस्येदं (अस्यते क्षिप्यतेऽन्नमनेनेति आस्यं = मुखमित्यस्येदं) ग्रहणं स्यात्, क-च-ट-त-पनामपि सवर्णसंज्ञा स्यात्, ण्यदन्तस्य (मुखार्थकस्य) आस्यशब्दस्य वाच्येऽर्थे तेषां तुल्यत्वात् प्रयत्नविषयस्य। इममतद्धितान्ताऽऽस्यशब्दस्य ग्रहणे दोषं दृष्ट्वा तद्धितान्तस्येदं ग्रहणमिति दर्शयन्नाह–आस्ये भवमिति। (पा.सू. १.१.९, जि.बु. न्यासः)

(viii) વ્યાકરણમાં બે પક્ષ જોવા મળે છે ; ***પદસંસ્કારપક્ષ*** અને ***વાક્યસંસ્કારપક્ષ***. વાક્યમાંના બીજા પદોને નિરપેક્ષપણે જો વિવક્ષિત પદને સાધવામાં આવે તો પદસંસ્કારપક્ષ આદર્યો કહેવાય અને વાક્યમાંના બીજા પદોને સાપેક્ષપણે જો વિવક્ષિત પદને સાધવામાં આવે તો વાક્યસંસ્કારપક્ષ આદર્યો કહેવાય. વ્યાકરણકારો સાધુપ્રયોગની સિદ્ધિ માટે જે અવસરે જે પક્ષનો આશ્રય કરવો જરૂરી બને તેનો આશ્રય કરે છે. જેમકે નદી કૂલં પાતયતિ (નદી કિનારાને પાડે છે) વાક્યમાં નદી જડ વસ્તુ હોવાથી તેમાં ચેતનને લગતી પાડવાની ક્રિયા સંભવે નહીં. તેથી જો પાતયતિ પદને સાપેક્ષપણે નદી કર્તૃપદને સાધવા જઈએ તો તે શક્ય ન બને. તેથી આવા સ્થળે પદસંસ્કારપક્ષને આશ્રયી પાતયતિ પદને નિરપેક્ષપણે નદી પદને સાધી લેવામાં આવે છે. જ્યાં કોઈ મુશ્કેલી નડતી ન હોય ત્યાં વાક્યસંસ્કારપક્ષનો આશ્રય કરવામાં વાંધો નથી.

અમદાવાદ ગુજરાત કોલેજમાં વ્યાકરણ વિષયનું અધ્યાપન કરાવતા પં. ***વસંતભાઈ મનુભાઈ ભટ્ટે*** તેમના ***પાણિનીય વ્યાકરણ વિમર્શ*** લેખસંપુટમાં સિદ્ધહેમ વ્યાકરણ ઉપર લેખ લખ્યો છે. જેમાં સિદ્ધહેમ વ્યાકરણની ખૂબીઓ ભેગી 'છ' ખામીઓ બતાવી છે. તેમાં તેમણે એક ખામી એ બતાવી છે કે 'સિદ્ધહેમ વ્યાકરણ પદસંસ્કારપક્ષને સ્વીકારે છે, વાક્યસંસ્કારપક્ષને નહીં' અને 'પાણિનિ વ્યાકરણ વાક્યસંસ્કારપક્ષને સ્વીકારે છે' એમ કહી તેની શ્રેષ્ઠતા સ્થાપિત કરી છે. હવે આપણે 'પા.સૂ. ૧.૧.૫૮' ના જિનેન્દ્રબુદ્ધિન્યાસનો પાઠ દેખી વિચારણા કરીએ કે 'શું પાણિનિ વ્યાકરણ ફક્ત વાક્યસંસ્કારપક્ષને જ સ્વીકારે છે ? અને સિદ્ધહેમ વ્યાકરણ માત્ર પદસંસ્કારપક્ષને જ સ્વીકારે છે કે વાક્યસંસ્કારપક્ષને પણ સ્વીકારે છે ?' પાઠ આ પ્રમાણે છે –

कौ स्तः, यौ स्त इति। आस्तेर्लट्, तस्, अदादित्वाच्छपो लुक्, पूर्वविधावावादेशे यणादेशे च कर्तव्ये स्थानिवत् स्यादिति। कथं पुनः स्थानिवत् स्यात्, यावता पदसंस्कारायैव प्रयुक्तत्वाद् व्याकरणस्य ? 'स्तः' इत्यादिकं पदं पदान्तरनिरपेक्षमेव संस्क्रियते, अनादिष्टादचो यः पूर्वः तस्य विधिं प्रति स्थानिवद्भावेन भवितव्यम्। न चायं प्रकारः पदान्तरनिरपेक्षे पदसंस्कारे सम्भवति ; 'स्तः' इत्यादिके पदे संस्क्रियमाणे कावित्यादेः पदान्तरस्याऽसन्निधानात्। ***किं पुनरिदं राजशासनम् –पदसंस्कारायैव शब्दानुशासनं कर्तव्यमिति ? अथ शास्त्रकारस्यैवाऽयमभिप्रायः ? इति चेत्, न; शास्त्रकारेण हि*** 'युष्मद्युपपदे समानाधिकरणे स्थानिन्यपि मध्यमः' इति ***युष्मदाद्युपपदे मध्यमादिपुरुषविधानाद् वाक्यसंस्कारप्रयुक्तमपि शास्त्रमेतदिति सूचितम्।*** अत्र 'कौ' इत्यादिकं पदं प्रागेव व्यवस्थाप्य 'स्तः' इत्यादेः पदस्य संस्कारे क्रियमाणेऽनादिष्टादचः पूर्वमौकारादिर्भवतीति स्थानिवद्भावः स्यात्। अतः प्रतिषेध उच्यते।

અર્થ – *कौ स्तः અને यौ स्तः સ્થળે अस् ધાતુને 'वर्तमाने लट्' સૂત્રથી लट् પ્રત્યય, 'तिप्-तस्-झि०' સૂત્રથી लट् નો तस् આદેશ, अस् ધાતુ अदादि ગણનો હોવાથી તેને લાગેલા शप् (शव्) વિકરણ પ્રત્યયનો લોપ તથા अस् ના अ નો લોપ થતા कौ स् + तस् અવસ્થામાં कौ ના औ નો आव् આદેશ થવા રૂપ પૂર્વવિધિ પ્રાપ્ત હોવાથી લોપાયેલ अस् ના अ નો સ્થાનિવદ્ભાવ મનાશે.*

એમ શી રીતે સ્થાનિવદ્ભાવ માની શકાય ? કેમકે વ્યાકરણ તો પદસંસ્કાર માટે (પદની નિષ્પત્તિ માટે) છે. તેથી સ્તઃ વિગેરે પદ બીજા પદને નિરપેક્ષપણે જ નિષ્પન્ન કરાય છે. આદેશ ન પામેલા સ્વરની પૂર્વે જો કોઈ કાર્યી વર્તતો હોય તો તેને લગતી વિધિમાં આદેશ પામેલ સ્વરનો પુનઃ સ્થાનિવદ્ભાવ મનાય. પરંતુ આવી વાત પદસંસ્કારપક્ષે સંભવતી નથી. કેમકે આ પક્ષે અસ્ ધાતુ ઉપરથી સ્તઃ પદ નિષ્પન્ન કરતી વેળાએ કૌ આ બીજા પદની વિદ્યમાનતા (તેની સાપેક્ષતા) મનાતી નથી.

શું આ રાજશાસન (સાર્વત્રિક વાત) છે કે પદસંસ્કાર પૂરતો જ વ્યાકરણનો ઉપયોગ થાય ? *કે શાસ્ત્રકારશ્રીનો આ અભિપ્રાય છે ? એવું જો તમે પૂછો તો એવું નથી. શાસ્ત્રકારે 'યુષ્મદ્ ઉપપદ (સમીપવર્તી પદ) ને સમાનાધિકરણ સ્થાનીને મધ્યમપુરુષ થાય છે' આમ* ***યુષ્મદ્ ઉપપદને સાપેક્ષ ધાતુને મધ્યમપુરુષના પ્રત્યયનું વિધાન કર્યું હોવાથી વાક્યસંસ્કારપક્ષને લઈને પણ વ્યાકરણશાસ્ત્ર પ્રવર્તે છે એમ સૂચવ્યું છે.***

બસ ! તો વાક્યસંસ્કારપક્ષે પ્રસ્તુતમાં કૌ વિગેરે પદને પહેલેથી જ સ્થાપીને તેને સાપેક્ષપણે અસ્ ધાતુ ઉપરથી સ્તઃ પદની નિષ્પત્તિ કરવામાં આવતી હોવાથી આદેશ ન પામેલા અસ્ ના અ સ્વરની પૂર્વે ઔ પ્રાપ્ત થાય છે, તેથી તેને લગતી આવ્ આદેશ થવા રૂપ વિધિમાં સ્તઃ સ્થળે લોપાયેલા અસ્ ના અ નો સ્થાનિવદ્ભાવ પ્રાપ્ત થાય છે. આથી તેનો અહીં નિષેધ કહેવામાં આવે છે.

અહીં જોવાનું એ છે કે ઉપર પ્રશ્ન કર્યો છે કે 'શું આ રાજાજ્ઞા છે કે વ્યાકરણ પદસંસ્કારપક્ષ મુજબ જ ચાલે છે?' ત્યારે તેના જવાબમાં જણાવ્યું છે કે 'વ્યાકરણ વાક્યસંસ્કારપક્ષને લઈને પણ ચાલે છે' અર્થાત્ ફલિત એ થયું કે વ્યાકરણ યથાવસર બન્ને પક્ષને લઈને ચાલે છે. આ પંક્તિ પાણિનિ વ્યાકરણની કાશિકા ટીકા ઉપરના જિનેન્દ્રબુદ્ધિન્યાસની હોવાથી સ્પષ્ટ થાય છે કે પાણિનિ વ્યાકરણ ફક્ત વાક્યસંસ્કારપક્ષ મુજબ જ નથી ચાલતું, પણ બન્ને પક્ષ મુજબ ચાલે છે.

એવી રીતે સિદ્ધહેમ વ્યાકરણના 'ત્રિણિ ત્રિણ્યન્ય-યુષ્મદ્-અસ્મદિ ૩.૩.૧૭' સૂત્રથી અન્યપદ યુષ્મદ્ પદ અને અસ્મદ્ પદને સાપેક્ષપણે જ ધાતુને ક્રમશઃ તિ આદિ, સિ આદિ અને મિ આદિ ત્રણ-ત્રણ પ્રત્યયો થાય છે તેવું જણાતું હોવાથી સિદ્ધહેમ વ્યાકરણ પણ ફક્ત પદસંસ્કારપક્ષને જ સ્વીકારે છે તેવી વાત ન રહી. અહીં તે વાક્યસંસ્કારપક્ષ મુજબ ચાલ્યું છે. માટે પં. વસંતભાઈ ભટ્ટની વાત સત્યથી વેગળી છે.

આ વિષયમાં વસંતભાઈનું લખાણ મૂકી વ્યાકરણમહાભાષ્ય, પરિભાષેન્દુશેખર, જિનેન્દ્રબુદ્ધિન્યાસ આદિના અન્ય પાઠો આપીને વિસ્તારથી સમીક્ષા અમારા પ્રથમ અધ્યાય ચતુર્થપાદના વિવરણની પ્રસ્તાવનામાં કરી છે. એ સિવાય વસંતભાઈએ સિદ્ધહેમ વ્યાકરણની બીજી જે પાંચ ક્ષતિઓ બતાવી છે, તેનું પણ પરિમાર્જન ત્યાં કરવામાં આવ્યું છે. જિજ્ઞાસુઓએ તે ત્યાંથી જોવું.

(ix) સિદ્ધહેમ વ્યાકરણમાં 'अनवर्णा नामी १.१.६' સૂત્રથી इ થી औ સુધીના સ્વરોને નામિસંજ્ઞા કરી છે. તે સૂત્રનાં બૃ. ન્યાસમાં પહેલા સૂત્રના પદો વચ્ચે વચનભેદ કરવાનું પ્રયોજન બતાવ્યું કે 'કાર્ય કરતા કાર્યી સ્વર જો ન્યૂન હોય તો જ નામીસંજ્ઞા થાય છે' ત્યારબાદ આગળ સંધ્યક્ષરોને લઈને ઊભી થયેલી શંકાઓનું નિરાકરણ કરી કલિકાલસર્વજ્ઞશ્રીએ એક વિશિષ્ટ સમાધાનાન્તર આપ્યું છે કે 'अविद्यमानम् अवर्णम् येषु ते = अनवर्णाः' આ સમાસવિગ્રહ મુજબ સંધ્યક્ષરોને નામિસંજ્ઞક ગણવા નહીં. એ-ઐ સંધ્યક્ષરો અ + इ ને લઈને બન્યા છે તથા ઓ-औ સંધ્યક્ષરો અ + उ ને લઈને બન્યા છે, તેથી તેમનામાં અ વર્ણ વિદ્યમાન છે.

હવે પ્રશ્ન થાય કે 'જો સંધ્યક્ષરોને નામિસંજ્ઞા ન થાય તો 'नाम्यन्तस्था० २.३.१५' વિગેરે સૂત્રો કે જેમાં સંધ્યક્ષરોને લઈને પણ स् નો ष् આદેશાદિ કાર્યો કરવાના છે, તેમાં સંધ્યક્ષરોનો સંગ્રહ શી રીતે થશે ?', પરંતુ આના સમાધાનમાં કલિકાલસર્વજ્ઞશ્રીએ તે સૂત્રોને ઘટાવી સંધ્યક્ષરોનો સંગ્રહ કરી બતાવ્યો છે, જેમાં તેમની અજોડ પ્રતિભાના દર્શન થાય છે. જેમકે 'नाम्यन्तस्था० २.३.१५' સૂત્રમાં नाम्यन्तस्था પદની આવૃત્તિ કરવી. તેમાંના પહેલા नाम्यन्तस्था પદથી નામી સ્વરો અને અન્તસ્થાનું ગ્રહણ કરવું અને બીજા नाम्यन्तस्था પદનો 'नामिनोऽन्ते तिष्ठन्ति' આમ વિગ્રહ કરવો. જેથી એ-ઐ સંધ્યક્ષરોમાં इ નામી સ્વર અને ઓ-औ સંધ્યાક્ષરોમાં उ નામી સ્વર અંતે રહેલો હોવાથી તેમનો સંગ્રહ થઈ જશે. એવી રીતે 'न नाम्येकस्वरात्० ३.२.९' સૂત્રમાં પણ આવૃત્તિ કરી नाम्येकस्वरात् પદનો 'नामी एकदेशेन स्वरो यस्मिन्' આ રીતે વિગ્રહ કરવો. સંધ્યાક્ષરોમાં બે સ્વર પૈકીનો એક સ્વર નામીરૂપ હોવાથી આ વિગ્રહ મુજબ તેમનો સંગ્રહ થઈ જશે. આમ હજુ એક સ્થળે બૃ. ન્યાસમાં ઘટમાનતા કરી બતાવી 'अन्यत्र આ રીતે સમજી લેવું' તેમ કહ્યું છે. હજું પણ સિદ્ધહેમ વ્યાકરણમાં આવી કેટલીય લાઘવાદિ વિશેષતાઓ છે, જેનું વર્ણન લખવા બેસીએ તો એક પુસ્તક ભરાય.

ખરેખર વ્યાકરણ એક દરિયો છે, જેમાંથી મૂલ્યવાન પદાર્થો રૂપી રત્નોની પ્રાપ્તિ થાય. પ્રભુની કૃપાથી જો સારો ક્ષયોપશમ પ્રાપ્ત થયો હોય તો વ્યાકરણ અવશ્ય ભણવા જેવું છે. ધન્ય છે કલિકાલસર્વજ્ઞશ્રીને જેમણે આપણને આ અભૂતપૂર્વ વ્યાકરણગ્રન્થની ભેટ ધરી છે. ઉપકાર છે પૂર્વ મહર્ષિઓનો જેમના ગ્રન્થોના અધ્યયનથી અમને જૈનશાસનનો યત્કિંચિત્ પણ માર્ગસ્થબોધ પ્રાપ્ત થયો છે. અમે ઋણી છીએ અમારા ગુરુભગવંત પ.પૂ. ***પંન્યાસપ્રવર શ્રીયુગપ્રભવિજયજી મ.સા.*** ના, જેમની છત્રછાયામાં અમારા સંયમજીવનનો નિર્વિઘ્ને નિર્વાહ થઈ રહ્યો છે. જેમની પાસે અમારો સિદ્ધહેમ વ્યાકરણનો તૃતીય અધ્યાય દ્વિતીય પાદ પર્યંતનો અભ્યાસ થયો છે એવા વ્યાકરણ, કર્મગ્રન્થ, તત્ત્વાર્થાદિ અનેક વિષયોમાં નિષ્ણાત પંડિતવર્ય શ્રી ***રાજુભાઈ સંઘવી***(ડીસા)નું પણ અમે સ્મરણ કરીએ છીએ. ન્યાયસંગ્રહકાર પ.પૂ. હેમહંસગણીજી, ન્યાસાનુસંધાનકાર પ.પૂ. લાવણ્યસૂરિજી, પાણિનિ ઋષિ, શર્વવર્મ, પતંજલિ, ભર્તૃહરિ, કૈયટ, વામન-જયાદિત્ય, જિનેન્દ્રબુદ્ધિ, હરદત્ત, નાગેશ ભટ્ટ આદિ અનેક વૈયાકરણોના ગ્રન્થ પણ આ વિવરણમાં ઉપયોગી થયા હોવાથી તેમને પણ યાદ કરી વિરમીએ છીએ.

મુનિ સંયમપ્રભવિજય

મુનિ પ્રશમપ્રભવિજય

સૂચન

* સાધનિકામાં લોપ થયેલા પ્રત્યયાદિનો જો સ્થાનિવદ્ભાવ થશે તો તેને ( ) આવા કૌંસમાં બતાવાશે.
* સાધનિકામાં જ્યાં પ્રયોગની નીચે '↓' આવું તીરનું ચિહ્ન કર્યું હોય તે પ્રયોગને માટે તીરને સમાંતર દર્શાવેલું સૂત્ર છોડી દેવું.
* '(1) , (2) , (3)' આ પ્રમાણેના નંબરો બૃ. વૃત્તિની કઈ પંક્તિના આધારે વિવરણ ચાલે છે તેને સૂચવવા માટે છે. તે નંબરો બૃ.વૃત્તિની પંક્તિઓ ઉપર તેમજ વિવરણમાં એમ બન્ને સ્થળે દર્શાવ્યા છે.
* દૃષ્ટાંતો **'i, ii, iii, iv...'** એમ રોમન લેટર્સમાં દર્શાવ્યા છે.
* વિરુદ્ધ દૃષ્ટાંતો **'a, b, c...'** એમ સ્મોલ લેટર્સમાં દર્શાવ્યા છે.
* ટિપ્પણો **'A, B, C...'** એમ કેપિટલ લેટર્સમાં બતાવી છે.

* **<u>સાધનિકામાં નિમ્નોક્ત સૂત્રોનો ઉપયોગ નહીં કરવામાં આવે, તેથી સ્વયં કરી લેવો ::</u>**

1. औदन्ताः स्वराः १.१.४ આદિ સ્વર, વ્યંજન, નામી, અઘોષ વિગેરે સંજ્ઞા કરનારા સૂત્રો.
2. स्यौ-जसमौ० १.१.१८
3. स्त्यादिर्विभक्तिः १.१.१९
4. तदन्तं पदम् १.१.२०
5. अधातुविभक्तिवाक्यमर्थवन्नाम १.१.२७
6. शिर्घुट् १.१.२८ તેમજ पुं-स्त्रियोः स्यमौजस्-१.१.२९
7. स्वरादयोऽव्ययम् १.१.३० વિગેરે અવ્યય સંજ્ઞાના પ્રાપક સૂત્રો.
8. अप्रयोगीत् १.१.३७
9. अनन्तः पञ्चम्याः प्रत्ययः १.१.३८
10. समानानां तेन दीर्घः १.२.१
11. क्रियाहेतुः कारकम् २.२.१
12. स्वतन्त्रः कर्ता २.२.२ વિગેરે કર્તા, કર્મ આદિ કારક સંજ્ઞાના પ્રાપક સૂત્રો.
13. नाम्नः प्रथमैकद्वि-बहौ २.२.३१ વિગેરે સ્યાદિ વિભક્તિના પ્રાપક સૂત્રો.
14. ऐकार्थ्ये ३.२.८
15. वृद्धिरारैदौत् ३.३.१
16. गुणोरेदोत् ३.३.२
17. क्रियार्थो धातुः ३.३.३
18. कर्तर्यनद्भ्यः शव् ३.४.७१ વિગેરે शव् આદિ વિકરણ પ્રત્યયના પ્રાપક સૂત્રો.

શ્રીસિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસનમ્

પ્રથમ અધ્યાય – પ્રથમપાદના
બૃહદ્વૃત્તિ–બૃહન્ન્યાસ અને લઘુન્યાસ ઉપર
વિવરણ પ્રારંભ

।। ॐ नमः श्रीपार्श्वनाथाय।।

।। ऐँ नमः ।।

कलिकालसर्वज्ञ-आचार्यदेवश्रीमद्विजय

हेमचन्द्राचार्यविरचिते

श्री-सिद्धहेमचन्द्रशब्दानुशासने

बृहद्वृत्ति-बृहन्न्यास-लघुन्यासानां गुर्जर-विवरणम्

तत्र प्रथमाध्यायस्य प्रथमः पादः

बृहन्न्यास मंगल :

'श्रीमन्तमजितं देवं श्रीमत्पार्श्वं जिनोत्तमम्। शेषं निःशेषकर्तारं स्मृत्वा टीका प्रतन्यते।।'

श्लोकार्थ - જિનોમાં ઉત્તમ એવા શ્રીમાન્ અજિતનાથ પ્રભુને તથા શ્રીમાન્ પાર્શ્વનાથ પ્રભુને તેમજ શેષ સઘળાય વ્યાકરણના કર્તાઓને સ્મરણ કરીને આ શબ્દમહાર્ણવન્યાસ (બૃહન્ન્યાસ) ટીકા રચવામાં આવે છે.

જગત ઉપર ઉપકાર કરવાની ઈચ્છાવાળા શાસ્ત્રકારશ્રી સ્વને ગ્રંથસમાપ્તિરૂપ અને પરને ગ્રંથનો બોધ થવા રૂપ ઈષ્ટ અર્થની સિદ્ધિ માટે આદિથી અંત સુધીનાં પરમાત્માને 'प्रणम्य परमात्मानम्...' શ્લોક દ્વારા સ્તવે છે. આ શ્લોક ગ્રંથનો બોધ કરવાના ઈચ્છુક શ્રોતાની ગ્રંથાધ્યયનની પ્રવૃત્તિમાં હેતુભૂત વિષય, અધિકારી, સંબંધ અને પ્રયોજનથી ગર્ભિત છે.

લઘુન્યાસ મંગલ :

प्रणम्य केवलालोकावलोकितजगत्त्रयम्। जिनेशं श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासने।।

शब्दविद्याविदां वन्द्योदयचन्द्रोपदेशतः। न्यासतः कतिचिद्दुर्गपदव्याख्याभिधीयते।।

શ્લોકાર્થ - કેવળજ્ઞાનના પ્રકાશથી જેમણે ત્રણે જગતને જોયા છે એવા જિનેશ્વરને પ્રણામ કરીને, શબ્દશાસ્ત્રના વિદ્વાનોને વંદ્ય એવા શ્રી ઉદયચંદ્ર ગુરૂના ઉપદેશથી શ્રી સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસનને વિષે કેટલાક દુર્ગપદો (કઠિન સ્થળો) ની વ્યાખ્યા મારા વડે વિસ્તારથી કહેવાય છે.

અહીં સમસ્ત બુદ્ધિના પ્રકાશ વડે રચાયેલા તથા અનેક વિદ્વજ્જનોના મનને ચમત્કાર ઉપજાવનારા શાસ્ત્રના જે સમૂહ, તેના દ્વારા વિસ્મય પમાડયા છે નિર્મળપ્રજ્ઞારૂપી ઋદ્ધિથી મહર્દ્ધિક એવા અનેક આચાર્યોને જેમણે, પોતાની અપ્રતીમ પ્રતિભાના સમૂહ દ્વારા અવગણ્યા છે દેવતાઓના આચાર્ય બૃહસ્પતિને જેમણે તથા શ્રી કુમારપાળ રાજાને

પ્રતિબોધ કરવાથી સમસ્ત પૃથ્વી મંડળને વિષે અભયદાન વિગેરે સંખ્યાતીત પ્રભાવક કાર્યોના નિર્માણ દ્વારા સ્મૃતિને વિશે સંચરતા કર્યા છે પૂર્વાચાર્ય એવા શ્રી વજ્રસ્વામી આદિ પ્રવર સૂરિભગવંતોને જેમણે એવા સુગૃહીત-નામધેય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ગાઢ જડતાથી ગ્રસ્ત એવા સમગ્ર વિશ્વને જોઈને તેની અનુકંપાથી યુક્ત ચિત્તવાળા અને માટે જ શબ્દાનુશાસનને (વ્યાકરણને) રચવાની ઈચ્છાવાળા સૌ પ્રથમ મંગલ માટે તથા અભિધેયના પ્રતિપાદનને માટે 'પ્રણમ્ય પરમાત્માનં...' શ્લોક દ્વારા ઈષ્ટદેવને નમસ્કાર કરે છે.

બૃહદ્વૃત્તિ મંગલ :

'प्रणम्य परमात्मानं श्रेयःशब्दानुशासनम्। आचार्यहेमचन्द्रेण स्मृत्वा किञ्चित् प्रकाश्यते।।'

શ્લોકાર્થ - પરમાત્માને પ્રણામ કરીને, પૂર્વાચાર્યોના કથનનું સ્મરણ કરીને આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ દ્વારા સમ્યક્ શબ્દોનું અનુશાસન કંઈક પ્રકાશિત કરાય છે.

● શ્લોકના એક-એક પદનો અર્થ તથા તેને લઈને વિશેષ પદાર્થની વિચારણા ●

*** પ્રણમ્ય — શંકા :-** પ્રણમ્ય એ કર્મણિ પ્રયોગ છે કે ભાવે પ્રયોગ છે ?

સમાધાન :- ભાવે પ્રયોગ છે.

શંકા :- તો અહીં પરમાત્માનમ્ કર્મ શી રીતે સંભવે ? કેમકે ભાવે પ્રયોગમાં કર્મ ન આવે.

સમાધાન :- ભાવની વિવક્ષામાં (ભાવે પ્રયોગમાં) સકર્મક ધાતુઓને જો ત્યાદિ[A] (તેમજ કૃત્ય, ત(ક્ત) કે ખલર્થ) પ્રત્યયો લાગે તો તેઓ સ્વાભાવિકપણે કર્મને દૂર કરે છે (અર્થાત્ ત્યાં કર્મ આવી શકતું નથી.), પણ કૃત્ પ્રત્યયો લાગે તો કર્મને દૂર કરતા નથી. પ્રસ્તુતમાં પ્રણમ્ય કૃત્ પ્રત્યયાંત (કૃદંત) હોવાથી પરમાત્માનમ્ કર્મ સંભવી શકે છે. આશય એ છે કે કર્મણિ પ્રયોગમાં પ્રત્યય કર્મની પ્રધાનતામાં થતો હોવાથી કર્મ ઉક્ત બને. તેથી ***'उक्ते कारके प्रथमा स्यात्'*** નિયમ મુજબ કર્મને પ્રથમા વિભક્તિ થાય. 'પ્રણમ્ય પરમાત્માનમ્' એ જો કર્મણિ પ્રયોગ હોત તો ત્વા પ્રત્યયથી કર્મ ઉક્ત થતા પરમાત્મા આમ પ્રથમા વિભક્તિ થાત, પરંતુ દ્વિતીયા વિભક્તિ થઈ છે એ જ બતાવે છે કે આ કર્મણિ પ્રયોગ નથી પણ ભાવે પ્રયોગ છે.

શંકા :- મંગલશ્લોકમાં 'નત્વા' પ્રયોગ કરત તો પણ ચાલત, છતાં ત્યાં પ્ર કાર શા માટે કર્યો છે ?

સમાધાન :- પ્ર ઉપસર્ગ કરવા દ્વારા તેમણે બે કાર્ય કર્યા છે. એક તો જે નમસ્કાર કરાઈ રહ્યો છે, તે માનસિક નમસ્કાર છે તેવું જણાવ્યું છે. કારણ પ્રકર્ષે કરીને નમવાનું મનમાં હોય છે. તથા બીજું ઉપહાસ નમસ્કારનો

(A) અહીં ત્યાદિ થી આત્મનેપદના તે વિગેરે પ્રત્યયો સમજવા, પરસ્મૈપદના તિ વિગેરે નહિ.

વ્યવચ્છેદ કર્યો છે. કેવળ नम् ધાતુથી બનેલ શબ્દ જેમ આદરપૂર્વકના નમસ્કાર અર્થને જણાવે છે તેમ ક્યારેક મશ્કરીમાં કરાતા નમસ્કારને પણ જણાવે છે. જેમ કે -

'नमस्यं तत् सखि! प्रेम घण्टारसितसोदरम्। क्रमक्रशिमनिःसारमारम्भगुरुडम्बरम्।।"

અર્થ :- ઘંટના અવાજ જેવા આરંભમાં અત્યંત આડંબરવાળા અને ક્રમે કરીને ક્ષીણ થતાં તથા સાર વગરના એવા તે પ્રેમને હે સખી ! નમસ્કાર થાઓ.

*** परमात्मानम्** — જે પ્રાપ્ત થયેલા અર્થનું રક્ષણ કરે છે અને અપ્રાપ્ત અર્થને આપે અર્થાત્ અતિશયશાલી હોય તેને પરમ કહેવાય. જે જ્ઞાનાદિ પર્યાયોને વિશે સંચરે તે આત્મા. આમ અતિશયશાલી આત્મા એ પરમાત્મા કહેવાય.

અહીં परमात्मानम् કૃદંતનું કર્મ હોવાથી તેને 'कर्मणि कृतः २.२.८३' સૂત્રથી ષષ્ઠી વિભક્તિ પ્રાપ્ત હતી, પરંતુ 'तृन्नुदन्ता० २.२.९०' સૂત્રથી તેનો નિષેધ થયો છે.

*** श्रेयः** — श्रेयस् એટલે વિપ્રકીર્ણતા (વેરવિખેરપણું), અતિવિસ્તાર વિગેરે દોષોથી રહિત. श्रेयः પદ शब्दानुशासनम् પદનું વિશેષણ છે, તેથી આ વ્યાકરણ વિપ્રકીર્ણતા, અતિવિસ્તાર આદિ દોષથી રહિત છે. અહીં प्रशस्य શબ્દને ઈયસુ (ઈયસ્) પ્રત્યય થયો છે. આમ તો प्रशस्य શબ્દ ગુણપ્રવૃત્તિનિમિત્તક ન હોવાથી (પરંતુ ક્રિયાપ્રવૃત્તિનિમિત્તક હોવાથી) 'गुणाङ्गाद्० ७.३.९' સૂત્રથી તેને ઈયસ્ પ્રત્યયની પ્રાપ્તિ ન હતી. છતાં 'ઇષ્ઠ અને ઈયસ્ પ્રત્યય પરમાં હોતે છતે 'प्रशस्यस्य श्रः ७.४.३४' સૂત્રથી प्रशस्य નો श्र આદેશ થાય' એ વિધાનબળથી અગુણાંગ એવા પણ प्रशस्य શબ્દને 'गुणाङ्गाद्०' સૂત્રથી ઈયસ્ પ્રત્યય થશે અને श्रेयस् શબ્દ બનશે.

યદ્યપિ श्र + ईयस् અવસ્થામાં 'त्रन्त्यस्वरादेः ७.४.४३' સૂત્રથી श्र ના अ ને લોપની પ્રાપ્તિ હતી, પરંતુ 'नैकस्वरस्य ७.४.४४' સૂત્રથી તેનો નિષેધ થયો છે. તથા 'त्रन्त्यस्वरादेरनेकस्वरस्य' આમ એક સૂત્ર બનાવી શકાતું હતું, છતાં 'नैकस्वरस्य ७.४.४४' સૂત્રને તેનાથી જુદું રચ્યું તેના બળે 'अवर्णेवर्णस्य ७.४.६८' સૂત્રથી પણ श्र ના अ નો લોપ નહીં થાય.

*** शब्दानुशासनम्** — જેના દ્વારા શબ્દોની વ્યુત્પત્તિ કરવામાં આવે તેને અનુશાસન કહેવાય અને શબ્દોના અનુશાસનને શબ્દાનુશાસન કહેવાય. અર્થાત્ શબ્દાનુશાસન એટલે વ્યાકરણશાસ્ત્ર. યદ્યપિ અનુશાસન શબ્દથી જ 'શબ્દોની વ્યુત્પત્તિ કરનાર શાસ્ત્ર' આ અર્થ પ્રાપ્ત થઈ જતો હોવાથી शब्द નો પ્રયોગ કરવો અહીં નિરર્થક ઠરે છે. છતાં ***'विशिष्टवाचकानां पदानां सति पृथग् विशेषणवाचकपदसमवधाने विशेष्यमात्रपरत्वम्'***

નિયમ મુજબ અહીં અનુશાસન શબ્દ 'नृत्यन्ति नृत्यम्' પ્રયોગની જેમ ફક્ત 'વ્યુત્પત્તિ કરનાર શાસ્ત્ર' આટલા જ અર્થને બતાડશે. જેથી શબ્દ નો પ્રયોગ નિરર્થક નહીં ઠરે.

શંકા :- शब्दानाम् अनुशासनम् = शब्दानुशासनम् આમ ષષ્ઠીતત્પુરુષ સમાસ શી રીતે થઈ શકે ? કેમકે પ્રસ્તુતમાં 'आचार्यहेमचन्द्रेण शब्दानुशासनं प्रकाश्यते' આવો અન્વય છે. 'तृतीयायाम् ३.१.८४' સૂત્રમાં 'કર્તાવાચક નામને તૃતીયા થઈ હોય તો 'कर्मणि कृतः २.२.८३' સૂત્રથી થયેલ ષષ્ઠયન્ત નામનો તત્પુરુષસમાસ થતો નથી' આમ કહ્યું છે. પ્રસ્તુતમાં આચાર્યહેમચન્દ્રેણ આ કર્તાવાચક નામને તૃતીયા વિભક્તિ થઈ છે અને शब्दानाम् પદને 'कर्मणि कृतः०' સૂત્રથી ષષ્ઠી વિભક્તિ થઈ છે, તેથી शब्दानुशासनम् આ તત્પુરુષસમાસ ન થવો જોઈએ.

સમાધાન :- ***'प्रत्यासत्ति न्याय'***[A] મુજબ જે કૃત્ પ્રત્યયની અપેક્ષાએ ષષ્ઠી થઈ હોય, તે જ કૃદંતની અપેક્ષાએ જો તૃતીયા થાય તો તમારી વાત સત્ય ઠરે. અહીં અનુશાસન કૃદંતની અપેક્ષાએ शब्दानाम् પદને ષષ્ઠી થઈ છે, જ્યારે प्रकाश्यते ક્રિયાપદની અપેક્ષાએ आचार्यहेमचन्द्रेण પદને તૃતીયા વિભક્તિ થઈ છે. તેથી शब्दानुशासनम् સમાસ થવામાં બાધ નથી.

*** आचार्यहेमचन्द्रेण —** અહીં आचार्यः શબ્દની અનેક વ્યુત્પત્તિઓ બતાવી છે. તે આ પ્રમાણે - **(a)** आचर्यते सेव्यते विनयार्थम् = आचार्यः। **અર્થ :** વિનયગુણની પ્રાપ્ત્યર્થે જેમની સેવા કરાય તે આચાર્ય. **(b)** आचारान् गृह्णाति परं च ग्राहयति = आचार्यः। **અર્થ :** જેઓ પંચાચારને પાળે અને બીજા પાસે પળાવે તે આચાર્ય. **(c)** શાસ્ત્રવિધિ મુજબ ગુરુ દ્વારા જે આચાર્યપદ ઉપર સ્થપાયા હોય તે આચાર્ય. **(d)** आ = सामस्त्येन शास्त्रार्थाश्चर्यन्ते (= ज्ञायन्ते) अनेन = आचार्यः। **અર્થ :** જે સકલ શાસ્ત્રના પારગામી હોય તે આચાર્ય. અર્થાત્ આચાર્ય શાસ્ત્રોક્ત અર્થના જ્ઞાતા અને ઉપદેશક હોય.

આ ચાર અર્થ પૈકી અહીં શાસ્ત્રનો પ્રસ્તાવ હોવાથી ચોથા અર્થ પ્રમાણેના આચાર્ય લેવાના છે. અહીં આચાર્ય શબ્દ હેમચન્દ્ર શબ્દનું વિશેષણ છે. માટે તેનો 'आचार्यहरिभद्र' પ્રયોગની જેમ પૂર્વપદરૂપે નિપાત થયો છે. જો તે હેમચન્દ્ર શબ્દનું વિશેષણ ન બનત તો ઉપરોક્ત વ્યુત્પત્તિ મુજબ તે ચોક્કસ પ્રકારના વ્યક્તિ માટે વપરાતો સંજ્ઞાશબ્દ બનવાથી વિશેષ્ય રૂપે પરમાં નિપાત પામત. આશય એ છે કે 'प्रथमोक्तं प्राक् ३.१.१४८' સૂત્ર પ્રમાણે સમાસપ્રકરણનાં સૂત્રમાં જે પદ પ્રથમા વિભક્તિમાં દર્શાવ્યું હોય તેવા શબ્દોનો પૂર્વપદરૂપે પ્રયોગ થાય છે. આચાર્યહેમચન્દ્ર આ કર્મધારય સમાસ 'विशेषणं विशेष्येणैकार्थं कर्मधारयश्च ३.१.९६' સૂત્રથી થયો છે. તેમાં विशेषणम् પદ પ્રથમા વિભક્ત્યંત હોવાથી વિશેષણ વાચક आचार्य શબ્દનો પૂર્વપદ રૂપે નિપાત થયો છે.

(A) નજીકના લાગતા-વળગતા પ્રમાણે કાર્ય થાય.

'हिनोति = गच्छति स्वगुणैरादेयताम् = हेमः' અને 'चन्दति = आह्लादयति = चन्द्रः' આ વ્યુત્પત્તિ મુજબ જે પોતાના ગુણો વડે આદેયતાને પામે તેને 'હેમ' કહેવાય. હેમ એટલે સુવર્ણ અને જે સૌને આહ્લાદ પમાડે તેને ચંદ્ર કહેવાય. આ ગ્રંથના રચયિતા આચાર્ય સુવર્ણની જેમ પોતાના ગુણો વડે આદેયતાને પામેલા હોવાથી તથા ચંદ્ર જેવા આહ્લાદક હોવાથી તેમનું નામ ગુરુ દ્વારા હેમચન્દ્ર રાખવામાં આવ્યું છે. હેમ અને चन्द्र શબ્દનો 'मयूरव्यंसकेत्यादयः ३.१.११६' સૂત્રથી કર્મધારય સમાસ થઈ હેમચન્દ્ર શબ્દ બન્યો છે.

* **स्मृत्वा** — આના દ્વારા આચાર્ય ભગવંત એવું સૂચવે છે કે અહીં જે પણ કથન કરાશે, તે પૂર્વાચાર્યોના કથનના સ્મરણપૂર્વક હશે. આના દ્વારા પોતે પૂર્વાચાર્યોને પરતંત્ર હોવાનું જણાવે છે.

* **किञ्चित्** — આ ક્રિયાવિશેષણ છે. સર્વજ્ઞ થયા પૂર્વે સર્વવસ્તુનો પ્રકાશ કરવો અસંભવિત હોવાથી અહીં 'किञ्चित् प्रकाश्यते' એમ કહે છે. અથવા સ્મરણમાં તો ઘણું જ આવ્યું છે, છતાં તેમાંથી જે રીતે લાભ થાય એ રીતે કેટલુંક શબ્દાનુશાસન કહેવાય છે. किञ्चित् શબ્દ किमपि चिनोतीति क्विप् = किञ्चित् આ રીતે किम् ને चित् લાગીને બન્યો છે, અથવા તે એક અખંડ અવ્યય છે.

આ રીતે 'प्रणम्य परमात्मानम्.....'આ શ્લોકના દરેકે દરેક પદનો અર્થ કરી હવે આખા શ્લોકનો અન્વયાર્થ કરી બતાવે છે.

અન્વયાર્થ :- અસ્ખલિત એવા જ્ઞાનાતિશયથી શોભતા દેવતાવિશેષને પ્રણામ કરીને સકલ જનના ઉપકારની ભાવનાથી સમ્યક્ (નિર્દોષ) એવું આ વ્યાકરણશાસ્ત્ર રચાતું હોવાથી તથા સર્વજ્ઞ થયા પૂર્વે સર્વવસ્તુનો પ્રકાશ કરવો અસંભવિત હોવાથી આચાર્ય હેમચંદ્ર દ્વારા તે કાંઈક પ્રકાશિત કરાય છે.

શબ્દાનુશાસન એ વ્યાકરણનું અન્વર્થ (વ્યુત્પત્ત્યર્થ ઘટી શકે એવું) નામ છે. તેથી અહીં શબ્દોનું અનુશાસન બતાવાશે, અર્થોનું નહીં. કેમકે અહીં આટલો જ અર્થ વિવક્ષિત છે.

शब्दानुशासनम् ના शब्दानाम् अनुशासनम् વિગ્રહ સ્થળે પ્રયોજન ન હોવાથી અનુશાસન શબ્દ સાથે અન્વય પામતું કર્તૃવાચક આચાર્યેण પદ નથી મૂક્યું. તેથી અનુશાસન કૃદન્ત શબ્દાનામ્ આ પ્રમાણે કર્મની ષષ્ઠીમાં હેતુ ભલે બને, પરંતુ તે કર્તા અને કર્મ ઉભયના વાચક ક્રમશઃ આચાર્ય અને શબ્દ ની ષષ્ઠીમાં હેતુ બને એવું કૃદન્ત ન હોવાથી આચાર્યેण પદને 'द्विहेतोरस्त्र्यणकस्य वा २.२.८७' સૂત્રથી પ્રાપ્ત કૃદન્ત નિમિત્તક ષષ્ઠીના વિકલ્પમાં તૃતીયા થઈ છે એવું નથી. તેથી 'तृतीयायाम् ३.१.८४' સૂત્રથી શબ્દાનામ્ અનુશાસનમ્ = શબ્દાનુશાસનમ્ આ ષષ્ઠીતત્પુરુષ સમાસનો પ્રતિષેધ નહીં થાય અને જેમ इध्मनां व्रश्चनः = इध्मव्रश्चनः આ ષષ્ઠીતત્પુરુષ સમાસ થઈ શકે છે, તેમ અહીં પણ થશે. (इध्मव्रश्चनः સમાસ અંગે '३.१.७७' તથા '३.१.८५' સૂત્રની બૃ.વૃત્તિ અને બૃ.ન્યાસમાંથી જાણી લેવું.) અહીં કર્તાવાચક આચાર્યहेमचन्द्रेण પદનો प्रकाश्यते ક્રિયાપદ સાથે સંબંધ છે. (આ વાતની ચર્ચા પૂર્વે शब्दानुशासनम् પદની વિશેષતા બતાવી છે ત્યાં પણ જોવી.)

શંકા :- શબ્દાનુશાસનમ્ સ્થળે શબ્દ એ સામાન્ય શબ્દ છે. અર્થાત્ પ્રકરણાદિવશ તેને ચોક્કસ અર્થમાં નિશ્ચિત નથી કર્યો. તેથી પ્રસ્તુતમાં વીણાના શબ્દ કે કાગડા વિગેરે પક્ષીઓના શબ્દોનું પણ અનુશાસન કરવાનો પ્રસંગ આવશે.

સમાધાન :- આ આપત્તિ નહીં આવે. કેમકે હાલ અહીં વ્યાકરણ વિષય પ્રસ્તુત હોવાથી સામર્થ્યથી શબ્દ પદનો વિશેષ અર્થ પ્રાપ્ત થતા લૌકિક અને આર્ષ (પૂર્વાચાર્ય પ્રયુક્ત) શબ્દોનું જ અનુશાસન કરવાનું રહેશે.

અથવા શ્લોકમાં જે પરમાત્માનમ્ પદ છે ત્યાં સમાસ ન સ્વીકારતા પરમ્ અને આત્માનમ્ આમ વ્યસ્ત (સમાસ ન પામેલા) પદો સ્વીકારવા. પ્રણમ્ય પદનો અર્થ ધ્યાત્વા કરવો. આત્મા પણ ધ્યેય હોવાથી તે પ્રસન્ન થતા તત્ત્વ પ્રસન્ન (પ્રાપ્ત) થાય છે. દોષ વિગેરે કલુષતાથી રહિત પુરુષ પર સમજવો અને આત્મા ને 'અપર' સમજવો. બન્નેને જાણવાથી મિથ્યાજ્ઞાનાદિની નિવૃત્તિ થાય છે. કહ્યું છે કે -

"તે પર અને અપરનો બોધ થયે છતે હૃદયની ગ્રંથી ભેદાય છે, સર્વ સંશયો છેદાય છે અને કર્મો નાશ પામે છે." (મુંડકોપનિષદ્ ૨.૨.૮)

બીજે પણ કહેવાયું છે કે - "બે બ્રહ્મ જાણવા; પર અને અપર. અપર બ્રહ્મને વિશે નિષ્ણાત થયેલો વ્યક્તિ પરબ્રહ્મને પામે છે."

હવે પ્રસ્તુતમાં પરમ્ અને આત્માનમ્ પદસ્થળે અપ્રયુક્ત ચ કાર ગમ્યમાન હોવાથી 'પરને અને આત્માને' આમ સમુચ્ચય અર્થ જાણાઈ આવે છે.

શંકા :- ચ ના પ્રયોગ વિના સમુચ્ચય અર્થ જાણાઈ આવે એવો કોઈ દાખલો ખરો ?

સમાધાન :- છે. 'अहरहर्नयमानो गामश्वं पुरुषं पशुम्। वैवस्वतो न तृप्यति सुराया इव दुर्मदी।।' (**અર્થ :** જેમ દુર્મદી વ્યક્તિ સુરાપાનથી તૃપ્ત થતો નથી તેમ દરરોજ ગાય, અશ્વ, પુરુષ અને પશુને ઉપાડી જતો યમરાજ તૃપ્ત થતો નથી.) આ શ્લોકમાં ક્યાંય ચ નો પ્રયોગ નથી, છતાં 'અને' એવો સમુચ્ચય અર્થ જાણાઈ આવે છે.

હવે અહીં વિષય, અધિકારી, સંબંધ અને પ્રયોજન આ અનુબંધચતુષ્ટયનું કથન બુદ્ધિમાન વ્યક્તિની આ ગ્રંથમાં પ્રવૃત્તિ થાય એ માટે કરવામાં આવે છે. કોઈપણ બુદ્ધિમાન વ્યક્તિ ગ્રંથનો વિષય કયો છે ?, પોતે તેનો અધિકારી છે કે નહીં ?, ગ્રંથ અને તેના અભિધેય વચ્ચે કયો સંબંધ છે ? અને ગ્રંથના અધ્યયનથી પોતાને ઈષ્ટ પ્રયોજન (ફળ) સિદ્ધ થાય એમ છે કે નહીં ? એ જોયા પછી જ ગ્રંથમાં પ્રવૃત્તિ કરતા હોય છે. માટે અનુબંધ ચતુષ્ટયનું કથન જરૂરી છે. અહીં મંગલ શ્લોકના તે તે પદથી જાણાતા અનુબંધો આ પ્રમાણે સમજવા. શબ્દાનુશાસનમ્ પદથી 'શબ્દ' વિષય તરીકે જાણાય છે, શ્રેયઃ પદ દ્વારા સમ્યક્ શબ્દનો બોધ એ અનંતર પ્રયોજન

રૂપે અને આત્મકલ્યાણ પરંપર પ્રયોજનરૂપે જણાય છે. ગ્રંથ અને તેના અભિધેય શબ્દ વચ્ચે વ્યુત્પાદ્ય-વ્યુત્પાદકભાવ સંબંધ છે અને જિજ્ઞાસુ વ્યક્તિ આ ગ્રંથના અધ્યયનનો અધિકારી છે.

(અહીં કેટલોક બૃ.ન્યાસ ત્રુટિત છે, તેથી થોડુંક વિવરણ લઘુન્યાસના આધારે કરાય છે.)

હવે 'प्रणम्य परमात्मानम्...' શ્લોકના પૂર્વાર્ધનો ફરી જુદી રીતે અર્થ કરવામાં આવે છે. તે આ રીતે - અહીં परमात्मानम् પદ परम् અને आत्मानम् આ પ્રમાણે વ્યસ્ત છે, તથા प्रणम्य પદનો સાવધાનીકૃત્ય અર્થ થાય છે. श्रेयःशब्दानुशासनम् પદ परम् અને आत्मानम् બન્ને પદનું વિશેષણ છે. તેથી શ્લોકના પૂર્વાર્ધનો અર્થ ''જે સમ્યક્ શબ્દોનું અનુશાસન કરાવે છે તેવા મુક્તાત્મા (= પર) ને તથા જે સમ્યક્ શબ્દોનું અનુશાસન કરે છે તેવા આત્માને ધ્યાનનો વિષય કરીને'' આવો થશે. ધ્યાનનો વિષય કરાયેલા મુક્તાત્માના પ્રભાવે જ્ઞાનાવરણીય કર્મ ખસવાથી આત્મા સમ્યક્ શબ્દોનું અનુશાસન કરી શકે છે. માટે મુક્તાત્માએ સમ્યક્ શબ્દોનું અનુશાસન કરાવ્યું એમ કહી શકાય. બન્ને ઠેકાણે અનુશાસન શબ્દ 'रम्यादिभ्यः० ૫.૩.૧૨૬' સૂત્રથી अनट् પ્રત્યય લાગી નિષ્પન્ન થયો છે.

હવે સૌ પ્રથમ બૌદ્ધો દ્વારા કહેવાયેલા અતિશયો કહેવાય છે. परमात्मानम् પદ દ્વારા સ્વાર્થસંપત્તિ અને સ્વાર્થસંપત્તિનો ઉપાય રૂપ બે અતિશય તથા श्रेयःशब्दानुशासनम् પદ દ્વારા પરાર્થસંપત્તિ અને પરાર્થસંપત્તિનો ઉપાય રૂપ બે અતિશય પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે સર્વ દર્શન અનુસારે અતિશયો વિચારવા. અહીં શ્લોકમાં પરમાત્માને જે નમસ્કાર કર્યો છે ત્યાં ચોત્રીસ અતિશયના સંગ્રાહક જ્ઞાનાતિશય આદિ ચાર અતિશયો પૈકીનો કયો અતિશય શ્લોકના કયા પદથી વાચ્ય બને છે અથવા સૂચવાય છે તે કહે છે. **(a)** परमात्मानम् પદથી પૂજાતિશય જણાય છે. આથી જ પૂજા અર્થમાં 'सन्महत्० ૩.૧.૧૦૭' સૂત્રથી परमश्चासौ आत्मा च = परमात्मा એમ કર્મધારય સમાસ થયો છે. **(b)** श्रेयःशब्दानुशासनम् પદથી વચનાતિશય જણાય છે. તે આ રીતે - श्रेयांश्च श्रेयांश्च श्रेयांश्च = श्रेयांसः આમ એકશેષવૃત્તિ, ત્યારબાદ श्रेयांसश्च ते शब्दाश्च = श्रेयःशब्दाः અને श्रेयःशब्दान् अनुशास्ति = श्रेयःशब्दानुशासनः, तम् = श्रेयःशब्दानुशासनम् એ રીતે આ પદને परमात्मानम् પદનું વિશેષણ બનાવવાથી સમ્યક્ શબ્દોના વક્તા પરમાત્માનો વચનાતિશય જણાય છે. **(c)** વચનાતિશય જ્ઞાનાતિશય વિના ન સંભવે. કેમકે પરમાત્માને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી વચનાતિશય સંભવે છે. તેથી વચનાતિશય દ્વારા સ્વાભાવિક જ્ઞાનાતિશયનો આક્ષેપ થાય છે અને **(d)** જ્ઞાનાતિશય અપાયાપગમાતિશય વિના ન સંભવે. કેમકે રાગ-દ્વેષ રૂપ અપાયનો અપગમ થયા વિના કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી. આમ જ્ઞાનાતિશય દ્વારા અપાયાપગમાતિશયનો આક્ષેપ થાય છે. આમ ચારે અતિશયો અહીં જણાઈ આવે છે.

अर्हं ।। १.१.१ ।।

बृ.वृ.–'(1)अर्हं' इत्येतदक्षरं, (2)परमेश्वरस्य (3)परमेष्ठिनो (4)वाचकं, (5)सिद्धचक्रस्यादिबीजं, (6)सकलागमोपनिषद्भूतम्, (7)अशेषविघ्नविघातनिघ्नम्, (8)अखिलदृष्टादृष्टफलसंकल्पकल्पद्रुमोपमम्, आशास्त्राध्ययनाध्यापनावधि प्रणिधेयम्।(10) प्रणिधानं चानेनाऽऽत्मनः सर्वतः संभेदस्तदभिधेयेन चाभेदः। (11)वयमपि चैतच्छास्त्रारम्भे प्रणिदध्महे। अयमेव हि तात्त्विको नमस्कार इति ।।१।।

सूत्रार्थ :- मंगल माटे ग्रंथकार शास्त्रनी आदिमां परमेश्वर परमेष्ठिना वाचक अर्हंनुं प्रणिधान करे छे.

विवरण :- (1) अर्हं शब्द अर्हति पूजाम् = अर्ह आम 'अः (उणा०२)' सूत्रथी अ प्रत्यय तथा ते पृषोदरादि गणनो होवाथी सानुनासिक (अनुस्वार सहितनो) निष्पन्न थयो छे. अथवा ते म कारान्त निपात (अव्यय) रूपे पण संभवे छे.

शंका :- अर्हं आवो अव्यय '१.१.३१' तथा '१.१.३२' सूत्रमां बतावेला अव्ययना स्वरादि के चादि गणमां क्यांय बताव्यो नथी, तो तेने अव्यय रूपे शी रीते मानी शकाय ?

समाधान :- साची वात छे. परंतु निपातोनी संख्या गणमां जेटला अव्ययो बताव्या होय तेटली ज नथी होती. तेओ तो कार्यवश डगले ने पगले रचाय छे. माटे अर्हं अव्यय रूपे संभवे छे.

हवे सूत्रमां बतावेलो अर्हं शब्द वाक्यनो एकदेश छे. वाक्यमां क्रियापद होवुं जरूरी होवाथी अहीं प्रणिधीयते क्रियापदनो अध्याहार करवामां आवे छे अने ते क्रियापदथी अर्हं कर्म उक्त थवाथी ***'उक्ते कारके प्रथमा स्यात्'*** नियम मुजब तेने 'नाम्नः प्रथमैक० २.२.३१' सूत्रथी प्रथमा विभक्ति उत्पन्न थई अर्हं ए सौत्रनिर्देश होवाथी प्रथमानो लोप थई गयो छे.

हवे अर्हं शब्दनी व्याख्या करवामां आवे छे. व्याख्या स्वरूप, अभिधेय अने तात्पर्य भेदे त्रण प्रकारे करवामां आवे छे. तेमां 'अर्हं इत्येतद् अक्षरम्' आम कही अर्हं ने अक्षर स्वरूपे बताव्यो छे आ स्वरूपे व्याख्या थई. 'परमेश्वरस्य परमेष्ठिनो वाचकम्' कही अर्हं नुं अभिधेय बताव्युं. आ अभिधेय रूपे व्याख्या थई अने 'सिद्धचक्रस्याऽऽदिबीजम्' आम कही अर्हं नुं तात्पर्य बताव्युं छे. तेथी ते तात्पर्य रूपे व्याख्या थई. एटले ' अर्हं अक्षर स्वरूप छे के जे अक्षरनो अभिधेय परमेष्ठी छे अने ते परमेष्ठी सिद्धचक्रनुं आदि बीज छे' आम अर्थ थवाथी अर्हं अक्षर एटले सिद्धचक्रनुं आदि बीज. टूंकमां अक्षर एटले बीज. तत्त्व सबीज अने निर्बीज भेदे बे प्रकारनुं होय छे. जेमके **धर्मसारोत्तर** कहे छे के "तत्त्व अक्षर अने अनक्षर रूपे बे प्रकारनुं ईच्छाय छे. तेमां अक्षर ए बीजात्मक तत्त्व छे अने अनक्षर ए निर्बीज तत्त्व छे."

શંકા :- અર્હં તો વર્ણોનો (અક્ષરોનો) સમુદાય છે, તેને અક્ષર રૂપે શી રીતે કહી શકાય ?

સમાધાન :- સાચી વાત છે. પરંતુ અહીં ***'न क्षरति = न चलति स्वस्मात् स्वरूपाद् इति अक्षरम्'*** આ સંદર્ભમાં અર્હં ને અક્ષર રૂપે કહ્યો છે, માટે કોઈ આપત્તિ નથી. આ સંદર્ભ મુજબ જે પોતાના સ્વરૂપથી ચલિત ન થતું હોય તેને અક્ષર કહેવાય. જેનો અર્થ તત્ત્વ, ધ્યેય યાવત્ બ્રહ્મ આ પ્રમાણે કરી શકાય છે.

અથવા અક્ષર શબ્દનો અર્થ 'વર્ણ' કરીએ તો પણ કોઈ આપત્તિ નથી. મંત્રાત્મક વર્ણ બે પ્રકારે હોય છે. કૂટ રૂપે અને અકૂટ રૂપે. તેમાં જે સંયુક્ત વર્ણાત્મક મંત્ર હોય છે તેને કૂટ કહેવાય છે; જેમ કે ક્ષકાર, ઓંકાર, હમ્લ્વ્યૂંકાર વિગેરે, તથા અસંયુક્ત વર્ણાત્મક મંત્રને અકૂટ કહેવાય છે; જેમકે અકાર વિગેરે. આ કૂટમંત્રો વર્ણ રૂપે ગણાય છે માટે જ તેમને 'वर्णाव्ययात्० ૭.૨.૧૫૬' સૂત્રથી વર્ણને આશ્રયીને થતો કાર પ્રત્યય વૃદ્ધો કરે છે. વાત એવી છે કે અકાર ની જેમ કૂટ મંત્રોમાં એક જ અક્ષર મંત્ર રૂપે હોય છે અને બાકીના અક્ષરો તેના પરિકર સ્વરૂપે હોય છે. પરિકર સહિતનો વર્ણ મંત્ર ગણાય. કેમકે પરિકર વિનાનો તે પોતાનું કાર્ય કરવા માટે (અર્થક્રિયા માટે) અસમર્થ હોય છે. તે પરિકર બાહ્ય અને આભ્યંતર ભેદે બે પ્રકારનું હોય છે. મંડલ કરવું, મુદ્રા કરવી વિગેરે બાહ્ય પરિકર કહેવાય અને નાદ[A], બિંદુ, કલ[B] વિગેરે આભ્યંતર પરિકર કહેવાય. આંતર પરિકર જ એક અક્ષરાત્મક મંત્રના કાર્યમાં ઉદ્દીપક બને છે અને તે આંતર પરિકરથી યુક્ત (= तथाभूतानाम्) મંત્ર જ પોતાના કાર્યનો જનક બને છે. મંડલ, મુદ્રાદિ તો એકલી પણ ફળજનક બને છે.[C] (આગળનો કેટલોક બૃ. ન્યાસ ત્રુટિત છે.)

(2) પરમેષ્ઠી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એમ પાંચ છે. તેમાં અરિહંત સિવાયના બાકીના ચારનો વ્યવચ્છેદ કરવા પ્રસ્તુતમાં परमेष्ठिनः પદના વિશેષણ તરીકે परमेश्वरस्य આ વિશેષણ પદ મૂક્યું છે. પરમેશ્વર એટલે ચોત્રીસ અતિશયરૂપ પરમ ઐશ્વર્યના ભાગી એવા જિન.

શંકા :- ભલે परमेष्ठिन् શબ્દ પંચ પરમેષ્ઠીનો વાચક સામાન્ય શબ્દ હોય છતાં સૂત્રમાં 'ચોત્રીશ અતિશયોથી પૂજાને યોગ્ય' અર્થને જણાવતું અર્હં પદ મૂક્યું હોવાથી परमेष्ठिनः પદથી અરિહંત જ જણાશે. તેથી परमेश्वरस्य વિશેષણ પદ મૂકવાની જરૂર નથી.

સમાધાન :- સાચી વાત છે. છતાં 'દેવતા કે ગુરુનું નામ ઉપપદ વિના ઉચ્ચારવું ન જોઈએ તથા પત્ની અને પોતાનું નામ તો કેમે કરીને પણ સ્વમુખે ન ઉચ્ચારવું જોઈએ.' આ કથન મુજબ ઉપપદ વિનાના દેવતાના

(A) **वर्णोत्पत्त्यनन्तरभावी अनुरणनरूपः शब्दो नादः।**

(B) **स्थानान्तरनिष्पन्नः काकलिकत्वेन प्रसिद्धः शब्दः कलः।**

(C) શક્ય પ્રયત્ને આ પંક્તિ બેસાડી છે. જુદી રીતે આનો અર્થ સંગત થતો હોય તો વિદ્વાનો વિચારે.

નામોચ્ચારણનો પ્રતિષેધ છે. પ્રતિષિદ્ધ વસ્તુના આચરણથી પ્રાયશ્ચિતની વાત છે. તેથી ઉપપદ સહિત જ દેવતાનું નામોચ્ચારણ કરવું જરૂરી બને. હવે 'શ્રી' વિગેરે ઉપપદ તુચ્છ હોવાથી તેઓ તેવા પ્રકારના વિશિષ્ટ અર્થના પ્રતિપાદક નથી બનતા. તેથી વિશિષ્ટ અર્થના પ્રતિપાદન માટે અહીં परमेश्वरस्य પદને परमेष्ठिनः પદના વિશેષણ તરીકે દર્શાવ્યું છે. અણિમાદિ લબ્ધિરૂપ પરમ ઐશ્વર્યવાળા અથવા પરમયોગની ઋદ્ધિ રૂપ ઐશ્વર્યવાળા જે હોય તેમને પરમેશ્વર કહેવાય. જેમ મહારાજ સ્થળે महान् ઉપપદ ગુણથી વિશિષ્ટ એવા રાજા સ્વરૂપ દ્રવ્યને વિશેષિત કરે છે, તેમ પ્રસ્તુતમાં પણ परमेश्वरस्य ઉપપદ વિશેષતા કરે છે.

(3) જે પરમપદને (ટોચના સ્થાનને) વિશે વર્તતા હોય તેમને પરમેષ્ઠી કહેવાય. આમ परमेश्वर વિશેષણ પૂર્વકના परमेष्ठी શબ્દથી સધળાય રાગાદિ મળરૂપ કલંકથી રહિત, યોગ અને ક્ષેમના કરનારા, શસ્ત્ર વિગેરે ઉપાધિથી રહિત હોવાથી પ્રસન્નતાના પાત્રભૂત જ્યોતિસ્વરૂપ દેવોના પણ દેવ સર્વજ્ઞ એવા પુરુષવિશેષ અર્થાત્ અરિહંત જણાય છે. કહ્યું છે કે - 'જે રાગાદિથી રહિત હોય, યોગ-ક્ષેમના કરનારા હોય અને નિત્ય પ્રસન્ન હોય તેમને મુનિઓ દેવ સ્વરૂપે જાણે છે.'

(4) **'मंत्रकल्प'** નામના ગ્રંથમાં મંત્રના વર્ણોને વાચક રૂપે ગણાવ્યા છે. તેથી અહીં अर्हं આ મંત્રાક્ષરને પરમેષ્ઠીના વાચક રૂપે કહ્યો છે. બીજા દૃષ્ટાંત જોવા હોય તો 'अ-सि-आ-उ-सा' આ બીજપંચક રૂપ મંત્ર અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનો વાચક છે. 'ड-र-ल-क-श-ह-यम्' મંત્ર ડાકિની, રાકિની, લાકિની, કાકિની, શાકિની, હાકિની ને યાકિની આ આધારાદિ સાત દેવીઓનો વાચક છે અને अ કારાદિ સોળ સ્વરો એટલે अ થી औ તથા અનુસ્વાર અને વિસર્ગ આ સોળ સ્વરો વડે માંડલામાં રોહિણી વિગેરે સોળ દેવતાઓ વાચ્ય બને છે. આ અક્ષરો એમના વાચક એટલા માટે ગણાય છે, કેમકે આમનાથી એ બધાની પ્રતીતિ થાય છે.

(5) તાત્પર્યરૂપ વ્યાખ્યા અભિધેયરૂપ વ્યાખ્યા પછી કરાતી હોય છે, તેથી 'परमेश्वरस्य परमेष्ठिनो वाचकम्' એમ અભિધેય રૂપે વ્યાખ્યા કરી હવે 'सिद्धचक्रस्याऽऽदिबीजम्' કહી તાત્પર્ય રૂપે વ્યાખ્યા કરે છે. 'સિદ્ધચક્ર' એ શાસ્ત્રપ્રસિદ્ધ ચક્રવિશેષનું અતિપ્રસિદ્ધ નામ છે. અથવા 'बहुलम् ૫.૧.૨' સૂત્રથી सिध् ધાતુને त(क्त) પ્રત્યય લાગવાથી ***सिध्यन्ति अस्मात् = सिद्धम्*** અને ***सिद्धं च तत् चक्रं च = सिद्धचक्रम्*** આ રીતે સિદ્ધચક્ર શબ્દ બન્યો છે. દોષરહિત આ ચક્રનું ધ્યાન ધરતા જીવો સિદ્ધ થાય છે અર્થાત્ સફળ મનોરથવાળા થાય છે આથી તેને સિદ્ધચક્ર કહેવાય છે. આ ચક્રમાં તે તે સ્થળે રહેલ પરમ અક્ષરના ધ્યાનથી યોગ રૂપી ઋદ્ધિની સિદ્ધિ આના થકી પ્રાપ્ત થતી હોવાથી આને સિદ્ધચક્ર કહેવાય છે. તે સિદ્ધચક્રનું अर्हं એ પ્રથમ બીજ છે. બીજનું સાદશ્ય જોવા મળે છે માટે આને બીજ કહેવામાં આવે છે. જેમ બીજ અંકુરો, છોડ અને આગળ જતા ફળ પેદા કરે છે, તેમ આ अर्हं રૂપ બીજ પુણ્યની વૃદ્ધિ, ભોગસુખ અને અંતે મુક્તિરૂપ ફળનું જનક હોવાથી તેને બીજ કહ્યું છે. હ્રાઁ કાર વિગેરે બીજા પણ પાંચ બીજો છે. તેમની અપેક્ષાએ अर्हं પ્રથમ છે. प्रथमं साधूनाम् પ્રયોગસ્થળે જેમ

'અરિહંત સર્વ સાધુઓમાં પ્રથમ અર્થાત્ અગ્રણી છે' આમ પ્રથમ શબ્દનો અગ્રણી અર્થ પ્રાપ્ત છે. તેમ અહીં પ્રથમ શબ્દ અગ્રણી-વ્યાપક અર્થમાં છે. અર્હં એ હ્રાઁ કાર આદિ બીજોમાં પ્રથમ છે એટલે પહેલા ક્રમે છે તેમ અર્થ ન કરતા તે સર્વબીજમય હોવાથી સર્વ બીજમાં વ્યાપીને રહેલો છે આમ અર્થ કરવો. જેમ પ્ર શબ્દમાં અધો રેફ (ર કાર) છે તેમ અધો રેફ - આ-ઈ-ઊ-ઓ-અં-અઃ આ વર્ણોથી યુક્ત એવું બીજ બને છે. તે બીજ હ્રાઁ-હ્રી -હ્રૂઁ-હ્રા -હ્રઃ આ પાંચ છે. આ સર્વ બીજમાં અર્હં નો અ-ર્-હ્ કે અનુસ્વાર ભળેલો છે, માટે તે વ્યાપક છે. આમ અર્હં એ જ બીજ છે. અથવા અન્યદર્શનોમાં બતાવેલા ત્રૈલોક્યવિજયા, ધણ્ટાર્ગલ, સ્વાધિષ્ઠાન, પ્રત્યઙ્ગિરા આદિ સિદ્ધોના જે ચક્રો છે તેમાં અર્હં નો હ કાર પ્રધાન બીજ છે. અથવા સિદ્ધ તરીકે પ્રસિદ્ધ અ થી ક્ષ સુધીના પચાસ વર્ણોનું જે ચક્ર (= સમુદાય) તેનું અર્હં એ પ્રધાન બીજ છે.

(6) ફરી सकलागमोपनिषद्भूतम् વિશેષણ મૂકી અર્હં ની વિશેષતા બતાવે છે - ગણિપિટકરૂપ સકલ દ્વાદશાંગી કે જે આ લોક અને પરલોકના ફળ આપનાર આગમ સ્વરૂપ છે, તેનું અર્હં એ ઉપનિષદ્ અર્થાત્ રહસ્ય છે. પંચપરમેષ્ઠિના જે અ-સિ-આ-ઉ-સા રૂપ પાંચ બીજો છે અને અરિહન્ત વિગેરે જે સોળ અક્ષરો છે તે જ દ્વાદશાંગીનું રહસ્ય છે. જેમકે પંચપરમેષ્ઠિસ્તુતિમાં કહ્યું છે - 'જે મહા અર્થવાળું, અપૂર્વ અર્થવાળું અને પરમાર્થ વાળું તથા જગતને વિશે ઉત્તમ એવું દ્વાદશાંગી રૂપ શ્રુત અને અંગબાહ્ય શ્રુત છે તે સોળ પરમાક્ષર રૂપ બીજબિંદુથી ગર્ભિત છે.' અથવા સકલ જે સ્વ-પર પરંપરામાં પ્રાપ્ત થતા આગમો, તેઓને વિશે પરમેશ્વર એવા પરમેષ્ઠિનું વાચક અર્હં તત્ત્વ રહસ્યરૂપે પ્રણિધાન કરાય છે. આમ અર્હં એ સ્વ-પર શાસ્ત્રોરૂપ જે આગમ છે તેનાં રહસ્યભૂત થાય છે.

શંકા :- અર્હં શબ્દ અરિહંતનો વાચક છે તેથી તે પરશાસ્ત્રરૂપ લૌકિક આગમોનું રહસ્ય શી રીતે બની શકે ?

સમાધાન :- સાચી વાત છે. છતાં વ્યાકરણ સર્વપાર્ષદ્ (બધા જ દર્શનના અનુયાયીઓને માન્ય બને એવું) હોવું જોઈએ. તેથી સઘળાય દર્શનકારોને માન્ય બને એવો નમસ્કાર કહેવો જોઈએ. અર્હં તેવા પ્રકારનો નમસ્કાર છે. જેમકે 'અર્હં ના અ થી વિષ્ણુ, ર્ થી બ્રહ્મા અને હ થી હર (મહેશ) જણાય છે અને ચંદ્રાકારથી[A] મોક્ષ જણાય છે.' આ શ્લોકથી અર્હં શબ્દ વિષ્ણુ વગેરે ત્રણ દેવતાઓનો વાચક હોવાથી લૌકિક આગમોને વિશે પણ અર્હં શબ્દ ઉપનિષદ્ભૂત છે એ જણાઈ આવે છે.

(7) હવે ફળના અર્થી જીવોને સેવાની પ્રવૃત્તિમાં કારણભૂત યોગ-ક્ષેમ કરવાનું સામર્થ્ય અર્હં મંત્રમાં રહેલું છે. અપ્રાપ્ત વસ્તુની પ્રાપ્તિને યોગ કહેવાય અને પ્રાપ્ત વસ્તુના પાલન(રક્ષણ) ને ક્ષેમ કહેવાય. પ્રાપ્ત વસ્તુનું જો રક્ષણ ન થવાનું હોય તો અપ્રાપ્ત વસ્તુની પ્રાપ્તિ નકામી નીવડે. માટે અહીં પૂર્વે ક્ષેમ બતાવ્યા પછી યોગ બતાવતા

(A) સિદ્ધશિલા ચંદ્રાકારે હોવાથી ચંદ્રાકારનો અર્થ મોક્ષ કર્યો છે.

કહે છે કે 'अर्हं મંત્ર સત્ક્રિયાના વ્યાઘાતમાં હેતુભૂત સઘળાય વિઘ્નોને મૂળથી હણવામાં તત્પર છે.' અર્થાત્ अर्हं મંત્ર વિઘ્નોને એ રીતે હણે છે કે જેથી તેઓ ફરી પેદા ન થઈ શકે. અહીં 'વિઘ્નોનો સમૂળ નાશ' આ અર્થ વિઘાત શબ્દ લખવાથી પ્રાપ્ત થાય છે. એકલો ઘાત શબ્દ સામાન્ય ઘાતને સૂચવે, જ્યારે વિઘાત શબ્દ વિશેષ પ્રકારના ઘાતને સૂચવે છે. 'વિઘ્નોનો સમૂળ નાશ' એ વિશેષ પ્રકારનો ઘાત કહેવાય અથવા આ અર્થ વિઘ્ન શબ્દને अशेष વિશેષણ જોડવાથી પ્રાપ્ત થયો છે એમ સમજવું. જેમ મદજળથી ધોવાયેલા ગંડસ્થળવાળો હાથી મદની પરવશતાથી સ્વ-પરનો વિચાર નહીં કરતો મૂળીયા સહિત વૃક્ષાદિને ઉખેડવામાં લંપટ થાય છે, તેમ ધ્યાનના આવેશથી વશ કરાયેલો अर्हं પરમાક્ષરરૂપ મહામંત્ર પણ વિઘ્નના ઉન્મૂલનમાં સમર્થ થાય છે. વિઘ્નોનું ઉન્મૂલન થાય એટલે પ્રાપ્ત થયેલ ફળનાં રક્ષણમાં કોઈ બાધા ન આવે, માટે ફળનો ક્ષેમ થઈ શકે. આમ अशेषविघ्नविघातनिघ्नम् વિશેષણ દ્વારા ક્ષેમ બતાવ્યો.

(8) હવે 'अखिलदृष्टाऽदृष्टफलसंकल्पकल्पद्रुमोपमम्' વિશેષણ દ્વારા યોગ બતાવે છે કે 'સઘળાય જે ચક્રવર્તિપણું વિગેરે દૃષ્ટ ફળો તથા સ્વર્ગ અને મોક્ષરૂપ અદૃષ્ટ ફળો, તેમની પ્રાપ્તિમાં अर्हं મંત્ર કલ્પવૃક્ષ સમાન છે.' અહીં अर्हं ને જે કલ્પવૃક્ષની ઉપમા આપી છે તે વ્યવહાર દૃષ્ટિએ આપી છે, કેમકે લોકમાં કલ્પવૃક્ષ ઈચ્છિતફળને આપનાર રૂપે પ્રસિદ્ધ છે. બાકી अर्हं મંત્ર તો કલ્પનાતીત ફળને આપનાર છે. અથવા બીજી રીતે અર્થ કરીએ તો **'स्याद्वादरत्नाकर'** ગ્રંથમાં 'ક્રિયા જ પુરુષોને ફળદાયી બને છે' આ પ્રમાણે કહ્યું છે, આ વાત બંધબેસતી છે. કેમકે જે લોકો નવરા પડચા રહે છે તેઓ કાંઈ ફળ પામતા નથી. તેથી દૃષ્ટથી એટલે ક્રિયાવિશેષથી અને અદૃષ્ટથી એટલે પુણ્યવિશેષથી જે ફળ મળતા હોય તેમની પ્રાપ્તિમાં अर्हं મંત્ર કલ્પવૃક્ષ સમાન છે. ત્રણ પ્રકારના ફળ જોવામાં આવે છે. - **(i)** ક્રિયાજન્ય. જેમકે ખેતી, પશુપાલન અને રાજ્યાદિના વ્યાપારથી પ્રાપ્ત થતા ફળ વિશેષ. **(ii)** પુણ્યજન્ય. જેમકે વ્યાપાર વગરના અનુત્તરાદિ કલ્પાતીત દેવોને પ્રાપ્ત થતા ફળો અને **(iii)** ઉભયજન્ય. જેમકે વ્યંતર આદિ દેવોને પ્રાપ્ત થતા ફળો પુણ્યજન્ય અને ક્રિયાજન્ય ઉભય પ્રકારના હોય છે. હવું ત્રીજી રીતે અર્થ કરવો હોય તો 'દૃષ્ટ એટલે મનુષ્યને લગતા પ્રત્યક્ષ અને અદૃષ્ટ એટલે દેવતાદિને લગતા અનુમાનગમ્ય એવા ફળ વિષયક સઘળાય સંપૂર્ણ જે આચારો અથવા લીલામાત્રમાં સંપૂર્ણ કે કંઈક ન્યૂન આચારોનું પાળવું, તે આચાર (કલ્પ) વૃક્ષની જેમ પ્રસરણશીલ હોવાથી આચાર રૂપ વૃક્ષ'. તેનો પરિચ્છેદ (સંપાદન) આ अर्हं મંત્ર થકી થાય છે. અર્થાત્ જો લીલામાત્રમાં આ अर्हं મંત્ર દ્વારા ઉપરોક્ત સંપૂર્ણ આચારોનું સંપાદન થતું હોય તો તે સમર્થ ગણાય. એટલે કે બીજા મંત્રો કરતા આ મંત્રરાજનું માહાત્મ્યવિશેષ અહીં જણાય છે. આમ અહીં 'अखिलदृष्टाऽदृष्ट...' પંક્તિ દ્વારા ત્રણ રીતે ફળનો યોગ બતાવ્યો છે.

(9) સ્વરૂપ, અર્થ અને તાત્પર્યે કરીને अर्हं નું સ્વરૂપ કહીને હવે પ્રસ્તુતમાં તેની ઉપયોગિતા કહે છે કે 'દરેક શાસ્ત્રના અધ્યયન-અધ્યાપન સુધી अर्हं મંત્ર પ્રણિધાન કરવા યોગ્ય છે.' અહીં પંક્તિમાં આડ્ 'અભિવિધિ'

અર્થમાં છે અને તે શાસ્ત્ર શબ્દ સાથે અન્વય પામે છે તથા અવધિ શબ્દ 'મર્યાદા' અર્થમાં છે અને તે અધ્યયનાડધ્યાપન શબ્દ સાથે અન્વયવાળો છે. માટે 'દરેક શાસ્ત્ર' અને 'અધ્યયન-અધ્યાપન સુધી' આવો અર્થ કર્યો છે.

પ્રણિધાન ચાર પ્રકારે હોય છે; પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત. તેમાં અર્હં નું શરીરસ્થ રૂપે પ્રણિધાન તે પિંડસ્થપ્રણિધાન, પદરૂપે પ્રણિધાન તે પદસ્થપ્રણિધાન, અરિહંતની પ્રતીમારૂપે પ્રણિધાન તે રૂપસ્થપ્રણિધાન અને યોગિગમ્ય એવું અરિહંતનું ધ્યાન એ અર્હં નું રૂપાતીત પ્રણિધાન. આ ચાર પૈકી શાસ્ત્રના આરંભમાં પહેલા બે સંભવે છે, પછીના બે નહીં.

(10) હવે 'प्रणिधानं च...' થી પ્રણિધાન કોને કહેવાય તે કહે છે. અનુવાદ વિના સ્વરૂપનું કથન શક્ય ન હોવાથી અહીં 'प्रणिधानं च...' એમ અનુવાદ કર્યો છે. પંક્તિમાં च શબ્દ પુનઃ અર્થમાં છે. અર્હં બીજની સાથે આત્માનું પ્રણિધાન બે પ્રકારે સંભવે છે; સંભેદ પ્રણિધાન રૂપે અને અભેદ પ્રણિધાન રૂપે. તેમાં અર્હં ની સાથે ધ્યાન ધરનાર આત્માનો પરિપૂર્ણ સંશ્લેષ (સંબંધ) રૂપ ભેદ જેમાં હોય તેને સંભેદ પ્રણિધાન કહેવાય. આ ધ્યાનમાં ધ્યાયક વ્યક્તિ પોતાની જાતને અર્હં બીજમાં સ્થપાયેલો (સંબદ્ધ) ચિંતવે, અર્હં બીજમય રૂપે નહીં. માટે આને સંભેદ પ્રણિધાન કહેવાય. અહીં "અર્હં મંત્ર સકલ કાર્યને કરનાર હોવાથી મહામંત્ર રૂપ ગણાય છે, તેથી તે મંડલ, વર્ણાદિ ભેદે ગતિ કરી આકર્ષણ, સ્થંભન, મોહન વિગેરે અનેક કાર્ય કરનાર હોવાથી અર્હં મંત્ર ગમનાગમન કરનાર છે. તેથી તે સ્થિર વસ્તુ ન હોવાથી તેની સાથે આત્માનો સંભેદ (સંબંધ) ન સંભવતા સંભેદ પ્રણિધાનનું જે 'અર્હં ની સાથે ધ્યાયક આત્માનો સંબંધ રૂપ ભેદ' આ લક્ષણ દોષગ્રસ્ત બનવાથી તે લક્ષણ નહીં બની શકે" આવી શંકા ન કરવી. કેમકે અર્હં થી અહીં સાધ્ય એવો અરિહંતનો આત્મા લેવાનો છે અને સાધકરૂપે આપણા આત્માને લેવાનો છે. અરિહંતનો આત્મા મંડલ, વર્ણાદિની પેઠે ગતિ કરનાર ન હોવાથી તેની સાથે ધ્યાયકના આત્માનો સંભેદ સંભવી શકે છે.

હવે અભેદ પ્રણિધાન બતાવે છે - અર્હંઅક્ષરના અભિધેય (વાચ્ય) પરમેષ્ઠી સાથે આત્માની જે એકમેકતા તેને અભેદ પ્રણિધાન કહેવાય. આશય એ છે કે કેવળજ્ઞાન રૂપી સૂર્ય વડે પ્રગટ કર્યો છે સમગ્ર પદાર્થોનો સમૂહ જેમણે, ચોત્રીસ અતિશયોથી જાણાયું છે વિશેષ માહાત્મ્ય જેમનું, અષ્ટ પ્રાતિહાર્યથી વિભૂષિત કર્યું છે દિગ્વલય જેમણે, ધ્યાન રૂપી અગ્નિ વડે બાળ્યું છે કર્મબળ રૂપી કલંક જેમણે, જ્યોતિસ્વરૂપ અને સકલ પદાર્થોના ઉપનિષદ્‌ભૂત એવા પ્રથમ પરમેષ્ઠી અરિહંત દેવનો 'સ્વયં દેવ બનીને દેવનું ધ્યાન ધરે' એ પ્રમાણે પોતાની સાથે અભેદ કરાય એવું જે પરિપૂર્ણ ધ્યાન, તેને અભેદ પ્રણિધાન કહેવાય.

(11) આ અભેદ પ્રણિધાન જ વિઘ્નનો નાશ કરવામાં સામર્થ્યવાળું હોવાથી અને બીજું કોઈ તેવા પ્રકારના પરિપૂર્ણ સામર્થ્યવાળુ ન હોવાથી એ જ તાત્ત્વિક છે. માટે આપણે પણ એ જ પ્રણિધાન કરવા યોગ્ય છે.

આ વાતને બતાવવા બૃ. વૃત્તિમાં 'वयमपि चैतच्छास्त्रारम्भे प्रणिदध्महे' પંક્તિ બતાવી છે. તેનો અર્થ 'અમે પણ આ વ્યાકરણશાસ્ત્રના આરંભમાં अर्हं નું અભેદપ્રણિધાન કરીએ છીએ' આવો થાય છે.

શંકા :- અહીં अर्हं નું ધ્યાન ધરનાર ગ્રંથકાર વ્યક્તિ એક જ છે તો वयम् એમ બહુવચનમાં નિર્દેશ કેમ કર્યો છે ?

સમાધાન :- ભલે ગ્રંથકાર એક હોય છતાં अर्हं રૂપ વિશિષ્ટ પ્રણિધેય (પ્રણિધાન કરવા યોગ્ય વસ્તુ) ના પ્રણિધાનથી આત્મામાં ગુણોનો ઉત્કર્ષ થાય અને ગુણ ઘણા હોવાથી ઘણા (બહુત્વવિશિષ્ટ) ગુણોથી કથંચિદ્ અભિન્ન એવો ગ્રંથકારનો આત્મા પણ બહુત્વ સંખ્યાવાળો બનવાથી પ્રસ્તુતમાં वयम् એ પ્રમાણે બહુવચનમાં નિર્દેશ કર્યો છે.

આમ અહીં अर्हं ની ફક્ત અવયવે કરીને જ વ્યાખ્યા કહી છે. વિશેષ વ્યાખ્યા તો શાસ્ત્રોમાંથી, ગુરુ ભગવંતના મુખથી કે પછી પુરુષવિશેષ થકી જાણવી ।।१।।

सिद्धिः स्याद्वादात्[1] ।। १.१.२।।

बृ.वृ.–स्याद्[2] इत्यव्ययमनेकान्तद्योतकम्, ततः स्याद्वादो[3]ऽनेकान्तवादः, नित्यानित्याद्यनेकधर्मशबलैकवस्त्वभ्युपगम इति यावत्। ततः सिद्धिर्निष्पत्तिर्ज्ञप्तिर्वा प्रकृतानां शब्दानां वेदितव्या। एकस्यै[4]व हि ह्रस्व-दीर्घादिविधयोऽनेककारक संनिपातः, सामानाधिकरण्यम्, विशेषण-विशेष्यभावादयश्च स्याद्वादमन्तरेण नोपपद्यन्ते। सर्वपार्षदत्वा[5]च्च शब्दानुशासनस्य सकलदर्शनसमूहात्मकस्याद्वादसमाश्रयणमतिरमणीयम्। यदवोचाम स्तुतिषु–

अन्योऽन्यपक्षप्रतिपक्षभावाद् यथा परे मत्सरिणः प्रवादाः।
नयानशेषानविशेषमिच्छन् न पक्षपाती समयस्तथा ते ।।२।।

(अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिका–श्लो० ३०.)

स्तुतिकारोऽप्याह—

नयास्तव स्यात्पदलाञ्छना इमे रसोपविद्धा इव लोहधातवः।
भवन्त्यभिप्रेतफला यतस्ततो भवन्तमार्याः प्रणता हितैषिणः ।।३।। इति।

(श्रीसमन्तभद्राचार्यकृत-बृहत्स्वयम्भूस्तोत्रावल्यां श्रीविमलनाथस्तोत्रम्–श्लो० ६५.)

अथवा[6] 'वादात्' विवक्षितशब्दप्रयोगात् 'सिद्धिः' सम्यग्ज्ञानं तद्द्वारेण च निःश्रेयसं 'स्याद्' भवेद् इति शब्दानुशासनमिदमारभ्यत इत्यभिधेयप्रयोजनपरतयाऽपीदं व्याख्येयम् ।।२।।

सूत्रार्थ :- શબ્દોની સિદ્ધિ સ્યાદ્વાદથી થાય છે.

सूत्रसमास :- ◆ स्यात् इत्येतस्य वादः स्याद्वादः, तस्मात् = स्याद्वादात्।

विवरण :- (1) લોકવ્યવહારમાં પ્રસિદ્ધ એવા સમ્યક્ શબ્દોના અન્વાખ્યાન (તાત્પર્યનું પ્રતિપાદન) માટે આ શબ્દાનુશાસનનો આરંભ કરાય છે. અન્વાખ્યાન એટલે વ્યવહાર પ્રચલિત શબ્દોનો પ્રકૃતિ-પ્રત્યય ઇત્યાદિ રૂપે વિભાગ કરીને સામાન્ય અને વિશેષ (ઉત્સર્ગ અને અપવાદભૂત) એવા નિયમો દ્વારા તેનું (શબ્દોનું) પ્રતિપાદન કરવું તે. એ પ્રતિપાદન શબ્દ દ્વારા અર્થનું પ્રત્યાયન થાય તે માટે હોય છે. શબ્દનો અર્થ સાથે સંબંધ હોય તો જ આ અન્વાખ્યાન સંભવે, અન્યથા નહીં. શબ્દનો અર્થ સાથે સંબંધ સ્યાદ્વાદથી સિદ્ધ થાય છે, કારણ કયા શબ્દનો કઈ અપેક્ષાએ કયા અર્થ સાથે સંબંધ છે એ સ્યાદ્વાદથી નક્કી થાય છે. આમ સ્યાદ્વાદથી સિદ્ધિ થતી હોવાથી सिद्धिः स्याद्वादात् કહ્યું છે.

વ્યાકરણમાં ૧૦ પ્રકારના સૂત્રો આવે છે, તેમાં 'सिद्धिः स्याद्वादात्' અધિકારસૂત્ર છે. ૧૦ પ્રકારના સૂત્ર આ પ્રમાણે જાણવા.

(a) संज्ञा सूत्र - સંજ્ઞા લાઘવ માટે કરાતી હોય છે. વર્ણ, કાર્ય, કારણ વિગેરેના સમૂહને ટૂંકમાં સમજાવે તેને સંજ્ઞા કહેવાય. સંજ્ઞાનો નિર્દેશ કરનારા સૂત્રને સંજ્ઞાસૂત્ર કહેવાય છે. જેમકે 'औदन्ताः स्वराः १.१.४' સૂત્રમાં अ થી औ સુધીના વર્ણસમૂહને 'સ્વર' સંજ્ઞા કરી છે. સ્વર, વ્યંજન, ધુટ્, નામી, અંતસ્થા, ગુણ, વૃદ્ધિ વિગેરે સાન્વર્થ કે પારિભાષિક સંજ્ઞાઓ બતાવનારા સૂત્રો 'સંજ્ઞાસૂત્ર' છે. ***संज्ञासंज्ञिसम्बन्धबोधकं संज्ञासूत्रम्।***

(b) परिभाषा सूत्र - ચારે બાજુથી વિચાર કરીને જે અર્થવ્યવસ્થા માટેનું નિરૂપણ કરે તે પરિભાષા કહેવાય છે. ***एकदेशस्थिता शास्त्रभवने याति दीपताम्। परितो व्यापृतां भाषां परिभाषां प्रचक्षते।।*** પરિભાષાસૂત્રો વિધિસૂત્રોના અર્થને વ્યવસ્થિત બનાવે છે. ***अव्यवस्थायां व्यवस्थाऽऽपादकं परिभाषासूत्रम्।*** વળી ***अनियमे नियमकारिणी परिभाषा*** એવું પણ લક્ષણ કરાયું છે. અન્ય સૂત્રોનો અર્થ કેવી રીતે કરવો ? તેમાં પરિભાષા સૂત્ર ઉપયોગી છે. જેમકે - 'इवर्णादेरस्वे स्वरे० १.२.२१' સૂત્રમાં 'स्वरे' સ્થલીય સપ્તમી ઔપશ્લેષિક અધિકરણને સૂચવે છે. ઉપશ્લેપ (સંયોગવિશેષ) એ પૂર્વ વર્ણ સાથે પણ સંભવે અને પર વર્ણ સાથે પણ સંભવે. તેથી अस्वे स्वरे નો અર્થ 'અસ્વ સ્વર પરમાં હોય તો' કરવો કે 'અસ્વ સ્વર પૂર્વમાં હોય તો' કરવો ? એ અનિયમ (સંદેહ)નું નિરાકરણ 'सप्तम्या पूर्वस्य ७.४.१०५' પરિભાષા કરે છે. આમ જુદા જુદા વ્યાકરણકારોએ જુદી જુદી રીતે પરિભાષાઓ વર્ણવી છે. 'प्रत्ययः प्रकृत्यादेः ७.४.११५' વિગેરે પરિભાષા સૂત્રો છે.

(c) अधिकार सूत्र - એકના એક પદ કે પદોની, સળંગ ચાલતા અનેક સૂત્રોમાં જરૂર હોય ત્યારે દરેક સૂત્રોમાં તે પદ કે પદોને ન મૂકતા વિવક્ષિત એક સૂત્ર રૂપે કે સૂત્રાંશ રૂપે ગોઠવી દેવામાં આવે અને પછીના દરેક સૂત્રોમાં

આવશ્યકતાનુસારે તેની અનુવૃત્તિ ચાલ્યા કરે તેને અધિકાર કહેવાય. અધિકાર જે સૂત્રથી શરૂ થાય તેને અધિકારસૂત્ર કહેવાય છે. આ અધિકાર કલિકાલસર્વજ્ઞશ્રીને ત્રણ પ્રકારનો અભિપ્રેત છે –

(i) જ્યાં તેઓ પૃથક રૂપે અધિકાર સૂત્ર રચે છે ત્યાં અમુક ચોક્કસ સૂત્રોમાં જ તે અધિકારનો સંબંધ થાય છે અને પ્રસ્તુત પાદ પૂર્ણ થાય ત્યાં સુધી અનુવર્તે છે. જેમકે 'ઘુટિ ૧.૪.૬૮' 'ઇકણ્ ૬.૪.૧' વિગેરે સૂત્રો. ઘુટિ પદના અધિકારાર્થે 'ઘુટિ ૧.૪.૬૮' આમ જુદા અધિકારસૂત્રની રચના કરી છે. વળી તે અધિકાર નિમિત્તવિશેષ સહિત 'અનડુહઃ સૌ ૧.૪.૭૨' સૂત્ર, 'આ અમ્-શસો૦ ૧.૪.૭૫' વિગેરે સૂત્રસ્થળે ન અનુવર્તતા નિમિત્તવિશેષ રહિત 'અચઃ ૧.૪.૬૯' વિગેરે વિશેષસૂત્ર સ્થળે જ અનુવર્તે છે અને તે '૧.૪' પાદ પૂર્ણ થાય ત્યાં સુધી અનુવર્તે છે.

(ii) જ્યાં પાદની સમાપ્તિ પછી પણ અધિકારની અનુવૃત્તિ ચાલતી હોય ત્યાં અધિકારનો સૂત્રમાં પૃથક્ નિર્દેશ કરવા સાથે તેઓ અનુવૃત્તિની અવધિ (મર્યાદા) નો નિર્દેશ પણ કરે છે. જેમકે અણ્ પ્રત્યયના અધિકારાર્થે 'પ્રાગ્ જિતાદણ્ ૬.૧.૧૩' આ પ્રમાણે અલગ અધિકારસૂત્ર રચ્યું છે. અણ્ પ્રત્યયનો અધિકાર 'અત ઇઞ્ ૬.૧.૩૧' વિગેરે અપવાદના વિષયને છોડીને અપત્યાદિઅર્થક વિશેષસૂત્રો સ્થળે જ અનુવર્તતો '૬.૧' પાદ પૂર્ણ થયા પછી પણ '૬.૩' પાદ પૂર્ણ થાય ત્યાં સુધી ચાલ્યા જ કરે છે. કલિકાલસર્વજ્ઞશ્રીએ 'પ્રાગ્ જિતાદણ્ ૬.૧.૧૩' સૂત્રમાં અધિકારની મર્યાદાનું સૂચક 'પ્રાગ્ જિતાદ્' પદ મૂક્યું છે. જેથી ખબર પડે કે અણ્ પ્રત્યયનો અધિકાર જિતાર્થક 'તેન જિત૦ ૬.૪.૨' સૂત્રની પૂર્વના '૬.૩' પાદ પૂર્ણ થાય ત્યાં સુધીના અપત્યાદિઅર્થક સૂત્રોમાં અનુવર્તે છે.

(iii) જ્યાં અધિકાર ગંગાપ્રવાહની જેમ દરેક સૂત્રોમાં અનુવર્તતો હોય ત્યાં તેઓશ્રી પૃથક્ અધિકારાર્થક સૂત્ર રચતા નથી, પરંતુ અધિકારને અટકાવવા યત્ન કરે છે. જેમકે 'એદોતઃ પદાન્તેઽસ્ય૦ ૧.૨.૨૭' આ વિધિસૂત્રથી આગળના દરેક સૂત્રોમાં પદાન્ત શબ્દની અનુવૃત્તિ પ્રવાહની જેમ ચાલ્યા જ કરે છે. પદાન્ત શબ્દની અનુવૃત્ત્યર્થે તેઓશ્રીએ જુદું અધિકારાર્થક સૂત્ર નથી રચ્યું, પરંતુ પદાન્ત શબ્દની અનુવૃત્તિને અટકાવવા 'સ્વરેભ્યઃ ૧.૩.૩૦' સૂત્રમાં વ્યાપ્ત્યર્થે બહુવચન કર્યું છે. આના વધુ દાખલા જાણવા 'ઘુટિ ૧.૪.૬૮' સૂત્રનું વિવરણ જોઈ લેવું.

કેટલાક **જયશંકરલાલ ત્રિપાઠી** વિગેરે વ્યાકરણના વિવેચકો અધિકાર અને અનુવૃત્તિમાં ભેદ દર્શાવે છે. તેમનું એમ કહેવું છે કે અધિકારસૂત્ર પૂર્ણ રૂપે આગળના સૂત્રોમાં જોડાયા કરે છે. જ્યારે સૂત્રના અમુક પદ કે પદોનું જ જોડાણ જો આગળના સૂત્રોમાં જોડાય તો તેને અનુવૃત્તિ કહેવાય છે.

*[ષષ્ઠી સ્થાનેયોગા (પા.સૂ.૧.૧.૪૯) સૂત્રના મહાભાષ્યમાં પતંજલિ '**प्रतियोगमनिर्देशार्थोऽधिकारः**' આવી અધિકારની વ્યાખ્યા કરે છે અને તેને આ મુજબ ત્રણ પ્રકારનો બતાવે છે. **(i)** કેટલાક અધિકાર એવા છે કે જે એક દેશમાં રહ્યા થકા સમસ્ત વ્યાકરણશાસ્ત્રમાં પોતાનો પ્રકાશ ફેલાવે છે અર્થાત્ તે અધિકારસૂત્રો પોતાના સ્થાને*

રહીને જ સમગ્રશાસ્ત્રમાં ઇષ્ટવ્યવસ્થા કરી આપે છે. **(ii)** કેટલાક અધિકાર એવા છે જેનું च કાર દ્વારા અનુકર્ષણ થાય છે. જેમ દોરી વિગેરેથી બાંધેલા કાષ્ઠનું અનુકર્ષણ થાય છે તેમ અને **(iii)** કેટલાક અધિકારો એવા છે કે તેનું જ્યાં જ્યાં કામ પડે તે દરેક સ્થળે એનો નિર્દેશ ન કરવો પડે એટલે એક સ્થળે તેનું પઠન કરાય અને જ્યાં જરૂર પડે ત્યાં તે અધિકારની ઉપસ્થિતિ સ્વીકારાય છે.

જેમકે - 'बहुलम् ૫.૧.૨' સૂત્ર ત્રીજા પ્રકારનું અધિકારસૂત્ર છે. સર્વે कृत् પ્રત્યયોને बहुलम् નું વિધાન કરવા બધા સૂત્રોમાં તે પદનું ઉપાદાન ન કરતા અહીં જ તેનું ઉપાદન કરી જ્યાં સુધી જરૂર પડે ત્યાં સુધી તેની ઉપસ્થિતિ સ્વીકારી છે.

આ ત્રણ પ્રકારના અધિકારમાંથી પહેલા પ્રકારનો અધિકાર એ જ પરિભાષા. પરિભાષા અને અધિકાર બન્નેમાં 'પરાર્થત્વ' સમાન હોવાથી પરિભાષાને પણ અધિકાર શબ્દથી ઓળખાવાય છે. તેઓ 'પરાર્થ' એટલા માટે કહેવાય છે કે તેઓ એકલાં કશું કાર્ય કરતા નથી. જેમકે - 'सप्तम्या पूर्वस्य ૭.૪.૧૦૫' પરિભાષાસૂત્ર છે. તે કહે છે કે 'સપ્તમી વિભક્તિથી નિર્દિષ્ટમાં જે કાર્યનું વિધાન કરાય છે તે સપ્તમ્યન્તપદથી વાચ્ય એવા નિમિત્તની અવ્યવહિત પૂર્વમાં રહેલા વર્ણને જ કરવું.' પરિભાષાસૂત્રનો આવો અર્થ સાંભળવા છતાં કોઈ પદની સિદ્ધિમાં એક તબક્કો ય આગળ વધી શકાતું નથી. પરંતુ 'इवर्णादेरस्वे० ૧.૨.૨૧' જેવું કોઈ વિધિસૂત્ર સાંભળીએ ત્યારે સ્વરે આ સપ્તમ્યન્તનો શું અર્થ કરવો ? એવો પ્રશ્ન થાય છે. કેમકે સામાન્યથી સપ્તમીનો અર્થ અધિકરણ થાય છે. તો એ અધિકરણ અભિવ્યાપક લેવું, ઔપશ્લેષિક લેવું કે વૈષયિક લેવું ? એ પ્રશ્ન પેદા થશે. એ સંયોગમાં પરિભાષાસૂત્રને વિધિસૂત્રની સાથે જોડીને બન્ને સૂત્રોની એકવાક્યતા કરીને વિધિસૂત્રનો અર્થ કાઢવામાં આવે છે કે 'અસ્વ સ્વરથી અવ્યવહિત પૂર્વ (ઉપશ્લેષ) માં રહેલાં इ વર્ણાદિનો અનુક્રમે य्, व्, र्, ल् આદેશ થાય છે.' આમ વિધિસૂત્રનો વિધેયાંશ વિશદ કરવા પરિભાષાસૂત્રની સહાય લેવી પડે છે. ટૂંકમાં કહીએ તો પરિભાષાસૂત્રો એ 'સૂત્ર માટેના સૂત્ર' છે. આમ પરિભાષાસૂત્રો પરાર્થ છે. અધિકારસૂત્રો પણ પરાર્થ છે. જેમકે - 'घुटि ૧.૪.૬૮' 'बहुलम् ૫.૧.૨' વિગેરે સૂત્રો કોઈ અર્થનું સૂચન કરતા નથી. આ સૂત્રો ઉત્તરસૂત્રો સાથે એકવાક્યતા સાધીને અર્થનો બોધ કરાવે છે, માટે પરાર્થ છે. તેથી જ કહ્યું છે કે - **स्वदेशे वाक्यार्थबोधाजनकत्वे सत्युत्तरसूत्रैकवाक्यतया वाक्यार्थबोधजनकत्वमधिकारसूत्रत्वम्।/**

(d) વિધિ સૂત્ર - **आदेशादिविधायकं विधिसूत्रम्.** જે સૂત્ર અમુક કાર્યનું વિધાન કરતું હોય તેને વિધિસૂત્ર કહેવાય. કઈ પ્રકૃતિને કયો પ્રત્યય લાગે ? પ્રકૃતિ-પ્રત્યયના યોગ દરમિયાન કયાં-કયાં ફેરફારો વિગેરે થાય ? એ બધું બતાવનાર વિધિસૂત્રો છે. જેમકે - 'नाम्यन्तस्था० ૨.૩.૧૫' સૂત્ર स् ના ष् આદેશનું વિધાન કરે છે, તેથી તે વિધિસૂત્ર કહેવાય.

(e) પ્રતિષેધ સૂત્ર - તે તે કાર્યના નિષેધને સૂચવતું સૂત્ર પ્રતિષેધ સૂત્ર કહેવાય. જેમકે - 'न स्तं मत्वर्थे १.१.२३' સૂત્ર स કારાન્ત-त કારાન્ત નામોને મત્વર્થીય પ્રત્યય પરમાં વર્તતા પદત્વનો નિષેધ કરે છે, તેથી તે પ્રતિષેધ સૂત્ર કહેવાય.

(f) નિયમ સૂત્ર - નિયમ એટલે સંકોચ. ***प्राप्तस्य विधेर्नियामकं नियमसूत्रम्***. કોઈ એક વિધિ સિદ્ધ હોય, તેના પુનઃ વિધાનના સામર્થ્યથી તે વિધિ સંકોચ પામે છે. તેથી પુનઃવિધાન કરનારું સૂત્ર નિયમસૂત્ર કહેવાય છે. જેમકે - 'भिस ऐस् १.४.२' આ પૂર્વસૂત્રથી अ થી પરમાં રહેલા સ્યાદિ भिस् પ્રત્યયનો ऐस् આદેશ થાય છે અને તેના પછીના 'इदमदसो० १.४.३' સૂત્રથી अक् પ્રત્યય પરમાં હોય તેવા જ इदम् અને अदस् ના अ થી પરમાં રહેલા સ્યાદિ भिस् પ્રત્યયનો ऐस् આદેશ થાય છે. અહીં બન્ને સૂત્રોનું भिस् પ્રત્યયના ऐस् આદેશ રૂપ કાર્ય સમાન જ છે, પરંતુ 'भिस ऐस् १.४.२' સૂત્રનો ક્ષેત્રવિસ્તાર કોઈપણ अ થી પરમાં રહેલો भिस् પ્રત્યય છે. જ્યારે 'इदमदसो० १.४.३' સૂત્રનો ક્ષેત્રવિસ્તાર ગમે તે अ નહીં, પણ अक् પરમાં હોય તેવા જ इदम् અને अदस् ના अ થી પરમાં રહેલો भिस् પ્રત્યય છે. અર્થાત્ 'भिस ऐस् १.४.२' સૂત્રના પહોળા ક્ષેત્રવિસ્તારમાં अक् સહિત કે अक् રહિત બન્ને પ્રકારના इदम् અને अदस् ના अ થી પરમાં રહેલા भिस् પ્રત્યયનો ऐस् આદેશ પ્રાપ્ત હતો, પરંતુ 'इदमदसो० १.४.३' સૂત્ર દ્વારા તે ક્ષેત્રવિસ્તાર સંકોચ પમાડી अक् સહિતના જ इदम् અને अदस् ના अ થી પરમાં રહેલા भिस् પ્રત્યયનો ऐस् આદેશ કરવા રૂપ નિયમ કરાયો. માટે તેને નિયમસૂત્ર કહેવાય.

(g) વિકલ્પ સૂત્ર - આદેશ, પ્રત્યયવિધાન, સંધિ, સન્ધ્યભાવ આદિ અનેક પ્રકારના કાર્યો સંભવતા હોય છે. આવા કાર્યોમાં જે સૂત્ર વિકલ્પને સૂચવે તેને વિકલ્પસૂત્ર કહેવાય. જેમકે 'सौ नवेतौ १.२.३८' સૂત્રમાં સંધિના અભાવરૂપ કાર્યનો વિકલ્પ સૂચવવામાં આવે છે, માટે તેને વિકલ્પસૂત્ર કહેવાય.

(h) સમુચ્ચય સૂત્ર - સમુચ્ચય એટલે જોડાણ. એક કાર્યની સાથે સાથે બીજા કાર્યને પણ જોડી આપતા સૂત્રને સમુચ્ચય સૂત્ર કહેવાય. જેમકે - 'शसोऽता सश्च० १.४.४९' સૂત્રમાં शस् પ્રત્યયના अ ની સાથે પૂર્વના સમાન સ્વરને દીર્ઘ આદેશના વિધાનરૂપ કાર્ય દર્શાવ્યું છે અને તેમાં પુંલિંગ નામ સાથે જો તે शस् પ્રત્યય જોડાયો હોય તો તેના स् ને न् આદેશના વિધાનરૂપ કાર્ય પણ જોડી દેવામાં આવ્યું છે. માટે 'शसोऽता सश्च०' સૂત્ર સમુચ્ચય સૂત્ર કહેવાય.

(i) અતિદેશ સૂત્ર - ***अतस्मिन् तद्धर्माऽऽपादकं सूत्रमतिदेशः***. જે સૂત્ર પોતે કોઈ કાર્યનું વિધાન ન કરતા બીજા સૂત્રોના કાર્યમાં ઉપદેશ આપે તેને અતિદેશ સૂત્ર કહેવાય. જેમકે - 'इदितो वा ८.४.१' સૂત્રમાં કહ્યું છે કે 'હવે પછીના સૂત્રોમાં જે ધાતુઓના છેડે इ ઈત્ દર્શાવ્યો હોય તે ધાતુઓને તત્સૂત્રીય કાર્ય વિકલ્પે થશે.' અહીં 'इदितो वा' સૂત્ર પોતે કોઈ નવા કાર્યનું વિધાન નથી કરતું, પરંતુ તેની પછીના સૂત્રોમાં દર્શાવેલા

इ ઈત્વાળા ધાતુઓને ઉદ્દેશીને તેમને તે સૂત્રસંબંધી કાર્યના વિકલ્પનો ઉપદેશ આપે છે. તેથી તેને અતિદેશસૂત્ર કહેવાય. અતિદેશ સાત પ્રકારે સંભવે છે, નિમિત્તાતિદેશ, વ્યપદેશાતિદેશ, તાદાત્મ્યાતિદેશ, શાસ્ત્રાતિદેશ, રૂપાતિદેશ, કાર્યાતિદેશ અને અર્થાતિદેશ. જે અંગે **શબ્દકૌસ્તુભ** આદિ ગ્રંથોથી જાણી લેવું.

(j) અનુવાદ સૂત્ર - ***प्रसिद्धस्य कथनमनुवादः.*** પ્રસિદ્ધ વસ્તુનું પુનઃ કથન કરવું તેને અનુવાદ કહેવાય. જે સૂત્ર પોતામાં કોઈ પ્રસિદ્ધ વસ્તુનું પુનઃ કથન કરતું હોય તેને અનુવાદ સૂત્ર કહેવાય. જેમકે સમૂહ અર્થમાં થતા પ્રત્યય 'षष्ठ्याः समूहे ६.२.९' વિગેરે સૂત્રોમાં પ્રસિદ્ધ છે. 'तयोः समूहवच्च० ७.३.३' સૂત્રમાં તે સમૂહ અર્થક પ્રત્યયોનું પુનઃ કથન કર્યું હોવાથી તે સૂત્રને અનુવાદ સૂત્ર કહેવાય.

આમ ૧૦ પ્રકારના સૂત્રો વર્ણવ્યા. તેમાં 'सिद्धिः स्याद्वादात्' એ અધિકાર સૂત્ર છે. જેનો અધિકાર આ વ્યાકરણ શાસ્ત્રની પરિસમાપ્તિ ન થાય ત્યાં સુધી ચાલશે.

(2) સિદ્ધિ બે પ્રકારની છે (૧) પરમાર્થ સિદ્ધિ → નય વિગેરેનાં બોધરૂપ ઉપાયને આધીન જે શબ્દાદિ તત્ત્વની 'શબ્દ નિત્ય છે, અનિત્ય છે' વિગેરે સ્વરૂપે પ્રતિપત્તિ; તે પરમાર્થસિદ્ધિ છે. (૨) વ્યવહાર સિદ્ધિ → શબ્દમાં કયો પ્રત્યય છે, કઈ પ્રકૃતિ છે, તેમનો અર્થ શું થાય છે વિગેરે વિભાગ સ્વરૂપ સિદ્ધિ વ્યવહાર સિદ્ધિ છે. બન્ને પ્રકારની સિદ્ધિ સ્યાદ્વાદથી થાય છે. સ્યાદ્વાદ અનેકાન્તવાદાત્મક છે, આથી બૃ. વૃત્તિમાં 'स्यादित्यव्ययमनेकान्तद्योतकम्' કહ્યું છે.

સ્યાદ્વાદ શબ્દમાં વર્તતો સ્યાદ્ અવ્યય અનેકાંતનો દ્યોતક છે વાચક નથી, કેમકે તે નિપાત[A] (અવ્યય) છે. જો સ્યાદ્ અવ્યયને અનેકાંતનો વાચક માનવામાં આવે તો સપ્તભંગીના 'स्यादस्त्येव' ભાંગાના પ્રયોગમાં વર્તતા સ્યાદ્ દ્વારા જ પ્રામાણ્ય (અનેકાંત) નો બોધ થઈ જતો હોવાથી અનેકાંતને જણાવવા अस्ति एव પદો મૂકવા નિરર્થક ઠરે અથવા તો પુનરુક્તિ દોષ આવે. આશય એ છે કે સ્યાદ્વાદ શબ્દ સ્થળે વાદ શબ્દ અનેકાંતવાદનો વાચક છે. હવે 'स्याद् रूपो वादः = स्याद्वादः' આમ શબ્દ સિદ્ધ થતો હોવાથી ત્યાં વાદ અંશથી 'અનેકાંતવાદ' અર્થનો બોધ થાય છે અને સ્યાદ્ અંશ તે અનેકાંતવાદ અર્થનો દ્યોતક બને છે. અર્થાત્ વાદ શબ્દમાં સુષુપ્તરૂપે પડેલા અનેકાંતવાદ રૂપ અર્થને સ્યાદ્ અવ્યય પ્રકાશમાં લાવવાનું કામ કરે છે.

અહીં શંકા થશે કે ''સ્યાદ્ અવ્યયનો અર્થ 'અનેકાંત' અને વાદ શબ્દનો અર્થ 'વાદ' કરીએ તો स्याद् रूपो वादः स्याद्वादः નો 'અનેકાંતવાદ' અર્થ પણ પ્રાપ્ત થશે અને સ્યાદ્ અવ્યયને 'અનેકાંત' અર્થનો વાચક પણ માની શકાશે.'' પરંતુ આ શંકા અસ્થાને છે, કેમકે અહીં અનેકાંતરૂપ વાદ કહ્યો હોવાથી વાદ શબ્દથી વાચ્ય વાદ એ અનેકાંતાત્મક જ છે. ફક્ત સ્યાત્ શબ્દના સહારે તેની અનેકાંતતા દ્યોતિત કરવામાં આવી છે.

(A) નિપાત દ્યોતક મનાયા છે તે અંગે વિશેષ જાણવા 'પા.સૂ. ૧.૨.૪૫ મ. ભાષ્ય-પ્રદીપ' તથા વા.પ. ૨/૧૯૪ વિગેરે શ્લોકો જોવા.

શંકા :- स्याद् इत्येतस्य वादः स्याद्वादः (અનેકાંતનો વાદ) આમ સ્યાદ્વાદ શબ્દને સાધવામાં આવે તો स्याद् શબ્દ અનેકાંતનો વાચક બનશે અને વાદ શબ્દ માત્ર 'વાદ' અર્થનો વાચક બનશે. આમ स्याद् શબ્દને અનેકાંતનો વાચક ગણાવી શકાશે.

સમાધાન :- જો આ રીતે स्याद् શબ્દને અનેકાંતનો વાચક માનવામાં આવે તો 'स्यादस्ति एव घटः' સ્થળે કેવળ स्याद् અવ્યયથી જ અનેકાંત જણાતો હોવાથી 'अस्ति एव' અંશ નિરર્થક ઠરે. વાત એમ છે કે કલિકાલ સર્વજ્ઞશ્રીના મતે 'स्यादस्त्येव घटः' વાક્ય અનેકાંતનો બોધ કરાવનાર પ્રમાણ વાક્ય[A] છે, કેમકે તેમાં अस्ति શબ્દ ઘટના અસ્તિત્વને જણાવે છે અને स्याद् શબ્દ નાસ્તિત્વ, અવક્તવ્યત્વ વિગેરે બાકીના ધર્મોનો આક્ષેપક બને છે. આમ આ વાક્ય વસ્તુનો પરિપૂર્ણ બોધ કરાવનાર હોઈ અનેકાંતનું બોધક પ્રમાણવાક્ય છે. હવે જો स्याद् અવ્યયને અનેકાંતનો વાચક માનવામાં આવે તો ઘટના અસ્તિત્ત્વ, નાસ્તિત્ત્વ, અવક્તવ્યત્વ વિગેરે અનેકાંતનો બોધ કરવામાં અપેક્ષિત સાતેય જિજ્ઞાસિત ધર્મોનો स्याद् અવ્યયથી જ બોધ થઈ જવાથી अस्ति एव પદો મૂકવા નિરર્થક ઠરે. અથવા કથિત વાતનું પુનઃ કથન થવાથી પુનરુક્તિ દોષ આવે. માટે स्याद् અવ્યયને અનેકાંતનો દ્યોતક જ માનવો ઉચિત ગણાય.

શંકા :- ક્રિયાપદ સદશ દેખાતો स्याद् નિપાત (અવ્યય) ગૌણપણે અનેકાંતનો દ્યોતક બને છે કે પ્રધાનપણે ?

સમાધાન :- ગૌણપણે.

શંકા :- જો તેમ માનો તો તેની બાજુમાં રહેલ अस्ति एव પદો ગૌણપણે જ અનેકાંતના વાચક બનવાનો પ્રસંગ આવે. કેમકે નિયમ છે કે ***'येनैव रूपेण वाचकं पदमभिधत्ते, तेनैव रूपेण निपातो द्योतयति***[B] તમે स्याद् ને ગૌણપણે દ્યોતક ત્યારે જ માની શકો, જો अस्ति પદ ગૌણપણે વાચક બનતું હોય.

સમાધાન :- स्याद् અવ્યય કોઈ પણ પદ દ્વારા વાચ્ય ન બનતા એવા અનેકાંતનું દ્યોતન કરે છે એમ માનશું.

(A) **'सदेव सत्स्यात्सदिति त्रिधाऽर्थो मीयेत दुर्नीतिनयप्रमाणैः'** કલિકાલસર્વજ્ઞશ્રીના આ વચનાનુસાર ઘટઃ सन्नेव (अस्ति एव घटः) આ દુર્નય વાક્ય છે, કેમકે एव કાર દ્વારા ઇતર ધર્મોનો પ્રતિક્ષેપ થાય છે. सन् घटः (अस्ति घटः) આ નય વાક્ય છે, કેમકે તે ઇતરાંશનું પ્રતિક્ષેપી નથી અને घटः स्यात् सन्नेव (स्यादस्ति एव घटः) આ પ્રમાણવાક્ય છે, કેમકે स्यात् પદ દ્વારા ઇતરધર્મોનો આક્ષેપ થાય છે. મહોપાધ્યાય શ્રી **યશોવિજયજી** મ. ના મતે स्यादस्ति एव घटः આ વાક્ય પ્રદેશ-પરમાણુના દૃષ્ટાંતથી નયવાક્ય છે, જ્યારે અસ્તિત્ત્વાદિ સાતે ધર્મનો બોધ કરાવનાર સપ્તભંગીના સમુદાયાત્મક વાક્ય પ્રમાણવાક્ય છે. આ અંગે વિશેષ જાણવા **પ્રમાણમીમાંસા** તથા **નયોપદેશ** ગ્રંથ અવલોકનીય છે.

(B) જે રૂપે (ગૌણ કે મુખ્યરૂપે) વાચક પદ અર્થનું અભિધાન કરે, તે જ રૂપે નિપાત તેનું દ્યોતન કરે.

શંકા :- બીજા શબ્દથી વાચ્ય બનતા અર્થનું જ દ્યોતન થઈ શકે. બીજો શબ્દ વાચક ન બનતો હોય છતાં અર્થ જાણાતો હોય તો વિવક્ષિત શબ્દ તે અર્થનો વાચક ગણાય, દ્યોતક નહીં.

સમાધાન :- તો અમે સ્યાદ્ ને પ્રધાનપણે અનેકાંતનો દ્યોતક માનશું.

શંકા :- એવું માનવું પણ નકામું છે, કેમકે સ્યાદસ્તિ એવ વિગેરે સ્થળે અસ્તિત્વાદિ ધર્મ તો સાક્ષાત્ (સ્પષ્ટપણે) અસ્તિ વિગેરે શબ્દથી જાણાઈ આવે છે, માટે તેમનું દ્યોતન કરવાનું રહેતું નથી અને નાસ્તિત્વાદિ ધર્મો ઉક્ત (વાચ્ય) ન થતા હોવાથી તેમનું દ્યોતન કરવાનું રહેતું નથી. કેમકે કોઈપણ શબ્દથી વાચ્ય ન થતા અર્થનું દ્યોતન ન થઈ શકે.

સમાધાન :- સ્યાદસ્તિ એવ ઘટઃ સ્થળે અસ્તિ પદ દ્વારા ઘટગત અસ્તિત્ત્વ ધર્મ પ્રધાનપણે વાચ્ય બનશે અને સ્યાદ્ નિપાત દ્વારા નાસ્તિત્વાદિ ધર્મો ગૌણપણે દ્યોતિત થશે. આમ પ્રધાન-ગૌણભાવે અનેકાંતનું દ્યોતન થઈ જશે. તથા એવ કાર અન્યયોગવ્યવચ્છેદક રૂપે સિદ્ધ થશે.

શંકા :- તમારી વાત બરાબર નથી. કેમકે અસ્તિ પદથી વાચ્ય ન બનતા નાસ્તિત્ત્વ વિગેરે ધર્મો (પદાર્થો) જો સ્યાદ્ અવ્યયથી દ્યોતિત થશે તો દુનિયાના બાકી બધા પદાર્થો (અસ્તિત્ત્વ સિવાયના) પણ દ્યોતિત થવાનો પ્રસંગ આવશે.

સમાધાન :- તેમ નહીં થાય. કેમકે સ્યાદસ્તિ એવ ઘટઃ સ્થળે જે અન્યયોગવ્યવચ્છેદાર્થક એવ કાર છે તેના દ્વારા સ્યાદ્ અવ્યયથી દ્યોતન થવાની બાબતમાં નાસ્તિત્ત્વ વિગેરે આવશ્યક ધર્મો સિવાયના બાકીના બધા પદાર્થોનો વ્યવચ્છેદ થશે. માટે દુનિયાના બધા પદાર્થો સ્યાદ્ અવ્યયથી દ્યોતિત થવાની આપત્તિ નહીં આવે.

શંકા :- જો એવ કાર દ્વારા બીજા બધા પદાર્થોનો વ્યવચ્છેદ થશે તો ભેગો નાસ્તિત્ત્વાદિ ધર્મોનો પણ વ્યવચ્છેદ થવાનો પ્રસંગ આવશે. કેમકે એવકાર દ્વારા બીજા પદાર્થોનો વ્યવચ્છેદ થાય અને નાસ્તિત્ત્વાદિ ધર્મોનો વ્યવચ્છેદ ન થાય તેની પાછળ એવી કોઈ યુક્તિ નથી. આમ નાસ્તિત્ત્વાદિ ધર્મોનું દ્યોતન ન થઈ શકવાથી સ્યાદ્ અવ્યય દ્વારા અનેકાંતનું દ્યોતન નહીં થઈ શકે.

સમાધાન :- હવે તમે અમારો નિષ્કૃષ્ટ જવાબ સાંભળો. 'સ્યાદસ્તિ એવ ઘટઃ' સ્થળે અસ્તિ પદ દ્વારા પ્રધાનપણે અસ્તિત્ત્વ ધર્મ વાચ્ય બનશે અને ગૌણપણે નાસ્તિત્ત્વાદિ ધર્મ વાચ્ય બનશે. સ્યાત્ અવ્યય પણ અસ્તિ પદથી વાચ્ય બનતા અસ્તિત્ત્વને પ્રધાનપણે દ્યોતિત કરશે અને નાસ્તિત્ત્વાદિ ધર્મોને ગૌણપણે દ્યોતિત કરશે. કેમકે ***'येनैव रूपेण वाचकं पदमभिधत्ते तेनैव रूपेण निपातो द्योतयति'*** નિયમ મુજબ અસ્તિ પદથી પ્રધાન-ગૌણપણે વાચ્ય બનતા અસ્તિત્ત્વ અને નાસ્તિત્ત્વાદિ ધર્મોનું સ્યાદ્ અવ્યય દ્વારા ક્રમશઃ પ્રધાન-ગૌણપણે દ્યોતન થઈ શકે છે.

આશય એ છે કે *'सर्वे सर्वार्थवाचकाः'* નિયમ મુજબ દરેક શબ્દ દરેક અર્થનો વાચક બની શકે છે. પરંતુ તે માટે તેની બાજુમાં દ્યોતક એવો કોઈ શબ્દ હોવો જરૂરી છે. દ્યોતક શબ્દ વાચક શબ્દમાં સુષુપ્તપણે પડેલા અર્થને પ્રકાશમાં લાવવાનું કામ કરે છે. માટે પ્રસ્તુતમાં દ્યોતક એવા સ્યાત્ શબ્દના સહારે અસ્તિ શબ્દ અસ્તિત્ત્વની સાથે સાથે નાસ્તિત્ત્વાદિ ધર્મોનો પણ વાચક બની શકે. હવે રહી વાત ગૌણ-પ્રધાનભાવની. તો શુદ્ધ દ્રવ્યાર્થિક નયની પ્રધાનતાએ વાત કરીએ તો ઘટનો અસ્તિત્ત્વ અંશ મુખ્ય બને, કેમકે દ્રવ્યાર્થિકનય વસ્તુની ધ્રુવતા-નિત્યતા અર્થાત્ અસ્તિત્ત્વને ભાર આપે છે અને અસ્તિત્ત્વના પ્રતિપક્ષી નાસ્તિત્ત્વાદિ ઈતરાંશો ત્યારે ગૌણ બને છે. ગૌણ બનવાનું કારણ દ્રવ્યાર્થિકનય પ્રધાનપણે નાસ્તિત્ત્વાદિ ધર્મોની બુદ્ધિમાં અર્પણા(ઉપસ્થિતિ) કરાવતો નથી અને પર્યાયાર્થિક નયને મુખ્યપણે માન્ય નાસ્તિત્ત્વાદિ ધર્મોનું નિરાકરણ (પ્રતિક્ષેપ) પણ કરતો નથી, અર્થાત્ ગૌણપણે ઊભો રહેવા દે છે. આમ પણ નાસ્તિત્ત્વાદિ ધર્મોને નિરપેક્ષ અસ્તિત્ત્વ શશશૃંગની જેમ સંભવતું નથી. અસ્તિત્ત્વ ધર્મ નાસ્તિત્ત્વાદિ ધર્મોને સાપેક્ષ છે[A], માટે અસ્તિત્ત્વના પ્રાધાન્યકાળે નાસ્તિત્ત્વાદિ ધર્મોને ગૌણપણે ઊભા રાખવા જરૂરી છે. આવા અવસરે સ્યાદ્ અવ્યય અસ્તિત્ત્વનું પ્રધાનપણે અને નાસ્તિત્ત્વાદિ ધર્મોનું ગૌણપણે દ્યોતન કરે છે. કેમકે અસ્તિ પદથી અસ્તિત્ત્વ ધર્મ પ્રધાનપણે અને નાસ્તિત્ત્વાદિ ધર્મો ગૌણપણે વાચ્ય બને છે. આગળ પણ કહેવાઈ ગયું છે કે વાચક પદથી અર્થ જે સ્વરૂપે વાચ્ય બન્યો હોય તે સ્વરૂપે જ નિપાત તેનું દ્યોતન કરી શકે છે, અન્ય સ્વરૂપે નહીં.

એવી જ રીતે પર્યાયાર્થિકનયની અપેક્ષાએ વિચારીએ તો 'स्यान्नास्ति एव घटः' વિગેરે સ્થળે ઘટના નાસ્તિત્ત્વાદિ અંશો મુખ્ય બનશે. કેમકે પર્યાયાર્થિક નય વસ્તુને પ્રતિક્ષણ ઉત્પાદ-વ્યયશીલ અર્થાત્ નાશવંત માને છે. તથા નાસ્તિત્ત્વાદિનો પ્રતિપક્ષી અસ્તિત્ત્વ રૂપ ઈતરાંશ ગૌણ બનશે, કારણ પર્યાયાર્થિકનય વસ્તુની અનિત્યતાના ઢાળવાળો હોવાથી તે અસ્તિત્ત્વ ધર્મની બુદ્ધિમાં અર્પણા (ઉપસ્થિતિ) કરાવતો નથી અને દ્રવ્યાર્થિકનયને મુખ્યપણે માન્ય અસ્તિત્ત્વ ધર્મનું નિરાકરણ પણ કરતો નથી, અર્થાત્ ગૌણપણે ઊભો રહેવા દે છે. આમ પણ અસ્તિત્ત્વ ધર્મનું નિરાકરણ કરવામાં આવે તો નાસ્તિત્ત્વાદિ ધર્મો અસત્ એવી કાચબાની રૂંવાટીની જેમ ઉત્પન્ન ન થાય. કેમકે વસ્તુનું નાસ્તિત્ત્વ *'अप्रसिद्धप्रतियोगिकाऽभावो नास्ति'*[B] નિયમ મુજબ તે વસ્તુના અસ્તિત્ત્વને આભારી હોવાથી અસ્તિત્ત્વ ધર્મને ગૌણપણે ઊભો રાખવો જરૂરી છે. આવા વખતે સ્યાદ્ અવ્યય આગળ કહ્યા મુજબ નાસ્તિત્ત્વાદિ ધર્મોનું પ્રધાનપણે અને અસ્તિત્ત્વ ધર્મનું ગૌણપણે દ્યોતન કરે છે.

(A) દુનિયામાં કોઈ વસ્તુનું નાસ્તિત્ત્વ (અવિદ્યમાનતા) પ્રાપ્ત ન થતું હોય તો અસ્તિત્ત્વ બતાવવાનું રહે નહીં. કેમકે નાસ્તિત્ત્વનો વ્યવચ્છેદ કરવાનો હોય તો જ અસ્તિત્ત્વનું સ્થાપન કરવું જરૂરી બને. એ જ રીતે નાસ્તિત્ત્વાદિ ધર્મો પણ અસ્તિત્ત્વને સાપેક્ષ સમજવા.

(B) જે વસ્તુનું અસ્તિત્ત્વ ન હોય તેનો અભાવ (નાસ્તિત્ત્વ) પણ ન મળે. શશશૃંગનું ક્યાંય અસ્તિત્ત્વ નથી, તો 'અહીં શશશૃંગનો અભાવ છે' એમ તેની અવિદ્યમાનતા પણ ન બતાવી શકાય.

શંકા :- પરંતુ આ રીતે સ્યાદ્ અવ્યય અસ્તિત્ત્વ-નાસ્તિત્ત્વ બંને ધર્મોનું દ્યોતન કરશે તો વિધ્યર્થીઓ (અસ્તિત્ત્વની અપેક્ષાવાળાઓ) ની પ્રતિષેધમાં (નાસ્તિત્ત્વમાં) પ્રવૃત્તિ અને પ્રતિષેધાર્થીઓની વિધિમાં પ્રવૃત્તિ થવાનો પ્રસંગ આવશે.

સમાધાન :- દ્રવ્યાર્થિકનયે અસ્તિત્ત્વની પ્રધાનતા રહે છે અને નાસ્તિત્ત્વાદિની ગૌણતા રહે છે. માટે તેને આશ્રયી વિધ્યર્થી વિધિમાં જ પ્રવર્તશે. તેવી રીતે પર્યાયાર્થિકનયે નાસ્તિત્ત્વાદિની પ્રધાનતા રહેતી હોવાથી નિષેધાર્થી પ્રતિષેધમાં જ પ્રવર્તશે. કેમકે નિયમ છે કે *'प्रधानानुयायिनो व्यवहारा भवन्ति'*. આમ ગૌણ-મુખ્યભાવ રહેતો હોવાથી તમે કહેલી આપત્તિ નહીં આવે.

(3) ઉપર સિદ્ધ કર્યું તે મુજબ સ્યાદ્ એ અનેકાંતનું દ્યોતક હોવાથી સ્યાદ્વાદનો અર્થ અનેકાંતવાદ થાય. નિત્યત્વ-અનિત્યત્વ, સત્ત્વ-અસત્ત્વ, સામાન્યત્વ-વિશેષત્વ, અભિલાપ્યત્વ-અનભિલાપ્યત્વ વિગેરે પરસ્પર અત્યંત વિરૂદ્ધ એવા અનેક ધર્મોનું એક કાળે એક વસ્તુમાં અસ્તિત્ત્વ સ્વીકારવું તે અનેકાંતવાદ.

શંકા :- એક જ વસ્તુના તે જ પ્રદેશોમાં એક જ કાળે પરસ્પર અત્યંત વિરૂદ્ધ એવા અક્રમભાવી (સાથે ન રહી શકે એવા) ધર્મો સાથે રહે એ શી રીતે ઘટે ? જે કાળે વસ્તુ વિદ્યમાન હોય તે જ કાળે તે વસ્તુ ગેરહાજર પણ હોય આ વાત શક્ય નથી. અર્થાત્ જે કાળે વસ્તુમાં અસ્તિત્ત્વ ધર્મ હોય તે જ કાળે તે જ વસ્તુના તે જ પ્રદેશોમાં નાસ્તિત્ત્વ ધર્મ પણ શી રીતે રહી શકે ? જો રહે તેવું માનીએ તો વિરોધ આવે અને તેથી સાંકર્ય દોષ પણ આવે.

સમાધાન :- ચોક્કસ અપેક્ષાને આશ્રયી બુદ્ધિમાં વસ્તુની જુદા-જુદા પ્રકારે ઉપસ્થિતિ(અર્પણા) થતી હોવાથી વિરોધ કે સાંકર્ય દોષ નહીં આવે. દા.ત. એક વ્યક્તિને દાહજ્વર થયો છે અને બીજી વ્યક્તિને શીતજ્વર. હવે તે બન્નેની વચ્ચે તાપણા માટે ખદિર વિગેરે સારભૂત ઈંધણથી પ્રજ્વલિત કરાયેલો વિશેષ પ્રકારનો અગ્નિ મૂકવામાં આવે તો દાહજ્વરથી પીડાતા શરીરવાળાની અપેક્ષાએ અગ્નિમાં સ્પષ્ટપણે દુઃખ આપવાની શક્તિ છે અને શીતજ્વરથી અભિભૂત શરીરવાળા વ્યક્તિની અપેક્ષાએ તે જ અગ્નિમાં પ્રગટપણે સુખ આપવાની શક્તિ છે. આમ પરસ્પર વિરોધી એવી આ બન્ને શક્તિઓનું એક જ અધિકરણ હોવા છતાં સાંકર્ય પણ નથી, શક્તિઓને રહેવાના દેશ કે કાળનો પણ ભેદ નથી, પરંતુ એક જ કાળે એક જ અગ્નિના એના એ જ પ્રદેશમાં જેમ પરસ્પર વિરૂદ્ધરૂપે મનાયેલી બન્ને શક્તિઓનો અવિરોધ દેખાય છે. તેમ એક જ વસ્તુમાં એક જ કાળે પરસ્પર વિરૂદ્ધ ધર્મ રહી શકે છે. સ્વરૂપ (સ્વપર્યાયની ઉપસ્થિતિ) ની અપેક્ષાએ વસ્તુમાં અસ્તિત્ત્વધર્મ અને પરરૂપ (પરપર્યાય) ની અપેક્ષાએ તેમાં જ નાસ્તિત્ત્વધર્મ માનવામાં કોઈ વિરોધ નથી. દ્રવ્યાર્થિકનયે વસ્તુમાં નિત્યત્વ છે, કેમકે પર્યાયો ફરવા છતાં મૂળથી દ્રવ્યનો નાશ થતો નથી અને વિનાશ (વ્યય) તથા પ્રાદુર્ભાવ (ઉત્પાદ)

ના સમાવેશથી અર્થાત્ પર્યાયાર્થિક નયે તે જ વસ્તુમાં અનિત્યત્વ રહી શકે છે. આમ બુદ્ધિમાં વિવિધ સ્વરૂપે ઉપસ્થિત થતા ધર્મો એક સાથે એક જ અધિકરણમાં વિરોધ નથી પામતા, તેથી સાંકર્ય દોષ પણ નથી આવતો. સાંકર્ય દોષ એટલા માટે નથી, કેમકે અગ્નિમાં વ્યક્તિવિશેષની અપેક્ષાએ સુખદાયકત્વ અને દુઃખદાયકત્વ આ વિરૂદ્ધ ધર્મો પૃથક્ અનુભવાય છે. જો બન્ને ધર્મોનું સાંકર્ય થાત તો દાહજ્વરવાળાને અગ્નિ સુખદાયકરૂપે અને શીતજ્વરવાળાને અગ્નિ દુઃખદાયકરૂપે પણ અનુભવાત. પરંતુ તેવું થતું નથી. આમ એક જ અધિકરણમાં અપેક્ષાભેદને લઈને પૃથક્ ભાસતા નિત્યત્વ-અનિત્યત્વ, અસ્તિત્ત્વ-નાસ્તિત્ત્વ વિગેરે વિરૂદ્ધ ધર્મો વચ્ચે પણ સાંકર્ય દોષ આવી શકશે નહીં. આ પ્રમાણે સ્યાદ્વાદરૂપી પ્રકાશથી ખૂલેલી જ્ઞાનચક્ષુવાળા અમારા પ્રત્યે તમારો ઠપકો શોભતો નથી અને ઉપર બતાવ્યા મુજબ સર્વવસ્તુને વિશે અનેકાંતાત્મકતા અવિરૂદ્ધ છે.

શંકા :- આ તો તમે એક વસ્તુ નિત્યત્વ-અનિત્યત્વ વિગેરે અનેક ધર્મોનું અધિકરણ બને છે એ વાત બતાવી. પણ વસ્તુની અનેકાંતાત્મકતા ક્યાં સાબિત કરી ? અથવા વસ્તુની અનેકાંતાત્મકતા હોવા છતાં તેનો પ્રતિપાદક શબ્દ સંભવતો નથી. જેમકે કહેવાયું છે કે 'અનંતધર્મવાળા ધર્મીના દરેક ધર્મનું ભિન્ન પ્રયોજન હોય છે.' અર્થાત્ स्यादस्ति एव घटः વિગેરે દરેક ભાંગાઓમાં ઘટમાં જે અસ્તિત્ત્વ વિગેરે ધર્મ બતાવવામાં આવે છે, તે ધર્મની દરેક ભાંગે ક્રમશઃ મુખ્યપણે સ્થાપનાનો ઉદ્દેશ હોવાથી મુખ્ય ધર્મોથી જુદા ગણાતા અન્ય ગૌણ ધર્મોને આશ્રયી દરેક ભાંગે વસ્તુની અનેકાંતાત્મકતા સાબિત કરી શકાય નહીં. કેમકે વસ્તુની અનેકાંતાત્મકતા (પ્રામાણ્ય) સાબિત કરવા દરેક ધર્મો સમાન રૂપે સિદ્ધ થવા જોઈએ, ગૌણ-મુખ્ય રૂપે નહીં.

સમાધાન :- તમે સમજ્યા નહીં. નયવાક્યમાં વસ્તુના ધર્મોમાં ભેદ મનાતો હોવાથી ભલે વિશેષતા (ગૌણ-મુખ્યતા) પ્રાપ્ત થતી હોય, પ્રમાણવાક્યમાં નહીં. પ્રમાણવાક્ય ભાવાર્થ (= વિધિ) અને વ્યવહાર (નિષેધ) ઉભયસ્વરૂપ હોવાથી જીવાદિતત્ત્વ સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ વિદ્યમાન અને પરદ્રવ્યાદિની અપેક્ષાએ નિષિદ્ધ; એમ દ્વિવિધ હોવા છતાં સકલરૂપે જ પ્રાપ્ત થાય છે. વિકલરૂપે પ્રાપ્ત થતું જીવાદિતત્ત્વ એકદેશરૂપ હોય છે. આશય એ છે કે નય વિવક્ષિત વસ્તુના અંશને (= પરસ્પર વિરોધી ધર્મો પૈકીના કોઈ એક ધર્મને) ગ્રહણ કરનારો હોય છે.[A] હવે વસ્તુમાં વર્તતા ધર્મોમાં જો અભેદની વિવક્ષા હોય તો નય દ્વારા કોઈ એક ધર્મનું ગ્રહણ થવું શક્ય ન બને. માટે નયને આશ્રયી વસ્તુના ધર્મોમાં ભેદની વિવક્ષા હોય છે. નય દ્વારા વસ્તુના એક ધર્મનું ગ્રહણ થાય ત્યારે વિવક્ષિત વસ્તુ એક પાસે મૂલવાતી હોવાથી તે વિકલરૂપે અર્થાત્ એકદેશરૂપે પ્રાપ્ત થાય છે. માટે જ વિકલાદેશને **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર** આદિ ગ્રંથમાં નયરૂપે બતાવ્યો છે. વસ્તુના અનંતધર્મોમાં ભેદ કે ભેદોપચારની વિવક્ષા હોય ત્યારે વસ્તુના અનંતધર્મોનું એકસાથે પ્રતિપાદન કરવું શક્ય નથી બનતું. આથી ક્રમશઃ વસ્તુના ધર્મોનું પ્રતિપાદન કરનાર વાક્યને વિકલાદેશ કહેવાય છે. નયને આશ્રયી વસ્તુની અનેકાંતાત્મકતા સિદ્ધ નથી થતી,

(A) प्रकृतवस्त्वंशग्राही तदितरांशाऽप्रतिक्षेप्ऽप्यवसायविशेषो नयः। (નય રહસ્ય)

કેમકે તે કોઈ એક જ ધર્મને મુખ્યપણે ગ્રહણ કરનારો હોય છે અને તમે બતાવેલો 'धर्मे धर्मेऽन्य०' શ્લોકાંશ પણ નયના સંદર્ભમાં છે. જ્યારે પ્રમાણ વસ્તુનો પરિપૂર્ણ (પરસ્પર વિરોધી ભાસતા એવા સમગ્ર અંશોનો) બોધ કરાવનાર હોય છે. વસ્તુના ધર્મોમાં જો ભેદની વિવક્ષા હોય તો પ્રમાણ દ્વારા વસ્તુનો પરિપૂર્ણ બોધ કરાવવા તેના સકલ ધર્મોનું યુગપદ્ (એકસાથે) ગ્રહણ શક્ય ન બને. માટે પ્રમાણ સ્થળે વસ્તુના ધર્મોમાં અભેદ કે અભેદોપચારની વિવક્ષા હોય છે. ભાવાર્થને આશ્રયીને અભેદની અને વ્યવહારને આશ્રયીને અભેદોપચારની વિવક્ષા હોય છે, જે આપણે આગળ સ્પષ્ટ કરીએ. આમ 'પ્રમાણ' ભાવાર્થ કે વ્યવહારને આશ્રયીને વસ્તુનો પરિપૂર્ણ બોધ કરાવતો હોવાથી કોઈપણ વસ્તુ સમગ્ર પાસે મૂલવાતી હોવાથી વસ્તુ સકલરૂપે પ્રાપ્ત થાય છે. માટે જ સકલાદેશ પ્રમાણ રૂપે સ્વીકારાયો છે. કાલાદિ અષ્ટક (આઠ) ને આશ્રયી વસ્તુના અનંત ધર્મોમાં અભેદ કે અભેદ ઉપચારની વિવક્ષા કરી વસ્તુના અનંત ધર્મોનું એકસાથે પ્રતિપાદન કરનાર વાક્યને સકલાદેશ કહેવાય છે. આમ પ્રમાણસ્થળે ધર્મો વચ્ચે અભેદ હોવાથી ધર્મોમાં ગૌણ-મુખ્યભાવનો પ્રસંગ ન રહેતા સમાનરૂપે ગ્રહણ કરાતા ધર્મોને લઈને વસ્તુની અનેકાંતાત્મકતા સિદ્ધ કરવી શક્ય છે. હવે આપણે ભાવાર્થ અને વ્યવહારને લઈને સકલાદેશને સમજીએ.

'ભાવાર્થ' વસ્તુને વિધિમુખે સ્થાપનારો છે, અર્થાત્ વિધિરૂપ છે, જેમકે सद्, द्रव्यम् વિગેરે. જ્યારે 'વ્યવહાર' પ્રતિષેધ રૂપ છે, જેમકે असद्, अद्रव्यम् વિગેરે[A]. તેમાં જ્યારે ભાવાર્થની પ્રરૂપણાને આશ્રયીને વિધિ મુખે सद्, द्रव्यम्, जीवः, धर्मास्तिकायः, अधर्मास्तिकायः, आकाशम्, कालः, मनुष्यः વિગેરે શબ્દોનો પ્રયોગ કરવામાં આવે ત્યારે (૧) કાળ, (૨) આત્મરૂપ, (૩) સંસર્ગ, (૪) ગુણિદેશ, (૫) અર્થ, (૬) સંબંધ, (૭) ઉપકાર અને (૮) શબ્દ; આ કાલાદિ અષ્ટકને આશ્રયીને અભેદને પામેલ વસ્તુનું ઉપરોક્ત सद्, द्रव्यम् વિગેરે શબ્દો દ્વારા કથન થવાથી પ્રમાણને આધીન સકલાદેશનો પ્રયોગ થવાના કારણે અનંતધર્માત્મક વસ્તુનું સકલસ્વરૂપે (સંપૂર્ણપણે) કથન થાય છે.

આશય એ છે કે 'ભાવાર્થ' ની પ્રધાનતા કરાય ત્યારે વસ્તુનું વિધિમુખે (અસ્તિ રૂપે) કથન થાય છે. અને 'વ્યવહાર' ની પ્રધાનતા કરાય ત્યારે વસ્તુનું નિષેધમુખે કથન થાય છે. જેમકે વિશ્વમાં પુદ્ગલ-કાલાદિ દ્રવ્ય, રૂપ-રસાદિ ગુણ ઈત્યાદિ અનેક સત્ વસ્તુઓ રહેલી છે. તે વસ્તુઓમાં જે કાળે સત્ત્વ ધર્મ રહ્યો છે, તે જ કાળે પુદ્ગલત્વ, કાલત્વ, રૂપત્વ વિગેરે અનંતા ધર્મો પણ યથાયોગ્ય રહેલા છે. આમ સમાનકાલીન હોવાથી કાલની અપેક્ષાએ સત્ત્વ ધર્મનો સર્વ ધર્મો સાથે અભેદ હોવાથી सत् શબ્દ સકલ सत् વિશેષનું પ્રતિપાદન કરવા સમર્થ બને છે. (કાલની જેમ આત્મરૂપાદિ સાતની અપેક્ષાએ પણ સત્ત્વ નો સર્વ ધર્મો સાથે અભેદ સર્વત્ર સમજી લેવો.) તે

(A) બૃ. ન્યાસમાં 'व्यवहारोऽसदद्रव्यं गुणः, पय (?) (द्रव्य) प्रतिषेधः।' આવો પાઠ છે. તેમાં 'गुणः, पय (?)' આટલો અંશ અશુદ્ધ જણાય છે, તેથી તેનો અર્થ નથી લખ્યો.

જ રીતે જગતમાં ઘટ, પટ, કટ એમ અનેક[A] દ્રવ્યો વૃત્તિ છે. તે દ્રવ્યોમાં જે કાળે દ્રવ્યત્વ ધર્મ રહ્યો છે, તે જ કાળે યથાસંભવ ઘટત્વ, પટત્વ, કટત્વાદિ અનંતા ધર્મો પણ રહેલા છે. તેથી કાલની અપેક્ષાએ દ્રવ્યત્વ ધર્મનો ઘટત્વાદિ ધર્મ સાથે અભેદ થતા દ્રવ્ય શબ્દ સકલદ્રવ્યવિશેષનું પ્રતિપાદન કરશે. આ જ પ્રમાણે વિચારતા જીવ શબ્દ સકલ જીવવિશેષનું પ્રતિપાદન કરે છે. ધર્મશબ્દ સકલ ધર્માસ્તિકાય વિશેષનું, અધર્મશબ્દ સકલ અધર્માસ્તિકાય વિશેષનું, આકાશ શબ્દ સકલ આકાશ વિશેષનું અને કાલ શબ્દ સકલ કાલ વિશેષનું કથન કરે છે. કારણ અહીં વસ્તુને વિધિ (અસ્તિ) રૂપે કથન કરનાર ભાવાર્થની પ્રધાનતા છે.

હવે 'વ્યવહાર' ની પ્રધાનતા અનુસાર વિચારીએ તો તે વસ્તુનું નિષેધમુખે કથન કરે છે. વળી 'વ્યવહાર' ભેદપ્રધાન છે, તેથી વસ્તુના ધર્મોમાં પરમાર્થથી અભેદ અસંભવિત હોવાથી અભેદોપચારની વિવક્ષા કરાય છે. જેમકે દરેક વસ્તુ સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ ભલે સત્ હોય, પરંતુ પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ અસત્ છે. તેથી વિવક્ષિત ઘટ પાર્થિવત્વેન સત્ છે, તો જલત્વેન અસત્ છે. પાટલિપુત્રકત્વેન સત્ છે, તો કાન્યકુબ્જાદિત્વેન અસત્ છે. શૈશિરત્વેન સત્ છે, તો વાસન્તિકાદિત્વેન અસત્ છે. શ્યામત્વેન સત્ છે, તો રક્તાદિત્વેન અસત્ છે. આમ ઘટત્વાદિ દરેક વસ્તુ સ્વરૂપે સત્ છે, પરરૂપે અસત્ છે. આમ પરરૂપે અસત્ એવી સર્વ વસ્તુમાં જે કાળે અસત્ત્વ ધર્મ રહ્યો છે, તે જ કાળે તેમાં ઘટત્વાદિ ધર્મો પણ રહ્યા છે. તેથી કાળ દ્વારા અસત્ત્વ અને બાકીના ધર્મોનો અભેદોપચાર કરવાથી અસત્ શબ્દ સકલ અસત્વિશેષ રૂપ તત્ત્વને જણાવશે. એ જ પ્રમાણે અદ્રવ્યમ્ અને અજીવઃ ઇત્યાદિ પ્રતિષેધવાચી શબ્દો ક્રમશઃ સકલ અદ્રવ્ય તત્ત્વ અને સકલ અજીવ તત્ત્વ વિગેરેને જણાવશે.

સ્યાત્ (= કથંચિત્) અવ્યય સત્-અસત્, દ્રવ્ય-અદ્રવ્ય વિગેરેના ઉપર જણાવેલા અર્થનું દ્યોતન કરે છે. તેથી 'સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ વસ્તુ સત્ છે. પરદ્રવ્યાદિની અપેક્ષાએ વસ્તુ અસત્ છે' એવો અર્થ પ્રાપ્ત થાય છે. એવ કારથી અન્યથાભાવનું નિરાકરણ થાય છે. અનિષ્ટ અર્થની નિવૃત્તિ એ એવકારનું ફળ છે. જો વાક્યમાં એવકારનો પ્રયોગ ન કરાય તો પરદ્રવ્યાદિની અપેક્ષાએ પણ વસ્તુ સત્ માનવાની આપત્તિ આવે. આમ 'स्याद् वस्तुतत्त्वम् एव' આ પ્રમાણવાક્ય કાલાદિ અષ્ટકને આશ્રયીને અભેદથી કે અભેદોપચારથી સકલવસ્તુવિશેષના સત્-અસત્ આદિ તત્ત્વનું કથન કરશે. કારણ એ (વાક્ય) ભાવાર્થ-વ્યવહાર ઉભયવાળું હોવાથી વિધિ-નિષેધની પ્રધાનતાએ યુગપત્ (એકસાથે) અર્થવિધાન કરે છે.

દ્રવ્યાર્થિક નયની પ્રધાનતા (અને પર્યાયાર્થિક નયની ગૌણતા) હોય ત્યારે વસ્તુત્વ વિગેરે તે તે ધર્મની શેષ સકલ ધર્મો સાથે કાલાદિ અષ્ટક દ્વારા અભેદવૃત્તિ હોવાથી તે બધા ધર્મો પ્રતિભાસે છે. તે કાલ વિગેરેનું સ્વરૂપ આ પ્રમાણે છે. (૧) **કાલ** - જે કાળે વસ્તુનું વસ્તુત્વ છે, તે કાળે જ એ વસ્તુમાં સકલવસ્તુવિશેષો (ધર્મો) છે.

(A) બૃ. ન્યાસમાં 'अद्रव्यगुणाद्यात्मकं च' અંશ તથા 'जीवपर्यायरूपाजीवविशेषात्मकं च' અંશનો ઉલ્લેખ કેમ કર્યો છે, તે સમજાતું નથી. વિદ્વાનો વિચારે.

કારણ વસ્તુગતસકલધર્મો વસ્તુત્વને વ્યાપક હોય છે. તેથી એકત્ર સમાનકાલીન હોવાથી કાલથી વસ્તુત્વ અને સકલવસ્તુધર્મોનો અભેદ છે. (૨) **આત્મરૂપ** - આત્મરૂપ એટલે સ્વરૂપ. જેમ વસ્તુત્વ એ વસ્તુનું સ્વરૂપ છે, તેમ સકલ વસ્તુધર્મો પણ વસ્તુનું સ્વરૂપ છે. આમ સ્વરૂપની અપેક્ષાએ બધા ધર્મો સમાન હોવાથી પરસ્પર અભિન્ન છે. (૩) **સંસર્ગ** - વસ્તુનો વસ્તુત્વધર્મ સાથે જેવો સંસર્ગ છે, તેવો જ અન્ય સઘળા ધર્મો સાથે છે. વસ્તુધર્મોથી સહિત વસ્તુ જ સારી રીતે જોડાણ (सम् + सृज्) એટલે કે સંસર્ગ પામે છે. આમ સંસર્ગની અપેક્ષાએ પણ બધા ધર્મોનો અભેદ છે. (૪) **ગુણિદેશ** - વસ્તુત્વ ગુણના ગુણી (= વસ્તુ)નો જે દેશ (ક્ષેત્ર) છે, તે જ દેશ વસ્તુના અન્ય ધર્મોના ગુણીનો છે. તેથી ગુણિદેશની અપેક્ષાએ પણ અભેદ છે. (૫) **અર્થ** - જે રીતે વસ્તુત્વનું અધિકરણ વસ્તુ અર્થ (દ્રવ્ય) છે, તે જ રીતે વસ્તુના સકલ ધર્મોનું અધિકરણ પણ એ જ અર્થ છે. આમ અર્થથી પણ વસ્તુત્વ ધર્મ અને વસ્તુગત સકલધર્મોનો અભેદ છે. (૬) **સંબંધ** - વસ્તુમાં વસ્તુત્વનો જે અવિષ્વગ્ભાવરૂપ સમવાય (કથંચિત્ તાદાત્મ્ય) સંબંધ છે, એ જ બાકીના સકલ ધર્મોનો પણ છે. આમ એક જ સંબંધથી રહેલાં હોવાના કારણે એ દરેક ધર્મો અભિન્ન છે. (૭) **ઉપકાર** - વસ્તુમાં અર્થક્રિયાના સામર્થ્ય રૂપ જે ઉપકાર વસ્તુત્વધર્મ દ્વારા કરાય છે, તે જ ઉપકાર સકલ ધર્મો વડે પણ કરાતો હોવાથી ઉપકારથી પણ બધા ધર્મોમાં અભેદ છે. (૮) **શબ્દ** - જેમ વસ્તુ શબ્દ વસ્તુત્વધર્મનું પ્રતિપાદન કરે છે. તેમ વસ્તુગત શેષ સઘળા ધર્મોનું પણ પ્રતિપાદન કરે છે. કારણ કે શેષ ધર્મો વિના વસ્તુમાં વસ્તુત્વ અનુપપન્ન (અઘટમાન) છે. આમ દરેક ધર્મો એક શબ્દથી વાચ્ય હોવાથી પરસ્પર અભિન્ન છે.

પર્યાયાર્થિક નયની પ્રધાનતા (અને દ્રવ્યાર્થિક નયની ગૌણતા) હોય ત્યારે દરેક ધર્મો પરસ્પર ભિન્ન હોવાથી પરમાર્થથી કાલાદિ દ્વારા તે ધર્મોમાં ભેદ જ છે, પરંતુ ધર્મ-ધર્મી વચ્ચે અભેદોપચાર કરવાથી વસ્તુ શબ્દ યુગપત્ સકલધર્મથી વિશિષ્ટ વસ્તુ પદાર્થનું અભિધાન કરતો હોવાથી સકલાદેશ[A] (પ્રમાણવાક્ય) માનવામાં વિરોધ નથી. તેથી 'स्याद् वस्तु' ઇત્યાદિ શબ્દ અનેકાંતાત્મક તત્ત્વનું પ્રતિપાદન કરે છે, માટે અનંતરૂપાત્મક વસ્તુના વાચક એવા શબ્દનો અસંભવ નથી. સકલાદેશ વાક્યથી યુગપત્ સકલ ધર્મોનું એટલે કે સંપૂર્ણ વસ્તુનું કથન શક્ય છે.

સકલાદેશ વાક્ય સાત પ્રકારે છે. (૧) स्यादस्त्येव. વિવક્ષિત વસ્તુ કથંચિત્ છે જ. (૨) स्यान्नास्त्येव. વિવક્ષિત વસ્તુ કથંચિત્ નથી જ. (૩) स्यादवक्तव्यमेव. વસ્તુમાં વિધિ-નિષેધ ધર્મની એક સાથે કલ્પના કરાય ત્યારે વસ્તુ કથંચિત્ અવક્તવ્ય જ છે. (૪) स्यादस्तिनास्त्येव. ક્રમશઃ વિધિ અને નિષેધની કલ્પના કરાય તો વસ્તુ કથંચિત્ છે જ, કથંચિત્ નથી જ. અર્થાત્ વસ્તુ અસ્તિત્ત્વ અને નાસ્તિત્ત્વ બંને ધર્મથી યુક્ત છે. (૫) स्यादस्त्यवक्तव्यमेव. વસ્તુમાં વિધિની અને એક સાથે વિધિ-નિષેધની કલ્પના કરાય ત્યારે વસ્તુ કથંચિત્ છે જ અને કથંચિત્ અવક્તવ્ય

(A) तत्र सकलादेशः प्रमाणवाक्यम्। (स्याद्वादमञ्जरी, काव्य-२३)

જ છે. (૬) स्यान्नास्त्यवक्तव्यमेव. વસ્તુમાં નિષેધની અને યુગપત્ વિધિ-નિષેધની કલ્પના કરવામાં આવે તો વસ્તુ કથંચિત્ નથી જ અને કથંચિત્ અવક્તવ્ય જ છે. (૭) स्यादस्तिनास्त्यवक्तव्यमेव. વસ્તુમાં ક્રમશઃ વિધિ, નિષેધ અને યુગપત્ વિધિ-નિષેધની કલ્પના કરવામાં આવે તો વસ્તુ કથંચિત્ છે જ, કથંચિત્ નથી જ અને કથંચિત્ અવક્તવ્ય જ છે.

જીવાદિ દરેક પદાર્થમાં અનંતા પર્યાયો (ધર્મો) રહેલા છે. તે દરેક પર્યાયને લઈને (વિધિ-નિષેધ દ્વારા) સપ્તભંગી બની શકે છે. માટે દરેક પદાર્થના વિષયમાં અનંતી સપ્તભંગીઓ બની શકશે. આથી જ ***'प्रतिपर्यायं सप्तभङ्गी'*** (વસ્તુના દરેક પર્યાયને લઈને સપ્તભંગી થાય છે) એવું શાસ્ત્રવચન છે.

શંકા :- જો વસ્તુના દરેક પર્યાયને લઈને સપ્તભંગી થાય છે, તો ઘટાદિ પદાર્થના અસ્તિત્ત્વના વિષયમાં સંશયિત માનસવાળી વ્યક્તિને 'અસ્તિત્ત્વ' પર્યાયનું પ્રત્યાયન કરાવવા માટે તમારે સપ્તભંગીનો પ્રયોગ કરવો જોઈએ. તેથી જેમ स्यादस्त्येव પદનો પ્રયોગ કરો છો, તેમ स्यान्नास्त्येव ઈત્યાદિ છ પદોનો પ્રયોગ પણ કરવો જોઈએ.

સમાધાન :- એવું નથી. स्यादस्त्येव વાક્યગત स्यात् (કથંચિત્) શબ્દથી શેષ છ પદોનું દ્યોતન થાય જ છે. મતલબ કે જ્યારે કો'ક વ્યક્તિને કોઈક વસ્તુના વિધિ (અસ્તિત્ત્વ) વિષયક ઉઠેલા વિવાદને દૂર કરવા સ્યાદ્વાદી વ્યક્તિ स्यादस्त्येव એવો વિધિનો વિકલ્પ ઉચ્ચારે છે, ત્યારે તે વસ્તુના નિષેધ (નાસ્તિત્ત્વ) વિગેરે કરનારા બાકીના છએ વિકલ્પો स्यात् શબ્દથી જાણાઈ જવાના કારણે તે વિકલ્પોનો પુનઃ પ્રયોગ કરવો ઉચિત નથી. કારણ એ છ વિકલ્પોના વિષયમાં વિવાદીને કોઈ શંકા નથી. જો એ છ વિકલ્પોના વિષયમાં પણ વિવાદ હોય તો ક્રમશઃ स्यान्नास्त्येव ઈત્યાદિ છ વિકલ્પોનો પ્રયોગ કરવામાં પણ કોઈ દોષ નથી.

જેથી ''જીવાદિ વસ્તુના વિષયમાં અસ્તિત્ત્વ વિગેરે ધર્મ વિષયક પ્રશ્નના સમાધાન રૂપે, પ્રત્યક્ષ અને અનુમાનપ્રમાણને વિરોધ ન આવે એ રીતે, પૃથગ્ રૂપે કે સમુદિત રૂપે વિધિ-નિષેધને લઈને સાત પ્રકારે કરાતી કલ્પના (વચન વિન્યાસ) એ સપ્તભંગી છે.'' આવું શાસ્ત્રવચન છે, તેથી દરેક સ્થળે અર્થવાળું વાક્ય स्यात् થી લાંછિત અને एव સહિત માનવું. જેમકે 'सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः' (तत्त्वार्थसूत्र, અ૦૧, સૂ૦૧) વિગેરે શાસ્ત્રવાક્યોમાં કે ઘટમાનય ઈત્યાદિ લૌકિકવાક્યોમાં વક્તાના અભિપ્રાયવશ કે અર્થના સામર્થ્યથી स्यात् અને एव કાર જાણાતા હોવાથી તેમના પ્રયોગ નથી કરાતા. તેથી स्यात् કે एव કાર રહિત શાસ્ત્રવાક્યો કે લૌકિકવાક્યોના પ્રામાણ્ય બાબતે વિરોધ પણ નથી.

"सदेव सर्वं को नेच्छेत् स्वरूपादिचतुष्टयात्"। (आप्तमीमांसा - श्लो० १५) (અર્થ = સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ ચતુષ્ટયની અપેક્ષાએ ચેતન કે અચેતન બધી વસ્તુ સત્ રૂપ જ છે, એવું કોણ નહીં માને ? સર્વથા

એકાંતવાદી પણ આનો સ્વીકાર કરશે જ. કારણ કે પ્રતીતિનો અપલાપ કરવો શક્ય નથી.) ઇત્યાદિ સ્થળે 'स्वरूपादिचतुष्टयात्' વચનના ઉલ્લેખથી स्यात् શબ્દાર્થનો બોધ થતો હોવાથી તેનો સાક્ષાત્ પ્રયોગ નથી કર્યો. જેમ 'कथञ्चित् ते सदेवेष्टम्' ઇત્યાદિસ્થળે स्यात् નો સાક્ષાત્ ઉલ્લેખ ન હોવા છતાં 'कथञ्चित्' શબ્દથી स्यात् નો પ્રયોગ જણાય છે.

હવે બૃહદ્વૃત્તિની 'स्याद्वादोऽनेकान्तवादः...' પંક્તિના દરેક પદનો ટુકડે ટુકડે અર્થ કરી બતાવે છે. પદોની નિષ્પત્તિ બૃ. ન્યાસમાં કરી બતાવી છે ત્યાંથી જોવી.

अनेकान्तवादः – अमति = गच्छति धर्म्मिणम् વ્યુત્પત્તિ मुञ्च अम् ધાતુને त પ્રત્યય લાગી अन्त શબ્દ બને. તેથી જે ધર્મીને અનુસરે એવા ધર્મોને અન્ત કહેવાય. न एकः = अनेकः, अनेकोऽन्तो यस्य सः = अनेकान्तः અર્થાત્ જેને નિત્ય-અનિત્યાદિ અનેક ધર્મો વર્તે છે તેને અનેકાંત કહેવાય. આવા અનેકાંતના યથાવસ્થિત પ્રતિપાદનને અનેકાંતવાદ કહેવાય.

नित्याऽनित्याद्यनेकधर्म्मशबलैकवस्त्वभ्युपगमः – જેનો આદિ કે અંત ન મળતો હોય અર્થાત્ જગતમાં જેની સત્તા કાયમી હોય તેને નિત્ય કહેવાય અને જે કાયમી ન હોય તેને અનિત્ય કહેવાય. જેનાથી અર્થનું ગ્રહણ થાય તેને આદિ કહેવાય. અહીં આદિ થી વસ્તુના સામાન્યાદિ સહભાવી પર્યાયો (ધર્મો) તથા રૂપાદિ નવા-પુરાણા વિગેરે ક્રમભાવી પર્યાયોનું ગ્રહણ થાય છે. જે ધર્મીને અધર્મી બનતા (= પોતાનું સ્વરૂપ ગુમાવતા) અટકાવે છે, તેને ધર્મ કહેવાય. ધર્મ એટલે વસ્તુના સહભાવી અને ક્રમભાવી પર્યાયો. ધર્મી અનંત ધર્મોના સમુદાય રૂપ હોવાથી ધર્મ વિના ધર્મીનું સ્વરૂપ ટકી ન શકે માટે ધર્મની આવી વ્યુત્પત્તિ બતાવી છે. વિરૂદ્ધ ધર્મો વડે જે એકસાથે વિવિધ પરિણામને પામે તેને શબલ કહેવાય. જે અભેદને પામે તેને એક કહેવાય. જેમાં સામાન્ય પર્યાયો અને વિશેષ પર્યાયો (ધર્મો) વસે તેને વસ્તુ કહેવાય.

પંક્તિનો સળંગ અર્થ આ પ્રમાણે થશે - સ્યાદ્વાદ એટલે અનેકાંતવાદ (અનેક ધર્મોવાળી વસ્તુનું પ્રતિપાદન). અર્થાત્ નિત્ય-અનિત્ય વિગેરે વિરુદ્ધ સહભાવી અને ક્રમભાવી પર્યાયો (ધર્મો) વડે વિવિધ પરિણામને પામનારી જે એક વસ્તુ, તેનો પ્રમાણને વિરોધ ન આવે એ રીતનો સ્વીકાર.

ભિન્ન ભિન્ન અપેક્ષાએ નિત્યાનિત્યાદિ અનેકધર્મોથી શબલ એવી એક વસ્તુનો પ્રમાણ અવિરુદ્ધ (નિત્યા-નિત્યાદિ અનેક ધર્મોથી વિશિષ્ટરૂપે) સ્વીકાર કરવો તે અનેકાંતવાદ છે. વ્યાવહારિક એવા સમ્યક્ શબ્દોની સિદ્ધિ (એટલે કે ઉત્પત્તિ અથવા જ્ઞપ્તિ) અનેકાન્ત વિના શક્ય નથી.

(4) એક જ વર્ણને **(a)** હ્રસ્વત્વ-દીર્ઘત્વ વિધિઓ થવી, **(b)** એક જ પદને કર્તાદિ અનેકકારકતા પ્રાપ્ત થવી, **(c)** સામાનાધિકરણ્ય કે **(d)** વિશેષણ-વિશેષ્યભાવ વિગેરે થવા એ સ્યાદ્વાદ વગર શક્ય નથી.

(a) હ્રસ્વ-દીર્ઘાદિ વિધિ → જો વર્ણ વિગેરે એકાંતે નિત્ય માનીએ તો કોઈપણ વર્ણને હ્રસ્વ (કે દીર્ઘ) વિધિ નહીં થઈ શકે, કારણ કે પૂર્વધર્મની નિવૃત્તિ થાય તો ત્યાં હ્રસ્વાદિ વિધિ સંભવે. હ્રસ્વાદિ વિધિ પૂર્વધર્મની નિવૃત્તિપૂર્વક થાય છે. એકાંતે નિત્ય વર્ણને પૂર્વધર્મની નિવૃત્તિ હોય નહીં.

જો વર્ણાદિ એકાંતે અનિત્ય માનીએ તો વર્ણ ઉત્પત્તિની બીજી જ ક્ષણે તેનો વિનાશ થતો હોવાથી પછી હ્રસ્વાદિવિધિ કોની કરવાની ? તેથી અનેકાંતવાદનો આશ્રય લઈએ કે 'વર્ણરૂપે વસ્તુ નિત્ય છે અને હ્રસ્વાદિ ધર્મરૂપે તે અનિત્ય છે' તો આપત્તિ નહીં આવે.

(b) અનેક કારક સંનિપાત → સ્વ[A] કે પર[B] રૂપ આશ્રયમાં સમવેત[C] એવી જે ક્રિયા, તેને પેદા કરવાનું દ્રવ્યનું જે સામર્થ્ય, તેને કારક કહેવાય છે. (ક્રિયાસિદ્ધિમાં ભાગ લેતી વ્યક્તિ કે પદાર્થનો વાચક જે 'શબ્દ' હોય, તેને પણ કારક કહેવાય છે.) તે કર્તા કારક, કર્મ કારક વિગેરે ભેદે ૬ પ્રકારનો છે. એક જ શબ્દમાં કર્તા વિગેરે કારકની સાથે ક્યારેક કર્મ વિગેરે કારકની એકસાથે ઉપલબ્ધિ પણ જોવા મળતી હોય છે. જેમકે - पीयमानं मधु मदयति (પીવાતું એવું મધ તૃપ્તિ કરે છે.), અહીં મધુ એ पीयमानम् (પાનક્રિયા) ની અપેક્ષાએ કર્મકારક છે, જ્યારે मदयति (મદનક્રિયા) ની અપેક્ષાએ કર્તાકારક છે. મધુ એ નું એ જ હોવા છતાં ત્યાં કર્તા અને કર્મ એ બન્ને કારકનું એક કાળે અસ્તિત્વ જોવા મળે છે.

એવી રીતે 'वृक्षमारुह्य ततः (= वृक्षात्) फलान्यवचिनोति' (વૃક્ષ ઉપર ચડીને ત્યાંથી ફળોને ચૂંટે છે) સ્થળે એકનું એક વૃક્ષ આરૂઢ થવાની ક્રિયાની અપેક્ષાએ કર્મ કારક છે અને ચૂંટવાની ક્રિયાની અપેક્ષાએ ફળોના અપાય (વિશ્લેષ) માં અવધિભૂત સ્થાન હોવાથી અપાદાન કારક છે. તથા 'विषयेभ्योऽबिभ्यदनात्मज्ञस्तेभ्य एवात्मानं प्रयच्छंस्तैरेव बन्धमाप्नोति' (વિષયોથી નહીં ડરતો અનાત્મજ્ઞ વ્યક્તિ પોતાની જાત તે વિષયોને જ સમર્પિત કરતો તેઓ (વિષયો) વડે બંધને પામે છે) સ્થળે એકના એક વિષયો અપાદાન કારક, સંપ્રદાન કારક અને કરણ કારક બને છે તથા અનાત્મજ્ઞ વ્યક્તિ કર્તાકારક અને કર્મકારક બને છે.

જો અહીં 'મધુ' કારકને એકાંતે નિત્ય માનો તો કર્મકારકતાને પામેલો એવો તે શબ્દ કર્તાકારક રૂપ અવસ્થાન્તરની અભિવ્યક્તિ શી રીતે કરી શકે ?. જો તેવી અભિવ્યક્તિ નહીં માનો તો मदयति અને મધુ વચ્ચે જે સાધ્ય-સાધનરૂપ કારક વ્યવહાર છે તે લોપ પામશે. આમ મધુ કારકને એકાન્તે નિત્ય ન માનો તો જ અનેક કારક સંનિપાત સંભવે. આ જ પ્રમાણે બાકીના બે સ્થળે પણ સમજવું.

(A) चैत्रो गच्छति, અહીં ગમનક્રિયા સ્વ (ચૈત્ર) સ્વરૂપ આશ્રયમાં સમવેત છે.

(B) चैत्रस्तण्डुलान् पचति, અહીં પાકક્રિયા પર (તંદુલ) માં સમવેત છે.

(C) સમવેત એટલે સમવાય સંબંધથી રહેલી.

હવે એકાંતે અનિત્ય માનો તો પણ ઘટમાનતા થઈ શકે એમ નથી. તે આ રીતે - સૌ પ્રથમ તો કર્તા સ્વતંત્ર હોય છે અને તે "આ ફળ (કાર્ય) છે, આ તેને લગતી ક્રિયા છે, આ તે ક્રિયાનું કરણ છે, આ કાર્ય સાધવાનો ક્રમ છે, કાર્ય સાધવામાં આટલો વ્યય થાય એમ છે, આ આનુસાંગિક ફળ છે, મારી આ દશા છે, આ મારો મિત્ર અને આ શત્રુ છે. હાલ આ દેશ-કાળ છે આ પ્રમાણે વિચારણા કરતો કુશળ વ્યક્તિ કાર્યમાં પ્રયત્ન કરી શકે છે, બીજો નહીં." આવા (વૈચારિક) સામર્થ્યવાળો અને અન્ય કારકોનો પ્રયોક્તા (પ્રવર્તાવનાર) હોય છે. હવે જો વસ્તુને એકાંતે અનિત્ય માનો તો ઉત્પન્ન થઈને બીજી ક્ષણે જ જે વિનાશ પામે છે તેનામાં ક્રિયા પેદા કરવાનું સામર્થ્ય ન ઘટવાથી તેને કારકપણું જ જ્યાં પ્રાપ્ત નથી, ત્યાં અનેક કારકના સંનિપાતની તો વાત જ ક્યાં કરવી ?. તેથી અહીં નિત્યાનિત્યાત્મક સ્યાદ્વાદ અંગીકાર કરવો, જેથી આ આપત્તિ ન આવે.

(c) [A]સામાનાધિકરણ્ય → ભિન્નપ્રવૃત્તિનિમિત્તક એવા શબ્દોનું એક અર્થમાં વર્તવું તેને સામાનાધિકરણ્ય કહેવાય. જેમકે - 'नीलं कमलम्'. અહીં નીલ શબ્દનું પ્રવૃત્તિનિમિત્ત નીલ ગુણ છે, જ્યારે કમલ શબ્દનું [B]પ્રવૃત્તિ-નિમિત્ત કમલત્વ જાતિ છે. આમ બન્ને શબ્દના પ્રવૃત્તિનિમિત્ત ભિન્ન હોવા છતાં બન્ને શબ્દ 'કમળ' અર્થના વાચક છે. નીલ શબ્દ પણ નીલગુણવિશિષ્ટનો (કમળનો) વાચક છે અને કમલ શબ્દ પણ કમળ પદાર્થનો વાચક છે. આમ નીલ અને કમલ શબ્દ વાચ્યતા સંબંધથી કમળપદાર્થમાં રહેતા હોવાથી તે બન્નેમાં સામાનાધિકરણ્ય છે.

હવે નીલ અને કમલ શબ્દને એકાંતે ભિન્ન માનશો તો ઘટ અને પટ શબ્દ એકાંતે ભિન્ન હોવાથી જેમ વાચ્યતા સંબંધથી એક અર્થમાં વર્તતા નથી, પરંતુ ક્રમશઃ ઘટપદાર્થ અને પટપદાર્થમાં વર્તે છે, તેમ નીલ અને કમલ શબ્દ પણ 'કમળ' રૂપ એક અર્થમાં ન વર્તતા ભિન્નપદાર્થમાં વર્તવા રૂપ આપત્તિ આવશે.

શંકા :- નીલ અને કમલ શબ્દને એકાંતે અભિન્ન માનીએ, પછી તો તેઓ એક અર્થમાં વર્તશે ને ?

સમાધાન :- પ્રવૃત્તિનિમિત્ત જો ભિન્ન હોય તો શબ્દ પણ ભિન્ન જ હોય. નીલ ગુણ અને કમલત્વ જાતિ રૂપ પ્રવૃત્તિનિમિત્ત ભિન્ન હોવાથી તત્પ્રવૃત્તિનિમિત્તક એવા નીલ અને કમલ શબ્દ ભિન્ન જ માનવા પડે. તેથી તમે કહ્યાં પ્રમાણે ત્યાં એકાંતે અભેદ માની શકાતો નથી. હવે અભિન્ન એવા પ્રવૃત્તિનિમિત્તનું (નીલ ગુણનું) ગ્રહણ કરવા જશો તો नीलं नीलम् એવો પ્રયોગ પ્રાપ્ત થશે, જે થઈ શકતો નથી. વળી, નીલ શબ્દથી જ જો 'કમળ' પદાર્થની પ્રતીતિ થઈ જાય છે, તો કમલ શબ્દનો પ્રયોગ અનર્થક થવાની આપત્તિ પણ આવશે.

(A) **विभिन्नविभक्तिराहित्ये सति अभेदेनैकार्थबोधजनकत्वम् सामानाधिकरण्यम्** इति शाब्दिकाः।

(B) વાચ્યપદાર્થમાં રહેલ કો'ક ધર્મ વાચ્યપદાર્થના વાચક એવા શબ્દની પ્રવૃત્તિ (પ્રયોગ) થવામાં નિમિત્ત બને છે. તેથી વાચ્યપદાર્થમાં રહેલા ધર્મને શબ્દનું 'પ્રવૃત્તિનિમિત્ત' કહેવાય છે.

(d) વિશેષણ-વિશેષ્યભાવ → 'વસ્તુ એકાંતે સત્ જ હોય' એવો એકાંતવાદ સ્વીકારો તો વિશેષણ-વિશેષ્યભાવના અભાવનો પ્રસંગ આવે. તે આ રીતે - વિશેષણ કરતા વિશેષ્ય કથંચિત્ અર્થાન્તર (અન્યપદાર્થ) રૂપ હોય છે. વસ્તુ સદેવ ; અહીં અસ્તિત્વ (સત્તા) વિશેષણ છે અને વસ્તુ વિશેષ્ય છે.

હવે વસ્તુ શું અસ્તિત્વ પદાર્થ જ છે કે અસ્તિત્વ થી અન્ય પદાર્થ છે ? **(i)** વસ્તુ એ અસ્તિત્વ પદાર્થ જ માનશો તો વસ્તુ એ અસ્તિત્વ નું વિશેષ્ય નહીં બની શકે. કારણ કે પોતે જ પોતાનું વિશેષ્ય ક્યારેય ન બને. હવે વસ્તુ વિશેષ્ય ન બને તો અસ્તિત્વ તેનું વિશેષણ પણ ન બની શકે. કેમકે વિશેષણ તેને કહેવાય કે જે વિશેષ્યને વિશેષિત કરે. **(ii)** 'વસ્તુ એ અસ્તિત્વ પદાર્થથી અન્ય જ છે' એવું માનશો તો વસ્તુ સિવાયના જે કોઈ છે, તે બધા જ અન્યત્વેન અવિશેષ (સમાન) હોવાથી તે બધા વસ્તુ ના વિશેષણ થવાનો પ્રસંગ આવશે. તેથી અસ્તિત્વ ની જેમ નાસ્તિત્વ વિગેરે પણ વસ્તુ નું વિશેષણ બનશે. તેથી વસ્તુ સદેવ એવું નહીં કહી શકો.

શંકા :- વસ્તુ માં અસ્તિત્વ પદાર્થ (નાસ્તિત્વ નહીં) સમવાય સંબંધથી રહેલો હોવાથી તે બન્નેનો જ વિશેષણ-વિશેષ્યભાવ પ્રતિનિયત છે, બીજાનો નહીં. હવે ક્યાં આપત્તિ ઊભી રહી ?

સમાધાન :- વસ્તુ એ સમવાય પદાર્થ જ છે કે સમવાય થી અન્ય છે ? જો 'અન્ય જ છે' એવું માનશો તો અન્યત્વેન અવિશેષ હોવાથી સમવાય કે તે સિવાયના બધા જ સંબંધો વસ્તુના સંબંધરૂપ બનશે. આમ ફરી આપત્તિ આવશે. ફરી તમે વસ્તુ અને સમવાય ને જોડનાર કોઈ નવો સંબંધ માનશો તો પાછો પ્રશ્ન આવશે કે તે નવો સંબંધ વસ્તુથી અન્ય કે વસ્તુરૂપ ? આમ અનવસ્થા દોષ આવશે. આ રીતે એકાતે ભેદ કે એકાતે અભેદ માનવામાં વિશેષણ-વિશેષ્યભાવ ઘટતો ન હોવાથી ઈચ્છા હોય કે ન હોય ભેદાભેદ સ્વરૂપ સ્યાદ્વાદ માન્યા વિના ચાલે એવું નથી.

एकस्यैव... विशेष्यभावादयः પંક્તિ સ્થળે જે આદિ શબ્દ લખ્યો છે તેનાથી 'સ્વ' સંજ્ઞા, સ્થાની-આદેશભાવ, નિમિત્ત-નિમિત્તિભાવ, પ્રકૃતિ-વિકારભાવ વિગેરે સ્થળો લેવા. જેમકે અ અને આ પરસ્પર સ્વસંજ્ઞક છે. જો અ અને આ વચ્ચે એકાંતે સાધર્મ્ય (સમાન ધર્મવત્વ) સ્વીકારવામાં આવે તો અસ્તિત્વ ધર્મની જેમ બીજા બધા ધર્મોના પણ સાધર્મ્યને લઈને અ અને આ ભિન્ન ન રહેતા એકરૂપ માનવાની આપત્તિ આવશે. હવે જો અ અને આ વચ્ચે એકાંતે વૈધર્મ્ય (વિરુદ્ધ ધર્મવત્ત્વ) સ્વીકારીએ તો અ માં હ્રસ્વત્વ છે, આ માં દીર્ઘત્વ છે, કો'કમાં અસ્તિત્ત્વ છે, કો'કમાં નાસ્તિત્ત્વ છે, તો વળી કો'કમાં બીજો કોઈક ધર્મ રહેતા એ વર્ણો કોઈ કોઈને તુલ્ય નહીં થઈ શકે. તેથી 'સ્વ'સંજ્ઞા નહીં થાય.

જો સ્યાદ્વાદને આશ્રયી વસ્તુમાં અમુક અપેક્ષાએ સાધર્મ્ય અને અમુક અપેક્ષાએ વૈધર્મ્ય સ્વીકારીએ તો હ્રસ્વ અને દીર્ઘ વર્ણો વચ્ચે એક માત્રા અને બે માત્રા જેટલા કાળભેદને લઈને વૈધર્મ્ય હોવા છતાં સ્થાન અને આસ્ય પ્રયત્નની તુલ્યતાને લઈને તેમનામાં સાધર્મ્ય પણ પ્રાપ્ત થવાથી 'સ્વ'સંજ્ઞાનો વ્યવહાર થઈ શકે છે.

(5) આ ગ્રંથ શબ્દાનુશાસન છે. કેટલાક દર્શનકારો શબ્દને એકાંતે નિત્ય માને છે, જ્યારે બીજા કેટલાક એકાંતે અનિત્ય માને છે, તો કેટલાક વળી નિત્યાનિત્ય માને છે. આ પૈકી એકાંતે નિત્યપક્ષ કે એકાંતે અનિત્યપક્ષનો જો શબ્દાનુશાસનમાં આશ્રય કરવામાં આવે તો આ ગ્રંથ સર્વ સભાને ઉપકારક ન બને. શબ્દાનુશાસન તો સર્વપાર્ષદ શાસ્ત્ર[A] (સર્વલોકો માટેનું શાસ્ત્ર) છે, તેથી સકલ લોકને માન્ય બને તે ખાતર સકલ દર્શનોના[B] સમૂહ સ્વરૂપ સ્યાદ્વાદનો આશ્રય કરવો એ અતિરમણીય છે, જેથી સ્તુતિમાં અમે કહ્યું છે કે –

अन्योऽन्यपक्षप्रतिपक्षभावाद् यथा परे मत्सरिणः प्रवादाः।
नयानशेषानविशेषमिच्छन् न पक्षपाती समयस्तथा ते।।

(અન્યયોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા – શ્લોક ૩૦)

શ્લોકનો અવયવાર્થ :- अन्योऽन्य : પરસ્પર. **पक्ष** : સાધ્યધર્મથી વિશિષ્ટ ધર્મીને પક્ષ કહેવાય. જેમકે (બૌદ્ધ માટે) 'शब्दोऽनित्यः' સ્થળે અનિત્યત્વ સાધ્યધર્મથી વિશિષ્ટ શબ્દ પક્ષ છે. **प्रतिपक्ष** : પ્રતિકૂળ પક્ષને પ્રતિપક્ષ કહેવાય. 'शब्दो नित्यः' સ્થલીય અનિત્યત્વ ને વિરૂદ્ધ નિત્યત્વ ધર્મથી વિશિષ્ટ શબ્દ પક્ષને (બૌદ્ધ માટે) પ્રતિપક્ષ કહેવાય.

पक्ष-प्रतिपक्षभावात् : શબ્દાત્મક એક જ ધર્મીમાં પરસ્પર વિરૂદ્ધ નિત્યત્વ અને અનિત્યત્વ ધર્મોને સ્થાપવા તેને પક્ષ-પ્રતિપક્ષભાવ કહેવાય. **परे** : આપના (પ્રભુના) શાસનથી બીજા. **मत्सरिणः** : મત્સર એટલે અસહિષ્ણુતા. મત્વર્થીય ઇન્ પ્રત્યય 'અતિશય' અર્થમાં થયો હોવાથી અતિશય મત્સરવાળા એટલે મત્સરી. **प्रवादाः** : દર્શનો. **नयानशेषानविशेषमिच्छन्** : નૈગમાદિ સમસ્ત નયોને સમાનપણે સ્વીકારતા. (શ્લોકનો આ અંશ હેતુવાચક છે.) **पक्षपाती** : રાગ નિમિત્તે વસ્તુને એકાંતે સ્વીકારવો તે પક્ષ. આવા પક્ષનો જે નાશ કરે તે પક્ષપાતી. **न समयस्तथा ते** : એવું મત્સરી તારૂં શાસન નથી. જેના દ્વારા શબ્દ સમ્યગ્ અર્થને પામે તેને સમય કહેવાય. સમય એટલે સિદ્ધાન્ત. અથવા જેમાં જીવાદિ તત્ત્વો પોતાના સ્વરૂપને વિશે સારી રીતે પ્રતિષ્ઠાને પામે અર્થાત્ જેમાં જીવાદિ તત્ત્વો યથાર્થ સ્વરૂપે બતાવ્યા હોય તે સમય. સમય એટલે આગમ.

(A) જે આપમેળે વ્યવસ્થિત એવા વસ્તુતત્ત્વનું પાલન કરે એને પર્ષદ્ કહેવાય અને पर्षदि साधुः અર્થમાં '૭.૧.૧૮' સૂત્રથી અ (ण) પ્રત્યય લાગી બનેલાં पार्षद શબ્દનો 'સાધારણ' અર્થ થાય છે. અથવા पार्षद શબ્દ 'परिचारक' નો વાચક છે. પરિચારક જેમ સર્વસભાને સાધારણ હોય તેમ શબ્દાનુશાસન પણ સર્વપાર્ષદ હોવાથી તે સર્વસાધારણ છે આ અર્થ પ્રાપ્ત થશે. વળી, 'तत्र साधौ ૭.૧.૧૮' સૂત્રની બૃ. વૃત્તિમાં साधु ना योग्यः, कुशलः અને उपकारकः આ ત્રણ અર્થો બતાવ્યા છે. તેથી ''સર્વ સભાને ઉપકારક એવું શબ્દાનુશાસન હોવાથી'' આવો પણ सर्वपार्षदत्वात् શબ્દનો અર્થ થશે.

(B) જેના દ્વારા એક દૃષ્ટિકોણથી તત્ત્વ દેખાય તેને દર્શન કહેવાય. તેથી દર્શન એટલે નયો.

શ્લોકાર્થ :- જે રીતે બીજા દર્શનો પરસ્પર એક બીજાના પક્ષ-પ્રતિપક્ષરૂપ હોવાથી મત્સરવાળા છે, તે રીતે સમસ્ત નયોને સમાનપણે સ્વીકારતું, રાગમય પક્ષનું નાશક એવું તારું દર્શન મત્સરવાળું નથી. કહેવાનો ભાવ એ છે કે નયોને સમાનપણે જોવાથી તારા શાસને રાગમય પક્ષનો નાશ કર્યો હોવાથી તેમાં મત્સર નથી. જ્યારે બીજા દર્શનીયો એકાંતને લઈને રાગમય પક્ષને પોષનારા હોવાથી તેઓ પરસ્પર મત્સરી છે.

શ્લોકમાં મત્સરિતા વિધેય હોવાથી ન (नञ्) નો અન્વય તેની સાથે જ થાય છે. તેથી पक्षपाती શબ્દની સાથે તેનો અન્વય થતો નથી. જો તેમ થાત તો પ્રકમભેદ થાત. સ્તુતિકારે પણ (શ્રીસમન્તભદ્રાચાર્યકૃત બૃહત્સ્વયમ્ભૂસ્તોત્રાવલીમાં) કહ્યું છે કે -

नयास्तव स्यात्पदलाञ्छना इमे रसोपविद्धा इव लोहधातवः।
भवन्त्यभिप्रेतफला यतस्ततो भवन्तमार्याः प्रणता हितैषिणः।।

અર્થ :- રસથી ઉપવિદ્ધ એવી લોહધાતુની જેમ સ્યાદ્પદથી યુક્ત આ તારા નયો જે કારણે ઈપ્સિતફલને આપનારા થાય છે, તેથી હિતૈષી એવા આર્યો આપને નમવાને આરબ્ધ થયા છે.

આશય એ છે કે જેના દ્વારા જીવાદિ પદાર્થો એક દૃષ્ટિકોણથી મૂલવાય, તેને નય કહેવાય. નય એટલે અવધારણ (જ કાર) વિનાનો અભિપ્રાયવિશેષ. જેમકે 'आत्मा नित्यः'. અવધારણપૂર્વકનો અભિપ્રાય દુર્નય ગણાય. જેમકે 'आत्मा नित्य एव'. અહીં एव કાર દ્વારા આત્માના અનિત્યતા અંશનો પ્રતિક્ષેપ થાય છે માટે આ અભિપ્રાય દુર્નય છે. નય સ્થળે બીજો અંશ ગૌણપણે ઊભો રહે છે. વસ્તુનો પરિપૂર્ણ બોધ પ્રમાણને આધીન છે. જેમકે 'आत्मा नित्याऽनित्यः'. હવે તે નયો નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એમ સાત છે. स्यात् પદથી યુક્ત અને અવધારણ સહિત (स्यान्नित्य एव आत्मा) તેનયો રસથી વિંધાયેલ તાંબુ આદિ ધાતુની જેમ ઈચ્છિત ફલ નિષ્પન્ન કરે છે. આથી આર્યો આપને નમવાને આરબ્ધ થયા છે. આપ કેવા છો ? કેવળજ્ઞાન રૂપી લક્ષ્મી વડે અને અતિશય વીર્ય વડે શોભી રહ્યા છો. આપને આર્યો નમવાને આરબ્ધ કેમ થયા છે ? કારણ કે તેઓ પોતાના હિતેચ્છુ છે. आरात् याता व्युत्पत्तिને લઈને આર્ય શબ્દ બન્યો છે. आरात् શબ્દ 'નજીક' અને 'દૂર' આ બે અર્થમાં વર્તે છે. તેથી સમ્યગ્જ્ઞાનાદિ રૂપ મોક્ષમાર્ગની નજીક જનાર હોય તે આર્ય અથવા પાપક્રિયાથી દૂર ગયા હોય તે આર્ય કહેવાય. આર્યો પોતાના હિતેચ્છુ કેમ છે ? તો સૌ પ્રથમ હિત કોને કહેવાય તે સમજીએ - **(a)** કર્મ રૂપ આવરણના વિલયથી નિર્મળજ્ઞાનના આવિર્ભાવ રૂપ શુદ્ધિનો પ્રકર્ષ તે હિત, **(b)** અંતરાય કર્મના વિનાશથી ઉત્પન્ન થયેલી શક્તિનો પ્રકર્ષ તે હિત, **(c)** આત્મસ્વરૂપે (સ્વભાવદશામાં) આત્માને ધારી રાખવો તે હિત અથવા **(d)** સુખાદિ દ્વારા આત્માને પોષવો તે હિત. આવા હિતને ઈચ્છવાના સ્વભાવવાળા હિતૈષી કહેવાય. અહીં હિતૈષી લોકો આર્ય હોવાથી શીલ (સ્વભાવ) અર્થ ઘટે છે. કેમકે તેમને મોક્ષ અને ભવમાં સ્પૃહા નથી માટે.

(6) શંકા :- તમારો સ્યાદ્વાદ ભલે યુક્તિયુક્ત હોય અને તેના આધારે શબ્દની સિદ્ધિ ય ભલે થાય. પણ તમે જો ગ્રન્થની આદિમાં અભિધેય-પ્રયોજન વિગેરેનું કથન નહીં કરો તો બુદ્ધિમાન લોકો આ ગ્રન્થ ભણવાની પ્રવૃત્તિ શી રીતે કરશે ?

સમાધાન :- બુદ્ધિમાનો ગ્રન્થમાં પ્રવૃત્તિ કરે તે ખાતર અમે વાદાત્ સિદ્ધિઃ સ્યાત્ આવો અર્થ કરશું. વાદ એટલે વિવિક્ત (સમ્યક્) એવા શબ્દપ્રયોગ. સમ્યગ્શબ્દપ્રયોગોથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિરૂપ સિદ્ધિ થાય છે. આમ આ શબ્દાનુશાસનમાં સમ્યક્ શબ્દો અભિધેય (વિષય) છે. શબ્દાનુશાસન સમ્યગ્જ્ઞાન અને પરંપરાએ મોક્ષ માટે હોવાથી સમ્યગ્જ્ઞાન એ અનંતર પ્રયોજન છે અને મોક્ષ પરંપર પ્રયોજન છે. જેમ કહ્યું છે કે -

द्वे ब्रह्मणी वेदितव्ये शब्दब्रह्म परं च यत्। शब्दब्रह्मणि निष्णातः परं ब्रह्माधिगच्छति।।

અર્થ :- બે બ્રહ્મ જાણવા; શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મ (મોક્ષ). શબ્દબ્રહ્મને વિશે નિષ્ણાત થયેલો વ્યક્તિ પરબ્રહ્મને પામે છે.

व्याकरणात् पदसिद्धिः पदसिद्धेरर्थनिर्णयो भवति। अर्थात् तत्त्वज्ञानं तत्त्वज्ञानात् परं श्रेयः।।

અર્થ :- વ્યાકરણથી પદની સિદ્ધિ થાય. પદસિદ્ધિથી અર્થનો નિર્ણય થાય. અર્થનિર્ણયથી તત્ત્વજ્ઞાન થાય અને તેનાથી મોક્ષ થાય.

તેથી સમ્યગ્જ્ઞાન અને મોક્ષરૂપ ફળને માટે આ શબ્દાનુશાસનનો પ્રારંભ છે. અહીં અભિધેય અને પ્રયોજન વચ્ચે સાધ્ય-સાધનભાવ સંબંધ છે. કેમકે સમ્યક્ શબ્દો અને તેમના જ્ઞાન કે મોક્ષરૂપ ફળ વચ્ચે કાર્ય-કારણભાવ છે તથા શબ્દાનુશાસન અને અભિધેય વચ્ચે અભિધાન-અભિધેયભાવ સંબંધ છે. કેમકે શબ્દાનુશાસન સમ્યક્ શબ્દોનું વાચક છે અને સમ્યક્ શબ્દો તેનાથી વાચ્ય છે. આમ સંબંધ શબ્દાનુશાસનના અભિધેય અને પ્રયોજનમાં સમાઈ જતો હોવાથી તેને અલગથી નથી બતાવ્યો.

શંકા :- જેમ પ્રયોજન એ ગ્રંથ-અધ્યયનના અભિલાષને ઉત્પન્ન કરતું હોવાથી તેનું અહીં सिद्धिः પદ મૂકી સાક્ષાત્ કથન કર્યું છે, તેમ અભિધેય (વિષય) પણ 'આ વિષય ભણવો મારા માટે શક્ય છે કે નહીં ?' આમ વ્યક્તિને શક્ય અનુષ્ઠાનનો બોધ થાય તે માટે હોય છે. તેથી તેનું પણ સૂત્રમાં એવો કોઈક શબ્દ મૂકી સાક્ષાત્ કથન કરવું જોઈએ. પરંતુ અહીં તેમ ન કરતા અનુવાદથી અભિધેયને જણાવ્યું છે. તો આ કેમ ચાલે ?

સમાધાન :- સાક્ષાત્ કથનની જેમ અનુવાદથી પણ અભિધેયનું ભાન થઈ જ શકે છે અને તેનાથી વ્યક્તિને શક્ય અનુષ્ઠાનનો બોધ થઈ શકવાથી અનુવાદથી અભિધેય જણાય તેમાં કાંઈ વાંધો નથી, જેમકે -

अविवक्षितवाच्यो यस्तत्र वाच्यं भवेद् ध्वनौ। अर्थान्तरे संक्रमितमत्यन्तं वा तिरस्कृतम्।। (का.प्रकाशः ४/३९)

[**અર્થ :-** અવિવક્ષિત એટલે અનુપયોગી અથવા અન્વયને અયોગ્ય એવા વાચ્ય પદાર્થવાળો જે ધ્વનિ હોય તે ધ્વનિ (= ઉત્તમ કાવ્ય) માં વાચ્યપદાર્થ વાચ્યાર્થ (શક્તિથી જાણાતા પદાર્થ) કે લક્ષ્યાર્થ (લક્ષણાથી જાણાતા પદાર્થ) રૂપ અર્થાન્તરમાં સંક્રમી જાય છે અથવા તિરસ્કૃત (ત્યજાયેલો) થાય છે.]

'કાવ્યપ્રકાશ' ગ્રંથના આ શ્લોકમાં યઃ પદથી કોને લેવો તેનો ઉલ્લેખ નથી. છતાં ધ્વનૌ આ અનુવાદ (પાછળ થયેલા કથન) થી જાણાઈ આવે છે કે યઃ પદથી ધ્વનિઃ ને જ સમજવાનો છે. આમ અહીં જેમ ધ્વનૌ અનુવાદથી ધ્વનિઃ જાણાય છે તેમ પ્રસ્તુતમાં પણ વાદઃ આ અનુવાદથી 'કોનો વાદ' તો 'સમ્યક્ શબ્દોનો વાદ' આ રીતે 'સમ્યક્ શબ્દો' અભિધેયરૂપે જાણાઈ આવે છે.

આમ વાદાત્ સિદ્ધિઃ સ્યાત્ આ રીતે સૂત્રનો અન્વય કરવાથી અભિધેય અને પ્રયોજન પણ જાણાઈ આવે છે ।।૨।।

(1)લોકાત્ ।। ૧.૧.૩।।

બૃ.વૃ.–(2)ઉક્તાऽતિરિક્તાનાં ક્રિયા-ગુણ-દ્રવ્ય-જાતિ-કાલ-લિઙ્ગ-સ્વાઙ્ગ-સંખ્યા-પરિમાણા-ऽપત્ય-વીપ્સા-લુગ-ऽવર્ણાદીનાં સંજ્ઞાનાં ※(3)પરાત્રિત્યમ્※, ※નિત્યાદન્તરઙ્ગમ્※, ※અન્તરઙ્ગાજ્ઞાનવકાશં બલીયઃ※ ઇત્યાદીનાં ન્યાયાનાં ચ લોકાદ્વૈયાકરણસમયવિદઃ પ્રામાણિકાદેશ્ચ શાસ્ત્રપ્રવૃત્તયે સિદ્ધિર્ભવતીતિ વેદિતવ્યમ્, (4)વર્ણસમામ્નાયસ્ય ચ ।।૩।। તત્ર–

સૂત્રાર્થ :- આ શાસ્ત્રમાં કહેલી સ્વરાદિ સંજ્ઞાઓથી અતિરિક્ત ક્રિયા-ગુણ-દ્રવ્ય વિગેરે સંજ્ઞાઓ ***પરાત્રિત્યમ્*** વિગેરે ન્યાયો અને વર્ણ પરિપાટી વિગેરે જે આ વ્યાકરણમાં કહ્યાં નથી, તેની લોકથી(A) અર્થાત્ વ્યાકરણશાસ્ત્રના જાણકારો પાસેથી તથા પ્રામાણિક એવા શિષ્ટપુરૂષો પાસેથી શાસ્ત્રપ્રવૃત્તિ માટે સિદ્ધિ થાય છે.

<u>વિવરણ :-</u> **(1)** જેમના દ્વારા તત્ત્વના નિશ્ચયને માટે પદાર્થોનું અવલોકન કરાય અથવા જે પદાર્થોને સારી રીતે જુએ, તેવા વ્યક્તિઓના સમૂહને લોક કહેવાય. આવા લોક પાસેથી આ વ્યાકરણમાં ન બતાવેલી વાતો જાણવાની છે.

(2) આ વ્યાકરણમાં સ્વર વિગેરે સંજ્ઞાઓ, તેમ જ તેનાથી શું કહેવા માંગે છે ? તે કહ્યું છે. પરંતુ તેના સિવાયની ક્રિયા વિગેરે સંજ્ઞાઓ તેમજ નિમ્નોક્ત વાતો લોક પાસેથી જાણવાની રહે છે. જેમ કે –

(A) **लोक्येते येन शब्दार्थौ लोकस्तेन स उच्यते। व्यवहारोऽथवा वृद्धव्यवहर्तृपरम्परा।। (पा. सू. म. भाष्यप्रदीपनारायणीयम्)**

(૧) ક્રિયા : → (a) ***साध्यरूपा पूर्वापरीभूताऽवयवा क्रिया*** (વ્યાકરણકારો) જે પૂર્વાપરીભૂત અવયવવાળી હોય અને સાધ્યરૂપા હોય એને ક્રિયા કહેવાય. અહીં ક્રિયાના લક્ષણમાં બે અંશો છે. તેમનો અર્થ આ પ્રમાણે સમજવો –

(i) પૂર્વાપરીભૂતાऽવયવા – ક્રિયા આમ તો આરંભથી લઈને અંત સુધી એક જ હોય છે, છતાં તેની ક્રમિક ઉત્પત્તિ જોવામાં આવે છે. ક્રિયાની ક્રમિક ઉત્પત્તિની વિષય બનતી વિવિધ અવસ્થાઓને અહીં ક્રિયાના અંગ (અવયવ) રૂપે કલ્પવામાં આવે છે. જેમ કે પચ્ ધાત્વર્થ પાકક્રિયા આમ તો વિક્લિતિ (= પાકપોચાશ) ને અનુકૂળ ક્રિયારૂપે આરંભથી લઈને અંત સુધી એક જ છે. છતાં તેમાં ક્રમશઃ વાસણને ચૂલા ઉપર ચઢાવવું, ચૂલો ચેતાવવા ફૂંક મારવી, વાસણમાં ચોખા મૂકવા, લાકડા હલાવતા રહેવું, છેલ્લે વાસણને ચૂલા પરથી નીચે ઉતારવું; આ વિવિધ અવસ્થાઓ તેના અવયવરૂપે જોવામાં આવે છે. આ અવસ્થાઓ સમકાલીન નથી હોતી, પરંતુ પૂર્વાપરીભૂત (= આગળ પાછળ થનારી) હોય છે. જેમ કે ચૂલો ચેતાવવો, વાસણ ચૂલા ઉપર મૂકવું; આ અવસ્થાઓ પૂર્વની છે અને વાસણ ચૂલા ઉપરથી નીચે ઉતારવું એ અવસ્થા પછીની છે. આમ પચ્ ધાત્વર્થ પાક વિગેરે કોઈપણ ક્રિયા અવાન્તર અવસ્થાઓરૂપ અવયવોવાળી રહેવાથી તે પૂર્વાપરીભૂતાऽવયવા ગણાશે.

(ii) સાધ્યરૂપા – સાધ્યરૂપા એટલે સાધનના વ્યાપારને પરતંત્ર સ્વરૂપવાળી. જેમ કે પચતિ સ્થળે વિક્લિતિ (= પાકપોચાશ) ને સાધવાની ક્રિયા કર્તા વિગેરે સાધનોને આધારે છે. કઃ પચતિ?, કં પચતિ?, કેન પચતિ?, ક્વ પચતિ?, કુતઃ આનીય પચતિ?, કસ્મૈ પચતિ? આ પ્રમાણે સાધનની આકાંક્ષા થતા ''ચૈત્ર ચોખાને લાકડા વડે કોઠીમાંથી લઈને મૈત્ર માટે રાંધે છે'' એમ કહેવાથી નિરાકાંક્ષ પ્રતીતિ થાય છે. આના પરથી જાણાય છે કે કોઈપણ ક્રિયા એ કર્તા, કર્મ વિગેરે સાધનોને પરતંત્ર હોય છે.

આમ ક્રિયા પૂર્વાપરીભૂત અવયવવાળી અને સાધ્યરૂપા હોય છે.

(b) ***एकद्रव्यमगुणं संयोग-विभागेष्वनपेक्षकारणं कर्म (क्रिया) लक्षणम्*** (વૈશેષિક-૧.૧.૧૭) કેવળ મૂર્તદ્રવ્યમાં જ સમવેત (સમવાય સંબંધથી રહેલ) હોય, નિર્ગુણ (ગુણરહિત) હોય અને સંયોગ-વિભાગની ઉત્પત્તિનું જે અન્યનિરપેક્ષકારણ હોય તે કર્મ છે.

(૨) ગુણ : → (a) ***विशेषणं गुणः*** (ભર્તૃહરિ) – ગુણ દ્રવ્યને આશ્રયીને રહેતું હોવાથી તે દ્રવ્યનું વિશેષણ બને. યદ્યપિ ***'यद् व्यावर्तयति तद् विशेषणम्'*** નિયમ મુજબ જે વસ્તુ પોતાના સંબંધી વસ્તુને સજાતીય પદાર્થોથી વ્યાવર્તિત કરે (જુદી પાડે) તેને વિશેષણ કહેવાય. જેમ કે – नीलं कमलम्, અહીં નીલવર્ણાત્મક ગુણ પોતાના સંબંધી કમળને સજાતીય એવા રક્ત વિગેરે કમળથી જુદું તારવે છે, માટે 'નીલ' કમળનું વિશેષણ કહેવાય.

આમ તો કમળ પણ પોતાના સંબંધી વિવક્ષિત નીલવર્ણને ભમરા વિગેરે અનેક દ્રવ્યોમાં રહેતા બીજા નીલવર્ણોથી જુદું તારવે છે, માટે કમળને પણ નીલવર્ણના વિશેષણરૂપે માનવાનો પ્રસંગ આવે. તેથી વિશેષણ અને વિશેષ્ય કોણ બને ? એ વ્યવસ્થા ખોરવાતા ***'प्रधानाऽनुयायिनोऽप्रधाना भवन्ति'*** ન્યાય મુજબ બેમાંથી જે પ્રધાન હોય તેને વિશેષ્ય બનાવવાની વાત છે. દ્રવ્ય એ ગુણનો આધાર હોવાથી પ્રધાન ગણાય, માટે તે વિશેષ્ય ગણાય. જ્યારે ગુણ દ્રવ્યના આધારે ટકેલાં હોવાથી આધેય બનવાથી અપ્રધાન ગણાય, માટે તેઓ વિશેષણ કહેવાય. આમ નીલગુણ વિશેષણ અને કમળદ્રવ્ય વિશેષ્ય બનશે. આ વાતને ધ્યાનમાં રાખી 'विशेषणं गुणः' વ્યાખ્યા કરી હોય એમ જણાય છે. (આગળ આવનાર 'विशेष्यं द्रव्यम्' વ્યાખ્યા પણ આના પરથી સમજી લેવી.)

(b) *'सत्त्वे निविशतेऽपैति पृथग्जातिषु दृश्यते। [(A)]आधेयश्चाक्रियाजश्च सोऽसत्त्वप्रकृतिर्गुणः।।'*

અર્થ :- સત્ત્વ એટલે દ્રવ્ય. જે[(1)] વસ્તુ દ્રવ્યમાં જ રહે છે. વળી [(2)]દ્રવ્યમાંથી ચાલી પણ જાય છે. [(3)]ભિન્ન જાતિવાળા પદાર્થોમાં પ્રાપ્ત થાય છે. ક્યાંક[(4)] આધેય[(B)] એટલે કે ઉત્પાદ્ય (અનિત્ય) હોય છે, તો વળી ક્યાંક[(5)] ક્રિયાને આશ્રયી ઉત્પન્ન ન થનારી એટલે કે અનુત્પાદ્ય (નિત્ય) હોય છે, તે[(6)] દ્રવ્યના સ્વભાવથી રહિત વસ્તુને ગુણ કહેવાય.

ભાવાર્થ :- અહીં ગુણને ઓળખાવવા તેના છ સ્વરૂપ બતાવ્યા છે. **(1)** 'ગુણ' દ્રવ્યના આધારે જ રહે છે. ગુણ, ક્રિયા કે જાતિ વિગેરેના આધારે નહીં. **(2)** ગુણ ક્યાંક દ્રવ્યમાંથી ચાલ્યા જતા પણ જોવા મળે છે. જેમ કે લીલી કેરી પાકીને પીળી થતા તેમાંથી લીલા વર્ણ રૂપ ગુણ ચાલ્યો જાય છે. **(3)** ગુણ જુદી-જુદી જાતિવાળા જુદા જુદા પદાર્થોમાં પણ પ્રાપ્ત થાય છે. જેમ કે લીલો વર્ણ આમ્રત્વજાતિવાળી કાચી કેરીમાં જોવા મળે છે, તેમ તે તૃણત્વ જાતિવાળા લીલા ઘાસમાં પણ પ્રાપ્ત થાય છે. **(4)** ગુણો ઉત્પન્ન થતા જોવામાં આવે છે. જેમકે અગ્નિના સંયોગથી કાળા ઘડામાં રક્તરૂપની ઉત્પત્તિ થતી જોવામાં આવે છે અર્થાત્ તેઓ અનિત્યરૂપે મળે છે. **(5)** તો વળી ક્યાંક ગુણો અનુત્પન્ન (નિત્ય) સ્વરૂપે પણ જોવામાં આવે છે. જેમકે આકાશમાં રહેલું પરમમહત્ પરિમાણ. **(6)** વળી જે દ્રવ્યના સ્વભાવવાળા નથી હોતા અર્થાત્ દ્રવ્યથી ભિન્ન હોય છે, તેમને ગુણ કહેવાય છે.

ઉપરોક્ત પ્રથમ ત્રણ સ્વરૂપ બતાવવાથી ગુણ જાતિથી ભિન્નરૂપે સિદ્ધ થાય છે, કેમકે જાતિ કેવળ દ્રવ્યમાં ન રહેતા ગુણ, ક્રિયામાં પણ રહે છે; જેમકે સત્તા જાતિ. વળી જાતિ યાવદ્દ્રવ્યભાવી હોય છે. અર્થાત્ તે દ્રવ્યની

(A) લા. સૂ. સંપાદિત ન્યાસમાં आधेयश्च क्रियाजश्च એવો પાઠ છપાયો છે. પા.સૂ. ૪.૧.૪૪ વ્યા. મ. ભાષ્ય પ્રદીપમાં ઉપર મુજબનો પાઠ છે, જે શુદ્ધ જણાય છે.

(B) आधेय इति = उत्पाद्यः - यथा घटादेः पाकजो रूपादिः। अक्रियाजः = अनुत्पाद्यः यथाऽऽकाशादेर्महत्त्वादिः। (पा.सू. ४.१.४४, व्या. म. भाष्य प्रदीप)

ઉત્પત્તિથી લઈને તેના અંત સુધી તેમાં જ રહે છે. ગુણની જેમ વચ્ચેથી ચાલી જતી નથી. તથા કેરીમાં રહેલ આમ્રત્વ જાતિ કેરીમાં જ રહે છે, લીલા વર્ણ (ગુણ) ની જેમ ઘાસમાં પણ રહે તેવું નથી.

ચોથા અને પાંચમાં સ્વરૂપ દ્વારા ગુણને જે અનિત્ય અને નિત્ય સ્વરૂપે બતાવ્યા, તેનાથી ગુણ ક્રિયાથી ભિન્નસ્વરૂપે સિદ્ધ થાય છે. કેમકે દરેક ક્રિયા અનિત્ય જ હોય છે, નિત્ય અને અનિત્ય નહીં.

વળી પ્રથમ પાંચેય સ્વરૂપો દ્રવ્યમાં ઘટે છે, કેમકે અવયવી દ્રવ્ય અવયવદ્રવ્યમાં રહે છે; જેમકે પટ તંતુમાં. ક્યારેક છુટ્ટા પડી ગયેલા તંતુ બચે છે અને તેમાં રહેતો પટ ચાલ્યો જાય (નાશ પામે) છે. વળી હસ્તત્વ, પાદત્વ વિગેરે ભિન્ન જાતિવાળા હાથ, પગ આદિ અવયવોમાં શરીર દ્રવ્ય રહે છે તથા દ્વયણુકાદિ દ્રવ્ય અનિત્ય છે અને પરમાણુ દ્રવ્ય નિત્ય છે. આમ ગુણના પ્રથમ પાંચે સ્વરૂપ દ્રવ્યમાં ઘટમાન થતા ગુણને દ્રવ્યથી જુદા સિદ્ધ કરવા છઠ્ઠું સ્વરૂપ બતાવ્યું છે કે દ્રવ્યથી ભિન્ન હોય તે ગુણ કહેવાય. આમ ઉપરોક્ત કારિકા દ્વારા દ્રવ્ય, ક્રિયા અને જાતિથી ભિન્ન રૂપે ગુણનું સ્વતંત્ર અસ્તિત્ત્વ સિદ્ધ થાય છે.

(૩) द्रव्य : → (a) *विशेष्यं द्रव्यम्*, (b) *गुणाश्रयो द्रव्यम्* (નૈયાયિક) - ગુણનો આશ્રય તે દ્રવ્ય.

(૪) जाति : → (a) *अनुवृत्तप्रत्ययहेतुः जातिः।* – अयं गौः, अयं गौः... એવી અનુગત બુદ્ધિમાં જે હેતુ છે તે ગોત્વ વિગેરે જાતિ છે.

(b) *आकृतिग्रहणा*[(i)] *जातिर्लिङ्गानां*[(ii)] *च न सर्वभाक्। सकृदाख्यातनिर्ग्राह्या गोत्रं च* [(iii)]*चरणैः सह।।*

ઉપરોક્ત શ્લોકમાં सकृदाख्यातनिर्ग्राह्या પદ જાતિના સ્વરૂપને બતાવનાર છે. વિવક્ષિત જાતિને કોઈ એક સ્થળે એકવાર બતાવી દેવામાં આવે પછી તે અન્યસ્થળે પણ સ્વતઃ જણાઈ આવે છે. જેમકે કોઈ એક કાળી ગાય સ્થળે ''આ ગાય છે'' એમ કહી ગાય ઓળખાવવામાં આવે ત્યારે વ્યક્તિ તેમાં રહેલી 'ગોત્વ' જાતિને જાણી લે છે. પછી બીજી ધોળી વિગેરે કોઈપણ ગાય જો તે વ્યક્તિના જોવામાં આવે તો પણ તે તરત તેમાં રહેલી ગોત્વ જાતિને પકડી 'આ ગાય છે' એમ સ્વતઃ જાણી લે છે. અર્થાત્ ગોત્વ જાતિ દરેક ગાયમાં 'આ ગાય છે, આ ગાય છે' આવી અનુગત બુદ્ધિ કરાવવાનું કામ કરે છે. આ રીતે અન્ય જાતિ અંગે પણ સમજી લેવું. આ સિવાય જાતિ એક, નિત્ય અને પ્રત્યેક વ્યક્તિમાં રહેનાર હોય છે. અર્થાત્ ગોત્વ જાતિ આખી દુનિયામાં એક જ, નિત્ય તેમજ દરેક ગાયમાં રહે છે. જો એક ન માનવામાં આવે અર્થાત્ દરેક ગાયમાં જુદું જુદું ગોત્વ રહે છે એમ માનવામાં આવે તો એક ગાયમાં ગોત્વ પકડાયા પછી પણ બીજી ગાયમાં રહેલું ગોત્વ જુદું હોવાથી તેને ગાય તરીકે ઓળખી ન શકાય. જો જાતિને નિત્ય માનવામાં ન આવે તો ગાયનો નાશ થતા ગોત્વ જાતિનો પણ નાશ થવાથી બીજી ગાયોમાં ગોત્વ જાતિને ગ્રહણ કરવી શક્ય ન બને. પછી તેમને ગાય તરીકે શી રીતે ઓળખવી ?

તથા જો જાતિને પ્રત્યેકમાં રહેનાર ન સ્વીકારીએ તો જે જે ગાયમાં ગોત્વ ન રહ્યું હોય તે તે ગાયને ગાય તરીકે જાણવી શક્ય ન બને. માટે તેને એક, નિત્ય અને સર્વત્ર વૃત્તિ માનવી પડે.

હવે જાતિ ત્રણ પ્રકારની હોય છે. કેટલીક જાતિઓ આકૃતિ દ્વારા ગ્રાહ્ય બનતી હોય છે. જે જાતિઓ આકૃતિ દ્વારા ગ્રાહ્ય ન બનતી હોય તેમનો વાચક શબ્દ ત્રણે લિંગમાં ન વર્તતો હોવો જોઈએ. અર્થાત્ ત્રણે લિંગમાં ન વર્તતા શબ્દથી વાચ્ય પદાર્થમાં જાતિ રહે છે તેમ સ્વીકારવામાં આવ્યું છે અને જ્યાં જાતિ હોવા છતાં આગળની બે રીત મુજબ તે સિદ્ધ ન થઈ શકતી હોય તો તેને માટે 'गोत्रं च चरणैः सह' કહી શ્લોકમાં જાતિને સિદ્ધ કરવાની ત્રીજી રીત બતાવી છે. આને જરા વ્યવસ્થિત રીતે સમજીએ.

(i) ***आकृतिग्रहणा*** – આકૃતિ = સંસ્થાન = આકાર. વસ્તુના આકાર દ્વારા જે જાતિઓ જાણાતી હોય તેમને આકૃતિગ્રહણા કહેવાય છે. જેમકે શીંગડા, પૂંછડા અને ગોદડી વિગેરે સમાન અવયવોના આકારવાળી ગાયોમાં વર્તતી ગોત્વ જાતિ આકૃતિગ્રહણા છે. ઘટત્વ, પટત્વ, મનુષ્યત્વ આદિ જાતિઓ પણ આવી જ સમજવી.

(ii) ***लिङ्गानां च न सर्वभाक्*** – બ્રાહ્મણ, ક્ષત્રિય વિગેરેના આકારો સમાન હોય છે, તેથી આકારના આધારે બ્રાહ્મણત્વ, ક્ષત્રિયત્વ આદિ જાતિઓને જાણવી શક્ય ન બને. માટે જાતિનું આ બીજું લક્ષણ બતાવ્યું છે. જે વસ્તુનો વાચક શબ્દ ત્રણે લિંગમાં ન વર્તતો હોય તે વસ્તુમાં જાતિ રહે છે. જેમકે બ્રાહ્મણોનો વાચક બ્રાહ્મણ શબ્દ બ્રાહ્મણ અને બ્રાહ્મણી આમ બે જ લિંગમાં વર્તે છે, નપુંસકલિંગમાં નથી વર્તતો. તેથી બ્રાહ્મણોમાં વર્તતું બ્રાહ્મણત્વ એ જાતિ કહેવાય. આ જ રીતે ક્ષત્રિયત્વ, વૈશ્યત્વાદિ જાતિઓ અંગે પણ સમજવું.

અહીં ધ્યાનમાં રાખવું કે જાતિનું આ બીજું લક્ષણ 'આકૃતિગ્રહણા' એ પ્રથમ લક્ષણ દ્વારા જેમનો જાતિ તરીકે સંગ્રહ શક્ય ન હોય તેમના સંગ્રહ માટે છે, નહીં કે પ્રથમ લક્ષણના સંકોચ માટે. તેથી 'નદી' નો વાચક તટ શબ્દ तटः, तटी અને तटम् આમ ત્રણે લિંગમાં વર્તતો હોવાથી બીજા લક્ષણ મુજબ ભલે નદીમાં તટત્વ જાતિ સિદ્ધ ન થઈ શકતી હોય, છતાં દરેક નદીઓના 'બે કિનારા હોવા' વિગેરે આકારો સમાન હોવાથી તેમાં 'આકૃતિ-ગ્રહણા' આ પ્રથમ લક્ષણ મુજબ તટત્વ જાતિ સિદ્ધ થઈ શકશે.

यद्यपि देवदत्त શબ્દ देवदत्तः અને देवदत्ता આમ બે જ લિંગમાં વર્તે છે. તેથી બીજા લક્ષણ મુજબ દેવદત્ત પદાર્થમાં દેવદત્તત્વ જાતિ માનવાની આપત્તિ આવે. પરંતુ આ આપત્તિ નહીં આવે. કેમકે અમે આગળ જ કહી ગયા છીએ કે જાતિનું કામ અનુગત પ્રતીતિ કરાવવાનું છે. દેવદત્તત્વ દરેક દેવદત્તમાં 'આ દેવદત્ત છે, આ દેવદત્ત છે' આવી અનુગત પ્રતીતિ નથી કરાવતું, માટે તેને જાતિ ન માની શકાય. જ્યારે બ્રાહ્મણત્વ એ બ્રાહ્મણ તરીકે ઓળખાયેલ વ્યક્તિના માતા, પિતા, પુત્રાદિ દરેક સ્વજન અને જ્ઞાતિજનને વિશે 'આ બ્રાહ્મણ છે, આ બ્રાહ્મણ છે' એમ અનુગત પ્રતીતિ કરાવતું હોવાથી તેને જાતિ માની શકાય.

(iii) *गोत्रं च चरणैः सह* – ગોત્રવાચી નામ અને ચરણ (= વેદશાખાના અધ્યાયીઓના) વાચક નામોથી વાચ્ય પદાર્થમાં પણ આ ત્રીજા ભાંગાથી જાતિ સિદ્ધ કરવામાં આવે છે. વ્યાકરણની પરિભાષા મુજબ પૌત્રાદિ પેઢીને ગોત્ર ગણવામાં આવે છે. પરંતુ અહીં તે ન લેતા લૌકિક પુત્ર, પૌત્રાદિ રૂપ પેઢીને ગોત્ર રૂપે લેવી. વાત એમ છે કે નાડાયણ, ચારાયણ આદિ ગોત્રના વ્યક્તિઓ તેમજ કઠ, બહુવૃચ વિગેરે વેદશાખાના અધ્યયનકર્તા વ્યક્તિઓ આકૃતિથી સમાન હોય છે, તેથી આકારના વૈસદૃશ્યને લઈને તેમનામાં રહેલી નાડાયણત્વાદિ તેમજ કઠત્વાદિ જાતિઓ પકડી શકાતી નથી. વળી नाडायणः पुमान्, नाडायणी स्त्री तेमज नाडायणं क्लिबम् आम नाडायण आदि तेमज कठ आदि शब्दो त्रणे लिंगमां वर्ते छे. तेथी बीजा लक्षाण मुજબ पाण नाडायाण विगेरे गोत्रना व्यक्तिओमां तेमज कठ विगेरे वेदशाખાધ્યાયીઓમાં જાતિ સિદ્ધ થઈ શકતી નથી. માટે આ ત્રીજું લક્ષાણ તેમનામાં નાડાયણત્વ આદિ જાતિઓ તેમજ કઠત્વ આદિ જાતિઓ સિદ્ધ કરવા દર્શાવ્યું છે.

(૫) काल : → (a) *त्रुट्यादिः कालः।* – સ્વસ્થ મનુષ્યની ડાબી આંખ જેટલા કાળમાં એક સ્પંદન કરે તે કાળનો ૩૦ મો ભાગ તે ત્રુટી.

(b) *परापरादिप्रत्ययहेतुः कालः।* – આ ઘટ જૂનો (પર) છે, આ ઘટ નવો (અપર) છે, આવી બુદ્ધિ થવામાં કારણ કાળ છે.

(૬) लिङ्ग : → (a) *स्त्यानप्रसवो लिङ्गम्।* – સ્ત્યાન એટલે તિરોભાવ અથવા અપચય (હ્રાસ) અને પ્રસવ એટલે આવિર્ભાવ અથવા ઉપચય. વિવક્ષિત દ્રવ્યગત રૂપાદિ ગુણોના અપચયની વિવક્ષા હોય તો તેને સ્ત્રીલિંગ ગણાય. જો તેના ગુણોના ઉપચયની વિવક્ષા હોય તો તેને પુંલિંગ ગણાય અને જો તેના ગુણોની સામ્યાવસ્થાની વિવક્ષા હોય તો તેને નપુંસકલિંગ ગણાય. આમ રૂપાદિ ગુણોના અપચય, ઉપચય અને અને સ્થિરીભાવને ક્રમશઃ પુંલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ કહેવાય. આ વાત સાંખ્યમત પ્રમાણે છે. આ બાબતમાં વિશેષ ઊંડાણથી '૧.૧.૨૯' સૂત્રના વિવરણમાં કહેવાશે.

(b) *अनुमानं लिङ्गम्।* – અનુમિતિના કરણને અનુમાન કહેવાય. જ્ઞાયમાન લિંગ એ અનુમિતિનું કરણ હોવાથી તેને અનુમાન કહેવાય.

(૭) स्वाङ्ग : →

'अविकारोऽद्रवं मूर्तं, प्राणिस्थं स्वाङ्गमुच्यते। च्युतं च प्राणिनस्तत्त्रिभं च प्रतिमादिषु।।'
ii iii iv i v vi

अर्थ - 'જે વિકારરૂપ કે દ્રવીભૂત વસ્તુ ન હોય, મૂર્ત (રૂપી) હોય, પ્રાણિમાં અર્થાત્ બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોના શરીરમાં રહેલ હોય, પછી ભલે તે તેઓના શરીરથી ચ્યુત (= કપાઈ જવું વિગેરેના કારણે છુટું પડી ગયું) હોય કે બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય જીવોની મૂર્તિ કે ચિત્રમાં આલેખાયેલ હોય તેને સ્વાંગ કહેવાય.'

આને સ્થૂલથી કહેવું હોય તો 'જે અવયવ પ્રાણીના શરીરમાં રહેલું હોય તેને સ્વાંગ કહેવાય.' પરંતુ ઝીણવટથી નીચે પ્રમાણે જાણવું.

(i) વ્યાકરણમાં પ્રાણી તરીકે એકેન્દ્રિયોને બાકાત રાખતા બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય જીવોને લેવામાં આવે છે. આનું કારણ 'પ્રાણિન્' શબ્દસ્થળે જોઇ લેવું. તેથી પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિનાં શરીરના અવયવોને સ્વાંગ તરીકે નહીં લઇ શકાય. સ્વાંગ બનનાર વસ્તુ પ્રાણીના શરીરનો અવયવ હોવો જોઇએ.

(ii) પ્રાણીના શરીરમાં વાયુ, કફાદિ પ્રકોપને કારણે જે સોજા, ગુમડા વિગેરે વિકારો પેદા થાય તે સ્વાંગ નથી ગણાતા.

(iii) પ્રાણીના શરીરમાં રહેલી કફ, પરૂ વિગેરે દ્રવીભૂત વસ્તુઓ પણ સ્વાંગ નથી ગણાતી.

(iv) જ્ઞાન, ઇચ્છા વિગેરે એક તો આત્માના ગુણ હોવાથી તેમજ તેઓ રૂપાદિથી યુક્ત ન હોવાથી મૂર્ત નથી, માટે તેમને સ્વાંગ ન ગણી શકાય. સ્વાંગ બનનારી વસ્તુ મૂર્ત હોવી જોઇએ.

(v) પ્રાણીના શરીરમાં વર્તતા કેશ, નખ વિગેરે અવયવો ઉપરોક્ત બધી શરતોથી યુક્ત છે, તેથી સ્વાંગ ગણાય. પરંતુ તેમને કાપી નાંખવામાં આવે અથવા ખરી જાય અર્થાત્ તેઓ પ્રાણીના શરીરથી છુટ્ટાં પડી જાય તો પણ તેમને સ્વાંગ ગણવામાં આવે છે.

(vi) પ્રાણીના શરીરમાં વર્તતા સ્વાંગ ગણાતા અવયવ સરખા જે અવયવો પ્રતિમા કે ચિત્ર વિગરેમાં આલેખાયેલા હોય તેમને પણ સ્વાંગ ગણવામાં આવે છે. જેમકે પ્રતિમાના મુખ વિગેરે અવયવો.

અહીં વિશેષ એ કે સ્વાંગનો સમુદાય સ્વાંગ નથી ગણાતો. અર્થાત્ બે કે વધુ સ્વાંગવાચી શબ્દોનો સમાસ કરી સમુદાય બનાવવામાં આવે તો તે સ્વાંગ નથી ગણાતો.

(૮) **संख्या** → ***एकाद्यभिधानप्रत्ययहेतुः।*** - એક-બે .. ઇત્યાકારક વ્યવહારના હેતુને સંખ્યા કહે છે.

(૯) **परिमाण** : → (a) ***सर्वतो मानं परिमाणम्।*** – જેના વડે ઊંચાઇ અને પહોળાઇ બધી રીતે માપ કરી શકાય તે પરિમાણ છે. (સૂત્ર - ૨.૪.૨૩ જુઓ)

(b) ***अणु-महदादिप्रत्ययहेतुः परिमाणम्।*** – નાનુ-મોટું, લાંબુ-ટૂંકું એ બોધ થવામાં જે હેતુ છે તે પરિમાણ કહેવાય છે, આમ તાર્કિકો (નૈયાયિકો) કહે છે.

(૧૦) **अपत्य** → પુત્ર અને તેના પછીની પરંપરા.

(૧૧) **वीप्सा** → ***क्रिया-गुण-द्रव्यादिभिः प्रयोक्तुर्युगपद् व्याप्तुमिच्छा वीप्सा।*** - ક્રિયા, ગુણ, દ્રવ્ય કે જાતિ દ્વારા પદાર્થને એકી સાથે પ્રાપ્ત કરવાની પ્રયોગકર્તાની ઈચ્છા વીપ્સા કહેવાય છે.

(૧૨) **लुक्** → ***अदर्शनं लुक्।*** - વર્ણનું અદર્શન, અશ્રવણ, અનુચ્ચારણ, અનુપલબ્ધિ, અભાવ કે વર્ણવિનાશને લોપ કહેવાય. આ બધા અર્થો એકાર્થક છે.

(૧૩) **अवर्ण** → ***अष्टादशभेदभिन्नोऽकारादिसमुदायोऽवर्णः।*** - ઉદાત્ત-અનુદાત્ત-સ્વરિત એમ ત્રણ પ્રકારના અ ના પ્રત્યેકે સાનુનાસિક-નિરનુનાસિક ભેદ ગણતા ૬ ભેદ થાય. તે દરેકના હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત ગણતા ૧૮ પ્રકારનો અ વર્ણ થશે. બૃ. વૃ. માં કહેલ આદિ શબ્દથી ઇ વર્ણાદિને ગ્રહણ કરવા.

(3) વ્યાકરણશાસ્ત્રમાં ન બતાવ્યા હોય તેવા કેટલાક ન્યાયો આ પ્રમાણે છે -

(૧) **परान्नित्यम्** — वन् + शस् આ અવસ્થામાં 'शसोऽता० ૧.૪.૪૯' સૂત્રથી દીર્ઘ થવાની અને 'नपुंसकस्य शिः ૧.૪.૫૫' સૂત્રથી शस् ને शि આદેશની પ્રાપ્તિ છે, ત્યારે 'स्पर्धे ૭.૪.૧૧૯' પરિભાષાથી 'नपुंसकस्य शिः' એ પરસૂત્ર બળવાન થવાથી वनानि પ્રયોગ થશે.

'પરવિધિ કરતા પણ નિત્યવિધિ[A] બળવાન છે' એવું પ્રસ્તુત ન્યાય કહે છે, તેથી આ ન્યાય 'स्पर्धे' પરિભાષાસૂત્રનો અપવાદ છે. જેમકે - स्योनः।

सिव् + न ('प्या-धा-पन्यनि०, (उणा०-૨૫૮)' થી न પ્રત્યય), આ અવસ્થામાં 'लघोरुपान्त्यस्य ૪.૩.૪' એ 'अनुनासिके च० ૪.૧.૧૦૮' સૂત્ર કરતા પરસૂત્ર હોવાથી 'स्पर्धे' પરિભાષાથી પહેલાં ગુણકાર્યની પ્રાપ્તિ છે, પરંતુ 'अनुनासिके च०' એ અહીં નિત્યસૂત્ર છે (કારણ ગુણકાર્ય થયા પછી કે થયા પૂર્વે; બન્ને અવસ્થામાં व् નો ઊટ્ (ઊ) થવો પ્રાપ્ત છે), તેથી પ્રસ્તુત ન્યાયથી એ બળવાન બનવાથી ગુણકાર્યનો બાધ કરીને તેનું કાર્ય થતા सिऊ+न થશે. ત્યારબાદ [B]'इवर्णादे० ૧.૨.૨૧' સૂત્રથી ઇ નો य् અને 'नामिनो गुणो० ૪.૩.૧' સૂત્રથી ऊ નો ગુણ ओ થતા स्योन પ્રયોગ થશે.

(A) ***नित्यं कृताकृतप्रसङ्गी*** - અન્યવિધિ કરાયા પૂર્વે અને કરાયા પછી; એમ બન્ને અવસ્થામાં જે વિધિ પ્રાપ્ત હોય તે વિધિને અન્યવિધિની અપેક્ષાએ 'નિત્યવિધિ' કહેવાય છે.

(B) આમ તો હજુ 'इवर्णादे० ૧.૨.૨૧' સૂત્ર કરતા 'लघोरुपान्त्यस्य ૪.૩.૪' એ પરસૂત્ર હોવાથી ઉપાન્ત્યનો ગુણ પ્રાપ્ત છે, પરંતુ 'ગુણ' એ પ્રત્યયનિમિત્તક હોવાથી બહિરંગ છે, જ્યારે 'इवर्णादे०' નું કાર્ય પ્રકૃતિ આશ્રિત હોવાથી અંતરંગ છે, તેથી ***'परादन्तरङ्गम्'*** અથવા ***'अन्तरङ्गं बहिरङ्गात्'*** ન્યાયથી ગુણ ન થતા ઇ નો य् થશે. (અંતરંગ-બહિરંગ કોને કહેવાય ? તે માટે પેજ-૪૪ ની ટિપ્પણ- A જુઓ.)

(२) **नित्यादन्तरङ्गम्** — નિત્યવિધિ કરતા [(A)]અંતરંગવિધિ બળવાન છે. જેમકે - જુજ્ઞૌદનીયિષતિ. અહીં જ્ઞાયા ઓદનઃ જ્ઞૌદનઃ। જ્ઞૌદનમિચ્છતિ ઇતિ, 'अमाव्ययात्० ३.४.२३' સૂત્રથી क्यन् થતા જ્ઞૌદનીય થશે. ત્યારબાદ સન્ (સ) પ્રત્યય કરતા અને અકૃતવ્યૂહત્વાત્ એટલે કયુ કાર્ય કરવું તેનો નિર્ણય કર્યો ન હોવાથી જ્ઞા + ઓદનીય + સ આ અવસ્થામાં સન્ (સ) નિમિત્તે દ્વિત્વની અને 'एदौत् सन्ध्यक्षरैः १.२.१२' સૂત્રથી ઔ કાર્યની પ્રાપ્તિ છે. તો કયુ કાર્ય પહેલા કરવું ? દ્વિત્વ એ અહીં નિત્યવિધિ છે (કારણ ઔ કાર્ય કર્યા પૂર્વે કે કર્યા પછી; બન્ને વખતે દ્વિત્વ કાર્યની પ્રાપ્તિ છે) જ્યારે ઔ કરવો એ અંતરંગવિધિ છે. (કારણ દ્વિત્વ થવું એ સન્ પ્રત્યયાશ્રિત કાર્ય છે, તેથી તે બહિરંગ છે. જ્યારે ઔ થવું એ પ્રકૃતિના આ + ઔ અંશોને લઈને થતું કાર્ય હોવાથી તે પ્રકૃતિ આશ્રિત કાર્ય છે, તેથી અંતરંગ છે.) પ્રસ્તુત ન્યાયથી અંતરંગ વિધિ બળવાન થવાથી પહેલાં ઔ કાર્ય કરતા જ્ઞૌદનીય + સ થશે. ત્યારબાદ સન્ નિમિત્તક દ્વિત્વાદિ કાર્ય કરતા જુજ્ઞૌદનીયિષતિ પ્રયોગ થશે.

(૩) **अन्तरङ्गादनवकाशम्** — અંતરંગ વિધિ કરતા પણ જે વિધિનો અન્યત્ર અવકાશ ન હોય તે અનવકાશ વિધિ (બહિરંગ હોવા છતાં) બળવાન છે. જેમકે - ગાર્ગીયાઃ। * **गर्गस्यापत्यानि** અર્થમાં **'गर्गादेर्यञ् ६.१.४२'** → **गर्ग + यञ् (य)** * **तेषां छात्राः** અર્થમાં **'दोरीयः ६.३.३२'** → **गर्ग + य + ईय (+ जस्)**. હવે આ અવસ્થામાં 'यञञो० ६.१.१२६' સૂત્રથી यञ् (य) નો લોપ અને 'न प्राग्जितीये ६.१.१३५' સૂત્રથી यञ् (य) ના લોપનો નિષેધ; એમ ઉભય કાર્યો પ્રાપ્ત છે. પરંતુ 'न प्राग्०' માં 'यञञो०' સૂત્ર કરતા 'स्वरादि प्रत्यय' રૂપ પરનિમિત્ત અધિક હોવાથી બહુનિમિત્તક તે બહિરંગ છે, જ્યારે 'यञञो०' અલ્પનિમિત્તક હોવાથી અંતરંગ છે. તેથી ***'अन्तरङ्गं बहिरङ्गात्'*** ન્યાયથી 'यञञो०' સૂત્રની પ્રવૃત્તિ પ્રાપ્ત છે. પરંતુ પ્રસ્તુત ન્યાય તેનો નિષેધ કરે છે.

'न प्राग्०' સૂત્રની પ્રવૃત્તિ જિતાર્થ પૂર્વેના (૬.૪.૨ સુધીના) અર્થમાં વિહિત સ્વરાદિ પ્રત્યયના વિષયમાં થાય છે. પ્રસ્તુતમાં તાદશ વિષય પ્રાપ્ત હોવા છતાં 'न प्राग्०' સૂત્રની પ્રવૃત્તિ ન કરીએ તો તે સૂત્રની પ્રવૃત્તિ અન્ય કોઈ વિષયમાં તો પ્રાપ્ત જ નથી. આમ તે સૂત્ર નિરવકાશ (નિર્વિષય) થવાથી નિરર્થક બનશે. માટે પ્રસ્તુત ન્યાય અંતરંગ વિધિનો બાધ કરી અનવકાશ વિધિને પ્રવર્તાવે છે. તેથી યઞ્ ના લોપનો નિષેધ થવાથી ગર્ગ + ય + ઈય થશે.

* **'अवर्णो० ७.४.६८'** થી **अ** નો લોપ અને **'वृद्धिः० ७.४.१'** સૂત્રથી વૃદ્ધિ થતા → **गार्ग्य + ईय (+ जस्)** * **'अवर्णो० ७.४.६८'** થી **अ** નો લોપ અને **'तद्धितय० २.४.९२'** સૂત્રથી **य्** લોપ થતા → **गार्ग् + ईय (+ जस्)**।

(પૃષ્ઠ-૪૩, ટિપ્પણ-**B** માં ***'परादन्तरङ्गम्'*** ન્યાયની વાત છે.)

(A) *प्रकृतेराश्रितं यत् स्याद्, यद् वा पूर्वं व्यवस्थितम्। यस्य चाल्पनिमित्तानि, अन्तरङ्गं तदुच्यते।।*
प्रत्ययस्याश्रितं यत् स्याद्, बहिर्वा यद् व्यवस्थितम्। बहुनि वा निमित्तानि, यस्य तद् बहिरङ्गकम्।।

આ મુજબ બતાવેલ ન્યાયો સિવાય બીજા સેંકડો ન્યાયો છે, જેની સિદ્ધિ લોકથી જાણવી. લોક વગર તે તે ક્રિયા વિગેરે સંજ્ઞાઓ તથા ન્યાયોની(A) જ્ઞાનપ્રાપ્તિનો બીજો કોઈ ઉપાય નથી. તેના જ્ઞાન વગર વ્યાકરણશાસ્ત્રની પ્રવૃત્તિ શક્ય નથી. જેમકે - 'ક્રિયા, ગુણ, જાતિ.. વિગેરે સંજ્ઞાઓ' લોકથી જાણ્યા વગર 'ક્રિયાર્થો ધાતુઃ ૩.૩.૭' 'ગુણાદસ્ત્રિયાં નવા ૨.૨.૭૭' 'જાતિકાલસુખાદેર્નવા ૩.૧.૧૫૨' વિગેરે સૂત્રોની પ્રવૃત્તિ શક્ય નથી.

(4) વર્ણસમામ્નાય અર્થાત્ વર્ણોનો સમ્યક્ પાઠક્રમ પણ લોકથી જાણવો જોઈએ. અચ્, હલ્, લણ્ ઇત્યાદિ રૂપે નૂતન વર્ણપાઠ ન કરવો જોઈએ. કેમકે સર્વજ્ઞ દ્વારા પ્રણિત ''કેવલિક'' વિગેરે શાસ્ત્રોમાં તેમજ 'ઐંદ્ર' વિગેરે પૂર્વના વ્યાકરણોમાં અચ્, હલ્ આદિ રૂપે વર્ણસમામ્નાય અપ્રસિદ્ધ છે. શિક્ષાકાર પણ 'વિવૃત્તકરણાઃ સ્વરાઃ...અન્તસ્થા યરલવાઃ' આમ સ્વર, અંતસ્થા વિગેરે સંજ્ઞાઓને લઈને જ વ્યવહાર કરે છે.

શંકા :- વ્યાકરણકારો લાઘવપ્રિય હોય છે. તેથી ગુરૂ એવી સ્વરાદિ સંજ્ઞાઓને ન વાપરતા લઘુ એવી અચ્ વિગેરે નવી સંજ્ઞાઓ વાપરે તો શું વાંધો છે ?

સમાધાન :- નવી સંજ્ઞાઓ જો વ્યવસ્થિત રીતે સિદ્ધ થતી હોય અને જો તેનાથી લાઘવ થતું હોય તો નવી સંજ્ઞાઓ વાપરવામાં કોઈ વાંધો નથી. કેમકે ***'लघ्वर्थं संज्ञाकरणम्'*** નિયમ મુજબ સંજ્ઞા લાઘવ માટે કરાય છે, તેથી લાઘવ માટે કરાતી સંજ્ઞાઓ પણ લઘુ હોવી જોઈએ. પરંતુ પાણિનિ વિગેરે કેટલાક વ્યાકરણોમાં વપરાયેલી અચ્, હલ્ વિગેરે સંજ્ઞાઓ સંદેહ અને અતિવ્યાપ્તિ દોષથી દૂષિત છે. માટે તેમને ન સ્વીકારી શકાય.

શંકા :- સંદેહ અને અતિવ્યાપ્તિ દોષ શી રીતે આવે છે તે સમજાવો ને ?

સમાધાન :- એ સમજવા સૌ પ્રથમ આપણે તેમના પ્રત્યાહાર સૂત્રોની વ્યવસ્થા સમજી લઈએ. પાણિનિ વ્યાકરણમાં ચૌદ પ્રત્યાહાર સૂત્રો છે. ૧. અઇઉણ્ ૨. ઋલૃક્ ૩. એ ઓઙ્ ૪. ઐ ઔચ્ ૫. હયવરટ્ ૬. લણ્ ૭. ઞમઙણનમ્ ૮. ઝભઞ્ ૯. ઘઢધષ્ ૧૦. જબગડદશ્ ૧૧. ખફછઠથચટતવ્ ૧૨. કપય્ ૧૩. શષસર્ ૧૪. હલ્

આ દરેક સૂત્રને અંતે રહેલા ણ્ , ક્ , ઙ્ , ચ્ વિગેરે વર્ણો ઇત્ છે. આ સૂત્રોને પ્રત્યાહાર એટલા માટે કહેવાય છે, કેમ કે તેમના દ્વારા વર્ણોનો વ્યાકરણના સૂત્રોમાં ટૂંકમાં નિર્દેશ કરી શકાય છે. (प्रत्याहियन्ते समाहियन्ते वर्णा अनेनेति प्रत्याहारः). આ સૂત્રોને 'શિવસૂત્ર' પણ કહેવામાં આવે છે. તે એટલા માટે કે શંકરે તાંડવ નૃત્યના

(A) સંદેહરૂપી ત્રાજવાને વિશે આરૂઢ થયેલો પદાર્થ જેના દ્વારા નિર્ણયને પમાડાય છે તેને ન્યાય કહેવાય. આમ અહીં ન્યાયનો અર્થ 'યુક્તિ' કરવો, 'સ્મૃતિશાસ્ત્ર' નહીં. **'अन्तर्मध्येऽङ्गानि निमित्तानि परार्थाद् यस्य तदन्तरङ्गम्, बहिरङ्गानि यस्य तद् बहिरङ्गम्,** लोको हि स्वार्थं यतमान एवेष्टार्थं प्रयतते...' ઇત્યાદિ યુક્તિસિદ્ધ પદાર્થોનો જ સ્મૃતિકાર વડે અનુવાદ (પુનઃકથન) કરાય છે.

છેડે સનકાદિનો ઉદ્ધાર કરવા પોતાનું ડમરું ચૌદવાર વગાડયું. એના નાદમાંથી ચૌદ પ્રત્યાહાર સૂત્રોની ઉત્પત્તિ થઈ છે[A]. જો કે આ વાતમાં વિવાદ છે, પરંતુ તે બીજેથી જાણી લેવો. હવે ચૌદ પ્રત્યાહાર સૂત્રોને લઈને અચ્ આદિ સંજ્ઞાઓની વ્યવસ્થાને ગોઠવવા **પાણિનિ ઋષિએ** 'आदिरन्त्येन सहेता' (પા.સૂ. ૧.૧.૭૧) સૂત્ર બનાવ્યું છે. તે સૂત્ર એમ કહે છે કે પ્રત્યાહાર બનાવવા અર્થાત્ વર્ણોનો ટૂંકમાં નિર્દેશ કરતી લઘુ સંજ્ઞાઓ બનાવવા તમારે આ ચૌદ સૂત્રોમાં વર્તતા કોઈપણ એક વર્ણને આદિ તરીકે લેવો. ત્યારબાદ તેને તેના પછીનો જે ઇત્ વર્ણ જોડવામાં આવે ત્યાં સુધીના બધા વર્ણોને જણાવતી લઘુ સંજ્ઞા તૈયાર થશે. દા.ત. આદિ અક્ષર તરીકે પ્રથમ સૂત્રમાં વર્તતો અ લેવામાં આવે અને તેને ચોથા સૂત્રના અંતે રહેલો ઇત્ ચ્ અનુબંધ જોડવામાં આવે તો અચ્ આવી એક લઘુસંજ્ઞા તૈયાર થશે અને તે અ થી લઈને ચ્ અનુબંધ સુધીમાં આવતા દરેક વર્ણોની (= અ થી ઔ સુધીના વર્ણોની) વાચક સંજ્ઞા બનશે. જો કે અહીં ચાર પ્રત્યાહાર સૂત્રોમાં દર્શાવેલા અ થી લઈને ઔ સુધીના સ્વરો નવ જ છે. પરંતુ તેઓ સવર્ણ (= પરસ્પર સ્વ) સહિતના લેવાતા હોવાથી અચ્ સંજ્ઞા દ્વારા ચૌદે સ્વરો આવરી લેવાય છે. એવી જ રીતે પાંચમાં સૂત્રમાં વર્તતો હ્ આદિ અક્ષર તરીકે લેવામાં આવે અને તેને ચૌદમાં સૂત્રના અંતે વર્તતો લ્ અનુબંધ જોડવામાં આવે તો હલ્ સંજ્ઞા તૈયાર થશે, જે પાંચમાં સૂત્રના પ્રથમ અક્ષર હ્ થી લઈને ચૌદમાં સૂત્રના લ્ અનુબંધ સુધીમાં રહેલા બધા જ વ્યંજનોની ગ્રાહક એવી સંજ્ઞા બનશે. આમ ઘોષવાન વિગેરે વ્યંજનો માટે વપરાતી હશ્ આદિ સંજ્ઞાઓ માટે પણ સમજી લેવું. તેમજ અણ્, અક્, એઙ્ અને ઐચ્ વિગેરે સંજ્ઞાઓથી ક્રમશઃ અ-ઇ-ઉ વર્ણ, સમાન સ્વરો, ગુણસંજ્ઞા અને વૃદ્ધિસંજ્ઞા વિગેરે સમજવી. હવે પાણિનિ વ્યાકરણમાં 'षिद्भिदादिभ्योऽङ् ૩.૩.૧૦૪' આવું સૂત્ર છે. તે સૂત્ર ષ્ ઇત્વાળી તેમજ ભિદ્ વિગેરે ધાતુઓને અઙ્ પ્રત્યય કરવા માટે છે. હવે પ્રત્યાહારની રીત મુજબ અઙ્ દ્વારા અ થી ઓ સુધીના સ્વરોનું ગ્રહણ થાય. આમ અહીં અઙ્ થી અઙ્ પ્રત્યાહાર (અ થી ઓ સ્વર) નું ગ્રહણ થવાની આપત્તિ આવે છે.

શંકા :- પરંતુ ***'व्याख्यातो विशेषार्थप्रतिपत्तिः'*** ન્યાય મુજબ વ્યક્તિ તે સૂત્રની વ્યાખ્યા જોશે એટલે તેને ખબર પડી જશે કે અહીં અઙ્ પ્રત્યાહારનું નહીં, પણ અઙ્ પ્રત્યયનું ગ્રહણ કરવાનું છે.

સમાધાન :- બરાબર છે. પણ સૂત્ર જોતા વ્યક્તિને સંદેહ તો ઉપજે ને કે 'અહીં અઙ્ પ્રત્યાહારનું ગ્રહણ કરવાનું હશે કે અઙ્ પ્રત્યયનું ?' ***'स्वल्पाक्षरमसन्दिग्धम्..'*** સૂત્રનું સ્વરૂપ બતાવતી આ કારિકા મુજબ સૂત્ર હંમેશા સંદેહ ન ઉપજાવે તેવું બનાવવું જોઈએ.

શંકા :- સંદેહ તો સમજ્યા, પણ અતિવ્યાપ્તિ દોષ શી રીતે આવે છે ?

સમાધાન :- અઇઉણ્, ઋલૃક્, એઓઙ્ અને ઐઔચ્ આ ચાર પ્રત્યાહાર સૂત્રોને આશ્રયીને અચ્ સંજ્ઞા કરવા દ્વારા અ થી ઔ સુધીના વર્ણોનું ગ્રહણ કરવા જતા પ્રથમ, દ્વિતીય અને તૃતીય પ્રત્યાહાર સૂત્રને છેડે રહેલા ણ્, ક્

(A) **नृत्यावसाने नटराजराजो ननाद ढक्कां नव–पञ्चवारान्। उद्धर्तुकामः सनकादिसूत्रानेतद्विमर्शे शिवसूत्रजालम्।।**

અને ङ् અનુબંધોને પણ अच् સંજ્ઞા લાગુ પડવાની આપત્તિ આવે છે. અર્થાત્ ण्, क् અને ङ् અનુબંધો સ્વર ન હોવા છતાં સ્વર રૂપે માનવાની અતિવ્યાપ્તિ આવે છે. કારણ તેઓ અ અને च અનુબંધની વચ્ચે વર્તી રહ્યા છે. આમ ण्, क् અને ङ् ની ગણના સ્વરોમાં થતા दधि णकारीयति અને दधि करोति વિગેરે સ્થળે ક્રમશઃ અસ્વ સ્વર ण् અને क् પરમાં વર્તતા 'इवर्णादेरस्वे० ૧.૨.૨૧' (પાણિનિના 'इको यणचि ૬.૧.૭૭') સૂત્રથી दधि ના इ નો य આદેશ થવાની આપત્તિ આવે.

શંકા :- પણ ण्, क् અને ङ् અનુબંધો તો ઈત્ છે. તેથી તેઓને લાગુ પડનાર अच् સંજ્ઞા નિર્માણ પામે તે પહેલાં જ તેઓ ચાલ્યા જવાના છે. માટે તેમને अच् સંજ્ઞા લાગુ પડવાની આપત્તિ નહીં આવે.

સમાધાન :- એમ તો च् અનુબંધ પણ ઈત્ છે, તેથી अच् સંજ્ઞા નિર્માણ પામે તે પહેલા જ च् ઉડી જશે. તો પછી સ્વરોને જણાવતી अच् સંજ્ઞાનો ઉદય જ શી રીતે થશે ? આથી अच् સંજ્ઞાને જો પ્રગટ થવા દેવી હોય તો કાં ચૂપચાપ ण्, क् અને ङ् અનુબંધોમાં अच् સંજ્ઞાની અતિવ્યાપ્તિ સ્વીકારી લેવી પડે, કાં તો अच् વિગેરે સંજ્ઞાઓ બનાવવાનું માંડી વાળી 'સ્વર' વિગેરે સંજ્ઞાઓનો સ્વીકાર કરી લેવો પડે.

શંકા :- ભલે, તમારા કહ્યા મુજબ પ્રસિદ્ધ વર્ણસમામ્નાય માન્ય રાખો, પરંતુ તેમાં આ વિગેરે વર્ણો અ + અ = આ એમ અનેક અવયવોવાળા છે. એ, ઐ તથા ઓ, ઔ વર્ણો ક્રમશઃ અ + ઇ = એ, અ + ઇ = ઐ તથા અ + ઉ = ઓ, અ + ઉ = ઔ; આમ વર્ણાન્તર (અ અને ઇ તેમજ અ અને ઉ આમ જુદા જુદા પ્રકારના વર્ણ) રૂપ અવયવોવાળા છે.[A] ऋ વિગેરે વર્ણમાં र् અને અમુક સ્વર રૂપ[B] અવયવો છે. તો જ્યારે આ બધા વર્ણને લઈને તે તે સૂત્રમાં કાર્ય કરવાનું હોય ત્યારે તેમના અવયવોને સ્વતંત્ર સ્વીકારશો કે અસ્વતંત્ર ?

(A) આ વિગેરે દીર્ઘસ્વરો તેમજ એ, ઐ, ઓ અને ઔ દીર્ઘસ્વરોની નિષ્પત્તિમાં સર્વત્ર હ્રસ્વસ્વર રૂપ અવયવો વપરાયા છે.

(B) ऋ કારની નિષ્પત્તિમાં ત્રણ મત છે : (i) ऋ માં અડધી માત્રાવાળા र् વ્યંજનના ચાર ભાગ કરી તેમાનાં બે ભાગ લેવામાં આવ્યા છે, એટલે તેની પા માત્રા થઈ અને દોઢ માત્રા પ્રમાણ સ્વર છે. તેથી સમગ્ર ऋ ની પોણા બે માત્રા થઈ અને તે ઈષત્સ્પૃષ્ટ આસ્યપ્રયત્નવાળો છે. (ii) ऋ માં અડધી માત્રાવાળો र्, એક માત્રાવાળો ऋ તથા અડધી માત્રા પ્રમાણ સ્વરનો ભાગ છે. તેથી તે બે માત્રાપ્રમાણ થયો અને તે સંવૃત્તતર આસ્યપ્રયત્નવાળો છે. (iii) ऋ માં બે र् સંભળાય છે, તેથી તેમની એક માત્રા અને સ્વરની દોઢ માત્રા છે. આમ તે અઢી માત્રાવાળો થયો.

આ ત્રણે મતે 'ऋ' સ્વર અને र् વ્યંજનના સમુદાયરૂપ છે. આ અંગે વિશેષથી જાણવા 'लृत ऋलृ० ૧.૨.૩' સૂત્રની બૃ. વૃત્તિ અને તેનું ન્યાસાનુસંધાન જોવું. જો કે અહીં '૧.૨.૩' સૂત્રની બૃ. વૃત્તિમાં દર્શાવેલા ઉપરોક્ત ત્રણ મતો જ દર્શાવ્યા છે. બાકી **પાણિનિ, શાકટાયન** વિગેરે વ્યાકરણકારોના હજું પણ જુદા મતો છે, જે 'પા.સૂ. ૬.૧.૧૦૧' 'શાક૦ ૧.૧.૭૬' વિગેરે સૂત્રોથી જાણી લેવા.

સમાધાન :- સ્વતંત્ર પક્ષ સ્વીકારીએ તો શું વાંધો આવે ?

શંકા :- સ્વતંત્ર પક્ષે 'अग्ने इन्द्रम्' તથા 'वायो उदकम्' સ્થળે अग्ने અને वायो ના અંતે इ અને उ ગણાય. કેમકે अ + इ = ए થાય છે અને अ + उ = ओ થાય છે. તેથી 'समानानां तेन १.२.१' સૂત્રથી સંધિ થવાની આપત્તિ આવે. વળી પ્રમાય અને આલૂય સ્થળે વર્તતા આ અને ऊ ના અવયવો अ + अ અને उ + उ હોવાથી त्वा નો આદેશ य હ્રસ્વસ્વરથી પરમાં ગણાતા 'ह्रस्वस्य तः० ४.४.११३' સૂત્રથી य ની પૂર્વે त् આગમ થઈ પ્રમાત્ય અને આલૂત્ય આવા અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસંગ આવશે. તથા દરેક સ્થળે ऋ ના અવયવ તરીકે र् હોવાથી દરેક ऋ થી પરમાં રહેલા न् નો ण् આદેશ ऋ ના અવયવ र् ને લઈને જ પ્રાપ્ત છે. ऋ નો સ્વરાંશ કાંઈ ण् આદેશમાં વ્યવધાયક બનતો નથી. તેથી 'रषृवर्णान्० २.३.६३' સૂત્રમાં ऋ વર્ણનું ગ્રહણ કરવું નિરર્થક ઠરશે. એવી જ રીતે 'ऋर लृलं० २.३.९९' સૂત્ર 'कृपो रो लमकृपिटादिषु' આવું લઘુ બનાવી ફક્ત कृप् ના र् નો ल् આદેશ કરવામાં આવે તો પણ क्लृप्तः અને कल्पते વિગેરે પ્રયોગો સિદ્ધ થઈ જાય એમ છે. જો કે અહીં પ્રશ્ન થાય કે 'જો આ રીતે र् નો ल् આદેશ કરીએ તો क्लृप्तः પ્રયોગ શી રીતે નિષ્પન્ન થાય ?' પરંતુ પૃષ્ઠ-૪૭ ની (B) ટિપ્પણમાં બતાવેલા ऋ ની નિષ્પત્તિના ત્રણ મતો પૈકીના બીજા મતમાં ऋ ના અવયવ તરીકે એક માત્રાવાળો ऋ પણ બતાવ્યો છે. તેથી कृप् માં વર્તતા ऋ ના र् અંશનો જ્યારે ल् આદેશ કરવામાં આવે ત્યારે બાકીનો એક માત્રાવાળો ऋ અંશ તેમાં ભળવાથી क्लृप् સ્વરૂપ તૈયાર થઈ જશે. માટે क्लृप्तः પ્રયોગની નિષ્પત્તિમાં કોઈ વાંધો નથી. આ રીતે 'ऋर लृलं० २.३.९९' સૂત્રમાં પણ ऋ નું ઉપાદાન નિરર્થક ઠરશે. માટે આ બધી આપત્તિને નજરમાં રાખી સ્વતંત્ર પક્ષ ન સ્વીકારી શકાય.

સમાધાન :- સ્યાદ્વાદનો આશ્રય કરી બન્ને પક્ષનો સ્વીકાર કરવામાં કોઈ વાંધો આવતો નથી. લક્ષ્યને અનુસારે ક્યારેક સ્વતંત્ર અવયવવાળો પક્ષ સ્વીકારવામાં આવે છે, તો ક્યારેક અસ્વતંત્ર અવયવવાળો પક્ષ સ્વીકારવામાં આવે છે. સ્યાદ્વાદનો સિદ્ધાન્ત અવયવ અને અવયવી વચ્ચે ભેદાભેદ (= અપેક્ષાએ ભેદ અને અપેક્ષાએ અભેદ) સ્વીકારે છે. ભેદને લઈને સ્વતંત્ર અવયવવાળો પક્ષ ઊભો થયો છે અને અભેદને લઈને અસ્વતંત્ર અવયવવાળો પક્ષ ઊભો થયો છે. તેથી अग्ने इन्द्रम् તથા वायो उदकम् સ્થળે ક્રમશઃ 'एदैतो० १.२.२३' અને 'ओदौतो० १.२.२४' સૂત્રથી अ + इ અને अ + उ અવયવોના સમુદાય રૂપ ए અને ओ ને લઈને अय् અને अव् આદેશરૂપ કાર્ય કરવાનું હોતે છતે તેમના इ અને उ અવયવ સ્વનિમિત્તક 'समानानां० १.२.१' સૂત્રથી સંધિ થવા રૂપ કાર્ય કરવામાં પ્રવર્તશે નહીં. અર્થાત્ અહીં અભેદને લઈને અસ્વતંત્ર અવયવ પક્ષનો સ્વીકાર કરવામાં આવ્યો છે. એવી જ રીતે પ્રમાય વિગેરે ઉપરોક્ત ત્રણે આપત્તિસ્થળે પણ અવયવ-અવયવી વચ્ચેના અસ્વતંત્ર અવયવપક્ષનો સ્વીકાર કરવામાં આવ્યો છે. તેથી પ્રમાય અને આલૂય ના આ અને ऊ ના अ + अ અને उ + उ અવયવો તેમનાથી જુદા ન ગણાતા ત્યાં य હ્રસ્વસ્વરથી પરમાં ન ગણાવાથી 'ह्रस्वस्य तः० ४.४.११३' સૂત્રથી

त् આગમ થવાની આપત્તિ નહીં આવે. ऋ નો અવયવ र् તેનાથી સ્વતંત્ર ન ગણાતા 'रषृवर्णान्० २.३.६३' સૂત્રમાં જો ऋ વર્ણને નહીં મૂકવામાં આવે તો नृणाम् વિગેરે કેટલાય પ્રયોગસ્થળે न् નો ण् આદેશ કરવો શક્ય નહીં બને અને 'कृपो रो लम०' આવા સૂત્રથી ફક્ત र् નો ल् આદેશ કરવા જતા તે સૂત્રથી क्लृप्तः વિગેરે પ્રયોગો સિદ્ધ કરવા શક્ય નહીં બને. માટે 'रषृवर्णान्० २.३.६३' અને 'ऋर लृलम्० २.३.९९' એ બન્ને સૂત્રમાં ऋ વર્ણનું ગ્રહણ યોગ્ય જ છે. આમ આ વિગેરે દીર્ઘ સ્વરો તેમજ ऋ વિગેરે જુદા અવયવોવાળા હોવા છતાં અસ્વતંત્ર અવયવપક્ષને લઈને કોઈ આપત્તિ નથી.

શંકા :- તમે આ વિગેરે દીર્ઘ સ્વરોને તથા ऋ વિગેરેને અનેક વર્ણોમાંથી બનેલા માનો છો. પણ વર્ણની વ્યાખ્યા તો ***'पृथक्प्रयत्ननिर्वर्त्यत्वम्'*** (જે અલગ અલગ પ્રયત્નથી નિષ્પન્ન થતા હોય તેને વર્ણ કહેવાય) આવી છે. આ વિગેરે વર્ણોનું ઉચ્ચારણ કરવા માટે તેમના અવયવોમાં અલગ અલગ પ્રયત્ન કરવાનો હોતો નથી. તેથી વ્યાખ્યા લાગુ ન પડતા તેમને વર્ણ શી રીતે ગણી શકાય ?

સમાધાન :- 'અલગ અલગ પ્રયત્ન કરવાનો હોતો નથી' એમ કેમ કહો છો ? વિશ્લિષ્ટ વર્ણોવાળા ऐ તથા औ નું એકવાર હળવેથી ઉચ્ચારણ તો કરી જુઓ. તમને તેના ક્રમશઃ કંઠ્ય-તાલવ્ય અને કંઠ્ય-ઔષ્ઠ્ય अ...इ અને अ...उ અવયવો અલગ પ્રયત્નથી ઉચ્ચારાતા હોય તેવું સ્પષ્ટ જણાશે. માટે તમારી આપત્તિ વ્યભિચાર દોષથી દૂષિત છે.

શંકા :- તમે આ વિગેરે વર્ણોના અવયવોના અસ્વતંત્ર પક્ષનો આશ્રય કરાયો હોય તેવા સ્થળો તો બતાવ્યા. પરંતુ તેમના સ્વતંત્રપક્ષનો આશ્રય કરાયો હોય તેવું સ્થળ બતાવશો ?

સમાધાન :- 'प्रश्नार्चाविचारे० ७.४.१०२' સૂત્રસ્થળે સ્વતંત્રપક્ષનો આશ્રય કરાયો છે. તે આ રીતે - 'प्रश्नार्चा०' સૂત્ર એમ કહે છે કે 'પ્રશ્ન, અર્ચા, વિચાર અને પ્રત્યભિવાદમાં વર્તતા વાક્યના અંત્ય સ્વરાત્મક સંધેય (સ્વર પરમાં વર્તતા સંધિ પામે એવા) સંધ્યક્ષરના સ્થાને પ્લુત आ३ આદેશ થાય છે. જો તે आ३ આદેશ ए-ऐ ના સ્થાને થયો હોય તો તે इ પરમાં હોય તેવો आ३ થાય છે અને જો તે ओ-औ ના સ્થાને થયો હોય તો તે उ પરમાં હોય તેવો आ३ થાય છે.' દા.ત. अग्निभूता३इ અને पटा३उ. અહીં સંબોધનના अग्निभूते તથા पटो પ્રયોગના ए અને ओ નો ક્રમશઃ इ પરમાં હોય એવો आ३ અને उ પરમાં હોય તેવો आ३ આદેશ કરવામાં આવ્યો છે. અહીં જોવાનું એ છે કે આ સૂત્રમાં સ્વતંત્ર અવયવ પક્ષનો સ્વીકાર કરી ए તથા ओ ના અવયવ अ + इ તથા अ + उ ના अ અંશનો પ્લુત आ३ કર્યો છે અને તેમની પરમાં ક્રમશઃ इ તથા उ અંશોને યથાવત્ મૂકવામાં આવ્યા છે. 'ए ऐ तु कण्ठतालव्यौ' આવા શિક્ષાવચનમાં પણ ए-ऐ ના કંઠ્ય अ અંશ અને તાલવ્ય इ અંશને નજરમાં રાખી ए-ऐ ને કંઠ્ય-તાલવ્ય રૂપે ગણાવ્યા છે. આના પરથી પણ સ્વતંત્ર અવયવ પક્ષને સમર્થન મળે છે. આમ સ્યાદ્વાદને આશ્રયી યથાવસર બન્ને પક્ષનો સ્વીકાર કરવામાં આવે છે ।।३।।

◆ **૧.૧.૪ <u>ની અવતરણિકા</u>** – અહીં (આ ગ્રંથમાં) શબ્દોનું અનુશાસન (= નિરૂપણ) આરંભેલ હોવાથી તેમના નિરૂપણમાં 'સાધુ શબ્દો કયા છે' તેનું નિરૂપણ કરવું જોઈએ ?, 'અપશબ્દો કયા છે' તેનું નિરૂપણ કરવું જોઈએ ? કે સાધુ શબ્દો અને અપશબ્દો બન્નેનું નિરૂપણ કરવું જોઈએ ? આવા ત્રણ ભાંગા ઉપસ્થિત થાય છે. તે પૈકી ત્રીજા ભાંગાને ન સ્પર્શતા પહેલા કે બીજા ભાંગા પૈકીના કોઈપણ એક ભાંગાને લઈને જ કામ સરી જાય એમ છે. તે આ રીતે – જેમ 'શમ વિગેરે ગુણો કેળવવા જોઈએ' આમ કહેવામાં આવતા સાંભળનારને શમાદિના પ્રતિપક્ષી ક્રોધાદિનો પ્રતિષેધ સહજ સમજાઈ જાય. અથવા ક્રોધાદિનો પ્રતિષેધ કરવામાં આવતા 'શમાદિ ગુણો કેળવવા જોઈએ' એ આપમેળે સમજાઈ જાય. તેમ પ્રસ્તુતમાં પણ 'ગો' સાધુશબ્દ છે, એમ નિરૂપણ કરવામાં આવતા તરત સમજાઈ જાય કે 'ગાવી' વિગેરે અપશબ્દો છે. અથવા ગાવી વિગેરે અપશબ્દોનું નિરૂપણ કરવામાં આવતા સમજાઈ જાય કે ગો સાધુશબ્દ છે. પરંતુ પ્રશ્ન થાય કે ''ભલે બન્ને પૈકીના કોઈ પણ ભાંગાને લઈને નિરૂપણનો મેળ પડે, પણ સાધુશબ્દોના નિરૂપણના ભાંગામાં લાઘવ છે ? કે અપશબ્દોના નિરૂપણના ભાંગામાં ?'' ત્યાં સાધુ (= ઉપાદેય) શબ્દોના નિરૂપણના ભાંગામાં લાઘવ અને અપશબ્દોના નિરૂપણના ભાંગામાં ગૌરવ જાણવું. લાઘવ એટલા માટે કે સાધુશબ્દનું નિરૂપણ થતા આપણને સાક્ષાત્ તે સાધુશબ્દનો બોધ થઈ જાય છે અને અપશબ્દોના નિરૂપણમાં ગૌરવ એટલા માટે છે કે એક એક સાધુશબ્દોના અપભ્રંશ ઘણા છે. જેમકે એક 'ગો' સાધુશબ્દના ગાવી, ગોણી, ગોતા, ગોપોતલિકા વિગેરે અનેક અપભ્રંશ રૂપ અપશબ્દો છે. અપશબ્દોના નિરૂપણમાં એ બધાનું નિરૂપણ કરવા બેસવું પડતું હોવાથી ગૌરવ થાય છે. આટલી વાત ઉપરથી સાધુશબ્દોનું નિરૂપણ કરવું જોઈએ એ વાતનો નિશ્ચય તો થઈ ગયો. પરંતુ શું સાધુશબ્દોના જ્ઞાન માટે गौः, अश्वः, पुरुषः, हस्ती, शकुनिः, मृगः, ब्राह्मणः આમ પ્રતિપદપાઠ (= એક એક સાધુશબ્દનો પાઠ) કરવો જોઈએ ? જો એ રીતે સાધુશબ્દો સમજાવવા બેસીએ તો સાધુશબ્દો તો અનંતા છે. એવી વાત પણ સંભળાય છે કે ''બૃહસ્પતિએ ઈન્દ્રને દેવતાઈ હજાર [(A)]વર્ષ સુધી એક-એક સાધુશબ્દોનું શબ્દપારાયણ કહ્યું, તો પણ તે અંતને ન પામ્યું.'' દેવોના ગુરુ બૃહસ્પતિ જેવા વક્તા અને ઈન્દ્ર જેવા બુદ્ધિશાળી શ્રોતા, એમાં વળી દેવતાઈ હજાર વર્ષ જેટલો અધ્યયનકાળ, છતાં શબ્દપારાયણ અંતને ન પામે તો અલ્પ આયુષ્યવાળી આજની પ્રજાથી શી રીતે શબ્દપારાયણ અંતને પામે ? વળી કોઈપણ 'વિદ્યા' ગ્રહણકાળ (= અધ્યયનકાળ), અભ્યાસ (= સ્વાધ્યાય) કાળ, અધ્યાપન (ઉપદેશ) કાળ અને ક્રિયા (લોકવ્યવહાર) કાળને લઈને ઉપયુક્ત થાય છે. તેથી જો આ રીતે એક એક શબ્દોનો પાઠ કરવા બેસીએ તો આખું જીવન ચાર પૈકીના પ્રથમ અધ્યયનકાળમાં જ પુરું થઈ જાય. તેથી સાધુશબ્દોનો પ્રતિપદપાઠ કરવો વ્યાજબી નથી. પણ સામાન્ય (= ઉત્સર્ગ) વિશેષ (= અપવાદ) સૂત્રોની

(A) મનુષ્યોનું એક વર્ષ એટલે દેવતાઓનો એક દિવસ, મનુષ્યોના '૩૦' વર્ષ એટલે દેવોનો એક માસ, મનુષ્યોના ૩૬૦ વર્ષ એટલે દેવોનું એક વર્ષ થાય. આવા ૧ હજાર દેવતાઈ વર્ષ અર્થાત્ માનવોના ૩,૬૦,૦૦૦ વર્ષ અહીં સમજવાના છે.

રચના કરવી જોઈએ, જેથી અલ્પ યત્નથી એકસાથે મોટા મોટા શબ્દ સમૂહનું જ્ઞાન થઈ શકે. જેમકે 'समानानां तेन दीर्घः १.२.१' આ સામાન્યસૂત્ર દરેક સમાનાન્ત અને સમાનાદિ શબ્દોને આવરી સમાન સ્વરોનો સમાન સ્વરોની સાથે દીર્ઘ આદેશ કરવાની વાત કરે છે. તેથી दण्डाग्रम् વિગેરે સ્થળની જેમ दधि + अत्र આવા સ્થળે પણ इ અને अ સમાન સ્વર હોવાથી તેમનો તે સૂત્રથી દીર્ઘ આદેશ થવાનો પ્રસંગ વર્તતા તેની સામે 'इवर्णादेरस्वे स्वरे यवरलम् १.२.२१' આવું इवर्णાદ્યન્ત અને અસ્વસ્વરાદિ દરેક શબ્દોને આવરતું વિશેષસૂત્ર બનાવવું પડે. જેથી दध्यत्र વિગેરે સાધુશબ્દપ્રયોગ સિદ્ધ થઈ શકે. એવી જ રીતે 'कर्मणोऽण् ५.१.७६' આ સામાન્યસૂત્રની સામે 'आतो डोऽद्भावामः ५.१.७२' આવું વિશેષ સૂત્ર બનાવવું પડે. પરંતુ આ રીતે સામાન્ય-વિશેષ સૂત્રો બનાવી મોટમોટા શબ્દસમૂહને આવરવા હોય તો તે માટે સમાન, દીર્ઘ, વર્ણ, સ્વ, સ્વર, કર્મ વિગેરે સંજ્ઞાઓની રચના જરૂરી છે. કેમકે સંજ્ઞા એકસાથે મોટા વર્ણસમુદાય વિગેરેને જણાવવાનું કામ કરતી હોય છે. આથી વર્ણ સમામ્નાય (= अ થી લઈને ह् સુધીના વર્ણો) લોક પાસેથી જણાયે છતે હવે તેમને લગતી સ્વર વિગેરે સંજ્ઞાઓ 'औदन्ताः स्वराः १.१.४' વિગેરે સૂત્રોને લઈને પ્રસ્તુત કરવામાં આવે છે.

[શંકા :- વર્ણો તો સ્વર અને વ્યંજન એમ બે સ્વરૂપે સંભવે છે. તો કેમ તે પૈકી વ્યંજન સંજ્ઞાને દર્શાવતું સૂત્ર પહેલા ન બતાવતા સ્વર સંજ્ઞાનો નિર્દેશ કરતું સૂત્ર પ્રથમ બતાવ્યું છે ?

સમાધાન :- વ્યંજનનું ઉચ્ચારણ સ્વરની સહાય વિના શક્ય નથી. જ્યારે સ્વરનું ઉચ્ચારણ સ્વતંત્ર પણે કરી શકાય છે. આથી સ્વરોના આલંબનની અપેક્ષા રાખતા વર્ણોની વ્યંજન સંજ્ઞા બતાવતા પૂર્વે સ્વરસંજ્ઞા બતાવવામાં આવે છે.]

औदन्ताः[1] स्वराः ।। १.१.४ ।।

બૃ.વૃ.-औकारावसाना[2] वर्णाः स्वरसंज्ञा भवन्ति, तकार[3] उच्चारणार्थः। अ[4] आ इ ई उ ऊ ऋ ॠ ऌ[5] ॡ[6] ए ऐ ओ औ। औदन्ता इति बहुवचनं[7] वर्णेष्वपठितानां दीर्घपाठोपलक्षितानां प्लुतानां संग्रहार्थम्, तेन तेषामपि स्वरसंज्ञा[8]। स्वरप्रदेशाः[9]-"इवर्णादेरस्वे स्वरे य-व-र-लम्" (१.२.२१) इत्येवमादयः ।।४।।

સૂત્રાર્થ :- અ થી ઔ સુધીના વર્ણોને સ્વરસંજ્ઞા થાય છે.

સૂત્રસમાસ :- ◆ औत् अन्तेऽन्तो वा येषां ते = औदन्ताः (બહુ०)। ◆ स्वयं राजन्ते इति स्वराः।

વિવરણ :- (1) **શંકા :-** સૂત્રકારે 'औदन्ताः स्वराः' આવું સૂત્ર બનાવ્યું છે, તેને બદલે ખરેખર તો 'औपर्यन्ताः स्वराः' આવું સૂત્ર બનાવવું જોઈએ. અર્થાત્ સૂત્રમાં अन्त શબ્દને બદલે पर्यन्त શબ्दનો નિવેશ કરવો જોઈએ. તે આ રીતે - મર્યાદાને જણાવનારો अन्त શબ્દ 'सह तेन वर्तते' અને 'ततः प्राक् च' આમ

બે અર્થમાં વર્તે છે. પ્રથમ અર્થ મુજબ અન્ત શબ્દને લઈને જે બહુવ્રીહિ સમાસ થશે તેમાં બહુવ્રીહિથી વાચ્ય [A]અન્યપદાર્થમાં અન્ત શબ્દથી સૂચવાતી મર્યાદાનો અંતર્ભાવ થશે. જેમકે 'मर्यादान्तं[B] क्षेत्रं देवदत्तस्य' અર્થાત્ 'અમુક મર્યાદા છે છેડો જેનો એવું ખેતર દેવદત્તનું છે.' અહીં મર્યાદારૂપે બતાવેલ સ્થળ ખેતરનું અવયવ હોવાથી તે ખેતરમાં અંતર્ભાવ પામે છે. અર્થાત્ ખેતરની સાથે-સાથે મર્યાદારૂપ તેનું અવયવ પણ દેવદત્તની માલિકીનું જણાય છે. જ્યારે બીજા અર્થ મુજબ અન્ત શબ્દને લઈને થતા બહુવ્રીહિથી વાચ્ય અન્યપદાર્થમાં અન્ત શબ્દથી સૂચવાતી મર્યાદાનો અંતર્ભાવ નથી થતો. જેમકે 'नद्यन्तं देवदत्तस्य क्षेत्रम्' અર્થાત્ 'નદી સુધીનું ખેતર દેવદત્તનું છે.' અહીં મર્યાદારૂપ નદી ખેતરનું અવયવ નથી, માટે નદી ખેતરમાં અંતર્ભાવ ન પામતા તેની પૂર્વના ભાગ સુધીનું ખેતર દેવદત્તની માલિકીનું જણાય છે.

આ રીતે અન્ત શબ્દ બે અર્થવાળો હોવાથી ઔદન્તા આ બહુવ્રીહિ સમાસમાં અન્ત શબ્દ 'सह तेन वर्तते' અર્થમાં લેશું, ત્યારે 'ઔ સુધીના (અર્થાત્ ઔ પણ) વર્ણોને સ્વર કહેવાય છે.' આવો સૂત્રાર્થ થશે. પરંતુ અન્ત શબ્દને 'ततः प्राक् च' અર્થમાં લેશું, ત્યારે 'ઔ સુધીના (અર્થાત્ અ થી ઔ સુધીના) વર્ણોને સ્વર કહેવાય છે.' એવો સૂત્રાર્થ પણ થશે.

હવે આ બે અર્થમાંથી સૂત્રકારને જો પહેલો અર્થ ઈષ્ટ હોય અને બીજો અર્થ ઈષ્ટ ન હોય તો બીજા અર્થનો વ્યવચ્છેદ કરવા માટે સૂત્રકારે સૂત્રમાં અન્ત ને બદલે પર્યન્ત શબ્દનું ઉપાદાન કરવું જોઈએ. પરિ ઉપસર્ગપૂર્વકના અન્ત શબ્દનું અર્થાત્ પર્યન્ત શબ્દનું ગ્રહણ કરવાથી 'અન્ય પદાર્થ' અન્તર્ભૂત અર્થવાળો પ્રાપ્ત થશે. જેથી અ થી ઔ સુધીના ૧૪ વર્ણોને સ્વરસંજ્ઞા થઈ શકે.

સમાધાન :- તમે અન્ત શબ્દના થતા બે અર્થને લઈને સૂત્રમાં જે દોષ બતાવો છો, તે દોષ આવતો નથી, કારણ કે સૂત્રકારે સૂત્રમાં 'અવયવવાચી' એવા અન્ત શબ્દનું ગ્રહણ કર્યું છે. અન્ત શબ્દ અવયવવાચી હોવાથી 'औत् अन्तो (अवयवः) येषां ते' એ પ્રમાણે અવયવ દ્વારા સમાસનો વિગ્રહ થશે અને અન્યપદાર્થ 'સમુદાય' બનશે. હવે અવયવનો અવશ્યપણે સમુદાય (= અવયવી) રૂપ અન્યપદાર્થમાં અંતર્ભાવ થાય. તેથી औदन्ताः સમાસમાં ઔ અવયવ 'વર્ણો' રૂપ સમુદાય (અન્યપદાર્થ) માં અંતર્ભાવ પામશે અને 'ઔ છે અવયવ જેનો, એવા વર્ણસમુદાયને સ્વર કહેવાય છે.' એ સમાસાર્થ થશે. તેથી અ થી ઔ સુધીના ૧૪ વર્ણો સ્વરસંજ્ઞા પામશે.

(A) *'पूर्वपदार्थप्रधानोऽव्ययीभावः, उत्तरपदार्थप्रधानस्तत्पुरुषः, अन्यपदार्थप्रधानो बहुव्रीहिः, उभयपदार्थप्रधानो द्वन्द्वः' इति प्राचामाचार्याणां प्रवादः ।* (આ પ્રાયોવાદ છે, સિદ્ધાન્ત નહીં.)

(B) मर्यादा अन्तो यस्य तद् = मर्यादान्तं क्षेत्रम्।

આશય એ છે કે જ્યાં અન્ત શબ્દ અવયવવાચી હોય ત્યાં બહુવ્રીહિથી 'सह तेन वर्तते' અર્થ પ્રાપ્ત થાય છે, અને જ્યાં તે સામીપ્ય અર્થને જણાવતો હોય ત્યાં 'ततः प्राक् च्' અર્થ પ્રાપ્ત થાય છે. 'औदन्ताः' અને 'मर्यादान्तं क्षेत्रम्' સ્થળે અન્ત શબ્દ અવયવવાચી છે અને 'नद्यन्तं क्षेत्रम्' સ્થળે તે સામીપ્યવાચી છે. મૂળ વાત એવી છે કે બહુવ્રીહિસમાસ બે પ્રકારનો છે. तद्गुणसंविज्ञान બહુવ્રીહિ અને अतद्गुणसंविज्ञान બહુવ્રીહિ. જે બહુવ્રીહિ સ્થળે સમાસના અંશોથી જણાતા પદાર્થ અને અન્યપદાર્થ વચ્ચે અવયવ-અવયવીભાવ હોય ત્યાં અંશભૂત અવયવોને અવયવી અન્યપદાર્થ સાથે આવરનારો [A]तद्गुणसंविज्ञान બહુવ્રીહિસમાસ થાય છે. જેમકે लम्बकर्ण-માનય સ્થળે બહુવ્રીહિના અંશો लम्ब અને कर्ण શબ્દથી જણાતા 'લાંબો કાન' રાસભના અવયવ છે અને અન્ય પદાર્થ 'રાસભ' અવયવી છે. તેથી રાસભને લવાતા ભેગા તેના અવયવ લાંબા કાનને પણ લાવવામાં આવે છે. તેમ પ્રસ્તુતમાં પણ औदन्ताः બહુવ્રીહિ સ્થળે औ અવયવ છે અને અન્યપદાર્થ વર્ણસમુદાય અવયવી છે. માટે तद्गुणसंविज्ञान બહુવ્રીહિથી વર્ણ સમુદાય ભેગો તેનો औ અવયવ આવરાય છે. આમ 'सह तेन वर्तते' અર્થ પ્રાપ્ત થયો. હવે જે બહુવ્રીહિસ્થળે સમાસના અંશભૂત પદાર્થ અને અન્યપદાર્થ વચ્ચે સામીપ્ય કે સ્વ-સ્વામીભાવ વિગેરે સંબંધ હોય ત્યાં અંશભૂત પદાર્થને અન્યપદાર્થ સાથે ન આવરતો अतद्गुणसंविज्ञान બહુવ્રીહિ સમાસ થાય છે. જેમકે चित्रगुरानीयताम् બહુવ્રીહિ સ્થળે અંશભૂત પદાર્થ 'ચિત્ર ગાયો' અને અન્યપદાર્થ 'ગોવાળ' વચ્ચે સ્વ-સ્વામીભાવ સંબંધ છે. ત્યાં ગોવાળને લવાતા ભેગી ગાયો પણ લવાય છે એવું નથી. તેમ 'नद्यन्तं क्षेत्रम्' સ્થળે નદી એ દેવદત્તની માલિકીના ક્ષેત્રનું અવયવ ન બની શકતા તે ક્ષેત્રને સમીપવર્તી હોવાથી સમાસના અંશભૂત નદી અને અન્યપદાર્થ ક્ષેત્ર વચ્ચે સામીપ્ય સંબંધ છે. તેથી अतद्गुणसंविज्ञान બહુવ્રીહિથી ક્ષેત્રની સાથે નદી દેવદત્તની માલિકીનો વિષય નથી બનતી. પણ સમીપવર્તી નદીની અપેક્ષાએ પૂર્વવર્તી (ततः प्राक्) ક્ષેત્ર દેવદત્તની માલિકીનું જણાય છે. तद्गुण संविज्ञान અને अतद्गुणसंविज्ञान બહુવ્રીહિ અંગે વિશેષથી જાણવા ૧.૪.૭ સૂત્રના બૃહન્ન્યાસના અમારા વિવરણમાં પૃષ્ઠ-૨૭ ઉપર જુઓ.

શંકા :- પરંતુ ભાષ્યમાં તો "सर्वत्रैवाऽन्तशब्दः 'सह तेन वर्तते' इति" આવી પંક્તિ દર્શાવી અન્ત શબ્દને બધે सह तेन वर्तते અર્થમાં વર્તતો કહ્યો છે. તો नद्यन्तं क्षेत्रं સ્થળે કેમ અન્ત શબ્દને સામીપ્યવાચિતાને લઈને 'ततः प्राक् च्' અર્થમાં વર્તતો કહો છો ?

સમાધાન :- ભાષ્યની વાત સંભવની અપેક્ષાએ છે. તેથી જ્યાં અન્ત શબ્દનો અવયવવાચિતાને લઈને सह तेन वर्तते અર્થ સંભવિત હોય ત્યાં સર્વત્ર તેને લેવાની વાત છે. અર્થાત્ જ્યાં અન્ત શબ્દ અવયવવાચી અને સામીપ્યવાચી ઉભય રૂપે સંભવતો હોય ત્યાં તેને અવયવવાચી રૂપે જ ગ્રહણ કરવાની વાત છે. જેમ કે मर्यादान्तं क्षेत्रम्

(A) यत्र तस्य = अन्यपदार्थस्य गुणानाम् = उपलक्षणानां (पूर्वोत्तरपदार्थयोः) अपि कार्ये संविज्ञानम् = बोधो भवति तत्र तद्गुणसंविज्ञानबहुव्रीहिर्भवति, अन्यत्र तु अतद्गुणसंविज्ञानबहुव्रीहिः।

સ્થળે મર્યાદારૂપ સ્થળને ક્ષેત્રના અવયવરૂપે પણ બતાવવું શક્ય છે અને ક્ષેત્રના સમીપવર્તીરૂપે બતાવવું પણ શક્ય છે. ત્યાં અન્ત શબ્દને અવયવવાચી રૂપે લેવામાં આવે છે. પરંતુ 'નદ્યન્તં ક્ષેત્રમ્' સ્થળે નદીને દેવદત્તના ક્ષેત્રના અવયવરૂપે બતાવવી શક્ય નથી. માટે આવા સ્થળે અન્ત શબ્દને અવયવાર્થક લેવામાં આવતો નથી.

કેટલાક એમ કહે છે કે 'સર્વત્ર અન્ત શબ્દ અવયવવાચી જ હોય છે.' ઉપર કહ્યા પ્રમાણે અવયવવાચી અને સામીપ્યવાચી એમ ઉભયરૂપે સંભવતો નથી અને જ્યાં અન્ત શબ્દ અવયવવાચી રૂપે સંભવવો શક્ય ન હોય તેવા સ્થળે તે સામીપ્યવાચી જ હોય. જેમકે 'નદ્યન્તં ક્ષેત્રમ્' સ્થળે 'નદી' ક્ષેત્રના અવયવરૂપે સંભવવી શક્ય જ નથી, તેથી અન્ત શબ્દ સામીપ્યવાચી જ બને. બાકી 'મર્યાદાન્તં ક્ષેત્રમ્' જેવા સ્થળે તે સામીપ્યવાચી રૂપે સંભવી જ ન શકે.

તો બીજા કેટલાક એમ કહે છે કે 'સર્વત્ર અન્ત શબ્દ અવયવવાચી જ હોય છે, પરંતુ 'મર્યાદાન્તં ક્ષેત્રમ્' જેવા સ્થળે તે મુખ્યપણે અવયવ અર્થને જણાવે છે, જ્યારે 'નદ્યન્તં ક્ષેત્રમ્' જેવા સ્થળે સામીપ્ય આદિ અર્થને લઈને તેમાં અવયવ અર્થનો ઉપચાર કરવામાં આવે છે.'

આમ આ બધા અભિપ્રાયોને લઈને ભાષ્યની "सर्वत्रैवाऽन्तशब्दः 'सह तेन वर्तते' इति" વાત છે. પ્રસ્તુતમાં औदन्ताः સ્થળે અન્ત શબ્દની અવયવવાચિતાને લઈને औ ને સ્વરસમુદાયમાં સમાવવો શક્ય છે, તેથી સૂત્ર 'औपर्यन्ताः स्वराः' આવું બનાવવાની જરૂર નથી.

(2) શંકા :- અહીં औतः अन्ताः = औदन्ताः આમ તત્પુરુષ સમાસ કરવો જોઈએ. કેમકે બહુવ્રીહિ સમાસ કરતા તત્પુરુષ સમાસ અલ્પનિમિત્તક હોવાથી અંતરંગ ગણાય. તેથી ***'अन्तरङ्गं बहिरङ्गात्'*** ન્યાયાનુસાર તે બળવાન બને.

સમાધાન :- અહીં અ વિગેરે સ્વરોને સ્વરસંજ્ઞા કરવાની છે. તેથી 'औदन्ताः' સ્થળે બહુવ્રીહિ સમાસ કરી અ વિગેરે સ્વરોને અન્યપદાર્થરૂપે ગણાવવા જરૂરી છે. औतः अन्ताः એમ વિગ્રહ કરી તત્પુરુષ સમાસ કરવામાં આવે તો સ્વરસંજ્ઞા औ પછીના ક્રમે આવતા અનુસ્વાર અને વિસર્ગને પ્રાપ્ત થાય. તેથી જો કેવળ અનુસ્વાર-વિસર્ગને સ્વરસંજ્ઞા કરવી ઈષ્ટ હોત તો પ્રસ્તુત સૂત્ર ન બનાવતા 'कादिर्व्यञ्जनम् १.१.१०' સૂત્ર પછીના ક્રમે અનુસ્વાર આદિને સ્વરસંજ્ઞાનું વિધાન કરતું 'अनुस्वारादयः स्वराः' આવું સૂત્ર બનાવત. પણ તેમ નથી કર્યું, એ જ બતાવે છે કે પ્રસ્તુત સૂત્રમાં 'औदन्ताः' સ્થળે અ વિગેરેને સ્વરસંજ્ઞા કરવા બહુવ્રીહિસમાસ કરવો ઈષ્ટ છે.

(3) સૂત્રમાં औत્ સ્થળે જે ત્ અનુબંધ દર્શાવ્યો છે તે ઉચ્ચારણ માટે છે. જો તે ન મૂકવામાં આવે તો औ ઉચ્ચારણ શક્ય ન બને. કેમકે પાછળ રહેલા અન્ત શબ્દના અ સ્વરના કારણે आवन्ताः આવું વિકૃત સ્વરૂપ થઈ જાય. તેથી સંદેહ વિગેરે પેદા થાય કે 'શું औ સુધીનાં વર્ણોને સ્વરસંજ્ઞા કરવી છે કે आव् સુધીના વર્ણોને ?'

શંકા :- પરંતુ અહીં તો વર્ણ સમામ્નાય (અ થી હ્ સુધીની વર્ણાવલી) ને લઈને વાત ચાલે છે. તેમાં આવ્ એવો કોઈ વર્ણ ન હોવાથી સંદેહ થવાનો પ્રશ્ન જ નથી.

સમાધાન :- બરાબર છે. પણ અતિપ્રસંગ (અતિવ્યાપ્તિ) દોષ તો ઊભો જ રહે છે. કેમકે આવ્ સ્થળે અવધિઅર્થક આ (આङ્) ને લઈને અ થી વ્ સુધીના વર્ણોને સ્વરસંજ્ઞાની પ્રાપ્તિ ઊભી રહે છે. તેથી સ્વરસંજ્ઞાના લક્ષ્ય ન હોય તેવા ક્ થી વ્ સુધીના વર્ણોમાં સ્વરસંજ્ઞાની અતિવ્યાપ્તિ આવે છે. જેમ ધાતુની ઉપદેશ અવસ્થામાં (= ધાતુપાઠમાં દર્શાવેલી મૂળ અવસ્થામાં) અ[A] અનુબંધ ઉચ્ચારણ માટે દર્શાવવામાં આવે છે, તેમ **औदन्ताः** સ્થળે પણ त् અનુબંધ ઉચ્ચારણ (= સ્વરૂપ પરિગ્રહ) માટે દર્શાવવામાં આવ્યો છે. ઉચ્ચારણ શબ્દની વ્યુત્પત્તિ 'उच्चार्यते स्वरूपेण स्वीक्रियतेऽनेन = उच्चारणम्' આવી છે. અર્થાત્ જેના દ્વારા વર્ણનું સ્વરૂપ (= આકાર) ગ્રહણ થઈ શકે તેને ઉચ્ચારણ કહેવાય.

(4) બૃ. વૃત્તિમાં જે અ આ ઇ ઈ.. વિગેરે વર્ણો બતાવ્યા છે, તેઓ સ્વરૂપથી[B] અર્થવાન્ છે. અથવા બીજી રીતે કહીએ તો બૃ. વૃત્તિમાં દર્શાવેલા એ વર્ણો વર્ણસમામ્નાયમાં બતાવેલા વર્ણોના અનુકરણરૂપ હોવાથી તેઓ અનુકાર્ય (= જેમનું અનુકરણ કરવામાં આવ્યું છે તે વર્ણસમામ્નાયના અ આ ઇ ઈ.. વિગેરે વર્ણો) રૂપ અર્થને જણાવતા હોવાથી અર્થવાન્ છે.

હવે અ વિગેરે વર્ણો અર્થવાન્ હોવાથી તેમને 'अधातुविभक्ति० १.१.२७' સૂત્રથી નામસંજ્ઞા પ્રાપ્ત થતા ***'अपदं न प्रयुञ्जीत'*** નિયમ મુજબ જેમ તેમને સિ વિગેરે વિભક્તિના પ્રત્યયો લાગે, તે જ રીતે 'कादिर्व्यञ्जनम् १.१.१०' સૂત્રમાં બતાવેલા ક્, ખ્, ગ્ વિગેરે વર્ણોમાં પણ વિભક્તિના પ્રત્યયો લાગતા कः खो गो घो ङः, चश्छो जः ... આવા ભિન્ન ભિન્ન સ્વરૂપો થવાનો દોષ આવે. મૂળ સ્વરૂપ કાયમ રહે માટે સમાહાર દ્વન્દ્વ સમાસ કરી शषसहम् આ રીતે વર્ણોનો નિર્દેશ કરો તો શ્ વિગેરે વર્ણો પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ગુમાવી शषसहम् સમુદાયના અવયવરૂપે વિકાર પામે છે. આથી વર્ણો અર્થવાન્ હોવા છતાં જેમ અનુદરા કન્યા સ્થળે કન્યાને ઉદર હોવા છતા તેની અવિવક્ષા કરવામાં આવે છે, તેમ વર્ણોના અર્થવત્ત્વની અવિવક્ષા[C] કરવાથી તેમને વિભક્તિની ઉત્પત્તિ નથી થઈ.

(A) જેમકે ધાતુપાઠમાં મજ શબ્દે (૧૭૦) ધાતુમાં અ અનુબંધ ઉચ્ચારણ માટે દર્શાવ્યો છે. જો તે ન બતાવવામાં આવે તો 'धुटस्तृतीयः २.१.७६' સૂત્રથી ज् નો च् આદેશ થવાથી 'मच् शब्दे' પ્રયોગ થાય. જેથી ધાતુનું मज् આવું સ્વરૂપ ન જાણવાવાથી ધાતુનાં સ્વરૂપની પ્રતિપત્તિ (બોધ) ન થઈ શકે.

(B) શબ્દથી જેનું જ્ઞાન થાય તેને તે શબ્દનો અર્થ કહેવાય. શબ્દ દ્વારા પોતાના સ્વરૂપનો પણ બોધ થાય છે. તેથી શબ્દનું સ્વરૂપ એ તેનો અર્થ કહેવાય. આમ સ્વરૂપને આશ્રયીને અ, આ, ઇ વિગેરે વર્ણો અર્થવાન્ છે. (જુઓ મ. ભાષ્ય પ્રદીપોદ્યોત, પ્રત્યા.૧, વાર્તિક-૧)

(C) स्वरूपस्वरूपिणोरनुकार्याऽनुकरणयोरभेदस्य विवक्षितत्वादर्थवत्त्वस्याऽविवक्षा। (म.भाष्यप्रदीपविवरणम्, प्रत्या-१, वार्तिक-१)

શંકા :- પણ બૃ. વૃત્તિમાં અ આ ઇ ઈ... આ રીતે પાસે પાસે સ્વરો આવવાથી શું તેમની સંધિ થઈ દીર્ઘ આદેશ ન થવો જોઈએ ?

સમાધાન :- ના. કેમકે હાલ વર્ણસમામ્નાયને લઈને ચોક્કસ વર્ણોને સ્વરાદિ સંજ્ઞાનું વિધાન થઈ રહ્યું છે. અર્થાત્ સ્વરાદિ સંજ્ઞાઓ કાંઈ વર્ણસમામ્નાયમાં અંતર્ભાવિ નથી પામતી અને દીર્ઘ આદેશ રૂપ વિધિ સ્વરસંજ્ઞા પામેલા વર્ણોને લઈને પ્રવર્તે છે. તેથી પ્રથમ વર્ણ સમામ્નાય, બીજા ક્રમે સ્વરાદિ સંજ્ઞાઓ અને ત્રીજી કક્ષામાં હ્રસ્વ-દીર્ઘાદિ સંજ્ઞાઓની વાત આવે. હાલ તો બીજા ક્રમે આવતી સ્વરસંજ્ઞાનું વિધાન ચાલી રહ્યું છે. તેથી હજુ સ્વરોને દીર્ઘાદિ સંજ્ઞાઓ લાગુ પડી ન હોવાથી સંધિ થઈ દીર્ઘ આદેશ થવાની આપત્તિ નહીં આવે(A).

અથવા અહીં બતાવેલાં અ આ ઇ ઈ વિગેરે વર્ણો ચાદિ ગણ અંતર્વર્તી અવ્યયો હોવાથી તેમને લાગેલા વિભક્તિના પ્રત્યયો લોપાઈને બૃ. વૃત્તિમાં પ્રયોગ થયો છે તેમ સમજવું.

(5) અહીં વર્ણ સમામ્નાયમાં ए ऐ ओ અને औ આમ વર્ણોના સમુદાય પણ બતાવ્યા છે અને અ ઇ ઉ આવા તેમના અવયવો પણ બતાવ્યા છે. તેમાં સમુદાયને આશ્રયીને જો સ્વરસંજ્ઞાનો નિર્દેશ કરવામાં આવે તો અવયવ વિના સમુદાયનું અસ્તિત્વ શક્ય ન હોવાથી અવર્જ્ય સંનિધિ રૂપે ટપકી પડેલા અવયવોને સ્વરસંજ્ઞા લાગુ ન પડી શકે અને જો અવયવોને સ્વરસંજ્ઞા કરવામાં આવે તો સમુદાયને સ્વરસંજ્ઞા ન થઈ શકે. જેમકે ક ખ ગ વિગેરે વ્યંજનોનું સ્વર વિના ઉચ્ચારણ મુશ્કેલ હોવાથી અ અનુબંધ તેમની સાથે જોડવામાં આવે છે. હવે તે અ નો 'औदन्ताः स्वराः १.१.४' સૂત્રમાં સ્વર રૂપે પ્રધાનપણે નિર્દેશ થઈ ચૂક્યો હોવાથી 'कादिर्व्यञ्जनम् १.१.१०' સૂત્રમાં ક ખ ગ ઘ સ્થળે અ ગૌણપણે ઉચ્ચારણ માટે વપરાયો હોવાથી ક્ + અ = ક વિગેરે વર્ણ સમુદાયમાં વર્તતો અ અવયવ વ્યંજનસંજ્ઞાને પામતો નથી. માટે ञ बकसङ्घः સ્થળે અ ને વ્યંજન ગણી તેની પરમાં રહેલા સ (= વિસર્ગ) નો 'दीर्घङ्याब्० १.४.४५' સૂત્રથી લોપ કરવામાં આવતો નથી. તેમ પ્રસ્તુતમાં પણ ए ऐ ओ औ સમુદાયમાં વર્તતા અ ઇ ઉ અવયવો આગળ અ આ ઇ ઈ ઉ ઊ આમ વર્ણાવલી બતાવતી વખતે પ્રધાનપણે સ્વરસંજ્ઞાને પામી ચૂક્યા હોવાથી જ્યારે તેઓ ए ऐ ओ औ રૂપ સમુદાયોના નિર્માણમાં ગૌણ રૂપે વપરાય ત્યારે તેઓ સ્વરસંજ્ઞાને ન પામી શકે.

શંકા :- 'एदैतोऽयाय् १.२.२३' સૂત્રથી ए નો अय् આદેશ થાય છે. તે આદેશ ए નો નિવર્તક (= નિકાલ કરનાર) બનવો જોઈએ. પરંતુ તેના અવયવ અ અને ઇ એ ए સમુદાય સ્વરૂપ ન હોવાથી તેમનો નિકાલ કરનાર

(A) 'જો દીર્ઘસંજ્ઞાનું વિધાન હજુ નથી થયું માટે દીર્ઘ આદેશ નથી થયો એમ કહો છો, તો આ પછીના 'एकद्वित्रिमात्रा० १.१.५' સૂત્રમાં દીર્ઘ સંજ્ઞાનું વિધાન થતા પૂર્વે કેમ एकद्वित्रिमात्रा શબ્દને जस् પ્રત્યય લગાડી દીર્ઘ આદેશ કરવામાં આવે છે ?' આવો પ્રશ્ન ઉદ્ભવતા 'અથવા' કહીને ત્રીજું સમાધાન આપે છે.

શી રીતે બની શકે ? અને જો બને છે તો માનવું જ પડે કે અ અને ઇ અવયવો એ સમુદાય રૂપ મનાવાથી તેમને એ સમુદાયને લગતી સ્વર સંજ્ઞા વિગેરે કાર્યો લાગુ પડવા જોઈએ.

સમાધાન :- અવયવની નિવૃત્તિ વિના સમુદાયની નિવૃત્તિ કરવી શક્ય નથી. તેથી અય્ આદેશ દ્વારા એ સમુદાયની નિવૃત્તિ ત્યારે જ થઈ શકે જ્યારે એ ને નાન્તરીયક (= એ થી અલગ ન કરી શકાય) એવા અ અને ઇ અવયવોની નિવૃત્તિ થાય. આમ અય્ આદેશ દ્વારા એ ની સાથે જ અ અને ઇ અવયવોની નિવૃત્તિ થાય છે તે અ અને ઇ અવયવો એ ને નાન્તરીયક છે માટે, નહીં કે અ અને ઇ અવયવો એ સમુદાયની સ્વરસંજ્ઞા વિગેરે કાર્યોને ભજનારા છે માટે. આ રીતે ઐ ઓ ઔ અંગે પણ સમજી લેવું.

શંકા :- અગ્ને ઇન્દ્રમ્ સ્થળે એકસાથે એ સમુદાયનું અય્ આદેશ રૂપ કાર્ય પ્રાપ્ત છે અને એ ના ઇ અવયવનું ઇન્દ્ર ના ઇ સાથે મળી દીર્ઘ આદેશ રૂપ કાર્ય પ્રાપ્ત છે. તેમાં અવયવકાર્ય અંતરંગ હોવાથી, સાક્ષાત્ કહેવાયું હોવાથી તેમજ પ્રત્યક્ષ(A) હોવાથી બળવાન ગણાય. માટે દીર્ઘઆદેશ રૂપ અવયવકાર્ય થવાનો પ્રસંગ આવશે.

સમાધાન :- આ રીતે તો એ ની પરમાં સ્વર આવતા તેના ઇ અવયવને લઈને સર્વત્ર કાં તો 'समानानां० ૧.૨.૧' સૂત્રથી દીર્ઘ આદેશ કાં તો 'इवर्णादे० ૧.૨.૨૧' સૂત્રથી ય્ વિગેરે આદેશ થશે. ('इवर्णादे०' સૂત્રનું કાર્ય પણ ઉપરોક્ત હેતુઓને લઈને અંતરંગ બને છે.) તેથી અય્ આદેશ રૂપ કાર્ય નિરવકાશ બનવાથી તે અંતરંગ દીર્ઘ આદેશ રૂપ કાર્ય કરતા પણ બળવાન બનશે. માટે તે જ કાર્ય થશે.

શંકા :- અય્ આદેશ નિરવકાશ ક્યાં બને છે ? અગ્ને આયાહિ સ્થળે એ પ્રાપ્ત હોવાથી સાવકાશ છે.

સમાધાન :- ના, ત્યાં પણ 'इवर्णादे० ૧.૨.૨૧' સૂત્રથી એ ના ઇ અવયવનો ય્ આદેશ પ્રાપ્ત છે. માટે અય્ આદેશ સાવકાશ નથી.

(A) અવયવની પ્રતીતિ થયા બાદ જ સમુદાયની પ્રતીતિ થાય. માટે શીઘ્ર અથવા પ્રથમ ઉપસ્થિત થતા અવયવોનું કાર્ય અંતરંગ ગણાય. એવી જ રીતે અય્ આદેશ સાક્ષાત્ એ સમુદાયને વિહિત છે. તેથી અય્ આદેશ થતા એ ના અવયવ અ અને ઇ ની નિવૃત્તિ સાક્ષાત્ નહીં પણ એ સમુદાયના માધ્યમે પરોક્ષપણે થાય છે. પરંતુ દીર્ઘઆદેશ રૂપ અવયવકાર્ય 'समानानां० ૧.૨.૧' સૂત્રથી સાક્ષાત્ સમાનસંજ્ઞક ઇ અવયવને કહ્યું છે. તેથી તે અંતરંગ ગણાય. જો કે 'एदैतो० ૧.૨.૨૩' સૂત્રથી થતો અય્ આદેશ પણ સાક્ષાત્ એ ને જ કહ્યો છે. પરંતુ તે સૂત્રમાં પરનિમિત્ત તરીકે સામાન્યથી સ્વરને ગ્રહણ કર્યા છે, જ્યારે 'समानानां०' સૂત્રમાં પરનિમિત્ત તરીકે સાક્ષાત્ સમાનસંજ્ઞક સ્વરવિશેષને ગ્રહણ કર્યા છે. માટે અહીં નિમિત્તની અપેક્ષાએ સાક્ષાત્ત્વ સમજવું. તેમજ જેથી ઇ સાક્ષાત્ ઉક્ત છે, તેથી જ તે પ્રત્યક્ષ પણ છે.

શંકા :- અગ્ને આયાહિ અવસ્થામાં ए ના ઉત્તર અવયવ इ નો य् આદેશ 'इवर्णादे० १.२.२१' સૂત્રથી અવશ્ય પ્રાપ્ત છે. છતાં ત્યારબાદ 'एदैतो० १.२.२३' સૂત્રથી ए ના अय् આદેશરૂપ નવી વિધિનો આરંભ કર્યો છે. તેથી ***'येन नाऽप्राप्ते यो विधिरारभ्यते स तस्यैव बाधकः***[A] ' ન્યાય મુજબ अय् આદેશ રૂપ વિધિ દ્વારા य् આદેશ રૂપ વિધિનો બાધ થાય છે. આમ અગ્ને આયાહિ સ્થળે अय् આદેશ પ્રાપ્ત હોવાથી તે સાવકાશ છે. માટે જેમ दधि + इन्द्र = दधीन्द्रः સ્થળે સમાનસ્વરનો દીર્ઘ આદેશ પ્રાપ્ત છે, તેમ અગ્ને इन्द्रम् સ્થળે પણ ए ના ઉત્તર અવયવ इ નો પરવર્તી इ સાથે અંતરંગ દીર્ઘ આદેશ પ્રાપ્ત છે.

સમાધાન :- તમારી વાત બરાબર નથી. કેમકે अ इ અને उ અવયવો ए ऐ ओ औ સમુદાયમાં તિરોહિત (છુપા)[B] છે. વળી તેઓ સમુદાયની નિષ્પત્તિ (= ए ऐ ओ औ ની ઉત્પત્તિ) રૂપ એક કાર્યમાં વ્યગ્ર હોવાથી પરતંત્ર છે. માટે તેઓ પોતાને લગતા દીર્ઘ આદેશ વિગેરે બીજા કાર્યોમાં નિમિત્ત ન બની શકે. માટે અગ્ને ઇન્દ્ર સ્થળે ए ના ઉત્તર અવયવ इ ને લઈને દીર્ઘ આદેશ ન થઈ શકે. [C]અથવા તો **'નરસિંહ'** ન્યાયથી ए ऐ ओ औ ના અવયવભૂત अ इ અને उ અલગ પ્રકારના વર્ણો હોવાથી અર્થાત્ વિષ્ણુએ જે નરસિંહનું રૂપ ધારણ કર્યું હતું, તેમાં કેટલાક અવયવો નરના તો કેટલાક અવયવો સિંહના હોવાથી તેમાં નરત્વ ન મનાય કે સિંહત્વ પણ ન મનાય. પરંતુ તે બન્નેથી અલગ જાતિ (= જાત્યંતર) માનવી પડે. તેમ अ + इ અવયવોના મેળાપથી બનેલાં ए ऐ અને अ + उ અવયવોના મેળાપથી બનેલા ओ औ[D] સંધ્યક્ષરોના અવયવ अ इ અને उ માં, સ્વતંત્ર अ इ અને उ વર્ણોમાં ક્રમશઃ વર્તતી अत्व इत्व અને उत्व[E] જાતિ ન માની શકાય, પણ અલગ જાતિ (જાત્યંતર) માનવી પડે. અર્થાત્ અવયવભૂત अ इ उ ને સ્વતંત્ર अ इ उ કરતા અલગ માનવા પડે. તેમને વિશે જે સ્વતંત્ર अ વિગેરેની બુદ્ધિ થાય છે, તે તેઓ વચ્ચે અત્યંત સદશતા હોવાના કારણે ભ્રાંતિરૂપ છે, તેથી અગ્ને इन्द्रम् વિગેરે સ્થળે કેવળ સંધ્યક્ષરની નિષ્પત્તિમાં કારણ બનતા ए ના ઉત્તર અવયવ વિજાતીય इ ને લઈને દીર્ઘ આદેશ ન થઈ શકે.

(A) 'જેને લગતી અમુક વિધિ અવશ્ય પ્રાપ્ત હોય છતાં તેના સંબંધી જે નવી વિધિનો આરંભ કરવામાં આવે તે નવી વિધિ અવશ્ય પ્રાપ્ત વિધિનો બાધ કરે.' ન્યાયમાં न અપ્રાપ્તે એમ બે નञ્ છે, તેથી ***'द्वौ नञौ प्रकृतमर्थं गमयतः'*** ન્યાય મુજબ 'પ્રાપ્તિ' રૂપ પ્રકૃત અર્થ અહીં પ્રાપ્ત થાય છે અને બે ન કાર મૂકી નિષેધ મુખે વાત કરી હોવાથી 'અવશ્યંભાવ' અર્થની પ્રાપ્તિ થાય છે.

(B) જેમ દૂધમાં ભેળવેલ પાણી તિરોહિત (અનભિવ્યક્ત) હોવાથી તે પોતાનું સ્વતંત્ર કાર્ય ન કરતા દૂધનું કાર્ય જ કરે છે, તેમ પ્રસ્તુતમાં પણ अ इ અને उ અવયવો ए ऐ ओ અને औ માં તિરોહિત હોવાથી તેઓ પોતાનું દીર્ઘત્વ વિગેરે સ્વતંત્ર કાર્ય કરતા નથી.

(C) ननु परतन्त्रस्याऽपि स्वकार्यप्रवर्तकत्वं किं न स्यात्, अत आह-नरसिंहवदिति। (अन्नम्भट्टकृत महाभाष्यप्रदीपोद्द्योतनम्, प्रत्या.३)

(D) एकप्रयत्नजन्यत्वादेकवर्णत्वमेव, न वर्णद्वयसमुदायत्वमित्यर्थः। (अन्नम्भट्टकृत महाभाष्यप्रदीपोद्द्योतनम्, प्रत्या.३)

(E) तदवयवे नरत्वाद्यभाववदेतदवयवेऽप्यत्वाद्यभाव इति भावः। (म.भाष्य प्रदीपोद्द्योत, प्रत्या. ३)

(6) શંકા :- વ્યાકરણશાસ્ત્રમાં જે અ થી હ્ સુધીના વર્ણો બતાવ્યા છે, તેઓ કોઈકને કોઈક શબ્દોમાં વપરાતા હોવાથી સપ્રયોજન (સફળ) છે, પરંતુ ऌ અને ॡ વર્ણોનું કાંઈ પ્રયોજન ન હોવાથી તેમની કોઈ જરૂર નથી. કારણ ऌ કાર તો માત્ર 'ऋ-र ऌ-लं० २.३.९९' સૂત્રથી कृप् ધાતુના ऋ નો ऌ થાય ત્યારે જ જોવા મળે છે. વળી તે ऌ ને સ્વરસંજ્ઞક માનવાનું કોઈ ફળ મળતું નથી. તથા ॡ કારનો તો સર્વથા પ્રયોગ જ સંભવતો નથી.

સમાધાન :- ऌ ને સ્વર માનવાથી કોઈ ફળ મળતું નથી, એ વાત ખોટી છે. તેને સ્વર માનવાના ત્રણ ફળ મળે છે[A]. **(i)** 'अदीर्घाद्वि० १.३.३२' સૂત્રથી क्लृप्तः ના प् ને દ્વિત્વ થવાથી क्लृप्प्तः આવો પ્રયોગ તો જ થાય, જો ऌ ને સ્વર માનવામાં આવે. વળી क्लृप्तशिख ! ઈત્યાદિ પ્રયોગમાં 'दूरादामन्त्र्यस्य० ७.४.९९' સૂત્રથી જે પ્લુતકાર્ય થયું છે, તે ऌ ને સ્વર માનીએ તો જ થઈ શકે. તેથી ऌ ને સ્વર માનવો જરૂરી છે. **(ii)** વળી શબ્દો ચાર પ્રકારના હોય છે. જાતિશબ્દ, ગુણશબ્દ, ક્રિયાશબ્દ અને યદૃચ્છા શબ્દ. ત્યાં પદાર્થમાં રહેલા ધર્મની પ્રવૃત્તિનિમિત્ત[B] રૂપે જે શબ્દો અપેક્ષા નથી રાખતા, તેવા શબ્દોને 'યદૃચ્છા શબ્દ' કહેવાય છે. તેવા लृतक વિગેરે યદૃચ્છા શબ્દ પરમાં હોતે છતે दध्यॡतकाय देहि, मध्वॡतकाय देहि ('ॡतक' નામના વ્યક્તિને દહીં આપ/મધ આપ.) ઈત્યાદિ પ્રયોગમાં 'इवर्णादे० १.२.२१' સૂત્રથી દધિ અને મધુ ના સ્વરનો य्, व् વિગેરે કરવો તે ऌ ને

(A) ***'ऌकारोपदेशो यदृच्छाऽशक्तिजानुकरण-प्लुताद्यर्थः'*** (म.भाष्य, प्रत्या.२, वार्तिक-१) ऌ કારની જરૂર (i) યદૃચ્છા પ્રકારના શબ્દો માટે, (ii) ઉચ્ચાર કરવાની અશક્તિથી ऋ ના બદલે ऌ નું ઉચ્ચારણ થઈ જાય તો તેના અનુકરણ અવસ્થામાં ऌ કારનું ઉચ્ચારણ કરવા માટે અને (iii) દ્વિત્વ-પ્લુત વિગેરે કાર્ય કરવા માટે છે.

(B) શબ્દનો પ્રયોગ કરવો તેને શબ્દની પ્રવૃત્તિ કહેવાય અને શબ્દોની પ્રવૃત્તિ પદાર્થમાં રહેલ કો'ક ધર્મને નજરમાં લઈને થાય. જાતિ, ગુણ કે ક્રિયા રૂપ જે ધર્મને નજરમાં રાખી શબ્દની પ્રવૃત્તિ થાય તે પ્રમાણે તે જાતિપ્રવૃત્તિ-નિમિત્તક, ગુણપ્રવૃત્તિનિમિત્તક કે ક્રિયાપ્રવૃત્તિનિમિત્તક શબ્દ કહેવાય. જેમકે વ્યક્તિમાં રહેલ પુરુષત્વ, ગોત્વ વિગેરે જાતિઓને નજરમાં રાખીને પુરુષ, ગો વિગેરે શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. આવા શબ્દોને જાતિ પ્રવૃત્તિનિમિત્તક શબ્દો કહેવાય. વ્યક્તિમાં રહેલ શ્વેત વર્ણ સ્વરૂપ ગુણને નજરમાં રાખી 'अयं श्वेतः' આમ શ્વેત શબ્દની પ્રવૃત્તિ થાય છે, તેથી આવા શબ્દોને ગુણપ્રવૃત્તિનિમિત્તક શબ્દો કહેવાય. વ્યક્તિમાં રહેલ ભણાવવાની ક્રિયાને નજરમાં રાખી તેને માટે પાઠક શબ્દનો પ્રયોગ થાય છે. માટે આવા શબ્દોને ક્રિયાપ્રવૃત્તિનિમિત્તક શબ્દો કહેવાય છે. યદૃચ્છા શબ્દોની પ્રવૃત્તિ પદાર્થમાં રહેલ કોઈ ધર્મને નજરમાં રાખીને નહી, પણ યથેચ્છપણે કરવામાં આવે છે. જેમકે ડિત્થ વિગેરે શબ્દો. આવા ડિત્થ, દેવદત્ત વિગેરે સંજ્ઞાશબ્દોમાં સંજ્ઞા પોતે જ પ્રવૃત્તિ નિમિત્ત બનતી હોય છે. અર્થાત્ જે શબ્દોની પદાર્થમાં પોતાના સ્વરૂપનો આરોપ કરવાપૂર્વક પ્રવૃત્તિ થતી હોય તેમને યદૃચ્છા શબ્દો કહેવાય. ઉપરોક્ત જાતિપ્રવૃત્તિનિમિત્તક વિગેરે ત્રણ પ્રકારના શબ્દોને જાતિશબ્દ વિગેરે રૂપે પણ કહેવાય છે અને તેઓ યૌગિક કે યોગરૂઢ શબ્દો હોય છે.

જો કે અહીં શંકા થશે કે "બધા શબ્દો ધાતુ થકી જ ઉત્પન્ન થનારા હોય છે, તેથી સંજ્ઞા શબ્દો પણ ક્રિયાશબ્દ ગણાવાથી 'યદૃચ્છા શબ્દ' આવો કોઈ ભાંગો માનવાની જરૂર જ નથી." પરંતુ યદૃચ્છા શબ્દો અવ્યુત્પન્ન હોય છે, માટે તેમને માનવા જરૂરી છે.

સ્વર માનવાનું પ્રયોજન છે. યદચ્છા શબ્દોની પ્રવૃત્તિમાં કેવળ તેમનું સ્વરૂપ જ કારણ બને છે. તેથી આવા શબ્દોનો નિવર્તક બીજો કોઈ શબ્દ મળતો ન હોવાથી તે શબ્દો સાધુ ગણાય છે.

શંકા :- શિષ્ટ પ્રયુક્ત એવો ઋતક શબ્દ જ્યાં સુધી મળતો હોય ત્યાં સુધી યદચ્છા પ્રકારના સંજ્ઞાદિ શબ્દ લૃતક માં તેનું જ કલ્પન કરવું ઉચિત ગણાય. તેથી અશાસ્ત્રીય એવો લૃતક નહીં પણ ઋતક શબ્દ સાધુ હોવાથી ત્યાં લૃતક ને બદલે ઋતક કલ્પીને દધ્યૃતકાય દેહિ, મધ્વૃતકાય દેહિ એવો પ્રયોગ સમજવો જોઈએ.

સમાધાન :- એમ કંઈ શાસ્ત્રાન્વિત એવો ઋતક શબ્દ લૃતક શબ્દનું નિવર્તન ન કરી શકે, કારણ ઋતક (નિંદક) અને લૃતક (તે નામનો વ્યક્તિ) બન્નેના અર્થ જુદા છે. સમાન અર્થ જણાતો હોય ત્યારે જ શાસ્ત્રાન્વિત શબ્દ અશાસ્ત્રાન્વિત શબ્દની નિવૃત્તિ કરી શકે છે. જેમકે - ગો અને ગાવી શબ્દનો અર્થ સરખો છે, તો શાસ્ત્રાન્વિત ગો શબ્દ અશાસ્ત્રાન્વિત ગાવી શબ્દની નિવૃત્તિ કરી શકે. શાસ્ત્રાન્વિત દેવદત્ત શબ્દ અશાસ્ત્રાન્વિત દેવ-દિણ્ણ શબ્દની નિવૃત્તિ કરી શકે. લૃતક શબ્દ જો ઋતક શબ્દના અર્થમાં જ વપરાયો હોય તો તે ઋતક શબ્દના અપભ્રંશરૂપે[A] ગણાવાથી અસાધુ શબ્દ ગણાય. કેમકે એકનો એક શબ્દ કોઈક અર્થવિશેષને લઈને સાધુ ગણાય છે, અન્યથા અસાધુ ગણાય છે. જેમકે અશ્વઃ અને અસ્વઃ શબ્દોનો પ્રયોગ કરાતા જો અસ્વ શબ્દ ન વિદ્યતે સ્વં યસ્ય વિગ્રહને લઈને 'ધનના અભાવ' રૂપ અર્થવિશેષમાં વપરાયો હોય તો તે સાધુ ગણાય છે, પરંતુ જો તે અશ્વ જાતિને ઓળખાવવા રૂપે વપરાયો હોય તો અસાધુ ગણાય છે. એવી જ રીતે ગાય માટે ગોણી શબ્દ ગોણી (= ધાન્યનું ભારજનવિશેષ કે દહીં વલોવવાનું વાસણ વિશેષ) ના સાધર્મ્ય (સમાનતા) ને લઈને જો પ્રયોજાયો હોય તો તે સાધુ ગણાય. પરંતુ ગોત્વ જાતિને નજરમાં રાખી ગાય માટે વપરાયો હોય તો તે અસાધુ ગણાય. પરંતુ યાદચ્છિક લૃતક શબ્દ તો ઋતક શબ્દ કરતા ભિન્ન અર્થનો વાચક છે, તેથી ઋતક શબ્દ લૃતક શબ્દની નિવૃત્તિ ન કરી શકે. અથવા તો લૃતક વિગેરે યદચ્છા શબ્દો અવ્યુત્પન્ન હોય છે અને શિષ્ટો દ્વારા પ્રયોગ કરાયેલા, પરંપરાથી આવેલા તેમનો સંજ્ઞાશબ્દ રૂપે પ્રયોગ કરવામાં આવે છે. ગાવી વિગેરે શબ્દો શિષ્ટપરંપરાથી આવ્યા નથી તેમ સમજવું. **(iii)** અશક્તિના કારણે કોઈએ કરેલા અસાધુ શબ્દપ્રયોગનું અનુકરણ કરવામાં આવે તો ત્યાં અનુકરણ અનુકાર્ય શબ્દાત્મક અર્થનો વાચક બને અને અનુકાર્ય (= અસાધુ શબ્દ) દ્વારા તે અશક્તિના કારણે જે સાધુ શબ્દના બદલામાં બોલાયો હોય તેનો અર્થ જણાવવાનો ઉદ્દેશ હોવાથી બન્ને ભિન્ન અર્થવાળા બનતા જુદા શબ્દો

(A) અપભ્રંશ શબ્દો અને યદચ્છા શબ્દોમાં ફરક છે. ગાવી શબ્દ ગો શબ્દની પરંપરામાં એ જ અર્થમાં સ્વરૂપાન્તર પામ્યો છે, તેથી તે અપભ્રંશ શબ્દ કહેવાય. ડિત્થ વિગેરે શબ્દો કોઈ મૂળ શબ્દોના સ્વરૂપાંતર નથી. સાથે તેઓ મૂળથી સંસ્કૃત ભાષાના શબ્દો પણ નથી. લોકમાં સંજ્ઞા માટે તેમનો વ્યવહાર થતો હોવાથી તેમને સંસ્કૃત ભાષામાં સમાવી લેવામાં આવ્યા છે. અહીં ધ્યાનમાં રાખવું કે અમુક શબ્દને અપભ્રંશ શબ્દ ગણાવવો હોય તો તેમાં મૂળ શબ્દનો અર્થ જળવાય તે જરૂરી છે, અન્યથા તે અપભ્રંશ ન ગણાય. લૃતક શબ્દ ઋતક શબ્દના અર્થમાં વપરાયો હોય તો જ તેને ઋતક શબ્દના અપભ્રંશ રૂપ ગણાવી શકાય.

ગણાય. આમ અનુકરણ રૂપ લૃતક શબ્દ સાધુ એવા ઋતક શબ્દ કરતા ભિન્ન અર્થવાળો હોવાથી તે આગળ અશ્વ અને અસ્વ સ્થળે કહ્યા મુજબ સાધુ શબ્દ કહેવાય. વળી શિષ્ટો પણ બીજા સાધુ શબ્દોની જેમ અનુકરણ શબ્દોનો પ્રયોગ કરે છે, માટે પણ તે સાધુ શબ્દ ગણાય. તેથી અશક્તિના કારણે કોઈ કુમારી ઋતક ને બદલે લૃતક આવો અસાધુ ઉચ્ચાર કરે, તો તે લૃ કારનું અનુકરણ (નકલ) કરી બતાવવા લૃ કાર ઉચ્ચારવો પડે. તેથી વર્ણાવલીમાં લૃ નો નિર્દેશ જરૂરી છે. જેમકે - કુમાર્યલૃતક ઇત્યાહ (કુમારી લૃતક આ પ્રમાણે બોલી), અહીં અનુકરણભૂત લૃ ને સ્વર માની ઈ નું ય્ કાર્ય થયું છે.

શંકા :- કુમારીએ ઉચ્ચારેલ લૃતક પ્રયોગ અસાધુ (દૂષિત) છે, તેથી તેનું અનુકરણ પણ અસાધુ જ ગણાય. કારણ અનુકાર્ય જો દૂષિત હોય તો તેનું અનુકરણ પણ દૂષિત હોય. જેમ - કોઈએ ગાય હણી કે સુરાપાન કર્યું, તો તેનું અનુકરણ કરનાર બીજો પણ જો ગાય હણે કે સુરાપાન કરે તો તેનું પતન થાય છે. આમ અનુકરણ સ્વરૂપ લૃતક વિગેરે શબ્દો માટે વર્ણાવલીમાં લૃ નો નિર્દેશ જરૂરી નથી.

સમાધાન :- કોઈનું દેખીને બીજો ગાય હણે કે સુરાપાન કરે, તે તો તે જ ક્રિયાનું (અર્થાત્ તેનાથી અભિન્ન ક્રિયાનું) અનુષ્ઠાન કર્યું કહેવાય, અનુકરણ નહીં. અનુકરણ તો પશ્ચાત્કરણને નહીં, પરંતુ તત્સદશ ક્રિયા કરી હોય તેને કહેવાય. ગોહનન કે સુરાપાનનું અનુકરણ કરતા કદલીને છેદે કે પયઃપાન કરે, તેને અનુકરણ કહેવાય. તેવા અનુકરણથી દુર્ગતિમાં પતન થતું નથી. તેથી 'અનુકાર્ય દૂષિત હોય તો અનુકરણ પણ દૂષિત હોય' એ સિદ્ધાંત ખોટો ઠરે છે.

શંકા :- એ સિદ્ધાંત ખોટો નથી, સાચો જ છે. દા.ત. મુની ઇહ સ્થળે મુની દ્વિવચનાન્ત રૂપ હોવાથી 'ईदूदेद्० १.२.३४' સૂત્રથી સંધિકાર્યનો નિષેધ થાય છે. હવે એ જ શબ્દપ્રયોગનું કોઈ 'મુની ઇહેત્યાહ' એમ અનુકરણ કરે ત્યારે મુની શબ્દ 'પદ' નથી પરંતુ અનુકરણ છે, તેથી તેને દ્વિવચનનું રૂપ ન કહેવાય. માટે અનુકરણ હોય ત્યારે મુની ઇહ સ્થળે સંધિ થવાનો પ્રસંગ આવશે, જ્યારે સંધિ તો થતી નથી. તેથી **'प्रकृतिवदनुकरणम्'**[(A)] એ ન્યાયની સહાયથી ત્યાં અનુકરણ રૂપ મુની શબ્દ પણ પ્રકૃતિવત્ (અનુકાર્યવત્) દ્વિવચનાન્ત ગણાશે અને મુની ઇહેત્યાહ એ પ્રમાણે અસંધિ થશે. ત્યાં જેમ એ ન્યાયની સહાયથી દ્વિવચનાન્તનું અનુકરણ પણ દ્વિવચનાન્ત મનાયું, તેમ દૂષિતનું અનુકરણ પણ દૂષિત જ માનવું પડે.

શંકા :- **'प्रकृतिवदनुकरणम्'** ન્યાયથી તો જે શાસ્ત્રીય પ્રકૃતિ હોય, તેના જ ધર્મો અનુકરણમાં અતિદેશ પામે છે, ગમે તે પ્રકૃતિના નહીં.

(A) પ્રકૃતિ(= અનુકાર્ય)ને જે કાર્યો થતા હોય તે કાર્યો અનુકરણમાં પણ થાય.

લૃતક વિગેરે અસાધુ (દૂષિત) પ્રયોગો 'પ્રકૃતિ' હોવા છતાં 'શાસ્ત્રીય પ્રકૃતિ' નથી, કારણ કે વ્યાકરણ શાસ્ત્રમાં તેનો ક્યાંય પ્રયોગ કરાતો નથી. અપશબ્દોને સિદ્ધ કરવા એ કાંઈ શાસ્ત્રીય કાર્ય નથી અને વ્યાકરણશાસ્ત્ર મુજબ તેમના પ્રયોગ સિદ્ધ કરવા એ પણ શક્ય નથી. કેમકે વ્યાકરણ સાધુ શબ્દોના સંસ્કાર (સિદ્ધિ) માટે જ આરંભાયું છે. તેથી લૃતક વિગેરે અસાધુ શબ્દો શાસ્ત્રીય પ્રકૃતિ ન હોવાથી તેનો અતિદેશ અનુકરણમાં કરાતો નથી. આથી લૃતક વિગેરે પ્રયોગો દૂષિત હોવા છતાં તેનું અનુકરણ દૂષિત નહીં પણ અદૂષિત જ મનાશે. ટૂંકમાં અનુકાર્યનું અસાધુત્વ અનુકરણમાં સંક્રાન્ત નહીં થાય.

આમ લૃતક વિગેરે અનુકરણ અદૂષિત પ્રયોગ હોવાથી તેના ઉચ્ચારણ માટે વર્ણસમામ્નાયમાં ऌ કારોપદેશ જરૂરી છે. તથા 'इवर्णादेरस्वे स्वरे यवरलम् १.२.२१' સ્થળે '***यथासङ्ख्यमनुदेश समानाम्***[(A)]' ન્યાયથી યથાસંખ્ય અન્વય કરવા માટે પણ ऌ માનવો જરૂરી છે. ऌ વર્ણને માનીએ જ નહીં, તો 'સ્થાની' इ, उ અને ऋ એમ ત્રણ જ થાય અને તેના 'આદેશ' य्, व्, र् અને ल् એમ ચાર થવાથી વિષમતા થાય, તેથી યથાસંખ્ય અન્વય ન થાય.

આમ ઉપર બતાવેલા પ્રયોજનો વશ ऌ કારોપદેશ જરૂરી છે. આ જ પ્રમાણે દીર્ઘ ॠ નું પ્રયોજન સ્વયં વિચારવું. ऌ કારોપદેશ અંગેની અતિવિશદ ચર્ચા માટે મહર્ષિ **પતંજલિકૃત** વ્યાકરણ મહાભાષ્ય નું 'ऋलृक् (પ્રત્યા. સૂત્ર-૨)' જુઓ.

(7) अ आ इ ई વિગેરે વર્ણોમાં કાળ અને શબ્દોને લઈને વ્યવધાન હોય તો તેમની વચ્ચે ભેદ (જુદાઈ) જોવામાં આવે છે. જેમકે 'अ इ उ वर्णस्यान्ते० १.२.४१' સૂત્રમાં अ इ उ સ્થળે અસંહિતા[(B)] હોવાથી (= વિરામ લેવાતો હોવાથી) अ इ उ વર્ણો વચ્ચે કાળ વ્યવધાયક બનતા ભેદ પડે છે. તેવી રીતે दृति શબ્દ સ્થળે ऋ અને इ સ્વર વચ્ચે त् શબ્દ વ્યવધાયક બને છે, માટે તેમની વચ્ચે ભેદ પડે છે. પરંતુ જ્યારે એક જ વર્ણ ઉચ્ચારવામાં આવે ત્યારે વ્યવધાન જોવામાં આવતું નથી. જેમકે એકલો अ બોલવામાં આવે ત્યારે વિરામ લેવાનો ન રહેતા તેમજ વચ્ચે કોઈ શબ્દ ન રહેતા કાળ કે શબ્દ વ્યવધાયક નથી બની શકતા. છતાં ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત, સાનુનાસિક, નિરનુનાસિક વિગેરે ગુણના ભેદને લઈને એકલા પણ अ કારમાં ભેદ જોવામાં આવે છે. તેથી કાળ, શબ્દનું વ્યવધાન તેમજ ઉદાત્ત આદિ ગુણના ભેદને લઈને अ કાર વિગેરે વર્ણો અનેકતાને પામે છે. જેમકે दण्ड अग्रम् સ્થળે दण्ड અને अग्रम् પદોના ઉચ્ચારણ વચ્ચે વિરામ લેવાયો હોવાથી સંધિ નથી થઈ. તેથી दण्ड ના અંત્ય अ અને अग्रम् ના આદ્ય अ વચ્ચે કાળ વ્યવધાયક બનતા સંધિ ન થવાથી બન્નેમાં ભેદ પડે છે. તેવી

(A) સંખ્યાથી સમાન હોય અને સમાન વચનથી નિર્દિષ્ટ હોય તો પૂર્વપદનો ઉત્તરપદની સાથે યથાસંખ્ય (અનુક્રમે) સંબંધ થાય છે.

(B) સંહિતા = વિરામાભાવ. તેથી અસંહિતા = વિરામાભાવનો અભાવ અર્થાત્ વિરામ કહેવાય.

રીતે દણ્ડ ગત દ અને ડ માં વર્તતા બન્ને અ વચ્ચે ણ્ અને ડ્ શબ્દો વ્યવધાયક બને છે તેથી તેમનામાં ભેદ પડે છે અને દણ્ડ નો દ વર્તી અ અનુદાત્ત અને ડ વર્તી અ ઉદાત્ત હોવાથી તેમનામાં ગુણને લઈને ભેદ પડે છે.

શંકા :- ઉદાત્તાદિ અનેક પ્રકારના ગુણવાળા અ વિગેરે વર્ણો પૈકી જે ગુણવાળા અ વિગેરે વર્ણોનું વર્ણસમામ્નાયમાં ગ્રહણ કર્યું હોય તેમને જ આ સૂત્રથી સ્વર સંજ્ઞા થઈ શકે. તેથી દણ્ડાગ્રમ્ સ્થળે જુદા જુદા ગુણવાળા અ ની સંધિ થઈ દીર્ઘ આદેશ ન થઈ શકે. કેમકે ***'स्वरस्य ह्रस्व-दीर्घ-प्लुताः'*** ન્યાય મુજબ સ્વરસંજ્ઞાને પામેલાનો જ દીર્ઘ આદેશ થઈ શકે છે.

સમાધાન :- જાતિનો આશ્રય કરવાથી દોષ નહીં આવે. આશય એ છે કે ઉદાત્ત, અનુદાત્ત વિગેરે ગુણને લઈને અ, ઇ વિગેરે વર્ણવ્યક્તિ ભલે અનેક હોય પરંતુ તે સર્વમાં વર્તનારી અત્વ, ઇત્વ વિગેરે જાતિઓ તો એક જ હોય છે. કેમકે જાતિ એક, નિત્ય અને દરેકમાં વર્તનારી મનાઈ છે. (અર્થાત્ અત્વ જાતિ એક, નિત્ય અને દરેક પ્રકારના અ માં વર્તનારી મનાઈ છે.) વર્ણસમામ્નાયમાં જે અ વિગેરે વર્ણો બતાવ્યા છે તેમનો જાતિમાં નિર્દેશ હોવાથી તેમનાથી અત્વ વિગેરે જાતિઓ જણાશે અને વ્યક્તિ જાતિને અવિનાભાવી હોવાથી દરેક અ ઇ વિગેરે વર્ણવ્યક્તિઓ સહજ કાર્યાન્વયી બની જશે. એટલે કે આ સૂત્રથી થતા સ્વરસંજ્ઞાના વિધાનરૂપ કાર્યમાં દરેક પ્રકારના અ, ઇ વિગેરે વર્ણોનો અન્વય થશે. માટે દણ્ડાગ્રમ્ સ્થળે અલગ-અલગ ગુણવાળા બન્ને અ ને સ્વરસંજ્ઞા થવાથી સંધિ થઈ શકશે.

શંકા :- જાતિનો આશ્રય જો કરો છો તો અત્વ, ઇત્વ વિગેરે જાતિ દીર્ઘ આ, ઈ વિગેરે વર્ણવ્યક્તિમાં પણ રહે છે[A]. તેથી અ ના ગ્રહણથી તેમનું પણ સહજ ગ્રહણ થઈ જ જાય છે. માટે વર્ણસમામ્નાયમાં દીર્ઘ વર્ણોનો પાઠ દર્શાવવો વ્યર્થ થશે.

સમાધાન :- 'જાતિની જેમ વ્યક્તિનો પણ અવસરે આશ્રય કરવામાં આવે છે' આ વાતનું જ્ઞાપન કરવા વર્ણસમામ્નાયમાં દીર્ઘ વર્ણોનો પાઠ દર્શાવ્યો હોવાથી તે વ્યર્થ નહીં ઠરે. આશય એ છે કે શબ્દથી વાચ્ય પદાર્થ કોણ બને ? આ વાતને લઈને બે પક્ષ છે : જાતિપક્ષ અને વ્યક્તિપક્ષ[B]. જાતિપક્ષવાળા **મીમાંસકો** એમ કહે છે કે શબ્દ દ્વારા જાતિનું પ્રતિપાદન થાય. જ્યારે વ્યક્તિપક્ષવાળા **નૈયાયિકો** એમ કહે છે કે શબ્દ દ્વારા જાતિના આશ્રય

(A) અ ના ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત આમ 'ત્રણ' ભેદ થાય છે. વળી તે ત્રણના સાનુનાસિક અને નિરનુનાસિક એમ બે ભેદ હોવાથી 'છ' ભેદ થયા. ફરી તે 'છ' ભેદના હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત એમ 'ત્રણ' ભેદ હોવાથી અ ના 'અઢાર' ભેદ થાય છે. આમ દીર્ઘ (એટલે કે આ) એ અ નો જ ભેદ હોવાથી તેમાં અત્વ જાતિ રહે છે. આ રીતે ઇ વિગેરે અંગે પણ સમજવું.

(B) બન્ને પક્ષની દલીલોને વિસ્તારથી જાણવા સિદ્ધહેમ૦ બૃ. ન્યાસ અધ્યાય-૧, પાદ-૪ ના અમારા ગુર્જર વિવરણ ના પરિશિષ્ટ-૩ માં **જાતિપક્ષ** અને **વ્યક્તિપક્ષ** શબ્દ જુઓ.

વ્યક્તિનું પ્રતિપાદન થાય. વ્યાકરણકારો યથાવસર બન્ને પક્ષોને લઈને ઈષ્ટપ્રયોગોની સિદ્ધિ કરતા હોય છે. હવે વ્યક્તિપક્ષાનુસાર વર્ણસમામ્નાયસ્થ અ વિગેરે હ્રસ્વ શબ્દો દ્વારા કેવળ તેમનું જ ગ્રહણ થઈ શકે, દીર્ઘનું નહીં. માટે દીર્ઘવર્ણોના ગ્રહણાર્થે વર્ણસમામ્નાયમાં તેમનો પાઠ દર્શાવવો જરૂરી છે.

શંકા :- વ્યક્તિપક્ષાનુસાર જેમ દીર્ઘવર્ણોને અલગથી બતાવો છો, તેમ તેમના સાનુનાસિક વિગેરે ભેદો પણ ગ્રહણ થવા શક્ય ન હોવાથી તેમનો પાઠ પણ અલગથી વર્ણ સમામ્નાયમાં બતાવવો જોઈએ.

સમાધાન :- સાનુનાસિક આદિ ભેદોમાં અભેદ અધ્યવસાય થઈ શકે છે. તેથી જાતિપક્ષાનુસારે તેમનો હ્રસ્વ, દીર્ઘ આદિ વર્ણોમાં સમાવેશ થઈ શકે છે. આશય એ છે કે વર્ણસમામ્નાયમાં જે વર્ણો વચ્ચે પરિસ્ફુટ ભેદ હોય તેમનો વ્યક્તિપક્ષને આશ્રયી અલગથી પાઠ દર્શાવ્યો છે અને જેમની વચ્ચે પરિસ્ફુટ ભેદ ન હોય તેમનો અભેદ અધ્યવસાય થઈ શકતો હોવાથી જાતિપક્ષને આશ્રયી તેમનો અલગથી પાઠ દર્શાવ્યો નથી. ચોક્કસ કાળ-મર્યાદાના વિષય બનતા વર્ણો વચ્ચે પરિસ્ફુટ ભેદ હોય. જેમકે હ્રસ્વવર્ણોની એક માત્રા, દીર્ઘની બે માત્રા અને પ્લુતવર્ણોની ત્રણ માત્રા જેટલો નિયતકાળ ગણાવ્યો છે, તેથી તેમની વચ્ચે પરિસ્ફુટ ભેદ સંભવે છે. માટે વર્ણસમામ્નાયમાં તેમનો અ આ ઇ ઈ.. એમ વ્યક્તિપક્ષને આશ્રયી અલગથી પાઠ દર્શાવ્યો છે. પરંતુ હ્રસ્વ, દીર્ઘ કે પ્લુતના સાનુનાસિક અને નિરનુનાસિક ભાંગાઓમાં કંઈ કાળભેદ પડતો નથી. તેથી સમાનકાલીનતાને લઈને તેમના સાનુનાસિક અને નિરનુનાસિક ભાંગાઓ વચ્ચે અભેદ અધ્યવસાય થઈ શકે છે. તેથી જાતિપક્ષને આશ્રયી હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત વર્ણોના સાનુનાસિક અને નિરનુનાસિક ભાંગાઓનો તે હ્રસ્વ, દીર્ઘ અને પ્લુતવર્ણોમાં જ સમાવેશ કરી લેવામાં આવ્યો છે, માટે વર્ણસમામ્નાયમાં તેમને અલગથી બતાવવાના નથી રહેતા.

શંકા :- પ્લુતવર્ણો પરિસ્ફુટભેદવાળા છે તો તેમનો પાઠ વર્ણસમામ્નાયમાં ક્યાં દર્શાવ્યો છે ?

સમાધાન :- પ્રસ્તુત સૂત્રમાં 'औदन्ताः' આમ જે બહુવચન કર્યું છે તેનાથી વર્ણસમામ્નાયમાં પરિસ્ફુટ ભેદવાળા પ્લુત સ્વરોનો સંગ્રહ કર્યો છે. વાત એમ છે કે વર્ણસમામ્નાયમાં દીર્ઘસ્વરોનો જે પાઠ છે તે પ્લુત સ્વરોનું ઉપલક્ષણ(A) છે અને દીર્ઘસ્વરોના પાઠથી ઉપલક્ષિત પ્લુતસ્વરોનો 'औदन्ताः' એમ બહુવચન કરી વર્ણ સમામ્નાયગત વર્ણોમાં અંતર્ભાવ ન કરતા અલગથી સંગ્રહ કરવામાં આવ્યો છે. માટે પ્લુત વર્ણોનો પાઠ પણ વર્ણ સમામ્નાયમાં બતાવેલો જ સમજવો.

શંકા :- જો એમ છે તો દ્રુતવૃત્તિમાં મધ્યમાવૃત્તિ અને વિલંબિતાવૃત્તિનો પરિસ્ફુટ ભેદ જોવામાં આવે છે, તેમ મધ્યમામાં દ્રુત-વિલંબિતાવૃત્તિનો અને વિલંબિતામાં દ્રુત-મધ્યમાવૃત્તિનો પરિસ્ફુટ ભેદ જોવામાં આવે છે. તેથી તેમનામાં પણ સ્વરસંજ્ઞાનો વ્યવહાર થવો જરૂરી છે. પરંતુ આ સૂત્રમાં બહુવચન દ્વારા તેમનો સંગ્રહ કર્યો ન હોવાથી તેમને સ્વરસંજ્ઞા નહીં થઈ શકે.

(A) *स्वप्रतिपादकत्वे सति स्वेतरप्रतिपादकत्वमुपलक्षणत्वम्।*

સમાધાન :- પહેલા આ દ્રુતવૃત્તિ વિગેરે છે શું એ તો સમજાવો ?

શંકા :- વક્તાને એકના એક શ્લોક કે વેદની ઋચાને બોલતા જળઘડિયાળના મધ્યભાગમાં વર્તતી સૂક્ષ્મ નાડી થકી 'નવ' જળબિંદુ(A) ટપકે એટલો સમય લાગે તેને દ્રુતવૃત્તિ કહેવાય. જો 'બાર' જળબિંદુ ટપકે એટલો સમય લાગે તો મધ્યમાવૃત્તિ કહેવાય અને 'સોળ' જળબિંદુઓ ટપકે એટલો સમય લાગે તેને વિલંબિતા વૃત્તિ કહેવાય. અહીં દ્રુતવૃત્તિમાં નવ જળબિંદુઓ જેટલો કાળ, મધ્યમાવૃત્તિમાં દ્રુતવૃત્તિના નવ જળબિંદુ જેટલા કાળનો ત્રીજો ભાગ એટલે ત્રણ બિંદુ જેટલો અધિક કાળ મેળવવાથી બાર જળબિંદુઓ જેટલો કાળ અને વિલંબિતા વૃત્તિમાં મધ્યમાવૃત્તિના બાર જળબિંદુ જેટલા કાળનો ત્રીજો ભાગ એટલે ચાર બિંદુ જેટલો અધિક કાળ વધુ મેળવવાથી સોળ જળબિંદુ જેટલો કાળ અપેક્ષિત છે. તેથી ત્રણે વૃત્તિથી બોલાતા શ્લોક કે ઋચાના વર્ણોમાં ક્રમશઃ ત્રીજા ભાગ જેટલો અધિક આમ નિયતકાળ અપેક્ષિત હોવાથી અહીં વર્ણો પરિસ્ફુટ ભેદવાળા થયા. તેથી વર્ણ સમામ્નાયમાં આ ત્રણે વૃત્તિવાળા વર્ણોનો પાઠ હોવો જોઈએ, જેથી તેમને સ્વર સંજ્ઞા થઈ શકે.

સાથે અહીં ત્રણ પ્રકારની વૃત્તિ બતાવવાનું પ્રયોજન પણ જાણી લઈએ. ગ્રન્થના અભ્યાસ માટે દ્રુતવૃત્તિ, પ્રયોગ માટે મધ્યમાવૃત્તિ અને શિષ્યોના ઉપદેશ માટે વિલંબિત વૃત્તિનો પ્રયોગ કરવામાં આવે છે.

સમાધાન :- આ સર્વ (= ત્રણે) વૃત્તિમાં જે ઉપચય-અપચય (= ઓછો વધતો કાળ) બતાવ્યો છે તે વર્ણોને લઈને નથી. વર્ણો તો સ્થિર (= એક જેવા) હોય છે. પણ વક્તાના ઝડપી કે ધીમા ઉચ્ચારણને લઈને વૃત્તિમાં ભેદ પડે છે. જેમ એક જ માર્ગ ઉપર કોઈ ઝડપી, કોઈ ધીમે અને કોઈ આળસુ અતિ ધીમે ચાલે, ત્યાં ગતિમાં ફરક હોવા છતાં માર્ગ બદલાતો નથી. તેમ આ ત્રણે વૃત્તિમાં કોઈ વક્તા ઝડપી, કોઈ ધીમે અને ત્રીજો કો'ક અતિ ધીમે બોલે તેમાં ઉચ્ચારણમાં ચોક્કસ ભેદ પડે છતાં માર્ગની જેમ વર્ણોમાં ભેદ ન પડે. આમ વર્ણો એના એ જ હોવાથી અલગથી તેમને કાંઈ વર્ણસમામ્નાયમાં સમાવી સ્વરસંજ્ઞા કરવી જરૂરી નથી.

શંકા :- તમે માર્ગનું જે દૃષ્ટાંત બતાવ્યું તે વિષમ દૃષ્ટાંત છે. કેમકે તમે માર્ગ અને વર્ણોની જે સરખામણી કરી છે તેમાં વર્ણો વક્તાના પ્રયત્નથી જન્ય (ઉત્પન્ન થનારા) હોય છે તેથી પ્રયત્નનો ભેદ થતા દ્રુતાદિ વૃત્તિઓમાં

(A) **'નાગેશ ભટ્ટ'** નાડીકા શબ્દથી સુષુમ્ના નાડીનું ગ્રહણ કરે છે અને પલનો અર્થ બ્રહ્માંડસંબદ્ધ ઓજ સ્વરૂપ અમૃતબિંદુ કરે છે. **'યુધિષ્ઠિર મીમાંસક'** ને નાગેશની વાતમાં અસ્વરસ જણાય છે. તેમનું કહેવું છે કે 'દૃષ્ટાંત એવું આપવું જોઈએ જેમાં પરીક્ષક અને સાધારણ જન એકસંમત હોય'. સુષુમ્ના નાડી દ્વારા અમૃતબિંદુનું સ્રવણ યોગિજનગમ્ય છે, સાધારણજન વિદિત નથી, આથી આવું દૃષ્ટાંત ગ્રંથકાર આપે નહીં. તેથી નાડીકા શબ્દથી રેતની ઘડી જેવી જલઘડીની નળી સમજવી જોઈએ અને બિંદુ શબ્દથી જળબિંદુ સમજવા જોઈએ. ઉપર વિવરણમાં **યુધિષ્ઠિર મીમાંસક** ની વાત ઠીક લાગવાથી તેમ અર્થ કર્યો છે અને બૃ. ન્યાસમાં કૌંસમાં [यस्या नाडिकाया इति, .. प्रसिद्धिर्योगिनाम्] સુધીનો જે પાઠ છે તે **નાગેશ ભટ્ટ**ની મ. ભાષ્યપ્રદીપોદ્દ્યોત ટીકામાંથી લીધો છે.

ભેદ પડતો હોવાથી ભિન્ન (ઓછા વધતા) કાળવાળા વર્ણો ઉત્પન્ન થાય છે, જ્યારે માર્ગ તો વ્યવસ્થિત છે. અર્થાત્ તેને ચાલનાર વ્યક્તિની ક્રિયાથી ઓળખી શકાય પણ ઉત્પન્ન ન કરી શકાય. આથી માર્ગની વૃદ્ધિ કે હ્રાસ ન થતા હોવાથી પ્રયત્નજન્ય વૃદ્ધિ-હ્રાસવાળા વર્ણો માટે તેનું દૃષ્ટાંત આપવું ઉચિત નથી. આશય એ છે કે વર્ણોની ઉત્પત્તિ પ્રત્યે ઉચ્ચારણની પ્રવૃત્તિ કારણ બનતી હોવાથી તેટલા તેટલા ચોક્કસ કાળ સુધી ઉચ્ચારણ પ્રવૃત્તિ કરવાથી જેમ હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત વર્ણોની ઉત્પત્તિ થાય છે, તેમ નિયત કાળવાળા દ્રુત વિગેરે વર્ણોની ઉત્પત્તિ પણ થાય છે. તેથી તેમને વર્ણસમામ્નાયમાં સમાવી સ્વરસંજ્ઞા કરવી જરૂરી છે.

સમાધાન :- અમે પૂર્વે કહ્યું તો ખરું કે જાતિપક્ષનો આશ્રય કરવાથી દોષ નહીં આવે. વર્ણસમામ્નાયમાં બતાવેલ અ વિગેરે વર્ણોમાં વર્તતી અત્વ વિગેરે જાતિઓ દ્રુત, મધ્યમા અને વિલંબિતાવૃત્તિને પામેલા અ વિગેરે વર્ણોમાં પણ રહે છે, તેથી અ વિગેરે વર્ણોથી વર્ણસમામ્નાયમાં તેમનો પણ સંગ્રહ થઈ તેમને સ્વરસંજ્ઞા થઈ જશે.

[અહીં 'જાતિપક્ષનો આશ્રય કર્યો હોવાથી કેવળ અ વિગેરે હ્રસ્વવર્ણોથી વર્ણસમામ્નાયમાં દીર્ઘાદિ વર્ણોનો પણ સમાવેશ થઈ જાય છે, તેથી તેમનો પૃથક્ નિર્દેશ કરવો જરૂરી નથી.' આવી વાત ન કરવી. કેમકે વર્ણ સમામ્નાયમાં તેમનો નિર્દેશ '***जातिव्यक्तिभ्यां च शास्त्रं प्रवर्तते***[A] 'આ વાતનું જ્ઞાપન કરવા માટે હોવાથી સાર્થક છે.]

શંકા :- જો તમે જાતિપક્ષનો આશ્રય કરો છો તે અત્વ વિગેરે જાતિને લઈને અ વિગેરે હ્રસ્વ વર્ણો પણ સંગૃહીત થઈ જાય છે. તેથી શા માટે વર્ણસમામ્નાયમાં અ વિગેરે એકેય વર્ણ બતાવવો જ પડે? છતાં જો તમે બતાવો છો તો તેમના ઉપાદાનના સામર્થ્યથી અન્ય વર્ણોનો વર્ણસમામ્નાયમાં સમાવેશ કરવો શક્ય નહીં બને.

સમાધાન :- જાતિની પ્રધાનતાની વિવક્ષા હોવા છતાં (= જાતિપક્ષનો આશ્રય કરવા છતાં) જાતિ એ વ્યક્તિને નાન્તરીયક છે. અ વિગેરે હ્રસ્વ વર્ણ વ્યક્તિઓનું ઉપાદાન કર્યા વિના તેમાં વર્તતી જાતિનું કથન કરવું અશક્ય છે. માટે વર્ણ સમામ્નાયમાં અ વિગેરે હ્રસ્વ વર્ણો બતાવવા આવશ્યક છે. તેથી વર્ણ સમામ્નાયમાં ઉપાત્ત (= ગૌણપણે બતાવાયેલ) પણ અ વિગેરે હ્રસ્વવર્ણ વ્યક્તિવિશેષો મુખ્યપણે વિવક્ષાતા નથી. આમ તેમના ઉપાદાનના સામર્થ્યથી અન્ય વર્ણોનો વર્ણસમામ્નાયમાં સમાવેશ નહીં થાય તેવું નહીં બને. ટૂંકમાં વાત એટલી છે કે જાતિપક્ષે જો અત્વાદિ જાતિનું કથન થાય તો તેના દ્વારા જાતિના આશ્રય સર્વ વર્ણ વ્યક્તિનું ગ્રહણ થઈ શકે. હવે કોઈ એકાદ વર્ણવ્યક્તિનું કથન કર્યા વિના તદાશ્રિત જાતિનું કથન કરવું શક્ય ન બને. માટે વર્ણ સમામ્નાયમાં અ વિગેરે હ્રસ્વ વર્ણોનો ઉપદેશ અન્ય દ્રુતાદિ વર્ણોને બાકાત કરવા માટે નથી પણ ગૌણપણે જાતિના ગ્રાહક રૂપે છે. અ વિગેરે હ્રસ્વ વર્ણોનો ઉપદેશ જો મુખ્યપણે કર્યો હોત તો તેઓ ઉપાદાનના સામર્થ્યથી અન્ય દ્રુતાદિ વર્ણોને વર્ણસમામ્નાયમાંથી બાકાત કરી દેત.

(A) જાતિની જેમ વ્યક્તિને પણ આશ્રયી શાસ્ત્ર પ્રવર્તે છે.

શંકા :- જાતિનો નિર્દેશ કરવાથી વર્ણસમામ્નાયમાં વર્ણોનું સમગ્ર કુળ ગ્રહણ થાય. તેથી ભેગા સંવૃત્ત વિગેરે દોષયુક્ત વર્ણોના ગ્રહણનો પણ પ્રસંગ આવે. તેથી વર્ણસમામ્નાયમાં સંવૃત્ત વિગેરેનો પ્રતિષેધ કરવો જોઈએ. આ સંવૃત્ત વિગેરે કયા છે તે જાણી લઈએ. સંવૃત્ત, કલ, ધ્માત, એણીકૃત, અંબકૃત, અર્ધક, ગ્રસ્ત, નિરસ્ત, પ્રગીત, ઉપગીત, ક્વિણ્ણ, રોમશ, અવલંબિત, નિર્હત, સંદષ્ટ, વિકીર્ણ વિગેરે. તેમાં **(i) સંવૃત્ત** - ગળાને સંકુચિત કરીને ઉચ્ચારણ કરવું તેને સંવૃત્ત પ્રયત્ન કહેવાય. અ તો સ્વાભાવિક રીતે સંવૃત્ત પ્રયત્નવાળો જ છે, પણ આ[A] વિગેરે તેવા ન હોવાથી જો તેઓ સંવૃત્ત પ્રયત્નપૂર્વક બોલાય તો દોષ આવે. **(ii) કલ** - પોતાના સ્થાન સિવાયના અન્ય સ્થાન થકી ઉત્પન્ન થયેલા વર્ણને કલ દોષથી યુક્ત કહેવાય. તે કાકલિકા સ્વરૂપે પ્રસિદ્ધ છે. **(iii) ધ્માત** - વધુ પડતા શ્વાસને કારણે હ્રસ્વવર્ણ પણ દીર્ઘ જેવો સંભળાય તો તે ધ્માત દોષથી યુક્ત કહેવાય. **(iv) એણીકૃત** - અવિશિષ્ટ (= સંદિગ્ધ) અર્થાત્ ઉચ્ચારેલો વર્ણ ઓ કાર છે કે ઔ કાર ; આમ જ્યાં સંદેહ રહેતો હોય ત્યાં એણીકૃત દોષ આવે. **(v) અંબકૃત** - જે વર્ણ વ્યક્ત હોવા છતાં પણ જાણે મુખમાં રહેલો હોય તેમ સંભળાય તો અંબકૃત દોષ આવે. **(vi) અર્ધક** - દીર્ઘ હોવા છતાં જો વર્ણ હ્રસ્વ જેવો સંભળાય તો અર્ધક દોષ આવે. **(vii) ગ્રસ્ત** - જીભના મૂળ સ્થાનમાં રોકાયેલા શબ્દને ગ્રસ્ત દોષયુક્ત કહેવાય. કેટલાકના મતે ગ્રસ્ત એટલે અવ્યક્ત શબ્દ. દા.ત. મોઢામાં પાન રાખી બોલાતા શબ્દો. **(viii) નિરસ્ત** - નિષ્ઠુર (= કઠોર) ઉચ્ચારણવાળા શબ્દો નિરસ્ત દોષવાળા કહેવાય. કેટલાક શીઘ્ર ઉચ્ચારાયેલા શબ્દોને નિરસ્ત દોષવાળા ગણાવે છે. **(ix) પ્રગીત** - સામની જેમ ગાઈને બોલાયેલા વર્ણો પ્રગીત દોષવાળા કહેવાય. **(x) ઉપગીત** - સમીપસ્થ વર્ણાન્તરથી જાણે અનુરક્ત એવું ઉચ્ચારણ ઉપગીત દોષવાળું કહેવાય. **(xi) ક્વિણ્ણ** - કંપપૂર્વક ઉચ્ચારાયેલા વર્ણો ક્વિણ્ણ દોષવાળા કહેવાય. **(xii) રોમશ** - ગંભીર (ગહેરા) ઉચ્ચારણને રોમશ દોષયુક્ત કહેવાય. **(xiii) અવિલંબિત** - અન્યવર્ણથી મિશ્રિત ઉચ્ચારણને અવિલંબિત દોષવાળું કહેવાય. **(xiv) નિર્હત** - રુક્ષ શબ્દોનાં ઉચ્ચારણને અથવા ધક્કો આપવા પૂર્વક શબ્દોના ઉચ્ચારણને નિર્હત દોષયુક્ત કહેવાય. **(xv) સંદષ્ટ** - લાંબા સૂરમાં ઉચ્ચારેલો વર્ણ સંદષ્ટ દોષવાળો ગણાય. **(xvi) વિકીર્ણ** - નજીકના બીજા વર્ણમાં ફેલાયેલો વર્ણ ઉચ્ચારવામાં વિકીર્ણ દોષ આવે. કેટલાકના મતે એક હોવા છતાં અનેક સમાન પ્રતીત થવાવાળા વર્ણને વિકીર્ણ દોષવાળો કહેવાય.

આમ સ્વરોના અશક્તિ અને પ્રમાદને લઈને થતા અનંતા દોષ છે.

સમાધાન :- વર્ણસમામ્નાયમાં સંવૃત્ત વિગેરે દોષવાળા વર્ણોનો (= સ્વરોનો) પ્રતિષેધ કરવો જરૂરી નથી. કેમકે આ દોષવાળા વર્ણોનું સાધુશબ્દોમાં ક્યાંય કથન નથી. કેમકે લોકમાં એકલા અટૂલા વર્ણોનો પ્રયોગ

(A) બૃ. ન્યાસમાં 'एकारादीनां...' પંક્તિ છે, પરંતુ 'आकारादीनां...' પંક્તિ હોવી જોઈએ. કેમકે આ ને લઈને જ દોષ બતાવી શકાય છે તો એ સુધી લાંબા થવાનું કોઈ કારણ જણાતું નથી.

થતો નથી. તેમજ ધાતુ, વિકાર, આગમ અને પ્રત્યયોનો દોષરહિત શુદ્ધપાઠ કરવામાં આવ્યો હોવાથી તેમનામાં વર્તતા વર્ણોમાં પણ કોઈ દોષ આવતો નથી. વળી જે ડિત્થ વિગેરે અગ્રહણ રૂપ (વ્યાકરણના સૂત્રો કે ગણપાઠ વિગેરેમાં ગ્રહણ ન કરેલા) યદચ્છા શબ્દો કે જે ઉણાદિ અને પૃષોદરાદિ ગણમાં સમાવેશ પામે છે, તે શબ્દો પણ શિષ્ટપુરુષો દ્વારા પ્રયોગ કરાયા હોવાથી તેમનામાં સાધુતાનું (દોષરહિતતાનું) જ્ઞાન થવાથી સધળાય સાધુ શબ્દોનો અહીં સંગ્રહ થઈ ચૂક્યો. આ સાધુ શબ્દોમાં ક્યાંય કલ, એણીકૃત વિગેરે ઉપરોક્ત દોષોનો ઉપદેશ (કથન) નથી. આથી આવા દોષ સહિત વર્ણોનો સાધુશબ્દોમાં અવકાશ ન હોવાથી સાધુશબ્દોની નિષ્પત્તિને દર્શાવિતા વ્યાકરણમાં દર્શાવેલા વર્ણ સમામ્નાયમાં આવા દોષવાળા વર્ણોનો પ્રતિષેધ કરવો જરૂરી નથી. કહ્યું છે કે –

'આગમ, વિકાર, ધાતુ સહિત પ્રત્યયો (ધાતુઓ અને પ્રત્યયો) સાક્ષાત્ (કલ વિગેરે દોષ રહિત શુદ્ધ) ઉચ્ચારવામાં આવે છે, તેથી તેમાં કલ વિગેરે દોષ આવતા નથી.'

(8) આ સૂત્રમાં આગળથી સંજ્ઞાનો અધિકાર ચાલી આવતો નથી, છતાં આ સંજ્ઞાસૂત્ર છે. જેમાં અ થી ઔ સુધીના વર્ણો સંજ્ઞી છે અને સ્વર એ સંજ્ઞા છે.

શંકા :- અ થી ઔ સુધીના વર્ણો સંજ્ઞી છે અને સ્વર એ સંજ્ઞા છે તે ખબર શી રીતે પડે ?

સમાધાન :- કોઈ પણ સૂત્રમાં સંજ્ઞીનો પૂર્વમાં પ્રયોગ થાય ને સંજ્ઞાનો પરમાં પ્રયોગ થાય. સંજ્ઞી હંમેશા પ્રસિદ્ધ હોય અને સંજ્ઞા અપ્રસિદ્ધ હોય. જેમકે લોકમાં પ્રસિદ્ધ એવા અમુક પિંડ (= વસ્તુ કે વ્યક્તિ) ને ઉદ્દેશીને 'આ તેનું નામ છે' એમ અપ્રસિદ્ધ નામ પ્રગટ કરવામાં આવે છે. સંજ્ઞી સાકાર હોય અને સંજ્ઞા નિરાકાર હોય. વળી સંજ્ઞા વારંવાર આવર્તન પામે. પ્રસ્તુતમાં એકવાર અ થી ઔ સુધીના વર્ણોની સ્વર સંજ્ઞા પડી ગઈ, પછી તે 'इवर्णादेरस्वे स्वरे० १.२.२१', 'स्वरेभ्यः १.३.३०', 'र्हादर्ह स्वरस्य० १.३.३१' વિગેરે અનેક સૂત્રોમાં આવર્તન પામે છે. વળી અ થી ઔ સુધીના વર્ણો સૂત્રમાં 'औदन्ताः' એમ પૂર્વપ્રયુક્ત, લોકમાં પ્રસિદ્ધ અને સાકાર છે, માટે તેઓ સંજ્ઞી ગણાય. જ્યારે સ્વર એ સૂત્રમાં स्वराः એમ પરપ્રયુક્ત, અપ્રસિદ્ધ અને નિરાકાર હોવાથી તે સંજ્ઞા ગણાય.

સૂત્રનિર્દિષ્ટ સ્વર શબ્દ આ પ્રમાણે બન્યો છે. स्वयं राजन्ते (शोभन्ते इत्यर्थः) 'क्वचिद् ५.१.१७१' સૂત્ર થી અ (ડ) પ્રત્યય, 'डित्यन्त्यस्वरादेः २.१.११४' સૂત્રથી राज् ના અંત્ય સ્વરાદિનો લોપ થવાથી स्वयं + र् + अ થશે. હવે 'पृषोदरादयः ३.१.१५५' સૂત્રથી स्वयं ના स्व નું જ ગ્રહણ થવાથી स्व + र् + अ = स्वर શબ્દ બનશે. સ્વર એટલે સ્વયં શોભનારા. અ વગેરે વર્ણો એકાકી હોય તો પણ પોતાનો અર્થ પ્રતિપાદન કરવામાં સમર્થ હોય છે, સ્વયં અર્થથી શોભનારા હોય છે. તેથી સ્વર એ સાન્વર્થસંજ્ઞા છે.

સંજ્ઞા અને સંજ્ઞી વચ્ચે આમ તો ભેદ હોય છે. તેથી આ સૂત્ર 'औदन्तानां स्वराः' (औ સુધીના વર્ણોને સ્વર સંજ્ઞા થાય છે.) આવું બનાવવું જોઈએ. છતાં જેમ 'अस्य पुरुषस्य देवदत्तः संज्ञा' આમ કહેવાને બદલે સંજ્ઞા-સંજ્ઞીના ભેદની અવિવક્ષા કરીને 'पुरुषोऽयं देवदत्तः' એમ પ્રથમાન્ત સમાનાધિકરણ પ્રયોગ કરાય છે, તેમ પ્રસ્તુતમાં પણ સંજ્ઞા-સંજ્ઞીના ભેદને અવિવક્ષીને 'औदन्ताः स्वराः' આમ સંજ્ઞીવાચક પદને પ્રથમા વિભક્તિ કરી સમાનાધિકરણ (સરખી વિભક્તિવાળો) પ્રયોગ કરવામાં આવ્યો છે.

(9) સ્વરના પ્રદેશો 'इवर्णादे० १.२.२१' ઈત્યાદિ છે. પ્રદેશનો અર્થ છે પ્રયોજનનું સ્થાન. 'इवर्णादे०' ઈત્યાદિ સૂત્રોમાં સ્વર સંજ્ઞા દ્વારા अ થી औ સુધીના સંજ્ઞીનો નિર્દેશ કરવો એ સંજ્ઞાનું પ્રયોજન છે ।।૪।।

एक-द्वि-त्रिमात्रा ह्रस्व-दीर्घ-प्लुताः[A] ।। १.१.५।।

बृ.वृ.–[1]मात्रा कालविशेषः, [2]एक-द्वि-त्र्युच्चारणमात्रा औदन्ता वर्णा [3]यथासंख्यं ह्रस्व-दीर्घ-प्लुतसंज्ञा भवन्ति। एकमात्रो ह्रस्वः–अ इ उ ऋ ऌ। द्विमात्रो दीर्घः–आ ई ऊ ॠ ॡ ए ऐ ओ औ। त्रिमात्रः प्लुतः–आ३ ई३ ऊ३ इत्यादि। [4]ऐदौतौ चतुर्मात्रावपीत्यन्ये। [5]औदन्ता इत्येव—प्रतक्ष्य, अत्रार्धमात्रिकयो[B]र्व्यञ्जनयोः समुदायस्यैकमात्रत्वेऽपि ह्रस्वसंज्ञाया अभावात् तोऽन्तो न भवति। [6]वर्णानां च ह्रस्वादिसंज्ञाविधानात् 'तितउच्छत्रम्' इत्यादावकारोकारलक्षणवर्णसमुदायस्य द्विमात्रत्वेऽपि दीर्घसंज्ञाया अभावाद् द्वित्वविकल्पो न भवति। [7]सन्ध्यक्षराणां तु एकमात्रिकत्वाभावाद् ह्रस्वसंज्ञा न भवति। [8]ह्रस्वादिप्रदेशाः–"ऋ-ऌति ह्रस्वो वा" (१.२.२) इत्यादयः।।५।।

सूत्रार्थ :- જેનું ઉચ્ચારણ કરવામાં એક, બે કે ત્રણ માત્રા[C] જેટલો કાળ થાય તે अ થી औ સુધીના વર્ણોને ક્રમશઃ હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સંજ્ઞા થાય છે.

सूत्रसमास :- ◆ एका च द्वे च तिस्रश्च = एकद्वितिस्रः (इ.द्व.), एकद्वितिस्रो (उच्चारणे) मात्रा येषां ते = एक-द्वित्रिमात्राः (बहु.)। ◆ ह्रस्वश्च दीर्घश्च प्लुतश्च = ह्रस्वदीर्घप्लुताः (इ.द्व.)।

<u>विवरण :-</u> **(1)** માત્રા એટલે કાળવિશેષ. આંખ મીંચતા કે ઉઘાડતા જેટલો કાળ થાય તે કાળને માત્રા કહેવાય છે.

(A) એક, દ્વિ, ત્રિ તથા હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત શબ્દોની નિષ્પત્તિ બૃ.ન્યાસમાંથી જાણવી.

(B) માત્રાયા અર્ધમ્ = અર્ધમાત્રા, साऽस्त्यनयोः, 'व्रीह्यादिभ्यस्तौ ७.२.५' સૂત્રથી इક પ્રત્યય.

(C) ***'द्वन्द्वान्ते द्वन्द्वादौ वा श्रूयमाणं पदं प्रत्येकमभिसम्बध्यते'*** ન્યાયબળે એકદ્વિત્રિ દ્વન્દ્વસમાસને અંતે રહેલા માત્રા શબ્દનો અન્વય એક, દ્વિ અને ત્રિ એમ દરેકની સાથે થતા એકમાત્રા, દ્વિમાત્રા અને ત્રિમાત્રા એવું તાત્પર્ય પ્રાપ્ત થશે.

(2) સૂત્રમાં વર્તતા એક-દ્વિ-ત્રિ શબ્દો માત્રા શબ્દના વિશેષણ છે અને માત્રા શબ્દ બહુવ્રીહિસમાસ પામી અન્યપદાર્થ વર્ણ શબ્દનું વિશેષણ બને છે.

શંકા :- જે પોતાના વિશેષ્યને સજાતીય પદાર્થોથી વ્યાવર્તિત કરે (જુદો તારવે) તેને વિશેષણ કહેવાય. વસ્તુ વિશેષણ ત્યારે થઈ શકે, જ્યારે બન્ને પદાર્થો વચ્ચે પ્રત્યાસત્તિ (સંબંધ) હોય. પ્રત્યાસત્તિ ઉપકારને આશ્રયીને સંભવે અને ઉપકાર ક્રિયા દ્વારા થઈ શકે. જેમ કે नीलं कमलम् વિશેષણ વિશેષ્ય સ્થળે નીલને કમલનાં વિશેષણ (= વિવક્ષિત કમલ ને પીત વિગેરે બીજા સઘળાય કમળથી વ્યાવર્તન કરનાર) રૂપે બતાવવું છે. તેને માટે નીલ નો કમલ સાથે સંબંધ થવો જરૂરી છે અને તે સંબંધ ત્યારે થઈ શકે, જ્યારે નીલ વર્ણ કમલની નીલીકરણ ક્રિયાને લઈને તેના ઉપર ઇતર સઘળા ય પીતાદિ કમળથી તેને વ્યાવર્તન કરવા રૂપ ઉપકાર કરે. આમ નીલવર્ણ નીલીકરણ ક્રિયાને લઈને કમળ ઉપર તેને બીજા સઘળાય કમળથી જુદું તારવવા રૂપ ઉપકાર કરવા દ્વારા તેની (કમળની) સાથે સંબંધ સાધે છે, માટે તે કમળનું વિશેષણ બને છે. જો આ વાત ન સ્વીકારવામાં આવે તો સઘળા ય પદાર્થો બધાના વિશેષણ અથવા વિશેષ્ય થઈ જાય. કેમકે પ્રશ્ન થાય કે 'નીલવર્ણ જો કમળની નીલીકરણ (= નીલ વર્ણના અર્પણ) ની ક્રિયા નથી કરતું, તો તે કમળનું જ વિશેષણ કેમ બને ? બીજાનું કેમ નહીં ?' આમ સઘળાય વિશેષણ-વિશેષ્ય સ્થળે સમજવું. પ્રસ્તુતમાં માત્રા (કાળવિશેષ) ને વર્ણનું વિશેષણ બતાવ્યું છે, પણ એવી કોઈ ક્રિયા નજરમાં આવતી નથી, જેને લઈને માત્રા અને વર્ણ વચ્ચે સંબંધ ગોઠવાઈ તેઓ એકબીજાના વિશેષણ-વિશેષ્ય બની શકે.

સમાધાન :- માત્રા અને વર્ણ વચ્ચે ઉચ્ચારણ ક્રિયાને લઈને સંબંધ પ્રાપ્ત થઈ શકવાથી માત્રા વર્ણનું વિશેષણ બની શકે છે. જે વર્ણનું ઉચ્ચારણ માત્રા રૂપ કાળ વડે મપાય તે વર્ણ માત્રા રૂપ કાળ વડે વિશેષિત કરાય છે. આમ પણ કહી શકાય કે એક માત્રાત્મક કાળ ઉચ્ચારણ ક્રિયાને લઈને अ વિગેરે હ્રસ્વ વર્ણોને તેમના સજાતીય દીર્ઘાદિ વર્ણોથી વ્યાવર્તિત કરવા રૂપ ઉપકાર કરી તેમની સાથે સંબંધ સાધી શકે છે, તેથી એકમાત્રા હ્રસ્વ વર્ણોનું વિશેષણ બનશે. આમ બે માત્રા અને ત્રણ માત્રા ક્રમશઃ દીર્ઘ વર્ણો અને પ્લુત વર્ણોનું વિશેષણ બનશે.

(3) અહીં એક-દ્વિ-ત્રિ એ (માત્રાનું) વિશેષણ છે, જ્યારે હ્રસ્વ-દીર્ઘ-પ્લુત એ 'અન્ય પદાર્થ' છે. બન્નેની સંખ્યા ત્રણ ત્રણ છે, તેથી ***'यथासङ्ख्यमनुदेशः समानाम्'***એ ન્યાયથી યથાસંખ્ય અન્વય થવાના કારણે આવી ત્રણ સંજ્ઞા પ્રાપ્ત થશે - (૧) જેનું ઉચ્ચારણ કરવામાં એક માત્રા થાય, તે સ્વરને હ્રસ્વ કહેવાય છે. (૨) જેનું ઉચ્ચારણ કરવામાં બે માત્રા થાય, તે સ્વરને દીર્ઘ કહેવાય છે અને (૩) જેનું ઉચ્ચારણ કરવામાં ત્રણ માત્રા થાય, તે સ્વરને પ્લુત કહેવાય છે.

અ ઇ ઉ ઋ ઌ એ એકમાત્રાવાળા હોવાથી હ્રસ્વ સ્વરો છે. આ ઈ ઊ ૠ ૡ ઐ ઓ ઔ એ બે માત્રાવાળા હોવાથી દીર્ઘ સ્વરો છે. આ૩ ઈ૩ ઊ૩ ઇત્યાદિ ત્રણ માત્રાવાળા હોવાથી પ્લુત સ્વરો છે.

(4) વૈયાકરણ **શ્રીશેષરાજ** નો એવો મત પણ છે કે – 'ઐ તથા ઔ ચારમાત્રા વાળા પણ હોય.' તે આ રીતે –

અ + ઇ માંથી એ નિષ્પન્ન થાય છે અને અ + ઉ માંથી ઓ નિષ્પન્ન થાય છે. એ કે ઓ માં જે અ + ઇ અને અ + ઉ વર્ણ છે તે પ્રશ્લિષ્ટ અર્થાત્ પાંસૂદક (કાદવ) વત્ અત્યંત એકમેક થયેલા હોય છે. અ + ઇ માંથી ઐ નિષ્પન્ન થાય છે અને અ + ઉ માંથી ઔ નિષ્પન્ન થાય છે. ઐ કે ઔ માં જે વર્ણો છે તે વિશ્લિષ્ટ અર્થાત્ અ...ઇ અને અ...ઉ આમ પૃથક્ રૂપે ધ્વનિત થાય છે. (અહીં એ સમજવું કે અ + ઇ એ બન્ને કે અ + ઉ એ બન્ને વિવૃત્તતર હોય તો ક્રમશઃ એ અને ઓ નિષ્પન્ન થાય. એ જ બન્ને જો અતિવિવૃત્તતર હોય તો ક્રમશઃ ઐ અને ઔ નિષ્પન્ન થાય.)

ત્યાં વિશ્લિષ્ટ વર્ણવાળા ઐ કાર તથા ઔ કારને 'ઐ૪તિકાયન!' 'ઔ૪પગવ!' ઇત્યાદિ સ્થળે જ્યારે પ્લુત કરવાનો પ્રસંગ આવે, ત્યારે ઐ તથા ઔ વર્ણના પરભાગમાં રહેલા ઇ તથા ઉ ને જ પ્લુત કરાય છે. આમ ઇ૩ તથા ઉ૩ ની ત્રણ માત્રા થઈ. તથા પૂર્વભાગમાં રહેલા અ વર્ણની એક માત્રા ગણતા કુલ ચાર માત્રા થશે.

(5) ઔ સુધીના વર્ણોને જ હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સંજ્ઞા થાય એવું કેમ ?

આ સૂત્રમાં 'औदन्ताः' પદ પૂર્વસૂત્રથી અનુવૃત્ત સમજવું. જો તેનું અનુવર્તન ન કરવામાં આવે તો 'प्रतक्ष्य' ને બદલે 'प्रतक्त्य' આવો અનિષ્ટ પ્રયોગ સિદ્ધ થાય. તે આ રીતે – *** प्र तक्ष् (૫૭૧) * 'प्राक्काले ૫.૪.૪૭' → प्र तक्ष् + क्त्वा, * 'गतिक्वन्य० ૩.૧.૪૨' → प्रतक्ष् + त्वा, * 'अनञः क्त्वो यप् ૩.૨.૧૫૪' → प्रतक्ष् + यप् = प्रतक्ष्य।**

હવે આ સૂત્રમાં જો 'औदन्ताः' ની અનુવૃત્તિ ન આવે તો સ્વરને જેમ હ્રસ્વ-દીર્ઘ-પ્લુત સંજ્ઞા થાય છે, તેમ વ્યંજનને પણ તે સંજ્ઞા થઈ શકશે. વ્યંજનની અડધી માત્રા[A] હોવાથી સંયુક્ત એવા બે વ્યંજનની એકમાત્રા થવાથી સંયુક્તવ્યંજનને હ્રસ્વ સંજ્ઞા થશે. તેથી પ્રતીક્ષ્ય માં ક્ષ્ (ક્ + ષ્) આ સંયુક્તવ્યંજનને હ્રસ્વ સંજ્ઞા થવાથી 'ह्रस्वस्य तः पित्कृति ૪.૪.૧૧૩' સૂત્રથી ક્ષ્ થી પરમાં ત્ નો આગમ થશે અને પ્રતક્ષ્ત્ય આવું અનિષ્ટરૂપ બનશે. 'औदन्ताः' ની અનુવૃત્તિના કારણે અ વિગેરે સ્વર જ હ્રસ્વાદિ સંજ્ઞક થવાથી ઉપરોક્ત આપત્તિ ટળી જશે અને પ્રતક્ષ્ય વિગેરે પ્રયોગ સિદ્ધ થશે.

(A) **एकमात्रो भवेद्ध्रस्वो द्विमात्रो दीर्घ उच्यते। प्लुतः स्वरस्त्रिमात्रः स्याद् व्यञ्जनं चार्द्धमात्रकम्।।**

*[શંકા :- **'स्वरस्य ह्रस्व-दीर्घ-प्लुताः'** એ ન્યાયથી જ સંયુક્ત વ્યંજનને હ્રસ્વસંજ્ઞાનો નિષેધ થઈ જશે. 'औदन्ताः' અનુવૃત્તિની અહીં શી જરૂર છે ?*

***સમાધાન :- 'स्वरस्य ह्रस्व०'** ન્યાયનો અર્થ 'હ્રસ્વાદિ સંજ્ઞા સ્વરને જ થાય, વ્યંજનને નહીં' આવો માનીને સંયુક્તવ્યંજનની એક માત્રા હોવા છતાં તેને હ્રસ્વસંજ્ઞાનો નિષેધ કરવો એ ગેરસમજ છે.*

વ્યાકરણશાસ્ત્રમાં જ્યાં ક્યાંય હ્રસ્વ, દીર્ઘ કે પ્લુત આદેશનું વિધાન કર્યું છે, ત્યાં પ્રાયઃ સ્થાની (કાર્યી) નું ઉપાદાન નથી કર્યું. તેથી પ્રશ્ન થાય કે - 'હ્રસ્વાદિ આદેશ કોના સ્થાને કરવાના ? સ્વરના સ્થાને કે વ્યંજનના સ્થાને ?' એ પ્રશ્નનું નિરાકરણ લાવતા આ ન્યાય જણાવે છે કે - 'હ્રસ્વાદિ આદેશ સ્વરના સ્થાને કરવા, વ્યંજનના સ્થાને નહીં'. તાત્પર્ય એ છે કે આ ન્યાય વ્યંજનના સ્થાને હ્રસ્વાદિ આદેશનો નિષેધ કરે છે, વ્યંજનને હ્રસ્વાદિ સંજ્ઞાનો નિષેધ નહીં. તેથી સંયુક્તવ્યંજન સ્થળે એકમાત્રા હોવાથી હ્રસ્વસંજ્ઞા પ્રાપ્ત છે, તેનો નિષેધ કરવા 'औदन्ताः' ની અનુવૃત્તિ જરૂરી છે.[A]]

(6) શંકા :- 'औदन्ताः' ની અનુવૃત્તિના કારણે સ્વરને જ હ્રસ્વાદિ સંજ્ઞા પ્રાપ્ત થશે, વ્યંજનને નહીં. તેથી પ્રતક્ષ્ય વિગેરે સ્થળે આપત્તિ નહીં આવે તે વાત સાચી. પરંતુ [B] 'तितउच्छत्रम्' 'तितउच्छाया' ઇત્યાદિ સ્થળોમાં અ-ઉ એવા સ્વરસમુદાયમાં એકમાત્રા અ ની અને એકમાત્રા ઉ ની, એમ બન્ને મળીને બે માત્રા થવાથી અ-ઉ સ્વરસમુદાય દીર્ઘ સંજ્ઞાને પામશે. તેથી 'अनाङ्माङो० १.३.२८' સૂત્રથી છ્ ને વિકલ્પે દ્વિત્વ આદેશ થવાથી વિકલ્પપક્ષે तितउछत्रम् આવો અનિષ્ટપ્રયોગ થશે. જ્યારે અહીં તો 'स्वरेभ्यः १.३.३०' સૂત્રથી છ્ નો નિત્ય દ્વિત્વ આદેશ જ ઇષ્ટ છે.

સમાધાન :- 'अनाङ्माङो० १.३.२८' સૂત્રથી છ્ ને વિકલ્પે દ્વિત્વ થવાની આપત્તિ ભલે આવે. આવા સ્થળ તો કો'ક જ હોય કે જ્યાં બે સ્વર પાસે પાસે આવે. આવા આપવાદિક સ્થળે છ્ નો વિકલ્પે દ્વિત્વ પ્રાપ્ત હોતે છતે અમે અ-ઉ એવા સ્વરસમુદાયના એક અવયવનો નિમિત્તરૂપે આશ્રય કરશું. એ અવયવ હ્રસ્વ હોવાથી હવે 'स्वरेभ्यः १.३.३०' સૂત્ર લાગશે. તે સૂત્રથી 'अनाङ्माङो० १.३.२८' સૂત્ર બાધિત થવાથી છ્ નું વિકલ્પે નહીં, પણ નિત્ય દ્વિત્વ થશે.

(A) એક ગુજરાતી વિવેચનમાં ***'स्वरस्य ह्रस्व-दीर्घ-प्लुताः'*** ન્યાયને લઈને વ્યંજનને હ્રસ્વસંજ્ઞાનો અભાવ બતાવી પ્રતક્ષ્ય સ્થળે ત્ આગમની આપત્તિ વારી છે, તે અયુક્ત છે. કેમકે તેથી આ સૂત્રમાં औदन्ताः ની અનુવૃત્તિ નકામી ઠરે.

(B) *** 'तनेर्डउः (उणा० ७४८)' * तन्यन्ते भृष्टयवा यत्रेति = तन् + डउ = तउ, *** સન્વત્ ભાવ કરતા **तितउ, तस्य छत्रं = तितउच्छत्रम्**। (ડઉ એ પ્રમાણે ઉણાદિ પ્રત્યયનો નિર્દેશ કર્યો છે, તેના બળથી અ + ઉ ની સંધિ નહીં થાય. જો સંધિ કરવી હોત તો ડઉ ના બદલે ડે પ્રત્યયનું જ વિધાન કરત.)

શંકા :- 'સ્વરસમુદાય' રૂપ અ-ઉ ના નિમિત્તે છ્ નું વિકલ્પે દ્વિત્વ થવા રૂપ કાર્ય પ્રાપ્ત હોતે છતે સમુદાયને પરતંત્ર અવયવ રૂપ નિમિત્ત નબળું પડી જાય. હવે તેનામાં નિમિત્ત બનવાની તાકાત ન રહે. તેથી અહીં 'स्वरेभ्यः १.३.३०' સૂત્રથી છ્ ને નિત્ય દ્વિત્વ ન થતા 'अनाङ्माङो०' સૂત્રથી વિકલ્પે દ્વિત્વ જ થશે.

વળી બીજી રીતે કહીએ તો ***'सकृद्गते स्पर्द्धे यद् बाधितं तद् बाधितमेव***[A]**'** ન્યાયથી 'अनाङ्माङो०' સૂત્ર દ્વારા 'स्वरेभ्यः' સૂત્રની પ્રવૃત્તિ એકવાર બાધિત થઈ, તે હંમેશને માટે બાધિત રહે. તેનું પુનરુત્થાન ન થાય. તેથી 'अनाङ्माङो०' થી છ્ ને દ્વિત્વ વિકલ્પે જ થશે.

સમાધાન :- તમે કહ્યા મુજબ 'स्वरेभ्यः १.३.३०' સૂત્રની પ્રવૃત્તિ ***'सकृद्गते०'*** ન્યાયથી બાધિત થવા છતાં અમે ***'पुनः प्रसङ्गविज्ञानात् सिद्धम्***[B] (પરિ. શે. ૩૯) ન્યાયના બળે એ સૂત્રની પુનઃ પ્રવૃત્તિ કરીને છ્ ને નિત્ય દ્વિત્વ કરશું.

શંકા :- ***'पुनः प्रसङ्ग०'*** ન્યાય મન ફાવે ત્યાં ન લાગે. જ્યાં બે વિધિ (સૂત્રો) વચ્ચે પરસ્પર વિરોધ ન હોય ત્યાં એ ન્યાયનો ક્વચિદ્ આશ્રય કરાય છે. અહીં તો 'अनाङ्माङो०' અને 'स्वरेभ्यः' બન્ને સૂત્રો વિરોધી છે. એક વિકલ્પે દ્વિત્વ કરે છે, બીજું નિત્ય દ્વિત્વ કરે છે. વિકલ્પ અને નિત્ય વચ્ચે વિરોધ સ્પષ્ટ છે. સૂત્રો વચ્ચે વિરોધ હોવા છતાં ***'पुनः प्रसङ्ग०'*** ન્યાયનો તમે આશ્રય લેવા જશો તો પૂર્વવિધિથી પરવિધિનો બાધ થઈ જવા રૂપ તમને આપત્તિ આવશે. જ્યારે ***'पुनः प्रसङ्ग०'*** ન્યાય સ્થળે પૂર્વવિધિ પરવિધિની બાધક નથી બનતી.

સમાધાન :- તમે કહો છો તે પ્રમાણે तितउच्छत्रम् ઇત્યાદિ સ્થળે આપત્તિ નહીં આવે, કેમકે આ સૂત્રથી હ્રસ્વાદિ સંજ્ઞાઓનું વિધાન વર્ણોને કરવામાં આવ્યું છે, વર્ણસમુદાયને નહીં ; तितउच्छत्रम् સ્થળે અ + ઉ વર્ણ સમુદાયને દીર્ઘસંજ્ઞા કરી દ્વિત્વના વિકલ્પની વાત છે, જે અયુક્ત છે. માટે કોઈ આપત્તિ નથી.

શંકા :- શબ્દથી વાચ્ય પદાર્થ બે પ્રકારે સંભવે છે; જાતિ અને વ્યક્તિ.[C] તેમાં જાતિને લઈ ***'वर्णग्रहणे-***

(A) બે સૂત્રોક્ત વિધિઓ વચ્ચે સ્પર્ધા હોતે છતે જે સૂત્ર (વિધિ) કોઈપણ કારણથી પહેલા બાધિત થઈ જાય તે સૂત્ર પછી બાધિત જ રહે. [બે વિધિઓ અન્યત્ર સાવકાશ હોય (એટલે કે તે બન્ને વિધિઓ એક સાથે જ્યાં પ્રાપ્ત હોય, તે સ્થળ છોડીને અન્યત્ર પોતાની પ્રવૃત્તિ દ્વારા સાર્થક થતી હોય) અને તુલ્ય બળવાળી હોય, ત્યાં તે બન્ને વિધિ વચ્ચે સ્પર્દ્ધા મનાય છે.]

(B) પરવિધિની પ્રવૃત્તિ પૂર્વવિધિનો બાધ કરે. ત્યારપછી પણ જો પૂર્વવિધિની પ્રાપ્તિ હોય તો પૂર્વવિધિની પ્રવૃત્તિ કરવી.

(C) **મીમાંસકો**નું કહેવું છે કે શબ્દથી જાતિ વાચ્ય બને. **નૈયાયિકો**નું કહેવું છે કે શબ્દથી વ્યક્તિ વાચ્ય બને. વ્યાકરણકારો યથાવસર આ બન્ને પક્ષો પૈકીના કોઈપણ પક્ષને આશ્રયી ઈષ્ટ પ્રયોગોની સિદ્ધિ કરતા હોય છે. વિશેષ જાણવા ૧.૪ ના બૃહન્ન્યાસના અમારા વિવરણમાં પરિશિષ્ટ-૩ માં 'જાતિપક્ષ' અને 'વ્યક્તિપક્ષ' શબ્દ જુઓ.

जातिग्रहणम्[A] ' ન્યાયનો આશ્રય કરવામાં આવે તો ભલે આ સૂત્રમાં વર્ણને હ્રસ્વાદિ સંજ્ઞાઓનું વિધાન કર્યું હોય, છતાં તે સંજ્ઞાઓ વર્ણસમુદાયને પણ લાગુ પડી શકે છે, માટે જ પ્રતક્ષ્ય સ્થળે વ્યંજનસમુદાયને લઈને ત્ આગમની આપત્તિ આપેલી, તે 'औदन्ताः' ની અનુવૃત્તિ લઈ ટાળી દેવામાં આવી હતી. પરંતુ तितउच्छत्रम् સ્થળે અ + ઉ વર્ણસમુદાયને આ સૂત્રથી દીર્ઘસંજ્ઞા થવા પૂર્વક છ્ ના દ્વિત્વવિકલ્પની આપત્તિ તો ઊભી જ રહેશે.

સમાધાન :- જાતિની જેમ વ્યક્તિ પણ શબ્દથી વાચ્ય પદાર્થ છે. તેથી વ્યક્તિનો આશ્રય કરીએ તો ***'वर्णग्रहणे जातिग्रहणम्'*** ન્યાયને અવકાશ નથી. તેથી અ + ઉ વર્ણસમુદાયને આ સૂત્રથી દીર્ઘસંજ્ઞા ન થવાથી દ્વિત્વના વિકલ્પની આપત્તિ ન આવતા 'स्वरेभ्यः' સૂત્રથી નિત્ય દ્વિત્વ થશે.

શંકા :- પરંતુ તમે આ રીતે જાતિપક્ષને ટાળી વ્યક્તિપક્ષનું ગ્રહણ શેના આધારે કરી શકો ?

સમાધાન :- આ સૂત્રમાં વર્ણ શબ્દનું એક-દ્વિ-ત્રિમાત્રા એવું જે વિશેષણ વાપર્યું છે તેના આધારે અમે જાતિપક્ષને ટાળી વ્યક્તિપક્ષનો આશ્રય કરી શકીએ છીએ. તે આ રીતે - જાતિને સ્વરૂપથી પરિમાણ (= એક, બે કે ત્રણ માત્રાત્મક કાળ) સંભવતો નથી, જ્યારે વર્ણવ્યક્તિને તે સંભવી શકે છે. આમ એક, બે, ત્રણ માત્રાત્મક કાળનો વર્ણ પદ વાચ્ય વર્ણત્વજાતિની સાથે અન્વય સંભવતો ન હોવાથી સમજી શકાય એવું છે કે વર્ણ શબ્દથી વ્યક્તિપક્ષને આશ્રયી વર્ણવ્યક્તિને જ લેવાની રહે.

શંકા :- વર્ણત્વ જાતિ વર્ણવ્યક્તિને આશ્રયીને રહેનારી છે. તેથી જે વર્ણની સાથે જેટલી માત્રાનો અન્વય થશે તેટલી માત્રાનો વર્ણ દ્વારા તદાશ્રિત જાતિ સાથે પણ અન્વય થઈ જશે. આમ જાતિને પરિમાણ સંભવી શકે છે.

સમાધાન :- જો આમ માનશો તો એક માત્રાવાળા વર્ણ, બે માત્રાવાળા વર્ણ અને ત્રણ માત્રાવાળા વર્ણ આમ એક એક પ્રકારના વર્ણવ્યક્તિઓથી જણાતી વર્ણત્વજાતિ પણ એક, બે અને ત્રણ માત્રાવાળી આમ જુદી જુદી થશે. તેથી એક, બે ને ત્રણ માત્રાવાળા સમસ્ત વર્ણસમુદાયથી વ્યંગ્ય (ઓળખાય એવી) એક વર્ણત્વ જાતિ નહીં માની શકાય. વળી ***'मुख्ये सम्भवति गौणकल्पना ज्यायसि'*** (મુખ્યની સાથે અન્વય સંભવતો હોય તો ગૌણની સાથે અન્વયની કલ્પના ગૌરવાસ્પદ બને) આવો નિયમ છે. જેની સાથે સાક્ષાત્ અન્વય થતો હોય તે મુખ્ય કહેવાય અને જેની સાથે પરંપરાએ અન્વય થતો હોય તે ગૌણ કહેવાય. માત્રાનો સાક્ષાત્ અન્વય વર્ણની સાથે છે, તેથી તેને મુખ્ય ગણાય અને વર્ણાશ્રિત વર્ણત્વજાતિ સાથે માત્રાનો અન્વય વર્ણ દ્વારા પરંપરાએ છે માટે તેને ગૌણ ગણાય. આમ જાતિપક્ષનો આશ્રય કરવા પરંપરાએ વર્ણત્વજાતિની સાથે ગૌણપણે માત્રાનો અન્વય કરી ગૌરવ કરવું, તેના કરતા વ્યક્તિપક્ષને સ્વીકારી માત્રાનો મુખ્યપણે વર્ણની સાથે અન્વય કરવો વ્યાજબી ગણાય.

(A) સૂત્રમાં વર્ણના ગ્રહણની વાત હોય તો તેનાથી વર્ણત્વજાતિનું ગ્રહણ કરવું. જેથી તેને અવિનાભાવી સકલવર્ણનું અર્થાત્ વર્ણસમુદાયનું ગ્રહણ થઈ શકે.

વળી આ સૂત્ર અને પૂર્વસૂત્રનો સંહિતા (વિરામ વિનાનો) પાઠ એટલે કે 'औदन्ताः स्वराः एक-द्वि-त्रिमात्रा ह्रस्व-दीर्घ-प्लुताः' આમ સળંગ પાઠ પણ છે. તેનો અર્થ આવો થશે કે 'એક, બે અને ત્રણ માત્રાવાળા હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સંજ્ઞાને પામતા औ સુધીના વર્ણો સ્વરના સ્થાને થાય છે.[A]'

શંકા :- સંહિતા પાઠમાં 'स्वराः' પદ છે, स्वरस्य નહીં. તો પ્રથમાન્ત પદ થકી ષષ્ઠી વિભક્તિનો અર્થ કેમ કરી શકાય ? શું આવો તમારી પાસે કોઈ દાખલો ખરો ?

સમાધાન :- ***'विवक्षातः कारकाणि'*** ન્યાય મુજબ ષષ્ઠી અર્થમાં પ્રથમા થઈ શકે છે. માટે 'स्वराः' સ્થળે ષષ્ઠયર્થમાં પ્રથમા વિભક્તિ છે. આને આપણે 'इन् ङीस्वरे लुक् ૧.૪.૭૯' સૂત્રના દાખલા ઉપરથી સમજીએ. તે સૂત્રનો અન્વય 'ङी-स्वरे परे इन् लुक् स्यात्' આવો છે. તેનો અર્થ 'ङी અને અધુટ્ સ્વરાદિ પ્રત્યયો પરમાં વર્તતા पथिन्, मथिन् અને ऋभुक्षिन् ના इन् નો લુક્ થાય છે' આવો થાય છે. હવે સૂત્રમાં 'इन् लुक् स्यात्' આમ પ્રથમાન્ત इन् પદ કહ્યું છે. જ્યારે તેનો અર્થ 'इन् નો લુક્ થાય છે' આમ ષષ્ઠી પ્રમાણે ગ્રહણ કરવામાં આવે છે. આના પરથી સમજી શકાશે કે ષષ્ઠી અર્થમાં પ્રથમા વિભક્તિ થઈ શકે છે.

આમ પૂર્વસૂત્ર અને આ સૂત્ર ભેગા મળીને સ્થાનીનો નિયમ કરનાર એક પરિભાષાસૂત્ર બની જશે.

શંકા :- પરંતુ પૂર્વસૂત્ર તો औ સુધીના વર્ણોને સ્વરસંજ્ઞાના વિધાન માટે છે અને આ સૂત્ર औ સુધીનાં વર્ણોને હ્રસ્વાદિ સંજ્ઞાના વિધાન માટે છે. તેથી સંહિતા પાઠ કરી આમને પરિભાષા સૂત્ર બનાવાશે તો સંજ્ઞાનું વિધાન શી રીતે થશે ?

સમાધાન :- તેમને સંજ્ઞાઓ બીજા[B] સૂત્રથી થઈ જશે.

શંકા :- બન્ને સૂત્રો ભેગા મળીને સ્થાનિનો શું નિયમ કરશે ?

સમાધાન :- 'दीर्घश्च्विवयङ्० ૪.૩.૧૦૮' વિગેરે જે સૂત્રોમાં સાક્ષાત્ સ્થાની (જેના સ્થાને દીર્ઘ આદેશ થાય છે તે) ન બતાવ્યો હોય ત્યાં અનિયમ રહે છે કે 'દીર્ઘ આદેશ સ્વરના સ્થાને કરવો કે વ્યંજનના સ્થાને ?' આવા સ્થળે આ પરિભાષા નિયમ (= સંકોચ) કરશે કે 'દીર્ઘ આદેશ સ્વરના સ્થાને થશે, વ્યંજનના સ્થાને નહીં.' અહીં ધ્યાનમાં રાખવું કે 'दीर्घश्च्विवयङ्०' જેવા સ્થળો કે જ્યાં સ્થાનિનો નિર્દેશ નથી કર્યો, આવા સ્થળે

(A) બૃ. ન્યાસમાં બતાવેલ 'ह्रस्वादिसंज्ञया विधीयमाना...' પંક્તિ પ્રમાણે અર્થ આમ કરવો. 'એક, બે અને ત્રણ માત્રાને લઈને હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સંજ્ઞા વડે વિધાન કરાતા (= આ સંજ્ઞાઓને પામતા) औ સુધીના વર્ણો સ્વરના સ્થાને થાય છે.' स्वरस्य સ્થળે વર્તતી ષષ્ઠી વિભક્તિ સ્થાનષષ્ઠી છે.

(B) બીજા સૂત્રથી એટલે 'જ્યારે સંહિતાપાઠની અવિવક્ષા હોય ત્યારે સ્વતંત્ર ગણાતા પૂર્વસૂત્ર અને આ સૂત્રથી થશે' આવો અર્થ કરવો ઠીક લાગે છે. વિદ્વાનો વિચારે.

જ આ પરિભાષા લાગુ પડશે. બાકી 'समानानां तेन दीर्घः १.२.१' જેવા સ્થળો કે જ્યાં સમાનસ્વરોને સાક્ષાત્ સ્થાની બતાવ્યા છે ત્યાં આ પરિભાષા લાગુ નહીં પડે. કેમકે જ્યાં સાક્ષાત્ સ્થાની બતાવ્યા હોય ત્યાં 'આદેશ સ્વરોના સ્થાને કરવો કે વ્યંજનના સ્થાને ?' આવા અનિયમનો કોઈ પ્રસંગ જ રહેતો નથી.

હવે સ્વરોને સ્થાનીરૂપે પ્રાપ્ત કરાવનાર આ પરિભાષા ઉપસ્થિત થયે છતે પ્રદેશોને વિશે અર્થાત્ જ્યાં આ પરિભાષા લાગુ પડે છે એવા 'दीर्घश्च्वि०' વિગેરે સ્થાનોને વિષે બે ષષ્ઠી વિભક્તિ ઉપસ્થિત થશે. જેમકે ધાતુને[A] આશ્રયીને પ્રવર્તતા 'दीर्घश्च्वि०' સૂત્રમાં એક ષષ્ઠી ધાતુને અને બીજી ષષ્ઠી પ્રસ્તુત પરિભાષાને આશ્રયીને સ્થાનીરૂપે પ્રાપ્ત થતા સ્વરને લાગુ પડશે. તેમાં બન્ને ષષ્ઠયન્ત પૈકી કોને વિશેષણ બનાવવું અને કોને વિશેષ્ય ? એ બાબતમાં કામચાર (= ગ્રંથકારની મરજી) વર્તતા સ્વરો ધાતુને અંતે પણ સંભવતા હોવાથી સ્વર દ્વારા સૂત્રમાં ગ્રહણ કરાતા ધાતુઓ વિશેષિત કરાશે. અર્થાત્ સ્વરને ધાતુના વિશેષણ બનાવાશે. જેથી 'विशेषणमन्तः ७.४.११३' પરિભાષા મુજબ સ્વર ધાતુનું અંત્ય અવયવ બનતા 'स्वरान्त धातु' અર્થ પ્રાપ્ત થાય અને ધાતુની ષષ્ઠીને લઈને 'षष्ठ्यान्त्यस्य ७.४.१०६' પરિભાષા મુજબ સ્વરાન્ત ધાતુના અંત્ય અવયવ સ્વરનો દીર્ઘ આદેશ પ્રાપ્ત થાય. આમ ચીયતે વિગેરે ઈષ્ટ સ્થળે સ્વરાંત चि ધાતુના અંત્ય અવયવ इ સ્વરનો 'दीर्घश्च्वि०' સૂત્રથી દીર્ઘ આદેશ થશે, અને પચ્યતે વિગેરે સ્થળે વ્યંજનાન્ત पच् વિગેરે ધાતુઓના સ્વરનો તે સૂત્રથી દીર્ઘ આદેશ નહીં થાય[B].

એવી રીતે 'क्लिबे २.४.९७' સૂત્રમાં પણ હ્રસ્વ આદેશનો સ્થાની નથી બતાવ્યો. પરંતુ પ્રસ્તુત પરિભાષાથી સ્વર સ્થાનીરૂપે પ્રાપ્ત થશે અને ઉપર મુજબ અહીં પણ स्वर અને नाम નેં ષષ્ઠી વિભક્તિ થઈ 'स्वर' તેના દ્વારા આક્ષિપ્ત નપુંસકમાં વર્તતા નામનું વિશેષણ બનવાથી 'विशेषणमन्तः ७.४.११३' પરિભાષા મુજબ 'स्वरांत नपुंसकलिंग नाम' અર્થ પ્રાપ્ત થશે. પાછું नाम ની ષષ્ઠીને લઈને 'षष्ठ्यान्त्यस्य ७.४.१०६' પરિભાષાથી સ્વરાંત નપુંસક નામના અંત્ય અવયવ સ્વરનો હ્રસ્વ આદેશ પ્રાપ્ત થશે. તેથી रायमतिक्रान्तम् = अतिरै અને नावमतिक्रान्तम् = अतिनौ સ્થળે 'क्लिबे २.४.९७' સૂત્રથી બન્ને નપુંસક નામના અંત્ય સ્વરનો હ્રસ્વ આદેશ થવાથી अतिरि અને अतिनु પ્રયોગ સિદ્ધ થઈ શકશે. અહીં જો નામને સ્વરનું (વ્યધિકરણ) વિશેષણ બનાવાત તો 'क्लिबे' સૂત્રનો 'નપુંસકમાં વર્તતા નામના સ્વરનો હ્રસ્વ આદેશ થાય છે' આવો અર્થ થાત. જેથી હ્રસ્વ આદેશ પામનાર સ્વર નામના અંતે હોવો જરૂરી ન રહેતા सुवाग् ब्राह्मणकुलम् જેવા સ્થળે નપુંસક सुवाग् ના મધ્યવર્તી સ્વરનો હ્રસ્વ આદેશ થઈ सुवग् આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસંગ આવત.

(A) च्वि, यङ्, यक् અને क्य (= क्यन्, क्यङ्, क्यङ्ष् અને य(क्य)) પ્રત્યયો ધાતુને લાગે છે. માટે 'दीर्घश्च्वि०' સૂત્ર ધાતુને આશ્રયીને પ્રવર્તે છે તેમ કહ્યું છે.

(B) જો ધાતુને સ્વરનું (વ્યધિકરણ) વિશેષણ બનાવાત તો 'ધાતુના સ્વરનો દીર્ઘ આદેશ થાય છે' આવો અર્થ થાત. જેથી पच् વિગેરે ધાતુના સ્વરનો પણ દીર્ઘ આદેશ થવાની આપત્તિ આવત.

આશય એ છે કે 'दीर्घश्चिव्०', 'क्लिबे' વિગેરે સૂત્રોમાં જો સ્વરને ધાતુ કે નામનું વિશેષણ બનાવવામાં આવે તો ધાતુ કે નામની ષષ્ઠી વિભક્તિ 'સ્થાનષષ્ઠી' બને, અવયવ ષષ્ઠી નહીં. તેથી 'षष्ठ्यान्त्यस्य ૭.૪.૧૦૬' પરિભાષાથી તે ધાતુ કે નામના અંત્ય અવયવ એવા સ્વરને સ્થાને દીર્ઘ કે હ્રસ્વાદિ આદેશ થઈ શકે છે. જો ધાતુ કે નામને સ્વરનું વિશેષણ બનાવાત તો ધાતુ કે નામની ષષ્ઠી 'અવયવ ષષ્ઠી' થાત. જેથી ધાતુ કે નામના અવયવ એવા સ્વરના (પછી તે મધ્યવર્તી હોય કે અંતે વર્તતો હોય) દીર્ઘ કે હ્રસ્વાદિ આદેશ થવાનો પ્રસંગ વર્તતા અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસંગ આવત.

શંકા :- હવે અંતે સ્વર ન સંભવે તેવા સ્થળે જો હ્રસ્વાદિ આદેશ કરવાનું સૂત્રમાં કહ્યું હોય, ત્યાં શું કરવું ?

સમાધાન :- હા. તેવા સ્થળો પણ છે. જેમકે 'क्रमः क्त्वि वा ૪.૧.૧૦૬' સૂત્રમાં क्रम् ધાતુના સ્વરને વિકલ્પે દીર્ઘ આદેશની વાત છે. 'अहन्पञ्चमस्य० ૪.૧.૧૦૭' સૂત્રમાં हन् સિવાયના વર્ગીય પંચમ વ્યંજનાંત ધાતુના સ્વરને દીર્ઘ આદેશની વાત છે. 'शम्सप्तकस्य० ૪.૨.૧૧૧' સૂત્રમાં शम् વિગેરે સાત ધાતુના સ્વરના દીર્ઘ આદેશની વાત છે અને 'नि दीर्घः[A] ૧.૪.૮૫' સૂત્રમાં શેષ ધુટ્ પ્રત્યય પરમાં વર્તતા નામના न્ની પૂર્વના સ્વરને દીર્ઘ આદેશની વાત છે. આવા બીજા પણ અનેક સૂત્રો છે, ત્યાં જે ધાતુ કે નામનું ગ્રહણ કર્યું હોય તેમના દ્વારા સ્વરને વિશેષિત કરવામાં આવે છે. અર્થાત્ ધાતુ કે નામને સ્વરના વિશેષણ બનાવવામાં આવે છે. તેથી ધાતુ કે નામની ષષ્ઠી સ્થાનષષ્ઠી ન બનતા 'અવયવ ષષ્ઠી' બને છે. જેથી 'षष्ठ्यान्त्यस्य०' પરિભાષાને અવકાશ ન રહેતા ધાતુના કે નામના મધ્યવર્તી પણ સ્વરને તે સૂત્રોથી દીર્ઘ આદેશ થઈ શકે છે. માટે આ સૂત્રોમાં વ્યંજનની નિવૃત્તિ માટે સ્થાનીના નિર્દેશક સ્વર શબ્દનું ગ્રહણ કરવામાં નથી આવતું.

શંકા :- જે સૂત્રોમાં સ્થાની ન બતાવ્યો હોય અને સ્વરાત્મક આદેશ થતો હોય ત્યાં પ્રસ્તુત પરિભાષા ઉપસ્થિત થવાથી જો સ્વરનો જ આદેશ પ્રાપ્ત થશે તો 'दिव औः सौ ૨.૧.૧૧૭', 'पथिन्-मथिन्-ऋभुक्षः सौ ૧.૪.૭૬'

(A) અહીં 'दीर्घश्चिव्० ૪.૩.૧૦૮' સૂત્રથી લઈને 'नि दीर्घः ૧.૪.૮૫' સુધીના જે સૂત્રો બતાવ્યા છે, તેમાં એક ષષ્ઠી તો પ્રસ્તુત 'औदन्ताः स्वरा एकद्वित्रिमात्रा ह्रस्वदीर्घप्लुताः' પરિભાષામાં स्वराः સ્થળે ષષ્ઠી અર્થમાં પ્રથમા હોવાથી પ્રાપ્ત થાય છે અને ધાતુ કે નામને લગતી બીજી ષષ્ઠી તો મોટા ભાગે क्रमः, अहन्पञ्चमस्य, शम्सप्तकस्य આ રીતે તે તે સૂત્રોમાં આપી જ દીધી હોય છે. 'दीर्घश्चिव्०', 'क्लिबे', 'नि दीर्घः' વિગેરે જે સૂત્રોમાં તે નથી આપી હોતી, ત્યાં પણ સ્વરના દીર્ઘ આદેશની વાત તો પ્રસ્તુત પરિભાષાથી પ્રાપ્ત થાય જ છે. કેમકે આ સૂત્રોમાં દીર્ઘાદિ આદેશના સ્થાનીનો નિર્દેશ નથી કર્યો. તો પ્રશ્ન થાય કે 'સ્વરનો જે દીર્ઘ આદેશ કરવાનો કહ્યો છે, તે કોના સ્વરનો ?' આમ સ્વર એ પ્રકૃતિને સાકાંક્ષ હોવાથી સહજ 'दीर्घश्चिव्०' સૂત્રમાં च्वि વિગેરે પ્રત્યયોને લઈને 'धातोः' આમ ધાતુરૂપ ષષ્ઠયન્ત પ્રકૃતિ ઉપસ્થિત થઈ જાય છે અને 'क्लिबे' તેમજ 'नि दीर्घः' સૂત્રોમાં ક્રમશઃ નપુંસકલિંગ અને ધુટ્ પ્રત્યયો ધાતુને ન સંભવતા સહજ नाम्नः એવું નામરૂપ ષષ્ઠયન્ત પ્રકૃતિ ઉપસ્થિત થઈ જાય છે.

'आद्वेरः २.१.४१' વિગેરે સૂત્રોથી ક્રમશઃ दिव् ના व् નો औ, पथिन् વિગેરેના न् નો आ અને तद् ના द् નો अ વિગેરે સ્થળે વ્યંજનના સ્થાને આદેશ નહીં થઈ શકે.

સમાધાન :- આ પરિભાષા લિંગવતી (ચિહ્નને આશ્રયીને પ્રવર્તનારી) છે. અર્થાત્ (સ્થાનિના નિર્દેશ વિનાના) જે સૂત્રોમાં સ્વરાત્મક આદેશ હ્રસ્વ, દીર્ઘ કે પ્લુત સંજ્ઞારૂપચિહ્નને લઈને બતાવ્યા હોય ત્યાં જ આ પરિભાષા ઉપસ્થિત થાય છે, અન્યત્ર નહીં. 'दिव औः सौ' વિગેરે ત્રણે સૂત્રોથી ક્રમશઃ જે औ, आ અને अ આદેશ થાય છે, તે અનુક્રમે દીર્ઘ, દીર્ઘ અને હ્રસ્વ રૂપે નથી બતાવ્યા, પણ औ, आ અને अ વર્ણ રૂપે બતાવ્યા છે. તેથી આવા સ્થળે પ્રસ્તુત પરિભાષા ઉપસ્થિત ન થવાથી ('षष्ठ्यान्त्यस्य ७.४.१०६' પરિભાષા મુજબ) दिव् વિગેરેના અંત્ય વ્યંજનનો સ્વરાત્મક આદેશ થઈ શકે છે અને द्यौः, पन्थाः તેમજ सः વિગેરે પ્રયોગ સિદ્ધ થાય છે.

શંકા :- પ્રસ્તુત 'औदन्ताः स्वरा एक-द्वि-त्रिमात्रा ह्रस्व-दीर्घ-प्लुताः' પરિભાષા ઉપરથી આવો અર્થ શી રીતે પ્રાપ્ત થઈ શકે ?

સમાધાન :- આ પરિભાષામાં औ સુધીના વર્ણોને ઉપસ્થિત કરાવવા સાક્ષાત્ औदन्ताः પદ મૂકી જ દીધું છે. તેથી 'ह्रस्वदीर्घप्लुताः' પદ કાંઈ औ સુધીના વર્ણોની ઉપસ્થિતિ કરાવવા વાપરવાનું રહેતું નથી. તેથી તે સ્વરૂપ પદાર્થક (= હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સંજ્ઞાત્મક અર્થને જ જણાવતું) છતું (સ્વરના આદેશરૂપે) વિધાન કરાતા औ સુધીના વર્ણોના વાચક औदन्ताः પદની વિશેષણતાને પામે છે. અર્થાત્ ह्रस्व-दीर्घ-प्लुताः પદ औदन्ताः પદ સાથે અન્વય પામે છે. તેથી પરિભાષાનો અર્થ આવો થશે કે 'સ્વરના સ્થાને औ સુધીના વર્ણો આદેશ પામે છે. औ સુધીના વર્ણો કેવા લેવા ? હ્રસ્વ-દીર્ઘ-પ્લુત આવી સંજ્ઞારૂપે વિધાન કરાતા.' અર્થાત્ સ્વરના સ્થાને તે જ (એક, બે અને ત્રણ માત્રાવાળા) औ સુધીના વર્ણો આદેશ પામશે, જેઓ સૂત્રમાં હ્રસ્વાદિ સંજ્ઞારૂપે વિધાન કરાયા હોય. આમ પ્રસ્તુત પરિભાષા થકી ઉપરોક્ત સમાધાનમાં કહેલો અર્થ પ્રાપ્ત થાય છે. 'दिव औः सौ २.१.११७' સૂત્રમાં औ આદેશ સ્વરૂપથી (औ રૂપે) વિધાન કરાયો છે, દીર્ઘરૂપે નહીં. આથી ત્યાં દીર્ઘસંજ્ઞા રૂપ લિંગ ગેરહાજર હોવાથી 'સ્વર' આદેશીરૂપે ઉપસ્થિત ન થતા दिव् ના સ્વરનો નહીં પરંતુ વ્યંજનનો તે સૂત્રથી औ આદેશ થાય છે. અન્યત્ર પણ આમ સમજી લેવું, જેથી બધી ઘટમાનતા બરાબર થશે.

શંકા :- પ્રસ્તુત પરિભાષાના અર્થને જણાવનાર ***'स्वरस्य ह्रस्व-दीर्घ-प्लुताः'*** ન્યાય છે જ. તેથી શા માટે '૧.૧.૪' અને '૧.૧.૫' આ બન્ને સૂત્રોનો સંહિતા પાઠ કરી પ્રસ્તુત પરિભાષાને ઘડવી પડે ?

સમાધાન :- એ ન્યાય આ પરિભાષામૂલક જ છે અર્થાત્ એ ન્યાયથી થતું કાર્ય આ પરિભાષાને લઈને જ થાય છે. ન્યાય તો સુખેથી પરિભાષાનો અર્થ સમજાવી શકાય તે માટે તેના અનુવાદક રૂપે આચાર્યો વડે બોલાય છે.

શંકા :- જે સૂત્રોમાં સંધ્યક્ષરોના હ્રસ્વ આદેશનું વિધાન હોય ત્યાં ए અને ओ સંધ્યક્ષરો પ્રશ્લિષ્ટ (= જેમના અવયવો ક્રમશઃ अ + इ અને अ + उ માટી-પાણીની જેમ પરસ્પર અત્યંત એકમેક થઈ ગયા છે એવા) હોવાથી તેમનો હ્રસ્વ આદેશ અવયવ વર્ણો જેમાં પ્રશ્લેષ પામેલા છે એવા ક્રમશઃ અર્ધ (= એકમાત્રાવાળો) ए કાર અને અર્ધ (= એકમાત્રાવાળો) ओ કાર પ્રાપ્ત થશે. કેમકે અર્ધ ए કાર અને અર્ધ ओ કાર ए અને ओ સંધ્યક્ષરોને इ અને उ કરતા આસન્નતર છે. વળી ऐ અને औ સંધ્યક્ષરો વિશ્લિષ્ટ વર્ણવાળા[A] (= જેમના અવયવ વર્ણો ક્રમશઃ अ + इ અને अ + उ અત્યંત એકમેક નથી થયા એવા) હોવાથી પૃથક્ ધ્વનિત થતા તેમના अ અવયવ ની એકમાત્રા અને ક્રમશઃ इ તથા उ અવયવોની એક એક માત્રા હોવાથી ऐ અને औ નો હ્રસ્વ આદેશ અવયવોની સરખી માત્રાને નજરમાં રાખીને ક્યારેક अ વર્ણ રૂપે પ્રાપ્ત થવો જોઈએ અને ક્યારેક ક્રમશઃ इ વર્ણ અને उ વર્ણ રૂપે પ્રાપ્ત થવો જોઈએ. જ્યારે સર્વત્ર ए-ऐ નો હ્રસ્વ આદેશ इ રૂપે ઈષ્ટ છે અને ओ-औ નો હ્રસ્વ આદેશ उ રૂપે ઈષ્ટ છે. જેમકે अतिहे નો હ્રસ્વ આદેશ अतिहि, अतिगो નો अतिगु, अतिरै નો अतिरि અને अतिनौ નો अतिनु વિગેરે. તેથી ए અને ओ ના અર્ધ ए કાર અને અર્ધ ओ કાર હ્રસ્વાદેશને ટાળી इ અને उ હ્રસ્વાદેશ કરવા, તેમજ ऐ અને औ ના अ હ્રસ્વાદેશને ટાળી કેવળ इ અને उ હ્રસ્વાદેશ કરવા કોઈ નવું સૂત્ર રચી યત્ન કરવો પડશે. કેમકે યત્ન વગર તેમ કરવું શક્ય નથી.

સમાધાન :- પણ ए તાલવ્ય છે, તેથી તેને તાલવ્ય इ આસન્ન હોવાથી તેમજ ओ ઓષ્ઠ્ય છે, તેથી તેને ઓષ્ઠ્ય उ આસન્ન હોવાથી ए અને ओ ના इ અને उ હ્રસ્વાદેશ સહજ થઈ જ શકે છે. તેથી શા માટે તેમના માટે નવું સૂત્ર રચી યત્ન કરવો પડે ?

શંકા :- ઉપર કહ્યું તો ખરા કે ભલે ए અને ओ ને इ અને उ આસન્ન હોય, પણ અર્ધ ए અને અર્ધ ओ તેમને વધુ આસન્ન છે. તેથી ए અને ओ ને સહજ તો અર્ધ ए અને અર્ધ ओ જ હ્રસ્વાદેશ પ્રાપ્ત છે. માટે इ તથા उ આદેશ કરવા યત્ન કરવો જરૂરી છે.

સમાધાન :- સાચી વાત છે. પરંતુ વાત એમ છે કે અર્ધ (એકમાત્રાવાળો) ए અને અર્ધ (એકમાત્રાવાળો) ओ આવા કોઈ વર્ણો જ નથી. જે વર્ણો હોય તે સ્વરૂપે આસન્ન એવો આદેશ બતાવવાનો રહે. લોકમાં કે વૈદિક પ્રયોગોમાં[B] ક્યાંય અર્ધ ए તથા અર્ધ ओ નો પ્રયોગ કરાતો જોવામાં આવતો નથી કે જેથી તેમનું અસ્તિત્ત્વ

(A) ए અને ओ ઉચ્ચારીએ તો તેના अ + इ અને अ + उ અવયવો પૃથક્ ધ્વનિત નથી થતા, પરંતુ ए અને ओ જાણે એક અખંડ (નિરવયવ) સ્વતંત્ર વર્ણ હોય એવા ભાસે છે. એ જ જણાવે છે કે ए અને ओ સંધ્યક્ષરોના અવયવો પ્રશ્લિષ્ટ છે. જ્યારે ऐ અને औ ઉચ્ચારતા તેમના અવયવો अ...इ અને अ...उ આમ પૃથક્ ધ્વનિત થશે. એનાથી જણાય છે કે ऐ અને औ ના અવયવો વિશ્લિષ્ટ છે.

(B) **સાત્યમુગ્ર** અને **રાણાયણી** શાખાના સામવેદી લોકો અર્ધ ए અને અર્ધ ओ બોલે છે. પરંતુ તે તેમની સભાને લગતો ખાસ ઠરાવ છે. જે સર્વત્ર લાગુ પડે નહીં. લોકમાં અને વેદમાં ક્યાંય અર્ધ ए અને અર્ધ ओ જોવામાં આવતા નથી.

માની શકાય. આથી ए અને ओ સંધ્યક્ષરોનો હ્રસ્વ આદેશ ક્રમશઃ આસન્ન એવા इ અને उ રૂપે જ સહજ પ્રાપ્ત થાય છે. માટે નવા કોઈ યત્નની જરૂર નથી.

વળી ऐ તથા औ ના જે अ + इ અને अ + उ અવયવો છે તેમાં પૂર્વ અવયવ अ વર્ણની માત્રા ઓછી છે અને ઉત્તર અવયવ इ અને उ વર્ણની માત્રા વધારે છે. માટે વધુ માત્રાને આશ્રયી ऐ તથા औ નો इ અને उ રૂપે જ હ્રસ્વાદેશ પ્રાપ્ત છે, अ રૂપે નહીં. મૂળ 'ऐ' તેના अ + इ અવયવોને લઈને કંઠ્ય-તાલવ્ય છે અને 'औ' તેના अ + उ અવયવોને લઈને કંઠ્ય-ઓષ્ઠ્ય છે. એવો કોઈ હ્રસ્વ વર્ણ નથી જેના ऐ અને औ ની જેમ બે ઉચ્ચારણ સ્થાન હોય, તેથી ऐ અને औ નો હ્રસ્વ આદેશ તેમના અવયવ પ્રમાણે આસન્ન થવો જોઈએ. તેમના અવયવ તો બે છે, તેથી પ્રશ્ન થાય કે 'કયા અવયવ પ્રમાણે હ્રસ્વ આદેશ કરવો ?' ત્યાં એમ સમજવું કે 'જે અવયવની માત્રા વધારે હોય તે પ્રમાણે હ્રસ્વ આદેશ થશે અને સમુદાય પણ તે અવયવ પ્રમાણે ઓળખાશે.' ऐ તથા औ એ બન્નેના अ અવયવની અડધી માત્રા ગણવામાં આવી છે અને ક્રમશઃ इ અને उ અવયવની દોઢ માત્રા ગણવામાં આવી છે. તેથી 'મલ્લગ્રામ'[A] ન્યાયે ऐ તથા औ નો અધિક માત્રાવાળો इ અને उ હ્રસ્વાદેશ જ થશે[B]. લોકમાં પણ અધિકતાને લઈને વ્યપદેશ (કથન) થતો જોવામાં આવે છે. જેમકે લોકમાં 'બ્રાહ્મણગ્રામ આનીયતામ્' આમ કથન કરવામાં આવે છે. ત્યાં ગામમાં વર્તતી મોટાભાગના બ્રાહ્મણોની સંખ્યાને નજરમાં રાખીને આ કથન કરવામાં આવે છે. બાકી કોઈપણ ગામમાં બ્રાહ્મણ સિવાય ઓછામાં ઓછા પંચ કારુકી અર્થાત્ [C]કુંભાર, સુથાર, લુહાર, હજામ અને ધોબી; આ પાંચ કર્મકર તો હોય જ છે. આ જ ન્યાયને ધ્યાનમાં રાખીને શિક્ષાગ્રંથમાં ए-ऐ તાલવ્ય છે તથા ओ-औ ઓષ્ઠ્ય[D] છે એવું અમે કહેશું. શબ્દશાસ્ત્રમાં ગવાતો ***'सन्ध्यक्षराणामिदुतौ ह्रस्वादेशाः'*** ન્યાય પણ ઉપરોક્ત સમગ્ર ચર્ચાના સાર રૂપે છે તેમ સમજવું.

(7) **શંકા :-** કાતંત્ર વ્યાકરણકાર **કાલાપકે** (**શર્વવર્મ**એ) 'पूर्वो ह्रस्वः १.१.५' અને 'परो दीर्घः १.१.६' સૂત્રો રચીને लृ સુધીના સમાન સ્વરોની જોડી પૈકીનાં પૂર્વસ્વરોને (= अ, इ, उ, ऋ અને ऌ ને) હ્રસ્વસંજ્ઞા કરી છે અને પાછળના સ્વરોને (= आ, ई, ऊ, ॠ અને ॡ ને) દીર્ઘસંજ્ઞા કરી છે. તેઓ સંધ્યક્ષરોને હ્રસ્વ તો નહીં, દીર્ઘસંજ્ઞા પણ નથી કરતા. તેથી અહીં હ્રસ્વ અને દીર્ઘ આ બન્ને સંજ્ઞાની બાબતમાં સંદેહ થાય છે કે સંધ્યક્ષરોને આ પૈકીની કેટલી સંજ્ઞાઓ લાગુ પડશે ? (અહીં બીજી રીતે પણ લ. ન્યાસમાં પ્રશ્ન ઉઠાવી બતાવ્યો

(A) જે ગામમાં પહેલવાનોની સંખ્યા ઘણી હોય તેને મલ્લગ્રામ કહેવાય. અધિકતાને લઈને તેવા પ્રકારે કથન થાય છે.

(B) ए તથા ओ સ્થળે પણ તેમના इ અને उ અવયવોની अ અવયવ કરતા અધિક માત્રા છે, માટે જ इ અને उ રૂપે હ્રસ્વાદેશ થાય છે.

(C) **નાગેશે** કુંભાર બતાવ્યો છે, જ્યારે **અન્નંભટ્ટે** તેના સ્થાને ચમાર બતાવ્યો છે.

(D) બૃ. ન્યાસમાં 'ओकारौकारौ च कण्ठ्याविति वक्ष्यामः' પાઠ છે. પરંતુ ત્યાં कण्ठ्यौ ને બદલે औष्ठ्यौ પાઠ હોવો જોઈએ તેમ લાગે છે.

છે કે 'જેમ અ, આ, ઇ, ઈ વિગેરેમાં ક્રમશઃ હ્રસ્વ, દીર્ઘ, હ્રસ્વ, દીર્ઘ... સંજ્ઞા જોવામાં આવે છે, તેમ એ, ઐ, ઓ, ઔ માં પણ શું ક્રમશઃ હ્રસ્વ, દીર્ઘ સંજ્ઞા લાગુ પડશે ?')

સમાધાન :- સંધ્યક્ષરોને એક માત્રા ન હોવાથી તેને હ્રસ્વસંજ્ઞા ન થાય, પરંતુ દીર્ઘ કે પ્લુત સંજ્ઞા જરૂર થાય. એ, ઐ, ઓ, ઔ આ વર્ણોની દીર્ઘસંજ્ઞા છે, જ્યારે એ૩, ઐ૩, ઓ૩, ઔ૩ આ વર્ણોની પ્લુતસંજ્ઞા છે.

(8) હ્રસ્વાદિ સંજ્ઞાના પ્રદેશો[A] 'ઋલૃતિ હ્રસ્વો વા ૧.૨.૨' ઇત્યાદિ સૂત્રો છે ।।૫।।

अनवर्णा (1) नामी (2) ।।१.१.६।।

बृ.वृ.–अवर्णरहिता औदन्ता वर्णा नामिसंज्ञा भवन्ति। (3) इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ ए ऐ ओ औ। (4) बहुवचनं प्लुतसंग्रहार्थम्, एवमुत्तरत्रापि। (5) नामिप्रदेशाः–"नामिनस्तयोः षः" (२.३.८) इत्यादयः ।।६।।

સૂત્રાર્થ :- અ વર્ણ (અ-આ ને) છોડીને ઔ સુધીના વર્ણોને નામિસંજ્ઞા થાય છે.

સૂત્રસમાસ :- ◆ न विद्यतेऽवर्णो येषु ते अनवर्णाः (બહુ.)

<u>વિવરણ :-</u> **(1)** સૂત્રોક્ત नामिन् શબ્દ 'नमनं नामः, नामोऽस्यास्तीति नामी' આમ બન્યો છે. નામીસંજ્ઞાને પામેલા હ્રસ્વ-દીર્ઘ બન્ને પ્રકારના વર્ણોને નમેલો જરૂર ધ્વનિ નીકળે છે. અર્થાત્ તે ઉપર સ્પર્શતો નથી. અ-આ ના ઉચ્ચારણમાં ધ્વનિ ઉપર તરફ સ્પર્શે છે. પરંતુ ઇ થી ઔ સુધીના સ્વરોનો ઉચ્ચારણધ્વનિ નીચે તરફ થાય છે. માટે અ-આ સિવાયના ઔ સુધીના વર્ણોને નામિસંજ્ઞા કરી છે.

(2) શંકા :- આ સૂત્રમાં अनवर्णाः બહુવચનાન્ત પદ છે અને नामी એકવચનાન્ત પદ છે. આવો વચનભેદ કેમ ? સંજ્ઞાવાચક પદ એ સંજ્ઞીવાચક પદને સમાનાધિકરણ (સરખી વિભક્તિવાળું) હોવું જોઈએ. દા.ત. औदन्ताः स्वराः વિગેરે. તેથી નામી પદને બહુવચન કરવું જોઈએ.

સમાધાન :- સૂત્રમાં વચનભેદ કરવા દ્વારા સૂત્રકાર એવું જણાવવા માંગે છે કે "જ્યાં નામિને આશ્રયીને કાર્ય કરવાનું છે, ત્યાં કાર્યસ્વર કરતા કાર્યીસ્વર પ્રયત્નની અપેક્ષાએ ન્યૂન હોય તો જરૂર કાર્યીસ્વરને નામિસંજ્ઞા થવાથી નામિસંજ્ઞા આશ્રિત કાર્ય થાય છે. પરંતુ કાર્યીસ્વરની અપેક્ષાએ કાર્યસ્વર ન્યૂન હોય ત્યાં નામિસંજ્ઞા ન થતા તદ્આશ્રિત કાર્ય થતું નથી." આ નિયમના કારણે ફળ એ મળશે કે ગ્લૈ, ગ્લૈ વિગેરે ધાતુઓના ગ્લયતિ, ગ્લયતિ વિગેરે અનિષ્ટ પ્રયોગોનું નિવારણ થશે. તે આ પ્રમાણે -

ગ્લૈ + અ (શવ્) + તિ (તિવ્) અને ગ્લૈ + અ (શવ્) + તિ આ અવસ્થામાં ઐ સ્વરને જો નામિસંજ્ઞા

(A) પ્રદેશ એટલે શું ? તે જાણવા આ પુસ્તકના '૧.૧.૪' સૂત્રના વિવરણમાં (9) નંબરનું લખાણ જુઓ.

થાય તો 'नामिनो गुणो० ४.३.१' સૂત્રથી ऐ ના સ્થાને ए ગુણ થશે. આ ए ને 'एदैतोऽयाय् १.२.२३' સૂત્રથી अय् આદેશ થવાથી म्लयति અને ग्लयति આવા અનિષ્ટ પ્રયોગ થશે. તે નિવારવા અહીં ऐ ને નામિસંજ્ઞા કરાતી નથી, કારણ કે કાર્યસ્વર ऐ કરતા કાર્યસ્વર ए પ્રયત્નની અપેક્ષાએ ન્યૂન છે. તેથી म्लै + अ + ति અને ग्लै + अ + ति અવસ્થામાં 'एदैतोऽयाय् १.२.२३' સૂત્રથી ऐ નો आय् આદેશ થઈ म्लायति અને ग्लायति પ્રયોગ સિદ્ધ થશે. આથી જ 'नामिनो गुणो० ४.३.१' સૂત્રની બૃ. વૃત્તિમાં કહ્યું છે કે 'ग्लायति, म्लायतीति ऐकारोपदेशबलान्न गुणः[A]'

શંકા :- 'કાર્યસ્વર ऐ કરતા કાર્યસ્વર ए પ્રયત્નની અપેક્ષાએ ન્યૂન છે' એ તમારી વાત બરાબર નથી જણાતી. કારણ સંધ્યક્ષરો બે માત્રાવાળા હોવાથી ऐ તથા ए આ બન્ને સ્વરો બે માત્રાવાળા છે. તેથી બન્નેમાં પ્રયત્નતુલ્યત્વ છે, ऐ માં પ્રયત્નનું અધિક્ય નથી.

સમાધાન :- માત્રાની અપેક્ષાએ ऐ તથા ए માં તુલ્યતા હોવા છતાં ऐ માં अ વર્ણ 'વિશ્લિષ્ટ' (इ અવયવમાં જોઈએ તેવો એકમેક ન થયેલ) છે. જ્યારે ए માં अ વર્ણ 'પ્રશ્લિષ્ટ' (એકમેક થયેલો) છે. તેથી ऐ નું ઉચ્ચારણ કરવામાં અધિક પ્રયત્ન કરવો પડે છે. તેથી ऐ કરતા ए ન્યૂન છે. (આ જ રીતે औ તથા ओ માં પણ સમજવું.)

આમ તો માત્રાની અપેક્ષાએ ई અને ए એ બન્ને પણ સરખી માત્રાવાળા હોવાથી તુલ્ય છે. પરંતુ ए માં ई કરતા अ વર્ણ અધિક છે, તેથી ई ન્યૂન થવાથી नी વિગેરે ધાતુના ई ને નામિસંજ્ઞા થશે. તેથી 'नी + अ(शव्) + ति' આ અવસ્થામાં 'नामिनो गुणो० ४.३.१' સૂત્રથી ई નો ગુણ ए થશે અને તેનો 'एदैतोऽयाय् १.२.२३' સૂત્રથી अय् આદેશ થવાથી नयति પ્રયોગ સિદ્ધ થશે.

શંકા :- તમે જે કહ્યું કે 'म्लै + अ + ति અવસ્થામાં ऐ ને જો નામિસંજ્ઞા થાય તો म्लयति આવો અનિષ્ટ પ્રયોગ થશે' તે બરાબર નથી. કારણકે ऐ નામિસંજ્ઞક થવા છતાં ત્યાં આપણે કહી શકીએ કે 'ધાતુપાઠમાં म्लै, ग्लै એ પ્રમાણે ऐ કારનો નિર્દેશ કર્યો છે, એ નિર્દેશ જ એમ બતાવે છે કે એમને ધાતુનું ऐ સ્વરૂપ કાયમ રાખવું છે. ગુણ વિગેરે કરીને ए નથી કરવો.' આમ ऐ કાર નિર્દેશના બળથી ગુણ થતો રોકીને म्लायति રૂપ સિદ્ધ કરી શકાશે.

સમાધાન :- એ તો તમારે ઉલમાંથી ચૂલમાં પડવા જેવું થશે. ऐ કાર નિર્દેશબળથી ગુણ નો નિષેધ કરવા જશો તો તે જ નિર્દેશ 'एदैतोऽयाय्०' થી ऐ ના आय् આદેશનો પણ નિષેધ કરશે. તેમ થવાથી म्लायति ના બદલે म्लैअति આવો વિચિત્ર પ્રયોગ નિષ્પન્ન થશે. આમ તમારી વાતમાં આપત્તિ આવતી હોવાથી અમારી વાત સિદ્ધ થાય છે.

(A) પ્રસ્તુત સૂત્રના બૃ. ન્યાસમાં 'बलान्नामित्वाभावाद् गुणाभावः' આવો પાઠ છે. જ્યારે '४.३.१' સૂત્રની બૃ. વૃત્તિમાં ઉપર મુજબ પાઠ છે.

અથવા બીજી રીતે પણ મ્લાયતિ વિગેરે પ્રયોગ સિદ્ધ થશે. હવે સંધ્યક્ષરોને સર્વથા 'નામી' તરીકે ન માનતા इ થી ऌ સુધીના આઠ વર્ણોને જ નામી તરીકે માનવા અને આ સૂત્રની 'अविद्यमानमवर्णं येषु ते अनवर्णाः स्वराः, ते नामिनो भवन्ति।' આવી વ્યાખ્યા કરીને તેના આધારે જ્યાં अ વર્ણ હોય તેને નામી નહીં માનવા. દરેક સંધ્યક્ષરોમાં अ વર્ણ અવયવરૂપે રહેલો જ છે, તેથી સંધ્યક્ષરોને નામી સંજ્ઞા પ્રાપ્ત નહીં થાય.

વળી સૂત્રકારને જો સંધ્યક્ષરો નામી રૂપે ઈષ્ટ હોત તો 'अनवर्णा नामी' આવું નિષેધાત્મક ગુરુ સૂત્ર બનાવવાના બદલે 'इदादिर्नामी' આવું વિધેયાત્મક લઘુ સૂત્ર ન બનાવત ? આમ સંધ્યક્ષરો નામી છે જ નહીં. તેથી એ ને 'नामिनो गुणो०' સૂત્રથી હવે ગુણ થવાનો પ્રશ્ન જ નહીં રહે. જેથી મ્લાયતિ વિગેરે ઈષ્ટ પ્રયોગો સિદ્ધ થઈ શકશે.

શંકા :- સંધ્યક્ષરોની નામી સંજ્ઞા જ ઉડાડી દઈને તમે કમાલ કરો છો ! સૂત્રોમાં જ્યાં જ્યાં નામી ને લઈને જે કોઈ કાર્યો બતાવ્યા છે, તે સંધ્યક્ષરોને પણ નામી માનીને બતાવ્યા છે. તમે જો સંધ્યક્ષરોને નામી જ નહીં માનો, તો તે તે સૂત્રોમાં સંધ્યક્ષરોને આશ્રયીને બતાવેલા કાર્યો કેવી રીતે કરશો ?

સમાધાન :- સંધ્યક્ષરોને નામી ન માનવા છતાં અમને કોઈ વાંધો નહીં આવે. સૂત્રોમાં નામી પદ દ્વારા સાક્ષાત્ સંધ્યક્ષરોનું ઉપાદાન અમારે ન થવા છતાં અમે કોઈકને કોઈક રીતે તેનું ઉપાદાન કરીને સૂત્ર સંગત કરશું. તે આ રીતે -

(a) 'नाम्यन्तस्था० २.३.१५' સૂત્રથી षत्व વિધિ સ્વરૂપ કાર્યમાં અમે સંધ્યક્ષરનું ગ્રહણ આ પ્રમાણે કરશું. नाम्यन्तस्था પદ દ્વારા તો નામી (इ થી ऌ) અને अन्तस्था (य्, र्, ल्, व्) નું ગ્રહણ થશે. ત્યારબાદ नाम्यन्तस्था આટલા અંશની આવૃત્તિ (પુનરુચ્ચારણ) કરીને 'नामिनोऽन्ते तिष्ठन्ति इति नाम्यन्तस्था' આવો વિગ્રહ કરીને નામી (इ થી ऌ) ને અંતે (પછી) રહેનાર એવા ए ऐ ओ औ (સંધ્યક્ષર) નું ગ્રહણ કરશું.

(b) 'न नाम्येकस्वरात् खित्युत्तर० ३.२.९' સૂત્રમાં પણ સંધ્યક્ષરોનું ગ્રહણ કરવા માટે અમે 'नाम्येक-स्वरात्' આટલા અંશની આવૃત્તિ કરીને તેનો વિગ્રહ 'नामी एकदेशेन स्वरो यस्य तत्' (એકદેશરૂપે નામી સ્વર છે જેમાં તે) આ પ્રમાણે કરશું. દરેક સંધ્યક્ષરોમાં એકદેશરૂપે इ કે उ નામી વર્ણ હોય જ છે. તેથી સંધ્યક્ષરોનું ગ્રહણ અહીં થઈ શકશે.

(c) 'व्यञ्जनादेर्नाम्युपान्त्याद् वा २.३.८७' આ સૂત્રમાં 'આદિમાં વ્યંજન હોય અને ઉપાન્ત્યમાં નામી સ્વર હોય' એવા ધાતુનું ગ્રહણ કરવાનું છે. હવે प्र + वेप् વિગેરે ધાતુઓમાં ઉપાન્ત્યમાં નામી (इ થી ऌ) તો છે નહીં અને સૂત્રની પ્રવૃત્તિ થવાથી प्रवेपणीयम् વિગેરે રૂપો તો બને છે. તો ત્યાં કાર્યસિદ્ધિ આ પ્રમાણે જાણવી.

'वर्णैकदेशोऽपि वर्णग्रहणेन गृह्यते'[A] ન્યાય મુજબ સંધ્યક્ષર એ ના અવયવો અ + ઇ સ્વતંત્ર વર્ણરૂપે મનાશે. તેથી પ્ર + વેપ્ એ પ્ર + વ્ + અ + ઇ + પ્ સ્વરૂપ બનશે. હવે ઉપાન્ત્યમાં ઇ છે, તે નામી હોવાથી 'વ્યઞ્જનાદે૦' સૂત્રની પ્રવૃત્તિ થવાથી પ્રવેપણીયમ્ ઇત્યાદિ સિદ્ધ થશે.

આમ સૂત્રમાં જ્યાં જ્યાં નામી પદ આવશે, ત્યાં અમે આ રીતે સંધ્યક્ષરોનું ગ્રહણ કરશું, જેથી એ-ઐ-ઓ-ઔ ને નામી સંજ્ઞા ન હોવા છતાં કાર્યસિદ્ધિ થાય.

(3) ઇ ઈ ઉ ઊ ઋ ૠ ઌ ૡ એ ઐ ઓ ઔ આટલા વર્ણો નામિસંજ્ઞક છે.

(4) શંકા :- સૂત્રમાં અનવર્ણાઃ એમ બહુવચન કરવાનું પ્રયોજન શું ?

સમાધાન :- ઇ૩, ઈ૩ વિગેરે પ્લુતવર્ણોનો પણ નામી તરીકે સંગ્રહ કરવા માટે બહુવચન કર્યું છે.

શંકા :- પણ આમ વચનભેદ શી રીતે ચાલે ? વિશેષણ-વિશેષ્ય વચ્ચે તો સમાનવચન હોવું જોઈએ. જો આ રીતે વચનભેદ ચાલી શકતો હોય તો 'घटा नीलः' ઇત્યાદિ અનિષ્ટ પ્રયોગોને પણ છુટ્ટો દોર મળી જશે.

સમાધાન :- સામાન્યપણે તો વિશેષણ-વિશેષ્ય વચ્ચે વચનભેદ ન ચાલે, કારણ કે નિયમ છે કે - ***'असति विशेषानुशासने विशेष्य-विशेषणवाचकपदयोः समानवचनकत्वम्।***[B] તેથી 'घटा नीलः' ઇત્યાદિ અનિષ્ટ પ્રયોગો સિદ્ધ નહીં થઈ શકે. પરંતુ જ્યાં કો'ક અનુશાસન કે કો'ક વિવક્ષા કારણભૂત હશે, ત્યાં વચનભેદ સિદ્ધ થઈ શકશે. દા.ત. शतं ब्राह्मणाः, वेदाः प्रमाणम् ઇત્યાદિ. 'शतं ब्राह्मणाः' વિગેરે સ્થળોમાં વચનભેદ થવા પાછળ ***'विंशत्याद्याः सदैकत्वे'*** (લિઙ્ગા૦ શ્લો. ૨/૬) એ અનુશાસન છે. (અર્થ - વિંશતિ થી માંડીને શત સુધીની સંખ્યા જો દ્વન્દ્વ સમાસમાં કે મેય સંખ્યેયમાં વર્તતી હોય તો તેનો એકવચનમાં પ્રયોગ કરવો. જેમકે एकविंशतिर्घटाः। विंशतिर्घटाः।

'वेदाः प्रमाणम्' સ્થળે ~~सञ्ज्ञ~~ વેદો પ્રમિતિ (યથાર્થજ્ઞાન) ના કરણ (સાધન) રૂપે એક જ છે એવી વિવક્ષા છે, તેથી પ્રમાણમ્ ને એકવચન થયું છે. પ્રસ્તુત 'अनवर्णा नामी' સૂત્રમાં વચનભેદ પાછળ કયો હેતુ છે ? કઈ વિવક્ષા છે ? તેની વાત આપણે કરી ગયા છીએ. આમ અનુશાસન કે વિવક્ષાવશ વિશેષણ-વિશેષ્ય વચ્ચે વચનભેદ હોઈ શકે.

શંકા :- વચનભેદ હોવા છતાં ત્યાં વિશેષ્ય-વિશેષણભાવ ઘટી શકે ?

સમાધાન :- વચનભેદ હોવા છતાં ત્યાં સામાન્યભાવ-વિશેષભાવ હોવાથી વિશેષણ-વિશેષ્યપણું સિદ્ધ છે. અનવર્ણા એ વિશેષભાવ (અર્થાત્ ઇ ઈ ઉ ઊ વિગેરે અવયવ સ્વરૂપ) છે, જ્યારે નામી એ સામાન્યભાવ (ઇ ઈ

(A) સમુદાયરૂપ વર્ણનો એકદેશ પણ વર્ણના ગ્રહણથી સ્વતંત્ર વર્ણરૂપે ગ્રહણ થાય છે.

(B) જો કોઈ વિશેષ અનુશાસન ન હોય તો વિશેષણ-વિશેષ્યનું વચન સમાન હોય.

વિગેરેના સમુદાય રૂપ) છે. 'वेदाः' એ વિશેષભાવ છે (અર્થાત્ ભિન્ન ભિન્ન વેદો સ્વરૂપ છે), જ્યારે प्रमाणम् એ સામાન્ય ભાવ છે (प्रमितिकरणत्वेन વેદોના સમુદાય રૂપ છે.) पञ्चादौ घुट् સ્થળે पञ्चादौ (सि વિગેરે પ્રથમ પાંચ પ્રત્યયો) વિશેષભાવ છે, જ્યારે घुट् (सि વિગેરે પાંચનો સમુદાય) સામાન્યભાવ છે. આમ તેઓ વચ્ચે સામાન્ય વિશેષભાવ હોવાથી તે વિશેષણ-વિશેષ્યરૂપે સિદ્ધ છે.

(5) નામી ના પ્રદેશો 'नामिनस्तयोः षः २.३.८' વિગેરે સૂત્રો છે ।।૬।।

लृदन्ताः समानाः[1] ।।१.१.७।।

बृ.वृ.–लृदन्ताः लृकारावसाना वर्णाः समानसंज्ञा[2] भवन्ति। अ आ इ ई उ ऊ ऋ ॠ लृ[3] ॡ। समानप्रदेशाः "समानानां[4] तेन दीर्घः" (१.२.१) इत्यादयः ।।७।।

સૂત્રાર્થ :- અ થી लृ સુધીના વર્ણોને સમાન સંજ્ઞા થાય છે. અ આ ઇ ઈ ઉ ઊ ઋ ॠ लृ અને ॡ આ દશ સ્વરો સમાન છે.

સૂત્રસમાસ :- ◆ लृत् अन्ते येषां ते = लृदन्ताः (बहु.)। ◆ समानं मानं (= परिमाणं) येषां ते = समानाः (बहु.)।

<u>વિવરણ :-</u> **(1)** અ થી लृ સુધીના પ્લુતવર્ણોને પણ સમાન સંજ્ઞા છે, તે જણાવવા સૂત્રમાં બહુવચન છે.

(2) અ થી લઈને लृ સુધીના વર્ણો આકાર (આકૃતિ) ની દૃષ્ટિએ જોવા જઈએ તો પરસ્પર વિસદૃશ હોવા છતાં પરિમાણ (ભેદ) ની દૃષ્ટિએ સમાન (તુલ્ય) હોવાથી તેમની સમાન સંજ્ઞા સાન્વર્થ છે. અ વર્ણ, ઇ વર્ણ, ઉ વર્ણ, ઋ વર્ણ અને लृ વર્ણ એ દરેકના ભેદો સરખા છે. ઉદાત્ત અનુદાત્ત અને સ્વરિત આ ત્રણ ભેદે અ વિગેરે વર્ણો ત્રણ પ્રકારના છે. ઉદાત્તાદિ વર્ણો સાનુનાસિક અને નિરનુનાસિક ભેદે બે પ્રકારના છે. આમ ૬ પ્રકાર થયા. એના હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત આ ૩-૩ ભેદ ગણવાથી અ વર્ણ, ઇ વર્ણ વિગેરે દરેકના ૧૮-૧૮ ભેદ થાય છે. આ રીતે પરિમાણથી તેઓ સમાન છે.

(3) શંકા :- लृ કારને સમાનસંજ્ઞા કરવાનું કોઈ ફળ ખરૂં ?

સમાધાન :- તેનું ફળ 'अचकलाकद्' ઇત્યાદિ સ્થળે મળે છે, માટે लृ ની સમાનસંજ્ઞા સફળ છે, તે આ રીતે -

(i) अचकलाकद् — * कृप् (९५९) * 'ऋर लृलं० २.३.९९' → क्लृप्, * 'कृत्सम्पदा० ५.३.११४' → कल्पनमिति क्विप् = क्लृप् + क्विप्(०), * 'षष्ठ्यत्नात्० ३.१.७६' → कलायाः क्लृप् = कलाक्लृप्,

*** 'णिज् बहुलम्० ३.४.४२' → कलाक्लृपमकार्षीद् = कलाक्लृप् + णिच् + द्, * 'णिश्रिद्रुस्रु० ३.४.५८' → कलाक्लृप् + णिच् + ङ + द्, * 'त्रन्त्यस्वरादेः ७.४.४३' → कलाक् + णिच् + ङ + द्, * 'अन्यस्य ४.१.८' → कल् कलाक् + णिच् + ङ + द्, * 'व्यञ्जनस्यानादे० ४.१.४४' → क कलाक् + णिच् + ङ + द्, * 'कडश्चञ् ४.१.४६' → च कलाक् + णिच् + ङ + द्, * 'णेरनिटि ४.३.६३' → चकलाक् + ङ + द्, * 'अड्धातो० ४.४.२९' → अ + चकलाकद् = अचकलाकद्।**

અહીં कलाक् + णिच् + ङ + द् અવસ્થામાં लृ ને સમાનસંજ્ઞા કરવાના કારણે लृप् નો લોપ એ સમાનનો લોપ હોવાથી 'उपान्त्यस्यासमानलोपि० ४.२.३५' સૂત્રની પ્રવૃત્તિ ન થવાથી कलाक् નું कलक् નહીં થાય. તથા 'असमानलोपे० ४.१.६३' સૂત્રથી સન્વદ્ભાવ પણ (लृ ને સમાન માનવાથી) નહીં થાય. જો એ બે સૂત્રોની પ્રવૃત્તિ થાત તો अचिकलकद् એવું અનિષ્ટ રૂપ થાત, તેને બદલે अचकलाकद् એવો ઈષ્ટ પ્રયોગ સિદ્ધ થાય છે.

(ii) क्लृकारः — क्लृ + लृकार આ અવસ્થામાં लृ ને સમાન માનવાથી 'समानानां तेन दीर्घः १.२.१' સૂત્રની પ્રવૃત્તિ થતા क्लृकारः પ્રયોગ સિદ્ધ થશે.

(4) સમાનના પ્રદેશો 'समानानां तेन दीर्घः १.२.१' ઈત્યાદિ છે ।।७।।

(1) ए-ऐ-ओ-औ (2) सन्ध्यक्षरम् (3) ।।१.१.८।।

बृ.वृ.–ए-ऐ-ओ-औ इत्येते वर्णाः सन्ध्यक्षरसंज्ञा भवन्ति। (4) सन्ध्यक्षरप्रदेशाः–"ऐदौत् सन्ध्यक्षरैः" (१.२.१२.) इत्यादयः ।।८।।

सूत्रार्थ :- ए ऐ ओ અને औ આ વર્ણોને સંધ્યક્ષર સંજ્ઞા થાય છે.

सूत्रसमास :- ◆ एश्च ऐश्च ओश्च औश्च = एऐओऔ (स.द्व.)[A] ◆ सन्धानं सन्धिः। न क्षरति क्षीयते वा = अक्षरम्। अर्थम् अश्नुते (व्याप्नोति) वा इति अश् + सर = अक्षरम् (उणा० ४३९)। सन्धौ सत्यक्षरं सन्ध्यक्षरम्।

<u>विवरण :-</u> **(1)** एऐओऔ અહીં જાતિનિર્દેશ વિવક્ષિત છે, વ્યક્તિનિર્દેશ નહીં. કારણ ઉદાત્ત વિગેરે બારે પ્રકારના ए વિગેરેનું ગ્રહણ કરવું છે. આમ વ્યક્તિપક્ષનો આશ્રય ન કરવાના કારણે ए વિગેરે વર્ણ વર્ણસ્વરૂપ ન બનતા વર્ણસમુદાય રૂપ બનવાથી 'वर्णाव्ययात् स्वरुपे कारः ७.२.१५६' સૂત્રથી कार પ્રત્યય નહીં થાય. જો कार

(A) મ. વૃત્તિ અવચૂરીમાં ઈતરેતર દ્વન્દ્વ બતાવ્યો છે. 'एश्च ऐश्च ओश्च औश्च, जस्। सूत्रत्वाल्लोपः' પરંતુ બૃ. ન્યાસની 'अत्र समाहारो द्वन्द्वः...' પંક્તિ પ્રમાણે અહીં સમાહાર દ્વન્દ્વ બતાવ્યો છે.

પ્રત્યય કરવામાં આવે તો કાર ની પૂર્વે જે સ્વરૂપમાં ए વિગેરે હોય તેનું જ ગ્રહણ થાય. બારે પ્રકારના ए નું નહીં. બારે પ્રકારનું ગ્રહણ કરવા एकार-ऐकार... એ રીતે ન કરતા ए-ऐ-ओ-औ એ પ્રમાણે નિરૂપણ કર્યું છે.

વળી 'एऐओऔ' એ સમાસ હોવા છતાં સૂત્રકારે સંધિ કરી નથી. કારણ તેમને વર્ણોનું સ્વરૂપ (આકાર) જાળવી રાખવું છે. અન્યથા અયાયવૌ આવું વિચિત્ર સૂત્ર થાત.

વળી 'एऐओऔ' એ સૂત્રત્વાત્ સમાહાર દ્વન્દ્વ છે. સમાહારમાં નપુંસકલિંગ થતું હોવાથી 'क्लीबे ૨.૪.૯૭' સૂત્રની પ્રાપ્તિ છે. તેથી અન્ત્ય સ્વર હ્રસ્વ થશે અને 'एऐओउ' આવું રૂપ બનશે. છતાં સૂત્રકારે તેવો પ્રયોગ નથી કર્યો, કારણ કે તેમને સૂત્રમાં વર્ણનો સ્વરૂપથી (સ્વઆકારથી) નિર્દેશ કરવો છે. જો વર્ણનો સ્વરૂપથી નિર્દેશ ન કરે તો उ ને પણ સંધ્યક્ષર સંજ્ઞા થવાનો પ્રસંગ (દોષ) આવે.

બીજી રીતે વિચારીએ તો एऐओऔ નો સમાસ ન કરતા દરેક વર્ણનો सन्ध्यक्षर પદ સાથે અન્વય કરવો, જેથી 'क्लीबे ૨.૪.૯૭' સૂત્રથી औ ને હ્રસ્વ થવાનો પ્રશ્ન જ ન રહે.

શંકા :- પણ તેમ કરશો તો ए વગેરે દરેક વર્ણ પછી સ્યાદિ વિભક્તિ લાગશે ને સૂત્રમાં તો તે વિભક્તિઓ દર્શાવી નથી.

સમાધાન :- સૂત્રમાં જે ए-ऐ-ओ-औ લીધા છે, તે चादि ગણપાઠમાંના અવ્યયો સમજવા. અવ્યયને સ્યાદિ પ્રત્યયો લાગવા છતાં 'अव्ययस्य ૩.૨.૭' થી લોપ થવાના કારણે સૂત્રમાં તે દર્શાવ્યા નથી.

(2) શંકા :- 'अनवर्णा नामी' 'लृदन्ताः समानाः' વિગેરે આગળના સૂત્રો જે રીતે બનાવ્યા છે, તે મુજબ આ સૂત્ર પણ 'एदादीनि सन्ध्यक्षरम्' બનાવવું જોઈએ કે જેથી લાઘવ થાય. તો તેમ કેમ ન કર્યું ?

સમાધાન :- તમે કહ્યા મુજબનું લઘુસૂત્ર ન બનાવતાં આવું સૂત્ર બનાવવા દ્વારા સૂત્રકાર જણાવવા માંગે છે કે 'આ ચારેય અક્ષરો સંધિ થઈને બનેલા છે.'

ए વગેરે અક્ષરો આ પ્રમાણે સંધિ થઈને બન્યા છે. (૧) अ + इ (विवृततर) = ए, (૨) अ + इ (अति विवृततर) = ऐ, (૩) अ + उ (विवृततर) = ओ, (૪) अ + उ (अतिविवृततर) = औ. લઘુન્યાસકાર ए વિગેરેની નિષ્પત્તિ આમ બતાવે છે. (૧) अ વર્ણ + इ વર્ણ = ए, (૨) अ વર્ણ + ए (અથવા ऐ) = ऐ, (૩) अ વર્ણ + उ વર્ણ = ओ અને (૪) अ વર્ણ + ओ (અથવા औ) = औ. (આ બન્નેની વાતમાં ફરક કેમ આવે છે, તે વિસ્તારથી જાણવા બૃ. ન્યાસનું '૧.૪.૫૬' સૂત્રનું અમારા વિવરણનું પૃ. ૨૧૭ જુઓ.)

બીજી રીતે કહીએ તો આગળના સૂત્રોમાં 'નામી' 'સમાન' વિગેરે સંજ્ઞાઓ જેમ સાન્વર્થ હતી, તેમ 'સંધ્યક્ષર' પણ સાન્વર્થસંજ્ઞા છે. તેથી જે કોઈ અક્ષરો સંધિ થઈને બનેલા હોય તેને સન્ધ્યક્ષર સંજ્ઞા થાય. સંધિ તો વ્યંજનની પણ થતી હોવાથી વ્યંજનસંધિને પણ સન્ધ્યક્ષર સંજ્ઞા થવાની આપત્તિ આવે. તે ટાળવા માટે સૂત્રકારે જેને જેને સન્ધ્યક્ષર સંજ્ઞા કરવી છે, તે બધાનો સૂત્રમાં સ્વરૂપથી નિર્દેશ કર્યો છે.

(3) પદ, વાક્ય અને વર્ણ આ ત્રણ અર્થમાં વપરાતો 'અક્ષર' શબ્દ અહીં વર્ણ અર્થમાં લેવાનો છે.

(4) 'ऐदौत् सन्ध्यक्षरैः १.२.१२' ઇત્યાદિ સંધ્યક્ષરના પ્રદેશ છે ।।८।।

अं अः अनुस्वार(1)विसर्गौ(2) ।।१.१.९।।

बृ.वृ.–अकारावुच्चारणार्थौ(3), 'अं' इति नासिक्यो वर्णः, 'अः' इति कण्ठ्यः, तौ यथासंख्यमनुस्वार-विसर्गसंज्ञौ भवतः। अनुस्वार(4)-विसर्गप्रदेशाः–"नोऽप्रशानोऽनुस्वारानुनासिकौ च पूर्वस्याधुट्परे" (१.३.८.) "रः पदान्ते विसर्गस्तयोः" (१.३.५३.) इत्यादयः ।।९।।

सूत्रार्थ :- अं એ નાસિક્ય વર્ણ છે અને अः એ કંઠ્ય વર્ણ છે. અહીં अ કારને છોડીને '·' અને ':' ને અનુક્રમે 'અનુસ્વાર' અને 'વિસર્ગ' સંજ્ઞા થાય છે.

सूत्रसमास :- ◆ अं च अश्च = अंअः (इ.द्व.), सूत्रत्वात् औ प्रत्ययस्य लोपः। ◆ अनुस्वर्यते (संलीनमुच्चार्यते) इत्यनुस्वारः, विसृज्यते (विरम्यते) अर्थोऽनेन = विसर्गः, अनुस्वारश्च विसर्गश्च = अनुस्वार-विसर्गौ (इ.द्व.)।

<u>विवरण :-</u> (1) **शंका :-** સૂત્રમાં તમને 'ईतरेतराश्रय'(A) દોષ આવે છે. તેથી સૂત્ર દ્વારા કરેલી સંજ્ઞા સિદ્ધ થતી નથી. તે આ રીતે -

વિસર્ગ સંજ્ઞા પહેલેથી વિદ્યમાન હોય તો જ 'रः पदान्ते० १.३.५३' વિગેરે સૂત્રોથી તમે र् નો વિસર્ગ આદેશ કરી શકો, અન્યથા નહીં. કારણ કે તે સૂત્રોમાં र् ના આદેશનું અભિધાન તમે કયા શબ્દોથી કરશો ? જો તમારી પાસે તે આદેશનું અભિધાન કરવા કોઈ 'સંજ્ઞા' પહેલેથી વિદ્યમાન નહીં હોય, તો સંજ્ઞાના અભાવમાં સૂત્રનો અભાવ થશે અને સૂત્રના અભાવમાં 'આદેશ' નો અભાવ થશે. તેથી નક્કી થયું કે 'સંજ્ઞાનું અસ્તિત્ત્વ આદેશ કરતા પહેલા હોય.'

બીજી બાજું र् નો કોઈક આદેશ થતો હોય તો તે આદેશની કોઈક સંજ્ઞા હોય. સંજ્ઞા માટે પહેલાં સંજ્ઞી

(A) **परस्परज्ञानसापेक्षज्ञानाश्रय इतरेतराश्रयः। स्वग्रहसापेक्षग्रहकत्वमितरेतराश्रयत्वम्।**

(આદેશ) તો હાજર હોવો જોઈએ ને ? કારણ પહેલા સંજ્ઞી[A] હોય ને પછી એની સંજ્ઞા હોય. આમ નક્કી થયું કે - 'પહેલા આદેશ હોય અને પછી એની સંજ્ઞા હોય.'

ટૂંકમાં સંજ્ઞા હોય તો જ આદેશ થઈ શકે ને આદેશ થાય તો જ તેની સંજ્ઞા હોઈ શકે. આમ આદેશ સંજ્ઞાની અપેક્ષા રાખે છે અને સંજ્ઞા આદેશની અપેક્ષા રાખે છે. આ પરસ્પરની અપેક્ષાને ઈતરેતરાશ્રય (અન્યોન્યાશ્રય) દોષ કહેવાય છે. એ દોષથી દૂષિત તમારૂ સૂત્ર 'સંજ્ઞા' કાર્ય નહીં કરી શકે.

સમાધાન :- તમે સ્યાદ્વાદને બરાબર સમજી નથી શક્યા, માટે તમને આવી કુશંકાઓ થાય છે. તમે શબ્દને એકાન્તે અનિત્ય માની બેઠા છો, તેથી આ શંકા તમને ઊભી થઈ છે. ખરેખર તો પર્યાયાર્થિક નયથી શબ્દ જેમ અનિત્ય છે, તેમ દ્રવ્યાર્થિકનયથી શબ્દ નિત્ય છે. 'કઃ કરોતિ' ઈત્યાદિ રૂપે એ શબ્દો અનાદિથી વ્યવસ્થિત છે. વ્યાકરણશાસ્ત્ર કાંઈ શબ્દો બનાવતું નથી, પરંતુ અખંડપણે વિદ્યમાન એવા જે શબ્દો, તેની અલ્પમાં અલ્પ ઉપાયો દ્વારા અર્થપ્રતીતિ થાય તે માટે પ્રકૃતિ-પ્રત્યય ઈત્યાદિ ઉપાયોનું અવલંબન થઈ ઉત્સર્ગ-અપવાદ સ્વરૂપ નિયમો દ્વારા તે શબ્દોનું પ્રતિપાદન કરે છે. આમ શબ્દો, તેના આદેશો આ બધુ અનાદિથી સિદ્ધ જ છે. માટે 'આદેશ કરતા સંજ્ઞાનું અસ્તિત્ત્વ પહેલું હોય' એ તમારી વાત ખોટી ઠરે છે. તેથી અહીં ઈતરેતરાશ્રય દોષ નથી તથા આ સૂત્રથી ર્ ના આદેશ એવા (ઃ) ની સંજ્ઞા કરવામાં કોઈ દોષ નથી.

(2) 'વિસર્ગ' શબ્દના અનેક અર્થ જોવામાં આવે છે. જેમકે (૧) તાલુ અને ઓષ્ઠપુટમાં સંગ્રહ કરેલા વાયુનું વિસર્જન કરવું તે વિસર્ગ[B] કહેવાય. (૨) જેના દ્વારા અર્થ વિરામ પામે છે તેને વિસર્ગ કહેવાય. (૩) વિસર્ગ શબ્દને घञ् પ્રત્યય કર્મમાં થતા પ્રત્યયોનું ઉપલક્ષણ[C] છે. તેથી વિસર્ગ ના બદલામાં વિસૃષ્ટ અને વિસર્જનીય[D] શબ્દો પણ વાપરી શકાય છે.

(3) બિંદુ સ્વરૂપ અનુસ્વાર અને બિંદુદ્વયસ્વરૂપ વિસર્ગ નું ઉચ્ચારણ સ્વરની સહાય વિના શક્ય નથી, તેથી સૂત્રમાં અ કારનું ગ્રહણ છે.

શંકા :- સ્વરની સહાયથી જ ભલે અનુસ્વારાદિનું ઉચ્ચારણ શક્ય હોય પણ તે સ્વર તરીકે અ કારનું જ ગ્રહણ કેમ ? બીજા કોઈ સ્વરનું કેમ નહીં ?

(A) प्रसिद्धः संज्ञी, अप्रसिद्धा च संज्ञा। (૧.૧.૪ બૃ. ન્યાસ)

(B) ताल्वोष्ठपुटसंगृहीतस्य वायोर्विसर्जनं विसर्गः, स तु पार्श्ववर्तिबिन्दुद्वयं रूढेः।

(C) स्वप्रतिपादकत्वे सति स्वेतरप्रतिपादकत्वमुपलक्षणत्वम्।

(D) વિસર્જનીય શબ્દની 'विविधरुपेण संसृज्यते इति विसर्जनीयः' આવી વ્યુત્પત્તિ પણ જોવામાં આવે છે. તેનો અર્થ 'જે જિહ્વામૂલીય, ઉપધ્માનીય, સ્, ષ્ વિગેરે વિવિધ રૂપને પ્રાપ્ત કરે તે વિસર્જનીય.'

સમાધાન :- ઉચ્ચારણ માટે સર્વત્ર અ કારનું જ ગ્રહણ થયેલું હોય, એવું અમે જોયું છે. જેમકે - तक् ધાતુ છે, તો ધાતુપાઠમાં 'तक हसने' એમ અ કાર ઉચ્ચારણાર્થ છે. જ્યારે ककि (कक्) लौल्ये' 'भजीं (भज्) सेवायाम्' ઇત્યાદિ સ્થળે જે ઇ-ઈ વિગેરે વર્ણો છે, તે ઉચ્ચારણાર્થ નથી, પરંતુ 'इङितः कर्तरि ३.३.२२' 'ईगितः ३.३.९५' ઇત્યાદિ સૂત્રોથી ક્રમશઃ આત્મનેપદ- ઉભયપદ વિગેરે કરવામાં તત્પર છે. હવે ત્યાં જો ઇ-ઈ વિગેરે વર્ણો સકારણ વપરાયા હોય ને અહીં અમે તેનું ઉચ્ચારણાર્થ ઉપાદાન કરીએ, તો કોકને શંકા જાય કે - 'આ વર્ણો સકારણ તો નહીં વપરાયા હોય ?' આથી ઉચ્ચારણાર્થ અ વર્ણનું જ અમે ઉપાદાન કર્યું છે.

શંકા :- ક વિગેરેમાં ઉચ્ચારણાર્થ જે અ કાર કરાય છે, તે ક્ વિગેરેથી પરમાં જ કરાય છે. જ્યારે અહીં તે અનુસ્વાર અને વિસર્ગની પૂર્વે કર્યો છે. એવું કેમ ?

સમાધાન :- અનુસ્વાર અને વિસર્ગ એ પૂર્વની સાથે સંબદ્ધ છે, પરની સાથે નહીં, એવું જણાવવા 'અ કાર' અનુસ્વાર અને વિસર્ગની પૂર્વે કર્યો છે. દા.ત. कः पचति, અહીં વિસર્ગ ક ની સાથે સંબદ્ધ છે, पचति સાથે નહીં. જ્યારે જિહ્વામૂલીય (𝄆) અને ઉપધ્માનીય ()() એ બન્ને ક્રમશઃ ક-ખ અને પ-ફ પરમાં હોતે છતે ઉચ્ચરાય છે. તેથી પરસંબદ્ધ છે.

(4) અનુસ્વારના પ્રદેશ 'नोऽप्रशानोऽनुस्वारा० १.३.८' વિગેરે છે. જ્યારે વિસર્ગના પ્રદેશ 'रः पदान्ते विसर्गस्तयोः १.३.५३' વિગેરે છે ।।९।।

कादिर्व्यञ्जनम् ।।१.१.१०।।

बृ.वृ.-(1)कादिर्वर्णो हकारपर्यन्तो (2)व्यञ्जनसंज्ञो भवति। (3)क ख ग घ ङ, च छ ज झ ञ, ट ठ ड ढ ण, त थ द ध न, प फ ब भ म, य र ल व, श ष स ह। (4)व्यञ्जनप्रदेशाः-"नाम सिदय्व्यञ्जने" (१.१.२१) इत्यादयः।।१०।।

सूत्रार्थ :- क् થી હ્ સુધીના દરેક વર્ણને વ્યઞ્જન સંજ્ઞા થાય છે.

सूत्रसमास :- ◆ आदीयते गृह्यतेऽर्थोऽस्मात् इति आदिः। क आदिरवयवो यस्य (वर्णसमुदायस्य) सः = कादिः (बहु.)। ◆ व्यज्यते (प्रकटीक्रियते)ऽर्थोऽनेन इति व्यञ्जनम्।

विवरण :- **(1)** આદિ શબ્દ સામીપ્ય-વ્યવસ્થા-પ્રકાર અને અવયવ; એ ચાર અર્થમાં વપરાય છે. તેના દૃષ્ટાન્ત આ પ્રમાણે છે.

(१) ग्रामादौ घोषः → અહીં 'સામીપ્ય' અર્થમાં 'આદિ' શબ્દ છે. તેથી 'ગામની આદિમાં (સમીપમાં) ઝૂંપડું છે' એવો અર્થ થશે.

(૨) ब्राह्मणादयो वर्णाः → અહીં 'વ્યવસ્થા' અર્થમાં 'આદિ' શબ્દ છે. સમાજવ્યવસ્થા બ્રાહ્મણાદિ ૪ જાતિરૂપે વ્યવસ્થિત કરાઈ છે, તેથી 'બ્રાહ્મણ છે આદિ જે વ્યવસ્થામાં તે (અર્થાત્ બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય અને શૂદ્ર) જાતિઓ છે.' એવો અર્થ થશે.

(૩) आढ्या देवदत्तादयः → અહીં 'આદિ' શબ્દ 'પ્રકાર' અર્થમાં છે. પ્રકાર એટલે સાદશ્ય. તેથી 'જેવો દેવદત્ત આઢયતાથી યુક્ત છે, તેવા જ આ લોકો પણ છે', એવો અર્થ પ્રાપ્ત થશે.

(૪) स्तम्भादयो गृहाः → અહીં 'આદિ' શબ્દ 'અવયવ' અર્થમાં છે. તેથી સ્તંભ છે આદિ અવયવ જે અવયવોમાં તે અવયવો અર્થાત્ 'સ્તંભ-બારી-બારણા-ભીંત-છાપરૂં વિગેરે અવયવોનો સમુદાય ઘર છે.' એવો અર્થ થશે.

સૂત્રમાં 'कादिः' માં જે આદિ છે, તે આ ચારમાંથી કયા અર્થમાં વર્તે છે ? તે વિચારીએ. (૧) જો અહીં 'આદિ' ને સામીપ્ય અર્થમાં લઈએ તો - 'क् ની સમીપમાં હોય તે વ્યંજન કહેવાય' એવો સૂત્રાર્થ થશે. મતલબ કે 'क् પોતે વ્યંજન નથી, ख् વિગેરે વ્યંજન છે' એવો અર્થ થશે. क् એ ख् વિગેરેનું 'ઉપલક્ષણ' બનશે. હવે નિયમ છે કે - ***'उपलक्षणं कार्येऽनुपयोगी'*** (ઉપલક્ષણ કાર્યમાં અનુપયોગી છે.) જેમકે - 'चित्रगुरानीयताम्।' એવું કો'કને કહીએ તો તે સાંભળીને પેલો કાબરચીતરી ગાયોથી ઉપલક્ષિત (ઓળખાતા) એવા તેના માલિકને (પુરુષને) લઈને આવશે, કાબરચીતરી ગાયોને નહીં. કારણ કે કાબરચીતરી ગાય એ ઉપલક્ષણ છે. તેથી आनयन સ્વરૂપ કાર્યમાં જેમ ગાય અનુપયોગી છે, તેમ પ્રસ્તુતમાં क् એ ख् વિગેરેનું ઉપલક્ષણ બનવાના કારણે व्यञ्जन એવા સંજ્ઞાકાર્યમાં क् અનુપયોગી બનશે અર્થાત્ તેને વ્યંજનસંજ્ઞા નહીં થાય. જ્યારે क् ને પણ વ્યંજન સંજ્ઞા તો કરવી છે, માટે અહીં 'આદિ' નો સામીપ્ય અર્થ અસંગત છે.

(૨) 'આદિ' નો વ્યવસ્થા અર્થ પણ ઘટતો નથી. કારણ કે વર્ણસમામ્નાય અનાદિકાળથી વ્યવસ્થિત જ છે, તેની ક્યારેય વ્યવસ્થા કરવામાં આવી નથી. હા, પૂર્વે વર્ણો વ્યવસ્થિત ન હોત ને પછીથી વર્ણવ્યવસ્થા કરવામાં આવી હોત તો કહેવું પડત કે - 'જે વ્યવસ્થામાં क વર્ણ આદિમાં કરાયો છે તે कादि'. પણ અહીં તો તેવું છે નહીં.

क ની આદિમાં વ્યવસ્થા અને क ની આદિમાં અવ્યવસ્થા ; આવી બે અવસ્થા હોય તો અહીં 'વ્યવસ્થા' સ્વરૂપ વિશેષણ સાર્થક થાય. કારણ કે ન્યાય છે કે ***'संभवे व्यभिचारे च विशेषणमर्थवत्'***[A] પણ અહીં તો क વર્ણ અનાદિકાળથી આદિમાં વ્યવસ્થિત જ છે. તેથી વ્યભિચારનો અભાવ હોવાથી 'વ્યવસ્થા' વિશેષણ અનર્થક હોવાથી આદિ નો વ્યવસ્થા અર્થ નહીં ઘટે.

(A) જે વિશેષ્યમાં વિશેષણનો સંભવ (= સંબંધની યોગ્યતા) હોય અને વિશેષણનો વ્યભિચાર (= વિશેષણ વિના પણ પ્રાપ્ત થવું) હોય, તે વિશેષ્યને વિશે વિશેષણનું કથન સાર્થક બને છે.

(૩) 'આદિ' નો પ્રકાર અર્થ પણ નહીં થઈ શકે. કારણ કે ક્-ખ્-ગ્ વિગેરે વર્ણો પરસ્પર અત્યન્ત વિસદશ (અસમાન) છે. જ્યાં સદશતા હોય, ત્યાં જ 'આદિ' શબ્દ પ્રકાર અર્થમાં હોય.

શંકા :- ક્-ખ્-ગ્ વિગેરે અક્ષરો વર્ણત્વેન સદશ છે, છતાં તમે કેમ વિસદશ કહો છો ?

સમાધાન :- ક્, ખ્, ગ્ વિગેરે 'વર્ણરૂપે' સદશ હોવા છતાં તે ધર્મને આગળ કરીને જો વ્યઞ્જન સંજ્ઞા કરીએ તો અ, આ, ઇ વિગેરે પણ વર્ણો હોવાથી તેને ય વ્યઞ્જન સંજ્ઞા થવાની આપત્તિ આવશે. માટે અહીં વર્ણત્વેન સદશતા નહીં લઈ શકાય. જ્યારે આકારત્વેન કે ઉચ્ચારત્વેન તો ક્-ખ્ વિગેરે વિસદશ છે.

(૪) 'આદિ' નો અવયવ અર્થ અહીં સંગત થશે. કારણકે ક્ એ ક્ થી હ્ સુધીના વ્યંજનસમુદાયનો એક અવયવ છે. તેથી 'ककार आदिरवयवो यस्य (वर्णसमुदायस्य) स कादिः' આવો અર્થ થશે.

આમ અહીં આદિ 'અવયવ' અર્થક છે. અવયવ અવશ્યપણે સમુદાયરૂપ અન્યપદાર્થમાં અંતર્ભાવ પામે. તેથી कादिः સ્થળે જે બહુવ્રીહિ સમાસ થયો છે તે તદ્ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિસમાસ છે. જે બહુવ્રીહિ સ્થળે સમાસના ઘટક શબ્દોથી વાચ્ય એવા પદાર્થો અન્યપદાર્થ ભેગા આવરાઈ જતા હોય તો ત્યાં તદ્ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ હોય છે. જેમકે 'लम्बकर्णमानय' સ્થળે આનયન ક્રિયામાં રાસભની ભેગા તેના લાંબા કાન પણ અન્વય પામે છે, તેથી તે તદ્ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ છે. જે બહુવ્રીહિ સ્થળે સમાસના ઘટક શબ્દથી વાચ્ય પદાર્થ અને અન્યપદાર્થ વચ્ચે સંયોગ કે સમવાય[A] સંબંધ હોય ત્યાં તદ્ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ સમાસ થશે. પ્રસ્તુતમાં कादिः બહુવ્રીહિસ્થળે આદિ શબ્દ અવયવ અર્થક છે અને અવયવ-અવયવી વચ્ચે સમવાય સંબંધ હોવાથી તે તદ્ગુણસંવિજ્ઞાન[B] બહુવ્રીહિ છે.

શંકા :- બહુવ્રીહિ સમાસથી પ્રાપ્ત થતા कादि શબ્દસમુદાયમાં તો ઘણા શબ્દો છે. તેથી कादयः આમ બહુવચન થવું જોઈએ. કેમ એકવચન કર્યું છે ?

સમાધાન :- ગ્રન્થકારે અહીં અવયવોની ગૌણતા અને સમુદાયની પ્રધાનતા વિવક્ષી છે, માટે कादिः આમ એકવચન કર્યું છે.

(A) ***एकीभावेनाऽपृथग्गमनं समवायः संश्लेषः।*** (આવ. નિર્યુક્તિ, પૂ. મલયગિરિજી વૃત્તિ) અવયવી અવયવ વિના (કે ગુણી ગુણ વિના) સ્વતંત્ર પ્રાપ્ત થવો શક્ય નથી, કારણ એકમેકપણાને પામેલાં હોય છે, તેથી તેઓનો સમવાય સંબંધ હોય છે. માટે અવયવી જે ક્રિયામાં અન્વય પામશે ત્યાં અવયવ પણ અન્વય પામશે જ. માટે આવા સ્થળે અવયવી અવયવમાં સમવેત (સમવાય સં.થી વૃત્તિ) હોવાથી તે સંબંધને લઈને તદ્ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ પ્રાપ્ત થશે એમ સમજવું.

(B) તદ્ગુણસંવિજ્ઞાન અને અતદ્ગુણસંવિજ્ઞાન; એમ બહુવ્રીહિના બન્ને ભેદને વિશે વિસ્તારથી જાણવા '૧.૪.૭' સૂત્રમાં નં. (1) નું અમારું વિવરણ જુઓ.

શંકા :- ભલે એકવચન કર્યું, પણ પ્રસ્તુતમાં કાદિ વર્ણસમુદાયને ઉદ્દેશીને વ્યંજનસંજ્ઞાનું વિધાન કર્યું છે. વિધેય વાચકપદ હંમેશા વિશેષણ હોય અને ઉદ્દેશ્યવાચક પદ તેનું વિશેષ્ય હોય. વિશેષણને લિંગ પોતાના વિશેષ્ય પ્રમાણે થાય. તો व्यञ्जनम् વિશેષણ પદને कादिः વિશેષ્યપદ પ્રમાણે પુંલિંગમાં કેમ નથી બતાવ્યું ?

સમાધાન :- સામાન્યથી વિશેષણને લિંગ, વચન અને વિભક્તિ પોતાના વિશેષ્ય પ્રમાણે જ થાય. પરંતુ કોઈ કારણવશ લિંગ અને વચનમાં ભિન્નતા હોય તો વાંધો નથી લેવાતો. વિભક્તિ તો બન્નેની સરખી જ હોવી જોઈએ(A). પ્રસ્તુતમાં कादिः અને व्यञ्जनम् બન્ને પદ પ્રથમા વિભક્તિમાં હોવાથી सामानाधिकरण्य (= સમાન વિભક્તિ) નો મેળ તો પડે છે. પરંતુ स्मृतयः प्रमाणम् સ્થળે જેમ વિશેષણ प्रमाण શબ્દ आविष्टलिंग (= નિત્યનપુંસક) હોવાથી તેનું લિંગ નથી ફરતું, તેમ વ્યઞ્જન આ વિશેષણ શબ્દ પણ આવિષ્ટલિંગ હોવાથી તેનું લિંગ નથી ફરતું. માટે व्यञ्जनम् નો નપુંસકલિંગમાં પ્રયોગ કર્યો છે.

હવે પ્રસ્તુતમાં 'आदि શબ્દના પ્રથમ ત્રણ અર્થ બંધબેસતા નથી અને અવયવ અર્થ મેળ પડે તેવો છે' આમ ઉપર જે કહ્યું તેના કરતા બીજી રીતે પણ ઘટમાનતા કરી શકાય એમ છે. તે આ રીતે - आदि શબ્દનો અવયવ અર્થ આસન્ન (નજીકનો) છે અને सामीप्यादि અર્થો व्यवहित (દૂરના) છે. નજીકનો અર્થ ત્યજી દૂરના અર્થ ગ્રહણ કરવા માટે કારણ આપવું પડે. એવું કોઈ કારણ વિદ્યમાન ન હોવાથી અવયવાર્થને ત્યજી બીજા અર્થોનું ગ્રહણ નથી કરવામાં આવતું.

વળી कस्य आदिः = कादिः, આવો વિગ્રહ કરીને અર્થ કરીએ તો आदि એ व्यवस्थावाची પણ છે. क ની આદિમાં સ્વર અને વ્યંજન બન્ને છે. आदि શબ્દ व्यवस्थावाची હોવાથી તે व्यवस्था करे छे के क ની આદિમાં જે અનુસ્વાર, વિસર્ગ છે તેને વ્યંજન સંજ્ઞા કરવી, अ વિગેરેને નહીં. આમ અનુસ્વાર અને વિસર્ગને પણ વ્યંજનસંજ્ઞા થશે. (અહીં એટલું ખ્યાલમાં રાખવું કે व्यवस्था અર્થમાં आदि શબ્દ લઈએ ત્યારે સૂત્રસ્થ कादि શબ્દની 'कादिः कादिर्व्यञ्जनम्' એમ આવૃત્તિ કરીને અર્થ કરવો. જેથી 'क ના આદિ એવા અનુસ્વાર-વિસર્ગને તથા क છે આદ્ય અવયવ જેનો તે क् થી ह् સુધીનાં વર્ણોને વ્યંજન સંજ્ઞા થાય છે' આવો અર્થ પ્રાપ્ત થશે.)

શંકા :- અનુસ્વાર-વિસર્ગને વ્યંજનસંજ્ઞા કરવાનું ફળ શું ?

સમાધાન :- (i) અનુસ્વારને વ્યંજનસંજ્ઞા થવાના કારણે संस्कर्ता ઈત્યાદિમાં અનુસ્વાર સ્વરૂપ વ્યંજનથી પરમાં રહેલા स् નો 'धुटो धुटि स्वे वा १.३.४८' સૂત્રથી લોપ થઈ શકશે. જેમકે- **सम् + कृ + ता (श्वस्तनी),** ✲ **'संपरे० ४.४.९१' → सम् + स्सट् (स्) + कृ + ता,** ✲ **'नामिनो गुणो० ४.३.१' → सम् + स्सट् + कर् + ता,'** ✲ **'स्सटि समः १.३.१२' → संस्कर्ता,** ✲ **'धुटो धुटि० १.३.४८' → संस्कर्ता।**

(A) આ અંગે વિસ્તારથી જાણવા ***'व्युत्पत्तिवाद'*** ગ્રંથ અને તેની ટીકાઓમાં અભેદાન્વય પ્રકરણ જોવું.

(ii) વિસર્ગને વ્યંજનસંજ્ઞા થવાથી 'सुदुग्' રૂપ સિદ્ધ થશે. તે આ રીતે -

*** सु + दुःख् (૧૮૫૦), * 'चुरादिभ्यो० ૩.૪.૧૭' → सुदुःख् + णिच्, * सुदुःखयतीति क्विप् = सुदुःख् + णिच् + क्विप्(०) + सि, * 'णेरनिटि ૪.૩.૮૩' → सुदुःख् + (क्विप्) + सि, * 'दीर्घङ्याब्० ૧.૪.૪૫' → सुदुःख्, * 'पदस्य ૨.૧.૮૯' → सुदुः, * 'धुटस्तृतीयः ૨.૧.૭૬' → सुदुग्[A]।**

અહીં सुदुःख् અવસ્થામાં વિસર્ગને વ્યંજન સંજ્ઞા થવાથી 'पदस्य ૨.૧.૮૯' સૂત્રથી સંયોગના અંત્યવ્યંજન ख्નો લોપ થઈ શક્યો. તેમજ कस्य आदिः વ્યુત્પત્તિ મુજબ વિસર્ગ कादिस्वરૂપે ગણાવાથી कादिः ની અનુવૃત્તિવાળા '૧.૧.૧૧' સૂત્રથી તેને धुट् સંજ્ઞા થવાથી 'धुटस्तृतीय ૨.૧.૭૬' સૂત્રથી વિસર્ગનો કંઠ સ્થાનને લઈને આસન્ન એવો ग् આદેશ થઈ શક્યો.

(2) જેમ ઓદન (ભાત) માં રહેલો સ્વાદ પ્રગટ કરવામાં શાક-દાળ ઉપકારી છે, તેથી તેને 'વ્યંજન' કહેવાય છે, તેમ સ્વરો અર્થપ્રકાશક છે અને સ્વરો દ્વારા થતા અર્થપ્રકાશનમાં 'વ્યંજન' ઉપકારક (દ્યોતક) છે, નિમિત્ત છે. તેથી ***'व्यज्यते (प्रकाशवान् क्रियते)ऽर्थोऽनेन इति व्यञ्जनम्'*** એ પ્રમાણે વ્યંજનસંજ્ઞા સાન્વર્થ છે.[B]

(3) क ख ग घ ङ, च छ ज झ ञ, ट ठ ड ढ ण, त थ द ध न, प फ ब भ म, य र ल व, श ष स ह[C] આ વર્ણો વ્યંજનસંજ્ઞા પામે છે.

(4) 'વ્યઞ્જન' ના પ્રદેશો 'नाम सिदय्व्यञ्जने ૧.૧.૨૧' ઇત્યાદિ છે ।।૧૦।।

अपञ्चमान्तस्थो धुट् ।।૧.૧.૧૧।।

बृ.वृ.–वर्गपञ्चमान्तस्थावर्जितः कादिर्वर्णो धुट्संज्ञो भवति। [(1)]क ख ग घ, च छ ज झ, ट ठ ड ढ, त थ द ध, प फ ब भ, श ष स ह। [(2)]धुट्प्रदेशाः—"धुटो धुटि स्वे वा" (૧.૩.૪૮) इत्यादयः ।।૧૧।।

(A) આ પ્રયોગ ***शाकटायन*** વ્યાકરણ પ્રમાણેનો છે. જુઓ '૨.૧.૭૬' સૂત્રના બૃ. વૃત્તિ અને બૃ. ન્યાસ.

(B) વ્યઞ્જન શબ્દની બીજી વ્યુત્પત્તિ આવી પણ જોવા મળે છે. જેમકે (i) व्यञ्ज् ધાતુ ગત્યર્થક પણ છે, તેથી 'विविधं गच्छत्यज् (= स्वर) उपरागवशादिति व्यञ्जनम्' (म. भाष्य १.२.२९-३०), (ii) 'व्यञ्जनानि पुनर्नटभार्यावद् भवन्ति। तद् यथा–नटानां स्त्रियो रङ्ग गता यो यः पृच्छति, कस्य यूयं कस्य यूयमिति? तं तं तवेत्याहुः। एवं व्यञ्जनान्यपि यस्य यस्याचः कार्यमुच्यते तं तं भजन्ते' (म. भाष्य ६.१.२), (iii) दुर्बलस्य यथा राष्ट्रं हरते बलवान् नृपः। दुर्बलं व्यञ्जनं तद्वद् हरते बलवान् स्वरः।। (याज्ञ० शिक्षा श्लो० १११), (iv) एकाकिनोऽपि राजन्ते सत्त्वसाराः स्वरा इव। व्यञ्जनानीव निःसत्त्वाः परेषामनुयायिनः।। (वृत्तित्रयवार्तिकम्)।

(C) ***कातन्त्र व्याकरण***ના કેટલાક વ્યાખ્યાકારો क्ष्नो પણ વ્યંજન રૂપે સ્વીકાર કરે છે.

સૂત્રાર્થ :- દરેક વર્ગના પંચમ વર્ણ અને અંતસ્થાને છોડીને બાકીના કાદિ વ્યંજનોની ધુટ્ સંજ્ઞા થાય છે.

સૂત્રસમાસ :- ◆ पञ्चानां पूरणः पञ्चमः, पञ्चमाश्चान्तस्थाश्च = पञ्चमान्तस्थम् (समा. द्वन्द्व) न विद्यते पञ्चमान्तस्थं यस्य सोऽपञ्चमान्तस्थः।

<u>વિવરણ :-</u> (1) ક ખ ગ ઘ, ચ છ જ ઝ, ટ ઠ ડ ઢ, ત થ દ ધ, પ ફ બ ભ, શ ષ સ હ આ વર્ણો ધુટ્ સંજ્ઞક બને છે.

(2) ધુટ્ ના પ્રદેશો 'धुटो धुटि स्वे वा १.३.४८' વિગેરે છે ।।૧૧।।

पञ्चको [1]वर्गः ।।१.१.१२।।

बृ.वृ.–[2]कादिषु वर्णेषु यो [3]यः पञ्चसंख्यापरिमाणो वर्गः स स वर्गसंज्ञो भवति। क ख ग घ ङ, च छ ज झ ञ, ट ठ ड ढ ण, त थ द ध न, प फ ब भ म। [4]वर्गप्रदेशाः—"कवर्गैकस्वरवति" (२.३.७६) इत्यादयः।।१२।।

સૂત્રાર્થ :- કાદિ વર્ણોમાં જે જે પાંચ સંખ્યાના પરિમાણવાળા વર્ગો છે, તેને તેને વર્ગ સંજ્ઞા થાય છે.

સૂત્રસમાસ :- ◆ पञ्च संख्या मानमस्य पञ्चकः। ◆ वृज्यते (पृथक्क्रियते) विजातीयेभ्य इति वर्गः। अथवा वृणोति (आत्मीयं एकत्वेन व्यवस्थापयति) इति वृ + ग = वर्गः।

<u>વિવરણ :-</u> (1) વર્ગ કુલ મળીને પાંચ છે. તેથી સૂત્રમાં वर्गाः આમ બહુવચનમાં નિર્દેશ થવો જોઈએ. છતાં પાંચે વર્ગમાં રહેનારી 'वर्गत्व' જાતિ એક છે. તેને અનુલક્ષીને જાતિમાં નિર્દેશ કર્યો હોવાથી वर्गः આમ એકવચનમાં પ્રયોગ કર્યો છે.

(2) સજાતીયના સમુદાયને વર્ગ કહેવાય છે. **કેવલિક** વિગેરે વ્યાકરણશાસ્ત્રોના વર્ણસમામ્નાયમાં અ વર્ગ, (અ થી ઔ સુધીના ૧૪ સ્વર) ક-વર્ગ, ચ-વર્ગ વિગેરે પાંચ વર્ગો, ય વર્ગ (ય્-ર્-લ્-વ્) અને શ વર્ગ (શ્-ષ્-સ્-હ); એમ ૮ વર્ગો માન્યા છે. તે આઠ વર્ગોમાંથી પાંચ વર્ગ એવા છે કે જેમાં પાંચ-પાંચની સંખ્યામાં વર્ણો વ્યવસ્થિત છે. એવા ક્ થી ઙ્, ચ્ થી ઞ્, ટ્ થી ણ્, ત્ થી ન્ અને પ્ થી મ્ સુધીના વર્ણોને જ પ્રસ્તુત વ્યાકરણશાસ્ત્રમાં વર્ગ સંજ્ઞા કરવામાં આવી છે.

(3) વર્ગસંજ્ઞાને ઝીલનારા સંજ્ઞીઓ અનેક (= પાંચ સમુદાયો) છે. તેથી બૃ. વૃત્તિમાં यो यः એમ વીપ્સા ('જે જે પાંચ સંખ્યાના પરિમાણવાળા' આમ દ્વિરુચ્ચારણ) કરી છે અને વર્ગસંજ્ઞાના સંજ્ઞીઓ અનેક હોવાથી पञ्च શબ્દ દ્વિરુચ્ચારિત ન હોવા છતાં સાહજિક વીપ્સા અર્થને જણાવે છે.

(4) 'વર્ગ' ના પ્રદેશો 'कवर्गैकस्वरवति २.३.७६' ઇત્યાદિ છે ।।૧૨।।

आद्यद्वितीयशषसा[1] अघोषाः[2] ।।१.१.१३।।

बृ.वृ.–वर्गाणामाद्य-द्वितीया वर्णाः श-ष-साश्चाघोषसंज्ञा भवन्ति।[3] क ख, च छ, ट ठ, त थ, प फ, श ष स।[4] बहुवचनं सर्ववर्गाणामाद्य-द्वितीयपरिग्रहार्थम्। अघोषप्रदेशाः–"अघोषे प्रथमोऽशिटः" (१.३.५०) इत्यादयः।।१३।।

सूत्रार्थ :- દરેક વર્ગના આદ્ય (क् च् ट् त् प्) તથા દ્વિતીય (ख् छ् ठ् थ् फ्) અને श् ष् स् ને અઘોષ સંજ્ઞા થાય છે.

सूत्रसमास :- ◆ आदौ भव आद्यः। द्वयोः पूरणः द्वितीयः। आद्याश्च द्वितीयाश्च = आद्यद्वितीयाः (इ.द्व.), आद्य-द्वितीयाश्च शश्च षश्च सश्च = आद्यद्वितीयशषसाः (इ.द्व.)। ◆ घोषणं घोषः। अविद्यमानो घोषो येषां ते अघोषाः (बहु.)।

<u>विवरण :-</u> (1) સૂત્રમાં आद्यद्वितीयशषसाः એ પ્રમાણે બહુવચન છે, તે આદ્ય અને દ્વિતીય ના બહુત્વનું પ્રતિપાદન કરવા માટે છે. એ બહુવચન સર્વ વર્ગોના આદ્ય-દ્વિતીય નું અહીં ગ્રહણ છે તેનાથી જ્ઞ સફળ છે. અન્યથા અસામર્થ્યના કારણે સમાસ જ્ઞ ન થઈ શકત. વૃત્તિ અને વિગ્રહવાક્યમાં 'એકાર્થપ્રતિપત્તિ' એ અહીં સામર્થ્ય છે. आद्याश्च द्वितीयाश्च शश्च षश्च सश्च એ વિગ્રહ વાક્યનો સમાસ એકવચનમાં કરત તો વૃત્તિમાં એકત્વ ની પ્રતિપત્તિ (= બોધ) થાત. જ્યારે વિગ્રહવાક્યમાં બહુત્વની પ્રતિપત્તિ છે. આમ એકાર્થપ્રતિપત્તિ રૂપ સામર્થ્યના અભાવમાં સમાસનો અભાવ થાત. બહુવચનના કારણે વૃત્તિમાં પણ બહુત્વની પ્રતીતિ થવાના કારણે એકાર્થપ્રતિપત્તિ રૂપ સામર્થ્યનો સદ્ભાવ હોવાથી સમાસ પ્રવૃત્તિ થશે.

शंका :- જો વૃત્તિ અને વિગ્રહવાક્યમાં એકાર્થતા પ્રતીત થાય તો જ્ઞ (સામર્થ્યનો સદ્ભાવ હોવાથી) સમાસ થઈ શકતો હોય તો 'कारकयोर्मध्यम् कारकमध्यम्' એમ સમાસ નહીં થઈ શકે. કારણ કે અહીં વૃત્તિમાં એકત્વ પ્રતીત થાય છે, જ્યારે વિગ્રહવાક્યમાં તો દ્વિવચનના પ્રત્યયથી દ્વિત્વ પ્રતીત થાય છે.

समाधान :- અહીં વૃત્તિમાં ભલે એકત્વ પ્રતીત થતું હોય, પરંતુ મધ્ય પદ ત્યાં દ્વિત્વનો નિયામક છે. મધ્ય શબ્દ જ્ઞ બતાવે છે કે ત્યાં બે કારકનું અસ્તિત્ત્વ છે, માટે ત્યાં એકાર્થપ્રતિપત્તિ હોવાથી સમાસ થઈ શકશે. જ્યેમકે 'मत्तबहुमातङ्गं वनम्' (मत्ता बहवो मातङ्गा यत्र तद्) અહીં વિગ્રહવાક્યમાં જ્યેમ બહુત્વ પ્રતીત થાય છે તેમ સમાસમાં પણ બહુ શબ્દ માતઙ્ગ ના બહુત્વનું પ્રતિપાદન કરનારો હોવાથી એકાર્થપ્રતિપત્તિ રૂપ સામર્થ્ય હોવાથી સમાસ થયો છે.

शंका :- ત્યાં ભલે એકાર્થ પ્રતિપત્તિ હોય. છતાં પ્રસ્તુતમાં તેની જ્યેમ સમાસ નહીં થઈ શકે. કારણ કે આદ્ય-દ્વિતીય વિગેરે શબ્દો वर्गाणाम् પદને 'સાપેક્ષ' છે. आद्यत्व-द्वितीयत्व એ કો'કની અપેક્ષાએ હોય છે. તે જ્યેની અપેક્ષાએ હોય તેને તે સાકાંક્ષ ગણાય. આમ પદાંતરના સંબંધની આકાંક્ષા રાખનારા હોવાથી તેઓ સાપેક્ષ છે. હવે ***'सापेक्षमसमर्थम्'***[A]

(A) પદાન્તરને સાપેક્ષ એવું પદ સમાસાદિ પદવિધિ માટે અસમર્થ છે.

એવો ન્યાય છે. જેનાથી સાપેક્ષ એવું પદ બીજા પદ સાથે સમાસાદિ પદવિધિ માટે અસમર્થ બનશે. તેથી 'समर्थः पदविधिः ૭.૪.૧૧૨' પરિભાષાથી પ્રાપ્ત થતા એકાર્થ સામર્થ્યના અભાવે અહીં 'સમાસ' રૂપ પદવિધિ નહીં થાય.

જેમ ऋद्धस्य राज्ञः पुरुषः દૃષ્ટાન્તમાં राज्ञः પદ ऋद्धस्य વિશેષણપદને સાપેક્ષ છે, તેથી राज्ञः પદ સમાસવિધિ માટે અસમર્થ બનવાથી તેનો पुरुषः સાથે સમાસ ન થવાથી ऋद्धस्य राजपुरुषः આવો પ્રયોગ નથી થતો. તેમ આદ્ય-દ્વિતીય પણ અસમર્થ હોવાથી તે પદોનો સમાસ નહીં થઈ શકે.

('સાપેક્ષ' એ સમાસાદિ વૃત્તિ માટે અસમર્થ છે. તેનું રહસ્ય એ છે કે 'વૃત્તિ' પ્રધાનઅર્થને જણાવનારી હોય છે અને વૃત્તિના અવયવભૂત 'પદો' પ્રધાનઅર્થને પ્રગટ કરવા સ્વાર્થને (સ્વ-અર્થને) ગૌણ કરી પ્રધાન અર્થના વિશેષણ રૂપે સ્વ-અર્થને સમર્પિત કરે છે.

હવે જે પદ 'સાપેક્ષ' હોય, તે પદ કેવું છે ? પોતાને વિશેષિત કરે એવા પદાન્તરની અપેક્ષા રાખનારું છે. આમ બીજા દ્વારા વિશેષિત થઈને પોતે જ પ્રધાનતાનો અનુભવ કરવા જે પદ ઈચ્છતું હોય, તે પદ પ્રધાન અર્થને વિશેષિત કરવા સ્વાર્થ શું કામ સમર્પિત કરે ? - તેથી સાપેક્ષ પદ સમાસાદિ માટે અસમર્થ બને છે.)

સમાધાન :- 'સાપેક્ષ એવું પદ બીજા પદ સાથે સમાસાદિ પદવિધિ માટે અસમર્થ છે' એ વાત બરાબર છે, પરંતુ પિતા-પુત્ર, ગુરુ-શિષ્ય, ગૌણ-મુખ્ય, અભાવ-પ્રતિયોગી વિગેરે કેટલાક શબ્દો નિત્ય સાકાંક્ષ હોય છે, કેમકે આ બધા શબ્દો હંમેશા એકબીજાની અપેક્ષા રાખનારા હોય છે. જેમ કે 'પિતા જાય છે' આમ કહેતા તરત આકાંક્ષા ઊભી થાય કે 'કયા પુત્રના પિતા જાય છે ?' 'ગુરુ' કહીએ તો આકાંક્ષા થશે કે કયા શિષ્યના ગુરુ ? 'ગૌણ' કહીએ તો કયા મુખ્યની અપેક્ષાએ ગૌણ ? 'અભાવ' કહીએ તો કયા પ્રતિયોગીનો (= કોનો) અભાવ? આવા સ્થળે સાપેક્ષતા હોવા છતાં અન્ય પદ સાથે તેના અન્વયની યોગ્યતા હણાતી ન હોવાથી સમાસ થવામાં બાધ નથી હોતો. જેમકે देवदत्तस्य गुरोः पुत्रः (દેવદત્તના જે ગુરુ, તેમનો પુત્ર). અહીં ગુરુ પદ શિષ્યવાચક દેવદત્ત પદની આકાંક્ષા ધરાવે છે, તેથી સાપેક્ષ હોવાથી અસમર્થ થવાના કારણે ગુરુ પદનો પુત્ર પદ સાથે સમાસ ન થવો જોઈએ, છતાં નિત્યસાકાંક્ષ હોવાથી સમાસ થાય છે. કારણ સાપેક્ષતા હોવા છતાં ગુરુ પદની પુત્ર પદ સાથે અન્વય પામવાની યોગ્યતા હણાતી નથી.[A] કહ્યું છે કે -

---

(A) યોગ્યતા એટલા માટે નથી હણાતી, કેમકે આ રીતે તે સાકાંક્ષ રહીને બીજા પદ સાથે અન્વય પામે તો પણ જે અર્થબોધ કરાવવો ઈષ્ટ છે તે કરાવી શકાય છે. વાત એમ છે કે વાક્ય કે સમાસમાં અર્થબોધ કરાવવો એ પ્રાથમિક આવશ્યકતા છે. જો એ તૂટતી ન હોય તો સાપેક્ષની પણ સમાસાદિ પદવિધિ થઈ શકે છે. देवदत्तस्य गुरुपुत्रः વિગેરે નિત્યસાકાંક્ષ સ્થળે देवदत्तस्य गुरोः पुत्रः વિગ્રહવાક્ય દ્વારા જે 'દેવદત્તના ગુરુનો પુત્ર' આ અર્થ જણાય છે તે જ અર્થ સમાસ થયા પછી પણ જણાય છે. કેમકે નિત્યસાકાંક્ષ ગુરુ શબ્દ શિષ્યવાચી દેવદત્ત શબ્દનો સ્વયં પોતાની સાથે અન્વય સાધી લે છે, માટે સમાસ થવામાં વાંધો આવતો નથી. જ્યારે ऋद्धस्य राज्ञः पुरुषः સ્થળે જો राजपुरुषः સમાસ કરવા જઈએ તો राजन् શબ્દ નિત્યસાકાંક્ષ ન હોવાથી તે સ્વયં ऋद्धस्य પદની સાથે પોતાનો અન્વય સાધી ન શકવાથી જે 'ઋદ્ધિમાન રાજાનો પુરુષ' અર્થ જણાવવો અભિપ્રેત છે તે ન જણાતા 'ઋદ્ધિમાન વ્યક્તિ સંબંધી રાજપુરુષ' આવો જુદો અર્થ જણાય છે. માટે આવા સ્થળે સમાસ નથી થઈ શકતો.

'सम्बन्धिशब्दः सापेक्षो नित्यं सर्वः प्रवर्त्तते[A]। स्वार्थवत् सा व्यपेक्षाऽस्य वृत्तावपि न हीयते।।'

અર્થ - ''નિત્ય સાપેક્ષ એવા સંબંધી શબ્દો વૃત્તિમાં પ્રવર્તે છે અને વૃત્તિ (સમાસ) થવા છતાં પદાંતર સાથે એની સાકાંક્ષતા હણાતી નથી.''

આથી દેવદત્તસ્ય ગુરુપુત્રમ્ એવો સમાસ જેમ થશે, તેમ આદ્ય અને દ્વિતીય પણ નિત્યસાપેક્ષ છે, તેથી તેનો પણ સમાસ થવામાં બાધ નથી (અહીં આદ્ય-દ્વિતીય એ વર્ગ પદને સાપેક્ષ છે. તેથી બૃહદ્વૃત્તિકારે वर्गाणामाद्यद्वितीया वर्णाः એમ લખ્યું છે.)

(2) વ્યાકરણશાસ્ત્રમાં નિષેધવાચક નઞ્ ના જુદા જુદા ૬ અર્થો પ્રસિદ્ધ છે. કહ્યું છે કે ***'तत्सादृश्यमभावश्च तदन्यत्वं तदल्पता। अप्राशस्त्यं विरोधश्च नञर्थाः षट् प्रकीर्तिताः।।***[B] (***शब्दशक्तिप्रकाशिका*** શ્લો૦ ૩૯). એ છ નઞ્ ના દૃષ્ટાંત આ પ્રમાણે છે.

(૧) તત્સદશ → अब्राह्मणः અહીં બ્રાહ્મણ સદશ ક્ષત્રિયાદિનું ગ્રહણ થાય છે.

(૨) તદભાવ → अवचनम्, अवीक्षणम् અહીં વચન તથા વીક્ષણ સદશ કોઈ અન્ય ક્રિયા પ્રતીત નથી થતી, કેવલ વચનનો તથા વીક્ષણનો અભાવ જ પ્રતીત થાય છે.

(૩) તદન્ય → अनग्निः, अवायुः અહીં અગ્નિ અને વાયુથી અન્ય એવા જલાદિની પ્રતીતિ થાય છે.

(૪) તદલ્પતા → અનુદરા કન્યા (न विद्यते उदरं यस्याः सा - નાનુ છે પેટ જેનું એવી કન્યા.) અહીં નઞ્ અલ્પાર્થક છે, તેથી અનુદરા થી નાના પેટની પ્રતીતિ થાય છે.

(૫) અપ્રશસ્ત → अनाचारः, अपथम् અહીં અપ્રશસ્ત અર્થાત્ દુષ્ટ એવા આચારની તથા ખરાબ માર્ગની પ્રતીતિ થાય છે.

(૬) વિરોધ → अधर्मः, असितः અહીં ધર્મનો વિરોધી 'પાપ' અને સિતનો વિરોધી 'કૃષ્ણ' પ્રતીત થાય છે.

(A) **વાક્યપદીય**માં પ્રવર્તતે ના સ્થાને समस्यते પાઠ છે અને સ્વાર્થવત્ ના સ્થાને वाक्यवत् પાઠ છે.

(B) **કાતંત્રવ્યાકરણ**ની કલાપચંદ્ર ટીકામાં **'अभावश्च निषेधश्च तद्विरोधस्तदन्यथा। इषदर्थश्च कुत्सा च नञर्थाः षट् प्रकीर्तिताः।।'** આવો શ્લોક બતાવ્યો છે, જેમાં પ્રસ્તુત શ્લોકગત 'સાદશ્ય' અર્થને બદલે 'નિષેધ' અર્થ બતાવ્યો છે અને તેનું દૃષ્ટાંત 'ब्राह्मणो न हन्तव्य इत्यत्र ब्राह्मणहनननिषेधः प्रतीयते' આવું આપ્યું છે.

આ છ પ્રકારના નઞ્ માં અઘોષ ના નઞ્ નો સમાવેશ ચોથા પ્રકારમાં થશે. અ = અલ્પ. ઘોષ = ધ્વનિ. જે વ્યંજનોનો ઉચ્ચાર કરવામાં અલ્પ[A] ધ્વનિ નીકળે છે, તેને અઘોષ[B] વ્યંજન કહ્યાં છે.

શંકા :- અઘોષ નો બહુવ્રીહિ સમાસ કર્યો છે તેના બદલે 'न घोष इति अघोषः' એમ નઞ્ તત્પુરુષ સમાસ કરી, अघोषोऽस्ति अस्य એમ મત્વર્થીય પ્રત્યય દ્વારા આ પ્રયોગ સિદ્ધ ન કરી શકાય ?

સમાધાન :- ન કરી શકાય. કારણ કે નિયમ છે કે ***'न कर्मधारयान्मत्वर्थीयो बहुव्रीहिश्चेत् तदर्थप्रतिपत्तिकरः***[C] 'જો બહુવ્રીહિ સમાસથી અર્થની પ્રતીતિ શક્ય હોય તો અન્ય સમાસ કરી મત્વર્થીય પ્રત્યય કરાતો નથી.' સમાસ કરી મત્વર્થીય પ્રત્યય ન કરવા પાછળ કારણ એ છે કે સમાસ અને તદ્ધિત એમ બે વૃત્તિનો આશ્રય લેવો પડે છે, જેમાં પ્રક્રિયાગૌરવ થાય છે. જ્યારે બહુવ્રીહિ સમાસ કરવામાં સમાસરૂપ એક જ વૃત્તિનો આશ્રય કરવો પડે છે, જેમાં લાઘવ છે. તેથી न विद्यते घोषो येषां ते એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ જ થશે.

(3) ક્ ખ્, ચ્ છ્, ટ્ ઠ્, ત્ થ્, પ્ ફ્ તથા શ્ ષ્ અને સ્ આ વર્ણો અઘોષસંજ્ઞક થાય છે.

(4) શંકા :- માત્રાલાઘવ થાય તે હેતુથી બધા સૂત્રોમાં ***'सूत्रत्वात् समाहारः'*** ન્યાયથી જેમ સમાહાર કરાય છે, તેમ અહીં પણ સૂત્રકારે आद्यद्वितीयशषसम्[D] એમ સમાહાર કરવો જોઈએ, કારણ કે ***'अर्धमात्रालाघवमप्युत्सवाय मन्यन्ते वैयाकरणाः'*** અર્ધમાત્રા જેટલું પણ લાઘવ થાય તેને વ્યાકરણકારો ઉત્સવરૂપ માને છે.[E]

(A) અહીં શંકા થશે કે 'નઞ્ નો અર્થ 'પ્રતિષેધ' જ હોઈ શકે, તો શી રીતે અહીં તેનો 'અલ્પતા' અર્થ બતાવી શકાય?' પરંતુ અલ્પતા અર્થ હોવા છતાં નઞ્ નો પ્રતિષેધ અર્થ તો ઊભો જ રહે છે. કેમકે નઞ્ દ્વારા મોટા ઘોષનો પ્રતિષેધ થઈ જાય છે.

(B) उच्चारणे वायोरल्पतया नादेषन्नादौ न श्रूयेते किन्तु श्वासोच्छ्वासौ श्रूयेते, अतस्ते अघोषा भवन्ति इति शेषः (शिक्षावल्लीविवृत्तिः)।

(C) કર્મધારય શબ્દ અહીં ઉપલક્ષણ છે. તેથી તેનાથી અહીં બહુવ્રીહિ સિવાયના કોઈપણ સમાસથી પરમાં મત્વર્થીય પ્રત્યયનો પ્રતિષેધ સમજવો. પણ શરત એટલી કે જે અર્થ જણાવવો અભિપ્રેત હોય તે એકલા બહુવ્રીહિથી જણાતો હોવો જોઈએ.

(D) आद्यद्वितीयशषसाः; અહીં વિસર્ગની પૂર્વે વર્તતા આ ની બે માત્રા થાય છે અને आद्यद्वितीयशषसम् પ્રયોગ કરવામાં આવે તો મ્ ની પૂર્વે વર્તતા અ ની ફક્ત એક માત્રા થાય છે. તેથી સમાહાર દ્વન્દ્વ કરવામાં લાઘવ છે. બન્ને સ્થળો પૈકી એક સ્થળે વિસર્ગ છે અને બીજા સ્થળે મ્ છે, જેમની અડધી અડધી માત્રા હોવાથી તેમને લઈને ગૌરવ-લાઘવ બતાવવાનું નથી રહેતું અને બાકીનું બધું તો સરખું જ છે.

(E) લઘુન્યાસમાં આ શંકાનું સમાધાન આવું બતાવ્યું છે કે બહુવચન દરેક વર્ગના આદ્ય-દ્વિતીય વર્ણના પરિગ્રહને માટે છે. જો એકવચન કરવામાં આવે તો સૂત્રમાં દર્શાવેલા કેવલવર્ણ એવા શ્, ષ્ અને સ્ ના સાહચર્યથી આદ્ય-દ્વિતીયવર્ણો પણ કેવળ ક્ અને ખ્ રૂપે ગ્રહણ થવાની આપત્તિ આવે. અવ્યભિચારી દ્વારા વ્યભિચારીનું નિયંત્રણ કરવું એ સાહચર્યનું કામ છે. પ્રસ્તુતમાં શ્, ષ્ અને સ્ એ કેવળવર્ણ રૂપે જ હોવાથી તેઓ અવ્યભિચારી છે, જ્યારે-

સમાધાન :- સૂત્રકારે લાઘવ થાય તે માટે એક પણ તક જતી નથી કરી. સર્વત્ર સમાહારનો આશ્રય લઈને તો તેમણે લાઘવ કર્યું છે, પરંતુ તે સિવાય પણ અનેક રીતે યુક્તિ-પ્રયુક્તિઓ અજમાવી લાઘવ કર્યું છે. જેમ કે લાઘવ બે પ્રકારના છે. (૧) શબ્દલાઘવ અને (૨) પ્રક્રિયાલાઘવ.

સૂત્રકારે 'આપો ङितां यै० १.४.१७' વિગેરે અનેક સૂત્રોમાં શબ્દલાઘવ કર્યું છે. એ સૂત્રમાં 'ङितां' એ બહુવચન પ્રયોગ હોવાથી ङे-ङसि-ङस्-ङि નો यै-यास्-यास्-याम् સાથે યથાસંખ્ય અન્વય કરવા यै-यास्-यास्-याम् ને બહુવચન કરવું પડે તેમ છે, કેમકે ***'यथासङ्ख्यमनुदेशः समानाम्'*** ન્યાયનું એમ કહેવું છે કે યથાસંખ્ય અન્વય પામનારના વાચક પદોનું વચન સમાન હોવું જોઈએ. તેથી ત્યાં બહુવચનનો जस् પ્રત્યય કરી સૂત્રત્વાત્ તે जस् નો સૂત્રકારે લોપ કરી માત્રાલાઘવ કર્યું છે.

સૂત્રકારે પ્રક્રિયાલાઘવ પણ તે તે સ્થળે કર્યું છે, જેમકે भीलुकः પ્રયોગની સિદ્ધિ માટે 'भियो रु-रुक-लुकम् ५.२.७६' સૂત્રમાં रुक નું ઉપાદાન કરવા છતાં તેમણે लुक પ્રત્યયનું પૃથગ્ ઉપાદાન કર્યું. ખરેખર તો માત્ર रुक નું જ વિધાન કરત તો પણ 'ऋफिडादीनां० २.३.१०४' સૂત્રથી વિકલ્પે र् ને ल् આદેશ કરવાથી भीलुकः પ્રયોગ સિદ્ધ થાત. પરંતુ સૂત્રકારે તેમ ન કર્યું, કારણ તેમાં પ્રક્રિયાગૌરવ છે. 'ऋफिडादीनां०' સૂત્રમાં જે ऋफिडादि નું પઠન કર્યું છે, તેની સ્વરૂપથી ક્યાંય પરિગણના નથી, પરંતુ र् નું વિકલ્પે ल् કાર્ય થયેલા પ્રયોગો જ્યાં જોવા મળે ત્યાં લક્ષ્યાનુરોધથી તે બધા ऋफिडादि ગણપાઠમાં સમાતા હશે એમ કલ્પના કરવાની રહે છે. આમ ऋफिडादि ગણપાઠમાં કોને લેવા અને કોને ન લેવા ? તેનો આધાર તે તે પ્રયોગો છે. જેમાં કલ્પનાને લઈને પ્રક્રિયાગૌરવ હોવાથી તે રીતે રૂપસિદ્ધિ કરવી, તેની અપેક્ષાએ लुक પ્રત્યયનું પૃથક્ વિધાન કરવામાં પ્રક્રિયાલાઘવ છે.[A]

આ રીતે લાઘવપ્રિય એવા સૂત્રકારે અહીં સમાહારનો આશ્રય કરીને લાઘવ કેમ ન કર્યું ? તેની પાછળ હેતુ છે. તેમને અહીં અર્થગૌરવ (= અર્થવિસ્તાર) કરવો છે, માટે શબ્દગૌરવ કર્યું છે. બહુવચન રૂપ શબ્દગૌરવ

પાછળથી ટિપ્પણી ચાલુ..

-આદ્ય-દ્વિતીય તો કેવળ क् અને ख् રૂપે જ સંભવે છે, તેવું નથી. તેઓ च्-छ्, ट्-ठ्, त्-थ् કે प्-फ् રૂપે પણ સંભવે છે. માટે તેઓ વ્યભિચારી છે. અહીં જો એકવચન કરવામાં આવ્યું હોત તો અવ્યભિચારી કેવળ વર્ણ એવા श्, ष् અને स् ના સાહચર્યથી વ્યભિચારી આદ્ય-દ્વિતીયનું કેવળ क् અને ख् રૂપે નિયંત્રણ થાત. જે હવે બહુવચનના કારણે નહીં થઈ શકે.

(A) 'ऋफिडादीनां डश्च लः' (२.३.१०४) इति सूत्रे पठिता ऋफिडादयो न स्वरूपतः क्वचन परिगणिताः किन्तु प्रयोगत एवानुसर्तव्या इति के तत्र ग्राह्या के नेति विचारस्य लक्ष्यानुरोधितया ज्ञानगौरवाधायकत्वाद् वरं लुकप्रत्ययस्य पार्थक्येन विधानमिति भावः। (५.२.७६ न्यासानुसन्धानम्). જો કે અહીં તેમજ ***'किं हि वचनान्न भवति'*** ન્યાયની તરંગ ટીકામાં પૂ. લાવણ્યસૂરિજીએ જે રીતે પ્રક્રિયાગૌરવ બતાવ્યું છે, તેના કરતા થોડી જુદી રીતે પણ પ્રક્રિયાગૌરવ બતાવી શકાય છે. તે માટે '૧.૪' ના અમારા વિવરણમાં પરિશિષ્ટ-૩ માં વર્તતો પ્રક્રિયાગૌરવ શબ્દ જુઓ.

કરવાના કારણે દરેક વર્ગના આદ્ય અને દ્વિતીય નું ગ્રહણ થવા રૂપ અર્થવિસ્તાર થઈ શક્યો છે. અહીં જો એકવચન કરત તો કો'કને સંદેહ થાત કે અહીં દરેક વર્ગના આદ્ય-દ્વિતીય નું નહીં, પરંતુ ક્ વર્ગના આદ્ય-દ્વિતીય એવા ક્-ખ્ નું જ ગ્રહણ કરવાનું છે.

શંકા :- આગલા સૂત્રમાં દરેક (પાંચેય) વર્ગની વાત હતી અને આ સૂત્રમાં પણ દરેક વર્ગની વાત જ પ્રસ્તુત છે, તેથી ક વિગેરે વર્ગવિશેષનું (એકાદ વર્ગનું) ગ્રહણ કેવી રીતે થઈ શકે ? કેવળ ક વર્ગનું ગ્રહણ કરાવવા સૂત્રમાં કાંઈ પ્રથમ શબ્દ તો મૂક્યો નથી. વળી, 'शिट्याद्यस्य द्वितीयो वा १.३.५९' સૂત્રમાં આદ્ય અને દ્વિતીય ને એકવચન કર્યું છે, છતાં ત્યાં જાતિનું ગ્રહણ કરવાથી સર્વ વર્ગોના આદ્ય અને દ્વિતીયનું ગ્રહણ સિદ્ધ થયું છે, તે રીતે અહીં પણ થઈ શકશે. માટે સૂત્રમાં બહુવચન વ્યર્થ છે.

સમાધાન :- તમારી વાત સાચી છે, છતાં સૂત્રકારે સૂત્રમાં બહુવચન કર્યું છે, તેની પાછળ આ રહસ્ય છે. લોકમાં 'જાતિવાદિઓ' અને 'વ્યક્તિવાદિઓ' એમ બે પક્ષ છે. ત્યાં જાતિવાદિઓ એવું કહે છે કે 'શબ્દ દ્વારા જાતિનું જ પ્રતિપાદન થાય, વ્યક્તિનું નહીં. કારણ કે વ્યક્તિ તો અનંત હોય અને શબ્દનું અનંતવ્યક્તિ સાથે વાચ્ય-વાચક સંબંધનું જ્ઞાન થવું એ અસંભવિત છે. અસંભવિત એટલા માટે છે કે વ્યક્તિઓનું સંખ્યાથી જ્ઞાન થવું, એ કોઈને માટે શક્ય નથી ને સંખ્યાજ્ઞાનના અભાવમાં તે તે વ્યક્તિ સાથે તે તે શબ્દનું વાચ્ય-વાચક સંબંધનું જ્ઞાન થવું શક્ય નથી. જ્યારે દરેક વસ્તુમાં એકાકારતાનું દર્શન થવાથી જાતિના અસ્તિત્ત્વનું જ્ઞાન શક્ય છે. માટે શબ્દથી જાતિનું જ પ્રતિપાદન થાય.'

વ્યક્તિવાદીઓ એવું કહે છે કે - 'શબ્દ વ્યક્તિનું જ પ્રતિપાદન કરે, જાતિનું નહીં. કારણ કે જ્ઞાનમાં પ્રધાનપણે વ્યક્તિ જ પ્રતીત થાય છે. વળી ક્રિયાદિનો અન્વય (અનુસંધાન) વ્યક્તિમાં જ સંભવે, જાતિમાં નહીં. (જેમકે-ગૌર્ગચ્છતિ. અહીં ગમનક્રિયાનો અન્વય ગોવ્યક્તિમાં જ સંભવે, ગોત્વજાતિયુક્ત સર્વ ગાયમાં નહીં.)'

આમ બન્ને પક્ષની વિસ્તારથી ચર્ચા છે. વ્યાકરણશાસ્ત્રે કોઈ એક પક્ષનો સ્વીકાર ન કરતા ઉભયપક્ષને[A] સ્વીકાર્યા છે. કારણ કે વ્યાકરણશાસ્ત્રની સકલ વ્યવસ્થાઓ કોઈ એક પક્ષનો આશ્રય કરવાથી સિદ્ધ થતી નથી. તેથી બન્ને પક્ષનો આશ્રય કરવો જરૂરી છે.

હવે 'जात्याख्यायां नवैकोऽसंख्यो बहुवत् २.२.१२१' વિગેરે સૂત્રોમાં સૂત્રકારે જાતિપક્ષનો આશ્રય કર્યો છે, એ જોઈને કો'ક એવું અનુમાન કરે કે 'વ્યાકરણકારો જાતિપક્ષને જ સ્વીકારે છે, વ્યક્તિપક્ષને નહીં.' તો તેનો ભ્રમ ભાંગીને 'વ્યક્તિપક્ષનો પણ અમે સ્વીકાર કરીએ છીએ' એવું જ્ઞાપન કરવા (જણાવવા) માટે સૂત્રકારે

(A) जाति-व्यक्तिभ्यां च शास्त्रं प्रवर्तते।

અહીં બહુવચન કર્યું છે. વ્યક્તિપક્ષનો આશ્રય કરવાના કારણે હવે આદ્ય-દ્વિતીય થી એક જ વ્યક્તિનું ગ્રહણ થશે, અનેક વ્યક્તિનું નહીં. તેથી ક્-ખ્ કે ચ્-છ્ નું જ ગ્રહણ થઈ શકશે. જ્યારે સૂત્રકારને સર્વ વર્ગના આદ્ય-દ્વિતીય વ્યક્તિનું ગ્રહણ ઈષ્ટ છે, તેથી સર્વેનું ગ્રહણ કરવા બહુવચન કર્યું છે. આમ આગળ પણ આવશ્યકતા અનુસાર સર્વત્ર વ્યક્તિપક્ષને આશ્રયી બહુવચનનું ફળ સ્વયં સમજી લેવું.

(5) અઘોષ ના પ્રદેશો 'अघोषे प्रथमोऽशिटः १.३.५०' વિગેરે સૂત્રો છે ।।૧૩।।

अन्यो घोषवान्[1] ।।१.१.१४।।

बृ.वृ.–अघोषेभ्योऽन्यः[2] कादिर्वर्णो घोषवत्संज्ञो भवति। ग घ ङ, ज झ ञ, ड ढ ण, द ध न, ब भ म, य र ल व ह।[3] घोषवत्प्रदेशाः[4]—"घोषवति" (१.३.२१.) इत्यादयः।।

सूत्रार्थ :- અઘોષ વર્ણોને છોડીને બાકીના કાદિ વર્ણોને ઘોષવાન્ સંજ્ઞા થાય છે.

सूत्रसमास :- ◆ घोषणं घोषः। घोषो ध्वनिर्विद्यते यस्य स घोषवान्।

<u>विवरण :-</u> (1) **शंका :-** 'अपञ्चमान्तस्थो धुट् १.१.११' સૂત્ર રચ્યા બાદ અધુટ્ એવી સંજ્ઞા બતાવતું કોઈ સૂત્ર નથી બનાવ્યું, તો અહીં અઘોષ સંજ્ઞા કર્યા બાદ ઘોષવાન્ સંજ્ઞા બતાવતું સૂત્ર કેમ ?

समाधान :- ત્યાં ધુટ્ સિવાયના બધા જ સ્વર-વ્યંજનો અધુટ્ બનતા હોવાથી ભણનારા સમજી શકે તેમ હતા. અહીં અઘોષ સિવાયના બધા જ સ્વર-વ્યંજનો ઘોષવાન્ બનતા ન હોવાથી સૂત્ર બનાવવું જરૂરી છે.

(2) આગલા સૂત્રમાં જેનું વિવરણ કરી ગયા, તે બે પક્ષમાંથી સૂત્રકારે અહીં જાતિપક્ષનો આશ્રય કરી ઘોષવાન્ એ પ્રમાણે જાતિનિર્દેશ કર્યો છે. તેથી 'અઘોષની અપેક્ષાએ જેનામાં અન્યત્વ જાતિ હોય તે બધા ઘોષવાન્' એવો અર્થ પ્રાપ્ત થશે. આમ જેનો અતિશય ઘોષ છે તે ગ્-ઘ્-ઙ્... વિગેરે બધા અન્યત્વ જાતિયુક્ત હોવાથી તેમને ઘોષવાન્[A] સંજ્ઞા પ્રાપ્ત થશે.

ઘોષવાન્ સંજ્ઞા સાન્વર્થ છે. એની સાન્વર્થતા 'तुल्यस्थानास्य० १.१.१७' સૂત્રમાં બતાવાશે.

(3) ગ્ ઘ્ ઙ્, જ્ ઝ્ ઞ્, ડ્ ઢ્ ણ્, દ્ ધ્ ન્, બ્ ભ્ મ્, ય્ ર્ લ વ્ અને હ્ આ વર્ણોને ઘોષવાન્ સંજ્ઞા થાય છે.

(4) ઘોષવાન્ ના પ્રદેશો 'घोषवति १.३.२१' વિગેરે સૂત્રો છે ।।૧૪।।

(A) मतुरिहाऽतिशायने, यथा 'उदरवती कन्या' इति।

य-र-ल-वा अन्तस्थाः[1] ।।१.१.१५।।

बृ.वृ.–य[2], र, ल, व इत्येते वर्णा अन्तस्थासंज्ञा[3] भवन्ति। बहुवचनं[4] सानुनासिकादिभेदपरिग्रहार्थम्। अन्तस्था-प्रदेशाः[5]—"अज्वर्गस्यान्तस्थातः" (१.३.३३.) इत्यादयः ।।१५।।

सूत्रार्थ :- य् र् ल् अने व् એ चार वर्णने अन्तस्था संज्ञा थाय छे.

सूत्रसमास :-
- (स्वस्य स्वस्य स्थानस्य) अन्ते तिष्ठन्ति इति अन्तस्थाः।
- यश्च रश्च लश्च वश्च = यरलवाः (इ.द्व.)।

विवरण :- (1) य्, र्, ल्, व् वर्णो पोत-पोताना स्थानोना अंते वर्ते छे. तेथी तालु विगेरे स्थानोना अंतमां रह्या होवाथी तेमनी अंतस्था संज्ञा करवामां आवे छे. अथवा वर्णसमाम्नायमां पच्चीस स्पर्शव्यंजन अने ऊष्माक्षरना आंतरामां[A] (= मध्यमां) वर्ते छे. तेथी तेमनी अंतस्था संज्ञा करवामां आवी छे.

(2) बृहद्वृत्तिमां 'य र ल व इति' એ प्रमाणे स्यादि रहितनो प्रयोग कर्यो छे, कारण के य् र् ल् व् એ वर्णोमां अर्थवत्त्वनो अभाव छे. अर्थवत्त्वना अभावमां तेओ 'अधातुविभक्ति० १.१.२७' सूत्रथी नाम नहीं बने. नाम न बनवाथी स्यादि प्रत्ययो नहीं लागे. अन्यथा 'यश्च रश्च लश्च वश्च इति' એम प्रयोग करत.

(3) अन्तस्था शब्द वर्ण नुं विशेषण होवाथी वर्ण ना लिंग प्रमाणे अन्तस्था ने पण आम तो पुंलिंग थवुं जोईએ, पण ***'लिङ्गमशिष्यं लोकाश्रयत्वाद् लिङ्गस्य'***[B] (जैनेन्द्रपरिभाषावृत्ति-१०५) परिभाषाना बळे अन्तस्था शब्द अहीं स्वाभाविक रीते स्त्रीलिंगे[C] वर्ते छे. જेमके कलत्र नाम स्त्रीनुं वाचक होवा छतां नपुंसकलिंगमां वर्ते छे. वळी, बीजी विशेषता એ छे के अन्तस्था शब्द शब्दशक्तिस्वाभाव्यथी प्रायः बहुवचनांत જ वपराय छे.

(4) यरलवाः એम सूत्रमां बहुवचननो निर्देश सानुनासिक अने निरनुनासिक એम बन्ने प्रकारना य्-ल्-व् नुं अहीं ग्रहण करवा माटे छे. र् नो सानुनासिक भेद नथी, निरनुनासिक એवो એक જ भेद छे.

(5) अन्तस्था ना प्रदेशो 'अज्वर्गस्यान्तस्थातः १.३.३३' विगेरे सूत्रो छे ।।१५।।

(A) स्पर्शोष्मणामन्तर्मध्ये तिष्ठन्तीत्यन्तस्थाः। (ऋक्प्रातिशाख्यम् १/९)

(B) लिंग अंगे नियमो करवा नहीं, कारण लिंग लोकव्यवहार उपर आधार राखे छे.

(C) જैनेन्द्र व्याकरणमां अन्तस्थः એम पुंलिंग प्रयोग छे, तेमां असंमति बतावववा आ वात करी छे.

अंअः≍क)(पशषसाः शिट्[2]।।१.१.१६।।

बृ.वृ.–अनुस्वारो विसर्गो वज्राकृतिर्गजकुम्भाकृतिश्च[1] वर्णः श-ष-साश्च शिट्संज्ञा भवन्ति। अंकार-[3] वकार-पकारा उच्चारणार्थाः। बहुवचनं[4] वर्णोष्वपठितयोरपि ≍ क–)(पयोर्वर्णत्वार्थम्। शिट्प्रदेशाः[5]–"शिटः प्रथम-द्वितीयस्य" (१.३.३५) इत्यादयः ।।१६।।

सूत्रार्थ :- અનુસ્વાર (ं), વિસર્ગ (ः), વજ્રાકૃતિ (≍) વર્ણ, ગજકુમ્ભાકૃતિ ( )(વર્ણ તેમજ શ્ ષ્ સ્ ને शिट् સંજ્ઞા થાય છે.

सूत्रसमास :- ◆ अं च अश्च ≍ कश्च)(पश्च शश्च षश्च सश्च = अंअः≍क)(प शषसाः (इ.द्व.)।

विवरण :- (1) દેશ, કાળ કે લિપિમાં ભેદ થવા છતાં '≍,)(' આ વર્ણોના આકારમાં ફરક નથી પડયો. તેથી તેમના માટે વજ્રાકૃતિ અને ગજકુંભાકૃતિનું દૃષ્ટાંત આપવામાં આવે છે. વજ્ર જેવો આકાર હોવાથી '≍' આ વર્ણનું નામ વજ્રાકૃતિ છે. આ વર્ણનો પ્રયોગ ક કે ખ ની પૂર્વે જ કરાય છે. જ્યારે ')(' આ વર્ણનો આકાર ગજકુંભ જેવો હોવાથી તેનું નામ ગજકુંભાકૃતિ છે. તેનો પ્રયોગ પ કે ફ ની પૂર્વે જ કરાય છે.

'≍' અને ')(' નું અનુક્રમે ક-ખ અને પ-ફ પરમાં હોતે છતે જ ઉચ્ચારણ થાય છે. તેથી એ બન્ને વર્ણો પરની સાથે સંબદ્ધ છે. તેઓ બીજા વર્ણની જેમ સ્વતંત્ર નથી કે અનુસ્વાર-વિસર્ગવત્ પૂર્વસંબદ્ધ પણ નથી.

(2) शंका :- સૂત્રમાં સંજ્ઞી ને બહુવચન છે તો शिट् સંજ્ઞાને એકવચન કેમ ?

समाधान :- સંજ્ઞીને સમાનાધિકરણ હોવાથી સંજ્ઞાને પણ સંજ્ઞી મુજબ વચન થવું જોઈએ. તેથી शिट् ને અહીં બહુવચન કરવું જોઈએ. છતાં તે ન કરવા દ્વારા સૂત્રકારને સૂચવવું છે કે "≍અને)(આ બન્ને વર્ણો र् ના આદેશરૂપ હોવાથી, તેમજ ક્રમશઃ ક-ખ કે પ-ફ ના સંનિધાનમાં જ તેમનો પ્રયોગ થતો હોવાથી એ બન્ને વર્ણોનો વિષય ઘણો અલ્પ છે."

(3) સૂત્રમાં વર્તતા 'अंअः≍क)(प' સ્થળે અ, ક અને પ નો પ્રયોગ અનુસ્વાર વિગેરેના ઉચ્ચારણાર્થે છે.

(4) शंका :- પણ '≍' અને ')(' એ બન્નેનું વર્ણસમામ્નાયમાં પઠન નથી, તેથી તેને વર્ણ શી રીતે કહી શકાય ?

समाधान :- ≍અને)(એ બન્ને र् ના આદેશ છે અને र् વર્ણ હોવાથી ***'तदादेशाः तद्वद् भवन्ति'*** ન્યાયથી એ બન્ને પણ વર્ણરૂપે સિદ્ધ છે.

શંકા :- એ ન્યાયથી ' ≍' અને ')(' ને વર્ણરૂપે સિદ્ધ કરશો તો ર્ નો લોપ પણ ર્ ના આદેશરૂપ હોવાથી 'લોપ' ને પણ વર્ણ માનવો પડશે.

સમાધાન :- એમ કાંઈ લોપને વર્ણ ન માની શકાય, કારણ લોપ તો અભાવ સ્વરૂપ છે અને અભાવ કદાપિ ભાવનો આશ્રય ન બને. જો તેમ માનીએ તો ઘટાભાવમાં પટ (ભાવપદાર્થ) રહે છે આવું માનવાનો અતિપ્રસંગ (અતિવ્યાપ્તિ) દોષ આવે. આશ્રય-આશ્રયીભાવ ભાવાત્મક વસ્તુમાં હોય. જેમકે ઘટમાં જળ. '≍' અને ')(' કાંઈ અભાવ સ્વરૂપ નથી, પરંતુ ર્ નો ભાવાત્મક આદેશ છે. માટે વર્ણસમામ્નાયમાં નહીં દર્શાવેલા પણ તેઓ વર્ણ રૂપે મનાય છે.' આ વાત સૂત્રોક્ત બહુવચનથી સૂચવવામાં આવી છે. અહીં ધ્યાન રાખવું કે સૂત્રોક્ત બહુવચન '≍અને)(એ વર્ણ છે' આ વાતનો કેવળ અનુવાદ (લોકપ્રસિદ્ધ વાતનું પુનઃકથન) કરે છે, પરંતુ તેમને વર્ણરૂપે સિદ્ધ નથી કરતું. અર્થાત્ તે અનુવાદક છે, પ્રાપક નહીં.

આશય એ છે કે '≍' અને ')(' ને અભાવ રૂપે સ્વીકારીએ તો અભાવરૂપ તેઓ ભાવાત્મક એકત્વ-દ્વિત્વ-બહુત્વ વિગેરે સંખ્યાનો આશ્રય શી રીતે બની શકે ? અર્થાત્ ન બની શકે. કારણ અભાવ એ કોઈ સત્ વસ્તુ નથી પરંતુ અસત્ છે, માટે તે કોઈનો આધાર ન બની શકે. આશ્રય-આશ્રયીભાવ તો ભાવાત્મક પદાર્થો વચ્ચે જ ઘટી શકે. આમ '≍' અને ')(' ને ભાવાત્મક પદાર્થ જ માનવા જોઈએ. જેથી એકત્વ વિગેરે સંખ્યાના આશ્રય બનતા તેમને એકવચન, દ્વિવચન આદિ થઈ શકે. આમ ભાવપદાર્થ '≍' અને ')(' એકત્વાદિ સંખ્યાના આશ્રય બનતા હોવાથી જ સૂત્રમાં 'अंअः≍क)(पशषसाः' આમ બહુવચન કરી તેમનું વર્ણત્વ સૂચિત કર્યું છે.

શંકા :- જો પૂર્વે કહ્યું તેમ બહુવચન સૂચક જ બનતું હોય પણ વિધાયક ન બનતું હોય તો કેમ 'औदन्ताः स्वराः १.१.४' સૂત્રમાં બહુવચનને સ્વરસંજ્ઞાના વિષયમાં પ્લુતવર્ણોના ગ્રાહક રૂપે બતાવ્યું છે ?

સમાધાન :- હ્રસ્વ વર્ણ જ માત્રાની વૃદ્ધિને લઈને પ્લુત બને છે. અર્થાત્ હ્રસ્વ અ વિગેરે વર્ણને જ જો ત્રણ માત્રા જેટલા લંબાવવામાં આવે તો તે પ્લુત ગણાય છે. તેથી હ્રસ્વ વર્ણને સ્વર સંજ્ઞા થવાથી પ્લુતને પણ તે સિદ્ધ જ છે. આમ 'औदन्ताः स्वराः' સૂત્રમાં પણ બહુવચન પ્લુત વર્ણોની સ્વરસંજ્ઞાના સૂચક રૂપે જ છે. અર્થાત્ ત્યાં परिग्रहार्थम् નો અર્થ सूचनार्थम् કરવો.

શંકા :- એમ તો દીર્ઘ વર્ણો પર હ્રસ્વ વર્ણોની માત્રાની વૃદ્ધિને લઈને જ બને છે. તેથી હ્રસ્વ વર્ણોને સ્વરસંજ્ઞા થવાથી દીર્ઘ વર્ણોને પણ તે સ્વયં સિદ્ધ જ છે. તો શા માટે વર્ણસમામ્નાયમાં દીર્ઘ વર્ણોનો પાઠ દર્શાવ્યો છે ? જો દીર્ઘનો બતાવ્યો છે તો પ્લુતનો પણ દર્શાવવો જોઈએ.

સમાધાન :- પ્લુતવર્ણોનો વર્ણસમામ્નાયમાં પાઠ એટલા માટે નથી દર્શાવ્યો, કેમકે તેઓ અલ્પવિષયવાળા (બહું ઓછો પ્રયોગ થતા હોય તેવા) છે આ વાતનું જ્ઞાપન કરવું છે અને દીર્ઘ વર્ણો પ્રચૂર વિષયવાળા છે માટે

વર્ણસમામ્નાયમાં તેમનો સાક્ષાત્ પાઠ બતાવ્યો છે. દીર્ઘવર્ણો પ્રચૂર વિષયવાળા છે માટે ૫ સિદ્ધચક્રની આદિમાં વર્ણસમામ્નાયમાં સાક્ષાત્ દર્શાવેલા સ્વરોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમ૫ 'षोडशदेव्योपगतम्'(A) વિગેરે સ્થળે પણ પ્લુતવર્ણો વિનાના अ થી अः (વિસર્ગ) સુધીના વર્ણોને લેવામાં આવે તો ૫ ત્યાં બતાવેલી સોળ સંખ્યાનો મેળ પડે. અથવા દૂરથી આમંત્રણ અર્થમાં 'दूरादामन्त्र्य० ७.४.९९' સૂત્રથી પ્લુત આદેશનું વિધાન કર્યું છે. વળી તે પ્લુત આદેશનો સ્થાની હ્રસ્વાદિ સ્વર છે. આમ હ્રસ્વાદિ સ્વર વર્ણ હોવાથી તેમના સ્થાને થતા પ્લુત આદેશ પણ ***'तदादेशास्तद्वद् भवन्ति'*** ન્યાયથી વર્ણ રૂપે સિદ્ધ થશે.આથી વ્યા૫બી ૫ કીધું છે કે પ્લુત વર્ણોનો અતિ અલ્પ પ્રયોગ થતો હોવાથી 'औदन्ताः' એમ બહુવચન દ્વારા દીર્ઘના ઉપલક્ષણથી તેમનો પણ સ્વરસંજ્ઞાના લક્ષ્ય તરીકે પરિગ્રહ (સૂચન) થાય છે.

શંકા :- 'षोडशदेव्योपगतम्' સ્થળે સોળ સ્વરોમાં अं અને अः ને પણ સ્વરરૂપે(B) આવરી લીધા છે. જ્યારે પૂર્વાચાર્યોના મતે अं, अः, ≍क અને)(प ને વ્યંજનસંજ્ઞા પણ થાય છે. હવે જો अं અને अः ને અહીં વ્યંજનસંજ્ઞા નહીં સાધવામાં આવે તો શું પૂર્વાચાર્યોના મત સાથે વિરોધ નહીં આવે ?

સમાધાન :- 'कादिर्व्यञ्जनम् १.१.१०' સૂત્રથી વર્ણોને વ્યંજનસંજ્ઞા કર્યા બાદ પછીના સૂત્રોમાં धुट् આદિ જે સંજ્ઞા કરવામાં આવી છે તે વ્યંજનોને કરવામાં આવી છે. अं, अः,≍क અને)(प ને शिट् સંજ્ઞા પણ '१.१.१०' પછીના સૂત્રથી ૫ કરવામાં આવી હોવાથી સમજી શકાય છે કે अं, अः,≍क અને)(प ને પણ વ્યંજન સંજ્ઞા લાગુ પડે છે. અથવા 'कादिर्व्यञ्जनम् १.१.१०' સૂત્રસ્થ कादिः પદસ્થળે એકશેષવૃત્તિ ગણી તેની આવૃત્તિ કરવી. અર્થાત્ તે સૂત્ર 'कादिः कादिर्व्यञ्जनम्' આવું સમજવું. પ્રથમ कादिः પદનો कस्य आदिः વિગ્રહ પ્રમાણે અર્થ કરવો. જેથી क् ની આદિમાં (= પૂર્વમાં) अं અને अः હોવાથી તેઓ कादिः ગણાતા તેમને વ્યંજન સંજ્ઞા થઈ જાય. બીજા कादिः પદથી તે સૂત્રમાં દર્શાવેલા બહુવ્રીહિ પ્રમાણે क् થી ह् સુધીના વર્ણોને વ્યંજનસંજ્ઞા થઈ જાય. આમ अं, अः,≍क અને)(प ને વ્યંજનસંજ્ઞા સિદ્ધ થતી હોવાથી પૂર્વાચાર્યોના મત સાથે વિરોધ નહીં આવે.

(લઘુન્યાસમાં '≍क અને)(प એ र् ના સ્થાને થતા હોવાથી ***'तदादेशास्तद्वद् भवन्ति'*** ન્યાયથી તેઓ પણ વ્યંજન ગણાય' આમ કહી ≍क અને)(प ની બાબતમાં પૂર્વાચાર્યો સાથેનો વિરોધ ટાળ્યો છે.)

(5) शिट् ના પ્રદેશો 'शिटः प्रथमद्वितीयस्य १.३.३५' વિગેરે સૂત્રો છે ।।૧૬।।

(A) अकारादिभिः षोडशस्वरैर्मण्डलेषु षोडश रोहिण्याद्या देवता अभिधीयन्ते। (१.१.१ बृ. न्यास)

(B) 'षोडशदेव्यो०' સ્થળે સ્વરરૂપે દર્શાવેલા अं-अः ને આ વ્યાકરણના '१.१.४' સૂત્રના औदन्ताः પદનો औकारस्य अन्ताः વિગ્રહ કરી આવરી લીધેલા સમજવા. વર્ણ સમામ્નાયમાં औ ને અંતે अं-अः વર્ણો આવે છે, માટે તેઓ સ્વર રૂપે અહીં પણ આવરાઈ જાય છે.

(1)तुल्यस्थानाऽऽस्यप्रयत्नः स्वः ।।१.१.१७।।

बृ.वृ.–यत्र (2)पुद्गलस्कन्धस्य वर्णभावापत्तिस्तत् स्थानम्, कण्ठादि। यदाहुः—

"अष्टौ स्थानानि वर्णानामुरः कण्ठः शिरस्तथा।
जिह्वामूलं च दन्ताश्च नासिकौष्ठौ च तालु च" ।।४।।

(पाणिनीयशिक्षा, श्लो० १३.)

(3)अस्यत्यनेन वर्णानित्यास्यम्, ओष्ठात् प्रभृति प्राक् काकलकसंज्ञकात् कण्ठमणेः। (4)आस्ये प्रयत्न आस्यप्रयत्नः, आन्तरः संरम्भः। स चतुर्धा–स्पृष्टता १, ईषत्स्पृष्टता २, विवृतता ३, ईषद्विवृतता ४। (5)तुल्यौ वर्णान्तरेण सदृशौ स्थानाऽऽस्यप्रयत्नौ यस्य स वर्णस्तं प्रति स्वसंज्ञो भवति। (6)करणं तु जिह्वामूलमध्याग्रोपाग्ररूपं स्थानाऽऽस्यप्रयत्नतुल्यत्वे सति नाऽतुल्यं भवतीति पृथग् नोक्तम्। (7)तत्र स्थानम्–अवर्ण-ह-विसर्ग-कवर्गाः कण्ठ्याः। 'सर्वमुखस्थानमवर्णम्, ह-विसर्गावुरस्यौ, कवर्गो जिह्वामूलीयः' इत्यन्ये। इवर्ण-चवर्ग-य-शास्तालव्याः। उवर्ण-पवर्गोपध्मानीया ओष्ठ्याः। ऋवर्ण-टवर्ग-र-षा मूर्धन्याः, 'रेफो दन्तमूलः' इत्येके। लृवर्णतवर्ग-ल-सा दन्त्याः। ए-ऐ तालव्यौ, 'कण्ठ्य-तालव्यौ' इत्यन्ये। ओ-औ ओष्ठ्यौ, 'कण्ठ्योष्ठ्यौ' इत्यन्ये। वो दन्त्यौष्ठ्यः, 'सृक्कस्थानः' इत्यन्ये[1]। जिह्वामूलीयो जिह्वयः, 'कण्ठ्यः' इत्यन्ये। नासिक्योऽनुस्वारः, 'कण्ठ्य-नासिक्यः' इत्यन्ये। ङ-ञ-ण-न-माः स्वस्थान-नासिकास्थानाः। (8)अथाऽऽस्यप्रयत्नः–स्पृष्टं करणं स्पर्शानाम्, स्पर्शा वर्ग्याः। ईषत्स्पृष्टं करणमन्तस्थानाम्। ईषद्विवृतं करणमूष्मणाम्। विवृतं करणं स्वराणाम्, 'ऊष्मणां च' इत्यन्ये, ऊष्माणः श-ष-स-हाः। स्वरेषु ए-ओ विवृततरौ, ताभ्यामपि ऐ-औ, ताभ्यामप्यवर्णः, '(9)अकारः संवृतः' इत्यन्ये। (10)तत्र त्रयोऽकारा उदात्ताऽनुदान-स्वरिताः, प्रत्येकं सानुनासिक-निरनुनासिकभेदात् षट्, एवं दीर्घ-प्लुताविति अष्टादश भेदा अवर्णस्य; ते सर्वे कण्ठस्थाना विवृतकरणाः परस्परं स्वाः। एवमिवर्णास्तावन्तस्तालव्या विवृतकरणाः स्वाः।

उवर्णा ओष्ठ्या विवृतकरणाः स्वाः। ऋवर्णा मूर्धन्या विवृतकरणाः स्वाः। लृवर्णा दन्त्या विवृतकरणाः स्वाः, 'लृवर्णस्य दीर्घो न सन्तीति द्वादश' इत्यन्ये। संध्यक्षराणां ह्रस्वा न सन्तीति तानि प्रत्येकं द्वादशभेदानि; तत्र–एकारास्तालव्या विवृततराः स्वाः, ऐकारास्तालव्या अतिविवृततराः स्वाः, ओकारा ओष्ठ्या विवृततराः स्वाः, औकारा ओष्ठ्या अतिविवृततराः स्वाः। वर्ग्याः पञ्च पञ्च परस्परं स्वाः। य-ल-वानामनुनासिकोऽननुनासिकश्च द्वौ भेदौ परस्परं स्वौ। रेफोष्मणां तु अतुल्यस्थानाऽऽस्यप्रयत्नत्वात् स्वा न भवन्ति। (11)आस्यग्रहणं बाह्यप्रयत्ननिवृत्त्यर्थम्, ते हि "आसन्नः" (७.४.१२०.) इत्यत्रैवोपयुज्यन्ते, न स्वसंज्ञायाम्; के पुनस्ते? विवार-संवारौ श्वास-नादौ घोषवदघोषता अल्पप्राण-महाप्राणता उदात्तोऽनुदात्तः स्वरितश्चेत्येकादश। कथं पुनरेते आस्याद् बाह्याः स्पृष्टतादयस्तु आन्तराः? उच्यते–वायुना कोष्ठेऽभिहन्यमानेऽमीषां प्रादुर्भावात्, स्पृष्टतादीनां

तु कण्ठादिस्थानाभिघाते भावात्। तथा चाऽऽपिशलिः शिक्षामधीते–"नाभिप्रदेशात् प्रयत्नप्रेरितः प्राणो नाम वायुरूर्द्ध्वमाक्रामन्नुरः प्रभृतीनां स्थानानामन्यतमस्मिन् स्थाने प्रयत्नेन विधार्यते, स विधार्यमाणः स्थानमभिहन्ति, तस्मात् स्थानाभिघाताद् ध्वनिरुत्पद्यते आकाशे, सा वर्णश्रुतिः, स वर्णस्याऽऽत्मलाभः"। तत्र वर्णध्वनावुत्पद्यमाने यदा स्थान-करण-प्रयत्नाः परस्परं स्पृशन्ति सा स्पृष्टता, यदेषत् स्पृशन्ति सेषत्स्पृष्टता, यदा सामीप्येन स्पृशन्ति सा संवृतता, दूरेण यदा स्पृशन्ति सा विवृतता; एषोऽन्तः–प्रयत्नः। स इदानीं प्राणो नाम वायुरूर्ध्व-माक्रामन् मूर्ध्नि प्रतिहतो निवृत्तः कोष्ठमभिहन्ति, तत्र कोष्ठेऽभिहन्यमाने कण्ठबिलस्य विवृतत्वाद् विवारः संवृतत्वात् संवारः। तत्र यदा कण्ठबिलं विवृतं भवति तदा श्वासो जायते, संवृते तु नादः, तावनुप्रदानमाचक्षते; अन्ये तु ब्रुवते—अनुप्रदानमनुस्वानो घण्टादिनिर्हादवद् इति। तत्र यदा स्थान-करणाभिघातजे ध्वनौ नादोऽनु-प्रदीयते तदा नादध्वनिसंसर्गाद् घोषो जायते, यदा तु श्वासोऽनुप्रदीयते तदा श्वासध्वनिसंसर्गादघोषो जायते।

अल्पे वायावल्पप्राणता, महति महाप्राणता जायते; महाप्राणत्वादूष्मत्वम्। यदा सर्वाङ्गानुसारी प्रयत्न-स्तीव्रो भवति तदा गात्रस्य निग्रहः कण्ठबिलस्य चाणुत्वं स्वरस्य च वायोस्तीव्रगतित्वाद् रौक्ष्यं भवति तमुदात्त-माचक्षते। यदा तु मन्दः प्रयत्नो भवति तदा गात्रस्य स्रंसनं कण्ठबिलस्य च महत्त्वं स्वरस्य च वायोर्मन्दगतित्वात् स्निग्धता भवति तमनुदात्तमाचक्षते। उदात्ताऽनुदात्तस्वरसंनिपातात् स्वरित इत्येष कृत्स्नो बाह्यः प्रयत्न इति। अथवा विवारादयो वर्णनिष्पत्तिकालादूर्ध्वं वायुवशेनोत्पद्यन्ते, स्पृष्टतादयस्तु स्थानाऽऽस्यप्रयत्नव्यापारेण वर्णो-त्पत्तिकाल एवेति वर्णनिष्पत्तिकालभावाऽभावाभ्यां विवारादीनां बाह्यत्वम्, स्पृष्टतादीनां चाभ्यन्तरत्वम्। तत्र वर्गाणां प्रथम-द्वितीयाः श-ष-स-विसर्ग-जिह्वामूलीयोपध्मानीयाश्च विवृतकण्ठाः श्वासानुप्रदाना अघोषाः। वर्गाणां तृतीय-चतुर्थ-पञ्चमा अन्तस्था हकाराऽनुस्वारौ च संवृतकण्ठा नादानुप्रदाना घोषवन्तः। वर्गाणां प्रथम-तृतीय-पञ्चमा अन्तस्थाश्चाल्पप्राणाः। इतरे सर्वे महाप्राणाः। स्थान[12]ग्रहणं किम्? क-च-ट-त-पानां तुल्याऽऽस्यप्रयत्नानामपि भिन्नस्थानानां मा भूत्, किञ्च स्यात्? 'तप्ता, तप्तुम्' इत्यत्र "धुटो धुटि स्वे वा" (१.३.४८.) इति पकारस्य तकारे लोपः स्यात्। आस्य[13]प्रयत्नग्रहणं किम्? चवर्ग-य-शानां तुल्यस्थानानामपि भिन्नाऽऽस्यप्रयत्नानां मा भूत्, किञ्च स्यात्? 'अरुश् श्च्योतति' इत्यत्र "धुटो धुटि स्वे वा" (१.३.४८.) इति शकारस्य चकारे लोपः स्यात्। स्व[14]प्रदेशाः—"इवर्णादेरस्वे स्वरे यवरलम्" (१.२.२१.) इत्यादयः ।।१७।।

सूत्रार्थ :- જે વર્ણોના સ્થાન અને આસ્યપ્રયત્ન સરખા હોય છે, તે વર્ણોને પરસ્પર સ્વ સંજ્ઞા થાય છે.

सूत्रसमास :- ◆ आस्ये प्रयत्नः = आस्यप्रयत्नः (स.तत्.), स्थानं च आस्यप्रयत्नश्च = स्थानास्यप्रयत्नौ (इ.द्व.), तुल्यौ (वर्णान्तरेण सदृशौ) स्थानास्यप्रयत्नौ यस्य स = तुल्यस्थानाऽऽस्यप्रयत्नः (बहु.)।

વિવરણ :- (1) અહીં સૂત્રમાં વર્તતા તુલ્ય શબ્દનો અવયવાર્થ (વ્યુત્પત્ત્યર્થ) નથી લેવાનો, પરંતુ ફક્ત 'સાદશ્ય' અર્થ જ સમજવાનો છે. અર્થાત્ તુલ્ય એટલે સદશ. બાકી જો તેનો અવયવાર્થ લેવા જઈએ તો ત્રાજવા દ્વારા જેમનું સરખું માપ થાય તેમને તુલ્ય કહી શકાય. પ્રસ્તુતમાં વર્ણો વચ્ચે તુલ્યતા બતાવવાની છે અને વર્ણો કાંઈ તોલના વિષય નથી બનતા. માટે અહીં તુલ્ય શબ્દનો કેવળ 'સદશ' અર્થ લેવાની વાત છે.

तिष्ठन्ति वर्णा अस्मिन् વ્યુત્પત્તિ મુજબ 'करणाधारे ५.३.१२९' સૂત્રથી स्था ધાતુને अनट् પ્રત્યય લાગી स्थान શબ્દ બન્યો છે, अस्यति (= परिणमयति) अनेन वर्णान् વ્યુત્પત્તિને લઈને 'ऋवर्ण० ५.१.१७' સૂત્રથી बहुलम् મુજબ करण અર્થમાં ष्यण् પ્રત્યય લાગી आस्य શબ્દ બન્યો છે અને 'यजि-स्वपि० ५.३.३५' સૂત્રથી न પ્રત્યય લાગી प्रयतनम् = प्रयत्न શબ્દ બન્યો છે. ત્યારબાદ ઉપર સૂત્રસમાસ સ્થળે દર્શાવ્યા મુજબ તત્પુરુષ છે ગર્ભમાં જેના એવો દ્વન્દ્વસમાસ જેના ગર્ભમાં છે તેવો બહુવ્રીહિસમાસ થવાથી સૂત્રસ્થ तुल्यस्थानाऽऽस्य શબ્દ નિષ્પન્ન થયો છે.

(2) સ્થાન કોને કહેવાય તે કહે છે. પુદ્ગલ એટલે દ્રવ્યનો અવિભાજ્ય અંશ. સર્વ પુદ્ગલો સર્વદા રૂપ, રસ, ગંધ અને સ્પર્શવાળા હોય છે. તેમને પુદ્ગલ એટલા માટે કહે છે કેમકે ઘટ, પટ આદિ અવયવી દ્રવ્યોમાં સતત તેમનું પૂરણ અને ગલન ચાલ્યા કરે છે. અર્થાત્ નવા પુદ્ગલો તેમનામાં સતત જોડાયા કરે છે અને જુના પુદ્ગલો સતત ખર્યા કરે છે. આ પુદ્ગલોનો સ્કંધ અનંત પ્રદેશાત્મક સંઘાત (= અનંત પ્રદેશોનો સમૂહ) છે. અહીં એ વાત ધ્યાનમાં રાખવી કે જૈનદર્શન શબ્દને ભાષાવર્ગણા[A] ના પુદ્ગલ સ્કંધમાંથી નિષ્પન્ન થતો સ્વીકારે છે. જૈનદર્શન પુદ્ગલોની સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ આ ચાર અવસ્થા બતાવે છે. સ્કંધ એટલે અનેક પુદ્ગલોનો સમૂહ. દેશ એટલે પુદ્ગલ સમૂહનો એક ભાગ, પ્રદેશ એટલે તે પુદ્ગલ કે જે સમૂહમાં જોડાયેલો છે અને પરમાણુ એટલે સમૂહથી છુટ્ટો પડેલો સ્વતંત્ર પુદ્ગલ. સ્કંધની રચના માટે સ્વતંત્ર પુદ્ગલોનું ભેગા થવું અર્થાત્ પ્રદેશ બનવું જરૂરી છે. કેમકે એનો એ પુદ્ગલ જો સ્વતંત્ર હોય તો તેને પરમાણુ કહેવાય છે અને એ જ પુદ્ગલ જો સમૂહમાં જોડાય છે તો તેને પ્રદેશ કહેવાય છે. આવા અનંતા પ્રદેશો ભેગા થવાથી ભાષાવર્ગણાનો સ્કંધ તૈયાર થાય છે. સ્કંધો જે જગ્યાએ વર્ણ (અક્ષર) રૂપે પરિણમે (ફેરવાય) છે, તે જગ્યાને સ્થાન કહેવાય છે અર્થાત્ જ્યાં વર્ણો આત્મલાભને (ચોક્કસ આકારને) પામતા રહે છે તે વર્ણોના ઉત્પત્તિસ્થાનને અહીં સૂત્રગત સ્થાન શબ્દથી સમજવું. આવા સ્થાન કંઠાદિ આઠ છે, અહીં આદિ શબ્દ પ્રકાર (સાદશ્ય) અર્થક હોવાથી

(A) જીવોને ઉપયોગી વર્ગણાઓ આઠ છે - (૧) ઔદારિક (૨) વૈક્રિય (૩) આહારક (૪) તૈજસ્ (૫) ભાષા (૬) શ્વાસોચ્છ્વાસ (૭) મન અને (૮) કાર્મણ. આ દરેક વર્ગણાઓમાં પુદ્ગલોની સંખ્યા અનંતી અનંતી વધતી જાય છે, છતાં વર્ગણાઓ સૂક્ષ્મ થતી જાય છે. આ સિવાય બીજી પણ અનેક વર્ગણાઓ છે. આ અંગે વિશેષ પંચસંગ્રહ આદિ ગ્રંથ થકી જાણી લેવું.

વર્ણોત્પાદકત્વ રૂપ સાદશ્યને લઈને તેના દ્વારા ઉર, શિર વિગેરે સ્થાનો ગ્રહણ થશે. આ જ વાત **પાણિનીયશિક્ષા** માં[A] જણાવી છે કે "વર્ણોના (ઉત્પત્તિ) સ્થાનો આઠ છે - (૧) ઉર (હૃદય) (૨) કંઠ (૩) શિર (મૂર્ધન્) (૪) જિહ્વામૂલ (૫) દાંત (૬) નાસિકા (૭) ઓષ્ઠ (૮) તાલુ.[B]"

આશય એ છે કે અનાદિ કાળથી આત્માની સાથે જોડાયેલ કર્મ (અદષ્ટ) ના સાતત્યની પરંપરામાં જ્ઞાનાવરણીયાદિ જે આઠ કર્મો છે તે પૈકીના વીર્યાન્તરાયકર્મના ક્ષય કે ક્ષયોપશમથી ઉત્પન્ન થતી લબ્ધિમૂલક 'યોગ' નામનું વીર્ય છે કે જે આત્મા સાથે મન, વચન અને કાયાના સંબંધને લઈને આત્મલાભ (પોતાના અસ્તિત્ત્વ) ને પામે છે. વળી જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવના કારણે વિચિત્રતાને પામતો આત્મ-પરિણામ (આત્માનો ગુણધર્મ) છે, જે વર્ગણાઓને તે તે સ્વરૂપે પરિણમાવી આત્માને તેનું આલંબન લેવા માટે સૌ પ્રથમ જે વર્ગણાઓનું ગ્રહણ થવું જોઈએ તેમાં સહાયક છે, આવા યોગ નામના વીર્ય દ્વારા આત્મા અંજનના ચૂર્ણથી ખચોખચ ભરેલા દાબડાની જેમ એક, બે, ત્રણ ક્રમશઃ સંખ્યાત, અસંખ્યાત, અનંતાનંત વર્ગણાત્મક પ્રદેશ રૂપ દશ્ય અને અદશ્ય પુદ્ગલો વડે ચારે બાજુથી ઠાંસીને ભરાયેલા આ જગતને વિશે વર્ણ રૂપે પરિણમાવવા યોગ્ય અનંત પ્રદેશવાળા ભાષાવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને ઉર, કંઠ વિગેરે તે તે સ્થાનને વિષે તેમને તે તે ચોક્કસ વર્ણ રૂપે પરિણમાવીને તેમનું આલંબન લઈને વિસર્જન કરે છે. (આ પંક્તિ પ્રમાણે અર્થ કર્યો. હવે આ વાતનો ભાવાર્થ સમજીએ.)

તાત્પર્ય એ છે કે આત્માની સાથે કર્મો અનાદિકાળથી જોડાયેલા છે. જ્યાં સુધી મોક્ષ ન થાય ત્યાં સુધી કર્મોની પરંપરા સતત આત્માની સાથે જોડાયેલી રહેવાની. વચ્ચે ક્યારેય એવો કાળ નહીં આવવાનો જેમાં આત્માની સાથે કર્મો જોડાયેલા ન હોય. જૈનદર્શને તે કર્મો જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય આમ આઠ પ્રકારનાં માન્યા છે. આ આઠ પૈકીનું છેલ્લું જે અંતરાય કર્મ છે તેના પાંચ પેટા ભેદ પૈકીનો એક ભેદ છે વીર્યાન્તરાયકર્મ, જે આત્માના અનંત વીર્ય (શક્તિ) ને આવરવાનું કામ કરે છે. આ વીર્યાન્તરાય કર્મનો જો ક્ષયોપશમ થાય તો આત્માની આંશિક વીર્યશક્તિ ખીલે છે અને જો ક્ષય (સર્વથા નાશ) થાય તો આત્માની પૂર્ણ વીર્યશક્તિ ખીલે છે. પૂર્ણશક્તિ કેવળજ્ઞાન થતા ખીલે છે. તે પહેલા આંશિક શક્તિનો જ ઉઘાડ રહે છે. આ વીર્યશક્તિને લબ્ધિ (ક્ષમતા) પણ કહેવાય છે અને એ લબ્ધિના વપરાશને 'યોગ' નામનું વીર્ય કહેવાય છે. અર્થાત્ યોગાત્મક વીર્યનું મૂળ (ઉપાદાન કારણ) લબ્ધિ છે. આ યોગ પોતાની ઉત્પત્તિમાં મન, વચન

(A) અહીં **પાણિનિ** ઋષિએ કહેલી વાત બતાવવા દ્વારા ગ્રન્થકાર પોતે બતાવેલાં સ્થાનની વાતને દઢ કરે છે.

(B) अष्टौ स्थानानि वर्णानामुरः कण्ठः शिरस्तथा। जिह्वामूलं च दन्ताश्च नासिकौष्ठौ च तालु च।।
શ્લોકમાં નાસિકૌષ્ઠૌ સ્થળે સમાસ નથી, પણ નાસિકા અને ઓષ્ઠૌ ની સંધિ થઈ છે. સમાસ હોત તો 'प्राणितूर्य० ૩.૧.૧૩૭' સૂત્રથી સમાહારદ્વન્દ્વ સમાસ થઈ નાસિકૌષ્ઠમ્ પ્રયોગ થાત.

અને કાયા રૂપ નિમિત્તકારણની અપેક્ષા પણ રાખે છે. મોક્ષ અવસ્થામાં આત્માને મન, વચન અને કાયા સાથે સંબંધ ન હોવાથી ત્યાં યોગ રૂપ વીર્ય સંભવતું નથી. મોક્ષમાં ઉપાદાન કારણ છે, છતાં નિમિત્તકારણ ન હોવાથી સકલ કારણનું સમવધાન ન થતા યોગાત્મક કાર્ય સંભવતું નથી. વળી આ યોગ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ આ પાંચ નિમિત્તના કારણે વિવિધતાને પામે છે. જેમકે સુરા દ્રવ્ય મન-વચન-કાયાના ઉન્મત્ત યોગો પ્રવર્તાવે, જ્યારે નિર્વિકૃત આહાર સાધનામાં સહાયક યોગોમાં નિમિત્ત બની શકે. તીર્થક્ષેત્ર મન-વચન-કાયાના શુભયોગોમાં નિમિત્ત બને, જ્યારે ચિત્રશાળા ક્ષેત્ર અશુભયોગોમાં નિમિત્ત બને, ઉનાળાનો કાળ અકળામણ રૂપ યોગમાં કારણ બને, જ્યારે વસંતઋતુનો કાળ વિલાસના યોગમાં કારણ બને છે. કોઈ પ્રત્યે દ્વેષનો ભાવ મન-વચન-કાયાના ક્રમશઃ ક્રોધ-અપશબ્દ અને મારવું વિગેરે યોગમાં હેતુ બને છે, જ્યારે રાગના ભાવ વહાલ-મીઠા વચન અને પંપાળવા વિગેરે યોગમાં હેતુ બને છે. પક્ષીનો ભવ ઉડવાના યોગમાં કારણ બને છે, જ્યારે વાંદરાનો ભવ ઠેકડા મારવાના યોગમાં કારણ બને છે. આ યોગ આત્મપરિણામ છે. તે વાતાવરણમાંથી વિવિધ વર્ગણાઓને ગ્રહણ કરી તેમને શરીર, શબ્દ, શ્વાસોચ્છ્વાસ, મન વિગેરે રૂપે પરિણમાવવામાં સહાયક બને છે, જેથી આત્મા તેમનું આલંબન લઈ શકે.

આખાય ચૌદ રાજલોક પ્રમાણ જગતમાં એવા અનંતા પુદ્ગલો છે, જે એકલા વર્તે છે. આ બધા પુદ્ગલોની એક વર્ગણા (ગ્રુપ) બને. તેમ અનંતા એવા પુદ્ગલો છે જે બે-બે ની જોડીમાં વર્તે છે. આ બીજી વર્ગણા થઈ. એમ ત્રણ-ત્રણની, ચાર-ચારની આવી રીતે ક્રમશઃ સંખ્યાત સંખ્યાતની, અસંખ્યાત અસંખ્યાતની, અનંત અનંત પુદ્ગલ પ્રદેશોની એવી અનંતી જોડીઓ (સ્કંધો) છે, જેમની વિવિધ વર્ગણાઓ બને છે. આ સર્વ વર્ગણાઓથી આખું જગત અંજન ચૂર્ણથી ભરેલા દાબડાની જેમ ઠાંસી-ઠાંસીને ભરાયેલું છે. તે પૈકી અનંત પુદ્ગલપ્રદેશોથી બનેલા સ્કંધો જ આત્માને ઉપયોગમાં આવી શકે છે. તેમાં આત્મા યોગાત્મક વીર્ય દ્વારા શબ્દ રૂપે પરિણમાવવા યોગ્ય અનંત પ્રદેશવાળા ભાષાવર્ગણાના પુદ્ગલસ્કંધોને ગ્રહણ કરે છે અને તેમને ઉર, કંઠ, શિર વિગેરે સ્થાનોને વિષે તે તે શબ્દો રૂપે પરિણમાવી તેમનું આલંબન લઈ શબ્દોને વાતાવરણમાં વિસર્જન કરે છે. જે બધાને વિવિધ સ્વરૂપે શ્રવણનો વિષય બને છે. આમ જેમ એકનો એક વાયુ શરીરના હૃદય, નાડી, ગુદા વિગેરે વિવિધ સ્થાનોને આશ્રયી જેમ પ્રાણ, વ્યાન, અપાન આદિ સ્વરૂપને પામે છે, તેમ ભાવવર્ગણાના પુદ્ગલસ્કંધો પણ ઉર, કંઠ, શિર વિગેરે વિવિધ સ્થાનોને આશ્રયીને ઉરસ્, કંઠ્ય, મૂર્ધન્ય વિગેરે સ્વરૂપને પામે છે. આમ ભાષાવર્ગણાના પુદ્ગલસ્કંધો જ્યાં શબ્દ રૂપે પરિણમે તે સ્થળોને 'સ્થાન' કહેવાય.

શંકા :- 'વર્ણો પુદ્ગલપરિણામ (પુદ્ગલના વિકાર) છે.' આવું તમે શેના આધારે કહી શકો ?

સમાધાન :- 'વર્ણો પુદ્ગલના પરિણામ છે' આ વાત 'बाह्येन्द्रियप्रत्यक्षत्व' અને 'बाह्यादिभिः प्रतिहन्यमानत्व' આ બે હેતુ દ્વારા સિદ્ધ છે. એને આપણે અનુમાનના આકારે સમજીએ - 'वर्णाः पुद्गलपरिणामाः बाह्येन्द्रियप्रत्यक्षत्वात्,

बाह्यादिभिः प्रतिहन्यमानत्वाच्च[A], गन्धवत्' (અર્થ - શબ્દો પુદ્ગલના વિકાર (પર્યાય) છે, કેમકે તેમનું બાહ્ય ઇન્દ્રિયથી[B] પ્રત્યક્ષ થતું હોવાથી અથવા તેઓ બાહ્યવસ્તુ દ્વારા વેગ, રુકાવટ, વિભિન્નતા વિગેરેને પામતા હોવાથી. જેમકે ગંધ.) અહીં वर्णाः પક્ષ છે. પુદ્ગલપરિણામત્વ સાધ્ય છે. बाह्येन्द्रियप्रत्यक्षत्व અને बाह्यादिभिः प्रतिहन्यमानत्व આ બે હેતુઓ છે તથા ગન્ધ એ દૃષ્ટાંત છે. કોઈપણ અનુમાનમાં હેતુ દ્વારા પક્ષમાં સાધ્યની સિદ્ધિ કરવામાં આવતી હોય છે. હેતુ જો સદ્ હોય તો તેના દ્વારા પક્ષમાં સાધ્યની સિદ્ધિ થઈ શકે અને જો વ્યભિચારાદિ દોષથી દુષ્ટ હોવાથી અસદ્ હોય તો તેના દ્વારા પક્ષમાં સાધ્યની સિદ્ધિ ન થઈ શકે. હેતુ પોતાનામાં વર્તતી સાધ્યની વ્યાપ્તિ (વ્યાપ્યતા) અને પક્ષવૃત્તિતા દ્વારા પક્ષમાં સાધ્યને સિદ્ધ કરે છે. તેમાં સાધ્યની વ્યાપ્તિ હેતુમાં છે (અર્થાત્ સાધ્યની અપેક્ષાએ હેતુ વ્યાપ્ય છે.) તે વાતને દૃઢ કરવા દૃષ્ટાંત બતાવાતું હોય છે. પ્રસ્તુતમાં 'જ્યાં જ્યાં બાહ્યેન્દ્રિયપ્રત્યક્ષત્વ હોય ત્યાં ત્યાં પુદ્ગલપરિણામત્વ હોય જેમકે ગન્ધમાં' અને 'જ્યાં જ્યાં પુદ્ગલપરિણામત્વ ન હોય ત્યાં ત્યાં બાહ્યેન્દ્રિયપ્રત્યક્ષત્વ ન હોય, જેમકે આકાશમાં.' આમ અન્વય અને વ્યતિરેક બન્ને વ્યાપ્તિ હેતુમાં મળે છે. બીજા અનુમાન સ્થળે પણ 'જ્યાં જ્યાં બાહ્યવસ્તુ દ્વારા પ્રતિહન્યમાનત્વ હોય ત્યાં ત્યાં પુદ્ગલપરિણામત્વ હોય, જેમકે ગન્ધમાં.[C]' અને 'જ્યાં જ્યાં પુદ્ગલપરિણામત્વ ન હોય ત્યાં ત્યાં બાહ્યવસ્તુ દ્વારા પ્રતિહન્યમાનત્વ ન હોય, જેમકે આકાશમાં.' આમ બન્ને વ્યાપ્તિ હેતુમાં પ્રાપ્ત થાય છે. વળી વર્ણનું બાહ્ય એવી શ્રોત્રેન્દ્રિય દ્વારા પ્રત્યક્ષ અને બાહ્યવસ્તુ દ્વારા પ્રતિહન્યમાનત્વ બન્ને સંભવતા હોવાથી પક્ષ એવા વર્ણમાં बाह्येन्द्रियप्रत्यक्षत्व અને बाह्यादिभिः प्रतिहन्यमानत्व આ બન્ને હેતુઓ વર્તતા હોવાથી હેતુમાં પક્ષવૃત્તિતા પણ મળે છે. હવે વ્યાપ્ય જ્યાં રહે ત્યાં વ્યાપક રહેવાનો જ. તેથી સાધ્યને વ્યાપ્ય બન્ને હેતુ જો પક્ષમાં રહે છે, તો વ્યાપક એવું 'પુદ્ગલપરિણામત્વ' સાધ્ય પણ પક્ષમાં રહેવાનું જ. આમ વર્ણોમાં પુદ્ગલપરિણામત્વ સિદ્ધ થાય છે.

શંકા :- પ્રથમ અનુમાનનાં હેતુમાં ગોત્વ વિગેરે સામાન્ય (જાતિ) ને લઈને વ્યભિચાર[D] દોષ આવે છે. સાધ્ય ન રહેતો હોય તેવા સ્થળે જો હેતુ રહી જાય તો હેતુમાં સાધ્યની વ્યાપ્તિનો નાશક વ્યભિચાર દોષ આવે. પ્રસ્તુતમાં ગોત્વ વિગેરે જાતિમાં પુદ્ગલપરિણામત્વ સાધ્ય નથી રહેતું અને બાહ્યેન્દ્રિયપ્રત્યક્ષત્વ હેતુ રહી જાય છે, માટે વ્યભિચાર સ્પષ્ટ છે. અહીં એવી શંકા ન કરવી કે 'ગોત્વ જાતિનું બાહ્ય ઇન્દ્રિય દ્વારા પ્રત્યક્ષ ક્યાં થાય છે?' કેમકે નિયમ છે કે ***'येनेन्द्रियेण या व्यक्तिर्गृह्यते तद्गता जातिरपि तेनैवेन्द्रियेण गृह्यते'***. ગાય જો ચક્ષુથી

(A) અહીં બે હેતુઓ અલગ-અલગ છે તેથી वर्णाः पुद्गलपरिणामाः बाह्येन्द्रियप्रत्यक्षत्वात् અને वर्णाः पुद्गलपरिणामाः बाह्यादिभिः प्रतिहन्यमानत्वात् આમ બે અનુમાન સમજવા.

(B) સ્પર્શ-રસ-ઘ્રાણ-ચક્ષુ-શ્રોત્ર આ પાંચ બાહ્ય ઇન્દ્રિયો છે.

(C) ગંધ પવનની દિશામાં ફેલાય, ભીંત આડે આવે તો રુકાવટને પામે ઇત્યાદિ કારણે તે બાહ્યવસ્તુ દ્વારા પ્રતિહન્યમાન છે. તેથી તે પુદ્ગલપરિણામરૂપ પણ છે.

(D) हेतौ साध्याभाववद्वृत्तित्वम् व्यभिचारः।

દેખી શકાય તો તેમાં રહેલ ગોત્વ જાતિ પણ ચક્ષુથી દેખી શકાય. આમ પણ પ્રશ્ન થાય કે 'એકવાર ગાયને ઓળખ્યા પછી બીજી ગાયોને જોતા 'આ પણ ગાય છે. આ પણ ગાય છે.....' આવી અનુગતપ્રતીતિ કેમ થાય છે ?' કેમકે પ્રથમ ગોદર્શન કાળે ગાયમાં વર્તનાર ગોત્વ સામાન્યનું પણ ચક્ષુ દ્વારા ગ્રહણ થયું છે. આમ ગોત્વ જાતિનું બાહ્યેન્દ્રિય પ્રત્યક્ષ સંભવે છે. હવે વ્યભિચાર દોષ દ્વારા હેતુમાં સાધ્યની વ્યાપ્તિ તૂટવાથી બાહ્યેન્દ્રિય પ્રત્યક્ષત્વ હેતુ ભલે પક્ષમાં રહે, પણ જ્યાં બાહ્યેન્દ્રિયપ્રત્યક્ષત્વ હોય ત્યાં પુદ્ગલપરિણામત્વ સાધ્યનું હોવું જરૂરી ન રહેતા વર્ણ સ્વરૂપ પક્ષમાં પુદ્ગલપરિણામત્વ સાધ્યની સિદ્ધિ નહીં કરી શકાય.

સમાધાન :- આમ વ્યભિચાર દોષ નહીં આવે. કેમકે ગોત્વ વિગેરે જાતિઓ સદશપરિણામ રૂપ હોવાથી તેઓ પણ પુદ્ગલપરિણામ જ છે. આશય એ છે કે દરેક ગાયમાં વર્તતા ખુર, કાંધ, પૂંછડી, શિંગડા અને ગળાની ગોદડી રૂપ સદશ (સમાન) પર્યાય એ જ ગોત્વ રૂપ સામાન્ય[A] છે. ગાય જોતા તેના શિંગડા, ગોદડી વિગેરે સિવાય બીજી કાંઈ એક, નિત્ય અને અનુગત એવી વસ્તુ પ્રત્યક્ષમાં ભાસતી નથી કે જેને જાતિ કહી શકાય. આમ ગોત્વાદિ જાતિમાં પુદ્ગલપરિણામત્વ સાધ્ય રહેવાથી ત્યાં બાહ્યેન્દ્રિયગ્રાહ્યત્વ હેતુ રહે તેમાં વ્યભિચાર દોષ ન આવે. તેથી વ્યાપ્તિ અકબંધ રહેતા વર્ણ સ્વરૂપ પક્ષમાં પુદ્ગલપરિણામત્વ રૂપ સાધ્ય સિદ્ધ થઈ શકે છે.

શંકા :- પહેલું અનુમાન તો બરાબર છે. પરંતુ બીજા અનુમાનનો बाह्यादिभिः प्रतिहन्यमानत्व હેતુ વર્ણમાં ક્યાં ઘટે છે ? અર્થાત્ વર્ણ બાહ્ય વસ્તુથી પ્રતિહન્યમાન શી રીતે સંભવે ?

સમાધાન :- વર્ણ બાહ્યવસ્તુ દ્વારા પ્રતિહન્યમાન આ રીતે સંભવે. કોઈક દિશામાં બોલાતો વર્ણ (શબ્દ) પવનના બળથી રૂના ઢગલાની જેમ બીજી દિશામાં ગતિ પામતો અનુભવાય છે. ક્યારેક પર્વતની ગુફા, વન આદિમાં પ્રહાર કરેલા પથ્થરની જેમ સામે અથડાઈને પાછો ફરેલો શબ્દપડઘો બોલનારને જ ફરી કાનમાં સંભળાય છે. ક્યારેક નોળીયાના દર આદિને વિશે નીકના પાણીની જેમ શબ્દ અટકી જાય છે. ક્યારેક વાંસળીના કાણાં ઉપર કાણું પૂરુ ઢંકાય તેમ તથા કાણું અડધું ખુલ્લું રહે તેમ આંગળીના જુદા જુદા પ્રયોગોને લઈને શબ્દ અનેક પ્રકારે વિકારને પામે છે. તથા કાંસા આદિના વાસણ સાથે શબ્દ અથડાતા તે વાસણની ઘ્રુજારીના નવા ધ્વનિનાં ઉત્પત્તિનું કારણ બને છે. ક્યારેક કર્કશ પ્રયોગ કરાયેલો શબ્દ લાકડાનો ફટકો જેમ પીડા પમાડે તેમ કાનમાં પીડા ઉત્પન્ન કરે છે. તો વળી ક્યારેક અતિ વેગીલા પુષ્કળ ઘોડા અને ખચ્ચરની ખુરાદિના પછડાટથી વેગ પામેલો શબ્દ ઘન એવા પણ દ્રવ્યને ભેદી નાંખે છે. આવા પ્રકારનો વિકાર પુદ્ગલના પરિણામરૂપે સંભવતી વસ્તુમાં જ જોવા મળતો હોવાથી અનુમાન થઈ શકે છે કે શબ્દ એ પુદ્ગલનો પરિણામ અર્થાત્ પૌદ્ગલિક છે.

(A) *वस्तूनामेव गवादीनां खुर-ककुद-लाङ्गूल-विषाण-सास्नादिमत्त्वलक्षणो यः सदृशपर्यायः स एव सामान्यम्।* (वि. आ. भाष्य-२२०२)

(3) 'अस्यत्यनेन वर्णान्' વ્યુત્પત્તિ મુજબ જેના દ્વારા વર્ણોનો ક્ષેપ કરવામાં આવે તેને 'આસ્ય' કહેવાય. અહીં પારિભાષિક આસ્ય ન લેતા લૌકિક ગ્રહણ કર્યું હોવાથી તે પશુ, અપત્ય, દેવતા આદિની જેમ પ્રસિદ્ધ છે. આથી બૃ. વૃત્તિમાં કહે છે કે 'હોંઠથી માંડીને કાકલી[A] (કંઠમણિ) ની પહેલા સુધીના મુખને આસ્ય કહેવાય.' ગળામાં જે થોડો ઉપસેલો ભાગ હોય છે તેને કાકલી કહેવાય છે.

શંકા :- आस्ये भवम् વ્યુત્પત્તિ મુજબ 'दिगादि० ६.३.१२४' સૂત્રથી आस्य શબ્દને तद्धितનો य પ્રત્યય લાગી 'अवर्णेवर्णस्य ७.४.६८' સૂત્રથી आस्य ના अ નો લોપ અને 'व्यञ्जनात् पञ्च० १.३.४७' સૂત્રથી य् નો લોપ થતા ફરી आस्य શબ્દ બને છે. આમ आस्ये भवम् વ્યુત્પત્તિ મુજબ મુખ, અંતર્વર્તી તાલુ વિગેરે સ્થાનો પણ લૌકિક આસ્યસંજ્ઞાને પામશે.

સમાધાન :- ના, નહીં પામે. કેમકે તાલુ વિગેરે સ્થાનો 'आस्ये भवम्' યોગ (વ્યુત્પત્તિ) મુજબ આસ્ય શબ્દથી વાચ્ય બનતા હોવાથી તેમની આસ્ય શબ્દ દ્વારા ઝડપી પ્રતીતિ નથી થતી. તેથી તેઓ આસ્ય શબ્દના વાચ્ય રૂપે અપ્રસિદ્ધ છે. જ્યારે હોઠથી કાકલી સુધીના મુખ અર્થમાં આસ્ય શબ્દ રૂઢ છે. ***'योगाद् रूढेर्बलीयस्त्वम्'*** ન્યાય મુજબ યૌગિક અર્થ (વ્યુત્પત્યર્થ) કરતા રૂઢ્યર્થ બળવાન બને. તેથી અહીં આસ્ય શબ્દ મુખ અર્થમાં જ વર્તશે, તાલુ વિગેરે અર્થમાં નહીં. આથી જ સૂત્રમાં આસ્ય શબ્દની પૂર્વે સ્થાન શબ્દનું ગ્રહણ કર્યું છે. બાકી આસ્ય શબ્દથી જ જો તાલુ વિગેરે સ્થાનોનું ગ્રહણ થતું હોત તો સૂત્રમાં તેમના ગ્રહણાર્થે સ્થાન શબ્દ મૂકવો નિરર્થક થાત.

(4) આસ્યમાં થતો વર્ણને અનુકૂળ એનો આંતરિક સંરંભ (યત્નવિશેષ) તે આસ્યપ્રયત્ન કહેવાય. તે '૪' પ્રકારનો છે : (૧) સ્પૃષ્ટતા (૨) ઈષત્સ્પૃષ્ટતા (૩) વિવૃતતા અને (૪) ઈષદ્ વિવૃતતા.[B]

શંકા :- સ્પૃષ્ટસ્ય ભાવઃ સ્પૃષ્ટતા, સા આદિર્યસ્ય=સ્પૃષ્ટતાદિઃ, અહીં સ્પૃષ્ટતાદિ ચારને પ્રયત્ન રૂપે બતાવ્યા છે. પરંતુ સ્પૃષ્ટાદિ તો કરણ છે (અર્થાત્ સ્પૃષ્ટતાદિ તો કરણના ધર્મ છે.) જેમકે જીભના મૂળ, મધ્યભાગ, અગ્રભાગ અને ઉપાગ્રભાગ રૂપ ચારે કરણ જો કંઠાદિ તે તે સ્થાનોને કાંઈક સ્પર્શે, ઘણા સ્પર્શે, દૂર રહે કે સ્પર્શ્યા વિના નજીક રહે તો તે તે વર્ણોની ઉત્પત્તિ થતી હોય છે. તેથી સ્પૃષ્ટ, ઈષદ્સ્પૃષ્ટ વિગેરે રૂપે તો આ ચાર કરણ હોય છે. અથવા સ્પૃષ્ટતાદિ વર્ણના ધર્મ છે. કેમકે વર્ણ પણ પોતાના પરિણામ (= ભાષા વર્ગણાના પુદ્ગલમાંથી શબ્દ રૂપે પરિણામ પામવું) અને આલંબનની બાબતમાં કંઠાદિ સ્થાન અને જીભના મૂળ વિગેરે કરણ વડે તે તે રીતે સ્પર્શાય છે. જેમકે કહ્યું છે કે 'क થી म સુધીના સ્પર્શ વ્યંજન અને यમ રૂપ વર્ણને ઉત્પન્ન કરનાર વાયુ

(A) काकलक શબ્દ આમ બન્યો છે * कल् + अच् = कल, * कल् + कप् કે णक = कलक, * इषद् कलक = काकलक। અહીં 'अल्पे ३.२.१३६' સૂત્રથી का આદેશ થયો છે.

(B) લઘુન્યાસમાં આ ચારે શબ્દની વ્યુત્પત્તિ બતાવી છે, તે ત્યાં જ જોઈ લેવી.

લોહના ગોળાની જેમ તે તે સ્થાનનું અવપીડન (સ્પર્શ) કરે છે.' અહીં 'યમ[A]' કું, ખું, गुं, घुं આવા પ્રકારના છે, જે લૌકિક પ્રયોગોમાં નથી વપરાતા. એવી રીતે અંતસ્થા વર્ણને ઉત્પન્ન કરનાર વાયુ કાષ્ઠગોલકની જેમ તે તે સ્થાનને સ્પર્શે છે. તથા ઉષ્માક્ષર અને સ્વરાત્મક વર્ણને પેદા કરનાર વાયુ ઉનના દડાની જેમ તે તે સ્થાનને સ્પર્શે છે.' આ રીતે 'સ્પૃષ્ટતાદિ' વર્ણના ધર્મ કે કરણધર્મ રૂપે સંભવે છે, તો કેમ તેમને પ્રયત્ન રૂપે દર્શાવવામાં આવ્યા છે ? પ્રયત્ન તો આત્માનો વીર્ય (શક્તિ) ફોરવવા રૂપ સંરંભ છે.

સમાધાન :- તમારી વાત સાચી છે. પણ કરણમાં કે વર્ણમાં 'સ્પૃષ્ટતાદિ ધર્મો' પ્રયત્નના કારણે ઉત્પન્ન થતા હોવાથી કાર્યમાં કારણનો ઉપચાર કરી તેમને 'પ્રયત્ન' રૂપે બતાવ્યા છે. નિયમ છે કે ***'यद्धि यद्धेतुकं तत् तद्व्यपदेशं प्रतिपद्यते'*** (જે વસ્તુ જેના કારણે ઉત્પન્ન થતી હોય તે વસ્તુ કારણના વ્યપદેશને પામે છે.) જેમ કે 'अन्नं वै प्राणाः[B]' ; અહીં અન્ન કારણ છે, પ્રાણ તેનું કાર્ય છે. છતાં કાર્યમાં કારણનો ઉપચાર કર્યો હોવાથી પ્રાણને અન્ન કહ્યું છે. પ્રસ્તુતમાં સ્પૃષ્ટતાદિ શબ્દો પ્રયત્ન અર્થમાં જ રૂઢ છે. અર્થાત્ મુખમાં વર્તતા જીભના અગ્રભાગ વિગેરે કરણોનો કંઠ વિગેરે સ્થાનોની સાથે વર્ણોનો ઉત્પાદક એવો સ્પર્શ, આછો સ્પર્શ, દૂર વર્તવું અને નજીક વર્તવા રૂપ અભ્યંતર કાર્યોને કરાવનાર પ્રયત્ન વિશેષો સ્પૃષ્ટતા વિગેરે શબ્દોથી વાચ્ય બને છે. યદ્યપિ અહીં શંકા થાય કે ''પ્રયત્ન વીર્ય પરિણામરૂપ હોવાથી આત્માનો ગુણધર્મ એવો તે આત્મામાં રહેવો જોઈએ, તે આસ્ય (મુખ) માં શી રીતે વર્તી શકે ?'' ત્યાં સમજવું કે ''આત્મવૃત્તિ આ પ્રયત્નો આસ્યમાં વર્તતા તે તે સ્થાનોને વિશે શબ્દોત્પાદક એવા વાયુસંયોગના જનક છે. તેથી તે સ્વરૂપે અર્થાત્ आस्यवृत्तिस्थानेषु वायुसंयोगजनकत्वसंबन्धेन આ પ્રયત્નો આસ્યમાં રહી જશે.'' (ટૂંકમાં આટલી વાત પરથી શબ્દોત્પત્તિની પ્રક્રિયા આવા પ્રકારની જણાય છે કે 'આત્માના પ્રયત્નથી પ્રેરાયેલો વાયુ તે તે સ્થાનોની સાથે સ્પર્શે (સંયોગ પામે) છે તથા સહકારી કારણ એવા જીભના મૂળ વિગેરે કરણો પણ કંઠાદિ સ્થાનોના સંપર્કમાં ઈષત્ સંપર્કમાં કે નજીક, દૂર રહે છે. જેથી શબ્દોની ઉત્પત્તિ થાય છે.')

(5) હવે છુટક છુટક આટલી વાત પરથી બૃ. વૃત્તિમાં 'तुल्यौ वर्णान्तरेण सदृशौ...' આ આખો સૂત્રાર્થ કહેવામાં આવે છે. 'જે વર્ણોના સ્થાન અને આસ્યપ્રયત્ન બીજા વર્ણોને સમાન હોય તે વર્ણો તે બીજા વર્ણોને સ્વસંજ્ઞક થાય છે.'

(A) કોઈપણ વર્ગનાં આદ્ય ચાર વ્યંજન પૈકીનો કોઈપણ વ્યંજન પૂર્વમાં હોય અને વર્ગનો પાંચમો વ્યંજન પરમાં હોય ત્યારે તે બન્નેની વચ્ચે પૂર્વ વ્યંજનને સદશ 'યમ' નામનો વર્ણ બોલાય છે, જે 'પ્રાતિશાખ્ય' માં પ્રસિદ્ધ છે.

(B) અન્ય ગ્રંથોમાં 'अन्नं वै०' સ્થળે કારણમાં કાર્યનો (એટલે કે અન્નમાં પ્રાણનો) ઉપચાર કરી અન્નને 'પ્રાણ' કહેવાતો હોય છે. પરંતુ અહીં પંક્તિ અનુસારે કાર્યમાં કારણનો ઉપચાર કરી પ્રાણને અન્ન કહ્યું છે.

શંકા :- આ સૂત્ર 'यस्य तुल्यस्थानास्यप्रयत्नः स्वः' આવું બનાવવું જોઈએ. જેથી સૂત્રનો અર્થ 'જેને તુલ્ય સ્થાન અને આસ્યપ્રયત્નવાળો વર્ણ હોય તેની અપેક્ષાએ તે વર્ણ 'સ્વ' સંજ્ઞક થાય છે.[(A)]' આવો પ્રાપ્ત થઈ શકે. જો સૂત્રમાં यस्य પદ ન મૂકવામાં આવે તો આ સૂત્રનો અર્થ 'અમુક વર્ણને તુલ્ય સ્થાન અને આસ્યપ્રયત્નવાળો વર્ણ 'સ્વ' સંજ્ઞક થાય છે.' આટલો જ થવાથી 'જે વર્ણ જેની અપેક્ષાએ તુલ્ય સ્થાન અને આસ્યપ્રયત્નવાળો હોય તેને જ તે સ્વસંજ્ઞક થાય છે' આવો અર્થ પ્રાપ્ત ન થતા અમુક વર્ણને તુલ્યસ્થાનાસ્યપ્રયત્નવાળો વર્ણ બીજા કો'ક વર્ણને પણ સ્વસંજ્ઞક થવાની આપત્તિ આવશે.

સમાધાન :- આવી આપત્તિ નહીં આવે. કેમકે તુલ્ય શબ્દ સંબંધી શબ્દ છે. બીજું કોઈ નિમિત્ત (શબ્દાંતર) ન બતાવ્યું હોય તો પણ સંબંધી શબ્દ પોતાની સાથે મેળવાળા બીજા સંબંધીનો જ બોધ કરાવે છે. જેમકે 'માતાની સાથે સારું વર્તન કરવું જોઈએ' અને 'પિતાની સેવા કરવી જોઈએ' આવું કહેવામાં આવતા અહીં 'પોતાની માતા' કે 'પોતાના પિતા' આવો કોઈ ઉલ્લેખ કર્યો નથી, છતાં માતા અને પિતા શબ્દ દ્વારા સંબંધને લઈને સ્વાભાવિક રીતે 'જે જેની માતા હોય' અને 'જે જેના પિતા હોય' અર્થાત્ પોતાના માતા-પિતા આ અર્થ જણાઈ આવે છે. આમ પણ સાંભળનાર વ્યક્તિને દુનિયાભરના માતા-પિતા સાથે શું લેવા દેવા ? એને તો પોતાના જ માતા-પિતા ઈષ્ટ હોય. તેવી રીતે પ્રસ્તુતમાં પણ સૂત્રમાં यस्य પદ રૂપ નિમિત્ત (શબ્દાન્તર) વિના સહજ રીતે 'જેને જે તુલ્યસ્થાન અને આસ્યપ્રયત્નવાળો હોય તે તેના પ્રત્યે 'સ્વ' સંજ્ઞક થાય' આ અર્થ જણાઈ આવે છે. બીજા વ્યવહારૂ દૃષ્ટાંતથી સમજવું હોય તો 'તુલ્ય વ્યક્તિને કન્યા આપવી જોઈએ' આમ કહેવામાં આવતા બ્રાહ્મણ બીજા શૂદ્રને તુલ્ય એવા શૂદ્ર વ્યક્તિને પોતાની કન્યા આપતો નથી પણ જન્મ, શીલ, ગુણ, કર્મ અને સ્વભાવ આદિથી પોતાને તુલ્ય એવા બ્રાહ્મણ વ્યક્તિને જ કન્યાદાન કરે છે. તેમ પ્રસ્તુત સૂત્રમાં પણ यस्य પદ ન મૂકવામાં આવે તો પણ અમુક વર્ણને સ્થાન અને આસ્યપ્રયત્નને લઈને તુલ્ય બનેલો વર્ણ બીજા કો'ક વર્ણને સ્વસંજ્ઞક નથી થતો, પરંતુ તેને જેની સાથે તુલ્યતા હોય તે વર્ણને જ સ્વસંજ્ઞક થાય છે.

વળી અમુક વર્ણને તુલ્ય સ્થાનાસ્યપ્રયત્નવાળા વર્ણ જો બીજા વર્ણને પણ સ્વસંજ્ઞક થતા હોય તો આ સૂત્રથી સ્વસંજ્ઞા કરવી જ નકામી ઠરે. કેમકે બધા બધાને સ્વસંજ્ઞક થઈ જવાથી સ્વસંજ્ઞાનો વ્યવચ્છેદ્ય કોઈ નહીં બચે. કહેવાનો ભાવ એ છે કે બધા જ વર્ણ બધાને જો સ્વસંજ્ઞક થાય એમ હોય તો બધા અક્ષરો માટે 'વર્ણ' સંજ્ઞા છે જ. તેથી બીજી 'સ્વ' સંજ્ઞા આપીને નવું શું મેળવ્યું ? અમુક ચોક્કસ વર્ણો જો એકબીજાને સ્વ થતા હોય તો આગળ સૂત્રોમાં તેમને લગતું કાર્ય બતાવી સ્વસંજ્ઞાને સાર્થક બતાવી શકાય.

શંકા :- ર્ અને ઉષ્માક્ષર (શ્, ષ્, સ્ અને હ્) સ્વસંજ્ઞાના વ્યવચ્છેદ્ય રૂપે પ્રાપ્ત થાય છે. અર્થાત્ તેમને સ્વસંજ્ઞાની વ્યાવૃત્તિ (અટકાયત) કરવા બાકીના વર્ણો માટે સ્વસંજ્ઞા સફળ છે. ર્ અને ઉષ્માક્ષરને કોઈ સ્વ નથી.

(A) *'यत्तदोर्नित्यसम्बन्धः'* ન્યાયાનુસારે સૂત્રમાં આગળ यस्य લખ્યું હોવાથી પાછળ 'તેની અપેક્ષાએ તે વર્ણ 'સ્વ' સંજ્ઞક થાય છે.' આવો અર્થ કરી શકાય છે.

સમાધાન :- ર્ ને ભલે બીજા કોઈ વર્ણો સ્વ ન હોય, છતાં ર્ વ્યક્તિ અનેક હોવાથી તેને બીજા ર્ સ્વ છે. આ પ્રમાણે ઉષ્માક્ષરમાં પણ સમજવું. તેથી ર્ અને ઉષ્માક્ષર સ્વ સંજ્ઞાના વ્યવચ્છેદ્ય રૂપે પ્રાપ્ત નહીં થઈ શકે. તેથી સ્વસંજ્ઞાના સાફલ્યાર્થે યસ્ય પદ રહિત આ સૂત્રથી અમુક વર્ણને તુલ્ય સ્થાનાસ્યપ્રયત્નવાળા વર્ણ બીજા વર્ણને પણ સ્વસંજ્ઞક ન થતા તે અમુક વર્ણને જ સ્વસંજ્ઞક થઈ શકશે.

(અહીં આ વાત ધ્યાનમાં લેવી કે બૃ. વૃત્તિમાં સૂત્રની વ્યાખ્યા 'तुल्यौ वर्णान्तरेण सदृशौ स्थानाऽऽस्यप्रयत्नौ यस्य स वर्णस्तं प्रति स्वसंज्ञो भवति' આવી બતાવી છે. જેમાં તુલ્યનો અર્થ 'વર્ણાન્તર (બીજા વર્ણ)ને સદશ' આવો કર્યો છે. તેથી અહીં શંકા થશે કે 'ર્ અને ઉષ્માક્ષર વર્ણાન્તરને સદશ નથી, પણ ર્ અને ઉષ્માક્ષરને જ સદશ છે. તો તેમને સ્વસંજ્ઞાની વ્યાખ્યા શી રીતે લાગુ પડશે ?' પરંતુ અહીં વર્ણાન્તર એટલે 'જુદા પ્રકારનો વર્ણ' આવો અર્થ ન કરતા ફક્ત 'બીજો વર્ણ' આટલો જ કરવાનો છે. ર્ વ્યક્તિ અનેક છે, તેથી એક ર્ ની અપેક્ષાએ બીજો ર્ વર્ણાન્તર થયો ગણાય. આમ ર્ વર્ણાન્તરને સદશ થઈ શકે છે. ઉષ્માક્ષર અંગે પણ આમ સમજવું. આથી ર્ અને ઉષ્માક્ષરને સ્વસંજ્ઞાની વ્યાખ્યા લાગુ પડી શકે છે.)

(6) વર્ણના ઉત્પત્તિકાલે સ્થાન અને પ્રયત્નનું જે સહકારી કારણ, તેને કરણ કહેવાય છે. તે ચાર છે. (૧) જીભનું મૂલ (૨) જીભનો મધ્યભાગ (૩) જીભનો અગ્રભાગ અને (૪) જીભનો ઉપાગ્ર (ટોચનો) ભાગ.

શંકા :- જેના સ્થાન અને આસ્યપ્રયત્ન સરખા હોય તે વર્ણોને જેમ પરસ્પર સ્વ સંજ્ઞા થાય છે, તેમ જેના કરણ સરખા હોય તે વર્ણોને પરસ્પર સ્વસંજ્ઞા થાય છે, એમ પણ કહેવું જોઈએ. કેમકે જેના કરણ ભિન્ન હોય ત્યાં પરસ્પર સ્વત્વ જોવામાં આવતું નથી.

સમાધાન :- જે વર્ણોમાં સ્વત્વ જોવામાં આવે ત્યાં કરણ તુલ્ય હોય છે આવું શેના આધારે કહી શકાય ?

શંકા :- પરસ્પર સ્વ એવા જિહ્વ્ય, તાલવ્ય, મૂર્ધન્ય અને દંત્ય વર્ણોને જીભને આશ્રયી તુલ્યકરણ આ રીતે બતાવી શકાય. જિહ્વ્ય વર્ણોનું ઉચ્ચારણ જીભના મૂળ અપકરણ વડે થાય છે માટે ત્યાં કરણ સમાન થયું. તાલવ્ય વર્ણોનું ઉચ્ચારણ જીભના મધ્યભાગ રૂપ કરણ વડે થાય છે. મૂર્ધન્ય વર્ણોનું ઉચ્ચારણ જીભના ઉપાગ્રભાગ અથવા અગ્ર ભાગના નીચેના ભાગરૂપ કરણ વડે થાય છે. દંત્ય વર્ણોનું ઉચ્ચારણ જીભના અગ્રભાગ રૂપ કરણ વડે થાય છે. બાકીના વર્ણો પોતપોતાના સ્થાન રૂપ કરણવાળા સમજવા. આમ બધે સ્વસંજ્ઞા પામનાર વર્ણોમાં કરણ સમાન મળે છે. તેથી કરણની તુલ્યતા પણ સ્વસંજ્ઞાની પ્રયોજિકા છે. તો પછી સૂત્ર तुल्यकरणस्थानाऽऽस्यप्रयत्नः स्वः આવું કેમ ન બનાવ્યું ?

સમાધાન :- જે વર્ણોના સ્થાન અને આસ્યપ્રયત્નો સરખા હોય, તેના કરણ પણ સરખા જ હોય છે. તેથી સ્થાન અને આસ્યપ્રયત્નના સરખાપણામાં કરણનું સરખાપણું સમાઈ જતું હોવાથી કરણના સરખાપણાની સૂત્રમાં અલગથી વાત નથી કરી.

(7) હવે કયા વર્ણનું કયુ સ્થાન અને પ્રયત્ન છે તે બતાવે છે. કેમકે તે તે વર્ણનું સ્થાન અને આસ્યપ્રયત્ન ન જાણાય તો સ્થાન અને પ્રયત્નના ઐક્યને લઈને વિધાન કરાતું સ્વત્વ જાણવું શક્ય ન બને. આથી બૃ. વૃત્તિમાં સૌ પ્રથમ વર્ણોના સ્થાન બતાવે છે – 'અ વર્ણ હ, વિસર્ગ અને ક વર્ગ કંઠ્ય છે.'

શંકા :– પ્રસ્તુતમાં સ્થાન બતાવવાની વાત ચાલે છે, જ્યારે તમે તો સ્થાની બતાવી દીધા. અર્થાત્ 'અ વર્ણ વિગેરેનું કંઠ સ્થાન છે' તેમ બતાવવું જોઈએ. જ્યારે તમે તેમને કંઠ્ય સ્થાની રૂપે બતાવી દીધા. આ તો 'કોના લગન ને કોના ગાણા' જેવું થયું.

સમાધાન :– એવું નથી. 'लोहितोष्णीषा ऋत्विजः प्रचरन्तु' (લાલ સાફાવાળા યાજ્ઞિકો વિચરો), અહીં જેમ 'ગમે તે ઋત્વિજ નહીં, પણ લાલ સાફાવાળા ઋત્વિજ વિચરો' એમ વક્તાનું તાત્પર્ય હોવાથી ઋત્વિજ અને તેમનું વિચરણ તો પ્રતીત[A] જ છે. પરંતુ તેમનું લાલ સાફાવાળા હોવું જરૂરી છે. અર્થાત્ ઋત્વિજ ભેગા તેમના માથે લાલ સાફાનું આવવું જરૂરી છે. આમ વિશેષ્યને ઉદ્દેશીને કરેલું વિધાન જેમ વિશેષણમાં સંક્રાંત થાય છે તેમ પ્રસ્તુતમાં પણ કંઠસ્થાનમાં ઉત્પન્ન થયેલાને કંઠ્ય કહેવાય. અર્થાત્ કંઠ્ય એટલે કંઠ સ્થાનવાળા. અહીં પણ અ વર્ણ, હ, વિસર્ગ અને ક વર્ગ રૂપ વિશેષ્ય અન્યતઃ (વર્ણસમામ્નાય દ્વારા) પ્રતીત જ છે તેથી તેમને કંઠસ્થાન રૂપ વિશેષણ બતાવવા દ્વારા ગ્રંથકારનું 'તેમનું કંઠસ્થાન છે' આમ જણાવવાનું જ તાત્પર્ય છે. આ રીતે તાલવ્ય વિગેરે અંગે પણ સમજી લેવું. વાક્યવિદો પણ કહે છે ***'सविशेषणौ हि विधिनिषेधौ विशेषणमुपसंक्रामतः'*** (વિશેષણ સહિતના (= વિશેષ્ય) ને જે વિધિ-નિષેધ કહેવાયા હોય તે વિશેષણમાં પર્યવસાન પામે છે.)

શંકા :– પણ સીધુ અ વર્ણ વિગેરેનું કંઠ સ્થાન બતાવી શકાતું હતું તો શા માટે આ રીતે નિર્દેશ કર્યો ?

સમાધાન :– વર્ણોની ઉત્પત્તિમાં કંઠ વિગેરે સ્થાનો ઉપાય(હેતુ) છે. વ્યાકરણ શબ્દશાસ્ત્ર હોવાથી તેમાં વર્ણો પ્રધાન વસ્તુ છે અને ઉપાયો ગૌણ છે. તેથી ઉપાયોનું અપ્રાધાન્ય સૂચવવા આ રીતે નિર્દેશ કર્યો છે.

હવે દરેક વર્ણોના જે જે સ્થાન છે, તેનું સ્વમતે અને અન્યમતે વિભાજન કરીને બતાવાય છે. (જ્યાં અન્ય મત સ્વમત કરતા ભિન્ન હશે, ત્યાં જ અન્યમતનું સ્થાન બતાવશું. બાકી અન્યમત સ્વમતવત્ સમજી લેવો.)

(A) વિશેષ્ય પ્રતીત હોય તો જ તેની સાથે વિશેષણ જોડી શકાય. જેમકે વ્યક્તિને 'ઘટ કોને કહેવાય ?' એ ખબર હોય તો જ તેને 'લાલ ઘડો લાવ' એમ કહેવાય. જે ઘડાને જ જાણતો નથી, તે લાલ ઘડાને શી રીતે જાણી શકે ? આમ શ્રોતાને વિશેષ્ય અન્ય કોઈ પણ રીતે પ્રતીત હોવું જરૂરી છે. હવે વક્તા સામાન્યથી 'ઘડો લાવ' ન બોલતા 'લાલ ઘડો લાવ' એમ બોલ્યો, એ જ બતાવે છે કે તેને કોરા ઘડાથી પ્રયોજન નથી, પણ ઘડાની લાલાશ સાથે પ્રયોજન છે. આમ વિશેષ્યને આશ્રયીને કરેલું વિધાન વિશેષણમાં સંક્રાન્ત થાય છે.

સ્વમતે		અન્યમતે	સ્વમતે		અન્યમતે	સ્વમતે		અન્યમતે
કંઠ્ય	અ વર્ણ →	(A)સર્વ મુખસ્થાન	તાલવ્ય	ઇ વર્ણ ચ વર્ગ	આપિશલિ	ઓષ્ઠ્ય	ઉ વર્ણ પ વર્ગ	આપિશલિ
	હ્ વિસર્ગ →	ઉરસ્		ય્, શ્,			ઉપધ્માનીય	
	ક વર્ગ →	જિહ્વામૂલ		એ →	કંઠ્ય-તાલવ્ય		ઓ →	કંઠ્ય-ઓષ્ઠ્ય
				ઐ →	કંઠ્ય-તાલવ્ય		ઔ →	કંઠ્ય-ઓષ્ઠ્ય

સંધ્યક્ષર બે વર્ણના સંયોગરૂપ છે. એ-ઐ સંધ્યક્ષરોમાં પૂર્વભાગ અ સ્વરૂપ છે અને પરભાગ ઇ સ્વરૂપ છે. તથા ઓ-ઔ સંધ્યક્ષરોમાં પૂર્વભાગ અ સ્વરૂપ છે અને ઉત્તરભાગ ઉ સ્વરૂપ છે. તેથી એ-ઐ ની નિષ્પત્તિમાં કંઠસ્થાન અને તાલુસ્થાન તથા ઓ-ઔ ની નિષ્પત્તિમાં કંઠસ્થાન અને ઓષ્ઠસ્થાન આમ બન્ને સ્થાનો વપરાય છે. છતાં પણ 'બ્રાહ્મણગ્રામ' ન્યાયે અધિકમાત્રાનુસાર કથન થતું હોવાથી અર્થાત્ એ-ઐ-ઓ-ઔ ગત અ અંશની અડધી માત્રા અને ક્રમશઃ ઇ તથા ઉ અંશની દોઢમાત્રા હોવાથી અધિક માત્રાવાળા અંશને નજરમાં લઈને અહીં એ-ઐ ને તાલવ્ય અને ઓ-ઔ ને ઓષ્ઠ્ય ગણાવ્યા છે. અથવા એ-ઐ તાલુસ્થાનથી જન્ય હોવાથી તાલવ્ય જ છે અને ઓ-ઔ ઓષ્ઠસ્થાનથી જન્ય હોવાથી ઓષ્ઠ્ય જ છે. અન્યકાર બન્ને સ્થાનના વપરાશને નજરમાં લઈને એ-ઐ ને કંઠ્ય-તાલવ્ય તથા ઓ-ઔ ને કંઠ્યૌષ્ઠ્ય ગણાવે છે. **'ભર્તૃહરિ'** પણ કહે છે કે ''આમ શિક્ષાકારે એ-ઐ ને તાલવ્ય અને ઓ-ઔ ને ઓષ્ઠ્ય સ્વીકાર્યા છે.''

શંકા :- કઈ વાતને નજરમાં રાખવાથી શિક્ષામાં ભેદ પડે છે ? આ વાત સ્પષ્ટ થવી જોઈએ. ए જો તાલવ્ય છે તો ई પણ તાલવ્ય હોવાથી તે બન્નેના શ્રવણમાં ભેદ કેમ પડે છે ? અર્થાત્ તેઓ જુદા પ્રકારના કેમ સંભળાય છે ? એમ ओ જો ઓષ્ઠ્ય છે તો ऊ પણ ઓષ્ઠ્ય હોવાથી ત્યાં પણ શ્રવણમાં ભેદ કેમ પડે છે ? આ બધાના સ્થાન, આસ્યપ્રયત્ન અને માત્રારૂપ કાળ તો સમાન જ છે, તેથી તેમને લઈને ભેદ ન પડી શકે.

સમાધાન :- માન્યતાના ભેદને લઈને શિક્ષામાં ભેદ પડે છે, તે આ પ્રમાણે - કેટલાક એવું માને છે કે 'આ વર્ણોને ઉત્પન્ન કરનારો જે વાયુ છે તે ए ની નિષ્પત્તિ વખતે તાલુની સમીપમાં જે કંઠ વર્તે છે તેને સ્પર્શે છે. પરંતુ સ્થાન તો તાલુ જ બને છે. એમ ओ ની બાબતમાં પણ સ્થાન તો ઓષ્ઠ જ બનશે. ફક્ત વાયુ કંઠનો સ્પર્શ કરે છે, એટલું જ વિશેષ સમજવું. ई અને ऊ ની નિષ્પત્તિમાં વાયુ કંઠસ્થાનને નહીં સ્પર્શે. માટે આ જુદાઈને લઈને ए તથા ई અને ओ તથા ऊ ના શ્રવણમાં ભેદ પડે છે.'

બીજા કેટલાક માને છે કે એ-ઐ અને ઓ-ઔ ની નિષ્પત્તિમાં કંઠ પણ સ્થાન છે. તેથી એમના મતે એ-ઐ કંઠ્ય-તાલવ્ય અને ઓ-ઔ કંઠ્ય-ઓષ્ઠ્ય હોવાથી સ્થાનની જુદાઈને લઈને જ ए તથા ई અને ओ તથા ऊ ના શ્રવણમાં ભેદ પડી જાય છે.

(A) અ વર્ણ સર્વમુખસ્થાન છે. અર્થાત્ અઢાર પ્રકારના અ વર્ણની નિષ્પત્તિમાં મુખમાં રહેલાં સર્વે સ્થાનો વપરાય છે. અહીં અન્યકાર **શાકટાયન** છે. જુઓ 'स्वःस्थानास्यैक्ये' (શા.સૂ. ૧.૧.૬)

તો વળી ત્રીજા કેટલાક જીભના અગ્રભાગ, ઉપાગ્રભાગ, મધ્યભાગ અને મૂળભાગ રૂપ કરણના ભેદે ए તથા ई અને ओ તથા ऊ ના શ્રવણમાં ભેદ પડે છે એવું માને છે. इ વર્ણ, च વર્ગ, य् અને श् ને જીભના મધ્યભાગ રૂપ કરણ છે જ્યારે ए-ऐ તથા ओ-औ વિગેરે બીજા વર્ણોના અન્ય કરણો છે.

સ્વમતે		શાકટાયન
મૂર્ધન્ય	ऋ વર્ણ ट વર્ગ र् → ष्	દંતમૂલીય

સ્વમતે		અન્ય
દન્ત્ય	ऌ વર્ણ त વર્ગ ल् स्	

સ્વમતે		અન્ય
જિહ્વ્ય	જિહ્વા→ મૂલીય	કંઠ્ય
દંત્યૌષ્ઠ્ય	व् →	(A) સૂક્કસ્થાન (દેવનંદી)

સ્વમતે		શાકટાયન
નાસિક્ય	અનુ-→ સ્વાર	કંઠ્ય નાસિક્ય
સ્વસ્થાન તથા નાસિક્ય	ङ् ञ् ण् न् म्	

(8) હવે દરેક વર્ણોના જે આસ્યપ્રયત્ન છે, તેનું સ્વમતે અને પરમતે વિભાજન કરીને બતાવાય છે. (અન્યમત જે સ્થળે સ્વમત કરતા ભિન્ન પડતો હશે, ત્યાં જ બતાવશું.)

(B) સ્પૃષ્ટ	સ્પર્શ વ્યંજનો (क् થી म् સુધીના) વર્ગીય વ્યંજનો

ઈષત્ સ્પૃષ્ટ	અન્તસ્થા

સ્વમતે		અન્યમતે
ઈષદ્ વિવૃત	श् ष् स् ह् (ઉષ્માક્ષર)	વિવૃત

વિવૃત	બધા સ્વરો

અહીં 'શૌનક પ્રાતિશાખ્ય' ના 'સ્પૃષ્ટં કરણં સ્પર્શાનામ્', 'ઇષત્સ્પૃષ્ટં કરણમન્તસ્થાનામ્', '(ઇષદ્) વિવૃતં કરણમૂષ્મણામ્' અને 'વિવૃતં કરણં સ્વરાણામ્' આ ચાર સૂત્રો બૃ. વૃત્તિમાં બતાવ્યા છે. જેમાં ત્રીજા સૂત્રમાં બીજા સૂત્રથી 'ઇષદ્' પદની અનુવૃત્તિ જાય છે, તેથી ઇષદ્વિવૃતં કરણમૂષ્મણામ્ આવું સૂત્ર પ્રાપ્ત થાય છે. ચોથા સૂત્રમાં 'ઇષદ્' પદની અનુવૃત્તિ અટકી જાય છે. માટે ફક્ત 'વિવૃતં કરણં સ્વરાણામ્' આવું સૂત્ર પ્રાપ્ત થાય છે. કેટલાક ચોથા સૂત્રમાં પણ 'ઇષદ્' પદની અનુવૃત્તિ લે છે. તેથી તેમના મતે સ્વરોનો પણ 'ઈષદ્વિવૃત' આસ્ય પ્રયત્ન ગણાવાથી अ વર્ણ અને ह ના કંઠસ્થાન ને ઈષદ્વિવૃત આસ્યપ્રયત્ન તુલ્ય થવાથી, તથા ऌ વર્ણ અને स् ના દંતસ્થાન અને ઈષદ્વિવૃત આસ્યપ્રયત્ન તુલ્ય થવાથી તેઓ પરસ્પર સ્વસંજ્ઞક બનશે. આ રીતે તેઓ સ્વસંજ્ઞક બની જાય તો પણ કોઈ આપત્તિ આવતી નથી.

● અહીં એટલું વિશેષ સમજવું કે સ્વરોમાં (C) ए-ओ 'વિવૃતતર' છે. ऐ-औ 'અતિવિવૃતતર' છે અને अ વર્ણ 'અતિવિવૃતતમ' છે.

(A) હોઠના છેડાનો ભાગ.

(B) સ્પૃષ્ટતા ગુણવાળા અથવા સ્પૃષ્ટતાને અનુસરતા ઉચ્ચારણના પ્રકારને સ્પૃષ્ટકરણ કહેવાય. આ રીતે ઈષત્સ્પૃષ્ટ, વિવૃત વિગેરે કરણ અંગે પણ સમજવું. પૂર્વે (4) નંબરના સ્થાને શંકામાં આ અંગે વિશેષ કહેવાઈ ગયું છે.

(C) આ નિર્ધારણઅર્થમાં સપ્તમી કરી છે.

શંકા :- તમે વિવૃતતર, અતિવિવૃતતર અને અતિવિવૃતતમ ; એમ પ્રયત્નના બીજા ત્રણ પ્રકાર બતાવ્યા. તેથી પ્રયત્નની કુલ સંખ્યા તમારે સાત બતાવવી જોઈએ. જ્યારે તમે તો આસ્યપ્રયત્ન ના ૪ પ્રકાર કહેલા છે.

સમાધાન :- વિવૃતતર, અતિવિવૃતતર અને અતિવિવૃતતમ એ ત્રણે પ્રકારોનો અમે વિવૃતમાં અંતર્ભાવ કર્યો છે. કેમકે સામાન્યમાં વિશેષનો અંતર્ભાવ થઈ શકે છે. દા.ત. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર આ ચાર વર્ણ વિશેષનો મનુષ્યસામાન્યમાં અંતર્ભાવ થઈ શકે છે. અર્થાત્ તે ચારેયને મનુષ્યરૂપે કહી શકાય છે. તેથી આસ્યપ્રયત્ન ૪ પ્રકારના કહ્યાં છે.

(9) આપિશલિ, પાણિનિ, ચંદ્ર વિગેરે પોતે રચેલી શિક્ષામાં અ કારને સંવૃત માને છે. (આમના મતે સંવૃતતા નામનો પાંચમો આસ્યપ્રયત્ન મનાશે.) આ લોકોના મતમાં અ નો સંવૃતતા આસ્યપ્રયત્ન અને આ નો વિવૃતતા આસ્યપ્રયત્ન હોવાથી આસ્યપ્રયત્નની જુદાઈને લઈને અ અને આ પરસ્પર સ્વસંજ્ઞક નહીં બને. આવું ન થાય માટે પ્રસ્તુત વ્યાકરણકારે વ્યાકરણશાસ્ત્રની પ્રક્રિયા દરમિયાન અ નો વિવૃતતા આસ્યપ્રયત્ન સ્વીકાર્યો છે, જ્યારે પ્રયોગકાળે (શબ્દ વ્યવહારમાં) તેને સંવૃતતા આસ્યપ્રયત્નવાળો સ્વીકાર્યો છે. અન્યમતે પ્રક્રિયા કે પ્રયોગ સર્વ અવસ્થામાં અ ને સ્વરૂપથી સંવૃતતા આસ્યપ્રયત્નવાળો સ્વીકાર્યો છે.

(10) હવે અ વર્ણને આશ્રયીને વિચારીએ તો તેના ૧૮ ભેદ છે. તે આ રીતે-અ વર્ણ ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત[A]

(A) 'उच्चैः उपलभ्यमानो यः स्वरः स उदात्तसंज्ञो भवति' અહીં ઊંચા સાદે સંભળાતો કે બોલાતો સ્વર ઉદાત્તરૂપે નથી સમજવાનો. કેમકે એકનો એક શબ્દ, સૂવાની ઈચ્છાવાળાને મોટો લાગતો હોય તો સાંભળવાની ઈચ્છાવાળાને નાનો લાગતો હોવાથી ઉચ્ચતાની બાબતમાં ધારાધોરણ ન રહી શકે. તેથી જેમાં વર્ણોની ઉત્પત્તિ થાય છે એવા કંઠ વિગેરે સ્થાનોના ઉપલા ભાગમાં જો સ્વર ઉત્પન્ન થાય તો તેને ઉદાત્ત ગણવામાં આવે છે. યદ્યપિ વિવક્ષિત સ્વર કંઠ વિગેરે સ્થાનના ઉપલા ભાગમાં ઉત્પન્ન થયો છે તે પ્રત્યક્ષ નથી થતું. તેથી તેનો નિશ્ચય કરવા આ ચિહ્ન સમજવું કે જે સ્વરોના ઉચ્ચારણમાં શરીરના અવયવો સ્તબ્ધ થતા હોય, અવાજ અસ્નિગ્ધ થતો હોય અને કંઠવિવર સંકોચાતુ હોય તે સ્વરોને ઉદાત્ત સમજવા.

'नीचैरुपलभ्यमानो यः स्वरः सोऽनुदात्तः' કંઠ વિગેરે સ્થાનોના નીચેના ભાગમાં જો સ્વર ઉત્પન્ન થાય તો તેને અનુદાત્ત કહેવાય. જે સ્વરોના ઉચ્ચારણમાં શરીરના અવયવો ઢીલા પડતા હોય, અવાજ મૃદુ (સ્નિગ્ધ) થતો હોય અને કંઠવિવર વિકસે તે સ્વરોને અનુદાત્ત સમજવા.

'उदात्ताऽनुदात्तस्वरसमाहारो यः स्वरः स स्वरितसंज्ञो भवति' જે સ્વરોમાં ઉદાત્ત અને અનુદાત્ત સ્વરોના ગુણધર્મોનો સમાહાર જોવા મળે તેમને સ્વરિત કહેવાય. અહીં બન્નેના ગુણધર્મોનો સમાહાર આમ સમજવો કે 'હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સ્વરોમાં શરૂઆતની અર્ધમાત્રા ઉદાત્ત લેવાની અને બાકીની ક્રમશઃ અડધી, દોઢ અને અઢી માત્રા અનુદાત્ત લેવાની.' કેટલાક એમ કહે છે કે 'હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સ્વરોની અડધો અડધ માત્રા ઉદાત્ત લેવાની અને બાકીની અનુદાત્ત લેવાની. અર્થાત્ શરૂઆતની ક્રમશઃ અડધી, એક અને દોઢ માત્રા ઉદાત્ત લેવાની અને બાકીની ક્રમશઃ અડધી, એક અને દોઢ માત્રા અનુદાત્ત લેવાની.'

એમ ત્રણ પ્રકારનો છે. એ ત્રણેયના સાનુનાસિક અને નિરનુનાસિક[A] એમ બે ભેદ હોવાથી અ વર્ણ છ પ્રકારનો થયો. એ છ પ્રકારના હ્રસ્વ-દીર્ઘ અને પ્લુત ભાંગા ગણતા અ વર્ણના કુલ અઢાર[B] ભેદ થયા. આ અઢારે પ્રકારના અ વર્ણનું સ્થાન કંઠ અને આસ્યપ્રયત્ન વિવૃત છે. આમ સ્થાન અને આસ્યપ્રયત્ન સરખા હોવાથી તેઓ એકબીજા સાથે પરસ્પર સજાતીય (સ્વ) થાય છે. એ જ પ્રમાણે ઇ વિગેરે વર્ણોના પણ ૧૮ ભેદ તથા પરસ્પરનું સ્વત્વ સમજવું. જે નીચે કોષ્ટકમાં બતાવાય છે.

વર્ણ		સ્થાન	આસ્યપ્રયત્ન	
● ૧૮ પ્રકારનો અ વર્ણ	→	કંઠ્ય	વિવૃત	પરસ્પર સ્વ
● ૧૮ પ્રકારનો ઇ વર્ણ	→	તાલવ્ય	વિવૃત	પરસ્પર સ્વ
● ૧૮ પ્રકારનો ઉ વર્ણ	→	ઓષ્ઠ્ય	વિવૃત	પરસ્પર સ્વ
● ૧૮ પ્રકારનો ઋ વર્ણ	→	મૂર્ધન્ય	વિવૃત	પરસ્પર સ્વ
● ૧૮[C] પ્રકારનો ઌ વર્ણ	→	દન્ત્ય	વિવૃત	પરસ્પર સ્વ
● ૧૨[D] પ્રકારનો એ વર્ણ	→	તાલવ્ય	વિવૃતતર	પરસ્પર સ્વ
● ૧૨ પ્રકારનો ઐ વર્ણ	→	તાલવ્ય	અતિવિવૃતતર	પરસ્પર સ્વ
● ૧૨ પ્રકારનો ઓ વર્ણ	→	ઓષ્ઠ્ય	વિવૃતતર	પરસ્પર સ્વ
● ૧૨ પ્રકારનો ઔ વર્ણ	→	ઓષ્ઠ્ય	અતિવિવૃતતર	પરસ્પર સ્વ

(A) નાસિકાને અનુસરતા વર્ણના ગુણધર્મને અનુનાસિક કહેવાય અને તે ગુણધર્મ સહિત વર્ણને સાનુનાસિક કહેવાય. તથા અનુનાસિકથી રહિત વર્ણને નિરનુનાસિક કહેવાય. યદ્યપિ અહીં અનુનાસિક શબ્દ વર્ણના ગુણધર્મના વાચક રૂપે બતાવ્યો છે. જ્યારે આગળ બૃ. વૃત્તિમાં ય, લ, વ્ એ રીતે વર્ણોને અનુનાસિક રૂપે બતાવ્યા છે. પરંતુ ત્યાં અનુનાસિકો ધર્મોઽસ્યાસ્તિ આમ ગુણધર્મના વાચક અનનુનાસિક શબ્દને 'અશ્રાદિભ્યઃ ૭.૨.૪૬' સૂત્રથી મત્વર્થીય અ પ્રત્યય લાગી પુનઃ અનુનાસિક શબ્દ બન્યો છે, માટે વાંધો નથી. અનનુનાસિક શબ્દસ્થળે ન વિદ્યતેઽનુનાસિકો ધર્મો યત્ર = અનનુનાસિકઃ આવી વ્યુત્પત્તિ સમજવી.

(B) અહીં પ્રશ્ન થાય કે "જેમ અ પ્લુત મળે છે તેમ આ પ્લુત પણ મળે છે. તેથી અ વર્ણના ૧૮ ને બદલે ૨૪ ભાંગા થવા જોઈએ." પરંતુ અહીં આ ભાંગા માત્રાને નજરમાં રાખીને પાડયા હોય તેમ જણાય છે. તેથી જેમ અ પ્લુતની ત્રણ માત્રા હોય છે તેમ આ પ્લુતની પણ ત્રણ માત્રા જ હોવાથી ત્રિમાત્રત્વેન (ત્રણ માત્રાવાળા હોવાથી) તેમને ભેગા ગણવામાં આવ્યા છે. તેથી અલગ ભાંગા પાડવાના રહેતા નથી.

(C) પાણિનિ વ્યાકરણવાળા દીર્ઘ ઌ માનતા નથી, તેથી તેમના મતે ઌ વર્ણ ૧૨ પ્રકારનો થશે.

(D) સંધ્યક્ષરો હ્રસ્વ નથી હોતા. તેથી તેના દરેકના ૧૨ પ્રકાર થશે.

વર્ણ		સ્થાન	આસ્યપ્રયત્ન	
● क वर्ग	→	કંઠ્ય	સ્પૃષ્ટ	પરસ્પર સ્વ
● च वर्ग	→	તાલવ્ય	સ્પૃષ્ટ	પરસ્પર સ્વ
● ट वर्ग	→	મૂર્ધન્ય	સ્પૃષ્ટ	પરસ્પર સ્વ
● त वर्ग	→	દન્ત્ય	સ્પૃષ્ટ	પરસ્પર સ્વ
● प वर्ग	→	ઓષ્ઠ્ય	સ્પૃષ્ટ	પરસ્પર સ્વ
● य्, यँ् (એ બન્ને ભેદ)	→	તાલવ્ય	ઈષત્સ્પૃષ્ટ	પરસ્પર સ્વ
● ल्, लँ् (એ બન્ને ભેદ)	→	દન્ત્ય	ઈષત્સ્પૃષ્ટ	પરસ્પર સ્વ
● व्, वँ् (એ બન્ને ભેદ)	→	દન્ત્યૌષ્ઠ્ય	ઈષત્સ્પૃષ્ટ	પરસ્પર સ્વ

ર્ શ્ ષ્ સ્ અને હ્ એ પાંચના સાનુનાસિક-નિરનુનાસિક એવા ભેદ ન હોવાથી તથા અન્યવર્ણ સાથે સ્થાન અને આસ્યપ્રયત્ન તુલ્ય ન હોવાથી બીજા કોઈ વર્ણો એમના સ્વ નથી. પરંતુ ર્ ને બીજા ર્ સ્વ થાય છે. એમ ઉષ્માક્ષર સ્થળે પણ સમજવું.

શંકા :- જે જે વર્ણોના સ્થાન અને આસ્યપ્રયત્ન તુલ્ય છે, તેમની શ્રુતિ (શ્રવણ) એકસરખી થવી જોઈએ. તેમાં ભેદ કેમ પડે છે ?

સમાધાન :- કાળપરિમાણનો ભેદ, કરણનો ભેદ અને પ્રાણથી કરાયેલા ગુણના ભેદના કારણે શ્રુતિમાં ભેદ પડે છે. તે આ પ્રમાણે -

(૧) જેટલા કાળમાં આંખનો એક ઉન્મેષ (આંખ ખોલવી) અથવા નિમેષ (આંખ બંધ કરવી) થાય તેટલા કાળને માત્રા કહેવાય. જે વર્ણ ઉચ્ચારણમાં એક માત્રા જેટલો કાળ લે તેને માત્રિક (એક માત્રાવાળો) કહેવાય. બે માત્રા જેટલો કાળ લે તેને દ્વિમાત્ર, ત્રણ માત્રા જેટલો કાળ લે તેને ત્રિમાત્ર અને અર્ધ માત્રા જેટલો કાળ લે તે વ્યંજનોને અર્ધમાત્ર કહેવાય. આમ વર્ણોના શ્રવણમાં આ ચાર પ્રકારનું કાળપરિમાણ ભેદક બને.

(૨) જીભના અગ્રભાગ, ઉપાગ્રભાગ, મધ્યભાગ અને મૂળભાગ રૂપ કરણના ભેદે પણ વર્ણોના શ્રવણમાં ભેદ પડે છે. કરણ કઈ રીતે શ્રવણમાં ભેદક બને છે તથા કયા વર્ણોની ઉત્પત્તિમાં કયુ કરણ વપરાય છે તે પૂર્વે (4) અને (6) નંબર સ્થળે કહેવાઈ ગયું છે ત્યાંથી જોઈ લેવું.

(૩) પ્રાણને આશ્રયીને થતા ગુણના ભેદ ઘોષ, અઘોષ વિગેરે છે. ત્યાં આમ સમજવું - 'સ્પર્શ-રસના-ઘ્રાણ-ચક્ષુ-શ્રોત્ર આ પાંચ ઈન્દ્રિયો, મન-વચન-કાયાના ત્રણ બળો, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય ; આ દશ પ્રાણ પ્રભુએ કહ્યાં છે. (અને જીવથી તેમનો વિયોગ કરવો તેને હિંસા કહેવાય.)' દશ પ્રાણ બતાવ્યા, તેમાં વર્ણોત્પત્તિની બાબતમાં અહીં મનબળ, વચનબળ અને કાયબળને પ્રાણ તરીકે વિવક્ષ્યા છે. આ ત્રણ બળ રૂપ પ્રાણના પ્રયોગના ભેદને લઈને વર્ણોમાં ઘોષ આદિ ગુણો ઉત્પન્ન થાય છે. જેમ સમાન દેશમાં રહેલી તથા સમાન વેગવાળી બે આંગળીઓને એક જ જગ્યાએ ઠપકારવામાં આવે છતાં ઠપકારનાર વ્યક્તિવિશેષ (ના બળના પ્રયોગ) ને આશ્રયીને ક્યારેક મંદ શબ્દ ઉત્પન્ન થાય, ક્યારેક સ્પષ્ટ શબ્દ ઉત્પન્ન થાય, તો ક્યારેક અત્યંત સ્પષ્ટ શબ્દ ઉત્પન્ન થાય છે. તેમ વર્ણોના સ્થાન અને આસ્યપ્રયત્ન તુલ્ય હોવા છતાં પણ મન, વચન અને કાયાના બળના પ્રયોગના ભેદને લઈને તેમના શ્રવણમાં ભેદ પડે છે.

(11) સૂત્રમાં માત્ર પ્રયત્ન નું ગ્રહણ ન કરતા આસ્ય વિશેષણ પૂર્વકના આસ્યપ્રયત્ન નું ગ્રહણ કર્યું છે, કારણ કે તેમને બાહ્યપ્રયત્ન અને આંતરપ્રયત્ન એમ બે પ્રકારના પ્રયત્નમાંથી બાહ્યપ્રયત્નનો વ્યવચ્છેદ કરી માત્ર આંતરપ્રયત્નનું જ ગ્રહણ કરવું છે. કારણ બાહ્યપ્રયત્ન સ્વ સંજ્ઞા કરવામાં જરાય ઉપયોગી નથી (તેનો ઉપયોગ મહાપ્રાણ પ્રયત્નને આશ્રયીને 'આસન્ન ૭.૪.૧૨૦' સૂત્રમાં છે તથા અન્ય બાહ્યપ્રયત્નનો ઉપયોગ વેદમાં છે.) જો તેઓ સ્વ સંજ્ઞામાં ઉપયોગી હોત તો સૂત્રમાં તેનો વ્યવચ્છેદ ન કરત. 'અરુશ્ શ્ચ્યોતતિ' અહીં શ્ અને ચ્ એ બન્નેનું સ્થાન તાલુ હોવાથી તુલ્ય છે અને 'વિવૃત-શ્વાસ-અઘોષ' સ્વરૂપ બાહ્યપ્રયત્ન પણ તુલ્ય છે. આમ એ બન્ને તુલ્ય હોવાથી તેમને જો સ્વ સંજ્ઞા થાત તો 'ધુટો ધુટિ સ્વે વા ૧.૩.૪૮' સૂત્રથી ચ્ પરમાં હોવાથી શ્ નો લોપ થાત. પરંતુ બાહ્યપ્રયત્ન સ્વ સંજ્ઞામાં અકિંચિત્કર છે. આંતરપ્રયત્ન જ ત્યાં ઉપયોગી છે. તેથી અહીં શ્ એ ઇષત્વિવૃત અને ચ્ એ સ્પૃષ્ટ હોવાથી બન્નેના આંતરપ્રયત્ન ભિન્ન હોવાથી તેઓ પરસ્પર સ્વ નથી, માટે શ્ ના લોપનો પ્રસંગ ન હોવાથી અરુશ્ શ્ચ્યોતતિ એવો પ્રયોગ થઈ શકશે. આમ આંતરપ્રયત્નને ગ્રહણ કરવા સૂત્રમાં આસ્યપ્રયત્ન એમ લખ્યું છે.

પ્રશ્ન :- બાહ્યપ્રયત્ન કેટલાં પ્રકારના છે ?

જવાબ :- ૧૧ પ્રકારના છે. તે આ પ્રમાણે ; વિવાર-સંવાર, શ્વાસ-નાદ, ઘોષ-અઘોષ, અલ્પપ્રાણ-મહાપ્રાણ, ઉદાત્ત-અનુદાત્ત અને સ્વરિત[A].

પ્રશ્ન :- આ ૧૧ પ્રયત્નોને કેમ બાહ્ય એવા પ્રયત્નો કહેવાય છે ને સ્પૃષ્ટતા વિગેરેને આંતરપ્રયત્ન કહેવાય છે ?

(A) यद्यप्येते वर्णोत्पत्त्यनन्तरभाविनो न प्रयत्नाः, तथापि वर्णविशेषप्रतिपत्तिहेतुत्वात् तेऽपि प्रयत्ना इति वृद्धव्यवहार इति भावः। (म.भा. प्रदीपोद्योतनम् १.१)

જવાબ :- વાયુથી ઉદર (પેટ) હણાયે છતે વિવાર વિગેરે પ્રયત્નો પેદા થાય છે, આમ ઉદર એ આસ્યથી બહારનું સ્થાન હોવાથી તેને બાહ્યપ્રયત્ન કહેવાય છે. જ્યારે સ્પૃષ્ટતા વિગેરે પ્રયત્નો વાયુ કંઠાદિ સ્થાનમાં અભિઘાત પામે છતે પેદા થાય છે (કંઠાદિ એ આસ્ય અંતર્ગત છે) તેથી તેને આંતરપ્રયત્ન કહેવાય છે.

તથા **'આપિશલિ મુનિ'** એ પોતે રચેલ શિક્ષામાં (= વર્ણોત્પત્તિના પ્રતિપાદક શાસ્ત્રમાં) "નાભિપ્રદેશમાંથી પ્રયત્ન વડે પ્રેરાયેલો પ્રાણ નામનો વાયુ ઉપરની દિશામાં આક્રમણ કરાતો થકો ઉરસ્ વિગેરે સ્થાનોમાંથી અન્યતમ[A] (ગમે તે એક) સ્થાનમાં પ્રયત્ન વડે ધારી રખાય છે, ત્યારે ધારી રખાયેલો તે વાયુ સ્થાન સાથે અભિઘાત (સંયોગ વિશેષ) કરે છે. તે સ્થાનાભિઘાત થવાથી આકાશમાં ધ્વનિ પેદા થાય છે, તે વર્ણશ્રુતિ છે. તે વર્ણના સ્વરૂપનો લાભ છે."

જ્યારે વર્ણધ્વનિ પેદા થતો હોય ત્યારે જો સ્થાન, કરણ અને પ્રયત્ન પરસ્પર સ્પર્શ કરે તે **સ્પૃષ્ટતા** પ્રયત્ન છે. એ ત્રણેય પરસ્પર થોડો સ્પર્શ કરે તે **ઇષત્સ્પૃષ્ટતા** પ્રયત્ન છે. નજીક આવી જઈને સ્પર્શ કરે તે **સંવૃતતા** પ્રયત્ન છે અને દૂરથી સ્પર્શે તે **વિવૃતતા** પ્રયત્ન છે. આ ચારેય અંતઃપ્રયત્નો (અંદર થનારા પ્રયત્નો) અર્થાત્ આસ્યપ્રયત્નો છે.

હવે ૧૧ બાહ્યપ્રયત્નોની ઉત્પત્તિપ્રક્રિયા બતાવે છે. તેમાં પ્રાણવાયુ ઉપરની દિશામાં જતો મૂર્ધન્ (મસ્તક) ને વિશે પ્રતિઘાત પામી (= ટકરાઈને) ત્યાંથી પાછો વળી ઉદર (કોઠા) સાથે અથડાય છે. તે વખતે કંઠનું બિલ વિવૃત (પહોળું) થવાથી '[1]વિવાર' નામનો પ્રયત્ન પેદા થાય છે. ત્યારે કંઠનું બિલ જો સંવૃત થાય (સંકોચાય) તો '[2]સંવાર' નામનો પ્રયત્ન પેદા થાય છે. વાયુ કોઠા સાથે અથડાયે છતે જ્યારે કંઠનું બિલ પહોળું થાય ત્યારે શ્વાસ[3][B] નામનો પ્રયત્ન થાય છે અને બિલ સાંકડું થાય ત્યારે '[4]નાદ'[C] નામનો પ્રયત્ન પેદા થાય છે. શ્વાસ અને નાદ એ બંનેને કેટલાક આચાર્યો 'અનુપ્રદાન' કહે છે. **ઔદવ્રજી** વૈયાકરણ કહે છે કે - 'ઘંટ વિગેરેના રણકારની જેમ વર્ણનો રણકાર થવો તેને અનુપ્રદાન[D] કહેવાય.'

હવે જ્યારે સ્થાન અને કરણના અભિઘાત (સંયોગ) થી પેદા થયેલા ધ્વનિમાં નાદનું અનુપ્રદાન (= પાછળથી રણકારની જેમ જોડાણ) કરવામાં આવે ત્યારે નાદસ્વરૂપ ધ્વનિના સંસર્ગથી '[5]ઘોષ' નામનો પ્રયત્ન પેદા થાય છે અને તે ધ્વનિમાં જ્યારે સ્થાન અને કરણના અભિઘાતથી ઉત્પન્ન થયેલા ધ્વનિમાં શ્વાસનું અનુપ્રદાન થાય ત્યારે શ્વાસરૂપ

(A) આપિશલિની પંક્તિમાં બતાવેલો અન્યતમસ્મિન્પ્રયોગ મતાંતર મુજબ સાધુપ્રયોગ સમજવો. કેમકે આ વ્યાકરણમાં સર્વાદિ ગણપાઠમાં સીધો અન્યતર શબ્દ મૂક્યો છે, માટે ઇતમ પ્રત્યયાન્ત અન્ય શબ્દને સર્વાદિત્વનો નિષેધ થાય છે. તેથી આ વ્યાકરણ મુજબ અન્યતમે પ્રયોગ થાય. 'डतरग्रहणेनैव सिद्धेऽन्यतरग्रहणं डतमप्रत्ययान्तस्याऽन्यशब्दस्य सर्वादित्वनिवृत्त्यर्थम्-अन्यतमाय, अन्यतमं वस्त्रम्, अन्यतम;...'

(B) मुखनासिकाप्रवेशनिर्गमनाभ्यां श्वासनामको वायुः जायते। (आ.बो. १.१.१७)

(C) संवृते गलबिलेऽव्यक्तः शब्दो नादः। (पा.सू. १.१.९ जि.बु. न्यास)

(D) अनु (= पश्चात्) प्रकर्षेण दीयते इति अनुप्रदानम्, तस्यैवार्थमाह-अनुस्वानमिति (आ.बो. १.१.१७)

ધ્વનિના સંસર્ગથી '[6]અઘોષ' પ્રયત્ન પેદા થાય છે. જ્યારે મસ્તકમાં અથડાઈને પાછો ફરેલો વાયુ કંઠબિલ સંકોચાયેલું હોવાથી તેની સાથે તે અલ્પવાયુનો સંસર્ગ થાય તો 'અલ્પ[7]પ્રાણતા' પ્રયત્ન થાય છે અને કંઠબિલ પહોળું હોવાથી જો તેની સાથે અધિક વાયુનો સંસર્ગ થાય ત્યારે 'મહા[8]પ્રાણતા' પ્રયત્ન થાય છે. મહાપ્રાણ હોવાથી ઉષ્મત્વ થાય છે અર્થાત્ જ્યાં મહાપ્રાણ પ્રયત્ન હોય તે વર્ણો ઉષ્મ કહેવાય.

જ્યારે સર્વાંગાનુસારી (બધા અંગમાં થવાવાળો) પ્રયત્ન તીવ્ર હોય છે ત્યારે ગાત્રનો નિગ્રહ (અક્કડપણું) થાય છે, કંઠનું બિલ અણુ બની જાય (= સંકોચાઈ જાય) છે અને વાયુની ગતિ તીવ્ર હોવાથી સ્વર રૂક્ષ (અસ્નિગ્ધ) થાય છે, તેને '[9]ઉદાત્ત' પ્રયત્ન કહે છે. જ્યારે સર્વાંગાનુસારી પ્રયત્ન મંદ થાય છે ત્યારે ગાત્ર શિથિલ થાય છે અને કંઠબિલ મોટું થાય છે (= વિકસે છે) અને વાયુની ગતિ મંદ હોવાથી સ્વર સ્નિગ્ધ થાય છે, તેને '[10]અનુદાત્ત' કહે છે. જ્યારે ઉદાત્ત સ્વર અને અનુદાત્ત સ્વરના સંનિપાતથી (ભેગા થવાથી) '[11]સ્વરિત' નામનો પ્રયત્ન થાય છે. આ પ્રમાણે ઉપરોક્ત ૧૧ પ્રયત્નોની ઉત્પત્તિ થાય છે. આમ ઉત્પત્તિ ભેદે સ્પૃષ્ટતાદિ અને વિવારાદિના 'આન્તરપ્રયત્ન' અને 'બાહ્યપ્રયત્ન' એમ બે ભેદ પડે છે.

અથવા બીજી રીતે વિચારીએ તો વિવાર વિગેરે ૧૧ પ્રયત્નો વર્ણની નિષ્પત્તિ થયા બાદ (વાયુના કારણે) ઉત્પન્ન થાય છે. જ્યારે સ્પૃષ્ટતા વિગેરે ૪ પ્રયત્નો વર્ણ ઉત્પત્તિના સમયે જ (સ્થાન અને આસ્યપ્રયત્નના વ્યાપાર દ્વારા) ઉત્પન્ન થાય છે. આમ વર્ણનિષ્પત્તિકાળે વિવારાદિ પ્રયત્નોનો અભાવ[A] હોવાથી તે બાહ્ય પ્રયત્નો છે, જ્યારે સ્પૃષ્ટતાદિ પ્રયત્નોનો ભાવ (અસ્તિત્વ) હોવાથી તે આંતર પ્રયત્નો છે.

● હવે દરેક વ્યંજનના બાહ્યપ્રયત્નો કયા છે ? તે જણાવાય છે.

વ્યંજનો	બાહ્યપ્રયત્ન		
क् ख् च् छ् ट् ठ् त् थ् प् फ् श् ष् स् तथा विसर्ग, जिह्वामूलीय अने उपध्मानीय	**विवृत**	**श्वास**	**अघोष**
ग् घ् ङ् ज् झ् ञ् ड् ढ् ण् द् ध् न् ब् भ् म् तथा य् र् ल् व् ह् अने अनुस्वार	**संवृत**	**नाद**	**घोष**
क् ग् ङ् च् ज् ञ् ट् ड् ण् त् द् न् प् ब् म् अने य् र् ल् व्	**अल्पप्राण**		

(A) બૃ. વૃત્તિમાં 'वर्णनिष्पत्तिकालभावाऽभावाभ्याम्' પંક્તિસ્થળે અભાવ અને ભાવ શબ્દોનો દ્વન્દ્વસમાસ થયો છે, જેમાં ભાવ શબ્દ અલ્પસ્વરવાળો હોવાથી 'लघ्वक्षरासखी० ३.१.१६०' સૂત્રથી તેનો સમાસમાં પૂર્વનિપાત થયો છે. બાકી પંક્તિના અર્થમાં અભાવને પહેલા બતાવવાનો છે.

જેના અલ્પપ્રાણ છે તે સિવાયના બાકીના બધા વ્યંજનો 'મહાપ્રાણ' છે.

ઉદાત્ત-અનુદાત્ત અને સ્વરિત, એ ત્રણેય બાહ્યપ્રયત્નો સ્વરમાં જ સંભવે છે, વ્યંજનમાં નહીં. તેથી અહીં વ્યંજનમાં બાહ્યપ્રયત્નના વિભાજનમાં ઉદાત્તાદિનું કથન નથી કર્યું.

શંકા :- બાહ્યપ્રયત્નોને વારવા સૂત્રમાં તમે આસ્ય શબ્દને પ્રયત્ન શબ્દનું વિશેષણ બનાવ્યું. છતાં અ વર્ણને સ્વ સંજ્ઞા નહીં થઈ શકે. કેમકે અ વર્ણનું સ્થાન આસ્યથી બાહ્ય કાકલીની નીચે વર્તતા ઉપજત્રુ[A] સ્વરૂપ છે, માટે તેની નિષ્પત્તિમાં આસ્યપ્રયત્ન ઉપયોગી નહીં થઈ શકે. હવે જો અ વર્ણને આસ્યપ્રયત્ન જ ન સંભવે તો સ્વસંજ્ઞામાં હેતુભૂત આસ્યપ્રયત્નની તુલ્યતા તેની કોની સાથે બતાવવી ? અને તે ન બતાવી શકાતા અઢારે પ્રકારના અ વર્ણને પરસ્પર સ્વસંજ્ઞા નહીં થઈ શકે.

સમાધાન :- આ આપત્તિ નહીં આવે. કેમકે અ વર્ણ મુખના સર્વ સ્થાનવાળો[B] છે. અર્થાત્ મુખવર્તી સમગ્ર સ્થાનો અ વર્ણની નિષ્પત્તિમાં વપરાય છે. આથી તે મુખથી બાહ્ય સ્થાનવાળો નથી. તેથી તેની નિષ્પત્તિમાં આસ્યપ્રયત્ન ઉપયોગી થવાનો જ. આમ આસ્યપ્રયત્નની તુલ્યતાવાળા અઢારે પ્રકારના અ વર્ણ પરસ્પર સ્વ થઈ શકશે.

શંકા :- અ + ઇ = એ અને અ + ઉ = ઓ થાય. આથી એ અને ઓ નો પ્રથમ અંશ અ છે જે બીજા અ ને સ્થાન અને આસ્ય પ્રયત્નને લઈને સદશ હોવાથી એ-ઓ અને અ વર્ણ વચ્ચે સ્વત્વની આપત્તિ આવશે.[C]

સમાધાન :- એ-ઓ માં વર્તતો અ અંશ તેના બીજા અંશ ઇ-ઉ સાથે ધૂળ અને પાણીની[D] જેમ પ્રશ્લિષ્ટ (= અત્યંત એકમેક થઈ ગયો) છે. તેથી ત્યાં અ અંશનો ભેદ પારખી તેની બીજા અ ની સાથે સ્થાન અને આસ્યપ્રયત્નની તુલ્યતા બતાવવી શક્ય ન બનતા એ-ઓ અને અ વર્ણ વચ્ચે સ્વત્વની આપત્તિ નહીં આવે.

શંકા :- ભલે એ-ઓ સ્થળે તેમના અવયવો પ્રશ્લિષ્ટ હોય પરંતુ ઐ-ઔ સ્થળે ક્રમશઃ અ + ઇ અને અ + ઉ અવયવો વિશ્લિષ્ટ[E] (= એકમેક ન) હોવાથી તેમના અ અવયવ સાથે બીજા અ ની તુલ્યતા બતાવવી શક્ય બનતા ઐ-ઔ તથા અ વર્ણ વચ્ચે સ્વત્વની આપત્તિ આવશે.

(A) ગળાની નીચેના ભાગમાં વર્તતા ખભાના સાંધારૂપ બે હાડકાને જત્રુ કહેવાય.

(B) અહીં અ વર્ણનું સ્થાન 'ઉપજત્રુ' છે, આ એક મત છે. તેથી તેનું સમાધાન *'यक्षानुरूपबलिः'* ન્યાયે આ મતાંતરને આશ્રયીને કર્યું છે.

(C) એ-ઓ નો ઉત્તરાંશ ઇ અને ઉ છે. તેથી અહીં એ-ઓ ને ક્રમશઃ ઇ-ઉ સાથે પણ સ્વત્વની આપત્તિ અને સમાધાન ઉપર મુજબ સમજવા.

(D) ભળેલા ધૂળ અને પાણીમાં જેમ જુદા જુદા ભાગ નક્કી કરી શકાતા નથી. તેમ એ-ઓ સ્થળે પણ આટલો ભાગ અ નો અને આટલો ભાગ ઇ-ઉ નો તેમ નક્કી થઈ શકતું નથી. બન્ને વર્ણો વચ્ચે ભેદ હોવા છતાં તેઓ અત્યંત ભળી ગયા હોવાથી તેઓ વચ્ચે ભેદ અનુભવી શકાતો નથી.

(E) ઐ અને ઔ સ્થળે અ...ઇ અને અ...ઉ આમ અવયવો પૃથક્ ધ્વનિત થાય છે, તે પ્રત્યક્ષસિદ્ધ છે.

સમાધાન :- ऐ-औ નો અવયવ अ विवृततर[A] આસ્યપ્રયત્નવાળો છે. જ્યારે બીજા अ વિવૃત આસ્યપ્રયત્ન-વાળા છે. આમ આસ્યપ્રયત્નની તુલ્યતા ન જળવાતી હોવાથી ऐ-औ અને अ વર્ણ વચ્ચે સ્વત્વની આપત્તિ નહીં આવે.

શંકા :- ए અને ओ ના અવયવ अ વિવૃતતર હોવાથી તેમના આસ્યપ્રયત્ન તુલ્ય છે. તેમ જ ऐ તથા औ ના અવયવ अ અતિવિવૃતતર હોવાથી તેમના આસ્યપ્રયત્ન પણ તુલ્ય છે. તેથી તેઓ વચ્ચે તો સ્વત્વ પ્રાપ્ત થશે ને ?

સમાધાન :- ના, નહીં થાય. કેમકે સ્થાનની તુલ્યતા જળવાતી નથી. ए-ऐ ના અવયવ अ નું સ્થાન તાલુ છે, જ્યારે ओ-औ ના અવયવ अ નું સ્થાન ઓષ્ઠ છે.

શંકા :- બાહ્યપ્રયત્નની નિવૃત્તિ માટે સૂત્રમાં પ્રયત્ન શબ્દને આસ્ય વિશેષણ જોડવાની જરૂર નથી. કેમકે પ્રયત્ન શબ્દ સ્થળે પ્ર ઉપસર્ગ 'આરંભ' અર્થમાં વર્તે છે. તેથી સૂત્રનો અર્થ આવો પ્રાપ્ત થશે. 'જેમના સ્થાન અને આરંભિક યત્ન તુલ્ય હોય તેમની સ્વસંજ્ઞા થાય છે.' કોઈપણ વર્ણના ઉચ્ચારણમાં સ્પૃષ્ટતાદિ યત્નો આરંભમાં થાય છે. જ્યારે બાહ્ય પ્રયત્નો વર્ણનું ઉચ્ચારણ થયા બાદ પ્રાણ નામનો વાયુ મસ્તકને વિશે અથડાઈને પાછો ફરે છતે થતા હોય છે. તેથી બાહ્ય પ્રયત્નો આરંભિક યત્ન રૂપ ન હોવાથી સૂત્રવર્તી પ્રયત્ન શબ્દથી જ તેમની નિવૃત્તિ થઈ શકે છે.

સમાધાન :- જો આરંભિક યત્નની તુલ્યતાને સ્વસંજ્ઞામાં નિયામક માનશું તો ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત अ સ્વર વચ્ચે સ્વસંજ્ઞા પ્રાપ્ત નહીં થઈ શકે[B], કેમકે તેમનો વિવૃત નામનો આરંભિક યત્ન ભિન્ન છે[C]. ઉદાત્ત अ ના ઉચ્ચારણમાં તેની ક્રિયાને સદશ વિવૃત નામનો આરંભિક યત્ન હોય છે. અનુદાત્ત અને સ્વરિતના ઉચ્ચારણમાં તેનાથી વિલક્ષણ વિવૃત નામનો આરંભિક યત્ન હોય છે. આથી સૂત્રવર્તી પ્રયત્ન શબ્દથી બાહ્યપ્રયત્નોને નિષેધવા સૂત્રમાં આસ્ય શબ્દને તેના વિશેષણ રૂપે બતાવવો જરૂરી છે. વળી પ્રયત્ન શબ્દ 'प्रयतनं प्रयत्न' આમ ભાવસાધન અર્થમાં લેશું. જેથી આસ્યપ્રયત્ન શબ્દનો અર્થ 'આસ્યમાં થતો પ્રારંભિક યત્ન' ન થતા સામાન્યથી ફક્ત 'આસ્યમાં થતો યત્ન' આવો થશે. જેથી ઉદાત્તાદિ અ વિગેરે સ્વરો ભિન્ન પ્રારંભવાળા હોવા છતાં તેમને પરસ્પર સ્વ સંજ્ઞા સિદ્ધ થઈ શકશે. જો પ્રયત્ન શબ્દ 'પ્રારંભિક યત્ન' આવા વિશેષાર્થમાં લેવાત તો ઉદાત્તાદિનો આસ્યમાં થતો પ્રારંભિક વિવૃત પ્રયત્ન તુલ્ય ન હોવાથી તેમને પરસ્પર સ્વસંજ્ઞા થવામાં વાંધો આવત. પરંતુ પ્રસ્તુતમાં પ્રયત્ન શબ્દને સામાન્યથી 'યત્ન' અર્થમાં લીધો છે અને

(A) યદ્યપિ વિવૃતતર આસ્યપ્રયત્ન ए-ओ ના છે, જ્યારે ऐ-औ ના અતિવિવૃતતર આસ્યપ્રયત્ન છે. તેથી બૃ. ન્યાસમાં 'अतिविवृततरवर्णत्वात्तयोः' આમ કહેવું જોઈએ. છતાં ए-ओ અને अ વર્ણના સ્વત્વનું સમાધાન ए-ओ ને પ્રશ્લિષ્ટ अ વર્ણવાળા કહી કરી દીધું હોવાથી હવે ફક્ત ऐ-औ અને अ વર્ણ વચ્ચે સ્વત્વનું સમાધાન કરવાનું બાકી રહે છે. તેથી अ વર્ણ વિવૃત છે અને ऐ-औ એ अ વર્ણ કરતા અધિક વિવૃત છે. આમ આસ્યપ્રયત્નનો ભેદ બતાવવા પૂરતું જ ऐ-औ ને બૃ.ન્યાસમાં વિવૃતતર ગણાવ્યા છે. બાકી ए-ओ ની તુલનામાં તેઓ અતિવિવૃતતર જ છે.

(B) આમ इ વિગેરે સ્વરો અંગે પણ સમજવું.

(C) विवृताऽऽख्यप्रारम्भस्य भेदात् सावर्ण्य-(= स्वत्व-)अप्रसङ्गे...। (म.भा. प्रदीपप्रकाशः पा.सू. १.१.९.)

ઉદાત્તાદિ સ્વરો વ્યાકરણશાસ્ત્રના તે તે સૂત્રમાં જો સ્વશબ્દ (= उदात्त आदि शब्दो) ન મૂકવામાં આવ્યા હોય તો ***'अभेदका गुणाः (परि.शे.१०९)*** [A] ન્યાયે જુદા ગણાતા ન હોવાથી તેઓ ફક્ત સામાન્યથી તેમના વિવૃત આસ્યપ્રયત્નની તુલ્યતાને લઈને સ્વસંજ્ઞા પામી શકે છે. આમ પ્રસ્તુત સૂત્રમાં આસ્ય શબ્દને પ્રયત્ન શબ્દના વિશેષણ રૂપે બતાવવો જરૂરી છે.

(12) સૂત્રમાં સ્થાન પદનું ગ્રહણ કેમ કર્યું છે ?

(a) तर्प्ता, (b) तर्प्तुम् — * तृप् ता + (श्वस्तनी) तथा तृप् + तुम्, * 'नामिनो गुणो० ४.३.१' → तर्प् + ता = तर्प्ता तथा तर्प् + तुम् = तर्प्तुम्।

જો સ્થાન પદનું ગ્રહણ ન કરવામાં આવે તો क् च् ट् त् प् નો સ્પૃષ્ટતા આસ્યપ્રયત્ન તુલ્ય હોવાથી તેઓ પરસ્પર સ્વ બની જાય. તેથી तर्प्ता, तर्प्तुम् વિગેરે સ્થળોમાં 'धुटो धुटि स्वे वा १.३.४८' સૂત્રથી त् પરમાં હોતે છતે प् નો વિકલ્પે લોપ થવાની આપત્તિ આવે. પરંતુ क् च् ट् त् प् ના સ્થાન ભિન્ન હોવાથી સૂત્રમાં 'સ્થાન' પદના ઉપાદાનથી એ આપત્તિ નહીં આવે. प् નું સ્થાન ઓષ્ઠ છે, જ્યારે त् નું સ્થાન દાંત છે.

(13) સૂત્રમાં આસ્યપ્રયત્ન પદનું ગ્રહણ કેમ છે ?

(a) अरुश् श्च्योतति — * ऋ (११३५), * 'रुद्यर्ति० (उणा० ९९७)' → अरुस् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → अरुस्, * 'रः पदान्ते० १.३.५३' → अरुर्, * 'स्च्युत (२८३)' + ति, * 'कर्तर्यनद्भ्यः ३.४.७१' → स्च्युत् + अ (शव्) + ति, * 'लघोरुपान्त्यस्य ४.३.४' → स्च्योतति, * 'सस्य शषौ १.३.६१' → श्च्योतति, * 'शषसे शषसं वा १.३.६' → अरुश् श्च्योतति।

જો સૂત્રમાં આસ્યપ્રયત્ન પદનું ગ્રહણ ન કરે તો च વર્ગ, य्, श् વિગેરેનું તાલુ સ્થાન તુલ્ય હોવાથી તેઓ પરસ્પર સ્વ બની જાય. તેથી अरुश् श्च्योतति સ્થળે 'धुटो धुटि० १.३.४८' સૂત્રથી च् પરમાં હોતે છતે श् ના વિકલ્પે લોપની આપત્તિ આવે. આસ્યપ્રયત્ન પદના ગ્રહણથી તે આપત્તિ નહીં આવે. કેમકે श् ઈષદ્વિવૃત છે, જ્યારે च् સ્પૃષ્ટ આસ્યપ્રયત્ન વાળો છે.

(14) સ્વ ના પ્રદેશો 'इवर्णादेरस्वे० १.२.२१' ઇત્યાદિ સૂત્રો છે. ।।૧૭।।

(A) ઉદાત્તતા આદિ ગુણ (ધર્મ) ના ફરકને લીધે શબ્દ ભિન્ન ગણવામાં આવતા નથી, કેમકે વ્યાકરણમાં ગુણોને ભેદક માનવામાં આવતા નથી. વ્યાકરણશાસ્ત્રમાં ઉદાત્તતા, અનુદાત્તતા, સ્વરિતતા, અનુનાસિકતા અને નિરનુનાસિકતા આ પાંચને વર્ણના ગુણધર્મો ગણવામાં આવે છે. વેદ આદિમાં ગુણ ભેદક જ હોય છે.

स्यौजसमौशस्टाभ्याम्भिस्ङेभ्याम्भ्यस्ङसिभ्याम्भ्यस्ङसोसाम्ङ्योस्सुपां त्रयी त्रयी प्रथमादिः ।।१.१.१८।।

बृ.वृ.–(1)त्यादीनां प्रत्ययानां (2)त्रयी त्रयी यथासंख्यं प्रथमा-द्वितीया-तृतीया-चतुर्थी-पञ्चमी-षष्ठी-सप्तमीसंज्ञा भवति। (3)इ-ज-श-ट-ङ-पा अनुबन्धाः "सौ नवेतौ" (१.२.३८.) इत्यादौ विशेषणार्थाः। (4)बहुवचनं स्याद्यादेशानामपि प्रथमादिसंज्ञाप्रतिपत्त्यर्थम्। (5)प्रथमादिप्रदेशाः—"नाम्नः प्रथमैकद्विबहौ" (२.२.३१.) इत्यादयः ।।१८।।

सूत्रार्थ :- सि-औ-जस्, अम्-औ-शस्, टा-भ्याम्-भिस्, ङे-भ्याम्-भ्यस्, ङसि-भ्याम्-भ्यस्, ङस्-ओस्-आम्, अने ङि-ओस्-सु ; आ त्राण त्राण प्रत्ययोने अनुक्रमे प्रथमा, द्वितीया, तृतीया, चतुर्थी, पञ्चमी, षष्ठी अने सप्तमी संज्ञा थाय छे.

सूत्रसमास :- ◆ सिश्च औश्च जस् च अम् च औश्च शस् च टाश्च भ्याम् च भिस् च ङेश्च भ्याम् च भ्यस् च ङसिश्च भ्याम् च भ्यस् च ङस् च ओस् च आम् च ङिश्च ओस् च सुप् च = स्यौजसमौश-स्टाभ्याम्भिस्ङेभ्याम्भ्यस्ङसिभ्याम्भ्यस्ङसोसाम्ङ्योस्सुपः (इ. द्व.), तेषां = स्यौजसमौशस्-टाभ्याम्भिस्ङेभ्याम्भ्यस्.....सुपाम्। ◆ त्रयोऽवयवा यस्याः सा = त्रयी। प्रथमा आदिर्यस्य (संज्ञासमूहस्य) स = प्रथमादिः (बहु.)

<u>विवरण :-</u> (1) **शंका :-** स्यौजसमौ... आ प्रस्तुत सूत्र शुं उन्मत्त व्यक्तिना प्रलापनी जेम अनर्थक छे के पछी 'गामभ्याज' (गायने हांक) विगेरे वाक्यनी जेम सार्थक छे ?

समाधान :- आ सूत्र अनर्थक नथी. केमके बृ. वृत्तिमां दर्शावेला अर्थ मुजब ते सार्थक छे. अर्थात् 'गामभ्याज' वाक्यनी जेम आ सूत्रनो पण बृ. वृत्तिमां अर्थ करी बताव्यो होवाथी ते सार्थक छे.

वळी आगळ 'नाम्नः प्रथमैक० २.२.३१' , 'गौणात्...द्वितीया २.२.३३' विगेरे जे सूत्रो कहेवाना छे तेमने माटे आ सूत्रनी रचना छे, परंतु सि, औ विगेरे प्रत्ययोना साधुत्व (योग्यपणा) ना कथन माटे आ सूत्रनी रचना नथी.

शंका :- आवुं तमे शेना आधारे कही शको ?

समाधान :- सि विगेरे प्रत्ययोना साधुत्वनुं कथन तो 'लोकात् १.१.३' सूत्र द्वारा (अर्थात् लोकात् सूत्रमां कह्या प्रमाणे व्याकरणशास्त्रनां पारगामी पुरुषो द्वारा) थई गयुं छे, तेथी अहीं तेमना साधुत्वनुं कथन करवानुं रहेतुं नथी, पण 'नाम्नः प्रथमैक० २.२.३१' विगेरे सूत्रोमां सि आदि त्राण त्राण प्रत्ययोना समुदायने प्रथमा, द्वितीया विगेरे संज्ञा द्वारा टूंकमां बतावी गौरव टाळी शकाय माटे प्रथमा आदि संज्ञा करवा अर्थे छे.

શંકા :- તો પછી "સૂત્રમાં સિ વિગેરે પ્રત્યયવાચક પદો પછી જ 'પ્રથમાદિ' વિગેરે બીજા પદોનો પ્રયોગ કરવો." આવા પ્રયોગના નિયમ માટે આ સૂત્ર હોઈ શકે.

સમાધાન :- પ્રયોગના નિયમની વાત પણ બરાબર નથી. કેમકે વ્યાકરણશાસ્ત્ર કયા પદનો કોના પછી પ્રયોગ કરવો તેના નિયમ માટે નથી. એ તો ફક્ત સાધુ પદોનો સંસ્કાર (= નિષ્પત્તિ) કરીને છૂટી જાય છે. પછી એ સંસ્કાર પામેલા પદોનો પ્રયોગ તો વક્તાની ઇચ્છાનુસાર થાય છે. જેમકે વ્યાકરણ દ્વારા આહર અને પાત્રમ્ આ બે પદ નિષ્પન્ન થયા. હવે તેમનો આહર પાત્રમ્ પ્રયોગ કરવો કે પાત્રમાહર પ્રયોગ કરવો એ વક્તાની ઇચ્છા ઉપર છોડવામાં આવે છે. તેમ પ્રસ્તુતમાં પણ 'સિ વિગેરે પ્રત્યયવાચક પદોનો પહેલા પ્રયોગ કરવો કે પછી' એમાં નિયમ કરવો એ વ્યાકરણનો વિષય નથી. એ પ્રયોગ સૂત્રકારની ઇચ્છાને આધીન છે. જેમકે 'દીર્ઘડ્યાબ્વ્યઞ્જનાત્ સેઃ ૧.૪.૪૫' સૂત્રમાં સિ પ્રત્યયવાચક સેઃ પદનો પ્રયોગ પાછળ છે, જ્યારે આ સૂત્રમાં 'સ્યૌજસમૌ૦' આમ પૂર્વમાં પ્રયોગ છે.

શંકા :- તો પછી સિ-ઔ-જસ્ વિગેરે ત્રણ ત્રણ પ્રત્યય રૂપ સ્થાની ક્રમશઃ પ્રથમા આદિ રૂપે આદેશ પામે તે માટે આ સૂત્ર હોવું જોઈએ.

સમાધાન :- ના, આ સૂત્ર સંજ્ઞા પ્રકરણમાં રચ્યું છે, તેથી સ્થાનીના આદેશાર્થે પણ આ સૂત્ર સંભવતું નથી. જો આદેશાર્થે જ આ સૂત્ર હોય તો તેને સંજ્ઞા પ્રકરણમાં બતાવવાની શી જરૂર ?

વળી આ સૂત્ર સંજ્ઞા પ્રકરણ અંતર્ગત હોવાથી સિ વિગેરે પ્રત્યયો આગમરૂપે અને પ્રથમા આદિ શબ્દ આગમી (આગમને પ્રાપ્ત કરનાર) રૂપે પણ સંભવતા નથી. તેમ જ આ સૂત્રમાં આગમને સૂચવનારુ અન્ત[A] વિગેરે લિંગ પણ હાજર નથી. તેથી આગમ-આગમીભાવ ન બતાવી શકાય.

શંકા :- તો પછી સિ આદિ અને પ્રથમા વિગેરે વચ્ચે વિશેષણ-વિશેષ્યભાવ બતાવવા આ સૂત્ર હોવું જોઈએ.

સમાધાન :- વ્યાકરણમાં લક્ષણ (સૂત્ર)ની રચના શબ્દોના સંસ્કાર માટે કરવામાં આવે છે. તેથી પ્રસ્તુત શબ્દને લગતા લક્ષણ (સૂત્ર)માં વિશેષણ-વિશેષ્યભાવ બતાવવો અનુપયોગી હોવાથી આ સૂત્ર વિશેષણ-વિશેષ્યભાવ બતાવવા પણ સંભવતું નથી. તેથી પારિશેષન્યાયથી[B] સ્યાદિ પ્રત્યયોનો પ્રથમા વગેરે રૂપે વ્યવહાર લોકમાં થતો ન હોવાથી અને અનુક્રમે સંજ્ઞા પ્રકરણમાં આ સૂત્રનું વિધાન કર્યું હોવાથી સંજ્ઞાને માટે આ સૂત્રની રચના છે. આ પદાર્થ પાણિનિ વ્યાકરણમાં 'પા.સૂ. ૧.૧.૧' મ. ભાષ્ય, જિનેન્દ્ર બુદ્ધિન્યાસ તથા પદમંજરી ટીકામાં બતાવ્યો છે.

(A) જ્યાં આગમ થાય છે એમ બતાવવું હોય ત્યાં આ વ્યાકરણના સૂત્રમાં અન્ત શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. જેમકે 'ઙ્ણોઃ કટાવન્તૌ૦ ૧.૩.૧૭', 'ઉદિતઃ સ્વરાન્નોઽન્તઃ ૧.૪.૧૮' વિગેરે સૂત્રો જુઓ.

(B) **इतरसकलविशेषव्यवच्छेदेन इष्टविषयसिद्धिः पारिशेषन्यायः।**

(2) त्रि શબ્દને 'द्वि-त्रिभ्यां० ७.१.१५२' સૂત્રથી अयट् પ્રત્યય તથા ङी(इ) પ્રત્યય લાગીને त्रयी શબ્દ બન્યો છે. તથા 'वीप्सायाम् ७.४.८०' સૂત્રથી ભવન ક્રિયામાં त्रयी त्रयी आम द्विरुक्ति થઈ છે. બૃ. વૃત્તિમાં બતાવેલા પ્રથમા, દ્વિતીયા વિગેરે શબ્દોની નિષ્પત્તિ બૃ. ન્યાસમાં કરી બતાવી છે તે ત્યાંથી જોઈ લેવી.

(3) **શંકા** :- સૂત્રમાં સિ, जस् વિગેરે પ્રત્યય સ્થળે इ, ज् વિગેરે અનુબંધ બતાવવાની શી જરૂર છે ? 'सो रुः २.१.७२' વિગેરે સૂત્રમાં અનુબંધ વિનાના જ સ્યાદિ પ્રત્યયોને કાર્ય થતું જોવામાં આવે છે. (ત્યાં અનુબંધ વિનાના स् ને र् આદેશનું વિધાન કર્યું છે, જેનાથી स्(सि) પ્રત્યયનો र् આદેશ કરવામાં આવે છે. માટે અનુબંધ બતાવવાની જરૂર લાગતી નથી.)

સમાધાન :- જો સ્યાદિ પ્રત્યયોને इ, ज्, श्, ट्, ङ् અને प् અનુબંધ ન બતાવવામાં આવે તો 'सौ नवेतौ १.२.३८' વિગેરે સૂત્રોમાં સંદેહ ઉત્પન્ન થાય. સંદેહ આવો થશે - 'सौ नवेतौ' સૂત્ર इति શબ્દ પરમાં વર્તતા પૂર્વમાં રહેલા सि નિમિત્તક ओ કારાન્ત નામને વિકલ્પે અસંધિની વાત કરે છે. હવે જો सि પ્રત્યયને इ અનુબંધ ન બતાવવામાં આવે તો તે સૂત્રમાં 'स् નિમિત્તક ओ ને વિકલ્પે અસંધિ થાય છે' આમ કહેવાનું આવે, જેથી સંદેહ થાય કે "શું અહીં स् પ્રત્યય નિમિત્તક ओ લેવાનો હશે કે કોઈપણ स् નિમિત્તક ओ લેવાનો હશે ?" જો કોઈપણ स् નિમિત્તક ओ લેવાનો હોય તો नमोऽस्तु સ્થળે नमस् ના स् નિમિત્તે ओ થયો છે. હવે તેમાંના नमो અંશનું અનુકરણ કરી नमो इति અવસ્થા પ્રાપ્ત થતા અહીં પણ વિકલ્પે અસંધિ થવાની પ્રાપ્તિ આવે, જેથી नमो इति અને नमविति આવા બે પ્રયોગ થવાનો પ્રસંગ આવે. આવો સંદેહ ન થાય તે માટે स् પ્રત્યયને इ અનુબંધ બતાવ્યો છે. આમ सि વિગેરે સ્થળે અનુબંધો ચોક્કસ પ્રત્યયો સિવાયની વસ્તુના વ્યવચ્છેદ માટે છે.

હવે જો આ પ્રત્યયોને અનુબંધ ન દર્શાવવામાં આવે તો બીજી કઈ આપત્તિ આવે તે જોઈએ. जस्-शस्-ङसि અને ङस् એ બધા પ્રત્યયો અનુબંધ વિના अस् રૂપે એકસ્વરૂપ હોવાથી તેમના કાર્યોમાં એકરૂપતા આવી જાય. बालाः, बालान्, बालात् અને बालस्य આવી અનુબંધને લઈને જે વિશેષતાઓ થાય છે તે ન થાય. તથા પંચમીના ङसि ને इ અનુબંધ ન બતાવીએ તો ષષ્ઠીનો ङस् તેને સમાન થવાથી પંચમીના ङस् ને ષષ્ઠીના ङस् સંબંધી કાર્યો થવાની આપત્તિ આવે. सि પ્રત્યયને इ અનુબંધના અભાવમાં 'दीर्घङ्याब्० १.४.४५' સૂત્રથી वाक्षु (वाच् + सुप्) ઈત્યાદિ પ્રયોગમાં सुप् ના स् નો પણ લોપ થવાનો પ્રસંગ આવે. કેમકે પછી તે સૂત્ર 'दीर्घङ्याब्व्यञ्जनात् सः' આવું થાત. જેથી દીર્ઘ ङी આદિથી પરમાં વર્તતા स् નો લોપ તે સૂત્રથી થાત. सुप् સ્થળે પણ स् છે.

सि પ્રત્યયસ્થળે इ ના બદલે જો उ અનુબંધ મૂકી પાણિનિતંત્રની જેમ सु પ્રત્યય બતાવત તો 'सो रुः २.१.७२' સૂત્રથી ફક્ત सु પ્રત્યયના स् નું જ ગ્રહણ થાત, पयस् ના स् નું નહીં. કેમકે सु પ્રત્યયનું ષષ્ઠ્યંત રૂપ सोः થાય અને તેની પરમાં રૂ આવતા 'रो रे लुग्० १.३.४१' સૂત્રથી વિસર્ગનો (= र्) નો લોપ થતા 'सो रुः' આવું सु પ્રત્યયને સૂચવતા

'સો' પદવાળું સૂત્ર તેને ગણાવી શકાત. હવે 'સો રુઃ' સૂત્રમાં રુ આદેશાર્થે સાનુબંધ સુ પ્રત્યયનું ગ્રહણ થાત તેથી નિરનુબંધ પયસ્ ના સ્ નું ગ્રહણ ન થઈ શકત.

શંકા :- એમ તો સિ પ્રત્યય બતાવશો તો પણ આપત્તિ ઊભી જ રહેશે. કેમકે 'સો રુઃ' સૂત્રના સોઃ પદથી સપ્તમી બહુવચનના સુ પ્રત્યયનું ગ્રહણ થશે.

સમાધાન :- ના, તેમ નહીં થાય. કેમકે તે સુ પ્રત્યયસ્થળે પ્ અનુબંધ છે અને ન્યાય છે કે ***'નિરનુબન્ધગ્રહણે ન સાનુબન્ધકસ્ય'***.(A) જો સુપ્ પ્રત્યયનું 'સો રુઃ' સૂત્રમાં ગ્રહણ કરાવવું હોત તો 'સોઃ' ના બદલે 'સુપઃ' આવું પદ સૂત્રકાર મૂકત, જે મૂક્યું નથી.

સુપ્ ને પ્ અનુબંધ ન હોય તો 'અરોઃ સુપિ રઃ ૧.૩.૫૭' સૂત્રથી 'ગીઃ સુનોતિ' સ્થળે પણ ર્ થવાનો અર્થાત્ 'ગીર્સુનોતિ' આવો પ્રયોગ થવાનો દોષ આવે. કેમકે હવે તે સૂત્ર 'અરો સૌ(B) રઃ' આવું બને, જેનો અર્થ 'સુ પરમાં વર્તતા રુ સિવાયના ર્ નો ર્ આદેશ થાય છે' આવો થતા ગીર્ સુનોતિ સ્થળે સુ પરમાં છે જેથી ર્ નો વિસર્ગ ન થતા ર્ થવાની આપત્તિ આવે અને ગીર્સુનોતિ આવો અનિષ્ટ પ્રયોગ થાય. ટા પ્રત્યયમાં ટ્ અનુબંધ ન બતાવવામાં આવે તો 'ટાદૌ સ્વરે વા ૧.૪.૯૨' સૂત્ર 'આદૌ સ્વરે વા' આવું રચવું પડે, જેમાં આદૌ પદથી આ વિગેરે સ્વરોને ગ્રહણ કરવાનો પ્રસંગ આવે. વળી 'રાગાટ્ટો રક્તે ૬.૨.૧' સૂત્રમાં ટઃ એમ ટા પ્રત્યયનું પંચમ્યન્ત રૂપ કર્યું છે. તેનો અર્થ તૃતીયાન્તાદ્ આવો કરવામાં આવે છે. તેથી તે સૂત્રનો 'રાગ (= રંગ) વિશેષવાચક તૃતીયાન્ત નામથી પરમાં રક્તાર્થમાં યથાવિહિત અણ્ આદિ પ્રત્યય થાય છે' આવો અર્થ થાય છે. હવે જો ટા નો ટ અનુબંધ કાઢી લેવામાં આવે તો તે સૂત્ર 'રાગાદો(C) રક્તે' આવું બને. જેના ઓ અંશને જોતા કોઈને શંકા થાય કે તે ઉ સ્વરનું પંચમ્યન્ત ઓઃ રૂપ હોવું જોઈએ. જેના વિસર્ગનો રક્તે ના ર્ ના કારણે 'રો રે લુક્૦ ૧.૩.૪૧' સૂત્રથી લોપ થયો હોવો જોઈએ. તેથી તે વ્યક્તિ સૂત્રનો અર્થ 'ઉ કારાન્ત રંગવિશેષવાચી નામથી પરમાં રક્તાર્થમાં યથાવિહિત અણ્ આદિ પ્રત્યય થાય છે' આવો કરી બેસે.

ચતુર્થી એકવચનના ઙે અને સપ્તમી એકવચનના ઙિ પ્રત્યયનો ઙ્ અનુબંધ જો કાઢી લેવામાં આવે અથવા જો ઙ્ ના બદલે બીજો અનુબંધ જોડવામાં આવે તો 'આપો ઙિતાં૦ ૧.૪.૧૭' સૂત્રમાં જે ઙે-ઙસિ-ઙસ્-ઙિ પ્રત્યયોનો યૈ-યાસ્-યાસ્-યામ્ સાથે યથાસંખ્ય અન્વય કરવો છે તે ન થઈ શકે. કેમકે ઙિતામ્ પદ દ્વારા ઙે અને ઙિ પ્રત્યય ગ્રહણ ન થવાથી આદેશ-આદેશીની ચાર-ચાર સંખ્યાનો મેળ પડતો નથી. તથા ઙસિ અને ઙસ્ આ બે જ પ્રત્યયો ગ્રહણ કરવાના રહેતા હોવાથી ઙિતામ્ એમ બહુવચન પણ ન ઘટી શકે.

(A) સૂત્રમાં નિરનુબંધ પ્રત્યયાદિનું ગ્રહણ કર્યું હોય તો અનુબંધ સહિતના પ્રત્યયાદિનું ગ્રહણ ન કરવું.

(B) સુપ્ નો પ્ ન હોવાથી સુ પ્રત્યય બચે. સૌ તેનું સપ્તમ્યંત રૂપ છે.

(C) લા. સૂ. મુદ્રિત બૃ. ન્યાસમાં રાગાદ્દો પાઠ છે, જે અશુદ્ધ જણાય છે.

શંકા :- ચતુર્થીનો ઙે પ્રત્યય અને સપ્તમીનો ઙિ પ્રત્યય બન્નેને ઙ્ અનુબંધ જોડવાથી શું 'ઙેઃ સ્મિન્ ૧.૪.૮' સૂત્રસ્થળે સંદેહ ન થાય કે ''અહીં ઙે પ્રત્યયનો સ્મિન્ આદેશ થતો હશે કે ઙિ પ્રત્યયનો ?'' કેમકે બન્નેના ષષ્ઠ્યન્ત રૂપ 'ઙેઃ' થાય છે.

સમાધાન :- ના, કેમકે ચતુર્થીનો ઙે પ્રત્યય 'સર્વાદેઃ સ્મૈ૦ ૧.૪.૭' સૂત્રથી સ્મૈ આદેશ પામતો હોવાથી તે ચરિતાર્થ છે. તેથી પારિશેષ ન્યાયે અહીં સપ્તમીના ઙિ પ્રત્યયનું જ ગ્રહણ થાય.

આમ અનેક આપત્તિઓને ટાળવા સૂત્રોક્ત પ્રત્યયોને અનુબંધ કરાયા છે.

(4) સૂત્રમાં સુપાં એમ બહુવચન સિ વિગેરે વિભક્તિઓના આદેશને પણ વિભક્તિરૂપે ગ્રહણ કરવા માટે છે.

શંકા :- ***'तदादेशास्तद्वद् भवन्ति***[A] એ ન્યાયથી જ વિભક્તિના આદેશો જો વિભક્તિ સ્વરૂપ થઈ જતા હોય તો બહુવચન કરવાની શી જરૂર ?

સમાધાન :- પરિભાષા કે ન્યાયથી સિદ્ધ હોવા છતાં તેની સહાય લીધા વિના આ રીતે સિદ્ધ કરવું એ પણ એક મોટી શક્તિ છે, માટે સૂત્રકારે બહુવચન કર્યું છે.

(5) પ્રથમા વિગેરેના પ્રદેશો 'નામ્નઃ પ્રથમૈકદ્વિબહૌ ૨.૨.૩૧' ઈત્યાદિ છે ।।૧૮।।

स्त्यादिर्विभक्तिः[(1)] ।। १.१.१९ ।।

बृ.वृ.–'स्'[(2)] इत्युत्सृष्टानुबन्धस्य[(B)] सेर्ग्रहणम्, 'ति' इति उत्सृष्टानुबन्धस्य तिवः; आदिशब्दो[(3)] व्यवस्थावाची। स्यादयस्तिवादयश्च प्रत्ययाः सुप्-स्यामहिपर्यन्ता विभक्तिसंज्ञा भवन्ति। विभक्तिप्रदेशाः[(4)]-"अधातुविभक्तिवाक्यमर्थवत्राम" (१.१.२७) इत्यादयः ।।१९।।

सूत्रार्थ :- सि થી સુપ્ સુધીના પ્રત્યયોને અને તિવ્ થી સ્યામહિ સુધીના પ્રત્યયોને વિભક્તિ સંજ્ઞા થાય છે.

सूत्रसमास :-
- ◆ स् च तिश्च = स्ति (स.द्व.)। स्ति आदिर्यस्याः सा = स्त्यादिः (बहु०)।
- ◆ विभज्यन्ते प्रकटीक्रियन्ते कर्तृकर्मादयोऽर्था अनया इति विभक्तिः।

विवरण :- **(1)** કર્તા-કર્મ-કરણ વિગેરે અર્થો જેના વડે વિભાગવાર પ્રકાશિત કરાય, તેને વિભક્તિ કહેવાય છે.

(A) આ ન્યાય સિદ્ધહેમ૦ માં 'स्थानीवाऽवर्णविधौ ७.४.१०९' પરિભાષા રૂપે ઉક્ત છે.

(B) उत्सृष्टः (त्यक्तः) अनुबन्धो यस्य स = उत्सृष्टानुबन्धः, तस्य = उत्सृष्टानुबन्धस्य।

(2) શંકા :- 'स्यौजसमौ० १.१.१८' સૂત્રમાં सि પ્રત્યય બતાવ્યો છે તથા 'तिव्-तस्० ३.३.६' સૂત્રમાં तिव् બતાવ્યો છે. તો તમે અહીં સૂત્રમાં કેમ તેમનો स् અને ति આમ જુદા સ્વરૂપે નિર્દેશ કર્યો છે ?

સમાધાન :- કાર્યવિશેષ માટે જેનો નિર્દેશ થાય છે તેને અનુબંધ (ઇત્) કહેવાય છે.

सि અને तिव् માં અનુક્રમે स् અને ति એ જ વિભક્તિનું સ્વરૂપ છે, इ અને व् તો અનુબંધ છે, એવું જણાવવા સૂત્રકારે અનુબંધના ત્યાગપૂર્વક स् અને ति નું સૂત્રમાં ગ્રહણ કર્યું છે.

(3) સ્યાદિ પ્રત્યયોમાં इ વિગેરે અને ત્યાદિ પ્રત્યયોમાં व् વિગેરે અનુબંધ છે, માટે જ સૂત્રકારે સૂત્રમાં આદિ શબ્દ વ્યવસ્થાવાચી બતાવ્યો છે. તાત્પર્ય એ છે કે सि વિગેરે અને तिव् વિગેરે વિભક્તિઓમાં સ્વરૂપ અને અનુબંધની વ્યવસ્થા પૂર્વાચાર્યોએ કરેલી હોવાથી અહીં જે આદિ શબ્દ છે તે સામીપ્ય, વ્યવસ્થા, પ્રકાર અને અવયવ એ ચારમાંથી વ્યવસ્થા અર્થપરક છે. તેથી વિભક્તિસંજ્ઞામાં જેના જે અનુબંધો અને જેટલા અનુબંધો પૂર્વાચાર્યોએ વ્યવસ્થાપિત કર્યા છે, તેના જ, તે જ અને તેટલાં જ અનુબંધો અહીં સૂત્રમાં ગ્રહણ કરાશે, ન્યૂનાધિક નહીં.

(4) વિભક્તિ ના પ્રદેશો (પ્રયોજન સ્થાનો) अधातुविभक्तिवाक्य० १.१.२७ વિગેરે છે ।।૧૯।।

तदन्तं पदम्[A] ।।१.१.२०।।

बृ.वृ.–(1)स्याद्यन्तं त्याद्यन्तं च शब्दरूपं पदसंज्ञं भवति। (2)धर्मो वः स्वम्। ददाति नः शास्त्रम्। (3)अन्तग्रहणं पूर्वसूत्रे तदन्तप्रतिषेधार्थम्। (4)पदप्रदेशाः-"पदस्य" (२.१.८९) इत्यादयः ।।२०।।

સૂત્રાર્થ :- સિ વિગેરે અને તિવ્ વિગેરે વિભક્તિઓ જેને અંતે છે, તેની (અર્થાત્ પ્રકૃતિ-પ્રત્યયરૂપ સમુદાયની) પદ સંજ્ઞા થાય છે.

સૂત્રસમાસ :-
- સા (વિભક્તિઃ) અન્તે યસ્ય તત્ = તદન્તમ્ (બહુ.)।
- પદ્યતે (ગમ્યતે કારકસંસૃષ્ટોઽર્થઃ) અનેનેતિ પદમ્।

વિવરણ :- **(1)** તદ્ શબ્દ અનંતર પૂર્વકથિત વસ્તુનો બોધ કરાવનાર હોય છે. તેથી સૂત્રોક્ત તદ્ શબ્દ દ્વારા અનંતર પૂર્વસૂત્રમાં સ્ત્યાદિઃ પદ દ્વારા કહેવાયેલા સ્યાદિ અને ત્યાદિ પ્રત્યયોનો બોધ થાય છે. માટે બૃ. વૃત્તિમાં તદ્ શબ્દનો स्याद्यन्तं त्याद्यन्तम् આવો અર્થ કર્યો છે.

(A) પદસંજ્ઞા અધિકારમાં કુલ ૬ સૂત્રો આવશે. તેમાં પહેલા ત્રણ સૂત્રો પદસંજ્ઞાનું વિધાન કરનારા છે. પછીના ત્રણ સૂત્રો પદસંજ્ઞાનો નિષેધ કરનારા છે.

(2) દૃષ્ટાંત -

(i) धर्मो वः स्वम्		(ii) ददाति नः शास्त्रम्	
			दा (११३८)
* 'नाम्नः प्रथमैक० २.२.३१'	→ धर्म + सि	* 'त्रीणि त्रीणि० ३.३.१७'	→ दा + ति
* 'तदन्तं पदम् १.१.२०'	→ પદ સંજ્ઞા	* 'हवः शिति ४.१.१२'	→ दादा + ति
* 'सो रुः २.१.७२'	→ धर्मर् युष्माकं स्वम्	* 'ह्रस्वः ४.१.३९'	→ ददाति (अस्मभ्यं शास्त्रम्)
* 'घोषवति १.३.२१'	→ धर्मउ युष्माकं स्वम्	* 'तदन्तं पदम् १.१.२०'	→ પદ સંજ્ઞા
* 'अवर्णस्ये० १.२.६'	→ धर्मो युष्माकं स्वम्	* 'पदाद्युग्० २.१.२१'	→ ददाति नस् शास्त्रम्
* 'पदाद्युग्० २.१.२१'	→ धर्मो वस् स्वम्	* 'सो रुः २.१.७२'	→ ददाति नर् शास्त्रम्
* 'सो रुः २.१.७२'	→ धर्मो वर् स्वम्	* 'रः पदान्ते० १.३.५३'	→ ददाति नः शास्त्रम्।
* 'रः पदान्ते० १.३.५३'	→ धर्मो वः स्वम्।		

આ બન્ને દૃષ્ટાંતસ્થળે સિ પ્રત્યયાન્ત धर्मः અને તિ પ્રત્યયાન્ત ददाति પદસંજ્ઞક થવાથી युष्माकम् અને अस्मभ्यम् નો 'पदाद्युग्०' સૂત્રથી वस् અને नस् આદેશ થઈ શક્યો.

(3) શંકા :- અહીં સૂત્રમાં અન્ત નું ગ્રહણ શા માટે કર્યું છે ? તેને બદલે 'सा पदम्' એવું સૂત્ર બનાવ્યું હોત તો સિ વિગેરે અને તિવ્ વિગેરે વિભક્તિઓને પદસંજ્ઞા થાત. તેથી धर्मो वः स्वम् અને ददाति नः शास्त्रम् ઈત્યાદિ પ્રયોગોમાં युष्मद् અને अस्मद् ક્રમશઃ સિ અને તિવ્ પદથી પરમાં હોવાના કારણે 'पदाद्युग्० २.१.२१' સૂત્રથી તેમને અનુક્રમે वस्-नस् આદેશ થઈ જાત.

સમાધાન :- વિભક્તિને પદસંજ્ઞા કરો કે વિભક્ત્યન્તને પદસંજ્ઞા કરો, તેનાથી તમે કહેલા પ્રયોગોમાં ભલે કોઈ ફર્ક નથી પડતો, પરંતુ अग्निषु ઈત્યાદિ પ્રયોગોમાં सु (सुप्) વિભક્તિને પદસંજ્ઞા થઈ જવાથી स् એ પદની આદિમાં ગણાશે. તેથી 'नाम्यन्तस्था० २.३.१५' સૂત્રથી स् નો ष् ન થવાના કારણે अग्निसु એવો અનિષ્ટ પ્રયોગ થશે. સૂત્રમાં અન્ત ના ગ્રહણથી વિભક્ત્યન્તને જ પદસંજ્ઞા થશે. તેથી अग्निसु એ પદ થવાથી स् પદની મધ્યમાં આવશે. તેથી 'नाम्यन्तस्था० २.३.१५' સૂત્રથી स् નો ष् થઈ अग्निषु રૂપ સિદ્ધ થશે.

શંકા :- 'सा पदम्' આવું સૂત્ર બનાવીએ તો પણ सा પદથી જણાતી સ્યાદિ અને ત્યાદિ વિભક્તિ સ્યાદ્યન્ત અને ત્યાદ્યન્ત રૂપે જ 'प्रत्ययः प्रकृत्यादेः ७.४.११५' પરિભાષાથી સ્યાદ્યન્ત અને ત્યાદ્યન્ત રૂપે જ ગ્રહણ થશે. તેથી ફક્ત સુપ્ પ્રત્યયને પદસંજ્ઞા ન થતા સુબન્ત अग्निसु ને પદસંજ્ઞા થવાથી પદની અંદર વર્તતા स् નો ष् આદેશ થઈ अग्निषु વિગેરે પ્રયોગો પણ સિદ્ધ થઈ જશે. તેથી સૂત્રમાં અન્ત પદનું ગ્રહણ કરવાની જરૂર નથી.

સમાધાન :- તમે કહો છો એમ અન્ત નું ઉપાદાન વ્યર્થ છે, છતાં સૂત્રમાં તેનું ઉપાદાન કર્યું છે, તે જ્ઞાપન[A] કરે છે કે ***'संज्ञाधिकारे प्रत्ययग्रहणे प्रत्ययमात्रस्यैव ग्रहणं, न तदन्तस्य'***[B] એવો ન્યાય છે, તેથી સંજ્ઞાધિકારમાં પ્રત્યયના ગ્રહણથી પ્રત્યયાન્તનું ગ્રહણ નહીં થાય, પણ પ્રત્યયનું જ ગ્રહણ થશે. અન્યથા પ્રત્યયના ગ્રહણથી સર્વત્ર પ્રત્યયાન્તનું જ જો ગ્રહણ થાત તો 'स्त्यादिर्विभक्तिः १.१.१९' સૂત્રથી સ્યાદ્યન્ત અને ત્યાદ્યન્ત નામને જ વિભક્તિ સંજ્ઞા થાત, स् અને ति વિગેરેને નહીં. તેથી 'काष्ठगृहं युष्मत्पुत्राणाम्'[C] ઈત્યાદિ સ્થળે 'काष्ठगृहं वः' આવો પ્રયોગ થાત. કારણ કે काष्ठ શબ્દને સ્યાદ્યન્ત गृहम् વિભક્તિ પરમાં હોતે છતે काष्ठगृहम् એ પદ બનત અને તેની પરમાં રહેલ युष्मद् નો સ્યાદ્યન્ત पुत्राणाम् વિભક્તિની સાથે મળીને वस् આદેશ થાત. આમ અહીં 'पदाद् युग्विभक्त्यैक० २.१.२१' સૂત્રથી वस् આદેશની પ્રાપ્તિ ન હોવા છતાં તે થવા રૂપ અતિવ્યાપ્તિ[D] દોષ આવત.

વળી, ददाति नः शास्त्रम् વિગેરે સ્થળે 'पदाद् युग्०' સૂત્રથી ददाति પદથી પરમાં अस्माकम् નો नस् આદેશ પ્રાપ્ત હોવા છતાં ન થાત, કારણ ત્યાદ્યન્ત ददाति પદ ન બનતા વિભક્તિ બનત. આમ અવ્યાપ્તિ[E] દોષ પણ આવત.

હવે અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ દોષો તો જ ન આવે જો ***'संज्ञाधिकारे०'*** એવો કોઈ ન્યાય હોય. ન્યાયનું જ્ઞાપન તો જ થાય જો સૂત્રમાં અન્ત નું ઉપાદાન કરવામાં આવે. આ હેતુથી સૂત્રકારે અન્ત પદનું ઉપાદાન કર્યું છે. બૃ. વૃત્તિમાં 'अन्तग्रहणे पूर्वसूत्रे' લખ્યું છે, ત્યાં પૂર્વસૂત્રે નો અર્થ સંજ્ઞાવિધૌ કરવો. કેમ કે ફક્ત 'स्त्यादिर्विभक्तिः' આ પૂર્વસૂત્રમાં

(A) સૂત્રના ઈષ્ટાર્થની અને ઈષ્ટપ્રયોગની સિદ્ધિ માટે વ્યાકરણના ન્યાયો ઉપયોગી છે. તે તે ન્યાયનું અસ્તિત્વ જ્ઞાપન કરવા માટે સૂત્રકાર સૂત્રમાં એવી કંઈક વિશેષતા દાખલ કરતા હોય છે કે તેના આધારે આપણે અનુમાન કરી શકીએ કે -'આવા આવા અર્થને જણાવનારો કોઈ ન્યાય હોવો જોઈએ.' જેમ કે-પ્રસ્તુત સૂત્રમાં અન્ત શબ્દની જરૂર નહોતી, છતાં સૂત્રકારે વ્યર્થ તેનું ગ્રહણ કર્યું. તેનાથી આપણે અનુમાન કરી શકીએ કે 'સૂત્રકાર વ્યર્થ તો તેનું ગ્રહણ કરે નહીં, છતાં ગ્રહણ કર્યું છે તેનાથી જણાય છે કે ***'संज्ञाधिकारे प्रत्ययग्रहणे प्रत्ययमात्रस्यैव ग्रहणं न तदन्तस्य'*** એવો ન્યાય હોવો જોઈએ, તો જ અન્ત શબ્દ સાર્થક બને.' આનું તાત્પર્ય એ કે અન્ત શબ્દ વ્યર્થ બનીને ***'संज्ञाधिकारे०'*** ન્યાયનું જ્ઞાપન કરે છે.

(B) સંજ્ઞા અધિકારમાં પ્રત્યયનું ગ્રહણ હોતે છતે માત્ર પ્રત્યયનું જ ગ્રહણ કરવું, પ્રત્યયાન્તનું નહીં.

(C) બૃ. ન્યાસમાં शेषाय युष्मद्वृद्धिहिताय नमः' દૃષ્ટાંત બતાવ્યું છે. મૂળ આ સૂત્રમાં अन्तम् પદના ગ્રહણથી ***'संज्ञाधिकारे०'*** ન્યાય જ્ઞાપિત થતા તદનુસાર 'स्त्यादिर्विभक्तिः १.१.१९' સૂત્રથી સ્યાદ્યન્ત અને ત્યાદ્યન્તને વિભક્તિ સંજ્ઞા નથી થતી. તેથી शेषाय પદથી પરમાં રહેલા ચતુર્થી વિભક્ત્યન્ત युष्मद्वृद्धिहिताय નો 'पदाद्युग्०' સૂત્રથી તે આદેશ નથી થતો. જો ન્યાય જ્ઞાપિત ન થવાથી 'प्रत्ययः० ७.४.११५' પરિભાષા મુજબ સ્યાદ્યન્ત અને ત્યાદ્યન્તને વિભક્તિ સંજ્ઞા થાત તો ચતુર્થ્યન્ત વૃદ્ધિહિતાય વિભક્તિ સંજ્ઞા પામત અને તેની સાથે જોડાયેલ युष्मद् ને અર્થાત् युष्मद्वृद्धिहिताय પદને તે આદેશની પ્રાપ્તિ આવત.

(D) **लक्ष्यवृत्तित्वे सति अलक्ष्यवृत्तित्वमतिव्याप्तिः।**

(E) **लक्ष्यैकदेशावृत्तित्वमव्याप्तिः।**

પ્રત્યયાન્ત ગ્રહણનો પ્રતિષેધ નથી કરવો, પણ સંપૂર્ણ સંજ્ઞાવિધિમાં પ્રત્યયનું ગ્રહણ હોતે છતે પ્રત્યયાન્તના ગ્રહણનો પ્રતિષેધ કરવો છે. તેથી પૂર્વસૂત્રે શબ્દ સંપૂર્ણ સંજ્ઞાવિધિનું ઉપલક્ષણ છે એમ સમજવું.

શંકા :- ***'संज्ञाधिकारे०'*** ન્યાય મુજબ સંજ્ઞાપ્રકરણમાં પ્રત્યયનું ગ્રહણ હોતે છતે જો ફક્ત પ્રત્યયનું જ ગ્રહણ કરવાનું હોય તો 'અધાતુવિભક્તિ૦ ૧.૧.૨૭' સૂત્રથી નામસંજ્ઞા કરવાના અવસરે ફક્ત કૃત્ અને તદ્ધિત પ્રત્યયોને જ નામસંજ્ઞા થશે, કૃદંત અને તદ્ધિતાંત શબ્દોને નહીં.(A)

સમાધાન :- ભલેને તેમ થાય. એમાં શું વાંધો છે ?

શંકા :- તેમ થવાથી ક્વિપ્ પ્રત્યયાંત છિદ્ અને ભિદ્ વિગેરે સ્થળે 'અધાતુવિભક્તિ૦' સૂત્રથી નામસંજ્ઞા નહીં થઈ શકે. કેમકે ત્યાં નામસંજ્ઞા પામનાર સર્વથા ઈત્ એવો ક્વિપ્ પ્રત્યય ગેરહાજર છે.

સમાધાન :- 'અધાતુવિભક્તિ૦' સૂત્રથી અર્થવાન્ શબ્દને નામ સંજ્ઞા થાય છે. તેથી ભલે છિદ્-ભિદ્ સ્થળે ક્વિપ્ પ્રત્યય ગેરહાજર હોય છતાં તેઓ પોતે 'છેદનાર' અને 'ભેદનાર' અર્થવાળા હોવાથી તેમને નામસંજ્ઞા થઈ જશે.

શંકા :- ***'क्विबन्ता धातुत्वं नोज्झन्ति शब्दत्वञ्च प्रतिपद्यन्ते'*** ન્યાય મુજબ ક્વિપ્ પ્રત્યયાન્ત છિદ્-ભિદ્ ધાતુ ગણાય અને 'અધાતુવિભક્તિ૦' સૂત્રમાં નામસંજ્ઞા પામનારમાં ધાતુનો નિષેધ કર્યો છે. તેથી છિદ્-ભિદ્ ને નામ સંજ્ઞા નહીં થઈ શકે.

સમાધાન :- ***'प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणं कार्यं विज्ञायते'*** ન્યાય મુજબ ક્વિપ્ પ્રત્યય લોપાયો હોવા છતાં છિદ્-ભિદ્ શબ્દોને ક્વિપ્ પ્રત્યય નિમિત્તક નામસંજ્ઞા રૂપ કાર્ય થઈ જશે. માટે કોઈ આપત્તિ નથી.

શંકા :- હાલ આપણે ક્વિપ્ પ્રત્યયના નિમિત્તે છિદ્-ભિદ્ શબ્દોને નામસંજ્ઞા કરવાની વાત નથી, પરંતુ ***'संज्ञाधिकारे०'*** ન્યાય મુજબ ક્વિપ્ પ્રત્યયને પોતાને નામસંજ્ઞા થવાની વાત છે. હવે ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાય લુપ્ત પ્રત્યયના નિમિત્તે જો કોઈ બીજાને કાર્ય પ્રાપ્ત હોય તો તેનો લાભ કરાવી આપે છે, પરંતુ લુપ્ત પ્રત્યયને પોતાને પ્રાપ્ત કાર્યનો લાભ કરાવી આપતો નથી, કેમકે જે વસ્તુ લોપાઈ ગઈ છે તે અસત્ (લોકમાં અવિદ્યમાન) છે અને અસત્ વસ્તુ માટે સેંકડો કથન કરવામાં આવે તો પણ તે કાર્યી રૂપે પ્રાપ્ત ન થઈ શકે. પ્રસ્તુતમાં લુપ્ત ક્વિપ્ પ્રત્યય અસત્ છે માટે તે નામસંજ્ઞાના કાર્યી રૂપે પ્રાપ્ત થશે નહીં.

(A) આ વ્યાકરણમાં કૃદંત અને તદ્ધિતપ્રત્યયાંતોને નામસંજ્ઞા કરનારુ વિશેષ એવું કોઈ સૂત્ર નથી. પરંતુ 'અધાતુવિભક્તિ૦ ૧.૧.૨૭' સૂત્રમાં વિભક્તિનો નિષેધ કરવા દ્વારા પર્યુદાસ નઞ્ ને આશ્રયી બાકીના સર્વ પ્રત્યયાન્તોને નામ સંજ્ઞા કરવામાં આવી છે. હવે આ સૂત્રમાં અન્ત શબ્દ મૂકવાથી ***'संज्ञाधिकारे०'*** ન્યાય જ્ઞાપિત થાય છે. માટે આ શંકા ઊભી કરવામાં આવે છે.

વળી જ્યાં તદ્ધિતનો પ્રત્યય વિદ્યમાન છે એવા औपगवः વિગેરે સ્થળે પણ ફક્ત તદ્ધિતના अण् પ્રત્યયને નામસંજ્ઞા થશે. તેથી ઐકાર્થ્યનો અભાવ હોવાથી ષષ્ઠીનો લોપ નહીં થઈ શકે. આશય એ છે કે औपगवः પ્રયોગને उपगोः अपत्यम् આ લૌકિક વિગ્રહ બતાવી ત્યારબાદ અલૌકિક વિગ્રહની उपगु + ङस् + अण् અવસ્થામાં 'ऐकार्थ्ये ३.२.८' સૂત્રથી ષષ્ઠી (= ङस्) નો લોપ કરી સિદ્ધ કરવાનો છે. હવે જો કેવળ अण् ને નામસંજ્ઞા થાય તો उपगु અને अण् પ્રકૃતિ-પ્રત્યયનો સમુદાય નામસંજ્ઞા ન પામવાથી તેઓ વચ્ચે ઐકાર્થ્ય ન સધાતા 'ऐकार्थ्ये ३.२.८' સૂત્રથી ષષ્ઠીનો લોપ ન થઈ શકે, પરંતુ જો તદન્તને (= તદ્ધિતાંતને) નામસંજ્ઞા થતી હોત તો उपगु અને अण् આ પ્રકૃતિ-પ્રત્યયનો સમુદાય નામસંજ્ઞા પામતા તેઓ વચ્ચે ઐકાર્થ્ય સધાત, જેથી ષષ્ઠીનો લોપ થઈ औपगवः પ્રયોગ સિદ્ધ થઈ શકત. આમ ***'संज्ञाधिकारे०'*** ન્યાય મુજબ ઉપરોક્ત આપત્તિ આવે છે.

સમાધાન :- જ્યાં સંજ્ઞી એવા પ્રત્યયને સાક્ષાત્ સંજ્ઞા કરવામાં આવી હોય તેવા સ્થળે ***'संज्ञाधिकारे०'*** ન્યાય મુજબ પ્રત્યયને જ તે સંજ્ઞા થાય છે, પ્રત્યયાન્તને નહીં. પરંતુ જ્યાં પ્રત્યયને જે સંજ્ઞા (સૂચક પદ) બતાવી હોય તેનાથી અન્ય સંજ્ઞા જો તદન્તને (= પ્રત્યયાંતને) થતી હોય તો તે સંજ્ઞા પ્રત્યયાન્તને નથી થતી એવું નહીં, અર્થાત્ થાય જ છે. આશય એ છે કે પ્રસ્તુત સૂત્રમાં જો अन्त શબ્દનું ગ્રહણ ન કરી 'सा पदम्' આવું સૂત્ર બનાવીએ તો આ સૂત્રથી પદ સંજ્ઞા सा પદથી જણાતા સ્યાદિ અને ત્યાદિ પ્રત્યયોને સાક્ષાત્ લાગુ પડે છે. માટે અહીં ***'संज्ञाधिकारे०'*** ન્યાય મુજબ ફક્ત સ્યાદિ અને ત્યાદિ પ્રત્યયોને પદસંજ્ઞા લાગુ પડવાનો પ્રસંગ આવે છે. તેથી સ્યાદ્યન્ત-ત્યાદ્યન્તને પદસંજ્ઞા લાગુ પાડવા સૂત્રમાં अन्त શબ્દ મૂકવો જરૂરી છે. પરંતુ 'अधातुविभक्ति०' સૂત્રસ્થળે કૃત્ અને તદ્ધિત પ્રત્યયોને નામસંજ્ઞા કરવા માટે તે સૂત્રમાં कृत्-तद्धित આવા સાક્ષાત્ કોઈ શબ્દ ન મૂકતા તેમને માટે ત્યાં अविभक्ति આવી સંજ્ઞા અર્થાત્ સૂચક પદ બતાવ્યું છે. તેથી 'अविभक्ति' સિવાયની નામસંજ્ઞા તદંત (કૃદંત અને તદ્ધિતાંત) ને તે સૂત્રથી થશે જ. ટૂંકમાં વાત એટલી છે કે જે સૂત્રમાં વિવક્ષિત પ્રત્યયને ઓળખાવવા સાક્ષાત્ તેને લગતા શબ્દનો ઉલ્લેખ હોય ત્યાં ***'संज्ञाधिकारे०'*** ન્યાય લાગુ પડે. જેમકે પ્રસ્તુત સૂત્રમાં. પરંતુ જે સંજ્ઞાસૂત્રમાં વિવક્ષિત પ્રત્યયને ઓળખાવવા પરંપરાએ શબ્દ બતાવ્યો હોય ત્યાં ***'संज्ञाधिकारे०'*** ન્યાય લાગુ પડતો નથી. જેમકે 'अधातुविभक्ति०' સૂત્રમાં કૃત્ અને તદ્ધિત પ્રત્યયોને ઓળખાવવા સાક્ષાત્ कृत्-तद्धित આવા શબ્દ નથી બતાવ્યા, પણ अविभक्ति આવા પરંપર(વાયા) શબ્દથી તેમનું સૂચન કર્યું છે. માટે ત્યાં ***'संज्ञाधिकारे०'*** ન્યાય લાગુ પડતો ન હોવાથી 'प्रत्ययः प्रकृत्यादेः ७.४.११५' પરિભાષા મુજબ કૃદંત અને તદ્ધિતાંતને નામસંજ્ઞા થઈ શકે છે.

આમ પણ 'अधातुविभक्ति०' સૂત્રમાં અર્થવાન્ શબ્દને નામ સંજ્ઞા કહી છે. કૃદંત અને તદ્ધિતાંત જ અર્થવાન્ હોય છે, કૃત્ અને તદ્ધિત પ્રત્યયો નહીં. તેથી પણ સમજી શકાય કે તે સૂત્રમાં વિભક્ત્યન્તના નિષેધથી અર્થવાન્ એવા કૃદંત અને તદ્ધિતાન્તને જ નામસંજ્ઞા કરવી ઈષ્ટ છે, કૃત્-તદ્ધિત પ્રત્યયોને નહીં.

શંકા :- તમે અહીં કઈ અર્થવત્તાનો આશ્રય કરો છો ? લૌકિકી કે બીજી કોઈ ? જો લૌકિકી અર્થવત્તાનો આશ્રય કરો છો, તો તે પદમાં જ સંભવે છે, કૃદંત કે તદ્ધિતાંતમાં નહીં. કેમકે લોકમાં ***'न केवला प्रकृतिर्प्रयोक्तव्या नाऽपि प्रत्ययः'*** ન્યાય મુજબ પદનો જ પ્રયોગ થાય છે. હવે જો અન્વય-વ્યતિરેકને આશ્રયીને પ્રાપ્ત થતી અર્થવત્તાનો આશ્રય કરવામાં આવે તો એ તો કૃત્ અને તદ્ધિત પ્રત્યયોને વિશે પણ સંભવે છે. જેમકે ***'तत् सत्त्वे तत् सत्त्वम्'*** એ અન્વય છે અને ***'तदभावे तदभावः'*** એ વ્યતિરેક છે. ઔપગવ શબ્દસ્થળે ઉપગુ પ્રકૃતિ અને અણ્ પ્રત્યય છે, તથા અર્થ 'ગાયોનો માલિક' અને 'સંતાન' છે. હવે દૈત્ય શબ્દનો પ્રયોગ કરવામાં આવતા ઉપગુ પ્રકૃતિ ચાલી જાય છે, દિતિ પ્રકૃતિ નવી આવે છે અને અણ્ પ્રત્યય એમનો એમ ટક્યો રહે છે. સાથે સાથે અર્થમાં 'ગાયોનો માલિક' અર્થ ચાલ્યો જાય છે. 'દિતિ નામની સ્ત્રી' આ અર્થ નવો આવે છે અને 'સંતાન' અર્થ પૂર્વવત્ ઊભો રહે છે. તેથી સમજી શકાય છે કે ઉપગુ પ્રકૃતિ હોતે છતે 'ગાયોના માલિક' રૂપ અર્થનું હોવું, અને તે ન હોતે છતે તે અર્થનું પણ ચાલ્યા જવું. આમ તેઓ વચ્ચે પરસ્પર અન્વય-વ્યતિરેક મળે છે. માટે 'ગાયોનો માલિક' આ અર્થ ઉપગુ પ્રકૃતિનો છે. બન્ને સ્થળે અણ્ ઊભો છે, તો સાથે 'સંતાન' અર્થ પણ ઊભો રહે છે. તેથી સમજી શકાય છે કે 'સંતાન' અર્થ અણ્ પ્રત્યયનો છે. આમ તદ્ધિત પ્રત્યયો અર્થવત્ છે. આ રીતે કૃત્ પ્રત્યય સ્થળે પણ અન્વય-વ્યતિરેક કરવાથી જાણાઈ આવશે કે તેઓ સાર્થક છે.

સમાધાન :- 'अधातुविभक्ति०' સૂત્રમાં અર્થવદ્ પદના ગ્રહણના સામર્થ્યથી લૌકિક અર્થવાળું જે પદ હોય છે, તેના અર્થને પ્રત્યાસન્ન જે સિ વિગેરે પ્રત્યયોની પ્રકૃતિ (= કૃદંત અને તદ્ધિતાંત) નો અભિવ્યક્તતર (= પ્રસિદ્ધ) એવો અર્થ, તે પ્રત્યયાન્ત (= કૃદંત અને તદ્ધિતાંત) ને વિશે જ જોવામાં આવે છે, તેનો અહીં આશ્રય કરવામાં આવે છે. આશય એ છે કે 'अधातुविभक्ति०' સૂત્રના 'અર્થવદ્' પદથી જો લૌકિક અર્થવાન્નું ગ્રહણ કરવા જઈએ તો લોક દ્વારા ભાષામાં પ્રયોગ કરતા પદો જ લૌકિક અર્થવાળા હોય છે. માટે કૃત્-તદ્ધિત પ્રત્યયાન્તને નામસંજ્ઞા નથી થઈ શકતી. હવે જો અન્વય-વ્યતિરેકને આશ્રયી અર્થવાન્ને ગ્રહણ કરવા જઈએ તો ઉપર શંકામાં બતાવ્યું તે પ્રમાણે કૃત્-તદ્ધિત પ્રત્યયો પણ અર્થવાન્ બનતા હોવાથી તેમને નામસંજ્ઞા થવાની આપત્તિ આવે છે. આ આપત્તિને વારી ઈષ્ટ લક્ષ્યોમાં નામસંજ્ઞા પ્રાપ્ત થાય તે માટે 'अधातुविभक्ति०' સૂત્રોક્ત અર્થવદ્ પદથી અહીં સ્યાદ્યન્ત પદ થકી પ્રાપ્ત થતો જે લૌકિક અર્થ તેને નજીકનો પ્રસિદ્ધ અર્થ ગ્રહણ કરવામાં આવે છે. આવો અર્થ કૃદન્ત અને તદ્ધિતાન્ત શબ્દોમાં જોવામાં આવે છે. કૃત્-તદ્ધિત પ્રત્યયોમાં નહીં. કેમકે છિદ્, ભિદ્, ઔપગવઃ વિગેરે સ્થળે સિ આદિ પ્રત્યયોની છિદ્, ભિદ્, ઔપગવ વિગેરે કૃદન્ત અને તદ્ધિતાન્ત પ્રકૃતિનો અર્થ કોશ, ગણપાઠ[A] આદિમાં પ્રસિદ્ધ હોય છે. જ્યારે પ્રત્યયો કોશ કે ગણપાઠ આદિમાં ક્યાંય પણ અર્થવિશેષ જણાવવા બતાવાયા નથી હોતા. આમ 'अधातुविभक्ति०' સૂત્રસ્થ અર્થવદ્

(A) अर्थवदिति - प्रशंसायां मतुप्। प्राशस्त्यं चार्थविशेषतात्पर्यककोशगणपाठादिनिर्दिष्टसजातीयत्वम्। प्रत्ययास्तु कोशे गणपाठे वा कुत्राप्यर्थविशेषनिदर्शनाय न पठिता इति भावः। एवं चाष्टाध्यायीप्रसिद्धार्थवत्तामादायातिप्रसङ्गो न भवति। (म. भाष्य प्रदीपरत्नप्रकाशः, १.४.१४)

શબ્દથી કોશ, ગણપાઠ આદિમાં બતાવેલા શબ્દના અર્થગ્રહણ થતા હોવાથી આવા અર્થ કૃદંત અને તદ્ધિતાન્તને વિશે સંભવે છે, કૃત્-તદ્ધિત પ્રત્યયોને વિશે નહીં. માટે તે સૂત્રથી નામસંજ્ઞા કૃત્-તદ્ધિત પ્રત્યયોને ન થતા કૃદન્ત અને તદ્ધિતાન્ત શબ્દોને થઈ શકે છે.

(4) પદ ના પ્રદેશો 'પદસ્ય ૨.૧.૮૯' વિગેરે સૂત્રો છે ।।૨૦।।

नाम सिदय्व्यञ्जने ।।१.१.२१।।

बृ.वृ.–सिति [1]प्रत्यये [2]यकारवर्जिते व्यञ्जनादौ च परे पूर्वं नाम पदसंज्ञं भवति। भवदीयः, [3]ऊर्णायुः, अहंयुः, अहँय्युः, शुभंयुः, शुभँय्युः। [4]व्यञ्जने—पयोभ्याम्, पयस्सु, राजता, दृक्त्वम्, राजकाम्यति। [5]नामेति किम्? धातोर्मा भूत्-वच्मि, यज्वा। [6]सिदय्व्यञ्जन इति किम्?, भवन्तौ, राजानौ। [7]यवर्जनं किम्? वाचमिच्छति वाच्यति। [8]अन्तर्वर्तिन्यैव विभक्त्या तदन्तस्य पदत्वे सिद्धे सिद्ग्रहणं नियमार्थम्, तेन प्रत्ययान्तरे न भवति–सौश्रुतम्, भागवतम् ।।२१।।

सूत्रार्थ :- સ્ ઈત્ વાળો પ્રત્યય અથવા ય્ સિવાયનો વ્યંજન આદિમાં હોય તેવો પ્રત્યય પરમાં વર્તતા પૂર્વના નામને પદ સંજ્ઞા થાય છે.

सूत्रसमास :-

- નમતિ ધાતવે અથવા નમતિ (પ્રહ્વીભાવં ગચ્છતિ) અર્થં પ્રતિ ઇતિ નામ[(A)]।
- સ ઇત્ (અનુબન્ધો) યસ્ય સ=સિત્ (બહુ.), ન ય્ = અય્ (નઞ્ તત્.), અય્ ચ તત્ વ્યઞ્જનં[(B)] ચ = અય્વ્યઞ્જનમ્ (કર્મ.), સિચ્ચ અય્વ્યઞ્જનં ચ = સિદય્વ્યઞ્જનમ્ (સ.દ્વ.), તસ્મિન્ = સિદય્વ્યઞ્જને।

<u>વિવરણ :-</u> **(1)** સૂત્રમાં પ્રત્યય પદનું ઉપાદાન ન હોવા છતાં સિત્ થી સ્ ઈત્વાળા પ્રત્યયોનું જ ગ્રહણ થશે, કેમકે પ્રત્યય સિવાય અન્યને સ્ ઈત્ સંભવતો જ નથી.

વળી સિત્ પ્રત્યયના સાહચર્યથી ***'साहचर्यात् सदृशस्यैव'*** ન્યાયાનુસાર વ્યંજનાદિ (ય્ ભિન્ન વ્યંજનાદિ) પણ પ્રત્યયરૂપ જ લેવાના. આ આશયથી જ બૃહદ્વૃત્તિમાં 'सिति प्रत्यये....' એવો પાઠ છે.

(2) શંકા :- સૂત્રકારે 'नाम सिद्व्यञ्जने' સૂત્ર બનાવવું જોઈએ. ય્ ના નિષેધક અય્ ની સૂત્રમાં શી જરૂર છે ?

(A) सिद्धहेम-दुंढिकायां 'नमति = प्रह्वीभवति जनोऽनेनेति नामन्' एतादृशी व्युत्पत्तिः कृता वर्तते।

(B) વ્યઞ્જન શબ્દસ્થળે વિ + અઞ્જન શબ્દ છે. તેમાં વિ ઉપસર્ગ વિશિષ્ટાર્થપ્રતીતિં જનયતિ વ્યુત્પત્તિને લઈને 'नी-वी-प्र० (उणा. ६१६)' સૂત્રથી 'वींक् प्रजनादौ' ધાતુને ડિત્ ઇ પ્રત્યય લાગીને નિષ્પન્ન થયો છે.

સમાધાન :- વાચમિચ્છતિ અર્થમાં 'अमाव्ययात् क्यन् च ३.४.२३' સૂત્રથી क्यन् (य) પ્રત્યય થતા वाच् + य અવસ્થા પ્રાપ્ત થાય. હવે સૂત્રમાં अय् (य् નું વર્જન) ન કર્યું હોત તો वाच् પદ બનવાથી 'चजः कगम् २.१.८६' સૂત્રથી च् નો क् થઈ वाक्यति એવું અનિષ્ટ રૂપ બનત. य् નું વર્જન કરવાથી वाच् પદ નહીં બને. તેથી च् નો क् નહીં થવાના કારણે वाच्यति રૂપ સિદ્ધ થશે.

શંકા :- वाच्यति વિગેરે રૂપને સિદ્ધ કરવા સૂત્રમાં अय् (य् વર્જન) કર્યું છે, પણ તે બરાબર નથી. वाच्यति વિગેરે રૂપો તો અમે જણાવીએ એ પ્રમાણે કરશો તો પણ સિદ્ધ થશે. સૂત્રમાં अय् નહીં કરવાના કારણે સૂત્રાર્થ '(सित् પ્રત્યય તથા) વ્યંજનાદિ પ્રત્યય પરમાં હોતે છતે પૂર્વનું નામ પદ બને છે' આવો થશે. તેથી 'नं क्ये' સૂત્રના राजीयति, राजायते, चर्मायति ઇત્યાદિ દૃષ્ટાંતમાં राजन् વિગેરેની પદસંજ્ઞા આ સૂત્રથી જ સિદ્ધ હોવા છતાં 'नं क्ये १.१.२२' સૂત્ર બનાવ્યું છે, તેથી ***'सिद्धे सत्यारम्भो नियमार्थः'*** [A] એ ન્યાયથી 'नं क्ये' નિયમસૂત્ર (સંકોચ કરનારું) બનશે. [B] નિયમ આવો થશે કે 'क्य (क्यन्, क्यङ् કે क्यङ्ष्) પ્રત્યય પર છતાં ન કારાન્ત નામ જ પદ થાય, બીજા નહીં.' તેથી क्यन् પરમાં વર્તતા वाच् નામ પણ પદ ન થવાથી वाच्यति રૂપ સિદ્ધ થશે.

સમાધાન :- આ સૂત્રમાં अय् પદના અભાવે તમે કહ્યા મુજબ 'नं क्ये' નિયમસૂત્ર બનશે, એ વાત સાચી. પણ તે નિયમ તમે કહ્યો તેવો જ થાય, એ જરૂરી નથી. 'ન કારાન્ત નામ क्य પ્રત્યય પર છતાં જ પદ થાય, બીજા પ્રત્યય પર છતાં નહીં.' આવો વિપરીત નિયમ પણ કેમ ન થાય ? અને આવો વિપરીત નિયમ થવાના કારણે તો राजन् + सि, सीमन् + सि વિગેરે સ્થળે राजन्, सीमन् વિગેરે પદ ન બનવાથી राजा, सीमा આદિ પ્રયોગ જ સિદ્ધ નહીં થાય.

શંકા :- 'युवा खलति० ३.१.११३' સૂત્રમાં युवन् + सि નું युवा એવું રૂપ સૂત્રમાં કર્યું છે, એ જ બતાવે છે કે 'વિપરીત નિયમ' તમે કહ્યા મુજબનો નહીં, પણ અમે કહ્યાં મુજબનો થશે. આમ 'नाम सिद्व्यञ्जने' સૂત્ર બનાવવું જોઈએ એ સિદ્ધ થાય છે.

સમાધાન :- તમારી વાત તો સાચી છે. પણ સૂત્રમાં જો अय् ન કરત તો (सत्सु साधु इति) सत्यम् ઇત્યાદિ પ્રયોગમાં 'तत्र साधौ ७.१.१५' સૂત્રથી થયેલ य પ્રત્યય પરમાં વર્તતે છતે सत् પદ થવાથી 'धुटस्तृतीयः २.१.७६' સૂત્રથી त् નો द् આદેશ થતા सद्यम् એવું અનિષ્ટ રૂપ થઈ જાત. માટે સૂત્રમાં य् નું વર્જન છે.

(A) કાર્ય સિદ્ધ હોવા છતાં એને સિદ્ધ કરવા ફરી સૂત્રનો આરંભ (વિધાન) કરાય, તો તે આરંભ નિયમ માટે છે એમ જાણવું.

(B) જો કે 'नं क्ये' સૂત્રની બૃ. વૃત્તિમાં 'अयिति प्रतिषेधात् पूर्वेणाऽप्राप्ते वचनम्' આમ કહ્યું છે. તેથી તે નિયમસૂત્ર નથી. છતાં જો આ સૂત્રમાં अय् ન મૂકવામાં આવે તો क्यन् વિગેરેને લઈને આ સૂત્રથી જ પદસંજ્ઞા પ્રાપ્ત છે, તેથી 'नं क्ये' સૂત્ર નિયમ કરનાર બનશે એમ સમજવું.

(3) सित् પ્રત્યયના દૃષ્ટાંત — (i) भवदीयः * 'भवतोरिकणीयसौ ६.३.३०' → भवतोऽयम् = भवत् + ईयस् (स् ईत् છે), * 'नाम सिदय्० १.१.२१' → भवत् ને પદસંજ્ઞા, * 'धुटस्तृतीयः २.१.७६' → भवद् + इयस् = भवदीय + सि, * 'सो रुः २.१.७२' → भवदीयर्, * 'रः पदान्ते० १.३.५३' → भवदीयः।

	(ii) ऊर्णायुः	(iii) अहंयुः/अहँय्युः	(iv) शुभंयुः/शुभँय्युः
	ऊर्णाऽस्य सन्ति =	अहमस्त्यस्य =	शुभमस्त्यस्य =
* 'ऊर्णाऽहं० ७.२.१७' →	ऊर्णा[A] + युस् (+ सि)	अहम्[B] + युस्	शुभम् + युस्
* 'नाम सिदय्० १.१.२१' →	ऊर्णा ने પદસંજ્ઞા	अहम् ने પદસંજ્ઞા	शुभम् ने પદસંજ્ઞા
* 'तौ मुमो० १.३.१४' →	↓	अहंयु/अहँय्यु + सि	शुभंयु/शुभँय्यु + सि
* 'सो रुः २.१.७२' →	ऊर्णायुर्	अहंयुर्/अहँय्युर्	शुभंयुर्/शुभँय्युर्
* 'रः पदान्ते० १.३.५३' →	ऊर्णायुः।	अहंयुः/अहँय्युः।	शुभंयुः/शुभँय्युः।

ઉપરોક્ત દૃષ્ટાંતોમાં આ સૂત્રથી भवत् ને પદસંજ્ઞા થવાથી તેના त् નો द्, ऊर्णा ને પદસંજ્ઞા થવાથી 'अवर्णेवर्णस्य० ७.४.६८' સૂત્રથી તેના आ ના લોપનો અભાવ અને अहम् તથા शुभम् ને પદસંજ્ઞા થવાથી 'तौ मुमो० १.३.१४' સૂત્રથી તેમના म् નો અનુસ્વાર તથા પરવ્યંજનનો સ્વ અનુનાસિક આદેશ થવારૂપ ફળ મળે છે.

(4) य् भिन्न व्यंजनादि प्रत्ययના દૃષ્ટાંત —

(i) पयोभ्याम्	(ii) पयस्सु
पयस् + भ्याम्	पयस् + सुप्
* 'नाम सिदय्० १.१.२१' → पयस् ने પદસંજ્ઞા	* 'नाम सिदय्० १.१.२१' → पयस् ने પદસંજ્ઞા
* 'सो रुः २.१.७२' → पयर् + भ्याम्	* 'सो रुः २.१.७२' → पयर् + सुप्
* 'घोषवति १.३.२१' → पयउ + भ्याम्	* 'शषसे० १.३.६' → पयस् + सुप्
* 'अवर्णस्ये० १.२.६' → पयोभ्याम्।	= पयस्सु।

(iii) राजता	(iv) राजकाम्यति
राज्ञो भावः =	राजानमिच्छति =
* 'भावे त्व-तल् ७.१.५५' → राजन् + ता (तल्)	* 'अमाव्ययात्० ३.४.२३' → राजन् + काम्य

(A) ઉર્ણા શબ્દ 'इर्णुर्वि (उणा० १८२)' સૂત્રથી બન્યો છે.

(B) અહમ્ અને શુભમ્ એ વિભક્તિ પ્રતિરૂપક અવ્યયો છે. (સૂત્ર ૧.૧.૩૩ જુઓ.)

* 'नाम सिदय्० १.१.२१'	→	राजन् ने पद संज्ञा
* 'नाम्नो नो० २.१.९१'	→	राज + ता
		= राजता।

* 'नाम सिदय्० १.१.२१'	→	राजन् ने पद संज्ञा
* 'नाम्नो नो० २.१.९१'	→	राजकाम्य + तिव्
* 'कर्तर्यनद्भ्यः० ३.४.७१'	→	राजकाम्य+शव् +तिव्
* 'लुगस्या० २.१.११३'	→	राजकाम्य्+शव् +तिव्
		= राजकाम्यति।

(v) दृक्त्वम् * 'भ्यादिभ्यो वा ५.३.११५' → पश्यतीति क्विप् = दृश् + क्विप्(०), * 'भावे त्व-तल् ७.१.५५' → दृश् + त्व, * 'नाम सिदय्० १.१.२१' → दृश्[(A)] ने पदसंज्ञा * 'ऋत्विज्-दिश्-दृश० २.१.६९' → दृग् + त्व, * 'अघोषे प्रथमो० १.३.५०' → दृक् + त्व + सि, * 'अतः स्यमो० १.४.५७' → दृक्त्व + अम्, * 'समानादमो० १.४.४६' → दृक्त्व + म् = दृक्त्वम्।

(5) આ સૂત્રથી નામને ∅ પદસંજ્ઞા થાય એવું કેમ ?

(a) वच्मि – * वच् + मिव् = वच्मि।

(b) यज्वा – * यज् (९९१), * 'सुयजो० ५.१.१७२' → इष्टवान् = यज् + ङ्वनिप्(वन्) = यज्वन् + सि, * 'नि दीर्घः १.४.८५' → यज्वान् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → यज्वान्, * 'नाम्नो नो० २.१.९१' → यज्वा।

અહીં ક્રમશઃ मिव् અને वन् પ્રત્યયોની પૂર્વે રહેલા वच् અને यज् ધાતુ છે. માટે તેમને આ સૂત્રથી પદસંજ્ઞા ન થઈ.

(6) सित् પ્રત્યયો તેમ∅ य् ભિન્ન વ્યંજનાદિ પ્રત્યયો પરમાં હોય તો ∅ આ સૂત્રથી પદસંજ્ઞા થાય એવું કેમ?

		(a) भवन्तौ
		भवत् + औ
* 'ऋदुदितः १.४.७०'	→	भवन्त् + औ
		= भवन्तौ।

		(b) राजानौ
		राजन् + औ
* 'नि दीर्घः १.४.८५'	→	राजान् + औ
		= राजानौ।

આ બન્ને સ્થળે વર્તતો औ પ્રત્યય सित् કે વ્યંજનાદિ પ્રત્યય નથી, માટે તેમની પૂર્વે રહેલા भवत् અને राजन् નામને આ સૂત્રથી પદસંજ્ઞા ન થઈ. જો પદસંજ્ઞા થાત તો 'धुटस्तृतीयः २.१.७६' સૂત્રથી भवत् ના त् નો द् આદેશ અને 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી राजन् ના न् ના લોપની આપત્તિ આવત.

(A) આમ તો क्विप् એ य् ભિન્ન વ્યંજનાદિ પ્રત્યય હોવાથી તેને આશ્રયીને ∅ આ સૂત્રથી दृश् ને પદસંજ્ઞાની પ્રાપ્તિ છે, પરંતુ ***'क्विपि व्यञ्जनकार्यमनित्यम्'*** (क्विप् પ્રત્યય પરમાં હોતે છતે તેને વ્યંજનાદિ પ્રત્યય માનીને ∅ કાર્ય કરવાનું હોય તે કાર્ય અનિત્ય બને છે.) ન્યાયથી क्विप् પ્રત્યયને આશ્રયીને (क्विप् ના क् કે व् વ્યંજનને આશ્રયીને) दृश् ને પ્રાપ્ત પદસંજ્ઞા નથી થતી, તેથી વિવરણમાં त्व પ્રત્યય પરમાં હોતે છતે दृश् ને પદસંજ્ઞા કહી છે.

(7) આ સૂત્રમાં વ્યંજનાદિ પ્રત્યયોમાં ય કારાદિ પ્રત્યયોને કેમ નિષેધ્યા છે ?

(a) **वाच्यति – * 'अमाव्ययात्० ३.४.२३' → वाच् + क्यन् (य) + तिव्, * 'कर्तर्यनद्भ्यः० ३.४.७१' → वाच्य + शव् + तिव्, * 'लुगस्या० २.१.११३' → वाच्य् + शव् + तिव् = वाच्यति।**

અહીં क्यन् પ્રત્યય ય કારાદિ છે. માટે આ સૂત્રથી તેની પૂર્વે રહેલા वाच् નામને પદસંજ્ઞા ન થઈ. જો પદસંજ્ઞા થાત તો 'चजः कगम् २.१.८६' સૂત્રથી वाच् ના च् નો क् આદેશ થવાથી वाक्यति આવું અનિષ્ટ રૂપ થાત.

(8) **શંકા :-** પયોભ્યામ્ ઈત્યાદિ રૂપોની સિદ્ધિ માટે સૂત્રમાં વ્યઞ્જન્ પદનું ગ્રહણ ભલે કર્યું, પરંતુ सित् પ્રત્યયનું ગ્રહણ જરૂરી નથી. કારણ सित् પ્રત્યયો તદ્ધિતના હોવાથી તે પ્રત્યય લગાડતા પૂર્વે વિગ્રહ કરવો જરૂરી છે. હવે વિગ્રહમાં નામને વિભક્તિના પ્રત્યયો લાગી જ જતા હોવાથી જ્યારે તેને सित् પ્રત્યયો લગાડવામાં આવે ત્યારે 'ऐकार्थ्ये ३.२.९.' સૂત્રથી લોપાયેલ અંતર્વર્તિની વિભક્તિનો સ્થાનિવદ્ભાવ માનીને જ જો 'तदन्तं पदम् १.१.२०' સૂત્રથી એ નામને પદસંજ્ઞાની પ્રાપ્તિ છે, તો सित् અંશની સૂત્રમાં શી જરૂર છે ?

સમાધાન :- અંતર્વર્તિની વિભક્તિના સ્થાનિવદ્ભાવથી જ પદસંજ્ઞા સિદ્ધ હોતે છતે પણ સૂત્રમાં सित् નું ગ્રહણ છે, તે નિયમ (સંકોચ)ને માટે છે. કારણ ન્યાય છે કે ***'सिद्धे सत्यारम्भो नियमार्थः'***. તેથી નિયમ એવો થશે કે 'તદ્ધિતનો પ્રત્યય પર છતા અંતર્વર્તિની વિભક્તિનો સ્થાનિવદ્ભાવ માનીને જો પદસંજ્ઞા થાય તો તે सित् એવા તદ્ધિત પ્રત્યય પર છતાં જ થાય, अण् વિગેરે અન્ય તદ્ધિતના પ્રત્યયો પર છતાં નહીં.'

આ રીતે નિયમ થવાના કારણે सौश्रुतम् અને भागवतम् સ્થળે નિમ્નોક્ત પ્રકારે ફળ મળશે.

(a) सौश्रुतम्	
	सुष्ठु श्रुणोतीति क्विप्
* 'क्रुत्संपदा० ५.३.११४' →	सुश्रु + क्विप् (०)
* 'ह्रस्वस्य तः० ४.४.११३' →	सुश्रुत्
* 'तस्येदम् ६.३.१६०' →	सुश्रुत् + अण्
* 'वृद्धिः स्वरेष्वा० ७.४.१' →	सौश्रुत्+अण्+सि
* 'अतः स्यमो० १.४.५७' →	सौश्रुत + अम्
* 'समानादमो० १.४.४६' →	सौश्रुत + म्
	= सौश्रुतम्।

(b) भागवतम्	
	भगोऽस्त्यस्य =
* 'तदस्याऽस्त्य० ७.२.१' →	भग + मत्
* 'मावर्णान्तो० २.१.९४' →	भगवत्
* 'तस्येदम् ६.३.१६०' →	भगवत् + अण्
* 'वृद्धिः स्वरेष्वा० ७.४.१' →	भागवत्+अण्+सि
* 'अतः स्यमो० १.४.५७' →	भागवत + अम्
* 'समानादमो० १.४.४६' →	भागवत + म्
	= भागवतम्।

નિયમના કારણે અહીં સુશ્રુતઃ ઇદમ્ અને ભગવતઃ ઇદમ્ વિગ્રહને લઈને 'તસ્યેદમ્ ૬.૩.૧૬૦' સૂત્રથી સુશ્રુત્ અને ભગવત્ ને અણ્ પ્રત્યય લાગતા 'ઐકાર્થ્યે ૩.૨.૮' સૂત્રથી લોપાયેલ વિગ્રહની અંતર્વર્તી વિભક્તિના લોપના સ્થાનિવદ્ભાવને લઈને સુશ્રુત્ અને ભગવત્ ને 'તદન્તં પદમ્ ૧.૧.૨૦' સૂત્રથી પ્રાપ્ત પદસંજ્ઞાનો નિષેધ થતા તેમના ત્ નો 'ધુટસ્તૃતીયઃ ૨.૧.૭૬' સૂત્રથી દ્ આદેશ ન થયો. અણ્ પ્રત્યય સિત્ સિવાયનો તદ્ધિતનો પ્રત્યય છે.

શંકા :- રાજન્ + તા = રાજતા, દૃશ + ત્વ = દૃક્ત્વમ્ આ દૃષ્ટાંતમાં તા (તલ્) અને ત્વ પ્રત્યય સિત્ ન હોવાથી નિયમ (સંકોચ) પ્રમાણે રાજન્ પદ ન બનવું જોઈએ. તો તેને પદ માનીને ક્રમશઃ ન્ નો લોપ તથા શ્ નો ગ્ કેમ કર્યો ?

સમાધાન :- રાજન્ + તા અને દૃશ + ત્વ અવસ્થામાં એક સાથે સૂત્રસ્થ સિદ્ અંશને લઈને પ્રાપ્ત થતા નિયમ પ્રમાણે રાજન્ અને દૃશ્ ને પદસંજ્ઞાના નિષેધની પ્રાપ્તિ છે અને તા તથા ત્વ પ્રત્યય વ્યંજનાદિ હોવાથી સૂત્રના 'અવ્યઞ્જને' અંશને લઈને તેમને પદસંજ્ઞાની પણ પ્રાપ્તિ છે. હવે સૌશ્રુતમ્ વિગેરે સ્થળે નિયમ ચરિતાર્થ (સફળ) છે તથા પયોભ્યામ્ વિગેરે સ્થળે 'અવ્યઞ્જને' અંશ ચરિતાર્થ છે. તેથી બન્ને સ્પર્ધ (= વિપ્રતિષેધ) બન્યા. 'સ્પર્ધે ૭.૪.૧૧૯' પરિભાષા પ્રમાણે આ સૂત્રના સિદ્ અંશને લઈને પ્રાપ્ત થતા નિયમની અપેક્ષાએ પર એવો 'અટવ્યઞ્જને' અંશ બળવાન બનવાથી રાજન્ અને દૃશ્ ને પદસંજ્ઞા થઈ શકે છે. માટે ક્રમશઃ તેમના ન્ નો લોપ અને શ્ નો ગ્ આદેશ કરી રાજતા અને દૃક્ત્વમ્ પ્રયોગ કર્યા છે.

અથવા બીજી રીતે કહીએ તો આ સૂત્રમાં મૂકેલો સિત્ અંશ 'તદન્તં પદમ્ ૧.૧.૨૦' સૂત્રના વિષયને સંકોચવા માટે છે. 'તદન્તં પદમ્ ૧.૧.૨૦' સૂત્ર કોઈપણ સ્યાદ્યન્ત નામને (અંતર્વર્તી સ્યાદિ વિભક્તિવાળા નામને પણ) પદસંજ્ઞા કરવા તૈયાર છે. પરંતુ આ સૂત્રમાં વર્તતો સિત્ અંશ તદ્ધિત પ્રત્યયોના વિષયમાં ફક્ત સિત્ તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો જ અંતર્વર્તી સ્યાદિ વિભક્તિને લઈને પદસંજ્ઞા થવા દેવા રૂપ 'તદન્તં પદમ્' સૂત્રના વિષયને સંકુચિત કરે છે. તેથી તદ્ધિતનો પ્રત્યય પરમાં વર્તતા જો અંતર્વર્તી ભ્યામ્ વિગેરે વ્યંજનાદિ સ્યાદિ પ્રત્યયોને લઈને પૂર્વના નામને પદસંજ્ઞા કરવી કે નહીં ? તેની વાત હોત તો 'અવ્યઞ્જને' અંશનો બાધ કરી નિયમ ત્યાં બળવાન બનત. પરંતુ રાજતા, દૃક્ત્વમ્ વિગેરે સ્થળે તો અંતર્વર્તી વિભક્તિ સિવાયના વ્યંજનાદિ તા (તલ્) અને ત્વ પ્રત્યયને લઈને પદસંજ્ઞા કરવાની વાત છે. માટે અહીં નિયમ પદસંજ્ઞામાં બાધક ન બને. તેથી રાજતા અને દૃક્ત્વમ્ સ્થળે રાજન્ અને દૃશ્ ને પદસંજ્ઞા થઈ શકે છે.

नं क्ये ।।१.१.२२।।

बृ.वृ.-क्य[1] इति उत्सृष्टानुबन्धानां क्यन्-क्यङ्-क्यङ्षां ग्रहणम्, नकारान्तं[2] नाम क्ये प्रत्यये परे पदसंज्ञं भवति। राजानमिच्छति[3] क्यन्-राजीयति। राजेवाऽऽचरति क्यङ्-राजायते। अचर्म चर्म भवति क्यङ्ष्-चर्मायति, चर्मायते, पदत्वान्नलोपः। नमिति[4] किम्? वाच्यति। क्य[5] इति किम्? सामनि साधुः सामन्यः। एवं वेमन्यः। अयिति[6] प्रतिषेधात् पूर्वेणाऽप्राप्ते वचनम् ।।२२।।

સૂત્રાર્થ :- ક્ય (ક્યન્, ક્યઙ્, ક્યઙ્ષ્) પ્રત્યય પર છતાં ન કારાન્ત નામને પદસંજ્ઞા થાય છે.

વિવરણ :- (1) સૂત્રસ્થ ક્ય શબ્દ અનુબંધના ત્યાગપૂર્વકના ક્યન્, ક્યઙ્ અને ક્યઙ્ષ્ પ્રત્યયોને જણાવવામાં તત્પર છે. તેથી ક્ય શબ્દથી અહીં તેમનું ગ્રહણ કરવું[A].

શંકા :- ક્ય થી એ ત્રણનું જ ગ્રહણ કરવું એવું તમે શી રીતે નક્કી કર્યું ?

સમાધાન :- અહીં નામ ને પદસંજ્ઞા કરવાનો અધિકાર ચાલે છે, ધાતુને નહીં. તેથી ધાતુને લગતા ક્ય અને ક્યપ્ પ્રત્યયનું સૂત્રસ્થ ક્ય થી ગ્રહણ નહીં જ થાય.

હવે નામ ને લાગતા પ્રત્યયોનો વિચાર કરીએ તો નામથી પરમાં ક્યાંય નિરનુબંધ એવો ક્ય[B] પ્રત્યય લાગતો હોત તો ***'निरनुबन्धग्रहणे न सानुबन्धकस्य'*** ન્યાયથી તે ક્ય પ્રત્યયનું જ ગ્રહણ થાત, ક્યન્ વિગેરેનું નહીં. પરંતુ નામને નિરનુબંધ એવો ક્ય પ્રત્યય ક્યાંય લાગતો ન હોવાથી સૂત્રસ્થ ક્ય થી અનુબંધવાળો જ કોઈ ક્ય નામને લાગે છે તે બધાનું ગ્રહણ થશે. તેવા ક્ય ત્રણ હોવાથી ત્રણનું ગ્રહણ થશે.

(2) પૂર્વસૂત્રથી આ સૂત્રમાં નામ પદની અનુવૃત્તિ આવે છે. સૂત્રસ્થ નં પદ તેનું વિશેષણ છે. 'विशेषणमन्तः ૭.૪.૧૧૩' પરિભાષાથી વિશેષણ વિશેષ્યનું અંત્ય અવયવ બનતું હોવાથી બૃ. વૃત્તિમાં નમ્ પદનો અર્થ નકારાન્તં નામ કર્યો છે.

(3) **દૃષ્ટાંત -**

(i) राजीयति राजानमिच्छति =		(ii) राजायते राजेवाऽऽचरति =	
* 'अमाव्ययात्० ३.४.२३'	→ राजन् + क्यन् (य)	* 'क्यङ् ३.४.२६'	→ राजन् + क्यङ् (य)
* 'नं क्ये १.१.२२'	→ राजन् ने पदसंज्ञा	* 'नं क्ये १.१.२२'	→ राजन् ने पदसंज्ञा
* 'नाम्नो नो० २.१.९१'	→ राज + य	* 'नाम्नो नो० २.१.९१'	→ राज + य

(A) બૃ. વૃત્તિમાં વર્તતા उत्सृष्टानुबन्ध શબ્દની વ્યુત્પત્તિ 'उत्सृष्टाः (त्यक्ताः) (नकारादयः प्रत्ययात्मवर्तिनो विशेषकराः) अनुबन्धा यैस्ते' આમ કરવી. અર્થાત્ 'જે પ્રત્યયો દ્વારા પોતામાં વર્તતા કાંઈક વિશેષતાને કરનારા ન્ વિગેરે અનુબંધો ત્યજાયા છે તે' આવો અર્થ થશે.

(B) આમ તો ક્ય (ય) પ્રત્યય ક્ અનુબંધવાળો હોવાથી એકાનુબંધ છે, છતાં સૂત્રનિર્દિષ્ટ ક્ય ને ક્ય સ્વરૂપે નિરનુબંધ વિવક્ષીને વૃત્તિકારે આ વાત કરી છે. આમ પણ નામને લાગતો એકાનુબંધ ક્ય પ્રત્યય પણ સંભવતો નથી. તેથી અહીં ક્ય થી ક્યન્ આદિ ત્રણનું ગ્રહણ થઈ શકશે. વળી સૂત્રમાં ક્યે આમ ક્ અનુબંધ પૂર્વકનો નિર્દેશ 'तत्र साधौ ૭.૧.૧૫' સૂત્રથી થતા ય પ્રત્યયને બાકાત રાખવા માટે છે.

* 'क्यनि ४.३.१२२' → राजी+य+ति	* 'दीर्घश्चिव० ४.३.१०८' → राजा+य+ते
* 'कर्तर्यनद्भ्यः०३.४.७१' → राजीय+शव्+ति	* 'कर्तर्यनद्भ्यः०३.४.७१' → राजाय+शव्+ते
* 'लुगस्या० २.१.११३' → राजीय्+शव्+ति	* 'लुगस्या० २.१.११३' → राजाय्+शव्+ते
= राजीयति।	= राजायते।

(iii) चर्मायति/चर्मायते — * 'डाच्लोहिता० ३.४.३०' → चर्मन् + क्यङ्ष् (य), * 'नं क्ये १.१.२२' → चर्मन् ने पदसंज्ञा, * 'नाम्नो नो० २.१.९१' → चर्म + य, * 'दीर्घश्चिव० ४.३.१०८' → चर्मा + य, * 'क्यङ्षो नवा ३.३.४३' → चर्माय + ति/ते, * 'कर्तर्यनद्भ्यः० ३.४.७१' → चर्माय + शव् + ति/ते, * 'लुगस्या० २.१.११३' → चर्माय् + शव् + ति/ते = चर्मायति/चर्मायते।

આ ત્રણે સ્થળે राजन् અને चर्मन् શબ્દ પદ બન્યા. તેથી 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી તેમના न् નો લોપ થઈ શક્યો.

શંકા :- જે अचर्म હોય તે કંઈ चर्म ન થાય. આમ चर्मन् માં प्रागतत्तत्त्व નો (પૂર્વે જે ન હતું તે થવાપણાનો) અસંભવ હોવાથી च्व्यर्थ નો અભાવ છે, તેથી क्यङ्ष् પ્રત्ययની પ્રાપ્તિ જ ન હોવાથી चर्मायति/ते રૂપ અસિદ્ધ છે.

સમાધાન :- અહીં चर्मन् શબ્દ तद्वद् (चर्मवद्) માં વૃત્તિ છે, તેથી अचर्मवान् चर्मवान् भवति એ રીતે चर्मन् (चर्मवद्) માં प्रागतत्तत्त्व નો સંભવ હોવાથી चर्मायति/ते રૂપ સિદ્ધ થશે. આવા બીજા પણ પ્રયોગ જોવા મળે છે. જેમ કે निद्रायति. અહીં अनिद्रावान् निद्रावान् भवति એમ निद्रा શબ્દ निद्रावान् માં વૃત્તિ છે.

(4) આ સૂત્રથી ન કારાન્ત નામ જ પદ બને એવું કેમ ?

(a) वाच्यति – આની સાધનિકા '१.१.२१' સૂત્રના (7) નંબરના લખાણ સ્થળે જોવી. મૂળ वाच् શબ્દ નકારાન્ત ન હોવાથી આ સૂત્રથી તે પદ ન બન્યો. તેથી ફળસ્વરૂપે 'चजः कगम् २.१.८६' સૂત્રથી તેના च् નો क् આદેશ ન થયો.

(5) क्यन् આદિ પરમાં હોય તો જ આ સૂત્રથી ન કારાન્ત નામ પદ થાય એવું કેમ ?

(a) सामन्यः **(b)** वेमन्यः – * 'तत्र साधौ ७.१.१५' → सामनि साधुः = सामन्[(A)] + य = सामन्य + सि અને वेमनि साधुः = वेमन् + य[(B)] = वैमन्य + सि, * 'सो रुः २.१.७२' → सामन्यर् અને वेमन्यर्, * 'रः पदान्ते १.३.५३' → सामन्यः અને वेमन्यः।

(A) सामन् શબ્દ આ રીતે બન્યો છે - * षो (११५०), * 'षः सोऽष्टयै० २.३.९८' → सो, * 'आत् सन्ध्य० ४.२.१' → सा, * 'स्येतरी च० (उणा० ९१५), → सा + मन् = सामन्। वेमन् શબ્દ- * वे (९९२), * 'आत् सन्ध्य० ४.२.१' → वा, * 'सात्मन्० (उणा० ९९६)' → वा + मन् = वेमन् નિપાત।

(B) અહીં य પ્રત્યય પરમાં વર્તતા 'नोऽपदस्य० ७.४.६१' સૂત્રથી सामन् અને वेमन् ના અંત્યસ્વરાદિના લોપની પ્રાપ્તિ હતી. પરંતુ 'अनोऽट्ये ये ७.४.५१' સૂત્રથી તેનો નિષેધ થયો છે.

અહીં ક્યન્ આદિ ત્રણ પૈકીનો પ્રત્યય પરમાં નથી. તેથી સામન્ અને વેમન્ આ સૂત્રથી પદ ન બની શક્યા. માટે તેમના ન્ નો લોપ ન થઈ શક્યો.

(6) શંકા :- નામને ક્ય પ્રત્યય લગાડવા અવશ્ય વિગ્રહ કરવો પડે. વિગ્રહ કરીએ એટલે નામ વિભક્ત્યન્ત થઈ જ જાય. આમ 'ऐकार्थ्ये ३.२.८' સૂત્રથી લોપાયેલ અંતર્વર્તિની વિભક્તિનો સ્થાનિવદ્ભાવ માનીને 'तदन्तं पदम् १.१.२०' સૂત્રથી ન કારાન્ત નામને ક્ય પ્રત્યય પર છતાં પદસંજ્ઞા પ્રાપ્ત છે જ, તો આ સૂત્ર કેમ બનાવ્યું ?

સમાધાન :- તમે કહ્યું એ મુજબ तदन्तं पदम् થી ન કારાન્ત નામને પદ સંજ્ઞાની પ્રાપ્તિ હતી જ, પરંતુ 'नाम सिदय्व्यञ्जने' સૂત્રના सित् (सिति) અંશથી નિયમ (સંકોચ) થઈ ગયો કે-'सित् तद्धित પ્રત્યય પરમાં હોય તો જ પૂર્વનું નામ અંતર્વર્તિની વિભક્તિને લઈને પદ બને, બીજા તદ્ધિતના પ્રત્યય પરમાં હોય તો નહીં'. તેથી ક્ય પર છતાં પદસંજ્ઞાની પ્રાપ્તિ રહી નહીં.

હવે એ જ સૂત્રમાં વ્યઞ્જને અંશનું ઉપાદાન કરવાથી सिति ના કારણે જ નિયમ (સંકોચ) થયેલો (કે सित् સિવાયના વ્યંજનાદિ તદ્ધિત પ્રત્યય પર છતાં પદસંજ્ઞા ન થાય) તેનો પુનઃ પ્રસવ (પુનઃ પ્રાપ્તિ) થવાથી ક્ય (ય) પર છતાં પુનઃ પદસંજ્ઞાની પ્રાપ્તિ થઈ.

એ જ સૂત્રમાં अय् નું ગ્રહણ કરવાથી ક્ય (ય) પ્રત્યય પર છતાં પદસંજ્ઞાનો પુનઃ નિષેધ થયો. આમ વિધાન-નિષેધ-પુનઃ વિધાન-પુનઃ નિષેધ આ ક્રમમાં સૌથી છેલ્લે પુનઃનિષેધ થવાથી એ પુનઃનિષેધનો નિષેધ કરવા અર્થાત્ પુનઃ પ્રતિપ્રસવ કરવા અર્થાત્ ક્ય પરમાં હોતે છતે ન કારાન્ત નામને પદસંજ્ઞાનું ફરી વિધાન કરવા આ સૂત્ર બનાવ્યું છે ।।૨૨।।

न स्तं मत्वर्थे ।।१.१.२३।।

बृ.वृ.-(1)सकारान्तं तकारान्तं च नाम मत्वर्थे प्रत्यये परे पदसंज्ञं न भवति। (2)यशस्वी। (3)मतोरपि मत्वर्थाव्यभिचाराद् मत्वर्थशब्देन ग्रहणम्। पेचुष्मान्, विदुष्मान्, यशस्वान्, तडित्वान्, मरुत्वान्, विद्युत्वान्। (4)स्तमिति किम्? तक्षवान्, राजवान्। (5)मत्वर्थ इति किम्? पयोभ्याम्। अय्व्यञ्जन (6)इति प्राप्ते प्रतिषेधोऽयम्।।२३।।

સૂત્રાર્થ :- મત્વર્થીય પ્રત્યય પર છતાં સ કારાન્ત અને ત કારાન્ત નામને પદસંજ્ઞા થતી નથી.

સૂત્રસમાસ :-
- स् च तश्च = स्तं (स.द्व.)।
- मतुः (मत्वर्थः) अर्थो यस्य स = मत्वर्थः (बहु.), तस्मिन् = मत्वर्थे।

વિવરણ :- **(1)** અહીં નામ વિશેષ્ય પૂર્વસૂત્રથી અનુવૃત્ત છે અને સૂત્રગત स् અને त् તેના વિશેષણ હોવાથી 'विशेषणमन्तः ७.४.११३' થી स् અને त् એ નામ નો અંત્યઅવયવ બનવાથી स्तं નો અર્થ सकारान्तं तकारान्तं च (नाम) આવો થશે.

(2) દૃષ્ટાંત - (i) યશસ્વી — * 'अस्तपो० ७.२.४७' → यशोऽस्यास्ति = यशस् + विन् + सि, * 'न स्तं० १.१.२३' → यशस् ને પદસંજ્ઞાનો નિષેધ, * 'इन्-हन्० १.४.८७' → यशस् + वीन् + सि, * 'दीर्घङ्-याब्० १.४.४५' → यशस्वीन्, * 'नाम्नो नो० २.१.९१' → यशस्वी।

અહીં यशस् ને 'नाम सिदय्० १.१.२१' સૂત્રથી પ્રાપ્ત પદસંજ્ઞાનો નિષેધ થવાથી તેના स् નો र् અને र् નો उ આદેશ ન થયો.

(3) **શંકા** :- સૂત્રમાં અર્થ શબ્દ કેમ મૂક્યો છે ? ફક્ત 'न स्तं मतौ' આટલું જ સૂત્ર બનાવ્યું હોત તો ?

સમાધાન :- જો એટલું જ સૂત્ર બનાવ્યું હોત તો ફક્ત મતુ પ્રત્યય પરમાં વર્તતા જ આ સૂત્રથી પદસંજ્ઞાનો નિષેધ થાત. જેથી મતુ પ્રત્યય લાગેલા यशस्वान् વિગેરે પ્રયોગ સ્થળે આ સૂત્રથી પદસંજ્ઞાનો નિષેધ થાત. પરંતુ पयस्वी, यशस्वी વિગેરે મતુ પ્રત્યય વિહોણા સ્થળે આ સૂત્રથી પદસંજ્ઞાનો નિષેધ ન થતા અનિષ્ટ રૂપની સિદ્ધિ થાત. હવે જો સૂત્રમાં અર્થ શબ્દ લઈએ તો મતુ પ્રત્યયવાળા સ્થળે તો આ સૂત્રની પ્રવૃત્તિ થાય, પણ સાથે સાથે બીજા પણ જે विन् આદિ પ્રત્યયો મતુ પ્રત્યયને સમાન અર્થવાળા હોય તેમને લઈને પણ આ સૂત્રથી स કારાન્ત-त કારાન્ત નામોને પદસંજ્ઞાનો નિષેધ થતા पयस्वी, यशस्वी વિગેરે પ્રયોગો યથાયોગ્ય રીતે સિદ્ધ થઈ શકે.

શંકા :- આ સૂત્ર 'नाम सिदय्० १.१.२१' સૂત્રનું અપવાદ છે. કેમકે મત્વર્થીય મતુ વિગેરે વ્યંજનાદિ પ્રત્યયો પરમાં વર્તતા પૂર્વના નામને 'नाम सिदय्० १.१.२१' સૂત્રથી જે પદસંજ્ઞાની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ કરવામાં આવે છે. હવે ઉત્સર્ગ અને અપવાદનો વિષય સમાન હોય તેથી જો 'नाम सिदय्० १.१.२१' સૂત્રમાં વ્યઞ્જને પદ નિમિત્તરૂપે અપેક્ષિત છે તો આ સૂત્રમાં પણ તે પદ નિમિત્તરૂપે અપેક્ષિત રહેવાનું. અર્થાત્ આ સૂત્ર વ્યંજનાદિ મત્વર્થીય પ્રત્યયોને લઈને જ પદસંજ્ઞાનો નિષેધ કરવાનું. તેથી 'नाम सिदय्० १.१.२१' સૂત્રથી આ સૂત્રમાં વ્યઞ્જન શબ્દ અનુવર્તે છે. માટે આ સૂત્રનો અર્થ 'मतौ यद् व्यञ्जनं[A] वर्तते' અર્થાત્ 'મતુ પ્રત્યયમાં જે વ્યંજનાદિ પ્રત્યય વર્તે છે' આવો થશે. હવે મતુ પ્રત્યયમાં અન્ય વ્યંજનાદિ પ્રત્યયનું વર્તવું અશક્ય છે, કેમકે એક શબ્દમાં બીજો શબ્દ ન વર્તી શકે. તેથી ભલે સૂત્રમાં અર્થ શબ્દ ન લખીએ તો પણ મતુ શબ્દ પોતાની મેળે મત્વર્થ ને જ જણાવવાનો. તેથી 'મતુ અર્થમાં વર્તતા પ્રત્યયો' આ અર્થની પ્રાપ્તિ માટે સૂત્રમાં અર્થ શબ્દનું ગ્રહણ નકામું છે.

સમાધાન :- ક્યારે પણ સરખી વિભક્તિવાળા (સમાનાધિકરણ) પદને લઈને તથા મુખ્ય અર્થને આશ્રયીને એક પદનો બીજા પદની સાથે અન્વય (સંબંધ) સંભવતો હોય તો શબ્દના ગૌણ અર્થને લઈને અન્વય ન થઈ શકે. તમારે એક તો 'मतौ यद् व्यञ्जनम्' આમ मतौ અને व्यञ्जनम् વચ્ચે સરખી વિભક્તિ જળવાતી નથી અને બીજું मतौ

(A) 'विशेषणमन्तः ७.४.११३' પરિભાષા પ્રમાણે પ્રત્યયના વિશેષણ વ્યઞ્જન શબ્દનો વ્યઞ્જનાદૌ અર્થ થશે. '१.१.२१' સૂત્રની બૃ. વૃત્તિમાં પણ व्यञ्जनादौ च परे આવો અર્થ કર્યો છે.

પદનો 'મતુ પ્રત્યય' આ મુખ્ય અર્થ છોડી છેક 'મતુ અર્થવાળા' આ લાક્ષણિક એવા ગૌણ અર્થ સુધી લાંબા થવું પડે છે. હા ! પૂર્વસૂત્રથી વ્યઞ્જને પદને અનુવર્તાવી મુખ્ય અર્થને લઈને સરખી વિભક્તિવાળા 'મતૌ વ્યઞ્જને' આ પદોનો અન્વય જો શક્ય ન બનત તો તમે કહેલો અર્થ વ્યાજબી કહેવાત. પરંતુ અહિં અન્વય થવો શક્ય બને છે. વ્યઞ્જને પદ મતૌ પદનું વિશેષણ બનશે અને વ્યવસ્થિત અન્વયવાળો 'વ્યંજનાદિ એવો મતુ પ્રત્યય પર છતાં' એવો અર્થ પ્રાપ્ત થશે. હવે જો એ અર્થ પ્રાપ્ત થાય તો આ સૂત્ર ફક્ત મતુ પ્રત્યયને લઈને પદસંજ્ઞાનો નિષેધ કરનાર થાય, જે ઈષ્ટ નથી. માટે અન્ય મત્વર્થીય પ્રત્યયના ગ્રહણાર્થે આ સૂત્રમાં અર્થ શબ્દ મૂકવો જરૂરી છે.

શંકા :- જો સૂત્રમાં અર્થ શબ્દ મૂકાશે તો મતુ પ્રત્યયને લઈને આ સૂત્રની પ્રવૃત્તિ શક્ય નહીં બને. કેમકે મતુ પ્રત્યય કાંઈ મત્વર્થ માં (મતુ પ્રત્યયના અર્થમાં) ન વર્તે. મત્વર્થ માં તો મતુ સિવાયના વિન્ આદિ પ્રત્યયો વર્તે.

સમાધાન :- મતુ પ્રત્યય મત્વર્થમાં કેમ ન વર્તે ?

શંકા :- મત્વર્થ એટલે મતુ થી ઉપલક્ષિત એવો અર્થ. અહીં મતુ એ ઉપલક્ષણ છે. હવે ઉપલક્ષણ બીજાનો બોધ કરાવવામાં સફળ થઈ જતું હોવાથી તે કાર્યમાં નિમિત્ત ન બની શકે. પ્રસ્તુતમાં મતુ શબ્દ પોતાથી ઉપલક્ષિત એવા અર્થમાં વર્તતા વિન્ આદિ પ્રત્યયોને મત્વર્થ રૂપે ગણાવી આ સૂત્રના નિમિત્તરૂપે બોધ કરાવવામાં સફળ થઈ જતો હોવાથી તે મત્વર્થમાં વર્તી આ સૂત્રથી થતા પદસંજ્ઞાના નિષેધ રૂપ કાર્યમાં નિમિત્ત ન બની શકે. આમ પણ કહેવાય છે કે ***'उपलक्षणं कार्यानन्वयी.'***

સમાધાન :- તમારી વાત બરાબર નથી. મતુ પ્રત્યય પણ મત્વર્થમાં વર્તી શકે છે. કેમકે મત્વર્થ એ એક વિશિષ્ટ અર્થ છે. મૂળ 'तदस्याऽस्त्यस्मिन्निति मतुः ૭.૨.૧' સૂત્રમાં જે 'तदस्याऽस्ति' અને 'तदस्मिन्नस्ति' આ બે ષષ્ઠી અને સપ્તમીવાળા અર્થ બતાવ્યા છે તે જ મત્વર્થ છે. તેથી ભલે મત્વર્થ સ્થળે આ વિશિષ્ટ અર્થના વિશેષણ (ઉપલક્ષણ) તરીકે મતુ શબ્દ વપરાયો હોય, છતાં તે આ અર્થમાં તો વર્તવાનો જ. આમ પણ 'तदस्याऽस्त्यस्मिन्निति मतुः ૭.૨.૧' સૂત્રમાં જણાવ્યા પ્રમાણે આ બે અર્થ જ મતુ પ્રત્યયના થાય છે.

શંકા :- પણ હમણાં જ આપણે પેલો ***'उपलक्षणं कार्यानन्वयी'*** નિયમ જોઈ ગયા એનું શું ?

સમાધાન :- પહેલા એ નિયમ ક્યાં લાગે અને ક્યાં ન લાગે એ સમજો. જ્યાં અમુક સ્વરૂપે ઉપલક્ષણ બતાવ્યું હોય અને બીજા સ્વરૂપે કાર્યમાં યોગ (કાર્યાન્વય) બતાવ્યો હોય ત્યાં ઉપલક્ષણમાં પણ જે તે ઉપલક્ષ્યનું કાર્યાન્વયી સ્વરૂપ હાજર હોય તો ઉપલક્ષણનો કાર્યમાં યોગ થઈ શકે છે. જેમકે 'देवदत्तशालाया ब्राह्मणा आनीयन्ताम्' (દેવદત્તની શાળાથી બ્રાહ્મણોને લઈ આવો.) આમ કહેવાતા દેવદત્ત પોતે જો બ્રાહ્મણ હોય તો તેને પણ તેની શાળાથી લાવવામાં આવે છે. અહીં જોવાની વાત એ છે કે શાળા દેવદત્તથી ઉપલક્ષિત (ઓળખાયેલ) છે, તેથી દેવદત્ત શાળાનું

ઉપલક્ષણ છે. પરંતુ તે દેવદત્ત વ્યક્તિસ્વરૂપે (દેવદત્તત્વેન) શાળાનું ઉપલક્ષણ બને છે અને આનયન ક્રિયા (કાર્ય)માં યોગ બ્રાહ્મણ વ્યક્તિ સ્વરૂપે (બ્રાહ્મણત્વેન) બતાવ્યો છે. દેવદત્ત બ્રાહ્મણ હોવાથી તેમાં આ બ્રાહ્મણત્વ રૂપ કાર્યાન્વયી સ્વરૂપ હાજર હોવાથી તેનો પણ આનયન ક્રિયામાં અન્વય થાય છે. અર્થાત્ ઉપલક્ષણ હોવા છતાં તેને પણ લાવવામાં આવે છે. માટે આવા સ્થળે ***'उपलक्षणं कार्यानन्वयी'*** નિયમ લાગુ ન પડે.

હવે ઉપલક્ષણમાં જો કાર્યમાં નિમિત્ત બને તેવું સ્વરૂપ (કાર્યાન્વયી સ્વરૂપ) ગેરહાજર હોય તો તેવા સ્થળે ઉપલક્ષણ કાર્યાન્વયી ન બને. જેમકે 'देवदत्तशाला भिद्यताम्' (દેવદત્તની શાળા ભાંગી નાંખો), અહીં 'શાળાનું ભેદન' એ કાર્ય છે. ઉપર જેમ 'બ્રાહ્મણત્વ' કાર્યાન્વયી સ્વરૂપ હતું તેમ અહીં શાલાત્વ કાર્યાન્વયી સ્વરૂપ છે અને તે દેવદત્તમાં ગેરહાજર હોવાથી શાળાના ઉપલક્ષણ દેવદત્તનો ભેદન ક્રિયામાં અન્વય નથી થતો અર્થાત્ દેવદત્ત નથી ભેદાતો. માટે આવા સ્થળે ***'उपलक्षणं कार्यानन्वयी'*** નિયમ લાગુ પડે.

શંકા :- આ બે રીત તો બતાવી પણ મત્વર્થે સ્થળે ***'उपलक्षणं कार्यानन्वयी'*** નિયમ લાગુ નથી પડતો.એ શી રીતે સાબિત કરશો ?

સમાધાન :- આ સૂત્રના મત્વર્થે પદસ્થળે 'मत्वर्थोऽर्थो यस्य = मत्वर्थः' (મતુ પ્રત્યયથી ઉપલક્ષિત 'तदस्याऽस्ति' અને 'तदस्त्यस्मिन्' અર્થ છે અર્થ જેનો) આમ સમાનાધિકરણ બહુવ્રીહિ સમાસ થયો છે. અહીં પ્રશ્ન થશે કે ''મત્વર્થ શબ્દમાં એક જ અર્થ શબ્દ છે, જ્યારે વિગ્રહમાં બે વાર અર્થ શબ્દ બતાવ્યો છે. તે શી રીતે સંભવે ?'' પરંતુ જેમ ઉષ્ટ્ર-મુખ બહુવ્રીહિસમાસ સ્થળે બે પૈકીનો એક મુખ શબ્દ ગતાર્થ છે (પ્રકરણાદિ વશ સામર્થ્યથી આપમેળે જાણાઈ આવે છે), તેમ અહીં પણ એક અર્થ શબ્દ ગતાર્થ છે. આને જરા વિસ્તારથી સમજીએ.

ઉષ્ટ્રમુખ સમાસનો વિગ્રહ 'उष्ट्रो मुखमस्य' કરીએ તો અર્થ 'ઊંટ છે મુખ જેનું એવી વ્યક્તિ' થાય. હવે ઊંટ ક્યારેય બીજા વ્યક્તિનું મુખ ના હોય, તેથી ઉષ્ટ્ર શબ્દ સામર્થ્યથી 'उष्ट्रस्य इव' આમ સાદશ્યાર્થને જાણાવશે. જેથી 'ઊંટ જેવું મુખ છે જેનું એવી વ્યક્તિ' એવો સમાસાર્થ થશે.

હજુ પણ અર્થની અસંગતિ છે, કારણ સમગ્ર ઊંટનો જેવો આકાર છે તેવા આકારનું મુખ કોઈપણ વ્યક્તિનું હોતું નથી. તેથી उष्ट्रस्य इव માં ઉષ્ટ્ર શબ્દ અવયવવાચી બનશે, અર્થાત્ ઉષ્ટ્ર શબ્દથી સમગ્ર ઊંટને બદલે તેના કોઈક અવયવનું ગ્રહણ થશે. હવે એ અવયવ કયો લેવો ? તો લોકવ્યવહારમાં સામાન્ય રીતે મુખનું સાદશ્ય મુખ દ્વારા વર્ણવાતું હોય છે. (જેમ કે દેવદત્તનું મુખ યજ્ઞદત્તના મુખ જેવું છે.) તેથી સામર્થ્યથી उष्ट्रस्य इव નું તાત્પર્ય उष्ट्रस्य मुखमिव થશે. આમ उष्ट्रमुखः સમાસનો उष्ट्र શબ્દ उष्ट्रस्य मुखमिव માં વર્તતો હોવાથી સમાસનો વિગ્રહ उष्ट्रस्य मुखमिव मुखं यस्य स થશે.

એ જ પ્રમાણે મત્વર્થઃ નો વિગ્રહ મતુઃ અર્થો યસ્ય સ કરીએ તો તેનો અર્થ 'મતુ શબ્દ છે અર્થ જેનો (એવો પ્રત્યય)' આવો થાય. જે અસંગત હોવાથી મતુ શબ્દ સામર્થ્યથી મત્વર્થ ને જણાવશે. તેથી વિગ્રહ મત્વર્થોઽર્થો યસ્ય સ આવો થશે. અર્થાત્ મત્વર્થ સ્થળે એક અર્થ શબ્દ ગતાર્થ છે, જે વિગ્રહમાં બતાવવામાં આવ્યો છે. હવે મત્વર્થોઽર્થો યસ્ય વિગ્રહ પ્રમાણે મત્વર્થ શબ્દનો અર્થ 'મતુ પ્રત્યયથી ઉપલક્ષિત તદસ્યાઽસ્તિ અને તદસ્ત્યસ્મિન્ અર્થ છે અર્થ જેનો તેવા પ્રત્યય' આવો થાય. આમાં મતુ પ્રત્યય તદસ્યાઽસ્તિ અને તદસ્ત્યસ્મિન્ અર્થનું ઉપલક્ષણ છે. પરંતુ તે પ્રત્યયત્વેન (પ્રત્યય સ્વરૂપે) ઉપલક્ષણ છે. જ્યારે ઉપલક્ષ્ય એવો મતુ પ્રત્યયનો અર્થ તદસ્યાઽસ્તિ અને તદસ્ત્યસ્મિન્ અર્થત્વેન (અર્થસ્વરૂપે) ઉપલક્ષ્ય બને છે. મતુ પ્રત્યયમાં પણ આ અર્થ વિદ્યમાન હોવાથી જેમ 'દેવદત્તશાલાયા બ્રાહ્મણા આનીયન્તામ્' સ્થળે દેવદત્ત બ્રાહ્મણ હોવાથી તેને પણ લાવવામાં આવે છે તેમ પ્રસ્તુતમાં મતુ પ્રત્યયમાં પણ તેનાથી ઉપલક્ષિત તદસ્યાઽસ્તિ અને તદસ્ત્યસ્મિન્ અર્થ વિદ્યમાન હોવાથી તેનું પણ મત્વર્થે શબ્દથી આ સૂત્રથી થતી પદસંજ્ઞાના નિષેધરૂપ કાર્યમાં નિમિત્તરૂપે ગ્રહણ થાય છે. આથી જ બૃ. વૃત્તિમાં 'મતોરપિ મત્વર્થાઽવ્યભિચારાદ્ મત્વર્થશબ્દેન ગ્રહણમ્' આમ પંક્તિ લખી છે. પંક્તિનો અર્થ 'મતુ પ્રત્યય પણ મતુ પ્રત્યયના અર્થને અવ્યભિચારી (છોડીને ન રહેનાર) હોવાથી તેનું સૂત્રવર્તી મત્વર્થે શબ્દથી ગ્રહણ થઈ શકે છે.'

દૃષ્ટાંત -		**(ii) પેચુષ્માન્**	**(iii) વિદુષ્માન્**
		પેચે ઇતિ	**વેત્તિ ઇતિ**
* **'તત્ર ક્વસુ૦ ૫.૨.૨'**	→	**પચ્ + વસ્ (ક્વસુ)**	↓
* **'વા વેત્તેઃ૦ ૫.૨.૨૨'**	→	↓	**વિદ્ + વસ્ (ક્વસુ)**
* **'ઘસૈક૦ ૪.૪.૮૨'**	→	**પચ્ + ઇટ્ + વસ્**	↓
* **'અનાદેશા૦ ૪.૧.૨૪'**	→	**પેચ્ + ઇટ્ + વસ્**	↓
* **'તદસ્યા૦ ૭.૨.૧'**	→	**પેચ્ + ઇટ્ + વસ્ + મતુ**	**વિદ્ + વસ્ + મતુ**
* **'ન સ્તં૦ ૧.૧.૨૩'**	→	**પેચિવસ્ પદ નહીં બને**	**વિદ્વસ્ પદ નહીં બને**
* **'ક્વસુષ્મતૌ ૨.૧.૧૦૫'**	→	**પેચ્ + ઉષ્[A] + મતુ + સિ**	**વિદ્ + ઉષ્ + મતુ + સિ**
* **'ઋદુદિતઃ ૧.૪.૭૦'**	→	**પેચુષ્મન્ત્[B] + સિ**	**વિદુષ્મન્ત્ + સિ**

(A) ***आगमा यद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते*** (આગમો જેના અવયવ બનેલાં હોય, તેના ગ્રહણથી આગમવાળા શબ્દનું પણ ગ્રહણ થઈ જાય છે.) આ ન્યાયથી ઇટ્ સહિત ક્વસ્ નો ઉષ્ આદેશ થશે, કારણ કે ક્વસ્ ને ઇટ્ નો આગમ થયો હોવાથી ઇટ્ એ ક્વસ્ નો અવયવ બનશે અને 'ક્વસુષ્મતૌ ચ' થી ઇટ્ + વસ્ નો ઉષ્ થશે.

(B) પેચુષ્ એ સકારાન્ત નામ ન હોવા છતાં તે પેચિવસ્ ના આદેશરૂપ હોવાથી પેચિવસ્ આ સૂત્રથી અપદ બન્યું, તો તેનો આદેશ પણ 'સ્થાનીવાવર્ણવિધૌ ૭.૪.૧૦૯' પરિભાષાથી પેચિવસ્ જેવો ગણાતા અપદસંજ્ઞક બનશે. તેથી 'ધુટસ્તૃતીયઃ ૨.૧.૭૬' સૂત્રની પ્રવૃત્તિ ન થવાથી ષ્ નો ડ્ નહીં થાય.

* 'दीर्घङ्याब्० १.४.४५'	→	पेचुष्मन्त्	विदुष्मन्त्
* 'पदस्य २.१.८९'	→	पेचुष्मन्	विदुष्मन्
* 'अभ्वादे० १.४.९०'	→	पेचुष्मान्।	विदुष्मान्।

અહીં આ સૂત્રથી પેચિવસ્ અને વિદ્વસ્ પદ ન બની શકતા 'स्रंस्-ध्वंस्० २.१.६८' સૂત્રથી તેના સ્ નો દ્ આદેશ ન થયો.

	(iv) यशस्वान्	(v) तडित्वान्	(vi) मरुत्वान्	(vii) विद्युत्वान्
	यशोऽस्यास्ति =	तडिदस्यास्ति =	मरुदस्यास्ति =	विद्युदस्यास्ति =
* 'तदस्या० ७.२.१'	→ यशस् + मत्	तडित् + मत्	मरुत् + मत्	विद्युत् + मत्
* 'मावर्णान्तो० २.१.९४'	→ यशस्+वत्+सि	तडित्+वत्+सि	मरुत्+वत्+सि	विद्युत्+वत्+सि
* 'न स्तं० १.१.२३'	→ यशस् પદ નહીં બને	तडित् પદ નહીં બને	मरुत् પદ નહીં બને	विद्युत् પદ નહીં બને
* 'ऋदुदितः १.४.७०'	→ यशस्वन्त् + सि	तडित्वन्त् + सि	मरुत्वन्त् + सि	विद्युत्वन्त् + सि
* 'दीर्घङ्याब्० १.४.४५'	→ यशस्वन्त्	तडित्वन्त्	मरुत्वन्त्	विद्युत्वन्त्
* 'पदस्य २.१.८९'	→ यशस्वन्	तडित्वन्	मरुत्वन्	विद्युत्वन्
* 'अभ्वादे० १.४.९०'	→ यशस्वान्।	तडित्वान्।	मरुत्वान्।	विद्युत्वान्।

અહીં આ સૂત્રથી પદસંજ્ઞાનો નિષેધ થવાથી 'सो रुः २.१.७२' સૂત્રથી यशस् ના સ્ નો ર્ આદેશ ન થયો તથા 'धुटस्तृतीयः २.१.७६' સૂત્રથી तडित्, मरुत् અને विद्युत् ના त् નો द् આદેશ ન થયો.

(4) આ સૂત્રથી સ કારાન્ત અને ત કારાન્ત નામને ૭૪ પદસંજ્ઞાનો નિષેધ થાય એવું કેમ ?

(a) तक्षवान् (b) राजवान् – * 'तदस्या० ७.२.१' → तक्षाऽस्याऽस्ति = तक्षन् + मतु અને राजास्त्यस्मिन् = राजन् + मतु, * 'मावर्णान्तो० २.१.९४' → तक्षन् + वत् અને राजन् + वत्, * 'नाम सिदय्० १.१.२१' → तक्षन् અને राजन् ને પદસંજ્ઞા, * 'नाम्नो नो० २.१.९१' → तक्षवत् + सि અને राजवत् + सि, * 'ऋदुदितः १.४.७०' → तक्षवन्त् + सि અને राजवन्त् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → तक्षवन्त् અને राजवन्त्, * 'पदस्य २.१.८९' → तक्षवन् અને राजवन्, * 'अभ्वादे० १.४.९०' → तक्षवान् અને राजवान्।

અહીં तक्षन् અને राजन् નામ સ કારાન્ત - ત કારાન્ત નથી. માટે આ સૂત્રથી તેમને પદસંજ્ઞાનો નિષેધ ન થતા 'नाम सिदय्० १.१.२१' સૂત્રથી તેઓ પદ બનવાથી તેમના પદાન્ત ન્ નો લોપ થઈ ગયો.

(5) મત્વર્થીય પ્રત્યય પરમાં હોય તો ૭૪ આ સૂત્રથી પદસંજ્ઞાનો નિષેધ થાય એવું કેમ ?

(a) पयोभ्याम् – સાધનિકા '१.१.२१' સૂત્રના (4) નંબર સ્થળે દૃષ્ટાંતોમાં જોઈ લેવી.

અહીં પયસ્ + भ्याम् અવસ્થામાં भ्याम् પ્રત્યય મત્વર્થીય નથી. તેથી આ સૂત્રથી પયસ્ ને પદસંજ્ઞાનો નિષેધ ન થઈ શકતા 'नाम सिदय्० ૧.૧.૨૧' સૂત્રથી તે પદ બન્યું. તેથી તેના પદાન્ત સ્ નો ર્ અને ર્ નો उ આદેશ થવાથી पयोभ्याम् પ્રયોગ થયો.

(6) હંમેશા કોઈ સૂત્રથી કાર્ય પ્રાપ્ત હોય તો તેનો નિષેધ કરવાનો રહે. તેથી અહીં પણ વ્યંજનાદિ મત્વર્થીય પ્રત્યય પરમાં વર્તતા स કારાન્ત અને त કારાન્ત નામને 'नाम सिदय्० ૧.૧.૨૧' સૂત્રથી પદસંજ્ઞાની પ્રાપ્તિ હતી, માટે તેનો નિષેધ કરવા આ સૂત્રની રચના છે એમ સમજવું. આમ આ સૂત્ર 'नाम सिदय्०' સૂત્રનું અપવાદસૂત્ર સમજવું ।।૨૩।।

मनुर्नभोऽङ्गिरो वति ।।૧.૧.૨૪।।

बृ.वृ.–मनुस् नभस् अङ्गिरस् इत्येतानि नामानि वति प्रत्यये परे पदसंज्ञानि न भवन्ति। मनुरिव मनुष्वत्[1], एवम्–नभस्वत्, अङ्गिरस्वत्। पदत्वाभावाद्[2] रुर्न भवति, षत्वं तु भवति।।२४।।

सूत्रार्थ :- वत् પ્રત્યય પર છતાં मनुस्, नभस् અને अङ्गिरस् નામોને પદસંજ્ઞા થતી નથી.

सूत्रसमास :- ◆ मनुश्च नभश्च अङ्गिराश्च = मनुर्नभोऽङ्गिरः (इ.द्व.), सूत्रत्वाद् जसः लोपः।

विवरण :- (1) दृष्टांत -

		(i) मनुष्वत्[A]	(ii) नभस्वत्	(iii) अङ्गिरस्वत्
		मनुरिव =	नभ इव =	अङ्गिरा इव =
* 'स्यादेरिवे ७.१.५२'	→	मनुस् + वत् + सि	नभस् + वत् + सि	अङ्गिरस् + वत् + सि
* 'अव्ययस्य ३.२.८'	→	मनुस्वत्	नभस्वत्	अङ्गिरस्वत्
* 'धुटस्तृतीयः २.१.७६'	→	मनुस्वद्	नभस्वद्	अङ्गिरस्वद्
* 'विरामे वा १.३.५१'	→	मनुस्वत्	नभस्वत्।	अङ्गिरस्वत्।
* 'नाम्यन्तस्था० २.३.१५'	→	मनुष्वत्।		

(2) 'नाम सिदय्व्यञ्जने ૧.૧.૨૧' થી मनुस् વિગેરે નામોને પદસંજ્ઞાની પ્રાપ્તિ હતી, તેનો આ સૂત્રથી નિષેધ કર્યો છે. અન્યથા આ સૂત્રના અભાવમાં मनुस् વિગેરેને પદસંજ્ઞા થાત તો 'सो रुः ૨.૧.૭૨' થી સ્ ને रु(ર્) આદેશાદિ કાર્ય થવાથી मनुर्वत्, नभोवत्, अङ्गिरोवत् આવા અનિષ્ટ રૂપો થાત.

(A) અનુપદકાર આ ત્રણે પ્રયોગને છાંદસ (વૈદિક) પ્રયોગ જણાવે છે. કૈયટ પણ 'પા.સૂ. ૧.૪.૧૮' સૂત્રના મ. ભાષ્યની પ્રદીપ ટીકામાં આ પ્રયોગને છન્દનાં વિષયરૂપે ગણાવે છે. નાગેશ ભટ્ટ છાંદસ હોવા પાછળનો હેતુ આપે છે કે 'જેથી આ પ્રયોગો લોકભાષામાં નથી બોલાતા તેથી છાંદસ છે.' તો વળી અન્નંભટ્ટ પોતાની પ્રદીપોદ્યોતન ટીકામાં જણાવે છે કે 'આ પ્રયોગ છાંદસ હોવાથી લોકભાષામાં તો नभोवत् વિગેરે પ્રયોગો જ થાય છે.' [तेन 'नभोवत्' इत्याद्येव लोके भवतीति भावः (૧.૪.૧૮ म. भाष्यप्रदीपोद्द्योतनम्)]

મનુષ્વત્ પ્રયોગસ્થળે મનુસ્ ના સ્ નો ષ્ આદેશ તો થશે. કેમકે 'નામ્યન્તસ્થા૦ ૨.૩.૧૫' સૂત્રથી પદની અંદર વર્તતા સ્ નો ષ્ આદેશ થાય છે, પદને અંતે વર્તતા નહીં. મનુસ્ પદ ન થવાથી સ્ પદની અંદર છે ।।૨૪।।

(1) वृत्त्यन्तोऽसषे ।।१.१.२५।।

बृ.वृ.–(2)परार्थाभिधानं वृत्तिः, (3)तद्वाँश्च पदसमुदायः समासादिः, तस्या अन्तोऽवसानं पदसंज्ञो न भवति; 'असषे' सस्य षत्वे तु पदसंज्ञैव। (4)परमदिवौ, श्वलिहौ, गोदुहौ, परमवाचौ, बहुदण्डिनौ। एषु पदत्वाभावादुत्व-ढत्व-घत्व-कत्व-लुगादीनि न भवन्ति। (5)वृत्तिग्रहणं किम्? चैत्रस्य कर्म। (6)अन्तग्रहणं किम्? राजवाक्, अत्र नलोपो भवति। (7)वाक्-त्वक्-स्रुच इति त्रयाणां वृत्तौ न द्वयोः पृथग्वृत्तिरिति मध्यमस्य निषेधो न भवति। (8)अथ 'वाक्त्वचम्' इत्यत्र समासान्ते सति वृत्त्यन्तत्वाभावात् पदत्वं प्राप्नोति, तथा च कत्वं स्यात्। उच्यते–समासात् समासान्तो विधीयत इति त्वचो वृत्त्यन्तत्वम्। (9)असष इति किम्? सिञ्चतीति विच् सेक्, दध्नः सेक् दधिसेक्, दधिसेचौ। ईषदूनः सेक्, बहुसेक्, बहुसेचौ। अत्र पदसंज्ञायां पदादित्वात् सकारस्य "नाम्यन्तस्था०" (२.३.१५) इत्यादिना षत्वाभावः सिद्धः। (10)अन्तर्वर्तिन्या विभक्तेः स्थानिवद्भावेन पदत्वं प्राप्तमनेन निषिध्यते। न च सित्येवेति नियमेन तन्निवर्तयितुं शक्यम्, "प्रत्ययः प्रकृत्यादेः" (७.४.११५) इति हि यस्मात् समुदायात् प्रत्ययविधानं तस्यैव पदत्वं नियमेन निवर्त्यते, न तु तदवयवस्येति ।।२५।।

સૂત્રાર્થ :- વૃત્તિના અન્તભાગને પદસંજ્ઞા થતી નથી, પણ સ્ ને ષ્ આદેશ કરવાનો પ્રસંગ આવે ત્યારે વૃત્તિના અન્તભાગને પદસંજ્ઞા થાય છે ના.

સૂત્રસમાસ :- ◆ वर्त्तनं वृत्तिः, वृत्तेरन्तः = वृत्त्यन्तः (ष.तत्.) ◆ सस्य षः = सषः (ष. तत्.) न सषः = असषः (नञ् तत्.), तस्मिन् असषे।

વિવરણ :- (1) પદો પોતાના અર્થને છોડીને જેમાં વર્તે તેને વૃત્તિ કહેવાય. લઘુન્યાસકારશ્રીએ वृत्तिः શબ્દની અનેક રીતે વ્યુત્પત્તિ કરી છે. (a) વર્તનં વૃત્તિઃ. જે વર્તવા રૂપ વ્યાપારવાળી હોય તેને વૃત્તિ કહેવાય. કયા વર્તવા રૂપ વ્યાપારવાળી ? તો કહે છે કે સમાસના ઘટક પદો કે તદ્ધિતાંત વિગેરેના ઘટક એવા પ્રકૃતિ-પ્રત્યયરૂપ અવયવોના અર્થની અપેક્ષાએ પર (અન્ય) સમુદાયાર્થ (= સામાસિક શબ્દ કે તદ્ધિતાંત વિગેરે શબ્દના અર્થ) માં વર્તવાના વ્યાપારવાળી અર્થાત્ તે સમુદાયાર્થનું પ્રતિપાદન કરવાવાળી હોય તેને વૃત્તિ કહેવાય. અહીં ભાવમાં તિ (क्ति) પ્રત્યય લાગીને વૃત્તિ શબ્દ બન્યો છે. (b) वर्तिषीष्ट (= परार्थमभिधेयाद्) = वृत्तिः. જે પરાર્થનું કથન કરતી હોય તે વૃત્તિ. અહીં કર્તામાં તિ (क्ति) પ્રત્યય લાગ્યો છે. (c) वर्तन्ते स्वार्थपरित्यागेन पदान्यत्र = वृत्तिः. પદો પોતાના અર્થનો ત્યાગ કરીને જેમાં વર્તે તે વૃત્તિ. અહીં આધારમાં તિ (क्ति) પ્રત્યય થયો છે.

તે વૃત્તિ ત્રણ[A] પ્રકારની છે. (૧) સમાસ વૃત્તિ. જેમકે राज्ञः पुरुषः = राजपुरुषः (૨) तद्धितान्त वृत्ति. જેમકે उपगोरपत्यम् = औपगवः અને (૩) નામધાતુવૃત્તિ. જેમકે पुत्रमिच्छतीति पुत्रकाम्यति।

(2) પરાર્થ અભિધાનને વૃત્તિ કહેવાય. લઘુન્યાસમાં બતાવ્યા પ્રમાણે પરાર્થ શબ્દના ત્રણ રીતે અર્થ થઈ શકે છે. **(a)** સમાસના ઘટક પદરૂપ અવયવો કે તદ્ધિતાંત વિગેરે શબ્દોના ઘટક એવા પ્રકૃતિ-પ્રત્યય રૂપ અવયવોના અર્થની અપેક્ષાએ તે અવયવોના બનેલા સામાસિક શબ્દ કે તદ્ધિતાંત વિગેરે શબ્દ રૂપ સમુદાયનો અર્થ પરાર્થ કહેવાય. **(b)** ઉપરોક્ત અવયવોની અપેક્ષાએ પર (ભિન્ન/જુદો) અર્થ ઉપર કહ્યા પ્રમાણેનો સમુદાયનો અર્થ છે, તેથી તે પરાર્થ કહેવાય. સમાસ કે તદ્ધિતાંત આદિ શબ્દરૂપ સમુદાયના અવયવોની અપેક્ષાએ તેમનો (સમુદાયનો) અર્થ અહીં પર રૂપે વિવક્ષ્યો છે. આમ પણ શબ્દથી અર્થ પર જ રહેવાનો. **(c)** અથવા પોતાના અવયવ પદની અપેક્ષાએ ('परमदिव्' વિગેરે) સામાસિક શબ્દ કે તદ્ધિતાંત આદિ શબ્દરૂપ સમુદાય પર કહેવાય અને તેનો અર્થ તે પરાર્થ. આમ ત્રણ રીતે પરાર્થ શબ્દનો અર્થ કર્યો છે. જેમાં પહેલામાં અવયવોના અર્થથી સમુદાયના અર્થને પર એવા અર્થરૂપે ગણાવ્યો. બીજામાં અવયવથી સમુદાયના અર્થને પર એવા અર્થરૂપે ગણાવ્યો અને ત્રીજામાં અવયવોથી સમુદાયને પરરૂપે ગણાવી તેના અર્થને પરાર્થરૂપે કહ્યો છે. ત્રણે રીત મુજબ છેલ્લે પરાર્થરૂપે તો સમુદાયનો અર્થ જ આવીને ઊભો રહે છે.

(A) અહીં વૃત્તિના ૩ પ્રકાર બતાવ્યા છે, પરંતુ ચોથી कृत् वृत्ति પણ છે, જેમકે- कुम्भं करोतीति कुम्भकारः. बृहद्वृत्तिकारે આ ચોથો પ્રકાર 'समर्थः पदविधिः ૭.૪.૧૨૨' ની વૃત્તિમાં ***'समास-नामधातु-कृत्-तद्धितेषु वाक्ये व्यपेक्षा, वृत्तावेकार्थीभावः, शेषेषु पुनर्व्यपेक्षैव सामर्थ्यम्'*** એવું કહેવા દ્વારા સૂચવેલો હોવાથી તેઓને कृत् પણ અલગ વૃત્તિ રૂપે માન્ય છે. છતાં તેનો (कुम्भकारः ઇત્યાદિ कृत् वृत्तिનો) 'ङस्युक्तं कृता ૩.૧.૪૯' થી સમાસ થતો હોવાથી સમાસ વૃત્તિમાં જ અંતર્ભાવ થઈ જતો હોવાથી અહીં ત્રણ પ્રકાર બતાવ્યા છે.

કેટલાક લોકો પાંચમી એકશેષ વૃત્તિ પણ માને છે. કારણ કે શેષ રહેલા એક શબ્દ દ્વારા લુપ્ત એવા શબ્દોના અર્થનું પણ અભિધાન થતું હોવાથી તે પરાર્થાભિધાયી છે (***यः शिष्यते स लुप्यमानार्थाभिधायी*** इति न्यायात्), તેથી એકશેષ પણ વૃત્તિ છે. જેમકે घटश्च घटश्च घटश्च घटाः. बृहद्वृत्तिकारને એકશેષ પણ વૃત્તિરૂપે માન્ય છે તેવું માની શકાય, કારણ 'समानानामर्थे० ૩.૧.૧૮' ની बृहद्वृत्तिમાં ***'द्वन्द्वापवादो योगः'*** એમ કહ્યું છે. આથી દ્વન્દ્વસમાસ ઉત્સર્ગ થયો ને એકશેષ અપવાદ. ઉત્સર્ગ અને અપવાદની સમાનવિષયતા હોય છે એ સર્વવિદિત છે. તેથી બાધ્ય એવો ઉત્સર્ગ જો વૃત્તિ છે, તો બાધક એવો એકશેષ પણ વૃત્તિ ગણાશે.

श्री भट्टोजी दीक्षितें 'कृत्-तद्धित-समासैकशेष-सनाद्यन्तधातुरुपाः पञ्च वृत्तयः' (कृत्, तद्धित, समास, એકશેષ અને सनाद्यन्त) એમ પાંચ પ્રકારે વૃત્તિ કહી છે. ત્યાં નામધાતુ વૃત્તિનો सनाद्यन्त વૃત્તિમાં તેમણે સમાવેશ કર્યો છે. આમ પણ सनाद्यन्त વૃત્તિમાં નામધાતુવૃત્તિનો સંગ્રહ થઈ જાય. નામધાતુવૃત્તિના ગ્રહણથી सनाद्यन्तवृत्तिનો સંગ્રહ ન થાય માટે सनाद्यन्तवृत्तिનો જ વૃત્તિરૂપે ઉલ્લેખ કરવો ઉચિત છે.

શંકા :- તો જેઓએ 'નામધાતુવૃત્તિ' નો વૃત્તિરૂપે ઉલ્લેખ કર્યો છે, તેઓ सनाद्यन्तवृत्तिનું ગ્રહણ શી રીતે કરશે ?

સમાધાન :- નામધાતુવૃત્તિના ઉપલક્ષણથી તેનું ગ્રહણ થઈ શકશે.

આવા પરાર્થના અભિધાન (કથન)ને વૃત્તિ કહેવાય. શબ્દોના અનેક અર્થ થતા હોવાથી વૃત્તિ શબ્દ 'પરાર્થ અભિધાન' રૂપ અર્થનો વાચક બનવામાં કોઈ વાંધો નથી.

હવે બૃ. ન્યાસ પ્રમાણે વિચારીએ તો 'શબ્દ પોતાના અર્થથી અતિરિક્ત એવા અર્થનું કથન કરે તેને વૃત્તિ કહેવાય.' તત્પુરુષ આદિ સમાસ સ્થળે ગૌણ (ઉપસર્જન) પદ પ્રધાનપદના અર્થને વિષે સંક્રમે છે. જેમકે राज्ञः पुरुषः = राजपुरुषः આ ઉત્તરપદપ્રધાન તત્પુરુષ સમાસમાં ગૌણ राजन् પદ પ્રધાન એવા पुरुषः પદના અર્થમાં સંક્રમશે અર્થાત્ તે 'પુરુષ' અર્થનો વાચક બનશે. એવી જ રીતે બહુવ્રીહિ સમાસમાં ગૌણ એવા પૂર્વોત્તર પદ અન્યપદાર્થના વાચક બનશે. દ્વન્દ્વસમાસ તો ઉભયપદપ્રધાન સમાસ છે. તેથી ત્યાં બન્ને પદોને વિશે પરસ્પર અર્થસંક્રમ થશે. જેમકે પ્લક્ષન્યગ્રોધૌ દ્વન્દ્વસમાસ સ્થળે પ્લક્ષ શબ્દ 'ન્યગ્રોધ' અર્થનો વાચક બનશે અને ન્યગ્રોધ શબ્દ 'પ્લક્ષ' અર્થનો વાચક બનશે. તદ્ધિત તથા નામધાતુ વૃત્તિસ્થળે પ્રકૃતિ અને પ્રત્યય બન્ને મળીને પ્રત્યયાર્થના વાચક બનશે. અર્થાત્ પ્રકૃતિ પ્રત્યયાર્થને વિશે સંક્રમશે. આમ સર્વત્ર ગૌણ શબ્દ પોતાનો અર્થ છોડી પર એવા પ્રધાન શબ્દના અર્થનો વાચક બનતો હોવાથી અહીં પરાર્થ અભિધાન રૂપ વૃત્તિ જાણવી. અહીં પ્રશ્નો થશે કે ''राजपुरुषः સમાસ સ્થળે જો ગૌણ राजन् શબ્દ 'પુરુષ' અર્થનો વાચક બનશે તો राजपुरुषः સમાસથી 'રાજાનો પુરુષ' અર્થ શી રીતે જાણાશે ? કેમકે બન્ને શબ્દો 'પુરુષ' અર્થના વાચક બને છે.'' વળી ''પુરુષ શબ્દથી 'પુરુષ' અર્થ જાણાઈ જ જાય છે તો શા માટે राजन् શબ્દ દ્વારા 'પુરુષ' અર્થનું પ્રતિપાદન થાય એવો આગ્રહ રાખવો પડે ?'' આ રીતના પ્રશ્નો અન્ય વૃત્તિ સ્થળે પણ થશે. પરંતુ તેમના જવાબ ઘણો વિસ્તાર માંગી લે તેવા હોવાથી જિજ્ઞાસુઓએ જવાબ માટે 'પા. સૂ. ૨.૧.૧ મહાભાષ્ય-પ્રદીપોદ્દ્યોત', 'વાક્યપદીય વૃત્તિસમુદ્દેશ' અને 'ન્યાયસમુચ્ચય તરંગ-૨૯' વિગેરે ગ્રંથો અવલોકવા[A]. આ સિવાય વૃત્તિ અંગે વિશેષ જાણવા ૧/૪ ના અમારા વિવરણમાં પરિશિષ્ટ-૩ માં વૃત્તિ, જહત્સ્વાર્થવૃત્તિ અને અજહત્સ્વાર્થવૃત્તિ આ પારિભાષિક શબ્દો જોવા.

(3) પરાર્થાભિધાન સ્વરૂપ વૃત્તિનો 'અંત' સંભવતો નથી, કેમકે તે અભિધાન (કથન) ક્રિયારૂપ છે. તેથી બૃહદ્વૃત્તિકારે વૃત્તિનો અર્થ तद्वान् पदसमुदायः એવો કર્યો છે. વૃત્તિ જ્યાં વર્તે છે તે પદસમુદાય (અર્થાત્ સમાસ, તદ્ધિત કે નામધાતુ) વૃત્તિમાન્ છે, તેને ય લક્ષણાથી વૃત્તિ કહી શકાય છે, માટે સૂત્રમાં વૃત્તિ શબ્દનું ઉપાદાન છે. તે વૃત્તિ (વૃત્તિમાન્) ના છેડે જે શબ્દ વર્તે છે તેને આ સૂત્રથી પદસંજ્ઞા થતી નથી.

(A) લઘુન્યાસમાં બતાવેલા અર્થ પ્રમાણે આ પ્રશ્નો નહીં ઉદ્ભવે. કેમકે તેમાં ગૌણ શબ્દ પોતાના અર્થથી અતિરિક્ત પ્રધાન શબ્દના અર્થનું કથન કરે તેને વૃત્તિ નથી કહી, પરંતુ સમાસાદિના અવયવો પોતાના અર્થને છોડી સમુદાયાર્થ નું કથન કરે તેને વૃત્તિ કહી છે. તેથી તેના મુજબ राजपुरुषः સ્થળે राजन् શબ્દ 'પુરુષ' અર્થનું પ્રતિપાદન કરશે તેવું નહીં થાય, પણ राजन् અને पुरुष બન્ને અવયવ શબ્દો પોતાનો અર્થ છોડી 'રાજાનો પુરુષ' આ નવા સમુદાયાર્થને જાણાવશે.

(4) સમાસવૃત્તિના દૃષ્ટાંત -

(i) પરમદિવૌ

પરમા દ્યૌઃ યયોસ્તૌ =

* 'એકાર્થં ચાને૦ ૩.૧.૨૨' → પરમદિવ્ + ઔ

= પરમદિવૌ।

(ii) શ્વલિહૌ

શુનો લિહૌ =

* 'ષષ્ઠ્યયત્ના૦ ૩.૧.૭૬' → શ્વલિહ્ + ઔ

= શ્વલિહૌ।

(iii) ગોદુહૌ — * 'ષષ્ઠ્યયત્ના૦ ૩.૧.૭૬' → ગોઃ દુહૌ = ગોદુહ્ + ઔ = ગોદુહૌ।

અહીં 'એકાર્થ્યે ૩.૨.૮' સૂત્રથી લોપાયેલ દ્યૌ ની સિ વિભક્તિના અને લિહૌ તથા દુહૌ ની ઔ અંતર્વર્તી વિભક્તિના સ્થાનિવદ્ભાવની અપેક્ષાએ 'તદન્તં પદમ્ ૧.૧.૨૦' સૂત્રથી દિવ્, લિહ્ અને દુહ્ ને પદસંજ્ઞાની પ્રાપ્તિ છે. પરંતુ આ સૂત્રથી સમાસાત્મક વૃત્તિના અંતભાગે વર્તતા તેમને પદસંજ્ઞાનો નિષેધ કરવામાં આવ્યો છે. નિષેધ થવાથી ફળ રૂપે 'ઉઃ પદાન્તે૦ ૨.૧.૧૧૮' સૂત્રથી પરમદિવ્ ના વ્ નો ઉ આદેશ ન થયો, 'હો ધુટ્૦ ૨.૧.૮૨' સૂત્રથી શ્વલિહ્[A] ના હ્ નો દ્ આદેશ ન થયો અને 'ભ્વાદેર્દા૦ ૨.૧.૮૩' સૂત્રથી ગોદુહ્ ના હ્ નો ઘ્ આદેશ ન થયો.

શંકા :- તમે શુનો લિહૌ તથા ગોર્દુહૌ એમ વિગ્રહ કર્યો તેને બદલે શ્વાનં લીઢઃ = શ્વલિહૌ તથા ગાં દુગ્ધઃ = ગોદુહૌ એ પ્રમાણે વિગ્રહ કેમ ન કર્યો ?

સમાધાન :- તમે કહો છો એ પ્રમાણે વિગ્રહ પૂર્વક સમાસ સકારણ નથી કર્યો, કારણ ***'गतिकारकङस्युक्तानां विभक्त्यन्तानामेव कृदन्तैर्विभक्त्युत्पत्तेः प्रागेव समासः'***[B] આવો ન્યાય છે. તેથી શ્વાનં લીઢઃ इति ક્વિપ્, શ્વન્ + લિહ્ + ક્વિપ્ અને ગાં દુગ્ધઃ इति ક્વિપ્, ગો + દુહ્ + ક્વિપ્ આ અવસ્થામાં જ સમાસ થઈ જશે. આમ લિહ્ અને દુહ્ કૃદંતને વિભક્તિના પ્રત્યયો લાગ્યા પૂર્વે જ સમાસ થઈ જતો હોવાથી તેઓ વિભક્ત્યન્ત ન થવાથી પદ બનવાની પ્રાપ્તિ જ નથી કે જેથી આ સૂત્ર દ્વારા તેનો નિષેધ કરવો પડે. આ સૂત્ર દ્વારા ત્યાં પદત્વનો નિષેધ કર્યો છે તે જ બતાવે છે કે અમે બતાવ્યા મુજબ વિગ્રહ કરવો જોઈએ.

(A) શ્વલિહ્ વૃત્તિમાં પૂર્વાંશ શ્વન્ છે અને અન્ત્યાંશ લિહ્ છે. આ સૂત્રથી વૃત્તિના અન્ત્યાંશને અંતર્વર્તી વિભક્તિની અપેક્ષાએ પ્રાપ્ત પદસંજ્ઞાનો નિષેધ કરવામાં આવ્યો છે, પૂર્વાંશને નહીં. તેથી 'તદન્તં પદમ્ ૧.૧.૨૦' સૂત્રથી શ્વન્ આ પૂર્વાંશને અંતર્વર્તી વિભક્તિની અપેક્ષાએ પદસંજ્ઞા થવાથી 'નામ્નો નો૦ ૨.૧.૯૧' સૂત્રથી તેના પદાન્ત ન્ નો લોપ થઈ શક્યો છે અને શ્વલિહ્ શબ્દ બન્યો છે.

(B) વિભક્તિ જેના અંતમાં છે એવા ગતિસંજ્ઞક (પ્રાદિ) શબ્દોનો, કારક શબ્દોનો અને ઙસિ (પંચમી વિભક્તિ)થી ઉક્ત પ્રત્યયાન્ત શબ્દોનો જ્યારે કૃદંત સાથે સમાસ થાય છે ત્યારે કૃદંતને વિભક્તિની ઉત્પત્તિ થાય તે પહેલાં જ સમાસ થઈ જાય છે.

(iv) પરમવાચૌ – * 'एकार्थं चानेo ३.१.२२' → परमा वाग् ययोस्तौ = परमावाच् + औ, * 'परतः स्त्रीo ३.२.४९' → परमवाच् + औ = परमवाचौ।

અહીં પરમવાચ્ સમાસવૃત્તિના અંત્ય વાચ્ ને તેની 'एकार्थ्ये ३.२.८' સૂત્રથી લોપાયેલ અંતર્વર્તી વિભક્તિના સ્થાનિવદ્ભાવને આશ્રયી 'तदन्तं पदम् १.१.२०' સૂત્રથી પદસંજ્ઞાની પ્રાપ્તિ હતી. આ સૂત્રથી તેનો નિષેધ થતા 'चजः कगम् २.१.८६' સૂત્રથી વાચ્ ના ચ્ નો ક્ આદેશ ન થયો.

<u>तद्धितवृत्तिના દૃષ્टાંત</u> - (v) બહુદણ્ડિનૌ – * 'अतोऽनेकo ७.२.६' → दण्डो विद्यते यस्य = दण्ड + इन्, * 'अवर्णेवर्णस्य ७.४.६८' → दण्ड् + इन् = दण्डिन्, * 'नाम्नः प्राग्o ७.३.१२' → बहुदण्डिन् + औ = बहुदण्डिनौ।

અહીં બહુદણ્ડિન્ વૃત્તિના અંત્ય દણ્ડિન્ અંશને અંતર્વર્તી વિભક્તિની અપેક્ષાએ 'तदन्तं पदम् १.१.२०' સૂત્રથી પ્રાપ્ત પદસંજ્ઞાનો આ સૂત્રથી નિષેધ થયો. તેથી દણ્ડિન્ નો ન્ પદને અંતે ન ગણાતા 'नाम्नो नोo २.१.९१' સૂત્રથી તેનો લોપ ન થઈ શક્યો.

(5) આ સૂત્રથી વૃત્તિના ૯૪ અંત ભાગને પદસંજ્ઞાનો નિષેધ થાય એવું કેમ ?

(a) चैत्रस्य कर्म – અહીં કર્મન્ શબ્દ ચૈત્ર શબ્દની સાથે સમાસવૃત્તિ નથી પામ્યો. એ સિવાય તે કોઈ વૃત્તિના અંતભાગરૂપે નથી. માટે તેને આ સૂત્રથી પદસંજ્ઞાનો નિષેધ ન થતા પદને અંતે વર્તતા તેના ન્ નો 'नाम्नो नोo २.१.९१' સૂત્રથી લોપ થયો છે.

(6) આ સૂત્રથી વૃત્તિના અંતભાગને ૯૪ પદસંજ્ઞાનો નિષેધ થાય એવું કેમ ?

(a) राजवाक् – * 'षष्ठ्ययत्नात्o ३.१.७६' → राज्ञः वाक् = राजन् ङस् + वाच् सि, * 'ऐकार्थ्ये ३.२.८' → राजन् + वाच्, * 'नाम्नो नोo २.१.९१' → राजवाच् + सि, * 'दीर्घङ्याब्o १.४.४५' → राजवाच्, * 'चजः कगम् २.१.८६' → राजवाक्।

અહીં રાજન્ શબ્દ સમાસવૃત્તિના અંતભાગરૂપે નથી માટે 'ऐकार्थ्ये ३.२.८' સૂત્રથી લોપાયેલ અંતર્વર્તી વિભક્તિની અપેક્ષાએ તે પદ બની શકતા 'नाम्नो नोo २.१.९१' સૂત્રથી તેના અંત્ય ન્ નો લોપ થયો છે.

શંકા :- राज + वाच् માં वाच् એ વૃત્યન્ત હોવાથી પદ નહીં બને, તેથી 'चजः कगम्' સૂત્રની પ્રાપ્તિ નથી. છતાં તમે તે સૂત્રથી ચ્ નો ક્ (राजवाक्) કેમ કર્યો ?

સમાધાન :- 'ऐकार्थ्ये ३.२.८' સૂત્રથી લોપાયેલ અંતર્વર્તી सि વિભક્તિની અપેક્ષાએ પ્રસ્તુત સૂત્રથી વાચ્

અવયવને પદસંજ્ઞાનો નિષેધ હોવા છતાં રાજવાક્ આ સામાસિક શબ્દાત્મક સમુદાયને આશ્રયીને ∅ સિ વિભક્તિ થયેલ (કે ∅નો 'દીર્ઘડ્યાબ્૦' સૂત્રથી લોપ થયેલ), તેના.સ્થાનિવદ્ભાવને આશ્રયીને તો પદસંજ્ઞા થાય છે ∅. તેથી ચ્ નો ક્ થઈ રાજવાક્ થશે.

(7) શંકા :- વાક્ત્વક્સ્રુચઃ આ દ્વન્દ્વસમાસમાં વાચ્ (વાક્) ની અપેક્ષાએ ત્વચ્ (ત્વક્) શબ્દ વૃત્યન્ત છે, તેથી આ સૂત્રથી પદસંજ્ઞક ન થવાથી ત્વચ્ ના ચ્ નો ક્ ન થાય, છતાં કેમ ક્ કર્યો ?

સમાધાન :- દ્વન્દ્વસમાસ સહોક્તિ હોતે છતે થાય છે. જ્યારે ત્રણ પદોનો દ્વન્દ્વસમાસ કરવામાં આવે ત્યારે ત્રણ પદ વચ્ચે સહોક્તિ હોય છે. તેમાનાં બે પદ વચ્ચે અલગથી સહોક્તિ નથી હોતી. તેથી ફક્ત બે પદ વચ્ચે વૃત્તિનો અભાવ થાય. માટે વચ્ચે રહેલો વાચ્ શબ્દ વૃત્યન્ત ન હોવાથી અંતર્વર્તી વિભક્તિની અપેક્ષાએ તો પદ બને અને 'ચજઃ કગમ્' સૂત્રથી ચ્ નો ક્ થઈ વાક્ થાય.

આમ પણ જ્યારે ત્રણ પદ વચ્ચે દ્વન્દ્વસમાસ કરવામાં આવે ત્યારે પ્રધાન એવા તે ત્રણે પદો ત્રર્થ હોય છે (તે દરેક પદ ત્રણે પદોના અર્થના વાચક હોય છે). એટલે ત્રણ પદો વચ્ચે દ્વન્દ્વસમાસરૂપ વૃત્તિ કરવી હોય તો તે ત્રણે પદોનું ત્રર્થ હોવું આવશ્યક રહ્યું. એમ બે પદ વચ્ચે દ્વન્દ્વસમાસ વૃત્તિ કરવી હોય તો બન્ને પદનું દ્વયર્થ હોવું જરૂરી બને. વાક્-ત્વક્-સ્રુચઃ સ્થળે ત્રણ પદોનો દ્વન્દ્વસમાસ થયો છે. તેથી ત્યાં દરેક પદ ત્રર્થ છે, દ્વયર્થ નહીં. માટે તેમાં વાક્-ત્વક્ ની અલગથી દ્વન્દ્વસમાસવૃત્તિ ન હોવાથી ત્વક્ વૃત્યન્ત ન બનતા આ સૂત્રથી તેને પદસંજ્ઞાનો નિષેધ ન થવાના કારણે અંતર્વર્તી વિભક્તિની અપેક્ષાએ પદ બનેલા તેના ચ્ નો ક્ આદેશ કરવામાં આવ્યો છે.

હોતૃ-પોતૃ-નેષ્ટોદ્ગાતારઃ સ્થળે પણ આ ∅ કારણસર ફક્ત નેષ્ટૃ શબ્દના ∅ ઋ નો આ આદેશ થયો છે. આશય એ છે કે દ્વન્દ્વસમાસમાં ઉત્તરપદ (= અંત્યપદ) પરમાં હોય તો 'આ દ્વન્દ્વે ૩.૨.૩૯' સૂત્રથી અવ્યવહિત પૂર્વના ઋ કારાન્ત શબ્દના ઋ નો આ આદેશ થાય છે. હોતૃ-પોતૃ-નેષ્ટોદ્ગાતારઃ સ્થળે હોતા ચ પોતા ચ નેષ્ટા ચ ઉદ્ગાતા ચ આમ વિગ્રહ કરી ચાર શબ્દોનો દ્વન્દ્વ થયો છે. તેથી ત્યાં હોતૃ-પોતૃ નો અલગથી દ્વન્દ્વસમાસ ગણાવી તેમના ઋ નો આ આદેશ નથી થતો, પણ ફક્ત નેષ્ટૃ શબ્દના ∅ ઋ ના આ આદેશ થાય છે. કેમકે તેની અવ્યવહિત પરમાં ∅ ઉદ્ગાતારઃ આ ઉત્તરપદ (= અંત્યપદ) છે. હોતૃ-પોતૃ શબ્દને વચ્ચે નેષ્ટા નું વ્યવધાન નડે છે. પણ જો હોતા ચ પોતા ચ = હોતાપોતારૌ અને નેષ્ટા ચ ઉદ્ગાતા ચ = નેષ્ટોદ્ગાતારૌ આમ બે બે શબ્દોના અલગ અલગ દ્વન્દ્વસમાસ કર્યા બાદ હોતાપોતારૌ ચ નેષ્ટોદ્ગાતારૌ ચ આમ દ્વન્દ્વસમાસ કરવામાં આવે તો હોતા-પોતા-નેષ્ટોદ્ગાતારઃ આમ દરેક ઋ નો આ આદેશ થયો હોય તેવો પ્રયોગ થઈ શકે છે. કેમકે પહેલાં હોતૃ-પોતૃ વચ્ચે અલગથી દ્વન્દ્વસમાસ કરાતા પોતારૌ ઉત્તરપદ રૂપે પ્રાપ્ત થવાથી હોતૃ શબ્દના ઋ નો આ આદેશ થઈ શકે છે. (નેષ્ટોદ્ગાતારૌ સ્થળે પણ આમ સમજવું.) તેમજ હોતાપોતારૌ નો નેષ્ટોદ્ગાતારૌ સાથે દ્વન્દ્વસમાસ કરાતા નેષ્ટોદ્ગાતારૌ એ અખંડ એક સામાસિક ઉત્તરપદ રૂપે પ્રાપ્ત થતા તેની અપેક્ષાએ પોતૃ શબ્દના ઋ નો પણ આ આદેશ થઈ શકે છે.

પ્રસ્તુતમાં પણ જો પૂર્વે ફક્ત વાક્ ચ ત્વક્ ચ = વાક્ત્વચૌ આમ અલગથી દ્વન્દ્વસમાસ કરાત અને પછી ફરી સ્રુચ્ શબ્દની સાથે દ્વન્દ્વ કરવામાં આવ્યો હોત તો પૂર્વ દ્વન્દ્વસમાસની અપેક્ષાએ ત્વચ્ શબ્દ વૃત્યંત ગણાતા તેને આ સૂત્રથી પદસંજ્ઞાનો નિષેધ થાત.

(8) શંકા :- વાક્ ચ ત્વક્ ચ ઇતિ વાક્ત્વચમ્, અહીં 'चवर्गदषहः समाहारे ૭.૩.૯૮' સૂત્રથી સમાસને સમાસાન્ત એવો અ પ્રત્યય થયો. આમ વૃત્તિને અંતે અ હોવાથી અ વૃત્યન્ત છે, ત્વચ્ નહીં. તેથી ત્વચ્ પદ બનશે. માટે તેના ચ્ નો ક્ થઈ વાક્ત્વકમ્ થવું જોઈએ ને ?

સમાધાન :- તમારી આ શંકાનું સમાધાન અમે જુદી-જુદી ત્રણ રીતે આપીએ છીએ.

(a) સમાસાન્ત અ પ્રત્યય સમાસને કરાતો હોવાથી અ પ્રત્યય સમુદાયનો (સમાસનો) અવયવ છે, ત્વચ્ નો નહીં. તેથી અ પ્રત્યય સમાસના (વાક્ત્વચ્ ના) વૃત્યન્તત્વનો ઘાત કરે, પરંતુ તેના અવયવ (ત્વચ્) ના વૃત્યન્તત્વનો નહીં. તેથી ત્વચ્ અવયવ વૃત્યન્ત જ હોવાથી તેના ચ્ નો ક્ નહીં થાય.

જેમ કે પરમદણ્ડિનૌ સ્થળે પરમ + દણ્ડિન્ સમુદાયને આશ્રયીને ञ्णौ પ્રત્યય થયો છે, તેથી તે પ્રત્યય દણ્ડિન્ અવયવના અંતત્વનો ઘાત નથી કરતું. જો ઘાત કરતું હોત તો દણ્ડિન્ પદ થવાથી 'नाम्नो नो० ૨.૧.૯૧' સૂત્રથી ન્ ના લોપનો પ્રસંગ આવત.

(b) 'समासात् परः समासान्तो विधीयते' (સમાસથી પરમાં સમાસાન્ત પ્રત્યય થાય છે) આવું 'चवर्गदषहः समाहारे ૭.૩.૯૮' સૂત્રમાં જે કહ્યું છે ત્યાં [A]સમાસાત્ નો અર્થ સમાસાવયવાત્ એવો કરીએ તો ત્વચ્ (અવયવ) ને અ પ્રત્યય થશે. હવે અ વૃત્યન્ત થવાથી ત્વચ્ વૃત્યન્ત નહીં રહે. આમ ત્વચ્ પદ બને એમ છે. પરંતુ 'नाम सिदय्व्यञ्जने ૧.૧.૨૧' સૂત્રમાં 'सिति' પદ દ્વારા નિયમ કર્યો છે કે 'तद्धितના પ્રત્યયો પર છતાં અંતર્વર્તિની વિભક્તિનો સ્થાનિવદ્ભાવ માનીને પદસંજ્ઞા જો થાય તો સિત્ તદ્ધિત પ્રત્યય પર છતાં જ થાય, अण् વિગેરે સ્વરાદિ પ્રત્યયો પર છતાં નહીં.' હવે તદ્ધિતનો અ પ્રત્યય સિત્ ન હોવાથી ત્વચ્ પદ નહીં બને, તેથી ચ્ નો ક્ નહીં થાય.

(c) સમાસનો વિગ્રહ આ પ્રમાણે થશે.

		वाक् च त्वक् च =
* 'चार्थे द्वन्द्व० ૩.૧.૧૧૭'	→	वाच् + सि त्वच् + सि
* 'ऐकार्थ्ये ૩.૨.૮'	→	वाच् + ~~सि~~ त्वच् + ~~सि~~
* 'चवर्गदषहः० ૭.૩.૯૮'	→	वाच् + ~~सि~~ त्वच् + अ + ~~सि~~

(A) કાર્યના અનુરોધથી સમાસ શબ્દ ક્યારેક સમાસાવયવનો તો ક્યારેક સમાસનો વાચક બને છે.

સમાસાન્ત પ્રત્યય સમાસથી પરમાં કરાય છે, તેથી અ પ્રત્યય સિ વિભક્તિની પૂર્વે અને ત્વચ્ ની પરમાં થશે. આમ ત્વચ્ ને સિ પ્રત્યય પરમાં (અવ્યવહિત) ન હોવાથી તેને 'तदन्तं पदम्' થી પદસંજ્ઞાની પ્રાપ્તિ જ નથી, તેથી ચ્ નો ક્ નહીં થાય.

(9) સ્ ને ષ્ આદેશ કરવાના પ્રસંગે વૃત્તિના અંતભાગને પદસંજ્ઞાનો નિષેધ થતો નથી એવું કેમ ?

(a) दधिसेक् – * षिच् (१३२१), * 'षः सो० २.३.९८' → सिच्, * 'मन्-वन्० ५.१.१४७' → सिञ्चतीति विच् = सिच् + विच्(०), * 'लघोरुपान्त्यस्य ४.३.४' → सेच्, * 'षष्ठ्ययत्ना० ३.१.७६' → दध्नः[A] सेक् = दधिसेच् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → दधिसेच्, * 'चजः कगम् २.१.८६' → दधिसेक्।

ઉપરોક્ત સાધનિકા મુજબ દધિસેચ્ શબ્દ બનાવી તેને ઔ પ્રત્યય લાગતા દધિસેચૌ પ્રયોગ થશે તથા ઉપર મુજબ સેચ્ શબ્દ બનતા તેને 'नाम्नः प्राग्० ७.३.१२' સૂત્રથી પૂર્વે બહુ પ્રત્યય લાગતા નિષ્પન્ન થયેલા બહુસેચ્ શબ્દને સિ-ઔ પ્રત્યય લાગતા ઉપરોક્ત સાધનિકા મુજબ બહુસેક્ અને બહુસેચૌ પ્રયોગ સિદ્ધ થશે. જો સૂત્રમાં असषे પદ ન મૂકત તો દધિસેક્ વિગેરે ઉદાહરણોમાં આ સૂત્રથી સેક્ ને પદસંજ્ઞાનો નિષેધ થાત. તેથી સેક્ નો સ્ 'दधिसेक्' વિગેરે પદની મધ્યમાં વર્તવાથી 'नाम्यन्तस्था० २.३.१५' સૂત્રથી સ્ નો ષ્ આદેશ થઈ દધિષેક્ વિગેરે અનિષ્ટરૂપ થાત. સૂત્રમાં असषे નું ગ્રહણ કરવાથી સેક્ પદ બનશે. તેથી સ્ પદ (સેક્) ની આદિમાં થવાથી 'नाम्यन्तस्था०' વિગેરે સૂત્રની પ્રાપ્તિ ન હોવાથી સ્ નો ષ્ નહીં થાય. દધિસેક્ વિગેરે ઉદાહરણો કૃદન્તવૃત્તિના છે.

(10) परमदिवौ વિગેરે ઉપરોક્ત દૃષ્ટાંતોમાં આ સૂત્રથી પદસંજ્ઞાનો નિષેધ કર્યો છે, તે બધાને 'स्थानीवाऽवर्ण-विधौ ७.४.१०९' પરિભાષાથી અંતર્વર્તિની વિભક્તિનો સ્થાનિવદ્ભાવ થવાથી 'तदन्तं पदम् १.१.२०' સૂત્રથી પદસંજ્ઞાની પ્રાપ્તિ હતી.

શંકા :- परमदिवौ વિગેરેમાં 'ऐकार्थ्ये ३.२.८' સૂત્રથી વિભક્તિનો लुप् થાય છે અને 'लुप्यव्वृल्लेनत् ७.४.११२' પરિભાષાથી વ્વૃત્, લ્ અને એનદ્ આટલાં કાર્યો સિવાય સર્વત્ર લુપ્ નો સ્થાનિવદ્ભાવ મનાતો નથી, તો અહીં પણ વિભક્તિનો સ્થાનિવદ્ભાવ ન મનાવો જોઈએ ને ?

સમાધાન :- 'लुप्यव्वृल्लेनत् ७.४.११२' સૂત્રમાં લુપ્ નો સ્થાનિવદ્ભાવ માનવાનો નિષેધ કર્યો છે, તે વર્ણને થતા પૂર્વકાર્યને આશ્રયીને કર્યો છે, સમુદાયને થતા કાર્યને આશ્રયીને[B] નહીં. 'तदन्तं पदम् १.१.२०' સૂત્રથી

(A) અહીં दधि सिञ्चति (કે दध्ना सिञ्चति) इति दधिसेक् એવો વિગ્રહ નહીં થાય, કારણ કે ઉપપદ સહિતના સિચ્ ને વિચ્ પ્રત્યય થતો નથી.

(B) लुपीति सप्तमीनिर्देशात् पूर्वस्य यत्कार्यं प्राप्तं तन्निषिध्यते, समुदायस्य तु भवत्येव। पयः, साम, पञ्च, सप्त। अत्र पदसंज्ञा तथा च तन्निबन्धनानि रूत्व-नलोपादीनि भवन्ति। (७.४.११२ बृ.वृ.)

થતી પદસંજ્ઞા એકાદ વર્ણને નહીં પણ શબ્દાત્મક વર્ણસમુદાયને થાય છે. માટે તે સમુદાયનું કાર્ય હોવાથી 'ઐકાર્થ્યે ૩.૨.૮' સૂત્રથી થયેલ વિભક્તિના લોપનો સ્થાનિવદ્ભાવ મનાશે. તેથી 'તદન્તં પદમ્૦' થી પદસંજ્ઞા પ્રાપ્ત હતી, માટે આ સૂત્રથી તેનો નિષેધ કર્યો છે.

શંકા :- છતાં સૌશ્રુતમ્ સ્થળે ૬મેં 'નામ સિદય્વ્યઞ્જને ૧.૧.૨૧' સૂત્રોક્ત 'તદ્ધિતના સિત્ પ્રત્યય પરમાં હોતે છતે ૬ અંતર્વર્તી વિભક્તિને આશ્રયી પૂર્વ નામને પદસંજ્ઞા થાય, બીજા પ્રત્યય પરમાં હોતે છતે નહીં.[A]' નિયમ દ્વારા પદસંજ્ઞાનો નિષેધ થાય છે, તેમ પ્રસ્તુતમાં પરમદિવૌ વિગેરે સ્થળે પણ સિ વિગેરે પ્રત્યયો પરમાં વર્તતા તે નિયમથી ૬ વૃત્યન્ત નામને પદસંજ્ઞાનો નિષેધ થઈ ૬શે. માટે આ સૂત્ર રચવું નિરર્થક છે.

સમાધાન :- તમારી વાત બરાબર નથી. 'પ્રત્યયઃ પ્રકૃત્યાદેઃ ૭.૪.૧૧૫' પરિભાષા મુજબ પ્રત્યય પ્રકૃતિનું વિશેષણ બને. પરમદિવૌ વિગેરે સ્થળે ઔ વિગેરે પ્રત્યય પરમદિવ્ આદિ સમુદાયને થાય છે, તેમના દિવ્ આદિ અવયવને નહીં. માટે તે પ્રત્યયો સમુદાયનું વિશેષણ બનતા અંતર્વર્તી વિભક્તિની અપેક્ષાએ પ્રાપ્ત થતું તેનું ૬ પદત્વ ઉપરોક્ત નિયમ દ્વારા નિવર્તી શકે, તેના અવયવનું પદત્વ નહીં. માટે ત્યાં અંતર્વર્તી વિભક્તિની અપેક્ષાએ પદસંજ્ઞાની પ્રાપ્તિ છે, તેનો પ્રસ્તુત 'વૃત્યન્તોઽસષે' સૂત્ર દ્વારા નિષેધ કરે છે ।।૨૫।।

सविशेषणमाख्यातं वाक्यम् ।।१.१.२६।।

बृ.वृ.–त्याद्यन्तं पदमाख्यातम्। साक्षात् पारम्पर्येण वा यान्याख्यातविशेषणानि तैः प्रयुज्यमानैरप्रयुज्यमानैर्वा सहितं प्रयुज्यमानमप्रयुज्यमानं वाऽऽख्यातं वाक्यसंज्ञं भवति। धर्मो वो रक्षतु, धर्मो नो रक्षतु, साधु वो रक्षतु, साधु नो रक्षतु, उच्चैर्वो वदति, उच्चैर्नो वदति, भोक्तुं त्वा याचते, भोक्तुं मा याचते, शालीनां ते ओदनं ददाति, शालीनां मे ओदनं ददाति, अप्रयुज्यमानविशेषणम्-लुनीहि३, पृथुकाँश्च खाद, पुनीहि३, सक्तूंश्च पिब। अप्रयुज्यमानमाख्यातम्–शीलं ते स्वम्, शीलं मे स्वम्। अर्थात् प्रकरणाद् वाऽऽख्यातादेर्गतावप्रयोगः। लोकादेव वाक्यसिद्धौ साँकाङ्क्षत्वेऽप्याख्यातभेदे वाक्यभेदार्थं वचनम्, आख्यातमित्यत्रैकत्वस्य विवक्षितत्वात्। तेन ओदनं पच, तव भविष्यति, मम भविष्यति; पच, तव भविष्यति, मम भविष्यति; ओदनम्, तव भविष्यति, मम भविष्यतीत्यादौ श्रूयमाणे गम्यमाने वाऽऽख्यातान्तरे भिन्नवाक्यत्वाद् वस्–नसादयो न भवन्ति। लौकिके हि वाक्येऽङ्गीक्रियमाणे आख्यातभेदेऽप्येकवाक्यत्वाद् वस्–नसादयः प्रसज्येरन्निति। कुरु कुरु नः कटमित्यादौ तु कृते द्विर्वचनेऽर्थाभेदादेकमेवाख्यातमित्येकवाक्यत्वाद् वस्–नसादयो भवन्ति। वाक्यप्रदेशाः–"पदाद् युग्विभक्त्यैकवाक्ये वस्–नसौ बहुत्वे" (२.१.२१) इत्यादयः ।।२६।।

(A) આ અંગે જાણવા '૧.૧.૨૧' સૂત્રનું (8) નંબરનું વિવરણ જોવું.

સૂત્રાર્થ :- સાક્ષાત્ કે પરંપરાએ જેઓ આખ્યાત (ક્રિયાપદ)ના વિશેષણ હોય તેવા પ્રયુજ્યમાન (પ્રયોગ કરાતા) કે અપ્રયુજ્યમાન (પ્રયોગ ન કરાતા) તે વિશેષણોની સાથેનું પ્રયુજ્યમાન કે અપ્રયુજ્યમાન એવું આખ્યાત વાક્યસંજ્ઞક થાય છે. ટૂંકમાં વિશેષણ સહિતના આખ્યાતને વાક્ય સંજ્ઞા થાય છે.

સૂત્રસમાસ :- ◆ सह विशेषणेन वर्तते = सविशेषणम् (सहा. बहु.)। ◆ आख्यायते स्म = आख्यातम्। ◆ उच्यते स्म = वाक्यम्।

વિવરણ :- (1) ***'विशिष्यतेऽन्यतो व्यवच्छिद्यते विशेष्यं येन इति विशेषणम्'*** વિશેષણ વિશેષ્યનો બીજાથી વ્યવચ્છેદ કરે, અર્થાત્ વિશેષ્યને વિશેષિત કરવા દ્વારા તેને બીજાથી જુદો પાડે. જેમકે गच्छति ક્રિયાપદથી 'જાય છે' આટલો અર્થ જ જણાય. પણ કોના સંબંધી ગમનક્રિયા તે જણાતું નથી. અર્થાત્ કોઈની પણ ગમનક્રિયાની સંભાવના ઊભી રહે છે. હવે चैत्रो गच्छति આમ गच्छति ને चैत्र વિશેષણ જોડવામાં આવે એટલે 'ચૈત્ર જાય છે' આવો અર્થ જણાશે. વિવક્ષિત ગમનક્રિયા મૈત્રાદિ કોઈની પણ સાથે અન્વય પામે એવી હતી. चैत्रः વિશેષણ તેનું વ્યાવર્તન કરીને માત્ર 'ચૈત્ર સંબંધી ગમનક્રિયા' આમ તેને બીજી ગમન ક્રિયાથી જુદી પાડે છે, માટે તેને વિશેષણ કહેવાય.

(2) સાધ્ય એવા અર્થના અભિધાયક રૂપે જેનું આખ્યાન (કથન) કરાયું હોય તે આખ્યાત કહેવાય છે. આશય એ છે કે ક્રિયા બે પ્રકારની હોય છે; સિદ્ધા અને સાધ્યા. તેમાં જેનો પૂર્વાપરીભાવ અલગ પાડી ગ્રહણ નથી કરાયો અને તેથી સંપૂર્ણપણે પૂર્ણતાને પામેલ તથા લિંગ-સંખ્યા અન્વયિત્વ રૂપ દ્રવ્યસ્વભાવને પામેલ ક્રિયાને સિદ્ધા ક્રિયા કહેવાય. આવી ક્રિયા घञ्, अनट्, ति(क्ति) આદિ પ્રત્યયો દ્વારા વૃત્તિને આશ્રયી જણાય છે. જેમકે पाकः સ્થળે સામાન્યથી વિક્લિતિને અનુકૂળ ક્રિયા જણાશે, પરંતુ તેના અવયવરૂપ વાસણને ચૂલા ઉપર ચઢાવવું, ચૂલો ચેતવવા ફૂંક મારવી, વાસણમાં ચોખા મૂકવા, લાકડા હલાવતા રહેવું, છેલ્લે વાસણને ચૂલા ઉપરથી નીચે ઉતારવું વિગેરે પૂર્વાપરીભૂત વિવિધ અવસ્થાઓ અલગથી નથી જણાતી. આખી વિક્લિતિને અનુકૂળ ક્રિયા પૂર્ણતાને પામી હોય અર્થાત્ વસ્તુ તૈયાર થઈ ગઈ હોય તેમ જણાય છે. સાથે पाकः, पाकम् આમ લિંગનો અન્વય તથા पाकः, पाकौ, पाकाः આમ સંખ્યાનો અન્વય થતો હોવાથી ક્રિયા દ્રવ્યસ્વભાવને પામેલી જણાય છે. માટે આવી ક્રિયાને સિદ્ધસ્વરૂપા કહેવાય છે. જ્યારે પૂર્વાપરીભૂત અવયવવાળી સાધનના વ્યાપારને પરતંત્ર ક્રિયાને સાધ્યા ક્રિયા કહેવાય. જેમકે पचति સ્થળે વિક્લિતિને અનુકૂળ ક્રિયા આરંભથી લઈને અંત સુધી એક જ હોવા છતાં તેમાં ક્રમશઃ વાસણને ચૂલા ઉપર ચઢાવવાથી લઈને નીચે ઉતારવા સુધીની તમામ અવસ્થાઓ પૂર્વાપરીભૂત (આગળ-પાછળ થનારા) અવયવરૂપે જણાશે અને 'ક્રિયા' ચૈત્ર કર્તા, ચોખા સ્વરૂપ કર્મ, લાકડા રૂપ કરણ વિગેરે સાધન (કારક) ને પરતંત્ર રૂપે જણાશે. માટે આવી ક્રિયાને સાધ્યા ક્રિયા કહેવાય. તાત્પર્ય એ છે કે पचति પદથી અવયવરૂપ ક્રિયાને લઈને વિક્લિતિ ક્રિયા સધાતી હોય તેવી પ્રતીતિ થાય છે, માટે તેને સાધ્યા કહેવાય છે. अपाक्षीत्, पक्ष्यति વિગેરે સ્થળોમાં પણ ભૂત-

ભવિષ્યત્ કાલીન વિક્લિતિ ક્રિયા આ બધા અવયવોમાંથી પસાર થઈ છે અથવા થશે એમ પ્રતીતિ થાય છે. માટે ત્યાં પણ સાધ્યરૂપા ક્રિયા સમજવી. આ બન્ને પ્રકારની ક્રિયા પૈકી સાધ્યા ક્રિયાના અભિધાયક પદને આખ્યાત કહેવાય છે. 'આખ્યાત' ક્રિયાપ્રધાન હોય છે અને તે ત્યાદ્યન્ત ક્રિયાપદ રૂપ હોય છે.

શંકા :- આખ્યાતપદ ક્રિયા અને સાધન (= દ્રવ્ય/કારક) બન્નેનું વાચક હોય છે, તો કેમ તે સાધનપ્રધાન ન બનતા ક્રિયા પ્રધાન બને છે ?

સમાધાન :- 'દેવદત્તઃ કિં કરોતિ ?' આવો ક્રિયાને લગતો પ્રશ્ન કરાતા જવાબ 'પચતિ' આમ આખ્યાત પદ રૂપે મળે છે અને 'કો દેવદત્તઃ ?' (આ બધામાં દેવદત્ત કોણ ?) આવો સાધનને લગતો પ્રશ્ન કરાતા જવાબ 'યઃ કારકઃ સઃ' આ પ્રમાણે કૃદંત નામપદ રૂપે મળે છે, આખ્યાતપદ રૂપે નહીં. માટે આખ્યાત ક્રિયાપ્રધાન હોય છે.

શંકા :- 'કો દેવદત્તઃ ?' આ પ્રશ્નનો જવાબ 'યઃ પચતિ' આમ આખ્યાતપદ રૂપે પણ પ્રાપ્ત થઈ શકે છે. તેથી આખ્યાતને સાધનપ્રધાન રૂપે બતાવવું જોઈએ.

સમાધાન :- ના, 'કો દેવદત્તઃ ?' આ સાધનને લગતા જવાબમાં એકલું 'પચતિ' આખ્યાતપદ નથી આવતું, પણ સાથે 'યઃ' સર્વનામનો પણ પ્રયોગ કરવામાં આવે છે. તેથી 'યઃ પચતિ' નો અર્થ 'જે રાંધે છે' એટલે કે 'રાંધવાની ક્રિયાનો જે કર્તા છે તે' અર્થાત્ 'યઃ પાકકર્તા' આવો જ થાય. તેથી કેવળ આખ્યાતપદ રૂપે જવાબ ન આવતા આખ્યાત સાધનપ્રધાન ન બની શકે, પણ ક્રિયાપ્રધાન જ બને.

સૂત્રમાં આખ્યાત પદ [A]ક્રિયાનું ઉપલક્ષણ છે. તેથી જ્યાં વિશેષણ સહિતની ક્રિયા જણાશે તેવા પદોને લઈને પણ આ સૂત્રથી વાક્યસંજ્ઞા થશે. જેમકે 'દેવદત્તેન શયિતવ્યમ્' ઈત્યાદિ સ્થળે. અહીં શયિતવ્યમ્ એ આખ્યાત (ક્રિયાપદ) નથી છતાં તેના દ્વારા દેવદત્ત સાધન (કારક) નો શયન વ્યાપાર ક્રિયા રૂપે જણાતો હોવાથી 'દેવદત્તેન શયિતવ્યમ્' વાક્યસંજ્ઞા પામે છે. 'કારકઃ[B]' ઈત્યાદિ સ્થળે કૃ ધાત્વર્થ 'કરવું' એ પ્રમાણેની ક્રિયા કર્તારૂપ સાધનના ઉપલક્ષણ (પરિચાયક) રૂપે વપરાતી હોવાથી શબ્દની તેવા પ્રકારની સ્વાભાવિક શક્તિને આશ્રયી સાધન (કરનાર વ્યક્તિ) નો વ્યાપાર પ્રધાનપણે જણાય છે. આ જ કૃદંત અને આખ્યાત વચ્ચેનો ભેદ છે કે આખ્યાત સ્થળે ધાત્વર્થ ક્રિયા સ્વતંત્ર હોવાથી પ્રધાનપણે જણાય છે, જ્યારે કૃદંતસ્થળે તે કર્તા, કર્મ, કરણ વિગેરે કારકના પરિચાયક રૂપે વર્તવાથી કારકના વ્યાપાર રૂપ ક્રિયા પ્રધાનપણે જણાય છે.

(3) શંકા :- 'સાऽव્યયં સકારકં સકારકવિશેષણં સક્રિયાવિશેષણં ચાऽऽખ્યાતં વાક્યમ્' આવું સૂત્ર બનાવવું

(A) કૃદન્તમાખ્યાતં ચ ક્રિયાવાચકમ્।

(B) બૃ. ન્યાસોક્ત 'કારકઃ' ઇત્યાદૌ ચ... પંક્તિનો અર્થ યથાશક્ય બેસાડવા પ્રયત્ન કર્યો છે. આના સિવાયનો કોઈ યોગ્ય અર્થ બેસતો હોય તો વિદ્વાનો બેસાડવા પ્રયત્ન કરે.

જોઈએ. કેમકે 'उच्चैर्न पठति' સ્થળે અવ્યય પૂર્વકના આખ્યાતવાળું વાક્ય, 'ओदनं पचति' સ્થળે કારક સહિત આખ્યાતવાળું વાક્ય, 'मृदु विशदम् ओदनम् पचति' સ્થળે વિશેષણથી અન્વિત એવા કારક સહિત આખ્યાતવાળું વાક્ય, 'देवदत्त! गामभ्याज शुक्लां दण्डेन' સ્થળે (અભિ) અવ્યય-કારક અને કારકના વિશેષણ સહિતના આખ્યાતવાળું વાક્ય તથા 'सुष्ठु पचति' સ્થળે ક્રિયાવિશેષણ સહિતના આખ્યાતવાળું વાક્ય જોવામાં આવે છે.

સમાધાન :- ના, આ બધા જ સ્થળે અવ્યય, કારક, કારકનું વિશેષણ તથા ક્રિયાવિશેષણ આ બધા જ મૂળ તો ક્રિયાપદ (= આખ્યાત) ના સાક્ષાત્ કે પરંપરાએ વિશેષણ જ બને છે. તેથી સૂત્રસ્થ सविशेषणम् શબ્દથી આખ્યાતના વિશેષણ એવા આ બધાયનો સંગ્રહ થઈ જાય છે. તેથી તેમને અલગથી સૂત્રમાં લખવાની જરૂર નથી. આશય એ છે કે વ્યાકરણકારો ધાત્વર્થ મુખ્ય વિશેષ્યક શાબ્દબોધ સ્વીકારે છે. તેથી કોઈપણ વાક્યમાં ધાત્વર્થ ક્રિયા મુખ્ય વિશેષ્ય બને અને એ સિવાયના અવ્યય, કારકાદિ તેના સાક્ષાત્ વિશેષણ તથા કારકના વિશેષણ અને ગૌણનામ વિગેરે તેના પરંપરાએ વિશેષણ બને છે. જેમકે 'पटुः चैत्रः स्थाल्यां राज्ञः तण्डुलान् काष्ठैः शोभनं पचति' સ્થળે મૂળ તો पच् ધાત્વર्થ વિક્લિતિ ક્રિયા મુખ્ય વિશેષ્ય બને છે અને બાકીના બધા અંશો 'पाटवविशिष्टचैत्रकर्तृकः स्थाल्यधिकरणकः राजसम्बन्धितावत्तण्डुल-कर्मकः काष्ठकरणकः शोभनः पाकः' આમ ધાત્વર્થ પાકક્રિયાને વિશેષિત કરે છે. આમાં पटुः અને राज्ञः એ પાકક્રિયાને સાક્ષાત્ વિશેષિત નથી કરતા, છતાં ગમે તે ચૈત્રનો પાક નહીં પણ 'પટુ એવા ચૈત્રકર્તૃક પાક' તથા ગમે તે ચોખાનો પાક નહીં પણ 'રાજા સંબંધી ચોખાનો પાક' આમ ચૈત્રનું પાટવ અને ચોખાની રાજસંબંધિતા અંતે તો પરંપરાએ પાક ક્રિયાને જ વિશેષિત કરે છે. માટે આ બધાયનો ધાત્વર્થ એવી ક્રિયાના વિશેષણ તરીકે સંગ્રહ થઈ જતો હોવાથી સૂત્રમાં તેમના વાચક પદોને જુદા નથી બતાવ્યા, પણ એક 'विशेषणम्' શબ્દ મૂકી તે બધાયનો સંગ્રહ કરી લીધો છે.[A] એમાંય ક્રિયાપદના આ કારકાદિ વિશેષણો ક્યારેક પ્રયુજ્યમાન (વાક્યમાં પ્રયોગ કરાયેલા) અને ક્યારેક અપ્રયુજ્યમાન (વાક્યમાં ન બતાવ્યા હોવા છતાં પ્રકરણાદિ વશ અધ્યાહારે ગ્રહણ કરાતા) હોય છે. આમનો પણ વિશેષણ શબ્દથી સંગ્રહ થયેલો સમજવો. આથી બૃ. વૃત્તિમાં 'साक्षात् पारम्पर्येण वा...' આવી પંક્તિ દર્શાવી છે.

જે વ્યવચ્છેદક હોય તેને વિશેષણ કહેવાય. તેમાંય જે વ્યવધાન વિના વ્યવચ્છેદક હોય તે સાક્ષાત્ વિશેષણ કહેવાય. હવે અહીં પ્રશ્ન થાય કે "જે વ્યવચ્છેદક હોય તે વિશેષણ તે બરાબર, છતાં વ્યવચ્છેદ કોનો થશે એ તો કહો?" ત્યાં સમાધાન એમ છે કે ક્રિયા અથવા કારક (= સાધન) બે પ્રકારે પ્રાપ્ત થશે; એક તદાત્મા રૂપે અને બીજું અતદાત્મા[B] રૂપે. વિશેષણ (= तद्) છે સ્વરૂપ (= આત્મા/ગુણધર્મ) જેનું તે તદાત્મા એવું ક્રિયા કે કારક કહેવાય

(A) યદ્યપિ અહીં ક્રિયાને વિશેષ્ય બતાવી છે. પરંતુ આખ્યાત ક્રિયાપ્રધાન હોવાથી તેને વિશેષ્ય તરીકે લેવું. મૂળ પદાર્થ ની અપેક્ષાએ જોઈએ તો ક્રિયા વિશેષ્ય અને કારકાદિ તેના વિશેષણ તરીકે પ્રાપ્ત થાય. પરંતુ વાક્યના સંદર્ભમાં વિચારીએ તો 'વાક્ય' પદોનો સમૂહ હોવાથી તેમાં ક્રિયાપદ (= આખ્યાત) એ વિશેષ્ય અને કારકાદિના વાચક પદો તેના વિશેષણ બને. પદ ક્યારેય પદાર્થનું વિશેષણ ન બને, પદનું જ વિશેષણ બને.

(B) અહીં તદ્રૂપ અને અતદ્રૂપ શબ્દો પણ વાપરી શકાય. આત્મા-રૂપ-સ્વરૂપ-ગુણધર્મ આ બધા શબ્દો એકાર્થક છે.

અને વિશેષણ જેનું સ્વરૂપ નથી બનતું તે અતદાત્મા એવા ક્રિયા કે કારક કહેવાય. દા.ત. પાકક્રિયા સારી અને ખરાબ બે પ્રકારની જોવા મળે છે. તો શોભનં પચતિ પ્રયોગ પ્રમાણે સારી પાક ક્રિયા તદાત્મા (= शोभनम् વિશેષણ પદવાચ્ય સારૂપ જેનું સ્વરૂપ બને છે તેવી) પાકક્રિયા કહેવાય અને ખરાબ પાકક્રિયા અતદાત્મા પાકક્રિયા કહેવાય. તેવી રીતે કારક સ્થળે ઘટ બે પ્રકારના જોવા મળે. કેટલાક નીલવર્ણ વાળા અને બીજા નીલેતર વર્ણવાળા. નીલો ઘટઃ પ્રયોગ પ્રમાણે નીલ ઘડા તદાત્મા કહેવાય, કેમકે ત્યાં નીલવર્ણરૂપ વિશેષણ તે ઘડાઓનું સ્વરૂપ બને છે અને અન્યવર્ણના ઘડા અતદાત્મા કહેવાય, કેમકે ત્યાં નીલવર્ણરૂપ વિશેષણ તે ઘડાઓનું સ્વરૂપ બને છે અને અન્યવર્ણના ઘડા અતદાત્મા કહેવાય, કેમકે ત્યાં નીલ વિશેષણ તેમનું સ્વરૂપ નથી બનતું. આ બન્ને પ્રકારની ક્રિયા કે કારક પૈકી 'વિશેષણ' અતદાત્મા એવી ક્રિયા કે કારકથી તદાત્મા એવી ક્રિયા કે કારકને અલગ કરશે. અર્થાત્ એકલી પાકક્રિયા કે ઘટને લઈને સ્પષ્ટ નહોતું થતું કે અહીં પાકક્રિયા કે ઘટ બે પૈકીના કયા લેવા. પરંતુ 'શોભન' અને 'નીલ' વિશેષણ અતદાત્મા એવી ખરાબ પાકક્રિયા અને નીલેતરવર્ણીય ઘડાઓથી સારી પાકક્રિયા અને નીલવર્ણીય ઘડાઓને જુદા તારવશે. એમાંય વ્યવધાન વિના સીધો જ અન્વય પામી જુદા તારવી આપનાર વિશેષણ પાકક્રિયા કે ઘટકારકનું સાક્ષાત્ વિશેષણ કહેવાય અને જે સાક્ષાત્ વિશેષણનું ય વિશેષણ હોય તે સાક્ષાત્ વિશેષણના વિશેષ્યની અપેક્ષાએ પરંપરાએ વિશેષણ કહેવાય. જેમકે 'सूदः पचति' સ્થળે सूदः વિશેષણ વિવક્ષિત પાકક્રિયાને અન્યકર્તૃક પાકક્રિયાથી જુદી તારવી આપે, પણ સૂદકર્તૃક પાકક્રિયાઓથી જુદી તારવી ન આપે. પણ 'राज्ञः सूदः पचति' પ્રયોગ સ્થળે राज्ञः આ પરંપર વિશેષણ પદ વિવક્ષિત પાકક્રિયા (= રાજસૂદકર્તૃક પાકક્રિયાને) અન્યસૂદકર્તૃક પાકક્રિયાથી પણ જુદી તારવી આપશે. માટે પરંપર વિશેષણ પણ વ્યવચ્છેદક બને છે. તેથી તેને વિશેષણ માનવામાં કોઈ વાંધો નથી.[A]

આખ્યાતનું જે સાક્ષાત્ કે પરંપરાએ વિશેષણ, કે જે પ્રયુજ્યમાન હોય કે અપ્રયુજ્યમાન હોય, તેવા વિશેષણ સહિત પ્રયુજ્યમાન કે અપ્રયુજ્યમાન એવું આખ્યાત 'વાક્ય' કહેવાય છે.

(4) પ્રયુજ્યમાન-અપ્રયુજ્યમાન વિશેષણ સાથે પ્રયુજ્યમાન-અપ્રયુજ્યમાન આખ્યાતનો સંબંધ થતા કુલ ચાર ભાંગા થશે. તેના દૃષ્ટાંત નીચે પ્રમાણે -

પ્રયુજ્યમાન વિશેષણ - પ્રયુજ્યમાન આખ્યાત →

(i) धर्मो वो रक्षतु (ii) धर्मो नो रक्षतु – અહીં धर्मः, वस् અને नस् એ સાક્ષાત્ વિશેષણ છે. ફર્ક એટલો કે धर्मः (કર્તા) એ તિવાદિ પ્રત્યયથી અભિહિત થવાના કારણે સમાનાધિકરણ વિશેષણ છે, જ્યારે वस्-नस्

(A) यत् क्रियायाः साधनस्य वा तदतदात्मनोऽतद्रूपादव्यवधानेन व्यवच्छेदकं क्वचित् तत् साक्षात् विशेषणम्। यत् तद्विशेषणस्य विशेषणं तत् पारम्पर्येण विशेषणम्।

(કર્મ) એ પ્રત્યયથી અભિહિત ન હોવાથી વ્યધિકરણ વિશેષણ છે.[A] ફળ - અહીં વિશેષણ સહિત આખ્યાત આ સૂત્રથી વાક્ય બનવાથી યુષ્માન્-અસ્માન્ નો 'પદાદ્યુગવિભક્ત્યૈ૦ ૨.૧.૨૧' સૂત્રથી ક્રમશઃ વસ્-નસ્ આદેશ થયો.

(iii) साधु वो रक्षतु (iv) साधु नो रक्षतु (v) उच्चैर्वो वदति (vi) उच्चैर्नो वदति। (vii) भोक्तुं त्वा याचते (viii) भोक्तुं मा याचते —

અહીં साधु, उच्चैः અને भोक्तुम् ક્રિયાપદના સાક્ષાત્ વિશેષણ છે. તેમાં साधु અને उच्चैः ક્રિયાવિશેષણ હોવાથી તેઓ ક્રમશઃ રક્ષણ ક્રિયા અને બોલવાની ક્રિયાને ('સારું એવું રક્ષણ' અને 'મોટું બોલવું' આ પ્રમાણે) સમાનાધિકરણ છે. છતાં रक्षतु અને वदति ક્રિયાપદના તે વ્યધિકરણ વિશેષણ છે. કેમકે કર્તરિ પ્રયોગમાં કર્તા સિવાયના બધા ક્રિયાપદના વ્યધિકરણ વિશેષણ ગણાય. भोक्तुम् તથા वस्, नस्, त्वा અને मा પણ ક્રિયાપદના સાક્ષાત્ વ્યધિકરણ વિશેષણ છે. ફળ - આ સૂત્રથી વાક્ય સંજ્ઞા થવાના કારણે युष्मद्-अस्मद् ના રૂપના સ્થાને 'पदाद्युग० ૨.૧.૨૧' સૂત્રથી અનુક્રમે वस्-नस् આદેશ તથા 'अमा त्वा मा ૨.૧.૨૪' સૂત્રથી त्वाम्-माम् ને અનુક્રમે त्वा-मा આદેશ થયા છે.

(ix) शालीनां ते ओदनं ददाति (x) शालीनां मे ओदनं ददाति — અહીં ओदन એ ददाति ક્રિયાપદનું સાક્ષાત્ વિશેષણ છે. જ્યારે शालीनाम् વિશેષણ (ओदन) નું વિશેષણ હોવાથી પરંપરાએ વિશેષણ છે. ફળ - 'ङेङसा ते मे ૨.૧.૨૩' સૂત્રથી तुभ्यम् નો ते અને मह्यम् નો मे આદેશ થયો.

અપ્રયુજ્યમાન વિશેષણ - પ્રયુજ્યમાન આખ્યાત →

(i) लुनीहि ३, पृथुकाँश्च खाद (ii) पुनीहि ३, सक्तूंश्च पिब – અહીં અપ્રયુજ્યમાન એવા केदारम् (ખેતર) કે त्वम् વિગેરે વિશેષણ સહિત પ્રયુજ્યમાન लुनीहि (તથા पुनीहि) આખ્યાતને પ્રસ્તુત સૂત્રથી વાક્ય સંજ્ઞા થશે. ફળ - વાક્યસંજ્ઞા થવાથી 'क्षियाऽऽशीः प्रैषे ૭.૪.૯૨' સૂત્રથી हि ના इ ને પ્લુત इ (इ ३) આદેશ થયો.

(અહીં એ વિશેષ સમજવું કે पृथुकाँश्च खाद અને सक्तूंश्च पिब એ વાક્યોનો ઉલ્લેખ દૃષ્ટાન્ત રૂપે નથી, પરંતુ लुनीहि અને पुनीहि વાક્ય બીજા વાક્યની સાથે સાકાંક્ષ છે, એ બતાવવા માટે છે. પ્લુત આદેશ વાક્યાંતરની અપેક્ષામાં થતો હોવાથી અહીં તે અપેક્ષા જણાવવી જરૂરી છે.)

પ્રયુજ્યમાન વિશેષણ - અપ્રયુજ્યમાન આખ્યાત →

(i) शीलं ते स्वम् (ii) शीलं मे स्वम् – અહીં પ્રયુજ્યમાન शीलम् ઇત્યાદિ વિશેષણવાચક શબ્દો સાથે

(A) ક્રિયાપદ કર્તરિ પ્રયોગવાળું હોય ત્યાં કર્તા ક્રિયાપદનું સમાનાધિકરણ વિશેષણ બને અને બીજા વ્યધિકરણ વિશેષણ બને. તથા કર્મણિ પ્રયોગવાળું ક્રિયાપદ હોય તો કર્મ સમાનાધિકરણ વિશેષણ બને અને બીજા વ્યધિકરણ વિશેષણ બને.

અપ્રયુજ્યમાન અસ્તિ આખ્યાતને આ સૂત્રથી વાક્ય સંજ્ઞા થશે. સ્વમ્ એ અસ્તિ નું સમાનાધિકરણ વિશેષણ છે. **ફળ** - 'ङे ङसा ते मे २.१.२३' સૂત્રથી તવ નો તે આદેશ થયો.

(5) શંકા :- શબ્દનો પ્રયોગ બીજાને અર્થનો બોધ કરાવવાનો ઉપાય છે. હવે વાક્યમાં શબ્દનો પ્રયોગ ન કરીએ છતાં પ્રયુક્ત-અપ્રયુક્ત શબ્દો વચ્ચે વિશેષણ-વિશેષ્યભાવ માનીએ તો અતિપ્રસંગ (દોષ) આવે. કારણકે જેનો જેનો વાક્યમાં પ્રયોગ કરાયો નથી, તે બધા જ શબ્દો અપ્રયુજ્યમાનત્વેન (અપ્રયુજ્યમાનત્વ ધર્મની અપેક્ષાએ) અવિશેષ (સરખા) હોવાથી બધા જ શબ્દો બધાના વિશેષણ કે વિશેષ્ય માનવા પડશે.

બીજી વાત એ પણ છે કે - શબ્દ સ્વરૂપ વિશેષણ કે વિશેષ્ય અપ્રયુજ્યમાન હોવા છતાં જો અર્થનો બોધ કરાવવામાં સમર્થ થઈ શકતા હોય તો સર્વસ્થળે તેમનો પ્રયોગ જ ન કરવો જોઈએ. કારણ અર્થબોધ થવા રૂપ ફળ પ્રાપ્ત થઈ ચૂક્યા બાદ શબ્દપ્રયોગ કરવાનો શું અર્થ ?

સમાધાન :- શબ્દપ્રયોગ બીજાને માટે કરાય છે. અર્થાત્ બીજાને જે અર્થ આકાંક્ષિત હોય અને પાછો ન જાણાયો હોય તે અર્થ વક્તાએ શબ્દથી પ્રતિપાદન કરવાનો હોય છે. બીજાને અર્થનો બોધ કરાવવામાં કેવળ શબ્દ જ એક ઉપાય છે એવું નથી. અર્થ, પ્રકરણ, શબ્દાન્તર સંનિધિ[A] વિગેરે અનેક તેના ઉપાયો છે. ત્યાં જ્યારે શબ્દ સિવાયના અન્ય કોઈ ઉપાયથી શ્રોતાને વિશેષણ (કારક વિગેરે) કે વિશેષ્ય (આખ્યાત) પ્રતીત થઈ જાય ત્યારે આકાંક્ષા[B] પૂર્ણ થવાથી તેને અર્થનો બોધ થઈ જાય છે, માટે તે અર્થનું અભિધાન કરનાર શબ્દનો પ્રયોગ વાક્યમાં નથી કરાતો. આમ આવા પ્રસંગે શબ્દની અપ્રયુજ્યમાનતા ઘટે છે. આથી 'સર્વસ્થળે શબ્દનો પ્રયોગ જ ન કરવો જોઈએ' એ તમારી વાત ટકતી નથી.

તથા અપ્રયુજ્યમાનત્વેન બધા શબ્દો અવિશેષ હોવા છતાં પ્રકરણાદિ વશ જેનો અર્થ પ્રતીત થાય છે તે શબ્દ બીજા શબ્દો કરતા એ સ્વરૂપે વિશેષ છે, તેથી તે શબ્દ જ વિશેષણ કે વિશેષ્ય બનશે, બધા નહીં. આમ બધા શબ્દો બધાના વિશેષણ કે વિશેષ્ય માનવા રૂપ આપત્તિ પણ આવતી નથી.

(A) **અર્થથી :** ગોપાલકમાહ્વય માણવકમધ્યાપયિષ્યતિ' આ વાક્યમાં અર્થથી જાણાય છે કે ગોપાલક એ ગોવાળીયાનો નહીં પણ ભટ્ટપુત્રનો વાચક છે.
પ્રકરણથી : 'સૈન્ધવમાનય' અહીં ભોજનનાં વિષયમાં સૈન્ધવ નો અર્થ લવણ (મીઠું) થશે. શિકારના પ્રકરણમાં સૈન્ધવ નો અર્થ અશ્વ થશે.
શબ્દાન્તર સંનિધિથી : 'राम-लक्ष्मणौ' અહીં રામના સંનિધાનથી 'લક્ષ્મણ' દશરથપુત્ર જ લેવાનો, દુર્યોધન પુત્ર નહીં અને લક્ષ્મણના સંનિધાનથી 'રામ' દશરથપુત્ર જ લેવાનો, જમદગ્નિપુત્ર નહીં. (આ અંગે વિશેષ જાણવું હોય તો બૃ. ન્યાસના ૧.૪ ના અમારા વિવરણનું પેજ - ૨૧૨, ૨૧૩ જુઓ.)

(B) येन पदेन विना यत्पदस्याऽन्वयाननुभावकत्वं तेन पदेन सह तस्याकाङ्क्षा।

જેમકે ગ્રંથકારશ્રીએ પોતે જ રચેલ ***'કાવ્યાનુશાસન'*** ગ્રંથની ***'અલંકારચુડામણી'*** ટીકામાં કહ્યું છે કે - ''વક્તા દ્વારા પ્રતિપાદન કરાતા કાકુવાક્યથી વાચ્ય અન્ય આસક્તિ તેમજ પ્રસ્તાવ, દેશ, કાળ, ચેષ્ટા વિગેરે વશ મુખ્ય, અમુખ્ય અને વ્યઙ્ગ્ય એવો અર્થ વ્યંજિત થાય છે.'' એ સિવાય પણ કહ્યું છે કે ''પ્રસ્તાવ, ઔચિત્ય, દેશ, કાળ વિભાગ (ચોક્કસ પ્રકારના કાળ) અને શબ્દથી અર્થની પ્રતીતિ થાય છે. ફક્ત શબ્દથી અર્થની પ્રતીતિ થાય છે એવું નથી.'' લોકમાં પણ આખા વાક્યને બદલે તેના એક દેશનો પ્રયોગ થતો જોવા મળે છે. જેમકે 'प्रविश, पिण्डीम्' અહીં ***ભર્તૃહરિ*** કહે છે કે પ્રવિશ એ ક્રિયા છે. ક્રિયા અધિષ્ઠાન (આધાર) વગર પ્રવર્તે નહીં. તેથી ક્રિયાને યોગ્ય એવા સાધનનું (કર્મકારકનું) અહીં ગ્રહણ થશે અને પ્રવિશ શબ્દથી પ્રવિશ ગૃહમ્ એવો અર્થબોધ થશે. આમ જે અર્થ બે પદથી વાચ્ય બને તેમ હતો, તે ફક્ત 'પ્રવિશ' શબ્દથી જણાય છે. ગૃહમ્ રૂપ સાધનને કેટલાક 'પ્રવિશ' શબ્દના અભિધેયરૂપે ગણે છે, તો કેટલાક તેને ગમ્ય (પ્રકરણાદિ વશ જેનો અર્થ જણાઈ આવે છે એવો) માને છે. અહીં પિણ્ડી (આહાર વિશેષ) માં કંઈ પ્રવેશક્રિયા સંભવે નહીં, માટે ગૃહમ્ રૂપ યોગ્ય સાધન પ્રવિશ શબ્દનું અભિધેય (વાચ્ય) બને છે અથવા પ્રકરણાદિ વશ ગમ્ય બને છે.

એ જ પ્રમાણે 'पिण्डीम्' સાધન છે. સાધનનું અસ્તિત્વ ક્રિયા વિના ના હોય. તેથી 'સાધન' યોગ્ય એવી ક્રિયાનું ગ્રહણ કરે જ. જેમકે દહીંના ઘડારૂપ સાધન પૂર્ણતા વિગેરે ક્રિયાનું ગ્રહણ કરે તેમ. તેથી પ્રસ્તુતમાં પિણ્ડીમ્ શબ્દ પણ પિણ્ડી ભક્ષય એવા અર્થનો વાચક બને છે.

(6) શંકા :- લોકમાં 'નિરાકાંક્ષ એવો પદસમૂહ વાક્ય છે' એમ પ્રસિદ્ધ છે. જેમકે ''વાક્યમાંથી છૂટાં પડ્યા હોય ત્યારે આકાંક્ષાવાળા અવયવો (શબ્દો) વાળો, પરંતુ અવયવો છૂટાં ન પડ્યા હોય ત્યારે વાક્યની બહારના બીજા શબ્દોની આકાંક્ષા વિનાનો ક્રિયાપદપ્રધાન, વિશેષણપદ વાળો અને એક પ્રયોજનવાળો શબ્દસમૂહ વાક્ય કહેવાય છે.'' તેથી 'लोकात् ૧.૧.૩' સૂત્રથી જ વાક્યસંજ્ઞા સિદ્ધ છે તો નિરર્થક આ સૂત્ર કેમ બનાવ્યું ?

સમાધાન :- નિરાકાંક્ષ એવા પદસમૂહને લોકમાં વાક્ય કહેવાય છે. તેથી ક્યારેક એક ક્રિયાના પ્રયોગ પછી પણ જો આકાંક્ષા ઊભી રહેતી હોય તો બીજી ક્રિયાના પ્રયોગ દ્વારા તે પદો જ્યારે નિરાકાંક્ષ બને, ત્યારે લોક તેને વાક્ય કહે. આમ બે ક્રિયાપદ હોવા છતાં આવા સ્થળે લોક 'એક વાક્ય' જ માને. જ્યારે વ્યાકરણકારો તો 'આકાંક્ષા હોય તો પણ ક્રિયાભેદે વાક્યભેદ હોય' એવું માને છે. આમ લોક કરતા વાક્ય ની વ્યાખ્યા ભિન્ન હોવાથી જુદું સૂત્ર રચીને ત્યાં आख्यातम् કહેવા દ્વારા તેના એકત્વ સંખ્યાની વિવક્ષા કરી છે. અર્થાત્ પ્રત્યેક આખ્યાતે વાક્ય જુદું ગણાય એમ સૂચવ્યું છે. ગૌણ વસ્તુની સંખ્યા ન વિવક્ષાય. પરંતુ આ સૂત્રમાં આખ્યાત વિધાનનો વિષય બનતું હોવાથી પ્રધાન બનવાના કારણે તેની એકત્વ સંખ્યા વિવક્ષાય છે.

શંકા :- લોક કરતા વાક્ય ની અલગ વ્યાખ્યા કરવાનું ફળ શું મળશે ?

સમાધાન :- ફળ એ મળશે કે - ओदनं पच, तव भविष्यति, मम भविष्यति। पच, तव भविष्यति, मम भविष्यति।... ઈત્યાદિ સ્થળોમાં આખ્યાતભેદે વાક્યનો ભેદ હોવાથી 'पदाद्युग० २.१.२१' સૂત્રથી तव-मम નો ते-मे વિગેરે આદેશ નહીં થાય. લૌકિકોની[A] વ્યાખ્યા પ્રમાણે જો અહીં પ્રવર્તીએ તો આખ્યાતભેદ હોવા છતાં એક જ વાક્ય હોવાથી ओदनं [B]पच, ते भविष्यति, मे भविष्यति... ઈત્યાદિ પ્રયોગ થવાની આપત્તિ આવત.

શંકા :- વૈયાકરણોના મતે જો આખ્યાત ભેદે વાક્યભેદ હોય તો कुरु कुरु नः कटम् સ્થળે એક સાથે બે વાક્યનો પ્રયોગ કર્યો હોવાથી ત્યાં એકવાક્યત્વનો અભાવ છે, તેથી नस् આદેશ ન થવો જોઈએ તો કેમ કર્યો ?

સમાધાન :- कृ ધાતુને हि પ્રત્યય લાગીને कुरु રૂપ બન્યા પછી 'असंयोगादोः ४.२.८६' સૂત્રથી हि નો લોપ થયે છતે 'भृशाभीक्ष्ण्य० ७.४.७३' સૂત્રથી દ્વિત્વ થતા कुरु कुरु પ્રયોગ થાય છે. આમ ત્યાં हि પ્રત્યયના સ્થાને બે વાર પ્રયોગ થયો છે, તેથી कुरु कुरु એવો રૂપભેદ હોવા છતાં અર્થનો અભેદ હોવાથી આખ્યાત નો પણ અભેદ (એકત્વ) જ છે. તેથી એક જ વાક્ય હોવાથી ત્યાં नस् આદેશની પ્રાપ્તિ છે.

(7) વાક્ય ના પ્રદેશો पदाद्युग्विभक्त्यै० २.१.२१ વિગેરે છે ।।२६।।

अधातुविभक्तिवाक्यमर्थवन्नाम[1] ।।१.१.२७।।

बृ.वृ.–अर्थोऽभिधेयः[2][3]–स्वार्थः, द्रव्यम्, लिङ्गम्, संख्या, शक्तिरिति, द्योत्यश्च समुच्चयादिः। तद्वच्छब्दरूपं धातुविभक्त्यन्तवाक्यवर्जितं नामसंज्ञं भवति। वृक्षः[4], प्लक्षः, शुक्लः, कृष्णः, डित्थः, डवित्थः, स्वः, प्रातः, धवश्च खदिरश्च। धातु[5]-विभक्तिवर्जनं किम्? अहन्, वृक्षान्, अयजन्; अत्र नामत्वाभावे "नाम्नो नोऽनहः" (२.१.९१) इति नलोपो न भवति। विभक्त्यन्त[6]वर्जनाच्चाऽऽबादिप्रत्ययान्तानां नामसंज्ञा भवत्येव। आप्–अजा, बहुराजा। ङी–गौरी, कुमारी, डायनि–गार्ग्यायणी, गौकक्ष्यायणी। ति–युवतिः। ऊङ्–ब्रह्मबन्धूः, करभोरूः। कृत्–कारकः, कर्ता, भिनत्तीति भिद्; एवं छित्। तद्धितः–औपगवः, आक्षिकः। वाक्य[7]वर्जनं किम्? साधुर्धर्मं ब्रूते। अर्थवत्[8]समुदायस्य वाक्यस्य नामसंज्ञाप्रतिषेधात् समासादेर्भवत्येव–चित्रगुः, राजपुरुषः, ईषदपरिसमाप्तो

(A) લૌકિકોની માન્યતા મુજબ ओदनं पच, तव भविष्यति, मम भविष्यति આ એક જ વાક્ય એટલા માટે છે કે પ્રથમ અંશમાં કર્મરૂપે રહેલું ओदन પદ तव भविष्यति અને मम भविष्यति એ બે અંશમાં કર્તારૂપે અપેક્ષાય છે. આમ સાપેક્ષતા હોવાથી ત્યાં એકવાક્યતા છે. તાત્પર્ય કે ओदनं पच કહ્યા પછી પણ આકાંક્ષા ઊભી રહે છે કે 'મને ઓદન પકાવવાનું કેમ કહ્યું ?' તે આકાંક્ષા तव भविष्यति, मम भविष्यति એ બે અંશો પૂરી કરે છે. આમ નિરાકાંક્ષ એવું એકવાક્ય બને છે.

(B) ओदनम्, तव भविष्यति, मम भविष्यति ઈત્યાદિ સ્થળોમાં ओदनम् પછી આખ્યાત શ્રૂયમાણ (સાક્ષાત્ ઉલ્લેખિત) ન હોવા છતાં ગમ્યમાન (જણાતો) હોવાથી ओदनम् એ પણ વાક્ય છે. તેથી ત્યાંય વાક્યભેદ હોવાથી तव-मम ના ते-मे આદેશ થવાની આપત્તિ નથી.

गुडो बहुगुडो द्राक्षा। अर्थवदिति किम्? वनम्, धनम्; नान्तस्यावधेर्मा भूत्, नामत्वे हि स्याद्युत्पत्तौ पदत्वान्नलोपः स्यात्। यदाऽनुकार्यानुकरणयोः स्याद्वादाश्रयणेनाभेदविवक्षा तदाऽर्थवत्त्वाभावान्न भवति नामसंज्ञा; यथा–गवित्ययमाहेति; यदा तु भेदविवक्षा तदाऽनुकार्येणार्थेनार्थवत्त्वाद् भवत्येव–पचतिमाह, चः समुच्चये, "नेर्विशः" (३.३.२४) "परावेर्जेः" (३.३.२८) इत्यादि। नामप्रदेशाः–"नाम सिदय्व्यञ्जने" (१.१.२१) इत्यादयः ।।२७।।

सूत्रार्थ :- ધાતુ, વિભક્ત્યન્ત અને વાક્યને છોડીને અન્ય અર્થવત્ શબ્દને 'નામ' સંજ્ઞા થાય છે.

सूत्रसमास :- ◆ धातुश्च विभक्तिश्च वाक्यं च एतेषां समाहारः = धातुविभक्तिवाक्यम् (स.द्व.), न धातुविभक्तिवाक्यम् = अधातुविभक्तिवाक्यम् (नञ् तत्.) ◆ अर्थोऽस्यास्तीति अर्थवत्।

विवरण :- (1) સૂત્રમાં વર્તતા ધાતુ વિગેરે કેટલાક શબ્દો આ પ્રમાણે બન્યા છે. (a) **'कृ-सि-कम्यमि० (उणा० ७७३)' → दधाति क्रियार्थत्वम् = धातुः,** (b) **'क्तेऽनिट० ४.१.१११' → उच्यते विशिष्टार्थोऽनेन = वाक्यम्,** (c) **'युवर्ण० ५.२.२८' → अर्थ्यते = अर्थः अने सोऽस्याऽस्ति = अर्थवत्।**

(2) અર્થ શબ્દના જુદા જુદા અનેક અર્થો છે. જેમકે - (૧) केनार्थेन आगतोऽसि?, અહીં અર્થ શબ્દ 'પ્રયોજન' અર્થમાં વર્તે છે. (૨) मशकार्थो धूमः, અહીં અર્થ શબ્દ 'निवृत्ति' અર્થમાં છે. (મચ્છરને દૂર કરવા માટે ધૂમાડો.) (૩) अर्थवानयम्, અહીં અર્થ શબ્દ 'ધન' અર્થમાં છે. (૪) अयमस्य वचनस्यार्थः, અહીં અર્થ શબ્દનો 'અભિધેય'[A] અર્થ છે. આમ અનેક અર્થોમાં વર્તતા અર્થ શબ્દને પ્રસ્તુત સૂત્રમાં 'અભિધેય' અર્થમાં ગ્રહણ કરવાનો છે, કેમકે તે વ્યાપક અર્થવાળો છે. અભિધેય અર્થનું ગ્રહણ કરવાથી બાકીના અર્થ શબ્દના પ્રયોજનાદિ અર્થોનો પણ સમાવેશ તેમાં થઈ જાય છે. કેમકે પ્રયોજન, નિવૃત્તિ અને ધન અર્થો પણ અભિધેય (= વાચ્ય) તો છે જ. જો અર્થ શબ્દને પ્રયોજન આદિ બીજા અર્થમાં ગ્રહણ કરીએ તો વિપર્યય છે. અર્થાત્ બીજા અર્થોમાં તેમના સિવાયના બાકીના અર્થોનો સમાવેશ થઈ શકે એમ નથી. જો વ્યાપક અર્થ લેવો સંભવતો હોય તો બીજા અર્થોના ગ્રહણમાં પ્રમાણ (યુક્તિ) ન હોવાથી વ્યાપક અર્થનું જ ગ્રહણ થાય. આથી બૃ. વૃત્તિમાં अर्थोऽभिधेयः એમ કહ્યું છે.

હવે તે 'અભિધેય' રૂપ અર્થ બે પ્રકારનો છે ; અંતરંગ અને બહિરંગ. અંતરંગ અભિધેય વસ્તુના જ્ઞાનસ્વરૂપ છે અને તે જ્ઞાનનો વિષય બનતી વસ્તુ બહિરંગ અભિધેય છે. જેમકે ઘટનું જ્ઞાન અંતરંગ અભિધેય છે અને જ્ઞાનમાં

(A) **શંકા :-** જે અર્થવાન્ હોય તેને જ જો નામસંજ્ઞા થાય છે તો અસત્ એવી વસ્તુના વાચક એવા શશ-વિષાણ, આકાશકુસુમ વિગેરે અભાવવચનોને તો નામસંજ્ઞા નહીં થાય ને ? કારણ ત્યાં 'અર્થાભાવ' છે.

સમાધાન :- ના. એવું નથી. અર્થ શબ્દ અભિધેય અર્થમાં વર્તે છે અને અભાવ પણ 'અભિધેય' છે જ. જો અભાવને તમે અભિધેય નહીં માનો તો 'અર્થાભાવ' એવો તમે જે પ્રયોગ હમણાં કર્યો, તે પણ નહીં કરી શકો, કારણ તે ય અનર્થક છે. આમ અભાવવચન એવા શશવિષાણ વિગેરેને નામસંજ્ઞા થશે.

ભાસતો ઘડો બહિરંગ અભિધેય છે. અહીં બન્ને પ્રકારના અભિધેયનો આશ્રય કરાય છે. વિવક્ષાનુસારે તે બન્ને વચ્ચે ગૌણ -મુખ્યભાવ રહે છે.

શંકા :- નિત્ય હોવાના કારણે અંતરંગ અભિધેય અર્થમાં જ સૂત્રગત અર્થ શબ્દનો પ્રયોગ થવો જોઈએ. શબ્દના સંબંધથી આરંભીને બુદ્ધિ રૂપ અર્થ નિત્ય હોય છે. અર્થાત્ જ્યારે પણ શબ્દનો પ્રયોગ કરવામાં આવે ત્યારે તેને લગતો બુદ્ધિરૂપ અર્થ અવશ્ય (નિત્ય) ઉપસ્થિત થાય છે. જેમકે બહિરંગ અર્થ (બળદ) હાજર ન હોવા છતાં 'गौर्जायते', 'गौर्मृतः' શબ્દો દ્વારા 'બળદ જન્મે છે', 'બળદ મર્યો' આવી બુદ્ધિ ઉત્પન્ન થાય છે, તેથી તે નિત્ય છે. પરંતુ ત્યારે બળદ રૂપ બહિરંગ અર્થ હાજર હોય જ એવું નથી, તેથી તે નિત્ય નથી.

એ સિવાય વિપરીત વસ્તુના વિષયમાં પણ બુદ્ધિ અહેય (શક્ય) હોવાથી ઉત્પન્ન થાય છે. જેમકે વાહીક (= જડ પુરુષ) મનુષ્ય હોવાથી અને બળદ પશુ હોવાથી તેઓ વિપરીત વસ્તુ છે. તેથી બળદ રૂપે વાહીક ક્યારેય સંભવે નહીં. પરંતુ બૌદ્ધિક અર્થની અપેક્ષાએ વિચારીએ તો તે હેય (અશક્ય) વસ્તુ નથી. કેમકે 'गौर्वाहीकः' શબ્દપ્રયોગ કરાતા 'બળદીયો જડપુરુષ' અર્થ બુદ્ધિમાં ઉપસ્થિત થાય છે.

વળી બૌદ્ધિક અર્થ અસાધારણ છે અને બહિરંગ અર્થ સાધારણ છે. કેમકે ઇન્દ્ર, શક્ર, પુરન્દર વિગેરે બધાય પર્યાયવાચી શબ્દોનો બહિરંગ અર્થ એક (= સાધારણ) જ ઈન્દ્ર વ્યક્તિ રૂપે હોય છે. જ્યારે બૌદ્ધિક અર્થ જુદો જુદો હોય છે. જેમકે इन्द्र આદિ શબ્દો इन्दनाद् इन्द्रः, शकनात् शक्रः અને पुर्दारणाद् पुरन्दरः આમ બન્યા હોવાથી તેમનાથી ઈન્દ્ર વ્યક્તિ બુદ્ધિમાં ક્રમશઃ 'ઐશ્વર્યવાળો વ્યક્તિ', 'સામર્થ્યવાળો વ્યક્તિ' અને 'વજ્રથી નગરને ફાડનાર વ્યક્તિ' રૂપે ઉપસ્થિત થાય છે. વળી બાહ્યાર્થની અપેક્ષાએ બુદ્ધિ રૂપ અર્થ વ્યાપક છે. કેમકે અભાવ, વિનાશ, અસત્ વસ્તુના વાચક शशविषाण વિગેરે શબ્દોનો બાહ્ય અર્થ પ્રાપ્ત નથી થતો, પણ બૌદ્ધિક અર્થ પ્રાપ્ત થાય છે. અમુક જગ્યાએ ઘટ ન હોય અથવા ઘટનો નાશ થઈ જાય તો ત્યાં 'ઘટાભાવ' કે 'ઘટધ્વંસ' નામની કોઈ વસ્તુ બાહ્યઅર્થરૂપે પ્રાપ્ત નથી થતી, પરંતુ તેમનો બુદ્ધ્યર્થ સંભવે છે. એ જ રીતે શશશૃંગ, આકાશ કુસુમ વિગેરે અસત્ વસ્તુઓ દુનિયામાં ક્યાંય હયાત જ નથી હોતી, છતાં બુદ્ધિમાં સસલાના માથે શિંગડુ અથવા આકાશમાં ખીલતું પુષ્પ ઉપસ્થિત થઈ શકે છે. આ રીતે બુદ્ધિ સત્-અસત્ ઉભયવસ્તુને વિષય કરનાર હોવાથી વ્યાપક છે. આમ સર્વ પ્રક્રિયા બુદ્ધિને લઈને ઘટી શકતી હોવાથી બુદ્ધિ રૂપ અંતરંગ અભિધેયને જ અર્થરૂપ સ્વીકારવી જોઈએ.

સમાધાન :- તમારી વાત સાચી છે. બુદ્ધિ પણ અર્થસ્વરૂપ છે, જેથી તમે બતાવેલા સ્થળોએ તેને આશ્રયીને પ્રક્રિયા સિદ્ધ થઈ શકે છે. પરંતુ તેનાથી 'બુદ્ધિ જ અર્થ છે, બહિરંગ પદાર્થ નહીં' આવો બહિરંગ પદાર્થનો અપલાપ ઘટતો નથી. કેમકે જો જગતમાં બાહ્ય પદાર્થો જ ન હોત તો તેમના આલંબન વિના બુદ્ધિ ઉત્પન્ન થાત શી રીતે ? शश

નામથી વાચ્ય કોઈ વસ્તુ હોય, તેમ જ શૃङ્ગ નામથી વાચ્ય કોઈ વસ્તુ હોય તો જ શશશૃङ્ગ શબ્દ દ્વારા બુદ્ધિમાં તે બેના સંયોગરૂપ પદાર્થ ઉપસ્થિત થાય. આમ બુદ્ધિ બાહ્યપદાર્થના આલંબને છે. છતાં જો તમે એમ ન સ્વીકારો તો તમને મિથ્યાત્વનો પ્રસંગ આવશે.

વળી બાહ્યપદાર્થના અભાવમાં સત્યાસત્યની વ્યવસ્થા પણ નહીં ઘટે. કેમકે લોકવ્યવહારમાં બાહ્યપદાર્થના આધારે જ સત્યાસત્યનો નિર્ણય કરાય છે. વ્યક્તિ આંબો કહે ને 'આંબો' નીકળે તો સાચો અને 'આકડો' નીકળે તો ખોટો કહેવાય. હવે બાહ્ય પદાર્થને ન સ્વીકારતા ફક્ત અંતરંગ બુદ્ધિપદાર્થને જ સ્વીકારો તો બુદ્ધિના સ્વરૂપમાં વિશેષતા પ્રાપ્ત ન થઈ શકે. કેમકે બાહ્યવસ્તુ હોય તો તેના આધારે બુદ્ધિ વિવિધ સ્વરૂપને પામી શકે. કાંઈ દેખ્યું જ ન હોય તો બુદ્ધિ શું આકાર લે ? તેથી બુદ્ધિ ફક્ત એક સ્વરૂપવાળી થવાથી 'આ સાચું અને આ ખોટું' આવો વિકલ્પ ઘટી ન શકે. વળી બુદ્ધિ સમ્યક્ (પ્રમાત્મક) છે કે મિથ્યા (ભ્રમાત્મક) છે, તેનો નિર્ણય પણ બાહ્યવસ્તુની વિદ્યમાનતા-અવિદ્યમાનતાના આધારે છે. જેમકે કોઈને અમુક ચળકતી વસ્તુને જોઈને 'इदं रजतम्' આવી બુદ્ધિ થાય અને એ વખતે જો એના હાથમાં ચાંદી આવે તો એનું જ્ઞાન સમ્યક્ કહેવાય અને છીપ હાથમાં આવે તો મિથ્યા કહેવાય. આ બધું નજરમાં રાખતા બહિરંગ પદાર્થને સ્વીકારવા જ પડે. હવે બહિરંગ પદાર્થનો નિયમ કરીએ અર્થાત્ ફક્ત બહિરંગ પદાર્થને જ સ્વીકારીએ તો બુદ્ધિનો અભાવ થવાથી તેને આશ્રયીને થતો ઉપર શંકામાં કહ્યાં પ્રમાણેનો લૌકિક વ્યવહાર તેમજ શાસ્ત્રીય પ્રક્રિયાઓ ન ઘટી શકે. અર્થાત્ લોકમાં गौर्वाहीक, शशशृङ्ग વિ. શબ્દપ્રયોગો નહીં થઈ શકે અને વ્યાકરણશાસ્ત્રમાં આવા શબ્દોને નામસંજ્ઞા, વિભક્તિપ્રત્યયો વિ. નહીં લાગી શકે. માટે બહિરંગ ઘટાદિ પદાર્થ અને અંતરંગ બુદ્ધિ પદાર્થ બન્નેને સ્વીકારવા જરૂરી હોવાથી અહીં બન્નેને સૂત્રસ્થ અર્થ શબ્દના વાચ્ય તરીકે સ્વીકારવામાં આવે છે.

(3) હવે તે બહિરંગ અને અંતરંગ અભિધેય રૂપ અર્થ પૈકી બહિરંગ અર્થ પાંચ પ્રકારે છે ; સ્વાર્થ, દ્રવ્ય, લિંગ, સંખ્યા અને શક્તિ. આ પાંચ સિવાય च કાર વિગેરેથી द्योत्य એવા પણ સમુચ્ચય વિગેરે સમાસાદિથી વાચ્ય બનતા હોવાથી તેને પણ અભિધેયરૂપે ગણવામાં આવે છે.

તેમાં સ્વાર્થ એટલે અસાધારણ ધર્મ રૂપ વિશેષણ કે જે પ્રવૃત્તિનિમિત્ત (શબ્દનો પ્રયોગ થવામાં નિમિત્ત) રૂપ હોય છે અને त्व, तल् વિગેરે પ્રત્યયથી અભિધેય બને છે. આને ભાવ, વિશેષણ કે ગુણ પણ કહેવાય છે.[(A)] સ્વાર્થ છ પ્રકારે સંભવે છે; સ્વરૂપ, જાતિ, ગુણ, સંબંધ, ક્રિયા અને દ્રવ્ય રૂપે. તેમાં સ્વરૂપ એટલે એક વ્યક્તિમાં વર્તનાર डित्थत्व, घटत्वत्व વિગેરે અસાધારણ ધર્મ.[(B)] આ ધર્મો શબ્દસ્વરૂપાત્મક હોય છે. વાત એવી છે કે डित्थ, घटत्व વિગેરે શબ્દો બીજી કોઈ વસ્તુના વાચક ન બનતા ફક્ત પોતાના અભિધેય એવા डित्थ વ્યક્તિ કે घटत्व જાતિ રૂપ એક

(A) જુઓ 'नाम्नः प्रथमैक० २.२.३१' સૂત્રની બૃ. વૃત્તિ અને બૃ. ન્યાસ.

(B) अत्र स्वरूपं जात्यात्मकमसाधारणरूपम्, यथा डित्थस्य डित्थत्वम्। जातिः सामान्यम्, यथा गवां गोत्वम् (कातन्त्रव्या. '२.१.१' दुर्गटीका)

વસ્તુમાં જ પ્રવર્તે છે. હવે કોઈપણ શબ્દની પ્રવૃત્તિ (પ્રયોગ) પદાર્થમાં રહેલા કો'ક અસાધારણ ધર્મને લઈને થાય. જેમકે ઘટ શબ્દની પ્રવૃત્તિ ઘટ પદાર્થમાં રહેલી ઘટત્વ જાતિ રૂપ અસાધારણ ધર્મને લઈને થાય છે. શુક્લઃ પટઃ, અહીં પટના વાચક શુક્લ શબ્દનો પ્રયોગ પટમાં વર્તતા શુક્લગુણ રૂપ ધર્મને નજરમાં રાખીને થાય છે. પરંતુ ડિત્થ વ્યક્તિ કે ઘટત્વ જાતિ એક વ્યક્તિરૂપ હોવાથી તેમનામાં એવો જાતિ કે ગુણાદિ રૂપ અસાધારણ ધર્મ નથી કે જેને લઈને ડિત્થ અને ઘટત્વ શબ્દની પ્રવૃત્તિ થઈ શકે. ત્યાં તો ફક્ત ડિત્થ અને ઘટત્વ શબ્દનું ડિત્થત્વ અને ઘટત્વત્વ આવું સ્વરૂપ જ અસાધારણ ધર્મ રૂપે મળી શકે છે કે જેને લઈને તે શબ્દોની પ્રવૃત્તિ થઈ શકે. આમ એક વ્યક્તિમાં વર્તનારા ડિત્થત્વ અને ઘટત્વત્વ પ્રવૃત્તિ નિમિત્ત રૂપ અસાધારણ ધર્મો શબ્દસ્વરૂપાત્મક હોય છે. હવે જાતિ એટલે અનુગત બુદ્ધિમાં હેતુભૂત સજાતીય અનેક વ્યક્તિઓમાં વર્તનાર નિત્ય એવો અસાધારણ ધર્મ. જેમકે ઘટત્વ, પટત્વ, ગોત્વ વિગેરે. ગુણ એટલે સહજ ધર્મ. ક્રિયા એટલે ધાત્વર્થ. સંબંધ એટલે સંસર્ગ અને દ્રવ્ય એટલે ગુણાધિકરણ કે જે બધું સ્પષ્ટપ્રાયઃ છે. આ ૬ ને સ્વાર્થ કહેવાય અને સ્વાર્થ એટલે વિશેષણ. માટે આ છએ વિશેષણરૂપે પ્રાપ્ત થશે.

બહિરંગ અર્થમાં બીજા ક્રમે બતાવેલ દ્રવ્ય[A] એટલે વિશેષ્ય. આ દ્રવ્ય ઇદમ્, તદ્ વિગેરે સર્વનામોના પ્રયોગને માટે યોગ્ય હોય છે તથા પ્રત્યયથી જણાયેલા લિંગ, સંખ્યા અને કારકશક્તિનો અન્વય તેમાં જ થાય છે. તે જાતિ, ગુણ અને દ્રવ્ય એમ ત્રણ પ્રકારે સંભવે છે. અર્થાત્ બહિરંગ અર્થમાં આ ત્રણ વસ્તુ જ વિશેષ્ય રૂપે પ્રાપ્ત થશે. હવે ક્રમશઃ સ્વાર્થ અને દ્રવ્યના વિશેષણ-વિશેષ્ય ભાવ પામેલા દૃષ્ટાંતો વિચારીએ.

(a) ઘટત્વત્વવિશિષ્ટં ઘટત્વમ્ સ્થળે 'ઘટત્વત્વ શબ્દ સ્વરૂપ' ઘટત્વ જાતિનું વિશેષણ બને છે અને ઘટત્વ તેની અપેક્ષાએ વિશેષ્ય બને છે. તેથી ઘટત્વત્વ શબ્દસ્વરૂપ સ્વાર્થ કહેવાશે અને ઘટત્વજાતિ દ્રવ્ય કહેવાશે. **(b)** પટસ્ય શુક્લો ગુણઃ સ્થળે શુક્લો ગુણઃ નો અર્થ શુક્લત્વજાતિવિશિષ્ટો ગુણઃ થાય. તેથી અહીં શુક્લત્વ જાતિ વિશેષણ બનવાથી તે સ્વાર્થ ગણાશે અને શુક્લરૂપાત્મક ગુણ વિશેષ્ય બનવાથી તે દ્રવ્ય ગણાશે. **(c)** શુક્લઃ પટઃ સ્થળે શુક્લગુણવિશિષ્ટઃ પટઃ અર્થ જણાતો હોવાથી શુક્લગુણ વિશેષણ બનવાથી સ્વાર્થ કહેવાશે અને પટ દ્રવ્ય વિશેષ્ય બનવાથી દ્રવ્ય કહેવાશે. **(d)** યષ્ટીઃ પ્રવેશય (લાકડીવાળા પુરુષોને પ્રવેશ કરાવ), કુન્તાન્ પ્રવેશય (ભાલાધારી પુરુષોને પ્રવેશ કરાવ) સ્થળે લાકડી અને ભાલારૂપ દ્રવ્ય વિશેષણ રૂપે પ્રતીત થવાથી સ્વાર્થ ગણાશે અને પુરુષ રૂપ દ્રવ્ય તેમના વિશેષ્ય રૂપે પ્રતીત થવાથી દ્રવ્ય ગણાશે. **(e)** જ્યાં સંબંધાર્થક ઇન્ આદિ પ્રત્યય થયા હોય એવા દણ્ડી, વિષાણી વિગેરે સ્થળે દણ્ડ અને તેના ધારક પુરુષ વચ્ચે સંયોગ[B] સંબંધ જણાય છે તથા શિંગડા અને પશુ વચ્ચે સમવાય[C] સંબંધ જણાય છે. હવે વૈયાકરણોના હિસાબે કોઈપણ સંબંધ દ્વિષ્ઠ હોવાથી તે અનુયોગી-પ્રતિયોગી

(A) અહીં 'દ્રવ્ય' શબ્દને ઘટાદિ દ્રવ્યાર્થક રૂપે ન લેતા 'વિશેષ્ય' અર્થના વાચક રૂપે લેવાનો છે. જ્યારે તેના ત્રણ પ્રકારોમાં બતાવેલો દ્રવ્ય શબ્દ ગુણાધિકરણ એવા ઘટાદિ દ્રવ્યનો વાચક છે.

(B) **દ્રવ્યદ્રવ્યયોઃ સંયોગઃ**

(C) **અવયવાઽવયવિનોઃ સમવાયઃ।**

ઉભયમાં રહેવાથી અર્થાત્ બન્ને સંબંધીમાં રહેવાથી પ્રસ્તુતમાં સંયોગ અને સમવાય સંબંધ ક્રમશઃ દંડ અને પુરુષ તથા શિંગડા અને પશુના વિશેષણ રૂપે જાણાવાથી સ્વાર્થ કહેવાય અને તેમની અપેક્ષાએ દંડ-પુરુષ તથા શિંગડા-પશુ વિશેષ્ય બનવાથી દ્રવ્ય કહેવાય. **(f)** पाचकः વિગેરે સ્થળે ક્રિયાના કર્તાને દર્શાવવા નિમિત્તે અક (णक) પ્રત્યય થયો છે, તેથી पाचक એટલે 'પાકક્રિયાનો કરનાર.' અહીં પચનક્રિયા વિશેષણ તરીકે પ્રતીત થવાથી સ્વાર્થ છે અને ક્રિયાનો કરનાર પુરુષ તેના વિશેષ્ય રૂપે પ્રતીત થવાથી દ્રવ્ય છે.

આમ સ્વાર્થ એટલે વિશેષણ. દ્રવ્ય એટલે વિશેષ્ય. લિંગ એટલે પુંસ્ત્વ-સ્ત્રીત્વ-નપુંસકત્વ કે જે અંગે વિશેષથી 'पुंस्त्रियोः १.१.२९' સૂત્રના વિવરણમાં સ્પષ્ટતા થશે. સંખ્યા એટલે જેને આશ્રયીને એકવચન, દ્વિવચન અને બહુવચનનો પ્રયોગ થાય છે તે એકત્વ, દ્વિત્વ વિગેરે સંખ્યા. શક્તિ એટલે કર્મત્વ-કરણત્વ-સંપ્રદાનત્વ વિગેરે કારકશક્તિ. આ બધા અભિધેય છે અને એ સિવાય च કાર વિગેરેથી દ્યોત્ય એવા પણ સમુચ્ચય આદિ[A] સમાસાદિના અભિધેય બનતા હોવાથી તેઓ પણ અભિધેય રૂપે ગણાય છે[B]. આમ આ અભિધેય રૂપ અર્થવાળું શબ્દરૂપ[C] નામસંજ્ઞક થાય છે, પરંતુ તે ધાતુ, વિભક્ત્યંત પદ કે વાક્યસ્વરૂપ ન હોવું જોઈએ.

(4) <u>दृष्टांत</u> - (i) वृक्षः (ii) प्लक्षः (iii) कृष्णः (iv) डित्थः (v) डवित्थः (vi) स्वः (vii)प्रातः (viii) धवश्च (ix) खदिरश्च —

આ સર્વસ્થળે ધાતુ, વિભક્તિ અને વાક્ય સિવાયના અર્થવાન્ એવા વૃક્ષ, પ્લક્ષ વિગેરેને નામસંજ્ઞા થવાથી તેમને 'नाम्नः प्रथमैक० २.२.३१' સૂત્રથી પ્રથમા વિભક્તિ થઈ છે. વૃક્ષ આદિ શબ્દોની નિષ્પત્તિ બૃ. ન્યાસમાં કરી બતાવી છે તે ત્યાંથી જોવી. એ સિવાય ડિત્થ અને ડવિત્થ અવ્યુત્પન્ન શબ્દ છે. તેમની વર્ણાનુપૂર્વી (શબ્દાવલી) નું જ્ઞાન શિષ્ટપ્રયોગને અનુસારે થાય છે.

(5) ધાતુ અને વિભક્ત્યન્ત શબ્દોને નામસંજ્ઞાનું વર્જન કેમ કર્યું છે ?

(a) अहन्	**(b) अयजन्**
हन् + द्	यज् + अन्
* 'व्यञ्जनादेः० ४.३.७८' → हन्	* 'कर्तर्यनद्भ्यः० ३.४.७१' → यज् + शव् + अन्
* 'अड् धातो० ४.४.२९' → [D]अहन्।	* 'लुगस्या० २.१.११३' → यज् + अन्
	* 'अड् धातो० ४.४.२९' → अयजन्।

(A) 'આદિ' શબ્દ દ્વારા वा થી દ્યોત્ય 'વિકલ્પ' અને एव થી દ્યોત્ય 'અવધારણ' ને લેવાનો છે.

(B) બૃ. વૃત્તિની 'अर्थोऽभिधेयः ... द्योत्यश्च समुच्चयादिः' પંક્તિનો અર્થ લઘુન્યાસમાં આ રીતે પણ કરી બતાવ્યો છે કે "અર્થ બે પ્રકારે છે. (a) અભિધેય અને (b) દ્યોત્ય. તેમાં અભિધેય રૂપ અર્થ સ્વાર્થ, દ્રવ્ય વિગેરે પાંચ પ્રકારે છે અને દ્યોત્ય રૂપ અર્થ સમુચ્ચયાદિ સ્વરૂપ છે."

(C) શબ્દરૂપ એટલે શબ્દોની આનુપૂર્વી = શબ્દાવલી.

(D) अट् આગમ ધાતુનો અવયવ બને. માટે જ્યાં ધાતુનું ગ્રહણ કર્યું હોય ત્યાં ભેગુ તેનું પણ ગ્રહણ થતું હોવાથી તે ધાતુ જ ગણાય.

(c) **વૃક્ષાન્ – * વૃક્ષ + અસ્, * 'शसोऽता० १.४.४९' → વૃક્ષાન્।**

આ ત્રણે સ્થળો પૈકી પ્રથમ સ્થળે હન્ ધાતુને તથા બીજા બે સ્થળે વિભક્ત્યંત અયજન્ અને વૃક્ષાન્ ને નામસંજ્ઞા ન થવાથી 'નામ્નો નો० ૨.૧.૯૧' સૂત્રથી તેમના ન્ નો લોપ ન થયો. જો સૂત્રમાં ધાતુ અને વિભક્ત્યંત શબ્દોને નામસંજ્ઞાનો નિષેધ ન કરત તો આ ત્રણે સ્થળે ન્ ના લોપની આપત્તિ આવત.

શંકા :- સૂત્રમાં ધાતુને નામસંજ્ઞાનો નિષેધ ન કરીએ તો પણ કોઈ આપત્તિ નથી. કેમકે હન્ ધાતુને નામસંજ્ઞાની પ્રાપ્તિનો નિષેધ ન થતા એકસાથે તેને એકબાજુ નામસંજ્ઞા લાગુ પડવાની પ્રાપ્તિ આવે છે, તો બીજી બાજુ તેને હ્યસ્તનનો દ્ પ્રત્યય લાગવાની પ્રાપ્તિ છે. હવે નામસંજ્ઞા ધાતુ અને તે સિવાયના પણ શબ્દોને થઈ શકે એમ છે માટે તેનું કાર્યક્ષેત્ર વિશાળ હોવાથી તે સામાન્યવિધિ કહેવાય. તથા તિવ્ આદિ પ્રત્યયો ફક્ત ધાતુને જ થતા હોવાથી તેનું કાર્યક્ષેત્ર ટૂંકુ હોવાથી તે વિશેષવિધિ કહેવાય. ***'सर्वत्राऽपि विशेषेण सामान्यं बाध्यते न तु सामान्येन विशेषः'*** ન્યાય મુજબ વિશેષવિધિ દ્વારા સામાન્યવિધિનો બાધ થવાથી હન્ ધાતુને નામસંજ્ઞા થતા પૂર્વે દ્ પ્રત્યયની ઉત્પત્તિ થશે.[A] હવે દ્ પ્રત્યય લાગ્યા બાદ તે વિભક્ત્યંત થઈ ગયો અને 'व्यञ्जनाद् दे:० ४.३.७८' સૂત્રથી દ્ પ્રત્યયનો લોપ થઈ જાય તો પણ ***'प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणं कार्यं विज्ञायते'***[B] ન્યાય મુજબ વિભક્તિનો સ્થાનિવદ્ભાવ થવાથી હન્ ધાતુ વિભક્ત્યંત જ ગણાય. વિભક્ત્યંત શબ્દને આ સૂત્રમાં નામસંજ્ઞાનો નિષેધ છે. તેથી હન્ ને નામસંજ્ઞાની પ્રાપ્તિ ન વર્તતા તેની નામસંજ્ઞાને વર્જવા આ સૂત્રમાં ધાતુને વર્જવાની જરૂર નથી.

સમાધાન :- 'नाऽऽमन्त्ये २.१.९२' સૂત્રની રચનાના આધારે અહીં ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાય લાગુ નહીં પડી શકે. આશય એ છે કે આમંત્ર્ય અર્થમાં વર્તતા 'હે રાજન્!' વિગેરે પ્રયોગસ્થળે 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી ન્ નો લોપ પ્રાપ્ત છે, જેનો 'नाऽऽमन्त्ये २.१.९२' સૂત્રથી નિષેધ કરવામાં આવ્યો છે. હવે ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાય મુજબ રાજન્ વિગેરેની સ્યાદિ વિભક્તિનો સ્થાનિવદ્ભાવ માનવાથી તે વિભક્ત્યન્ત ગણાતા 'अधातुविभक्ति० १.१.२७' સૂત્રથી તેને નામસંજ્ઞાની પ્રાપ્તિ ન હોવાથી (નામની અપેક્ષા રાખતા) 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી રાજન્ વિગેરેના ન્ નો લોપ પ્રાપ્ત જ ન હોવાથી 'नाऽऽमन्त्ये २.१.९२' સૂત્રથી તેનો નિષેધ કરવો નિરર્થક ઠરે છે. છતાં નિષેધ કર્યો છે તેથી જણાય છે કે 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી ન્ નો લોપ થવાના અવસરે ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાય લાગુ નથી પડી શકતો. તેથી વિભક્ત્યંત ન ગણાતા રાજન્ આદિને નામસંજ્ઞા લાગુ પડી શકતા 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી 'હે રાજન્!'

(A) બીજી રીતે કહીએ તો ધાતુને તિવ્ આદિ પ્રત્યયો તથા નામસંજ્ઞા પૈકી જો નામસંજ્ઞા થવા દઈએ તો તેમને સ્યાદિ પ્રત્યયોની ઉત્પત્તિનો પ્રસંગ આવે. તેથી ધાતુને પણ સ્યાદિ પ્રત્યયો થવાનો પ્રસંગ આવતા તિવ્ આદિ પ્રત્યયોનું વિધાન નિરવકાશ બનવાના કારણે ***'निरवकाशं सावकाशात्'*** ન્યાય મુજબ બળવાન બનેલું તે ધાતુને પ્રાપ્ત નામસંજ્ઞાનો બાધ કરી સ્યાદિ પ્રત્યયોની ઉત્પત્તિ ન થવા દે. તેથી પૂર્વે હન્ ધાતુને હ્યસ્તનનો દ્ પ્રત્યય જ ઉત્પન્ન થાય.

(B) પ્રત્યયનો લોપ થવા છતાં પણ તેના નિમિત્તે થયેલા વિભક્ત્યંતતા વિગેરે કાર્ય અકબંધ રહે છે.

વિગેરે સ્થળે ન્ નો લોપ પ્રાપ્ત હોવાથી 'નાડ઼ડમન્ત્યે ૨.૧.૯૨' સૂત્રથી તેનો કરાયેલો નિષેધ સાર્થક ઠરે છે. તો પ્રસ્તુતમાં પણ જો આ સૂત્રમાં ધાતુનું વર્જન ન કરવામાં આવે તો અહન્ સ્થળે હન્ ધાતુને નામસંજ્ઞા લાગુ પાડી 'નામ્નો નો૰ ૨.૧.૯૧' સૂત્રથી તેના ન્ નો લોપ કરવાના અવસરે ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયથી હન્ ને વિભક્ત્યંત ગણાવી સૂત્રના 'અવિભક્તિ' અંશને લઈ તેની નામસંજ્ઞાને ઉડાવી ન શકાય. તેથી અહન્ ના ન્ નો 'નામ્નો નો૰ ૨.૧.૯૧' સૂત્રથી લોપ થવાની આપત્તિ વર્તતા આ સૂત્રમાં ધાતુને નામસંજ્ઞા લાગુ ન પડે તે માટે ધાતુનું વર્જન કરવું જરૂરી છે.

શંકા :- શું 'નાડ઼ડમન્ત્યે ૨.૧.૯૨' સૂત્રને 'આમંત્ર્ય અર્થમાં વર્તતા નપુંસક નામના ન્ ના લોપના નિષેધાર્થે રચ્યું છે' એમ બતાવી ચરિતાર્થ (સફળ) ન બતાવી શકાય ? જેથી તે ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયની બાબતમાં અટકાયત કરનારો ન બને.

સમાધાન :- ના. કેમકે જો નપુંસક નામના ન્ ના લોપનો નિષેધાર્થે તેની રચના બતાવીએ તો તેના પછીના 'ક્લિબે વા ૨.૧.૯૩' સૂત્રનો પૃથગ્યોગ (જુદી રચના) નિરર્થક ઠરે. માટે 'નાડ઼ડમન્ત્યે ૨.૧.૯૨' સૂત્ર ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયની બાબતમાં અટકાયત કરશે જ, જેથી ઉપર કહ્યું તેમ આ સૂત્રમાં ધાતુનું વર્જન જરૂરી છે.

[લઘુન્યાસમાં આ ચર્ચાનો ઉપાડ આ રીતે કરવામાં આવ્યો છે.

શંકા :- *સૂત્રમાં ધાતુ નું વર્જન શું કામ કર્યું છે ? કારણ અહન્ ઇત્યાદિ સ્થળે તે વિભક્ત્યન્ત હોવાના કારણે જ નામ નહીં બને.*

સમાધાન :- *હા, છતાં હન્તિ વિગેરે સ્થળોમાં વિભક્તિની પૂર્વે રહેલો હન્ ધાતુ પ્રસ્તુત સૂત્રથી નામસંજ્ઞક થવાથી 'नाम सिदय्० १.१.२१' થી તિવ્ (તિ) વ્યંજન પરમાં હોતે છતે પદ બનવાના કારણે 'नाम्नो नो० २.१.९१' થી ન્ નો લોપ થવાની આપત્તિ આવશે. તે ટાળવા સૂત્રમાં અધાતુ નું ઉપાદાન છે.]*

શંકા :- પણ તમે જો આ રીતે ધાતુને નામસંજ્ઞાનું વર્જન કરશો તો છિનત્તીતિ ક્વિપ્ છિદ્, ભિદ્... ઇત્યાદિ ધાતુઓને કેવી રીતે નામસંજ્ઞા થશે ? કારણ ન્યાય છે કે ***'क्विबन्ता धातुत्वं नोज्झन्ति...'*** તેથી છિદ્, ભિદ્ એ ધાતુઓ છે અને તેને નામ માનીને તો સ્યાદિ પ્રત્યય કરાય છે.

સમાધાન :- સૂત્રકારે અધાતુપદથી ધાતુને નામસંજ્ઞાનો નિષેધ કર્યો છે તે વાત બરાબર. પરંતુ તેમણે અ૰વિભક્તિ[A] એમ વિભક્ત્યન્તને નામસંજ્ઞાનો નિષેધ કરવા દ્વારા વિભક્તિ સિવાયના અન્ય પ્રત્યયાન્ત શબ્દોનો નામસંજ્ઞા રૂપે ગર્ભિતપણે સ્વીકાર પણ કર્યો છે અર્થાત્ અ૰વિભક્તિ માં પર્યુદાસ નઞ્ નું ગ્રહણ કરવા દ્વારા તદ્ભિન્ન (વિભક્ત્યન્ત ભિન્ન) તત્સદૃશ એવા શેષ પ્રત્યયાન્ત શબ્દોને નામસંજ્ઞાનું વિધાન પણ કર્યું છે.

(A) विभक्तिवर्जनाच्छेषप्रत्ययान्तस्य नामत्वं भवत्येव, **विशेषनिषेधस्य शेषाभ्यनुज्ञाहेतुत्वाद्**।

આમ છિદ્-ભિદ્ વિગેરેને અધાતુ થી નામસંજ્ઞાનો પ્રતિષેધ અને અ૰વિભક્તિ થી નામસંજ્ઞાનું વિધાન, એમ ઉભયની પ્રાપ્તિ છે. હવે નિયમ છે કે '(A)પર્યુદાસમાં વિધિ અને પ્રતિષેધ પ્રાપ્ત હોતે છતે વિધિ જ બળવાન છે.' આ નિયમના બળે અધાતુ થી છિદ્-ભિદ્ ને નામસંજ્ઞાનો પ્રતિષેધ ન થતા નામસંજ્ઞાનું વિધાન થશે.

શંકા :- ખરેખર તો અહીં સૂત્રમાં 'ન વિદ્યન્તે ધાતુ-વિભક્તિ-વાક્યાનિ યત્ર તદ્ અધાતુવિભક્તિવાક્યમ્' એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ છે. બહુવ્રીહિમાં નઞ્ નો અન્વય ક્રિયાપદ સાથે જ થતો હોવાથી ત્યાં પ્રસજ્ય પ્રતિષેધ નઞ્ હોય, પર્યુદાસ નઞ્ નહીં. તેથી અ૰વિભક્તિ સ્થળે તત્પુરુષ સમાસ કરવા દ્વારા પર્યુદાસ નઞ્ ને લઈને તમે જે તદ્ભિન્ન તત્સદૃશ એવા અન્યપ્રત્યયાન્ત શબ્દોને નામ રૂપે ગ્રહણ કરો છો, તે નહીં કરી શકો. આમ છિદ્-ભિદ્ ધાતુ હોવાથી નામ નહીં બનવા રૂપ આપત્તિ ઊભી જ છે.

સમાધાન :- જેમ બહુવ્રીહિ સમાસ તમે કરો છો, તેમ દ્વન્દ્વગર્ભ નઞ્ તત્પુરુષ સમાસ પણ થઈ શકે છે. (આગળ સૂત્રસમાસ માં જુઓ.) હવે અહીં બહુવ્રીહિ સમાસ કરવો કે તત્પુરુષ સમાસ કરવો, એનો નિયામક કોણ ? તો ત્યાં સમજવાનું કે - બહુવ્રીહિ અન્યપદાર્થપ્રધાન હોવાથી બહિરંગ છે, જ્યારે તત્પુરુષ સમાસ સ્વપદાર્થપ્રધાન હોવાથી અંતરંગ છે. તેથી ***'अन्तरङ्गं बहिरङ्गात्'*** ન્યાયથી અંતરંગ એવો તત્પુરુષ સમાસ બળવાન હોવાથી તે સમાસ જ અહીં થશે. તેથી પૂર્વોક્ત રીતે છિદ્-ભિદ્ ને નામસંજ્ઞા થશે.

વળી બહુવ્રીહિ સમાસ કરવાથી બીજી આપત્તિ તમને એ પણ આવે છે કે 'नाम्नः प्राग् बहुर्वा ७.३.१२' સૂત્રથી इषदूनाः पटव इति बहुपटवः એવો પ્રયોગ પણ તમે સિદ્ધ નહીં કરી શકો. કારણ 'ऐकार्थ्ये ३.२.८' સૂત્રથી પટુ ને લાગેલાં जस् પ્રત્યયનો લોપ થશે. 'स्थानीवा० ७.४.१०९' પરિભાષાથી जस् નો સ્થાનિવદ્ભાવ હોવાથી પટુ શબ્દમાં વિભક્તિની (जस् ની) વિદ્યમાનતા છે, તેથી તમારા હિસાબે તે નામ નહીં બને. તેથી 'नाम्नः प्रथमैक० २.२.३१' સૂત્રથી નવો जस् પ્રત્યય લાગી ન શકતા बहु + पटु + जस् = बहुपटवः એવો પ્રયોગ પણ સિદ્ધ નહીં થાય. સૂત્રાંશનો તત્પુરુષ સમાસ કરવામાં આ આપત્તિ નહીં આવે.

શંકા :- વૃક્ષાન્ સ્થળે 'शसोऽता० १.४.४९' સૂત્રમાં '...स् નો न् આદેશ થાય છે.' એવું જે વિધાન કર્યું છે તેના સામર્થ્યથી જ 'नाम्नो नोंऽ' સૂત્રથી न् નો લોપ નહીં થાય. અન્યથા '...स् ને न् આદેશ થાય છે' એ વિધાન નિષ્ફળ જાય.

આમ न् લોપની પ્રાપ્તિ જ નથી કે જેથી તેનો લોપ ન થઈ જાય. માટે તમારે સૂત્રમાં વિભક્તિ (વિભક્ત્યન્ત) નું વર્જન કરવું પડે. તેથી અ૰વિભક્તિ પદ વ્યર્થ છે.

(A) ***पर्युदासे विधि-प्रतिषेधयोर्विधेरेव बलीयस्त्वम्।***

સમાધાન :- 'शसोऽता० १.४.४९' સૂત્રથી '...स् ને न् આદેશ થાય છે' એવું જે વિધાન છે, તે कांस्कान् ઈત્યાદિ દૃષ્ટાન્તમાં ચરિતાર્થ[A] થઈ જાય છે. કારણ કે 'द्विः कानः कानि सः १.३.११' સૂત્રની પ્રવૃત્તિથી कांस्कान् પ્રયોગ તો જ થઈ શકે, જે स् નો न् થયો હોય. આમ स् ના न् આદેશનું વિધાન ત્યાં સફળ છે, તેથી वृक्षान् ઈત્યાદિ સ્થળે 'नाम्नो नो०' સૂત્રથી न् લોપની પ્રાપ્તિ છે. તે લોપ ન થાય માટે સૂત્રમાં વિભક્ત્યન્તનું નામ રૂપે વર્જન કર્યું છે.

વળી અહીં અ૦વિભક્તિ અંશને લઈને વિરુદ્ધ દૃષ્ટાંત રૂપે રાજા ને ન બતાવી શકાય. કેમકે રાજન્ શબ્દને સ્યાદિ વિભક્તિ લાગી તે વિભક્ત્યંત બને તે પહેલાં જ તેને અંતરંગ એવી નામસંજ્ઞા લાગુ પડી જાય છે. (આમ પણ નામસંજ્ઞા લાગુ પડે પછી જ નામસંજ્ઞાની અપેક્ષા રાખતા 'नाम्नः प्रथमैक० २.२.३१' વિગેરે સૂત્રોથી વિભક્તિની ઉત્પત્તિ થઈ શકતી હોય છે.) હવે નામસંજ્ઞા લાગુ પડી ગયા પછી વિભક્તિની ઉત્પત્તિ થઈ રાજન્ વિભક્ત્યંત બને તો પણ બહિરંગ એવું નામસંજ્ઞાના પ્રતિષેધ રૂપ કાર્ય ન થઈ શકે. કેમકે ન્યાય છે કે ***'जातं कार्यं न निवर्तते'***.

(6) જે વ્યાકરણકારોએ તેમના સૂત્રમાં વિભક્તિનું વર્જન ન કરતા સામાન્યથી પ્રત્યયનું વર્જન કર્યું છે, તેમના મતે દરેક પ્રત્યયાન્ત શબ્દને નામસંજ્ઞાનો પ્રતિષેધ થઈ જાય. તેથી તેમને आप् વિગેરે પ્રત્યયાન્ત माला વિગેરે શબ્દોને પણ નામસંજ્ઞાનો પ્રતિષેધ થવાનો પ્રસંગ આવતા आप् આદિ પ્રત્યયાન્ત શબ્દોને સ્યાદિ પ્રત્યયોની ઉત્પત્તિ થઈ શકે તે માટે નવા કોઈ સૂત્રની રચનાનું ગૌરવ કરવું પડે છે. જ્યારે આ વ્યાકરણમાં કર્યો છે તેમ ફક્ત વિભક્ત્યંત શબ્દોને નામસંજ્ઞાનો પ્રતિષેધ ફરમાવવામાં આવે તો બાકીના પ્રત્યયાન્ત શબ્દોને નામસંજ્ઞા આપોઆપ થઈ જ શકે છે. કેમકે નિયમ છે કે ***'विशेषनिषेधस्य शेषाऽभ्यनुज्ञाहेतुत्वम्'*** (વિભક્તિ રૂપ પ્રત્યય વિશેષનો નામસંજ્ઞાની બાબતમાં પ્રતિષેધ કરવામાં આવ્યો હોય તો તે સિવાયના બીજા બધા પ્રત્યયને લઈને નામસંજ્ઞા થઈ શકે છે.) પાણિનિ વ્યાકરણનાં 'अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम्' (પા.સૂ. ૧.૨.૪૫) સૂત્રમાં अप्रत्ययः એમ પ્રત્યયનો નિષેધ કર્યો છે.

<u>વિભક્તિ સિવાયના શેષ પ્રત્યયાન્ત શબ્દોને નામસંજ્ઞા થઈ હોય તેવા દૃષ્ટાંત</u> -

(a) अजा – * 'अजादेः २.४.१६' → अज + आप्, * 'समानानां० १.२.१' → अजा + सि, * 'दीर्घ-ङ्याब्० १.४.४५' → अजा।

(b) बहुराजा – * 'एकार्थं० ३.१.२२' → बहवो राजानो यस्यां सा = बहुराजन्, * 'ताभ्यां वाऽऽप्० २.४.१५' → बहुराजन् + डाप्, * 'डित्यन्त्य० २.१.११४' → बहुराज् + डाप् = बहुराजा + सि, * 'दीर्घ-ङ्याब्० १.४.४५' → बहुराजा।

(A) વિધાનના સામર્થ્યથી જ્યારે બીજા સૂત્રની પ્રવૃત્તિ રોકવામાં આવે ત્યારે તે વિધાન જો અમુક સ્થળમાં પોતાનું કાર્ય કરવા દ્વારા ચરિતાર્થ (સફળ) થઈ જતું હોય તો પછી તેનું બળ તૂટી જવાના કારણે તે બીજા સૂત્રની પ્રવૃત્તિમાં રૂકાવટ કરવામાં સમર્થ રહેતું નથી.

(c) गौरी – * 'गौरादिभ्यो० २.४.१९' → गौर + ङी, * 'अस्य ङ्यां० २.४.८६' → गौर् + ङी = गौरी + सि * 'दीर्घङ्याब्० १.४.४५' → गौरी।

(d) कुमारी – * 'वयस्यनन्त्ये २.४.२१' → कुमार + ङी, * 'अस्य ङ्यां० २.४.८६' → कुमार् + ङी = कुमारी + सि * 'दीर्घङ्याब्० १.४.४५' → कुमारी।

(e) गार्ग्यायणी – * 'गर्गादेर्यञ् ६.१.४२' → गर्गस्याऽपत्यं वृद्धं स्त्री = गर्ग + यञ्, * 'वृद्धिः स्वरेष्वादे० ७.४.१' → गार्ग + यञ्, * 'अवर्णे० ७.४.६८' → गार्ग् + यञ् = गार्ग्य, * 'यञो डायन्० २.४.६७' → गार्ग्य + डायन् + ङी, * 'डित्यन्त्य० २.१.११४' → गार्ग्य् + डायन् + ङी = गार्ग्यायनी, * 'रषृवर्णान्० २.३.६३' → गार्ग्यायणी + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → गार्ग्यायणी।

(f) गौकक्ष्यायणी – * गौरिव कक्षोऽस्य = गोकक्षः, * 'गर्गादेर्यञ् ६.१.४२' → गोकक्षस्याऽपत्यं वृद्धं स्त्री = गोकक्ष + यञ्, * 'वृद्धिः स्वरेष्वादे० ७.४.१' → गौकक्ष + यञ्, * 'अवर्णे० ७.४.६८' → गौकक्ष + यञ् = गौकक्ष्य, * 'षाडवटाद् वा २.४.६९' → गौकक्ष्य + डायन् + ङी, * 'डित्यन्त्य० २.१.११४' → गौकक्ष्य + डायन् + ङी = गौकक्ष्यायनी, * 'रषृवर्णान्० २.३.६३' → गौकक्ष्यायणी + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → गौकक्ष्यायणी।

(g) युवतिः – * 'यूनस्तिः २.४.७७' → युवन् + ति, * 'नाम सिदय्० १.१.२१' → युवन् ने पदसंज्ञा, * 'नाम्नो नो० २.१.९१' → युव + ति = युवति + सि, * 'सो रुः २.१.७२' → युवतिर्, * 'रः पदान्ते० १.३.५३' → युवतिः।

(h) ब्रह्मबन्धूः

ब्रह्मा बन्धुः यस्याः सा=

* 'एकार्थं० ३.१.२२' → ब्रह्मबन्धु
* 'उतोऽप्राणिन० २.४.७३' → ब्रह्मबन्धु + ऊङ्
* 'समानानां० १.२.१' → ब्रह्मबन्धू + सि
* 'सो रुः २.१.७२' → ब्रह्मबन्धुर्
* 'रः पदान्ते० १.३.५३' → ब्रह्मबन्धूः।

(i) करभोरूः

करभस्येव ऊरु यस्याः सा=

* 'उष्ट्रमुखादयः ३.१.२३' → करभोरु
* 'उपमानसहित०२.४.७५' → करभोरु + ऊङ्
* 'समानानां० १.२.१' → करभोरु + सि
* 'सो रुः २.१.७२' → करभोरूर्
* 'रः पदान्ते० १.३.५३' → करभोरूः।

(j) कारकः

करोति =

* 'णकतृचौ ५.१.४८' → कृ + णक
* 'नामिनो० ४.३.१' → कार्+णक+सि
* 'सो रुः २.१.७२' → कारकर्
* 'रः पदान्ते० १.३.५३' → कारकः।

(k) कर्ता

करोति =

* 'णकतृचौ ५.१.४८' → कृ + तृच्
* 'नामिनो० ४.३.१' → कर्+तृच्+सि
* 'ऋदुशनस्० १.४.८४' → कर्तृ + डा
* 'डित्यन्त्य० २.१.११४' → कर्त्+डा = कर्ता।

(l) છિદ્	(m) ભિદ્
	छिनत्तीति क्विप् =
* 'क्विप् ५.१.१४८' → छिद्+क्विप्(०)+सि	* 'भ्यादिभ्यो० ५.३.११५' → भिद्+क्विप्(०)+सि
* 'दीर्घङ्याब्० १.४.४५' → छिद्।	* 'दीर्घङ्याब्० १.४.४५' → भिद्।

(n) औपगवः – * 'ङसोऽपत्ये ६.१.२८' → उपगोः अपत्यम् = उपगु + अण्, * 'वृद्धिः स्वरे० ७.४.१' → औपगु + अण्, * 'अस्वयम्० ७.४.७०' → औपगव् + अण् = औपगव + सि, * 'सो रुः २.१.७२' → औपगवर्, * 'रः पदान्ते० १.३.५३' → औपगवः।

(o) आक्षिकः – * 'तेन जित० ६.४.२' → अक्षैर्दीव्यति = अक्ष + इकण्, * 'वृद्धिः स्वरे० ७.४.१' → आक्ष + इकण्, * 'अवर्णे० ७.४.६८' → आक्ष् + इकण् = आक्षिक + सि, * 'सो रुः २.१.७२' → आक्षिकर्, * 'रः पदान्ते० १.३.५३' → आक्षिकः।

(7) વાક્યને નામસંજ્ઞાનું વર્જન કેમ કર્યું છે ?

(a) **साधुर्धर्मं ब्रूते** – અહીં જો નામસંજ્ઞા થાત તો આ વાક્યને સિ વિગેરે પ્રત્યયો લગાડવાની આપત્તિ આવત. માટે વાક્યનું વર્જન કર્યું છે.

શંકા :- વિભક્ત્યન્તના વર્જનથી જ નામસંજ્ઞાનું અહીં વર્જન થઈ જાય છે, તો સૂત્રમાં વાક્યનું વર્જન શું કામ કર્યું છે ? આમેય વાક્ય કે વાક્યાર્થ આવું અલગ તો કંઈ છે જ નહીં. દરેક પદો જ પોતપોતાના અર્થનું પ્રતિપાદન કરતા હોય છે અને તે વાક્ય ગણાય છે. પદથી પ્રતિપાદ્ય અર્થો આકાંક્ષા, યોગ્યતા અને સંનિધિવશ પરસ્પર સંસર્ગ પામ્યા છતાં વાક્યાર્થ રૂપે ગણાય છે. આશય એ છે કે પ્રતીતિના અપર્યવસાનને આકાંક્ષા કહેવાય. चैत्रः गच्छति સ્થળે ફક્ત ચૈત્ર પદાર્થને ગ્રહણ કરી જો અટકી જઈએ તો અર્થની પ્રતીતિ અધૂરી લાગે છે. અર્થાત્ તે પૂર્ણતાને (પર્યવસાનને) પામેલી નથી જણાતી. તેથી પૂર્ણ પ્રતીતિ માટે ચૈત્રપદાર્થને ગમનક્રિયા રૂપ પદાર્થની અપેક્ષા છે. એવી રીતે ગમન ક્રિયાને ચૈત્રકર્તારૂપ પદાર્થની અપેક્ષા છે. આને આકાંક્ષા કહેવાય. અર્થના અબાધને યોગ્યતા કહેવાય. જેમકે जलेन सिञ्चति સ્થળે જળપદાર્થ દ્વારા સેકક્રિયા અબાધિત છે, પરંતુ વહ્નિના सिञ्चति સ્થળે વહ્નિપદાર્થ વડે સેકક્રિયા બાધિત છે. માટે પદાર્થોમાં પરસ્પર અબાધિતપણે અન્વય પામવાની લાયકાત તેને યોગ્યતા કહેવાય અને સમયના વ્યવધાન વિના પદાર્થોની ઉપસ્થિતિ થવી તેને સંનિધિ કહેવાય. જેમકે चैत्रः गच्छति સ્થળે ચૈત્રપદાર્થની ઉપસ્થિતિ થયા બાદ લાંબા કાળે જો ગમનક્રિયાની ઉપસ્થિતિ થાય તો સંનિધિ જળવાઈ ન કહેવાય. આમ આકાંક્ષા, યોગ્યતા અને સંનિધિ વશ પરસ્પર અન્વય પામેલાં પદાર્થો એ જ વાક્યાર્થ છે. બાકી વાક્ય કે વાક્યાર્થ નામની સ્વતંત્ર કોઈ વસ્તુ નથી.

સમાધાન :- દરેક પદો પોતપોતાના અર્થનું પ્રતિપાદન કરે એટલા માત્રથી યથાર્થબોધ નથી થતો. દરેક પદનો અર્થ બીજા પદના અર્થ સાથે સંબંધ ધરાવતો હોય છે અને તેમના પરસ્પરના સંબંધના બોધથી પદાર્થથી અતિરિક્ત અન્વય રૂપ અર્થનો બોધ થાય છે કે જે વાક્યાર્થ છે. વાક્ય એ પદાર્થોના સંસર્ગથી પેદા થયેલ વિશિષ્ટ અર્થનો વાચક છે. પદ તો માત્ર પદાર્થનો વાચક છે. જેમકે साधुः પદથી માત્ર સાધુકર્તાનો બોધ થશે, પણ તેના નિયત વિષયનો બોધ નહીં થાય કે તે કઈ ક્રિયાનો કર્તા છે ? તે પોતે જ કર્તા છે કે બીજો પણ કોઈ કર્તા છે ? ઇત્યાદિ... એ જ રીતે धर्मम् પદથી માત્ર કર્મનો અને ब्रूते થી માત્ર ક્રિયાનો અનિયત વિષયવાળો બોધ થશે.

પરંતુ साधुर्धर्मं ब्रूते વાક્ય દ્વારા 'સાધુ જ કર્તા છે, બીજો નહીં. ધર્મ જ કર્મ છે, બીજું નહીં. ब्रूते એ જ ક્રિયા છે, બીજી નહીં.' એમ નિયત વિષયનો બોધ થશે. આમ સામાન્ય અર્થમાં વર્તતા પદોનું જે પદાર્થના સંબંધ રૂપ વિશેષ અર્થમાં વર્તવું તેને વાક્યાર્થ[A] કહેવાય. તેથી પદાર્થના સંસર્ગરૂપ વિશિષ્ટ અર્થના વાચક એવા વાક્ય નું પદથી ભિન્નરૂપે અસ્તિત્ત્વ સ્વીકારવું પડશે.

શંકા :- એક કામ કરીએ. આપણે વાક્યાર્થને સ્વીકારીએ, પરંતુ તેને વાક્યથી પ્રતિપાદ્ય સ્વીકારવાની જરૂર નથી. પદો પદાર્થોનું પ્રતિપાદન કરશે. પછી તે પદાર્થો જ પરસ્પરના સંબંધરૂપ વાક્યાર્થનું પ્રતિપાદન કરશે. આશય એ છે કે અભિહિતાન્વયવાદી **મીમાંસકો** વાક્યને ઉડાડે છે. તેઓ એવું માને છે કે પદો પોતપોતાના અર્થનું પ્રતિપાદન કરી નિવૃત્ત થઈ જાય છે. પછી તે પદાર્થો સંસર્ગરૂપ વાક્યાર્થનો બોધ કરાવે છે. આમ વાક્યાર્થ વાક્યગમ્ય નથી. આ રીતે વાક્ય નામની વસ્તુ જ ન હોય તો સૂત્રમાં વાક્યનું વર્જન કરવાની જરૂર શું છે ?

સમાધાન :- જો વાક્ય વગર વાક્યાર્થ સ્વીકારીએ તો તેને અશાબ્દ માનવાની આપત્તિ આવે. કહેવાનો ભાવ એ છે કે શબ્દથી (વાક્યથી) થતા બોધને શાબ્દબોધ કહેવાય છે. વાક્યાર્થનો બોધ શાબ્દબોધ રૂપે થતો હોય છે. હવે પદાર્થો દ્વારા જ જો તેમના સંસર્ગ રૂપ વાક્યાર્થનો બોધ થતો સ્વીકારીએ તો તે શબ્દ દ્વારા થયો ન ગણાય. માટે વાક્યાર્થને અશાબ્દરૂપે સ્વીકારવાની આપત્તિ આવે. માટે તેને વાક્યગમ્ય જ સ્વીકારવો પડે.

શંકા :- પરંતુ શબ્દ (= પદ)થી બોધ્ય પદાર્થો છે અને તે પદાર્થો દ્વારા સંસર્ગ રૂપ વાક્યાર્થ જાણાતો હોવાથી પરંપરાએ તો વાક્યાર્થ શબ્દબોધ્ય જ થયો. માટે તેને અશાબ્દ માનવાની આપત્તિ નથી.

સમાધાન :- વાક્યાર્થને આ રીતે પરંપરાએ શબ્દબોધ્ય (શાબ્દ) માનવામાં એક તો ગૌરવ દોષ આવે છે.

(A) એક એક પદનું ઉચ્ચારણ કરાતા કર્તા, કર્મ અને ક્રિયા રૂપ એકએક પદાર્થની પ્રતીતિ થાય. પરંતુ સમુદિત વાક્યના ઉચ્ચારણથી કર્તા, કર્મ અને ક્રિયાના પરસ્પર સંબંધનું જ્ઞાન થવાથી વાક્યમાં ઉચ્ચરિત કર્તા, કર્મ અને ક્રિયા સિવાયના બીજા કર્તા, કર્મ અને ક્રિયાની વ્યાવૃત્તિ થાય. આ વ્યાવૃત્તિ એ જ વાક્યાર્થ છે, જેને વાક્યથી જાણી શકાય છે. આમ વ્યાવૃત્તિરૂપ વાક્યાર્થ પદાર્થથી ભિન્ન છે.

અને બીજી આપત્તિ એ કે જ્યાં પ્રત્યક્ષથી ધૂમ જાણાયો હોય અને તે ધૂમ દ્વારા વહ્નિની અનુમિતિ કરાઈ હોય તેવા સ્થળે પણ વહ્નિ પરંપરાએ પ્રત્યક્ષથી જાણાયો હોવાથી તેનું પ્રત્યક્ષ માનવાથી આપત્તિ આવશે. ધૂમ શબ્દથી ધૂમપદાર્થ જાણાયો હોય અને તેના દ્વારા જો વહ્નિનો બોધ થાય તો ત્યાં પણ વહ્નિ પરંપરાએ ધૂમ શબ્દથી જાણાયો હોવાના કારણે વહ્નિનો શાબ્દબોધ માનવાની આપત્તિ આવશે. માટે વાક્યાર્થને આ રીતે પરંપરાએ શબ્દબોધ્ય (શાબ્દરૂપે) સ્વીકારી ન શકાય, પરંતુ તે સાક્ષાત્ વાક્યગમ્ય છે. (જેથી સઘળાય વ્યવહારોમાં વાક્યનો જ પ્રયોગ થાય છે, પદનો નહીં) તેથી જ વ્યાકરણકારો વાક્યને મુખ્ય શબ્દ રૂપે ગણે છે અને વાક્યાર્થને મુખ્ય શબ્દાર્થ રૂપે ગણે છે. બાકીપદ અને પદનો અર્થ તો ફક્ત લાઘવને માટે કલ્પિત એવા અન્વયવ્યતિરેકને લઈને બતાવવામાં આવે છે. કેમકે દરેક વાક્યે વ્યુત્પત્તિ બતાવવી શક્ય બનતી નથી અને તેમ થતા શબ્દ વ્યવહારના ઉચ્છેદનો પ્રસંગ આવે છે.

આશય એ છે કે ક્યારે પણ વાક્યથી જ એક અખંડ નિરાકાંક્ષ અર્થની પ્રતીતિ થતી હોય છે. બાકી એકલું ઘટમ્ પદ બોલવામાં આવે તો ફક્ત 'ઘડાને' આવો અર્થ જાણાય પણ આકાંક્ષા ઊભી રહે છે કે 'ઘડાને લાવ, લઈ જા, ભર, ખાલી કર વિગેરે શું કહેવા માંગે છે ?' એવી જ રીતે ફક્ત આનય ક્રિયાપદ ઉચ્ચારવામાં આવે તો પણ આકાંક્ષા ઊભી રહે છે કે 'કોને લાવવો ? ઘડાને, ગધેડાને કે ઘોડા વિગેરેને ?' પરંતુ 'ઘટમાનય' વાક્ય ઉચ્ચારવામાં આવે ત્યારે 'ઘડાને લાવ' અર્થ જાણાવાથી એક નિરાકાંક્ષ પ્રતીતિ થાય છે. માટે વાક્યને વ્યાકરણકારો મુખ્ય શબ્દરૂપે ગણે છે. હવે દરેક વાક્યનો શું અર્થ થાય એ શીખાડવા બેસીએ તો વાક્યો તો એટલા બધાં છે કે તેનો પાર પામવો શક્ય ન બને. માટે કોઈ ભાષા શીખી ન શકવાથી ભાષાના ઉચ્છેદનો પ્રસંગ આવે. આવું ન થાય માટે વ્યાકરણકારો સાદશ્યને લઈને કલ્પિત એવા અન્વય-વ્યતિરેકને આશ્રયી પદ અને પદાર્થની વ્યવસ્થા બતાવે છે. જેમાં તે તે પદ ભલે ગમે તે વાક્યમાં આવે, છતાં તેના નિયત અર્થ થતા હોય. આ વ્યવસ્થા બતાવીને પણ અંતે તો વાક્યાર્થનું જ્ઞાન કરાવવું એ જ લક્ષ્ય હોવાથી વાક્યાર્થ મુખ્ય ગણાય છે. હવે આપણે અન્વયવ્યતિરેકને લઈને શી રીતે તે તે પદોના નિયત અર્થની વ્યવસ્થા છે તે જોઈએ. 'ઘટમાનય' વાક્ય બોલાતા 'ઘડાને લાવ' આ અર્થ જાણાય છે. પરંતુ અહીં 'ઘડો' અર્થ ઘટમ્ પદનો છે કે આનય પદનો ? એ નક્કી નથી કરી શકાતું. આ જ પ્રમાણે 'લાવ' અર્થ અંગે પણ જાણવું. હવે 'ઘટં નય' વાક્ય બોલાતા 'ઘડાને લઈ જા' અર્થ જાણાય છે. અહીં પૂર્વવાક્ય અને વાક્યાર્થની સરખામણીમાં જોઈએ તો પૂર્વવાક્યને સદશ જ ઘટમ્ પદ આ વાક્યમાં પણ છે. તો સાથે 'ઘડો' અર્થ પણ બન્ને ઠેકાણે ઊભો જ છે. એવી રીતે પૂર્વવાક્યનું આનય પદ આ વાક્યમાં નથી, તો સાથે 'લાવ' અર્થ પણ ટક્યો નથી. એવી રીતે પટમાનય વાક્ય બોલાતા પ્રથમ વાક્યને સદશ ઘટમ્ પદ આ વાક્યમાં ગેરહાજર છે, તો ભેગો 'ઘડો' અર્થ પણ વિદ્યમાન નથી અને આનય પદ હાજર છે, તો 'લાવ' અર્થ પણ વિદ્યમાન છે. આમ ***'तत्सत्त्वे तत्सत्त्वम्'*** અને ***'तदभावे तदभावः'*** આ અન્વય-વ્યતિરેકના નિયમ મુજબ જાણાય છે કે 'ઘટમ્' પદસત્ત્વે ઘટાર્થસત્ત્વમ્ અને 'ઘટમ્' પદાભાવે ઘટાર્થાઽભાવઃ એવી જ રીતે 'આનય' પદસત્ત્વે આનયનાર્થસત્ત્વમ્ અને 'આનય' પદાભાવે આનયનાર્થાઽભાવઃ આમ અન્વય-વ્યતિરેકના આધારે ખબર પડે છે કે ઘટમ્

પદનો 'ઘડો' અર્થ નિયત છે અને આનય પદનો 'આનયન ક્રિયા' અર્થ નિયત છે. આ પદો જે કોઈપણ વાક્યમાં વપરાય ત્યાં તેમના નિયત અર્થ મુજબ વાક્યાર્થને સાધી લેવામાં આવે છે.(A) આમ મુખ્યશબ્દસ્વરૂપ વાક્ય પદ કરતા સ્વતંત્ર અસ્તિત્વ ધરાવનાર વસ્તુ હોવાથી અને તે અર્થવત્ હોવાથી તેને નામસંજ્ઞા લાગુ ન પડી જાય માટે આ સૂત્રમાં વાક્યનું વર્જન કરવામાં આવ્યું છે.

શંકા :- પરંતુ સૂત્રમાં અવિભક્તિ એમ વિભક્ત્યંતનું વર્જન કર્યું છે, એનાથી જ સાધુર્ધર્મં બ્રૂતે ને નામસંજ્ઞાનું વર્જન થઈ જશે. કારણ કે વાક્યના અંતે બ્રૂતે ને થયેલો તે પ્રત્યય વિભક્તિનો હોવાથી વાક્ય પણ વિભક્ત્યંત થઈ જ જાય છે.

સમાધાન :- તે પ્રત્યય બ્રૂ ધાતુને થયો છે, સમગ્ર વાક્યને નહીં. તેથી 'પ્રત્યયઃ પ્રકૃત્યાદેઃ ૭.૪.૧૧૫' પરિભાષાથી બ્રૂતે ક્રિયાપદ જ વિભક્ત્યંત છે, સાધુર્ધર્મં બ્રૂતે (વાક્ય) નહીં. તેથી વાક્ય વિભક્ત્યંત ન હોવાથી તેને નામસંજ્ઞાની પ્રાપ્તિ છે, માટે તેનું વર્જન કર્યું છે.

શંકા :- અર્થવાન્ ની નામસંજ્ઞા કરવાના કારણે અનેકપદના સમુદાયને પણ નામસંજ્ઞા થવાથી પદસમુદાયને સ્યાદિ વિભક્તિ થવાની આપત્તિ આવશે. જેમકે 'દશ દાડિમાનિ, ષડપૂપાઃ, કુણ્ડમજાજિનં પલલપિણ્ડઃ, (B)અધરોરુકમેતત્ કુમાર્યાઃ, સ્ફૈયકૃતસ્ય પિતા પ્રતિશીનઃ' આ પદસમુદાયને પણ નામસંજ્ઞા થશે.

સમાધાન :- પણ દશ દાડિમાનિ, ષડપૂપાઃ ... આ પદો પરસ્પર અસંબદ્ધ હોવાથી તેનો કંઈ અર્થ જ થતો નથી. મૂર્ખપ્રલાપ જેવો આ પદસમુદાય તો અનર્થક(C) છે, તેથી તેને નામસંજ્ઞાનો પ્રશ્ન જ ક્યાં છે ?

શંકા :- દશ, દાડિમાનિ, ષડ્, અપૂપાઃ,... એ દરેક અવયવ અર્થવાન્ છે અને અવયવના ધર્મનો સમુદાયમાં ઉપચાર કરવાથી સમુદાય પણ અર્થવાન્ મનાય.

(A) પદોના અર્થનું જ્ઞાન કરાવવું એ પણ એક લાંબી પ્રક્રિયા બની જાય છે. માટે વ્યાકરણકારોએ ભાષાના શીઘ્રજ્ઞાન માટે પ્રકૃતિ-પ્રત્યયના વિભાગ પાડી તેમના અર્થ પણ અન્વય-વ્યતિરેકને આશ્રયી બતાવ્યા છે.

(B) સ્ત્રીના કેડ નીચે પહેરવાના ચણિયા વિગેરે વસ્ત્રને 'અધરોરુક' કહેવાય છે.

(C) અહીં ધ્યાનમાં રાખવું કે પ્રસ્તુતમાં દશ દાડિમાનિ આમ બે પદના સમૂહને તેવી રીતે ષડપૂપાઃ વિગેરે છૂટક છૂટક પદસમૂહને અનર્થક નથી સમજવાના. કેમકે તેમાં દશ પદનો દાડિમાનિ પદ સાથે સંબંધ હોવાથી દશ દાડિમાનિ એ વાક્ય રૂપ હોવાના કારણે તે અર્થવાન્ છે. (હમણાં જ આપણે ઉપર જોઈ ગયા કે 'વાક્ય પદાર્થના સંસર્ગ રૂપ વિશિષ્ટ અર્થનું વાચક હોય છે.') તેવી રીતે ષડપૂપાઃ વિગેરે પરસ્પર સંબંધવાળા પદસમૂહો પણ વાક્યરૂપ હોવાથી તેઓ પણ અર્થવાન્ છે. તેથી અહીં દશ દાડિમાનિ, ષડપૂપાઃ... સ્ફૈયકૃતસ્ય પિતા પ્રતિશીનઃ આ પ્રમાણેનો પરસ્પર સંબંધ વિનાનો આખો જ વાક્યસમૂહ (વાક્યોમાં વર્તતો પદસમૂહ) તેને અનર્થક સમજવાનો છે. ઉપર અર્થવાન્ એવા વાક્યને સૂત્રગત અવાક્યમ્ પદથી નામસંજ્ઞાનો નિષેધ ફરમાવ્યો. તેથી હવે શંકાકાર વાક્યસમૂહ એ કાંઈ વાક્ય રૂપ ન હોવાથી તેને અર્થવાન્ ગણાવી નામસંજ્ઞા થવાની આપત્તિ આપવા માંગે છે. તેનો આ સમાધાનમાં જવાબ આપ્યો છે.

સમાધાન :- પદસમુદાય ભલે આ રીતે અર્થવાન્ બને. સૂત્રમાં અવ્વિભક્તિ પદથી વિભક્ત્યંતને નામસંજ્ઞાનો પ્રતિષેધ કરેલો હોવાથી પદસમુદાયને નામસંજ્ઞા નહીં થાય, કારણ પદસમુદાયના અંતે રહેલા અવયવને વિભક્તિનો સિ પ્રત્યય થયેલો છે.

શંકા :- સિ પ્રત્યય પ્રતિશીન પ્રકૃતિને થયો છે, સમુદાયને નહીં. 'પ્રત્યયઃ પ્રકૃત્યાદેઃ ૭.૪.૧૧૫' પરિભાષા મુજબ સિ પ્રત્યય પ્રતિશીન પ્રકૃતિનું વિશેષણ ગણાતા પ્રતિશીનઃ પદ જ વિભક્ત્યંત ગણાય, દશ દાડિમાનિ...પ્રતિશીનઃ આ આખો પદસમુદાય નહીં. આમ સૂત્રના અવ્વિભક્તિ અંશને લઈને પદસમુદાયને નામસંજ્ઞાનો પ્રતિષેધ થઈ શકતો નથી.

સમાધાન :- 'પ્રત્યયઃ પ્રકૃત્યાદેઃ' પરિભાષાસૂત્રના બળથી પ્રત્યયના ગ્રહણથી પ્રત્યયાન્તનું ગ્રહણ થઈ જાય, કારણ પ્રત્યય હંમેશા પ્રકૃતિનો આક્ષેપ કરનાર (ખેંચનાર) છે. પરન્તુ ***'संज्ञाधिकारे प्रत्ययग्रहणे प्रत्ययमात्रस्यैव ग्रहणं, न तदन्तस्य'*** [A] એવો ન્યાય છે. (તેથી જ સૂત્રકારે સા પદમ્ એવું લાઘવયુક્ત સૂત્ર ન બનાવતા 'તદન્તં પદમ્ ૧.૧.૨૦' સૂત્ર બનાવ્યું, કારણ સા ના ગ્રહણથી તદન્ત નું ગ્રહણ થતું ન હતું) આ ન્યાયના કારણે સંજ્ઞાધિકારગત પ્રસ્તુત સૂત્રમાં 'અ૰ વિભક્તિ' ના ગ્રહણથી પ્રતિશીનઃ પદ વિભક્ત્યંત ન ગણાતા આખો પદસમુદાય વિભક્ત્યંત ગણાશે અને સૂત્રના અવ્વિભક્તિ અંશને લઈને પદસમુદાય અર્થવત્ હોવા છતાં તેને નામસંજ્ઞાનો પ્રતિષેધ થઈ શકશે.

શંકા :- તમારી વાત સમજાણ વગરની છે. તમે કહેલો ***'संज्ञाधिकारे०'*** ન્યાય તો સંજ્ઞાવિધિમાં લાગુ પડે, પ્રતિષેધવિધિ સ્થળે નહીં. અવ્વિભક્તિ થી અહીં સંજ્ઞાના પ્રતિષેધવિધિની વાત પ્રસ્તુત છે. માટે અહીં તે નિયમ લાગુ ન પડી શકતા 'પ્રત્યયઃ પ્રકૃત્યાદેઃ' પરિભાષા મુજબ પ્રતિશીનઃ પદ જ વિભક્ત્યંત ગણાઈ તેને નામસંજ્ઞાનો પ્રતિષેધ થઈ શકે, દશ દાડિમાનિ.. પ્રતિશીનઃ આખા પદસમુદાયને નહીં. આમ પદસમુદાય અર્થવાન્ હોવાથી તેને નામસંજ્ઞા લાગુ પડવાની આપત્તિ ઊભી જ રહે છે.

સમાધાન :- સારૂં. પણ તમે શરૂમાં જે વાત કરેલી કે 'અવયવના ધર્મનો સમુદાયમાં ઉપચાર થઈ શકે' તે વાતનો કોઈ આધાર ખરો ? અર્થાત્ અર્થવાન્ પદ રૂપ અવયવોને લઈને પદસમુદાયને પણ અર્થવાન્ શેના આધારે કહો છો ?

શંકા :- લોકમાં આવા ઉપચારો થતા જોવા મળે છે, તે એનો આધાર છે. જેમકે આઢ્યમિદં નગરમ્, ગોમદિદં નગરમ્ આવા પ્રયોગો જોવા મળે છે. ત્યાં બધા કંઈ આઢ્ય (શ્રીમંત) પણ નથી હોતા કે બધા ગોમાન્ પણ નથી હોતા, પરન્તુ મોટાભાગના નગરજનો આઢ્ય કે ગોમાન્ હોવાથી નગરજનરૂપ અવયવનો નગરસ્વરૂપ સમુદાયમાં ઉપચાર કરાય છે.

(A) સંજ્ઞા અધિકારમાં પ્રત્યયના ગ્રહણથી કેવળ પ્રત્યયનું જ ગ્રહણ કરવું, પ્રત્યયાન્ત શબ્દનું નહીં. (આમ તો 'પ્રત્યયઃ પ્રકૃત્યાદેઃ ૭.૪.૧૧૫' સૂત્રથી પ્રત્યયાન્ત શબ્દનું ગ્રહણ થાત, પરંતુ આ ન્યાય તેનો અપવાદ છે.)

સમાધાન :- તમારી વાત બરાબર નથી. કારણ લોકમાં તો અવયવો જ અર્થવાન્ હોય છે, સમુદાય નહીં. આથી અવયવો જ ફળને ભજનારા થાય છે, સમુદાય નહીં. જે નગરજનો પાસે ધન કે ગાયો હોય તેને જ તે ધન, ઘી કે દૂધ વિગેરે ઉપયોગમાં આવે છે, બીજા નગરજનોને નહીં.

તો પછી આઢ્યમિદં નગરમ્ ઇત્યાદિ પ્રયોગો કેમ કરાય છે ? તો સમજવાનું કે સમુદાયમાં આઢ્યત્વ વિગેરે ધર્મનો પ્રધાનતાએ અસંભવ હોવાથી અવયવના ધર્મનો સમુદાયમાં ઉપચાર કરીને એ રીતના પ્રયોગો કરી શકાય છે. આપણી ચર્ચામાં તો પદસમુદાયમાં પ્રધાનતાએ અર્થવત્તા સંભવે છે. (જેમકે સાધુર્ધર્મં બ્રૂતે આ પદસમુદાયમાં પ્રધાનતાએ અર્થવત્તા છે) તેથી અવયવની અર્થવત્તાનો સમુદાયમાં ઉપચાર કરવામાં કોઇ પ્રમાણ નથી. તેથી 'પદ અર્થવાન્ છે, માટે ઉપચારથી પદસમુદાય પણ અર્થવાન્ છે' એવું તમે નહીં કહી શકો અને પદસમુદાય જો અર્થવાન્ નથી, તો નામસંજ્ઞાની તેને પ્રાપ્તિ પણ નથી.

બીજી રીતે તમારા પ્રશ્નનો જવાબ આપીએ તો આઢ્યમિદં નગરમ્, ગોમદિદં નગરમ્ સ્થળે અવયવધર્મનો સમુદાયમાં ઉપચાર છે જ નહીં, પરંતુ દણ્ડોઽસ્ત્યસ્ય ઇતિ દણ્ડી, અહીં જેમ યૌગિક (વ્યુત્પત્તિને લઈને) વ્યપદેશ કરાયો છે, તેમ આઢ્યાઃ સન્ત્યસ્મિન્ આ વ્યુત્પત્તિને લઈને 'અભ્રાદિભ્યઃ ૭.૨.૪૬' સૂત્રથી મત્વર્થીય અ પ્રત્યય લાગીને આઢ્ય શબ્દ બન્યો છે. તેમજ ગોમત્ શબ્દ ગોમન્તઃ સન્ત્યસ્મિન્ વ્યુત્પત્તિ પ્રમાણે 'ગોપૂર્વાદત૦[(A)] ૭.૨.૫૬' સૂત્રથી ગોમત્ શબ્દને ઇકણ્ પ્રત્યય લાગી તે પૃષોદરાદિ ગણનો હોવાથી ઇકણ્ પ્રત્યયનો લોપ થતા નિષ્પન્ન થયો છે. આ વ્યુત્પત્તિ પ્રમાણે 'જેમાં ધનાઢ્ય લોકો વસે છે તેવું આ નગર' અને 'જેમાં ગાયવાળા લોકો વસે છે તેવું આ નગર' આવો અર્થ થવાથી આખા નગરને ધનાઢ્ય કે ગોમત્ બતાવવાનો પ્રશ્ન રહેતો નથી. તેથી અવયવધર્મનો સમુદાયમાં ઉપચાર માનવાની જરૂર પણ રહેતી નથી.

(8) સૂત્રમાં શબ્દને નામસંજ્ઞાનું વિધાન કરાયે છતે શબ્દસમુદાયરૂપ વાક્યને નામસંજ્ઞાનો પ્રસંગ જ ન હતો. છતાં સૂત્રમાં વાક્યને નામસંજ્ઞાનો પ્રતિષેધ કર્યો છે, તેનાથી જ જણાય છે કે શબ્દસમુદાયને પણ નામસંજ્ઞાની પ્રાપ્તિ માની છે. તેથી વાક્યભિન્ન સમાસાદિ (શબ્દસમુદાય) ને પણ જરૂર નામસંજ્ઞા થશે.

(A) 'ગોપૂર્વાદત ઇકણ્ ૭.૨.૫૬' સૂત્રથી ગૌત્રિક શબ્દની નિષ્પત્તિ માટે તે સૂત્રમાંથી અતઃ પદનો યોગવિભાગ કરવો. જેથી તે સૂત્રનો અર્થ 'ગો શબ્દ છે પૂર્વમાં જેને એવા અ કારાન્ત શબ્દથી ઇકણ્ પ્રત્યય થાય છે' તેમ ન થતા 'ગો શબ્દપૂર્વકના કોઇપણ શબ્દને ઇકણ્ પ્રત્યય થાય છે' આવો થવાથી ગોત્રા શબ્દ આ કારાન્ત હોવા છતાં તેને તે સૂત્રથી ઇકણ્ પ્રત્યય થઈ શકવાના કારણે ગૌત્રિક શબ્દ બની શકે. શબ્દની નિષ્પત્તિ આ પ્રમાણે સમજવી. ગવાં સમૂહઃ આ અર્થમાં ગો શબ્દને ત્ર તેમજ આપ્ પ્રત્યય લાગવાથી ગોત્રા શબ્દ બને. પછી ગોત્રાઽસ્ત્યસ્મિન્ વ્યુત્પત્તિને લઈને ગોત્રા શબ્દને ઇકણ્ પ્રત્યય લાગવાથી ગૌત્રિક શબ્દ બને છે.

અર્થાત્ સૂત્રસ્થ અ૦વાક્યમ્ સ્થળે **तद्भिन्नः तत्सदृग्ग्राही** એવો પર્યુદાસ નઞ્ હોવાથી વાક્યથી અન્ય અર્થવત્પદ-સમુદાય રૂપ સમાસાદિને નામસંજ્ઞા થશે. જેમકે -

(a) चित्रा गावो यस्य स = चित्रगुः। (b) राज्ञः पुरुषः = राजपुरुषः। (c) इषदपरिसमाप्तो गुडः = (૭.૩.૧૨ સૂત્રથી) बहुगुडो द्राक्षा।

આ ત્રણે સ્થળે નામસંજ્ઞા થવાથી 'नाम्नः प्रथमैक० ૨.૨.૩૧' સૂત્રથી સિ વિભક્તિની ઉત્પત્તિ થઈ શકી.

(9) સૂત્રમાં અર્થવદ્ પદ કેમ મૂક્યું છે ?

શંકા :- સૂત્રમાં अधातुविभक्तिवाक्यम् છે, ત્યાં પર્યુદાસ નઞ્ નો આશ્રય કરવાથી ધાતુ વિગેરે અર્થવાન્[(A)] હોવાથી तद्भिन्नः तत्सदशः એવા અર્થવાન્ ને જ નામ સંજ્ઞા થશે. તો સૂત્રમાં નિરર્થક અર્થવદ્ પદ કેમ મૂક્યું છે ?

સમાધાન :- અહીં પર્યુદાસનો આશ્રય કરીએ તો ધાતુ વિગેરેથી ભિન્ન શબ્દોમાં કયા ધર્મને લઈને ધાતુ વિગેરેની સદશતાનો આશ્રય કરવો ? એની અપ્રતિપત્તિ થશે. વળી ગમે તે ધર્મને લઈને સદશતા જોવા જશું તો શબ્દત્વાદિ કેટલાક ધર્મો એવા છે કે જે ધાતુ વિગેરેમાં ય હોય અને અનર્થક એવા શબ્દમાં પણ હોય. તેવા ધર્મને લઈને જો સદશતાનો આશ્રય કરશું તો અનર્થક શબ્દોને પણ નામસંજ્ઞાનો પ્રસંગ આવશે.

તેથી જેની નામસંજ્ઞા કરવાની છે તે સંજ્ઞી કેવો હોવો જોઈએ ? તેનો નિર્દેશ કરવો જરૂરી હોવાથી સૂત્રમાં અર્થવત્ એ પ્રમાણે સંજ્ઞીવિશેષનો નિર્દેશ કર્યો છે, જેનાથી અનર્થક સંજ્ઞીનો વ્યવચ્છેદ થશે.

(a) वनम् (b) धनम् - * वन् (૩૨૯), धन् (૩૨૪), * 'वर्षादयः क्लिबे ૫.૩.૨૯' → वन् + अल् = वन + सि, धन् + अल् = धन + सि, * 'अतः स्यमो० ૧.૪.૫૭' → वन + अम्, धन + अम्, * 'समानादमो० ૧.૪.૪૬' → वन + म् = वनम्, धन + म् = धनम्।

શંકા :- અનર્થકને નામસંજ્ઞા થઈ જાય તો શું વાંધો આવે ?

સમાધાન :- ઉપરોક્ત વનમ્ અને ધનમ્ પ્રયોગસ્થળે પ્રત્યય સિવાયનો જે વ્ અ ન્ અને ધ્ અ ન્ આમ વર્ણોનો સમુદાય છે ત્યાં અનર્થક એવા દરેક વર્ણે વર્ણે નામસંજ્ઞા થવાનો પ્રસંગ આવશે.

(A) દરેક ધાતુને અર્થવાન્ માનીને આ શંકા કરાય છે, પરંતુ ખરેખર એવું નથી. કેટલીક ધાતુઓ અનર્થક પણ છે. જેમકે इङ्क् अध्ययने, इंक स्मरणे. આ ધાતુઓ अधि પૂર્વક જ અર્થવાન્ છે, કેવળ નહીં. ધાતુગણપાઠમાં જે અર્થનિર્દેશ કર્યો છે, તે સમુદાયાર્થનો અવયવમાં આરોપ કરીને કર્યો છે. (જુઓ-જિ.બુ.ન્યાસ 'પા.સૂ. ૧.૨.૪૫')

શંકા :- વન્ અને ધન્ તો ધાતુ છે અને આ સૂત્રમાં અધાતુ એમ કહી ધાતુને નામસંજ્ઞાનો નિષેધ છે. તો શી રીતે આ ધાતુના દરેક વર્ણને નામસંજ્ઞા થવાનો પ્રસંગ આવે ?

સમાધાન :- ધાતુસંજ્ઞા ક્રિયાવાચક શબ્દસમુદાયને લાગુ પડે છે. વન્ અને ધન્ આ શબ્દ સમુદાય ક્રિયાવાચક હોવાથી તેને ધાતુસંજ્ઞા લાગુ પડે, પણ તેના પ્રત્યેક વર્ણો કાંઈ ક્રિયાવાચક નથી. માટે તેમને ધાતુસંજ્ઞા લાગુ ન પડી શકતા સૂત્રના અધાતુ અંશને લઈને વન્ અને ધન્ ધાતુના પ્રત્યેક વર્ણને પ્રાપ્ત થતી નામસંજ્ઞાને વારી શકાય એમ નથી. આમ નામસંજ્ઞા પામેલા તે દરેક વર્ણને વિભક્તિના પ્રત્યય લાગુ પડવાનો પ્રસંગ આવશે.

શંકા :- ભલે આ વર્ણોને નામસંજ્ઞા લાગુ પડી જાય, છતાં વિભક્તિના પ્રત્યયો 'नाम्नः प्रथमैक० २.२.३१' આદિ સૂત્રોમાં બતાવ્યા પ્રમાણે એકત્વ, દ્વિત્વ અને બહુત્વ સંખ્યાવાળા કર્માદિ કારક રૂપ અર્થના વાચક નામને ઉત્પન્ન થાય છે. વ્ અ ન્ તથા ધ્ અ ન્ વર્ણો નિરર્થક હોવાથી (અર્થાત્ તેઓ સંખ્યાવાળા કર્માદિકારક રૂપ કોઈપણ અર્થના વાચક ન હોવાથી) તેમને નામસંજ્ઞા લાગુ પડે તો પણ વિભક્તિના પ્રત્યયો ઉત્પન્ન ન થઈ શકવાથી કોઈ દોષ નહીં આવે.

સમાધાન :- અવ્યયો[A] જેમ સંખ્યાવત્ કર્માદિકારક રૂપ અર્થના વાચક ન હોવા છતાં ત્યાં વિભક્તિ ઉત્પન્ન થાય છે, તેમ પ્રસ્તુતમાં પણ નામસંજ્ઞા પામેલા વ્ અ ન્ તથા ધ્ અ ન્ આ નિરર્થક વર્ણોને વિભક્તિના પ્રત્યયો ઉત્પન્ન થશે. અથવા બીજી રીતે કહીએ તો 'नाम्नः प्रथमैक० २.२.३१' સૂત્રમાં 'नाम्नः प्रथमा' આટલા અંશનો યોગવિભાગ[B] (સૂત્રવિભાગ) કરશું, જેથી સૂત્રનો અર્થ 'નામને પ્રથમા વિભક્તિ થાય છે' આવો થવાથી નામસંજ્ઞા પામેલા ઉપરોક્ત નિરર્થક (= સંખ્યાવત્ કર્માદિકારકરૂપ કોઈપણ અર્થના અવાચક) વર્ણોને પણ પ્રથમાના સિ આદિ વિભક્તિના પ્રત્યયો ઉત્પન્ન થઈ શકશે.

શંકા :- પણ આ રીતે નામસંજ્ઞા લાગુ પડવાથી વિભક્તિના પ્રત્યયો ઉત્પન્ન થઈ જાય તો શું ફરક પડે છે ?

સમાધાન :- વ્ અ ન્ અને ધ્ અ ન્ ના નામસંજ્ઞા પામેલા ન્ ને વિભક્તિના સિ વિગેરે પ્રત્યય ઉત્પન્ન થવાથી તે પદ બને અને તેમ થતા 'नाम्नो नो० २.१.९१' વિગેરે સૂત્રોથી ન્ નો લોપ થવો વિગેરે અનિષ્ટ કાર્યો થવાનો પ્રસંગ આવે. આ આપત્તિ ન આવે તે માટે સૂત્રમાં અર્થવત્ પદ મૂકી કોઈપણ અર્થવાન્ શબ્દને નામસંજ્ઞા કરવાનું સૂચવ્યું છે. વ્ અ ન્ અને ધ્ અ ન્ વર્ણો અર્થવાન્ ન હોવાથી તેમને નામસંજ્ઞા જ લાગુ ન પડવાથી વિભક્તિના પ્રત્યયોની ઉત્પત્તિને લઈને હવે તેઓ પદ ન બની શકતા ન્ નો લોપ વિગેરે આપત્તિ નહીં આવે.

[આ ચર્ચા લઘુન્યાસમાં નીચે પ્રમાણે બતાવી છે.]

(A) नन्वव्ययानां संख्या-कारकसम्बन्धाभावस्याऽव्ययमिति महासंज्ञया सूचितत्वेन... (३.२.७ न्यासानु.)

(B) યોગ એટલે સૂત્ર. તેના બે ટૂકડા કરી તેને બે સૂત્રતુલ્ય માનવું તેને 'યોગવિભાગ' કહેવાય. ક્વચિત્ ઈષ્ટપ્રયોગની સિદ્ધિ માટે સૂત્રમાં યોગવિભાગ કરવામાં આવે છે.

શંકા :- જે અર્થવત્ ન હોય તેને નામસંજ્ઞા થઈ જાય તો શું વાંધો છે ?

સમાધાન :- વ્યુત્પત્તિપક્ષે વન સમ્ભક્તૌ, ધન શબ્દે એ પ્રમાણે વન્ અને ધન્ ધાતુ ઉપરથી જેમ વન અને ધન શબ્દો નિષ્પન્ન થયેલા મનાય છે, તેમ અવ્યુત્પત્તિપક્ષે[A] વન અને ધન શબ્દોમાં ધાતુ અને પ્રત્યય આવા કોઈ વિભાગ મનાતા ન હોવાથી વન અને ધન શબ્દો અખંડ મનાય છે. તેથી જ્યારે અવ્યુત્પત્તિ પક્ષનો આશ્રય કરાય ત્યારે વન, ધન એ અખંડ શબ્દ જ અર્થવાન્ બને, તેના વન્ કે ધન્ અવયવ નહીં.

હવે સૂત્રમાં જો અર્થવત્ પદનો નિવેશ ન કરાય તો અનર્થક એવો વન્ કે ધન્ અવયવ પણ નામ થવાથી 'નામ્નઃ પ્રથમૈક૦ ૨.૨.૩૧' વિગેરે સૂત્રથી તેને સ્યાદિ પ્રત્યયો થતા તે પદ બનવાથી 'નામ્નો નો૦ ૨.૧.૯૧' સૂત્રથી ન્ ના લોપનો પ્રસંગ આવશે.

શંકા :- છતાં વ્યુત્પત્તિપક્ષનો આશ્રય કરીએ તો વન્ એ પ્રકૃતિ (ધાતુ) અને અ પ્રત્યય હોવાથી વન્ અર્થવાન્ છે જ. તેથી વન્ નામ બનવાથી સ્યાદિ પ્રત્યય પર છતાં ન્ લોપનો પ્રસંગ છે.

સમાધાન :- વ્યુત્પત્તિપક્ષે વન્ એ ધાતુ હોવાથી અધાતુ પદથી જ તેને નામસંજ્ઞાનું વર્જન સિદ્ધ છે, તેથી ન્ લોપનો સંભવ જ નથી.

(10) શંકા :- માનો કે કોક વ્યક્તિએ ઉચ્ચારણશક્તિની વિકલતાના કારણે गौः એવો પ્રયોગ કરવાના બદલે गो પ્રયોગ કર્યો. હવે તેની સમીપમાં રહેલી વ્યક્તિને કો'ક ત્રીજી વ્યક્તિએ પૂછ્યું કે - 'પેલા ભાઈ શું બોલ્યા ?' ત્યારે આ વ્યક્તિ પેલાનું અનુકરણ કરતા કહેશે કે - 'गो એમ બોલ્યા.' તો પ્રશ્ન એ છે કે અનુકરણ રૂપ આ गो શબ્દ નામ કહેવાય કે નહીં ?

સમાધાન :- અમે આનો જવાબ સ્યાદ્વાદનો[B] આશ્રય કરીને આપશું. (૧) જો અનુકાર્ય-અનુકરણની[C]

(A) અવ્યુત્પન્ન શબ્દોમાં પ્રકૃતિ અને પ્રત્યય એવો વિભાગ ઘટતો નથી, તે રૂઢિ શબ્દો છે.

(B) અનુકર્તા જ્યારે નામત્વ-ધાતુત્વ વિગેરે ધર્મોની અપેક્ષાએ કોઈક શબ્દનું અનુકરણ કરે છે, ત્યારે નામ-ધાતુ વિગેરે અનુકાર્યને ઉદ્દેશીને થનારા કાર્યો અનુકરણમાં પણ થશે. પરંતુ અનુકર્તા જો 'શબ્દત્વ'રૂપ સામાન્યધર્મને લઈને જ નામ-ધાતુ વિગેરેનું અનુકરણ કરે તો નામ-ધાતુ વિગેરેને ઉદ્દેશીને થનારા કાર્યો અનુકરણમાં નહીં થાય. આમ અનુકર્તાની વિવક્ષારૂપ સ્યાદ્વાદના બળથી ઉભયપક્ષ સંભવે છે. આને જ કેટલાક વૈયાકરણો શબ્દાર્થનું અનુકરણ અને શબ્દનું અનુકરણ એમ બે પ્રકારે વર્ણવે છે. (વિશેષ જાણવા 'ન્યાય સમુચ્ચય' ની '***પ્રકૃતિવદનુકરણમ્***' ન્યાયની તરંગટીકા જુઓ.)

(C) અનુકાર્ય એટલે જેનું અનુકરણ કરવામાં આવ્યું છે તે મૂળ વક્તાનો શબ્દ. જેમકે પ્રસ્તુતમાં ઉચ્ચારણ શક્તિથી વિકલ એવી પ્રથમ વ્યક્તિએ ઉચ્ચારેલ गो શબ્દ અનુકાર્ય છે. તથા અનુકરણ એટલે અનુકાર્ય (મૂળ વક્તાના શબ્દ) માં જેવી વર્ણાવલી છે તેવા પ્રકારની જ વર્ણાવલીપૂર્વક પુનઃ ઉચ્ચારાયેલો શબ્દ. જેમકે સમીપવર્તી વ્યક્તિએ गो એમ કરેલું અનુકરણ.

અભેદરૂપે વિવક્ષા હશે તો અનુકાર્યમાં અર્થવત્ત્વ ન હોવાના કારણે તેનાથી અભિન્ન અનુકરણમાં પણ અર્થવત્ત્વનો અભાવ હોવાથી અનુકરણને નામસંજ્ઞા નહીં થાય. તેથી અનુકરણ સ્વરૂપ 'गो' ને નામસંજ્ઞા ન થવાથી વિભક્તિના પ્રત્યયો ન લાગતા गो રૂપે જ રહેવાના કારણે गो + इति + अयम् + आह = गवित्ययमाह પ્રયોગ થશે. (૨) અનુકાર્ય-અનુકરણની જ્યારે ભેદ રૂપે વિવક્ષા હશે, ત્યારે અનુકાર્યમાં ભલે અર્થવત્ત્વ ન હોય, છતાં તેની ગ્ + ઓ... વર્ણાવલી સ્વરૂપ જે અર્થ (વસ્તુ) છે, તેનું गो શબ્દ (અનુકરણ) પ્રતિપાદન કરનાર હોવાથી અર્થાત્ અનુકરણ શબ્દ અનુકાર્ય શબ્દના સ્વરૂપાત્મક અર્થનો બોધક હોવાથી તે અર્થવાન્ છે, તેથી તેને નામસંજ્ઞા થશે. જેમકે કો'ક વ્યક્તિ 'पचति' બોલે તો તેનું ભેદવિવક્ષાએ અનુકરણ કરનાર 'पचतिमाह' એવો પ્રયોગ કરશે. અર્થાત્ पचति અર્થવાન્ થવાથી તેને નામ સંજ્ઞા થવાથી સ્યાદિ નો अम् પ્રત્યય થશે.

તે જ પ્રમાણે 'चः समुच्चये', 'नेर्विशः ३.३.२४', 'परावेर्जेः ३.३.२८' અહીં ક્રમશઃ च અવ્યય તથા विश् અને जि ધાતુનું ભેદ વિવક્ષાએ અનુકરણ હોવાથી તે અર્થવાન્ થતા નામસંજ્ઞા થવાથી તેમને સ્યાદિના પ્રત્યયો થયા છે.

જો કે અવ્યય નામસંજ્ઞક હોવા છતાં તેને લાગેલા વિભક્તિના પ્રત્યયો લોપાઈ જાય તથા ધાતુને સ્યાદિ વિભક્તિના પ્રત્યયો ન લાગી શકે. પરંતુ અહીં તે અવ્યય અને ધાતુનું ભેદ વિવક્ષાએ અનુકરણ છે. માટે च અવ્યય તથા विश् અને जि ધાતુની વર્ણાવલી રૂપ અર્થના બોધક ક્રમશઃ च શબ્દ અવ્યય ન ગણાય તથા विश् અને जि શબ્દ ધાતુ ન ગણાતા નામસંજ્ઞક બનેલા તેઓને અહીં સ્યાદિ વિભક્તિની ઉત્પત્તિ થઈ છે.

શંકા :- ઉચ્ચારણશક્તિવિકલતાવશ કોઈ વ્યક્તિ गौः ને બદલે गो એવો અયથાર્થ પ્રયોગ કરે તો પણ તેનાથી ખાંધ-શિંગડા-પૂંછડી અને સાસ્નાદિવાળો ગાયપદાર્થ તો પ્રતીત થાય છે જ. તો 'गो અનુકાર્યમાં અર્થવત્ત્વ ન હોય' એવું તમે કેમ કહ્યું ? (મૂળ અહીં શંકાકાર गो અનુકાર્યને અર્થવત્ બતાવી અભેદ વિવક્ષા મુજબ તેનાથી અભિન્ન गो અનુકરણને પણ અર્થવત્ બતાવી નામસંજ્ઞા કરવા માંગે છે)


સમાધાન :- તમારી વાત સાચી છે કે અયથાર્થ એવા गो શબ્દ દ્વારા અર્થપ્રતીતિ થાય છે. પરંતુ ત્યાં સાક્ષાત્ गो શબ્દ દ્વારા અર્થપ્રતીતિ નથી થતી, પરંતુ યથાર્થ એવા गौः શબ્દ દ્વારા અર્થપ્રતીતિ થાય છે. મૂળ સંભળાયેલો અયથાર્થ गो શબ્દ गौः એવા યથાર્થ શબ્દપ્રયોગનું સ્મરણ કરાવે છે ને તેના દ્વારા અર્થપ્રતીતિ થાય છે.

આવું કેમ ? તો દરેક શબ્દનો અમુક ચોક્કસ અર્થમાં સંકેત હોય છે. તેથી તે તે શબ્દના શ્રવણથી તે તે ચોક્કસ અર્થની પ્રતીતિ થતી હોય છે. સંકેત વિનાનો શબ્દ અર્થનું પ્રતિપાદન કરવામાં અસમર્થ હોય છે. અયથાર્થ શબ્દો સંકેત વિનાના હોય છે. કોઈપણ અર્થવિશેષમાં તેમનો સંકેત હોતો નથી. કેમકે જો તેમનો અર્થમાં સંકેત માનીએ તો અતિપ્રસંગ દોષ આવે. તેથી તેવા શબ્દો અર્થનું પ્રતિપાદન કરવામાં અસમર્થ હોય છે. गो અયથાર્થ પ્રયોગ હોવાથી તેના દ્વારા ગાય-બળદ વિગેરે પદાર્થની પ્રતીતિ શક્ય જ નથી, છતાં પ્રતીતિ થાય છે. તેથી માનવું પડશે કે 'गो શબ્દ गौः નું સ્મરણ કરાવવા દ્વારા અર્થપ્રતીતિ કરાવે છે.' આમ गो (અનુકાર્ય) માં અર્થવત્ત્વ અસિદ્ધ છે.

શંકા :- નામસંજ્ઞાના નિમિત્તરૂપે ગ્રહણ કરેલું અર્થવત્ત્વ તો લોકવ્યવહારમાં જેના પ્રયોગ થાય છે તેવા વાક્ય કે પદમાં જ હોય, પ્રકૃતિમાં નહીં. કેમકે વર્ણની જેમ કેવળ પ્રકૃતિથી શબ્દવ્યવહાર કરાતો ન હોવાથી અર્થાત્ કેવળ પ્રકૃતિનો પ્રયોગ કરાતો ન હોવાથી તેનાથી અર્થ જાણાતો નથી. પ્રત્યય સહિત પ્રકૃતિ હોય તો જ અર્થ જાણાય છે. માટે પ્રત્યય સહિત પ્રકૃતિ જ અર્થવતી છે, કેવળપ્રકૃતિ નહીં.

જે પ્રત્યય સહિત પ્રકૃતિ અર્થવતી બને છે, તે પ્રત્યયો સ્યાદિ છે. એ પ્રત્યયો નામ ને જ લાગે, બીજાને નહીં. નામ સંજ્ઞા તો જ પ્રાપ્ત થાય, જો તે અર્થવદ્ હોય. અર્થવત્ત્વ તો જ આવે, જો તેને સ્યાદિ પ્રત્યયો લાગે. સ્યાદિ પ્રત્યયો તો જ લાગે જો તે નામની પરમાં હોય. આમ પુનઃ પુનઃ તેનું આવર્ત્તન થયા કરશે, જે ચક્રક[A] દોષ છે. આ દોષથી હણાવાના કારણે કેવળ પ્રકૃતિમાં અર્થવત્ત્વ નહીં મનાય.

:: ચક્રક દોષ ::



સમાધાન :- તમે કહેલો ચક્રક દોષ નથી આવતો, કારણ કે केवलस्य प्रकृतेः अर्थवत्ता नोपपद्यते, केवलस्याप्रयोगात् આ અનુમાનમાં केवलस्याप्रयोगात् હેતુથી તમે અર્થવત્તાની અનુપપદ્યમાનતા સિદ્ધ કરવા જાઓ છો, પણ તમારો केवलस्याप्रयोगः હેતુ અન્યથાસિદ્ધ (ખોટી રીતે સ્થાપિત કરેલો) છે. તમે એમ માની બેઠા છો કે 'કેવળ પ્રકૃતિને અર્થવતી માનવામાં આવે તો તેનો પ્રયોગ થવો જોઈએ.' પણ એવું નથી. કેવળપ્રકૃતિનો પ્રયોગ કરવા જઈએ પણ ખરા, પરંતુ ***'न केवला प्रकृतिः प्रयोक्तव्या, न केवलः प्रत्ययः'*** ન્યાયના કારણે પ્રકૃતિ-પ્રત્યય નિત્યસંબદ્ધ હોવાથી કેવળ પ્રકૃતિનો કે પ્રત્યયનો પ્રયોગ થઈ શકતો નથી. બાકી તેનામાં અર્થવત્તા તો અન્વય[B]-વ્યતિરેક[C] દ્વારા સિદ્ધ જ છે.

શંકા :- અમે શંકા શું કરી ને તમે જવાબ શું આપ્યો. અમે શંકા કરી કે 'કેવળ પ્રકૃતિમાં અર્થવત્તા ઘટતી નથી' ને તેનો જવાબ આપવાના બદલે 'કેવળ પ્રકૃતિનો પ્રયોગ કેમ થતો નથી ?' તેનો હેતુ આપવા તમે બેસી ગયા. અમારી વાત તો એ છે કે 'પ્રકૃતિ-પ્રત્યયરૂપ સમુદાયનો જ લોકવ્યવહારમાં પ્રયોગ કરાતો હોવાથી પ્રકૃતિરૂપ અવયવમાં અર્થવત્તા અપ્રસિદ્ધ છે.'

સમાધાન :- અમે કહ્યું તો ખરૂં કે અન્વય-વ્યતિરેક દ્વારા પ્રકૃતિની અર્થવત્તા સિદ્ધ છે. હવે તે કઈ રીતે સિદ્ધ છે, તેની પ્રક્રિયા બતાવીએ. સૌ પ્રથમ તો 'અન્વય' એટલે વિવક્ષિત શબ્દ હોતે છતે અમુક ચોક્કસ અર્થનું હોવું અને

(A) *तदपेक्षापेक्ष्यपेक्षितत्वनिबन्धनोऽनिष्टप्रसङ्गः चक्रकः।*

(B) *अन्वयोऽनुगमः सति शब्देऽर्थावगमः।*

(C) *व्यतिरेकः शब्दाभावे तदर्थानवगमः।*

'વ્યતિરેક' એટલે તે વિવક્ષિત શબ્દ ગેરહાજર હોતે છતે તે અર્થનું પણ ન હોવું. જેમકે વૃક્ષઃ શબ્દ સાંભળીએ, ત્યાં વૃક્ષ અકારાન્ત શબ્દ છે, સિ (સ્) પ્રત્યય છે. વૃક્ષઃ થી 'મૂળ-શાખા-થડ-ફળ-ફૂલવાળાપણું તથા એક સંખ્યા' આટલો આપણને અર્થબોધ થાય છે.

હવે વૃક્ષૌ પ્રયોગ સાંભળ્યે છતે પૂર્વોચ્ચરિત વૃક્ષઃ શબ્દ કરતા આ શબ્દમાં થોડીક ભિન્નતા પ્રતીત થાય છે. વૃક્ષઃ શબ્દની અપેક્ષાએ આમાં કોઈક શબ્દ હીન થયો છે, કોક શબ્દ નવો આવ્યો છે, ને કોઈક શબ્દ સ્થિર રહ્યો છે. અર્થાત્ સિ (સ્) પ્રત્યય હીન થયો છે, ઔ પ્રત્યય નવો આવ્યો છે ને વૃક્ષ શબ્દ ટકી રહ્યો છે.

એ જ પ્રમાણે 'અર્થ' અંગે વિચારીએ તો ત્યાં કોઈક અર્થ હીન થયો છે, કોઈક અર્થ નવો આવ્યો છે ને કેટલોક અર્થ યથાવત્ રહ્યો છે. જેમકે એકત્વ હીન થયું છે, દ્વિત્વ અર્થ પેદા થયો છે ને મૂળ-શાખા-થડ-ફળ-ફૂલવાળા -પણું અર્થ ટકી રહ્યો છે.

એનાથી આપણે સમજી શકીએ છીએ કે જે શબ્દ હીન થાય છે તેનો એ જ અર્થ હોવો જોઈએ કે જે અર્થ પણ હીન થાય છે. જે શબ્દ નવો આવે છે તેનો એ જ અર્થ હોવો જોઈએ કે જે અર્થ નવો ઉત્પન્ન થાય છે. ને જે શબ્દ સ્થિર ટકી રહે છે તેનો અર્થ એ જ હોવો જોઈએ કે જે અર્થ સ્થિર ટકી રહે છે. આ રીતે કેવળ પ્રકૃતિ-પ્રત્યય પ્રયોગ ન કરાતા હોવા છતાં અન્વય-વ્યતિરેક દ્વારા તેમની અર્થવત્તા સિદ્ધ થઈ.

શંકા :- જો એક શબ્દ એક જ અર્થમાં નિયત (એક જ અર્થનો વાચક) હોત તો અન્વય-વ્યતિરેક દ્વારા સિદ્ધ થાત કે 'આ અર્થ પ્રકૃતિનો છે અને આ અર્થ પ્રત્યયનો છે.' પરંતુ એવું નથી. એવું પણ જોવા મળે છે કે એક જ પદાર્થના વાચક અનેક શબ્દો હોય. જેમકે ઇન્દ્ર, શક્ર, પુરુહૂત અને પુરન્દર શબ્દો 'ઇન્દ્ર' પદાર્થના વાચક છે. એમ કન્દુ, કોષ્ઠ અને કુસૂલ શબ્દો 'કોઠી' અર્થના વાચક છે. ઘણીવાર એક જ શબ્દ અનેક અર્થવાળો હોય છે. જેમકે અક્ષ શબ્દ આંખ, જુગારના પાસા અને બહેડાનો વાચક છે. પાદ શબ્દ પગ, વસ્તુના ચોથા ભાગ તથા ભાગ સામાન્યનો વાચક છે અને માષ શબ્દ અડદ, માપ વિશેષ તથા સોના કે તાંબાના સિક્કા વિગેરેનો વાચક છે.

સમાધાન :- ભલે એક શબ્દના અનેક અર્થ થતા હોય કે અનેક શબ્દોનો એક અર્થ થતો હોય, એ કહીને તમારે કહેવું છે શું ?

શંકા :- અમારે કહેવું છે કે અક્ષ વિગેરે શબ્દના અનેક અર્થ થતાં હોવાથી અક્ષશબ્દસત્ત્વે ચક્ષુર્-અર્થસત્ત્વમ્ અને અક્ષશબ્દાભાવે ચક્ષુર્-અર્થાભાવઃ આવો અન્વય-વ્યતિરેક મળી શકતો નથી. કેમકે જ્યારે અક્ષ શબ્દ 'બહેડા' વિગેરે અર્થને જણાવતો હોય ત્યારે 'ચક્ષુ' અર્થને લગતો અન્વય-વ્યતિરેક ન મળી શકે. એમ જ્યારે તે 'ચક્ષુ' અર્થને જણાવતો હોય ત્યારે 'બહેડા' વિગેરે અર્થની સાથે તેના અન્વય-વ્યતિરેક ન મળી શકે. એવી રીતે જ્યાં અનેક શબ્દોનો એક અર્થ થતો હોય તેવા ઇન્દ્રાર્થક શક્ર, પુરુહૂત, પુરન્દર સ્થળે પણ શક્રશબ્દસત્ત્વે ઇન્દ્રાऽર્થસત્ત્વમ્ અને શક્રશબ્દાભાવે

इन्द्राऽर्थाभावः આવો અન્વય-વ્યતિરેક મળી શકતા નથી. કેમકે ઘણીવાર 'ઇન્દ્ર' અર્થને જણાવવા शक्र શબ્દને બદલે पुरन्दर શબ્દ વપરાયો હોય છે. આમ શબ્દોના જુદા જુદા એક જ અર્થ ન થતા હોવાથી અન્વય-વ્યતિરેકને લઈને તેમની અર્થવત્તાનો નિશ્ચય થઈ શકતો ન હોવાથી પ્રકૃતિ-પ્રત્યયના સમુદાયની અર્થવત્તાની સિદ્ધિ ભલે થાય, પણ 'આ પ્રકૃત્યર્થ છે અને આ પ્રત્યયાર્થ છે' એ સિદ્ધ થઈ શકે એમ ન હોવાથી પ્રકૃતિ અને પ્રત્યયના અર્થ જુદા પાડવાને બદલે બધા જ પ્રકૃતિના અર્થ થાઓ. જેમકે दधि, मधु અને अग्निचित् શબ્દસ્થળે सि પ્રત્યયનો લોપ થતા એકત્વાદિ અર્થ પ્રકૃતિનો જ સંભવે છે.

समाधान :- वृक्षः, दधनि વિગેરે સ્થળે કે જ્યાં પ્રત્યયનો લોપ નથી થયો ત્યાં એકત્વાદિ અર્થ પ્રકૃતિનો શી રીતે સંભવશે ? અથવા જો બધે પ્રકૃતિ જ એકત્વાદિ સંખ્યાની વાચક બનવાની હોય તો વિભક્તિના પ્રત્યયનો પ્રયોગ જ શા માટે કરવો પડે ?

शंका :- જેમ ધાતુ-ઉપસર્ગ સ્થળે ધાતુ જ બધા અર્થનો વાચક હોય છે, છતાં ઉપસર્ગનો અર્થના દ્યોતક રૂપે બાજુમાં પ્રયોગ કરવામાં આવે છે, તેમ वृक्षः, दधनि વિગેરે જે પ્રયોગસ્થળે પ્રત્યય લોપાયા ન હોય ત્યાં તેમને પ્રકૃતિથી વાચ્ય એકત્વાદિ અર્થના દ્યોતક રૂપે સમજવા. આ રીતે ભલે એકત્વાદિ સંખ્યા પ્રકૃતિથી જ વાચ્ય બનતી, છતાં પ્રકૃતિગત તે એકત્વાદિ અર્થને દ્યોતિત કરવા બાજુમાં વિભક્તિના પ્રત્યયોનો પ્રયોગ કરવો જરૂરી છે.

અથવા બીજી રીતે વિચારીએ તો પ્રત્યય જ બધા અર્થનો વાચક થાઓ. જેમકે अ એટલે 'વિષ્ણુ' અને अस्य (= विष्णोः) अपत्यम् વિગ્રહને લઈને अ પ્રકૃતિને 'अत इञ् ६.१.३१' સૂત્રથી इञ् પ્રત્યય લાગતા 'अवर्णेवर्णस्य ७.४.६८' સૂત્રથી अ પ્રકૃતિનો લોપ થતા ફક્ત इ પ્રત્યય રૂપ શબ્દ બને છે. અહીં 'વિષ્ણુનો પુત્ર' આ આખો અર્થ 'इ' પ્રત્યયાત્મક શબ્દમાંથી જ પ્રાપ્ત થાય છે. તેથી પ્રત્યયને જ અર્થનો વાચક માનવો જોઈએ અને પ્રકૃતિને તેમાં સહાયક માનવી જોઈએ. અર્થાત્ અર્થ પ્રત્યયથી જણાય અને પ્રકૃતિ સહકારી કારણ બને.

હવે આ બન્ને પૈકીના 'પ્રકૃતિ સર્વ અર્થની વાચક બને છે' આ પક્ષ મુજબ પ્રકૃતિની અર્થવત્તા સિદ્ધ થાય છે, પણ 'પ્રત્યય સર્વ અર્થનો વાચક બને છે' આ પક્ષે પ્રકૃતિ અર્થવતીરૂપે સિદ્ધ નથી થતી. આમ પ્રકૃતિને નામસંજ્ઞા ન થઈ શકવાનો દોષ એમનો એમ ઊભો જ રહે છે.

समाधान :- 'પ્રકૃતિ અથવા પ્રત્યય જ બધા અર્થના વાચક બને છે' આવું માનશું તો વૃક્ષ વિગેરે પ્રકૃતિ અને सि વિગેરે પ્રત્યય સામાન્ય શબ્દ બની જશે. સામાન્ય શબ્દ કોઈ વિશેષ બોધક શબ્દ પાસે ન હોય અથવા પ્રકરણાદિ ઉપસ્થિત ન હોય તો વિશેષ અર્થને બતાવતો નથી અર્થાત્ તે સામાન્યથી સર્વ અર્થનો વાચક બને છે. ટૂંકમાં પ્રકરણાદિને સાપેક્ષ રહીને જે શબ્દ વિશેષ અર્થનો બોધ કરાવી શકે એવો હોય તેને સામાન્ય શબ્દ કહેવાય. પરંતુ વૃક્ષ વિગેરે પ્રકૃતિ અને सि વિગેરે પ્રત્યય સ્થળે આવું જોવામાં આવતું નથી. પ્રસ્તુતમાં તો કેવળ વૃક્ષ બોલાતા પ્રકરણાદિની ઉપસ્થિતિ

વિના જ સ્વાભાવિક રીતે અર્થવિશેષની પ્રતીતિ થાય છે. આથી અમે એવું માનીએ છીએ કે વૃક્ષ વિગેરે શબ્દો અને સિ વિગેરે પ્રત્યયો સામાન્ય શબ્દ નથી. હવે જો આ સામાન્ય શબ્દ નથી તો પ્રકૃતિ પ્રકૃતિના અર્થમાં વર્તે છે અને પ્રત્યય પ્રત્યયના અર્થમાં વર્તે છે તેમ માનવાનું રહે. જો પ્રકૃતિ જ સર્વ અર્થને કહે અર્થાત્ પ્રત્યયાર્થ રૂપે ઈષ્ટ એવા એકત્વ, દ્વિત્વ વિગેરે સંખ્યારૂપ અર્થને પણ તે જ કહે તો વૃક્ષ કહેવાતા સામાન્યથી એકસાથે એકત્વ, દ્વિત્વ અને બહુત્વ આ સર્વસંખ્યા પ્રતીત થવી જોઈએ.[A] એવી રીતે પ્રત્યય જો પ્રકૃત્યર્થ રૂપે ઈષ્ટ એવા પણ અર્થને કહે તો સિ વિગેરે પ્રત્યયે એકસાથે બધા જ નામોના (= પ્રકૃતિના) અર્થોને જણાવવા જોઈએ. પરંતુ આવી પ્રતીતિ થતી નથી. જેની પ્રતીતિ ન થતી હોય તે વાતને સ્વીકારી ન શકાય. આમ પ્રકૃતિ પોતાના સંકેતિત અર્થવાળી અને પ્રત્યય પોતાના સંકેતિત અર્થ વાળો થવાથી અર્થવતી પ્રકૃતિને નામસંજ્ઞા થઈ શકશે.

શંકા :- ઉપરોક્ત વાત તો બરાબર છે. પરંતુ હવે બીજી વાત એ કે ચ વિગેરે અવ્યયો તે તે અર્થના વાચક નહીં પણ દ્યોતક છે. માટે તેમને અભિધેયાર્થ (વાચ્યાર્થ) ન હોવા છતાં દ્યોત્યાર્થ હોવાથી દ્યોત્યાર્થને લઈને પણ ભલે તેમને નામસંજ્ઞા સિદ્ધ થાઓ. પરંતુ જેમને દ્યોત્યાર્થ પણ નથી તેમને નામસંજ્ઞા ન થવી જોઈએ. જેમકે – खञ्जति, निखञ्जति; लम्बते, प्रलम्बते આ સ્થળે જે અર્થ खञ्जति (લંગડાતો ચાલે છે) નો છે, તે જ અર્થ निखञ्जति નો છે અને જે અર્થ लम्बते (લટકે છે) નો છે, તે જ અર્થ प्रलम्बते નો છે. આમ સ્પષ્ટ છે કે અહીં નિ અને પ્ર ઉપસર્ગ રૂપ અવ્યયો અનર્થક છે. હવે અનર્થક હોવાથી તેમને નામસંજ્ઞા નહીં થાય. નામસંજ્ઞા ન થવાથી તેમને વિભક્તિના પ્રત્યયો લાગી ન શકતા તેઓ પદ નહીં બની શકે અને પદ ન બની શકવાથી પદસંજ્ઞાને લઈને થતા કાર્યો[B] તેમને નહીં થઈ શકે. અર્થાત્ ***'अपदं न प्रयुञ्जीत'*** નિયમ મુજબ તેમનો પ્રયોગ જ નહીં થઈ શકે.

સમાધાન :- તમે નિ અને પ્ર ને નામસંજ્ઞા ન થઈ શકવાથી સ્યાદિ વિભક્તિની અનુત્પત્તિ થતા તેઓ પદ નહીં બની શકે એની વાત કરો છો. પણ માનો કે તેમને નામસંજ્ઞા થાત તો પણ તેમને સ્યાદિ વિભક્તિની ઉત્પત્તિ શી રીતે થાત? કેમકે સ્યાદિ વિભક્તિની ઉત્પત્તિ ફક્ત નામસંજ્ઞાને અવલંબીને નથી, પરંતુ એકત્વાદિ સંખ્યાને પણ અવલંબીને છે. અવ્યયોને લિંગ-સંખ્યાનો અન્વય ન હોવાથી સંખ્યારૂપ કારણ ખૂટતા આમ પણ નિ અને પ્ર ઉપસર્ગ રૂપ અવ્યયને વિભક્તિની ઉત્પત્તિ નહોતી થઈ શકવાની અને તેઓ પદ નહોતા બની શકવાના.

(A) જો કે પ્રકૃતિ સર્વ અર્થની વાચક મનાવા છતાં સિ વિગેરે પ્રત્યયોને દ્યોતકરૂપે સ્વીકાર્યા હોવાથી એકસાથે બધી સંખ્યા પ્રતીત થવાનો પ્રસંગ ન આવે. કેમકે દ્યોતક શબ્દ વાચક શબ્દમાં સુષુપ્તપણે પડેલાં તે તે અર્થને પ્રકાશમાં લાવવાનું કામ કરે છે, જે પ્રતીતિનો વિષય બને છે. બાકીનો અર્થ સુષુપ્ત પડ્યો રહેવાથી તેની પ્રતીતિનો સવાલ જ રહેતો નથી. એવી જ રીતે પ્રત્યય જો સર્વ અર્થનો વાચક બને તો ત્યાં પણ આ રીતે સમજવું. છતાં ***'अन्यायश्चानेकार्थत्वम्'*** ન્યાય મુજબ પ્રકૃતિ અને પ્રત્યયના અલગ અલગ અર્થ સિદ્ધ થશે.

(B) પાણિનિ વ્યાકરણમાં 'तिङ्ङतिङः ८.१.२८' સૂત્ર છે. જેનાથી અત્યાદ્યન્ત પદથી પરમાં રહેલ ત્યાદ્યન્ત પદ અનુદાત્ત થાય છે. હવે જો નિ અને પ્ર ને પદસંજ્ઞા ન થાય તો તેમનાથી પરમાં રહેલા खञ्जति અને लम्बते ક્રિયાપદ અત્યાદ્યન્ત પદથી પરમાં ન ગણાતા તે અનુદાત્ત થવા રૂપ કાર્ય ન થઈ શકે. આ વૈદિક પ્રક્રિયાને લગતું કાર્ય છે.

શંકા :- 'नाम्नः प्रथमैक० २.२.३१' વિગેરે સૂત્રોમાં એકત્વ, દ્વિત્વ કે બહુત્વ સંખ્યાથી યુક્ત નામને પ્રથમાદિ સ્યાદિ વિભક્તિનું વિધાન કર્યું છે, માટે તમે આટલા કૂદો છો. પરંતુ તે સૂત્રનો 'नाम्नः प्रथमा' આટલો યોગવિભાગ (સૂત્રવિભાગ) કરવાથી તેનો અર્થ 'નામને પ્રથમા વિભક્તિ થાય છે' આવો થવાથી હવે સ્યાદિ વિભક્તિની ઉત્પત્તિમાં નામને સંખ્યાનો અન્વય થવો જરૂરી ન રહેતા જો નિ અને પ્ર ને નામસંજ્ઞા થઈ હોત તો તેમને સ્યાદિ વિભક્તિની ઉત્પત્તિ થઈ શકવાથી તેઓ પદ બની શકત. પરંતુ અમે કહ્યા પ્રમાણે તેમને નામસંજ્ઞા નથી થઈ શકતી, માટે તેમને વિભક્તિની અનુત્પત્તિને લઈને પદસંજ્ઞા નથી થઈ શકતી.

હવે તમે એમ પણ ન કહેતા કે આચાર્યની પ્રવૃત્તિથી અનર્થક એવા પણ નિ અને પ્ર ને અર્થવાન્ નામ જેવા કાર્યો થશે. આચાર્યની પ્રવૃત્તિ આ પ્રમાણે છે - આચાર્યશ્રીએ અનર્થક એવા પણ અધિ-પરિ અવ્યયોને 'धातोः पूजार्थ० ३.१.१' સૂત્રમાં 'गतार्थाधिपरि' અંશ મૂકી 'गतिक्वन्यस्० ३.१.४२' સૂત્રપ્રાપ્ત સમાસના નિષેધ માટે ગતિ-ઉપસર્ગ સંજ્ઞાનો નિષેધ ફરમાવ્યો છે. આશય એ છે કે 'धातोः पूजार्थ० ३.१.१' સૂત્રથી ધાતુના સંબંધી પ્ર આદિ અવ્યયોને ઉપસર્ગસંજ્ઞા કરવામાં આવે છે અને પછી 'उर्याद्यनु० ३.१.२' સૂત્રથી ઉપસર્ગસંજ્ઞા પામેલાં ધાતુ સંબંધી અવ્યયોને ગતિસંજ્ઞા કરવામાં આવે છે. ગતિસંજ્ઞા કરીને 'गतिक्वन्यस्० ३.१.४२' સૂત્રથી ગતિતત્પુરુષસમાસ થઈ શકવા રૂપ ફળ મેળવવું છે. હવે 'धातोः पूजार्थ० ३.१.१' સૂત્રમાં 'गतार्थाधिपरि' અંશ મૂકી ધાતુ સંબંધી ગતાર્થ એવા અધિ-પરિ અવ્યયોને ઉપસર્ગસંજ્ઞાનો નિષેધ ફરમાવ્યો છે કે જેથી તેમને 'उर्याद्यनु० ३.१.२' સૂત્રથી ગતિસંજ્ઞા થવા દ્વારા આગળ ગતિ તત્પુરુષ સમાસ ન થઈ શકે. પરંતુ પ્રતિષેધ હંમેશા પ્રાપ્તિપૂર્વકનો હોય. અધિ અને પરિ અવ્યય જો ગતાર્થ હોય એટલે કે પ્રકરણાદિવશ ધાતુ દ્વારા જ તેમનો અર્થ જણાઈ આવે એવો હોય તો તેઓ અનર્થક બનવાથી ધાતુ સંબંધી ન બની શકે. કેમકે એક શબ્દને બીજા શબ્દ સાથે અર્થને આશ્રયીને જ સંબંધી (વ્યપેક્ષા સામર્થ્યવાળા) બનવાનું રહે છે. ગતાર્થ અધિ-પરિનો કોઈ અર્થ છે નહીં. માટે તેઓ ધાતુ સંબંધી ન બની શકવાથી તેમને ઉપસર્ગસંજ્ઞાની પ્રાપ્તિ જ નથી રહેતી[A] કે જેથી તેને વારવાની રહે. છતાં 'गतार्थाधिपरि' કહી તે વારી છે એ જ બતાવે છે કે ગતાર્થ અધિ-પરિ અવ્યય અનર્થક હોવા છતાં તેમને અર્થવાન્ શબ્દ જેવા કાર્ય થતા હશે, માટે જ ઉપસર્ગસંજ્ઞાનો નિષેધ કરવા સૂત્રમાં 'गतार्थाधिपरि' અંશ મૂક્યો હશે.

આચાર્યશ્રીની આ પ્રવૃત્તિથી જણાય છે કે 'પ્રસ્તુતમાં નિ અને પ્ર અવ્યયસ્થળે પણ તેઓ અનર્થક હોવા છતાં તેમને અર્થવાન્ નામ જેવા કાર્યો થશે', આવું તમે કહેવાના હો તો ન કહેતા.

સમાધાન :- ના, અમે આવું કાંઈ કહેવા માંગતા જ નથી. કેમકે નિખઞ્જતિ અને પ્રલમ્બતે સ્થળે નિ અને પ્ર અવ્યય નિરર્થક છે જ નહીં, તેઓ અર્થવાન્ છે.

(A) 'धातोः पूजार्थ० ३.१.१' સૂત્રની વૃત્તિમાં 'धातोः सम्बन्धी' એમ કહી ધાતુસંબંધિતા નિમિત્તરૂપે અપેક્ષી છે.

શંકા :- અરે ! હમણાં જ આપણે વિચારી તો ગયા કે નિ અને પ્ર ને દ્યોત્યાર્થ ન હોવાથી તેઓ અનર્થક છે ?

સમાધાન :- હા, એ વિચાર્યું હતું. પણ તે અયુક્ત વિચારણા હતી. કેમકે જે શબ્દને વાચ્યાર્થ કે દ્યોત્યાર્થ ન હોય તે શબ્દ વાક્યાર્થ માટે અનુપયોગી હોવાથી તેનો પ્રયોગ કરવો ઘટી ન શકે. પ્રસ્તુતમાં નિ અને પ્ર અવ્યયને દ્યોત્યાર્થ છે, પરંતુ તેમનો દ્યોત્યાર્થ પ્રકરણાદિ વશ ધાતુ દ્વારા જણાઈ જતો હોવાથી તે નકામો થાય છે. મૂળ વાત એ કે નિ અને પ્ર ઉપસર્ગ તથા ક્રમશઃ खञ्ज् અને लम्ब् ધાતુ સમાન અર્થવાળા હોવાથી નિ અને પ્ર ને ધાત્વર્થ સિવાયનો અધિક દ્યોત્યાર્થ ન હોવાથી તેમને પૂર્વાચાર્યો દ્વારા અનર્થક કહેવાય છે. બાકી વાસ્તવિક તેઓ કાંઈ સર્વથા અનર્થક નથી. નિખञ्જતિ અને પ્રલમ્બતે સ્થળે નિ અને પ્ર શબ્દો પ્રકરણાદિ વશ ધાતુ દ્વારા કહેવાતી 'લંગડાતા ચાલવું' અને 'લટકવું' આ ક્રિયાવિશેષને જ દ્યોતિત કરે છે. જેમ શંખમાં નાંખેલુ દૂધ શંખસમાન સફેદ વર્ણવાળું હોવાથી જુદું નથી ભાસતું, તેમ નિ અને પ્ર ના સંનિધાનને લઈને ધાત્વર્થ ક્રિયા કાંઈ વિશેષતાને નથી પામતી. જેમકે ***शेषभट्टारक (पतंजलि)*** કહે છે કે ''આ બે અનર્થક નથી, તો પછી આમને અનર્થક કેમ કહ્યા છે ? જુદા અર્થના વાચક ન હોવાથી અનર્થક કહ્યા છે. ધાતુ દ્વારા કહેવાયેલી જ ક્રિયાને આ બે કહે છે કે જે અર્થ સમાન છે. જેમ શંખમાં દૂધ નાંખવાથી બન્ને સમાન વર્ણવાળા હોવાથી નવી વિશેષ પ્રતિપત્તિ નથી થતી તેમ.[(A)]''

શંકા :- જો એમ છે તો ધાતુ દ્વારા જ નિ અને પ્ર ઉપસર્ગનો અર્થ ઉક્ત થઈ (= કહેવાઈ) જવાથી ***'उक्तार्थानाम-प्रयोगः'*** ન્યાય મુજબ નિ અને પ્ર ઉપસર્ગોનો પ્રયોગ ન થવો જોઈએ.

સમાધાન :- ના. એવું નથી. પ્રકરણાદિ વશ જેમના અર્થ જણાઈ ગયા હોય તેવા શબ્દોનો પણ સ્પષ્ટતર બોધને માટે પ્રયોગ થતો લોકમાં જોવામાં આવે છે. જેમકે 'द्वौ अपूपौ आनय' અને 'ब्राह्मणौ द्वौ आनय' અહીં अपूपौ અને ब्राह्मणौ ના દ્વિવચનથી જ 'બે' અર્થ જણાઈ આવે છે, છતાં 'द्वौ' શબ્દનો પ્રયોગ થતો જોવામાં આવે છે.

શંકા :- પણ આ રીતે તો કોઈ ધારાધોરણ જ નહીં રહે. 'वृक्षः फलति' સ્થળે वृक्ष શબ્દથી 'ઝાડ' અર્થ જણાઈ આવે છે છતાં ત્યાં तरुः, पादपः આ પ્રયોગો પણ બિનજરૂરી થવા લાગશે.

સમાધાન :- ના. એવું નથી. નિખञ्જતિ, પ્રલમ્બતે, द्वौ अपूपौ आनय વિગેરે ગતાર્થ એવા જે શબ્દોનો પ્રયોગ જોવામાં આવે છે, તેવા શબ્દોનો જ પ્રયોગ કરી શકાય છે. પરંતુ 'वृक्षः तरुः पादपः' આવા પ્રયોગ જોવામાં આવતા નથી, માટે તે ન કરી શકાય.

શંકા :- સમાન અર્થ હોવા છતાં खञ्जति ના બદલે નિખञ्જતિ પ્રયોગ કરીએ તો શું માત્રાગૌરવ ન થાય ?

(A) ઉપર શંકામાં જે ગતાર્થ એવા અધિ-પરિ અવ્યયની વાત કરી ત્યાં પણ આ જ પ્રમાણે અનર્થકતા સમજવી. બાકી ધાતુને સમાન જ અર્થને દ્યોતિત કરનારા તેઓ પણ વાસ્તવિકતાએ અનર્થક નથી.

સમાધાન :- આ તો લૌકિક પ્રયોગ છે. લોક કાંઈ પ્રયોગની બાબતમાં લાઘવ-ગૌરવની સમીક્ષા નથી કરતું. વાત એમ છે કે સમાન અર્થ હોવા છતાં જેમ કો'ક વાક્યમાં યાવ શબ્દ વપરાય છે, તેમ કો'ક વાક્યમાં તેનાથી અન્ય યાવક શબ્દ વપરાય છે. કો'ક સ્થળે ઋષભ શબ્દ વપરાય છે, તો ક્યાંક વૃષભ શબ્દ વપરાય છે. અમુક સ્થળે ખઞ્જતિ વિગેરે શબ્દો વપરાય છે, તો અમુક ઠેકાણે નિખઞ્જતિ વિગેરે શબ્દો વપરાય છે. તેમાં જ્યારે નિખઞ્જતિ કે પ્રલમ્બતે શબ્દ વપરાયા હોય ત્યારે નિ-પ્ર શબ્દને ધાતુના અર્થની અભિવ્યક્તિમાં સહાયકરૂપે સ્વીકારવાના. અર્થાત્ તેઓ અર્થના કથનમાં ધાતુના સહાભિધાયી છે એમ સ્વીકારવાથી કોઈ દોષ નથી. માટે જ તેમને ગતાર્થ કહ્યા છે, અનર્થક નહીં. નિ અને પ્ર નો કોઈ અર્થ હોય તો તે ગતાર્થ (પ્રકરણાદિવશ જાણાઈ ગયો) છે એમ કહેવાનું રહે. બાકી અર્થ વગર તે ગતાર્થ બની જ શી રીતે શકે ?

વળી 'धातोः पूजार्थ० ३.१.१' સૂત્રમાં ધાત્વર્થના દ્યોતક પ્ર વિગેરેને ધાત્વર્થ ક્રિયાના યોગમાં (સંબંધમાં) ગતિ અને ઉપસર્ગસંજ્ઞાનું વિધાન કર્યું છે. અનર્થકને વ્યપેક્ષાસામર્થ્ય ન હોવાથી અનર્થક અધિ-પરિ ને ક્રિયા સાથે યોગ ન સંભવતા તેમને ઉપસર્ગ કે ગતિ સંજ્ઞાની પ્રાપ્તિ જ નહોતી. તેથી 'धातोः पूजार्थ०' સૂત્રમાં 'गतार्थाधिपरि' કહી અધિ--પરિ ને ઉપસર્ગ અને ગતિસંજ્ઞાનો નિષેધ ફરમાવવો વ્યર્થ થાત. છતાં નિષેધ ફરમાવ્યો છે એનાથી પણ ખબર પડે છે કે તેઓ અનર્થક નથી થતા પણ ગતાર્થ થાય છે.

શંકા :- સૂત્રના 'अधातु-विभक्ति-वाक्यम्' સ્થળે 'धातु-विभक्ति-वाक्यादन्यत्' આમ तद्भिन्नस्तदसदृग्ग्राही પર્યુદાસ નઞ્ છે ? કે धातु-विभक्ति-वाक्यं न આમ निषेधकृत् प्रसज्यप्रतिषेध નઞ્ છે ?

સમાધાન :- પર્યુદાસ નઞ્ છે.

શંકા :- જો પર્યુદાસ નઞ્ માનશો તો काण्डे અને कुड्ये સ્થળે काण्ड અને कुड्य ના अ ની સાથે વિભક્તિના ई પ્રત્યયનો ए આમ એકાદેશ થતા પૂર્વભાગસ્વરૂપ (પ્રકૃતિસ્વરૂપ) વિભક્ત્યંત સદશ काण्डे અને कुड्ये ને નામસંજ્ઞા થવાનો પ્રસંગ આવશે. આશય એ છે કે काण्ड + ई અને कुड्य + ई અવસ્થામાં પૂર્વવર્તી काण्ड અને कुड्य પ્રકૃતિ છે તથા પરવર્તી ई વિભક્તિનો પ્રત્યય છે. काण्ड અને कुड्य પ્રકૃતિનો अ તથા ई પ્રત્યયનો મળીને જ્યારે ए આદેશ થાય ત્યારે ***'उभयस्थाननिष्पन्नोऽन्यतरव्यपदेशभाक्'*** [A] ન્યાયથી તે પૂર્વવર્તી પ્રકૃતિનો અંત્ય અવયવ ગણાય. આમ ई પ્રત્યય ए આદેશરૂપે પ્રકૃતિમાં ભળી જવાથી काण्डे અને कुड्ये વિભક્ત્યંત ન ગણાય. વળી પાછા તેઓ અર્થવાન્ તો છે જ. તેથી अ०विभक्ति[B] આ પર્યુદાસ નઞ્ પ્રમાણે काण्डे અને कुड्ये વિભક્ત્યંતથી ભિન્ન અને અર્થવાન્ રૂપે વિભક્ત્યંતને સદશ હોવાથી તેમને નામસંજ્ઞા થવાનો પ્રસંગ આવશે (અને નામસંજ્ઞા થવાના કારણે 'क्लिबे २.४.९७' સૂત્રથી

(A) પૂર્વ અને પર બન્ને સ્થાનિઓને ઠેકાણે થયેલો એક આદેશ બન્ને પૈકીના કોઈપણ એક સ્થાનિના વ્યપદેશને પામે છે.

(B) અહીં અ०વિભક્તિ આટલો જરૂરી અંશ જ બતાવ્યો છે. બાકી अधातु-विभक्ति-वाक्यम् પ્રમાણે काण्डे અને कुड्ये એ ધાતુ, વિભક્ત્યંત અને વાક્યથી ભિન્ન અને અર્થવાન્ રૂપે તેમને સદશ છે એમ બતાવવામાં પણ વાંધો નથી.

હ્રસ્વભાવ થવાની આપત્તિ આવે.) તેથી આવું ન થાય તે માટે સૂત્રમાં તમારે આવા સ્થળે નામસંજ્ઞાનો પ્રતિષેધ બતાવવાનો રહે. આમ પર્યુદાસ નઞ્ માનવામાં દોષ છે. જ્યારે પ્રસજ્યપ્રતિષેધ નઞ્ સ્વીકારવામાં કોઈ દોષ નથી. કેમકે તેના પ્રમાણે કાણ્ડે અને કુડ્યે વિભક્ત્યંત હોવાથી તેમને નામસંજ્ઞા થવાનો પ્રસંગ નથી.

સમાધાન :- અહીં પર્યુદાસ નઞ્ માનવો જ વ્યાજબી છે, કેમકે તે વિધિપ્રધાન છે. વિધિપ્રધાન એટલા માટે છે કે તેમાં નિષેધ કરવો એ મુખ્ય નથી, પરંતુ જેનો નિષેધ કર્યો હોય તેના સદશને ગ્રહણ કરાવવું મુખ્ય છે. જ્યારે પ્રસજ્યપ્રતિષેધ નઞ્ નિષેધપ્રધાન છે, કેમકે તે માત્ર વિવક્ષિત વસ્તુનો નિષેધ કરીને અટકી જાય છે. હવે ***'विधौ संभवति निषेधाङ्गीकारस्याऽयुक्तत्वम्'*** નિયમ મુજબ વિધાયક વસ્તુને જ સ્વીકારવી યુક્ત કહેવાય. માટે અહીં પર્યુદાસ નઞ્ સ્વીકારવો વ્યાજબી છે[A]. તથા પ્રસ્તુતમાં પ્રસજ્યપ્રતિષેધ નઞ્ ને સ્વીકારવામાં વાક્યભેદરૂપ ગૌરવ દોષ તથા અસમર્થસમાસકલ્પનાત્મક દોષ પણ આવે છે. તે આ રીતે - સૌ પ્રથમ તો પ્રસજ્યપ્રતિષેધ નઞ્ નિષેધકૃત્ હોય છે અને તે નિષેધ ત્યારે કરી શકે, જો તે ક્રિયાની સાથે અન્વય પામે. માટે તે ક્રિયાન્વયી હોય છે. 'अधातु-विभक्ति-वाक्यम्' સ્થળે જો પ્રસજ્યપ્રતિષેધ નઞ્ માનીએ તો ત્યાં भवति ક્રિયાપદનો અધ્યાહાર કરી अ (નઞ્) નો અન્વય તેની સાથે કરવો પડે. આમ તો નઞ્ નો અન્વય धातु-विभक्ति-वाक्यम् ની સાથે છે. છતાં તેને તોડી ક્રિયાપદની સાથે તેને જોડવામાં વાક્યભેદ દોષ આવે છે. અહીં ક્રિયાપદનો અધ્યાહાર અને સામાસિકપદનો અન્વય તોડી ક્રિયાપદની સાથે નઞ્ નો અન્વય ગોઠવવો એ ગૌરવ છે. તથા સમાસ એ પદવિધિ છે અને પદવિધિ 'समर्थः पदविधिः ૭.૪.૧૨૨' પરિભાષા પ્રમાણે સમર્થ પદોને લઈને થાય. 'अधातु-विभक्ति-वाक्यम्' સ્થળે જો પ્રસજ્યપ્રતિષેધ નઞ્ માનીએ તો તે ક્રિયાન્વયી હોવાના કારણે નઞ્ ક્રિયાપદને સાપેક્ષ ગણાય. ***'सापेक्षमसमर्थम्'*** ન્યાય મુજબ જે અમુકની સાથે સાપેક્ષ હોય તે અન્યવિધિઓ પામવા માટે અસમર્થ ગણાતો હોવાથી ક્રિયાપદને સાપેક્ષ 'નઞ્' धातु-विभक्ति-वाक्यम् પદ સાથે સમાસ પામવા માટે અસમર્થ ગણાય. છતાં સૂત્રમાં પ્રસજ્યપ્રતિષેધના સંદર્ભમાં જો अधातु-विभक्ति-वाक्यम् પદ મૂક્યું હોય તો અસમર્થપદના સમાસની કલ્પનાનો દોષ આવે. પર્યુદાસ નઞ્ નામપદ સાથે અન્વય પામતો હોવાથી ત્યાં આ દોષ ન આવે. માટે પ્રસ્તુતમાં પર્યુદાસ નઞ્ જ સ્વીકારવો જોઈએ.

શંકા :- પણ અમે કહી તો ગયા કે પર્યુદાસ પ્રમાણે કાણ્ડે-કુડ્યે સ્થળે પ્રકૃતિના अ અને વિભક્તિના ઈ નો ए આવો એક આદેશ ઉભયસ્થાનનિષ્પન્ન હોવાના કારણે પૂર્વવર્તી કાણ્ડે અને કુડ્યે ને નામસંજ્ઞારૂપ કાર્ય કરવાનું હોતે છતે ए આદેશ કાણ્ડ અને કુડ્ય નું અંત્યાવયવ બને. અર્થાત્ કાણ્ડે અને કુડ્યે ને નામસંજ્ઞા થવાની પ્રાપ્તિ આવશે. ***'उभयस्थाननिष्पन्नो०'*** ન્યાયની વ્યવસ્થા એ રીતની છે કે જ્યાં પ્રકૃતિ આદિ પૂર્વવર્તી વસ્તુને કોઈ કાર્ય કરવું હોય ત્યાં ઉભયના સ્થાને થયેલો આદેશ પૂર્વવર્તી વસ્તુનું અંત્યાવયવ બને છે. જ્યાં પ્રત્યયાદિ પરવર્તી વસ્તુને કોઈ કાર્ય કરવું

(A) પ્રસજ્યપ્રતિષેધ નઞ્ સ્વીકારવામાં કાણ્ડે તથા કુડ્યે સ્થળે પણ ઉપર શંકામાં જણાવેલ પર્યુદાસ નઞ્ પ્રમાણેની આપત્તિ આવે જ છે.

હોય ત્યાં તે આદેશ પરવર્તી વસ્તુનું આદિ અવયવ બને છે અને પૂર્વવર્તી તથા પરવર્તી બન્નેને એકસાથે કાર્ય કરવાના હોય તેવા અવસરે ઉભયસ્થાનનિષ્પન્ન આદેશ કોઈનો પણ અંત્ય અવયવ કે આદિ અવયવ નથી બનતો. આ લૌકિકી વિવક્ષા (વ્યવસ્થા) કૂળવધૂની જેમ ક્યારેય મર્યાદાને ઓળંગતી નથી. અર્થાત્ આ વ્યવસ્થામાં ક્યારેય વ્યભિચાર (બાંધછોડ) જોવામાં નથી આવતો. તો પર્યુદાસ નઞ્ પ્રમાણે વિભક્ત્યંતથી ભિન્ન અને અર્થવાન્ રૂપે તેને સદશને નામસંજ્ઞાનું વિધાન હોવાથી નપુંસકલિંગ કાણ્ડે અને કુડ્યે ને નામસંજ્ઞા થતા 'क्लिबे ૨.૪.૯૭' સૂત્રથી તેમના અંત્યસ્વરને હ્રસ્વ આદેશ થવાની આપત્તિ આવશે.

સમાધાન :- આપત્તિ નહીં આવે. કેમકે ***'लिङ्गसंख्यावद्द्रव्यम्'*** નિયમ મુજબ નપુંસકલિંગનો અન્વય દ્રવ્યને જ સંભવે. દ્રવ્યવાચિત્વ નામમાં જ હોય, વિભક્ત્યંતમાં નહીં. કેમકે વિભક્ત્યંત શક્તિપ્રધાન હોય છે. શક્તિ પ્રધાન એટલે કારકશક્તિ છે પ્રધાન જેને તે. કાણ્ડે અને કુડ્યે ***'उभयस्थाननिष्पन्नो०'*** ન્યાયના કારણે વિભક્ત્યંત નથી મનાતા. બાકી વાસ્તવિકતાએ ***'न ह्यन्तवद्भावेन नामत्वे सत्यपि शक्ति–संख्याप्राधान्यं हीयते'*** નિયમ મુજબ તેઓ પ્રથમા વિભક્તિના ઈ પ્રત્યયને લઈને કર્તૃત્વશક્તિના બોધક હોવાથી શક્તિપ્રધાન તેઓ વિભક્ત્યંત છે, માટે તેમને નપુંસકલિંગનો અન્વય ન થવાથી 'क्लिबे ૨.૪.૯૭' સૂત્રથી તેમના સ્વરનો હ્રસ્વ આદેશ થવાની આપત્તિ નહીં આવે.

શંકા :- પ્રકૃતિ અને વિભક્તિના પ્રત્યયમાં વિભક્તિના પ્રત્યયો કર્તૃત્વાદિ કારકશક્તિના બોધક હોય છે, જ્યારે નામાત્મક પ્રકૃતિ શક્તિમાન દ્રવ્યની બોધક હોય છે. જેમકે 'चैत्रः गच्छति' અહીં સિ પ્રત્યય કર્તૃત્વશક્તિને જણાવે છે. અને ચૈત્ર પ્રકૃતિ કર્તૃત્વશક્તિથી વિશિષ્ટ શક્તિમાન ચૈત્ર કર્તાને જણાવે છે અર્થાત્ ગમનક્રિયાના કર્તા એવા ચૈત્રને જણાવે છે. આમ વિભક્ત્યંતથી શક્તિ અને શક્તિમાન (દ્રવ્ય) બન્ને જણાતા હોવાથી ***'लिङ्गसंख्यावद्द्रव्यम्'*** નિયમ મુજબ વિભક્ત્યંતને પણ લિંગનો અન્વય થઈ શકે છે. તેથી કાણ્ડે તથા કુડ્યે ને નપુંસકલિંગનો અન્વય થઈ શકતા તેમના સ્વરના હ્રસ્વઆદેશની આપત્તિ ઊભી જ છે.

સમાધાન :- અસત્ત્વવાચી હોવાથી અવ્યયને જેમ લિંગનો અન્વય નથી થતો, તેમ વિભક્ત્યંતને પણ લિંગનો અન્વય નહીં થાય. માટે કોઈ આપત્તિ નથી. કહેવાનો ભાવ એ છે કે વિભક્ત્યંત ક્યાંક સાધન (વિભક્ત્યર્થ) પ્રધાન હોય છે. જેમકે - काण्डे અને कुड्ये ; અને ક્યાંક તે ક્રિયાપ્રધાન હોય છે, જેમકે - रमते ब्राह्मणकुलम्, અહીં વિભક્ત્યંત रमते ક્રિયાપ્રધાન છે. काण्डे અને कुड्ये નો અર્થ 'કાણ્ડના સ્થાને' અને 'કુડ્યના સ્થાને' થતો હોવાથી અહીં સપ્તમી વિભક્ત્યર્થ 'અધિકરણ' અર્થ પ્રધાન બને છે અને રમતે સ્થળે 'રમવાની ક્રિયા' અર્થ પ્રધાન બને છે. કોઈપણ વસ્તુનો પ્રધાનની સાથે અન્વય થાય. અહીં પ્રધાન અધિકરણતા અને રમવાની ક્રિયા બને છે. જે અસત્ત્વવાચી (અર્થાત્ અદ્રવ્યવાચી) હોવાથી એમનામાં લિંગપ્રતિપાદનનું સામર્થ્ય નથી. કેમકે ભાવશક્તિ એટલે કે પદાર્થશક્તિ વિચિત્ર હોય છે. આમ અહીં નપુંસકલિંગનો અન્વય નહીં થાય. કેમકે આગળ આપણે જોઈ ગયા છીએ કે લિંગ અને સંખ્યાનો અન્વય દ્રવ્ય સાથે થાય છે. આમ काण्डे અને कुड्ये તથા रमते નપુંસક ન થવાથી ત્યાં હ્રસ્વ આદેશની આપત્તિ નહીં આવે.

શંકા :- સમભ્યન્ત કાણ્ડે અધિકરણ શક્તિપ્રધાન હોવા છતાં પ્રથમા દ્વિવચનાન્ત કાણ્ડે તિષ્ઠતઃ સ્થળે કાણ્ડે દ્રવ્યપ્રધાન હોવાથી ત્યાં તો નપુંસકલિંગનો અન્વય થવાથી હ્રસ્વાદેશની આપત્તિ આવશે ને ?

સમાધાન :- કાણ્ડે તિષ્ઠતઃ સ્થળે અર્થ 'બે કાણ્ડ ઊભા છે' આવો થતો હોવાથી અહીં પણ સંખ્યા[A] અર્થ પ્રધાન બને છે, દ્રવ્ય અર્થ નહીં. માટે અહીં પણ નપુંસકલિંગનો અન્વય ન થવાથી હ્રસ્વાદેશની આપત્તિ નહીં આવે.

શંકા :- પૂર્વે આપણે વિચાર્યું તેમ કાણ્ડે સ્થળે કાણ્ડ પ્રકૃતિરૂપ અવયવને જે નામસંજ્ઞા પ્રાપ્ત હતી, તે ***'उभयस्थाननिष्पन्नो०'*** ન્યાય પ્રમાણે કાણ્ડે આ પ્રકૃતિ-પ્રત્યયના સમુદાયને પણ પ્રાપ્ત છે. આમ કાણ્ડે નામસંજ્ઞક હોવાથી તે દ્રવ્યવાચી ગણાય. તેથી તેને નપુંસકલિંગનો યોગ થવાથી હ્રસ્વાદેશની આપત્તિ ઊભી રહે છે.

સમાધાન :- અહીં નામસંજ્ઞા વાસ્તવિકતાએ કાણ્ડ અવયવને થઈ છે. અર્થાત્ તે અવયવનો ગુણધર્મ છે. ***'अवयवधर्मेण समुदायकल्पनाऽत्र न ज्यायसी'*** નિયમ મુજબ કાણ્ડ અવયવની નામસંજ્ઞા કાણ્ડે આ પ્રકૃતિ-પ્રત્યયના સમુદાયને લાગુ પાડવી વ્યાજબી ન ગણાય. માટે કાણ્ડે નામસંજ્ઞક ન હોવાથી તે દ્રવ્યવાચી ન ગણાતા તેને નપુંસકલિંગનો યોગ નહીં થાય. આમ હ્રસ્વાદેશની આપત્તિ ન હોવાથી આ સૂત્રમાં કાણ્ડે જેવા સ્થળોને નામસંજ્ઞા વારવા કોઈ પ્રતિષેધ બતાવવાની જરૂર નથી.

શંકા :- ***'अवयवे कृतं लिङ्गं समुदायमपि विशिनष्टि'*** ન્યાય મુજબ અવયવનું લિંગ સમુદાયને લાગુ પડવું જોઈએ ને ? માટે આપત્તિ ઊભી જ છે.

સમાધાન :- આ ન્યાય હોવાથી જ આપત્તિને વારવા માટે અવયવ દ્વારા નહીં પણ સાક્ષાત્ જેને નપુંસકત્વ હોય તેને હ્રસ્વ આદેશ કરવા 'क्लिबे २.४.९७' સૂત્રમાં 'यत्' અને 'तस्य' પદ દર્શાવ્યા છે. આશય એ છે કે 'क्लिबे २.४.९७' સૂત્રમાં क्लिबे એમ સપ્તમી વિભક્તિનો નિર્દેશ હોવાથી 'क्लिबे यत् तस्य ह्रस्वः' આ રીતે यत् અને तस्य પદનો આક્ષેપ થાય છે. આમ તો 'क्लिबे ह्रस्वः' (નપુંસકલિંગમાં વર્તતા નામને હ્રસ્વ થાય છે) એવું સીધી રીતે બતાવી શકાતું હતું, છતાં यत् અને तस्य પદનો આક્ષેપ કર્યો છે, તેથી ગ્રંથકારશ્રીને અહીં કાંઈક વિશેષ અર્થ બતાવવો છે કે 'જે નામ સાક્ષાત્ નપુંસકલિંગમાં વર્તતું હોય, વળી પાછો તેમાં વાસ્તવિકતાએ નપુંસકત્વ રૂપ ગુણ વર્તતો હોવો જોઈએ, અધ્યારોપિત નહીં, તેને જ હ્રસ્વાદેશ થાય છે. પરંતુ જે અવયવ દ્વારા નપુંસકલિંગમાં વર્તતું હોય તેને હ્રસ્વાદેશ નથી થતો.' કાણ્ડ શબ્દ સાક્ષાત્ નપુંસક છે, જ્યારે કાણ્ડે શબ્દ અવયવ દ્વારા નપુંસક છે, માટે ત્યાં હ્રસ્વ આદેશ થવાની આપત્તિ નહીં આવે.

(A) अत्र संख्याया इति शक्तेरुपलक्षणं संख्यायाः प्राधान्यासम्भवात्। (पा. सू. १.२.४७, उद्द्योत)

અથવા બીજી રીતે यत्-तस्य ને લઈને વિશેષ 'જે અનુપજાતવ્યતિરેક એવું નામ નપુંસકલિંગમાં વર્તતું હોય તેનો હ્રસ્વાદેશ થાય છે' આવો બતાવી શકાય. જે [A]સંખ્યાદિની પ્રતિપાદક વિભક્તિથી રહિત એવું નામ હોય તેને અનુપજાત વ્યતિરેક કહેવાય. काण्ड શબ્દ નપુંસકલિંગમાં વર્તતુ અનુપજાતવ્યતિરેક નામ છે, જ્યારે काण्डे શબ્દ સંખ્યાદિની પ્રતિપાદક વિભક્તિથી સહિત હોવાથી તે ઉપજાત વ્યતિરેક નામ છે. માટે ત્યાં ***'अवयवे कृतं लिङ्गम्'*** ન્યાયથી નપુંસકલિંગનો અન્વય થવા છતાં હ્રસ્વાદેશની આપત્તિ નહીં આવે.

આથી જ (= સાક્ષાત્ અને અનધ્યારોપિત નપુંસકત્વ ગુણવાળા નપુંસક નામને હ્રસ્વ આદેશ થતો હોવાથી જ) 'काष्ठा ध्यायकः' (અદ્‌ભૂત અધ્યયન કરનાર) સ્થળે હ્રસ્વ આદેશ નથી થતો. આશય એ છે કે काष्ठा શબ્દ આ કારાન્ત સ્ત્રીલિંગ નામ છે. પરંતુ તે અહીં ક્રિયાવિશેષણ હોવા છતાં પોતાના काष्ठा સ્વરૂપને ત્યજ્યા વિના જ અધ્યયન ક્રિયાને વિશેષિત કરે છે. અહીં પ્રશ્ન થશે કે "ध्यायक કૃદન્ત કર્તૃપ્રધાન છે, તેથી તેમાં ક્રિયા ગૌણ પડી જવાથી ગૌણ એવી અધ્યયન ક્રિયાની સાથે काष्ठा નો સંબંધ થઈ તે ક્રિયાવિશેષણ શી રીતે બની શકે ?" પરંતુ 'ग्रामं गतः' સ્થળે પણ गत કૃદન્ત કર્તૃપ્રધાન છે. તેથી ત્યાં ગમન ક્રિયા ગૌણ પડી જાય છે, છતાં જેમ ગૌણ એવી ગમન ક્રિયાની સાથે સંબંધ હોવાથી 'कर्तुर्व्याप्यं कर्म ૨.૨.૩' સૂત્રથી ग्राम ને કર્મસંજ્ઞા થઈ શકે છે, તેમ પ્રસ્તુતમાં काष्ठा પણ ક્રિયાવિશેષણ બની શકે છે. હવે ક્રિયાવિશેષણ નપુંસકલિંગમાં હોવું જરૂરી હોવાથી काष्ठा ક્રિયાવિશેષણમાં નપુંસકલિંગનો અધ્યારોપ કરવામાં આવે છે. તેમ થવાથી તેને 'क्रियाविशेषणात् ૨.૨.૪૧' સૂત્રથી દ્વિતીયાનો अम् પ્રત્યય લાગે છે કે જેનો 'अनतो लुप् ૧.૪.૫૯' સૂત્રથી લોપ થાય છે. લોપ થવાનું કારણ એ છે કે 'अनतो लुप् ૧.૪.૫૯' સૂત્રમાં એવું કોઈ વિશેષ કથન કર્યા વિના સામાન્યથી કોઈપણ अ કારાન્ત સિવાયના નપુંસક નામના सि-अम् પ્રત્યયના લુપ્‌ની વાત કરી છે. હવે અહીં काष्ठा નામ અધ્યારોપિત (ઉપચરિત) નપુંસકલિંગવાળું છે, માટે તેના સ્વરનો 'क्लिबे ૨.૪.૯૭' સૂત્રથી હ્રસ્વ આદેશ નથી થતો.

વૃત્તિસ્થળે ઉપસર્જન (ગૌણ) પદ અર્થાન્તરનો (= પ્રધાનપદના અર્થનો) સ્વીકાર[B] કરતો હોવાથી ત્યાં અનધ્યારોપિત (અનુપચરિત) નપુંસકત્વ હોય છે. માટે ત્યાં હ્રસ્વ આદેશ થઈ શકે છે. જેમકે-सेनानिकुलम् આ સમાસવૃત્તિ સ્થળે દીર્ઘ ई કારાન્ત सेनानी શબ્દનો कुल શબ્દની સાથે सेनान्याः कुलम् = सेनानिकुलम् સમાસ થયો છે. અહીં सेनान्याः પદ ગૌણ હોવાથી તે પ્રધાન એવા નપુંસકલિંગ कुलम् શબ્દના અર્થનો સ્વીકાર કરતો હોવાથી સમાસમાં सेनानी શબ્દ વાસ્તવિકતાએ નપુંસક બને છે. માટે તેના સ્વરનો सेनानि એમ 'क्लिबे ૨.૪.૯૭' સૂત્રથી હ્રસ્વ આદેશ થઈ શકે છે.

(A) अनुपजातव्यतिरेकस्य = संख्यादिप्रतिपादकविभक्तिरहितस्येत्यर्थः। (पा.सू. ૧.૨.૪૭ म.भाष्यप्रदीपोद्द्योतनम्)

(B) આ અંગે વિશેષ જાણવા અમારા ૧.૪ ના વિવરણવાળા પુસ્તકના પરિશિષ્ટ-૩ માં વૃત્તિ, अजहत्स्वार्थवृत्ति અને जहत्स्वार्थवृत्ति શબ્દો જોવા.

શંકા :- 'क्लिबे ૨.૪.૯૭' સૂત્રમાં यत् અને तस्य આવા કોઈ શબ્દો બતાવ્યા નથી. તો તમે એ શબ્દોને લઈ અર્થ શી રીતે કરી શકો ?

સમાધાન :- સાચી વાત છે. તે સૂત્રમાં સાક્ષાત્ यत् અને तस्य આવા કોઈ શબ્દો મૂક્યાં નથી. છતાં આગળ કહ્યું તો ખરું કે क्लिबे એમ સપ્તમીના નિર્દેશબળે 'क्लिबे यत् शब्दरूपं तस्य ह्रस्वः' આમ તેમનો આક્ષેપ કર્યો છે. બાકી જો આ રીતે यत् અને तस्य નો આક્ષેપ ન કરવાનો હોત તો ગ્રંથકાર 'नपुंसकस्य शिः ૧.૪.૫૫' સૂત્રની જેમ તે સૂત્ર 'क्लिबस्य' આવું શું કામ ન બનાવે ? કેમકે ષષ્ઠ્યંત સૂત્ર બનાવવાથી 'क्लिबे वर्तमानस्य नाम्नः' આમ વ્યધિકરણ વિશેષણ-વિશેષ્યભાવના બદલે 'क्लिबस्य नाम्नः' આમ સમાનાધિકરણ વિશેષણ-વિશેષ્યભાવ જાળવી શકાત. માટે જે કર્યું છે તે બધું વ્યવસ્થિત છે.

(11) નામ ના પ્રદેશો 'नाम सिदय्व्यञ्जने ૧.૧.૨૧' વિગેરે છે ।।૨૭।।

शिर्घुट् ।।૧.૧.૨૮।।

बृ.वृ.-(1)जस्-शसादेशः शिर्घुट्संज्ञो भवति। (2)पद्मानि तिष्ठन्ति, पद्मानि पश्य। (3)घुट्प्रदेशाः-"घुटि" (૧.૪.૬૮) इत्यादयः ।।૨૮।।

સૂત્રાર્થ :- નપુંસકલિંગમાં પ્રથમા અને દ્વિતીયા વિભક્તિના બહુવચનના जस् અને शस् પ્રત્યયનો 'नपुंसकस्य शिः ૧.૪.૫૫' સૂત્રથી જે शि (इ) આદેશ થાય છે, તે शि ને घुट् સંજ્ઞા થાય છે.

<u>વિવરણ :-</u> (1) **શંકા :-** अप्शिते પ્રયોગમાં शि ને આ સૂત્રથી घुट् સંજ્ઞા થવાથી તે પરમાં હોતે છતે 'अपः ૧.૪.૮૮' સૂત્રથી अप् નો સ્વર દીર્ઘ થવાના કારણે आप्शिते પ્રયોગ થવાની આપત્તિ આવશે.

સમાધાન :- સૂત્રમાં જે शि લેવાનો છે તે 'नपुंसकस्य शिः ૧.૪.૫૫' સૂત્રથી વિહિત जस्-शस् ના આદેશરૂપ शि જ લેવાનો છે, બીજો નહીં.

શંકા :- સૂત્રમાં એવું ક્યાં જણાવ્યું છે કે એ જ शि લેવાનો, બીજો નહીં ?

સમાધાન :- ન્યાય છે કે ***'अर्थवद्ग्रहणे नानर्थकस्य'***.(A) એનાથી અર્થવાન્ એવા शि (जस्-शस् આદેશરૂપ) નું જ ગ્રહણ થશે. शिते વિગેરેનો शि અર્થવાન્ ન હોવાથી તેનું ગ્રહણ નહીં થાય.

તાત્પર્ય એ છે કે કાર્યી શબ્દ બે પ્રકારના હોય છે; સાર્થક અને નિરર્થક. ત્યાં સમુદાયરૂપ શબ્દ 'સાર્થક'(B)

(A) અર્થવાળા પ્રત્યય કે પ્રકૃતિરૂપ શબ્દનું ગ્રહણ સંભવતું હોય ત્યારે અનર્થક એવા પ્રત્યય કે પ્રકૃતિરૂપ શબ્દનું ગ્રહણ ન કરવું.

(B) शि (जस्-शस् आदेश) નો 'બહુત્વ' વિગેરે જેમ સ્વતંત્ર અર્થ છે, તેમ शिते ના शि અવયવનો સ્વતંત્ર કોઈ અર્થ નથી. માટે ત્યાં ક્રમશઃ સાર્થકતા-નિરર્થકતા છે.

હોય છે અને અવયવરૂપ શબ્દ 'નિરર્થક' હોય છે, કારણ સમુદાયમાં જ 'શક્તિ' (શબ્દની અર્થબોધકતારૂપ શક્તિ)નું જ્ઞાન થાય છે. હવે વિવક્ષિત કોઈક શબ્દ ક્યાંક સમુદાયરૂપે હોય છે, તો ક્યાંક અવયવરૂપે હોય છે. જેમકે શિ શબ્દ અંગે વિચારતા જસ્-શસ્ ના આદેશભૂત એવો શિ સમુદાયરૂપ છે, અવયવરૂપ નહીં. જ્યારે શિતે નો શિ શિતે ના અવયવરૂપ છે, સમુદાયરૂપ નહીં. આમ સમુદાયરૂપ (સાર્થક) શિ અને અવયવરૂપ (નિરર્થક) શિ, એમ બે પ્રકારના શિ હોતે છતે સૂત્રસ્થ શિ થી કોનું ગ્રહણ કરવું ? ત્યાં પ્રસ્તુત ન્યાય કહેશે કે 'સાર્થક શિ નું જ ગ્રહણ કરવું.'

અથવા બીજી રીતે તમારી શંકાનું સમાધાન આ રીતે કરશું. ***'प्रत्ययाप्रत्ययोः प्रत्ययस्यैव ग्रहणम्'***[(A)] એવો ન્યાય છે. એનાથી પ્રત્યય અને અપ્રત્યય ઉભયરૂપે સંભવતા એવા શિ માંથી પ્રત્યયરૂપ શિ નું જ અહીં ગ્રહણ થશે.

(2) દૃષ્ટાંત -

		(i) पद्मानि तिष्ठन्ति	(ii) पद्मानि पश्य
		पद्म + जस्	पद्म + शस्
❊ 'नपुंसकस्य शिः १.४.५५'	→	पद्म + शि	पद्म + शि
❊ 'स्वराच्छौ १.४.६५'	→	पद्मन् + शि	पद्मन् + शि
❊ 'शिर्घुट् १.१.२८'	→	शि ने घुट् संज्ञा	शि ने घुट् संज्ञा
❊ 'नि दीर्घः १.४.८५'	→	पद्मान् + शि	पद्मान् + शि
		= पद्मानि।	= पद्मानि।

પાણિનિ વિગેરે બીજા વ્યાકરણકારોએ 'ઘુટ્' જેવી કોઈ લઘુસંજ્ઞા વાપરવાના બદલે 'સર્વનામસ્થાન' એવી ગુરૂસંજ્ઞા વાપરી છે. અહીં કોઈ એમ કહે કે ''સર્વનામસ્થાન સંજ્ઞા નિષ્પ્રયોજન નથી. પરંતુ તે સાન્વર્થ હોવાથી તેના દ્વારા પાણિનિ ઋષિને જણાવવું છે કે 'सर्वं नाम तिष्ठति अस्मिन्'[(B)] વ્યુત્પત્ત્યનુસાર શિ આદિ સર્વનામ-સ્થાન[(C)] પ્રત્યયો પરમાં વર્તતા સંપૂર્ણ નામ ટકે છે અને એ સિવાયના પ્રત્યયો પરમાં વર્તતા સંપૂર્ણ નામ નથી ટકતું, ક્વચિત્ નામનો એક ભાગ ચાલ્યો જાય છે.' જેમ કે उपसेदुषः પ્રયોગસ્થળે उप + सद् ધાતુને -

---

(A) વિવક્ષિત શબ્દ પ્રત્યયરૂપે અને અપ્રત્યયરૂપે સંભવતો હોય, ત્યાં પ્રત્યયરૂપ શબ્દ જ ગ્રહણ કરવો, અપ્રત્યયરૂપ શબ્દ નહીં.

(B) અહીં सर्व શબ્દ અવયવના કાત્સ્ન્ર્ય (= સાકલ્ય) અર્થમાં છે અને નામ એટલે પ્રાતિપદિક (= નામાત્મક શબ્દ). તેથી શિ આદિ પ્રત્યયો પરમાં વર્તતા એક પણ અવયવની વિકલતા વિનાનું સંપૂર્ણ નામ ટકે છે. માટે તેઓ સર્વનામસ્થાન સંજ્ઞા પામે છે.

(C) પાણિનિ વ્યાકરણમાં પુંલિંગ-સ્ત્રીલિંગમાં સિ - औ - जस् - अम् - औ પ્રત્યયો તેમજ નપુંસકલિંગમાં શિ પ્રત્યય સર્વનામસ્થાન સંજ્ઞક છે.

પાણિનિ સૂત્ર	સિદ્ધહેમ સૂત્ર		
✲ 'भाषायां सद्वस० ३.२.१०८'	✲ 'तत्र क्वसु० ५.२.२'	→	उप + सद् + क्वसु
✲ 'लिटि धातोरनभ्यासस्य ६.१.८'		→	उप + सद् सद्[A] + क्वस
✲ 'अत एकहल्० ६.४.१२०'	✲ 'अनादेशादेरेक० ४.१.२४'	→	उप + सेद् + क्वसु
✲ 'वस्वेकाजाद्० ७.२.६७'	✲ 'स्कसृ-वृ-भृ० ४.४.८१'	→	उप + सेद् + इट् + क्वस
✲ 'कर्मणि द्वितीया २.३.२'	✲ 'गौणात् समया० २.२.३३'	→	उप+सेद्+इट्+क्वसु+शस्
✲ 'वसोः सम्प्रसारणम् ६.४.१३१'	✲ 'क्वस् उस्० २.१.१०५'	→	उप+सेद्+इट्+उस् +शस्

હવે આ અવસ્થામાં શસ્ (દ્વિ.બ.વ.) એ સર્વનામસ્થાન પ્રત્યય નથી. તેથી તેને સંપૂર્ણ નામને ટકાવનાર સર્વનામસ્થાન સંજ્ઞાનો અભાવ હોવાથી ઇટ્ અંશ ઉડી જાય છે અને આગળ સાધનિકામાં શસ્ ના સ્ નો ર્, ર્ નો વિસર્ગ આદેશ અને ઉપસેદુસ્ ના સ્ નો ષ્ આદેશ કરવાથી ઉપસેદુષઃ પ્રયોગ સિદ્ધ થાય છે, જેમાં ઉપસેદુસ્ નામ અખંડ નથી. અહીં ધ્યાનમાં રાખવું કે ઉપસેદુષઃ પ્રયોગને સિદ્ધ કરવા ઉપ + સેદ્ + ઇટ્ + ઉસ્ + શસ્ અવસ્થામાં ઇટ્ ને ઉડાવવો જરૂરી હતો અને તેને ઉડાવવાનું બીજું કોઈ નિમિત્ત ન વર્તતા સર્વનામસ્થાન સંજ્ઞાની ગેરહાજરી રૂપ નિમિત્તના બળે ઉડાવવામાં આવ્યો છે. આમ પાણિનિ ઋષિએ બતાવેલી મોટી પાણ સર્વનામસ્થાન સંજ્ઞા સાન્વર્થ હોવાથી જરૂરી છે.'' તો આમ કહેનારની વાત બરાબર નથી. કેમ કે ઇટ્ ને રદબાતલ કરવાનું બીજું નિમિત્ત છે. ઇટ્ આગમ પાણિનિ વ્યાકરણ પ્રમાણે 'वस्वेकाजाद्०' (પા.સૂ. ૭.૨.૬૭) સૂત્રથી વ્યંજનાદિ ક્વસુ પ્રત્યયના નિમિત્તે થયો છે, અને સિદ્ધહેમ વ્યાકરણ પ્રમાણે 'स्कसृ-वृ-भृ० ४.४.८१' સૂત્રથી વ્યંજનાદિ પરોક્ષાને લઈને પ્રવર્ત્યો છે. હવે જ્યારે ઉપરોક્ત સાધનિકામાં ક્વસુ નો ઉસ્ આદેશ કરવામાં આવે છે, ત્યારે જેમ છત્રની સાથે તેનો છાંયો પણ ચાલ્યો જાય છે તેમ ઇટ્ નું નિમિત્ત વ્યંજનાદિ ક્વસુ પ્રત્યય ગેરહાજર થવાથી ***'निमित्तापाये नैमित्तिकस्याप्यपायः'*** ન્યાયાનુસાર ઇટ્ આગમ પણ આપમેળે ચાલ્યો જ જવાનો છે. માટે ઉપસેદુષઃ વિગેરે પ્રયોગોની સિદ્ધિ માટે કોઈ તકલીફ પડતી ન હોવાથી તેમની સિદ્ધિ માટે આટલી મોટી સર્વનામસ્થાન સંજ્ઞા કરી શસ્ આદિ પ્રત્યયોને તે સંજ્ઞાની પ્રાપ્તિનો અભાવ બતાવી તેના બળે ઇટ્ ને હટાવવાની નકામી માથાફોડમાં પડવું યુક્ત ન ગણાય. તેથી ગુરૂ એવી સર્વનામસ્થાન સંજ્ઞા કરવામાં પાણિનિ ઋષિની ક્ષતિ થઈ છે તેમાં કોઈ ફેર નથી[B]. માટે અહીં લઘુ એવી ઘુટ્ સંજ્ઞા કરી છે.

(3) ઘુટ્ ના પ્રદેશો 'घुटि १.४.६८' વિગેરે સૂત્રો છે ।।૨૮।।

(A) પાણિનિ વ્યાકરણમાં પહેલા સદ્ નું દ્વિત્વ કરે છે. પછી 'अत एकहल्० ६.४.१२०' સૂત્રથી દ્વિત્વ લોપ અને શિ આદેશ કરે છે. જ્યારે સિદ્ધહેમમાં 'अनादेशादे० ४.१.२४' સૂત્રથી જ ए આદેશ અને દ્વિત્વ-નિષેધ સાધી લેવામાં આવે છે.

(B) જુઓ 'પા.સૂ. ૧.૧.૪૨' કાશિકા ઉપરની પદમંજરી ટીકા.

पुं-स्त्रियोः[1] स्यमौजस् ।।१.१.२९।।

बृ.वृ.-औरिति[2] प्रथमा-द्वितीयाद्विवचनयोरविशेषेण ग्रहणम्। सि अम् औ २ जस् इत्येते प्रत्ययाः पुंलिङ्ग स्त्रीलिङ्ग च घुट्संज्ञा भवन्ति। राजा[3], राजानम्, राजानौ तिष्ठतः, राजानौ पश्य, राजानः। स्त्रियाम्- सीमा, सीमानम्, सीमानौ तिष्ठतः, पश्य वा, सीमानः। "नि दीर्घः" (१.४.८५) इति दीर्घः। पुं-स्त्रियोरिति[4] किम्? सामनी, वेमनी; घुट्त्वाभावाद् दीर्घो न भवति। किं पुनः[5] पुमान् स्त्री वा? लिङ्गम्। किं पुनस्तत्? अयम्, इयम्, इदम् इति यतस्तत् पुमान् स्त्री नपुंसकम् इति लिङ्गम्। तच्चार्थधर्म[6] इत्येके, शब्दधर्म इत्यन्ये, उभयथापि न दोषः।।२९।।

सूत्रार्थ :- પુંલિંગ અને સ્ત્રીલિંગમાં પ્રથમાના સિ ઔ જસ્ અને દ્વિતીયાના અમ્-ઔ એમ કુલ પાંચ પ્રત્યયોને ઘુટ્ સંજ્ઞા થાય છે.

सूत्रसमास :-
- पुमांश्च स्त्री च = पुंस्त्रियौ (इ.द्व.), तयोः पुंस्त्रियोः।
- सिश्च अम् च औश्च जश्च एतेषां समाहारः = स्यमौजस् (स.द्व.)।

विवरण :- (1) સૂતે અપત્યમ્ (જે પુત્રને જન્મ આપે) અથવા સ્ત્યાયતિ ગર્ભોઽસ્યામ્ (જેને વિષે ગર્ભ વિકાસ પામે તે) = સ્ત્રી, पुमांश्च स्त्री च पुं-स्त्रियौ.

शंका :- 'लघ्वक्षराऽसखीदुत् ३.१.१६०' સૂત્રથી દ્વન્દ્વસમાસમાં પૂજ્યવાચક નામનો પૂર્વપ્રયોગ થાય છે. સ્ત્રી શબ્દ પૂજ્ય ગણાતો હોવાથી पुंस्त्रियोः દ્વન્દ્વસમાસમાં સ્ત્રી શબ્દનો પ્રાગ્ નિર્દેશ થવો જોઈએ, તો સૂત્રકારે पुम्स् નામનો પ્રયોગ પૂર્વમાં કેમ કર્યો ?

समाधान :- તમારી વાત સાચી છે. તેથી स्त्री च पुमांश्च આ અવસ્થામાં 'स्त्रियाः पुंसो० ७.३.९६' સૂત્રથી अत् (અ) સમાસાન્ત પ્રત્યય થતા સ્ત્રીપુંસૌ પ્રયોગ થઈ ષષ્ઠી દ્વિવચનમાં स्त्रीपुंसयोः આવો પ્રયોગ થાય. છતાં અહીં पुंस्त्रियोः આવો અલૌકિક નિર્દેશ કરવા દ્વારા સૂત્રકાર જણાવવા માંગે છે કે 'ક્યારેક અલૌકિક પ્રયોગો પણ થાય છે.' જેમકે 'प्लक्षश्च न्यग्रोधश्च = प्लक्षन्यग्रोधौ' અહીં દ્વન્દ્વસમાસઘટક પ્લક્ષ શબ્દ પ્લક્ષ અને ન્યગ્રોધ બન્નેનું અભિધાન કરે છે. ન્યગ્રોધ શબ્દ પણ પ્લક્ષ અને ન્યગ્રોધ બન્નેનું અભિધાન કરે છે. આમ પ્લક્ષ પણ દ્વયર્થ છે, ન્યગ્રોધ પણ દ્વયર્થ છે, જે એ પ્રયોગની અલૌકિકતા છે. અને એ સમાસમાં જ જોવા મળે છે, અન્યત્ર નહીં.

તાત્પર્ય એ છે કે સહોક્તિ ગમ્યમાન હોય ત્યાં દ્વન્દ્વસમાસની પ્રવૃત્તિ થાય. ઈતરેતરયોગ અને સમાહારસ્થળે સહોક્તિ ગમ્યમાન હોવાથી તેમનો દ્વન્દ્વસમાસ થાય છે. 'સહોક્તિ[A] એટલે સમાસઘટક જે પદો છે, તે દરેક પદનું એક જ

(A) यद् वर्तिपदैः प्रत्येकपदार्थानां युगपदभिधानं सहोक्तिः।

કાળે (યુગપદ્) દરેક અભિધેયનું અભિધાન કરવું તે.' દ્વન્દ્વસમાસમાં સમાસઘટક દરેક પદો સમુદાયાર્થને જ કહે છે. તેથી એક જ પદથી એક જ કાળે બધા પદાર્થોનો બોધ સંભવે છે. હવે એકપદથી જ જો બધા પદાર્થોનો બોધ થઈ જાય તો ***'उक्तार्थानामप्रयोगः*** [A] ન્યાયથી ન્યગ્રોધ શબ્દનો પ્રયોગ અનુપપન્ન થશે, પ્લક્ષૌ પ્રયોગથી જ પ્લક્ષ-ન્યગ્રોધનો બોધ થઈ જશે. તો ત્યાં સમજવું કે ''પ્લક્ષૌ પ્રયોગ કરત તો 'બે પ્લક્ષ' અભિધેય છે કે 'પ્લક્ષ-ન્યગ્રોધ' અભિધેય છે ?'' એવો સંદેહ થાત. તેનું નિરાકરણ કરવા સમાસઘટક ન્યગ્રોધ પદ છે.

અથવા દિવાશ્રયઃ એ પણ અલૌકિક નિર્દેશ છે. કેમકે *** 'एकार्थं चानेo ३.१.२२' → द्यौः आश्रयः यस्य स = दिव् + सि, आश्रय + सि, * 'ऐकार्थ्ये ३.२.८' → दिव् + आश्रय, * 'स्थानीवाo ७.४.१०९' → लुप्त सि नो स्थानिवद्भाव, * 'तदन्तं पदम् १.१.२०' → दिव् ने पदसंज्ञा, * 'उः पदान्तेo २.१.११८' → दिउ + आश्रय;** અહીં બતાવ્યા મુજબ દિવ્ ના વ્ નો ઉ થાય, પરંતુ દિવાશ્રયઃ પ્રયોગમાં તેવું નથી થયું. કારણ ત્યાં દિવ્ શબ્દ નથી પણ દિવ એમ અ કારાન્ત શબ્દ છે. સમાસાદિવૃત્તિમાં જ અ કારાન્ત દિવ શબ્દનો પ્રયોગ કરાય છે, બીજે નહીં. આ તેની અલૌકિકતા છે.

(2) શંકા :- સૂત્રમાં औ નું ઉપાદાન अम् પછી કર્યું હોવાથી દ્વિતીયા વિભક્તિના औ નું ગ્રહણ થશે, પ્રથમા વિભક્તિના औ નું નહીં. કારણ પ્રથમા વિભક્તિનો औ જો તેમને ગ્રહણ કરવો હોત તો સ્યૌજસમૌ (सि-औ-जस्-अम्-औ) આવું સૂત્ર બનાવત.

સમાધાન :- એવું નથી. સૂત્રમાં સિ પછી अम् અને ત્યાર પછીના ક્રમે जस्; आम सि વિગેરેનો જે વ્યતિક્રમથી (આડોઅવળો) નિર્દેશ કર્યો છે, એ જ સિદ્ધ કરે છે કે અહીં औ ની આવૃત્તિ (દ્વિરુચ્ચારણ) કરીને પ્રથમા અને દ્વિતીયા એમ બન્નેના औ લેવાના છે, તે આ પ્રમાણે.

સૂત્રમાં अम् અને जस् ની વચ્ચે જે औ શબ્દ લીધો છે તે એકશેષ વૃત્તિ પામેલો છે એમ ગણી તેની આવૃત્તિ કરી એક औ ને अम् સાથે મેળવાળો લેવો, જેથી દ્વિતીયા દ્વિવચનના औ નું ગ્રહણ થઈ શકે. બીજા औ ને जस् સાથે મેળવાળો લેવો, જેથી પ્રથમા દ્વિવચનના औ નું ગ્રહણ થાય. જો સૂત્રકારશ્રીને દ્વિતીયા દ્વિવચનનો જ औ પ્રત્યય લેવો ઈષ્ટ હોત તો તેઓશ્રી સૂત્રમાં जस् પ્રત્યયને अम् પ્રત્યયની પૂર્વે બતાવત. પરંતુ બન્ને औ નું ગ્રહણ કરવું છે માટે જ બૃ. વૃત્તિમાં 'अविशेषेण ग्रहणम्' લખ્યું છે.

(3) <u>દૃષ્ટાંત</u> -

(i) राजा	**(ii) राजानः**
राजन् + सि	**राजन् + जस्**
*** 'पुं-स्त्रियोः० १.१.२९' → सि ने घुट् संज्ञा**	*** 'पुं-स्त्रियोः० १.१.२९' → जस् ने घुट् संज्ञा**

(A) જેઓનો અર્થ ઉક્ત (અભિહિત) થઈ ગયો હોય અર્થાત્ જણાઈ ગયો હોય તેનો પ્રયોગ કરવો નહીં.

❋ 'नि दीर्घः १.४.८५' → राजान् + सि	❋ 'नि दीर्घः १.४.८५' → राजान् + जस्
❋ 'दीर्घङ्याब्० १.४.४५' → राजान्	❋ 'सो रुः २.१.७२' → राजानर्
❋ 'नाम्नो नो० २.१.९१' → राजा।	❋ 'रः पदान्ते० १.३.५३' → राजानः।

	(iii) राजानौ तिष्ठतः	(iv) राजानौ पश्य	(v) राजानम्
	राजन् + औ	राजन् + औ	राजन् + अम्
❋ 'पुं-स्त्रियोः० १.१.२९' →	औ ने घुट् संज्ञा	औ ने घुट् संज्ञा	अम् ने घुट् संज्ञा
❋ 'नि दीर्घः १.४.८५' →	राजान् + औ	राजान् + औ	राजान् + अम्
	= राजानौ।	= राजानौ।	= राजानम्।

સ્ત્રીલિંગના सीमा, सीमानौ, सीमानः, सीमानम् અને सीमानौ પ્રયોગોની સાધનિકા પણ ઉપરોક્ત પ્રયોગો પ્રમાણે યથાયોગ્ય કરી લેવી.

(4) સિ વિગેરે પાંચ પ્રત્યયોને જે ઘુટ્ સંજ્ઞા કરી છે તે પુંલિંગ-સ્ત્રીલિંગમાં જ થાય એવું કેમ ?

(a) સામની (b) વેમની – ❋ सामन् + औ **અને** वेमन् + औ ❋ **'औरीः १.४.५६'** → सामन् + ई = **सामनी અને** वेमन् + ई = **वेमनी।**

આ સૂત્રથી નપુંસકલિંગમાં औ ને ઘુટ્સંજ્ઞા ન થવાના કારણે 'नि दीर्घः १.४.८५' સૂત્રથી અ ને દીર્ઘ આ આદેશ નહીં થાય, તેથી सामनी, वेमनी આવું રૂપ થશે.

(5) શંકા :- સૂત્રમાં पुमान् અને स्त्री શબ્દનું ઉપાદાન કર્યું છે, તેનો અર્થ ક્રમશઃ પુરુષ અને સ્ત્રી થાય. હાથ અને ચરણવાળા પુરુષાર્થમાં ઉપયોગી વ્યક્તિને પુરુષ કહેવાય. પણ હાથ અને ચરણવાળી વ્યક્તિ જો સ્તન-કેશવાળી હોય તો તેને સ્ત્રી કહેવાય. જો આ અર્થ ગ્રહણ કરશું તો सीमा सीमानौ ઈત્યાદિમાં આ સૂત્રની પ્રવૃત્તિ ન થવાથી અવ્યાપ્તિ દોષ આવશે.

સમાધાન :- સૂત્રનિર્દિષ્ટ पुमान् અને स्त्री શબ્દો લિઙ્ગ ના વાચક છે, તેથી પુંલિંગ અને સ્ત્રીલિંગ આવો અર્થ થશે, પુરુષ-સ્ત્રી આવો નહીં. માટે અવ્યાપ્તિ નહીં આવે.

શંકા :- લિંગ એટલે શું ? અનુમાનના હેતુ વિગેરે પણ લિંગ કહેવાય છે. શું તેમને અહીં લિંગરૂપે સમજવાના છે ? અથવા તો अयं गौः, अयं गौः .... એમ અનુગતબુદ્ધિ કરાવનાર ગોત્વજાતિ જેમ સંસ્થાન (આકારવિશેષ) થી વ્યંગ્ય છે, તેમ સ્ત્રીત્વાદિલિંગ પણ શું સંસ્થાનથી વ્યંગ્ય છે ? તો તો સ્ત્રીત્વ-પુંસ્ત્વ-નપુંસકત્વ પણ ગોત્વની જેમ

[A]જાતિવિશેષરૂપ[B] થશે, તેથી ખટ્વા, શિંશપા, દાર, પુરુષ, નભસ્, મનસ્ વિગેરે સાવ ભિન્ન સંસ્થાનવાળા હોવાથી તેઓનું સ્ત્રીત્વાદિ લિંગથી ગ્રહણ નહીં થવાના કારણે તેઓમાં અલિંગપણું આવશે.

તથા જાતિ 'सकृदाख्यातनिर्ग्राह्या' (એકવાર ઓળખાવાથી અન્ય સ્થળે સ્વતઃ જણાઈ આવે તેવી) હોય. જેમ વ્યક્તિ એકવાર 'આ ગાય છે' એમ કહી ગાયને ઓળખાવે એટલે શ્રોતા ગાયમાં રહેલ ગોત્વ જાતિને જાણી લે છે. ત્યાર બાદ કાળી-ધોળી કોઈપણ ગાયને જોતા સ્વતઃ ગોત્વ જાતિને ઓળખી તેના આધારે 'આ ગાય છે' એમ જાણી શકે છે. તેમ સ્ત્રીત્વ વિગેરે લિંગ 'सकृदाख्यातनिर्ग्राह्य' નથી. કેમકે ખટ્વા માં બતાવેલું સ્ત્રીત્વ શિંશપા વિગેરેને વિશે સ્વતઃ ગ્રહણ કરવું શક્ય બનતું નથી. માટે સ્ત્રીત્વાદિ લિંગને જાતિ (સામાન્ય) રૂપે માની શકાય નહીં.

સમાધાન :- અમે સ્તન કે કેશવત્ત્વને સ્ત્રીલિંગ રૂપે, રોમવત્ત્વને પુંલિંગ રૂપે અને બન્નેના સામ્યને નપુંસકલિંગ રૂપે માનશું. જેમકે કહ્યું છે કે -

स्तन-केशवती* स्त्री स्याद् रोमशः पुरुषः स्मृतः। उभयोरन्तरं यच्च तदभावे नपुंसकम्।।[C]

અર્થ :- પુષ્ટ સ્તન તથા લાંબા કેશવાળી હોય તે સ્ત્રી કહેવાય, શરીર ઉપર રૂંવાટીવાળો પુરુષ કહેવાય અને જે સ્ત્રી તથા પુરુષને સમાન હોવાની સાથે બન્નેનાં ચિહ્ન વિનાનો હોય તે નપુંસક કહેવાય.

શંકા :- લિંગનું આ લક્ષણ અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ દોષથી દુષ્ટ છે. તે આ રીતે -

સ્ત્રી વેષને ધારણ કરનારો ભ્રૂકુંસ (નટ) સ્તન અને લાંબા કેશવાળો હોવાથી ત્યાં સ્ત્રીલિંગની અતિવ્યાપ્તિ થતા ભ્રૂકુંસ શબ્દને આપ્ પ્રત્યય થવાની આપત્તિ આવશે.

સમાધાન :- ઉપર શ્લોકમાં 'स्तनकेशवती' સ્થળે મતુ પ્રત્યય 'નિત્યયોગ' અર્થમાં છે. ભ્રૂકુંસને સ્તન અને લાંબા કેશનો નિત્યયોગ ન હોવાથી લક્ષણ અતિવ્યાપ્ત નહીં થાય.

શંકા :- ભલે તેમ હોય. છતાં લોકો ભ્રૂકુંસને સ્તન-લાંબા કેશ વિનાનો જોતા નથી. *માટે સામાજિક વ્યવહારને

(A) सामान्यं चानुवृत्तिहेतुत्वाद् विशेषश्च भेदव्यवहारनिमित्तत्वादपरसामान्यं सामान्यविशेषः। (पा.सू. ४.१.३ म. भाष्यप्रदीपविवरणम्)

(B) જાતિ અંગે વિશેષથી જાણવા અધ્યાય '૧-૪' ના અમારા વિવરણવાળા પુસ્તકમાં પરિશિષ્ટ-૩ માં जाति શબ્દ જુઓ.

(C) तदनेन स्त्रीत्वादीनां स्तनाद्युपव्यञ्जनानां गोत्वादिवत्सामान्यविशेषत्वं दर्शितम्। (म.भाष्यप्रदीप पा.सू. ४.१.३)

★ स्तन-केशयोः पुरुषसाधारणत्वाद् स्तनयोरतिशायने केशानां भूम्न्यत्र मतुः। तथैव 'रोमशः' इत्यत्रापि भूमादौ शो विहितः। (पा.सू. ४.१.३ म. भाष्यप्रदीपोद्द्योतनम्)

★ सामाजिकानां ह्यनुकार्याऽनुकर्त्रोरभेदेन प्रतिभासः-रामोऽयम्, बृहन्नलेयमिति तत्प्रतीत्यनुसारेणातिप्रसङ्ग उद्भावित इत्यर्थः। (म. भाष्यप्रदीपनारायणीयम् पा. सू. ४.१.३)

આશ્રયી ભ્રૂકુંસને સ્તન-લાંબા કેશનો નિત્યયોગ છે જ. તેથી અતિવ્યાપ્તિ ઊભી રહે છે. વળી માથુ મુંડાવેલી સ્ત્રીમાં સ્ત્રીત્વ નહીં ઘટી શકે. કેમકે ત્યારે સ્ત્રીને કેશનો સંબંધ નથી.

સમાધાન :- ભલે એને કેશ ન હોય, સ્તન તો છે ને ? તેને લઈને સ્ત્રીત્વ ઘટી શકે છે.

શંકા :- છતાં માથુ મુંડાવેલી નાની વયની [A]કન્યાને સ્તનનો સંબંધ નથી. એ તેને અમુક કાળ પછી થવાનો છે. સ્તનના સંદર્ભમાં મતુ અતિશય અર્થમાં હોવાથી માથુ મુંડાવેલી કન્યાને પુષ્ટસ્તન ન હોવાથી તેમાં સ્ત્રીત્વની અવ્યાપ્તિ આવશે.

એવી રીતે ખરકુટી શબ્દ 'હજામની દુકાન' નો વાચક છે. અથવા ખરકુટી ઇવ ખરકુટી = ખરકુટી પુરુષઃ આમ અભેદ ઉપચારથી[B] ખરકુટી શબ્દ પુરુષનો વાચક છે. હજામની દુકાન ઘણા વાળ વાળી હોવાથી અથવા હજામની દુકાન જેવો પુરુષ શરીર ઉપર ઘણા વાળવાળો હોવાથી રોમશ એવા તેમનો વાચક ખરકુટી શબ્દ પુંલિંગ ગણાવાથી 'ખરકુટીः પશ્ય' સ્થળે તેને લાગેલ શસ્ પ્રત્યયના સ્ નો 'शसोऽता० ૧.૪.૪૯' સૂત્રથી ન્ આદેશ થવાની આપત્તિ આવશે.

સમાધાન :- માથુ મુંડાવેલી નાની કન્યાને ભલે પુષ્ટ સ્તન ન હોય, છતાં શ્લોકમાં બતાવેલ સ્તન-કેશ શબ્દો યોનિ વિગેરેના ઉપલક્ષણ[C] છે. નાની કન્યામાં યોનિને લઈને સ્ત્રીત્વની અવ્યાપ્તિ નથી.

શંકા :- છતાં ખટ્વા અને વૃક્ષ શબ્દસ્થળે ખાટલા અને વૃક્ષમાં સ્તન-કેશવત્ત્વ અને રોમશત્વ ન હોવાથી ત્યાં ક્રમશઃ સ્ત્રીત્વ અને પુંસ્ત્વ નહીં ઘટી શકવાથી અવ્યાપ્તિ આવશે તથા તે શબ્દો સત્ત્વવાચી (દ્રવ્યવાચક) હોવાથી ***'लिङ्गसंख्यान्वयी द्रव्यम्'*** નિયમ મુજબ ત્યાં લિંગનો અન્વય થવાનો જ. તેથી લિંગવત્ રૂપે સ્ત્રી-પુરુષનું સામ્ય અને સ્ત્રી-પુરુષના સ્તન-કેશ અને રોમરૂપ ચિહ્નોનો અભાવ હોવાથી નપુંસકત્વ અતિવ્યાપ્ત થવાની આપત્તિ આવશે.

સમાધાન :- આ શબ્દો સત્ત્વવાચક બને એટલે ત્યાં લિંગ-સંખ્યાનો અન્વય થાય એવું તમે શેના આધારે કહી શકો ?

શંકા :- અવ્યય અને આખ્યાત (ક્રિયાપદ) અસત્ત્વવાચક હોવાથી ત્યાં લિંગ-સંખ્યાનો અન્વય નથી થતો. જ્યારે આ શબ્દો અવ્યય અને આખ્યાતથી ભિન્ન સત્ત્વવાચક છે, તેથી તેમને લિંગ-સંખ્યાનો અન્વય થઈ શકે છે.

(A) सम्प्राप्ते द्वादशे वर्षे कुमारीत्यभिधीयते।

(B) ઇવ શબ્દનો પ્રયોગ જ્યાં હોય ત્યાં બે વસ્તુ વચ્ચે સ્પષ્ટપણે ભેદ જણાઈ આવે. અહીં તેનો પ્રયોગ નથી માટે અભેદ ઉપચાર કહ્યો છે.

(C) **स्वप्रतिपादकत्वे सति स्वेतरप्रतिपादकत्वमुपलक्षणत्वम्।**

સમાધાન :- ખાટલા અને વૃક્ષમાં સ્તન-કેશ અને રોમ રૂપ લિંગો છે, પરંતુ તે સૂક્ષ્મ હોવાથી આપણી દુર્બળ ઇન્દ્રિયો(A) તેમને પકડી શકતી નથી.

શંકા :- ઇન્દ્રિયની દુર્બળતાના કારણે તે સૂક્ષ્મ લિંગોનું પ્રત્યક્ષ નથી થતું તેવું ત્યારે માની શકાય, જ્યારે તે લિંગો ખાટલા અને વૃક્ષમાં અનુમાનાદિ બીજા કોઈ પ્રમાણથી સિદ્ધ થતા હોય. પરંતુ બીજું કોઈ પ્રમાણ છે નહીં.

સમાધાન :- સૂર્યની ગતિનું પ્રત્યક્ષ નથી. છતાં તેને માનો છો ને ? અહીં પણ પ્રત્યક્ષ ન થતા સ્તનાદિ લિંગોને સ્વીકારી લેવાના.

શંકા :- ભલે સૂર્યની ગતિનું પ્રત્યક્ષ ન થાય, છતાં સૂર્ય સવારે પૂર્વ દિશામાં હોય, બપોરે માથે હોય અને સાંજે પશ્ચિમ દિશામાં હોય છે. આમ આકાશના જુદા-જુદા ભાગમાં વર્તવા રૂપ કાર્ય દ્વારા તેની ગતિનું અનુમાન થઈ શકે છે. ખટ્વા આદિ સ્થળે તેવું નથી.

સમાધાન :- દેશાન્તર પ્રાપ્તિ એ સૂર્યગતિનું કાર્ય છે, તેથી જેમ 'आदित्यो गतिमान् देशान्तरप्राप्तेः' અનુમાન સ્થળે દેશાન્તરપ્રાપ્તિ રૂપ કાર્યથી સૂર્યને વિશે ગતિની અનુમિતિ થાય છે. તેમ પ્રસ્તુતમાં પણ ખટ્વા અને વૃક્ષ શબ્દોને જે આપ્ પ્રત્યય તથા વૃક્ષાન્ સ્થળે સ્ નો ન્ થવો આ સ્ત્રીલિંગ અને પુંલિંગ નિમિત્તક કાર્ય થયા છે તેનાથી તેમનામાં સ્તન-કેશરૂપ સ્ત્રીત્વ અને રોમાત્મક પુંસ્ત્વ લિંગોની અનુમિતિ થઈ શકે છે. અનુમાનનો આકાર આવો થશે 'खट्वादयः स्त्रीत्वादिलिङ्गवन्तः आबादिकार्यवत्त्वात्.'

શંકા :- આ વાત બરાબર નથી. કેમકે સૂર્યની ગતિના અનુમાનમાં દેશાન્તરપ્રાપ્તિ એ પ્રત્યક્ષપ્રમાણથી સિદ્ધ છે, બાધિત નથી. માટે તે સૂર્યની ગતિનું લિંગ બને છે. જ્યારે અહીં તો સ્તન-કેશ અને રોમ રૂપ લિંગાત્મક ધર્મ (સ્વરૂપ) થી રહિત (= વિવિક્ત) એવાં ખટ્વા અને વૃક્ષ વિષયક પ્રત્યક્ષ થવાથી તેમનામાં લિંગાભાવનો નિશ્ચય થવાથી વિરોધ (બાધ દોષ) આવે છે. આશય એ છે કે જેમ ઘટથી રહિત ભૂતલ જોવાથી ભૂતલને વિશે ઘટાભાવનું પ્રત્યક્ષ થાય છે, તેમ પ્રસ્તુતમાં ખટ્વા અને વૃક્ષને વિશે પ્રત્યક્ષથી 'સ્તન-કેશ અને રોમ રૂપ લિંગ નથી' આવું લિંગાભાવનું પ્રત્યક્ષ થાય છે. હવે નિયમ છે કે ***'तद्वत्ताबुद्धिं प्रति तदभाववत्ताबुद्धिः प्रतिबन्धिका'*** તેથી આપ્ પ્રત્યય વિગેરે કાર્ય દ્વારા ખટ્વા આદિને વિશે જે સ્ત્રીત્વાદિ લિંગવત્તાની બુદ્ધિ થવાની વાત છે તે પ્રત્યક્ષથી ત્યાં થતી લિંગાભાવવત્તાની બુદ્ધિથી નથી થઈ શકતી. અર્થાત્ ***'यस्य साध्याभावः प्रमाणान्तरेण पक्षे निश्चितः स बाधितः'*** નિયમ મુજબ ઉપરોક્ત 'खट्वादयः स्त्रीत्वादिलिङ्गवन्तः आबादिकार्यवत्त्वात्.' અનુમાનમાં સ્ત્રીત્વાદિલિંગવત્ત્વ સાધ્યનો અભાવ પ્રત્યક્ષ પ્રમાણથી ખટ્વાદિ પક્ષમાં નિશ્ચિત છે. તેથી ત્યાં બાધ દોષ આવવાથી એ અનુમાનથી ખટ્વાદિ પક્ષમાં સ્તનાદિ રૂપ સ્ત્રીત્વાદિ લિંગની સિદ્ધિ નહીં થઈ શકે.

(A) આટલા કારણસર વસ્તુનું પ્રત્યક્ષ ન થાય -

अतिसन्निकर्षादतिविप्रकर्षान्मूर्त्यन्तरव्यवधानात्। तमसाऽऽवृत्तत्वादिन्द्रियदौर्बल्यादतिप्रमादादिति।। (४.१.३ म.भाष्यम्)

અહીં 'खट्वादि ને વિશે રહેલા સ્તનાદિ લિંગ સૂક્ષ્મ હોવાથી અને આપણી ઇન્દ્રિય દુર્બળ હોવાથી તેમનું પ્રત્યક્ષ નથી થતું, માટે બાધ દોષ ન બતાવાય' એમ ન કહેવું. કેમકે પ્રબળ પ્રમાણાન્તરથી વસ્તુ સિદ્ધ થતી હોય તો જ તે વસ્તુના પ્રત્યક્ષ ન થવામાં ઇન્દ્રિયની દુર્બળતાદિને આગળ કરી શકાય. અન્યથા 'शशशृंग પણ સત્ છે. ઇન્દ્રિયની દુર્બળતાદિના કારણે તેનું પ્રત્યક્ષ નથી થતું' એમ કહેવું પડશે. માટે બાધ દોષ આવશે જ.

એ સિવાય અન્યોન્યાશ્રય[A] દોષ પણ આવે છે. કેમકે खट्वा આદિને आप् પ્રત્યય વિગેરે કાર્ય થયા હોય તો તેમને વિશે સ્તનાદિરૂપ સ્ત્રીત્વાદિ લિંગનો બોધ થાય અને જો તેમનામાં સ્ત્રીત્વાદિ લિંગ હોય તો તેમને आप् પ્રત્યય વિગેરે કાર્ય થઈ શકે. આમ બન્ને વાત એકબીજાના આધારે હોવાથી અન્યોન્યાશ્રય દોષ આવે છે.

તથા तटः, तटी અને तटम् સ્થળે એક જ तट શબ્દને પુંલિંગાદિ ત્રણે લિંગને લગતા ક્રમશઃ सि પ્રત્યયનો વિસર્ગ, ङी પ્રત્યય તથા सि પ્રત્યયનો अम् આદેશ થવા રૂપ કાર્ય દેખાતા હોવાથી તેમાં ત્રણે લિંગ સ્વીકારવાનો પ્રસંગ આવે. હવે એક જ દ્રવ્યમાં એકસાથે ત્રણે લિંગ સ્વીકારવામાં વિરોધ આવે. કેમકે એક જ સ્થળે જો સ્ત્રીત્વ અને પુંસ્ત્વ હોય તો ત્યાં નપુંસકત્વ ન રહી શકે. કારણ આગળ શ્લોકમાં 'तदभावे नपुंसकम्' (જ્યાં સ્તન-કેશરૂપ સ્ત્રીત્વ અને રોમશત્વરૂપ પુંસ્ત્વ ન હોય, ત્યાં નપુંસકત્વ હોય.) એવું આપણે જોઈ ગયા.

આ બધી આપત્તિઓને નજરમાં રાખતા વ્યાકરણકારોએ લિંગની બાબતમાં સ્વકીય કોઈ સિદ્ધાંત સ્વીકારવો જોઈએ.

સમાધાન :- સારુ, તો જે શબ્દની સાથે अयम् શબ્દ વિશેષણ રૂપે મૂકી શકાય તે પુંલિંગ, इयम् શબ્દ મૂકી શકાય તે સ્ત્રીલિંગ અને इदम् શબ્દ મૂકી શકાય તે નપુંસકલિંગ. અમે લિંગની આવી વ્યવસ્થા સ્વીકારશું. વાત એમ છે કે લોક શિષ્ટપ્રયોગને અનુસારે ક્યાંક अयम् શબ્દનો પ્રયોગ કરે છે. જેમકે - अयं घटः, ત્યાં इयम् અને इदम् શબ્દોનો પ્રયોગ નથી કરાતો. ક્યાંક इयम् શબ્દનો પ્રયોગ કરે છે. જેમકે - इयं कुटी સ્થળે अयम् અને इदम् નો પ્રયોગ નથી કરાતો. ક્યાંક 'इदं कुड्यम्' આમ इदम् શબ્દનો પ્રયોગ કરે છે. ત્યાં अयम् અને इयम् નો પ્રયોગ નથી કરાતો. આ अयम्, इयम् અને इदम् શબ્દોના પ્રયોગમાં ઉત્પાદ, પ્રલય અને સ્થિતિ રૂપ સ્વભાવ કારણ છે, માટે આ સ્વભાવ એ જ લિંગ છે. આશય એ છે કે જગતના બધા જ પદાર્થો પ્રતિક્ષણ ઉત્પત્તિ, નાશ અને સ્થિરતા ધર્મવાળા છે. તેઓ તેમના પૂર્વસ્વભાવને ઓળંગીને સ્વયં જ નવા સ્વભાવવાળા થતા ઘડા વિગેરે સ્વરૂપે દેખાય છે. કોઈ વસ્તુ પોતાના સ્વરૂપમાં એક મુહૂર્ત જેટલો કાળ પણ નથી ટકતી. એને જેટલું વધવા યોગ્ય હોય ત્યાં સુધી તે વધે છે અને જેટલો હ્રાસ પામવા યોગ્ય હોય ત્યાં સુધી તે હ્રાસ પામ્યા કરે છે. તેમાં ઉત્પાદ (ઉત્પત્તિ/વૃદ્ધિ) એ પુંસ્ત્વ છે, પ્રલય (હ્રાસ/નાશ) એ સ્ત્રીત્વ છે અને સ્થિતિ (સ્થિરતા) એ નપુંસકત્વ છે.

(A) *स्वापेक्षाऽपेक्षितत्त्वनिमित्तकोऽनिष्टप्रसङ्गः अन्योन्याश्रयः।*

શંકા :- પરંતુ આ ઉત્પત્તિ, હ્રાસ અને સ્થિતિ કોની લેવાની ?

સમાધાન :- રૂપાદિ પર્યાયોની લેવાની. રૂપાદિ પર્યાયોની ઉત્પત્તિ (આવિર્ભાવ/વૃદ્ધિ) પુંસ્ત્વ છે, રૂપાદિ પર્યાયોનો હ્રાસ (તિરોભાવ /ન્યૂનતા) એ સ્ત્રીત્વ છે અને રૂપાદિ પર્યાયોની સામ્યાવસ્થા (સ્થિરતા) એ નપુંસકત્વ છે.

શંકા :- જો બધા જ પદાર્થો પ્રતિક્ષણ આ ત્રણ અવસ્થાવાળા છે તો પ્રત્યક્ષથી તેમ જોવામાં કેમ નથી આવતું ?


સમાધાન :- આ ત્રણે અવસ્થાઓ ફક્ત શબ્દોમાં વર્ણવી શકાય છે, તેમનું પ્રત્યક્ષ નથી થતું. તે યોગીગમ્ય છે. તેમાં કેટલાક શબ્દો ઉત્પત્તિ, હ્રાસ અને સ્થિતિ રૂપ પુંસ્ત્વ, સ્ત્રીત્વ અને નપુંસકત્વ પૈકી એક, બે કે ત્રણ ધર્મવાળા પદાર્થોને નિયમ અને વિકલ્પથી કહે છે. આ બાબતમાં શિષ્ટપુરુષો દ્વારા કરાયેલાં પ્રયોગો જ પ્રમાણ છે. આશય એ છે કે લિંગ એ પદાર્થનો ઉપચય, અપચય અને સ્થિતિ રૂપ ધર્મ છે. તે ધર્મોને લઈને સાત ભાંગા પ્રાપ્ત થાય છે. તેમાં ત્રણ ભાંગે એક જ લિંગ જણાતું હોવાથી નિયમ પ્રાપ્ત થાય છે અને ચાર ભાંગે બે કે ત્રણ લિંગ જણાવાથી વિકલ્પ પ્રાપ્ત થાય છે. જેમકે **(a)** વૃક્ષ શબ્દ ફક્ત પુંલિંગ (= પુંસ્ત્વ ધર્મવાળા પદાર્થને કહે) છે, **(b)** ખટ્વા શબ્દ ફક્ત સ્ત્રીલિંગ છે, **(c)** દધિ શબ્દ માત્ર નપુંસકલિંગ છે, **(d)** શઙ્ખ શબ્દ પુંલિંગ અને નપુંસકલિંગ છે, **(e)** ભાગધેય શબ્દ ભાગધેયમ્ અને ભાગધેયી આમ નપુંસકલિંગ અને સ્ત્રીલિંગ છે, **(f)** ઇષુ શબ્દ પુંલિંગ અને સ્ત્રીલિંગ છે અને **(g)** તટ શબ્દ તટઃ, તટી અને તટમ્ આમ પુંલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ છે.

શંકા :- જે પુત્રને ઉત્પન્ન કરે તેને પુમાન્ કહેવાય અને જેમાં ગર્ભ ઉત્પન્ન થાય તેને સ્ત્રી કહેવાય. તમે જુદું પુંસ્ત્વ અને સ્ત્રીત્વ કેમ બતાવો છો ?

સમાધાન :- એકના એક શબ્દો જુદી જુદી વ્યુત્પત્તિને લઈને બનતા હોય છે. વ્યુત્પત્તિ બદલાવાથી તેમના અર્થ પણ બદલાતા હોય છે. લોક 'સૂતે અપત્યમ્' આમ કર્તાકારક અર્થમાં વ્યુત્પત્તિ કરી બનેલો પુમાન્ શબ્દ ગ્રહણ કરે છે, તથા 'સ્ત્યાયતિ ગર્ભોઽસ્યામ્' આમ અધિકરણકારક અર્થમાં વ્યુત્પત્તિ કરી બનેલાં સ્ત્રી શબ્દને ગ્રહણ કરે છે, જેનો તમે કહ્યા પ્રમાણે અર્થ થાય છે. પરંતુ પ્રસ્તુતમાં પ્રસવનમ્ = પુમાન્ અને સ્ત્યાનમ્ = સ્ત્રી આમ ભાવમાં વ્યુત્પત્તિ કરી આ શબ્દો બનેલા છે. જેમનો અર્થ ક્રમશઃ ઉત્પત્તિ અને હ્રાસ થાય છે.

હવે જગતના બધા જ દ્રવ્યો હ્રાસશીલ અને ઉત્પાદશીલ છે તથા જગતમાં ઘડા વિગેરે જે બધા દ્રવ્યો છે તે રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ ગુણોના સમુદાય રૂપ છે. ગુણોથી ભિન્ન ઘટાદિ અવયવી દ્રવ્ય એકાન્તે નથી હોતું. જો કે કાર્ય રૂપે નહીં આરંભાયેલા ગુણો પૂર્વાવસ્થામાં (સૂક્ષ્માવસ્થામાં) પ્રત્યક્ષ ન હોવાથી તેઓ શબ્દ વ્યવહારના વિષય નથી બની શકતા. કેમકે કહેવાયું છે કે 'રૂપાદિ ગુણોનું તે રૂપાદિ સ્વરૂપે નહીં પરિણમેલું સત્ત્વ, રજસ્ અને તમસ્સ્વરૂપ પ્રત્યક્ષનો વિષય નથી બનતું.' છતાં તે સત્ત્વાદિના પરિણામ સ્વરૂપ લોકપ્રસિદ્ધ રૂપાદિ ગુણોનું પ્રત્યક્ષ થતું હોવાથી તેમનું અહીં ગ્રહણ થાય છે. આ એકઠા થયેલા દૃષ્ટિગોચર થતા રૂપાદિ ગુણો મૂર્તિ (દ્રવ્ય) શબ્દથી વાચ્ય બને છે.

[ઉપરોક્ત વાત **સાંખ્યદર્શન**ના સિદ્ધાન્ત અનુસારે હોવાથી તેને સ્પષ્ટતાપૂર્વક સમજવા સૌ પ્રથમ સાંખ્ય દર્શનના સિદ્ધાન્તોની કેટલીક સમજ મેળવી લઈએ - સાંખ્યોએ '૨૫' તત્ત્વો માન્યા છે. તેમાં પુરુષ (આત્મા) અને પ્રકૃતિ (પ્રધાન/અવ્યક્ત) આ બે મૂળ તત્ત્વો છે. પુરુષ પ્રકૃતિ સ્વરૂપ પણ નથી અને વિકૃતિ સ્વરૂપ પણ નથી. તે કેવળ ચૈતન્ય સ્વરૂપ, અપરિણામી, કમળની પાંખડી જેવો નિર્લેપ (શુદ્ધ) છે. પ્રકૃતિ સત્ત્વ, રજસ્ અને તમસ્ આ ત્રણ ગુણમય-અચેતન છે. આખું જગત સુખ, દુઃખ અને મોહથી ઘેરાયેલું જોવા મળતું હોવાથી તેમના કારણ તરીકે ક્રમશઃ સત્ત્વ, રજસ્ અને તમસ્ની કલ્પના કરવામાં આવી છે. હવે પ્રકૃતિ પુરુષના ઉપભોગને માટે બુદ્ધિ (મહત્) વિગેરેના ક્રમે પરિણમે છે. જેમકે - પ્રકૃતિ બુદ્ધિ રૂપે પરિણમે. બુદ્ધિ અહંકાર રૂપે પરિણમે. 'અહંકાર' શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના અને ઘ્રાણ આ પાંચ જ્ઞાનેન્દ્રિયરૂપે ; વાક્, પાણિ, પાદ, પાયુ અને ઉપસ્થ આ પાંચ કર્મેન્દ્રિય રૂપે ; શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પાંચ તન્માત્રા રૂપે અને મન રૂપે પરિણમે. શબ્દાદિ પાંચ તન્માત્રા પૈકી પાંચે મળી પૃથ્વી રૂપે, પહેલી ચાર મળી જળ રૂપે, પહેલી ત્રણ મળી તેજ રૂપે, પહેલી બે મળી વાયુ રૂપે અને શબ્દ તન્માત્રા આકાશરૂપે પરિણમે. આને આપણે રેખાચિત્રથી સમજીએ -



આ રીતે વિવિધ સ્વરૂપે પરિણમતી અચેતન એવી પણ પ્રકૃતિ અદૃષ્ટ (પુણ્ય-પાપ) ના સહારે ચેતન એવા પુરુષને ભોગ, સ્વર્ગ, નરકાદિ ફળો આપવા પ્રવર્તે છે. જગતમાં પુરુષ સિવાયની જે કોઈ વસ્તુઓ છે, તે બધી પ્રકૃતિની પેદાશ છે અને પ્રકૃતિ પોતે જ બધું પેદા કરે છે. પુરુષ અકિંચિત્કર છે. આ તો અરીસા સ્વરૂપે મનાતી પ્રકૃતિમાં

ચેતન એવા પુરુષનું પ્રતિબિંબ પડે છે માટે પુરુષને થાય છે કે 'આ બધી વસ્તુ હું પેદા કરું છું (= હું પ્રકૃતિ છું)' અને પ્રકૃતિને થાય છે કે 'હું ચેતન છું.' જે દિવસે પુરુષને ભેદજ્ઞાન થાય કે 'નાઽહં કર્તા', તે દિવસે પુરુષની મુક્તિ થાય.

હવે પ્રકૃતિ બુદ્ધિ વિગેરે જે તત્ત્વોને પેદા કરી શકે છે કે પાછા સંકેલી શકે છે, તે તેના સત્ત્વ, રજસ્ અને તમસ્ ગુણના કારણે. આવિર્ભાવ એ સત્ત્વનો ગુણધર્મ છે અને તિરોભાવ એ રજસ્નો ગુણધર્મ છે. સાંખ્યદર્શને કોઈપણ વસ્તુની ઉત્પત્તિ અને નાશ નથી સ્વીકાર્યો, પરંતુ તેનો આવિર્ભાવ અને તિરોભાવ સ્વીકાર્યો છે. આ મતે વસ્તુ ઉત્પન્ન થઈ એટલે સૂક્ષ્મરૂપે કારણમાં તિરોભૂત એવી તે આવિર્ભાવને પામી અને વસ્તુ નાશ પામી એટલે પાછી તે પોતાના કારણમાં તિરોભાવ પામી એમ સમજવું. પ્રકૃતિ જ્યારે સત્ત્વ પ્રધાન બને ત્યારે તેમાંથી બુદ્ધિ આદિ તત્ત્વો પેદા (આવિર્ભાવ) થાય છે અને તે જ્યારે રજસ્ પ્રધાન બને ત્યારે બુદ્ધિ આદિ તત્ત્વો પાછા તેમાં સંકેલાઈ જાય છે. ઉત્પન્ન થતા તત્ત્વો કાર્ય કહેવાય અને તે જેમાંથી ઉત્પન્ન થાય તે કારણ કહેવાય. સાંખ્યમતે કાર્ય અને કારણ વચ્ચે તાદાત્મ્ય (અભેદ) મનાયો છે. તેથી પ્રકૃતિ સત્ત્વ, રજસ્ અને તમસ્મય મનાઈ હોવાથી તેના બુદ્ધિ વિગેરે સઘળા કાર્યો પણ સત્ત્વ, રજસ્ અને તમસ્મય મનાય છે. તેથી જ્યારે શબ્દાદિ ગુણો (તન્માત્રા) સત્ત્વપ્રધાન બને ત્યારે તેમાંથી ઘટાદિ પૃથ્વી વિગેરે દુનિયાના દ્રવ્યો ઉત્પન્ન થાય છે. જ્યારે તેઓ રજસ્પ્રધાન બને ત્યારે આ બધા દ્રવ્યો પાછા તેમનામાં વિલીન થઈ જાય છે. પાછું આ શબ્દાદિ ગુણો (કારણો) અને ઘટાદિ પૃથ્વી વિગેરે દ્રવ્યો (કાર્યો) વચ્ચે તાદાત્મ્ય છે. માટે બૃ.ન્યાસમાં લખ્યું છે કે 'ઘટાદિ દ્રવ્યો રૂપાદિ ગુણો (તન્માત્રા) ના સંઘાત (સમુદાય) રૂપ છે. ગુણોથી ભિન્ન ઘટાદિ અવયવીદ્રવ્ય એકાંતે નથી હોતું.' હવે અહીં પ્રશ્ન થાય કે ''ખરેખર તો અહીં ઉત્પત્તિ, હ્રાસ અને સ્થિતિ (= આવિર્ભાવ, તિરોભાવ અને સ્થિરતા) ને લિંગ તરીકે બતાવવા છે તો સત્ત્વ, રજસ્ અને તમસ્ના ઉત્પાદાદિ ન બતાવતા રૂપાદિ ગુણોના ઉત્પાદાદિ કેમ બતાવ્યા હશે ?'' તેના જવાબમાં બૃ.ન્યાસમાં જણાવે છે કે 'કાર્ય રૂપે ન આરંભાયેલા ગુણો સત્ત્વ, રજસ્ અને તમસ્ પૂર્વાવસ્થામાં પ્રત્યક્ષ થતા ન હોવાથી શબ્દવ્યવહારના વિષય નથી બનતા.' જો સત્ત્વાદિ પ્રત્યક્ષના વિષય ન બને તો તેમના ઉત્પાદાદિનું જિજ્ઞાસુઓના બોધ માટે શબ્દોમાં વર્ણન કરવું શક્ય ન બને. જ્યારે રૂપાદિ ગુણોનું પ્રત્યક્ષ થાય છે, તેથી તેમના ઉત્પાદાદિનો બોધ કરાવી શકાય છે. જોકે રૂપાદિ ગુણોના ઉત્પાદાદિનું પ્રત્યક્ષ નથી થતું, છતાં રૂપાદિના પરિણામ દ્વારા તેમને કલ્પી શકાય છે. જેમકે કેરી લીલામાંથી પીળી બને એટલે પીળાશ સ્વરૂપ પરિણામના આધારે કલ્પી શકાય છે કે 'કેરીમાં ક્ષણે ક્ષણે પીળાશનો આવિર્ભાવ અને લીલાશનો હ્રાસ થતો હોવો જોઈએ. તો જ કેરી લીલામાંથી પીળી બની શકે.' અહીં રૂપ પ્રત્યક્ષ છે તો તેનો ઉત્પાદ અને હ્રાસ શબ્દોમાં વર્ણવી શકાયો. સત્ત્વાદિ પોતે જ પ્રત્યક્ષ નથી તો તેમના ઉત્પાદાદિને શું વર્ણવવા ? માટે અહીં રૂપાદિ ગુણોના ઉત્પાદાદિને લિંગ રૂપે બતાવ્યા છે.

હવે પ્રશ્ન એ થાય કે 'જગતના બધા જ પદાર્થો જો સતત ઉત્પાદશીલ અને હ્રાસશીલ હોય તો સ્થિતિ કોની સમજવી ?' આના જવાબમાં *ભર્તૃહરી* વાક્યપદીય[A] ગ્રંથમાં ત્રણ વિકલ્પો બતાવે છે - (a) ઉપચયની અનેક ક્ષણોને અથવા અપચયની અનેક ક્ષણોને જ્યારે એક અખંડ ક્ષણ રૂપે સમજવામાં આવે ત્યારે આ એકરૂપતાને સ્થિતિ સમજવામાં આવે છે, (b) ઉપચય અને અપચય પદાર્થના અવસ્થાભેદને (ફેરફારને) દર્શાવે છે. આ અવસ્થાભેદ દરમિયાન પદાર્થની જે સામ્યાવસ્થા (= અનુસ્યૂતતા) તેને સ્થિતિ સમજવી અથવા (c) પદાર્થના ઉપચય અને અપચયની સ્થિતિ સતત વર્ત્યા કરે છે. ઉપચય અને અપચયની આવી નિરંતર ચાલતી સ્થિતિને અહીં સ્થિતિ રૂપે સમજવી. આમ રૂપાદિ ગુણોનો ઉપચય એ પુંસ્ત્વ, અપચય એ સ્ત્રીત્વ અને સામ્યાવસ્થા એ નપુંસકત્વ સમજવું.]

આ પુંસ્ત્વાદિ લિંગો સર્વ પદાર્થોમાં વ્યાપીને રહેનાર છે. કેમકે દરેક પદાર્થમાં ઉત્પાદાદિ પ્રવૃત્તિ સતત ચાલ્યા કરે છે.

શંકા :- ગોત્વ વિગેરે સામાન્ય તો નિત્ય પદાર્થ છે. તેથી તેમાં ઉત્પાદાદિ પ્રવૃત્તિને લઈને गोत्वम्, जातिः, सामान्यम् આમ લિંગનો યોગ શી રીતે સંભવી શકે ?

સમાધાન :- સાંખ્યમતે ગોત્વાદિ સામાન્ય પણ ગાય વિગેરે વ્યક્તિથી અભિન્ન છે. તેથી ગાયની જેમ તેમાં પણ ઉત્પાદાદિ પ્રવૃત્તિ સતત ચાલતી હોવાથી લિંગનો યોગ સંભવી શકે છે.

શંકા :- શશવિષાણ (સસલાનું શિંગડું) વિગેરે અત્યંત અસત્ વસ્તુ સ્થળે તો ઉત્પાદાદિ શક્ય જ નથી. કેમકે તે વસ્તુ જગતમાં ક્યાંય વિદ્યમાન નથી. ત્યાં शशविषाणम् આમ લિંગનો યોગ શી રીતે સંભવશે ?

સમાધાન :- સત્તા બે પ્રકારની હોય છે - બાહ્યસત્તા અને બૌદ્ધિસત્તા. જગતમાં હયાત ઘટ આદિ પદાર્થની બાહ્યસત્તા ગણાય છે અને જગતમાં ક્યાંય પ્રાપ્ત ન થતા શશવિષાણ, વંધ્યાપુત્ર આદિ પદાર્થો કેવળ બુદ્ધિમાં ઉપસ્થિત થતા હોવાથી તેમની બૌદ્ધિસત્તા મનાય છે. શશવિષાણ સ્થળે પણ ઉત્તરપદાર્થ વિષાણ બાહ્યસત્તા ધરાવે છે. તેથી તેમાં ઉત્પાદાદિને લઈને લિંગનો યોગ સંભવે છે. આ વિષાણ ના લિંગનો બૌદ્ધિસત્તા ધરાવતા શશવિષાણ માં આરોપ (= ઉપચાર) કરવાથી ત્યાં शशविषाणम् આમ લિંગનો યોગ સંભવી શકશે.[B] આ રીતે લિંગનો યોગ સકલ પદાર્થને વિશે સંભવશે.[C]

(A) **प्रवृत्तेरेकरूपत्वं साम्यं वा स्थितिरुच्यते। आविर्भाव-तिरोभावप्रवृत्त्या वावतिष्ठते।। (३.१३.१७)**
हेलाराजकृतटीका-तदेवं सततपरिणामिनां गुणानामध्यवसायवशेन स्वभावैक्यं साम्यं तिरोभावाऽपर्यवसानं चेति प्रकारत्रयेण स्थितिरिह निरुपिता।

(B) अत्र प्रदीपनारायणीयकारास्तु 'यथाऽत्र (शशविषाणादौ) बुद्धिपरिकल्पितेनाऽर्थेनाऽर्थवत्त्वात् प्रातिपदिकसंज्ञाप्रवृत्तिस्तथा लिङ्गयोगोप्युपपन्न' इत्याहुः।

(C) **अवस्था तादृशी नास्ति या लिङ्गेन न युज्यते। (वा. प. ३.१४.३२७)**

શંકા :- સ્ત્રીત્વ કે પુંસ્ત્વ લિંગને ફરી સ્ત્રીત્વાદિ લિંગ ન લાગી શકે. તો સ્ત્રીત્વમ્, સ્ત્રીતા અને પુંસ્ત્વમ્ સ્થળે લિંગને ફરી લિંગ કેમ લાગ્યું છે ? બીજી રીતે કહેવું હોય તો સ્ત્રીત્વ લિંગ એટલે ગુણોનો સંસ્ત્યાન (હ્રાસ) અને પુંસ્ત્વ લિંગ એટલે ગુણોનો ઉપચય. સ્ત્રીત્વમ્ વિગેરે સ્થળે લિંગને લિંગ લગાડવું એટલે સંસ્ત્યાનાદિના સંસ્ત્યાનાદિ બતાવ્યા કહેવાય. તો આ કેમ સંભવે ?

સમાધાન :- સાંખ્યમતે ગુણોના સંસ્ત્યાનાદિ અને ગુણો વચ્ચે અભેદ છે. તેથી ગુણોના જો સંસ્ત્યાનાદિ સંભવે તો તે સંસ્ત્યાનાદિના પણ સંસ્ત્યાનાદિ સંભવી શકે છે. માટે સ્ત્રીત્વમ્ વિગેરે સ્થળે લિંગને લિંગનો યોગ થવામાં કોઈ વાંધો નથી.

શંકા :- દરેક પદાર્થમાં ઉત્પાદાદિ ત્રણે વર્તે છે, તેથી દરેક શબ્દને એકસાથે ત્રણ લિંગ લાગવાની અવ્યવસ્થા[A] સર્જાશે.

સમાધાન :- ના, વિવક્ષાથી વ્યવસ્થા સિદ્ધ થશે. વસ્તુમાં ઉત્પાદાદિ ત્રણે લિંગધર્મો હોવા છતાં ઉત્પાદની વિવક્ષામાં પુંસ્ત્વ, હ્રાસની વિવક્ષામાં સ્ત્રીત્વ અને સ્થિતિની વિવક્ષામાં નપુંસકત્વ થશે.

શંકા :- વૃક્ષ શબ્દ પુંલિંગ છે. શબ્દપ્રયોગ કરનાર વ્યક્તિ જો વૃક્ષમાં હ્રાસ કે સ્થિતિની વિવક્ષા કરશે તો શું વૃક્ષ શબ્દના પ્રયોગ સ્ત્રીલિંગ કે નપુંસકલિંગમાં થશે ? આ તો ગમે તે શબ્દનો ગમે તે લિંગમાં પ્રયોગ થવા લાગશે.

સમાધાન :- અહીં ગમે તે શબ્દપ્રયોગ કરનાર[B] વ્યક્તિની વિવક્ષા નથી લેવાની, પણ શિષ્ટલોકની લિંગવિષયક વિવક્ષાના વ્યવહારને અનુસરનારી વિવક્ષા લેવાની છે. જેમકે વાક્યપદીયમાં ***ભર્તૃહરીએ*** કહ્યું છે -

सन्निधाने निमित्तानां किञ्चिदेव प्रवर्तकम्। यथा तक्षादिशब्दानां लिङ्गेषु नियमस्तथा।।

અર્થ :- જેમ સુથાર લાકડું કાપે, છોલે, માપે, તેમાંથી વિવિધ આકૃતિઓ બનાવે આવી અનેક ક્રિયા કરે. છતાં તેમાંથી તક્ષ્ અર્થાત્ છોલવું આ એક ક્રિયાને લઈ સુથારને તક્ષા કહેવાય છે, તેમ વસ્તુમાં લિંગ નિમિત્તક અનેકધર્મો હોવા છતાં તેમાંથી કોઈ એક જ ધર્મ લિંગનો પ્રવર્તક બને છે.

भावतत्त्वदृशः शिष्टाः शब्दार्थेषु व्यवस्थिताः। यद्यद् धर्मेऽङ्गतामेति लिङ्गं तत्तत्प्रचक्षते।।

અર્થ :- પદાર્થના પરમાર્થના સાક્ષાત્કારવાળા શિષ્ટ પુરુષો શબ્દાર્થ (પદાર્થ) ને વિશે રહેલાં જે જે સ્ત્રીલિંગ આદિ લિંગો ધર્મ (આત્મકલ્યાણ) ના અંગ બનતા હોય તેમને લિંગ તરીકે જાહેર કરે છે.

(A) પૂ. લાવણ્યસૂરિ સંપાદિત પુસ્તકમાં આપેલો 'न चानवस्थाप्रसङ्गः' પાઠ અશુદ્ધ જણાય છે. પાઠ 'न चाव्यवस्थाप्रसङ्गः' હોવો જોઈએ. સરખાવો 'પા. સૂ. ૪.૧.૩' મ. ભાષ્ય - 'कुतो व्यवस्था? विवक्षातः'

(B) प्रयोक्त्री इदानींतनप्रयोक्तृसम्बन्धिनी। (पा.सू. ४.१.३ म.भाष्यप्रदीपोद्द्योतनम्)

આમ શિષ્ટલોકો આત્મકલ્યાણ માટે શબ્દોનો ચોક્કસ લિંગમાં પ્રયોગ કરતા હોવાથી તેઓ શબ્દના જે લિંગ બતાવે તે પ્રમાણે લિંગની વ્યવસ્થા સ્વીકારવી. આ રીતે પ્રસ્તુતમાં સ્તન-કેશ વિગેરે લૌકિક લિંગની વ્યવસ્થા ન સ્વીકારી હોવાથી ભ્રૂકુંસ, ખટ્વા, વૃક્ષ વિગેરે શબ્દ સ્થળે અવ્યાપ્તિ-અતિવ્યાપ્તિ દોષ નહીં આવે. તેવી રીતે 'પુષ્યઃ, તારકા, નક્ષત્રમ્' સ્થળે 'તારા' રૂપ અર્થ એકનો એક હોવા છતાં શબ્દો જુદા છે માટે લિંગભેદ થાય છે. તારામાં ઉત્પાદાદિ ત્રણે લિંગધર્મો હોવાથી શિષ્ટો પુષ્યઃ સ્થળે ઉત્પાદને લઈને પુંલિંગમાં પ્રયોગ કરે છે. તારકા સ્થળે હ્રાસને લઈને સ્ત્રીલિંગમાં પ્રયોગ કરે છે અને નક્ષત્રમ્ સ્થળે સ્થિતિને લઈને નપુંસકલિંગમાં પ્રયોગ કરે છે, માટે કોઈ આપત્તિ નથી. કુટી અને કુટીરઃ સ્થળે પણ અર્થ એક જ હોવા છતાં કુટી શબ્દને એક ર અવયવ વધારે ઉત્પન્ન થયો છે. તેથી અવયવની જુદાઈને લઈને આ બન્ને શબ્દો જુદા ગણાય, માટે ત્યાં લિંગભેદ થયો છે. જેમકે 'પા.સૂ. ૪.૧.૯૨' મ. ભાષ્યમાં કહ્યું છે કે 'एकार्थेषु शब्दान्यत्वात् दृष्टं लिङ्गान्यत्वम्, अवयवान्यत्वाच्च'. तटः, तटी, तटम् સ્થળે એક જ સ્વરૂપવાળો અને સમાન અર્થવાળો તટ શબ્દ છે. ત્યાં ઉત્પાદાદિ ત્રણ ધર્મો પૈકી જે ધર્મની ઉત્કટતા વિવક્ષાય તે પ્રમાણે લિંગનો અન્વય થાય. જો કે આ બધા સ્થળે વક્તાઓ ગમે તે લિંગને આશ્રયીને શબ્દોને ઉચ્ચારતા હોય છે અને શ્રોતાઓ તેને સ્વીકારી લેતા હોય છે. છતાંય 'લિંગ એ શું વસ્તુ છે ?' તેના નિર્ણય માટે આ વાત કહેવામાં આવી છે.

(6) લિંગ એ અર્થધર્મ છે કે શબ્દધર્મ છે ? એ વિચારણામાં બે પક્ષો પોતપોતાની માન્યતા પુષ્ટ કરે છે. બન્ને પક્ષ નિર્દોષ છે. **(a)** કેટલાક મહાભાષ્યના મતને અનુસરનારા કહે છે કે લિંગ એ અર્થધર્મ છે. ઘટ વિગેરે શબ્દોનાં અભિધેય ઘટાદિ પદાર્થો શ્રવણેન્દ્રિય જન્ય પ્રત્યક્ષના વિષય કરાય છે અર્થાત્ ઘટઃ વિગેરે શબ્દ સંભળાવાથી થતા જ્ઞાનમાં ઘટ વિગેરે ભાસે છે, ત્યારે તે લિંગ સહિત જ્ઞાનનો વિષય કરાય છે. તે ઘટાદિ પદાર્થનો 'ઘટાદિ પદાર્થો હોય તો લિંગ હોય અને ઘટાદિ પદાર્થો ન હોય તો લિંગ ન હોય' આમ લિંગ સાથે અન્વય-વ્યતિરેક છે, માટે લિંગ પદાર્થનો ધર્મ છે. જો તેને શબ્દના ધર્મ તરીકે સ્વીકારવામાં આવે તો 'ગુણવચન શબ્દોને તેમના આશ્રય[A] (= વાચ્યાર્થ) અનુસાર લિંગ થાય છે.' આ વાત ઘટી નહીં શકે. આશય એ છે કે જે શબ્દો આમ ગુણના વાચક હોય, છતાં ગુણનો કો'ક દ્રવ્યની સાથે યોગ થવાથી તેઓ ગુણી (= દ્રવ્ય)ના વાચક બને, આવા શબ્દોને ગુણવચન કહેવાય. જેમકે શુક્લ શબ્દ આમ તો શુક્લરૂપાત્મક ગુણનો વાચક છે. છતાં શુક્લઃ પટઃ સ્થળે શુક્લરૂપનો પટદ્રવ્યની સાથે યોગ થવાથી જેમ પટ શબ્દ પટ દ્રવ્યનો વાચક છે, તેમ શુક્લ શબ્દ પણ પટદ્રવ્યનો વાચક બન્યો. તેથી શુક્લ શબ્દ ગુણવચન બન્યો કહેવાય. હવે ***'गुणवचनानामाश्रयतो लिङ्गोपादानम्'*** નિયમ મુજબ શુક્લઃ પટઃ, શુક્લા શાટી અને શુક્લ વસ્ત્રમ્ સ્થળે જો લિંગને અર્થધર્મ તરીકે સ્વીકારવામાં આવે તો પટ આદિ શબ્દની જેમ ગુણવચન શુક્લ શબ્દનો પણ વાચ્યતા સંબંધથી આશ્રય ક્રમશઃ પટ, સાડી અને વસ્ત્ર પદાર્થ બને છે. તેથી પટ આદિ શબ્દની જેમ તેનો પણ પટાદિ પદાર્થમાં રહેલા પુંસ્ત્વ, સ્ત્રીત્વ અને નપુંસકત્વ લિંગને ગ્રહણ કરી ક્રમશઃ શુક્લઃ, શુક્લા અને શુક્લમ્ એમ પુંલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગમાં

(A) અહીં વાચ્યતા સંબંધથી આશ્રય સમજવાનો છે. તેથી 'ગુણવચન શબ્દ જેનો વાચક બને તેના લિંગને તે ગ્રહણ કરે' આવો અર્થ રામજવો.

પ્રયોગ કરી શકાય છે. અર્થાત્ અર્થધર્મ પક્ષે *'गुणवचनानाम्०'* નિયમ ઉપપન્ન થાય છે. પરંતુ જો લિંગને શબ્દધર્મ રૂપે સ્વીકારવામાં આવે તો હવે શબ્દ પાસેથી લિંગ ગ્રહણ કરવાનું રહેતા ગુણવચનને શબ્દાશ્રિત બતાવવો પડે. शुक्लः पटः આદિ સ્થળે વાચ્યતા સંબંધથી शुक्ल શબ્દનો આશ્રય પટ આદિ શબ્દો બની શકતા નથી. કેમકે शुक्ल શબ્દથી પટ આદિ શબ્દો વાચ્ય બનતા નથી. આમ શબ્દ ગુણવચનનો આશ્રય જ ન બને તો ગુણવચન તેના લિંગને ગ્રહણ શી રીતે કરી શકે ? તેથી શબ્દધર્મપક્ષે *'गुणवचनानाम्०'* નિયમ ઉપપન્ન થઈ શકતો નથી. માટે 'લિંગ અર્થનો ધર્મ છે' આ પક્ષ જ સ્વીકારવો વ્યાજબી છે.

(b) કેટલાક પ્રાચીન વ્યાકરણકારો લિંગને શબ્દધર્મ રૂપે સ્વીકારે છે. તેમનું કહેવું એમ છે કે જેની પ્રતીતિ અન્વય-વ્યતિરેકને આશ્રયી જેની પ્રતીતિને અનુસરતી હોય તે તેનો ધર્મ બને. જેમકે 'પટની પ્રતીતિ થાય તો તેના ભેગી વિવક્ષિત શુક્લગુણની પ્રતીતિ થાય અને પટની પ્રતીતિ ન થાય તો તેના ભેગી વિવક્ષિત શુક્લગુણની પ્રતીતિ પણ ન થાય.' આમ અન્વય-વ્યતિરેકને આશ્રયી વિવક્ષિત શુક્લગુણની પ્રતીતિ પટની પ્રતીતિને અનુસરે છે. તેથી જેમ તે શુક્લગુણ પટના ધર્મરૂપે સિદ્ધ થાય છે, તેમ પ્રસ્તુતમાં પણ 'શબ્દની પ્રતીતિ થાય તો સાથે (આ શબ્દ પુંલિંગ છે, સ્ત્રીલિંગ છે વિગેરે રૂપે) લિંગની પ્રતીતિ થાય છે અને શબ્દની પ્રતીતિ ન થાય તો સાથે લિંગની પ્રતીતિ પણ નથી થતી.' આમ અન્વય-વ્યતિરેકને આશ્રયી લિંગની પ્રતીતિ શબ્દપ્રતીતિને અનુસરતી હોવાથી લિંગ શબ્દના ધર્મ રૂપે સિદ્ધ થાય છે. લિંગ જો અર્થનો ધર્મ હોત તો પદાર્થની પ્રતીતિ ભેગી તદાશ્રિત લિંગની પણ પ્રતીતિ કો'કને તો થાત. પરંતુ તે નથી થતી, માટે લિંગ અર્થધર્મ નથી. આમ પણ જુઓ તો 'આ શબ્દ પુંલિંગ છે, આ શબ્દ સ્ત્રીલિંગ છે' એમ પુંલિંગ આદિનો વ્યવહાર પણ શબ્દને આશ્રયીને થતો જોવામાં આવે છે. હવે ગુણવચન સ્થળે પણ शुक्ल વિગેરે શબ્દોને પોતાના ધર્મરૂપે વર્તતું પુંસ્ત્વ આદિ જ લિંગ છે. પરંતુ લિંગકારિકામાં 'અહીં આ ગુણવચન પુંલિંગે છે, અહીં આ ગુણવચન સ્ત્રીલિંગે છે...' આ રીતે પ્રતિપાદન કરવા જાય તો આમ છૂટક છૂટક કહેવામાં ગૌરવ થઈ જાય. તેથી પટ વિગેરે શબ્દગત લિંગોને તેમના અભિધેય એવા પટ આદિ પદાર્થમાં કલ્પીને (= ઉપચાર કરીને) લાઘવાર્થે[A] તેના દ્વારા ગુણવચનમાં લિંગની કલ્પના કરાય છે. અર્થાત્ *'गुणवचनानाम्०'* નિયમ બતાવાય છે. જેમ વાક્યમાં 'આ પદનો અર્થ આ છે, આ પદનો અર્થ આ છે...' આમ પદોના અર્થની કલ્પના કરવામાં આવે છે. તેમ પ્રસ્તુતમાં પણ લિંગ શબ્દધર્મ હોવા છતાં ગુણવચન સ્થળે લાઘવાર્થે લિંગને અર્થધર્મરૂપે કલ્પાય છે. બાકી વાસ્તવિકતાએ તેમ નથી. આશય એ છે કે વાસ્તવિકતાએ વાક્ય જ અર્થવાન્ છે. કેમકે જો પદો પણ અર્થવાન્ હોત તો લોકમાં વાક્યની જેમ કેવળ પદોનો પણ પ્રયોગ થવો જોઈતો હતો. પરંતુ તે થતો નથી. આ તો દરેક વાક્યે 'આ વાક્યનો અર્થ આમ થાય છે, આ વાક્યનો અર્થ આમ થાય છે..' આમ સમજાવવામાં ઘણું લાંબુ (અશક્ય જ) થઈ જાય. માટે અન્વય વ્યતિરેકને

(A) આ રીતે ઉપચાર કરી વિશેષ્ય શબ્દના લિંગનો ગુણવચનને હવાલો સોંપી દેવામાં આવે એટલે દરેક ગુણવચનને અલગથી કયુ લિંગ છે તે બતાવી ગૌરવ કરવાની જરૂર ન રહે. બાકી ગુણવચનશબ્દને પોતાનું આગવું લિંગ હોય છે.

આશ્રયી પદોના અર્થ કલ્પવામાં આવે છે. જેથી પદોના અર્થની ખબર પડી જાય એટલે વ્યક્તિ જાતે જ વાક્યના અર્થને સમજી શકે. તેની જેમ ગુણવચન સ્થળે પણ લાઘવાર્થે ઉપચાર કરી લિંગને અર્થધર્મ રૂપે બતાવેલો સમજવો.

આ બન્ને પક્ષ નિર્દોષ હોવાથી બન્ને પક્ષનો સ્વીકાર કરવો વ્યાજબી કહેવાય, માટે બૃ. વૃત્તિમાં 'उभयथाऽपि न दोषः' એમ કહ્યું છે ।।૨૯।।

(1) स्वरादयोऽव्ययम् (2) (3) ।।१.१.३०।।

बृ.वृ.–स्वरादयः शब्दा अव्ययसंज्ञा भवन्ति। स्वः(4) सुखयति, एहि जाये! स्वा रोहावः, स्वः संजानीते, स्वः स्पृहयति, स्वरागच्छति। "छायेव या स्वर्जलधेर्जलेषु"। स्वर्वसति, अन्तर्यामि, अन्तर्वसति। 'अत्युच्चैसौ(5), अत्युच्चैसः' इत्यत्रोच्चैरतिक्रान्तो यस्तदभिधायकस्य पूर्वपदार्थप्रधानस्य समासस्य संबन्धी स्यादिर्नोच्चैःशब्दस्य, तेन "अव्ययस्य" (३.२.७) इति लुप् न भवति, 'परमोच्चैः, परमनीचैः' इत्यत्र तु उत्तरपदार्थप्रधानत्वात् समासस्याव्ययसंबन्ध्येव स्यादिरिति भवत्येव। अन्वर्थसंज्ञा(6) चेयम्–'अव्ययम्' इति (तेन) लिङ्ग–कारक–विभक्तिनानात्वेऽपि न नानारूपतां प्रतिपद्यत इति, यदुक्तम्—

"सदृशं त्रिषु लिङ्गेषु सर्वासु च विभक्तिषु। वचनेषु च सर्वेषु यन्न व्येति तदव्ययम्" ।।५।।

अन्वर्थाश्रयणे च स्वराद्यव्ययमव्ययं (स्वरादि अव्ययम्–अव्ययं) भवतीति स्वरादेर्विशेषणत्वेन तदन्त-विज्ञानात् परमोच्चैः परमनीचैरित्यादावप्यव्ययसंज्ञा भवति। स्वर्(7), अन्तर्, सनुतर्, पुनर्, प्रातर्, सायम्, नक्तम्, अस्तम्, दिवा, दोषा, ह्यस्, श्वस्, कम्, शम्, योस्, मयस्, विहायसा, रोदसी, ओम्, भूस्, भुवस्, स्वस्ति, समया, निकषा, अन्तरा, पुरा, बहिस्, अवस्, अधस्, असाम्प्रतम्, अद्धा, ऋतम्, सत्यम्, इद्धा, मुधा, मृषा, वृथा, वृषा, मिथ्या, मिथो, मिथु, मिथस्, मिथुस्, मिथुनम्, अनिशम्, मुहुस्, अभीक्ष्णम्, मङ्क्षु, झटिति, उच्चैस्, नीचैस्, शनैस्, अवश्यम्, सामि, साचि, विष्वक्, अन्वक्, ताजक्, द्राक्, स्राक्, ऋधक्, पृथक्, धिक्, हिरुक्, ज्योक्, मनाक्, ईषत्, जोषम्, ज्योषम्, तूष्णीम्, कामम्, निकामम्, प्रकामम्, अरम्, वरम्, परम्, चिरम्, आरात्, तिरस्, मनस्, नमस्, भूयस्, प्रायस्, प्रबाहु, प्रबाहुक्, प्रबाहुकम्, आर्य, हलम्, आर्यहलम्, स्वयम्, अलम्, कु, बलवत्, अतीव, सुष्ठु, दुष्ठु, ऋते, सपदि, साक्षात्, सन्, प्रशान्, सनात्, सनत्, सना, नाना, विना, क्षमा, शु, सहसा, युगपत्, उपांशु, पुरतस्, पुरस्, पुरस्तात्, शश्वत्, कुवित्(द्), आविस्, प्रादुस्
इति(8) स्वरादयः। बहुवचनमाकृतिगणार्थम्, तेनान्येषामपि चादिषूपात्तानामनुपात्तानां च स्वरादिसधर्मणामव्ययसंज्ञा भवति। स्वरादयो हि स्वार्थस्य वाचका न तु चादिवद् द्योतका इति। अव्ययप्रदेशाः(9)—"अव्ययस्य" (३.२.७) इत्यादयः ।।३०।।

સૂત્રાર્થ :- સ્વર્ વિગેરે શબ્દોને અવ્યયસંજ્ઞા થાય છે.

સૂત્રસમાસ :- ◆ स्वर् आदिर्येषां ते = स्वरादयः (बहु०) ◆ न व्येति इति = अव्ययम् (नञ् तत्.)। अत्र '५.१.५०' सूत्रेण 'व्यय' इति शब्दो निष्पन्नः, तेन च नञ् तत्पुरुषः।

विवरण :- (1) સૂત્રમાં स्वरादयः આ બહુવ્રીહિસમાસ પામેલું પદ છે, જેમાં આદિ શબ્દ અવયવ અર્થમાં છે. તેથી સમાસનો અર્થ 'स्वर् છે આદિ અવયવ જે શબ્દ સમુદાયનો' આવો થશે. અહીં અવયવને (= स्वर् ને) લઈને વિગ્રહ કર્યો છે. स्वर् વિગેરે શબ્દોનો સમુદાય (= અવયવી) એ સમાસાર્થ (= અન્યપદાર્થ) છે. અવયવ-અવયવી વચ્ચે સમવાય સંબંધ હોય અને સમવાય સંબંધ ધરાવતા સંબંધી વચ્ચે અપૃથગ્ભાવ હોય. તેથી આ બહુવ્રીહિમાં અન્યપદાર્થ ભેગો स्वर् શબ્દ પણ અવ્યયસંજ્ઞા પામવામાં આવરાઈ જાય છે. તેથી આ तद्गुण-संविज्ञान બહુવ્રીહિ છે.

(2) સૂત્રમાં स्वरादयः અને अव्ययम् પદ વચ્ચે વિશેષણ-વિશેષ્યભાવ છે. વિશેષણને વિશેષ્ય પ્રમાણે લિંગ થાય. તેથી स्वरादयः વિશેષણપદનો[A] પુંલિંગને બદલે નપુંસકલિંગમાં પ્રયોગ થવો જોઈએ. છતાં પુંલિંગમાં પ્રયોગ કર્યો છે તે ***'विशेष्याऽसन्निधानेनाऽपि पदसंस्कारो भवति'*** ન્યાયને જણાવવા માટે છે. ન્યાય એમ કહે છે કે વિશેષ્યનું સંનિધાન (સાંનિધ્ય) ન થયું હોય તો પણ વિશેષણ પદને લિંગ આદિ સંસ્કાર થઈ શકે છે. 'आकृतिग्रहणा जातिः' સ્થળે થયું છે તેમ. આશય એ છે કે 'જાતિ કોને કહેવાય' એ બતાવવા વ્યાકરણગ્રંથોમાં એક શ્લોક આવે છે-

आकृतिग्रहणा जातिर्लिङ्गानां च न सर्वभाक्। सकृदाख्यातनिर्ग्राह्या गोत्रं च चरणैस्सह[B]।।

આ શ્લોકમાં આકૃતિગ્રહણા પ્રયોગ છે તે પદસંસ્કારપક્ષને અનુસરીને થયો છે. 'आक्रियते = व्यज्यतेऽनया इति आकृतिः' વ્યુત્પત્તિ મુજબ વસ્તુના અવયવોના સમુદાયને આકૃતિ કહેવાય અને 'गृह्यते = ज्ञायतेऽनेन इति ग्रहणम्' વ્યુત્પત્તિ મુજબ જ્ઞાનના સાધનને ગ્રહણ કહેવાય. 'आकृतिः ग्रहणं यस्याः सा = आकृतिग्रहणा' અર્થાત્ અવયવનો સમુદાય (સંસ્થાન) છે જ્ઞાનનું સાધન જેનું, તેવી જાતિને આકૃતિગ્રહણા કહેવાય. અહીં જોવાનું એ છે કે જ્યારે આપણે ઉપરોક્ત બહુવ્રીહિ સમાસ કરીએ છીએ, ત્યારે આપણને વિગ્રહમાં સ્ત્રીલિંગ આકૃતિ શબ્દ અને ગ્રહણ શબ્દ વચ્ચે સામાનાધિકરણ્ય (વિશેષણ-વિશેષ્યભાવ) જણાય છે. તેથી ગ્રહણમ્ પ્રયોગ ન થતા 'अणञ्० २.४.२०' સૂત્રથી ङी પ્રત્યય લાગી ગ્રહણી પ્રયોગ થવો જોઈએ. પરંતુ પદસંસ્કારપક્ષે[C] વાક્યમાં વપરાયેલ પદોના પરસ્પર અન્વયનો વિચાર કર્યા વિના સ્વતંત્રપણે પદની નિષ્પત્તિ થઈ શકતી હોવાથી ***'विशेष्याऽसन्निधानेनाऽपि०'***

(A) स्वरादिशब्दस्य संज्ञितया संज्ञाविशेषणत्वात्...। (अस्यैव सूत्रस्य बृ. न्यासे 'बहुवचनमाकृतिगणार्थम्' इत्यत्र द्रष्टव्यम्)

(B) જુઓ '२.४.५४' સૂત્રનો બૃ. ન્યાસ તથા 'पा. सू. ४.१.६३' સૂત્રનું મ. ભાષ્ય.

(C) ***पदपर्यन्तं प्रकृति-प्रत्ययान् संस्थाप्य ततः संस्कारः पदसंस्कारः।*** વિશેષ જાણવા જુઓ અમારા ૧.૪ ના બૃ. ન્યાસના વિવરણની પ્રસ્તાવના પૃષ્ઠ xxxiv થી xxxix અને તે જ પુસ્તકના પરિશિષ્ટ-૩ માં પદસંસ્કાર અને વાક્યસંસ્કાર શબ્દ.

ન્યાય મુજબ આકૃતિઃ (વિશેષ્યપદ)નું સંનિધાન થઈ વિશેષણ-વિશેષ્યભાવ ઊભો થાય તે પહેલાં જ કરણ સામાન્ય અર્થમાં નપુંસકલિંગ ગ્રહણ શબ્દ સાધી લેવામાં આવે છે. પછી આકૃતિઃ પદાન્તરની સાથે તેનો અન્વય થવાના કારણે જે તેમાં સ્ત્રીત્વની પ્રાપ્તિ આવે તે બહિરંગ[A] હોવાથી ન થઈ શકતા તે ङी પ્રત્યય લાવવામાં નિમિત્ત બની શકતું નથી. માટે વિગ્રહમાં ગ્રહણી ને બદલે ગ્રહણમ્ પદ વાપરવામાં આવ્યું છે અને આકૃતિગ્રહણા સમાસ થયો છે. તેની જેમ પ્રસ્તુતમાં પણ ***'विशेष्याऽसन्निधानेनाऽपि०'*** ન્યાય મુજબ અવ્યયમ્ વિશેષ્યપદનું સંનિધાન થઈ વિશેષણ-વિશેષ્યભાવ ઊભો થાય તે પહેલા જ પદસંસ્કારપક્ષને આશ્રયી સ્વતંત્રપણે સ્વરાદયઃ પદને પુંલિંગ રૂપે સાધી લેવામાં આવ્યું છે અને પાછળથી અવ્યયમ્ વિશેષ્યપદનું સંનિધાન થાય તો પણ ***'जातं कार्यं न निवर्तते'*** ન્યાય મુજબ હવે સ્વરાદયઃ પદનું પુંસ્ત્વ નિવર્તન નથી પામતું. આમ અહીં સ્વરાદયઃ આ પુંલિંગ નિર્દેશ ફક્ત ***'विशेष्याऽसन्निधानेनाऽपि०'*** ન્યાયના જ્ઞાપન માટે કર્યો છે.[B]

(3) સૂત્રમાં અવ્યયમ્ આ પ્રમાણે નપુંસકલિંગ એકવચનમાં નિર્દેશ કર્યો છે તે ***'अभिधेयविशेषनिरपेक्षः पदसंस्कारपक्षोऽप्यस्ति'*** ન્યાયના જ્ઞાપન માટે છે. વાત એવી છે કે અવ્યયમ્ સંજ્ઞા અને સ્વરાદયઃ સંજ્ઞી વચ્ચે વિશેષણ-વિશેષ્યભાવ હોવાથી તે બન્ને વચ્ચે લિંગ અને વચનનું સામ્ય જળવાવું જોઈએ. પરંતુ સ્વરાદયઃ પદ બહુવચન અને પુંલિંગમાં તથા અવ્યયમ્ પદ એકવચન અને નપુંસકલિંગમાં હોવાથી તે જળવાતું નથી. તેથી ***'अभिधेयविशेषनिरपेक्षः०'*** ન્યાય જ્ઞાપિત થાય છે. ન્યાય એમ કહે છે કે 'અભિધેય (વાચ્ય) વિશેષને લગતા પદથી નિરપેક્ષ રહીને પણ પદનો સંસ્કાર (= નિષ્પત્તિ) થઈ શકે છે.' અવ્યયમ્ સંજ્ઞા પદ સામાન્યથી 'જે વ્યય ન પામે તે અવ્યય' અર્થનું વાચક છે અને વિશેષથી સંજ્ઞી એવા સ્વર્ આદિ શબ્દોનું વાચક છે. પ્રસ્તુતમાં તે પદ સંસ્કાર પક્ષે પોતાના વાચ્યવિશેષ સ્વર્ આદિ શબ્દના વાચક સ્વરાદયઃ પદને નિરપેક્ષપણે નિષ્પન્ન થયું છે. તેથી તેને 'નપુંસકલિંગ' અને 'न व्येति इति अव्ययम्' આ સામાન્ય અર્થની અપેક્ષાએ અર્થવાન્ બનવાથી 'એકવચન' આ બન્ને કાર્ય થયા છે. જો કે સ્વરાદયઃ પદ અવ્યયમ્ પદની બાજુમાં જ છે. છતાં અવ્યયમ્ પદ તેની અપેક્ષા રાખતું નથી, માટે સ્વરાદયઃ પદની અપેક્ષાએ અવ્યયમ્ પદ વિશેષણ[C] બને તે પહેલાં જ તેને આ બે કાર્ય થઈ ગયાં છે. પાછળથી આ બન્નેનો અન્વય થવાથી વિશેષણ-વિશેષ્યભાવ ઉત્પન્ન થાય ત્યારે ***'जातं कार्यं न निवर्तते'*** ન્યાય મુજબ

(A) કાળને આશ્રયીને પરવ્યવસ્થિત છે માટે બહિરંગ ગણાવી છે.

(B) બૃ. ન્યાસની 'न च लिङ्गसर्वनाम.....बुद्धावुपारोहात्' પંક્તિનો અર્થ અહીં કર્યો નથી. વિદ્વાનો તેને બેસાડવા પ્રયત્ન કરે.

(C) પૂર્વે (2) નંબર સ્થળે સ્વરાદયઃ પદને વિશેષણ અને અવ્યયમ્ પદને વિશેષ્ય ગણાવ્યું તે સંજ્ઞા-સંજ્ઞીભાવના સંદર્ભમાં સમજવું. જ્યારે અહીં સ્વરાદયઃ પદને વિશેષ્ય અને અવ્યયમ્ પદને વિશેષણ ગણાવ્યું છે તે આશ્રય-આશ્રયીભાવના સંદર્ભમાં સમજવું. અવ્યય સંજ્ઞા સ્વર્ વિગેરેને લાગુ પડે છે માટે સ્વરાદિ એ અવ્યયસંજ્ઞાના આશ્રય છે. આશ્રય (ધર્મી) હંમેશા વિશેષ્ય હોય અને આશ્રિત (ધર્મ) વિશેષણ હોય.

હવે બહિરંગ (= પાછળથી આવેલા) આશ્રય (= स्वरादयः પદ) ના લિંગ અને સંખ્યા (= વચન) નો अव्ययम् પદની સાથે અન્વય થઈ શકતો નથી. 'आकृतिग्रहणा जातिः' સ્થળે પણ ***'अभिधेयविशेषनिरपेक्षः०'*** ન્યાય મુજબ પદસંસ્કારપક્ષને આશ્રયીને જ 'आकृतिग्रहणा' પ્રયોગ નિષ્પન્ન થયો છે. જે આપણે **(2)** નંબર સ્થળે જોઈ ગયા.

જો પ્રસ્તુતમાં વાક્યસંસ્કારપક્ષ[A] સ્વીકારવામાં આવે તો આ પક્ષે વાક્યમાં વપરાયેલ દરેક પદના પરસ્પર અન્વયનો વિચાર કર્યા વિના એકપણ પદની સ્વતંત્ર સિદ્ધિ ન થઈ શકતી હોવાથી અવ્યય શબ્દને લિંગ-સંખ્યાનો અન્વય થાય તે પહેલાં જ તેના આશ્રયવિશેષ स्वरादयः પદનો તેની સાથે અન્વય થઈ જવાથી બન્ને વચ્ચે વિશેષણ-વિશેષ્યભાવ ઉત્પન્ન થતા અવ્યય વિશેષણને स्वरादयः વિશેષ્યપદ પ્રમાણે લિંગ-સંખ્યાનો યોગ થાય. તેથી स्वरादयो ऽव्ययाः પ્રયોગ કરવાનો આવે. બધે લૌકિક પ્રયોગ જ પ્રમાણરૂપે સ્વીકારાય છે, આથી કોઈ અવ્યવસ્થા નથી. વાક્યસંસ્કાર અને પદસંસ્કાર બન્ને પૈકી યથાવસર કોઈપણ પક્ષનો સ્વીકાર કરી ઈષ્ટપ્રયોગની સિદ્ધિ કરી શકાય છે.

(4) <u>दृष्टांत</u> -

	(i) स्वः सुखयति	(ii) स्वा रोहावः	(iii) स्वः संजानीते	(iv) स्वः स्पृहयति
	स्वर् + सि	स्वर् + अम्	स्वर् + टा	स्वर् + ङे
* 'अव्ययस्य ३.२.७' →	स्वर् सुखयति	स्वर् रोहावः	स्वर् संजानीते	स्वर् स्पृहयति
* 'रः पदान्ते० १.३.५३' →	स्वः सुखयति।	↓	स्वः संजानीते।	स्वः स्पृहयति।
* 'रो रे लुग् १.३.४१' →		स्वा रोहावः।		

	(v) स्वरागच्छति	(vi) स्वर्जलधेः[B]	(vii) स्वर्वसति	(viii) अन्तर्यामि
	स्वर् + ङसि	स्वर् + ङस्	स्वर् + ङि	अन्तर् + अम्
* 'अव्ययस्य ३.२.७' →	स्वर् आगच्छति	स्वर् जलधेः	स्वर् वसति	अन्तर् यामि
	= स्वरागच्छति।	= स्वर्जलधेः।	= स्वर्वसति।	= अन्तर्यामि।

(ix) अन्तर्वसति – * अन्तर् + ङि, * 'अव्ययस्य ३.२.७' → अन्तर् वसति = अन्तर्वसति।

(A) ***वाक्यपर्यन्तं प्रकृति-प्रत्ययान् संस्थाप्य ततः संस्कारः वाक्यसंस्कारः।***

(B) **त्वष्टुः सदाभ्यासगृहीतशिल्पविज्ञानसंपत्प्रसरस्य सीमा। अदृश्यतादर्शतलामलेषु च्छायेव या स्वर्जलधेर्जलेषु।।**

(शिशुपालवधे ३/३५)

અર્થ :- વિશ્વકર્માના સતત અભ્યાસથી મેળવાયેલી શિલ્પવિજ્ઞાનની સંપત્તિના પ્રકર્ષની સીમારૂપ દ્વારકા નગરી દર્પણ જેવા સ્વચ્છ મેઘના જળને વિશે સ્વર્ગના પ્રતિબિંબ સમાન દેખાતી હતી.

અહીં સ્વર્ અવ્યયસંબંધી સાતેય વિભક્તિના દૃષ્ટાંત આપી દરેકમાં તેનું સ્વરૂપ અવ્યય (વ્યય ન પામે તેવું એકસરખું) રહે છે, તે બતાવ્યું છે.

(5) સમાસના અંતભાગે સ્વર્ આદિ અવ્યયો વર્તતા હોય ત્યારે આખા સામાસિક શબ્દને અવ્યયને લગતા કાર્ય થાય કે ન થાય તે બાબતમાં વિધિ-નિષેધ મુખે દૃષ્ટાંત વિશેષને બતાવે છે.

(a) अत्युच्चैसौ, (b) अत्युच्चैसः – * 'प्रात्यवपरि० ३.१.४७' → उच्चैरतिक्रान्तौ = अत्युच्चैसौ અને उच्चैरतिक्रान्ताः = अत्युच्चैसः। (બૃહદ્વૃત્ત્યર્થ - આ દૃષ્ટાંતોમાં અતિક્રાન્ત (અતિક્રમણ કરનાર)ની અર્થાત્ પૂર્વપદાર્થની પ્રધાનતા છે, उच्चैस् અવ્યયની નહીં. उच्चैस् સમાસમાં ગૌણ પડી ગયો છે. તેથી અહીં પૂર્વપદાર્થપ્રધાન સમાસને થયેલી સ્યાદિ વિભક્તિ 'અતિક્રમણકર્તાના અભિધાયક' સંબંધી કહેવાશે, उच्चैस् અવ્યય સંબંધી નહીં. તેથી 'अव्ययस्य ३.२.७' સૂત્રની પ્રાપ્તિ ન હોવાથી સ્યાદિ વિભક્તિનો લોપ નહીં થાય.)

शंका :- 'प्रात्यवपरि० ३.१.४७' સૂત્રથી ક્રાન્તાદ્યર્થ अति શબ્દ દ્વિતીયાન્ત નામની સાથે સમાસ પામે છે. પ્રસ્તુતમાં उच्चैस् અવ્યય 'ઊંચે' આમ અધિકરણશક્તિપ્રધાન શબ્દ છે. તેથી તેને કર્માર્થક દ્વિતીયા વિભક્તિ થઈ શકે નહીં. તો બન્નેનો સમાસ શી રીતે થયો ?

समाधान :- સમાસાદિ વૃત્તિના વિષયમાં શક્તિપ્રધાન એવા પણ અવ્યયો શક્તિમત્પ્રધાન બને છે. તેથી अति શબ્દ સાથે સમાસ પામવાના અવસરે उच्चैस् અવ્યય 'ઊંચે' આમ અધિકરણશક્તિપ્રધાન શબ્દ ન રહેતા 'ઊંચે રહેલ' આમ અધિકરણશક્તિમત્પ્રધાન બનવાથી તેને કર્માર્થક દ્વિતીયા વિભક્તિ થઈ શકવાથી अत्युच्चैसौ આદિ સમાસ થઈ શકે છે. જેમ 'दोषामन्यम् अहर्' (દિવસ પોતાને રાત માને છે) સ્થળે અચેતન દિવસમાં મનનકર્તૃત્વનો આરોપ[A] કરી પ્રયોગ સાધવામાં આવ્યો છે, તેમ પ્રસ્તુતમાં પણ અધિકરણશક્તિ અર્થક उच्चैस् અવ્યયમાં અધિકરણશક્તિમત્ત્વનો આરોપ કરી अत्युच्चैसौ આદિ પ્રયોગ સાધવામાં આવ્યા છે.

'अव्ययस्य ३.२.७' સૂત્રથી અવ્યય સંબંધી સ્યાદિ વિભક્તિનો લોપ થાય છે. अत्युच्चैसौ વિગેરે સ્થળે સમાસને અંતે વર્તતા સ્વર્ આદિ અવ્યયો ગૌણ પડી જાય છે. માટે ત્યાં સમાસનો અવયવ (ઉત્તરાંશ) અવ્યય છે, પરંતુ આખો સમાસ અવ્યય નથી. अत्युच्चैसौ વિગેરે અવ્યયાન્ત સમાસ (સમુદાય) 'ઊંચે રહેલાને ઓળંગી ગયેલ' આમ પૂર્વપદાર્થ અતિક્રાન્ત અર્થને મુખ્યપણે કહે છે, પણ उच्चैस् અવ્યયના 'ઊંચે રહેલ' અર્થને મુખ્યપણે નથી કહેતો. માટે અહીં उच्चैस् અવ્યય ગૌણ પડી ગયો છે. તેથી અહીં 'अव्ययस्य ३.२.७' સૂત્રથી સ્યાદિ વિભક્તિનો લોપ નથી થયો.

(A) दिनं कर्तृ आत्मानं रात्रिं मन्यते इत्यर्थः। कूलं पिपतिषतीत्यत्र कूल इवात्र दिने मननकर्तृत्वारोपः। (म. भाष्यप्रदीपोद्योततत्त्वालोकः पा.सू. १.१.३८)

શંકા :- છતાં આ સમાસ પૂર્વપદાર્થપ્રધાન છે અને અહીં પૂર્વપદ અતિ એ અવ્યય છે. તેથી સમાસને થયેલી સ્યાદિ વિભક્તિનો 'अव्ययस्य ३.२.७' સૂત્રથી લોપ થવો જોઈએ.

શંકા :- અતિ શબ્દ ચાદિ ગણનો છે. ચાદિ ગણના શબ્દો જો અસત્ત્વ(અદ્રવ્ય)વાચી હોય તો જ તેમને 'चादयोऽसत्त्वे० १.१.३१' સૂત્રથી અવ્યયસંજ્ઞા થાય છે. પ્રસ્તુતમાં અતિ શબ્દ અતિક્રાન્ત અર્થમાં વર્તે છે. ત્યાં લિંગ-કારક-વિભક્તિ-સંખ્યાનો યોગ થતો હોવાથી અતિ શબ્દ સત્ત્વ (દ્રવ્ય)[A] વાચી છે. માટે તે અવ્યય ન બની શકવાથી[B] 'अव्ययस्य ३.२.७' સૂત્રથી સમાસની સ્યાદિ વિભક્તિનો લોપ નથી થઈ શક્યો. અથવા અવ્યય ક્યારે અવ્યય બને તેની યુક્તિ આગળ કહેવાશે. પ્રસ્તુતમાં अत्युच्चैसौ વિગેરે સ્થળે જે સ્યાદિ વિભક્તિ થઈ છે તે સમાસાત્મક સમુદાયની છે, તેના અવયવની નહીં. માટે 'अव्ययस्य ३.२.७' સૂત્રથી તેનો લોપ નથી થયો.

परमोच्चैः, परमनीचैः इत्यत्र तु સ્થળે બૃહદ્વૃત્તિકારે 'तु' નું ઉપાદાન પૂર્વે કરાયેલ अत्युच्चैसौ વિગેરે કરતા परमोच्चैः વિગેરેમાં કંઈક વિશેષતા બતાવવા માટે કર્યું છે. એ વિશેષતા કઈ છે ? તો परमोच्चैः વિગેરે સમાસો ; કે જ્યાં સ્વરાદિ અવ્યયો પ્રધાનતાએ અંતે રહેલા છે, ત્યાં અવયવ અને સમુદાય બન્નેને અવ્યયસંજ્ઞા થાય છે. જેમકે- उच्चैस् વિગેરે અવ્યયાન્ત આ સમાસમાં उच्चैस् વિગેરે અવ્યય મુખ્ય હોવાથી उच्चैस्, नीचैस् એ અવયવ અને परमोच्चैः, परमनीचैः એ સમુદાય ; બન્નેને અવયવસંજ્ઞા થશે. કારણકે સમાસ ઉત્તરપદાર્થપ્રધાન છે. તથા ઉત્તરપદરૂપે રહેલાં उच्चैस् અને नीचैस् શબ્દો લિંગ-કારક-વિભક્તિ-સંખ્યા સાથે અન્વય નથી પામતા. તેથી સમાસને થયેલ સ્યાદિ વિભક્તિ અવ્યય સંબંધી જ[C] હોવાથી 'अव्ययस्य ३.२.७' સૂત્રથી તેનો લોપ થશે.

(6) ''સૂત્રમાં ફક્ત 'स्वर् આદિ શબ્દો અવ્યય સંજ્ઞક થાય છે.' આટલું જ કહ્યું છે. તો 'લિંગ-કારક (= વિભક્તિ)-સંખ્યાની સાથે અન્વય ન પામનારા स्वर् આદિ શબ્દો અવ્યયસંજ્ઞક થાય છે' આવો અર્થ સૂત્રમાં કોઈ વિશેષ પદ મૂક્યા વિના શી રીતે જાણાય ?'' આ પ્રશ્નના સંદર્ભમાં બૃ. વૃત્તિમાં 'अन्वर्थसंज्ञा चेयम्...' પંક્તિ બતાવી છે. તેનો અર્થ 'અવ્યય એ જેથી અન્વર્થ (વ્યુત્પત્ત્યર્થ ઘટે એવી) સંજ્ઞા છે, તેથી લિંગ, કારક, વિભક્તિ વિગેરે અનેક પ્રકારના હોવા છતાં જે તેમને લઈને વિવિધ સ્વરૂપને ન પામે તેને અવ્યય કહેવાય.' આવો થશે. આશય એ છે કે અવ્યયોમાં લિંગ વિશેષના પ્રતિપાદનનું સામર્થ્ય ન હોવાથી તેમને વિવિધ પ્રકારના લિંગ નથી સંભવતા. જે

(A) *लिङ्ग-सङ्ख्यावद् द्रव्यम्।* (१.१.३१ बृ. वृत्तिः)

(B) પૂ. લાવણ્યસૂરિજી દ્વારા સંપાદિત બૃ. ન્યાસમાં 'लिङ्ग-कारक-विभक्ति-संख्याविशेषोपादानादव्यययोगित्वम्' આવો પાઠ છે, જે અશુદ્ધ હોય તેમ લાગે છે. પાઠ 'लिङ्ग-कारक-विभक्ति-संख्याविशेषोपादानात् सत्त्ववाचित्वान्नाऽव्ययत्वम्' આવો હોવો જોઈએ.

(C) જકાર દ્વારા અહીં અવ્યયસંજ્ઞાના નિષેધનું નિરાકરણ કર્યું છે.

અવ્યયો કારકશક્તિ (સાધન) પ્રધાન[A] હોય છે, તેઓમાં બીજી કારકશક્તિનો સમાવેશ ન થઈ શકવાથી તથા જે અવ્યયો ક્રિયાપ્રધાન[B] હોય છે તેમની સાથે પણ કારકશક્તિનો મેળ ન પડવાથી[C] અવ્યયોમાં કારકનું વૈવિધ્ય પણ સંભવતું નથી. એકત્વ આદિ સંખ્યાનો પણ અવ્યય સાથે અન્વય થતો નથી, તેથી અવ્યયોમાં વચનનું વૈવિધ્ય પણ નથી. આમ જે અવ્યયો અસત્ત્વભૂત (= દ્રવ્ય સિવાયના) અર્થના અભિધાયક હોય તેમનો દ્રવ્યના (સત્ત્વના) ધર્મ એવા લિંગ, કારક અને એકત્વાદિ સંખ્યાની સાથે યોગ નથી થતો. તથા જે અવ્યયો સત્ત્વવાચી હોય તેમનામાં પણ શબ્દની તેવા પ્રકારની શક્તિ હોવાથી યુષ્મદ્-અસ્મદ્ શબ્દોને જેમ સ્વાભાવિક રીતે લિંગનો યોગ નથી થતો તેમ લિંગ કારક અને સંખ્યાનો યોગ નથી થતો. આમ અસત્ત્વવાચી અને સત્ત્વવાચી બન્ને પ્રકારના અવ્યયો લિંગ, કારક અને સંખ્યા આ સત્ત્વધર્મોને લઈને વિવિધ સ્વરૂપને પામતા નથી માટે તેમને અવ્યય કહેવાય છે. આ જ વાતને ફરી બૃ. વૃત્તિમાં શ્લોક બતાવી દ્રઢ કરે છે –

सदृशं त्रिषु लिङ्गेषु सर्वासु च विभक्तिषु। वचनेषु च सर्वेषु यन्न व्येति तदव्ययम्।।

અર્થ : જેઓ ત્રણે લિંગમાં, પ્રથમા વિગેરે સર્વ વિભક્તિઓમાં (= કારકોમાં) તથા એકવચન આદિ સર્વ વચનોમાં સમાન હોય છે, ફેરફારને નથી પામતા તેમને અવ્યય કહેવાય છે.

વાત એમ છે કે પ્રસ્તુતમાં કરવામાં આવેલ અવ્યય સંજ્ઞા મોટી છે. એક સાથે અનેક વસ્તુઓને ટૂંકમાં સમજી શકાય તે માટે સંજ્ઞા કરવામાં આવતી હોય છે. અર્થાત્ ***'लघ्वर्थं संज्ञाकरणम्'*** નિયમ મુજબ સંજ્ઞા લાઘવાર્થે કરાય છે. તેથી જો તે નિષ્કારણ ગુરુ (મોટી) કરાય તો વ્યાજબી ન કહેવાય. તેથી અવ્યય આવી મોટી સંજ્ઞા કરવા પાછળ કોઈ પ્રયોજન બતાવવું પડે. પ્રયોજન એ છે કે આ મોટી સંજ્ઞા સાન્વર્થ (વ્યુત્પત્ત્યર્થ ઘટે એવી) થઈને સ્વર્ વિગેરેના વિશેષ્ય રૂપે અવ્યય સંજ્ઞિની ઉપસ્થિતિ કરાવે. તે આ રીતે – 'स्वरादि अव्ययम् अव्ययसंज्ञं भवति'[D] (સ્વર્ છે આદિમાં જેમના એવા વ્યય ન પામનારા શબ્દો (= અવ્યય) અવ્યય સંજ્ઞક થાય છે.)

શંકા :- સૂત્રમાં એકવાર જ અવ્યય શબ્દ લખ્યો છે. તો બે વાર તે શબ્દ શી રીતે પ્રાપ્ત કરી શકાય ? હવે એકજ વાર પ્રાપ્ત થતા અવ્યય શબ્દને જો અન્વર્થ ગણીએ તો તે 'વ્યય ન પામનાર' અર્થને જણાવવામાં તત્પર (અર્થ પરતંત્ર) થવાથી પોતાના શબ્દસ્વરૂપને જાળવનારો (= શબ્દસ્વરૂપનો આશ્રય) ન બની શકે. તેથી અવ્યય શબ્દથી સંજ્ઞા નહીં જણાય અને જો અવ્યય શબ્દને શબ્દસ્વરૂપને જાળવનારો સ્વીકારી સંજ્ઞાશબ્દ રૂપે ગણાવવામાં આવે તો

(A) જેમકે આગળ (5) નંબર સ્થળે આપણે જોઈ ગયા કે उच्चैस् અવ્યય અધિકરણશક્તિપ્રધાન છે.

(B) હિરુક્, પૃથક્ વિગેરે અવ્યયો ક્રિયાપ્રધાન છે. આ અવ્યયો ક્રિયાવિશેષણ હોવાથી ક્રિયાપ્રધાન બને છે.

(C) કારક ક્રિયાનો હેતુ હોય ક્રિયાપ્રધાન નહીં. માટે કારકશક્તિનો મેળ ન પડે.

(D) અહીં 'स्वरादि अव्ययम्' એ સંજ્ઞીઅંશ છે, જેમાં स्वरादि પદ વિશેષણ અને अव्ययम् પદ તેના વિશેષ્ય રૂપે જણાય છે તથા अव्ययसंज्ञम् આ સંજ્ઞાઅંશ છે.

તે અન્વર્થ શબ્દ ન બનવાથી સ્વરાદિ શબ્દનો વિશેષ્ય ન બની શકતા 'લિંગ, વિભક્તિ અને સંખ્યાની સાથે અન્વય પામી વ્યય ન પામે એવો શબ્દ' આવો અર્થ જે જણાવવો છે તે નહીં જણાવી શકાય.

સમાધાન :- તમે કહો છો તેવી કોઈ આપત્તિ નહીં આવે. કેમકે લોકમાં બે પ્રકારની સંજ્ઞા જોવામાં આવે છે - નૈમિત્તિકી અને પારિભાષિકી. વ્યક્તિ શ્યામવર્ણી હોય અને જો તેની 'કૃષ્ણ' સંજ્ઞા કરવામાં આવે તો શ્યામવર્ણાત્મક નિમિત્તને લઈને પ્રવર્તી હોવાથી તે નૈમિત્તિકી સંજ્ઞા કહેવાય. જેમકે વાસુદેવ શ્યામવર્ણા હતા અને તેમનું 'કૃષ્ણ' નામ રાખવામાં આવ્યું હતું. વ્યક્તિ ગૌરવર્ણી હોય અને જો તેની 'કૃષ્ણ' સંજ્ઞા રાખવામાં આવે તો આ પારિભાષિકી સંજ્ઞા કહેવાય. વ્યાકરણશાસ્ત્રોમાં બન્ને પ્રકારની સંજ્ઞા જોવામાં આવે છે. જેમકે અવ્યય, સર્વનામ, કારક વિગેરે નૈમિત્તિકી (અકૃત્રિમ/અન્વર્થ) સંજ્ઞા છે અને પાણિનિ વ્યાકરણમાં વપરાતી રિ, ભ વિગેરે સંજ્ઞાઓ પારિભાષિકી (કૃત્રિમ) સંજ્ઞા છે. સિદ્ધહેમવ્યાકરણમાં પારિભાષિક સંજ્ઞાઓ પ્રાયઃ જોવામાં નથી આવતી. આ રીતે બે પ્રકારની સંજ્ઞા હોતે છતે પ્રસ્તુતમાં અવ્યયસંજ્ઞા કરવાના અવસરે તે નૈમિત્તિકી સંજ્ઞા હોવાથી 'સ્વર્ વિગેરે વ્યય ન પામનારા શબ્દો' આમ વિશિષ્ટને જ સંજ્ઞા કરાશે.

શંકા :- અમે કહી તો ગયા કે સૂત્રના અવ્યય શબ્દને જો અન્વર્થ ગણશો તો તે સંજ્ઞાશબ્દ નહીં બની શકે અને એકજ અવ્યય શબ્દને બે વાર તો વપરાય નહીં ?

સમાધાન :- અવ્યય શબ્દને બે વાર વાપરવો નહીં પડે અને તે અન્વર્થ હોવા છતાં સંજ્ઞાશબ્દ બની શકશે. કેમકે તે નૈમિત્તિકી (અન્વર્થ) સંજ્ઞા છે. વાસુદેવની 'કૃષ્ણ' સંજ્ઞા નૈમિત્તિકી (શ્યામવર્ણના નિમિત્તે પ્રવર્તી) હોવાથી ત્યાં જેમ 'કૃષ્ણ' શબ્દ બોલાતા જ શ્યામવર્ણા વાસુદેવની (= વિશિષ્ટની) સંજ્ઞિરૂપે સહજ ઉપસ્થિતિ થાય છે, પરંતુ વાસુદેવમાં શ્યામવર્ણની ઉપસ્થિતિ કરાવવા ત્યાં જેમ બીજા 'કૃષ્ણ' શબ્દનો પ્રયોગ નથી કરવો પડતો, તેમ અવ્યય સંજ્ઞા પણ નૈમિત્તિકી ('વ્યય ન પામવું' આ નિમિત્તને લઈને પ્રવર્તી) હોવાથી ત્યાં પણ એક જ અવ્યય શબ્દ સંજ્ઞાશબ્દ બની 'સ્વરાદિ વ્યય ન પામનાર શબ્દો' આમ વિશિષ્ટની જ સંજ્ઞી રૂપે ઉપસ્થિતિ કરાવશે.

આ રીતે સંજ્ઞાકરણકાળે 'સ્વરાદિ વ્યય ન પામનારા શબ્દો' આમ નિમિત્તથી વિશિષ્ટને જ અવ્યયસંજ્ઞા કરાઈ હોવાથી ઘટ, પટ વિગેરે જે શબ્દો 'વ્યય ન પામવું' આ નિમિત્તથી શૂન્ય હશે, તેઓ અવ્યય સંજ્ઞાના સંજ્ઞી રૂપે નિવર્તી જશે.

શંકા :- અવ્યયસંજ્ઞા રૂઢ[A] છે. રૂઢ શબ્દ સ્થળે શબ્દની અન્વર્થતા (વ્યુત્પત્ત્યર્થ) નથી વિચારાતી. જેમકે ગો શબ્દ રૂઢ શબ્દ છે તો ત્યાં તેના गच्छतीति गो વ્યુત્પત્તિનો વિચારણા નથી કરાતી. કેમકે બેઠેલી ગાયને પણ ગો કહેવાય

(A) ***यत्रावयवशक्तिनैरपेक्ष्येण समुदायशक्तिमात्रेण यद् बुध्यते तद्रूढम्,*** यथा गो-मण्डलादिपदम्। (ન્યા.સિ.મુક્તાવલી કારિકા-૮૧)

છે અને ગમન કરનાર ધોડાને ગો નથી કહેવાતો. ત્યાં ફક્ત ગલકમ્બલ, શિંગડા, પૂંછડાવાળા પ્રાણી વિશેષને જ રૂઢિથી ગો તરીકે સમજવામાં આવે છે. તેમ અવ્યય સંજ્ઞા પણ રૂઢ હોવાથી તેના 'વ્યય ન પામવું' આ વ્યુત્પત્ત્યર્થ તરફ નજર કરવાની ન હોવાથી તેનાથી વ્યય પામનાર ઘટ, પંટ આદિ શબ્દો પણ સંજ્ઞી રૂપે પ્રાપ્ત કેમ ન થઈ શકે ?

સમાધાન :- કોઈપણ નૈમિત્તિકી સંજ્ઞા સંજ્ઞાકરણ કાળે વ્યુત્પત્તિને લઈને જ પ્રવર્તે અને પાછળથી તે રૂઢ[A] થતી હોય છે. અવ્યય સંજ્ઞા પણ સંજ્ઞાકરણકાળે 'વ્યય ન પામવું' આ વ્યુત્પત્તિને લઈને જ પ્રવર્તી હોવાથી ઘટ, પટ આદિ શબ્દોમાં તે વ્યુત્પત્તિ ન ઘટવાથી તે કાળે જ તેઓ સંજ્ઞી તરીકે બાકાત થઈ ગયા હતા અને જે સ્વરાદિ શબ્દો ત્યારે સંજ્ઞી રૂપે પ્રાપ્ત થયા, કાળક્રમે પાછળથી તેમનામાં અવ્યય સંજ્ઞા રૂઢ થઈ ગઈ. તેથી અવ્યય સંજ્ઞા રૂઢિ રૂપે પ્રવર્તે તો પણ ભલે ત્યાં વ્યુત્પત્ત્યર્થ ન જોવાનો હોય, છતાં તેનાથી વિશિષ્ટનો (= સ્વર્ આદિ વ્યય ન પામનારા શબ્દોનો) જ બોધ થાય. તેથી અવ્યય સંજ્ઞાનું ઘટ, પટ આદિ અનેક ખોટા સ્થળે ગમન નહીં થાય.

શંકા :- મૂળ તો તમારે અવ્યય સંજ્ઞાને અન્વર્થ બતાવી લિંગ-સંખ્યાના અન્વયને લઈને જે શબ્દો વ્યય ન પામતા હોય તેમને અવ્યય સંજ્ઞા કરવી છે. તો આ સૂત્રમાંથી સ્વરાદયઃ પદ કાઢી '***अलिङ्ग-सङ्ख्यमव्ययम्***' (લિંગ અને સંખ્યાથી રહિત શબ્દ અવ્યયસંજ્ઞક થાય છે) આવું સૂત્ર બનાવો કે જેથી આ એક જ સૂત્રથી બધા અવ્યયોનો સંગ્રહ થઈ જવાથી 'चादयोऽसत्त्वे ૧.૧.૩૧' વિગેરે સૂત્રોને અલગથી ન રચવા પડે.

સમાધાન :- આવું સૂત્ર બનાવવાથી 'ઇતરેતરાશ્રય' (અન્યોન્યાશ્રય) દોષ આવવાથી અવ્યયસંજ્ઞા સિદ્ધ નહીં થઈ શકે. તે આ પ્રમાણે - લિંગસંખ્યારહિતત્વ હોય તો અવ્યયસંજ્ઞા થાય અને અવ્યયસંજ્ઞાને લઈને જ લિંગસંખ્યા-રહિતત્વ કરવામાં આવે છે. આ રીતે ઇતરેતરાશ્રય દોષ આવે છે. પરસ્પર અવલંબીને રહેલાં કાર્ય સિદ્ધ ન થઈ શકે, માટે અવ્યયસંજ્ઞા સિદ્ધ નહીં થઈ શકે.

શંકા :- લિંગ-સંખ્યારહિતત્વ એ વાચનિક (અવ્યયસંજ્ઞાના વચનથી સિદ્ધ થનાર) નથી, પરંતુ સ્વાભાવિક છે. જેમકે સમાન ઇચ્છા કરનારા કે એકસરખો અભ્યાસ કરનારા અનેક લોકો પૈકી કેટલાક લોકો સફળ થાય છે અને બીજા નહીં. જરૂરી નથી કે કેટલાક સફળ થાય એટલે બધાએ સફળ થવું જ જોઈએ અથવા કેટલાક નિષ્ફળ થયા એટલે બધાએ નિષ્ફળ થવું જ જોઈએ. આમાં આપણે શું કરી શકીએ ? આ તો બધું સ્વાભાવિક રીતે ચાલ્યા કરે. તેમ કેટલાક શબ્દોને લિંગ-સંખ્યા ન લાગવા અને કેટલાકને લાગવા એ પણ લોકમાં થતી સ્વાભાવિક સ્થિતિ છે. આમ લિંગ-સંખ્યારહિતત્વ એ અવ્યયસંજ્ઞાને આધારે ન હોવાથી અન્યોન્યાશ્રય દોષ નહીં આવે.

સમાધાન :- તમારી વાત બરાબર નથી. કેમકે ભાષા શીખનાર બધા લોકો કાંઈ અવ્યય શબ્દની વ્યુત્પત્તિને લઈને પ્રાપ્ત થતા લિંગ-સંખ્યારહિતત્વ અર્થને સ્વાભાવિક સ્થિતિ રૂપે જાણી શકતા નથી. તેમણે આ વાત શાસ્ત્રથી જ

(A) **रूढं नाम त्रिधा कथ्यते-नैमित्तिकं पारिभाषिकम् औपाधिकं चेति** (ન્યા.સિ.મુ. કિરણાવલી, કારિકા-૮૧)

જાણવી પડે છે. જેમકે કેટલાક સંસ્કૃતભાષાને વ્યાકરણના આધારે શીખતા લોકોને અવ્યયને લાગેલી સ્યાદિ વિભક્તિના લોપક 'अव्ययस्य ૩.૨.૭' સૂત્રથી જ ખબર પડે છે કે અવ્યયને લિંગ-સંખ્યાનો અન્વય થતો નથી. આમ અન્યોન્યાશ્રય દોષ ઊભો જ રહે છે. કેમકે અવ્યય સંજ્ઞા થાય તો 'अव्ययस्य ૩.૨.૭' સૂત્રથી વિભક્તિનો લોપ થવાથી લિંગ-સંખ્યારહિતત્વ થાય અને લિંગ-સંખ્યારહિતત્વ થાય તો 'अलिङ्ग-सङ्ख्यमव्ययम्' આવા પ્રસ્તુત સૂત્રથી અવ્યયસંજ્ઞા થઈ શકે.

શંકા :- એક કામ કરીએ. આ સૂત્રને 'अश्रूयमाणविभक्तिशब्दोऽव्ययम्' આવું બનાવીએ.

સમાધાન :- દધિ, મધુ વિગેરે પ્રથમા એકવચનાન્ત પ્રયોગમાં પણ વિભક્તિનું શ્રવણ નથી થતું. તેથી તે શબ્દોમાં અવ્યયસંજ્ઞા અતિવ્યાપ્ત થવાનો પ્રસંગ આવશે.

શંકા :- દધિ, મધુ વિગેરે શબ્દોના दध्नि, मधुनि વિગેરે પ્રયોગોમાં વિભક્તિનું શ્રવણ થાય છે. તેથી તે श्रूयमाणविभक्तिशब्दो હોવાથી તેમનામાં અતિવ્યાપ્તિ નહીં આવે.

સમાધાન :- છતાં અન્યોન્યાશ્રય દોષ તો આવશે જ. કેમકે વિભક્તિ અશ્રૂયમાણ થાય તો અવ્યયસંજ્ઞા થાય અને અવ્યયસંજ્ઞા થાય તો વિભક્તિનો લોપ થઈ તે અશ્રૂયમાણ થાય. અન્યોન્યાશ્રય દોષવાળી સંજ્ઞા ન ચાલી શકે.

શંકા :- તમારી વાત બરાબર નથી, કેમકે વડીલોના વ્યવહારથી જ શબ્દ અને અર્થના સંબંધનો બોધ થતો હોવાથી જેમ શબ્દના એકત્વાદિ અર્થ વૃદ્ધવ્યવહારથી જણાય છે, તેમ અવ્યયના લિંગ-સંખ્યાનું રહિતત્વ પણ તે રીતે જ જણાઈ જશે. વાત એવી છે કે અહીં અન્યોન્યાશ્રય દોષ દેનાર વ્યક્તિને પહેલાં તો એ પૂછવું કે "જે વ્યાકરણશાસ્ત્રાભિજ્ઞ છે તેમને અમુક સૂત્રથી વિભક્તિનો લોપ થાય છે તે ખબર હોવાથી તેઓ વિભક્તિ રહિત શબ્દનો પ્રયોગ કરે તે બરાબર છે. પરંતુ જે વ્યાકરણાભિજ્ઞ નથી તે લોકો પણ વિભક્તિ રહિત શબ્દોનો પ્રયોગ કરે છે તે શી રીતે સંભવે ?"

સમાધાન :- વ્યાકરણ અનભિજ્ઞ લોકોને તો સંખ્યાનું અજ્ઞાન હોવાથી તેઓ સંખ્યાની વાચક વિભક્તિનો પ્રયોગ કરતા નથી.

શંકા :- એવું નથી. તેમને એકત્વાદિ સંખ્યાનું જ્ઞાન હોય છે તે તેમના વ્યવહાર ઉપરથી સિદ્ધ થાય છે. જેમકે એક બળદ ખરીદવો હોય તો તેઓ એક ચોક્કસ કિંમતથી તેને ખરીદે છે. બે બળદ ખરીદવા હોય તો બમણી કિંમત ચૂકવે છે અને ત્રણ બળદ માટે ત્રેવડી કિંમત ચૂકવે છે. જો તેમને સંખ્યાનું જ્ઞાન ન હોય તો તેઓ બે બળદ માટે બેવડી અને ત્રણ બળદ માટે ત્રેવડી કિંમત શી રીતે ચૂકવે ? આમ તેમને સંખ્યાનું જ્ઞાન હોવા છતાં તેઓ અવ્યય શબ્દોને વિભક્તિનો અન્વય કરતા નથી. તેથી માનવું જ પડે કે અવ્યય રૂપી અર્થનું લિંગ-સંખ્યાનો અન્વય ન થાય એવું સ્વરૂપ જ છે કે જેથી તેમને વિભક્તિ લાગી શકે નહીં. અવ્યયોનું લિંગ-સંખ્યાનો અન્વય ન થાય એવું સ્વરૂપ એટલા

માટે છે, કેમકે તેઓ વિભક્ત્યર્થપ્રધાન અને ક્રિયાપ્રધાન હોય છે(A). જેમકે उच्चैस् અને नीचैस् અવ્યયો ક્રમશઃ 'ઉપલા સ્થાને' અને 'નીચલા સ્થાને' એમ સપ્તમી વિભક્ત્યર્થને જણાવતા હોવાથી તેઓ વિભક્ત્યર્થપ્રધાન છે તથા हिरूक્ અને पृथक् અવ્યયો ક્રિયાવિશેષણ બની ક્રમશઃ 'વર્જવું' અને 'વેગળા હોવું' એમ ક્રિયા અર્થને જણાવતા હોવાથી તેઓ ક્રિયાપ્રધાન છે.

અવ્યયની જેમ કેટલાક તદ્ધિતાન્ત શબ્દો પણ વિભક્ત્યર્થ પ્રધાન અને ક્રિયાપ્રધાન હોય છે. જેમકે यत्र અને तत्र શબ્દો 'જે ઠેકાણે' અને 'તે ઠેકાણે' આમ સપ્તમી વિભક્ત્યર્થને જણાવતા હોવાથી વિભક્ત્યર્થપ્રધાન છે તથા विना અને नाना શબ્દોનો પર (= પાણિનિ વ્યાકરણ)ના 'वि-नञ्भ्याम्० ૫.૨.૨૭' વચન (= સૂત્ર) મુજબ 'સાથે નહીં (= પૃથગ્ભાવ)' અર્થ થતો હોવાથી ક્રિયાવિશેષણ બનતા તેઓ ક્રિયાપ્રધાન છે.

એવી રીતે શબ્દની તેવા પ્રકારની સ્વાભાવિક શક્તિ હોવાથી 'टस्तुल्य० ૬.૩.૨૧૦' અને 'तसिः ૬.૩.૨૧૧' સૂત્રથી એક જ तुल्यदिक् અર્થમાં ક્રમશઃ अण् અને तसि પ્રત્યય થવા છતાં પણ નિષ્પન્ન થયેલા पैलुमूलम् અને पीलुमूलतः શબ્દો પૈકી એક શબ્દ લિંગ-સંખ્યાનો અન્વયી અને બીજો અનન્વયી આમ ભિન્નધર્મવાળા બને છે. તેમાં पैलुमूलम् સ્થળે 'પીલુ વૃક્ષના મૂળની સમાન દિશામાં રહેલ કોક દ્રવ્ય' આવો બોધ થતો હોવાથી તે પ્રયોગથી 'દ્રવ્ય' પ્રધાનપણે જણાય છે તથા पीलुमूलतः સ્થળે तसि પ્રત્યયથી વાચ્ય પીલુવૃક્ષના મૂળની સમાનદિશામાં રહેલું દ્રવ્ય ગૌણપણે અને तसि પ્રત્યયની पीलुमूलेन પ્રકૃતિથી વાચ્ય તૃતીયાર્થ 'સાહિત્ય' પ્રધાનપણે જણાય છે. તેથી ત્યાં 'પીલુમૂળ અને તેને સમાન દિશામાં રહેલી વસ્તુનું સાહિત્ય' આવો અર્થ જણાવાથી સાધન (વિભક્ત્યર્થ) પ્રધાનપણે જણાય છે(B).

આમ અવ્યય શબ્દો વિભક્ત્યર્થપ્રધાન અને ક્રિયાપ્રધાન હોવાથી તેમનામાં લિંગ-સંખ્યાનો અન્વય સ્વાભાવિક રીતે સંભવતો નથી. આ આખી વાત ઉપરથી અવ્યયોને લિંગ-સંખ્યારહિતત્વ સ્વાભાવિક રૂપે સિદ્ધ થાય છે. લિંગ-સંખ્યાના અભાવના કારણે અવ્યયોને વિભક્તિની ઉત્પત્તિ નહીં થાય. તેથી આ સૂત્ર 'अश्रूयमाणविभक्तिशब्दोऽव्ययम्' આવું બનાવીએ તો પણ અન્યોન્યાશ્રય દોષ નહીં આવી શકે. કેમકે અવ્યયોને વિભક્તિનો અભાવ અવ્યયસંજ્ઞાને આભારી નથી, પરંતુ તેમના સ્વાભાવિક લિંગ-સંખ્યારહિતત્વને આભારી છે.

સમાધાન :- તમારી વાતને ત્યારે બરાબર કહી શકાય, જ્યારે બધા જ અવ્યયો વિભક્ત્યર્થપ્રધાન અને ક્રિયા-પ્રધાન આમ બે પ્રકારના જ હોય. પરંતુ એવું નથી. કેટલાક અવ્યય ક્રિયાપ્રધાન હોય છે, કેટલાક અવ્યય સાધનપ્રધાન (વિભક્ત્યર્થપ્રધાન) હોય છે અને ત્રીજા કેટલાક અવ્યયો ક્રિયાપ્રધાન કે સાધનપ્રધાન નહીં, પણ દ્રવ્યપ્રધાન હોય છે. જેમકે स्वः પશ્ય, અહીં સ્વર્ગનો વાચક स्वर् અવ્યય વિભક્ત્યર્થપ્રધાન કે ક્રિયાપ્રધાન નથી. પરંતુ તે સ્વર્ગનો વાચક હોવાથી

(A) વિભક્ત્યર્થ અને ક્રિયા સાથે લિંગ અને સંખ્યાનો અન્વય થઈ શકે નહીં.

(B) કેટલાક पीलुमूलतः પ્રયોગને 'પીલુમૂળની સમાન દિશામાં' આવા અર્થવાળો માને છે. તેથી તેમના મતે આ પ્રયોગ અધિકરણશક્તિપ્રધાન બને છે. પરંતુ આવો અર્થ અક્ષરની મર્યાદા મુજબ પ્રાપ્ત થઈ શકતો નથી.

સત્ત્વ (દ્રવ્ય) વાચક તેને લિંગ-સંખ્યાનો અન્વય પ્રાપ્ત છે. આવા સ્થળે અન્યોન્યાશ્રય દોષ પ્રાપ્ત છે. કેમકે લિંગ-સંખ્યાના અન્વયના કારણે પ્રાપ્ત થતી વિભક્તિનો લોપ થાય તો વિભક્તિનું શ્રવણ ન થવાથી સ્વર્ ને અવ્યયસંજ્ઞા થઈ શકે અને જો સ્વર્ ને અવ્યયસંજ્ઞા થાય તો તેને લાગેલી વિભક્તિનો લોપ થઈ શકે. એ સિવાય 'लोहितगङ्गं देशः' વિગેરે અવ્યયીભાવ સમાસને કેટલાક વૈયાકરણો અવ્યય ગણે છે. તે મતે સ્વરાદિ ગણપાઠમાં ગણાતા તેમને વિભક્તિ અને નપુંસકલિંગનો અન્વય થયેલો જોવામાં આવે છે. આથી તેઓ પણ સત્ત્વ (દ્રવ્ય) પ્રધાન છે, ક્રિયા કે સાધનપ્રધાન નહીં. સ્વરાદિ ગણમાં સત્ત્વવાચી અને અસત્ત્વવાચી બન્ને પ્રકારના અવ્યયો છે, આથી ***'શ્રીશેષાહિ' (પતંજલિ)*** 'પા.સૂ. ૧.૧.૩૭' સૂત્રમાં મ. ભાષ્યમાં 'स्वरादीनां पुनः सत्त्ववचनानामसत्त्ववचनानां चाऽव्ययसंज्ञा' આમ જણાવે છે.

આટલી વાત વિચારતા 'अलिङ्गसङ्ख्यमव्ययम्' કે 'अश्रूयमाणविभक्तिरव्ययम्' આવું સૂત્ર બનાવવામાં દોષ આવતા હોવાથી 'स्वरादयोऽव्ययम्' આ રીતે બનાવેલું સૂત્ર જ વ્યાજબી છે.

શંકા :- આ સૂત્ર અવ્યયસંજ્ઞા કરે છે, પરંતુ સંજ્ઞાવિધિમાં તદન્તવિધિનો પ્રતિષેધ[A] કહેવાયો હોવાથી પરમોચ્ચૈઃ વિગેરે સ્થળે અવ્યયસંજ્ઞા ન થવી જોઈએ. અથવા સૂત્રમાં स्वरादयः એમ સ્વર્ વિગેરેનું સાક્ષાત્ નામ ગ્રહણ કરીને અવ્યયસંજ્ઞા કરેલી હોવાથી ***'ग्रहणवता नाम्ना न तदन्तविधिः'***[B] ન્યાયથી અવ્યયસંજ્ઞા માત્ર સ્વર્ વિગેરેને જ થશે, સમાસાદિ સમુદાયના અંતભાગે સ્વર્ વિગેરે હોય તે સમુદાયને અવ્યયસંજ્ઞા નહીં થાય. તો પરમોચ્ચૈઃ, પરમનીચૈઃ વિગેરેને અવ્યયસંજ્ઞા તમે કઈ રીતે માની ?

સમાધાન :- અવ્યયશબ્દની 'न व्येतीति अव्ययम्' આવી અન્વર્થસંજ્ઞા કરવાના કારણે આગળ કહ્યું તેમ બીજો 'અવ્યય' અર્થ જે ઉપસ્થિત થયો તે સ્વર્ વિગેરેના વિશેષ્યરૂપે જણાય છે. તેથી अव्ययं स्वरादि अव्ययसंज्ञं भवति[C] એવો અર્થ પ્રાપ્ત થાય છે એ આપણે જોઈ ગયા. હવે અહીં અવ્યય એ વિશેષ્ય છે અને સ્વરાદિ વિશેષણ છે. તેથી 'विशेषणमन्तः ૭.૪.૧૧૩' પરિભાષાથી પ્રસ્તુત સૂત્રગત स्वरादयः શબ્દ દ્વારા સ્વરાદ્યન્ત એવા સમુદાયનું ગ્રહણ થવાથી પરમોચ્ચૈઃ વિગેરે સમુદાયને અવ્યયસંજ્ઞા થશે.

શંકા :- 'विशेषणमन्तः ૭.૪.૧૧૩' પરિભાષાથી તમે જણાવ્યા મુજબ જો સ્વર્ વિગેરે અવ્યયાન્ત એવા સમુદાયને અવ્યયસંજ્ઞા થશે, તો કેવળ સ્વર્ વિગેરે શબ્દોને અવ્યયસંજ્ઞા શી રીતે થશે ?

(A) पदसंज्ञायामन्तग्रहणमन्यत्र संज्ञाविधौ प्रत्ययग्रहणे तदन्तप्रतिषेधार्थम्। (૧.૧.૨૦ બૃ. ન્યાસ)

(B) સૂત્રમાં નામ નું ગ્રહણ કરવાપૂર્વક તેને ઉદ્દેશીને જે કાર્ય બતાવ્યું હોય, તે કાર્ય તે નામ જો સમાસાદિના કારણે સમુદાયના અંતભાગે આવતું હોય તો તેને ન થાય. જેમકે 'नडादिभ्य आयनण् ૬.૧.૫૩' સૂત્રથી નડ નામને જેમ आयनण् (आयन) પ્રત્યય થતા नाडायनः રૂપ થાય છે, તેમ सूत्रनड શબ્દસમુદાયને એ સૂત્રથી आयनण् પ્રત્યય લાગવા રૂપ કાર્ય નહીં થાય, પણ 'अत इञ् ૬.૧.૩૧' સૂત્રથી इञ् પ્રત્યય થતા सौत्रनाडिः રૂપ થાય.

(C) સ્વરાદિ અવ્યય (= ફેરફાર ન પામનાર) શબ્દોને અવ્યય સંજ્ઞા થાય છે.

સમાધાન :- *'आद्यन्तवदेकस्मिन्'*[A] ન્યાયબળે કેવળ સ્વર્ વિગેરે અવ્યયો છે, તેને સ્વરાદ્યન્ત રૂપે કલ્પીને અવ્યયસંજ્ઞાનું કાર્ય થઈ શકશે. આમ કેવળ સ્વર્ વિગેરેને તથા સ્વર્ વિગેરે પ્રધાનરૂપે અંતે રહેલા હોય તેવા પરમોચ્ચૈઃ વિગેરે સ્વરાદ્યન્તને પણ અવ્યયસંજ્ઞા થશે. અર્થાત્ स्वरादि स्वराद्यन्तं च यद् तद् अव्ययसंज्ञं भवति એવું સૂત્રનું તાત્પર્ય થશે.

શંકા :- સ્વરાદિ અવ્યયોમાં કેટલાક શક્તિપ્રધાન છે, તો કેટલાક ક્રિયાપ્રધાન છે. જેમકે उच्चैस् વિગેરે સમભ્યર્થમાં વર્તતા હોવાથી વિભક્ત્યર્થ (= કારકશક્તિ) પ્રધાન છે અને हिरूक्, पृथक् વિગેરે ક્રિયાવિશેષણ બનતા હોવાથી ક્રિયાપ્રધાન છે. हिरूक्, पृथक् આદિ અવ્યયો ક્રિયાવિશેષણ બની જે વાક્ય ક્રિયાપદ રહિત હોય તેમાં સ્થિતિ આદિ ક્રિયાનો આક્ષેપ કરે છે. માટે 'पृथग् देवदत्तः' (દેવદત્ત અલગ ઊભો છે) વિગેરે પ્રયોગ સાચા સિદ્ધ થાય છે. આમ શક્તિ અને ક્રિયા લિંગ-સંખ્યાના અનન્વયી હોવાને કારણે અસત્ત્વ રૂપ હોવાથી સ્વરાદિ અવ્યયોનો પાઠ અસત્ત્વવાચી चादि ગણ ભેગો જ હોવો જોઈએ. આ સૂત્ર જુદું રચવું ન જોઈએ.

સમાધાન :- આ વાત શક્ય નથી. કેમકે चादि ગણમાં ફક્ત અસત્ત્વવાચી શબ્દોને અવ્યયસંજ્ઞા કરવામાં આવે છે. જ્યારે સ્વરાદિ ગણમાં સત્ત્વવાચી અને અસત્ત્વવાચી બન્ને પ્રકારના શબ્દોનો સમાવેશ છે. તેથી આ સૂત્ર જુદું રચી સ્વરાદિ શબ્દોને અલગથી અવ્યયસંજ્ઞા કરવી જરૂરી છે. स्वस्ति वाचयति, स्वः पश्य, स्वः स्पृहयति, स्वरागच्छति વિગેરે સ્થળે ક્રિયાના સંબંધને લઈને स्वस्ति, स्वर् આદિમાં અનેક કારકશક્તિઓ જોવા મળતી હોવાથી તેઓ સત્ત્વવાચી છે એ સ્પષ્ટ છે.

એ સિવાય જો સ્વરાદિ અવ્યયોનો चादि અવ્યયોને વિશે પાઠ હોય તો 'चादिः स्वरो० १.२.३६' સૂત્રથી સ્વરાદિ અવ્યયોની સંધિનો પ્રતિષેધ થવાનો પ્રસંગ આવે[B]. માટે સ્વરાદિ અવ્યયોને चादि ગણમાં ન સમાવાય.

(7) બૃ. વૃત્તિમાં બતાવેલાં સ્વર્ વિગેરે અવ્યયો અને તેમના અર્થ નીચે પ્રમાણે છે. આ શબ્દોની વ્યુત્પત્તિ બૃ. ન્યાસમાં બતાવી છે ત્યાંથી જોવી. વ્યુત્પત્તિઓ ફક્ત તે તે શબ્દોની વર્ણવિલીના બોધને માટે જ કરવામાં આવી છે.

(A) સૂત્રમાં જ્યાં એક જ વર્ણ કે એક જ નામનું ગ્રહણ હોય ને કાર્ય તદાદિ સંબંધી કે તદન્તસંબંધી કરવાનું વિધાન કર્યું હોય, ત્યાં તે વર્ણ કે નામને તદાદિ કે તદન્ત રૂપે કલ્પીને કાર્ય કરવું. જેમકે जि ધાતુ નામ્યન્ત હોવાથી 'नामिनो गुणो० ४.३.१' સૂત્રથી ગુણ થતા જેમ जेता થાય છે, તેમ इ ધાતુ નામિસ્વરરૂપ હોવા છતાં તેની નામ્યન્ત રૂપે કલ્પના કરી 'नामिनो गुणो०' સૂત્રથી ગુણ થતા एता રૂપ થશે. (*'आद्यन्तवद्०'* ન્યાય પરિભાષેન્દુશેખરમાં *'व्यपदेशिवदेकस्मिन्'* શબ્દથી ઉલ્લેખિત છે.)

(B) જો કે સ્વરાદિ અવ્યયોમાં એકેય અવ્યયાત્મક સ્વર બતાવ્યો નથી. છતાં આકૃતિગણથી લેવાતા અવ્યયોમાં તે આવતો હોવો જોઈએ, માટે આ આપત્તિ આવી હશે.

અવ્યય	અર્થ	અવ્યય	અર્થ	અવ્યય	અર્થ
1. स्वर्	સ્વર્ગ, પરલોક	26. पुरा	ભૂતકાળમાં, ભવિષ્ય કાળમાં, મેળવવાની ઇચ્છા, જૂના કાળમાં	51. नीचैस्	નીચે
2. अन्तर्	મધ્યે			52. शनैस्	ધીમે
3. सनुतर्	કાળવાચી			53. अवश्यम्	આવશ્યક, નિશ્ચે
4. पुनर्	ફરી	27. बहिस्	બહુલા પ્રદેશમાં	54. सामि	અર્ધ
5. प्रातर्	પ્રભાત	28. अवस्	બહાર	55. साचि	તીરછું
6. सायम्	સાંજ	29. अधस्	સામીપ્ય, નીચે વિ.	56. विष्वक् (विष्वच्)	અનેકતા એક સાથે
7. नक्तम्	રાત	30. असाम्प्रतम्	અનૌચિત્ય		
8. अस्तम्	નાશ	31. अद्धा	અવધારણ, બુદ્ધિની સતેજતા	57. अन्वक्(च्)	પાછળ
9. दिवा	દિવસે			58. ताजक्	શીઘ્ર
10. दोषा	રાત્રિએ, રાત ઓળંગેલ (વાસી)	32. ऋतम्	શુદ્ધિ	59. द्राक्	શીઘ્ર
		33. सत्यम्	પ્રશ્ન, પ્રતિષેધ	60. स्राक्	અવધારણ
11. ह्यस्	ગઈકાલે	34. इद्धा	સ્પષ્ટ	61. ऋधक्	વિયોગ, શીઘ્ર, અન્વિત સામીપ્ય, લાભ
12. श्वस्	આવતીકાલે	35. मुधा	નિષ્કારણ પ્રીતિ કરવી		
13. कम्	પાણી, આકાશ	36. मृषा	અસત્ય	62. पृथक्	વિયોગ, અલગ
14. शम्	સુખ	37. वृधा	વ્યર્થ	63. धिक्	નિંદા, ધિક્કાર
15. योस्	વિષય સુખ	38. वृथा	પ્રબળ	64. हिरुक्	વિયોગ
16. मयस्	સુખ	39. मिथ्या	અસત્ય	65. ज्योक्	શીઘ્ર, સંપ્રતિ
17. विहायसा	આકાશમાં	40. मिथो	એકાંત, સાથે	66. मनाक्	ઈષત્, અપ્રાપ્ત
18. रोदसी	આકાશ-પૃથ્વી	41. मिथु	સ્વાંગ	67. ईषत्	અલ્પ
19. ओम्	બ્રહ્મ, સામે ગ્રહણ કરવું, સ્વીકાર, અભિમુખ કરવું	42. मिथस्	એકાંત, વિયોગ, પરસ્પર	68. जोषम्	મૌન
				69. ज्योषम्	મૌન
		43. मिथुस्	સંગમ	70. तूष्णीम्	મૌન
20. भूस्	નાગલોક	44. मिथुनम्	સ્ત્રી-પુરૂષનું યુગલ	71. कामम्	અતિશય
21. भुवस्	મનુષ્યલોક	45. अनिशम्	નિરંતર	72. निकामम्	અતિશય
22. स्वस्ति	કલ્યાણ	46. मुहुस्	વારંવાર	73. प्रकामम्	અતિશય
23. समया	સામીપ્ય, મધ્યે	47. अभीक्ष्णम्	વારંવાર	74. अरम्	શીઘ્ર
24. निकषा	સામીપ્ય	48. मङ्क्षु	શીઘ્ર	75. वरम्	કંઈક ઈષ્ટ
25. अन्तरा	વિના, મધ્યે, આધેય પ્રધાન અર્થમાં	49. झटिति	શીઘ્ર	76. परम्	કેવળ
		50. उच्चैस्	ઊંચે, તૃતીયાર્થ	77. चिरम्	લાંબા કાળે

અવ્યય	અર્થ	અવ્યય	અર્થ	અવ્યય	અર્થ
78. આરાત્	નજીક, દૂર	91. અલમ્	શણગારવું, પૂરતું, અટકાવવું	106. વિના	વગર
79. તિરસ્	છુપાવું, અવજ્ઞા, તીરછું	92. કુ	પાપ	107. ક્ષમા	સહન કરવું
80. મનસ્	નિયમ	93. બલવત્	સત્ત્વવાળું, અતિશય	108. શુ	પૂજા
81. નમસ્	નમન	94. અતીવ	અતિશય	109. સહસા	એકાએક
82. ભૂયસ્	ફરી	95. સુષ્ઠુ	પ્રશંસા	110. યુગપત્	ક્રિયાનું સાતત્ય, એકસાથે
83. પ્રાયસ્	બહુલતાએ	96. દુષ્ઠુ	નિંદા	111. ઉપાંશુ	અશ્રાવ્ય ધીમો અવાજ
84. પ્રબાહુ	ઊંચે	97. ઋતે	વિયોગ	112. પુરતસ્	આગળ (સામે)
85. પ્રબાહુક્	અધ્વર્યુ, કાળ	98. સપદિ	શીઘ્ર, ત્વરેલ	113. પુરસ્	આગળ (સામે)
86. પ્રબાહુકમ્	પ્રીતિ થવી	99. સાક્ષાત્	પ્રત્યક્ષ	114. પુરસ્તાત્	આગળ (સામે)
87. આર્ય	પ્રીતિપૂર્વકનું સંબોધન	100. સન્	રક્ષણ	115. શશ્વત્	નિત્ય, વારંવાર[A]
		101. પ્રશાન્	જુના કાળનું	116. કુવિદ્(ત્)	યોગ, પ્રશંસા, અસ્તિભાવ
88. હલમ્	પ્રતિષેધ, વિષાદ, સમસ્ત	102. સનાત્	હિંસા		
		103. સનત્	જો	117. આવિસ્	પ્રગટ
89. આર્યહલમ્	બળાત્કાર	104. સના	નિત્ય	118. પ્રાદુસ્	પ્રગટ, નામ[B]
90. સ્વયમ્	જાતે	105. નાના	અલગ અલગ		

(8) સ્વર્ થી પ્રાદુસ્ સુધી ૧૧૮ અવ્યયોનો બૃહદ્વૃત્તિમાં નિર્દેશ કરીને છેલ્લે 'इति स्वरादयः' એમ एवंप्रकाराः અર્થવાળો इति શબ્દ વાપરીને સૂચવ્યું છે કે વૃત્તિમાં જેટલા બતાવ્યા છે, તે સિવાય પણ બીજા અનેક અવ્યયો સ્વરાદિ માં સમાવેશ પામે છે.

શંકા :- સૂત્રમાં એવો કોઈ વિશેષ નિર્દેશ કર્યો ન હોવાથી इति શબ્દ एवंप्रकाराः અર્થમાં છે એમ કેમ કહી શકાય ? તે 'પરિસમાપ્તિ' અર્થમાં પણ વર્તે છે, તેથી અહીં इति શબ્દ एतावन्तः નો સૂચક હોવાથી एतावन्तः स्वरादयः (એટલે કે બૃહદ્વૃત્તિમાં નિર્દેશ કર્યો છે તેટલાં જ) એવો અર્થ થવાથી 'સ્વર્ થી માંડીને પ્રાદુષ્ સુધીના શબ્દોને જ અવ્યય સંજ્ઞા થશે, બીજાને નહીં,' આવો અર્થ પણ થઈ શકે ને ?

સમાધાન :- તમે કહો છો એવો અર્થ ન થાય માટે તો સૂત્રમાં વિશેષનિર્દેશ રૂપે स्वरादयः એમ [C]આકૃતિગણ

(A) शश्वत् वक्ति कुशिक्षितः → કુશિક્ષિત વ્યક્તિ વારંવાર બોલે છે. **(B)** हरेर्दश प्रादुर्भावः → હરિના દશ નામ.

(C) જેના દ્વારા સદશ શબ્દોનું ગ્રહણ થાય છે તેવા શબ્દોને આકૃતિ કહેવાય અને આવા શબ્દોના ગણને આકૃતિગણ કહેવાય. જેમકે - चादि, कृतादि આ બધા આકૃતિગણ છે. આકૃતિગણમાં જે શબ્દો બતાવ્યા હોય છે, તેમને સદશ આકારવાળા -ગણમાં અપઠિત શબ્દોને પણ તે ગણમાં સમાવી શકાય છે. આનંદબોધિનીવૃત્તિમાં उपधा, तोषम्, अम्, आम् વિગેરે અનેક અવ્યયોને સ્વરાદિ ગણમાં આકૃતિગણથી સમાવી બતાવ્યા છે.

માટે બહુવચન કર્યું છે. તાત્પર્ય એ છે કે સ્વરાદિ શબ્દ સંજ્ઞી હોવાના કારણે સંજ્ઞાનું વિશેષણ હોવાથી, સંજ્ઞાને અવ્યયમ્ એમ એકવચન છે તો સંજ્ઞીને પણ એકવચન કરવામાં લાઘવ હોવા છતાં સૂત્રકારે બહુવચન કર્યું છે તે 'સ્વરાદિ ગણમાં બીજા પણ ઘણા અવ્યયો છે' એવું જણાવવા માટે છે. તેથી સ્વરાદિ ને અવ્યયસંજ્ઞા થવા સાથે તેમને સદશ ચાદિ ગણપાઠમાં ગ્રહણ કરેલાં અને ગ્રહણ ન કરેલાં અન્ય જે કોઈ શબ્દો હોય તેમને પણ અવ્યયસંજ્ઞા થાય છે. આમ પણ કહ્યું છે કે - ***"इयन्त इति संख्यानं निपातानां न विद्यते। प्रयोजनवशादेते निपात्यन्ते पदे पदे।।"***

અર્થ :- અવ્યયરૂપ નિપાતો આટલી સંખ્યામાં છે, એમ તેની કોઈ ચોક્કસ સંખ્યા નથી. જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં તેને નિપાતરૂપે સાધી લેવામાં આવે છે.

"निपाताश्चोपसर्गाश्च धातवश्चेति ते त्रयः। अनेकार्थाः स्मृताः सर्वे पाठस्तेषां निदर्शनम्।।"

અર્થ :- નિપાત, ઉપસર્ગ અને ધાતુ આ ત્રણ અનેક અર્થવાળા કહેવાયા છે. તેમનો પાઠ જે બતાવવામાં આવ્યો છે તે માત્ર ઉદાહરણ પૂરતો જ છે. બાકી તેમની સંખ્યા ઘણી છે.

આનાથી જણાય છે કે અહીં इति શબ્દ एवंप्रकाराः અર્થમાં છે.

શંકા :- ચાલો ! તમારી વાત માની લીધી. પણ તમે જે કહ્યું કે 'સ્વરાદિ સદશ અન્ય જે કોઈ હોય તેને પણ અવ્યયસંજ્ઞા થાય.' તો એ સદશતા કયા સ્વરૂપે લેવાની ?

સમાધાન :- જે અવિકારી હોતે છતે સ્વ-અર્થના વાચક હોય તેને સ્વરાદિ સદશ ગણવા. કહેવાનો આશય એ છે કે અવ્યય બે પ્રકારના છે. (૧) વાચક અને (૨) ઘોતક. અન્ય પદનું સંનિધાન હોતે છતે જ જેનો પ્રયોગ કરાય છે તે 'ઘોતક' અવ્યય છે. પદાન્તરમાં રહેલી વિશેષતાનું તે ઘોતન કરે છે, માટે તેને ઘોતક કહેવાય છે. જેમકે च વિગેરે અવ્યયો પદાન્તરથી અભિધેય એવા અર્થોને વિશેષિત કરે છે, પદાન્તરને તેનો અર્થ પ્રકાશિત કરાવવામાં સહકારી થાય છે માટે ઘોતક છે. જેમકે प्लक्षश्च, न्यग्रोधश्च. અહીં च અવ્યય પ્લક્ષ વિગેરે પદની સાથે જ પ્રયોગ કરાયો છે અને તે ઘોતક છે.

જેનો પદાન્તરના સંનિધાન વિના પણ પ્રયોગ કરાય છે તે વાચક અવ્યય છે, કેમકે તે નિરપેક્ષપણે સ્વ-અર્થનું અભિધાન કરે છે. તેને કોઈ પણ પદના સંનિધાનની જરૂર નથી. જેમકે स्वः सुखयति, અહીં स्वर् અવ્યય સ્વ-અર્થ 'સ્વર્ગ' નું નિરપેક્ષપણે કથન કરે છે માટે તે વાચક છે.

હવે જેનું ચાદિ ગણપાઠમાં ગ્રહણ કર્યું છે તથા ગ્રહણ નથી કર્યું તેવા જે કોઈ શબ્દો અવિકારી હોવા સાથે સ્વ-અર્થના વાચક હોય, તે સ્વરાદિ સદશ હોવાથી તેમને પણ આકૃતિ સ્વરાદિ ગણમાં અવ્યયરૂપે સમાવવા, આ અમારા કથનનું તાત્પર્ય છે.

શંકા :- તો શું અવ્યયીભાવ સમાસને પણ અવ્યય માનવાનો ? કારણ તે પણ અવિકારી હોતે છતે સ્વ-અર્થનો વાચક છે.

સમાધાન :- ના. તેને અવ્યય નહીં માનવાનો. કારણ તેને અવ્યય માનવામાં આવે તો 'अव्ययस्य को द् च ૭.૩.૩૧' સૂત્રથી उच्चैस्, नीचैस् વિગેરે અવ્યયોને અંત્યસ્વરની પૂર્વે अक् પ્રત્યય થતા જેમ उच्चकैः, नीचकैः ઇત્યાદિ પ્રયોગ થાય છે, તેમ उपाग्नि, प्रत्यग्नि વિગેરે અવ્યયીભાવને પણ अक् પ્રત્યય થતા उपाग्नकि, प्रत्यग्नकि આવા અનિષ્ટ પ્રયોગ થવાની આપત્તિ આવે.

વળી 'खित्यनव्ययां० ૩.૨.૧૧૧' સૂત્રથી અવ્યયભિન્ન સ્વરાંત નામને અંતે म् નો આગમ થાય છે. તેથી आत्मानं दोषा मन्यत इति दोषामन्यमहः સ્થળે दोषा અવ્યય હોવાના કારણે તેને જેમ म् નો આગમ થતો નથી, તેમ उपकुम्भमात्मानं मन्यते સ્થળે उपकुम्भ અવ્યયીભાવ સમાસને અવ્યય માનતા તેને પણ म् આગમનો પ્રતિષેધ થવાથી उपकुम्भमन्यम् આવો અનિષ્ટપ્રયોગ થશે. અવ્યયીભાવને અવ્યય ન માનવાથી म् નો આગમ થતા उपकुम्भंमन्यम् આવો યથાર્થપ્રયોગ થશે.

શંકા :- 'तृप्तार्थपूरणाऽव्यया० ૩.૧.૮૫' સૂત્રથી ષષ્ઠ્યન્ત નામનો અવ્યયની સાથે તત્પુરુષસમાસ નિષિદ્ધ છે. તેથી चैत्रस्योपकुम्भम् નો चैत्रोपकुम्भम् એવો સમાસ નથી થતો. અહીં उपकुम्भ એ અવ્યયીભાવને તમે જો અવ્યય નહીં માનો તો સમાસનિષેધ શેનાથી કરશો ?

સમાધાન :- કેટલાક વૈયાકરણો સ્થળવિશેષમાં (સર્વત્ર નહીં) અવ્યયીભાવનો પણ સાન્વર્થસંજ્ઞા રૂપે આશ્રય કરી ***'अनव्ययमव्ययं भवतीत्यव्ययीभावः'*** આવો અર્થ કરે છે. તેથી અવ્યયીભાવ પણ અવ્યય મનાવાથી તેમના મતે चैत्रस्योपकुम्भम् ઇત્યાદિ સ્થળે સમાસપ્રતિષેધ થઈ શકશે.

જ્યારે બૃહદ્વૃત્તિકાર સાન્વર્થસંજ્ઞાનો આશ્રય કરવા દ્વારા નહીં, પરંતુ સમાસપ્રકરણગત बहुलम् અધિકાર દ્વારા ત્યાં સમાસ પ્રતિષેધ માને છે. વળી બીજી વાત એ પણ છે કે આચાર્ય ભગવંતે લઘુસંજ્ઞા ન કરતા અવ્યયીભાવ એવી મોટી સંજ્ઞા 'અવ્યયીભાવને કો'ક સ્થળવિશેષમાં અવ્યયરૂપે ગણવો.' એવું જણાવવા માટે કરી છે. આ રીતે चैत्रस्योपकुम्भम् ઇત્યાદિ સ્થળે સમાસનિષેધ થશે.

(9) અવ્યય ના પ્રદેશો 'अव्ययस्य ૩.૨.૭' ઇત્યાદિ સૂત્રો છે ।।૩૦।।

चादयोऽसत्त्वे ।।૧.૧.૩૧।।

बृ.वृ.–सीदतोऽस्मिँल्लिङ्ग-सङ्ख्ये इति सत्त्वम्, लिङ्ग-सङ्ख्यावद् द्रव्यम्, इदम्–तदित्यादिसर्वनामव्यपदेश्यं विशेष्यमिति यावत्; ततोऽन्यत्र वर्त्तमानाश्चादयः शब्दा अव्ययसंज्ञा भवन्ति, निपाता इत्यपि पूर्वेषाम्। वृक्षश्च प्लक्षश्च। असत्त्वे

इति किम्? यत्रैषां सत्त्वरूपेऽनुकार्यादावर्थे वृत्तिस्तत्र मा भूत्–चः समुच्चये। इव उपमायाम्। एवोऽवधारणे।[5] चं, अह, ह, वा, एव, एवम्, नूनम्, शश्वत्, सूपत्, कूपत्, कुवित्, नेत्, चेत्, नचेत्, चण्, कच्चित्, यत्र, नह, नहि, हन्त, माकिस्, नकिस्, मा, माङ्, न, नञ्, वाव, त्वाव, न्वाव, वावत्, त्वावत्, न्वावत्, त्वै, तुवै, न्वै, नुवै, रै, वै, श्रौषट्, वौषट्, वषट्, वट्, वाट्, वेट्, पाट्, प्याट्, फट्, हुंफट्, छंवट्, अध, आत्, स्वधा, स्वाहा, अलम्, चन, हि, अथ, ओम्, अथो, नो, नोहि, भोस्, भगोस्, अघोस्, अङ्गो, हंहो, हो, अहो, आहो, उताहो, हा, ही, हे, है, हये, अयि, अये, अररे, अङ्ग, रे, अरे, अवे, ननु, शुकम्, सुकम्, नुकम्, हिकम्, नहिकम्, ऊम्, हुम्, कुम्, उञ् सुञ्, कम्, हम्, किम्, हिम्, अद्, कद्, यद्, तद्, इद्, चिद्, क्विद्, स्विद्, उत, बत, इव, तु, नु, यच्च, कच्चन, किमुत, किल, किङ्किल, किंस्वित्, उदस्वित्, आहोस्वित्, अहह, नहवै, नवै, नवा, अन्यत्, अन्यत्र, शव्, शप्, अथकिम्, विषु, पट्, पशु, खलु, यदिनाम, यदुत, प्रत्युत, यदा, जातु, यदि, यथाकथाच, यथा, तथा, पुद्, अथ, पुरा, यावत्, तावत्, दिष्ट्या, मर्या, आम, नाम, स्म, इतिह, सह, अमा, समम्, सत्रा, साकम्, सार्धम्, ईम्, सीम्, कीम्, आम्, आस्, इति, अव, अड, अट, बाह्या, अनुषक्, खोस्, अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ॡ, ए, ऐ, ओ, औ, प्र, परा, अप, सम्, अनु, अव, निस्, दुस्–एतौ रान्तावपि, आङ् नि, वि, प्रति, परि, उप, अधि, अपि, सु, उद्, अति, अभि इति चादयः। बहुवचनमाकृतिगणार्थम्[6] ।।३१।।

सूत्रार्थ :- असत्त्वमां वर्तता च विगेरे शब्दोने अव्यय संज्ञा थाय छे.

सूत्रसमास :-
- च आदिर्येषां ते = चादयः (बहु.)।
- न सत्त्वम् = असत्त्वम् (नञ् तत्.), तस्मिन् = असत्त्वे।

विवरण :- **(1) शंका :-** सत्त्व शब्दनो जुदा जुदा बे अर्थमां प्रयोग थतो जोवा मळे छे. जेमके सीदन्ति (= विशेषणत्वेनावतिष्ठन्ते) अस्मिन् जाति-गुण-क्रिया-लिङ्ग-संख्या-सम्बन्धा इति सत्त्वम् एम एक सत्त्व शब्द द्रव्यनो वाचक छे. जेमके - सत्त्वमयं मुनिः, सत्त्वमियं ब्राह्मणी. ज्यारे बीजो सत्त्व शब्द सतो भावः सत्त्वम् एम क्रियास्वरूपने प्राप्त एवा सत्ता (अस्तित्त्व) अर्थनो वाचक छे. सूत्रकारे विशेष कोई उल्लेख न करता मात्र असत्त्वे कह्युं छे, तो त्यां कया अर्थमां सत्त्व शब्द वपरायो छे ?

समाधान :- चादि शब्दोमां अव्ययसंज्ञानुं विधान के प्रतिषेध 'द्रव्य'ने कारणे संभवे छे, सत्ताना कारणे नहीं. माटे सत्त्व शब्दथी अहीं 'द्रव्य' पदार्थनुं ज ग्रहण थशे, 'सत्ता' क्रियानुं नहीं. जो सत्त्व शब्दनो 'सत्ता' अर्थ करीए तो असत्त्वे द्वारा तेमणे सत्त्वनो ज प्रतिषेध कर्यो छे ते नकामो थाय. कारण के चादि गणमां 'सत्ता' अर्थनो वाचक कोई शब्द होय तो तेनो अव्ययरूपे निषेध करवा असत्त्वे प्रयोग करीए. चादिगणपाठमां तो एवो कोई शब्द ज नथी के जेनो सत्ता अर्थ थतो होय. वळी पशु शब्द चादि गणमां ग्रहण करेलो होवाथी

'पशुर्वै पुरुषः', અહીં પશુ શબ્દ અસત્ત્વમાં હોવાથી (અર્થાત્ સત્તા અર્થનો વાચક ન હોવાથી) તેને ય અવ્યય માનવાનો પ્રસંગ આવશે.(A)

તેમ જ 'चः पठितः', 'हिर्यस्मादर्थे' સ્થળે चः અને हिः એ ક્રમશઃ च અવ્યય અને हि અવ્યયનું અનુકરણ છે, તેને પણ અવ્યય માનવાની આપત્તિ આવશે. કારણ અનુકાર્ય (= જેમનું અનુકરણ કરવામાં આવ્યું છે તે) એવા च, हि વિગેરેને અવ્યયનું વિધાન અને અનુકરણ એવા च, हि વિગેરેનો અવ્યયરૂપે પ્રતિષેધ, એ વ્યવસ્થા તો જ થઈ શકે જો સત્ત્વ નો અર્થ 'દ્રવ્ય' કરાય.(B) જો તેનો 'સત્તા' અર્થ કરવામાં આવે તો असत्तार्थकत्वेन અનુકાર્ય અને અનુકરણભૂત એવા च, हि વિગેરે સમાન હોવાથી બન્ને પ્રકારના च, हि વિગેરેને અવ્યયસંજ્ઞાની આપત્તિ આવશે. આથી પ્રસ્તુતમાં 'सत्त्व' શબ્દનો અર્થ 'દ્રવ્ય' કરવો.

પ્રસ્તુતમાં इदम्, तद् સર્વનામથી બોધનો વિષય બનતા જાતિ વિગેરેથી યુક્ત વિશેષ્યાત્મક પદાર્થને દ્રવ્યરૂપે સમજવાનો છે. ***વાક્યપદીય***માં કહ્યું છે કે - ***'वस्तूपलक्षणं यत्र सर्वनाम प्रयुज्यते। द्रव्यमित्युच्यते सोऽर्थो भेद्यत्वेन विवक्षितः'।।*** (વા.પ. ૩.૪.૩)

અર્થ :- જેને માટે પદાર્થમાત્રનું વાચક સર્વનામ વપરાય છે તેને દ્રવ્ય કહેવાય છે. તે ભેદ્યત્વ રૂપે અર્થાત્ જાતિ વિગેરે દ્વારા વિશેષ્ય રૂપે વિવક્ષાય છે.

આથી જ બૃ. વૃત્તિમાં 'सीदतोऽस्मिँल्लिङ्ग-सङ्ख्ये...' આ પંક્તિ દ્વારા કહ્યું છે કે ''જેને વિશે લિંગ-સંખ્યા વિશેષણરૂપે આશ્રય પામે છે તેને સત્ત્વ કહેવાય. અર્થાત્ લિંગ-સંખ્યાવત્ દ્રવ્યને સત્ત્વરૂપે સમજવું કે જે इदम्, तद् આદિ સર્વનામથી કથનનો વિષય બને છે.''

(2) શંકા :- વ્યાકરણશાસ્ત્રમાં પર્યુદાસ અને પ્રસજ્યપ્રતિષેધ એમ બે પ્રકારના नञ् નું દર્શન થાય છે, તો અહીં સૂત્રમાં असत्त्वे શબ્દમાં જે नञ् છે, તે પર્યુદાસ છે કે પ્રસજ્યપ્રતિષેધ છે ?

સમાધાન :- જો પર્યુદાસ नञ् નો આશ્રય કરીએ તો તે तद्भिन्नः तत्सदृग्ग्राही હોવાથી 'सत्त्वादन्यत्र वर्तमानाश्चादयोऽव्ययसंज्ञा भवन्ति' એવો સૂત્રાર્થ થશે, કારણ કે પર્યુદાસ વિધિપ્રધાન છે. જો અહીં પ્રસજ્ય પ્રતિષેધ

(A) સત્ત્વ શબ્દને દ્રવ્યાર્થક લઈએ તો આ આપત્તિ ન આવે. કેમકે 'पशुर्वै पुरुषः' સ્થળે પશુ શબ્દ જનાવરનો વાચક હોવાથી દ્રવ્યાર્થક બનતા સત્ત્વવાચી ગણાય, માટે તેને અવ્યયસંજ્ઞા ન થઈ શકે. જ્યારે 'लुब्धं नयन्ति पशु मन्यमाना (ऋ. ३.५३.२३)' સ્થળે પશુ શબ્દ 'દર્શનીય મનન' વાચી હોવાથી અસત્ત્વાર્થક તેને અવ્યયસંજ્ઞા થઈ શકે છે.

(B) અનુકાર્ય च અને हि ક્રમશઃ 'અને' તથા 'ખરેખર' અર્થના વાચક છે. 'અને' તથા 'ખરેખર' આવું કોઈ દ્રવ્ય હોતું નથી, માટે અસત્ત્વવાચી તેઓ અવ્યય બની શકે છે. જ્યારે અનુકરણરૂપ च અને हि વક્તા દ્વારા બોલાયેલા કે લખાયેલા અનુકાર્ય च અને हि શબ્દદ્રવ્યના વાચક હોવાથી સત્ત્વવાચી તેઓ અવ્યય ન બની શકે.

નઞ્ નો આશ્રય કરીએ તો 'सत्त्ववचने वर्तमानाश्चादयोऽव्ययसंज्ञा न भवन्ति' એવો સૂત્રાર્થ થશે. કારણકે પ્રસજ્યપ્રતિષેધ એ પ્રતિષેધપ્રધાન છે.

પર્યુદાસ નઞ્ ની વિવક્ષા કરીએ તો વિપ્ર શબ્દને અવ્યય માનવાની આપત્તિ આવશે. તે આ રીતે - વિપ્ર શબ્દ विप्रातीति विप्रः આમ 'उपसर्गादातो० ૫.૧.૫૬' સૂત્રથી વિ ઉપસર્ગપૂર્વકની પ્રા ધાતુને ડ પ્રત્યય લાગી નિષ્પન્ન થયો છે. તેનો અર્થ 'શ્રૌતકર્મને કરનાર' આવો થાય. જેમાં શ્રૌતકર્મની ક્રિયા ગૌણપણે જણાય છે અને તે ક્રિયાનો કરનાર બ્રાહ્મણવ્યક્તિ (= દ્રવ્ય) મુખ્યપણે જણાય છે. આમ વિપ્ર શબ્દ ક્રિયા છે ગૌણ જેમાં એવો દ્રવ્યવાચક શબ્દ થયો. કેવળ દ્રવ્ય (= સત્ત્વ) કરતા ક્રિયા-દ્રવ્યનો સમુદાય અલગ વસ્તુ ગણાય. તેથી પર્યુદાસ નઞ્ પ્રમાણે વિપ્ર શબ્દ દ્રવ્ય (સત્ત્વ) અર્થમાં નહીં, પરંતુ ક્રિયા-દ્રવ્યસમુદાય અર્થમાં વર્તતો હોવાથી અસત્ત્વવાચી એવા તેને આ સૂત્રથી અવ્યયસંજ્ઞા થવાની આપત્તિ આવશે.

શંકા :- આ સૂત્રથી ચાદિ ગણના શબ્દોને અવ્યયસંજ્ઞા કરવાની છે. ચાદિ ગણમાં વિપ્ર આવો કોઈ શબ્દ નથી. તો શી રીતે તેને આ સૂત્રથી અવ્યયસંજ્ઞા થવાની આપત્તિ આવે ?

સમાધાન :- વિપ્ર શબ્દમાં જે પ્ર અંશ છે તે ચાદિ ગણપાઠમાં બતાવ્યો છે. તેથી તેને લઈને અહીં અવ્યય સંજ્ઞા થશે એમ સમજવું. અહીં એવી પણ શંકા થશે કે 'ચાદિ ગણમાં ફક્ત પ્ર શબ્દ બતાવ્યો છે, વિપ્ર નહીં. તો કેમ અવ્યયસંજ્ઞા થાય ?' પરંતુ જેમ 'स्वरादयोऽव्ययम् ૧.૧.૩૦' સૂત્રમાં સ્વરાદિ શબ્દ અવ્યય શબ્દનું વિશેષણ બનવાથી 'विशेषणमन्तः ૭.૪.૧૧૩' પરિભાષા મુજબ ત્યાં परमोच्चैः વિગેરે સ્થળે પ્રધાનપણે વર્તતા સ્વરાદ્યન્ત શબ્દને અવ્યયસંજ્ઞા થાય છે, તેમ પ્રસ્તુત સૂત્રમાં પણ ચાદિ શબ્દ અવ્યય શબ્દનું વિશેષણ બનવાથી 'विशेषणमन्तः ૭.૪.૧૧૩' પરિભાષા મુજબ પ્રધાન ચાદ્યન્ત શબ્દોને પણ અવ્યયસંજ્ઞા થઈ શકે છે. આથી પ્ર અંતવાળા વિપ્ર શબ્દને પણ અવ્યયસંજ્ઞા થવાની આપત્તિ આવશે. આમ વિપ્ર શબ્દ વિભક્તિવિહોણો સાંભળવાનો પ્રસંગ આવશે. કેમકે અવ્યયની વિભક્તિનો લોપ થઈ જાય છે.

અથવા ચાદિ ગણમાં બતાવેલો પશુ શબ્દ જ્યારે જાતિવિશિષ્ટ દ્રવ્યનો વાચક હોય ત્યારે તેને અવ્યયસંજ્ઞા થવાની આપત્તિ આવશે. જેમકે 'अयं पशुः' સ્થળે પશુ શબ્દ પશુત્વજાતિથી વિશિષ્ટ પશુદ્રવ્યમાં વર્તે છે. તેથી તે જાતિ-દ્રવ્યસમુદાયાત્મક અર્થનો વાચી હોવાથી કેવલ દ્રવ્યનો વાચી નથી. આમ પશુ એ પર્યુદાસ નઞ્ પ્રમાણે 'सत्त्वाद् (द्रव्याद्) अन्यत्र वर्त्तमानः' શબ્દ છે. વળી તે ચાદિ પણ છે, તેથી તેને અવ્યયસંજ્ઞા થવાથી 'अव्ययस्य ૩.૨.૭' સૂત્રથી તેની વિભક્તિનો લોપ થતા વિભક્તિના અશ્રવણનો પ્રસંગ આવશે.

અહીં જો પ્રસજ્ય પ્રતિષેધનો આશ્રય કરીએ તો આ દોષ નહીં આવે અને દોષ ન આવે તેમ કરવું જોઈએ. જો સત્ત્વ (દ્રવ્ય) ની ગંધ પણ હશે ત્યાં સર્વત્ર પ્રસજ્ય પ્રતિષેધ નઞ્ અવ્યયસંજ્ઞાનો પ્રતિષેધ કરી દેશે. કેમકે તે 'સત્ત્વવાચી ચાદિ અવ્યયસંજ્ઞક થતા નથી' આમ નિષેધપ્રધાન છે. પશુ અને વિપ્ર શબ્દ પશુત્વ અને વિપ્રત્વ જાતિથી

વિશિષ્ટ ક્રમશઃ પશુ અને વિપ્ર પદાર્થના વાચક હોવાથી અર્થાત્ તેઓ જાતિ-દ્રવ્યસમુદાયાત્મક અર્થવાળા હોવાથી ત્યાં દ્રવ્યની ગંધ છે. તેથી તેઓ સત્ત્વવચનમાં વર્ત્તમાન હોવાથી તેમને અવ્યયસંજ્ઞા ન થવાથી अयं पशुः અને विप्रः એવા સવિભક્તિક પ્રયોગ થઈ શકશે. આ વાતને ધ્યાનમાં રાખીને બૃ. વૃત્તિમાં 'ततो (सत्त्वतो)ऽन्यत्र...' પંક્તિ બતાવી છે. ત્યાં અન્યત્ર શબ્દનો 'સત્ત્વ સિવાયના અર્થમાં વર્તતા चादि' આવો અર્થ ન કરવો. કેમકે તે અર્થ પર્યુદાસ પ્રમાણેનો છે. પરંતુ 'સત્ત્વાભાવમાં' અર્થાત્ 'સત્ત્વ અર્થમાં ન વર્તતા चादि' આમ પ્રસજ્ય પ્રતિષેધ પ્રમાણે અર્થ કરવો. પંક્તિનો અર્થ 'સત્ત્વ અર્થમાં ન વર્તતા चादि શબ્દો અવ્યયસંજ્ઞક થાય છે' આવો થશે. પૂર્વવ્યાકરણકારો તેમની નિપાત સંજ્ઞા કરે છે. (જુઓ. 'પા.સૂ. ૧.૪.૫૭')

જો 'अयं पशुः', 'पशुर्वै पुरुषः' વિગેરે સ્થળે પશુ શબ્દ સત્ત્વવાચી છે, તો કેવા પ્રયોગસ્થળે તે અસત્ત્વવાચી બની અવ્યય સંજ્ઞાને પામે ? તે કહે છે - 'जना लोभं न यन्ति पशु मन्यमानाः' આવા સ્થળે 'દર્શનીય' અર્થક પશુ શબ્દથી મનન વિશેષિત કરાય છે. અર્થાત્ 'દર્શનીય (= સમ્યગ્)[A] જ્ઞાન (= મનન) ને પામેલાં લોકો લોભને ત્યજે છે' આવો અર્થ થાય છે. અહીં પશુ શબ્દ દ્રવ્યવાચક ન હોવાથી અસત્ત્વવાચી તેને અવ્યયસંજ્ઞા થઈ છે.

(3) <u>दृष्टांत</u> - (i) वृक्षश्च प्लक्षश्च – અહીં વૃક્ષમાં જેવી રીતે પુંલિંગત્વ-એકત્વ સંખ્યા વિગેરેનું જ્ઞાન થાય છે, તેમ च થી વાચ્ય 'અને' અર્થમાં તેનું જ્ઞાન થતું નથી. તેથી च અદ્રવ્યવાચી હોવાથી તેને અવ્યયસંજ્ઞા થાય છે.

(4) चादि શબ્દો અસત્ત્વ (અદ્રવ્ય) વાચી હોય તો જ તેમને અવ્યયસંજ્ઞા થાય એવું કેમ ?

(a) चः समुच्चय (b) इव उपमायाम् (c) एवोऽवधारणे – આ ત્રણે સ્થળે च, इव અને एव શબ્દો અનુકરણ રૂપ હોવાથી તેઓ કો'ક વક્તા દ્વારા શ્લોકાદિમાં ઉચ્ચારાયેલાં કે લખાયેલાં च, इव અને एव અનુકાર્યના વાચક હોવાથી સત્ત્વવાચી છે, માટે તેમને અવ્યયસંજ્ઞા નથી થઈ. આવું અનુકરણ ખાસ કરીને શ્લોકો ઉપર રચાતી ટીકામાં જોવા મળે છે. જેમકે ટીકામાં લખવામાં આવતું હોય છે કે 'શ્લોકમાં च શબ્દ સમુચ્ચય અર્થમાં છે, इव શબ્દ ઉપમા અર્થમાં છે. एव શબ્દ અવધારણ અર્થમાં છે ઇત્યાદિ.' ત્યાં શ્લોકમાં બતાવેલા च વિગેરેનો અર્થ બતાવવા ટીકાના चादि તેમના અનુકરણ રૂપ હોવાથી અનુકાર્ય શબ્દના વાચક તેઓ દ્રવ્યવાચી (સત્ત્વવાચી) બને છે. જ્યારે શ્લોકના चादि (= અનુકાર્ય) 'અને', 'જેમ' અને 'અવશ્ય' અર્થને બતાવે છે, જે કોઈ દ્રવ્ય નથી. માટે તેઓ અસત્ત્વ વાચી હોવાથી અવ્યય ગણાય છે.

એ સિવાય अत्युच्चैसौ સ્થળે અતિક્રાન્તાર્થના વાચક અતિ વિગેરે શબ્દો તથા चिनोतीति चः સ્થળે ક્રિયાપ્રધાન च વિગેરે શબ્દો પણ સત્ત્વવાચી (દ્રવ્યવાચક) હોવાથી તેમને અવ્યયસંજ્ઞા નહીં થાય.

(A) पशु सम्यगित्यर्थः। पशु मन्यमानाः = सम्यग्ज्ञात्वेत्यर्थः।
(काशिका '૧.૪.૫૭' सूत्रे जि.बु. न्यासे जयशङ्करलालत्रिपाठीकृतटिप्पणम्)

(5) હવે च વિગેરે અવ્યયો તથા તેમના અર્થ બતાવવામાં આવી રહ્યા છે. તેમની નિષ્પત્તિ બૃ. ન્યાસમાં જોવી.

1. **च** – સમુચ્ચય, અન્વાચય, ઇતરેતર યોગ, સમાહાર[A] ; 2. **अह** – નિર્દેશ, વિનિયોગ, કિલ અવ્યય ના અર્થમાં ; 3. **ह** – અવધારણ, પાદપૂરણમાં ; 4. **वा** – વિકલ્પ, ઉપમા ; 5. **एव** – અવધારણ, પૃથક્ત્વ (જુદાઈ), પરિમાણ ; 6. **एवम्** – ઉપમા, ઉપદેશ, પ્રશ્ન, અવધારણ, પ્રતિજ્ઞા ; 7. **नूनम्**–તર્ક, અર્થના નિશ્ચયમાં; 8. **शश्वत्** – (આ અવ્યય સ્વરાદિ ગણમાં પણ બતાવ્યો છે.) નિત્ય, વારંવાર ; 9-10. **सूपत्-कूपत्** – પ્રશ્ન,વિતર્ક, પ્રશંસા (ક્વચિત્ સ્વરાદિ ગણના અવ્યય રૂપે પણ આમનો પ્રયોગ થાય છે.) ; 11. **कुवित्** – ઘણું, પ્રશંસા, ખરાબ જ્ઞાનવાળું ; 12-13. **नेत्-चेत्** – પ્રતિષેધ, વિચાર, સમુચ્ચય ; 14. **नचेत्** – નિષેધ ; 15. **चण्** – चेत् અવ્યય ના અર્થમાં વપરાય છે. આ અવ્યયમાં णित् च શબ્દ છે. જેમકે - अयं च दास्यति, अयं चेद् दास्यति અહીં चण् વાપરો કે चेत् વાપરો, બન્ને સરખું છે. કેટલાક 'चण शब्दे' ધાતુને विच् પ્રત્યય લાગી આ ધાતુ બનેલો સ્વીકારે છે. પરંતુ તે ઠીક નથી લાગતું. 16. **कच्चित्**–ઈષ્ટ પ્રશ્ન અર્થમાં ; 17. **यत्र** – જે કાળમાં, જે અધિકરણમાં ; 18. **नह** – પ્રત્યારંભ (આરંભની પાછળ આરંભ), વિષાદ, પ્રતિવિધિ ; 19. **नहि** – અભાવ ; 20. **हन्त** – પ્રીતિ, વિષાદ, સંપ્રદાન ; 21-22. **माकिस्-नकिस्** – નિષેધ, વર્જન ; 23-26. **मा-माङ्-न-नञ्**–નિષેધ અર્થમાં વપરાય છે; 27. **वाव** – સંબોધનમાં ; 28-32. **त्वाव-न्वाव-वावत्-त्वावत्-न्वावत्** – અનુમાન, પ્રતિજ્ઞા, પ્રૈષ (મોકલવું), સમાપ્તિ ; 33-36. **त्वै-तुवै-न्वै-नुवै** – વિતર્ક, પાદપૂરણ અર્થમાં ; 37. **रै** – દાન, દીપ્તિ (કાંતિ) ; 38. **वै** – સ્ફુટ (પ્રગટ) ; 39-41. **श्रौषट्-वौषट्-वषट्** – દેવતાને હવનના દાન અર્થમાં ; 42-44. **वट्-वाट्-वेट्** – વિયોગ, વાક્યપૂરણ, પાદપૂરણ અર્થમાં ; 45-46. **पाट्-प्याट्** – સંબોધન અર્થમાં ; 47-49. **फट्-हुंफट्-छंवट्** – તિરસ્કારપૂર્વકના સંબોધનમાં ; 50. **अध** – નીચે ; 51. **आत्** -- કોપ, પીડા; 52. **स्वधा** – પિતૃજનને બલિના દાન અર્થમાં ; 53. **स्वाहा** – દેવતાને બલિના દાનમાં ; 54. **अलम्** – (આ અવ્યય સ્વરાદિ ગણમાં બતાવ્યો છે.) ભૂષણ, પર્યાપ્ત, વારવું અર્થમાં; 55. **चन**–પણ અર્થમાં, પાદપૂરણ અર્થમાં ; 56. **हि**–હેતુ, અવધારણ અર્થમાં ; 57. **अथ** – મંગલ, અનંતર (હવે પછી), આરંભ, પ્રશ્ન, કાત્સ્ન્ર્ય (સાકલ્ય) અર્થમાં[B]; 58. **ओम्** – (આ અવ્યય સ્વરાદિ ગણપાઠમાં બતાવ્યો છે.) બ્રહ્મ, અભ્યાદાન, પ્રતિશ્રવણ, અભિમુખ કરવું ; 59. **अथो** – અન્વાદેશ આદિ અર્થમાં ; 60. **नो** – નિષેધ ; 61. **नोहि** – નિષેધ ; 62-70. **भोस्-भगोस्-अघोस्-अङ्गो-हंहो-हो-अहो -आहो-उताहो** – સંબોધન અર્થમાં ; 71. **हा** – વિષાદ, શોક, પીડા અર્થમાં ; 72. **ही** – વિસ્મય અર્થમાં ; 73-82. **हे-है-हये-अयि-अये-अरे-अङ्ग-रे-अरे-अवे** – અનુશય (પશ્ચાત્તાપ), સંબોધનમાં ; 83. **ननु** – વિરોધ

(A) एकमर्थं प्रति द्रव्यादीनां क्रिया–कारक–द्रव्य–गुणानां तुल्यबलानामविरोधीनामनियतक्रमयौगपद्यानामात्मरूपभेदेन चीयमानता समुच्चयः। गुणप्रधानभावमात्रविशिष्टः समुच्चय एवान्वाचयः। द्रव्याणामेव परस्परसव्यपेक्षाणामुद्भूतादयवभेदः समूह इतरेतरयोगः। स (= इतरेतरयोगः) एव तिरोहितावयवभेदः संहतिप्रधानः समाहारः । (३.१.११७ वृ. वृत्तिः)

(B) अथाऽथो संशये स्यातामधिकारे च मङ्गले। विकल्पाऽनन्तरप्रश्ने कात्स्न्र्याऽऽरम्भसमुच्चये।।

ઉક્તિ, અનન્વય અર્થમાં ; 84-88. **શુકમ્-સુકમ્-નુકમ્-હિકમ્-નહિકમ્** – પ્રત્યાખ્યાન (ખંડન) અર્થમાં ; 89. **ઊમ્** – પ્રશ્ન અર્થમાં ; 90. **હુમ્** – તિરસ્કાર અર્થમાં ; 91. **કુમ્** – પ્રશ્ન અર્થમાં ; 92. **ઉઞ્**–સત્ત્વ, રોષ પૂર્વકની ઉક્તિ અર્થમાં ; 93. **સુઞ્** – સત્ત્વ, રોષપૂર્વકની ઉક્તિ અર્થમાં ; 94. **કમ્** – (આ અવ્યય સ્વરાદિ ગણપાઠમાં બતાવ્યો છે.) પાણી, આકાશ ; 95. **હમ્** – રોષ, અનુકંપા આદિ ; 96. **કિમ્** – પ્રશ્ન, વિતર્ક અર્થમાં ; 97. **હિમ્** – સંભ્રમ, તિરસ્કાર ; 98. **અદ્** – વિસ્મય અર્થમાં ; 99. **કદ્** – કુત્સામાં ; 100-101. **યદ્-તદ્** – હેત્વર્થમાં, વાક્યની શરૂઆત કરવામાં ; 102. **ઇદ્** – અપૂર્વ, અવધારણ, ઈષદ્ અર્થમાં ; 103. **ચિદ્** – પ્રશ્ન, અવધારણ અર્થમાં ; 104. **ક્વિદ્** – તિરસ્કાર, પાદપૂરણ અર્થમાં; 105. **સ્વિદ્** – વિમર્શ, પ્રશ્ન અર્થમાં ; 106. **ઉત** – વિકલ્પમાં ; 107. **બત** – ખેદ, અનુકંપા, સંતોષ, વિસ્મય, આમંત્રણ અર્થમાં ; 108. **ઇવ** – ઉપમા, અવધારણ અર્થમાં ; 109. **તુ** – વિશેષણ, પાદપૂરણ અર્થમાં ; 110. **નુ** – વિતર્ક, પાદપૂરણમાં ; 111. **યચ્ચ**– વાક્યાંતરના પ્રારંભમાં ; 112. **કચ્ચન** – ક્વચિત્ અર્થમાં ; 113. **કિમુત** – વિકલ્પમાં ; 114. **કિલ**–સંપ્રશ્ન, વાર્તા (વાત) અર્થમાં ; 115. **કિંકિલ** – કિલ શબ્દના અર્થમાં ; 116-118. **કિંસ્વિત્-ઉદસ્વિત્-આહોસ્વિત્** – પ્રશ્ન, વિતર્ક, વિકલ્પ અર્થમાં ; 119. **અહહ** – અદ્ભૂત, ખેદ અર્થમાં ; 120-121. **નહવે-નવૈ** – પ્રત્યાખ્યાનમાં ; 122. **નવા** – વિભાષા (વિકલ્પ) ; 123. **અન્યત્** – બીજું ; 124. **અન્યત્ર** – અન્ય સ્થળે, અન્યકાળે ; 125-126. **શવ્-શપ્** – પ્રતિગ્રહ (સામેથી ગ્રહણ કરવું) અર્થમાં ; 127. **અથકિમ્** – અંગીકાર અર્થમાં ; 128. **વિષુ** – અનેકતા અર્થમાં ; 129. **પટ્** – પટુતા ; 130. **પશુ** – દર્શનીય ; 131. **ખલુ** – નિષેધ, વાક્યાલંકાર, જિજ્ઞાસા, અનુનય (અનુગ્રહ) ; 132. **યદિનામ** – પક્ષાન્તરે ; 133. **યદુત** – પરના આશયના પ્રકાશનમાં ; 134. **પ્રત્યુત** – ઉલટી રીતે ; 135. **યદા** – જે સ્થળે, જે કાળે ; 136. **જાતુ** – અવધારણ, પાદપૂરણ ; 137. **યદિ** – પક્ષાન્તરે ; 138. **યથાકથાચ** – અનાદરપૂર્વક ; 139. **યથા** – યોગ્યતા, વીપ્સા, અર્થ-અનતિવૃત્તિ, સાદશ્ય (જુઓ સૂત્ર ૩.૧.૪૦) ; 140. **તથા** – સમાનતા ; 141. **પુદ્** – કુત્સામાં ; 142. **દ્ય** – હિંસા, પ્રાતિલોમ્ય (વિપરીતતા) ; 143. **પુરા** –આ અવ્યય સ્વરાદિ ગણપાઠમાં સત્ત્વ એવા કાળ અર્થમાં બતાવ્યો છે. અહીં તે અસત્ત્વમાં છે ; 144. **યાવત્**–મર્યાદા, અવધારણ, પરિમાણ અર્થમાં ; 145. **તાવત્**–મર્યાદા, અવધારણ, પરિમાણ અર્થમાં; 146. **દિષ્ટ્યા** – પ્રીતિ, સેવન, સભાજન, પ્રાતિલોમ્ય (વિપરીતતા) અર્થમાં ; 147. **મર્યા** – સીમાની મર્યાદામાં; 148. **આમ** – પીડા ; 149. **નામ**–પ્રકાશ પાડવા યોગ્ય, સંભાવ્ય, ક્રોધ પામવો, કુત્સા અર્થમાં ; 150. **સ્મ**– અતીતમાં, પાદપૂરણમાં ; 151. **ઇતિહ** – પુરાશ્રુતિમાં ; 152. **સહ** – તુલ્યયોગ, વિદ્યમાનતા ; 153. **અમા**– સહાર્થ, સમીપ અર્થમાં ; 154. **સમમ્** – ચારે બાજુથી અર્થમાં ; 155-157. **સત્રા-સાકમ્-સાર્ધમ્**–સહાર્થમાં ; 158-160. **ઈમ્-કીમ્-સીમ્** – નિર્દેશ, નિવેદન, વાક્યના પાદનું પૂરણ અર્થમાં (કેટલાક ઈમ્ ને અવ્યક્ત અર્થમાં, કીમ્ ને સંશય-પ્રશ્ન-અનુમાન અર્થમાં અને સીમ્ ને અભિનય-વ્યાહરણ-અમર્ષ-પાદપૂરણ અર્થમાં સ્વીકારે છે) ; 161. **આમ્** – પ્રતિવચન, અવધારણ અર્થમાં ; 162. **આસ્** – સ્મૃતિ, ખેદ, કોપ અર્થમાં ; 163. **ઇતિ** – એ

પ્રમાણે, આદિ, હેતુ, પ્રકાર, શબ્દનું પ્રગટવું, ગ્રંથ સમાપ્તિ, પદાર્થનો વિપર્યાસ વિગેરે અર્થમાં ; 164-166. **अव-अड-अट** – તિરસ્કારમાં ; 167. **बाह्या** – નિષ્પત્તિમાં ; 168. **अनुषक्** – અનુમાન અર્થમાં (કેટલાક આ અવ્યયને त કારાન્ત, કેટલાક द કારાન્ત, તો વળી કો'ક आनुषक् આમ દીર્ઘાદિ માને છે.) ; 169. **खोस्** – કુત્સા ; 170-183. **अ-आ-इ-ई-उ-ऊ-ऋ-ॠ-ऌ-ॡ-ए-ऐ-ओ-औ**–પાદપૂરણ, તિરસ્કાર, આમંત્રણ, નિષેધ અર્થમાં;

હવે લોકના અનુગ્રહને માટે પ્રાદિ અવ્યયોના સદૃષ્ટાંત અર્થ આચાર્યશ્રી બતાવે છે.

184. **प्र** – (a) આદિકર્મ → कर्तुमारब्धः = प्रकृतः कटो देवदत्तेन (દેવદત્ત વડે ચટાઈ કરવાને આરંભાઈ.), (b) ઉદીરણ → उदीर्णा मूषिकाः = प्रबला मूषिका (મોટી ચોરીઓ), (c) ભૃશાર્થ → भृशं वृद्धाः = प्रवृद्धा नद्यः (ઘણી જૂની નદીઓ.), (d) ઐશ્વર્ય → ईश्वरो गृहस्य = प्रभवति गृहस्य (ઘરનો સ્વામી બને છે), प्रभुर्देशस्य (દેશનો સ્વામી) (e) સંભવ → हिमवतो गङ्गा प्रभवति (હિમવંત પર્વતથી ગંગા નદીની ઉત્પત્તિ સંભવે છે.), (f) નિયોગ → नियुक्ते सैन्ये प्रकृतः (સૈન્યને વિશે નિયુક્ત કરાયેલો), (g) શુદ્ધિ → प्रसन्ना आपः (નિર્મળ જળ), प्रसन्ना द्यौ (સ્વચ્છ આકાશ), प्रसन्नेन्द्रियः (નિર્મળ ઈન્દ્રિયવાળો), (h) ઈચ્છા → इच्छति कन्याम् = प्रार्थयते कन्याम् (કન્યાને ઈચ્છે છે.), इच्छति परदारान् = प्रकुरूते परदारान् (પરસ્ત્રીને ઈચ્છે છે.), (i) પ્રીતિ → प्रीणाति राजा = प्रसीदति राजा (રાજા પ્રસન્ન થાય છે.), (j) શાંતિ → शान्तात्मा = प्रश्रितः, प्रशान्तः (શાંત આત્મા), प्रश्रितं वाक्यमाह (શાંત વાક્યને કહ્યું.), (k) પૂજા → प्राञ्जलिः (હાથ જોડેલ), प्रह्वः (નમ્ર), (l) દર્શન → प्रियां दृष्ट्वा क्रीडति = प्रक्रीडति (પ્રિયાને જોઈને ક્રીડા કરે છે.), (m) तत्पर (તેનાથી પર) → पितामहात् परः = प्रपितामहः (પરદાદા), प्रणप्ता, प्रपौत्रः (પુત્રના પુત્રનો પુત્ર), (n) પ્રશંસા → शोभनं शास्त्रम् = प्रधानं शास्त्रम् (સુંદર શાસ્ત્ર), (o) સંગ → प्रसक्तः (વળગેલ), प्रमत्तः (લંપટ), (p) દિગ્યોગ → पूर्वा दिक् = प्राची दिक् (પૂર્વ દિશા), (q) અવયવ → प्रघणोऽगारस्य, प्रघाणोऽगारस्य (ઘરનો ઉંબરો કે ઓટલો), (r) વિયોગ → वियुक्तो वसति = प्रवसति (વેગળો રહે છે.), (s) અંતર્ભાવ → अन्तर्भूतः = प्रविष्टः, अन्तः क्षिप्तः = प्रक्षिप्तः (અંતર્ભાવ પામેલ), (t) હિંસા → प्रहरणम् (પ્રહાર કરવો), प्रहरति (પ્રહાર કરે છે), (u) બહુત્વ → बहुचौरो देशः = प्रचौरो देशः (ઘણા ચોરવાળો દેશ), (v) મહત્ત્વ → महानध्वा = प्रकृष्टोऽध्वा (મોટો રસ્તો), (w) સ્થિતિ → शास्त्रं प्रमाणम् (શાસ્ત્ર પ્રમાણ છે.), लोकं प्रमाणम् (લોક પ્રમાણ છે.), (x) દાન → देवेभ्यो ददाति = प्रयच्छति (દેવને આપે છે.), (y) નાનાર્થ → नाना कीर्णाः = प्रकीर्णाः (છૂટાંછવાયાં), नाना दक्षिणाः = प्रदक्षिणाः (વિવિધ દક્ષિણાઓ), (z) અનુવૃત્તિ → अनुवृत्तः शिष्यः = प्रशिष्यः (પરંપર શિષ્ય).

185. **परा** – (a) વધ → पराघातः (વધ), (b) ધર્ષણ → परामर्शनम् (ધર્ષણ), (c) સ્વર્ગમાં જવું → स्वर्गतः = परेतः (સ્વર્ગમાં ગયેલ), (d) વિક્રમ → पराक्रमः, (e) અપ્રત્યક્ષ → परोक्षम्, (f) અનભિમુખ → परावृत्तः, पराङ्मुखः (અવળા મુખવાળો), (g) ભૃશાર્થ → पराजितः (કારમી હાર પામેલ), (h) મોહ →

पराभूतः (મૂંઝાયેલ), (i) प्रातिलोम्य → परावृत्तो युद्धः (લડવૈયો પાછો ફર્યો.)

186. **अप** – (a) वर्जन → अपसाकेताद् वृष्टो मेघः (મેઘ સાકેતપુરને વર્જીને વરસ્યો.), (b) વિયોગ → अपयुक्ता गौर्वत्सेन (ગાય વાછરડાથી વિયોગ પામી.), (c) આલેખન → अपस्किरते वृषभः (હર્ષ પામેલો વૃષભ જમીન ખોતરે છે.), (d) ચોરી → अपहरति (ચોરી કરે છે.), (e) નિર્દેશ → अपदिशति परम् (બીજાને બતાવે છે.), (f) વિકૃતિ → अपजल्पति (વિકૃત બોલે છે.), (g) विधिविपर्यय (મર્યાદા ઓળંગવી) → अपशब्दः (ખરાબ વચન), अपनयः (અનીતિ), (h) ऋणग्रहण → अपमित्य याचते (ઋણી થઈને માંગે છે.), (i) અવયવ → अपस्करो (રથનું અંગ), (j) પૂજા → अपचितो गुरुर्देवदत्तेन (દેવદત્ત વડે ગુરુ આનંદથી પૂજાયા.), (k) છૂપાવવું → शतमपजानीते, सहस्रमपजानीते (સોને છુપાવે છે, હજારને છુપાવે છે.) (l) विपरीतवृत्ति → अपसव्यं गच्छति (વિરુદ્ધ જાય છે.)

187. **सम्** – (a) मूर्ति → संहता मूर्तिर्घटादीनाम् (ઘટ વિગેરેની આકૃતિ ભળી જાય એવી છે.), (b) વચનની એકતા → एकवादः = संवादः (બધાનું સરખું કથન), (c) प्रभव → तिलेभ्यस्तैलं संभूतम् (તલમાંથી તેલ ઉત્પન્ન થયું.) (d) समन्ताद्भाव → समन्ताद् गच्छति = संगच्छते (ચારે બાજુથી જાય છે અથવા એકસાથે જાય છે.) (e) ભૂષણ → भूषिता कन्या = संस्कृता कन्या (શણગારેલી કન્યા), (f) समवाय → शंकरः (સમૂહમાં કાર્ય કરનાર), (g) अभिमुखता → समुत्तिष्ठति (સામે ઊભો છે.) (h) यौगपद्य → युगपत्कृतः = संकृतः (એકસાથે કરેલ), (i) श्लेषण (જોડાણ) → संधि, (j) भृशार्थ → सन्नह्यति (ખૂબ સજ્જ થાય છે.), (k) दर्शनीयता → संस्थिता कन्या (દેખાવડી કન્યા), (l) सादृश्य → गोःसंस्थानं गवयस्य (ગાય સદૃશ હોય તે ગવય.), (m) अनास्थित → संस्थितः केतुः (ચર કેતુ), (n) अपिधान → संवृतं द्वारम् (ખુલ્લું બારણું), (o) क्रोध → संरम्भ (ગુસ્સો), (p) मर्यादा → संस्था, (q) ईर्ष्या → संलापः, (r) वस्त्रग्रहण → संचीवरयते भिक्षुः (ભિક્ષુ વસ્ત્રગ્રહણ કરનાર જેવું આચરણ કરે છે.) (s) अस्पष्टता → संशयः, (t) प्रीति → संभाषणम् (પ્રીતિપૂર્વકનો વાર્તાલાપ), (u) स्वीकार → संगृह्णाति (ગ્રહણ કરે છે.), (v) अल्पार्थ → समर्घम् (અલ્પ મૂલ્યનું), अभ्यास → समीपम्, (w) प्राधान्य → समर्थः (પ્રધાન), (x) ફરી ક્રિયા કરવી → पुनर्धावति = संधावति (ફરી દોડે છે.), पुनस्तपति = संतपति (ફરી તપ કરે છે.)

188. **अनु** – (a) देश → अनूपो देशः (જળમય દેશ), (b) अधीष्ट → इन्द्रानुब्रूहि (હે ઇન્દ્ર ! અનુવાદ કરો.), (c) सामीप्य → अनुशोणं पाटलीपुत्रम् (શોણ નદીની નજીકમાં પાટલીપુત્ર છે.), (d) स्वाध्याय → अनुपदम् (પદની પાછળ), अनुवाक्यम् (વાક્ય પછી), (e) साम्य → अनुमतम् (સમાન રૂપે સ્વીકારેલ), अनुवदति (સમાન બોલે છે.) (f) अर्थाभाव → अनुतपति, (g) आयति (પરિણામ) → अनुशयः (કર્મોનું ફળ), अनुबन्धः (પરંપરા) (h) निसर्ग → अनुज्ञातोऽसि (તું અનુજ્ઞા કરાયો છે.) (i) भृशार्थ → अनुरक्तः(ખૂબ રાગી),

अनुस्मरति (વારંવાર સ્મરણ કરે છે.), (j) સાદશ્ય → अनुकरोति (અનુકરણ કરે છે.), अनुरूपम् (સમાન), (k) અનુવૃત્તિ → सुवर्चला आदित्यमनुपर्येति (સુવર્ચલા નામે સૂર્યની પત્ની સૂર્યને અનુસરે છે.), (l) હિતાર્થ → अनुलोम-मनुक्रोशं करोति (યથાક્રમ દયા કરે છે.), अनुगृह्णाति(અનુગ્રહ કરે છે.), (m) લક્ષણ (ચિહ્ન) → वृक्षमनु विद्योतते (વીજળી વૃક્ષ તરફ ચમકે છે.), (n) હીન → अनु जिनभद्रगणिं व्याख्यातारः (વ્યાખ્યાતાઓ શ્રીજિનભદ્ર ગણી કરતા ઉતરતા છે.), (o) તૃતીયાર્થ → नदीमन्ववसिता सेना (નદી સાથે લગોલગ જોડાયેલી સેના), (p) સ્વાધ્યાયની અધિકતા → अनूचान उपाध्यायः (વેદનું પ્રવચન કરવામાં સમર્થ ઉપાધ્યાય.), (q) વીપ્સા → वृक्षमनुसिञ्चति (દરેક વૃક્ષને સીંચે છે.)

189. **अव** – (a) વિજ્ઞાન → अवगच्छति (જાણે છે.), (b) અધોભાવ → अवक्षेपणम् (નીચે નાંખવું.), (c) સ્પર્ધા → अवक्षिपति मल्लो मल्लम् (એક મલ્લ બીજા મલ્લને પછાડે છે.), (d) આલંબન → अवष्टभ्य यष्टिं गच्छति (લાકડીનો ટેકો લઈને જાય છે.), (e) સામીપ્ય → अवष्टब्धा शरत् (નજીક વર્તતી શરદ ઋતુ), (f) શુદ્ધિ → अवदातं मुखम् (શુદ્ધ મુખ), (g) સ્વાદિષ્ટ કરવું → अवदंशः पानस्य (મદ્યપાનને સ્વાદિષ્ટ કરનાર દ્રવ્ય), (h) ઈષદર્થ → अवलीढम् (કાંઈક લેપાયેલ), (i) વ્યાપ્તિ → अवकीर्णं पांशुभिः (ધૂળથી વ્યાપેલ), (j) ભૃશાર્થ → अवगाढो दोषः (અત્યંત ગાઢ દોષ), (k) નિશ્ચય → अवधृतं कार्यम् (નિશ્ચિત કાર્ય), (l) પરિભવ → अवमन्यते (અપમાન કરે છે.), (m) પ્રાપ્તિ → अवाप्तोऽर्थः (મેળવેલ અર્થ), (n) ગંભીરતા → अवस्थितः (ગંભીર), (o) વૃત્તાંત → काऽवस्था (કેમ છો ?), (p) વિયોગ → अवमुक्तनूपुरा कन्या (પતિના વિયોગથી ઝાંઝર બાંધવાનું છોડનાર કન્યા), (q) વર્ચસ્ક → अवस्करः (કચરો), (r) દેશાખ્યા → अवकाशः (જગ્યા), (s) અહિતકર ક્રિયા → अवदुष्यन्ते कार्यम् (કાર્યને બગાડે છે.), (t) આશ્રય → अवलीनो वायसः (આશ્રય પામેલ કાગડો), (u) સ્પર્શ → अवगाहसुखं तोयम् (સુખે સ્પર્શી શકાય એવું પાણી).

190. **निर्** – (a) વિયોગ → वियुक्तः शल्येन = निःशल्य (શલ્ય રહિત), (b) ભૃશાર્થ → भृशं दग्धः = निर्दग्धः (ઘણું ખરૂં બળેલ), (c) અભાવ → मक्षिकाणामभावः = निर्मक्षिकम् (માખીઓની ગેરહાજરી), निर्मशकम् (મચ્છરોનો અભાવ), (d) અત્યય → अतीतमेघं नभः = निर्मेघमत्र (વાદળ જેમાંથી ચાલ્યા ગયા છે તેવું આકાશ.), (e) પ્રાદુર્ભાવ → निर्मितम्, निष्पन्नम् (રચ્યું, ઉત્પન્ન કર્યું), (f) હેતુ → हेतुनोक्तम् = निरूक्तम् (કારણસર કહેવાયેલ), (g) અવધારણ → निश्चयः, (h) આદેશ → निर्देशः, (i) અતિક્રમણ → अतिक्रान्तः कौशाम्ब्याः = निष्कौशाम्बिः (કૌશાંબી નગરીને ઓળંગેલ), (j) અભિનિઃસરણ → अभिनिःसृतजिह्वः = निर्जिह्वः (ચાલી ગયેલી જીભવાળો).

સમાધાન :- લોપ એ કાંઈ કાર્ય નથી. (આદેશાદિ વિધેયાત્મક કાર્યોને અહીં કાર્ય સમજવા.) વ્યાકરણ શાસ્ત્રમાં શબ્દનો કાં તો કોઈક કાર્ય માટે પ્રયોગ થાય અથવા શ્રવણ માટે પ્રયોગ થાય. અનુનાસિકનો લોપ થવો એ કાંઈ પ્રસ્તુતમાં કાર્ય નથી. હવે કાર્ય ન હોય અને તેનું શ્રવણ પણ ન થાય તો તેનો પ્રયોગ નકામો ગણાય.

શંકા :- અનુનાસિકને ઈત્ સંજ્ઞાનું આ કાર્ય છે. જ્યારે ***'अनेकान्ता अनुबन्धाः'*** ન્યાયનો આશ્રય કરવામાં આવે ત્યારે તે ન્યાય મુજબ ઈત્ સંજ્ઞક (અનુબંધ) વર્ણ સમુદાયનું અંગ (અવયવ) નથી મનાતો, પરંતુ ઈત્ સંજ્ઞક વર્ણનો સમુદાય સાથે સામીપ્ય (આનંતર્ય) સંબંધ મનાય છે. આમ સમીપવર્તી (અનંતર) ઈત્ સંજ્ઞક અનુનાસિક વર્ણ કાર્યને વિશેષિત કરશે. તે આ રીતે - 'आदितः ४.४.७१' સૂત્રથી આ ઈત્વાળા ધાતુને ત (क्त) ની પૂર્વે ઇટ્ નો પ્રતિષેધ થાય છે. અટ્ ધાતુ આમ તો ધાતુપાઠમાં આ ઈત્વાળી નથી. છતાં વૃક્ષાઁ अटितः સ્થળે તે ઈત્ સંજ્ઞક અનુનાસિક આ અનુબંધની સમીપવર્તી હોવાથી આ ઈત્વાળી ગણાશે. આમ તેની પરમાં વર્તતા ત (क्त) ને ઇટ્ નો પ્રતિષેધ થવો એ અનુનાસિક વર્ણને ઈત્ સંજ્ઞા થવાના ફળ (કાર્ય) રૂપે બતાવી શકાય છે.

સમાધાન :- ધાતુપાઠ, સૂત્રપાઠ વિગેરે સ્થળે જ જેનો પ્રયોગ હોય, એ સિવાય જેનો પ્રયોગ ન હોય તે વર્ણને અમે ઈત્ સંજ્ઞા કરશું. જેથી ખટ્વાઁ વિગેરે સ્થળે અનુનાસિકને ઈત્ સંજ્ઞા ન થાય.

શંકા :- આમ કરવાથી તમે ઈત્ સંજ્ઞાનું કાર્ય યોગ્ય રીતે (અતિપ્રસંગ વગર) પૂરું પાડી શકશો, પરંતુ આ અર્થ 'अप्रयोगीत्' આવા પ્રસ્તુત સૂત્રથી પ્રાપ્ત થતો નથી. તેથી નવું સૂત્ર નિર્મિત થશે.

સમાધાન :- ના, સૂત્ર તો જેમ છે એમ જ રહેવા દેવાનું છે. નવું સૂત્ર રચવાનું નથી.

શંકા :- તો પછી અમે કહી જ ગયા છીએ કે ઈત્ સંજ્ઞાની સર્વત્ર અતિવ્યાપ્તિ થશે. કેમકે તમે એવો કોઈ વિશેષ નિર્દેશ કર્યો નથી.

સમાધાન :- આ દોષ નહીં આવે. કેમકે અમે અપ્રયોગી શબ્દના ઘટક પ્રયોગ શબ્દને 'प्रयुज्यतेऽनेन = प्रयोगः' આમ કરણ અર્થમાં ઘઞ્ પ્રત્યય લાગી નિષ્પન્ન થયેલો માનશું. તેથી તેનો અર્થ 'શાસ્ત્ર' થશે. કેમકે પ્રયોગ શાસ્ત્રની સહાય લઈ બનતા હોય છે. આમ ધાતુપાઠ, સૂત્રપાઠ વિગેર શાસ્ત્રમાં જેમનો પ્રયોગ હોય અને અન્યત્ર જેમનો પ્રયોગ ન હોય તેમને જ ઈત્ સંજ્ઞા થશે.

શંકા :- આ રીતે કરણ અર્થમાં ઘઞ્ પ્રત્યય લાગી પ્રયોગ શબ્દ બની નહીં શકે. કેમકે 'करणाऽऽधारे ૩.૩.૧૨૯' સૂત્રથી થતો અનટ્ પ્રત્યય અનવકાશ બનતો હોવાથી 'भावाऽकर्त्रोः ૩.૩.૧૮' સૂત્રપ્રાપ્ત ઘઞ્ નો બાધ કરીને તે જ થવો જોઈએ.

સમાધાન :- અમે 'भावाकर्त्रोः ૩.૩.૧૮' સૂત્રથી ઘઞ્ પ્રત્યય કરવાનું નથી કહેતા, 'व्यञ्जनाद् घञ् ૫.૩.૧૩૨' સૂત્રથી કરવાનું કહીએ છીએ. તેથી અનટ્ પ્રત્યયથી ઘઞ્ નો બાધ ન થવાથી કરણ અર્થમાં પ્રયોગ શબ્દ બની શકશે.

શંકા :- 'व्यञ्जनाद् घञ् ૫.૩.૧૩૨' સૂત્રમાં 'पुं नाम्नि घः ૫.૩.૧૩૦' સૂત્રથી નામ્નિ (= संज्ञायाम्) ની અનુવૃત્તિ આવે છે. તેથી 'व्यञ्जनाद् घञ्' સૂત્રથી ત્યારે જ ઘઞ્ પ્રત્યય થઈ શકે, જો તે ઘઞ્ પ્રત્યયાન્ત નામથી સંજ્ઞા જણાતી હોય. પ્રસ્તુતમાં પ્રયોગ શબ્દથી સંજ્ઞા નથી જણાતી પરંતુ 'प्रयुज्यतेऽनेन' આવો યૌગિકાર્થ જણાય છે. તેથી તે સૂત્રથી ઘઞ્ પ્રત્યય લાગી પ્રયોગ શબ્દ નહીં બની શકે.

સમાધાન :- એવું નથી. બહુલમ્[A] ના સહારે અનામ સ્થળે (=સંજ્ઞા ન જણાતી હોય તો) પણ 'व्यञ्जनाद् घञ् ૫.૩.૧૩૨' સૂત્રથી ઘઞ્ પ્રત્યય થઈ શકે છે. કેમકે બહુલમ્ થી ક્યાંક સંજ્ઞા જણાતી હોય તેવા સ્થળે અને ક્યાંક સંજ્ઞા ન જણાતી હોય તેવા સ્થળે પણ કાર્ય થઈ શકે છે. તેથી ઘઞ્ પ્રત્યયાન્ત પ્રયોગ શબ્દ બની શકશે.

શંકા :- ના, 'व्यञ्जनाद् घञ्' સૂત્ર ઘઞ્ પ્રત્યયના વિધાન માટે છે. તેથી ત્યાં પ્રત્યય પ્રધાન હોવાથી બહુલમ્ નો સંબંધ પ્રત્યયની સાથે જ થાય, પરંતુ તે સૂત્રમાં ગૌણપણે વર્તતી સંજ્ઞા સાથે ન થાય. તેથી બહુલમ્ થી આવો અર્થ પ્રાપ્ત થશે કે 'સંજ્ઞા હોય ત્યારે જ ઘઞ્ પ્રત્યય ક્યાંક થશે અને ક્યાંક નહીં થાય', પરંતુ 'અસંજ્ઞામાં પણ ઘઞ્ પ્રત્યય થશે' આવો અર્થ નહીં થાય. કેમકે ***'न ह्युपाधेरूपाधिर्भवति, विशेषणस्य वा विशेषणम्'*** (ઉપાધિને ઉપાધિ ન હોય અને વિશેષણને વિશેષણ ન હોય) આવો ન્યાય છે. પ્રસ્તુતમાં ન્યાયને સમજતા પહેલા ઉપાધિ અને વિશેષણના ભેદને સમજીએ. ઉપાધિ અને વિશેષણ બન્ને સૂત્રના વિધેયની અપેક્ષાએ ગૌણ

(A) **क्वचित् प्रवृत्तिः क्वचिदप्रवृत्तिः क्वचिद् विभाषा क्वचिदन्यदेव। विधेर्विधानं बहुधा समीक्ष्य चतुर्विधं बाहुलकं वदन्ति।।**

હોય છે. પરંતુ ઉપાધિ પ્રત્યયથી વાચ્ય બને અને વિશેષણ પ્રત્યયથી વાચ્ય ન બને. જેમકે દૃતિહરિઃ શ્વા પ્રયોગ સ્થળે 'દૃતિ-નાથાત્ પશાવિઃ ૫.૧.૯૭' સૂત્રથી વિહિત ઇ પ્રત્યયથી કર્તા એવો 'પશુ' અર્થ અભિહિત થાય છે, તેથી ત્યાં પશુ અર્થ ઉપાધિ છે. જ્યારે ગાર્ગિકયા શ્લાઘતે સ્થળે 'ગોત્ર-ચરણ૦ ૭.૧.૭૫' સૂત્રથી વિહિત અકઞ્ પ્રત્યય ભાવમાં થાય છે. ત્યાં 'શ્લાઘા' અર્થ પ્રત્યયથી વાચ્ય નથી બનતો, પરંતુ ફક્ત અન્વિત થાય છે અને વાક્યથી 'શ્લાઘા' અર્થની પ્રતીતિ થાય છે. માટે ત્યાં 'શ્લાઘા' એ વિશેષણ છે. પ્રસ્તુતમાં 'વ્યઞ્જનાદ્ ઘઞ્ ૫.૩.૧૩૨' સૂત્રથી થતા ઘઞ્ પ્રત્યયથી સંજ્ઞા વાચ્ય બને છે તેથી તે ઉપાધિ છે. માટે તેની સાથે બહુલમ્ ઉપાધિનો અન્વય ન થઈ શકે, પરંતુ પ્રધાન હોવાથી વિધેય એવા પ્રત્યયની સાથે જ બહુલમ્ ઉપાધિનો અન્વય થાય. તેથી 'સંજ્ઞામાં ઘઞ્ પ્રત્યય થાય કે ન થાય' આવો જ અર્થ પ્રાપ્ત થાય. પણ 'સંજ્ઞામાં કે અસંજ્ઞામાં ઘઞ્ પ્રત્યય થાય' આવો અર્થ પ્રાપ્ત ન થઈ શકે.

સમાધાન :- જો ઉપાધિની ઉપાધિ ન હોય અને વિશેષણનું વિશેષણ ન હોય તો 'કલ્યાણ્યાદેરિન્૦ ૬.૧.૭૭' તથા 'કુલટાયા વા ૬.૧.૭૮' સૂત્રથી કલ્યાણી વિગેરે તથા કુલટા નામના અંત્ય વર્ણનો ઇન્ આદેશ નહીં થઈ શકે. કેમકે એ સૂત્રો એયણ્ પ્રત્યય વિધાયક હોવાથી ત્યાં એયણ્ પ્રત્યય પ્રધાન છે અને કલ્યાણી વિગેરે તથા કુલટા પ્રકૃતિ એયણ્ પ્રત્યયના વિધાન માટે પૂરક હોવાથી તે ગૌણ છે. હવે પ્રકૃતિ ગૌણ હોય તો તે પ્રકૃતિના અંત્ય વર્ણને થતો ઇન્ આદેશ પણ ગૌણ બને. માટે તે પ્રકૃતિરૂપ ઉપાધિની ઉપાધિ થઈ અને તમારા કહ્યા મુજબ ઉપાધિની ઉપાધિ તો સંભવે નહીં. માટે ત્યાં ઇન્ આદેશ નહીં થઈ શકે.

શંકા :- ના, એવું નથી. એ સૂત્રોમાં કલ્યાણી વિગેરે તથા કુલટા ના અંત્ય વર્ણને સ્થાને થતો ઇન્ આદેશ જ પ્રધાન છે. કેમકે તેનું તે સૂત્રોમાં એક નવા આદેશ રૂપે વિધાન કરવામાં આવ્યું છે. જ્યારે એયણ્ આદેશ તો 'ઙ્યાપ્ત્યૂઙઃ ૬.૧.૭૦' સૂત્રથી સિદ્ધ જ છે. જેનું 'કલ્યાણ્યાદેરિન્૦ ૬.૧.૭૭' તથા 'કુલટાયા વા ૬.૧.૭૮' સૂત્રમાં અનુવૃત્તિ લઈ અનુવાદ રૂપે વિધાન કરવામાં આવ્યું છે, માટે તે અપ્રધાન છે. આમ પ્રધાન ઇન્ આદેશ ઉપાધિ રૂપ ન હોવાથી તે થઈ શકશે.

સમાધાન :- ભલે, છતાં 'ચર્મિ-વર્મિ૦ ૬.૧.૧૧૨' સૂત્રથી ચર્મિન્ વિગેરે નામોને ક્ આગમ નહીં થઈ શકે. કેમકે તે સૂત્ર પ્રધાનતાએ આયનિઞ્ પ્રત્યયનું વિધાન કરે છે અને ચર્મિન્ વિગેરે નામો પ્રત્યયના વિધાન માટે પૂરક હોવાથી ગૌણ છે. જો ચર્મિન્ વિગેરે ગૌણ હોય તો તેમને થતો ક્ આગમ પણ ગૌણ બનવાથી ઉપાધિને ઉપાધિ સંભવતી ન હોવાથી ક્ આગમ નહીં થઈ શકે.

શંકા :- તમારી વાત બરાબર નથી. કેમકે અહીં પણ ક્ આગમ પ્રધાન છે. વાત એવી છે કે 'ચર્મિ-વર્મિ૦ ૬.૧.૧૧૨' સૂત્રમાં 'ચર્મિ-વર્મિ..... વાકિનાચ્ચ' આટલા અંશ દ્વારા ચર્મિન્ વિગેરેને આયનિઞ્ પ્રત્યયનું વિધાન

કર્યું છે અને બાકીના 'कश्चाऽन्तोऽन्त्यस्वरात्' આટલા અંશ દ્વારા અલગથી આયનિઞ્ના સંનિયોગમાં ચર્મિન્ વિગેરેને અંત્ય સ્વરની પછી ક્ આગમનું વિધાન કર્યું છે. આમ તે સૂત્રમાં વાક્યભેદને લઈને ક્ આગમનું પ્રધાનપણે વિધાન કર્યું હોવાથી તે ઉપાધિ બનતો નથી. તેથી તે થઈ શકશે.

આ પ્રમાણે ***'न ह्युपाधेरूपाधिर्भवति, विशेषणस्य वा विशेषणम्'*** આ ન્યાય અવશ્ય આશ્રય કરેલો થાય છે. અર્થાત્ આ ન્યાયનો આશ્રય કરવામાં કોઈ દોષ નથી. તેથી જ્યાં ગૌણ અને પ્રધાન હોય ત્યાં પ્રધાન જો વિશેષણની અપેક્ષા રાખતો હોય તો તેની સાથે વિશેષણનો અન્વય વ્યાજબી છે, પરંતુ ગૌણની સાથે વિશેષણનો અન્વય વ્યાજબી નથી. તેથી પ્રસ્તુતમાં 'व्यञ्जनाद् घञ् ૫.૩.૧૩૨' સૂત્રથી વિહિત ઘઞ્ પ્રત્યય પ્રધાન છે અને સંજ્ઞા અર્થ ગૌણ છે. તેથી બહુલમ્ નો અન્વય પ્રધાન ઘઞ્ ની સાથે થશે, પણ ગૌણ એવી સંજ્ઞા સાથે ન થવાથી 'ક્યાંક સંજ્ઞા સ્થળે અને ક્યાંક અસંજ્ઞાસ્થળે ઘઞ્ પ્રત્યય થાય છે' આવો અર્થ પ્રાપ્ત નહીં થાય. તેથી અસંજ્ઞા અર્થમાં 'व्यञ्जनाद् घञ् ૫.૩.૧૩૨' સૂત્રથી ઘઞ્ પ્રત્યયાન્ત પ્રયોગ શબ્દ નહીં બની શકે.

સમાધાન :- તો પછી બહુલમ્ ના આધારે 'करणाऽऽधारे ૫.૧.૧૨૯' સૂત્રથી કરણ અર્થમાં ઘઞન્ત પ્રયોગ શબ્દ નિષ્પન્ન થશે. કેમકે બહુલમ્ ની કારિકાના 'क्वचिदन्यदेव' અંશને લઈને તે સૂત્રથી અનટ્ પ્રત્યયને બદલે ઘઞ્ પ્રત્યય થઈ શકે છે.

આમ પ્રયુજ્યતે कार्यमनेन = પ્રયોગ શબ્દ બની શકવાથી તેનો અર્થ 'શાસ્ત્ર' થશે અને અપ્રયોગી સ્થળે રહેલ નઞ્ અલ્પાર્થક છે. 'અલ્પ' નો અર્થ આવો થશે કે 'જેનો શાસ્ત્રને વિશે જ પાઠ હોય અને લૌકિકપ્રયોગને વિશે જેનો પ્રયોગ ન થતો હોય, પરંતુ તેના કાર્યને દેખી ફક્ત તેનું અનુમાન થઈ શકે એમ હોય તેવા અપ્રયોગી (= અલ્પપ્રયોગી = શાસ્ત્રપ્રયોગી) વર્ણને 'ઈત્' સંજ્ઞક સમજવો.'

શંકા :- ઈત્ વર્ણનો લૌકિકપ્રયોગમાં લોપ (અભાવ) શા કારણે થાય ?

સમાધાન :- ઈત્ વર્ણ લૌકિકપ્રયોગ થતા પૂર્વે પોતાનું કાર્ય કરી ચૂક્યો હોય છે માટે તેનો લૌકિકપ્રયોગ-કાળે લોપ થઈ જાય છે. આશય એ છે કે ઈત્વર્ણ ચોક્કસ કાર્ય કરવા શાસ્ત્રમાં બતાવાય છે અને લૌકિકપ્રયોગ પૂર્વે તે કાર્ય નિષ્પન્ન થઈ ચૂક્યું હોય છે. ઉપેય (કાર્ય) ની સિદ્ધિ થાય એટલે ***'ગરજ સરે વૈદ્ય વૈરી'*** ન્યાયે ઉપાય (કારણ) નો ત્યાગ કરવામાં આવે છે. જેમકે 'अं-अः ૪ क)(પ૦ ૧.૧.૧૬' સૂત્રમાં અ કાર, ક કાર, પ કાર ફક્ત અનુસ્વાર, વિસર્ગ, જિહ્વામૂલીય અને ઉપધ્માનીયના ઉચ્ચારણ માટે છે. તે કાર્ય થયું એટલે લૌકિકપ્રયોગકાળે તેમનો ત્યાગ કરવામાં આવે છે. તેની જેમ ઈત્ વર્ણો પણ પોતાનું કાર્ય કરે એટલે તેમનો ત્યાગ (લોપ) કરવામાં આવે છે. 'उपादायाऽपि ये हेयास्तानुपायान् प्रचक्षते' (વા.પ. ૨/૩૮) અર્થાત્ 'ગ્રહણ કરીને જેમનો ત્યાગ અવશ્ય કરવાનો હોય છે, તેમને 'ઉપાય' કહેવામાં આવે છે.' આવું ઉપાયનું લક્ષણ છે.

અથવા બીજી રીતે સંગતિ કરવી હોય તો સૂત્રમાં इत् શબ્દનો એકશેષ નિર્દેશ સમજવો. જેથી इत् શબ્દ બેવાર પ્રાપ્ત થઈ શકવાથી ઈત્ વર્ણના લોપની સિદ્ધિ થઈ શકે. તે આ પ્રમાણે - એક इत् શબ્દનો एति = अपगच्छतीति इत् અર્થાત્ 'જે પોતાનું કાર્ય કરીને ચાલ્યો જાય છે' આમ અર્થ સમજવો અને બીજા इत् શબ્દને સંજ્ઞા શબ્દ સમજવો. જેથી સૂત્રનો આવો અર્થ પ્રાપ્ત થાય કે 'જે અપ્રયોગી વર્ણ કે વર્ણસમુદાય હોય તે 'ઈત્' સંજ્ઞક થાય છે અને તે પોતાનું કાર્ય કરી ચાલ્યો જાય છે.' આમ ઈત્ વર્ણોના લોપની સિદ્ધિ થઈ જશે. સૂત્રનો આવો અર્થ પ્રાપ્ત થાય છે માટે જ બૃ.વૃત્તિમાં 'एत्यपगच्छतीति इत्संज्ञो भवति' આમ લખ્યું છે.

અથવા एति = अपगच्छतीति इत् સ્થળે જે अयन અર્થાત્ અપગમન (ચાલ્યા જવું / ગેરહાજર રહેવું) અર્થ જણાય છે તેનો અર્થ થાય અભાવ. અભાવ હંમેશા ભાવોપાધિ (ભાવપ્રતિયોગિક) હોય. અર્થાત્ તે કોકને કોક ભાવાત્મક પદાર્થનો સંબંધી હોય. અહીં વ્યાકરણશાસ્ત્ર ચાલતું હોવાથી અને વ્યાકરણનો વિષય શબ્દ હોવાથી ઈત્ સંજ્ઞક શબ્દ જ અભાવના સંબંધીરૂપે પ્રાપ્ત થશે. (તેથી સૂત્રનો અર્થ આવો પ્રાપ્ત થશે કે 'જે અપ્રયોગી વર્ણ કે વર્ણસમુદાય હોય તે 'ઈત્' સંજ્ઞક થાય છે અને તેનો અભાવ (લોપ) થાય છે.') આ રીતે પ્રસ્તુત સૂત્રથી વર્ણોનો લોપ સિદ્ધ થાય છે.

શંકા :- શું સૂત્રમાં બે વાર ગ્રહણ કરેલા इत् શબ્દ પૈકીના એકને ષષ્ઠચન્ત રૂપે અને બીજાને પ્રથમાન્ત રૂપે इतः इत् (ઈત્ વર્ણનો અપગમ થાય છે.) આ પ્રમાણે ગ્રહણ ન કરવો જોઈએ ?

સમાધાન :- ના, તેમ કરવાથી 'ञिमिदाच् स्नेहने' ધાતુ સ્થળે જ્યાં ઘણાં ઈત્ વર્ણો છે ત્યાં 'षष्ठ्यान्त्यस्य ૭.૪.૧૦૬' પરિભાષાથી છેલ્લા ઈત્ વર્ણનો જ લોપ થવાનો પ્રસંગ આવે. જ્યારે અહીં 'इत् इत्' (ઈત્ વર્ણ અપગમને પામે છે) આમ પ્રથમાન્ત નિર્દેશ કર્યો છે, તેથી બધા ઈત્ વર્ણોનો અભાવ (લોપ) થઈ શકે છે.

પ્રસ્તુતમાં તંત્રથી (પ્રયત્નવિશેષથી) બે इत् શબ્દોનો સ્વીકાર કર્યો છે. આમ તો જેમ એકનો એક પ્રજ્વલિત દીવો અનેક છાત્રોને ઉપકાર કરે, તેમ એકનો એક શબ્દ આવૃત્તિ વગર ભિન્ન-ભિન્ન અર્થ બતાવી અનેકને ઉપકાર કરે તેને તંત્ર[A] કહેવાય. પરંતુ પ્રસ્તુતમાં તંત્ર શબ્દને 'પ્રયત્નવિશેષ' અર્થમાં વિવક્ષ્યો છે. આ તંત્ર દ્વારા અહીં બીજા इत् નું ગ્રહણ કર્યું છે એમ સમજવું.

શંકા :- એક પ્રયત્ન વિશેષથી બે વાર इत् શબ્દનું ગ્રહણ શી રીતે થઈ શકે ?

સમાધાન :- જેમ 'श्वेतो धावति' આ એક જ પ્રયત્ન દ્વારા 'श्वेतो धावति' (શ્વેતવર્ણો દોડે છે.) અને 'श्वा इतो धावति' (કૂતરો અહીંથી દોડે છે.) આમ બે વાક્યો પ્રાપ્ત થઈ શકે છે, તેમ અહીં પણ સૂત્રમાં એક જ વાર इत् શબ્દ માટે પ્રયત્ન કરવા છતાં બે इत् શબ્દ પ્રાપ્ત થાય છે.

(A) **अर्थद्वयबोधेच्छया एकस्य सकृदुच्चारणमिह तन्त्रम्।** (પા.સૂ. ૧.૧.૨૭ મ.ભાષ્યપ્રદીપોદ્યોતઃ)

અથવા 'જે જેનો અનવયવ હોય તે તેની અપેક્ષાએ 'ઇત્' સંજ્ઞક થાય છે અને તે અપ્રયોગી હોય છે' આ રીતે સૂત્રનો અર્થ થવાથી વર્ણોને ઇત્ સંજ્ઞા અને અનવયવ હોવાના કારણે તેમનો અભાવ (લોપ) ઉભયની સિદ્ધિ થઈ જશે.

શંકા :- સૂત્રમાં 'અનવયવ' અર્થને બતાવનારુ કોઈ પણ ન હોવાથી તે અર્થને જણાવવા સૂત્રમાં ભેદનો પ્રસંગ આવશે ?

સમાધાન :- ના, અમે સૂત્રનું આ રીતે કથન કરશું - આ સૂત્ર 'अप्रयोगीत्' છે તથા આ પછીનું સૂત્ર 'अनन्तः पञ्चम्याः प्रत्ययः' આવું છે. તેને બદલે આ પછીના સૂત્રનાં 'अनन्तः' પદને અમે પ્રસ્તુત સૂત્રમાં લેશું. તેથી આ સૂત્ર 'अप्रयोगीदनन्तः १.१.३७' આવું થશે અને પછીનું સૂત્ર 'पञ्चम्याः प्रत्ययः १.१.३८' આવું થશે અને આ સૂત્રથી પછીના સૂત્રમાં अनन्तः પદની અનુવૃત્તિ જશે. હવે આ સૂત્રમાં વર્તતા अनन्तः પદનો અર્થ આવો થશે - अम्यते = आश्रीयतेऽसौ धर्म्मिणा इति अन्तः (જે ધર્મી દ્વારા આશ્રય કરાય તે अन्त) આ વ્યુત્પત્તિ પ્રમાણે अन्त એટલે 'અવયવ' કેમકે અવયવી (ધર્મી) અવયવોને આશ્રયીને રહેતો હોય છે અને न अन्तः = अनन्तः નો અર્થ 'અનવયવ' થશે. ***'अनेकान्ता अनुबन्धाः'*** ન્યાય પ્રમાણે અનુબંધ (ઇત્ સંજ્ઞક વર્ણ) અનવયવ હોય છે. આ વાત આપણે પૂર્વે જોઈ ગયા છીએ. આ 'અવયવ' અને 'અનવયવ' શબ્દો સંબંધીશબ્દો છે. તેથી તેઓ બીજા સંબંધીશબ્દોને તુલ્ય છે. જેમ સંબંધીશબ્દોમાં 'मातरि वर्तितव्यम्', 'पितरि शुश्रूषितव्यम्' કહેવામાં આવે, ત્યાં 'પોતાની માતા' અને 'પોતાના પિતા' એમ નથી કહેવામાં આવતું, છતાં 'માતા' અને 'પિતા' સંબંધીશબ્દો હોવાથી આપમેળે જણાઈ આવે છે કે 'જે જેની માતા હોય તેની તેણે પૂજા કરવી જોઈએ' અને 'જે જેના પિતા હોય તેમની તેણે સેવા કરવી જોઈએ'. તેમ અહીં પણ 'અનવયવ' શબ્દથી 'જેના પ્રત્યે જે અનવયવ હોય તેના પ્રત્યે તે ઇત્ સંજ્ઞક થાય છે' આવો અર્થ સ્વાભાવિક રીતે જણાઈ આવશે. અર્થાત્ 'અનવયવ' શબ્દ સંબંધીશબ્દ હોવાથી यस्य અને तस्य શબ્દોનો સ્વાભાવિક લાભ થાય છે. આમ ઇત્ સંજ્ઞક વર્ણ અનવયવ હોવાથી લૌકિક પ્રયોગકાળે તેનો અભાવ (લોપ) સિદ્ધ થઈ જાય છે.

શંકા :- જો ઇત્ સંજ્ઞક વર્ણ અનવયવ બનવાથી તેનો લોપ થાય છે તો णव्, क्त्वा, क्त, क्तवतु સ્થળે ण् અને क् વર્ણોનો લોપ નહીં થઈ શકે. વાત એવી છે કે अहं पपच સ્થળે થયેલો णव् પ્રત્યય 'णिद् वाऽन्त्यो णव् ४.३.५८' સૂત્રથી વિકલ્પે णित् (ण ઇત્વાળો) છે. એવી રીતે देवित्वा સ્થળે 'क्त्वा ४.३.२९' સૂત્રથી થયેલ क्त्वा પ્રત્યય किद्वत् નથી થતો. તેમ शयितः અને शयितवान् સ્થળે 'न डीङ्-शीङ्० ४.३.२७' સૂત્રથી થયેલ સેટ क्त અને क्तवतु પ્રત્યયો कित् નથી. હવે તમે લોપને ઇત્ સંજ્ઞા સાથે જોડો છો. અર્થાત્ વર્ણોને ઇત્ સંજ્ઞા થાય તો તેઓ સમુદાયના અનવયવ થવાથી તેમનો લોપ થાય, આમ તમે બતાવો છો. તો ઉપરોક્ત સ્થળે ण् અને क् ઇત્ સંજ્ઞક ન હોવાથી તેઓ સમુદાયના અનવયવ ન બનવાથી पपच, देवित्वा, शयितः અને शयितवान् સ્થળે તેમનો લોપ નહીં થઈ શકે.

સમાધાન :- પપચ, દેવિત્વા વિગેરે સ્થળે ણવ્, ક્ત્વા વિગેરેના ણ્ અને ક્ ને ઈત્ સંજ્ઞાનો પ્રતિષેધ નથી કરવામાં આવતો, પરંતુ ઈત્ સંજ્ઞાને આશ્રયીને થતા કાર્યનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે. અર્થાત્ 'ણિદ્વાન્ત્યો ણવ્ ૪.૩.૫૮' સૂત્ર એમ કહે છે કે 'ણિત્ ને આશ્રયીને થતા કાર્યમાં અંત્ય ણવ્ ણિત્ ના ગ્રહણથી વિકલ્પે ગ્રહણ નથી કરાતો' તથા 'ક્ત્વા ૪.૩.૨૯' અને 'ન ડીङ्-શીङ્૦ ૪.૩.૨૭' સૂત્રો એમ કહે છે કે 'કિત્ ને આશ્રયીતે થતા કાર્યમાં સેટ્ ક્ત્વા તથા ડીङ્ આદિ ધાતુથી પરમાં રહેલા સેટ ક્ત અને ક્તવતુ પ્રત્યયો કિત્ ના ગ્રહણથી ગ્રહણ નથી કરાતા.' તેથી ફક્ત કાર્યનો પ્રતિષેધ થાય છે, ઈત્ સંજ્ઞાનો નહીં. તેથી ણ્ અને ક્ નો લોપ થઈ શકશે.

અથવા આ સૂત્રથી ઈત્સંજ્ઞા તથા બીજું કોઈ સૂત્ર રચી ઈત્સંજ્ઞકનો લોપ; તેવું ન કરતા બન્ને કાર્ય કરવા આ એક જ સૂત્ર રચ્યું છે. તેનું આ ફળ છે કે જેને ઈત્ સંજ્ઞા થાય તેનો તો લોપ થાય, પણ 'ણિદ્વાન્ત્યો ણવ્ ૪.૩.૫૮' વિગેરે સૂત્રોથી ણિત્ અને કિત્ સંજ્ઞાનો નિષેધ કરવામાં આવે તો પણ ત્યાં ણ્ અને ક્ નો લોપ થાય. જો આવું ફળ ન મેળવવું હોત તો સૂત્રકારશ્રી બન્ને કાર્ય કરવા જુદું જ સૂત્ર રચત.

શંકા :- કોઈ વ્યક્તિ કહે કે 'ઘડો છે' અને તરત જ કહે કે 'ઘડો નથી'. તો તેની વાત જેમ પ્રમાણીભૂત ન ગણાય, તેમ શાસ્ત્રમાં અનુબંધના ઉચ્ચારણથી અનુબંધના ભાવ (વિદ્યમાનતા)ની છૂટ મળે છે અને લૌકિક પ્રયોગકાળે તેમનો લોપ કરવાનો કહ્યો હોવાથી અભાવ (અવિદ્યમાનતા)ની છૂટ મળે છે. ભાવ અને અભાવને પરસ્પર વિરોધ હોવાથી આ વાત પણ અપ્રમાણ ગણાશે. કેમકે ખબર નથી પડતી કે શા કારણસર અનુબંધ લગાડવામાં આવે છે ? અને શા કારણે તેનો લોપ કરવામાં આવે છે ?

સમાધાન :- શાસ્ત્રમાં અનુબંધનો સદ્ભાવ ચોક્કસ કાર્ય કરવા માટે હોય છે અર્થાત્ શાસ્ત્રકાર 'પ્રયોગની બાબતમાં મારે આ કાર્ય બતાવવું છે' એ હેતુથી ધાતુ, પ્રત્યય આદિને શાસ્ત્રમાં અનુબંધ જોડે છે અને અન્યકાર્ય ન થાય તે માટે અનુબંધના લોપની છૂટ આપે છે. અર્થાત્ પ્રયોગકાળે જો અનુબંધનો લોપ ન કરવામાં આવે તો તેના શ્રવણ[A] રૂપ અન્યકાર્ય થવાની આપત્તિ આવે. તે ન આવે તે માટે લૌકિક પ્રયોગકાળે અનુબંધના લોપની છૂટ આપવામાં આવે છે. જેમ ***'उत्सर्गादपवादो बलियः'*** ન્યાયથી 'कर्मणोऽण् ૫.૧.૭૨' સૂત્રથી થતા અણ્ નો બાધ કરીને 'आतो डो૦ ૫.૧.૭૬' સૂત્રથી તેનો અપવાદભૂત ડ[B] પ્રત્યય થાય છે, તેમ ઈત્ આશ્રિત કાર્યને વિશે ચરિતાર્થ (સફળ) થતા શાસ્ત્રમાં ઉચ્ચારાતા ઈત્ વર્ણના સદ્ભાવનો લૌકિકપ્રયોગમાં શ્રવણરૂપ કાર્યાન્તર ન થાય તે માટે લોપ (અભાવ) દ્વારા બાધ કરવામાં આવે છે. આમ ઈત્ વર્ણોનો ભાવ અમુક કાર્ય માટે હોવાથી અને તેમનો અભાવ ઈત્

(A) कार्यादन्यच्छ्रवणम् (पा.सू. १.३.९ म.भाष्यप्रदीपोद्द्योतः)

(B) બૃ.ન્યાસમાં ક પ્રત્યય અણ્ ના અપવાદ તરીકે બતાવ્યો છે. પરંતુ તે અશુદ્ધ જણાય છે. પાણિનિ વ્યાકરણમાં '૩.૨.૧' સૂત્રથી થતા અણ્ ના અપવાદ રૂપે '૩.૨.૩' સૂત્રથી થતો ક પ્રત્યય મળે છે, પરંતુ તે ક ની સામે સિદ્ધહેમ વ્યાકરણમાં 'आतो डो૦ ૫.૧.૭૬' સૂત્રથી થતો ડ પ્રત્યય છે.

વર્ણોનું શ્રવણ ન થાય તે માટે હોવાથી ભાવ અને અભાવ ભિન્ન વિષયવાળા થયા. તેથી તે બે વચ્ચે પ્રસ્તુતમાં વિરોધ નથી. સમાનવિષયક ભાવ અને અભાવ વચ્ચે જ વિરોધની વાત હોય.

આ પ્રમાણે અહીં અનેક યુક્તિઓ બતાવી ઈત્ વર્ણનો લોપ નવું કોઈ સૂત્ર રચ્યા વિના આ સૂત્રથી જ સાધી આપ્યો.

(4) ઉપદેશનું (અર્થાત્ ઇત્ સંજ્ઞા કરવાનું) પ્રયોજન ધાતુ, નામ, પ્રત્યય, વિકાર અને આગમમાં તે તે કાર્ય કરવા માટે છે. જેમ કે -

(i) <u>ધાતુ</u> → **(a)** એધ ધાતુમાં ઇ ઈત્ છે. શીઙ્ ધાતુમાં ઙ્ ઈત્ છે. ઇ અને ઙ્ એ બન્ને ઈત્નું કાર્ય 'ઇઙિતઃ કર્ત્તરિ ૩.૩.૨૨' સૂત્રથી આત્મનેપદ કરવાનું છે. એધ્ ને આત્મનેપદનો તે પ્રત્યય લાગતા અને શવ્ (અ) વિકરણ લાગતા એધ્ + અ + તે = એધતે રૂપ થશે. શી ને આત્મનેપદનો તે પ્રત્યય લાગતા 'શીઙ એ શિતિ ૪.૩.૧૦૪' સૂત્રથી શે + તે = શેતે થશે.

(b) યજીં ધાતુમાં ઈ (અને અનુસ્વાર) ઈત્ છે. ચિંગ્ટ્ ધાતુમાં ગ્ (તથા અનુસ્વાર અને ટ્) ઈત્ છે. કણ્ડૂગ્ ધાતુમાં ગ્ ઈત્ છે. અહીં ઈ અને ગ્ ઈત્ 'ઈગિતઃ ૩.૩.૯૫' સૂત્રથી ફલવત્ કર્તામાં આત્મનેપદ કરવા માટે છે. યજતે, યજતિ। ચિનુતે, ચિનોતિ। કણ્ડૂયતે, કણ્ડૂયતિ। અહીં ક્રિયાનું પ્રધાન ફળ કર્તાને પોતાને મળ્યું હોય ત્યારે આત્મનેપદ પ્રયોગ સમજવો અને બીજાને મળ્યું હોય ત્યારે પરસ્મૈપદ પ્રયોગ થયો છે એમ સમજવું.

(c) ટુદુ ધાતુમાં ટુ ઈત્ છે. તેના ફળ રૂપે 'ટ્વિતોઽથુઃ ૫.૩.૮૩' સૂત્રથી અથુ પ્રત્યય થતા દવથુઃ પ્રયોગ થશે.

(ii) <u>નામ</u> → **(a)** ચિત્રઙ્ નામમાં ઙ્ ઈત્ છે. 'નમો-વરિવ૦ ૩.૪.૩૭' સૂત્રથી ક્યન્ પ્રત્યય અને 'ક્યનિ ૪.૩.૧૧૨' સૂત્રથી ચિત્ર ના અ ને ઈ આદેશ થવાથી ચિત્રીયતે રૂપ થશે. અહીં ઙ્ ઈત્ના કારણે આત્મનેપદનો પ્રત્યય થવા રૂપ ફળ મળે છે.

(b) માઙ્ નામમાં ઙ્ ઈત્ છે. તેથી 'માઙ્યદ્યતની ૫.૪.૩૯' સૂત્રથી માઙ્ (મા) ઉપપદ હોય ત્યારે ધાતુને અદ્યતનીનો પ્રત્યય થવા રૂપ ફળ મળશે, તેથી મા ભવાન્ કાર્ષીત્ ઇત્યાદિ પ્રયોગ થશે.

(iii) <u>પ્રત્યય</u> → ભૂ + શવ્(અ) + તિ, અહીં શવ્ (અ) પ્રત્યયમાં શ્ અને વ્ ઈત્ છે. વ્ ઈત્ના કારણે 'શિદવિત્ ૪.૩.૨૦' સૂત્રથી શવ્ (અ) પ્રત્યય ઙિત્ ન બનવાથી 'નામિનઃ૦ ૪.૩.૧' સૂત્રથી ભૂ નો ગુણ થતાં ભવ્ + અ + તિ = ભવતિ રૂપ થશે.

(iv) <u>વિકાર</u> → ચક્ષ્ ધાતુને 'ચક્ષો વાચિ૦ ૪.૪.૪' સૂત્રથી ખ્યાંગ્ (ખ્યા) આદેશ થાય છે. ખ્યાંગ્ માં ગ્ અને અનુસ્વાર ઈત્ છે. ગ્ ઈત્ના કારણે 'ઈગિતઃ ૩.૩.૯૫' સૂત્રથી પ્રધાન ફલવત્ કર્તામાં આત્મનેપદ થશે, તેથી વ્યાખ્યાતાસે, વ્યાખ્યાતાસિ પ્રયોગ થશે.

(v) **આગમ** → પા ધાતુને પરોક્ષાનો થવ્ (થ) પ્રત્યય લાગતા 'स्क्रसृ-वृ-भृ० ४.४.८१' સૂત્રથી इट् (इ) નો આગમ થવાથી પા + इट्(इ) + થ થશે. દ્વિત્વ થવાના કારણે પા પા + इ + થ થશે. 'ह्रस्व ४.१.३९' સૂત્રથી પ પા + इ + થ થશે.

હવે इट् આગમમાં ट् ઈત્ હોવાના કારણે 'इडेत्पुसि चातः० ४.३.९४' સૂત્રથી આ નો લોપ થતા પ પ્ + इ + થ = પપ્થિ પ્રયોગ થશે.

(5) **શંકા** :- અનુબંધ (ઈત્ વર્ણો) જેની સાથે જોડવામાં આવે તેનો અવયવ બને કે ઉપલક્ષણ ? જેમકે ઉપલબ્ધ થતી વસ્તુઓ બે સ્વરૂપે જોવામાં આવે છે. વૃક્ષના વિષયમાં શાખા અને વાદળની જેમ. વૃક્ષની અપેક્ષાએ શાખા અવયવ બને છે, કેમકે તે વૃક્ષમાં જ ઉપલબ્ધ થાય છે. વૃક્ષ તરફ દેખાતું વાદળ વૃક્ષનું ઉપલક્ષણ બને છે, કેમકે તે વૃક્ષ તરફ અને અન્યત્ર પણ ઉપલબ્ધ થાય છે.

સમાધાન :- બન્ને પ્રકારે આચાર્યોની પ્રવૃત્તિ જોવા મળતી હોવાથી અનુબંધ જેની સાથે જોડાયો હોય તેનો અવયવ પણ બને છે અને ઉપલક્ષણ પણ બને છે. જે વિવક્ષિત વસ્તુની સાથે જ ઉપલબ્ધ થાય તેને અવયવ કહેવાય. જેમકે આ (વૃક્ષની શાખા) ત્યાં જ (વૃક્ષની સાથે જ) ઉપલબ્ધ થાય છે. અનવયવ તો વાદળની જેમ ત્યાં અને અન્યત્ર પણ ઉપલબ્ધ થાય છે.

શંકા :- એકનો એક વ કાર વન, વ્રણ, વૃક્ષ વિગેરે અનેક શબ્દસ્થળે ઉપલબ્ધ થાય છે. અર્થાત્ તે શાખાની જેમ એકજ સ્થળે જોડાયેલો રહે છે તેવું નથી. છતાં તે વન આદિ શબ્દોનો અવયવ ગણાતો હોવાથી તમારી અવયવની વ્યાખ્યા વ્યભિચાર દોષગ્રસ્ત છે.

સમાધાન :- વન, વ્રણ, વૃક્ષ વિગેરે સ્થળે એકનો એક વ કાર નથી, પરંતુ અલગ અલગ છે. આ તો બધા વ્ સરખા દેખાતા હોવાથી 'આ તે જ વ કાર છે' એવી પ્રત્યભિજ્ઞા[A] થાય છે.

શંકા :- અવયવપક્ષે અસમાન (ભિન્ન) સ્વરૂપવાળી પ્રત્યયવિધિ સ્થળે દોષ આવશે. તે આ પ્રમાણે - 'कर्मणोऽण् ५.१.७२' સૂત્ર અને 'आतो डो० ५.१.७६' સૂત્રથી ક્રમશઃ અ (अण्) અને અ (ड) પ્રત્યય થાય છે. આ બન્ને પ્રત્યયોનું અ સ્વરૂપ સરખું છે, પરંતુ જો અનુબંધને અવયવ ગણવામાં આવે તો अण् અને ड ભિન્ન સ્વરૂપવાળા બને. તેથી 'असरूपोऽपवादे०[B] ५.१.१६' સૂત્રથી ड ના વિષયમાં વિકલ્પે अण् પ્રત્યય થવાનો દોષ આવે.

(A) *पुरोवर्तिनि पूर्वदृष्टस्याभेदावगाहि ज्ञानं प्रत्यभिज्ञा। तत्तेदन्ताऽवगाहिज्ञानं प्रत्यभिज्ञा, सोऽयमश्व इति।*

(B) આ (૫.૧.૧૬) સૂત્રથી આરંભીને 'स्त्रियां क्तिः ५.३.९१' પૂર્વેના જે અપવાદ સૂત્રો છે, તે સૂત્રના વિષયમાં અપવાદભૂત પ્રત્યયથી જેનું સ્વરૂપ સમાન નથી એવો ઔત્સર્ગિક પ્રત્યય વિકલ્પથી થાય છે.

એવી રીતે 'निजां शित्येत् ४.१.५७' સૂત્રથી निज् આદિ ધાતુના દ્વિત્વના પૂર્વભાગના इ સ્વરને ए આદેશ કરવાનો છે. તે સૂત્રમાં ए આદેશને एत् આવા સ્વરૂપે બતાવ્યો છે. જો त् અનુબંધ અહીં ए નો અવયવ બને તો एत् આદેશ અનેકવર્ણો ગણાય, તેથી 'अनेकवर्णः सर्वस्य ७.४.१०७' પરિભાષાથી निज् આદિ ધાતુના દ્વિત્વના સંપૂર્ણ પૂર્વભાગનો ए આદેશ થવાની આપત્તિ આવે.

તેમજ દૈવ્ ધાતુને વિત્ (વ્ અનુબંધવાળો) બતાવવો નિરર્થક થશે. દૈવ્ ધાતુને 'अवौ दा-धौ० ३.३.५' સૂત્રથી दा સંજ્ઞા ન થાય તે માટે તેને વ્ અનુબંધ બતાવવામાં આવે છે. 'अवौ दा-धौ० ३.३.५' સૂત્રથી दा અને धा સ્વરૂપવાળા ધાતુઓને दा સંજ્ઞા થાય છે. દૈવ્ ધાતુને વ્ અનુબંધ ન બતાવવામાં આવે તો પણ તે પોતાના અવયવ ગણાતા અનુસ્વાર અંશને લઈને સંધ્યક્ષરાન્ત ન થવાથી 'आत् संध्यक्षरस्य ४.२.१' સૂત્રથી તેનો दा આદેશ થશે નહીં. આમ તે આ કારાન્ત ન બનવાથી તેને दा સંજ્ઞાની પ્રાપ્તિ જ નથી. માટે તેને વારવા દૈવ્ ધાતુને વિત્ બતાવવી નિરર્થક ઠરશે.

હવે જો અનુબંધને અવયવ ન ગણવામાં આવે (અર્થાત્ ઉપલક્ષણ ગણવામાં આવે) તો ઉપરોક્ત ત્રણે સ્થળો પૈકી પ્રથમ સ્થળે अ (अण्) અને अ (ड) બન્ને પ્રત્યયો अ સ્વરૂપે હોવાથી સમાન સ્વરૂપવાળા તેમને લઈને 'असरूपोऽपवादे० ५.१.१६' સૂત્ર ન પ્રવર્તવાથી ड ના વિષયમાં વિકલ્પે अण् પ્રત્યય થવાનો દોષ નહીં આવે. દ્વિતીય સ્થળે एत् આદેશ એકવર્ણો જ ગણાવાથી નિજ્ આદિ ધાતુના દ્વિત્વના સંપૂર્ણ પૂર્વભાગનો ए આદેશ થવાની આપત્તિ નહીં આવે, પણ इ નો જ ए આદેશ થશે. તથા ત્રીજા સ્થળે દૈં ધાતુ ऐ કારાન્ત ગણાવાથી 'आत् सन्ध्य० ४.२.१' સૂત્રથી તેનો दा આદેશ થઈ શકવાથી 'अवौ दा-धौ० ३.३.५' સૂત્રથી તેને दा સંજ્ઞા ન થઈ જાય તે માટે તેને વિત્ બતાવ્યો છે તે વ્યાજબી ઠરશે.

સમાધાન :- સારું, તો પછી અનુબંધને અનવયવ માનીએ. ફક્ત અમુક કાર્ય થઈ શકે તે માટે અનુબંધને જોડવામાં આવે છે. પરંતુ તે જેની સાથે જોડાય તેનો અવયવ નથી બનતો.

શંકા :- આ પક્ષે પણ દોષ આવશે. અનુબંધને જો અવયવ નહીં માનીએ તો कित् વિગેરે સ્થળે 'क् इत् यस्य = कित्' આમ બહુવ્રીહિસમાસ સિદ્ધ થઈ શકશે નહીં, કેમકે સંબંધની ગેરહાજરી છે. બહુવ્રીહિ સમાસમાં यस्य પદથી સમાસના ઘટક પદાર્થનો અન્યપદાર્થ સાથે સંબંધ જણાય છે. આ પક્ષે ઈત્ વર્ણ क् વિગેરે જેમની સાથે જોડાય છે, તે અન્યપદાર્થના તેઓ અવયવ ન બનતા હોવાથી તેમની વચ્ચે અવયવ-અવયવીભાવ (= સમવાય) સંબંધ પ્રાપ્ત થઈ શકતો નથી. તો હવે તેમની વચ્ચે એવો તો કયો સંબંધ છે કે જેને લઈને कित्, ङित् વિગેરે બહુવ્રીહિસમાસ થઈ શકે અને कित्, ङित् આદિ આશ્રિત કાર્યો થઈ શકે ?

સમાધાન :- અનુબંધ જેની સાથે જોડાય છે તેની નજીક (અનંતર) માં રહીને કાર્ય સાધે છે. તેથી અનુબંધ અને તેની સાથે જોડાનાર ધાતુ, પ્રત્યયાદિ વચ્ચે આનંતર્ય (સામીપ્ય) સંબંધ મળે છે. આ આનંતર્ય સંબંધને લઈને કિત્, ડિત્ આદિ બહુવ્રીહિસમાસ થઈ જશે. (અર્થ 'ક્ ઈત્ છે નજીકમાં જેને' આવો થશે.)

શંકા :- તમારી વાત બરાબર નથી. કેમકે આનંતર્ય અર્થમાં બહુવ્રીહિસમાસ થઈ શકતો નથી. અર્થાત્ બહુવ્રીહિસમાસથી આનંતર્ય અર્થ પ્રતીત ન થતો હોવાથી તેમાં આનંતર્ય અર્થને લઈને ઐકાર્થ્ય સામર્થ્ય પ્રગટ ન થઈ શકવાથી કિત્, ડિત્ આદિ બહુવ્રીહિસમાસ નહીં થઈ શકે.

સમાધાન :- સૂત્રવચનના સામર્થ્યથી અર્થાત્ સૌત્રનિર્દેશ રૂપે અહીં આનંતર્ય અર્થમાં બહુવ્રીહિસમાસ થઈ જશે.

શંકા :- જો એમ છે તો તે ઈત્ સંજ્ઞક વર્ણ જેમની નજીકમાં (અનંતરમાં) છે તેવા પૂર્વ અને ઉત્તર (પછીના) બન્નેને આશ્રયી ઈત્ સંબંધી કાર્ય પ્રાપ્ત થશે. જેમકે 'भवतोरिकणीयसौ ६.३.३०' સૂત્રનાં इकणीयसौ સ્થળે इकण् નો ઈત્ વર્ણ ણ્ પૂર્વમાં इकण् ને નજીક છે અને ઉત્તરમાં ईयस् ને નજીકમાં છે તેથી णित् આ બહુવ્રીહિના 'ણ્ ઈત્ છે નજીકમાં જેને' અર્થ મુજબ બન્ને પ્રત્યયો णित् ગણાવાથી ईयस् ને લઈને પણ णित् કાર્ય થવાનો દોષ આવશે.

સમાધાન :- આ દોષ ન આવે. કેમકે 'भवतोरिकणीयसौ ६.३.३०' સૂત્રની 'भवतुशब्दाच्छेषेऽर्थे इकण् ईयस् इत्येतौ प्रत्ययौ भवतः (बृ.वृत्तिः)' વ્યાખ્યામાં જુદા બતાવેલા इकण् ईयस् ને જોઈને સૂત્રમાં વર્તતો તેમનો પાઠ જુદો કરી લેવો જોઈએ. જેથી ણ્ અનુબંધ પૂર્વના इकण् ને જ નજીક ગણાય અને ઉચ્ચારણકાળના વ્યવધાનને લઈને પછીના ईयस् ને તે નજીક ન ગણાય[A]. આમ આનંતર્ય અર્થમાં બહુવ્રીહિસમાસ મુજબ इकण् જ णित् થવાથી ईयस् ને णित् કાર્ય થવાનો દોષ નહીં આવે.

શંકા :- સૂત્રમાં इकण् અને ईयस् નો પાઠ જુદો અવશ્ય કરવા યોગ્ય છે. જો જુદો પાઠ ન કરવામાં આવે તો અનુબંધના અવયવ (એકાન્ત) પક્ષે પણ સંદેહ થાય. ત્યાં સમજાય નહીં કે ણ્ અનુબંધ પૂર્વનો અવયવ થાય છે કે પાછળનો ?

સમાધાન :- આ તો ફક્ત સંદેહ થાય છે. જ્યાં સંદેહ ઊભો થાય ત્યાં સર્વત્ર આ ન્યાય ઉપસ્થિત થાય છે કે ***'व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न हि सन्देहादलक्षणम्'***[B] તેથી વ્યાખ્યા (બૃ.વૃત્તિ) માં ણ્ પૂર્વનો અવયવ થાય છે

(A) બૃ.ન્યાસમાં 'तथा परस्यैवानन्तरो न पूर्वस्येति' આવી જે પંક્તિ છે તેનો અભિપ્રાય સમજાતો નથી. વિદ્વાનો બેસાડવા પ્રયત્ન કરે.

(B) સૂત્રના શબ્દાર્થની બાબતમાં સંશય ઉત્પન્ન થાય તો વ્યાખ્યાથી વિશેષ અર્થનો બોધ કરી સંશયની નિવૃત્તિ કરવી. સંશય પડવાથી સૂત્ર (લક્ષણ) કાંઇ અસૂત્ર બની જતું નથી.

તેમ વ્યાખ્યા કરી લઈશું. જેથી અવયવપક્ષે એક અવયવ બેને ન સંભવે. આથી 'તે કોનો અવયવ છે ?' આવો સંદેહ થવાથી વ્યાખ્યાના આધારે નિશ્ચય થઈ જાય. અનવયવ (અનેકાંત) પક્ષે આનંતર્ય (નજીકપણું) આગળ-પાછળ બન્ને બાજુ હોવામાં વિરોધ આવતો ન હોવાથી ઇકણીયસૌ આમ ભેગા પાઠમાં દોષ આવતો હોવાથી જુદો જ પાઠ કરવો પડે.

અથવા જુદો પાઠ કરવાની જરૂર નથી. કેમકે આચાર્ય (સૂત્રકાર) પ્રયોગના જ્ઞાતા હોય છે. તેથી તે તે પ્રયોગને જોઈને તેઓ પોતે જ અનુબંધને જોડે છે. અર્થાત્ પ્રયોગમાં વૃદ્ધિ થઈ હોય તો ञ् કે ण् અનુબંધ જોડે છે. ગુણ-વૃદ્ધિ ન થઈ હોય તો क् કે ङ् અનુબંધ જોડે છે. આત્મનેપદ પ્રયોગ થયો હોય તો ધાતુને इ કે ङ् અનુબંધ જોડે છે વિગેરે. આમ પણ આ જ વાત વ્યાજબી છે કે પ્રયોગના નિમિત્તે અનુબંધ થતા હોય છે, અનુબંધના નિમિત્તે પ્રયોગ થતા હોય છે એવું નહીં. તો પ્રસ્તુતમાં આચાર્યને इક અંશવાળા પ્રયોગો જોઈને ખબર પડી જાય કે इક (इકण્) પ્રત્યય णित् છે અને ईय અંશવાળા પ્રયોગ જોઈને સમજાઈ જાય કે इय (इयस्) પ્રત્યય णित् નથી.

શંકા :- આચાર્ય ભલે પ્રયોગના જ્ઞાતા હોય, પરંતુ શિષ્યો તેવા ન હોવાથી તેમને શી રીતે ખબર પડે કે ઇકણીયસ્ પૈકીનો કયો પ્રત્યય णित् છે ? અને કયો પ્રત્યય णित् નથી ?

સમાધાન :- આચાર્યની સૂત્ર અને તેની વૃત્તિ વિગેરેની રચના રૂપ પ્રવૃત્તિથી શિષ્યોને ખબર પડી જાય કે કયો પ્રત્યય णित् છે અને કયો પ્રત્યય णित् નથી વિગેરે.

શંકા :- અનુબંધને વિશે એકાંત (અવયવ) અને અનેકાંત (અનવયવ) બે પક્ષ કહ્યા, પરંતુ આ બેમાંથી કયો પક્ષ વ્યાજબી છે ?

સમાધાન :- એકાંતપક્ષ વધુ સારો છે. કેમકે આ પક્ષમાં હેતુ આપ્યો છે. જે પક્ષ સહેતુક હોય તે જ વ્યાજબી કહેવાય[A].

શંકા :- પૂર્વે આ ચર્ચામાં એકાંતપક્ષે સમાન સ્વરૂપ હોવાથી ड પ્રત્યયના વિષયમાં વિકલ્પે अण् ની પ્રાપ્તિ થવી વિગેરે ત્રણ દોષ આપેલા. તેથી આ પક્ષને વ્યાજબી શી રીતે કહેવાય ?

(A) આની આગળ બૃ.ન્યાસમાં 'तथा 'मेङो वा मित् ४.३.८८' ... नाकार्षित्' પંક્તિ બતાવી છે. જેનો અર્થ 'मेङो वा मित् ४.३.८८' સૂત્રમાં मेङ् ના ङ् અનુબંધને જોઈને તે સંધ્યક્ષરાન્ત ન ગણાવાથી 'आत् सन्ध्यक्षरस्य ४.२.१' સૂત્રથી તેના ए નો आ આદેશ નથી કર્યો' આવો થાય. પરંતુ આ વાત અહીં મેળ પડે એવી નથી. કેમકે અત્યારે એકાંતપક્ષ વ્યાજબી છે તેની વાત ચાલે છે. તેથી આ વાત એકાંતપક્ષ મુજબ કરવાની રહે અને આગળ એકાંતપક્ષે ***'असन्ध्यक्षरान्तत्वमपि नानुबन्धकृतं भवति'*** ન્યાય બતાવાશે, જેથી मेङ् સંધ્યક્ષરાન્ત ગણાવાથી તેના ए નો आ આદેશ પ્રાપ્ત છે. છતાં વિદ્વાનો આ પંક્તિને સંગત કરવા પ્રયત્ન કરે. મ.ભાષ્યમાં આ પંક્તિ નથી અને તેની આગળ-પાછળની પંક્તિ જોવા મળે છે. જુઓ 'પા.સૂ. ૧.૩.૯' મ.ભાષ્ય.

સમાધાન :- એકાંતપક્ષે આપેલા ત્રણ દોષ પૈકી આચાર્યશ્રીની ચોક્કસ પ્રકારની પ્રવૃત્તિ અનુસાર પ્રથમ અસરૂપવિધિ સ્થળે દોષ નહીં આવે. તે આ રીતે - આચાર્યશ્રીએ 'વા જ્વાલાદિ૦ ૫.૧.૬૨' સૂત્રમાં વા ગ્રહણની પ્રવૃત્તિ કરી છે તેનાથી ***'નાનુબન્ધકૃતમસારૂપ્યં ભવતિ'*** ન્યાય જ્ઞાપિત થાય છે. વાત એવી છે કે 'વા જ્વાલાદિ૦' સૂત્રમાં ણ (અ) પ્રત્યયનો વિકલ્પ કરવા વા પદનું ગ્રહણ કર્યું છે. ત્યાં વા દ્વારા વિકલ્પ થવાથી જ્યારે ણ પ્રત્યય નહીં થાય, ત્યારે 'અચ્ ૫.૧.૪૯' સૂત્રથી ઔત્સર્ગિક અચ્ (અ) પ્રત્યય પણ થશે. હવે એકાંતપક્ષે અચ્ પ્રત્યય અનુબંધને કારણે ણ પ્રત્યયને સદશ (સરૂપ) ન હોવાથી અચ્ પ્રત્યય 'અસરૂપોઽપવાદે૦ ૫.૧.૧૬' સૂત્રથી અપવાદ રૂપે ણ પ્રત્યયના વિષયમાં થવાનો જ હતો. તેથી ણ પ્રત્યયના વિકલ્પમાં અચ્ પ્રત્યય કરવા 'વા જ્વાલાદિ૦' સૂત્રમાં વા પદને ગ્રહણ કરવાની જરૂર રહેતી નથી. છતાં વા નું ગ્રહણ કર્યું છે તેનાથી સૂચિત થાય છે કે ***'નાનુબન્ધકૃતમસારૂપ્યં ભવતિ***[A] આવો ન્યાય છે. આ ન્યાયના કારણે હવે ણ (અ) અને અચ્ (અ) પ્રત્યય અસદશ ન ગણાતા 'અસરૂપોઽપવાદે૦' સૂત્રથી ણ ના વિકલ્પમાં અચ્ ની પ્રાપ્તિ ન વર્તતા તેને માટે 'વા જ્વાલાદિ૦' સૂત્રમાં વા નું ગ્રહણ સાર્થક છે. આ ન્યાયાનુસાર 'કર્મણોઽણ્ ૫.૧.૭૨' સૂત્રથી થતો અણ્ (અ) અને 'આતો ડો૦ ૫.૧.૭૬' સૂત્રથી થતો ડ (અ) પ્રત્યય પણ અસદશ ન ગણાવાથી અનુબંધના એકાંતપક્ષે પણ 'અસરૂપોઽપવાદે૦' સૂત્રથી ડ ના વિષયમાં વિકલ્પે અણ્ પ્રત્યય થવાનો દોષ નહીં આવે.

બીજા સ્થળે પણ આપત્તિ નહીં આવે. આચાર્યશ્રીએ અક્ રહિત ઇદમ્ નો અદ્ (અ) આદેશ કરવા 'અનક્ ૨.૧.૩૬' આમ પ્રથમાન્ત સૂત્રની રચના કરી છે. તે સૂત્રમાં 'અનક્ (અગ્વર્જિત) ઇદમ્ 'અદ્' ભવતિ' આમ પ્રથમાન્ત નિર્દેશ એટલા માટે કર્યો છે, જેથી સંપૂર્ણ ઇદમ્ નો અદ્ આદેશ થઈ શકે. જો ષષ્ઠ્યન્ત નિર્દેશ કરવામાં આવે તો અદ્ (અ) આદેશ એકવર્ણો હોવાથી 'ષષ્ઠ્યાન્ત્યસ્ય ૭.૪.૧૦૬' પરિભાષાથી ફક્ત ઇદમ્ ના અંત્યવર્ણનો જ અ આદેશ થવાનો પ્રસંગ આવે. તે ન આવે માટે પ્રથમાન્ત નિર્દેશ કર્યો છે. પરંતુ અનુબંધના એકાંતપક્ષે અદ્ આદેશ તો અનેકવર્ણો ગણાય, તેથી સૂત્રમાં જો ષષ્ઠ્યન્ત નિર્દેશ કર્યો હોત તો પણ 'અનેકવર્ણ: સર્વસ્ય ૭.૪.૧૦૭' પરિભાષાથી સંપૂર્ણ ઇદમ્ નો અદ્ આદેશ પ્રાપ્ત હતો, છતાં પ્રથમાન્ત નિર્દેશ કર્યો છે તેથી ***'નાનુબન્ધકૃતમનેકવર્ણત્વં ભવતિ***[B] ન્યાય સૂચિત થાય છે. હવે અદ્ આદેશ અનેકવર્ણો ન ગણાવાથી પ્રથમાન્ત નિર્દેશ વ્યાજબી છે. આ ન્યાય પ્રમાણે 'નિજાં શિત્યેત્ ૪.૧.૫૭' સૂત્રસ્થળે બતાવેલો એત્ આદેશ પણ એકવર્ણો ગણાવાથી ત્યાં 'અનેકવર્ણ: સર્વસ્ય ૭.૪.૧૦૭' પરિભાષાથી નિજ્ ધાતુના દ્વિત્વના સંપૂર્ણ પૂર્વભાગનો ઇ આદેશ થવાની આપત્તિ નહીં આવે.

ત્રીજી આપત્તિ પણ નહીં આવે. કેમકે આચાર્યશ્રીએ 'નેડ્ર્મા-દા૦ ૨.૩.૭૯' સૂત્રમાં માઙ્ (મા) ધાતુની જેમ ત્યાં મેઙ્ ધાતુનુ પણ ગ્રહણ થાય તે માટે ઙ્મા સ્થળે ઙ્ અનુબંધ બતાવ્યો છે. અનુબંધના એકાંતપક્ષે મેઙ્ ધાતુ

(A) અનુબંધના કારણે અસદશતા મનાતી નથી.

(B) અનુબંધના કારણે અનેકવર્ણત્વ મનાતું નથી.

સંધ્યક્ષરાન્ત ગણાય નહીં. તેથી 'आत् सन्ध्यक्षरस्य ૪.૨.૧' સૂત્રથી તેનો मा આદેશ થાય એમ જ નથી. આમ ङ् અનુબંધવાળા તેનું मा આવું સ્વરૂપ થતું જ ન હોવાથી 'नेङ्र्मा-दा० ૨.૩.૭૯' સૂત્રમાં मेङ् ના સંગ્રહાર્થે ङ्मा આમ ङ् અનુબંધ બતાવવો નિરર્થક છે, છતાં બતાવ્યો છે તે ***'असन्ध्यक्षरान्तत्वमपि नानुबन्धकृतं भवति'***[A] ન્યાયનું જ્ઞાપન કરે છે. આ ન્યાય મુજબ હવે એકાંતપક્ષે પણ मेङ् ધાતુ સંધ્યક્ષરાન્ત ગણાય. તેથી 'आत् सन्ध्य० ૪.૨.૧' સૂત્રથી તેનો मा આદેશ થઈ શકતા તેના સંગ્રહ માટે ङ्मा સ્થળે ङ् ઈત્ બતાવવો સફળ છે. એવી રીતે दैव् ધાતુ સ્થળે પણ જો 'अवौ दा-धौ० ૩.૩.૫' સૂત્રથી તેને दा સંજ્ઞા વારવા व् અનુબંધ ન બતાવીએ તો ***'असन्ध्यक्षरान्तत्वमपि०'*** ન્યાય મુજબ दैं ધાતુ અનુસ્વારને લઈને અસંધ્યક્ષરાન્ત ન ગણાય. અર્થાત્ સંધ્યક્ષરાન્ત ગણાય. તેથી 'आत् सन्ध्य० ૪.૨.૧' સૂત્રથી તેનો दा આદેશ થવાથી તેને दा સંજ્ઞા થવાનો પ્રસંગ આવે. તે ન આવે માટે અનુબંધના એકાંતપક્ષે પણ दैव् ધાતુને व् અનુબંધ બતાવવો વ્યાજબી સાબિત થાય છે. આમ ત્રીજો દોષ પણ દૂર થાય છે.

શંકા :- તમે 'नेङ्र्मा-दा० ૨.૩.૭૯' સૂત્રમાં ङ्मा સ્થળના ङ् અનુબંધની નિરર્થકતાને લઈને ઉપરોક્ત ન્યાયના જ્ઞાપનની વાત કરો છો, પરંતુ તે થઈ શકે એમ નથી. કેમકે એકાંતપક્ષે मेङ् ધાતુ ભલે સંધ્યક્ષરાન્ત ન ગણાતો, છતાં પ્રયોગકાળે જ્યારે તેના અનુબંધનો લોપ થાય ત્યારે તે સંધ્યક્ષરાન્ત થવાથી તેનો ङ्मा આદેશ થશે અને તેનો ङ्मा સ્થળના ङ् અનુબંધથી સંગ્રહ થઈ જશે. આમ ङ् અનુબંધ નિરર્થક થતો ન હોવાથી તેનાથી ***'असन्ध्यक्षरान्तत्वमपि०'*** ન્યાયનું જ્ઞાપન શક્ય નથી.

સમાધાન :- मेङ् ધાતુનો ङ् અનુબંધ 'अप्रयोगीत् ૧.૧.૩૭' આ પ્રસ્તુત સૂત્રથી લોપાવાના કારણે તે ધાતુ સંધ્યક્ષરાન્ત બને છે. તેથી તે લક્ષણ (સૂત્ર) થી સંધ્યક્ષરાન્ત બન્યો હોવાથી લાક્ષણિક કહેવાય. જ્યારે સ્વાભાવિક સંધ્યક્ષરાન્ત ધાતુ પ્રતિપદોક્ત કહેવાય. ***'लक्षण-प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम्'*** ન્યાયથી 'आत् सन्ध्यक्षरस्य ૪.૨.૧' સૂત્રથી આ આદેશ કરવાના વિષયમાં પ્રતિપદોક્ત સંધ્યક્ષરાન્તનું ગ્રહણ થાય. તેથી એકાંતપક્ષે मेङ् ધાતુનો અનુબંધ લોપાયા પછી તે સંધ્યક્ષરાન્ત હોવા છતાં તેનો આ આદેશ શક્ય નથી. માટે ङ्मा સ્થળના ङ् અનુબંધથી તેનો સંગ્રહ શક્ય ન હોવાથી નિરર્થક થતો તે ***'असन्ध्यक्षरान्तत्वमपि०'*** ન્યાયનું જ્ઞાપન કરે જ છે[B].

શંકા :- સૂત્રમાં કોને ઈત્ સંજ્ઞા કરવી એવો કોઈ વિશેષ નિર્દેશ કર્યો ન હોવાથી भू सत्तायाम् વિગેરે ધાતુના અંત્ય સ્વરને ઈત્ સંજ્ઞા કેમ નથી થતી ?

(A) અનુબંધના કારણે ધાતુ અસંધ્યક્ષરાન્ત પણ નથી મનાતી.

(B) બૃ.ન્યાસમાં 'चेति (चेचेति) इतिवल्लाक्षणिकत्वेन तदभावाद्(?)' આવો પાઠ છે. જેમાં કાંઈક અધૂરાશ કે અશુદ્ધિ હોવાની સંભાવના છે. છતાં શક્ય પ્રયત્ને આ સમાધાનરૂપે તેનો અનુવાદ કર્યો છે. વિદ્વાનો વિચારે.

સમાધાન :- તેમને ઈત્ સંજ્ઞા કરીને એવું કોઈ કાર્ય સાધવાનું નથી, માટે નથી થતી.

શંકા :- भू ધાતુના ऊ ને ઈત્ સંજ્ઞા થાય તો 'ऊदितो वा ४.४.४२' સૂત્રથી તે ધાતુથી પરમાં રહેલા क्त्वा પ્રત્યયની પૂર્વે इट् આગમનો વિકલ્પ સાધી શકાય છે. માટે ઈત્ સંજ્ઞા થવી જોઈએ.

સમાધાન :- 'ऊदितो वा ४.४.४२' સૂત્રમાં 'एकस्वरात्' પદની અનુવૃત્તિ છે. તેથી તે સૂત્ર એકસ્વરી ऊ ઈત્વાળી ધાતુને લઈને પ્રવર્તે છે. भू ધાતુનો ऊ જો ઈત્ હોય તો તેમાં એકે સ્વર ન બચવાથી તેને લઈને 'ऊदितो वा' સૂત્રથી કાર્ય સાધવું શક્ય ન બને. કેમકે તે સૂત્ર પ્રવર્તી શકે જ નહીં. માટે કાર્યનો અભાવ હોવાથી भू ધાતુના ऊ ને ઈત્ સંજ્ઞા નહીં થાય.

અથવા આચાર્યશ્રીની તેવા પ્રકારની પ્રવૃત્તિ છે. જેમકે - તેઓ ધાતુપાઠમાં સ્વરાન્ત ધાતુઓને એકસાથે સ્વરાન્ત ધાતુના સમુદાયમાં બતાવે છે અને વ્યંજનાન્ત ધાતુઓને વ્યંજનાન્ત ધાતુના સમુદાયમાં બતાવે છે. તેથી ખબર પડી જાય કે આ ધાતુ સ્વરાન્ત છે અને આ ધાતુ વ્યંજનાન્ત છે. આમ તેમના સ્વર કે વ્યંજનને ઈત્ સંજ્ઞા થઈ શકે નહીં.

શંકા :- दरिद्रा (૧૦૯૨) ધાતુ ધાતુપાઠમાં સ્વરાન્ત ધાતુનાં સમુદાયમાં નથી બતાવી. તેથી તેના आ ને તો ઈત્ સંજ્ઞા થશે ને ?

સમાધાન :- કહ્યું તો ખરા કે તેના आ ને ઈત્ સંજ્ઞા કરીને એવું કોઈ કાર્ય સાધવાનું નથી રહેતું, માટે નહીં થાય.

શંકા :- આ ઈત્ ને લઈને 'आदितः' સૂત્રથી दरिद्रा ધાતુથી પરમાં રહેલા क्त અને क्तवतु પ્રત્યયની પૂર્વે इट् આગમના નિષેધ રૂપ કાર્ય સાધી શકાય છે. તેથી ઈત્ સંજ્ઞા થવી જોઈએ.

સમાધાન :- 'आदितः ४.४.७१' સૂત્રમાં 'एकस्वरात्' પદની અનુવૃત્તિ હોવાથી તે સૂત્ર એકસ્વરી ધાતુને લઈને પ્રવર્તે છે. જ્યારે दरिद्रा ધાતુ (આ ઈત્ નો લોપ થયા પછી પણ) અનેકસ્વરી છે. તેથી તે સૂત્રથી કાર્ય સાધી શકાય એમ નથી. માટે आ ને ઈત્ સંજ્ઞા નહીં થાય.

શંકા :- સારું, પણ जागृ (૧૦૯૩) ધાતુના ऋ ને તો ઈત્ સંજ્ઞા કરશો ને ?

સમાધાન :- ના, કેમકે 'जागुर्जि० ४.३.५२' સૂત્રથી जागृ ના અંત્યસ્વરને વૃદ્ધિરૂપ કાર્ય કરવાનું છે. જો ત્યાં ऋ ઈત્ હોય તો વૃદ્ધિનો પ્રસંગ જ ન રહેવાથી 'जागुर्जि० ४.३.५२' સૂત્ર નિરર્થક થાય. તેથી તેના બળે અહીં ऋ ને ઈત્ સંજ્ઞા નહીં થાય. એવી રીતે चकास् તથા आशास् ધાતુના વ્યંજનને પણ ઈત્ સંજ્ઞા નહીં થાય. કેમકે તેમ કરી કોઈ કાર્ય સાધવાનું રહેતું નથી.

ક્વિપ્ સ્થળે ક્ અને પ્ તો ક્રમશઃ ગુણ ન થવા દેવા અને 'હ્રસ્વસ્ય તઃ૦ ૪.૪.૧૧૩' સૂત્રથી ત્ આગમ રૂપ કાર્યને સાધવા માટે હોવાથી તેઓ ઈત્ (ચાલ્યા જનાર) હોવાથી તેમનો અભાવ (લોપ) થાય છે. તથા ત્યાં ઇ અનુબંધ તેમના ઉચ્ચારણાર્થે હોવાથી તે પણ પોતાનું કાર્ય કરી નિવૃત્ત થાય છે. હવે જેથી સૂત્રના અપ્રયોગિન્ શબ્દમાં વર્તતા પ્રયોગ શબ્દનો અર્થ શાસ્ત્ર[A] થાય છે (શાસ્ત્ર એટલે ધાતુ, નામ, પ્રત્યય, આગમ, આદેશ અને ઉપદેશ વિગેરે જે વાત આપણે પૂર્વે જોઈ ગયા છીએ.) તેથી જો ક્વિપ્ નો વ્ ન બતાવવામાં આવે તો અહીં કોને (કયા બચેલા પ્રત્યય રૂપ શાસ્ત્રને) આ સૂત્રથી ઈત્ સંજ્ઞા કરવી ? એ પ્રશ્ન રહે. તેથી સૂત્રના અપ્રયોગી પદનો અભિધેય કોઈ ન રહે. આશય એ છે કે ક્ત વિગેરે પ્રત્યય સ્થળે ક્ સિવાયનો ત અંશ બચે છે. જેને આ સૂત્રથી કિત્ (ક્ છે ઈત્ જેમાં) સંજ્ઞા થઈ શકે છે. પરંતુ ક્વિપ્ પ્રત્યય સ્થળે ક્ અને પ્ પોતાનું ઉપરોક્ત કાર્ય કરી ચાલ્યા જનાર હોવાથી તથા ઇ પણ ક્ અને પ્ ના ઉચ્ચારણમાં મદદ કરવા રૂપ પોતાનું કાર્ય બજાવી ચાલ્યો જતો હોવાથી જો વ્ અંશ ન બતાવવામાં આવે તો આ સૂત્રથી અહીં કિત્-પિત્ સંજ્ઞા કોને કરવી એ પ્રશ્ન રહે. કેમકે સંજ્ઞાને ઝીલવા કોઈ પ્રત્યયરૂપ શાસ્ત્ર બચ્યું જ નથી. તેથી અહીં આ સૂત્રના અપ્રયોગી પદથી વાચ્ય કોઈ રહે જ નહીં કે જેને ઉદ્દેશીને આ સૂત્રથી કિત્-પિત્ સંજ્ઞા થઈ શકે. આવું ન થાય અને આ સૂત્રથી અનુબંધ (કિત્ આદિ ઈત્) સંજ્ઞા થઈ શકે, તે માટે ક્વિપ્ સ્થળે વ્ બતાવ્યો છે. વિચ્ સ્થળે પણ આ રીતે સમજવું. ક્વિપ્-વિચ્ સ્થળે 'अनन्तः पञ्चम्याः प्रत्यय १.१.३८' સૂત્રથી પ્રત્યય સંજ્ઞા પણ આ રીતે વ્ ને લઈને સિદ્ધ થશે. આ વ્ અંશ સંજ્ઞા કરાવવા રૂપ પોતાનું કાર્ય કરાવી સ્વયં ચાલ્યો જાય છે. ક્વિપ્(૦)-વિચ્(૦) સ્થળે પ્રત્યય શૂન્ય છે. આથી જ વ્ ને ત્યાં સંજ્ઞા ઝીલનાર રૂપે બતાવ્યો છે. કેમકે પદને અંતે વ્ નો પ્રયોગ અતિ જૂજ થાય છે. પદને અંતે અંતસ્થાનો પ્રયોગ મોટા ભાગે ઈષ્ટ નથી હોતો. જેમકે કહ્યું છે કે – 'न हि यणः (= अन्तस्थाः) पदान्ताः सन्ति'. वृक्षव् करोति વિગેરે અતિ જૂજ થતા પ્રયોગોના દૃષ્ટાંત છે.

શંકા :– ધાતુપાઠમાં ધાતુની આદિમાં રહેલા ટુ, ડુ, ઞિ ને અલગથી ઈત્ સંજ્ઞાનું વિધાન કરવું જોઈએ. જો તેમ ન કરવામાં આવે તો જેમ આ સૂત્રથી ટુ, ડુ, ઞિ ને ઈત્ સંજ્ઞા થાય છે, તેમ હુડુङ્ અને પિડુङ્ આદિ ધાતુના ડુ અંશને પણ ઈત્ સંજ્ઞા થવાની આપત્તિ આવશે.

સમાધાન :– ના, તેમ કરવાની જરૂર નથી.

શંકા :– કેમ ના પાડો છો ?

સમાધાન :– કેમકે હુડુङ્, પિડુङ્[B] આદિ ધાતુઓનો ડ કારાન્ત ધાતુઓ ભેગો પાઠ કરવામાં આવ્યો છે. જો તેમના ડુ અંશનો ઈત્ સંજ્ઞા થઈ લોપ જ થવાનો હોય તો ડ કારાન્ત ધાતુ ભેગો તેમનો પાઠ કરવો નિરર્થક ઠરે. માટે

(A) પ્રસ્તુત સૂત્રના જ બૃ.ન્યાસમાં પૂર્વે આ વાત કહેવાઈ ગઈ છે – प्रयुज्यते कार्यमनेनेति प्रयोगः शास्त्रम्, अल्पार्थे च नञ्, अल्पत्वं च शास्त्र एव यः पठ्यते, लौकिकप्रयोगे तु न सम्बध्यते, तत् कार्यं दृष्ट्वाऽनुमीयत एव केवलम्।

(B) હુડુङ્, પિડુङ્ સંઘાતે આદિથી કુડુङ્ દાહે વિગેરે ધાતુ લેવા.

પાઠના બળે તેમના ડુ અંશને ઈત્ સંજ્ઞા થવાની આપત્તિ નહીં આવે. અહીં શાસ્ત્રકારની એવી શૈલી છે કે તેઓ સજાતીયોનો સજાતીય ભેગો પાઠ મૂકે છે.

શંકા :- ટુવેપૃङ્ (વેપ્) ધાતુમાં ટુ (ટ્ + ઉ) ઈત્ છે. તેથી તે ઉદિત્ ધાતુ કહેવાય. ઉદિત્ ધાતુને 'उदितः स्वरान्नोऽन्तः ४.४.९८' સૂત્રથી ન્ આગમ થતો હોવાથી વેપ્ ધાતુનો વેપિતા ને બદલે ન્ આગમવાળો વેમ્પિતા પ્રયોગ થવાની આપત્તિ આવશે. એવી રીતે ञिफला (ફલ્) ધાતુમાં ञि (ञ્ + इ) ઈત્ છે. તેથી તે પરસ્મૈપદ ધાતુ હોવા છતાં इ ઈત્વાળી ધાતુ ગણાવાથી 'इङितः कर्तरि ३.३.२२' સૂત્રથી આત્મનેપદ થવાની આપત્તિ આવશે. આવું ન થાય તે માટે ટુ ના ઉ અને ञि ના इ ને ઈત્સંજ્ઞા ન થતા આખા ટુ અને ञि ને ઈત્સંજ્ઞા થાય તે માટે તેમને અલગથી નવું સૂત્ર રચી ઈત્સંજ્ઞાનું વિધાન કરવું જોઈએ.

સમાધાન :- ટુવેપૃङ્ અને ञિફલા ધાતુસ્થળે ટુ અને ञि આ સમુદાય ૦૪ અનુબંધ રૂપે જોડાય છે. અર્થાત્ અહીં ટ્ + ઉ = ટુ અને ञ્ + इ = ञि આ વર્ણસમુદાય ૦૪ ઈત્સંજ્ઞા પામે છે. પરંતુ ત્યાંના ઉ અને इ અવયવ સમુદાયને પરતંત્ર હોવાથી ઈત્ સંજ્ઞા પામતા નથી. આમ વેપ્ ધાતુ ઉદિત્ ન હોવાથી તેને ન્ આગમની આપત્તિ નહીં આવે અને ફલ્ ધાતુ इ ઈત્વાળી ન હોવાથી તે આત્મનેપદ થવાની આપત્તિ નહીં આવે. આ સમાધાન ***'कुम्भीधान्यः'*** ન્યાયથી આપ્યું છે. તે આ પ્રમાણે - ૦૬ ધાર્મિક વ્યક્તિ પોતાની પાસે કુંભી (નાના ઘડા) પ્રમાણ ૦૪ ધાન્ય રાખતો હોય તે કુમ્ભીધાન્ય કહેવાય અને ૦૬ વ્યક્તિ કુંભીમાં તથા બીજે પણ ધાન્ય રાખતો હોય તે કુમ્ભીધાન્ય ન કહેવાય. તેવી રીતે પ્રસ્તુતમાં ૦૬નો ફક્ત ઉ ૦૪ ઈત્ હોય અને इ ૦૪ ઈત્ હોય, તે ૦૪ ઉદિત્ અને इદિત્ કહેવાય. પરંતુ ૦૬ને ઉ તથા અન્ય વર્ણ પણ ઈત્ હોય અને इ તથા અન્ય વર્ણ પણ ઈત્ હોય તેને ક્રમશઃ ઉદિત્ અને इદિત્ ન કહેવાય. ટુવેપૃङ્ સ્થળે ઉ ની સાથે ટ્ પણ ઈત્ છે અને ञિફલા સ્થળે इ ની સાથે ञ્ પણ ઈત્ છે. તેથી તેમને ઉદિત્ અને इદિત્ ન કહેવાય. માટે ન્ આગમ અને આત્મનેપદની આપત્તિ નથી.

શંકા :- ***'कुम्भीधान्यः'*** ન્યાયથી ૦૪વાબ આપવો યુક્ત નથી. કેમકે તે ન્યાય પ્રમાણે જો ઉ ૦૪ ઈત્વાળી ધાતુને 'उदितः स्वरान्० ४.४.९८' સૂત્રથી ન્ આગમ થતો હોય તો 'कपुङ् चलने (कप्)' ધાતુને ઉ અને ङ् આમ બે ઈત્વર્ણો છે. તેથી તેને કમ્પતે આમ ન્ નો આગમ નહીં થઈ શકે.

સમાધાન :- ***'कुम्भीधान्यः'*** ન્યાયથી ૦૪વાબ આપવામાં વાંધો નથી. ફક્ત 'उदितः स्वरान्० ४.४.९८' સૂત્રના उदितः પદના અર્થને સમજવાની જરૂર છે. ઉદિત્ શબ્દનો 'उकार एव इत् यस्य = उदित्' (ઉ ૦૪ છે ઈત્ જેને) આવો અર્થ નથી થતો, પરંતુ 'उकार एव इत् = उदित्' (ઉ ૦૪ ઈત્ તે ઉદિત્) આવો અર્થ થાય છે. આવું उदितः પદ તે સૂત્રમાં અનુવર્તતા धातोः પદનું વિશેષણ બનતું હોવાથી 'विशेषणमन्तः ७.४.११३' પરિભાષાથી 'ઉ ૦૪ ઈત્ છે અંતે જેને એવી ધાતુ' આવો અર્થ પ્રાપ્ત થાય છે. कपुङ् (कप्) ધાતુ તેના અંતે (પ્ ને છેડે) ઉ ૦૪ ઈત્વાળી છે. તેથી તેને 'उदितः स्वरान्० ४.४.९८' સૂત્રથી કમ્પતે આમ ન્ આગમ થવામાં કોઈ નડતર નથી.

શંકા :- આ રીતે તો 'इङितः कर्तरि ३.३.२२' સૂત્રસ્થળે પણ इङितः પદનો 'इकार एव इत्' અને 'ङकार एव इत्' અર્થ થશે અને તે ત્યાં અનુવર્તમાન धातोः પદનું વિશેષણ બનવાથી 'विशेषणमन्तः ७.४.११३' પરિભાષાથી 'इ કાર જ અને ङ કાર જ ઈત્ છે અંતે જેને એવી ધાતુ' આવો અર્થ પ્રાપ્ત થશે. પરંતુ આ અર્થ પ્રમાણે 'अर्थिण उपयाचने (१९३१)' ધાતુ સ્થળે તેના इ ઈત્ ને લઈને અર્થયતે આમ આત્મનેપદ નહીં કરી શકાય. કેમકે અર્થ્ ધાતુ તેના અંતે (थ્ ને છેડે) इ ઈત્વાળી નથી, પણ ण્ ઈત્વાળી છે. આમ અહીં અર્થ્ ધાતુ इ ને નજીક નથી, માટે તેને આત્મનેપદ નહીં થઈ શકે. આ રીતે ***'कुम्भीधान्यः'*** ન્યાયથી ઘટમાનતા કરવામાં આપત્તિ આવતી હોવાથી તેને અનુસરી टु અને ञि અનુબંધવાળા ધાતુઓને उदित् કે इदित् રૂપે વારી ન શકાય. તેથી આખા टु, ञि વિગેરે સમુદાયને ઈત્સંજ્ઞા કરવા નવું સૂત્ર રચવું જોઈએ.

સમાધાન :- નવું સૂત્ર રચવાની જરૂર નથી. કેમકે 'टु, ञि વિગેરે આખો સમુદાય ઈત્સંજ્ઞક છે તેના उ અને इ અંશ નહીં' તે સૂચવવા ધાતુપાઠમાં લિંગ બતાવ્યું છે. જેમકે 'टुनदु समृद्धौ' ધાતુસ્થળે नद् ધાતુને 'उदितः स्वरान्० ४.४.९८' સૂત્રથી न् આગમ થઈ नन्दथुः વિગેરે પ્રયોગ થઈ શકે તે માટે ત્યાં टु અનુબંધના उ થી જ કામ સરે તેમ હતું છતાં તે उ થી કામ ન લેતા છેલ્લે બીજો उ અનુબંધ જોડયો છે એ જ બતાવે છે કે टु નો उ અંશ ઈત્સંજ્ઞા ન પામતા આખો टु સમુદાય ઈત્સંજ્ઞા પામે છે. એવી રીતે 'ञित्वरिष् सम्भ्रमे' ધાતુ સ્થળે त्वर् ધાતુને 'इङितः कर्तरि ३.३.२२' સૂત્રથી આત્મનેપદ થઈ त्वरते વિગેરે પ્રયોગ થઈ શકે તે માટે ત્યાં ञि અનુબંધના इ થી જ કામ થઈ શકે એમ હતું, છતાં તે इ થી કામ ન લેતા છેલ્લે બીજો इ અનુબંધ જોડયો છે, એ જ બતાવે છે કે ञि નો इ અંશ ઈત્ સંજ્ઞા ન પામતા આખો ञि સમુદાય ઈત્સંજ્ઞા પામે છે. આમ આખા टु, ञि આદિ સમુદાયને ઈત્સંજ્ઞા સિદ્ધ જ છે, નવું સૂત્ર રચવાની જરૂર નથી.

હવે ધાતુપાઠમાં કેટલી ધાતુઓ આદિમાં ઈત્ વર્ણવાળી છે, તે બતાવે છે -

(a) આદિમાં डु અનુબંધવાળા ધાતુઓ → (i) डुलभिंष् प्राप्तौ (७८६), (ii) डुकृंग् करणे (८८८), (iii) डुपचींष् पाके (८९२), (iv) डुयाचृग् याञ्चायाम् (८९१), (v) [A]डुवपीं बीजसन्ताने (९९५), (vi) डुदांग्क् दाने (११३८), (vii) डुधांग्क् धारणे च (११३९), (viii) टुडुभृंग्क् पोषणे च (११४०), (ix) डुमिंग्ट् प्रक्षेपणे (१२८९), (x) डुक्रींग्श् द्रव्यविनिमये (१५०८).

(b) આદિમાં टु અનુબંધવાળા ધાતુઓ → (i) ट्वोस्फूर्ज्जा वज्रनिर्घोषे (१४९), (ii) टुवेपृङ् चलने (७५४), (iii) टुभ्रासि दीप्तौ (८४७), (iv) टुभ्लासृङ् दीप्तौ (८४८), (v) टुभ्राजि दीप्तौ (८९४), (vi) टुवमू उद्गिरणे (९६९), (vii) ट्वोश्वि गति-वृद्ध्योः (९९७), (viii) टुक्षुक् शब्दे (१०८४), (ix) टुडुभृंग्क् पोषणे च (११४०), (x) टुदुंट् उपतापे (१२९७), (xi) टुमस्जोंट् शुद्धौ (१३५२).

(A) ધાતુપાઠમાં આ ધાતુને टुवपीं એમ टु અનુબંધવાળી બતાવી છે.

(c) આદિમાં ञि અનુબંધવાળા ધાતુઓ → (i) ञिक्ष्विदा अव्यक्ते शब्दे (૩૦૦), (ii) ञिफला विशरणे (૪૧૪), (iii) ञिमिदाङ् स्नेहने (૯૪૪), (iv) ञिक्ष्विदाङ् मोचने (૯૪૫), (v) ञिष्विदाङ् मोचने (૯૪૬), (vi) ञित्वरिष् सम्भ्रमे (૧૦૧૦), (vii) ञिष्वपंक् शये (૧૦૮૮), (viii) ञिभींक् भये (૧૧૩૨), (ix) ञिमिदाच् स्नेहने (૧૧૮૦), (x) [A]ञिष्विदाच् मोचने (૧૧૮૧), (xi) ञितृषच् पिपासायाम् (૧૨૧૨), (xii) ञिधृषाट् प्रागल्भ्ये (૧૩૧૨), (xiii) ञिइन्धैपि दीप्तौ (૧૪૯૮).

(d) આદિમાં ओ અનુબંધવાળા ધાતુઓ → (i) ओवैं शोषणे (૪૮), (ii) ट्वोस्फूर्जा वज्रनिर्घोषे (૧૪૯), (iii) ओप्यायैङ् वृद्धौ (૮૦૫), (iv) ट्वोश्वि गति-वृद्ध्योः (૯૯૭), (v) ओहांक् त्यागे (૧૧૩૧), (vi) ओहांग्क् गतौ (૧૧૩૬), (vii) ओव्रस्च्यौत् छेदने (૧૩૪૧), (viii) ओविजैति भय-चलनयोः (૧૪૬૮), (ix) ओलजैति[B] व्रीडे (૧૪૬૯), (x) ओलस्जैति व्रीडे (૧૪૭૦), (xi) ओविजैप् भय-चलनयोः (૧૪૮૯), (xii) કેટલાક ओलडुण् उत्क्षेपे (૧૬૨૪) ધાતુને આદિમાં ओ અનુબંધ બતાવે છે.

(e) औस्वृ शब्दोपतापयोः (૨૧) ધાતુ આદિમાં औ અનુબંધ વાળી છે.

(f) આદિમાં ऊ અનુબંધવાળા ધાતુઓ → (i) ऊबुन्दृग् निशामने (૯૦૪), (ii) ऊच्छृदृपी दीप्ति-देवनयोः (૧૪૮૦), (iii) ऊतृदृपी हिंसाऽनादरयोः (૧૪૮૧).

(g) ट्वें पाने (૨૮) ધાતુ આદિમાં ट् અનુબંધ વાળી છે.

આટલી ધાતુઓ ધાતુપાઠમાં આદિમાં ईत् વર્ણવાળી છે. બાકીની ધાતુઓ અંતમાં ईत् વર્ણવાળી છે.

(h) અનેકસ્વરી ધાતુઓ → (i) दरिद्राक् (दरिद्रा) दुर्गतौ (૧૦૧૨), (ii) जागृक् (जागृ) निद्राक्षये (૧૦૧૩), (iii) चकासृक् (चकासृ) दीप्तौ (૧૦૧૪), (iv) ऊर्णुग्क् (ऊर्णु) आच्छादने (૧૧૨૩), (v) ओलडुण् (ओलड्) उत्क्षेपे (૧૬૨૪), (vi) चुरादि गणना अ कारान्त धातुओ.

આ સિવાયના ધાતુપાઠમાં વર્તતા સઘળાય ધાતુઓ એકસ્વરી છે. ધાતુપાઠમાં તે તે ગણમાં જે ધાતુઓ બતાવ્યાં છે તેમનો પાઠ વર્ણાનુક્રમે છે. અર્થાત્ દરેક ગણમાં પૂર્વે અ કારાન્ત, પછી આ કારાન્ત, પછી ઇ કારાન્ત એમ સ્વર-વ્યંજન વર્ણોનો જે ક્રમ છે તે પ્રમાણે ધાતુઓ બતાવ્યા છે. તેથી ક્રમાનુસાર જે વર્ણો ધાતુને અંતે આવતા હોય તેમની પછીના વર્ણો અનુબંધ રૂપે જાણવા. આમ ક્યાંય અતિપ્રસંગ દોષ આવતો નથી.

કેટલાક વૈયાકરણો दीघीकि, वेवीकि, चिरिट् અને जिरिट् આ ચાર ધાતુને પણ અનેકસ્વરી ઈચ્છે છે.

(A) ધાતુપાઠમાં આ ધાતુ ञिक्ष्विदाच् આવી બતાવી છે.

(B) ધાતુપાઠમાં આ ધાતુ ओलजैङ् આવી બતાવી છે.

तक (तक्) હસને (૫૧) વિગેરે ધાતુઓમાં જે अ અનુબંધ બતાવ્યો છે તે ઈત્ત્વના રક્ષણ માટે છે. અર્થાત્ દરેકે દરેક ધાતુમાં ઈત્ વર્ણ બતાવવાનો હોવાથી અને अ સિવાયના દરેક ઈત્ વર્ણોનું કાંઈને કાંઈ ફળ હોવાથી જે ધાતુઓમાં ઈત્ વર્ણોનું ફળ અપેક્ષિત ન હોય ત્યાં अ ને ઈત્ત્વના રક્ષણ માટે મૂકવામાં આવ્યો છે. અનુબંધના ફળને દર્શાવતી કારિકામાં अ અનુબંધ ફક્ત ઉચ્ચારણાર્થે બતાવ્યો છે. તેનું કાંઈ ફળ નથી. [यद्यपि 'भू सत्तायाम् (૧)' ધાતુને એકે અનુબંધ નથી. છતાં ત્યાં अ સિવાયના અનુબંધ ન મૂકવાનું કારણ એ હોઈ શકે કે ત્યાં અનુબંધનું ફળ અપેક્ષિત નથી અને अ અનુબંધ મૂકે તો 'भ्व सत्तायाम्' આમ ધાતુનું સ્વરૂપ વિકૃત થઈ જાય છે. માટે તે પણ ન મૂક્યો હોવો જોઈએ.

બીજું ઉપર જે કહ્યું કે ધાતુપાઠમાં દરેક ગણમાં ધાતુ અંતે अ કારાદિક્રમે બતાવી છે, ત્યાં દરેક ગણની પહેલી ધાતુને બાકાત રાખવી. (જેમકે પહેલાં ગણમાં 'भू सत्तायाम्' પછી 'पां पाने' છે. અર્થાત્ उ કારાન્ત પછી आ કારાન્ત છે. એવી રીતે બીજા ગણમાં 'अद-प्सांक् भक्षणे' આમ अद् વ્યંજનાન્ત ધાતુ પછી प्सा ધાતુ બતાવી છે. આમ ક્રમ જળવાતો નથી) કેમકે भू, अद् વિગેરે ધાતુઓને પ્રથમ ક્રમે એટલાં માટે બતાવી છે, કેમકે તે ગણો भ्वादि, अदादि ના નામે ઓળખાય છે.]

(6) ઈત્ ના પ્રદેશો 'इङितः कर्तरि ૩.૩.૨૨' વિગેરે છે ।।૩૭।।

अनन्तः पञ्चम्याः प्रत्ययः ।।૧.૧.૩૮।।

बृ.वृ.–पञ्चम्यर्थाद्[1] विधीयमानः शब्दः[2] प्रत्ययसंज्ञो भवति। अनन्तः–न[3] चेदन्तशब्दोच्चारणेन विहितो भवति। "नाम्नः[4] प्रथमैकद्विबहौ" (૨.૨.૩૧) वृक्षः, वृक्षौ, वृक्षाः। "स्त्रियां नृतोऽस्वस्रादेर्ङी" (૨.૪.૧) राज्ञी, कर्त्री। "आत्" (૨.૪.૧૮) खट्वा। "गुपौ-धूप-विच्छि-पणि-पनेरायः" (૩.૪.૧) गोपायति, धूपायति। "ऋवर्ण-व्यञ्जनाद् घ्यण्" (૫.૧.૧૭) कार्यम्, पाक्यम्। अनन्त[5] इति किम्? अन्तशब्दोच्चारणेन विहितस्याऽऽगमस्य मा भूत्, यथा "उदितः स्वरान्नोऽन्तः" (૪.૪.૯૯) इत्यादि। प्रत्ययप्रदेशाः[6]–"प्रत्यये च" (૧.૩.૨) इत्यादयः।।૩૮।।

सूत्रार्थ :- 'अन्त' શબ્દના ઉચ્ચારણથી વિહિત ન હોય એવા પંચમ્યર્થથી વિહિત શબ્દને પ્રત્યય સંજ્ઞા થાય છે.

सूत्रसमास :- ◆ न विद्यतेऽन्त(शब्दो) वाचको यस्य सः = अनन्तः (बहु.)।

<u>विवरण :-</u> (1) સૂત્રસ્થ પંચમી શબ્દ વિભક્તિના પ્રત્યયને જણાવે છે. હવે ***'न केवला प्रकृतिः प्रयोक्तव्या, नापि केवलप्रत्ययः***[(A)] અવો નિયમ હોવાથી પ્રત્યય પ્રકૃતિને અવિનાભાવી હોવાથી (પ્રત્યયનું અસ્તિત્ત્વ પ્રકૃતિ વગર સંભવતું ન હોવાથી) પ્રત્યય પ્રકૃતિને ખેંચી લાવશે. પ્રકૃતિ અર્થ વગર સંભવતી ન હોવાથી

(A) કેવળ પ્રકૃતિનો (એટલે કે પ્રત્યયરહિત પ્રકૃતિનો) પ્રયોગ ન કરવો જોઈએ અને કેવળ પ્રત્યયનો (એટલે કે પ્રકૃતિરહિત પ્રત્યયનો) પ્રયોગ ન કરવો જોઈએ.

(સાર્થક હોવાથી) તે અર્થને ખેંચી લાવશે. તથા અહીં સૂત્રમાં વિધિ[A] શબ્દ અધ્યાહાર હોવાથી પઞ્ચમ્યાઃ નું તાત્પર્ય પઞ્ચમ્યર્થાદ્ વિધીયમાનઃ હોવાથી બૃહદ્વૃત્તિમાં એ શબ્દથી ઉલ્લેખ છે. આના કારણે જ ક્યાંક 'अजादेः २.४.१६' ઇત્યાદિ સ્થળે ષષ્ઠી વિભક્તિનો નિર્દેશ હોવા છતાં પણ પંચમ્યર્થનો ત્યાં અવિરોધ હોવાથી (અર્થાત્ 'અજાદિ થી પરમાં આમ્ પ્રત્યય થાય છે' આમ પંચમ્યર્થને અવિરોધ હોવાથી) અજાદિ નામને આપ્ પ્રત્યય થવામાં અવિરોધ છે.

(2) પંચમ્યર્થથી વિધીયમાન જે હોય તે કાં તો વર્ણ હોય કે વર્ણનો સમુદાય હોય. વર્ણ કે તેનો સમુદાય શ્રવણનો વિષય બનતો હોવાથી शब्द्यते इति शब्दः વ્યુત્પત્તિ પ્રમાણે તેને અહીં બૃ.વૃત્તિમાં 'शब्दः' એમ કહી ઉલ્લેખ્યો છે.

(3) તે તે સૂત્રમાં અન્ત શબ્દના ઉચ્ચારણ પૂર્વક જેનું વિધાન કરવામાં આવ્યું હોય તે આ સૂત્રથી પ્રત્યય સંજ્ઞાને નથી પામતો. જેમકે 'उदितः स्वरान्नोऽन्तः ४.४.९८' સૂત્રમાં ન્ આગમનું વિધાન અન્ત શબ્દ વાપરી કર્યું છે, તેથી તે પ્રત્યયસંજ્ઞા નથી પામતો. જો ત્યાં અન્ત શબ્દ ન મૂક્યો હોત તો ત્યાં स्वरात् પદ પંચમ્યન્ત હોવાથી ન્ ને આ સૂત્રથી પ્રત્યયસંજ્ઞા થાત અને તેથી ટુનદુ (નદ્) ધાતુને 'उदितः स्वरान्०' સૂત્રથી થયેલો ન્ પ્રત્યય ગણાવાથી તેનાથી પરમાં બીજા પ્રત્યય ઉત્પન્ન ન થઈ શકવાથી અનન્દત્ વિગેરે ક્રિયાપદોની સિદ્ધિ ન થઈ શકત.

શંકા :- તમારે આ સૂત્રની સ્પષ્ટ રચના કરવી જોઈએ કે 'તે તે સૂત્રમાં પંચમ્યન્તથી પરમાં જે આગમ સિવાયનાનું વિધાન કરાય, તે કોઈ અન્યના સ્થાને ન થયો હોવો જોઈએ, અર્થાત્ તે કોઈના આદેશ સ્વરૂપ ન હોવો જોઈએ તો તે પ્રત્યય સંજ્ઞક થાય છે.' જો આવી સ્પષ્ટતા સૂત્રમાં ન કરવામાં આવે તો 'पदाद् युग्विभक्त्यैकवाक्ये० २.१.२१' સૂત્રથી યુષ્મદ્-અસ્મદ્ ના વસ્-નસ્ આદિ જે આદેશ કરવામાં આવે છે, તેમનું પણ ત્યાં પંચમ્યન્ત पदात् પદથી પરમાં વિધાન કરવામાં આવ્યું છે અને તેઓ આગમ સિવાયના છે. તેથી તેમનામાં આ સૂત્રથી પ્રત્યયસંજ્ઞા પ્રાપ્ત થશે. એવી રીતે 'एदोतः पदान्ते० १.२.२७' સૂત્રમાં પણ પંચમ્યન્ત एदोतः (પદને અંતે વર્તતા એ-ઓ થી પરમાં) પદથી પરમાં अ ના લોપનું વિધાન કર્યું છે અને તે આગમ સિવાયનો છે. તેથી લોપને પણ આ સૂત્રથી પ્રત્યયસંજ્ઞા થવાની આપત્તિ આવશે. હવે જો પ્રત્યયસંજ્ઞાને પામનાર સ્યાદિ, ङी, आप्, सन् વિગેરે બધા પ્રત્યયોને ભેગા કરી આ સૂત્રથી પ્રત્યયસંજ્ઞા કરવામાં આવે તો ઉપરોક્ત કોઈ સ્થળે પ્રત્યય સંજ્ઞાની અતિવ્યાપ્તિ ન થાય. છતાં આ રીતે સૂત્રમાં બધા પ્રત્યયોને બતાવવામાં ઘણું માત્રાગૌરવ થાય. હવે જો ગૌરવને દૂર કરવા આ સૂત્રને 'प्रत्ययः' આવું રચીને અધિકાર-સૂત્ર રૂપે સ્વીકારવામાં આવે તો પ્રકૃતિ, ઉપપદ અને ઉપાધિને વિશે પણ પ્રત્યયસંજ્ઞા થવાનો દોષ આવે. જેમકે 'प्रत्ययः' આવા સૂત્રમાં કોને પ્રત્યયસંજ્ઞા થાય છે તેની સ્પષ્ટતા ન કરી હોવાથી 'गुप्तिजो० ३.४.५' સૂત્રમાં गुप्

(A) સૂત્રમાં પઞ્ચમી શબ્દને પઞ્ચમ્યાઃ એ પ્રમાણે પંચમી વિભક્તિ કરી હોવાથી અહીં વિધિ શબ્દ અધ્યાહાર છે, નિર્દિષ્ટ શબ્દ નહીં. જો નિર્દિષ્ટ શબ્દનો અધ્યાહાર સૂત્રકારને ઇષ્ટ હોત તો ત્યાં તૃતીયા વિભક્તિનો પ્રયોગ કરત. જેમકે 'पञ्चम्या निर्दिष्टे परस्य ७.४.१०४', અહીં તૃતીયા વિભક્તિ કરી છે.

આદિ પ્રકૃતિને પ્રત્યય સંજ્ઞા થવાની આપત્તિ આવે, 'कर्मणोऽण् ૫.૧.૭૨' સૂત્રમાં ઉપપદ એવા કર્મવાચક નામને પ્રત્યયસંજ્ઞા થવાની આપત્તિ આવે અને 'दृति-नाथात् पशावि: ૫.૧.૯૭' સૂત્રમાં 'પશુ' ઉપાધિને(A) પ્રત્યયસંજ્ઞા થવાની આપત્તિ આવે.

સમાધાન :- ના, નહીં આવે. કેમકે प्रत्यय: અધિકાર દરેક સૂત્રમાં ઉપસ્થિત થતા તેને લઈને જો પ્રકૃતિ, ઉપપદ, ઉપાધિને પ્રત્યયસંજ્ઞા કરવા જઈએ તો વાક્યભેદનો પ્રસંગ આવે અને એકવાક્યને લઈને કાર્ય સંભવતું હોય તો વાક્યભેદ કરવો વ્યાજબી ન કહેવાય. આશય એ છે કે 'दृति-नाथात् पशावि: ૫.૧.૯૭' સૂત્રમાં दृति-नाथात् પદ પંચમ્યન્ત છે, पशौ પદ સપ્તમ્યન્ત છે, અનુવર્તમાન हरते: પદ ષષ્ઠ્યન્ત છે અને इ: પદ પ્રથમાન્ત છે. અધિકારને પામેલ प्रत्यय: પદ પણ પ્રથમાન્ત છે. બન્ને પ્રથમાન્ત પદ વચ્ચે સમાન વિભક્તિને લઈને મેળ પડવાથી એકવાક્યને લઈને સૂત્રાર્થ 'दृति-नाथात् हरते: पशौ इ: प्रत्यय: स्यात्' (दृति અને नाथ શબ્દથી પરમાં રહેલ હૃ ધાતુને પશુકર્તામાં इ પ્રત્યય થાય છે.) આવો પ્રાપ્ત થાય. આ અર્થ મુજબ प्रत्यय: પદનો મેળ इ: સાથે જ થઈ શકે એમ હોવાથી ફક્ત इ ને જ પ્રત્યય સંજ્ઞા થાય. હવે પ્રકૃત્યાદિને જો પ્રત્યયસંજ્ઞા કરવી હોય તો તે સૂત્રમાં પ્રકૃતિ આદિના વાચક પદોને प्रत्यय: પદ સાથે સમાન વિભક્તિ હોવી જરૂરી હોવાથી વાક્યભેદ (બે વાક્ય) કરવો પડે તે આ પ્રમાણે – 'दृति-नाथाभ्यां कर्माभ्यां परात् हरतेर्धातो: पशौ कर्तरि इकारो भवति' (दृति અને नाथ સ્વરૂપ કર્મથી પરમાં રહેલા હૃ ધાતુને પશુ કર્તામાં इ થાય છે.) આવું એક વાક્ય થાય, જેનાથી इ નું વિધાન થાય અને 'ते च हृ-दृति-नाथ-पशव: प्रत्ययसंज्ञा:' (અને તે હૃ પ્રકૃતિ, दृति અને नाथ ઉપપદ તથા પશુ ઉપાધિ પ્રત્યયસંજ્ઞા પામે છે.) આવું બીજું વાક્ય થાય, જેનાથી પ્રત્યયસંજ્ઞા થાય. એક વાક્યથી કામ પતતું હોય તો વાક્યભેદ (બે વાક્ય) કરવો યુક્ત ન કહેવાય. આવી રીતે જ 'गुप्तिज्कद्भ्यो गर्हा-क्षान्तौ सन् ૩.૪.૫' વિગેરે સૂત્રોમાં પણ વિધાન કરાતા सन् આદિ પ્રથમાન્ત હોવાથી प्रत्यय: અધિકારની સાથે તેમને સમાન વિભક્તિ હોવાના કારણે એકવાક્ય જાળવવું હોય તો તેમને જ પ્રત્યયસંજ્ઞા થશે. જ્યારે તે સૂત્રોમાં બાકીના પદો જુદી વિભક્તિ વાળા હોવાથી તેમને પ્રત્યયસંજ્ઞા કરવામાં વાક્યભેદ કરવાનો રહે, જે યુક્ત ન ગણાય. તેથી પ્રકૃતિ, ઉપપદ અને ઉપાધિને પ્રત્યયસંજ્ઞા થવાની આપત્તિ નહીં આવે.

શંકા :- એકવાક્ય સંભવતું હોય તો વાક્યભેદ કરવો દોષ ગણાય, પરંતુ ન સંભવતું હોય તો વાક્યભેદ કરવામાં દોષ નથી. ફક્ત सन् આદિને પ્રત્યયસંજ્ઞા કરવી હોય તો પણ વાક્યભેદ કરવો જ પડે છે. કેમકે सन् આદિ સંજ્ઞી असत् (અવિદ્યમાન) હોય તો પ્રત્યયસંજ્ઞા થઈ શકે નહીં. તેથી તેમને सत् (ઉપસ્થિત) કરવા સૌ પ્રથમ 'गुप्तिज: सन् भवति' આમ એક વાક્ય દ્વારા गुप् આદિને सन् આદિનું વિધાન કરવું પડે છે. ત્યાર પછી બીજા વાક્ય દ્વારા सत् થયેલાં તેમને

(A) 'दृति-नाथात्० ૫.૧.૯૭' સૂત્રમાં અનુવર્તમાન હૃ ધાત્વાત્મક પ્રકૃતિ, दृति અને नाथ નામ રૂપ ઉપપદ અને પશુરૂપ ઉપાધિ આ ત્રણે મળે છે. તેથી તે એક જ સૂત્રમાં પ્રકૃતિ, ઉપપદ અને ઉપાધિને પ્રત્યયસંજ્ઞાનો દોષ આપવો હોય તો પણ આપી શકાય.

'स (सन्) च प्रत्ययः' આમ પ્રત્યયસંજ્ઞા કરવાની રહે છે. તેથી જેમ સન્ આદિને વાક્યભેદ દ્વારા પ્રત્યયસંજ્ઞા થાય છે, તેમ પ્રકૃતિ, ઉપપદ અને ઉપાધિને પણ વાક્યભેદથી પ્રત્યયસંજ્ઞા થશે.

સમાધાન :- 'गुप्तिजो० ३.४.५' વિગેરે સૂત્રોમાં પ્રકૃતિ, ઉપપદ અને ઉપાધિ તો સન્ આદિના વિધાનમાં સહકારી હોવાથી ત્યાં સન્ આદિ પ્રધાન કહેવાય અને પ્રકૃત્યાદિ પરાર્થે હોવાથી ગૌણ કહેવાય. તેથી ***'प्रधानानुयायिनो व्यवहारा भवन्ति'*** ન્યાય મુજબ પ્રત્યયસંજ્ઞા પ્રધાન સન્ આદિને જ લાગુ પડવી જોઈએ.

શંકા:- સન્ આદિના વિધાયક પ્રથમ વાક્યમાં પ્રકૃત્યાદિ પરાર્થે (સન્ આદિના વિધાન માટે) હોવાથી તેઓ ગૌણ પડે છે, પરંતુ બીજા સંજ્ઞા-સંજ્ઞીના સંબંધના વિધાયક વાક્યમાં દરેક સંજ્ઞીએ પ્રત્યયસંજ્ઞાની ઉપસ્થિતિના સામર્થ્યથી પ્રત્યયસંજ્ઞાના સંબંધની સ્વીકૃતિના વિષયમાં પ્રકૃત્યાદિ સ્વાર્થમાં વર્તે છે. આશય એ છે કે બીજું વાક્ય પ્રત્યય સંજ્ઞાના વિધાન માટે છે. ત્યાં પ્રકૃત્યાદિ સન્ આદિના વિધાન માટે ગૌણ નથી પડતા, પરંતુ તેમને દરેકને પ્રત્યયસંજ્ઞા થઈ શકે એમ હોવાથી પ્રત્યયસંજ્ઞાને ગ્રહણ કરવા તેઓ સ્વાર્થમાં (પોતાનું કાર્ય સાધવામાં) વર્તે છે. આમ બીજા વાક્યમાં સ્વાર્થમાં વર્તતા તેઓ સર્વે પ્રધાન બનવાથી તેમને પ્રત્યયસંજ્ઞા લાગુ પડશે જ.

સમાધાન :- છતાં प्रत्ययः અધિકાર પ્રથમાન્ત છે, જ્યારે પ્રકૃત્યાદિના વાચક પદો 'गुप्तिजो० ३.४.५' વિગેરે સૂત્રોમાં જુદી વિભક્તિમાં છે. તેથી સમાન વિભક્તિ ન હોવાથી પ્રકૃત્યાદિને પ્રત્યયસંજ્ઞા લાગુ નહીં પડે.

શંકા:- જેમ 'वतण्डात् ६.१.४५' સૂત્રમાં यञ् પ્રત્યયનું વાચક પદ 'यञ् एव स्यात्' આમ પ્રથમાન્ત છે અને તે પછીના 'स्त्रियां लुप् ६.१.४६' સૂત્રમાં તે ***'अर्थवशाद् विभक्तिविपरिणामः'*** ન્યાયથી 'यञो लुप् स्यात्' આ પ્રમાણે ષષ્ઠ્યન્ત રૂપે ફરવાથી यञ् નો લોપ થાય છે. તેમ પ્રસ્તુતમાં ભલે 'गुप्तिजो० ३.४.५' વિગેરે સૂત્રોનાં પ્રથમ વાક્યમાં સન્ આદિના વિધાન માટે પ્રકૃત્યાદિના વાચક પદો જુદી વિભક્તિમાં હોય, છતાં બીજા વાક્યમાં પ્રત્યયસંજ્ઞાને ગ્રહણ કરવા તેઓ ***'अर्थवशाद्०'*** ન્યાયથી પ્રથમાન્ત રૂપે ફરવાથી प्रत्ययः અધિકારને તેઓ સમાન વિભક્તિવાળા થવાથી પ્રકૃત્યાદિને પણ પ્રત્યયસંજ્ઞા પ્રાપ્ત થશે જ.

અહીં પ્રકૃતિ, ઉપપદ અને ઉપાધિમાં પ્રત્યયસંજ્ઞાની અતિવ્યાપ્તિ બતાવી છે. પરંતુ પ્રત્યયસંજ્ઞાની પ્રાપ્તિના વિષયમાં ઉપાધિ અને વિશેષણ તુલ્ય હોવાથી તુલ્યન્યાયે(A) ઉપાધિના ઉપલક્ષણથી અહીં વિશેષણમાં પણ પ્રત્યયસંજ્ઞાની અતિવ્યાપ્તિ સમજવી. તેથી 'कूलादुद्वुजोद्वहः ५.१.१२२' સૂત્રસ્થળે उद् વિશેષણને પ્રત્યયસંજ્ઞાની પ્રાપ્તિ આવશે. જો કે અહીં પ્રશ્ન થશે કે "ઉપાધિ અને વિશેષણ વચ્ચે અભેદ હોવાથી અહીં ઉપાધિના ઉપલક્ષણથી વિશેષણનો સંગ્રહ કેમ કરવામાં આવ્યો હશે ?", પરંતુ ક્વચિત્ ઉપાધિ અને વિશેષણમાં ભેદનો વ્યવહાર પણ જોવામાં આવે છે. જેમકે

(A) तुल्यन्यायत्वादिति-प्रत्ययसंज्ञाप्राप्तेरूपाधिविशेषणयोः समानत्वादित्यर्थः (पा.सू. ३.१.१ म.भाष्यप्रदीपनारायणीयम्)

'અપ્રયોગીત્ ૧.૧.૩૭' સૂત્રના બૃ.ન્યાસમાં *'नोपाधिरुपाधेर्भवति विशेषणस्य वा विशेषणम्'*[A] ન્યાયમાં ભેદને લઈને ઉપાધિ અને વિશેષણને અલગથી બતાવ્યા છે. ઉપાધિ અને વિશેષણ વચ્ચેનો ભેદ આ શ્લોકથી સમજવો -

'अर्थविशेष उपाधिस्तदन्तवाच्यः समानशब्दो यः। अनुपाधिरतोऽन्यः स्याच्छ्लाघादिविशेषणं यद्वद्।।'

અર્થ :- તે અર્થવિશેષને ઉપાધિ કહેવાય, જે પ્રત્યયાન્ત શબ્દથી વાચ્ય હોય અને તે વાચ્યને સમાન બીજા શબ્દથી જેનું કથન થયું હોય. જેમકે 'दृति-नाथात् पशावि: ૫.૧.૯૭' સૂત્રનાં दृतिहरि: श्वा દૃષ્ટાંતમાં इ પ્રત્યયાન્ત दृतिहरि: શબ્દથી વાચ્ય બનતો 'પશુ' पुनः श्वा આ બીજા સમાન શબ્દથી વાચ્ય બને છે, તેથી તે ઉપાધિ કહેવાય. જ્યારે ઉપાધિ ભિન્ન પદાર્થ વિશેષણ છે. અર્થાત્ જે પ્રત્યયાન્ત શબ્દથી અવાચ્ય હોય અને વ્યધિકરણ પદવાચ્ય હોય તે વિશેષણ કહેવાય. જેમકે શ્લાઘાદિ. 'गोत्रचरणाच्छ्लाघा० ૭.૧.૭૫' સૂત્રના ગાર્ગિકયા શ્લાઘતે દૃષ્ટાંત સ્થળે શ્લાઘા અર્થ અકલ્ઞ્ પ્રત્યયાન્ત ગાર્ગિકયા પદથી વાચ્ય નથી, પરંતુ તે વ્યધિકરણ શ્લાઘતે પદથી વાચ્ય છે. તેથી તે વિશેષણ કહેવાય.

સમાધાન :- પ્રકૃત્યાદિને પ્રત્યયસંજ્ઞા થાય તેમાં શું દોષ છે ? ખાલી સંજ્ઞા લાગુ પડી જાય તેટલાથી કાંઈ દોષ ન આવે, પરંતુ સંજ્ઞાનિમિત્તક કોઈ કાર્ય પ્રવર્તે તો દોષ આવે. પ્રકૃત્યાદિને પ્રત્યયસંજ્ઞાનિમિત્તક કોઈ કાર્ય તો સંભવતું નથી.

શંકા :- જો પ્રકૃત્યાદિને પ્રત્યયસંજ્ઞા થાય તો તેમનો પરમાં પ્રયોગ થવાની આપત્તિ આવે.

સમાધાન :- આ આપત્તિ ન આવે. કેમકે 'गुप्तिजो गर्हा-क्षान्तौ सन् ૩.૪.૫' વિગેરે સૂત્રમાં પંચમીના નિર્દેશથી ('गुप् અને तिज् ધાતુથી પરમાં सन् થાય છે' આમ) गुप् આદિ પ્રકૃતિને सन् વિગેરેના અવધિ રૂપે બતાવી છે. જે અવધિવિશેષનું ગ્રહણ કરે તેનો પરમાં પ્રયોગ થાય. તેથી सन् આદિ પ્રત્યયો गुप् આદિને અવધિ રૂપે ગ્રહણ કરતા હોવાથી તેમનો જ પ્રયોગ પરમાં થશે.

શંકા :- ભલે गुप् આદિ પ્રકૃતિ અવધિરૂપ બને, છતાં 'परः ૭.૪.૧૧૮' પરિભાષાના બળે પ્રત્યયસંજ્ઞા પામેલાનો પરમાં પ્રયોગ થવાથી પ્રત્યયસંજ્ઞાને પામેલ પ્રકૃતિનો પણ તેને બીજી કોઈ અવધિ ન સંભવતા નજીકમાં બતાવેલા सन् આદિને અવધિરૂપે કરી તેની પરમાં તેનો પ્રયોગ પ્રાપ્ત થશે.

સમાધાન :- सन् આદિ પણ પ્રત્યય સંજ્ઞા પામે છે અને गुप् વિગેરે પ્રકૃતિ પણ પ્રત્યયસંજ્ઞા પામે છે. તેથી 'परः ૭.૪.૧૧૮' પરિભાષા પ્રમાણે એકસાથે सन् આદિનો તથા गुप् આદિનો એકબીજાની અપેક્ષાએ પરમાં પ્રયોગ થવાનો પ્રસંગ આવે, પરંતુ તે શક્ય નથી. કેમકે એકસાથે બન્નેનો એકબીજાની અપેક્ષાએ પરમાં પ્રયોગ થવો એ વિરોધી વાત છે. માટે गुप् આદિ અવધિની અપેક્ષાએ सन् આદિનો જ પરમાં પ્રયોગ થશે.

(A) ઉપાધિને ઉપાધિ ન હોય અને વિશેષણનું વિશેષણ ન હોય.

એવી રીતે 'कर्मणोऽण् ૫.૧.૭૨' સૂત્રમાં બતાવેલ કર્મવાચક નામ ઉપપદ રૂપે પૂર્વાચાર્યો વડે ગ્રહણ કરાય છે. તે કર્મવાચક ઉપપદ નામનો कुम्भकारः વિગેરે સમાસમાં પૂર્વમાં પ્રયોગ થાય છે. વાત એવી છે કે 'प्रथमोक्तं प्राक् ૩.૧.૧૪૮' સૂત્ર મુજબ સમાસપ્રકરણના સૂત્રોમાં જે પદ પ્રથમા વિભક્તિમાં કહેવાયું હોય તેનાથી જણાતા પદનો સમાસમાં પૂર્વમાં પ્રયોગ થાય છે. 'ङस्युक्तं कृता ૩.૧.૪૯' સૂત્રમાં ङस्युक्तम् પદ પ્રથમાન્ત હોવાથી તેનાથી 'कर्मणोऽण् ૫.૧.૭૨' સૂત્રમાં કહેલા કર્મવાચક ઉપપદ નામોનો સમાસમાં પૂર્વમાં પ્રયોગ પ્રાપ્ત થાય છે. તેથી कुम्भकारः વિગેરે સમાસમાં કર્મવાચક कुम्भम् ઉપપદનો પૂર્વમાં પ્રયોગ થાય છે અને अण् પ્રત્યયાન્ત कारः પદનો પરમાં પ્રયોગ થાય છે. આમ ઉપપદને પ્રત્યય સંજ્ઞા થાય તો પણ તેનો પરમાં પ્રયોગ પ્રાપ્ત ન હોવાથી કોઈ આપત્તિ નથી.

તથા લૌકિકપ્રયોગમાં કોને પૂર્વમાં મૂકવું અને કોને પરમાં મૂકવું તેનો નિયમ (ધારાધોરણ) ન હોવાથી ઉપાધિને પ્રત્યયસંજ્ઞા થવા છતાં તેનો પણ પરમાં પ્રયોગ પ્રાપ્ત નહીં થાય.

શંકા :- લોકમાં ભલે ઉપાધિનો પરપ્રયોગ અનિયત હોય, છતાં વ્યાકરણશાસ્ત્ર દ્વારા તેને નિયત કરી લો ને ?

સમાધાન :- વ્યાકરણશાસ્ત્ર તો લોકમાં જે શબ્દો પરમાં પ્રયોગ કરાતા (સ્થિત) હોય તેનો જ અનુવાદ કરે છે. અર્થાત્ વ્યાકરણ જે રીતે નિયમ ઘડે, તે મુજબ લોક પ્રયોગ કરે તેવું નથી, પરંતુ લોકમાં થતા પ્રયોગોને જોઈ વ્યાકરણના નિયમો ઘડવામાં આવે છે. તેથી વ્યાકરણશાસ્ત્ર વિધાયક નથી, પણ અનુવાદક છે. માટે તેના દ્વારા ઉપાધિનો પરપ્રયોગ નિયત ન થઈ શકે.

અથવા માનો કે વ્યાકરણશાસ્ત્ર વિધાયક હોય તો ય ઉપાધિ એ શબ્દાત્મક નથી, પણ અર્થસ્વરૂપ છે. જેમકે પૂર્વે ઉપાધિ-વિશેષણનો ભેદ બતાવતા શ્લોકના અર્થમાં આપણે જોઈ ગયા કે 'दृति-नाथात्० ૫.૧.૯૭' સૂત્રમાં 'પશુ' અર્થ ઉપાધિ છે. આમ ઉપાધિ અર્થાત્મક હોવાથી તેને પ્રત્યયસંજ્ઞા થાય તો પણ તેનો પરપ્રયોગ શક્ય નથી.

શંકા :- તમારી વાત બરાબર નથી. પ્રકૃત્યાદિને જોં પ્રત્યયસંજ્ઞા થાય તો તેમનો પરમાં પ્રયોગ થવાની આપત્તિ આવે જ. તમે કહો છો કે 'गुप् આદિ પ્રકૃતિનો અને सन् આદિનો એકસાથે એકબીજાની અપેક્ષાએ પરમાં પ્રયોગ કરવામાં વિરોધ આવે છે', પણ એકસાથે પ્રયોગ ન કરતા પર્યાય કરીને (ક્રમશઃ) તેમનો એકબીજાની અપેક્ષાએ પરમાં પ્રયોગ કરવામાં કોઈ વિરોધ નથી. તેથી પ્રકૃતિનો પરમાં પ્રયોગ થવાની આપત્તિ આવે જ.

સમાધાન :- 'गुप्तिज्जो गर्हा-क्षान्तौ सन् ૩.૪.૫' વિગેરે સૂત્રોમાં પંચમી વિભક્તિ કરી गुप् આદિ પ્રકૃતિને सन् આદિના અવધિ રૂપે બતાવી હોવાથી सन् આદિનો પરમાં પ્રયોગ સિદ્ધ છે. પરંતુ 'परः ૭.૪.૧૧૮' પરિભાષાના બળે જો सन् આદિને અવધિ રૂપે કરી પ્રત્યયસંજ્ઞક गुप् આદિનો પરમાં પ્રયોગ કરવો હોય તો 'गुप्तिज्जो०' વિગેરે સૂત્રમાં सन् આદિના વાચક પદની વિભક્તિનો વિપરિણામ કરી તેમને પંચમ્યન્ત રૂપે બતાવવા જરૂરી બને કે જે અશક્ય છે. માટે પ્રકૃતિનો પરમાં પ્રયોગ અસિદ્ધ છે.

શંકા :- અમે सन् આદિની અવધિ રૂપે અપેક્ષા નહીં રાખીએ, પણ બીજા કોઈ શબ્દને અવધિ રૂપે ગણી गुप् આદિ પ્રકૃતિનું सन् આદિની અપેક્ષાએ પરત્વ સાધશું અને ઉપર કહ્યું તેમ गुप् આદિ પ્રકૃતિની અપેક્ષાએ सन् આદિનું પરત્વ તો સિદ્ધ જ છે. આમ બન્નેનું પયર્યિ પરસ્પર પરત્વ પ્રાપ્ત થશે.

ઉપપદ સ્થળે પણ ભલે તમે 'प्रथमोक्तं प्राक् ३.१.१४८' સૂત્ર મુજબ कुम्भादि ઉપપદોનો પૂર્વમાં જ પ્રયોગ બતાવતા હો, છતાં 'प्रथमोक्तं प्राक्' સૂત્ર राजपुरुषः[A] વિગેરે સમાસસ્થળે સાવકાશ (સફળ) છે અને 'परः ७.४.११८' પરિભાષા તેનાથી પર છે. તેથી 'स्पर्धे परम्' પરિભાષાનુસાર 'प्रथमोक्तं प्राक्' સૂત્રનો બાધ કરી 'परः' પરિભાષાથી પ્રત્યયસંજ્ઞક कुम्भ આદિ ઉપપદોનો પરમાં પ્રયોગ પ્રાપ્ત થશે જ. અર્થાત् कारकुम्भः આવા પ્રયોગ થવાની આપત્તિ આવશે જ. એવી રીતે भोक्तुं व्रजति વિગેરે સ્થળે व्रजति ત્યાદ્યન્ત ઉપપદ છે. ત્યાદ્યન્ત ઉપપદનો સમાસ થતો ન હોવાથી ત્યાં તો 'प्रथमोक्तं प्राक्' સૂત્રને લઈને કાંઈ વિચારવાનું જ રહેતું નથી. તેથી પ્રત્યયસંજ્ઞક ત્યાદ્યન્ત ઉપપદ સ્થળે પ્રત્યયનો પરમાં પ્રયોગ થવાથી સદા भोक्तुं व्रजति આવા જ પ્રયોગ થશે, પણ व्रजति भोक्तुम् આવા પ્રયોગ નહીં થઈ શકે.

ઉપાધિસ્થળે પણ ઉપાધિ ભલે અર્થસ્વરૂપ હોય, છતાં તેનો વાચક શબ્દ અર્થાત્મક ન હોવાથી લોકમાં ઉપાધિવાચક શબ્દના પૂર્વાપર પ્રયોગમાં નિયમ ન હોવા છતાં વ્યાકરણશાસ્ત્રને વિધાયક ગણી તેના દ્વારા પરિભાષારૂપે આ નિયમ થઈ શકે છે કે ***'यः प्रत्ययः स परः'*** અને આ નિયમ દ્વારા પ્રત્યયસંજ્ઞા પામેલ ઉપાધિવાચક શબ્દનો પરમાં પ્રયોગ થવાની આપત્તિ આવશે જ. માટે અધિકારને બદલે 'गुप्तिजो० ३.४.५' વિગેરે સૂત્રોમાં જેનું વિધાન કરાતું હોય તેને જો પ્રત્યયસંજ્ઞા કરવામાં આવે તો તે સૂત્રોમાં પ્રકૃત્યાદિ વિધીયમાન ન હોવાથી અને सन् આદિ જ વિધીયમાન હોવાથી પ્રકૃત્યાદિને પ્રત્યયસંજ્ઞા થવાની આપત્તિ ન આવે.

સમાધાન :- 'प्रत्ययः' નો અધિકાર ચલાવીએ તો પણ પ્રકૃત્યાદિ સ્થળે પ્રત્યયસંજ્ઞાની અતિવ્યાપ્તિ ન આવે. કેમકે 'गुप्तिजो०' વિગેરે સૂત્રોમાં પ્રકૃત્યાદિના વાચક પદોનો ભૂતવિભક્તિ દ્વારા નિર્દેશ કરવામાં આવ્યો છે. સપ્તમી, પંચમી વિગેરે વિભક્ત્યન્તથી સિદ્ધ અર્થની પ્રતીતિ થતી હોવાથી તેને ભૂતવિભક્તિ કહેવાય છે, જ્યારે પ્રથમા વિભક્તિથી સાધ્યમાન (વિધીયમાન) અર્થની પ્રતીતિ થાય છે. પ્રસ્તુતમાં 'गुप्तिजो गर्हा-क्षान्तौ सन् ३.४.५' વિગેરે સૂત્રોમાં 'गुप्तिजो' આદિ ભૂતવિભક્તિ દ્વારા પ્રકૃત્યાદિનો વિધીયમાન सन् આદિની ઉત્પત્તિમાં નિમિત્તભાવ જણાય છે. તેથી પ્રકૃત્યાદિ सन् આદિની ઉત્પત્તિ માટે (પરાર્થે) હોવાથી તેઓ પોતાને પ્રત્યયસંજ્ઞારૂપ સંસ્કાર થાય તેમાં પ્રયોજક (કારણ) ન બનવાથી અર્થાત્ ગૌણ પડવાના કારણે તેમને પ્રત્યયસંજ્ઞા ન થઈ શકવાથી કોઈ દોષ નહીં આવે.

(A) 'षष्ठ्यपत्नात् शेषे ३.१.७६' સૂત્રમાં षष्ठी પદ પ્રથમામાં હોવાથી राजपुरुषः સમાસમાં षष्ठ्यन्त राज्ञः પદનો 'प्रथमोक्तं प्राक्' સૂત્ર મુજબ પૂર્વમાં પ્રયોગ થતો હોવાથી તે સફળ છે.

શંકા:- પૂર્વે કહ્યું તો ખરા કે વાક્યભેદ કરવાથી પ્રથમ વાક્યમાં ભલે પ્રકૃત્યાદિ સન્ આદિની ઉત્પત્તિમાં નિમિત્તરૂપે (પરાર્થે) જણાવાથી ગૌણ પડે, પરંતુ બીજા પ્રત્યયસંજ્ઞાના વિધાયક વાક્યમાં તેઓ સ્વાર્થમાં વર્તવાથી ગૌણ નથી પડતા. માટે તેમને પ્રત્યયસંજ્ઞા લાગુ પડશે.

સમાધાન:- વાક્યભેદને લઈને પણ બીજા વાક્યમાં કરાતી પ્રત્યયસંજ્ઞા સન્ આદિને જ લાગુ પડશે. જેમકે 'ગુપ્તિજો૰ ૩.૪.૫' સૂત્રને લઈને વિચારીએ તો ત્યાં પ્રથમ વાક્ય 'गुप्तिजः सन् भवति' (ગુપ્ અને તિજ્ ધાતુને સન્ થાય છે) આવું થાય અને બીજું વાક્ય 'स च (सन् च) प्रत्ययः' (અને તે સન્ પ્રત્યયસંજ્ઞક થાય છે.) આવું જ સ્વીકારવામાં આવે છે. આ રીતે અન્યત્ર પણ સમજવું. તેથી વાક્યભેદ કરો તો પણ સન્ આદિ જ પ્રકૃત્યાદિ નિમિત્તની અપેક્ષાએ પ્રધાન બનવાથી[A] પ્રત્યયસંજ્ઞા પ્રત્યે પ્રયોજક (સાકાંક્ષ) બને. સન્ આદિ જ પ્રયોજક એટલાં માટે બને છે, કેમકે તેમનો સંજ્ઞાના સંબંધના સ્વીકારને યોગ્ય એવી પ્રથમા વિભક્તિ દ્વારા નિર્દેશ કરવામાં આવે છે.

શંકા:- બીજા વાક્યમાં તો ***'अर्थवशाद् विभक्तिविपरिणामः'*** ન્યાયથી પ્રકૃત્યાદિના વાચક પદો પણ પ્રથમાન્ત થઈ જાય છે. તેથી તેઓ પણ પ્રયોજક બનવા જોઈએ ને ?

સમાધાન:- ના, અધિકૃત પ્રત્યય સંજ્ઞાનો સન્ આદિની સાથે અન્વય થવાથી તે ચરિતાર્થ થઈ જાય છે અને આ રીતે ન્યાયના સહારે અધ્યાહૃત વિભક્તિને લઈને પ્રકૃત્યાદિની સાથે પ્રત્યયસંજ્ઞાનો અન્વય કરવો એ પણ અપ્રમાણિક કહેવાય.

બીજી રીતે કહીએ તો બે વસ્તુની પરસ્પર આકાંક્ષા હોય તો સંબંધ થાય. આકાંક્ષા એક તરફી હોય તો સંબંધ ન થઈ શકે. જેમકે સીતા અને રાવણની બાબતમાં રાવણને સીતાની આકાંક્ષા હતી, પરંતુ સીતાને રાવણની આકાંક્ષા નહોતી, તો તેમનો સંબંધ ન થયો. તેમ પ્રસ્તુતમાં પ્રત્યયસંજ્ઞાને સંજ્ઞી રૂપે સન્ આદિની જેમ પ્રકૃત્યાદિની પણ આકાંક્ષા છે, પરંતુ પ્રકૃત્યાદિ સન્ આદિને પ્રત્યયવિધિ થવામાં નિમિત્ત થવારૂપે ઉપક્ષીણ થઈ ગયા હોવાથી અર્થાત્ તેઓ સન્ આદિના વિશેષણ થઈ ગયા હોવાથી ***'सापेक्षमसमर्थम्'*** ન્યાયે તેઓ પ્રત્યયસંજ્ઞા પ્રત્યે સાકાંક્ષ ન રહેવાથી તેમને પ્રત્યયસંજ્ઞા ન થઈ શકે.[B]

શંકા:- શબ્દો નિત્ય છે. નિત્ય વસ્તુ વચ્ચે નિમિત્ત-નિમિત્તિભાવ (કારણ-કાર્યભાવ) ન સંભવે. કેમકે વસ્તુને કાર્યરૂપે બતાવીએ એટલે તે ઉત્પન્ન થનારી મનાતા તેની નિત્યતા હણાઈ જાય. તેથી પ્રસ્તુતમાં પ્રકૃત્યાદિ 'ગુપ્તિજો' આમ પંચમ્યાદિ વિભક્તિને સન્ આદિની ઉત્પત્તિમાં નિમિત્ત અને સન્ આદિ પ્રથમા વિભક્તિને લઈને તેમના નિમિત્તિ માનવું વ્યાજબી નથી.

(A) निमित्तत्वात् = प्रकृत्यादिनिमित्तापेक्षया प्रधानत्वात् (पा.सू. ३.१.१ म.भाष्यप्रदीपोद्योतनम्)

(B) અન્નંભટ્ટ કૃત મ.ભાષ્યપ્રદીપની ઉદ્યોતન ટીકામાં જુદી રીતે સાકાંક્ષતાનો અભાવ બતાવે છે. ત્યાં કહે છે કે 'પ્રકૃત્યાદિને ધાતુ વિગેરે બીજી સંજ્ઞાઓ તથા જુદી વિભક્તિ હોવાથી તેમને પ્રત્યયસંજ્ઞાની આકાંક્ષા નથી.'

સમાધાન :- ઉપેય એવા નિત્યશબ્દો વચ્ચે નિમિત્ત-નિમિત્તિભાવ ભલે ન હોય, છતાં તે ઉપેય એવા નિત્ય શબ્દોના પ્રતિપાદનમાં ઉપાયભૂત રેખાગવય સ્થાનીય પ્રકૃતિ-પ્રત્યય શબ્દો વચ્ચે નિમિત્ત-નિમિત્તિભાવ પ્રક્રિયામાં ઘટે છે. અર્થાત્ ઉપેય શબ્દોના પ્રતિપાદક શબ્દોનું વ્યાકરણશાસ્ત્રે ઉપાય રૂપે વ્યવસ્થાપન કર્યું હોવાથી તેને અનુસાર વ્યાકરણશાસ્ત્રમાં પ્રકૃત્યાદિના વાચક શબ્દોને પંચમ્યાદિ અને સન્ આદિ પ્રત્યયના વાચક પદોને પ્રથમા વિભક્તિનો નિર્દેશ થઈ શકવાથી પ્રકૃત્યાદિ અને સન્ આદિ વચ્ચે નિમિત્ત-નિમિત્તિભાવ ઘટી શકે છે. આમ પ્રકૃત્યાદિ નિમિત્તો સન્ આદિ નિમિત્તિના પ્રયોજનની પૂર્તિ માટે હોવાથી તેમને પ્રત્યયસંજ્ઞા નહીં થઈ શકે.

લોકમાં પણ નિમિત્ત સદા નિમિત્તિના પ્રયોજનની પૂર્તિ માટે હોય છે, આ વાત જોવામાં આવે છે. જેમકે- ઘણાં બેઠેલાં લોકોને ઉદ્દેશીને કોઈ વ્યક્તિ બીજી વ્યક્તિને પૂછે કે 'આમાં દેવદત્ત કોણ છે ?' અને 'યજ્ઞદત્ત કોણ છે ?' ત્યારે બીજો કહે 'જે ઘોડા ઉપર બેઠેલો છે' અને 'જે વ્યાસપીઠ ઉપર બેઠો છે'. અહીં 'જે ઘોડા ઉપર' અને 'જે વ્યાસપીઠ ઉપર' આમ કહેવામાં આવતાં ઘોડો અને વ્યાસપીઠ આ નિમિત્તો નિમિત્તિ માટે ઉચ્ચારેલાં હોવાથી પૂછનાર વ્યક્તિ 'ઘોડા ઉપર રહેલો તે દેવદત્ત' અને 'વ્યાસપીઠ ઉપર રહેલો તે યજ્ઞદત્ત' આ રીતે જ સમજે છે, પરંતુ તે ઘોડાને અને વ્યાસપીઠને કાંઇ દેવદત્ત અને યજ્ઞદત્ત રૂપે સમજતો નથી.

અથવા પ્રધાનની સાથે સંબંધ થતો હોવાથી પ્રત્યયસંજ્ઞા પોતાના વિષયની પ્રાપ્તિ માટે પ્રધાનની અપેક્ષા રાખે છે, પરંતુ પરતંત્ર એવા અપ્રધાનની અપેક્ષા નથી રાખતી. તેથી અપ્રધાન પ્રકૃત્યાદિને પ્રત્યયસંજ્ઞા નહીં થાય આ વાત સિદ્ધ થાય છે(A). જેમકે લોકમાં એવું જોવા મળે છે કે ઘણા લોકો ચાલતા હોય ત્યારે એક વ્યક્તિ બીજાને પૂછે કે 'કોણ જાય છે ?' ત્યારે બીજો કહે 'રાજા જાય છે'. અહીં મુખ્યની સાથે જ કાર્યનો સંબંધ થતો હોવાથી જે પૂછે છે અને જે જવાબ આપે છે તે બન્નેને તેઓમાં જે મુખ્ય હોય તે જ રાજા રૂપે સમજાય છે. આમ પણ જવાબ આપનાર પણ મુખ્યને ઉદ્દેશીને જ જવાબ આપે છે અને સાંભળનાર પણ તે રીતે જ સમજે છે.

શંકા :- બીજા લોકો રાજાને આધીન સ્થિતિવાળા હોવાથી ભલે રાજાનું પ્રાધાન્ય થાવ, પરંતુ અહીં કઈ વાતને લઈને સન્ આદિ શબ્દોનું પ્રાધાન્ય હોય છે ?

સમાધાન :- પ્રયોજનને લઈને પ્રાધાન્ય હોય છે. શબ્દોમાં અપૂર્વ ઉપદેશ જ પ્રધાનતાનો આધાર હોય છે. જે શબ્દનો અપૂર્વ (નવો) ઉપદેશ હોય તે જ પ્રધાન બને. કેમકે બાકીના પ્રકૃત્યાદિ તેને માટે હોય છે. 'ગુપ્તિજો૦ ૩.૪.૫'

(A) ननु 'प्रधाने कार्यसंप्रत्ययात्' इत्यस्य पूर्वस्मात् परिहारात् को विशेष इत्यत्राह–**प्रत्ययसंज्ञेति**। पूर्वं प्रत्ययसंज्ञाया आकाङ्क्षामभ्युपगम्य प्रकृत्यादीनां निराकाङ्क्षत्वात् तत्संबन्धाभाव उक्तः। इदानीं तु प्रत्ययसंज्ञाया अप्याकाङ्क्षा नास्ति, पूर्ववाक्ये प्रधानतयावगतस्यैव संज्ञित्वेन तयाकाङ्क्ष्यमाणत्वादिति सुतरां प्रकृत्यादीनां प्रत्ययसंज्ञायां सम्बन्धाभावोपपत्तिरिति प्रतिपाद्यत इति स्पष्टो भेद इत्याशयः। (पा.सू. ३.१.१ म.भाष्यप्रदीपनारायणीयम्)

વિગેરે સૂત્રોમાં સન્ આદિનો અપૂર્વ ઉપદેશ છે, માટે તેઓ પ્રધાન છે અને ઉપદિષ્ટ એવા પ્રકૃત્યાદિ શબ્દો અપૂર્વ ન હોવાથી સન્ આદિ માટે નિમિત્ત રૂપે વર્તતા તેઓ અપ્રધાન છે.

શંકા :- પ્રકૃતિ, ઉપપદ, ઉપાધિનો ઉપદેશ ક્યાં કરવામાં આવ્યો છે ?

સમાધાન :- તેમનો ઉપદેશ ધાતુપાઠ તથા નામપાઠ (ગણપાઠ) માં કરવામાં આવ્યો છે.

શંકા :- ઠીક છે, ભલે 'નિમિત્ત નિમિત્તિ માટે હોય છે' એ હેતુથી અથવા 'પ્રધાનની સાથે કાર્યનો સંબંધ થાય છે' એ હેતુથી પ્રકૃતિ, ઉપપદ અને ઉપાધિને પ્રત્યયસંજ્ઞા ન થાય, પરંતુ વિકાર અને આગમને તો પ્રત્યયસંજ્ઞા પ્રાપ્ત થશે જ. જેમકે 'ત્રપુજતોઃ ષોન્તશ્ચ ૬.૨.૩૩' સૂત્રથી અણ્ પ્રત્યય લાગતા ત્રપુ અને જતુ ના આદિ સ્વરની વૃદ્ધિ રૂપ વિકાર અને ષ્ નો આગમ થવાથી ત્રાપુષમ્ અને જાતુષમ્ પ્રયોગ થાય છે. ત્યાં તે વિકાર અને આગમને પ્રત્યયસંજ્ઞા થવાની આપત્તિ આવશે. કેમકે તેમનો ઉપદેશ તે સૂત્રમાં અપૂર્વ છે અને પાછા તેઓ નિમિત્તિ રૂપ છે.

સમાધાન :- પ્રકૃતિને જે વિકાર અને આગમ થાય તે પ્રકૃતિમાં સમાઈ જાય. તેથી તેઓ પ્રકૃતિની જેમ પ્રત્યય સંજ્ઞા સાથે જોડાતા નથી અને જે પ્રત્યયને વિકાર અને આગમ થાય તેઓ પ્રત્યય ભેગા ગણાઈ જવાથી તેમને લઈને પણ પ્રત્યયસંજ્ઞાનો અનિષ્ટ પ્રસંગ નથી.

શંકા :- તમારી વાત બરાબર નથી. કેમકે પ્રકૃતિના વિકાર અને આગમ સૂત્રમાં સન્ આદિની જેમ પ્રથમા વિભક્તિમાં નિર્દિષ્ટ હોવાથી પ્રત્યયસંજ્ઞાના સંબંધમાં તેઓ પ્રયોજક[A] અર્થાત્ નિમિત્તિ છે અને પાછા પ્રધાન પણ છે, માટે તેમને પ્રત્યયસંજ્ઞા થાય જ, પ્રત્યયસંબંધી વિકાર અને આગમ પણ પ્રત્યયના અવયવ રૂપે સિદ્ધ થવા છતાં તેમને અલગથી પ્રત્યયસંજ્ઞા થાય જ, કેમકે તમને પણ પ્રથમા વિભક્તિ હોવાથી પ્રત્યયઃ અધિકાર સાથે સમાન વિભક્તિરૂપ યોગ્યતા વિદ્યમાન છે માટે.

સમાધાન :- જેમનો પરમાં પ્રયોગ થાય તેને પ્રત્યય કહેવાય. વિકાર અને આગમનો પરમાં પ્રયોગ થતો નથી માટે તેમને પ્રત્યયસંજ્ઞા થશે નહીં.

શંકા :- પરપ્રયોગને કારણે પ્રત્યયસંજ્ઞા થાય છે એવું નથી, પરંતુ પ્રત્યયસંજ્ઞાના નિમિત્તે પરમાં પ્રયોગ થાય છે. માટે વિકાર અને આગમને પ્રત્યયસંજ્ઞા થશે જ. જો પરપ્રયોગને કારણે પ્રત્યયસંજ્ઞા થતી હોત તો શ્ન અને અક્ પ્રત્યયનો ક્રમશઃ ધાતુ અને નામાત્મક પ્રકૃતિની વચ્ચે તથા બહુ પ્રત્યયનો નામની પૂર્વે પ્રયોગ થતો હોવાથી તેમને પ્રત્યયસંજ્ઞા ન થઈ શકત, પરંતુ પ્રત્યયસંજ્ઞાના નિમિત્તે પરત્વ હોવાથી તેમને પ્રત્યયસંજ્ઞા થઈ શકે છે.

(A) પ્રયુજ્યતે ઇતિ પ્રયોજકઃ પ્રયોજ્યસ્તસ્માત્ નિમિત્તિત્વાદિત્યર્થઃ। આમ અહીં પ્રયોજક શબ્દની કર્મમાં વ્યુત્પત્તિ હોવાથી તેનો અર્થ પ્રયોજ્ય થાય છે.

સમાધાન :- એમ નહીં. વિકાર અને આગમને પ્રત્યયસંજ્ઞાનું કોઈ ફળ (પ્રયોજન) નથી માટે તેમને પ્રત્યયસંજ્ઞા નહીં થાય. તે આ પ્રમાણે - પરમાં પ્રયોગ થવો એ પ્રત્યયસંજ્ઞાનું ફળ છે. તે ફળ વિકાર અને આગમને સંભવતું નથી. વિકાર અને આગમનો પરમાં પ્રયોગ ન થવાનું કારણ એ છે કે તેમને લગતા સૂત્રોમાં ત્રપુજતોઃ વિગેરે પદોને ષષ્ઠી વિભક્તિ કરી હોવાથી 'षष्ठ्यान्त्यस्य ૭.૪.૧૦૬' પરિભાષાથી અંત્યનું ગ્રહણ થતા તેના દ્વારા સ્થાનસંબંધ અને અવયવસંબંધ(A) પ્રતિપાદિત થાય છે. આમ વિકાર અને આગમ કો'કના સ્થાને કે કો'કના અવયવ બની ઉપસ્થિત થાય છે. તેથી તેમનો પરમાં પ્રયોગ થઈ શકતો નથી.

શંકા :- વિકાર અને આગમનો તેમને પ્રત્યયસંજ્ઞાના ફળરૂપે પરમાં પ્રયોગ થવા દો ને ?

સમાધાન :- કહ્યું તો ખરા કે 'त्रपु-जतोः' વિગેરે પદોની ષષ્ઠી દ્વારા તેમનું સ્થાનનિર્દેશપૂર્વક વિધાન થવાથી જો તેમનો પરમાં પ્રયોગ કરવા જઈએ તો વિરોધ આવે છે, માટે વિકાર અને આગમનો પરમાં પ્રયોગ નહીં થઈ શકે. જ્યારે સન્ આદિ પ્રત્યયોનું તેમને લગતા સૂત્રોમાં 'गुप्तिज्जो' વિગેરે પદોને પંચમીવિભક્તિ કરી વિધાન કર્યું હોવાથી તેમનો પરમાં પ્રયોગ થશે.

શંકા :- પંચમી વિભક્તિ કરવા છતાં પ્રકૃતિની પૂર્વે સન્ આદિ પ્રત્યયો કેમ ન થઈ શકે ? કેમકે દિગ્યોગલક્ષણા પંચમી તો પૂર્વમાં કે પરમાં બન્ને દિશામાં સન્ આદિના યોગને લઈને થઈ શકે છે ?

સમાધાન :- પંચમી નિર્દેશ દ્વારા સન્ આદિનો ક્રમશઃ પૂર્વમાં અને પરમાં પ્રયોગ પ્રાપ્ત હોવા છતાં 'परः ૭.૪.૧૧૮' પરિભાષા દ્વારા સન્ આદિના પરપ્રયોગનો નિયમ કરવામાં આવે છે. માટે કોઈ વિરોધ નથી.

અથવા પ્રત્યય શબ્દની અન્વર્થતાનો આશ્રય કરી અર્થવાન્ને પ્રત્યયસંજ્ઞાનું વિધાન કરવાથી અનર્થક એવા વિકાર અને આગમને પ્રત્યયસંજ્ઞા નહીં થાય. આશય એ છે કે સંજ્ઞા લાઘવ માટે (ટૂંકમાં એકસાથે અનેક વસ્તુનો બોધ થાય તે માટે) કરવામાં આવે છે. તેથી લાઘવ માટે કરાતી સંજ્ઞા પણ લઘુ હોવી જરૂરી છે. જો સંજ્ઞા ગુરુ (મોટી) કરવામાં આવે તો તેનું કાંઈક ફળ બતાવવું પડે. પ્રત્યય સંજ્ઞા મોટી છે, તેથી તેમ કરવામાં તેની 'प्रत्याययतीति प्रत्ययः' (જે અર્થનો બોધ કરાવે તે પ્રત્યય) આમ અન્વર્થસંજ્ઞા ફળરૂપે જણાય છે. વિકાર અને આગમ કોઈ અર્થનો બોધ ન કરાવતા હોવાથી તેમનામાં પ્રત્યય શબ્દની અન્વર્થતા ન ઘટતા તેમને પ્રત્યયસંજ્ઞા નહીં થાય.

શંકા :- 'प्रत्याययतीति प्रत्ययः' સ્થળે પ્રત્યય શબ્દ વ્યુત્પત્તિમાં વપરાઈ ગયો હોવાથી બીજીવાર પ્રત્યય શબ્દ શી રીતે પ્રાપ્ત થાય?

(A) 'षष्ठ्यान्त्यस्य' પરિભાષા મુજબ ષષ્ઠી વિભક્તિથી નિર્દિષ્ટમાં જે કાર્ય કહેવાય તે ષષ્ઠ્યન્ત પદના ચરમવર્ણને થાય છે. આમ અહીં ચરમવર્ણરૂપ અવયવને સ્થાને કાર્ય થતું હોવાથી ષષ્ઠીથી સ્થાનસંબંધ અને અવયવસંબંધ જણાય છે.

સમાધાન :- પ્રત્યય સંજ્ઞા મોટી હોવાના કારણે પ્રત્યય શબ્દની આવૃત્તિનું અનુમાન કરવામાં આવે છે. તેથી એક પ્રત્યય શબ્દ વ્યુત્પત્તિમાં તત્પર છે અને બીજો પ્રત્યય શબ્દ સંજ્ઞામાં તત્પર છે. તેથી 'જે પ્રત્યાયક (અર્થ બોધક) હોય તે પ્રત્યય' આવો અર્થ સિદ્ધ થશે.

શંકા :- જો અર્થ બોધકને પ્રત્યયસંજ્ઞા કરશો તો બાલક વિગેરે સ્થળે ક વિગેરેને પ્રત્યયસંજ્ઞા નહીં થઈ શકે. કેમકે તેઓ કોઈ અર્થને જાણાવતા નથી. જો તેમનો કોઈ અર્થ હોત તો 'ક હોય ત્યારે અમુક અર્થનું હોવું' અને 'ક ચાલ્યો જાય ત્યારે અમુક અર્થનું ચાલ્યા જવું' આમ અન્વય-વ્યતિરેક દ્વારા ક નો કોઈ ચોક્કસ અર્થ જાણાઈ આવત, પરંતુ બાલ શબ્દનો પ્રયોગ કરો કે બાલક શબ્દનો પ્રયોગ કરો, સરખો જ અર્થ જાણાતો હોવાથી ક નો કોઈ અર્થ પ્રાપ્ત નથી થતો. પાછું તરપ્ વિગેરે પ્રત્યયો જેમ 'પ્રકર્ષ' અર્થને પ્રકૃત્યર્થના વિશેષાણ રૂપે દ્યોતિત કરે છે, તેમ આ ક વિગેરે પ્રત્યયો કોઈ અર્થનું દ્યોતન પાણ નથી કરતા કે જેને લઈને તેમને અર્થના બોધક ગણાવી શકાય. માટે તેમને પ્રત્યયસંજ્ઞા નહીં થઈ શકે.

સમાધાન :- ***'अनिर्दिष्टार्थाः प्रत्ययाः स्वार्थे भवन्ति'*** ન્યાય મુજબ જે પ્રત્યયોનો કોઈ અર્થ બતાવ્યો ન હોય તેઓ સ્વાર્થમાં (પ્રકૃતિના અર્થમાં) થાય છે. તેથી જે પ્રકૃતિનો-અર્થ, તે જ સ્વાર્થિક ક વિગેરે પ્રત્યયોનો અર્થ. આમ તેઓ અર્થના બોધક હોવાથી તેમને પ્રત્યયસંજ્ઞા થશે.

શંકા :- આ તો કેવળ કલ્પના છે. 'અર્થવત્તા હોય તો પ્રત્યયસંજ્ઞા થઈ શકે' આ પ્રમાણે કહેવાતા (અન્વય-વ્યતિરેકને લઈને) ક વિગેરેને વિશે અર્થવત્તાનો અભાવ હોવા છતાં પાણ સ્વાર્થને લઈને ક વિગેરેમાં અર્થવત્તા ઘટી શકે નહીં. તેથી સ્વાર્થવાળો તમારો જવાબ ખોટો છે. (***'अनिर्दिष्टार्थाः प्रत्ययाः स्वार्थे भवन्ति'*** ન્યાયના સ્વાર્થે પદનું તાત્પર્ય અર્થરાહિત્યે સમજવું.)

સમાધાન :- સારું, તો પછી પ્રત્યય શબ્દની વ્યુત્પત્તિ 'प्रत्याय्यते यः स प्रत्ययः' (પ્રકૃતિ દ્વારા જેનો બોધ થાય તે પ્રત્યય) આમ બતાવશું.

શંકા :- પ્રકૃતિ દ્વારા તો અર્થનો બોધ થાય, ક વિગેરેનો નહીં. તેથી આ વ્યુત્પત્તિ મુજબ પાણ ક વિગેરેને શી રીતે પ્રત્યયસંજ્ઞા થશે ?

સમાધાન :- બરાબર છે. પરંતુ પ્રકૃતિ દ્વારા જે અર્થ જાણાય છે તે અર્થના ધર્મનો ક વિગેરે પ્રત્યયોમાં ઉપચાર કરવાથી આ વ્યુત્પત્તિ ક વિગેરેમાં ઘટી શકે છે. ઉપચાર કરવાથી આવો અર્થ થશે - જેનો અર્થ પ્રકૃતિ દ્વારા જાણાય તે પ્રકૃતિ દ્વારા જાણાતા અર્થવાળો હોવાથી પ્રકૃતિ દ્વારા જાણાતો કહેવાય. આમ તે સ્વાર્થિક પ્રત્યયસંજ્ઞક થાય. ટૂંકમાં જેના અર્થનો પ્રકૃતિ દ્વારા બોધ થાય, ઉપચારથી તેનો બોધ પાણ પ્રકૃતિ દ્વારા થતો ગણાય. માટે સ્વાર્થિક ક

વિગેરેના અર્થનો તેમની પ્રકૃતિ દ્વારા બોધ થતો હોવાથી ઉપચારથી તેમનો બોધ પણ પ્રકૃતિ દ્વારા થતો ગણાતા ત્યાં 'प्रत्याय्यते यः स प्रत्ययः' આ વ્યુત્પત્તિ ઘટવાથી તેમને પ્રત્યયસંજ્ઞા થઈ શકશે.

શંકા :- છતાં આ વ્યુત્પત્તિ મુજબ ઈચ્છા અર્થમાં થતાં સન્ આદિને પ્રત્યયસંજ્ઞા નહીં થઈ શકે. કેમકે ઈચ્છા અર્થમાં કરાતા સન્ આદિના અર્થનો પ્રકૃતિ દ્વારા બોધ થતો નથી. અર્થાત્ ઈચ્છાર્થક સન્ આદિ પ્રકૃતિ દ્વારા જણાતા અર્થવાળા નથી.

સમાધાન :- તો પછી એકનો એક પ્રત્યય શબ્દ 'प्रत्याययति इति प्रत्ययः' આમ કર્તૃસાધન અને 'प्रत्याय्यते यः स प्रत्ययः' આમ કર્મસાધન ; આ રીતે અનેક કારકશક્તિના યોગને લઈને બે પ્રવૃત્તિનિમિત્તવાળો સ્વીકારાશે. તેમાં જ્યાં જે ઘટે તે પ્રવૃત્તિનિમિત્તનો આશ્રય કરી સન્ વિગેરેને અને ક વિગેરેને પ્રત્યયસંજ્ઞા પ્રવર્તે છે.

શંકા :- બન્ને વ્યુત્પત્તિ પ્રમાણે પ્રતિ પૂર્વકની इ ધાતુ ણ્યન્ત છે. તેથી णि નો 'णेरनिटि ૪.૩.૮૩' સૂત્રથી લોપ થતા ***'प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणं कार्यं विज्ञायते'*** ન્યાય મુજબ વૃદ્ધિ થવાથી પ્રત્યાય શબ્દ બને, તો તમે પ્રત્યય શબ્દ બનેલો કેમ બતાવો છો ?

સમાધાન :- ણ્યન્ત પ્રતિ પૂર્વકની इ ધાતુના णि નો अच् (?अल्) પ્રત્યય પરમાં વર્તતા લુપ્ થયો છે. માટે ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયથી લુપ્ત णि નો સ્થાનિવદ્ભાવ માની વૃદ્ધિ વિગેરે કાર્ય ન થવાથી બન્ને વ્યુત્પત્તિ પ્રમાણે પ્રત્યય શબ્દ બની શકે છે.

શંકા :- त्रापुषम् અને जातुषम् સ્થળે 'त्रपु-जतो० ૬.૨.૩૩' સૂત્રથી अण् પ્રત્યયનો અને ष् આગમનો બન્નેનો અપૂર્વ ઉપદેશ સમાન કરવામાં આવ્યો છે. છતાં ત્યાં પ્રત્યય અર્થનું પ્રતિપાદન કરે અને આગમ ન કરે એવું કેમ ?

સમાધાન :- अण् આદિ પ્રત્યયોનો તો આગમ વિના પણ બીજા સ્થળે પ્રયોગ થવાથી અન્વય-વ્યતિરેક દ્વારા તેની અર્થવત્તાનો નિશ્ચય થઈ શકે છે. જ્યારે આગમનો તો પ્રત્યય વિના પ્રયોગ ન થવાથી અન્વય-વ્યતિરેક દ્વારા તેની અર્થવત્તાનો નિર્ણય થઈ શકતો નથી. કેમકે જે અર્થનો આગમ સાથે અન્વય-વ્યતિરેકને લઈ મેળ પાડવા જઈએ, તેનો પ્રત્યયની સાથે પણ અન્વય-વ્યતિરેક મળવાથી મેળ પડે જ. માટે તે અર્થ આગમનો છે તેવો નિર્ણય ન થઈ શકે. તેથી આગમને અનર્થક કહેવામાં આવે છે.

આમ 'प्रत्ययः' આવું અધિકાર સૂત્ર બનાવી प्रत्ययः નો અધિકાર ચલાવીએ તો પણ બધું બરાબર સિદ્ધ થાય છે.

ગ્રંથકારશ્રીનું અંતિમ સમાધાન :- સાચી વાત છે. પ્રકૃતિ-ઉપપદ-ઉપાધિવાળું સ્થળ, આગમ-વિકારવાળું સ્થળ અને प्रत्ययः શબ્દનું વ્યુત્પત્તિ સ્થળ ; આ ત્રણે પક્ષે प्रत्ययः અધિકાર બરાબર સિદ્ધ થાય છે, છતાં प्रत्ययः અધિકાર દરેક સૂત્રે ઉપસ્થિત થાય તેમાં ગૌરવ છે તથા તે જ્યાં ઉપસ્થિત થાય ત્યાં સૂત્રભેદનો પ્રસંગ આવે છે. જેમકે-

'गुप्तिजो० ३.४.५' સૂત્રમાં 'गुप्तिजो गर्हा-क्षान्तौ सन् भवति, स च प्रत्ययः' આમ સૂત્રભેદ થાય. 'नाम्नः प्रथमैक० २.२.३१' સૂત્રમાં 'नाम्नः एक-द्वि-बहौ प्रथमा भवति, सा च प्रत्यया' આ રીતે સૂત્રભેદ થાય વિગેરે. તેથી આ સૂત્રની 'अनन्तः पञ्चम्याः प्रत्ययः' આમ સંજ્ઞાસૂત્ર રૂપે જે રચના કરી છે તે જ વ્યાજબી છે.

આ સૂત્રથી થતી પ્રત્યયસંજ્ઞાને જો અન્વર્થ (વ્યુત્પત્ત્યર્થ ઘટે એવી) ગણવામાં આવે તો તેનાથી જ ઉપર કહ્યું તેમ અનર્થક આગમોમાં પ્રત્યયસંજ્ઞા અતિવ્યાપ્ત નથી થતી. તેથી આગમોને બાકાત કરવા સૂત્રમાં अनन्तः પદ મૂકવું જરૂરી નથી. છતાં સૂત્રમાં તેને 'પ્રત્યયસંજ્ઞાની સાન્વર્થતાના કારણે આગમોને પ્રત્યયસંજ્ઞા નથી થતી' આ વાતના અનુવાદક રૂપે મૂક્યું છે, તેથી વાંધો નથી.

સૂત્રમાં पञ्चम्याः પદનો પંચમી વિભક્તિથી નિર્દેશ કર્યો છે, તેથી બૃ.વૃત્તિમાં 'पञ्चम्यर्थाद् विधीयमानः' કહી વિધીયમાન શબ્દનો અધ્યાહાર કર્યો છે. જો નિર્દિષ્ટ શબ્દનો અધ્યાહાર કરવાનો હોત તો पञ्चम्या આમ તૃતીયા વિભક્તિથી નિર્દેશ કરત. જેમકે 'पञ्चम्या निर्दिष्टे परस्य ७.४.१०४' સૂત્રમાં નિર્દિષ્ટ શબ્દ છે તો ત્યાં पञ्चम्या એમ તૃતીયા વિભક્તિ થઈ છે.

પૂર્વે આ ચર્ચાની શરૂઆતમાં જે કહ્યું હતું કે 'આ સૂત્રની સ્પષ્ટ રચના કરવી જોઈએ, નહીં તો युष्मद्-अस्मद् ના वस्-नस् આદેશ પણ पंचम्यन्त पदाद् પદથી પરમાં વિહિત હોવાથી અને તેઓ આગમ રૂપ ન હોવાથી તેમને પ્રત્યય સંજ્ઞા થવાની આપત્તિ આવશે'. તે વાત બરાબર નથી. કેમકે युष्मद्-अस्मद् ના वस्-नस् આદેશનું પદથી પરમાં વિધાન નથી કરવામાં આવતું, પરંતુ પદથી પરમાં સ્થિત (રહેલાં) युष्मद्-अस्मद् ના સ્થાને તેઓ આદેશ રૂપે કરવામાં આવે છે. આ સૂત્રથી જેમને પ્રત્યયસંજ્ઞા કરવાની છે, તેમનું પંચમ્યર્થથી પરમાં વિધાન કરવામાં આવ્યું હોય છે. તેથી वस्-नस् આદેશને પ્રત્યયસંજ્ઞા થવાની આપત્તિ નહીં આવે. લોપ પણ અમુકના સ્થાને આદેશ રૂપે કરવામાં આવે છે, માટે ત્યાં પણ પ્રત્યયસંજ્ઞા થવાની આપત્તિ નહીં આવે.

(4) અન્ત શબ્દના ઉચ્ચારણથી વિહિત ન હોય અને પંચમ્યર્થથી વિહિત હોય એવા શબ્દને પ્રત્યયસંજ્ઞા થવાના કેટલાક દૃષ્ટાંત બતાવે છે.

(i) 'नाम्नः प्रथमैकद्विबहौ २.२.३१' સૂત્રથી नाम्नः આમ પંચમ્યર્થ વૃક્ષ થી વિહિત સિ, ઔ અને જસ્ શબ્દને પ્રસ્તુત 'अनन्तः०' સૂત્રથી પ્રત્યયસંજ્ઞા થવાથી 'परः ७.४.११८' પરિભાષાથી વૃક્ષ થી પરમાં સ્યાદિ લાગતા वृक्षः, वृक्षौ, वृक्षाः પ્રયોગ થશે.

(ii) 'स्त्रियां नृतोऽस्वस्रादेर्ङी २.४.१' સૂત્રમાં नृतो આ પ્રમાણે પંચમ્યર્થ न् અને ऋ અન્તવાળા નામથી વિહિત ङी (ઈ) ને પ્રસ્તુત સૂત્રથી પ્રત્યયસંજ્ઞા થતા राज्ञी, कर्त्री પ્રયોગ થશે.

(iii) 'आत् २.४.१८' સૂત્રમાં પંચમ્યર્થ અ કારાન્ત સ્ત્રીલિંગ નામથી વિહિત આપ્ (આ) ને પ્રસ્તુતસૂત્રથી પ્રત્યયસંજ્ઞા થાય છે, જેમકે ખટ્વા।

(iv) 'गुपौ-धूप-विच्छि-पणि-पनेरायः ३.४.१' સૂત્રથી ગુપ્ વિગેરે ધાતુઓને સ્વાર્થમાં જે આય શબ્દ લાગે છે તેને પ્રસ્તુત સૂત્રથી પ્રત્યયસંજ્ઞા થાય છે. જેમકે गोपायति।

(v) 'ऋवर्ण-व्यञ्जनाद् घ्यण् ५.१.१७' સૂત્રથી ઋ કે ૠ વર્ણાન્ત ધાતુને તેમ જ વ્યંજનાન્ત ધાતુને જે ઘ્યણ્ (य) થાય છે, તેને પ્રત્યયસંજ્ઞા આ સૂત્રથી થશે. कार्यम्, पाक्यम्।

(5) શંકા :- સૂત્રમાં अनन्तः શબ્દ કેમ મૂક્યો છે ?

સમાધાન :- અન્ત શબ્દના ઉચ્ચારણથી વિહિત એવા આગમને પ્રત્યયસંજ્ઞા ન થઈ જાય માટે અનન્ત નું ઉપાદાન છે. જેમકે 'उदितः स्वरान्नोऽन्तः ४.४.९८' સૂત્રમાં नोऽन्तः એ પ્રમાણે અન્ત શબ્દના ઉચ્ચારણથી વિહિત ન્ આગમને પ્રત્યયસંજ્ઞા નહીં થાય. જો સૂત્રમાં અનન્ત નું ઉપાદાન ન કરત તો ન્ આગમને પ્રત્યયસંજ્ઞા થાત.

શંકા :- ન્ આગમને પ્રત્યયસંજ્ઞા થવામાં વાંધો શું છે ? ભલેને પ્રત્યયસંજ્ઞા થાય.

સમાધાન :- જો ન્ આગમને પ્રત્યય માનીએ તો ન્ એ नद् વિગેરે ધાતુની વચ્ચે થતો હોવાથી, नन्द् થવાથી नद् ધાતુ ખંડિત થઈ જશે. હવે જેમ ખંડિત ઘડો કપાલ (ઠીકરા) રૂપે થતા જલધારણ વિગેરે કાર્યમાં કામ નથી લાગતો, તેમ ખંડિત એવી नन्द् વિગેરે ધાતુમાં પણ ધાતુનિમિત્તક કાર્યો નહીં થાય. તેથી 'अड् धातो० ४.४.२९' સૂત્રથી अट् આગમ વિગેરે ન થવાથી अनन्दत् પ્રયોગ નહીં થાય.

જ્યારે ન્ ને પ્રત્યય ન માનતા આગમ જ માનીએ તો ઉપરોક્ત આપત્તિ નહીં આવે , કારણ ***'आगमा यद्-गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते***[A] ન્યાયથી नद् વિગેરેને નિર્દેશેલા કાર્યો नन्द् વિગેરેને પણ થશે. તેથી अट् વિગેરે કાર્યો થતા अनन्दत् વિગેરે પ્રયોગ સિદ્ધ થશે.

શંકા :- श्न (न) પ્રત્યય रुध् (૧૪૭૩) વિગેરે ધાતુની વચ્ચે લાગવાથી, रु + न + ध् એમ થતા रुध् વિગેરે ધાતુઓ ખંડિત થવા છતાં ***'तन्मध्यपतितस्तद्ग्रहणेन गृह्यते'***[B] ન્યાયથી અખંડિત માનીને 'अड् धातो० ४.४.२९' વિગેરે સૂત્રોથી अट् આગમ વિગેરે કાર્યો થતા જેમ अरुणत् પ્રયોગ થાય છે, તેમ અહીં अनन्दत् વિગેરે પ્રયોગ પણ થશે.

(A) આગમો જેના ગુણ (અવયવ) બનેલાં હોય, તે શબ્દના ગ્રહણથી આગમવાળા શબ્દનું પણ ગ્રહણ થઈ જાય છે. તાત્પર્ય એ છે કે કેવળ શબ્દથી જે કાર્યનું વિધાન કરેલું હોય, તે કાર્ય આગમસહિત તે શબ્દથી પણ થાય છે.

(B) પ્રકૃતિ વિગેરેની મધ્યમાં આવી પડેલાનું પણ તે પ્રકૃતિ વિગેરેના ગ્રહણ સાથે ગ્રહણ થઈ જાય છે.

સમાધાન:- તમારી વાત બરાબર છે, પરંતુ ***'तन्मध्य०'*** ન્યાય અનિત્ય છે. અરૂણત્ ઈત્યાદિ સ્થળે એ ન્યાયની પ્રવૃત્તિ હોવા છતાં અનન્દત્ વિગેરે કેટલાક એવા પણ સ્થળો છે કે જ્યાં એ ન્યાય પ્રવર્તતો નથી. આ ન્યાયની અનિત્યતાનું જ્ઞાપન 'उदितः स्वरान्नोऽन्तः ४.४.९८' સૂત્રમાં રહેલો અન્ત શબ્દ કરે છે. અન્ત શબ્દ નિરર્થક થયો થકો ***'तन्मध्य०'*** ન્યાયની અનિત્યતાનું જ્ઞાપન કરવા દ્વારા સાર્થક બને છે.

આ રીતે ***'तन्मध्य०'*** ન્યાય અનિત્ય ઠરવાથી 'अस्याऽयत्-तत्० २.४.१११' સૂત્રથી યકા, સકા ઈત્યાદિમાં અ ને ઇ આદેશનો પ્રતિષેધ કર્યો છે, તે પણ સાર્થક બનશે. જો ***'तन्मध्य०'*** ન્યાય નિત્ય જ હોત તો એ ન્યાયથી યકા, સકા સ્થળે 'ક' એ યદ્ અને તદ્ પ્રકૃતિનો જ અવયવ મનાત. તેથી કેવળ યદ્, તદ્ માં જેમ અ ને ઇ કાર્યની પ્રાપ્તિ નથી, તેમ યક, સક ને પણ ઇ કાર્યની પ્રાપ્તિ ન મનાવાથી તે સૂત્રમાં અ ને ઇ આદેશનો પ્રતિષેધ કરવાની જરૂર જ ન રહેત.

[યકા, સકા ની સાધનિકા — * 'त्यादिसर्वादेः० ७.३.२९' → यद् + अक् = यकद् + सि, तद् + अक् = तकद् + सि, * 'आद्वेरः २.१.४१' → यक अ + सि, तक अ + सि, * 'लुगस्या० २.१.११३' → यक + सि, तक + सि, * 'तः सौ सः २.१.४२' → तक नो सक + सि, * 'आत् २.४.१८' → यका + सि, तका + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → यका, सका।]

આમ સૂત્રોમાં જ્યાં જ્યાં અન્ત શબ્દનું ગ્રહણ છે, તે કોઈક ને કોઈક રીતે સાર્થક છે. જો તે તે સૂત્રમાં અન્ત શબ્દનું (અને પ્રસ્તુતસૂત્રમાં અનન્તः શબ્દનું) ઉપાદાન ન હોત તો અનેક આપત્તિઓ આવત. કેટલીક આપત્તિઓ આ મુજબ છે.

(૧) ઉપર જણાવ્યા પ્રમાણે 'उदितः स्वरान्नोऽन्तः' માં અન્ત નું ગ્રહણ ન હોત તો ***'तन्मध्य०'*** ન્યાયની અનિત્યતાનું જ્ઞાપન ન થાત. તેથી 'अस्याऽयत्-तत्०' સ્થળે અ ને ઇ આદેશનો જે પ્રતિષેધ કર્યો છે, તે નિરર્થક ઠરત.

(૨) 'चर्मि-वर्मि० ६.१.११२' સૂત્રમાં જે અન્ત શબ્દ છે, તેનું ઉપાદાન જો ન કરત તો લાઙ્ક્વાકાયનિ[A] પ્રયોગ સ્થળે આયનિઞ્ પ્રત્યયના યોગમાં 'चर्मि-वर्मि०' થી અંત્યસ્વરની પૂર્વે જે ક્ આગમ થાય છે, તેને પ્રસ્તુત (अनन्तः पञ्चम्याः०) સૂત્રથી પ્રત્યયસંજ્ઞા થવાથી 'ङ्यादीदूतः के २.४.१०४' સૂત્રથી ક્ ની પૂર્વે રહેલ આ નો અ થવાથી લાઙ્કાયનિ એવો અનિષ્ટ પ્રયોગ થવાની આપત્તિ આવત.

(૩) 'प्र+इव्(इवु)+अनट्' અહીં 'उदितः स्वरान्० ४.४.९८' સૂત્રથી ન્ આગમ થતા 'प्र+इन्व्+अनट्

(A) કેટલીક બૃ.વૃત્તિ, લઘુવૃત્તિની પુસ્તકોમાં લાઙ્કાયનિ પાઠ દર્શાવ્યો છે તે અશુદ્ધ છે. પૂ. લાવણ્યસૂરિજીએ 'चर्मिवर्मि०' સૂત્રની બૃ.વૃત્તિમાં લાઙ્કાયનિ પ્રયોગ બતાવી 'ન્યાસાનુસંધાન' માં 'ङ्यादीदूतः के २.४.१०४' સૂત્રથી ક આગમની પૂર્વે હ્રસ્વ આદેશ બતાવી પ્રયોગની સિદ્ધિ કરી છે, પરંતુ તે ક્ષતિ છે. કેમકે ङ्यादीदूतः के' સૂત્ર ક પ્રત્યયની પૂર્વે હ્રસ્વાદેશ કરે છે, ક આગમ પૂર્વે નહીં.

= પ્રેન્વનમ્' અવસ્થા પ્રાપ્ત થાય અને ભદ્રબાહુ + ટા અવસ્થામાં 'अनाम्स्वरे० १.४.६४' સૂત્રથી ન્ આગમ થતા 'ભદ્રબાહુન્ + ટા = ભદ્રબાહુના કુલેન' અવસ્થા પ્રાપ્ત થાય. જો આગમવિધાયક સૂત્રોમાં અન્ત શબ્દ ન મૂકીએ તો ઉપરોક્ત બન્ને સ્થળે આવેલો ન્ એ આગમ ન ગણાય. તેથી 'उदितः स्वरान्०' સૂત્રથી થયેલ ન્ તે સૂત્રમાં પંચમ્યર્થ (स्वरात्) થી વિહિત હોવાથી તેને પ્રસ્તુતસૂત્રથી પ્રત્યયસંજ્ઞા થાય. જ્યારે 'अनाम्स्वरे०' સૂત્રથી થયેલ ન્ તે સૂત્રમાં ષષ્ઠ્યન્ત (नपुंसकस्य) થી વિહિત હોવાથી તેને પ્રસ્તુતસૂત્રથી પ્રત્યયસંજ્ઞા ન થઈ શકે. હવે પ્રેન્વનમ્ અને ભદ્ર-બાહુના આ બન્ને સ્થળે 'वोत्तरपदान्त० २.३.७५' સૂત્રથી ન્ નો ણ્ આદેશ પ્રાપ્ત છે, પરંતુ તે સૂત્રથી ણ્ આદેશ કરવાની બાબતમાં ***'प्रत्ययाऽप्रत्ययोः प्रत्ययस्यैव (ग्रहणम्)***[A] ન્યાય મુજબ પ્રેણ્વનમ્ સ્થળે જ ણ્ આદેશ થઈ શકે, કેમકે ત્યાં ન્ ને પ્રત્યયસંજ્ઞા થઈ છે. જ્યારે ભદ્રબાહુના સ્થળે ણ્ આદેશ ન થઈ શકે, કેમકે ત્યાં ન્ ને પ્રત્યયસંજ્ઞા થઈ શકી નથી. આમ ભદ્રબાહુણા આવો ઇષ્ટપ્રયોગ સિદ્ધ ન થઈ શકે.

(૪) એવી રીતે 'ऋत्-तृष० ४.३.२४' સૂત્રથી ઉપાંત્યમાં ન્ હોય એવા ઋતાદિ ધાતુ તથા થ્ અને ફ્ અંતવાળા ધાતુથી પરમાં રહેલ સેટ્ क्त्वा વિકલ્પે કિદ્વદ્ થાય છે. થ કારાન્ત ધાતુમાં 'श्रथुङ् शैथिल्ये (७१७)' ધાતુ મળે છે. જેમાં 'उदितः स्वरान्० ४.४.९८' સૂત્રથી ન્ આગમ થવાથી श्रन्थ् ધાતુ પ્રાપ્ત થાય છે અને બીજી 'श्रन्थश् मोचन -प्रतिहर्षयोः (१५४६)' ધાતુ છે. જે મૂળથી श्रन्थ् આવા સ્વરૂપવાળી છે. જો આગમ વિધાયક સૂત્રોમાં અન્ત શબ્દ ન મૂકીએ તો 'श्रथुङ् शैथिल्ये' ધાતુને 'उदितः स्वरान्०' સૂત્રથી થયેલ ન્ પંચમ્યર્થ (स्वरात्) થી વિહિત હોવાથી તેને પ્રસ્તુત સૂત્રથી પ્રત્યયસંજ્ઞા થાય અને 'श्रन्थश् मोचन-प्रतिहर्षयोः' સ્થળે તો મૂળથી જ ન્ હોવાથી તેને પ્રત્યયસંજ્ઞા ન થાય. 'ऋत्-तृष०' સૂત્રથી બન્નેથી પરમાં રહેલ સેટ્ क्त्वा ને કિદ્વદ્ભાવનો વિકલ્પ પ્રાપ્ત છે, પરંતુ ***'प्रत्ययाऽप्रत्ययोः प्रत्ययस्यैव'*** ન્યાય મુજબ જ્યાં પ્રત્યય રૂપ ન્ હોય તેનું જ ગ્રહણ થવાથી श्रथुङ् વાળા श्रन्थ् થી પરમાં જ સેટ્ क्त्वा ના કિદ્વદ્ભાવનો વિકલ્પ થશે, श्रन्थश् વાળા श्रन्थ् થી પરમાં નહીં. આમ श्रन्थश् વાળા श्रन्थ् ને લઈને કિદ્વદ્ભાવનો વિકલ્પ ઇષ્ટ હોવા છતાં ન થઈ શકે.

આ બધા કારણસર તે તે સૂત્રોમાં અન્ત શબ્દનું ગ્રહણ કરવું જોઈએ અને આ સૂત્રમાં 'अनन्तः' પદનું ગ્રહણ કરવું જોઈએ.

શંકા :- पञ्चम्याः એમ સૂત્રમાં पञ्चमी શબ્દનો પંચમી વિભક્તિથી નિર્દેશ કર્યો છે. તેથી (૧) પ્રકૃતિની પૂર્વમાં પ્રત્યય કરવો અને (૨) પ્રકૃતિની પરમાં પ્રત્યય કરવો ; એમ બે પ્રકારે અર્થની ઉપસ્થિતિ સંભવે છે. જેમકે 'नाम्नः प्रथमैक० २.२.३१' સૂત્રમાં नाम्नः પદનો અર્થ 'નામથી' આટલો થાય, પરંતુ 'નામથી પરમાં' આવો અર્થ ન થઈ શકે. તેથી 'નામથી પરમાં પ્રથમાના પ્રત્યય થાય છે' અને 'નામથી પૂર્વમાં પ્રથમાના પ્રત્યય થાય છે' આવા બે અર્થની ઉપસ્થિતિ થાય છે. આ રીતે અન્ય પ્રત્યયને લગતા સૂત્રસ્થળે પણ સમજવું. તો શું પ્રકૃતિથી પૂર્વમાં પ્રત્યય લગાડી શકાય ?

સમાધાન :- ના, 'परः ७.४.११८' પરિભાષાથી પ્રત્યયની બાબતમાં નિયંત્રણ કરવામાં આવે છે કે 'પ્રત્યય પ્રકૃતિથી પરમાં જ થાય.' માટે પ્રકૃતિથી પૂર્વમાં પ્રત્યય લગાડવાનો અવસર નહીં આવે.

(A) પ્રત્યય અને અપ્રત્યય બન્નેનું ગ્રહણ પ્રાપ્ત હોય તો પ્રત્યયનું જ ગ્રહણ થાય છે.

શંકા:- 'परः ૭.૪.૧૧૮' પરિભાષા ફક્ત પ્રત્યય માટે છે, આગમ માટે નહીં. 'उदितः स्वरान्० ૪.૪.૯૮' સૂત્રમાં પંચમ્યન્ત સ્વરાત્ પદને લઈને ન્ આગમનું વિધાન કરવામાં આવે છે. તો ત્યાં પણ ઉપરોક્ત રીત મુજબ 'ધાતુના સ્વરથી પરમાં ન્ આગમ થાય છે' અને 'ધાતુના સ્વરથી પૂર્વમાં ન્ આગમ થાય છે' આમ બે અર્થ ઉપસ્થિત થવાથી તે સૂત્રથી ધાતુના સ્વરની પૂર્વે ન્ આગમ કેમ નથી કરવામાં આવતો ?

સમાધાન:- સાચી વાત છે. પરંતુ 'नो व्यञ्जनस्याऽनुदितः ૪.૨.૪૫' સૂત્રમાં अनुदितः પદ મૂક્યું છે, તેના આધારે નક્કી થાય છે કે 'સ્વરની પરમાં જ ન્ આગમ થાય, પૂર્વમાં નહીં.' ત્યાં સૂત્રમાં अनुदितः શબ્દ દ્વારા नन्द् વિગેરે उदित ધાતુના ઉપાંત્ય ન્ ના લોપનો નિષેધ કર્યો છે. પહેલાં તો उदित ધાતુઓને ઉપાંત્યમાં ન્ આવતો હોય તો તેના લોપનો નિષેધ કરવો પડે ને ?, ઉપાંત્યમાં ન્ ક્યારે આવે ? જો સ્વરની પછી ન્ નો આગમ થાય તો. સ્વરની પૂર્વે જો ન્ નો આગમ થતો હોય તો ન્ ઉપાંત્યમાં આવતો જ ન હોવાથી અનુદિત શબ્દ દ્વારા ઉપાંત્ય ન્ ના લોપનો નિષેધ કરવાની જરૂર જ રહેતી નથી.

શંકા:- ઉપર કહ્યું કે "परः ૭.૪.૧૧૮' પરિભાષાથી પ્રત્યય પ્રકૃતિની પરમાં કરવો.' પરંતુ 'नाम्नः प्राग् बहुर्वा ૭.૩.૧૨' સૂત્રથી બહુપટુઃ વિગેરે પ્રયોગમાં બહુ પ્રત્યય પ્રકૃતિ (नाम) ની પૂર્વમાં થાય છે. 'त्यादि-सर्वादेः० ૭.૩.૨૧' સૂત્રથી પચતકિ, સર્વકે વિગેરેમાં अक् પ્રત્યય મધ્યમાં થાય છે. 'रुधां स्वराच्छ्नो० ૩.૪.૮૨' સૂત્રથી श्न (न) પ્રત્યય પણ રુધાદિ ધાતુની મધ્યમાં થાય છે.

સમાધાન:- 'परः ૭.૪.૧૧૮' પરિભાષાથી જે નિયમ કરાય છે, તેનું તાત્પર્ય ***'असति विशेषविधौ प्रत्ययः पर एव प्रयोक्तव्यः'*** એ સમજવું. તમે જાણાવેલાં સ્થળોએ જે પૂર્વમાં કે મધ્યમાં પ્રત્યય થાય છે, તે તો તે તે સૂત્ર દ્વારા વિશેષવિધાનથી કરાયેલાં છે. જ્યાં વિશેષવિધાન ન હોય ત્યાં પ્રત્યય પ્રકૃતિની પરમાં જ થાય, એમ નિયમ સમજવો.

(6) પ્રત્યય ના પ્રદેશ 'प्रत्यये च ૧.૩.૨' ઇત્યાદિ જાણવા.

આની આગળ પ્રસ્તુત પાદના સૂત્ર ૩૯ થી ૪૨ સુધીનો બૃ.ન્યાસ ત્રુટિત છે. તેથી પૂ. લાવણ્યસૂરિકૃત ન્યાસાનુસંધાન અનુસારે વિવરણ કરીએ છીએ ।।૩૮।।

☞ **શબ્દમહાર્ણવન્યાસ તથા ન્યાસાનુસંધાનની ઉપલબ્ધિને દર્શાવતો કોઠો :**

અધ્યાય	પાદ				અધ્યાય	પાદ			
૧	૧ ✓(A)	૨ ન્યા.	૩ ✓	૪ ✓	૫	૧ ન્યા.	૨ ન્યા.	૩ ન્યા.	૪ ન્યા.
૨	૧ ✓	૨ ✓	૩ ✓	૪ ✓	૬	૧ ન્યા.	૨ ન્યા.	૩ ન્યા.	૪ ન્યા.
૩	૧ ન્યા.	૨ ન્યા.	૩ ન્યા.	૪ ⊛	૭	૧ X	૨ X	૩ ⊛	૪ X
૪	૧ X	૨ X	૩ X	૪ X					

(A) આ પાદના છેલ્લા ચાર સૂત્રો ઉપર શબ્દમહાર્ણવન્યાસ ઉપલબ્ધ નથી. તેના ઉપર ન્યાસાનુસંધાન મળે છે.

ઉપરના કોઠામાં જણાવેલ સંકેતના અર્થ આ પ્રમાણે છે :

✓ → આ પાદ ઉપર 'શબ્દમહાર્ણવન્યાસ' હાલ ઉપલબ્ધ છે.

ન્યા. → આ પાદ ઉપર પૂ. લાવણ્યસૂરિજીનો 'ન્યાસાનુસંધાન' હાલ ઉપલબ્ધ છે.

x → આ પાદ ઉપરનો 'શબ્દમહાર્ણવન્યાસ' નાશ પામી ગયો છે.

⊛ → આ પાદ ઉપરનો 'શબ્દમહાર્ણવન્યાસ' હસ્તલિખિત પ્રતોમાં મળે છે, પરંતુ તેનું સંપાદન નથી થયું.

डत्यतु सङ्ख्यावत्[7] ।।१.१.३९।।

बृ.वृ.–डति[1]प्रत्ययान्तमतुप्रत्ययान्तं च नाम सङ्ख्यावद्[2] भवति, एक-द्व्यादिका[3] लोकप्रसिद्धा[4] सङ्ख्या, तत्कार्यं[5] भजत इत्यर्थः। कतिभिः[6] क्रीतः—कतिकः, "सङ्ख्या-डतेश्चा-शत्तिष्टेः कः" (६.४.१३०) इति कः। कतिभिः प्रकारैः—कतिधा, "सङ्ख्याया धा" (७.२.१०४) इति धा। कति वारा अस्य—कतिकृत्वः, "वारे कृत्वस्" (७.२.१०९) इति कृत्वस्। एवम्-यतिकः, यतिधा, यतिकृत्वः; ततिकः, ततिधा, ततिकृत्वः। अतु-यावत्कः, यावद्धा, यावत्कृत्वः; तावत्कः, तावद्धा, तावत्कृत्वः; कियत्कः, कियद्धा, कियत्कृत्वः ।।३९।।

सूत्रार्थ :- डति (अति) अने अतु (अत्) प्रत्ययान्त नाम संख्या जेवा थाय छे.

सूत्रसमास :- ◆ डतिश्च अतुश्च एतयोः समाहारः = डत्यतु (स.द्व.)। ◆ सङ्ख्या इवेति = सङ्ख्यावत्।

विवरण :- (1) सूत्रना डत्यतु पदस्थळे समाहारद्वन्द्वसमास थयो छे. अथवा डति अने अतु आ प्रमाणे व्यस्त (समास न पामेल) पदो ज छे. सौत्रप्रयोग होवाथी तेमने लागेली विभक्तिनो लोप थता संधि थवाथी डत्यतु प्रयोग थयो छे. तेमां डति अने अतु बन्ने प्रत्ययो छे. प्रत्यय हंमेशा प्रकृतिने आश्रयीने पोताना स्वरूपने जाळवी शकतो होवाथी ते प्रकृतिने अविनाभावी होय. तेथी प्रकृतिने अविनाभावी डति अने अतु प्रत्यय द्वारा प्रकृतिनो आक्षेप थता 'प्रत्ययः प्रकृत्यादेः ७.४.११५' परिभाषाथी प्रकृतिना विशेषण बनता डति अने अतु प्रत्ययो 'विशेषणमन्तः ७.४.११३' परिभाषाथी प्रकृतिना अंत्य अवयव बनवाथी बृ.वृत्तिमां 'डतिप्रत्ययान्तमतुप्रत्ययान्तं च' आम लख्युं छे, तथा डति प्रत्ययान्त अने अतु प्रत्ययान्त शब्द अर्थवान् होवाथी तेने 'अधातु० १.१.२७' सूत्रथी नामसंज्ञा थती होवाथी बृ.वृत्तिमां 'नाम' आ प्रमाणे लख्युं छे.

सूत्रमां डति प्रत्ययमां ड् ईत् छे. जो ते न करत तो 'खल्यमिरमि० (उणा० ६५३)' थी खलति विगेरेमां जे औणादिक अति प्रत्यय थयो छे, ते अति नुं पण ग्रहण थई जात. आम अतिप्रसंगने वारवा माटे ड् ईत्नुं उपादान छे.

शंका :- उणादि प्रत्ययान्त शब्दो *'उणादयोऽव्युत्पन्नानि नामानि'* न्यायथी अव्युत्पन्न (एटले के प्रकृति-प्रत्यय विभागथी रहित) होय छे. त्यां अमुक प्रकृति अने अमुक तेनो प्रत्यय ; एवो कोई विभाग नथी होतो. ए तो

શિષ્યની બુદ્ધિ વિશદ થાય માટે વૈયાકરણોએ વર્ણોની આનુપૂર્વી (અનુક્રમ)નું જ્ઞાન કરાવવા ઉણાદિ પ્રત્યયાન્ત રૂપે તે શબ્દોની કલ્પના કરી છે. વસ્તુતઃ તે શબ્દો અવ્યુત્પન્ન જ હોય છે.

(આશય એ છે કે करोतीति कर्त्ता, આમ કર્ત્તા વિગેરે શબ્દો વ્યુત્પત્તિથી નિષ્પન્ન હોય છે. ત્યાં કૃ એ પ્રકૃતિ છે અને तृच् એ પ્રત્યય છે. (તેઓનો અર્થ અનુક્રમે 'કરણક્રિયા' અને 'કરનાર' એવો છે.) અને તે બન્નેમાંથી નિષ્પન્ન એવો 'कर्त्ता શબ્દ' પ્રકૃતિ અને પ્રત્યયથી વાચ્ય એવા 'ક્રિયા કરનાર' અર્થનો જ વાચક હોય છે, તેથી कर्त्ता શબ્દ સાન્વર્થ છે. જ્યારે ઉણાદિ પ્રત્યયાન્ત શબ્દો તેવા નથી. તે નામો 'રૂઢિ' શબ્દ હોવાથી રૂઢ અર્થના વાચક હોય છે. ***'योगादरूढेर्बलीयस्त्वम्'***[A] ન્યાયથી રૂઢ્યર્થ બળવાન હોવાથી તે વ્યુત્પત્ત્યર્થનો બાધ કરે છે. માટે રૂઢ્યર્થ સ્થળે વ્યુત્પત્ત્યર્થ મનાતો ન હોવાથી ઉણાદિ પ્રત્યયાન્ત શબ્દોને અવ્યુત્પન્ન મનાય છે.

આમ खलति વિગેરે ઉણાદિ પ્રત્યયાન્ત શબ્દો અવ્યુત્પન્ન હોવાથી તેને કરાયેલો अति એ વસ્તુતઃ પ્રત્યય જ ન હોવાથી અતિપ્રસંગ નથી. તો ङ् ઈત્ની જરૂર શું છે ?

સમાધાન :- ઉણાદિ પ્રત્યયાન્ત શબ્દના વિષયમાં જેમ અવ્યુત્પત્તિપક્ષ છે, તેમ વ્યુત્પત્તિને[B] માનનારો પક્ષ પણ છે. વ્યુત્પત્તિપક્ષે अति એ પ્રત્યયરૂપ હોવાથી તેમાં આવતી અતિવ્યાપ્તિના નિવારણ માટે डति માં ङ् ઈત્ની જરૂર છે.

સૂત્રમાં अतु પ્રત્યયનો જે નિર્દેશ છે, ત્યાં उ ઈત્ છે. તેનું ઉપાદાન अत् પ્રત્યયની સ્પષ્ટપણે પ્રતિપત્તિ થાય તે માટે છે.

શંકા :- अतु માં उ ઈત્નો નિર્દેશ ન કરત તો शतृ (अत्) માં અતિપ્રસંગ આવત. તે વારવા उ ઈત્નું ગ્રહણ છે, એમ કહો ને ?

સમાધાન :- डति એ તદ્ધિતનો પ્રત્યય છે અને તેના સાહચર્યથી अतु પણ તદ્ધિતનો જ ગ્રહણ થવાથી કૃત્ એવા शतृ પ્રત્યયમાં અતિપ્રસંગનો સવાલ જ નથી કે જેથી તેમ કહેવું પડે. હા ! उ ઈત્ના અભાવમાં માત્ર अत् કરવાથી કોકને એવો ભ્રમ થાત કે 'अत् માં त् એ ઉચ્ચારણાર્થ હોવાથી अत् થી अ પ્રત્યયનું ગ્રહણ કરવું.'

(A) શબ્દના યૌગિકાર્થ (વ્યુત્પત્ત્યર્થ) કરતા રૂઢ્યર્થ બળવાન ગણાય છે.

(B) વ્યુત્પત્તિપક્ષની દલીલ એ છે કે રુદ્વૃત્તિ (ઉણા૦ ૯૧૭) થી वप् ને ઉણાદિ उस् પ્રત્યય થતા वपुषा વિગેરે (सर्पिषा, यजुषा વિ.) માં स् એ કૃત હોવાથી તેનો ष् થયો છે. જો उस् એ વસ્તુતઃ પ્રત્યય ન હોત તો स् કૃત ન થવાથી તેનો ष् શી રીતે થાત? તેના પરથી સિદ્ધ થાય છે કે ઉણાદિ પ્રત્યયાન્ત શબ્દો પણ વ્યુત્પત્તિસિદ્ધ છે. (જો કે વ્યુત્પત્તિપક્ષની આ દલીલ સામે અવ્યુત્પત્તિપક્ષની પ્રતિદલીલ પણ છે. તેમના કહેવા મુજબ 'उणादयः ५.२.९३' સૂત્રમાં આગળથી बहुलम् ની અનુવૃત્તિ લેવાથી ***'बहुनि कार्याणि लातीति बहुलम्'*** એ વ્યુત્પત્તિ મુજબ बहुलम् થી અલાક્ષણિક એવા કાર્યો પણ સાધી શકાશે. તેથી स् નો ष् પણ થઈ શકવાથી वपुषा વિગેરે રૂપો સાધી શકાશે. તેને માટે કંઈ ઉણાદિ પ્રત્યયાન્ત શબ્દોની વ્યુત્પત્તિ માનવાની જરૂર નથી. પાણિનિકારને અવ્યુત્પત્તિપક્ષ અભિમત છે.)

માનો કે त् ને કોઈ ઉચ્ચારણાર્થ ન માને તો ય 'पञ्चद्-दशद् वर्गे वा ६.४.१७५' સૂત્રથી पञ्च दश वा मानमस्य (वर्गस्य) इति पञ्चत् वर्गः, दशत् वर्गः આ પ્રયોગસ્થળે तद्धित એવા अत् પ્રત્યયમાં अतिव्याप्ति આવવાથી पञ्चत् અને दशत् ને સંખ્યાવત્ માનવાની આપત્તિ આવત. આથી આ આપત્તિને ટાળવા अतु નો उ અનુબંધ સફળ છે.

(2) સૂત્રમાં सङ्ख्यावत् સ્થળે જો वत् નો પ્રયોગ ન કરાત તો डति-अतु પ્રત્યયાન્ત નામ કૃત્રિમ સંખ્યા રૂપે ગણાત. તેથી ***'कृत्रिमाऽकृत्रिमयोः कृत्रिमस्यैव ग्रहणम्'*** ન્યાયથી જ્યાં સંખ્યાને લઈને કોઈ કાર્ય કહ્યાં હોય ત્યાં તે કૃત્રિમ સંખ્યાને લઈને જ તે કાર્યો થાત, પણ એક, બે વિગેરે વાસ્તવિક સંખ્યાને લઈને નહીં. આવું ન થાય માટે डति-अतु પ્રત્યયાન્ત નામોને સંખ્યાવત્ ગણાવ્યા છે.

બૃ.વૃત્તિમાં 'सङ्ख्यावद् भवति' સ્થળે भवति ક્રિયાપદનો પ્રયોગ ***'यत्रान्यत् क्रियापदं न श्रूयते तत्राऽस्तिर्भवन्ती-परः प्रयुज्यते'*** ન્યાયને આશ્રયી કરવામાં આવ્યો છે.

(3) सङ्ख्या શબ્દ 'उपसर्गादातः ५.३.११०' સૂત્રથી ભાવમાં અને अકર્તા કારકમાં अङ् પ્રત્યય લાગી બને છે. યોગરૂઢ શબ્દ રૂપે તેના 'વિચારણા' વિગેરે અનેક અર્થ થાય છે. તે પૈકીના કયા અર્થમાં તેનું અહીં ગ્રહણ છે? એ જાણવાની કોઈને ઇચ્છા હોય તો બૃ.વૃત્તિમાં 'एक-द्व्यादिका लोकप्रसिद्धा सङ्ख्या' આ પંક્તિ બતાવી છે.

એક, બે, ત્રણ વિગેરે સંખ્યા લોકપ્રસિદ્ધ છે, કેમકે તે શબ્દો અમુક નિયત સંખ્યાના વાચક છે. જ્યારે कति, यावत् વિગેરે કેટલાક શબ્દો એવા છે જે કોઈ નિયત સંખ્યાના વાચક નથી, તેથી પ્રસ્તુતસૂત્ર દ્વારા તેવા શબ્દોને सङ्ख्यावत् નું વિધાન કર્યું છે, જેથી સંખ્યાવાચક નામની જેમ ત્યાં કાર્ય થશે.

"સંખ્યા' શબ્દ (૧) એકત્વ, દ્વિત્વ વિગેરે સંખ્યાઓ રૂપ અર્થને જણાવે છે અથવા તો (૨) સંખ્યાવાચક શબ્દને જણાવે છે.[A] સંખ્યા શબ્દને જો 'અર્થ' માં તત્પર માનશું તો एकश्च द्वौ चेति एकद्वौ, एकद्वौ आदी यस्याः सा एकद्व्यादिका એવો સમાસ થશે. જ્યારે સંખ્યા શબ્દને 'સંખ્યાવાચક શબ્દ' માં તત્પર માનશું, તો एकश्च द्विश्च एकद्वी, तौ आदी यस्याः सा એમ સમાસ થશે.

શંકા :- આવો વિગ્રહભેદ થવામાં કારણ શું ?

સમાધાન :- સંખ્યાશબ્દ જ્યારે 'અર્થ' માં તત્પર હોય છે ત્યારે જ द्वि વિગેરેને 'आद्वेरः २.१.४१' સૂત્રથી इ નો अ થવો, દ્વિવચન થવું વિગેરે થાય છે. તેથી एकश्च द्वौ च એમ વિગ્રહ થશે. જ્યારે સંખ્યાશબ્દ 'શબ્દ' માં તત્પર હોય ત્યારે अ થવો, દ્વિવચનાન્તત્વ થવું વિગેરેનો અભાવ હોવાથી एकश्च द्विश्च એમ વિગ્રહ થશે.

(A) સङ्ख्या શબ્દ એકત્વ, દ્વિત્વ વિગેરે સંખ્યા પદાર્થનો વાચક છે અને લક્ષણાથી તે સંખ્યાવાચક એક, દ્વિ આદિ શબ્દનો વાચક છે. **'सङ्ख्या त्वेकादिका भवेत् (अभि. चिन्ता० का० ३, श्लो. ५३६)'** વિગેરે ન્યાસાનુસંધાનમાં આપેલા ઉદ્ધરણો દ્વારા સङ्ख्या શબ્દ લક્ષણા વિના જ સંખ્યાવાચક એક, દ્વિ આદિ શબ્દોના વાચક રૂપે જણાય છે.

શંકા :- બહુવ્રીહિના વિગ્રહમાં यस्याः પદની ષષ્ઠીનો અર્થ ઘટકત્વ છે. તેથી વિગ્રહનો અર્થ 'એક અને દ્વિ સંખ્યા (કે તદ્વાચક શબ્દ) છે આદિ ઘટક જેના એવો સમુદાય' થાય. ઘટક (અવયવ) સમુદાયને અવિનાભાવી હોય. જેમકે 'વીર શબ્દનો વ કાર' એમ કહેવામાં આવતા વ્-ઈ-ર્-અ આ સમુદાયના એક ઘટક રૂપે વ કાર જણાય. પ્રસ્તુતમાં સઙ્ખ્યા શબ્દ 'અર્થ' ને જણાવે કે 'શબ્દ' ને જણાવે, બન્ને પક્ષે અહીં બહુવ્રીહિસમાસ નહીં થઈ શકે. કારણ બન્ને પક્ષે થતા બહુવ્રીહિમાં અન્યપદાર્થ સઙ્ખ્યા છે અને એ એકવચનાન્ત હોવાના કારણે સંખ્યારૂપ અર્થ કે સંખ્યાવાચક શબ્દ એક જ પ્રાપ્ત થવાથી અહીં સમુદાયનો અભાવ છે. સઙ્ખ્યા એ સમુદાયરૂપ ન હોવાથી એકત્વ-દ્વિત્વ એ તેના ઘટક નહીં બની શકે, તો ઘટકના અભાવમાં બહુવ્રીહિ સમાસ શી રીતે થશે ?

સમાધાન :- શબ્દોનો સ્વભાવ જ એવો હોય છે કે તેઓ ક્યારેક જાતિપરક હોય છે, તો ક્યારેક વ્યક્તિપરક હોય છે. જેમકે - सर्वो घटः, सर्वे घटाः, અહીં घट શબ્દ ક્રમશઃ જાતિપરક અને વ્યક્તિપરક છે. પ્રસ્તુતમાં સઙ્ખ્યા શબ્દ જાતિપક્ષના અભિપ્રાયથી પ્રયોગ કરાયો હોવાથી તે એકવચનમાં હોવા છતાં સંખ્યાસમૂહનો (કે સંખ્યાવાચક એકાદિ શબ્દોના સમૂહનો) વાચક છે. આમ તે સમુદાયરૂપ હોવાથી બહુવ્રીહિસમાસ થઈ શકશે.

શંકા :- જો સઙ્ખ્યા શબ્દને અહીં સંખ્યા અર્થનો વાચક ગણાવો તો સમાસના ઘટક એક-દ્વિ શબ્દો પણ સંખ્યા અર્થના વાચક બને. હવે ***'आ दशभ्यः सङ्ख्या सङ्ख्येये वर्तते'*** આવા કોષ-મ.ભાષ્યના વચનથી એક થી અષ્ટાદશ સુધીના શબ્દો સંખ્યેયના વાચક બને. તેથી વિશેષણ રૂપે વર્તતા એક-દ્વિ શબ્દો પ્રસ્તુતમાં એકત્વ-દ્વિત્વથી વિશિષ્ટ વ્યક્તિવિશેષને જણાવશે, સંખ્યા પદાર્થને નહીં. તેથી પ્રસ્તુતમાં તેમને સંખ્યા અર્થના વાચક ગણાવવા વ્યાજબી નથી.

સમાધાન :- પ્રસ્તુતમાં એક-દ્વિ શબ્દોનો ભાવપ્રધાન (ધર્મપ્રધાન) નિર્દેશ છે. અર્થાત્ તેઓ સંખ્યેયમાં વર્તવા છતાં એકત્વ-દ્વિત્વ સંખ્યાથી વિશિષ્ટ વ્યક્તિમાં ધર્મ રૂપે વર્તતી તે એકત્વ-દ્વિત્વ સંખ્યાના વાચક રૂપે છે, માટે કોઈ આપત્તિ નથી.

શંકા :- એક, દ્વિ વિગેરે સંખ્યાવાચક શબ્દોને વિશેષ્ય પ્રમાણે લિંગ થવાથી एको घटः, एका शाटी, एकं वस्त्रम् આ પ્રમાણે પ્રયોગ થાય છે. एकश्च द्वौ च આ વિગ્રહસ્થળે એક, દ્વિ એ કોઈના વિશેષણરૂપ નહીં, પરંતુ સઙ્ખ્યા રૂપ હોવાના કારણે તેને લિંગનું નિયંત્રણ ન હોવાથી પ્રશ્ન થશે કે તેને પું-સ્ત્રી કે નપુંસકમાંથી કયુ લિંગ કરવું ? ત્યાં ઔત્સર્ગિક એવું નપુંસકલિંગ કરવું જોઈએ. તો પુંલિંગનો પ્રયોગ કેમ કર્યો છે ?

સમાધાન :- તમારી એ વાત સત્ય છે કે લિંગવિશેષનું નિયંત્રણ ન હોય ત્યારે સામાન્યથી નપુંસકલિંગનો પ્રયોગ કરાતો હોય છે. પરંતુ સંખ્યા સ્થળે પુંલિંગ કે નપુંસકલિંગ; એમ ગમે તે એક લિંગ થતું જોવામાં અવો છે. જેમકે - **'सङ्ख्या त्वेकादिका भवेत्' (अभिधानचिन्तामणि० काण्ड-३, श्लोक-५३६)** ની સ્વોપજ્ઞટીકામાં પૂ.આ.શ્રી ***હેમચન્દ્રસૂરિજીએ***

પણ એકાદિકા ની વ્યુત્પત્તિ એક આદિરસ્યા એકાદિકા, આદિગ્રહણાદ્ દ્વૌ, ત્રયઃ, ચત્વારઃ એ પ્રમાણે પુંલિંગથી નિરૂપણ કર્યું છે. શ્રી *પતંજલિએ* પણ 'બહુષુ બહુવચનમ્' (પા.સૂ. ૧.૪.૨૧) સૂત્રના મ.ભાષ્યમાં સંખ્યાના સંદર્ભમાં એકત્વે એમ નપુંસકલિંગમાં પ્રયોગ કરવાને બદલે 'કસ્ય એકસ્મિન્' અને 'એકસ્મિન્ એકવચનમેવ' આ પ્રમાણે પુંલિંગમાં પ્રયોગ કર્યા છે.

જો કે **'સङ्ख्येये ह्यादश त्रिषु', 'आऽष्टादशभ्यः एकाद्याः सङ्ख्याः सङ्ख्येयगोचराः', 'आऽष्टादशभ्यः सङ्ख्या सङ्ख्येये वर्तते'** વિગેરે અમરકોષ, મ.ભાષ્યાદિના વચનો વિચારતા એક વિગેરે શબ્દોનો સંખ્યા અર્થમાં પ્રયોગ ઉચિત નથી એમ કહી શકાય. છતાં લૌકિકપ્રયોગને આશ્રયી 'એક થી અષ્ટાદશ સુધીના શબ્દોનો પ્રયોગ સંખ્યેય રૂપે વ્યાજબી કહેવાય, સંખ્યાવાચક રૂપે નહીં' આ વાતનો અભિપ્રાય સમજવો જોઈએ. તેથી 'પદાર્થના એકત્વ, દ્વિત્વ અને બહુત્વમાં ક્રમશઃ એક-દ્વિ-બહુવચન થાય છે' આ વાતના અભિપ્રાયથી 'द्व्येकयोर्द्वि०' (પા.સૂ. ૧.૪.૨૨), 'બહુષુ બહુવચનમ્' (પા.સૂ. ૧.૪.૨૧) વિગેરે *પાણિનિના* સૂત્રોમાં મ.ભાષ્યકારે 'कस्य एकस्मिन्?, कयोर्द्वयोः?, केषां बहुषु?' વિગેરે સ્થળે સંખ્યાવાચક રૂપે એકાદિ શબ્દોનો પ્રયોગ કર્યો છે, તે શાસ્ત્રીય વાતના સંદર્ભમાં હોવાથી વ્યાજબી છે.

શંકા :- એક-દ્વિ શબ્દો જો સંખ્યા અર્થમાં હોય તો એક શબ્દથી એકત્વ અને દ્વિ શબ્દથી દ્વિત્વ વાચ્ય બને. તે એકત્વ અને દ્વિત્વરૂપ બે વસ્તુમાં રહેલી દ્વિત્વસંખ્યાને લઈને 'द्व्येकयोः०' (પા.સૂ. ૧.૪.૨૨) સૂત્રમાં દ્વિવચનમાં પ્રયોગ થયો છે, જે વ્યાજબી છે. જો દ્વિત્વમાં દ્વિત્વ સંખ્યા મનાતી હોત તો ત્યાં એકત્વની એક સંખ્યા અને દ્વિત્વની બે સંખ્યા ; કુલ મળી ત્રણ સંખ્યા થવાથી 'द्व्येकेषु' આમ બહુવચનમાં પ્રયોગ થવો જોઈતો હતો, પરંતુ નથી થયો તે જ બતાવે છે કે દ્વિત્વમાં એક સંખ્યા મનાય છે. તો પ્રસ્તુતમાં પણ સંખ્યા અર્થવાળા પક્ષમાં 'एक-द्व्यादिका' બહુવ્રીહિના 'एकश्च द्वौ चेति एक-द्वौ, एक-द्वौ आदी यस्याः सा' વિગ્રહમાં એકત્વની એક સંખ્યાને લઈને एकः અને દ્વિત્વની એક સંખ્યાને લઈને द्वः પ્રયોગ થવો જોઈએ, તો તમે एकश्च द्वौ च આમ द्वः ના બદલે द्वौ પ્રયોગ કરો તે શી રીતે વ્યાજબી ગણાય ?

સમાધાન :- સંખ્યા અર્થવાળા પક્ષે દ્વિ શબ્દથી જણાતા સંખ્યેય પદાર્થમાં રહેલી દ્વિત્વ સંખ્યાનો દ્વિ શબ્દના અભિધેય દ્વિત્વમાં આરોપ (ઉપચાર) કરવાથી द्वौ આ પ્રમાણે દ્વિવચનાન્ત પ્રયોગ કરવો જ વ્યાજબી ગણાય છે, માટે તેમ કર્યું છે. આથી જ મ.ભાષ્યકારે ઉપર જણાવેલાં 'कयोः द्वयोः?' સ્થળે દ્વિ શબ્દ સંખ્યા અર્થમાં હોવા છતાં પણ દ્વિવચનમાં પ્રયોગ કર્યો છે, એકવચનમાં નહીં.

જો કે એકવચન-દ્વિવચનને કરતા આચાર્યશ્રી દ્વારા 'नाम्नः प्रथमैक-द्वि-बहौ २.२.३१' સૂત્રમાં એક આદિ શબ્દોનો સંખ્યાવાચક રૂપે પ્રયોગ કરાતો નથી જોવાતો, પરંતુ બૃ.વૃત્તિમાં તે સૂત્રની 'एकत्व-द्वित्व-बहुत्वविशिष्टेऽर्थे वर्तमानान्नाम्नः' આ રીતે વ્યાખ્યા કરવાથી એક આદિ શબ્દો સંખ્યેયમાં વર્તે છે તેમ સૂચિત થાય છે. છતાં શાસ્ત્રમાં સંખ્યા-સંખ્યેય ઉભયરૂપે પ્રયોગને યોગ્ય એક આદિ શબ્દોનો કોઈક આચાર્યે સંખ્યેયરૂપે પ્રયોગ કર્યો, એટલા માત્રથી કોઈ બીજા આચાર્યે સંખ્યારૂપે કરેલો એક આદિ શબ્દોનો પ્રયોગ વિરોધ નથી પામતો.

અથવા આચાર્યશ્રીએ 'એકત્વ, દ્વિત્વ અને બહુત્વથી વિશિષ્ટ અર્થમાં વર્તતા નામને ક્રમશઃ સિ, ઔ અને જસ્ રૂપ પ્રથમા વિભક્તિ થાય છે' આવા અભિપ્રાયથી 'નામ્નઃ પ્રથમૈક-દ્વિ-બહૌ ૨.૨.૩૧' સૂત્રની તેવા પ્રકારે બૃ.વૃત્તિ બતાવી છે એમ સમજો. એમાં આપણી વાતમાં શું વાંધો આવ્યો ?

શંકા :- એકશ્ચ એકશ્ચ એકૌ એમ એકશેષ દ્વારા દ્વૌ એવો વાસ્તવિક અર્થ જાણાતો નથી, પરંતુ અસહાયૌ વિગેરે અર્થ જાણાય છે. આમ સઙ્ખ્યા શબ્દથી અર્થનો અસંપ્રત્યય (નિશ્ચયાત્મક પ્રતીતિનો અભાવ) હોય છે. ઘટ શબ્દ ઘટૌ કે ઘટાઃ પ્રયોગ દ્વારા જેમ અનેક ઘડાઓનું અભિધાન કરે છે, તેમ એક વિગેરે શબ્દ અનેક પદાર્થનું અભિધાન કરવામાં જો સમર્થ હોય તો એકૌ દ્વારા દ્વૌ એવો અર્થ જાણાય અને તેવો અર્થ જાણાય તો જ એક વિગેરે સંખ્યાસ્થળે 'એકશેષ' થઈ શકે. પરંતુ એક વિગેરે શબ્દ અનેક પદાર્થનું અભિધાન કરવામાં સમર્થ નથી. તેથી સંખ્યા શબ્દોમાં એકશેષનો નિષેધ છે.

વળી 'સંખ્યા' શબ્દ અન્યપદાર્થરૂપ હોય છે. જેમકે એકશ્ચ એકશ્ચ દ્વૌ, દ્વૌ ચ દ્વૌ ચેતિ ચત્વારઃ, અહીં એક અને દ્વિ શબ્દ ક્રમશઃ દ્વૌ અને ચત્વારઃ એમ સંખ્યાન્તરના વાચકરૂપે વર્તતા હોવાથી અન્યપદાર્થ રૂપ છે. તેથી પણ સંખ્યા શબ્દમાં 'એકશેષ' નો પ્રતિષેધ છે.(A)

સંખ્યા શબ્દોનો જેમ એકશેષ થતો નથી, તેમ તે જ કારણોને લઈને દ્વન્દ્વસમાસ પણ થતો નથી. 'દ્વન્દ્વોઽપિ ન' એ પ્રમાણે *કૈયટે* ભાષ્યપ્રદીપમાં તથા અન્ય વૈયાકરણોએ પણ સ્વવ્યાકરણમાં આ વાત કરેલ છે. આમ સંખ્યા શબ્દોનો એકશ્ચ એકશ્ચ એકૈકૌ એવો દ્વન્દ્વસમાસ પણ થતો નથી. છતાં એકદ્ર્યાદિકા સ્થળે દ્વન્દ્વગર્ભબહુવ્રીહિ સમાસમાં તમે એકશ્ચ દ્વૌ ચ ઇતિ એકદ્વૌ એ પ્રમાણે દ્વન્દ્વસમાસ કઈ રીતે કર્યો ?

સમાધાન :- 'સંખ્યા' શબ્દ સંખ્યેય(B) કે સંખ્યાન(C) અર્થમાં વર્તે છે. આમાંથી જ્યારે તે સંખ્યેય અર્થમાં

(A) આ વાતને જાણાવવા 'સરૂપાણામેકશેષ૦' (પા.સૂ. ૧.૨.૬૪) સૂત્રના મ.ભાષ્યમાં 'સઙ્ખ્યાયા અર્થાઽસમ્પ્રત્યયાદન્યપદાર્થત્વાચ્ચાઽનેકશેષઃ' આવું સંખ્યાવાચક શબ્દોના એકશેષનું નિષેધક વાર્તિક છે અને તે વાર્તિકને લઈને *કૈયટે* 'દ્વન્દ્વોઽપિ ન' એમ દ્વન્દ્વસમાસનો પણ નિષેધ કર્યો છે.

(B) સંખ્યાવાચક શબ્દ જ્યારે સંખ્યાથી વિશિષ્ટ દ્રવ્યાદિમાં વર્તતો હોય ત્યારે તે 'સંખ્યેય' માં વર્તે છે એમ કહેવાય. ન્યાય છે કે ***'आदशभ्यः सङ्ख्या सङ्ख्येये वर्तते, न सङ्ख्याने' (ऊर्ध्वं सङ्ख्याने सङ्ख्येये च),*** (દશન્ શબ્દનો પ્રયોગ જ્યાં સુધી થાય, ત્યાં સુધી સંખ્યાવાચક શબ્દો 'સંખ્યેય' માં વર્તે છે, સંખ્યાનમાં નહીં.) અષ્ટાદશ સુધી દશન્ શબ્દનો પ્રયોગ થતો હોવાથી એક થી અષ્ટાદશ સુધીના શબ્દો સંખ્યેયમાં વર્તશે. જેમકે એકઃ (ઘટઃ), દ્વૌ (ઘટૌ), ત્રયઃ (ઘટાઃ) ઇત્યાદિ, પરંતુ ઘટાનાં ત્રયઃ, ઘટાનામષ્ટાદશ એ પ્રમાણે સંખ્યાનમાં નહીં વર્તે.

(C) સંખ્યાન એટલે સંખ્યા (પરિચ્છેદ). સંખ્યાશબ્દ જ્યારે સંખ્યા અર્થને જાણાવતો હોય ત્યારે તે 'સંખ્યાન' માં વર્તે છે એમ કહેવાય. એકોનવિંશતિ થી માંડીને આગળના સંખ્યાવાચક શબ્દો 'સંખ્યાન' માં વર્તતા હોય છે. કહ્યું છે કે ***'विंशत्याद्याः सदैकत्वे सर्वाः सङ्ख्येय-सङ्ख्ययोः'*** (પં.૧૮૭૩, અમરકોશ) **ભાવાર્થ :** એકોનવિંશતિ વિગેરે સંખ્યાવાચક શબ્દો એકવચનાન્ત હોય છે, નિયતલિંગવાળા હોય છે, તેમજ સંખ્યાન અર્થમાં અને સંખ્યેય અર્થમાં (પણ) વર્તે છે. જેમકે (૧) સંખ્યેય અર્થમાં → એકોનવિંશતિર્ઘટાઃ (ઓગણીશ ઘડાઓ). (૨) સંખ્યાન અર્થમાં → ઘટાનામેકોનવિંશતિઃ (ઘડાની ઓગણીશ સંખ્યા).

વર્તતો હોય ત્યારે જ તમે જણાવ્યા મુજબનો એકશેષ અને દ્વન્દ્વસમાસનો નિષેધ સમજવો, સંખ્યાન અર્થમાં વર્તતો હોય ત્યારે નહીં.

આથી જ તો પૂ.આ.શ્રી *હેમચન્દ્રસૂરિમહારાજાએ* ***'स्यादावसङ्ख्येय ३.१.११९'*** સૂત્રમાં एकश्च एकश्च, द्वौ च द्वौ च, चत्वारश्च चत्वारश्च ઇત્યાદિ સ્થળે એકશેષનો નિષેધ કરી द्वन्द्वोऽपि न भवत्यनभिधानात् એમ દ્વન્દ્વસમાસનો પણ નિષેધ કર્યા બાદ આગળ કહ્યું કે – सङ्ख्येय इति कर्मनिर्देशात् सङ्ख्यावाचिनो भवत्येव इति (**અર્થ** : સંખ્યેયવાચી શબ્દનું જ વર્જન કરેલું હોવાથી સંખ્યાનવાચી સ્થળે એકશેષ કે દ્વન્દ્વસમાસ થઈ શકશે). જેમકે– विंशतिश्च विंशतिश्च विंशती, અહીં સંખ્યાનવાચી સ્થળે એકશેષ થવાના કારણે गवां विंशती (= चत्वारिंशद्), गवां विंशतयः (= षष्ठी-अशिति વિગેરે) આવા પ્રયોગ થઈ શકશે. સંખ્યેયવાચી સ્થળે[A] એકશેષનો નિષેધ હોવાથી गावो विंशती, गावो विंशतयः વિગેરે પ્રયોગ નહીં થાય.

(A) આથી જ કોષકારે 'विंशत्याद्याः सदैकत्वे सर्वाः सङ्ख्येय-सङ्ख्ययोः। सङ्ख्यार्थे द्वि-बहुत्वे स्तः....।।' આ પ્રમાણે સંખ્યાવાચક શબ્દો સંખ્યાને જણાવવામાં તત્પર હોય તો એકશેષથી પ્રાપ્ત થતું દ્વિવચન-બહુવચન કરવાની વાત કરી છે. એવી રીતે જ 'द्व्येकयोः०' (પા.સૂ. ૧.૪.૨૨) સૂત્રમાં દ્વિ અને એક શબ્દો સંખ્યા અર્થમાં છે, માટે જ તેમનો દ્વન્દ્વસમાસ વ્યાજબી ગણાય છે.

જ્યારે એક આદિ શબ્દો સંખ્યેય અર્થમાં હોય ત્યારે ***નૈષધીયચરિત્રના***

एकद्विकरणे हेतू महापातकपञ्चके। तृणवन्मन्यते कोप-कामौ यः पञ्च कारयन्।।

આ શ્લોકમાં 'एक-द्वि' આ પ્રમાણે દ્વન્દ્વસમાસ ન થઈ શકે, પરંતુ 'एको वा द्वौ वा' આ અર્થમાં सुज्वार्थे० ३.१.१९' સૂત્રથી બહુવ્રીહિસમાસ થતા 'प्रमाणीसङ्ख्याङ्गः ७.३.१२८' સૂત્રથી ड પ્રત્યય થવાથી 'एक-द्वकरणे' આવો પ્રયોગ થવો જોઈએ. આમ ત્યાં 'एक-द्विकरणे' અપપ્રયોગ છે.

વ્યાકરણકાર ***નાગેશભટ્ટે*** 'લઘુશબ્દેન્દુશેખર' ગ્રંથમાં 'सरूपाणामेकशेषः०' (પા.સૂ. ૧.૨.૬૪) સૂત્રની વૃત્તિમાં 'એક થી અષ્ટાદશ શબ્દના દ્વન્દ્વસમાસ અને એકશેષવૃત્તિનો નિષેધ હોવાથી નથી થતા' આમ કહી પોતે જ 'ऊकालो०' (પા.સૂ. ૧.૨.૨૮) સૂત્રની વૃત્તિમાં 'एक-द्वि-त्रिमात्राणाम्' આવો દ્વન્દ્વસમાસવાળો પ્રયોગ કર્યો છે. તેનું સમાધાન આ બે રીતે કરવું (a) ૧ + ૨ = ૩ આ રીતે સંકલિત સંખ્યાના સંદર્ભમાં એક થી અષ્ટાદશ સુધીના શબ્દોનો દ્વન્દ્વસમાસ અને એકશેષવૃત્તિ નથી થતી, આમ ઉપરોક્ત કથનનો અર્થ સમજવો. જેમકે 'ત્રણ' સંખ્યાવાળા પદાર્થને જણાવવા એકત્વ અને દ્વિત્વ સંખ્યાને સાંકળીને एक-द्वि આમ દ્વન્દ્વસમાસ ન થાય. એવી રીતે 'છ' સંખ્યાવાળી વસ્તુને જણાવવાની ઇચ્છાથી 'एक-द्वि-त्रि' આમ દ્વન્દ્વસમાસ ન થઈ શકે. અથવા (b) एक-द्वि-त्रिमात्राणाम् સ્થળે 'एका द्वे तिस्रो मात्रा येषाम्' આ વિગ્રહને આશ્રયી અનેકપદબહુવ્રીહિ સમાસ થયો છે એમ સમજવું. 'वाक्त्वक्प्रियः' બહુવ્રીહિ સ્થળે પણ 'वाक् च त्वक् च प्रिया यस्य' આ વિગ્રહને આશ્રયી અનેકપદબહુવ્રીહિ થયો છે એમ સમજવું. જો वाक् અને त्वक् નો દ્વન્દ્વસમાસ કરી દ્વિપદબહુવ્રીહિ કરવા જઈએ તો 'चवर्गदषहः ७.३.९८' સૂત્રથી वाक्त्वच् દ્વન્દ્વસમાસના અંતે अत् સમાસાન્ત થતા वाक्त्वचप्रियः આવો પ્રયોગ થઈ જાય.

શંકા :– एका द्वे तिस्रो मात्रा येषाम् = एक-द्वि-त्रिमात्राः આમ અનેકપદબહુવ્રીહિ ન થઈ શકે. કેમકે 'एकार्थं चानेकं च ३.१.२२' સૂત્રથી પરસ્પર અભેદ અન્વય પામનાર પદાર્થના વાચક પદો વચ્ચે જ એકાર્થ્ય સામર્થ્યને લઈને

આમ એકશ્ચ દ્વૌ ચ સ્થળે એક અને દ્વિ શબ્દ સંખ્યાનમાં વર્તતા હોવાથી તેનો એકદ્વૌ એ પ્રમાણે દ્વન્દ્વસમાસ થવામાં બાધ નથી.

શંકા :- એક થી અષ્ટાદશ સુધીનાં શબ્દો સંખ્યેયમાં જ વર્તે છે, સંખ્યાનમાં નહીં (પેજ-૩૧૨ ની ટિપ્પણ (B) જુઓ), તેથી સંખ્યેયનો દ્વન્દ્વસમાસ જો પ્રતિષિદ્ધ હોય તો એકશ્ચ દશ ચ એકાદશ, દ્વૌ ચ દશ ચ દ્વાદશ વિગેરે શબ્દો શી રીતે સિદ્ધ થશે ?

સમાધાન :- સંખ્યેયમાં તત્પર એવા એક થી નવન્ શબ્દોનો જ સંકલનાના તાત્પર્યથી (સંખ્યાઓનો સરવાળો થાય તેવા તાત્પર્યથી) દ્વન્દ્વસમાસ થતો નથી. જેમકે એકત્વ સંખ્યા અને દ્વિત્વ સંખ્યાની સંકલના[A] દ્વારા ત્રાણ (ઘડા) નું પ્રતિપાદન કરવાના તાત્પર્યથી 'એકદ્વિ' એવો દ્વન્દ્વસમાસ કરવો હોય તો ન થાય. એકત્વ, દ્વિત્વ અને ત્રિત્વ ના સંકલન દ્વારા ષટ્ (ઘટાઃ) નો બોધ કરાવવાનું તાત્પર્ય હોય તો 'એક-દ્વિ-ત્રિ' એવો દ્વન્દ્વસમાસ ન થાય. આવું એક થી નવન્ સુધીની સંખ્યા માટે સમજવું. દશન્ વિગેરે સંખ્યાવાચી શબ્દોમાં સંકલનાના તાત્પર્યથી દ્વન્દ્વસમાસ થવામાં બાધ નથી. તેથી એકાદશ (એક + દશન્), દ્વાદશ (દ્વિ + દશન્) વિગેરે શબ્દો સિદ્ધ થઈ શકશે.[B]

અથવા તો એક થી અષ્ટાદશ સુધીની સંખ્યા સંખ્યેયમાં જ વર્તતી હોવાથી તેનો દ્વન્દ્વસમાસ પ્રતિષિદ્ધ હોવાથી તમારી શંકાનું સમાધાન બીજી રીતે કરશું. એકાધિકા દશ, દ્વ્યધિકા દશ, આ પ્રમાણે વિગ્રહપૂર્વક 'મયૂરવ્યંસકેત્યાદયઃ ૩.૧.૧૧૬'

બહુવ્રીહિસમાસ થાય છે. એકા દ્વે તિસ્ર પદોના અર્થ વચ્ચે અભેદ અન્વય તો છે નહીં. માટે તે સૂત્રથી સમાસ થઈ શકે એમ નથી અને બીજા કોઈ સૂત્રથી પણ બહુવ્રીહિસમાસ પ્રાપ્ત નથી, તો શું કરવું ?

સમાધાન :- જો સમાસ પામતા પદસમૂહ પૈકીના કોઈ એક પદની સાથે પણ ઐકાર્થ્ય પ્રાપ્ત થાય તો ય બહુવ્રીહિસમાસ થાય છે, આવું ભાષ્યકાર ***પતંજલિએ*** સ્વીકાર્યું હોવાથી પ્રસ્તુતમાં માત્રા શબ્દના અર્થની સાથે સમાસ પામતા એકા દ્વે તિસ્રઃ પદોના અર્થોનો અભેદ અન્વય થતો હોવાથી ઐકાર્થ્યને લઈને તે પદોનો 'એકાર્થં ચાને૦ ૩.૧.૨૨' સૂત્રથી અનેકપદબહુવ્રીહિ સમાસ થઈ શકે છે.

આમ 'એક આદિ શબ્દો જો સંખ્યા અર્થમાં હોય તો તેમનો દ્વન્દ્વસમાસ આદિ થઈ શકે છે અને જો તેઓ સંખ્યેય અર્થમાં હોય તો તુલ્યસ્વરૂપવાળા તેમનો દ્વન્દ્વસમાસ કે એકશેષવૃત્તિ નથી થતી' આ પ્રમાણે સ્વયં આચાર્યશ્રીએ 'સ્યાદાવસઙ્ખ્યેયઃ ૩.૧.૧૧૫' સૂત્રની વૃત્તિમાં કહ્યું છે.

(A) સંકલનાનું તાત્પર્ય ન હોય અર્થાત્ દ્વન્દ્વસમાસના ઘટક એવા સંખ્યા શબ્દોનો સરવાળો થાય તેવું તાત્પર્ય ન હોય તે સ્થળે સંખ્યેય રૂપ સંખ્યા શબ્દોનો સમાસ થવામાં બાધ નથી. જેમકે એક-દ્વિ-ત્રિમાત્રા હ્રસ્વ-દીર્ઘ-પ્લુતાઃ, અહીં એક-દ્વિ અને ત્રિ નો સરવાળો કરી 'છ માત્રા' એવું સંકલનાતાત્પર્ય ન હોવાથી દ્વન્દ્વસમાસ થઈ શક્યો છે.

(B) આ જ વાત ***નાગેશભટ્ટે*** 'ત્યદાદીનિ સર્વૈઃ૦' (પા.સૂ. ૧.૨.૭૨) સૂત્રમાં સ્પષ્ટપણે કહી છે. 'સરૂપાણામે૦' (પા.સૂ. ૧.૨.૬૪) સૂત્રમાં એક થી અષ્ટાદશ સુધીના શબ્દોને જ દ્વન્દ્વસમાસ અને એકશેષવૃત્તિની નાગેશે ના કહી છે, તે વાત ભ્રમમૂલક જાણવી.

સૂત્રથી કર્મધારય-તત્પુરુષસમાસ થતા અધિક શબ્દનો લોપ થવાથી એકાદશ, દ્વાદશ વિગેરે પ્રયોગ સિદ્ધ થશે.(A) એકવિંશતિ વિગેરે શબ્દસ્થળે પણ 'એકાધિકા વિંશતિઃ = એકવિંશતિઃ' આ રીતે સમાસ કરવો. અથવા એક થી નવ સુધીના શબ્દોનો જ આ રીતે દ્વન્દ્વસમાસ નથી થતો. તેથી એકવિંશતિઃ અહીં દ્વન્દ્વસમાસ કરવામાં પણ કોઈ વાંધો નથી. તેમાં 'એકશ્ચ વિંશતિશ્ચ = એકવિંશતિઃ' આમ ઇતરેતરદ્વન્દ્વ કરવામાં આવે તો 'એકવીસ' આ સંખ્યાસમૂહમાં રહેલ એકત્વની અપેક્ષાએ એકવચન કરવું, પણ 'એક' અને 'વીસ' આ બે સંખ્યામાં રહેલ દ્વિત્વની અપેક્ષાએ દ્વિવચન ન કરવું. જો 'એકશ્ચ વિંશતિશ્ચેત્યનયોઃ સમાહારઃ = એકવિંશતિઃ' આમ સમાહારદ્વન્દ્વ કરવામાં આવે તો ***'વિંશત્યાદ્યાઃ શતાદ્ દ્વન્દ્વે સા ચૈક્યે દ્વન્દ્વમેયયોઃ'*** (લિઙ્ગા. સ્ત્રીલિઙ્ગ પ્રક૦ શ્લો૦ ૮) આ વચનથી એકવચનાન્ત સમાસનો પ્રયોગ સ્ત્રીલિંગમાં કરવો, પરંતુ સમાહારના કારણે નપુંસકલિંગમાં પ્રયોગ ન કરવો.

ટૂંકમાં આ આખી વાતનો સાર એટલો કે એકવિંશતિ વિગેરે શબ્દો સંખ્યા અને સંખ્યેય બન્નેમાં વર્તે છે. તેમાં સંખ્યેયમાં વર્તતા એકસરખા સંખ્યાવાચક શબ્દોનો એકશેષવૃત્તિ કે દ્વન્દ્વસમાસ નથી થતો. જેમકે એકશ્ચૈકશ્ચ વિગ્રહને લઈને એકૌ આમ એકશેષ નહીં થાય અને એકૈકૌ આમ દ્વન્દ્વસમાસ પણ નહીં થાય. સંખ્યામાં વર્તતા એકસરખા વિંશતિ વિગેરે શબ્દોનો એકશેષ થશે. આ વાત અમે પૂર્વે કહી ચૂક્યા છીએ. સંખ્યેયમાં વર્તતા એકસરખા ન હોય તેવા સંખ્યાવાચક શબ્દોનો સરવાળાના તાત્પર્યથી દ્વન્દ્વસમાસ થતો નથી. જેમકે 'એક-દ્વિમાત્રાઃ પ્લુતાઃ' (૧ + ૨ = ૩ માત્રાવાળા પ્લુત) આમ ન થાય, પણ સરવાળાનું તાત્પર્ય ન હોય તો થાય છે. જેમકે 'એક-દ્વિ-ત્રિમાત્રા હ્રસ્વ-દીર્ઘ-પ્લુતાઃ' આમ થાય.

'વિંશતિ વિગેરે શબ્દો તથા દ્વિ વિગેરે શબ્દો સંખ્યા (ધર્મ) માં જ વર્તે છે, સંખ્યેય (ધર્મી) માં નહીં.' વિગેરે પણ મતાંતરો છે. તો પણ તેઓ પ્રસ્તુતમાં ઉપયોગી ન હોવાથી તેમની વિચારણા કરવામાં નથી આવતી.

(4) 'આ એક, દ્વિ વિગેરે સંખ્યા ક્યાંથી જાણવી ?' તેનો જવાબ બૃ.વૃત્તિમાં 'લોકપ્રસિદ્ધા' એમ કહીને આપે છે. જેમ ઘટ, પટ વિગેરે શબ્દો લોકમાં ઘડો, કપડું આદિ પદાર્થના બોધક રૂપે પ્રસિદ્ધ છે, તેમ એકત્વ આદિ સંખ્યાના બોધક રૂપે એક આદિ શબ્દો પણ લોકમાં પ્રસિદ્ધ છે.

(5) ડતિ પ્રત્યયાન્ત અને અતુ પ્રત્યયાન્ત નામ સङ્ખ્યાવત્ થાય છે, એમ સૂત્રકાર કહે છે, ત્યાં સङ્ખ્યાવત્ એટલે શું ? વત્ પ્રત્યય 'સદશતા' ને જણાવે છે, તો અહીં કઈ સદશતા લેવી ?

ત્યાં સમજવું કે સૂત્રકારને ક્રિયાગત સદશતા અભિપ્રેત છે. અર્થાત્ સંખ્યાવાચક શબ્દમાં જે પ્રક્રિયા (કાર્ય)

(A) પાણિનિવ્યાકરણના 'चार्थे द्वन्द्वः २.२.२८' સૂત્રના મ.ભાષ્યમાં આ વાત 'सिद्धं त्वधिकान्ता सङ्ख्या सङ्ख्यया समानाधिकरणाऽधिकारेऽधिकलोपश्च (वार्तिक २५)' વાર્તિકથી સિદ્ધ કરી છે. તેનો અર્થ ''અધિક શબ્દ અંતવાળી સંખ્યા અન્ય સંખ્યાવાચીની સાથે સમાસ પામે છે' આ વાત સમાનાધિકરણ પ્રકરણમાં કહેવી જોઈએ અને 'અધિક શબ્દનો લોપ' પણ કહેવો જોઈએ.''

થાય, તેવી જ પ્રક્રિયા ડતિ અને અતુ પ્રત્યયાન્ત નામમાં પણ થાય એવું તેમનું તાત્પર્ય છે. તેને જણાવવા બૃહદ્વૃત્તિકારે તત્કાર્યં ભજતે એવા શબ્દોનો ઉલ્લેખ કર્યો છે.

સङ્ખ્યા શબ્દ પ્રસ્તુતમાં સંખ્યાપદાર્થ અને સંખ્યાવાચક શબ્દને જણાવે છે. આ વાત પૂર્વે કહેવાઈ ગઈ છે. તેમાં જો તેને 'સંખ્યાવાચક શબ્દ' અર્થમાં લેવામાં આવે તો તત્ શબ્દથી સંખ્યાવાચક શબ્દ જણાશે અને જો તેને 'સંખ્યા પદાર્થ' અર્થમાં લેવામાં આવે તો લક્ષણાથી તત્ શબ્દ દ્વારા સંખ્યાવાચક શબ્દ જણાશે. બન્ને રીતે તત્કાર્યમ્ પદનો 'સંખ્યાવાચક શબ્દના કાર્યને' આવો અર્થ પ્રાપ્ત થાય છે.

પ્રસ્તુત સૂત્ર વત્ ઘટકથી ઘટિત હોવાના કારણે 'અતિદેશ' સૂત્ર છે. ('અતિદેશ' સૂત્રોના ૧૦ પ્રકારમાંનો એક પ્રકાર છે. આ અંગે વિશેષ જિજ્ઞાસા હોય તો આ પુસ્તકના પેજ - ૧૮ ઉપર જુઓ.) અતિદેશના સાત પ્રકાર છે. (૧) નિમિત્ત (૨) વ્યપદેશ (૩) તાદાત્મ્ય (૪) શાસ્ત્ર (૫) કાર્ય (૬) રૂપ અને (૭) અર્થ. તેમાં રૂપ (સ્વરૂપ) અતિદેશ વિગેરે અતિદેશો અહીં અનિષ્ટ કરનાર હોવાથી તેમનો આશ્રય નથી કરાતો તથા શાસ્ત્રાતિદેશનો આશ્રય કરવામાં કોઈ વાંધો નથી આવતો, છતાં તે અતિદેશ કાર્યસ્વરૂપ બીજાનું મુખ જોનાર હોવાથી અહીં કાર્યાતિદેશ સ્વીકારવો જ વ્યાજબી કહેવાય. અહીં સૂત્રમાં કાર્યનો અતિદેશ હોવાના કારણે સંખ્યાવાચક શબ્દમાં થતું કાર્ય ડતિ અને અતુ પ્રત્યયાન્ત નામોમાં પણ થશે.

(6) દૃષ્ટાંત - *'यथोद्देशं निर्देशः'* ન્યાયથી જે ક્રમથી ઉદ્દેશ (નામકથન) કરેલ હોય, તે ક્રમથી નિર્દેશ કરવો જોઈએ. તેથી પહેલાં ડતિ પ્રત્યયાન્ત નામમાં અતિદેશનું પ્રયોજન દર્શાવે છે. ત્યાર પછી અતુ પ્રત્યયાન્ત નામમાં દર્શાવશે.

(i) कतिकः - * 'यत्-तत्-किमः० ७.१.१५०' → का सङ्ख्या मानमेषाम् = किम् + डति, * 'डित्यन्त्य० २.१.११४' → क् + डति = कति, * 'डत्यतु० १.१.३९' → कति संख्यावत्, * 'सङ्ख्या-डते० ६.४.१३०' → कतिभिः[A] क्रीतः = कतिक + सि, * 'सो रुः २.१.७२ → कतिकर्, * 'रः पदान्ते० १.३.५३' → कतिकः।

શંકા:- 'सङ्ख्या-डतेः ६.४.१३०' સૂત્રમાં ડતિ નું ગ્રહણ ન કરીએ તો પણ ત્યાં સङ્ખ્યા શબ્દનું ગ્રહણ કર્યું હોવાથી તેના દ્વારા આ સૂત્રથી સંખ્યાવત્ ગણાતા ડતિ પ્રત્યયાન્ત નામનું ગ્રહણ થઈ જવાથી कतिकः વિગેરે સ્થળે क પ્રત્યય સિદ્ધ થઈ જશે. તેથી તે સૂત્રમાં ડતિ નું ગ્રહણ ન કરવું જોઈએ.

સમાધાન:- સાચી વાત છે, પરંતુ 'सङ्ख्या-डते०' સૂત્રમાં વર્તતા अशत्तिष्टेः પદથી તિ અંતવાળા સંખ્યાવાચી શબ્દોને क પ્રત્યયનો પ્રતિષેધ કર્યો છે. ડતિ પ્રત્યયાન્ત નામ તે સૂત્રના સङ્ખ્યા શબ્દથી ગ્રહણ થાય એવું હોવા છતાં તે

(A) कति શબ્દ સ્વાભાવિક રીતે બહુવચનમાં વપરાય છે.

તિ અંતવાળું સંખ્યાવાચી નામ હોવાથી તેને ક પ્રત્યયનો પ્રતિષેધ થાય છે. તે પ્રતિષેધ ડતિ પ્રત્યયાન્ત નામોને ન થાય તે માટે તે સૂત્રમાં ડતિ શબ્દનું ગ્રહણ કર્યું છે.

શંકા :- ષષ્ટિ શબ્દનો તિ પ્રત્યય અર્થવાન્ છે ડતિ પ્રત્યયનો તિ અનર્થક છે. ***'अर्थवद्ग्रहणे नाऽनर्थकस्य'*** ન્યાય મુજબ અશક્તિષ્ટેઃ પદથી સાર્થક તિ અંતવાળાને 'सङ्ख्या डतेः०' સૂત્રની પ્રવૃત્તિનો નિષેધ થશે ડતિ પ્રત્યયાન્તને નહીં. તેથી તે સૂત્રના સङ્ખ્યા શબ્દથી ડતિ પ્રત્યયાન્તનું ગ્રહણ થવાથી તે સૂત્રમાં ડતિ શબ્દ નકામો છે.

સમાધાન :- તમારી વાત બરાબર નથી. કેમકે ષષ્ટિ શબ્દ તિ પ્રત્યયાન્ત હોવાથી તિ અંતવાળા પ્રતિષેધથી જ તેને તે સૂત્રથી ક પ્રત્યયનો પ્રતિષેધ સિદ્ધ હોવા છતાં ષષ્ટિ વિગેરેને ઉડાડવા અશક્તિષ્ટેઃ સ્થળે અલગથી ષ્ટિ અંતવાળાનો પ્રતિષેધ કરવાની જરૂર રહેતી નથી. છતાં પ્રતિષેધ કર્યો છે તેનાથી ષષ્ટિ વિગેરે શબ્દસ્થળે અવ્યુત્પત્તિપક્ષનું જ્ઞાપન થાય છે. જેનાથી ષષ્ટિ શબ્દ અવ્યુત્પન્ન ગણાતા તે સાર્થક તિ પ્રત્યયાન્ત ન ગણાય. આમ ષષ્ટિ નો તિ પ્રત્યય સાર્થક અને ડતિ નો તિ અનર્થક આવું ન રહેતા ***'अर्थवद्ग्रहणे०'*** ન્યાયની પ્રવૃત્તિને અવકાશ ન રહ્યો. આથી અશક્તિષ્ટેઃ થી ડતિ પ્રત્યયાન્તનો નિષેધ થતા તેનું ગ્રહણ કરાવવા સૂત્રમાં ડતિ શબ્દ લેવો જરૂરી છે.

વળી 'सङ्ख्या' શબ્દથી જ ક પ્રત્યય સિદ્ધ હોવા છતાં સૂત્રમાં 'ડતિ' શબ્દનું ગ્રહણ કરવામાં આવે છે તે ***'अर्थवद्ग्रहणे०'*** ન્યાયની અનિત્યતાનું જ્ઞાપન કરે છે. આ પ્રમાણે ન્યાય અનિત્ય બનતા અનર્થક તિ નો પણ અશક્તિષ્ટેઃ પદથી નિષેધ પ્રાપ્ત થતા તિ અંતવાળા કતિ ને પણ ક પ્રત્યયનો પ્રતિષેધ પ્રાપ્ત થાત કે જે અલગથી સૂત્રમાં ડતિ ના ગ્રહણથી નથી થતો, તેથી ડતિ શબ્દ તે સૂત્રમાં સફળ છે. ન્યાયની પ્રવૃત્તિ કે તેની અનિત્યતા જ્ઞાપનસ્થળે તો સફળ હોય, પરંતુ બીજે પણ તેનું કાંઈક ફળ અવશ્ય પ્રાપ્ત થાય જ. તેથી ***'अर्थवद्ग्रहणे०'*** ન્યાયની અનિત્યતાના જ્ઞાપનનું બીજું પણ કોઈ ફળ હોવું જોઈએ. પ્રસ્તુતમાં તે ફળ આ જ છે કે એકસપ્તતિ વિગેરે શબ્દસ્થળે આ શબ્દો તિ અંતવાળા હોવાથી તેમને ક પ્રત્યયનો પ્રતિષેધ સિદ્ધ થયો. જો આ ફળ ન બતાવાત તો ***'अर्थवद्ग्रहणे०'*** ન્યાય નિત્ય બનતા 'પરિમાણ' અર્થને લઈને તિ શબ્દ અર્થવાન્ ગણાતા પરિમાણાર્થક પ્રત્યય રૂપ તિ શબ્દ જ અશક્તિષ્ટેઃ થી પ્રતિષેધનો વિષય બનત. તેમ થતા 'प्रत्ययः प्रकृत्यादेः ७.४.११५' પરિભાષા મુજબ તિ પ્રત્યયાન્ત સપ્તતિ શબ્દને ક પ્રત્યયનો નિષેધ થાત, પરંતુ વધતા-ઓછા એકસપ્તતિ વિગેરે સામાસિકાદિ શબ્દોનું અશક્તિષ્ટેઃ થી ગ્રહણ ન થતા તેમને ક પ્રત્યય થવાની આપત્તિ આવત. પરંતુ ***'अर्थवद्ग्रहणे०'*** ન્યાય અનિત્ય બને છે, તેથી અશક્તિષ્ટેઃ થી તિ શબ્દ પ્રત્યય રૂપ સાર્થક જ લેવો જરૂરી ન રહેતા 'प्रत्ययः प्रकृत्यादेः' પરિભાષા લાગુ ન પડતા 'सङ्ख्या डतेः ६.४.१३०' સૂત્રમાં અભેદ અન્વયના મેળ માટે કલ્પનાથી તદન્તવિધિનો લાભ થવા છતાં પણ 'प्रत्ययः प्रकृत्यादेः' પરિભાષાથી જે વધતા-ઓછાના ગ્રહણનો નિષેધ પ્રાપ્ત થતો હતો તે હવે નહીં પ્રાપ્ત થાય. આથી એકસપ્તતિ વિગેરે શબ્દો પણ તિ અંતવાળા ગણાતા તેમને અશક્તિષ્ટેઃ થી ક પ્રત્યયનો પ્રતિષેધ સિદ્ધ થાય છે.

વાસ્તવિકતાએ ડતિ પ્રત્યયાન્તને વિશે સંખ્યાના કાર્યનો અતિદેશ કતિકઃ સ્થળે ફક્ત ક પ્રત્યયને ઉત્પન્ન કરીને કૃતાર્થ થાય છે એવું નથી, પરંતુ કતિધા સ્થળે 'સङ्ख्याया धा ૭.૨.૧૦૪' સૂત્રથી ધા પ્રત્યયને અને કૃતિકૃત્વઃ સ્થળે 'वारे कृत्वस् ૭.૨.૧૦૯' સૂત્રથી કૃત્વસ્ પ્રત્યયને દરેક સંખ્યાને ઉદ્દેશીને ઉત્પન્ન કરીને પણ કૃતાર્થ થવાને યોગ્ય છે. આ કૃતાર્થતા ડતિ પ્રત્યયાન્તને સંખ્યાના અતિદેશથી જ થઈ શકે એમ સમજવું.

(ii) કતિધા – * પૂર્વોક્ત સાધનિકાની જેમ किम् + डति = कति, * 'डत्यतु० ૧.૧.૩૯' → कति સંખ્યાવત્, * 'सङ्ख्याया धा ૭.૨.૧૦૪' → कतिभिः प्रकारैः = कतिधा+सि, * 'अव्ययस्य ૩.૨.૭' → कतिधा।

(iii) કતિકૃત્વઃ – * પૂર્વોક્ત સાધનિકાની જેમ किम् + डति = कति, * 'डत्यतु० ૧.૧.૩૯' → कति સંખ્યાવત્, * 'वारे कृत्वस् ૭.૨.૧૦૯' → कति वारा अस्य = कतिकृत्व + सि, * 'अव्ययस्य ૩.૨.૭' → कतिकृत्वस्, * 'सो रुः ૨.૧.૭૨' → कतिकृत्वर्, * 'रः पदान्ते० ૧.૩.૫૩' → कतिकृत्वः।

આ બન્ને સ્થળે ડતિ પ્રત્યયાન્ત કતિ શબ્દને આ સૂત્રથી સંખ્યાવત્ ગણાવ્યો હોવાથી તેને ધા અને કૃત્વસ્ પ્રત્યય થઈ શકે છે. અન્યથા નિયતવિષયના બોધમાં હેતુ ન બનવાથી કતિ શબ્દ સંખ્યાવાચક ગણાતા અને 'सङ्ख्याया धा ૭.૨.૧૦૪' અને 'वारे कृत्वस् ૭.૨.૧૦૯' સૂત્રોમાં સંખ્યાવાચક ન ગણાતા ડતિ પ્રત્યયાન્ત શબ્દને માટે અલગથી ડતિ શબ્દ મૂક્યો ન હોવાથી કતિ શબ્દને ધા અને કૃત્વસ્ પ્રત્યય ન થઈ શકત. યતિકઃ, યતિધા, યતિકૃત્વઃ તથા તતિકઃ,તતિધા અને તતિકૃત્વઃ પ્રયોગોની સાધનિકા યથાયોગ્ય કતિકઃ, કતિધા અને કતિકૃત્વઃ પ્રયોગો પ્રમાણે સમજવી.

યતિકઃ વિગેરે અને તતિકઃ વિગેરે પ્રયોગો यत् અને तत् શબ્દ ઉપરથી બન્યા છે. यत् અને तत् શબ્દો અમુક આકારની બુદ્ધિથી નિરુપિત વિષયતાના અવચ્છેદક ધર્મથી ઉપલક્ષિત તે તે ધર્મથી યુક્ત (અવચ્છિન્ન) પદાર્થનો બોધ કરાવે છે. અર્થાત્ આ બન્ને શબ્દો વક્તાની બુદ્ધિમાં વર્તતા પદાર્થને અભિવ્યક્ત કરવાનું કામ કરે છે,[A] છતાં આ બન્ને શબ્દોમાં આટલો ભેદ છે કે यत् શબ્દ ઉદિષ્ટ એવી વિવક્ષિત ધર્મથી યુક્ત વસ્તુનો વાચક બને છે, જ્યારે तत् શબ્દ પૂર્વે यत् શબ્દથી બુદ્ધિમાં ઉપસ્થિત થયેલી વસ્તુનો વાચક બને છે. ક્યાંક तत् શબ્દ 'પ્રસિદ્ધ' અર્થમાં પણ જોવા મળે છે. જેમકે-

'नूतनजलधररुचये गोपवधूटीदुकूलचौराय। तस्मै कृष्णाय नमः संसारमहीरुहस्य बीजाय।।'

(ન્યા. સિ. મુક્તા. કા. ૧)

અર્થ : નવીન મેઘ જેવી કાંતિવાળા, ગોવાળોની વધૂઓના વસ્ત્રોનું હરણ કરનાર તથા સંસારવૃક્ષના બીજ રૂપ પ્રસિદ્ધ એવા કૃષ્ણને નમસ્કાર થાઓ.

(A) સામાન્યથી यत्-तत् શબ્દો પૂર્વપ્રકાન્ત વસ્તુના પરામર્શક (બોધ કરાવનાર) હોય છે, પરંતુ ક્વચિત્ તેમ થતું નથી. તેથી આ બન્ને શબ્દોને 'બુદ્ધિસ્થપ્રકારાવચ્છિન્નમાં શક્ત છે' તેમ ગણાવ્યું છે.

तत् શબ્દ વિવક્ષિત ધર્મથી યુક્ત પૂર્વોક્ત વસ્તુનો ત્યાં બોધ કરાવે છે કે જ્યાં પ્રસ્તુત વાક્યથી બીજા વાક્યમાં यत् શબ્દ તે વિવક્ષિત ધર્મથી યુક્ત વસ્તુને જણાવતો હોય. ઉપરોક્ત શ્લોક આ રીતે यत्-तत् ના મેળવાળો નથી, માટે ત્યાં तत् (तस्मै) શબ્દ 'પ્રસિદ્ધ' અર્થમાં જ સમજવો. એવી રીતે ક્યાંક 'બ્રહ્મ' અર્થમાં પણ तत् શબ્દ જોવા મળે છે. જેમકે 'ॐ तत् सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः' (ગીતા ૧૭/૨૩) અહીં तत् सत् શબ્દો બ્રહ્મને સત્યરૂપે જણાવે છે. પ્રસ્તુતમાં तत् શબ્દ પ્રસિદ્ધાદિ અર્થમાં સંભવતો નથી, આથી તે બુદ્ધિસ્થ પદાર્થના વાચકરૂપે વર્તશે.

	(iv) यावत्कः	(v) यावद्धा	(vi) यावत्कृत्वः
	या सङ्ख्या मानमेषाम्=	या सङ्ख्या मानमेषाम्=	या सङ्ख्या मानमेषाम्=
* 'यत्तदेतदो० ७.१.१४९' →	यत् + डावतु	यत् + डावतु	यत् + डावतु
* 'डित्यन्त्य० २.१.११४' →	य् + डावतु = यावत्	य् + डावतु = यावत्	य् + डावतु = यावत्
* 'डत्यतु० १.१.३९' →	यावत् संख्यावत्	यावत् संख्यावत्	यावत् संख्यावत्
* 'सङ्ख्या-डते० ६.४.१३०' →	यावत्क + सि	↓	↓
* 'सङ्ख्याया धा ७.२.१०४' →	↓	यावद्धा + सि	↓
* 'वारे कृत्वस् ७.२.१०९' →	↓	↓	यावत्कृत्वस् + सि
* 'अव्ययस्य ३.२.७' →	↓	यावद्धा।	यावत्कृत्वस्
* 'सो रुः २.१.७२' →	यावत्कर्		यावत्कृत्वर्
* 'रः पदान्ते० १.३.५३' →	यावत्कः।		यावत्कृत्वः।

तावत्कः, तावद्धा, तावत्कृत्वः तथा कियत्कः, कियद्धा અને कियत्कृत्वः પ્રયોગોની સાધનિકા यावत्कः વિગેરે પ્રયોગો પ્રમાણે યથાયોગ્ય સમજી લેવી. ફક્ત એટલું વિશેષ કે अतु (अत्) પ્રત્યય પરમાં વર્તતા किम् નામને 'इदं-किमो० ७.१.१४८' સૂત્રથી किय् આદેશ થતાં 'कियत्' શબ્દ બનશે.

(7) શંકા :- ખરેખર તો 'डत्यतु सङ्ख्या' એમ સંજ્ઞાસૂત્ર જ બનાવવું જોઈએ. કારણ સંજ્ઞાનો પ્રસ્તાવ પણ ચાલી રહ્યો છે અને वत् પ્રત્યય ન કરવા રૂપ લાઘવ પણ છે.

સમાધાન :- જો આ સૂત્રમાં वत् અંશ ન મૂકીએ તો ફક્ત डति અને अतु પ્રત્યયાન્ત શબ્દને સङ्ख्या સંજ્ઞા થાય, एक આદિ શબ્દોને ન થાય. હવે જ્યાં સંખ્યાવાચક શબ્દોને લઈને કાર્ય કરવાના હોય તે 'सङ्ख्या-डते० ६.४.१३०' વિગેરે સૂત્રોમાં एक આદિ શબ્દોને ઉદ્દેશ્ય રૂપે ગ્રહણ કરવા માટે તેમને પણ सङ्ख्या સંજ્ઞા થવી જરૂરી બને. તેથી આ સૂત્ર 'डत्यतु सङ्ख्या सङ्ख्या' આવું રચવું પડે. જેથી આ સૂત્રનો અર્થ 'डति-अतु પ્રત્યયાન્ત નામ સંખ્યાસંજ્ઞક થાય છે અને એક આદિ શબ્દો સંખ્યાસંજ્ઞક થાય છે' આવો થવાથી द्विकम् વિગેરે સ્થળે द्वि આદિ શબ્દોને પણ क, धा વિગેરે ઈષ્ટપ્રત્યયાદિ સિદ્ધ થઈ શકે, પરંતુ આવું સૂત્ર બનાવવામાં એક सङ्ख्या શબ્દ વધુ મૂકીને ગૌરવ કરવું પડે છે. તેના કરતા वत् અંશ મૂકવામાં લાઘવ છે.

શંકા :- 'सोमात् सुगः ५.१.१६३', 'अग्नेश्चेः ५.१.१६४' વિગેરે સૂત્રોમાં જેમ વાચકતા સંબંધથી સોમ, અગ્નિ આદિ પદાર્થથી વિશિષ્ટ એવા સોમ, અગ્નિ આદિ શબ્દોનું જ ગ્રહણ કરવામાં આવે છે તેમ 'दृति-नाथात् पशावि: ५.१.९७', 'ङसोऽपत्ये ६.१.२८', 'देवता ६.२.१०१' વિગેરે સૂત્રોમાં પણ પશુ, અપત્ય, દેવતા આદિ શબ્દોનું જ ગ્રહણ પ્રાપ્ત થાય. છતાં ઈષ્ટ એવા પ્રયોગોને ધ્યાનમાં લઈને સૂત્રના પશુ આદિ શબ્દોને કેવા પ્રકારે લેવા, તેની વ્યાખ્યા કરવાથી પશુ આદિ શબ્દના ગ્રહણને રોકવામાં આવે છે અને પશુ આદિ શબ્દોને લૌકિક અર્થવાળા (શ્વા, સિંહ આદિ રૂપે) ગ્રહણ કરવામાં આવે છે. પશુ આદિ શબ્દોને આ રીતે લઈએ તો જ તેઓ ઈષ્ટપ્રયોગોને સિદ્ધ કરવામાં સમર્થ બને છે.

એવી રીતે 'सङ्ख्या-डते० ६.४.१३०' વિગેરે સૂત્રોમાં પણ સङ્ખ્યા શબ્દથી લોકપ્રસિદ્ધ એવા એક આદિ સંખ્યાશબ્દો ગ્રહણ કરાશે અને 'डत्यतु सङ्ख्या' આવું પ્રસ્તુત સૂત્ર 'सङ्ख्या-डते० ६.४.१३०' આદિ સૂત્રોનાં सङ्ख्या શબ્દથી ગ્રહણ ન થતા કતિ વિગેરે શબ્દોને તે सङ्ख्या શબ્દથી ગ્રહણ કરાવવા દ્વારા સફળ થશે. આ પ્રમાણે આ સૂત્ર 'डत्यतु सङ्ख्या सङ्ख्या' આવું ગૌરવયુક્ત બનાવવાની કોઈ જરૂર નથી.

સમાધાન :- લોકમાં જેમ गोपालकमानय (ગોપાલભાઈને લાવો), कटजकमानय (કટજભાઈને લાવો) એવા પ્રયોગ દ્વારા ગામમાં 'ગોપાલક' અને 'કટજક' સંજ્ઞાવાળી જે વ્યક્તિ હોય તેને હાજર કરાય છે, ગોવાળીયાને કે ચટાઈને વિશે ઉત્પન્ન થયેલા કોઈ પુરુષને નહીં. કારણ તેઓ અકૃત્રિમ (સ્વાભાવિક) ગોપાલક અને કટજક છે. જ્યારે 'ગોપાલક' અને 'કટજક' નામના વ્યક્તિ ગાયોના પાલક કે ચટાઈને વિશે ઉત્પન્ન થયેલ નથી, પરંતુ તેમનું નામ એવું પાડવામાં આવ્યું છે, માટે તેઓ કૃત્રિમ છે. હવે ન્યાય છે કે ***'कृत्रिमाकृत्रिमयोः कृत्रिमस्यैव ग्रहणम्'***[A], એ ન્યાયબળે ત્યાં જેમ કૃત્રિમ ગોપાલક અને કટજકનું જ ગ્રહણ થાય છે, અકૃત્રિમનું નહીં. તેમ વ્યાકરણશાસ્ત્રમાં 'सङ्ख्या-डते० ६.४.१३०' વિગેરે સૂત્રોમાં सङ्ख्या શબ્દથી કોનું ગ્રહણ કરવું ? તમે કહ્યું એ મુજબ 'डत्यतु सङ्ख्या' એવું સંજ્ઞાસૂત્ર બનાવીએ તો डति અને अतु પ્રત્યયાન્ત નામોને 'सङ्ख्या' સંજ્ઞા થવાથી તે 'કૃત્રિમ સંખ્યા' મનાય. જ્યારે લોકપ્રસિદ્ધ એકત્વ, દ્વિત્વ વિગેરે સંખ્યા અકૃત્રિમ (સ્વાભાવિક) હોવાથી પૂર્વોક્ત ન્યાયથી કૃત્રિમ સંખ્યાનું જ ગ્રહણ થાય, એકત્વ વિગેરે અકૃત્રિમનું નહીં. જ્યારે ત્યાં તો બન્ને પ્રકારની સંખ્યાનું ગ્રહણ ઈષ્ટ છે. તેથી એકત્વ આદિના ગ્રહણ માટે સંજ્ઞાસૂત્ર રૂપે વર્તતા આ સૂત્રમાં અનિચ્છાએ પણ સંજ્ઞી રૂપે એક વધુ सङ्ख्या શબ્દને ગ્રહણ કરવો પડે જ.

શંકા :- લોકમાં કૃત્રિમનું ગ્રહણ તેમાં વર્તતી કૃત્રિમતાના કારણે થાય છે એવું નથી, પરંતુ અર્થ કે પ્રકરણને આશ્રયીને કૃત્રિમનું ગ્રહણ થાય છે. જેમકે અર્થ એટલે સામર્થ્ય. 'गोपालकमाह्वय माणवकमध्यापयिष्यति' સ્થળે જેના હાથમાં દંડ છે એવા ગાયોનું પાલન કરનાર વ્યક્તિમાં અધ્યાપનનું સામર્થ્ય ન હોવાથી અધ્યાપનના સામર્થ્યવાળો કૃત્રિમ 'ગોપાલક' નામનો કોઈ વિદ્વાન વ્યક્તિ લવાય છે, પરંતુ જેના હાથમાં લાકડી છે એવો અકૃત્રિમ ગોવાળીયો નથી

(A) કૃત્રિમ અને અકૃત્રિમ બન્નેનું ગ્રહણ સંભવતું હોય તો કૃત્રિમનું ગ્રહણ કરવું.

લવાતો. એવી રીતે પ્રકરણ એટલે તે તે ક્રિયાવિશેષ રૂપ પ્રસ્તાવ. ભોજનના પ્રકરણમાં 'सैन्धवमानय' કહેવામાં આવે તો 'મીઠું' લાવવામાં આવે છે અને બહાર ક્યાંક જવાનો પ્રસ્તાવ હોય તો 'ઘોડો' લાવવામાં આવે છે. એવી રીતે અનેક અર્થવાળા શબ્દસ્થળે થતા જ્ઞાનમાં સર્વત્ર તે તે ધર્મથી યુક્ત સઘળાં ય તે શબ્દના શક્ય (તે શબ્દગત શક્તિથી વાચ્ય) પદાર્થોની વિષય રૂપે ઉપસ્થિતિ થતા તે પૈકીના કયા પદાર્થને લઈને શાબ્દબોધ થાય ? આવા સંશયથી આકુળ થતા વ્યક્તિને સંયોગ, વિપ્રયોગ, સાહચર્ય, વિરોધ, અર્થ, પ્રકરણ, લિંગ, અન્યશબ્દનું સંનિધાન, દેશ અને કાળ[A] પૈકીનું કોઈપણ એક સ્વકીય જ્ઞાનની સહાયથી તે તે સ્થળે ઉપયોગી એવા પદાર્થનો શાબ્દબોધમાં ભાસ કરાવે છે. જો કે **'रूढेः योगापहारकत्वम्'**[B] નિયમ પણ અહીં સંભવે છે, છતાં પ્રકરણ આદિથી સહકૃત વ્યુત્પત્ત્યર્થ (યૌગિકાર્થ) પણ રુઢ્યર્થ કરતા બળવાન બને છે, આ વાતને ધ્યાનમાં રાખી પ્રસ્તુત વાત સમજવી.

જ્યાં પદાર્થનો નિશ્ચય કરાવનાર અર્થ-પ્રકરણાદિનો વિરહ હોય ત્યાં વ્યક્તિ સંશય કરે, કાં તો અકૃત્રિમ પદાર્થનો નિશ્ચય કરે. જેમકે નિર્ણય કરવામાં અકુશળ, હાલમાં જ આવેલાં, પ્રકરણને નહીં જાણતા ગ્રામ્યજનને કોઈ કહે કે 'गोपालकमानय' તો તે સંશય પામે કે 'ગોપાલક કોઈની સંજ્ઞા (નામ) હશે ? કે જેના હાથમાં લાકડી હોય એવો ગોવાળીયો આ પૂછનારને વિવક્ષિત હશે ?'. હવે કદાચ તેને વક્તાના તાત્પર્યના વિષયમાં સંશય ન થાય તો પણ તે વક્તાના તાત્પર્યવિશેષની બાબતમાં નિશ્ચયવાળો થાય કે 'જે પેલો ગોવાળીયો પ્રસિદ્ધ છે તેને લાવવાની વાત આના દ્વારા મને કહેવાઈ છે. કેમકે 'ગોપાલક' નામનો કોઈ પ્રસિદ્ધ વ્યક્તિ મારા ધ્યાનમાં નથી આવતો, આવું મને લાગે છે.' આમ વિચારી તે ગોવાળીયાને લેવા માટે પણ જાય.

સમાધાન :- તમે સંશયવાળી જે વાત બતાવી તે બરાબર નથી. કેમકે **'रूढेः योगापहारकत्वम्'** નિયમ મુજબ પેલા ગ્રામ્યજનને 'ગોપાલક' નામના વ્યક્તિ અને ગોવાળ પૈકીના રૂઢ વ્યક્તિનો નિશ્ચય થવાથી સંશયનો સવાલ ઊભો રહેતો નથી.

શંકા :- રૂઢ્યર્થ જો પ્રસિદ્ધ હોય તો જ તે યૌગિકાર્થ (વ્યુત્પત્ત્યર્થ) ને દૂર કરી શકે છે. પ્રસ્તુતમાં નવા આવેલા ગ્રામ્યજનને ગોપાલક શબ્દ 'ગોપાલક' નામના વ્યક્તિમાં રૂઢ છે, તે ખબર ન હોવાથી તેના માટે રૂઢ્યર્થ પ્રસિદ્ધ નથી.

વળી 'સંજ્ઞાપ્રકરણ નિયમ (સંકોચ) માટે થતું હોવાથી ગોપાલક શબ્દ તે નામના વ્યક્તિમાં સંકોચ પામવાથી ત્યાં વ્યુત્પત્ત્યર્થને લઈને ગ્રામ્યજનને ગોવાળનો નિશ્ચય થાય, આવો નિશ્ચયપક્ષ જે કહેવાયો તે પણ વ્યાજબી નથી. કેમકે તે ગ્રામ્યજનના ભ્રમ રૂપ હોવાથી' આવી શંકા પણ તમારે ન કરવી, કેમકે લોકમાં ગોપાલક આદિ શબ્દો જો કો'ક સજ્ઞિમાં સંકોચ પામે તો તેઓ બીજા સંજ્ઞિનો બોધ ન થવા દેવા રૂપ નિયમ કરે, પરંતુ ક્રિયાપ્રવૃત્તિનિમિત્તને પામેલ

(A) આ અંગે વિશેષ જાણવા '૧.૪.૫૫' સૂત્રના વિવરણનું પૃષ્ઠ ૨૧૧ થી ૨૧૩ જુઓ.

(B) રૂઢ્યર્થ વ્યુત્પત્ત્યર્થને દૂર કરે છે અર્થાત્ વ્યુત્પત્ત્યર્થ કરતા બળવાન બને છે.

(વ્યુત્પત્ત્યર્થ પ્રમાણેના) ગોવાળ આદિ પદાર્થનો તો તે તેની મર્યાદાક્ષેત્રમાં જ ન આવવાથી કેમ બોધ ન કરાવે ? કેમકે નિયમ (સંકોચ) હંમેશા સજાતીય (સરખી) વસ્તુને લઈને થાય. આમ આપણે આપણી મૂળ વાત સાથે અનુસંધાન કરીએ તો લોકમાં કૃત્રિમના ગ્રહણમાં તેની કૃત્રિમતા કારણ ન બનતી હોવાથી પૂર્વોક્ત શંકામાં કહ્યું તે પ્રમાણે એકત્વ આદિના ગ્રહણાર્થે આ સૂત્રમાં સંજ્ઞી રૂપે એક વધુ સङ્ખ્યા શબ્દને મૂકવાની જરૂર નથી. કેમકે એક આદિ શબ્દોને સङ્ખ્યા સંજ્ઞા કર્યા વિના પણ 'सङ्ख्या-डते० ६.४.१३०' આદિ સૂત્રોમાં તેમનું ગ્રહણ થઈ શકે છે.

સમાધાન :- ભલે કૃત્રિમના ગ્રહણમાં કૃત્રિમતા કારણ ન બને. પણ અર્થ કે પ્રકરણ આદિ લોકમાં અમુક અર્થને બાકાત કરી ચોક્કસ અર્થનો બોધ કરાવનાર રૂપે તો તમારા દ્વારા પણ સાદર સ્વીકારાય છે અને શાસ્ત્રમાં પણ પ્રકરણ વિદ્યમાન હોય તો ભલે અર્થવિશેષનો સ્વીકાર થાય. ડતિ અને અતુ પ્રત્યયાન્તને સંખ્યા સંજ્ઞા કરાઈ છે, તેથી બુદ્ધિના સાંનિધ્યરૂપ પ્રકરણ પ્રસ્તુતમાં પણ જાગૃત છે. આશય એ છે કે જે શબ્દમાં અલગ અલગ અર્થને જણાવવાની અનેક શક્તિઓ હોય, ત્યાં કેવા પ્રકારની શક્તિના જ્ઞાનને આશ્રયી કયા અર્થને જણાવવાની ઈચ્છાથી વક્તા દ્વારા વિવક્ષિત શબ્દ બોલાયો છે, એનો શ્રોતાને નિશ્ચય નથી હોતો. શાબ્દબોધ (શબ્દોને લઈને થતા વાક્યાર્થબોધ)માં સમાન વિષયક તાત્પર્યનો નિશ્ચય કારણ હોવાથી 'વક્તાનું કયા અર્થમાં તાત્પર્ય છે' તેના નિશ્ચયના અભાવમાં શાબ્દબોધ થઈ ન શકતા પ્રકરણાદિને આશ્રયી વક્તાના તાત્પર્યનો નિર્ણય કરાય છે અને તાત્પર્યનો નિર્ણય થતા શાબ્દબોધ થઈ શકે છે. હવે આ પ્રમાણેની વ્યવસ્થા હોતે છતે પ્રસ્તુતમાં सङ्ख्या શબ્દમાં એકત્વ આદિ પદાર્થને જણાવવાની લૌકિકશક્તિ છે, જ્યારે ડતિ અને અતુ પ્રત્યયાન્ત શબ્દોને જણાવવાની શાસ્ત્રીય શક્તિ છે. આથી કયા અર્થને જણાવવાની ઈચ્છાથી 'सङ्ख्या-डते० ६.४.१३०' વિગેરે સૂત્રોમાં આચાર્યશ્રી દ્વારા 'सङ्ख्या' શબ્દ ઉચ્ચારાયો હશે, તેની જિજ્ઞાસા વર્તતા શાસ્ત્રકારે પોતે જ 'डत्यतु सङ्ख्या' સૂત્ર બનાવી ડતિ અને અતુ પ્રત્યયાન્ત શબ્દોમાં सङ्ख्या શબ્દની શક્તિ જણાવવાથી તે શી રીતે એકત્વ આદિ અન્ય અર્થને જણાવવાની ઈચ્છાથી ઉચ્ચારાય ? આથી જ્ઞાનરૂપ પ્રકરણની સહાયથી ડતિ અને અતુ પ્રત્યયાન્ત શબ્દોમાં જ सङ्ख्या શબ્દને લગતા શાસ્ત્રકારના તાત્પર્યનો નિર્ણય થતા 'सङ्ख्या-डते० ६.४.१३०' આદિ સંખ્યાને લગતા પ્રદેશો (સ્થળો) માં સંખ્યા રૂપે ડતિ અને અતુ પ્રત્યયાન્ત શબ્દોનો જ બોધ સંભવતા લૌકિક એવી એકત્વ આદિ સંખ્યાનો ત્યાં બોધ ન થઈ શકે. આ વાતને લઈને ***'कृत्रिमाऽकृत्रिमयोः कृत्रिमे कार्यसम्प्रत्ययः'*** ન્યાય ફલિત થયો છે.

કેટલાક વૈયાકરણો એમ કહે છે કે ''મારા વ્યાકરણશાસ્ત્રમાં આ શબ્દથી આ જ અર્થો જાણવા' આ રીતે સંજ્ઞાસૂત્રો જે નિયમ કરે છે, તે ***'कृत्रिमाऽकृत्रिमयोः०'*** ન્યાયમાં બીજ છે.'' તે આ પ્રમાણે - કોઈપણ શબ્દને લઈને કોઈકને 'આ શબ્દનો આ અર્થ થાય છે', 'આ શબ્દનો આ અર્થ થાય છે' આવો શક્તિનો ભ્રમ થવાથી, તો કોઈકને લક્ષણાને આશ્રયી પ્રત્યેક શબ્દ દ્વારા બધા જ અર્થના બોધની ઉત્પત્તિ થતી હોવાથી 'બધા શબ્દો બધા અર્થના બોધક હોય છે' આ વાત સિદ્ધ થાય છે. વૈયાકરણોના મતે 'અર્થની બોધકતા' એ જ શબ્દમાં વર્તતી અર્થને જણાવવાની શક્તિ છે. આથી બધા શબ્દોમાં બધા અર્થને જણાવવાની શક્તિ હોય છે આ વાત સિદ્ધ થાય છે.

શંકા :- જો બોધકતારૂપ શક્તિને લઈને બધા શબ્દો બધા અર્થના વાચક બનતા હોય તો તમારા મતે બધું કામ શક્તિથી જ પતી જતું હોવાથી શક્તિના ભ્રમથી કે લક્ષણાથી બોધ થાય છે વિગેરે વાત ઘટી નહીં શકે ?

સમાધાન :- એવી જ વાત છે. અમે (વ્યાકરણકારોએ) શક્તિભ્રમથી કે લક્ષણાથી બોધ થતો સ્વીકાર્યો જ નથી. આ તો બીજાઓના મતે શક્તિભ્રમ અને લક્ષણાથી બોધનો વ્યવહાર છે. આમ શબ્દમાં વર્તતી બોધકતારૂપ શક્તિથી જ અર્થ જણાતા હોવાથી ***'सर्वे सर्वार्थवाचकाः'*** આવો પૂર્વાચાર્યોનો વ્યવહાર છે.

હવે આ પ્રમાણે હોતે છતે 'વૃદ્ધિ' સંજ્ઞા વિગેરે પદોને વિશે જેમ આ-આર્-ઐ-ઔ આદિને જણાવવાની શક્તિ છે, તેમ તેમનામાં ડતિ અને અતુ પ્રત્યયાન્ત શબ્દોને જણાવવાની શક્તિ હોવાથી દરેક પદ દ્વારા દરેક પદાર્થનો બોધ લૌકિકશક્તિથી જ સિદ્ધ હોવાથી 'वृद्धिरादैच् ૩.૩.૧' વિગેરે સંજ્ઞાસૂત્રો નકામા થવાથી તેઓ નિયમ કરે છે કે 'મારા શાસ્ત્રમાં ***'सर्वे सर्वार्थवाचकाः'*** નિયમ મુજબ 'વૃદ્ધિ' આદિ શબ્દોથી બધા અર્થનો બોધ નહીં થાય, પરંતુ તેમનાથી આ-આર્-ઐ-ઔ વિગેરેનો જ બોધ થશે.' આમ સ્વાભાવિક લૌકિકશક્તિથી બધા અકૃત્રિમ પદાર્થોનો બોધ ન થતાં નિયમને આશ્રયી ચોક્કસ પ્રકારના કેટલાક કૃત્રિમ પદાર્થોનો જ બોધ થતો હોવાથી જણાય છે કે ***'कृत्रिमाऽकृत्रिमयोः कृत्रिमे कार्यसम्प्रत्ययः'*** આવો ન્યાય છે.

બીજા કેટલાક વૈયાકરણો આ વાતને સહન કરતા નથી. તેમનું કહેવું એમ છે કે સંજ્ઞાસૂત્રો જેમને વિશે શક્તિનો ગ્રહ નથી થયો તેવી વસ્તુને વિશે શક્તિગ્રાહક રૂપે બનવાથી વિધિસૂત્ર રૂપે ગણાતા તેઓ નિયમ કરી શકતા નથી. વાત એવી છે કે વૃદ્ધિ વિગેરે શબ્દોમાં આ-આર્-ઐ-ઔ વિગેરેને જણાવવાની શક્તિ હોવા છતાં પણ લોકમાં વૃદ્ધિ આદિ શબ્દથી આ-આર્-ઐ-ઔ વિગેરેનો બોધ થતો ન હોવાથી વ્યવહાર વિગેરેને આશ્રયીને તેમનામાં વૃદ્ધિ આદિ શબ્દની શક્તિનો ગ્રહ નથી સંભવતો. તથા વૃદ્ધિ વિગેરે શબ્દોમાં આ-આર્-ઐ-ઔ વિગેરેને જણાવવાની પડેલી અજ્ઞાતશક્તિને લઈને પણ તેમનો બોધ નથી થઈ શકતો. માટે વૃદ્ધિ આદિને લગતા સંજ્ઞાસૂત્રો 'આ-આર્-ઐ-ઔ વિગેરેમાં વૃદ્ધિ આદિ શબ્દોની શક્તિ છે' આવું શક્તિનું જ્ઞાન ઉત્પન્ન કરવામાં વિધાયક બનવાથી તેઓ નિયમ ન કરી શકે. માટે ઉપરોક્ત રીતે નિયમને આશ્રયીને ***'कृत्रिमाऽकृत्रिमयोः०'*** ન્યાયની સિદ્ધિ ન થઈ શકે.

શંકા :- જો તમે આમ કહેશો તો ***'सर्वे सर्वार्थवाचकाः'*** આ વાતની ઘટમાનતા શી રીતે થશે ?

સમાધાન :- ***'सर्वे सर्वार्थ०'*** નિયમ તો યોગીજનની અપેક્ષાએ છે. કેમકે યોગીઓમાં એવી તાકાત હોય છે કે તેઓ કોઈપણ શબ્દને લઈને તે તે ધર્મને આગળ કરી દરેક પદાર્થને જાણી શકે છે અને આપણે સામાન્યજનો તે તે દરેક ધર્મના જ્ઞાનમાં અધૂરા હોવાથી કોઈ પણ શબ્દને લઈને તે તે ધર્મને આગળ કરી દરેક પદાર્થને જાણવાને સમર્થ બનતા નથી. આથી આપણી દૃષ્ટિએ ***'सर्वे सर्वार्थ०'*** નિયમ આંધળા માણસની હથેળીમાં મૂકેલા તીવ્ર પ્રકાશવાળા દીવા સમાન સમજવો.

શંકા :- ઘટાદિપદમ્ અર્થવાચકમ્ પદત્વાદ્ આ અનુમાનમાં 'યત્ર યત્ર પદત્વં તત્ર તત્રાઽર્થવાચકત્વમ્' આવી વ્યાપ્તિ પ્રાપ્ત થાય છે. હવે વ્યાપ્તિગ્રાહક વ્યક્તિ દરેક પદત્વના આશ્રય પદોમાં સકલ અર્થવાચકત્વ છે કે નહીં તે તપાસવા નથી જતો, પણ કેટલાક અર્થોનું વાચકત્વ તપાસી પછી સામાન્યલક્ષણાસન્નિકર્ષને આશ્રયી અર્થત્વાવચ્છિન્ન (અર્થત્વથી યુક્ત) સકલ અર્થની વ્યાપ્તિનો ગ્રહ પદત્વમાં કરે છે. અર્થાત્ આ રીતે આપણા જેવા સામાન્યજનને પણ પદમાં વર્તતી સકલ અર્થને જણાવવાની શક્તિનું ભાન થાય છે. આમ આપણી અપેક્ષાએ પણ ***'सर्वे सर्वार्थवाचकाः'*** આ નિયમ ઘટમાન થઈ શકે છે.

સમાધાન :- આમ ન કહેવું. કેમકે શક્તિનું જ્ઞાન, અર્થની ઉપસ્થિતિ અને તેને લઈને થતા અખંડ વાક્યાર્થબોધ રૂપ શાબ્દબોધ વચ્ચે સમાન પ્રકારે કાર્ય-કારણભાવ હોવાથી જો વ્યક્તિને વિવક્ષિત શબ્દમાં 'અર્થત્વ' ધર્મને લઈને શક્તિનો ગ્રહ થયો હોય અર્થાત્ 'આ શબ્દ ઘટ અર્થ કે પટ અર્થનો વાચક છે' આમ ઘટત્વ કે પદત્વ ધર્મને લઈને શક્તિ-નો ગ્રહ ન થતા 'આ શબ્દ અમુક અર્થનો વાચક છે' આ રીતે શક્તિનો ગ્રહ થયો હોય તો તે વિવક્ષિત શબ્દથી 'કયો અર્થ'? એ સ્પષ્ટતા વિના 'અમુક અર્થ' આવી જ ઉપસ્થિતિ થાય અને શાબ્દબોધમાં પણ 'અમુક અર્થ છે' આ રીતે જ વાક્યાર્થ ભાસે. આ રીતે 'ઘટત્વ' વિગેરે વિશેષધર્મો શાબ્દબોધમાં ભાસી ન શકવાથી આપણા જેવા સામાન્યજનની અપેક્ષાએ ***'सर्वे सर्वार्थ०'*** નિયમ શી રીતે ઘટી શકે ? કેમકે ***'सर्वार्थवाचकाः'*** અંશનો અર્થ 'અર્થત્વ ધર્મને વ્યાપ્ય એવા ઘટત્વ, પટત્વ આદિ સઘળાં ય તે તે ધર્મોથી યુક્ત સકલ ધર્મીના વાચક' અર્થાત્ 'સઘળાં ય અર્થવિશેષના વાચક' આવો થાય છે. આમ પ્રસ્તુતમાં નિયમને લઈને ***'कृत्रिमाऽकृत्रिमयोः०'*** ન્યાય સિદ્ધ ન થઈ શકતા લોકપ્રસિદ્ધ એવી એકત્વ આદિ સંખ્યાના ગ્રહણાર્થે આ સૂત્ર સંજ્ઞાસૂત્ર છે, એ પક્ષે આ સૂત્રના સંજ્ઞિને જણાવતા અંશમાં પણ એક સઙ્ખ્યા શબ્દ વધુ ગ્રહણ કરવો જરૂરી બને.

અહીં કેટલાક એવું સમાધાન કરે છે કે 'વ્યાખ્યાકારની પરંપરાથી જણાયેલ વક્તાના તાત્પર્યની અનુપપત્તિ થતી હોવાથી અમે પ્રકરણાદિનો આશ્રય નહીં કરીએ.' આશય એ છે કે પૂર્વે આ વાત કહેવાઈ ગઈ છે કે બુદ્ધિના સાંનિધ્યરૂપ પ્રકરણની સહાયથી પ્રસ્તુતમાં કૃત્રિમ ડતિ અને અતુ પ્રત્યયાન્ત શબ્દોમાં જ શાસ્ત્રકારના (વક્તાના) સઙ્ખ્યા શબ્દના તાત્પર્યનો નિર્ણય થાય છે, પરંતુ ક્વચિત્ સૂત્રની વ્યાખ્યા જોતા તે તે સૂત્રોમાં કૃત્રિમ અને અકૃત્રિમ બન્નેનું ગ્રહણ થતું દેખાતા ફરી સૂત્રકારશ્રીના તાત્પર્યની અનુપપત્તિ થતા તાત્પર્યની ઉપપત્ત્યર્થે પ્રકરણાદિનો આશ્રય નથી કરી શકાતો અને તેમ થતા કૃત્રિમ અને અકૃત્રિમ બન્નેનું ગ્રહણ જણાય છે. અર્થાત્ પ્રસ્તુતમાં ડતિ અને અતુ અંતવાળા શબ્દ રૂપ પારિભાષિકસંખ્યા અને એકત્વ આદિ રૂપ લૌકિકસંખ્યા બન્નેનું ગ્રહણ થાય છે. આથી ક્યાંક ***'कृत्रिमाऽकृत्रिमयोः०'*** ન્યાયના અનાદરથી જ ***'क्वचिदुभयगतिः'*** ન્યાય ફલિત થાય છે. આ ન્યાયથી 'શાસ્ત્રમાં ક્યાંક લૌકિક અને અલૌકિક (પારિભાષિક) બન્ને પ્રકારના વક્તાના તાત્પર્ય હોય છે' આવો અર્થ જણાય છે. હવે આ બન્ને પ્રકારના બોધ સૂત્રમાં વર્તતા એકના એક શબ્દની બે વાર આવૃત્તિ કરવાથી પ્રાપ્ત થઈ શકે છે. તેથી આ સૂત્રના સંજ્ઞિકોટીમાં ગૌરવ કરતું વધું એક સઙ્ખ્યા શબ્દનું ગ્રહણ કરવું જરૂરી નથી બનતું.

અહીં બીજા કેટલાક એમ કહે છે કે 'सङ्ख्या-डतेश्चाऽशत्० ६.४.१३०' સૂત્રમાં अशत् પદ મૂકી शत् નો પ્રતિષેધ કર્યો છે. તેનાથી ***'क्वचिदुभयगतिः'*** ન્યાય જ્ઞાપિત થાય છે. અન્યથા પ્રશ્ન થાય કે ''લોકપ્રસિદ્ધ એવી એક આદિ સંખ્યાથી અતિરિક્ત એવી પારિભાષિક આ કઈ शत् અંતવાળી કે ति અંતવાળી સંખ્યા છે કે જેને क प्रत्यय થવાની પ્રાપ્તિ વર્તતા તેનો પ્રતિષેધ કરવો પડે ?''

હવે ***'क्वचिदुभयगतिः'*** ન્યાયમાં ઉભય શબ્દ કૃત્રિમ અને અકૃત્રિમ બન્નેને જણાવે છે, તથા ગતિ શબ્દ 'જ્ઞાન' અથવા 'ગ્રહણ' અર્થને જણાવે છે. તેથી ન્યાયનો અર્થ 'ક્યાંક કૃત્રિમ અને અકૃત્રિમ બન્નેનું ગ્રહણ થાય છે' આવો થાય છે. ન્યાયમાં क्वचित् શબ્દ મૂક્યો હોવાથી આ ન્યાયની સર્વત્ર પ્રવૃત્તિ નથી થતી. જ્યાં આ ન્યાયની પ્રવૃત્તિ ન થાય ત્યાં ***'कृत्रिमाऽकृत्रिमयोः०'*** ન્યાયની પ્રવૃત્તિ થવાથી કૃત્રિમનું ગ્રહણ થાય. ***'कृत्रिमाऽकृत्रिमयोः०'*** ન્યાય પણ તરલ (અસાર્વત્રિક/અનિત્ય) હોવાથી ક્યાંક અકૃત્રિમનું પણ ગ્રહણ થાય.

હવે ક્યાં કૃત્રિમ-અકૃત્રિમ બન્નેનું ગ્રહણ થાય ? ક્યાં કૃત્રિમનું ગ્રહણ થાય ? અને ક્યાં અકૃત્રિમનું ગ્રહણ થાય? આ બાબતમાં પ્રયોગને અનુસરતી વ્યાખ્યા (વૃત્તિ) એ જ શરણ છે. જેમકે 'नाडी-तन्त्रीभ्यां स्वाङ्गे ७.३.१८०' સૂત્રથી बहुनाडिः कायः, बहुतन्त्री ग्रीवा સ્થળે જેમ કૃત્રિમ સ્વાઙ્ગ અર્થમાં વર્તતા નાડી અને તન્ત્રી શબ્દોને कच् પ્રત્યયનો નિષેધ કરાય છે, તેમ बहुनाडिः स्तम्बः, बहुतन्त्री वीणा અહીં અકૃત્રિમ સ્વાઙ્ગ અર્થમાં વર્તતા નાડી અને તન્ત્રી શબ્દોને પણ कच् પ્રત્યયનો નિષેધ કરવામાં આવ્યો છે. આથી ત્યાં કૃત્રિમ-અકૃત્રિમ ઉભયનું ગ્રહણ કરવામાં આવ્યું છે. बहुनाडिः स्तम्बः અને बहुतन्त्री वीणा સ્થળે નાડી અને તન્ત્રી પ્રાણિસ્થ ન હોવાથી તેઓ કૃત્રિમ સ્વાઙ્ગ નથી બનતા. જેમકે કહેવાયું છે કે -

'अविकारोऽद्रवं मूर्तं प्राणिस्थं स्वाङ्गमुच्यते। च्युतं च प्राणिनस्तत्तत्रिभं च प्रतिमादिषु।।'

[**અર્થ :** જે સોજાની જેમ વિકારરૂપ ન હોય, જે શ્લેષ્મની જેમ દ્રવીભૂત પદાર્થ ન હોય, જે જ્ઞાન આદિની જેમ અમૂર્ત પદાર્થ ન હોય પણ મૂર્ત હોય અને જે પ્રાણીસ્થ હોય તેને સ્વાઙ્ગ કહેવાય. પછી ભલે તે શરીરથી કપાઈને છૂટું પડી ગયું હોય કે શરીરના અવયવની જેમ પ્રતિમા, ચિત્ર વિગેરેમાં જેવા મળતું હોય તો પણ તે સ્વાઙ્ગ ગણાશે.]

આ શ્લોક મુજબ સ્વાઙ્ગને ચોક્કસ અર્થમાં નિયમિત કરવામાં આવે છે, માટે તેને કૃત્રિમ સ્વાઙ્ગ કહેવાય છે. बहुनाडिः स्तम्बः તથા बहुतन्त्री वीणा સ્થળે આ શ્લોકનો અર્થ ન ઘટતા ત્યાં કૃત્રિમ સ્વાઙ્ગ ન ગણાતા અકૃત્રિમ સ્વાઙ્ગ ગણાય છે.

શંકા :- સ્તમ્બ એ એકેન્દ્રિય પ્રાણી હોવાથી बहुनाडिः स्तम्बः સ્થળે નાડી કેમ અપ્રાણિસ્થ કહેવાય ?

સમાધાન :- 'प्राण्यौषधि-वृक्षेभ्यो० ६.२.३१' સૂત્રમાં પ્રાણીના ગ્રહણથી જ ચેતન રૂપે સમાન વૃક્ષ અને ઔષધિનું પણ ગ્રહણ થઈ શકે એમ હતું, છતાં ત્યાં ઔષધિ અને વૃક્ષ શબ્દોને અલગ મૂકી તેમનું જુદું ગ્રહણ કર્યું છે, તેનાથી આ વાત જણાય છે કે 'આ વ્યાકરણમાં प्राणिन् શબ્દથી ત્રસ (બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય) જીવો જ લેવાના છે, સ્થાવર નહીં.' આમ એકેન્દ્રિય સ્તમ્બ પ્રાણી ન ગણાતા ત્યાં નાડી અપ્રાણિસ્થ જ ગણાય.

એવી રીતે 'असह-नञ्-विद्यमानपूर्वपदात् स्वाङ्गाद्० २.४.३८' સૂત્રમાં ઉપરોક્ત શ્લોકમાં બતાવ્યા પ્રમાણેનું કૃત્રિમ સ્વાઙ્ગ જ લેવાય છે, પણ स्वम् अङ्गम् अवयवः = स्वाङ्गम् આ વ્યુત્પત્તિ મુજબનું અકૃત્રિમ સ્વાઙ્ગ નથી લેવાતું. તેથી દીર્ઘમુખા શાલા સ્થળે મુખ એ શાળાની અપેક્ષાએ લોકપ્રસિદ્ધ એવું સ્વાઙ્ગ હોવા છતાં શાળા અપ્રાણી હોવાથી તેનું મુખ શ્લોકમાં કહ્યાં પ્રમાણેનું પારિભાષિક સ્વાઙ્ગ ન બનવાથી ત્યાં ङी પ્રત્યય ન થઈ શક્યો.

હવે 'शिरोऽधसः पदे समासैक्ये २.३.४' સૂત્રમાં પદ શબ્દથી અકૃત્રિમ એવો પદ શબ્દ જ ગ્રહણ કર્યો છે, પરંતુ પારિભાષિક (કૃત્રિમ) એવું વિભક્ત્યન્ત પદ ગ્રહણ નથી કરાયું. તેથી शिरस्पदम् અને अधस्पदम् સ્થળે र् નો स् આદેશ થયો હોય એવા આ પ્રયોગ સિદ્ધ થઈ શકે છે.

શંકા :- 'शिरोऽधसः० २.३.४' સૂત્રમાં પારિભાષિક એવા વિભક્ત્યન્ત પદને ગ્રહણ કરવામાં આવે તો પણ शिरस्पदम् અને अधस्पदम् સ્થળે पदम् એ વિભક્ત્યન્ત પદ હોવાથી शिरस् અને अधस् ના र् નો स् આદેશ થઈ જ શકવાનો છે. માટે તે સૂત્રમાં અકૃત્રિમ સ્વાઙ્ગને લેવું જરૂરી નથી.

સમાધાન :- જો પારિભાષિક વિભક્ત્યન્ત પદને ત્યાં ગ્રહણ કરીએ તો પદ શબ્દ સિવાયના વિભક્ત્યન્ત ઘટ-પટ આદિ શબ્દો પરમાં હોય તો પણ शिरस् અને अधस् ના र् નો स् આદેશ થવાની આપત્તિ આવે. આથી તે સૂત્રમાં અકૃત્રિમ સ્વાઙ્ગ લેવું જરૂરી છે.

આ રીતે તે તે સૂત્રોમાં કૃત્રિમ કે અકૃત્રિમ અથવા ઉભયનું ગ્રહણ ભલે થતું હોય તેમ થતું. પ્રસ્તુતમાં ***'क्वचिदुभयगतिः'*** ન્યાયનો આશ્રય કરવાથી આ સૂત્રના સંજ્ઞી અંશમાં વધારાના सङ्ख्या શબ્દને ગ્રહણ કરવાની જરૂર નથી. આથી આ સૂત્ર સંજ્ઞાસૂત્ર હોવા છતાં કોઈ આપત્તિ નથી.

શંકા :- સાચી વાત છે. તમારી વાત નિર્દોષ હોવાથી અમે સ્વીકારીએ છીએ, પરંતુ અહીં આ વાત ધ્યાનમાં રાખવી કે ભલે સંજ્ઞાપક્ષે લક્ષ્ય (પ્રયોગ)ની અસિદ્ધિ થવા રૂપ દોષ ન આવે, પરંતુ ***'कृत्रिमाऽकृत्रिमयोः०'*** આવા આદરપાત્ર ન્યાયનો અસ્વીકાર અને ***'क्वचिदुभयगतिः'*** ન્યાયનો સ્વીકાર કરવો, પાછું ***'क्वचिदुभयगतिः'*** ન્યાયને સ્વીકારવામાં કૃત્રિમ ડતિ અને અતુ અંતવાળી સંખ્યા અને અકૃત્રિમ એકત્વ આદિ સંખ્યાને ગ્રહણ કરવા આ સૂત્રમાં વર્તતા सङ्ख्या શબ્દની આવૃત્તિ કરવી, ક્વચિત્ સૂત્રના પદથી વિષયવિશેષનો નિર્ણય ન થતા વ્યાખ્યાવિશેષનું આલંબન લેવું તથા વ્યાખ્યાવિશેષ હોવા છતાં બીજી રીતે વ્યાખ્યા ન થઈ શકે તે માટેના પ્રમાણાન્તરને શોધવું, આ રીતે ઘણા પ્રયાસો

કરવા પડતા હોવાથી આ સૂત્રના સંજ્ઞાસૂત્રપક્ષે ભલે 'ડત્યતુ સડ્ખ્યા' આવું સૂત્ર બનાવી એક સડ્ખ્યા શબ્દને વધારે લઈ થતા ગૌરવને તથા વત્ શબ્દના કારણે થતા ગૌરવને અર્થાત્ આ બન્ને કંઠતાલુ અભિઘાતજન્ય ગૌરવને (માત્રા ગૌરવને) વારવામાં આવે, પરંતુ મનોગૌરવ (કલ્પના ગૌરવ = પ્રક્રિયા ગૌરવ) ઘણું આવી પડે છે. કંઠતાલુઅભિઘાતજન્ય ગૌરવ એ જ ગૌરવ ગણાય અને મનોગૌરવ ગૌરવ ન ગણાય એવી કોઈ રાજાજ્ઞા નથી. આથી ઘણું મનોગૌરવ કરવા કરતાં લાઘવ માટે આ સૂત્રના સંજ્ઞાસૂત્રપક્ષે વધુ એક સડ્ખ્યા શબ્દનું ગ્રહણ કરવું એ જ ઉચિત ગણાય.

સમાધાન :- 'ડત્યતુ સડ્ખ્યા સડ્ખ્યા' આ રીતે એક સડ્ખ્યા શબ્દ વધુ મૂકવો, તેના કરતા તો આ સૂત્ર વત્ શબ્દપૂર્વકનું 'ડત્યતુ સડ્ખ્યાવત્' આ રીતે બનાવી તેને અતિદેશસૂત્ર રૂપે ગણાવવું જ ઉચિત છે.

શંકા :- આ સૂત્રને અતિદેશસૂત્ર રૂપે સ્વીકારવામાં આવે તો પણ આ સૂત્ર 'ડત્યતુ સડ્ખ્યા' આવું વત્ શબ્દ વગરનું જ બનાવવું જોઈએ. કેમકે વત્ પ્રત્યય વિના પણ 'ડતિ અને અતુ પ્રત્યયાન્ત શબ્દો સંખ્યાવાચક શબ્દો સમાન ગણાય છે' આવો અતિદેશ જણાઈ જ આવે છે. તે આ રીતે - બ્રહ્મદત્તમાં રહેલા ગુણ જેવા કોઈક ગુણો જ્યારે બ્રહ્મદત્તભિન્નમાં (યજ્ઞદત્તમાં) જોવા મળે અને તેને ઉદ્દેશીને એષ: બ્રહ્મદત્ત: એવો પ્રયોગ કરાય તે વખતે શ્રોતા એવો નિશ્ચય કરે છે કે 'જે બ્રહ્મદત્ત નથી તેને આ બ્રહ્મદત્તરૂપે ઓળખાવે છે. તેથી જણાય છે કે આ (યજ્ઞદત્ત) બ્રહ્મદત્તવત્ (બ્રહ્મદત્તસદશ) છે.'

તે જ રીતે અહીં પણ નિયતવિષયના પરિચ્છેદમાં હેતુભૂત અને લોકપ્રસિદ્ધ એવી સંખ્યાવાચક શબ્દોથી ભિન્ન (ત્રિત્વ વિગેરે સંખ્યાની અપેક્ષાએ વ્યાપક એવી અખંડ ઉપાધિરૂપ બહુત્વ વિગેરે ધર્મોથી વિશિષ્ટ એવી વસ્તુઓ માટે વપરાતા) બહુ આદિ ડતિ અને અતુ પ્રત્યયાન્ત શબ્દોમાં સંખ્યાવાચક શબ્દોને લઈને જેવા કાર્યો થતા હોય, તેવા કાર્યની ક્ષમતારૂપ સાદશ્યનું અનુસંધાન થવાથી 'ડત્યતુ સડ્ખ્યા' એમ પ્રતિપાદન કરાય તો પણ તેનાથી અધ્યેતાને સમજાઈ જાય કે જે સડ્ખ્યા રૂપ નથી, તેને સંખ્યારૂપે પ્રતિપાદન કરાય છે. તેથી નક્કી તે સડ્ખ્યાવત્ હશે. આ રીતે વત્ ના ઉપાદાન વગર પણ વત્ નો બોધ થશે.

સમાધાન :- તમે કહ્યું એ પ્રમાણે તો સડ્ખ્યા શબ્દનો શક્યાર્થ (મુખ્યાર્થ) બાધિત થતો હોવાથી તેની સડ્ખ્યાવત્ એવી લક્ષણા કરવી પડે. તેવી લક્ષણા કરવા પાછળ કોઈ પ્રયોજન ન હોવાથી તમારી 'ડત્યતુ સડ્ખ્યા' એવું સૂત્ર બનાવવાની વાત યોગ્ય ઠરતી નથી.

જ્યાં પદનો મુખ્યાર્થ બાધિત થતો હોય ત્યાં મુખ્યાર્થના સંબંધ રૂપ લક્ષણા કરાતી હોય છે. જેમ ગઙ્ગાયાં ઘોષ:, અહીં મુખ્યાર્થ 'ગંગાપ્રવાહમાં ઘોષ (ઝૂંપડું)' છે, પરંતુ પાણીમાં ઝૂંપડું ન સંભવે. આમ મુખ્યાર્થ બાધિત થવાથી ગઙ્ગા પદની ગઙ્ગાતીર માં લક્ષણા કરાય છે કે જેથી ગઙ્ગાતીરે ઘોષ: એવો સંગત અર્થ પ્રાપ્ત થાય.

તે લક્ષણા[A] બે પ્રકારની છે. (૧) નિરૂઢલક્ષણા → જે અનાદિ તાત્પર્યવતી હોય છે, તે નિરૂઢલક્ષણા છે. કોઈ પણ પ્રયોજન વિના કેવળ લોકમાં તેવા પ્રકારના પ્રયોગની પ્રસિદ્ધિ જોઈને જ્યાં લક્ષણાનો આશ્રય કરાય છે, તેને નિરૂઢલક્ષણા કહેવાય છે. જેમકે - कर्मणि कुशलः, અહીં कुशाल्लाति इति कुशलः એ વ્યુત્પત્તિથી 'દર્ભ (તૃણ વિશેષ) ને ગ્રહણ કરનાર' એ कुशल પદનો મુખ્યાર્થ છે. દર્ભ લાવવા સિવાયના કાર્યમાં તે અર્થ બાધિત થતો હોવાથી कुशल પદની લક્ષણા 'નિપુણ' અર્થના બોધક પદમાં થશે. દર્ભ તીક્ષ્ણ અને સૂક્ષ્મ હોવાથી આંગળી ભેદાય નહીં તે રીતે નિપુણતાપૂર્વક ગ્રહણ કરવું પડે છે. તે નિપુણતાના સારૂપ્યથી અન્યકાર્યમાં નિપુણવ્યક્તિને ઉદ્દેશીને પણ અનાદિવૃદ્ધ વ્યવહારપરંપરાથી कुशल શબ્દનો પ્રયોગ થાય છે. આમ कुशल શબ્દ કોઈપણ કાર્યમાં નિપુણ વ્યક્તિમાં અનાદિથી રૂઢ હોવાથી તેને નિરૂઢલક્ષણા કહેવાય છે.

(૨) પ્રયોજનવતી લક્ષણા → જ્યારે કોઈક પ્રયોજનવશ લક્ષણાનો આશ્રય કરાય છે, તેને પ્રયોજનવતી લક્ષણા કહેવાય છે. જેમકે गङ्गायां घोषः અહીં લક્ષણાનો ત્યાગ કરી મુખ્યાર્થવાળો गङ्गातीरे घोषः એવો પ્રયોગ કરવામાં આવે તો ઘોષ (ઝૂંપડા) ને વિશે શીતળતા અને પવિત્રતાનો તેવો અતિશય પ્રતીત ન થાય, જેવો गङ्गायां घोषः સ્થળે થાય. તેથી અહીં શીતળતા અને પવિત્રતાના અતિશયને બતાવવાના પ્રયોજનથી લક્ષણાનો આશ્રય કરાય છે. આને આધુનિકીલક્ષણા પણ કહેવાય છે.

चैत्रो बलीवर्दः, અહીં 'ચૈત્ર બળદ છે' એવો મુખ્યાર્થ બાધિત થતો હોવાથી 'ચૈત્ર બળદીયા જેવો (बलीवर्दसदृशः) છે' એવી લક્ષણા કરાશે. જેનાથી 'ચૈત્ર મૂર્ખ છે' એવો અર્થ પ્રતીત થશે. चैत्रो बलीवर्दः પ્રયોગમાં જેવી વેધકતા કે ચિત્તમાં ચમત્કૃતિ પેદા કરવાની તાકાત છે, તેવી चैत्रो मूर्खः પ્રયોગમાં નથી. તેથી ત્યાં લક્ષણાનો આશ્રય કરાય છે.

હવે પ્રસ્તુતમાં વિચારીએ તો सङ्ख्या શબ્દ डति અને अतु પ્રત્યયાન્ત નામમાં અનાદિથી રૂઢ નથી કે જેથી ત્યાં નિરૂઢલક્ષણા માનવી પડે. પ્રયોજનવતી લક્ષણા અંગે વિચારીએ તો डत्यतु सङ्ख्या એમ सङ्ख्या શબ્દનો ઉલ્લેખ કરી તેની सङ्ख्यावत् એમ લક્ષણા કરવા પાછળ કોઈ પ્રયોજન નથી, કારણ કે सङ्ख्यावत् શબ્દથી જે અર્થ પ્રતીત થાય છે, તેટલો જ અર્થ सङ्ख्या શબ્દની લક્ષણા કરવાથી પ્રતીત થાય છે, અધિક નહીં. તેથી सङ्ख्यावत् પ્રયોગથી જ જે વિવક્ષિત અર્થની સિદ્ધિ થતી હોય તો નિરર્થક सङ्ख्या શબ્દનો પ્રયોગ કરીને લક્ષણાનો આશ્રય કરવો ઉચિત નથી.

જ્યારે 'यज्ञदत्तने ઉદ્દેશીને एष ब्रह्मदत्तः એવો પ્રયોગ થાય છે', એવી તમે જે વાત કરી, ત્યાં બ્રહ્મદત્તમાં રહેલા અસાધારણ ગુણો યજ્ઞદત્તમાં રહેલાં છે, એ જણાવવાનું પ્રયોજન હોવાથી તેવો પ્રયોગ કરાય છે. તે પ્રયોજન एष ब्रह्मदत्तसदृशः પ્રયોગથી નથી સરતું, માટે ત્યાં લક્ષણાનો આશ્રય કરવો ઉચિત છે.

આમ डत्यतु सङ्ख्या સૂત્ર બનાવી सङ्ख्या ની सङ्ख्यावत् માં લક્ષણા કરવાનું કોઈ પ્રયોજન ન હોવાથી डत्यतु सङ्ख्यावत् સૂત્ર બનાવવું, એ જ યોગ્ય છે ।।૩૯।।

(A) *मुख्यार्थस्य बाधे तेन मुख्यार्थेन स्वसंयुक्तस्यार्थस्य रूढितः प्रयोजनाद्वा यत्प्रतिपादनं सा लक्षणा।*

(सर्वदर्शनसंग्रह ગ્રન્થમાં पातञ्जलदर्शन (પેજ-૩૭૩))

बहु–गणं भेदे ।।१.१.४०।।

बृ.वृ.–'बहु'[(1)] 'गण' इत्येतौ शब्दौ भेदे वर्तमानौ सङ्ख्यावद्[(2)] भवतः, भेदो[(3)] नानात्वमेकत्वप्रतियोगि। बहुकः[(4)], बहुधा, बहुकृत्वः। गणकः, गणधा, गणकृत्वः। भेद[(5)] इति किम्? वैपुल्ये सङ्घे च सङ्ख्याकार्यं मा भूत्। बहुगणौ न नियतावधिभेदाभिधायकाविति सङ्ख्याप्रसिद्धेरभावाद् वचनम्, अत एव भूर्यादिनिवृत्तिः ।।४०।।

सूत्रार्थ :- બહુ અને ગણ શબ્દ ભેદવાચક હોય તો સંખ્યાવત્ થાય છે.

सूत्रसमास :- ◆ बहुश्च गणश्चेत्यनयोः समाहार इति बहुगणम् (स.द्व.)।

विवरण :- (1) સૂત્રમાં બહુ-ગણમ્ સ્થળે 'चार्थे द्वन्द्वः० ૩.૧.૧૧૭' સૂત્રથી સમાહારદ્વન્દ્વસમાસ થયો છે. તેમાં 'लघ्वक्षराऽसखीदुत्० ૩.૧.૧૬૦' સૂત્રના इदुत् અંશના કારણે उ કારાન્ત बहु શબ્દનો પૂર્વમાં પ્રયોગ થયો છે. અહીં અર્ધમાત્રાનું લાઘવ થાય તે માટે સમાહારદ્વન્દ્વ કરી એકવચનમાં પ્રયોગ કર્યો છે અને સમાહારદ્વન્દ્વનો નુપંસકલિંગમાં પ્રયોગ 'द्वन्द्वैकत्व० (लि.शा.श्लो० ९)' આ વચનના કારણે થયો છે. હવે 'બહુગણમ્' આ પ્રમાણે એકવચનાન્ત પ્રયોગ હોવા છતાં અહીં સૂત્રમાં બહુ અને ગણ આમ બે શબ્દો છે, એમ સ્પષ્ટ બોધ થાય તે માટે બૃ. વૃત્તિમાં 'बहु' 'गण' इत्येतौ शब्दौ આમ છૂટ્ટો નિર્દેશ કર્યો છે.

બહુ અને ગણ શબ્દો અનેક અર્થવાળા છે તેથી કયા અર્થમાં વર્તતા તે બન્ને સંખ્યાવત્ ગણાય છે ? તે જાણાવવા બૃ.વૃત્તિમાં भेदे वर्तमानौ પંક્તિ બતાવી છે.

(2) સૂત્રમાં બહુ-ગણં એ ઉદ્દેશ્યનું[(A)] ઉપાદાન કર્યું હોવાથી ઉદ્દેશ્યની આકાંક્ષા નિવૃત્ત થવાના કારણે પૂર્વસૂત્રથી डत्यतु એ ઉદ્દેશ્યશબ્દની અનુવૃત્તિનું અહીં ગ્રહણ નથી. પરંતુ સૂત્રમાં વિધેયનું[(B)] ઉપાદાન ન હોવાથી વિધેયની આકાંક્ષા નિવૃત્ત નથી થતી, પરંતુ ઊભી રહે છે, તે આકાંક્ષા પૂર્ણ કરવા પૂર્વસૂત્રથી सङ्ख्यावत् (વિધેય) ની અનુવૃત્તિનું ગ્રહણ છે. શાબ્દબોધ ધાત્વર્થપ્રધાન હોવાથી બૃ.વૃત્તિમાં भवतः પદનો અધ્યાહાર કર્યો છે.

(3) ભેદ શબ્દ ફાડવું, બે ટૂકડા કરવા, ઉપજાત અને વિશેષતા વિગેરે જુદા જુદા અનેક અર્થમાં વર્તે છે. તેમાં 'નાના' અર્થક ભેદશબ્દ અહીં વિવક્ષિત હોવાથી વૃત્તિમાં 'नानात्व' એમ બતાવ્યું. વળી 'નાના' શબ્દનાં ય વિના, અનેક, ઉભય તથા બીજા પણ અર્થો થતા હોવાથી પ્રકૃતમાં ઉપયોગી 'અનેક' અર્થને જાણાવવા एकत्वप्रतियोगि નું ગ્રહણ કર્યું છે.

(A) જેને ઉદ્દેશીને વિધાન કરવાનું હોય તે ઉદ્દેશ્ય. સૂત્રમાં જે 'કાર્યી' છે, તે ઉદ્દેશ્ય કહેવાય છે.

(B) જેનું વિધાન કરાય તે વિધેય. સૂત્રમાં જે 'કાર્ય' છે, તે વિધેય કહેવાય છે.

એકત્વનો જે વિરોધી[A] હોય તે એકત્વપ્રતિયોગિ કહેવાય છે. અનેકત્વ એ એકત્વનો વિરોધી હોવાથી તે એકત્વપ્રતિયોગિ છે. આમ સૂત્રતાત્પર્ય એ થશે કે - 'અનેક' અર્થમાં વર્તતા બહુ અને ગણ શબ્દને સંખ્યાવાચક શબ્દની જેમ કાર્ય થાય છે.

(4) દૃષ્ટાંત -

(i) 'સङ्ख्या-डते ६.४.१३०' → बहुभिः क्रीतः=बहुक+सि } ત્રણે સ્થળે 'सो रुः २.१.७२' થી સ્ નો ર્ અને 'रः पदान्ते० १.३.५३' થી ર્ નો } બહુકઃ

(ii) 'सङ्ख्याया धा ७.२.१०४' → बहुभिः प्रकारैः=बहुधा+सि } બહુધા

(iii) 'वारे कृत्वस् ७.२.१०९' → बहवो वारा अस्य=बहुकृत्वस्+सि } વિસર્ગ આદેશ થવાથી } બહુકૃત્વઃ

ગણકઃ, ગણધા અને ગણકૃત્વઃ પ્રયોગોની સાધનિકા ક્રમશઃ ઉપર મુજબ કરી લેવી.

(A) વિરોધ એટલે પર્યાપ્તિસંબંધથી (ન્યાયદર્શન પ્રસિદ્ધ સ્વરૂપસંબંધ વિશેષથી) એકત્વ જ્યાં રહેતું હોય ત્યાં તે જ સંબંધથી અનેકત્વ નું ન રહેવું અર્થાત્ એક જ સંબંધથી એક ઠેકાણે એકત્વ-અનેકત્વનું ન વર્તવું તે અહીં 'વિરોધ' છે. તેથી એકત્વ થી ભિન્ન અને સંખ્યાત્વ ધર્મની અપેક્ષાએ વ્યાપ્ય એવા ધર્મથી વિશિષ્ટ (યુક્ત) જે સંખ્યા હોય તે એકત્વ-પ્રતિયોગિ કહેવાય. આવા એકત્વ થી ભિન્ન અને સંખ્યાત્વ ધર્મની અપેક્ષાએ વ્યાપ્ય ધર્મ તરીકે બહુત્વત્વ વિગેરે ધર્મો પકડાશે. ભેદ (અન્યોન્યાભાવ) જ્યાં 'સ્વપ્રતિયોગિવૃત્તિત્વ' અને 'સ્વાશ્રયવૃત્તિત્વ' સંબંધથી વર્તે તેવા બહુત્વ આદિ સંખ્યા રૂપ ધર્મ નાનાત્વ રૂપે અહીં ગ્રહણ થશે. જેમકે 'बहवो घटाः' સ્થળે બહુત્વ સંખ્યાથી વિશિષ્ટ ઘડા જણાય છે. આ સમુદાયવર્તી દરેક ઘડામાં બહુત્વ સંખ્યા વર્તે છે. તેથી ભેદ તરીકે આ સમુદાયવર્તી કોઈ એક ઘટનો ભેદ ગ્રહણ થશે. હવે તે ઘટભેદનો આશ્રય સમુદાયવર્તી બીજા ઘટ બનશે, જેમનામાં બહુત્વ વર્તતું હોવાથી બહુત્વ ઘટભેદાશ્રય અન્ય ઘટવૃત્તિ બનવાથી સ્વા (ઘટભેદ)ऽऽશ્રયવૃત્તિત્વ સંબંધથી તેમાં ઘટભેદ રહેશે અને તે ઘટભેદના પ્રતિયોગી ઘટમાં પણ બહુત્વ વર્તતું હોવાથી ઘટભેદ સ્વ (ઘટભેદ) પ્રતિયોગિવૃત્તિત્વ સંબંધથી પણ બહુત્વ માં વર્તશે. આમ ઉભય સંબંધથી ભેદ બહુત્વ માં વર્તવાથી પ્રસ્તુતમાં બહુત્વ નાનાત્વ રૂપે ગ્રહણ થશે.

શંકા :- 'द्वौ घटौ' કે 'त्रयो घटाः' સ્થળે પણ દ્વિત્વ અને ત્રિત્વ સંખ્યા બન્ને ઘડા કે ત્રણે ઘડામાં વર્તશે. તેથી ઘટભેદ તરીકે બે કે ત્રણ પૈકીનાં કોઈપણ એક ઘટનો ભેદ ગ્રહણ થશે અને તાદશ ઘટભેદના આશ્રય અન્ય ઘટમાં દ્વિત્વ અને ત્રિત્વ વર્તતું હોવાથી સ્વાશ્રયવૃત્તિત્વ સંબંધથી ઘટભેદ દ્વિત્વ કે ત્રિત્વ માં વર્તે છે અને ઘટભેદના પ્રતિયોગી ઘટમાં પણ દ્વિત્વ કે ત્રિત્વ વર્તતું હોવાથી સ્વપ્રતિયોગિવૃત્તિત્વ સંબંધથી ઘટભેદ દ્વિત્વ કે ત્રિત્વમાં વર્તશે. આમ ઉભય સંબંધથી ભેદ દ્વિત્વ કે ત્રિત્વમાં પણ વર્તવાથી તેઓ પણ નાનાત્વ રૂપે ગ્રહણ થશે ?

સમાધાન :- હા, પરંતુ સૂત્રમાં 'નાનાત્વ (ભેદ) અર્થમાં વર્તતા બહુ અને ગણ શબ્દો' આમ કહ્યું હોવાથી બહુ અને ગણ શબ્દના ગ્રહણથી દ્વિ અને ત્રિ શબ્દો બાકાત થઈ જશે. પાછું ત્રણ વિગેરે ઘડાઓમાં બહુ શબ્દનો પ્રયોગ થવા છતાં પણ તેમનો બોધ બહુત્વ ધર્મને લઈને થાય, ત્રિત્વાદિ ધર્મોને લઈને નહીં. તેથી કોઈ આપત્તિ નથી.

(5) ભેદવાચક જ બહુ અને ગણ શબ્દને સંખ્યાવાચક શબ્દવત્ કાર્ય થાય છે. તેથી વૈપુલ્ય (વિશાળતા) અર્થમાં વર્તતા બહુ શબ્દને તથા સંઘ (સંઘાત) અર્થમાં વર્તતા ગણ શબ્દને સંખ્યાવાચક શબ્દની જેમ કાર્ય નહીં થાય. જેમકે -

* **વૈપુલ્ય અર્થમાં** → **बहु रुदितम्। बहु प्रयतते।**
* **સંઘ અર્થમાં** → **भिक्षूणां गणः। रजोगणः।**

તાત્પર્ય એ છે કે બહુશબ્દ સંખ્યાવાચક પણ છે અને વૈપુલ્ય અર્થક પણ છે. તેમજ ગણશબ્દ સંખ્યાવાચક પણ છે અને સમુદાયઅર્થક પણ છે. જેમકે बहवो घटाः. અહીં બહુ શબ્દ સંખ્યાવાચક છે, કારણ તે એકત્વભિન્ન અનિયત સંખ્યાનો વાચક છે. પરંતુ बहु रुदितम्, बहु प्रयतते વિગેરે સ્થળે તે અનિયત સંખ્યાનો નહીં, પણ રૂદનની અધિકતા, પ્રયત્નની અતિશયતા વિગેરેનો વાચક છે. (ગણ માટે પણ એ સમજી લેવું.) તો જ્યાં બહુ અને ગણ શબ્દ એકત્વભિન્ન અનિયત સંખ્યાના વાચક હોય ત્યાં સંખ્યાવાચક શબ્દની જેમ કાર્ય કરવું, અન્યત્ર નહીં.

શંકા:- બહુ અને ગણ શબ્દ ભેદ (અનેકત્વ) વાચી હોવાથી તે સંખ્યાવાચક છે જ, કારણ ભેદ એટલે પરિગણન-સંખ્યા. આમ લોકમાં જે સંખ્યાશબ્દ રૂપે પ્રસિદ્ધ જ છે, તેને આ સૂત્રથી सङ्ख्यावत् કરવાનું પ્રયોજન શું? અતિદેશ તો જે શબ્દના અર્થની અમુક સ્થળે જ પ્રસિદ્ધિ હોય તેની બીજે સ્થળે પ્રસિદ્ધિ કરવા કરાય છે. બહુ અને ગણ શબ્દો તો સંખ્યાશબ્દરૂપે જગજાહેર છે. તેથી અતિદેશ નકામો છે.

સમાધાન:- સંખ્યાશબ્દો બે પ્રકારના છે. દ્વિ, ત્રિ, चतुर् વિગેરે સંખ્યા શબ્દો એવા છે, જે નિયત અવધિવાળા ભેદને જણાવે છે. અર્થાત્ 'पञ्च घटाः' એમ કહે છતે 'પાંચ જ ઘડા, છ નહીં' એમ નિશ્ચિત અંતવાળા બહુત્વને એ જણાવે છે. જ્યારે 'बहवो घटाः' કહે છતે કેવળ 'બહુત્વ સંખ્યા' પ્રતીત થાય છે, પરંતુ ઘડા પાંચ, દશ, વીશ કે કેટલાં? એમ તેનો અંત ક્યાં છે તેની પ્રતીતિ થતી નથી. ગણ માટે પણ તેમ જ સમજવું. આમ બહુ અને ગણ સંખ્યાવાચક શબ્દ હોવા છતાં નિશ્ચિત અંતને જણાવનાર ન હોવાથી લોકમાં તે સંખ્યારૂપે પ્રસિદ્ધ નથી. જ્યારે 'सङ्ख्या-डते०' વિગેરે સંખ્યાપ્રદેશોમાં એક-દ્વિ-ત્રિ વિગેરે પ્રસિદ્ધ સંખ્યાનું જ ગ્રહણ હોવાથી બહુ અને ગણ ને सङ्ख्यावत् કરવા સૂત્રવચન છે.

અહીં બૃ.વૃત્તિમાં सङ्ख्यावाचकत्वाऽभावात् એમ સ્પષ્ટપણે ન કહેતા सङ्ख्याप्रसिद्धेरभावात् આવી પંક્તિ બતાવી હોવાથી એમ જણાય છે કે બહુ અને ગણ શબ્દો સંખ્યાવાચક તો છે જ, પરંતુ તેમની સંખ્યાવાચક રૂપે પ્રસિદ્ધિ નથી. આથી જ કોષકારો બહુ અને ગણ શબ્દોને સંખ્યાવાચક રૂપે બતાવે છે. 'सङ्ख्या-डते०' વિગેરે સંખ્યાને લગતા પ્રદેશોમાં પ્રસિદ્ધ એવી સંખ્યાનું જ ગ્રહણ થાય છે.

શંકા :- પ્રસિદ્ધ કે અપ્રસિદ્ધ જે જે સંખ્યાવાચક હોય તે બધાનું જ સઙ્ખ્યા શબ્દથી જો સઙ્ખ્યા-ડતે૦ વિગેરે સંખ્યાપ્રદેશોમાં ગ્રહણ કર્યું હોત તો બહુ અને ગણ નું પણ ત્યાં ગ્રહણ થઈ જાત અને આ સૂત્ર બનાવવાની જરૂર જ ન પડત.

સમાધાન :- તેમ કરત તો પ્રસ્તુત સૂત્ર ન બનાવવું પડત એ વાત સાચી, પરંતુ સંખ્યાપ્રદેશોમાં જેનું ગ્રહણ ઈષ્ટ નથી એવા ભુરિ (પ્રચુર), વિપુલ (વિશાળ), પ્રભૂત (પુષ્કળ) વિગેરે અપ્રસિદ્ધ સંખ્યાશબ્દોનું પણ ગ્રહણ થઈ જાત.

તેવું ન થાય માટે સંખ્યાપ્રદેશમાં પ્રસિદ્ધ સંખ્યાનું જ ગ્રહણ હોવાથી સંખ્યારૂપે અપ્રસિદ્ધ એવા ભૂરિ વિગેરે શબ્દોની ત્યાં નિવૃત્તિ થશે અર્થાત્ ગ્રહણ નહીં થાય. તથા બહુ અને ગણ શબ્દની પણ ત્યાં નિવૃત્તિ થતી હોવાથી અને ત્યાં સંખ્યાકાર્ય કરવું ઈષ્ટ હોવાથી પ્રસ્તુત સૂત્રવચન છે.

શંકા :- પૂર્વસૂત્રની જેમ આ સૂત્ર પણ સંજ્ઞાસૂત્ર કે અતિદેશસૂત્રરૂપે વર્ણવવું શક્ય છે. તેમાં સંજ્ઞાપક્ષે ''સઙ્ખ્યા-ડતે૦' વિગેરે સૂત્ર સ્થળે ***'कृत्रिमाऽकृत्रिमयोः कृत्रिमे कार्यसम्प्रत्ययः'*** ન્યાયના બળથી કૃત્રિમ એવા બહુ વિગેરે શબ્દોનું જ સંખ્યાશબ્દ રૂપે ગ્રહણ પ્રાપ્ત થાય, એક આદિ લોકપ્રસિદ્ધ સંખ્યાનું નહીં.' આવી શંકા પણ પૂર્વસૂત્રમાં બતાવેલી રીત મુજબ ***'क्वचिदुभयगतिः'*** ન્યાયથી દૂર કરી શકાય છે, આવું અમે માનીએ છીએ. પરંતુ ***'क्वचिदुभयगतिः'*** ન્યાયનો આશ્રય કરવામાં સૂત્રની વ્યાખ્યા જેવી વિગેરેની અપેક્ષા રહેતી હોવાથી ક્યાં આ ન્યાયનો આશ્રય કરવો તે વિષયવિશેષના અનિર્ણાયક એવા ક્વચિત્ પદથી આ ન્યાય યુક્ત હોવાથી જ્યાં બીજો કોઈ યોગ્ય રસ્તો ન મળતો હોય ત્યાં જ આ ન્યાયનું આલંબન લેવું વ્યાજબી ગણાય. જ્યાં બીજી કોઈ રીતે સમાધાન થઈ શકે એમ હોય ત્યાં આ ન્યાયનું આલંબન લેવું વ્યાજબી ન ગણાય. તેથી ***'क्वचिदुभयगतिः'*** ન્યાયનો આશ્રય કરવામાં પણ સંજ્ઞાપક્ષે તે તે સૂત્રસ્થળે કૃત્રિમ અને અકૃત્રિમ ઉભયનું ગ્રહણ સંભવે કે ન સંભવે ?

સમાધાન :- સંભવે. કેમકે 'જેનાથી બીજું કોઈ લઘુ ન હોય તેને સંજ્ઞા કહેવાય' આ વાત પ્રસિદ્ધ હોવા છતાં પણ જે 'સઙ્ખ્યા' આ પ્રમાણે મહાસંજ્ઞા કરી છે, તેનાથી આ વાત જ્ઞાપિત થાય છે કે આ અન્વર્થ સંજ્ઞા છે. અવયવાર્થને અનુસરે તેવી સંજ્ઞાને અન્વર્થસંજ્ઞા કહેવાય. અહીં અવયવાર્થ સઙ્ખ્યાયતેઽનયા ઇતિ સઙ્ખ્યા આવો થશે. અર્થ 'ગણતરી કરવી' આવો થશે. એક આદિ સંખ્યાથી પણ ગણતરી થઈ શકે છે. તેથી એક આદિનું પણ સઙ્ખ્યા શબ્દથી ગ્રહણ થઈ શકે છે.

શંકા :- સઙ્ખ્યા આવી મહાસંજ્ઞા અન્વર્થતાને જાળવવા દ્વારા ચરિતાર્થ હોવાથી ગણતરી કરવામાં ઉપયોગી બહુત્વ અને ગણત્વ અર્થના વાચક બહુ અને ગણ શબ્દોનું જ તે તે સૂત્રસ્થળે ગ્રહણ થાવ. અન્વર્થસંજ્ઞાના આલંબનથી 'વિપુલતા' અને 'સંઘ' ના વાચક બહુ અને ગણ શબ્દોનું ગ્રહણ નહીં થાય. આથી ***'कृत्रिमाऽकृत्रिमयोः०'*** ન્યાય બાધિત થવામાં કોઈ પ્રમાણ નથી, માટે અકૃત્રિમ એવી એક આદિ સંખ્યાનું ગ્રહણ નહીં થાય.

સમાધાન :- એવું નથી. સંજ્ઞાપક્ષે 'सङ्ख्या' આવો પૃથક્ યોગ (અલગ સૂત્ર) સમજવો કે જેનાથી સંખ્યા આવી સંજ્ઞા થાય. સંજ્ઞા સંજ્ઞીને સાકાંક્ષ (સાપેક્ષ) હોવાથી સંખ્યા આવી મહાસંજ્ઞા કરવાથી પ્રાપ્ત થતા 'ગણતરી કરવા' રૂપ અન્વર્થ (વ્યુત્પત્ત્યર્થ) ના વાચક નિયત અને અનિયત સંખ્યાવાચી બધા જ શબ્દોનો આક્ષેપ થવાથી એક વિગેરે તથા બહુ આદિ શબ્દોને 'સંખ્યા' સંજ્ઞા સિદ્ધ થઈ શકે છે. પછી પાછળથી 'बहु-गणम्' આવો એક યોગ (સૂત્ર) બનવાથી અહીં પૂર્વના યોગથી 'सङ्ख्या' પદ અનુવર્તતા 'બહુ અને ગણ શબ્દો સંખ્યાસંજ્ઞક થાય છે' આવો અર્થ પ્રાપ્ત થાય. હવે આ સંખ્યા સંજ્ઞા બહુ આદિ શબ્દોને પૂર્વના 'सङ्ख्या' આવા પૃથક્ યોગથી જ સિદ્ધ હતી, છતાં તેમને ફરી આ બીજા યોગથી સંખ્યાસંજ્ઞાનું વિધાન એવો અર્થ પ્રાપ્ત કરાવી આપે છે કે 'અર્થાન્તરના વાચક હોવાની સાથે બહુત્વ અર્થના વાચક શબ્દોને જો સંખ્યાકાર્ય થાય તો તે ફક્ત બહુ અને ગણ શબ્દોને જ થશે' તેથી 'વિપુલતા' આદિ અર્થાન્તરના વાચક ભૂરિ આદિ શબ્દોને સંખ્યાસંજ્ઞા નહીં થાય. અથવા તો આવો નિયમાત્મક અર્થ પણ પ્રાપ્ત થઈ શકે કે 'અનિયત સંખ્યાના વાચક શબ્દોને જો સંખ્યા સંજ્ઞા થાય તો ફક્ત બહુ અને ગણ શબ્દોને જ થાય'. અનન્ત શબ્દની જેમ અનંત અર્થના વાચક શત શબ્દને સંખ્યાકાર્યનો અભાવ ઈષ્ટ જ છે.

બીજા વૈયાકરણો એમ કહે છે કે 'બહુ અને ગણ શબ્દોના પરસ્પર સાહચર્યથી સંખ્યાની અપેક્ષાએ વ્યાપક એવા અર્થના વાચક એવા જ બહુ અને ગણ શબ્દોનું ગ્રહણ થશે, 'સંઘ' અને 'વિપુલતા' અર્થના વાચક બહુ અને ગણ શબ્દોનું નહીં. આથી અન્વર્થસંજ્ઞા વ્યર્થ છે. મહાસંજ્ઞા કરવા દ્વારા તે તે સૂત્રસ્થળે લોકપ્રસિદ્ધ કેવળ વ્યુત્પત્ત્યર્થનું પણ ગ્રહણ થશે. તેથી નિયત વિષયના (નિશ્ચિત અંતવાળી સંખ્યાના) બોધમાં હેતુભૂત ગણતરીમાં પ્રકૃષ્ટ ઉપયોગી એકત્વ આદિને જણાવતા એક આદિ શબ્દોને સંખ્યાકાર્ય સિદ્ધ થશે.' અહીં નિયત વિષયના બોધની હેતુતા આ પ્રકારે સમજવી. વિવક્ષિત જે ધર્મ પ્રકારક નિશ્ચય થયા પછી લોકમાં ગણતરીમાં પ્રસિદ્ધ જે તે વિવક્ષિત ધર્મથી અતિરિક્ત બાકીના સઘળાય ધર્મો, તે સઘળાય ધર્મો પૈકી કોઈપણ ધર્મને લઈને સંશય ઉત્પન્ન ન થાય તો વિવક્ષિત તે ધર્માવચ્છિન્ન (ધર્મથી યુક્ત) એવી સંખ્યાનું વાચકત્વ, તે અહીં નિયત વિષયના બોધની હેતુતા સમજવી. જેમકે – 'त्रयो घटाः' આમ કહેવાતા ત્રિત્વાભાવ અપ્રકારક (ત્રિત્વનો અભાવ જેમાં વિશેષણરૂપે નથી ભાસતો) અને ત્રિત્વપ્રકારક નિશ્ચય (જ્ઞાન) ના પ્રતિબંધક રૂપે એકત્વ, દ્વિત્વ, ચતુષ્ટત્વ આદિ કોઈપણ ધર્મપ્રકારક સંશયો(A) ઉત્પન્ન થવાને સમર્થ બનતા નથી. આથી

(A) त्रयो घटाः સ્થળે त्रि શબ્દ મૂકવાથી 'ત્રણ જ ઘડા છે' એવો બોધ થાય છે. 'ત્રણ કે ચાર ઘડા' એવો સંશયાત્મક બોધ થતો નથી. સંશય હંમેશા ભાવ-અભાવ ઉભય કોટીવાળો હોય. જો 'ત્રણ કે ચાર ઘડા' આવો બોધ થાત તો તેમાં ચતુષ્ટત્વ પણ જ્ઞાનનો વિષય બનત. ચતુષ્ટત્વ એ ત્રિત્વ સ્વરૂપ ન હોવાથી આ સંશયમાં ત્રિત્વાભાવ વિષય બનત. હવે નિયમ છે કે ***'तद्वत्ताबुद्धिं प्रति तदभाववत्ताबुद्धिः प्रतिबन्धिका'*** ઘટમાં ત્રિત્વવત્તા નો નિશ્ચય કરવામાં ત્યાં થતું ત્રિત્વાભાવવત્તા નું જ્ઞાન પ્રતિબંધક બનત. જેથી 'ત્રણ જ ઘડા' આવો નિશ્ચય ન થઈ શકત. પરંતુ त्रि શબ્દના કારણે ચતુષ્ટત્વ આદિ ધર્મો જ્ઞાનમાં ન ભાસવાથી ઘટમાં ત્રિત્વાભાવવત્તા ની બુદ્ધિ ન થવાથી અર્થાત્ ત્રિત્વાભાવ ઘટમાં પ્રકાર રૂપે ન ભાસવાથી નિશ્ચય થઈ શકે છે.

ત્રિત્વ ધર્મનો જ વાચક હોવાથી ત્રિ શબ્દમાં નિયત વિષયના બોધની હેતુતા છે એમ સમજવું. ચતુર્ આદિ શબ્દો માટે પણ આ રીતે સમજવું. જ્યારે બહુ આદિ શબ્દોમાં આ રીતે નિયત વિષયના બોધની હેતુતા પ્રાપ્ત નહીં થાય. જેમકે 'बहवो घटाः' સ્થળે ઘટમાં બહુત્વ પ્રકારક નિશ્ચય હોવા છતાં 'પાંચ, દશ કે વીસ, કેટલા ઘડા ?' વિગેરે સંશયો જાગૃત થતા હોવાથી નિયત સંખ્યાત્મક વિષયના બોધની હેતુતા અહીં સંભવતી નથી. આથી યોગવિભાગ (સૂત્ર વિભાગ) પક્ષ બતાવ્યો છે. આ પક્ષે ઉપરોક્ત પક્ષે બતાવેલી નિયમાર્થતાની વાત ઘટતી નથી. કેમકે સંખ્યાકાર્યમાં બહુ અને ગણ શબ્દો સ્વયં સફળ થઈ જતા હોવાથી નિયમ થઈ શકતો નથી.

શંકા :- આ બન્ને પક્ષનું કથન ઉન્મત્તપ્રલાપરૂપ છે. પ્રથમાપક્ષ ઉપર બતાવ્યું તેમ 'सङ्ख्या' અને 'बहु-गणम्' આમ યોગવિભાગ કરી 'सङ्ख्या' અંશને અન્વર્થ ગણાવી પછીના 'बहु-गणम्' અંશથી નિયમ કરે છે. બીજો પક્ષ 'બહુ અને ગણ શબ્દોમાં નિયત સંખ્યાત્મક વિષયના બોધની હેતુતાનો અભાવ હોવાથી અર્થાત્ બહુ અને ગણ શબ્દો કોઈ ચોક્કસ સંખ્યાના વાચક ન બનતા હોવાથી નિયમ કરનારો પ્રથમ પક્ષ વ્યાજબી નથી' એમ કહે છે. કેમકે અહીં બહુ અને ગણ શબ્દોનું પરસ્પર સાહચર્ય 'સંઘ' અને 'વિપુલતા' અર્થના વાચક બહુ અને ગણ શબ્દોનું ગ્રહણ નથી થવા દેતું. પરંતુ આ બન્ને પક્ષ શી રીતે વ્યાજબી કહેવાય ? કેમકે સૂત્રમાં સ્વયં ગ્રંથકારે ભેદ (नानात्व = અનેકત્વ) શબ્દનું ગ્રહણ કર્યું છે. એથી સંખ્યાવાચક બહુ અને ગણ શબ્દોનું જ ગ્રહણ થાય. 'વિપુલતા' અને 'સંઘ' અર્થના વાચક બહુ અને ગણ શબ્દોનું નહીં. આમ ઈષ્ટ એવું ફળ સૂત્રમાં ભેદ શબ્દના ગ્રહણથી જ સિદ્ધ હોવાથી ફળ મેળવવા નિયમનું કથન કે બહુ-ગણ શબ્દોના પરસ્પર સાહચર્યનું કથન અનુચિત ગણાય.

સમાધાન :- ઉપરોક્ત બન્ને પક્ષો પૈકી કોઈપણ પક્ષે સૂત્રમાં ભેદ શબ્દનું ગ્રહણ ન કરીએ તો પણ ઈષ્ટ ફળ મેળવી શકાય છે. તેથી સૂત્રમાં ભેદ શબ્દનું ગ્રહણ ન કરવું જોઈએ. આ તાત્પર્યથી બન્ને પક્ષો કહેવાયા છે. માટે તેમનું કથન અનુચિત નથી.

શંકા :- જો સૂત્રમાં ભેદ શબ્દનું ગ્રહણ ન કરવાનું હોય તો પૂર્વનું સૂત્ર અને આ સૂત્ર બન્ને મળી 'बहु-गण-डत्यतु सङ्ख्या' આવું બનાવવું જોઈએ. અલગ સૂત્રો બનાવવા નકામા છે.

સમાધાન :- સાચી વાત છે. એક જ સૂત્ર બનાવવું જોઈએ એવું અમે પણ સ્વીકારીએ છીએ. આખું સૂત્ર જ અન્વર્થતા પક્ષમાં નિયામક બનશે, એમાં શું વાંધો આવે ?

શંકા :- છતાં સङ्ख्या શબ્દનાં અન્વર્થતા પક્ષે 'ગણતરી કરનાર ' રૂપે એક આદિ શબ્દોનું ગ્રહણ ભલે થાય, પરંતુ બહુ આદિ શબ્દોનું ગ્રહણ શી રીતે થશે ? કેમકે બહુ વિગેરે શબ્દો દ્વારા એક આદિ શબ્દોની જેમ ગણતરી થઈ શકતી નથી.

સમાધાન:- 'यत्र यत्र त्रित्वादिः, तत्र तत्र बहुत्वम्' આમ બહુત્વ ની અપેક્ષાએ ત્રિત્વ આદિ વ્યાપ્ય છે. તેથી બહુ વિગેરે શબ્દો સ્વવાચ્ય બહુત્વ ની અપેક્ષાએ વ્યાપ્ય ત્રિત્વ આદિ દ્વારા ગણતરી કરાવી લેશે. આથી બહુ વિગેરે શબ્દો 'ગણતરી કરનાર' રૂપે પ્રાપ્ત થવાથી અન્વર્થતાને આશ્રયી સંખ્યાવાચી છે જ. આ રીતે ગણ શબ્દ અંગે પણ સમજવું.

કતિ પ્રત્યયાન્ત કતિ શબ્દ ગણતરી કરવાની બાબતમાં 'કેટલાં' આમ પ્રશ્ન કરનાર શબ્દ હોવાથી તેનો સંખ્યાશબ્દરૂપે વ્યવહાર થઈ શકે છે. અતુ પ્રત્યયાન્ત કિયત્ શબ્દસ્થળે પણ કતિ શબ્દની જેમ સંખ્યાશબ્દનો વ્યવહાર થઈ શકે છે. યાવત્, તાવત્ અને એતાવત્ વિગેરે શબ્દસ્થળે સંખ્યા દ્વારા ગણતરીના બોધનું તાત્પર્ય હોય ત્યારે તે શબ્દો ગણતરીમાં ઉપયોગી એવા એકત્વ આદિ જે સંખ્યાત્વ ધર્મની અપેક્ષાએ વ્યાપ્ય એવા ધર્મો, તેનાથી વિશિષ્ટ વસ્તુના બોધકરૂપે સંખ્યાવાચક બને છે.

અહીં આટલી વિશેષતા જાણવી કે એક આદિ શબ્દો અમુક ચોક્કસ સંખ્યારૂપ વિષયના બોધમાં હેતુભૂત છે. જ્યારે તાવદ્ આદિ શબ્દો અનિયત એવી સંખ્યારૂપ વિષયના બોધમાં હેતુ છે. આ પ્રમાણે સઙ્ખ્યા શબ્દથી નિયત-અનિયત બન્ને પ્રકારની સંખ્યાનો સંગ્રહ થતો હોવાથી 'बहु-गण-कत्यतु सङ्ख्या' આવું ભેગું સૂત્ર બનાવીએ તે બધાને અનુકૂળ જ છે. પરંતુ આ વાત ધ્યાનમાં રાખવી કે પહેલાં નિયમવાળા પક્ષે 'सङ्ख्या' આ પ્રમાણે સૂત્રના વિભાગની વાત છે. આમ ત્યાં ફક્ત 'સંખ્યા' સંજ્ઞાનો નિર્દેશ થવાથી સંજ્ઞા-સંજ્ઞીભાવની અનુપપત્તિ થાય. અનુપપત્તિને તોડવા સંજ્ઞા દ્વારા સંજ્ઞીનો આક્ષેપ કરવો પડે. સંજ્ઞીનો આક્ષેપ કરવા સૂત્રવિભાગ કરી સંજ્ઞાને સાન્વર્થ ગણાવી છે, સંજ્ઞા સાન્વર્થ ગણાતા ***'सकृदुच्चरितः शब्दः सकृदेवाऽर्थं गमयति'***(A) આવો ન્યાય હોવાથી સઙ્ખ્યા શબ્દની આવૃત્તિ સ્વીકારવી પડે છે.

એવી જ રીતે 'बहु-गण-कत्यतु' આવા બીજા યોગ (સૂત્ર)માં સંખ્યા સંજ્ઞાની સિદ્ધિ માટે નકામાં પૂર્વસૂત્ર કરતા વાક્યાન્તરની કલ્પના કરવી પડે, પૂર્વના 'सङ्ख्या' આવા સૂત્રના ઉદ્દેશ્યતાવચ્છેદક સંખ્યાનકરણાભિધાયકત્વ ધર્મની અપેક્ષાએ વ્યાપક નિયતાનિયત સંખ્યા વાચકત્વ ધર્મથી યુક્ત નિયતાનિયત સંખ્યાવાચક શબ્દોને વિશે નિયામક (સંકોચક) એવા 'बहु-गण-कत्यतु' સૂત્રના ઉદ્દેશ્યતાવચ્છેદક બહુત્વ-ગણત્વ-કતિત્વ-અતુત્વાન્યતમત્વ ધર્મની અપેક્ષાએ વ્યાપક એવા નિયમ્ય (સંકોચ પામનાર) 'सङ्ख्या' આ પૂર્વસૂત્રના ઉદ્દેશ્યતાવચ્છેદક સંખ્યાનકરણાડભિધાયકત્વ ધર્મની અપેક્ષાએ વ્યાપ્ય સંખ્યાનકરણત્વવિશિષ્ટ બહુત્વ અભિધાયકત્વ આદિ ધર્મથી યુક્ત ગણતરી કરવામાં ઉપયોગી બનતા બહુ આદિ શબ્દોથી અતિરિક્ત સંખ્યાનકરણત્વવિશિષ્ટ ભૂરિત્વ અભિધાયકત્વ ધર્મથી યુક્ત ભૂરિ આદિ શબ્દોને લઈને સંકોચ કરવામાં આવે છે, યોગવિભાગના કારણે ઉત્તર યોગમાં 'सङ्ख्या' શબ્દની અનુવૃત્તિ લેવી પડે, વિગેરે ઘણું ગૌરવ કરવું પડે છે. માટે આ પ્રથમ પક્ષ આદરી શકાય એમ નથી.

(A) એકવાર ઉચ્ચારાયેલો શબ્દ એક જ અર્થનો બોધ કરાવે. પ્રસ્તુતમાં સઙ્ખ્યા શબ્દ સૂત્રમાં જો એક જ વાર ઉચ્ચારાયેલો ગણાય, તો તે સંજ્ઞારૂપ એક જ અર્થને જણાવી શકે, પરંતુ સાન્વર્થતાને લઈને પ્રાપ્ત થતા 'સંખ્યાનકરણ' રૂપ બીજા અર્થને ન જણાવી શકે. તેથી સઙ્ખ્યા શબ્દની આવૃત્તિ કરવાની વાત છે.

બીજા પક્ષે સાહચર્યનું આલંબન લેવામાં આવ્યું છે. એક આદિ શબ્દોને તે તે પ્રદેશો (સૂત્રસ્થળો)ને વિશે ગ્રહણ કરવા માટે 'સङ્ખ્યા' આવી મહાસંજ્ઞા કરવાના સામર્થ્યથી વ્યુત્પત્ત્યર્થનું ગ્રહણ કરવામાં આવ્યું છે. ફક્ત વ્યુત્પત્ત્યર્થથી બહુ આદિ શબ્દોનો સંગ્રહ થતો નથી, તેથી વ્યુત્પત્ત્યર્થને નિરપેક્ષ એવા અર્થનું પણ ગ્રહણ કરવામાં આવે છે. વ્યુત્પત્ત્યર્થ અને તેને નિરપેક્ષ અર્થ બન્નેના બોધને માટે તે તે ધર્માવચ્છિન્ન (ધર્મથી યુક્ત) પદાર્થ નિરૂપિત (પદાર્થને લગતી) પદમાં વર્તતી શક્તિના જ્ઞાનને આધીન તે તે ધર્માવચ્છિન્ન પદાર્થ વિષયક બે ઉપસ્થિતિઓ (પદાર્થને લગતા બે અલગ અલગ જ્ઞાન) શાબ્દબોધ વિશેષ પ્રત્યે અલગ-અલગ કારણ બને તેમ સ્વીકારવું પડે. તેથી અનેક પ્રકારનું કલ્પનાગૌરવ આવે. માટે આ બીજો પક્ષ પણ અનાદરણીય જ છે.

આના કરતા 'डत्यतु सङ्ख्यावत्' અને 'बहु-गणं भेदे' આ પ્રમાણે અલગ સૂત્રની સ્થાપના કરવામાં કોઈ વિડંબના નથી. તેથી સૂત્રકારશ્રીની તેવા પ્રકારે અલગ સૂત્રની રચના વ્યાજબી છે એવું અમે માનીએ છીએ. આમ કરવાથી 'પ્રકરણ ભેદ થાય છે' એવું ન કહેવું. કેમકે સંજ્ઞાસૂત્રો સમાપ્ત થઈ ગયા હોવાથી અને અતિદેશસૂત્રોનો આરંભ થયો હોવાથી પ્રકરણભેદ થવામાં કોઈ વાંધો નથી.

શંકા :- છતાં એક જ પાદમાં બે પ્રકારના અધિકાર વ્યાજબી ન ગણાય.

સમાધાન :- આવો કોઈ નિયમ નથી કે એક પાદમાં એક જ પ્રકારનો અધિકાર હોવો જોઈએ. ઘણો વિસ્તાર કરવાથી સર્યું ।।૪૦।।

(6) क-समासेऽध्यर्धः ।।१.१.४१।।

बृ.वृ.-(1)अध्यर्धशब्दः (2)कप्रत्यये समासे च (3)विधातव्ये सङ्ख्यावद् भवति। (4)अध्यर्धेन क्रीतम्-अध्यर्धकम्, "सङ्ख्या-डतेश्चाशत्तिष्टेः कः" (६.४.१३०) इति कः। अध्यर्धेन शूर्पेण क्रीतम्-अध्यर्धशूर्पम्, अत्र सङ्ख्यापूर्वत्वेन द्विगुत्वे क्रीतार्थस्येकणः "अनाम्यद्विः प्लुप्" (६.४.१४१) इति लुप्। (5)क-समास इति किम्? धादिप्रत्ययविधौ न भवति।।४१।।

सूत्रार्थ :- क प्रत्यय के समास करवानो प्रसंग होय त्यारे अध्यर्द्ध शब्द संख्यावत् थाय छे.

सूत्रसमास :-
- कश्च रामासश्चानयोः समाहारः(A) = क-समासम् (स.द्व.), तस्मिन् = क-समासे।
- अर्धेन अधिकः = अध्यर्द्धः (प्रादि तत्.) अधिकमर्धं यस्य सः = अध्यर्धः (बहु.)।

विवरण :- (1) **शंका :-** 'इवर्णादेरस्वे स्वरे यवरलम् १.२.२१' ઇત્યાદિ સૂત્રોમાં 'निमित्ति-निमित्त-कार्यं' એવો જે રચનાક્રમ જોવા મળે છે, તેવો જ રચનાક્રમનો નિર્દેશ અહીં પણ હોવો જોઈએ. માટે સૂત્ર 'अध्यर्धः क-समासे' બનાવવું જોઈએ.

(A) 'के समासे' આમ વ્યસ્ત નિર્દેશ કે પછી 'क-समासयोः' આમ ઇતરેતરદ્વન્દ્વવાળો નિર્દેશ કરવામાં ઇષ્ટ અર્થની સિદ્ધિ થાય છે. છતાં ગૌરવ થતું હોવાથી સમાહારદ્વન્દ્વ કર્યો છે. તેમાં क શબ્દ અલ્પસ્વરી હોવાથી તેનો પૂર્વમાં પ્રયોગ કર્યો છે.

સમાધાન:- હા. પરંતુ ક-સમાસેઽધ્યર્ધઃ એવા નિર્દેશથી એકમાત્રાનું લાઘવ થાય છે.

શંકા:- માત્રાલાઘવ કરવા રચનાક્રમનો કંઈ ભંગ ન કરાય.

સમાધાન:- ખરેખર તો 'નિમિત્તપદનો નિયમા પહેલાં જ પ્રયોગ કરવો જોઈએ.' એ ભ્રમ છે. ઘર કરી ગયેલાં એ ભ્રમનું ઉન્મુલન કરવા માટે જ અહીં વ્યુત્ક્રમથી નિર્દેશ કર્યો છે. જો કે પ્રચુરમાત્રામાં તો પ્રયોગનો પ્રવાહ 'નિમિત્તિ-નિમિત્ત-કાર્ય' એવો જોવા મળે છે, છતાં કો'ક સ્થળે વ્યુત્ક્રમથી પ્રયોગ જોવા મળે તો તે ગેરવ્યાજબી નથી, તેવો ખ્યાલ આપવા અહીં રચનાક્રમ ફેરવ્યો છે. છતાં સૂત્રનો અર્થ જ્યારે કરવાનો હોય ત્યારે અર્થને જણાવતાં વાક્યમાં નિમિત્તિનો પૂર્વમાં કરેલો પ્રયોગ જ સરળતાથી બોધ માટે થાય છે. આથી બૃ. વૃત્તિમાં નિમિત્તિવાચક પદનો અધ્યર્ધશબ્દઃ આમ પૂર્વમાં પ્રયોગ કર્યો છે.

(2) અધ્યર્ધ શબ્દને સંખ્યાવત્ ગણાવવાના ફળરૂપે ક પ્રત્યય સિવાય બીજો કોઈ પ્રત્યય સંભવતો નથી. માટે બૃ. વૃત્તિમાં કપ્રત્યયે આમ લખ્યું છે. જેમાં સંક્ષેપ કરવામાં આવે તેને સમાસ કહેવાય. અર્થાત્ વિવક્ષિત અર્થને જણાવતા સવિભક્તિક પદો એના એ જ અર્થને જણાવતા હોવા છતાં જેમાં અદશ્ય વિભક્તિવાળા કરી ટૂંકાવવામાં આવે છે, તેને સમાસ કહેવાય છે. અથવા બે કે બેથી અધિક પદોનું જેમાં એકીકરણ કરવામાં આવે છે, તેને સમાસ કહેવાય છે. અથવા આખા અખંડ નામને આશ્રયીને જેમાં વિભક્તિનો લોપ નથી થયો એવો મધ્યમાં વર્તતા વિભક્તિશૂન્ય નામોનો સમુદાય, તેને સમાસ કહેવાય. આમ ક પ્રત્યય અને સમાસ કરવાનો પ્રસંગ હોય ત્યારે અધ્યર્ધ શબ્દ સંખ્યાવત્ થાય છે.

(3) સૂત્રમાં ક-સમાસે પદ છે. તેનો અર્થ 'ક પ્રત્યય કે સમાસ કરે છતે' એવો ન કરવો. કારણ કે ક પ્રત્યય કે સમાસ જો થઈ જ ગયો હોય તો અધ્યર્ધ શબ્દને સંખ્યાવત્ કરવાનું પ્રયોજન રહેતું ન હોવાથી પ્રસ્તુતસૂત્ર નિરર્થક ઠરવાની આપત્તિ આવશે.

હવે જો સૂત્રને સાર્થક માનશો તો સૂત્રનું તાત્પર્ય તો એ છે કે 'અધ્યર્ધ શબ્દને સંખ્યાવત્ કરવા દ્વારા તેને ક પ્રત્યય કે સમાસ થાય.' તેનો મતલબ એ થયો કે ક પ્રત્યય કે સમાસ હજુ થયો નથી. જો ક પ્રત્યય કે સમાસ ન થયો હોય તો ક-સમાસે નો અર્થ 'ક પ્રત્યય કે સમાસ કરે છતે' એવો શી રીતે થઈ શકે ?

માટે ક-સમાસે નો અર્થ 'ક પ્રત્યય કે સમાસની ભાવિમાં પ્રાપ્તિ હોતે છતે' એવો કરવો. એ અર્થ સૂચવવા બૃ. વૃત્તિમાં વિહિતે શબ્દને બદલે વિધાતવ્યે નો પ્રયોગ કર્યો છે. જે તરતમાં થનાર હોય તેને વિધાતવ્ય કહેવાય. આશય એ છે કે કોઈપણ વિધાન પ્રયોક્તા દ્વારા કરાતા પહેલા તે તેની ઈચ્છાનો વિષય બને છે. જો વિધાન ઈચ્છાનો વિષય બને તો પાછળથી તે કૃતિનો વિષય બને. તેથી વિધાતવ્ય એટલે હાલ વિધાન કરવાની ઈચ્છાનો વિષય અને પાછળથી અવશ્ય વિધાન કરાનાર.

(4) દૃષ્ટાંત -

(i) अध्यर्धकम्	(ii) अध्यर्धशूर्पम्
अध्यर्धेन क्रीतम्=	अध्यर्धेन शूर्पेण क्रीतम्=
* 'सङ्ख्या-डतेश्च०६.४.१३०' → अध्यर्ध+क+सि	* 'सङ्ख्या समाहारे०३.१.९९' → अध्यर्धशूर्प
* 'अतः स्यमो० १.४.५७' → अध्यर्धक + अम्	* 'मूल्यैः क्रीते ६.४.१५०' → अध्यर्धशूर्प + इकण्
* 'समानादमो० १.४.४६' → अध्यर्धकम्।	* 'अनाम्न्यद्विः० ६.४.१४१' → अध्यर्धशूर्प + सि
	* 'अतः स्यमो० १.४.५७' → अध्यर्धशूर्प + अम्
	* 'समानादमो० १.४.४६' → अध्यर्धशूर्पम्।

અધ્યર્ધકમ્ સ્થળે અધ્યર્ધ શબ્દ આ સૂત્રથી સંખ્યાવત્ થયો, માટે તેને 'सङ्ख्या-डतेश्च०' સૂત્રથી ક પ્રત્યય થઈ શક્યો છે. તથા અધ્યર્ધશૂર્પમ્ સ્થળે અધ્યર્ધ શબ્દને અધ્યર્ધેન શૂર્પેણ ક્રીતમ્ અર્થમાં તદ્ધિતના ઇકણ્ પ્રત્યયનો વિષય હોતે છતે આ સૂત્રથી તે સંખ્યાવત્ ગણાતા તેનો અર્હ અર્થમાં દ્વિગુસમાસ થયો છે. ત્યારબાદ ઇકણ્ પ્રત્યય થતા દ્વિગુસમાસ અર્હ અર્થમાં થયો હોવાથી 'अनाम्न्यद्विः प्लुप् ६.४.१४१' સૂત્રથી ઇકણ્ પ્રત્યયનો લોપ થયો છે.

(5) ક પ્રત્યય અને સમાસના વિષયમાં ૯૪ અધ્યર્ધ શબ્દ સંખ્યાવત્ થાય એવું કેમ ? ધા, કૃત્વસ્ વિગેરે પ્રત્યયના વિષયમાં અધ્યર્ધ શબ્દ સંખ્યાવત્ નથી થતો માટે તેમ કહ્યું છે.

(6) **શંકા**:- જેમ એક, બે, ત્રણ, ચાર વિગેરે ગણી શકાય છે તેમ એક, દોઢ, બે, અઢી વિગેરે પણ ધારાબદ્ધ રીતે ગણી શકાય છે. તેથી દ્વિકમ્ વિગેરે સ્થળે જેમ સંખ્યાવત્ રૂપે અતિદેશ (કથન) કર્યા વિના પણ ક પ્રત્યય થાય છે, તેમ અધ્યર્ધકમ્ સ્થળે પણ થઈ શકશે. તેથી આ સૂત્રથી અધ્યર્ધ ને સંખ્યાતિદેશ કરવો વ્યર્થ છે.

સમાધાન:- ભલે આ સૂત્રથી સંખ્યાતિદેશ કર્યા વિના પણ અધ્યર્ધ શબ્દ સંખ્યાવાચક ગણાય. છતાં તેને ધા, કૃત્વસ્ વિગેરે પ્રત્યય ઉત્પન્ન ન થાય, તે માટે સૂત્રમાં 'क-समासे' આવું નિમિત્તવાચક પદ મૂકી નિયંત્રણ કરવું જરૂરી છે. હવે જો 'क-समासे' આટલું જ સૂત્ર બનાવવામાં આવે તો પૂર્વસૂત્રથી બહુ અને ગણ શબ્દોની અનુવૃત્તિ આવવાથી બહુ અને ગણ શબ્દોનેં ક પ્રત્યય અને સમાસ કરવાના વિષયમાં જ સંખ્યાવાચકત્વ પ્રાપ્ત થાય, અથવા આ પછીના 'अर्धपूर्वपदः पूरणः' સૂત્રમાં 'क-समासे' ની અનુવૃત્તિ જવાથી અર્ધપઞ્ચમ આદિ શબ્દોને ક પ્રત્યય અને સમાસ કરવાના વિષયમાં જ સંખ્યાવાચકત્વ પ્રાપ્ત થાય, પરંતુ આ બન્ને સ્થળે ધા, કૃત્વસ્ આદિ કરવાના અવસરે સંખ્યાવાચકત્વ પ્રાપ્ત ન થઈ શકે, જેથી અવ્યાપ્તિ આવે. તેથી આ અવ્યાપ્તિને દૂર કરવા અધ્યર્ધ શબ્દથી યુક્ત 'क-समासेऽध्यर्धः' આવું સૂત્ર બનાવવું જરૂરી છે.

શંકા:- છતાં 'ક અને સમાસ સિવાયના કાર્યો ન થાવ' એવા નિયમરૂપ અર્થને માટે આ સૂત્ર ભલે થાય, પણ આ સૂત્ર વિધ્યર્થક તો ન જ થઈ શકે.

સમાધાન :- એવું નથી. અર્ધ શબ્દ બે ભાગે વહેંચાતી વસ્તુના બીજા સમાન અંશને વાચ્ય રૂપે જણાવે છે અને તે અંશ અવયવસ્વરૂપ હોવાથી એકદેશ વિગેરે શબ્દોની જેમ અર્ધ શબ્દ પણ અવયવવાચી જ બને. તે અર્ધ શબ્દનો 'અધ્યારૂઢમ્ અર્ધં યસ્મિન્' આવા અર્થમાં બહુવ્રીહિસમાસ કરવામાં આવતા અધ્યર્ધ શબ્દ સમાન એવા દ્વિતીય અંશથી સહિત એકત્વ, દ્વિત્વ, ત્રિત્વ આદિ સંખ્યાથી વિશિષ્ટ એવા અર્થને યૌગિકશક્તિથી (વ્યુત્પત્તિથી) જ જણાવવાને સમર્થ બને છે, રૂઢિશક્તિથી નહીં. સંખ્યાને લગતા કાર્યોમાં સંખ્યાવાચક પદ તે જ અકૃત્રિમ સંખ્યાને ગ્રહણ કરે, જેમાં યૌગિક અર્થ ઘટતો હોય કે ન હોય, પણ રૂઢ્યર્થ અવશ્ય ઘટમાન થતો હોય. જેમકે એક, દ્વિ, ત્રિ વિગેરે શબ્દો સંખ્યારૂપે રૂઢ એકત્વ, દ્વિત્વ, ત્રિત્વ ને ગ્રહણ કરે છે. આમ અધ્યર્ધ શબ્દ અકૃત્રિમ સંખ્યાને વિષે રૂઢ ન હોવાથી તે સંખ્યાવાચક ન બની શકતા ક પ્રત્યય અને સમાસરૂપ ઈષ્ટસિદ્ધિને માટે તેને સંખ્યાવાચક રૂપે ગણાવવા આ સૂત્રની વિધ્યર્થતા સ્વીકારવી જરૂરી છે. બુદ્ધિશાળીઓ આ વાતને પોતાની મતિથી વિચારે.

બીજા કેટલાકનો એવો આગ્રહ છે કે એક આદિ શબ્દોની જેમ 'અધ્યર્ધ શબ્દ પણ ચોક્કસ સંખ્યાથી વિશિષ્ટ પદાર્થથી નિરૂપિત એવી રૂઢિશક્તિથી અને યૌગિકશક્તિથી યુક્ત છે.' અથવા તો 'તે તે સૂત્રસ્થળે સંખ્યાવાચક પદ રૂઢિથી ચોક્કસ પદાર્થને જણાવનારી એવી જ અકૃત્રિમ સંખ્યાને ગ્રહણ કરે છે, આ મત સ્વીકારતો નથી' એવું માનવું પડે. આ બીજી વાત મુજબ અધ્યર્ધ શબ્દને વિશે 'સંખ્યા' સંજ્ઞા વિના જ સંખ્યાને લગતા કાર્યો થઈ જશે, તેથી આ સૂત્ર જરૂરી નહીં રહે. પાછું આમના મતે પણ આ સૂત્ર નિયમાર્થકરૂપે તો જરૂરી ખરૂં જ. તે આ પ્રમાણે - તે તે સૂત્રના સઙ્ખ્યા શબ્દ દ્વારા અધ્યર્ધ શબ્દથી પ્રતિપાદ્ય એવા અર્થના વાચક સાર્ધ, અર્ધસહિત વિગેરે શબ્દોનું પણ ગ્રહણ થવાથી તેમને ક પ્રત્યય વિગેરે ન થાય તે માટે 'સંખ્યેય પદાર્થના અંશના વાચક શબ્દને જો સંખ્યાને લગતા કાર્યો થાય તો તે અધ્યર્ધ શબ્દને જ થાય' આ પ્રમાણે વિધ્યર્થક રૂપે નકામાં આ સૂત્ર દ્વારા નિયમ કરવામાં આવે છે.

હવે આ નિયમ 'અધ્યર્ધ શબ્દ સંખ્યાસંજ્ઞક થાય છે' આવા અર્થવાળું 'અધ્યર્ધઃ' આટલું જ સૂત્ર બનાવવા દ્વારા પણ કરવો શક્ય છે અને ક-સમાસ શબ્દને ગ્રહણ કરવાથી વાક્યભેદને આશ્રયી બીજો નિયમ કરવામાં આવે છે, તે આ પ્રમાણે - 'અધ્યર્ધઃ' આ પ્રમાણે વાક્યભેદને લઈને પ્રાપ્ત થતો પ્રથમ યોગ (સૂત્ર) 'અધ્યર્ધ શબ્દ સંખ્યાસંજ્ઞક થાય છે' આ અર્થને જણાવે છે. ત્યાર પછી 'ક-સમાસે' આવો બીજો યોગ બને. જેમાં પ્રથમ યોગથી અધ્યર્ધ શબ્દ અનુવર્તે છે અને તેનો અર્થ 'ક પ્રત્યય અને સમાસ કરવાના વિષયમાં અધ્યર્ધ શબ્દ સંખ્યાસંજ્ઞક થાય છે' આવો થાય. હવે અધ્યર્ધ શબ્દને આ સંખ્યા સંજ્ઞા બીજા યોગ વિના પણ ક પ્રત્યય અને સમાસના વિષયમાં પ્રથમ યોગથી જ સિદ્ધ હતી, તેથી વાક્યભેદ નકામો ઠરે છે. માટે તેના દ્વારા ફરી નિયમ કરાય છે કે 'અધ્યર્ધ શબ્દને જો સંખ્યા સંજ્ઞા થાય તો તે ક પ્રત્યય અને સમાસ થવાના વિષયમાં જ થાય, અન્યથા નહીં' તેથી ધા, કૃત્વસ્ આદિ પ્રત્યયો અધ્યર્ધ શબ્દને તે સંખ્યાવાચક રૂપે ન ગણાવાથી થઈ શકતા નથી.

પરંતુ આ મતમાં त्रयो भागा यस्य = त्रिभागः, चत्वारो भागा यस्य = चतुर्भागः આ ક્રમે બનતા ત્રિભાગ, ચતુર્ભાગ આદિ શબ્દો પણ સંખ્યાવાચક બનવાની આપત્તિ આવે આ વાત વિચારવી જોઈએ. કેમકે આ મતે ત્રિભાગ આદિ શબ્દો પણ રૂઢિશક્તિ અને યોગશક્તિથી યુક્ત ગણાશે અથવા રૂઢિશક્તિથી યુક્ત એવી જ અકૃત્રિમ સંખ્યાનું ગ્રહણ કરવાનો આગ્રહ નથી રખાતો ।।૪૧।।

अर्द्धपूर्वपदः[1] पूरणः[6] ।।१.१.४२।।

बृ.वृ.–समासावयवभूते[2] पदे पूर्वपदमुत्तरपदं चेति प्रसिद्धिः, अर्द्धपूर्वपदः पूरणप्रत्ययान्तः[3] शब्दः कप्रत्यये[4] समासे च विधातव्ये संख्यावद्भवति। अर्धपञ्चमकम्, अर्धपञ्चमशूर्पम्[5] ।।४२।।

सूत्रार्थ :- અર્ધ જેમાં પૂર્વપદ હોય અને પૂરણપ્રત્યયાન્ત શબ્દ જેમાં ઉત્તરપદ હોય, તે નામ ક પ્રત્યય કે સમાસ કરવાનો પ્રસંગ હોય ત્યારે સંખ્યાવત્ થાય છે.

सूत्रसमास :- ◆ पूर्वं च तत्पदं च = पूर्वपदम् (कर्म.)। अर्द्धम् इति पूर्वपदं यस्मिन् स = अर्धपूर्वपदः (बहु.)।

विवरण :- **(1) शंका:-** સૂત્રકાર 'अर्धात् पूरणः' એવું સૂત્ર બનાવત તો લાઘવ થાત. તેવું સૂત્ર બનાવતા 'पञ्चम्या निर्दिष्टे परस्य ७.४.१०४' પરિભાષાથી 'અર્ધ શબ્દથી અવ્યવહિત પરમાં રહેલા પૂરણ પ્રત્યયાન્ત શબ્દ સંખ્યાવત્ થાય છે' આવો અર્થ પ્રાપ્ત થાત. તેથી અર્ધપઞ્ચમં यत्र तद् = अर्धपञ्चमम् અને अर्धपञ्चमेन क्रीतम् એ અર્થમાં સમાસ પામેલ અર્ધપઞ્ચમ નો ઘટક પઞ્ચમ શબ્દ સંખ્યાવત્ થવાથી ક પ્રત્યય કે સમાસ થઈ શકત.

समाधान:- તમે કહ્યું તેમ અર્ધપઞ્ચમેન ક્રીતમ્ અર્થમાં અર્ધપઞ્ચમ શબ્દ સમાસ પામેલો હોવાથી, તેનો ઘટક પઞ્ચમ શબ્દ સંખ્યાવત્ થતા તેને ક પ્રત્યય કે સમાસ થવાથી ક્રમશઃ અર્ધપઞ્ચમકમ્, અર્ધપઞ્ચમશૂર્પમ્ એવા યથાર્થ પ્રયોગ સિદ્ધ થઈ શકત. પરંતુ અર્ધેન પઞ્ચમેન ક્રીતમ્ અર્થમાં ક પ્રત્યય કે સમાસ કરવામાં વાંધો આવત. કારણકે ત્યાં અર્ધેન પઞ્ચમેન એ રીતે પઞ્ચમ શબ્દ સમાસનો અનવયવ હોવા છતાં સંખ્યાવત્ થતા પઞ્ચમકમ્, પઞ્ચમશૂર્પમ્ એવા અનિષ્ટ પ્રયોગ થવાથી અતિવ્યાપ્તિ[(A)] દોષ આવત, માટે 'अर्धात् पूरणः' સૂત્ર બનાવવું યોગ્ય નથી.

ખરૂં કહીએ તો 'अर्धात् पूरणः'[(B)] આવું સૂત્ર બનાવીએ તો અર્ધપઞ્ચમ આવો સમાસ થવા છતાં ય ફક્ત પઞ્ચમ શબ્દ જ સંખ્યાવત્ થાય. તેથી ક્રીતાર્થક ક પ્રત્યય અર્ધપઞ્ચમ શબ્દથી પરમાં ઉત્પન્ન ન થઈ શકવાનો પણ દોષ આવે. તેથી (i) અર્ધપઞ્ચમકમ્ અને (ii) અર્ધપઞ્ચમશૂર્પમ્ એવા યથાર્થપ્રયોગ પણ સિદ્ધ નહીં થઈ શકે. તે ક્રમશઃ આ રીતે -

---

(A) અલક્ષ્યમાં લક્ષણનું જવું તે અતિવ્યાપ્તિ દોષ છે.

(B) અર્ધ થી પરમાં રહેલ પૂરણ પ્રત્યયાંત નામ સંખ્યાવત્ થાય છે.

(i) તદ્ધિત પ્રત્યયનો એવો સ્વભાવ છે કે જે અર્થને ઉદ્દેશીને તેનું વિધાન કરાય, તેના વાચક શબ્દથી તે પ્રત્યય થાય, શબ્દઘટકથી નહીં. જેમકે - राजपुरुषस्यापत्यम्, અહીં અપત્યઅર્થક તદ્ધિતનો इञ् (इ) પ્રત્યય राजपुरुष ને ઉદ્દેશીને હોવાથી તેને થશે, અવયવભૂત पुरुष ને નહીં. જો पुरुष ને એ પ્રત્યય થતો હોત તો તેના આદ્યસ્વરની વૃદ્ધિ થતા राजपौरुषिः એવો અનિષ્ટ પ્રયોગ થાત. પરંતુ राजपुरुष ને એ પ્રત્યય થતો હોવાથી राजपुरुषिः એવો ઈષ્ટપ્રયોગ થાય છે.

શંકા :- 'राजपुरुषस्य अपत्यम्' અર્થમાં અપત્ય અર્થક તદ્ધિતપ્રત્યય राजन् + ङस् पुरुष + सि અવસ્થામાં સમાસથી નિષ્પન્ન થયેલા राजपुरुष શબ્દના ઘટક (અવયવ) पुरुष શબ્દને ઉત્પન્ન થવાની આપત્તિ જે અપાય છે તે બરાબર નથી. કેમકે ષષ્ઠ્યન્ત શબ્દને જ પ્રત્યયની ઉત્પત્તિ થાય છે. ષષ્ઠી વિભક્તિ राजपुरुष શબ્દથી પરમાં ઉત્પન્ન થઈ છે માટે राजपुरुष આ આખો સમુદાય ષષ્ઠ્યન્ત ગણાય, ફક્ત पुरुष શબ્દ નહીં. पुरुष શબ્દને તો સમાસ થતા પૂર્વે જે તેની પ્રથમા વિભક્તિનો લોપ થયેલો તેની ***'प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणं कार्यं विज्ञायते'***[A] ન્યાય મુજબ ઉપસ્થિતિ માની પ્રથમાન્ત રૂપે ગણી શકાય છે. પરંતુ પ્રસ્તુતમાં અપત્ય અર્થમાં તદ્ધિત પ્રત્યય ઉત્પન્ન થવાના અવસરે પ્રથમાન્ત पुरुषः પદ જરાય ઉપયોગમાં આવતું નથી.

સમાધાન :- સમાસ જેમ પ્રથમા, દ્વિતીયાદિ વિભક્ત્યન્ત પદોનો પ્રથમાન્ત પદની સાથે થાય છે, તેમ તે પરિનિષ્ઠિત વિભક્ત્યન્ત પદની સાથે પણ થાય છે. અર્થાત્ જેમ राज्ञः पुरुषः = राजपुरुषः આમ પ્રથમાન્ત पुरुषः પદની સાથે સમાસ થઈ પછી तस्य = राजपुरुषस्य આમ ષષ્ઠ્યન્ત પ્રયોગ થાય, તેમ સમાસ થયા પછી पुरुष શબ્દને જે વિભક્તિ લાગવાની હોય તે વિભક્તિને લઈને જ સીધો राज्ञः पुरुषस्य = राजपुरुषस्य આમ પણ સમાસ થઈ ષષ્ઠ્યન્ત પ્રયોગ થઈ શકે છે. એટલે કે પહેલેથી જ અલૌકિક વિગ્રહમાં राजन् + ङस् पुरुष + ङस् આમ पुरुष શબ્દને પરિનિષ્ઠિત એવી ષષ્ઠી વિભક્તિ લગાડી સમાસ કરવામાં આવતા 'ऐकार्थ्ये ૩.૨.૮' સૂત્રથી ષષ્ઠીનો લોપ થતાં ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયથી पुरुष શબ્દને અપત્યાર્થક પ્રત્યય થવામાં ષષ્ઠીના ङस् પ્રત્યયનું અનુસંધાન થવાથી पुरुष શબ્દ ષષ્ઠ્યન્ત ગણાય. તેથી राजपुरुष શબ્દના ઘટક पुरुष શબ્દને અપત્યઅર્થક પ્રત્યય લાગતો અટકાવવો કઠિન છે. સમાસ થયા પછી સામાસિક પદને બીજા પદાર્થની સાથે અન્વય પામવા માટે જે નવી વિભક્તિ ઉત્પન્ન થાય તેને પરિનિષ્ઠિત વિભક્તિ કહેવાય.

સિદ્ધાન્તના હિસાબે તો સમુદાયાત્મક राजपुरुष શબ્દને જ પ્રત્યય થાય તેથી તેના આદ્યસ્વરની જ વૃદ્ધિ થતા राजपुरुषिः આવો ઈષ્ટપ્રયોગ સિદ્ધ થાય. તેવી જ રીતે પ્રસ્તુતમાં अर्धपञ्चमेन क्रीतम् આમ क्रीतार्थ ની સાથે અન્વય પામનાર अर्धपञ्चम શબ્દને જ क પ્રત્યય ઉત્પન્ન થાય તે વ્યાજબી ગણાય. પરંતુ 'अर्धात् पूरणः' આવું સૂત્ર બનાવીએ તો ફક્ત पञ्चम શબ્દ સંખ્યાવત્ ગણાતા 'सङ्ख्या-डतेश्च० ૩.૧.૧૩૦' સૂત્રના ઉદ્દેશ્ય રૂપ सङ्ख्या શબ્દથી अर्धपञ्चम આ આખો સમુદાય ગ્રહણ કરવો શક્ય ન બને અને જે પૂરણ પ્રત્યયાન્ત पञ्चम આદિ શબ્દો છે તે જ તે શબ્દથી ગ્રહણને યોગ્ય બને છે. પરંતુ તે क પ્રત્યયની ઉત્પત્તિને યોગ્ય નથી. આથી સમુદાયને (अर्धपञ्चम ને) क પ્રત્યયની ઉત્પત્તિ આકાશ -કુસુમ સમાન (असत्) સમજવી.

(A) પ્રત્યયનો લોપ થવા છતાં તેની વિદ્યમાનતા માની તન્નિમિત્તક કાર્ય થઈ શકે છે.

એવી રીતે અર્ધપઞ્ચમૈઃ શૂર્પૈઃ ક્રીતમ્ આ અર્થમાં 'સङ્ખ્યા સમાહારે૦ ૩.૧.૯૯' સૂત્રથી અર્ધપઞ્ચમશૂર્પમ્ આવો સમાસ ઈષ્ટ હોવા છતાં પણ સિદ્ધ નહીં થઈ શકે. તે આ પ્રમાણે – કોઈપણ સમાસ બે શબ્દો વચ્ચે 'ઐકાર્થ્ય' નામનું સામર્થ્ય વર્તતું હોય તો જ થાય છે. ઐકાર્થ્ય એટલે स्वपर्याप्त्यधिकरणघटितत्व, स्वनिरूपकेतरनिरूपितशक्तिपर्याप्त्यधिकरणघटितत्व અને स्वग्रहप्रयोज्यग्रहविषयीभूतशक्तिपर्याप्त्यधिकरणत्व આ ત્રણ સંબંધથી શક્તિનું વિશિષ્ટત્વ. રાજપુરુષ સ્થળે શક્તિ તરીકે રાજત્વાવચ્છિન્નાऽऽદ્યપદાર્થનિરૂપિતશક્તિ (શક્ય એવા રાજા પદાર્થથી નિરૂપિત પદમાં વર્તતી શક્તિ)ને લઈને લક્ષણનો સમન્વય થાય છે. જેમકે રાજત્વથી અવચ્છિન્ન (યુક્ત) રાજાપદાર્થથી નિરૂપિત શક્તિનું પર્યાપ્તિ-અધિકરણ[A] રાજન્ શબ્દ છે અને તેનું ઘટિતત્વ રાજપુરુષ શબ્દમાં છે. અર્થાત્ રાજપુરુષ શબ્દ રાજન્ અંશથી ઘડાયો છે, એવી રીતે રાજત્વ ધર્મથી યુક્ત રાજાપદાર્થથી નિરૂપિત શક્તિના નિરૂપક વિવક્ષિત પુરુષનિષ્ઠ પુરુષત્વ ધર્મથી યુક્ત પુરુષ પદાર્થથી નિરૂપિત શક્તિનું પર્યાપ્ત્યધિકરણ પુરુષ શબ્દ છે અને તેનું ઘટિતત્વ રાજપુરુષ શબ્દમાં છે. એટલે કે રાજપુરુષ શબ્દ પુરુષ શબ્દથી પણ ઘડાયો છે અને રાજત્વધર્મથી યુક્ત રાજાપદાર્થથી નિરૂપિત શક્તિના ગ્રહ (બોધ)થી પ્રયોજ્ય (થતો) જે રાજસંબંધિતાવાન્ પુરુષથી નિરુપિત શક્તિવિષયક ગ્રહ, તેના વિષય એવા રાજપુરુષ પદાર્થથી નિરૂપિત શક્તિની પર્યાપ્ત્યધિકરણતા પણ રાજપુરુષ શબ્દમાં છે. તેથી આ ત્રણે સંબંધથી શક્તિનું વૈશિષ્ટ્ય રાજપુરુષ શબ્દમાં આવતા ત્યાં ઐકાર્થ્ય વર્તે છે. આવા પ્રકારનું ઐકાર્થ્ય સામાસિકપદમાં વર્તતા જ ષષ્ઠ્યન્ત રાજન્ + ङस् એ પ્રથમાન્ત પુરુષ + सि ની સાથે 'ષષ્ઠ્યયત્નાચ્છેષે ૩.૧.૭૬' સૂત્રથી સમાસ પામે છે. દરેક સમાસ સ્થળે આવા ઐકાર્થ્ય સામર્થ્યનું વર્તવું આવશ્યક છે. પ્રસ્તુતમાં અર્ધપઞ્ચમૈઃ શૂર્પૈઃ ક્રીતમ્ અર્થમાં 'સङ્ખ્યા સમાહારે च० ૩.૧.૯૯' સૂત્રથી સમાસ કરવો ઈષ્ટ છે અને તે શૂર્પ શબ્દની સાથે સંખ્યાવાચક શબ્દનો થાય છે. તેથી રાજપુરુષ આદિ શબ્દોની જેમ અહીં પણ તે બન્ને સમુદાયગત ઐકાર્થ્ય વર્તવું જોઈએ. પરંતુ 'અર્ધાત્ પૂરણઃ' આવા પ્રસ્તુત સૂત્રથી અર્દ્ધપઞ્ચમ શબ્દના ઘટક પૂરણ પ્રત્યયાન્ત ફક્ત પઞ્ચમ શબ્દ જ સંખ્યાવાચક ગણાતા અર્દ્ધપઞ્ચમશૂર્પમ્ સમાસ સંભવતો નથી. તે આ પ્રમાણે – ફક્ત પઞ્ચમ શબ્દ જ સંખ્યાવત્ બને તો તેનો જ પરવર્તી શૂર્પ શબ્દની સાથે સમાસ થશે અને તે પઞ્ચશૂર્પ સ્વરૂપ સમુદાયમાં શૂર્પત્વથી યુક્ત સુપડા પદાર્થથી નિરૂપિત શક્તિના પર્યાપ્ત્યધિકરણ એવા શૂર્પ શબ્દનું ઘટિતત્વ હોવા છતાં પણ તેમાં શૂર્પત્વ ધર્મથી યુક્ત સુપડા પદાર્થથી નિરૂપિત શક્તિના નિરૂપક બીજા અર્દ્ધપંચમત્વ ધર્મથી યુક્ત અર્દ્ધપંચમ (સાડાચાર) પદાર્થથી નિરૂપિત શક્તિના પર્યાપ્ત્યધિકરણ અર્ધપઞ્ચમ શબ્દનું ઘટિતત્વ તથા શૂર્પત્વ ધર્મથી યુક્ત સુપડાપદાર્થથી નિરૂપિત શક્તિના ગ્રહ(બોધ)થી પ્રયોજ્ય (થતો) જે અર્દ્ધપંચમ (સાડાચાર) સૂપડા પદાર્થથી નિરૂપિત એવી શક્તિ વિષયક ગ્રહ, તેના વિષય એવા અર્દ્ધપંચમત્વ ધર્મથી વિશિષ્ટ શૂર્પત્વ ધર્મથી યુક્ત 'સાડાચાર સુપડા' પદાર્થ નિરૂપિત શક્તિની પર્યાપ્ત્યધિકરણતાની વિદ્યમાનતા પ્રાપ્ત નથી થતી. તેથી અહીં ઐકાર્થ્યનો વિરહ સ્પષ્ટ છે.

(A) પર્યાપ્ત્યધિકરણ તરીકે અખંડ અધિકરણ જ લેવાય, આંશિક અધિકરણ નહીં.

શંકા:- છતાં પञ्चमशूर्प સમુદાયમાં शूर्पत्वથી યુક્ત સૂપડાથી નિરૂપિત શક્તિના પર્યાપ્ત્યધિકરણ शूर्प શબ્દના ઘટિતત્વની જેમ સુપડાથી નિરૂપિત શક્તિથી ઇતર પંચમત્વથી યુક્ત પંચમ પદાર્થ નિરૂપિત શક્તિના પર્યાપ્ત્યધિકરણ પञ्चम શબ્દ ઘટિતત્વ અને સૂપડા પદાર્થ નિરૂપિત શક્તિના ગ્રહ (બોધ) થી થતો જે પાંચ સૂપડા પદાર્થથી નિરૂપિત એવી શક્તિવિષયક ગ્રહના વિષયભૂત પાંચ સૂપડા પદાર્થથી નિરૂપિત શક્તિની પર્યાપ્ત્યધિકરણતા પણ હોવાથી ઐકાર્થ્ય છે જ.

ટૂંકમાં કહેવું હોય તો ભલે અહીં अर्द्धपञ्चमशूर्प ને લગતું ઐકાર્થ્ય ન હોય, પરંતુ पञ्चमशूर्प ને લગતું ઐકાર્થ્ય તો છે જ.

સમાધાન:- अर्द्धपञ्चमशूर्प રૂપ સમુદાયમાં વર્તતી 'સાડાચાર સૂપડા' પદાર્થથી નિરૂપિત શક્તિ જ પ્રસ્તુતમાં अर्द्धपञ्चमशूर्प કે अर्द्धपञ्चम શબ્દના અર્થથી નિરૂપિત શક્તિના ગ્રહથી પ્રયોજ્ય એવા ગ્રહની વિષય બને છે, 'પાંચ સૂપડા' રૂપ પદાર્થથી નિરૂપિત શક્તિ નહીં. આથી ઐકાર્થ્ય માટે અપેક્ષિત ત્રીજા સંબંધનો મેળ ન પડવાથી पञ्चमशूर्प સમુદાયમાં ઐકાર્થ્ય પ્રાપ્ત થતું નથી.

અભ્યુપેત્યવાદને વિશે પણ पञ्चमशूर्प આમ સમાસ થવા છતાં પણ अर्द्धपञ्चमशूर्प સમુદાયથી સ્યાદિ વિભક્તિના અસંભવનો દોષ આવશે. તે આ પ્રમાણે - હાલ ફક્ત पञ्चम શબ્દ સંખ્યાવત્ બનવાથી पञ्चमशूर्प સમાસસંજ્ઞક બનતા अर्द्धपञ्चमशूर्प સમૂહમાં સમાસસંજ્ઞક अर्द्धपञ्चम અને पञ्चमशूर्प શબ્દો અંતઃપ્રવેશ પામ્યા છે. સમૂહાત્મક अर्द्धपञ्चमशूर्प શબ્દ તો કેમેય કરીને સમાસસંજ્ઞક નથી બનતો. આથી તે સમૂહમાં અર્થવત્તા (સાર્થકતા) નો અભાવ હોવાથી 'अधातु-विभक्ति० १.१.२७' સૂત્રથી તેને નામસંજ્ઞા ન થઈ શકતા સ્યાદિ વિભક્તિ ઉત્પન્ન નથી થઈ શકતી. નામસંજ્ઞાના તે સૂત્રમાં અર્થ શબ્દથી અભિધેય (વાચ્ય) એવો અર્થ ગ્રહણ કરાય છે અને સ્વાર્થ દ્રવ્યાદિ[A] સ્વરૂપ તે સમાસ ન પામેલા ઘટ, પટ આદિ શબ્દો દ્વારા અને સમાસ પામેલ રાજપુરુષ આદિ શબ્દો દ્વારા પ્રતીત થાય છે. સમાસમાં વિશિષ્ટ અર્થથી નિરૂપિત શક્તિ જે શાબ્દિકો દ્વારા સ્વીકારાય છે તે પોતાના જ્ઞાનને દ્વાર (વ્યાપાર) રૂપે કરીને અર્થના જ્ઞાનમાં પ્રવર્તે છે. અર્થાત્ 'શક્તિ સ્વકીય જ્ઞાન દ્વારા અર્થના બોધમાં વપરાય છે' આવો સિદ્ધાન્ત છે. પ્રસ્તુતમાં अर्द्धपञ्चमशूर्प શબ્દ સામાસિક શબ્દ નથી. તેથી તે રાજપુરુષ આદિ શબ્દની જેમ સમાસાદિ વૃત્તિને વ્યાપ્ય એવી વિશિષ્ટ અર્થથી નિરૂપિત શક્તિથી યુક્ત થતો નથી તથા શક્તિગ્રાહક ('આ પદની આ અર્થમાં શક્તિ છે' એમ શક્તિનો બોધ કરાવનાર) તેવા પ્રકારના કોશાદિનો[B] પણ અભાવ હોવાથી ઘટ, પટ આદિ શબ્દોની જેમ તે કોઈપણ શક્તિથી યુક્ત થતો નથી. આથી ત્યાં વર્તતો અર્થાભાવને વ્યાપ્ય એવો શક્તિનો અભાવ પોતાના જ્ઞાન દ્વારા અર્થાભાવનો બોધ (અનુમાન) કરાવતો અર્થાભાવને વ્યાપક એવા નામસંજ્ઞાના અભાવને પણ જણાવે છે. આમ નામસંજ્ઞા રહિત अर्द्धपञ्चमशूर्प શબ્દ

(A) આ સ્વાર્થ, દ્રવ્યાદિ શું છે તે '૧.૧.૨૭' સૂત્રના વિવરણમાં જુઓ.

(B) शक्तिग्रहं व्याकरणोपमानकोशाऽऽप्तवाक्याद् व्यवहारतश्च। वाक्यस्य शेषाद्विवृतेर्वदन्ति सान्निध्यतः सिद्धपदस्य वृद्धाः।।

પોતાથી પરમાં સ્યાદિ પ્રત્યયોને ઉત્પન્ન કરાવવામાં શી રીતે સમર્થ થાય ? આ વાત બુદ્ધિશાળીઓએ ઝીણવટથી વિચારવી જોઈએ. આમ 'अर्द्धात् पूरणः' આવી પ્રસ્તુત સૂત્રની રચનાની વાત ઊડી જાય છે.

શંકા :- 'अर्द्धपूर्वपदः पूरणः' આવા પ્રસ્તુતસૂત્રમાં अर्द्धपूर्वपदः શબ્દનો જે 'अर्द्ध શબ્દ છે પૂર્વપદ જેને' આવો અર્થ થાય છે, તે જો ઓછા શબ્દોમાં રજૂ થાય તો લાઘવ થતું હોવાથી તેની ઉપેક્ષા ન કરવી જોઈએ. 'अर्द्धपूर्वः पूरणः' આવું આ સૂત્ર બનાવીએ તો પણ વ્યાકરણશાસ્ત્રમાં મોટાભાગે શબ્દોને જ તે તે સૂત્ર દ્વારા અતિદેશ થતા હોવાથી સંખ્યાવત્નો અતિદેશ પણ શબ્દોને જ થવાથી સૂત્રના પૂર્વ શબ્દથી શબ્દાત્મક જ પૂર્વ ગ્રહણ થશે. તેથી પદ શબ્દથી ઘટિત 'अर्द्धपूर्वपदः पूरणः' આવા પ્રસ્તુત સૂત્રથી જેમ 'अर्द्ध શબ્દ છે પૂર્વપદ રૂપે જેને' આવો અર્થ પ્રાપ્ત થાય છે, તેમ 'अर्द्धपूर्वः पूरणः' આ રીતે રચેલાં પ્રસ્તુત સૂત્રથી પણ 'अर्द्ध છે પૂર્વશબ્દ રૂપે જેને' આવો અર્થ જ પ્રાપ્ત થવાથી अर्द्धपञ्चम આદિ શબ્દોને આવા લઘુસૂત્રથી પણ સંખ્યાવત્ નો અતિદેશ થઈ શકતો હોવાથી શા માટે તેની ઉપેક્ષા કરવામાં આવે છે ?

સમાધાન :- જો આ સૂત્ર 'अर्द्धपूर्वः पूरणः' આવું બનાવીએ તો अर्द्ध શબ્દથી પરમાં વર્તતા પૂરણ પ્રત્યયાન્ત પઞ્ચમ આદિ શબ્દોને જ સંખ્યાવત્નો અતિદેશ થાય, સમગ્ર अर्द्धपञ्चम શબ્દને નહીં. તેથી 'अर्द्धात् पूरणः' આવું આ સૂત્ર બનાવવાના પક્ષની જેમ આ પક્ષે પણ સમગ્ર अर्द्धपञ्चम શબ્દને ક પ્રત્યય અને સમાસ સિદ્ધ ન થઈ શકવાથી અવ્યાપ્તિ આવશે અને अर्द्धेन पञ्चमेन क्रीतम् વિગેરે અર્થમાં સમાસનો અવયવ ન હોય એવા પણ પઞ્ચમ આદિનો સંખ્યાવત્ રૂપે અતિદેશ થવાથી ક પ્રત્યય અને સમાસ થવાની પ્રાપ્તિ આવતા અતિવ્યાપ્તિ દોષ આવી પડે. તેથી 'अर्द्धपूर्वः पूरणः' આવી આ સૂત્રની રચનાની વાત ઉપેક્ષા કરાય છે.

શંકા :- તમે અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ દોષ બતાવીને 'अर्द्धात् पूरणः' અને 'अर्द्धपूर्वः पूरणः' આ બન્ને રીતની રચનાનો ઉપહાસ કર્યો, પરંતુ સૂક્ષ્મતાથી વિચારતા આ બન્ને દોષ અહીં ટકી શકતા નથી. તે આ પ્રમાણે - 'अजादिभ्यो धेनोः ६.१.३४', 'ब्राह्मणाद्वा ६.१.३५' ઇત્યાદિ સૂત્રમાં अजादिभ्यः આમ પંચમી વિભક્તિનો નિર્દેશ કરી धेनु શબ્દને પ્રત્યયનું વિધાન કર્યું છે. ત્યાં તમે કહ્યાં મુજબ 'पञ्चम्या निर्दिष्टे परस्य ७.४.१०४' પરિભાષા પ્રમાણે વ્યવસ્થા કરી अज થી પરમાં રહેલા વ્યવહિત (આંતરાવાળા) धेनु શબ્દને પ્રત્યય નથી કર્યો, પરંતુ જ્યાં પ્રત્યયનું વિધાન કરવાનું છે ત્યાં સુધીનો શબ્દ સૂત્રના ઉદ્દેશ્યરૂપે હોવાથી अजधेनु રૂપ સમાસાત્મક સમુદાયને જ પ્રત્યય કર્યો છે, તેથી જ સમુદાયને પ્રત્યયની ઉત્પત્તિ થતા તેના આદ્યસ્વરની વૃદ્ધિ થતા आजधेनविः પ્રયોગ વ્યાજબી ગણાય છે. અન્યથા धेनु ના આદ્યસ્વરની વૃદ્ધિ થતા अजधेनविः આવો અનિષ્ટ પ્રયોગ થાત.

તેવી જ રીતે 'अर्धात् पूरणः' આવું આ સૂત્ર બનાવીએ તો પણ 'पञ्चम्या निर्दिष्टे परस्य ७.४.१०४' પરિભાષાના બળથી अर्द्ध શબ્દથી પરમાં રહેલો વ્યવહિત પૂરણ પ્રત્યયાન્ત શબ્દ જો આ સૂત્રના ઉદ્દેશ્યરૂપે દૂર કરાતો

હોય તો ભલે કરાતો, પરંતુ સંખ્યાવત્ તરીકેના અતિદેશની ઉદ્દેશ્યતા અર્દ્ધપઞ્ચમ આદિ સમુદાયથી દૂર કરવામાં આવે તે યુક્ત નથી. આથી અર્દ્ધપઞ્ચમ આદિ સમુદાય સંખ્યાવત્ રૂપે ઈષ્ટ હોવાથી તેમને ક પ્રત્યય અને સમાસ કોઈ અટકાયત વિના સિદ્ધ થશે. તેથી અવ્યાપ્તિ નહીં આવે.

એવી રીતે અર્દ્ધ શબ્દથી પરમાં રહેલા સમાસના અવયવ ન હોય તેવા પઞ્ચમ આદિ શબ્દોને સંખ્યાવત્ રૂપે ગણાવાની અતિવ્યાપ્તિ પણ સંભવતી નથી. તે આ રીતે – વૃત્તિના ઘટક (અંશ) એવા અર્દ્ધ શબ્દથી પરમાં રહેલા પઞ્ચમ આદિ શબ્દોને સંખ્યાવત્ રૂપે ગણી ક પ્રત્યય કે સમાસ તમારે વિધાનના લક્ષ્ય રૂપે છે. તેમાં તદ્ધિતના પ્રત્યયની તેના અર્થથી નિરૂપિત અન્વયિતાના અવચ્છેદક ધર્મથી યુક્ત બીજા અર્થની વાચકતાના પર્યાપ્ત્યધિકરણ (અખંડ અધિકરણ) એવા અખંડ શબ્દથી ∅ ઉત્પત્તિ થાય છે. અર્થાત્ તદ્ધિતનો પ્રત્યય તેના અર્થની સાથે અન્વય પામનાર બીજા અર્થની વાચક અખંડ પ્રકૃતિથી ∅ ઉત્પન્ન થાય છે, આ પ્રમાણે પૂર્વે બતાવેલા સિદ્ધાન્તાનુસારે અર્દ્ધ શબ્દ અને પુરણ પ્રત્યયાન્ત શબ્દ જ્યારે સમાસરહિત દશામાં હોય ત્યારે ક પ્રત્યયના અર્થની સાથે અન્વય પામનાર 'અર્દ્ધત્વથી વિશિષ્ટ પંચમત્વ' રૂપ અર્થનું વાચક કોઈપણ નામ ન હોવાથી ક પ્રત્યય સુતરાં ઉત્પન્ન ન થાય.

સમાસ પણ હમણાં ∅ ઉપર કહ્યાં પ્રમાણે સમાસસંજ્ઞક પદને આશ્રયીને ઐકાર્થ્ય વર્તતું હોય તો ∅ થાય છે. પ્રસ્તુતમાં ફક્ત પઞ્ચમ આદિ શબ્દો ∅ સંખ્યાવત્ બનતા હોવાથી માત્ર તેમનો ∅ શૂર્પ વિગેરે પદાન્તરની સાથે સમાસ કરવાનો રહે. ઐકાર્થ્યની ઘટક એવી 'પંચમ' આદિ અર્થથી નિરૂપિત શક્તિના ગ્રહ (બોધ)થી પ્રયોજ્ય (થતા) ગ્રહના વિષયભૂત 'અર્દ્ધપંચમસુપ્ડું' અર્થથી નિરૂપિત શક્તિના પર્યાપ્ત્યધિકરણતાનો અર્દ્ધ શબ્દથી અઘટિત પઞ્ચમશૂર્પ આદિ શબ્દોને વિશે વિરહ હોવાથી ઐકાર્થ્યનો અભાવ હોવાથી સમાસ પણ નહીં થાય. તેથી અતિવ્યાપ્તિ પણ નથી આવતી.

એવી રીતે આચાર્યશ્રીએ અવયવી વાચક શબ્દની સાથે અવયવવાચક શબ્દનો સમાસ કરવાની ઈચ્છાથી અપર, અધર, ઉત્તર શબ્દોની જેમ પૂર્વ શબ્દનો પણ 'પૂર્વાપરાધરોત્તરમભિન્નેનાંશિના ૩.૧.૫૨' આ સમાસ વિધાયક સૂત્રમાં પ્રવેશ કરાવી સ્પષ્ટપણે પૂર્વ શબ્દની અવયવરૂપે વાચકતા સ્વીકારી છે. કોષમાં પણ પૂર્વ શબ્દની અવયવરૂપે વાચકતા પ્રતીત થાય છે. તેથી તે માર્ગને અનુસરીને 'અર્દ્ધપૂર્વઃ પૂરણઃ' આવું આ સૂત્ર બનાવવાનું કહેનારના પક્ષે 'અર્દ્ધ શબ્દ છે પૂર્વનો આદ્ય અવયવ જેનો, એવું પૂરણ પ્રત્યયાન્ત નામ સંખ્યાવત્ થાય છે' આવો અર્થ કરી શકાતા જેમ 'અર્દ્ધપૂર્વપદઃ પૂરણઃ' આવા આ સૂત્રમાં અવ્યાપ્તિ-અતિવ્યાપ્તિ દોષ નથી આવતા, તેમ આ પક્ષે પણ તે દોષ નહીં આવે. આમ 'અર્ધાત્ પૂરણઃ' અને 'અર્દ્ધપૂર્વઃ પૂરણઃ' આ બન્ને માત્રાલાઘવ યુક્ત સૂત્ર રચનાઓની ઉપેક્ષા કેમ કરવામાં આવે છે ?

સમાધાનઃ- 'તદ્ધિતનો પ્રત્યય પોતાના અર્થની સાથે અન્વય પામનાર અર્થના વાચક અખંડ નામને આશ્રયીને ∅ ઉત્પન્ન થાય છે' આ વાત તમને અને અમને બન્નેને માન્ય છે. ત્યાં અજધેનુ અર્થને ઉદ્દેશીને ઇઞ્ (ઇ)

પ્રત્યય થતો હોવાથી અજ અને ધેનુ શબ્દનો જો સમાસ ન કરવામાં આવે તો અજધેનુ એવા વિશિષ્ટ અર્થનું વાચક નામ અનુપલભ્ય થવાથી, 'અજાદિભ્યો૰ ૬.૧.૩૪' ઇત્યાદિ સૂત્રથી થતો તદ્ધિત પ્રત્યય અનિચ્છાએ પણ અજધેનુસમાસાત્મક શબ્દ સમુદાયથી જ કરવો પડશે. આથી ત્યાં પ્રત્યયની ઉદ્દેશ્યતા અજાદિભ્યઃ આ પંચમ્યન્ત પદથી જણાતા અજ આદિ શબ્દથી ઘટિત અજધેનુ વિગેરે સમુદિત શબ્દને વિશે જ વ્યાજબી ગણાય છે.

જ્યાં સૂત્રમાં પંચમી વિભક્તિથી ઉલ્લેખિત નામને લીધા વિના સૂત્રકાર્ય થવામાં કોઈ બાધ ન હોય, ત્યાં પંચમ્યન્ત નામ ભેગું લેવાની જરૂર નથી. જેમકે - 'पदाद् युग्विभक्त्यैकवाक्ये૰ ३.१.२१' સૂત્રમાં પદાત્ એમ પંચમી વિભક્તિ હોવા છતાં પદ + યુષ્મદ્ કે પદ + અસ્મદ્, એમ સમુદાયનો વસ્ કે નસ્ આદેશ નથી થતો, પરંતુ માત્ર યુષ્મદ્ કે અસ્મદ્ નો થાય છે. 'तृतीयान्तात् पूर्वावरं योगे १.४.१३' સૂત્રમાં તૃતીયાંત નામ + પૂર્વ કે અવર નામ સર્વાદિ સંજ્ઞાના નિષેધને નથી પામતું. પરંતુ તૃતીયાંત નામથી પરમાં રહેલ પૂર્વ કે અવર નામ સર્વાદિ સંજ્ઞાના નિષેધને પામે છે. (પરંપરાએ સૂત્રની ઉદ્દેશ્યતા પંચમ્યન્ત પદથી જણાતા શબ્દને વિશે પણ આવે છે એ વાત અલગ થઈ.) તેમ પ્રસ્તુતમાં પણ 'अर्धात् पूरणः' સૂત્ર બનાવશો તો અર્ધ સહિત પઞ્ચમ વિગેરે નામ સંખ્યાવત્ ન થતા પઞ્ચમ વિગેરે શબ્દ જ સંખ્યાવત્ થશે. માટે તે રીતની સૂત્રરચના ઉપેક્ષાય છે.

શંકા:- જો કેવળ પઞ્ચમ વિગેરે શબ્દ સંખ્યાવત્ થાય તો ક પ્રત્યય કે સમાસ એ બન્ને સૂત્રકાર્ય ન થવા રૂપ આપત્તિ પૂર્વે તમે આપેલ. આમ પંચમી વિભક્તિથી ઉલ્લેખિત અર્ધ નામને ભેગું લીધા વિના માત્ર પઞ્ચમ શબ્દથી સૂત્રકાર્ય બાધિત થતું હોવાથી પ્રસ્તુત 'अर्धात् पूरणः' સૂત્ર વ્યર્થ બનત. તેથી 'अजादिभ्यो धेनोः' સૂત્રની જેમ અહીં પણ અર્ધપઞ્ચમ એ સમુદાયને સૂત્રકાર્ય થવાથી તે સંખ્યાવત્ થશે, પઞ્ચમ નહીં. લક્ષ્યમાં લક્ષણનું ન જવું તે અવ્યાપ્તિ દોષ છે.

સમાધાન:- તમારી વાત આમ તો સાચી છે, પરંતુ 'अर्धात् पूरणः' સૂત્ર બનાવીએ તો સ્પષ્ટપણે તરત ખ્યાલ નથી આવતો કે 'સંખ્યાવત્' પઞ્ચમ થાય કે અર્ધપઞ્ચમ થાય.

ત્યાં કોઈપણ વ્યક્તિ પહેલાં તો પૂરણ પ્રત્યયાન્ત કેવળ પઞ્ચમ વિગેરે શબ્દને સંખ્યાવત્ત્વનો અતિદેશ કરે. પરંતુ તદ્ધિતપ્રત્યયના તાદશ સ્વભાવથી ક પ્રત્યયની અનુત્પત્તિ તથા ઐકાર્થ્યના વિરહમાં સમાસની અનુત્પત્તિનો બોધ થતા પઞ્ચમ વિગેરેમાં સંખ્યાવત્ત્વનો અતિદેશ નિષ્ફળ થવાથી સૂત્ર વ્યર્થ થતું જણાશે. તેથી 'अजादिभ्यो धेनोः' સૂત્રનું અનુસંધાન કરી તે સૂત્રવત્ અહીં સમુદાયાત્મક અર્ધપઞ્ચમ વિગેરેને અતિદેશ કરવા માંગે છે, પઞ્ચમ ને નહીં, એ તાત્પર્ય ઉપર આવશે. આમ આટઆટલાં અનુસંધાનો પછી સૂત્રાર્થનો બોધ થતો હોવાથી તેવું સૂત્ર ન બનાવતા તરત જ સ્પષ્ટ અર્થને જણાવે તેવું 'अर्धपूर्वपदः पूरणः' સૂત્ર જ બનાવવું ઉચિત છે. આથી જ વાર્તિકકારે પણ 'अर्द्धपूर्वपदः पूरणप्रत्ययान्तः' આવું કથન જ કર્યું છે.

શંકા :- ખરેખર તો 'अर्धपूर्वः पूरणः' એવું સૂત્ર બનાવવું જોઈએ. કારણ પૂર્વ શબ્દ પૂર્વે કહ્યું તેમ ક્યારેક અવયવવાચક બનતો હોવાથી अर्धशब्दः पूर्वः (आद्यवयवः) यस्य स એવો અર્થ થવાથી 'अर्धपूर्वपदः पूरणः' જેવો જ અર્થ પ્રાપ્ત થતા કોઈ દોષ નહીં આવે અને લાઘવ થશે.

સમાધાન :- પૂર્વ શબ્દનો ક્યારેક અવયવવાચક રૂપે પ્રયોગ થતો જોવા મળે છે, તેથી તમારા કથન મુજબ અર્ધપઞ્ચમ શબ્દ સંખ્યાવત્ થવામાં તો વાંધો નથી, પરંતુ અર્ધ શબ્દ તો અર્ધપિપ્પલીપઞ્ચમ વિગેરેનો પણ અવયવ હોવાથી અર્ધપિપ્પલીપઞ્ચમ વિગેરેને પણ સંખ્યાવત્ માનવાની આપત્તિ (અતિવ્યાપ્તિ) આવશે. માટે 'अर्धपूर्वपदः पूरणः' સૂત્ર જ યુક્ત છે.

(2) શંકા :- 'अर्धपूर्वपदः पूरणः' સૂત્રમાં પૂર્વ શબ્દ અવયવવાચક છે કે અનવયવવાચક ? જો તેને અવયવવાચક માનશો તો તમારે પણ અર્ધપિપ્પલીપઞ્ચમ વિગેરે સંખ્યાવત્ થવાની આપત્તિ આવશે. જો અનવયવવાચક માનશો તો પૂર્વે જણાવ્યા મુજબ પઞ્ચમ શબ્દ સંખ્યાવત્ થવાની આપત્તિ આવશે. માટે તમારું સૂત્ર પણ યુક્તિયુક્ત તો નથી જ.

સમાધાન :- સમાસમાં આદ્યઅવયવ અને ચરમઅવયવ એમ બે ભાગ હોય છે. ત્યાં પૂર્વપદ શબ્દ સમાસના આદ્યઅવયવપદના વાચક તરીકે રૂઢ છે અને उत्तरपद શબ્દ સમાસના ચરમઅવયવપદના વાચક તરીકે રૂઢ છે. આ શબ્દો સમાસના ગમે તે અવયવના વાચકરૂપે રૂઢ નથી. આમ પૂર્વપદ શબ્દનો પરિષ્કાર કરીએ તો તે આવો થશે - वृत्तिघटकपदाऽभिव्यक्तिक्षणध्वंसाऽधिकरणक्षणाऽवृत्तित्वसहितवृत्तिघटकपदाभिव्यक्तिक्षणप्रागभावाधिकरणक्षणवृत्तित्व-विशिष्टत्वं पूर्वपदशब्दप्रतिपाद्यत्वम् (જે વૃત્તિના ઘટક (અવયવ) એવા પદની અભિવ્યક્તિ (ઉચ્ચારણ) ક્ષણના ધ્વંસની અધિકરણક્ષણમાં ન વર્તતું હોય અને વૃત્તિનાં ઘટક એવા પદની અભિવ્યક્તિક્ષણના પ્રાગભાવની[A] અધિકરણક્ષણમાં વર્તતું હોય તેવા પદને પૂર્વપદ કહેવાય.) અર્ધપઞ્ચમ વૃત્તિ સ્થળે ધારો કે પ્રથમક્ષણે અર્દ્ધ શબ્દ બોલાય અને દ્વિતીયક્ષણે પઞ્ચમ શબ્દ બોલાય, તો ત્યાં અર્દ્ધ શબ્દના ઉચ્ચારણવાળી પ્રથમક્ષણનો પઞ્ચમ શબ્દના ઉચ્ચારણવાળી દ્વિતીયક્ષણે ધ્વંસ મળશે.

પ્રથમક્ષણે	દ્વિતીયક્ષણે
અર્દ્ધ નું ઉચ્ચારણ	પઞ્ચમ નું ઉચ્ચારણ
પઞ્ચમ શબ્દના ઉચ્ચારણ ક્ષણનો (દ્વિતીયક્ષણનો) પ્રાગભાવ.	અર્દ્ધ શબ્દના ઉચ્ચારણ ક્ષણનો (પ્રથમક્ષણનો) ધ્વંસ.

(A) વસ્તુની ઉત્પત્તિ પૂર્વે વર્તતો તે વસ્તુનો અભાવ એ પ્રાગભાવ કહેવાય. પ્રાગભાવ અનાદિ-સાન્ત હોય છે અને ન્યાયદર્શનમાં તેને કાર્યોત્પત્તિમાં કારણ તરીકે સ્વીકાર્યો છે. 'કુલાલ, ચક્ર, ચીવર, મૃત્પિંડ આદિ સકલ કારણના સમવધાનને લઈને એકવાર ઘટની ઉત્પત્તિ થયા પછી પુનઃ તે સકલ કારણોના સમવધાનને લઈને ઘટોત્પત્તિ કેમ નથી થતી ?' કારણ ત્યાં પ્રાગભાવ નામનું કારણ ગેરહાજર હોય છે. ઘટોત્પત્તિ થતા જ તેનો અનાદિકાલીન પ્રાગભાવ નાશ પામે છે.

તેથી દ્વિતીયક્ષણ અર્ધપઞ્ચમ વૃત્તિના ઘટક અર્દ્ધ શબ્દના ઉચ્ચારણવાળી પ્રથમક્ષણના ધ્વંસનું અધિકરણક્ષણ બની અને તે ક્ષણે અર્દ્ધ શબ્દ અવિદ્યમાન છે. વળી પ્રથમક્ષણે વૃત્તિના ઘટક પઞ્ચમ શબ્દની ઉચ્ચારણક્ષણ એવી દ્વિતીયક્ષણનો પ્રાગભાવ છે. તેથી પ્રથમક્ષણ તાદશ દ્વિતીયક્ષણના પ્રાગભાવનું અધિકરણ બની અને તે ક્ષણે અર્દ્ધ શબ્દ વિદ્યમાન છે, આમ અર્દ્ધપઞ્ચમ સ્થળે અર્દ્ધ શબ્દમાં પૂર્વપદનું પરિષ્કૃત લક્ષણ ઘટમાન થવાથી તે રૂઢિથી પૂર્વપદ ગણાવાથી અર્દ્ધપઞ્ચમ વિગેરે શબ્દોનો 'અર્દ્ધપૂર્વપદઃ પૂરણઃ' આવા આ સૂત્રના ઉદ્દેશ્યરૂપે સંગ્રહ થશે અને પિપ્પલ્યર્દ્ધપઞ્ચમ વિગેરે શબ્દોનો સંગ્રહ નહીં થાય. કેમકે ત્યાં વર્તતો અર્દ્ધ શબ્દ વૃત્તિના ઘટક પિપ્પલી શબ્દના ઉચ્ચારણવાળી પ્રથમક્ષણના ધ્વંસના અધિકરણ દ્વિતીયક્ષણે વૃત્તિ (વિદ્યમાન) છે, અવિદ્યમાન નહીં, તેથી ત્યાં પૂર્વપદ શબ્દના પરિષ્કૃત લક્ષણનો પૂર્વાંશ ઘટમાન થતો નથી. પૂર્વપદ શબ્દ જો સમાસના ગમે તે અવયવના વાચકરૂપે રૂઢ હોત તો અર્દ્ધ શબ્દ છે અવયવ જેનો એવા પૂરણપ્રત્યયાન્ત શબ્દમાં આ સૂત્રથી સંખ્યાવત્નો અતિદેશ થતા પિપ્પલ્યર્દ્ધપઞ્ચમ વિગેરે શબ્દસ્થળે આ સૂત્રથી સંખ્યાવત્નો અતિદેશ વારી ન શકાત.

શંકા:- પિપ્પલ્યર્દ્ધપઞ્ચમ શબ્દનો ઘટક અર્દ્ધ શબ્દ તે વૃત્તિના ઘટક પઞ્ચમ શબ્દના ઉચ્ચારણક્ષણના (તૃતીય-ક્ષણના) પ્રાગભાવની અધિકરણ એવી દ્વિતીયક્ષણે વર્તવા છતાં પણ તે વૃત્તિના ઘટક પિપ્પલી શબ્દના ઉચ્ચારણક્ષણના (પ્રથમક્ષણના) ધ્વંસની અધિકરણ એવી દ્વિતીયક્ષણે અવૃત્તિ (અવિદ્યમાન) ન હોવાથી તેમાં પરિષ્કૃત પૂર્વપદત્વ ન હોવાથી આખા પિપ્પલ્યર્દ્ધપઞ્ચમ શબ્દને વિશે આ સૂત્રથી સંખ્યાવત્નો અતિદેશ વરાવા છતાં અર્દ્ધપિપ્પલીપઞ્ચમ શબ્દને તે નિર્દેશ વારી નહીં શકાય, કેમકે ત્યાં પણ અર્દ્ધ શબ્દમાં પરિષ્કૃત પૂર્વપદત્વ છે જ.

સમાધાન:- જે વૃત્તિને લઈને ક પ્રત્યય કે સમાસ કરવો ઈષ્ટ હોય તે જ વૃત્તિને લઈને જો અર્દ્ધ શબ્દમાં પૂર્વ-પદત્વની પર્યાપ્તિ હોય તો આ સૂત્રથી સંખ્યાવત્નો અતિદેશ કરવો ઈષ્ટ છે. અર્દ્ધપિપ્પલ્યાઃ પઞ્ચમઃ = અર્દ્ધપિપ્પલીપઞ્ચમઃ વૃત્તિ સ્થળે 'ષષ્ઠ્યયત્નાચ્છેષે ૩.૧.૭૬' સૂત્રથી અર્દ્ધપિપ્પલી અને પઞ્ચમ શબ્દ વચ્ચે સમાસવૃત્તિ થઈ છે. અહીં પૂર્વપદત્વની પર્યાપ્તિ આખા અર્દ્ધપિપ્પલી શબ્દમાં છે, તેના અંશ અર્દ્ધ શબ્દમાં નહીં. માટે અહીં ફક્ત અર્દ્ધ શબ્દ પૂર્વપદ રૂપે પ્રાપ્ત ન થતા આ સૂત્રથી અર્દ્ધપિપ્પલીપઞ્ચમ વૃત્તિને સંખ્યાવત્નો અતિદેશ ન થતા ક પ્રત્યય અને સમાસ થઈ શકશે નહીં. આશય એ છે કે સમાસપ્રકરણના સૂત્રોમાં એક પ્રથમાન્ત પદ અને એક તૃતીયાન્ત પદ પ્રાપ્ત થશે જ. દા.ત. 'ષષ્ઠ્યયત્નાચ્છેષે' સૂત્રના ષષ્ઠી અને પૂર્વથી અનુવર્તમાન નામ્ના પદો. ત્યાં 'પ્રથમોક્તં પ્રાક્ ૩.૧.૧૪૮' સૂત્રથી સમાસપ્રકરણના સૂત્રમાં જે પદ પ્રથમાન્ત બતાવ્યું હોય તેનાથી જણાતો શબ્દ સમાસમાં પૂર્વપદરૂપે મૂકાય છે. 'ષષ્ઠ્યયત્નાચ્છેષે' સૂત્રમાં ષષ્ઠી પદ પ્રથમાન્ત હોવાથી અર્દ્ધપિપલ્યાઃ પઞ્ચમઃ = અર્દ્ધપિપ્પલીપઞ્ચમઃ સ્થળે તેનાથી જણાતો ષષ્ઠ્યન્ત અર્દ્ધપિપ્પલી શબ્દ સમાસમાં પૂર્વપદરૂપે સ્થપાય છે અને પઞ્ચમ શબ્દ ઉત્તરપદ રૂપે સ્થપાય છે. આ સમાસવિધાયક સૂત્રના પ્રથમાન્ત પદથી પૂર્વપદ રૂપે પ્રાપ્ત થતો શબ્દ પૂર્વપદત્વના પર્યાપ્તિ-અધિકરણરૂપે ગ્રહણ કરવાની વિવક્ષા છે અર્થાત્ તે અખંડ ગ્રહણ કરવાની વિવક્ષા છે. તેથી પ્રસ્તુતમાં ષષ્ઠી પદથી પૂર્વપદરૂપે

પ્રાપ્ત થતો અર્દ્ધપિપ્પલી શબ્દ અખંડ જ ગ્રહણ થશે, પણ તેનો અંશ અર્દ્ધ શબ્દ પૂર્વપદરૂપે લઈ શકાશે નહીં. આમ અર્દ્ધપિપ્પલી શબ્દના અંશ એવા અર્દ્ધ શબ્દમાં પરિષ્કૃત પૂર્વપદત્વનો મેળ પડશે નહીં. કેમકે તેમાં અર્દ્ધપિપ્પલીપઞ્ચમ વૃત્તિના ઘટક અર્દ્ધપિપ્પલી શબ્દની ઉચ્ચારણક્ષણના ધ્વંસનું અધિકરણ એવી પઞ્ચમ શબ્દની ઉચ્ચારણક્ષણને વિશે અવૃત્તિત્વનો મેળ પડવા છતાં તે વૃત્તિનાં ઘટક પઞ્ચમ શબ્દની ઉચ્ચારણક્ષણના પ્રાગભાવની અધિકરણક્ષણ (= અર્દ્ધ-પિપ્પલી શબ્દની ઉચ્ચારણક્ષણ) ને વિશે વૃત્તિત્વનો મેળ પડતો નથી. અહીં પૂર્વપદત્વનું પર્યાપ્તિ-અધિકરણ લેવાનું હોવાથી આખા અર્દ્ધપિપ્પલી માં જ તાદશ પ્રાગભાવની અધિકરણક્ષણને વિશે વૃત્તિતા પ્રાપ્ત થાય છે. આમ અહીં અર્દ્ધ શબ્દમાં પરિષ્કૃત પૂર્વપદત્વનો મેળ ન આવતા અર્દ્ધપિપ્પલીપઞ્ચમ ને આ સૂત્રથી સંખ્યાવત્ના અતિદેશની આપત્તિ નહીં આવે.

શંકા :- અર્દ્ધપિપ્પલીપઞ્ચમ વૃત્તિના ઘટક પઞ્ચમ શબ્દના ઉચ્ચારણના પ્રાગભાવની અધિકરણ ક્ષણ નિરૂપિત વૃત્તિતાની પર્યાપ્તિ અર્દ્ધપિપ્પલી શબ્દની જેમ ફક્ત અર્દ્ધ શબ્દમાં પણ પ્રાપ્ત થાય છે. કેમકે અર્દ્ધ અને પિપ્પલી અંશો સમાનક્ષણે બોલાયા નથી. આથી પરિષ્કૃત પૂર્વપદત્વ અર્દ્ધ શબ્દમાં છે જ.

સમાધાન :- ના, કેમકે સમાસવિધાયક સૂત્રમાં પ્રથમાન્તપદથી જે શબ્દ જણાતો હોય તે અખંડ શબ્દમાં જ પૂર્વપદ તરીકેનો વ્યવહાર જોવામાં આવે છે. તેથી અર્દ્ધ શબ્દમાં ભલે તમે કહી તેવી વૃત્તિતાની પર્યાપ્તિ હોય, છતાં સમાસવિધાયક 'ષષ્ઠ્યયત્નાચ્૦ ૩.૧.૭૬' સૂત્રના ષષ્ઠી શબ્દથી નિરૂપિત નિર્દિષ્ટતાની પર્યાપ્તિ તેમાં ન હોવાથી અર્થાત્ તે અખંડપણે ષષ્ઠી શબ્દથી જણાતો ન હોવાથી તેને પૂર્વપદરૂપે ગણી ન શકાય.

શંકા :- 'અર્ધપૂર્વપદઃ પૂરણઃ' એવું સૂત્ર બનાવવાને બદલે 'પૂરણોઽર્ધપૂર્વપદઃ' આવું સૂત્ર બનાવત તો એકમાત્રાનું લાઘવ થાત.

સમાધાન :- 'સંભવતો હોય ત્યાં સુધી વિશેષણપદનો પ્રયોગ વિશેષ્યથી પૂર્વમાં કરવો ઉચિત છે' એવા આશયથી લાઘવની ઉપેક્ષા કરી અર્ધપૂર્વપદઃ વિશેષણનો પૂર્વપ્રયોગ કર્યો છે.

(3) જેનાથી પૂરાય તેને પૂરણ કહેવાય. પૂરણઅર્થક પ્રત્યયને પણ પૂરણ કહેવાય. પ્રત્યય પ્રકૃતિને અવિનાભાવી (પ્રકૃતિ વિના ન રહેનાર) હોવાથી તેના દ્વારા પ્રકૃતિનો આક્ષેપ થતા 'પ્રત્યયઃ પ્રકૃત્યાદેઃ ૭.૪.૧૧૫' પરિભાષાથી પ્રત્યય આક્ષિપ્ત પ્રકૃતિનું વિશેષણ બને. તેથી 'વિશેષણમન્તઃ ૭.૪.૧૧૩' પરિભાષાથી પ્રત્યય પ્રકૃતિનો અંત્ય અવયવ ગણાતા પ્રસ્તુતમાં બૃ. વૃત્તિમાં સૂત્રના 'પૂરણઃ' શબ્દનો 'પૂરણ પ્રત્યયાન્ત શબ્દ' એવો અર્થ જણાવ્યો છે.

શંકા :- પૂરણઃ શબ્દનો પૂરણપ્રત્યયાન્તઃ શબ્દઃ એવો અર્થ ભલે કર્યો, પરંતુ પ્રત્યય એ પ્રકૃતિ-પ્રત્યયરૂપ સમુદાયનું વિશેષણ થાય, ન્યૂન-અધિકનું નહીં. (જુઓ 'પ્રત્યયઃ પ્રકૃત્યાદેઃ ૭.૪.૧૧૫' સૂત્ર). જેમકે સંખ્યાવાચક પઞ્ચન્

શબ્દને સંખ્યાપૂરણ અર્થમાં 'નો મટ્ ૭.૧.૧૫૯' સૂત્રથી મટ્ (મ) પ્રત્યય વિગેરે કાર્ય થતા પઞ્ચમઃ પ્રયોગ થાય છે. અહીં પૂરણ એવો મટ્ પ્રત્યય પઞ્ચમ એ પ્રકૃતિ-પ્રત્યયરૂપ સમુદાયનું જ વિશેષણ બનશે, ન્યૂનાધિક (અર્ધપઞ્ચમ વિગેરે) નું નહીં. તેથી વૃત્તિમાં ઉલ્લેખિત પૂરણપ્રત્યયાન્તઃ શબ્દઃ થી પઞ્ચમ વિગેરેનું જ ગ્રહણ થશે, અર્ધપઞ્ચમ વિગેરેનું નહીં. તેથી અર્ધપઞ્ચમ વિગેરે સંખ્યાવત્ ન થવા રૂપ આપત્તિ આવશે.

સમાધાન:- તમે કહ્યું તેમ કેવળ પઞ્ચમ વિગેરે શબ્દનું જ ગ્રહણ થાય અને અર્ધપઞ્ચમ વિગેરેનું ન થાય તો સૂત્રમાં 'અર્ધપૂર્વપદઃ' થી અર્ધ નું પૂર્વપદત્વ સૂચવ્યું છે, તે સંભવી ન શકે. તેથી અર્ધપૂર્વપદઃ એ સૂત્રાંશના સામર્થ્યથી જ 'અર્ધપૂર્વપદકઃ પૂરણપ્રત્યયાન્તોત્તરપદકઃ સङ્ખ્યાવદ્ ભવતિ(A)' એવો સૂત્રાર્થ નિષ્પન્ન થશે.

(4) આ સૂત્રમાં 'અર્દ્ધપૂર્વપદઃ પૂરણઃ' આમ અતિદેશીવાચક પદ મૂક્યું હોવાથી પૂર્વસૂત્રના અતિદેશીવાચક અધ્યર્દ્ધ પદની આ સૂત્રમાં અનુવૃત્તિ અટકી જાય છે અને ક-સમાસે પદ અનુવર્તે છે. કેમકે તેમનું નિવર્તક કોઈ પણ આ સૂત્રમાં નથી. ક અને સમાસના વિષયમાં આ સૂત્ર પ્રવર્તવાથી ધા આદિ પ્રત્યયના વિષયમાં આ સૂત્ર પ્રવર્તશે નહીં.

(5) **દૃષ્ટાંત - (i) અર્દ્ધપઞ્ચમકમ્ – * 'નો મટ્ ૭.૧.૧૫૯' → પઞ્ચાનાં પૂરણઃ = પઞ્ચન્ + મટ્, * 'નામ્નો નો૰ ૨.૧.૯૧' → પઞ્ચ + મટ્ = પઞ્ચમ, * 'એકાર્થં ચાને૰ ૩.૧.૨૨' → અર્દ્ધં પઞ્ચમં યેષાં તે = અર્દ્ધપઞ્ચમાઃ, * 'અર્દ્ધપૂર્વપદઃ૰ ૧.૧.૪૨' → અર્દ્ધપઞ્ચમ સંખ્યાવત્, * 'સङ્ખ્યા-ડતેશ્ચ૰ ૬.૪.૧૩૦' → અર્દ્ધપઞ્ચમૈઃ ક્રીતમ્ = અર્દ્ધપઞ્ચમ + ક + સિ, * 'અતઃ સ્યમો૰ ૧.૪.૫૭' → અર્દ્ધપઞ્ચમક + અમ્, * 'સમાનાદમો૰ ૧.૪.૪૬' → અર્દ્ધપઞ્ચમક + મ્ = અર્દ્ધપઞ્ચમકમ્।**

(ii) અર્દ્ધપઞ્ચમશૂર્પમ્ – * 'અર્દ્ધપૂર્વપદઃ૰ ૧.૧.૪૨' → 'મૂલ્યૈઃ ક્રીતે ૬.૪.૧૫૦' સૂત્રથી અર્દ્ધપઞ્ચમૈઃ શૂર્પૈઃ ક્રીતમ્ અર્થમાં ઇકણ્ પ્રત્યયનો વિષય હોય ત્યારે 'સङ્ખ્યાસમાહારે૰ ૩.૧.૯૯' સૂત્રથી દ્વિગુસમાસના પ્રસંગે આ સૂત્રથી અર્દ્ધપઞ્ચમ સંખ્યાવત્, * 'સङ્ખ્યાસમાહારે૰ ૩.૧.૯૯' → અર્દ્ધપઞ્ચમ દ્વિગુસમાસ, * 'મૂલ્યૈઃ ક્રીતે ૬.૪.૧૫૦' → અર્દ્ધપઞ્ચમ + ઇકણ્ * 'અનામ્યદ્વિઃ પ્લુપ્ ૬.૪.૧૪૧' → દ્વિગુસમાસના કારણે ઇકણ્ પ્રત્યય અર્હતિ અર્થક થવાથી તેનો લોપ થતા અર્દ્ધપઞ્ચમશૂર્પ + સિ, * 'અતઃ સ્યમો૰ ૧.૪.૫૭' → અર્દ્ધપઞ્ચમશૂર્પ + અમ્, * 'સમાનાદમો૰ ૧.૪.૪૬' → અર્દ્ધપઞ્ચમશૂર્પ + મ્ = અર્દ્ધપઞ્ચમશૂર્પમ્।

(6) 'ડત્યતુ સङ્ખ્યાવત્ ૧.૧.૩૯' સૂત્રથી પ્રસ્તુત સૂત્ર પર્યંતના ચારે સૂત્રો અતિદેશસૂત્ર છે.

શંકા:- બહુ અને ગણ શબ્દોને તથા ડતિ અને અતુ પ્રત્યયાન્ત શબ્દોને સંખ્યાનો અતિદેશ કરનાર બે સૂત્ર ન કરવા જોઈએ.

(A) અર્ધ પૂર્વપદ હોય અને પૂરણપ્રત્યયાન્ત શબ્દ ઉત્તરપદ હોય તેવું (સામાસિક) નામ સંખ્યાવત્ થાય છે.

સમાધાન :- આ શબ્દો એક વિગેરે શબ્દોની જેમ એકત્વ વિગેરે ચોક્કસ સંખ્યાના બોધમાં હેતુ બને તેવા સંખ્યાવાચક શબ્દો નથી, તેથી સંખ્યાવાચક શબ્દોનું કામ પડે તેવા સૂત્રસ્થળે આ શબ્દોનું ગ્રહણ શી રીતે થઈ શકે ?

શંકા :- સંખ્યાવાચક અતુ પ્રત્યયાન્ત શબ્દને ઇક પ્રત્યયનું વિધાન કરતા 'वाऽतोरिकः ६.४.१३२' સૂત્રથી જણાઈ આવશે કે આ શબ્દો સંખ્યાવાચક છે.

સમાધાન :- આ તો ફક્ત અતુ પ્રત્યયાન્ત શબ્દો જ સંખ્યાવાચકરૂપે જ્ઞાપિત થયા. પણ બાકીનાનું શું ?

શંકા :- સાચી વાત છે. પણ 'पित्तिथट् बहु-गण-पूग-सङ्घात् ७.१.१६०', 'अतोरिथट् ७.१.१६१' અને 'षट्-कति-कतिपयात् थट् ७.१.१६२' આ સૂત્રોથી બહુ, ગણ, કતિ પ્રત્યયાન્ત અને અતુ પ્રત્યયાન્ત આ બધા જ શબ્દો સંખ્યાવાચક રૂપે જ્ઞાપિત થવાથી તેમને સંખ્યાકાર્ય થઈ જશે.

સમાધાન :- 'पित्तिथट् बहु-गण० ७.१.१६०' વિગેરે સૂત્રોમાં સંખ્યાવાચક જ બહુ-ગણ શબ્દો લેવા એવી વિશેષ વાત કરી ન હોવાથી 'સંઘ' અને 'વિપુલતા' અર્થના વાચક બહુ-ગણ શબ્દોને પણ તે સૂત્રથી સંખ્યાકાર્ય થઈ જશે.

શંકા :- ના, 'અનિયત એવી પણ સંખ્યાના વાચક આ બન્ને શબ્દોને સંખ્યાકાર્ય થાય છે' આવો અર્થ જ્ઞાપિત કરવા દ્વારા 'पित्तिथट् बहु-गण०' સૂત્ર ચરિતાર્થ હોય ત્યારે સર્વથા સંખ્યાના વાચક ન હોય તેવા 'સંઘ' અને 'વિપુલતા' અર્થના વાચક બહુ અને ગણ શબ્દોને સંખ્યાકાર્યની કલ્પના ગૌરવથી પરાસ્ત છે.

અનિયત સંખ્યાના વાચક ભૂરિ આદિ શબ્દોનું સંખ્યાકાર્યમાં ગ્રહણ નથી થતું, કેમકે નિયત (ચોક્કસ) સંખ્યાના વાચક પઞ્ચન્ વિગેરે શબ્દો જ લોકમાં સંખ્યાવાચક શબ્દરૂપે પ્રસિદ્ધ છે અને પ્રસિદ્ધ-અપ્રસિદ્ધને વિશે પ્રસિદ્ધનું ગ્રહણ કરવું એ જ વ્યાજબી કહેવાય.

સમાધાન :- છતાં 'पित्तिथट् बहु-गण-सङ्घात्' સૂત્રોમાં બહુ-ગણ શબ્દોની જેમ પૂગ અને સઙ્ઘ શબ્દો પણ બતાવ્યા હોવાથી તેમને પણ સંખ્યાકાર્ય થવાનો પ્રસંગ આવશે.

શંકા :- એ સૂત્ર બહુ-ગણ શબ્દોને સામાન્યથી સંખ્યાકાર્યનું જ્ઞાપક છે અને પૂગ-સઙ્ઘ શબ્દોને પિત્ એવા તિથટ્ ના વિષયમાં જ જ્ઞાપન કરે છે.

સમાધાન :- તમારી વાત બરાબર નથી. કેમકે એક જ સૂત્રમાં આ બધા શબ્દોને બતાવ્યા હોવાથી તેમને સમાનપણે જ કાર્ય થાય. વિષમતા બતાવવામાં તમારી પાસે કોઈ યુક્તિ નથી.

શંકા :- એવું નહીં. લક્ષ્ય (દૃષ્ટાંત) ને અનુસારે ક્યાંક સામાન્યથી કાર્યનું જ્ઞાપન થાય તો ક્યાંક વિશેષથી કાર્યનું જ્ઞાપન થાય. તેથી વિષમતાને સ્વીકારવી જ રહી.

અથવા તો 'વાડતોરિકઃ ૬.૪.૧૩૨' સૂત્રથી સંખ્યામાં કરણ ન બનવા છતાં (ગણતરીમાં ઉપયોગી ન બનવા છતાં = અનિયત સંખ્યાના વાચક બનવા છતાં) પણ પ્રયોગને વિશે સંખ્યાકાર્ય દેખાતું હોય તેવા શબ્દોને સંખ્યાકાર્ય જ્ઞાપિત કરાય છે. તેથી અધ્યર્ધ આદિ શબ્દોને પણ સંખ્યાકાર્ય સિદ્ધ થાય છે. તેથી 'ડત્યતુ સડ્ખ્યાવત્ ૧.૧.૩૯' વિગેરે ચારે પણ અતિદેશસૂત્ર રચવાની જરૂર નથી.

સમાધાનઃ- ***'જ્ઞાપકોપન્યાસો ગરીયાન્'*** ન્યાયાનુસારે તમે બતાવો છો તેમ 'વાડતોરિકઃ' વિગેરે જ્ઞાપકના સહારે સંખ્યાકાર્ય સિદ્ધ કરવાથી ગૌરવ થાય છે, તેથી તમારા આવા કુતર્કોને સહન નહીં કરતા સૂત્રકારશ્રીએ 'ડત્યતુ સડ્ખ્યાવત્ ૧.૧.૩૯' વિગેરે ચાર સૂત્રો રચ્યા છે ।।૪૨।।

हरिरिव बलिबन्धकरस्त्रिशक्तियुक्तः पिनाकपाणिरिव। कमलाश्रयश्च विधिरिव जयति श्रीमूलराजनृपः।।

અર્થ : વિષ્ણુએ જેમ બલી નામના રાજાને કબજે કરેલાં રાજ્યમાંથી કાઢી મૂકીને પાતાલમાં બાંધી રાખ્યો હતો, તેમ મૂલરાજ રાજાએ બળવાન એવા પોતાના શત્રુઓને બંધનમાં નાંખ્યા. શિવમાં જેમ સૃષ્ટિ-સ્થિતિ-સંહાર એમ ત્રણ શક્તિ છે, તેમ મૂલરાજ પ્રભુત્વ-મંત્ર-ઉત્સાહ એ ત્રણ શક્તિથી યુક્ત છે. બ્રહ્મા જેમ કમલને આશ્રય કરનારા હતા, તેમ મૂલરાજ કમલાનું (લક્ષ્મીનું) આશ્રય છે. આ શ્લોકમાં શ્લેષથી યુક્ત એવો ઉપમા અલંકાર છે.

આ સાથે શ્રીસિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસનમાં પ્રથમ અધ્યાય પ્રથમ પાદના બૃહદ્વૃત્તિ, બૃહન્ન્યાસ અને લઘુન્યાસનું ગુર્જર વિવરણ સમાપ્ત થયું.

।। શુભં ભવતુ ।।

પરિશિષ્ટ વિભાગ
૧ થી ૮

:: परिशिष्ट-१ ::

श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनप्रथमाध्यायप्रथमपादगतसूत्राणाम् अकारादिवर्णानुक्रमेण सूचिः।

सूत्रम्	सूत्राङ्कः	सूत्रम्	सूत्राङ्कः	सूत्रम्	सूत्राङ्कः
अं अः - सर्गौ	।१।१।९।।	एकद्वित्रि-प्लुताः	।१।१।५।।	पुंस्त्रियोः-जस्	।१।१।२९।।
अं अः ≍ क-ट्	।१।१।१६।।	औदन्ताः स्वराः	।१।१।४।।	बहुगणं भेदे	।१।१।४०।।
अधण्-सः	।१।१।३२।।	कसमासे-अद्यर्धः	।१।१।४१।।	मनुर्नभो-वति	।१।१।२४।।
अधातुवि-नाम	।१।१।२७।।	कादिर्व्यञ्जनम्	।१।१।१०।।	यरलवा अन्तस्थाः	।१।१।१५।।
अनन्तः-प्रत्ययः	।१।१।३८।।	क्त्वातुमम्	।१।१।३५।।	लोकात्	।१।१।३।।
अनवर्णा नामी	।१।१।६।।	गतिः	।१।१।३६।।	वत्तस्याम्	।१।१।३४।।
अन्यो घोषवान्	।१।१।१४।।	चादयोऽसत्त्वे	।१।१।३१।।	विभक्तिथ-द्याभाः	।१।१।३३।।
अपञ्चमा-धुट्	।१।१।११।।	डत्यतु संख्यावत्	१।१।३९।।	वृत्त्यन्तोऽसषे	।१।१।२५।।
अप्रयोगीत्	।१।१।३७।।	तदन्तं पदम्	।१।१।२०।।	शिर्घुट्	।१।१।२८।।
अर्धपूर्वपदः पूरणः	।१।१।४२।।	तुल्यस्थाना-स्वः	।१।१।१७।।	सविशेषणमा-म्	।१।१।२६।।
अर्हम्	।१।१।१।।	नं क्ये	।१।१।२२।।	सिद्धिः स्याद्वादात्	।१।१।२।।
आद्यद्वितीय-षाः	।१।१।१३।।	न स्तं-मत्वर्थे	।१।१।२३।।	स्त्यादिर्विभक्तिः	।१।१।१९।।
ऌदन्ताः समानाः	।१।१।७।।	नामसिदय्व्यञ्जने	।१।१।२१।।	स्यौजस-दिः	।१।१।१८।।
ए-ऐ-ओ-औ-रम्	।१।१।८।।	पञ्चको वर्गः	।१।१।१२।।	स्वरादयोऽव्ययम्	।१।१।३०।।

:: परिशिष्ट-२ ::

प्रथमाऽध्याय-प्रथमपादस्य बृहन्न्यास-लघुन्यासौ

अर्हं ।१।१।१।।

बृ०न्यास— ***श्रीमन्तमजितं देवं श्रीमत्पार्श्वं जिनोत्तमम्। शेषं निःशेषकर्त्तारं स्मृत्वा टीका प्रतन्यते*** ।।१।।

प्रणम्येत्यादि-जगदुपचिकीर्षाप्रवृत्तः शास्त्रकारः स्व-पराभीष्टार्थसिद्धये परापराधिदेवतां व्युत्पित्सुश्रोतृप्रवृत्त्यङ्गप्रयोजनादिगर्भं **प्रणम्ये**त्यादिनाऽभिष्टौति। प्राति पूरयति-धातुनोक्तमर्थमनभिव्यक्तमभिव्यनक्ति प्रः, "णमं प्रह्वत्वे" प्रणमनं पूर्वं "प्राक्काले" (५.४.४७) इति क्त्वायाः "अनञः०" (३.२.१५४) इति यबादेशे **प्रणम्य**। पृणाति लब्धमर्थं पालयति, अलब्धेन तु पूरयति "सृ-पॄ-प्रथि०" (उणा० ३४७) इत्यमे परमः-अतिशयशाली, अतति गच्छति ज्ञानादिषु पर्यायेष्विति "सात्मन्नात्मन्०" (उणा० ९१६) इति मनि दीर्घत्वे च आत्मा, ततः "सन्महत्०" (३.१.१०७) इत्यादिना समासः। इदं व्याकरणजातं प्रशस्यम्, इदमनयोरतिशयेन-प्रशस्यम् "गुणाङ्गाद्वेष्ठेयसू" (७.३.९) इति ईयसौ "प्रशस्यस्य श्रः" (७.४.३४) इति श्रे **श्रेयः**, विप्रकीर्णातिविस्तरादिदोषरहितत्वात्। शपति-**आह्व**यत्यभिधेयमर्थमिति "शा-शपि०" (उणा० २३७) इति दे शब्दः, अनुशिष्यन्ते व्युत्पाद्यन्ते शब्दा अनेनेति अनुशासनम्, शब्दानामनुशासनं **शब्दानुशासनं** व्याकरणम्। आचर्यते सेव्यते, आचारान् गृह्णाति परं च ग्राहयतीति निरुक्तेर्वा आचार्यः-शास्त्रविधिना स्वयं गुरुणा प्रतिष्ठितः। यद्वा आ सामस्त्येन शास्त्रार्थाश्चर्यन्ते ज्ञायन्तेऽनेन, अस्माद् वेत्याचार्यः-शास्त्रार्थानां ज्ञाता उपदेष्टा च, अस्यैवात्र ग्रहणं शास्त्रप्रस्तावाद्, एवं च विशेषणत्वात् पूर्वनिपातो भवति आचार्य**हरिभद्रे**तिवत्, अन्यथा तु परनिपात-प्रसङ्गः संज्ञाशब्दत्वेन विशेष्यत्वाद् इति। हिनोति गच्छति स्वगुणैरादेयतामिति "क्षु-हिभ्यां वा" (उणा० ३४१) इति मे हेमः-स्वर्णम्, तद्गुणत्वाद् हेमः, "चदु दीप्त्याऽऽह्लादयोः" चन्दति आह्लादयतीति "भी-वृधि०" (उणा० ३८७) इति रे चन्द्रः-शशी, तत्समत्वात् चन्द्रः, ततो मयूरव्यंसकादित्वात् कर्मधारयः। "स्मृं चिन्तायाम्" **स्मृत्वे**ति-उपदेशपारतन्त्र्येण कृत्वा। **किञ्चिदि**ति स्वल्पं क्रियाविशेषणम्। "काशृङ् दीप्तौ" प्रकाशते शब्दानुशासनम्, "प्रयोक्तृव्यापारे णिग्" (३.४.२०) इति णिगि, "क्यः शिति" (३.४.७०) इति क्ये **प्रकाश्यत** इति पदार्थः।

